بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ



اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا رَسُوۡلَ اللّٰہِ ﷺ
وَعَلٰی آلِكَ وَاَصۡحَابِكَ یَا حَبِیۡبَ اللّٰہِ ﷺ



સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન

કિતાબનું નામ : **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ (ભાગ : ૪)**

અઝ : **હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી** رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **Email : anjuman2006@hotmail.com**

કંપોઝિંગ & ડિઝાઈન : મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ–ઈખર (૯૭૨૩૮૬૨૭૨૮)
સાદિક યાકૂબ પટેલ–દયાદરા (મો. ૯૪૨૭૮૧૭૩૯૯)

પેજીસ : **૫૬૮ ★ કિંમત : ₹350/- ★ આવૃત્તિ : પ્રથમ**

પ્રકાશન વર્ષ : ૧૧ રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૪ ★ **પ્રકાશન નં.** : ૨૭૦
અંગ્રેજી તા. ૦૨/ફેબ્રુઆરી/૨૦૨૩, જુમેરાત

પ્રાપ્તિસ્થાન : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭
Email : anjuman2006@hotmail.com
www.barkatekhwaja.net

પ્રકાશકો

★ નકલ : ૧૦૦૦

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭

★ નકલ : ૧૦૦૦

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭

બેંક ઓફ બરોડા–દયાદરા બ્રાન્ચ A/c. No. 34620100000303
Razvi Kitab Ghar, IFSC Code : BARB0DAYADR

Mo. 9427464411
(PhonePe/Paytm)

નોંધ : અંજુમને રઝાએ મુસ્તફા કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૮૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે.

અ.....નુ.....ક.....મ.....ણિ.....કા.....

વિષય	પેજ નં
સવાર, સાંજ તથા સૂતી વખતે...	
સવાર સાંજના વઝીફા	19
શયખુ ખત્તા, હરમ, કિબર (ઘડપણ)થી પનાહ માગી	19
હુઝૂર ﷺનો સૂવાનો તરીકો	20
મૌત તથા જિંદગીનો અર્થ	21
જમણા પડખે સૂવાના ફાયદા	21
તસ્બીહે ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا	22
હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ નું એક દુઆ તથા વઝીફાની ઈજાઝત લેવું	28
હદીષ સાચી હોવા વિશે હઝરત અબાનનો જવાબ	29
અણધારી આફત, બીમારી તથા ઝેરી જાનવર કરડવાથી હિફાઝત	30
બુરા ઘડપણ તથા ઘમંડથી, અઝાબે કબ્રથી પનાહ માગવું	30
તસ્બીહ તથા તહમીદના મુસ્તહબ સમયો	31
દિવસમાં અને રાતમાં છૂટેલી નેકીઓ પામી લો	32
બુઝુર્ગોની ઔલાદ પર મહેરબાનીનો સવાબ	33
સાચો ખ્વાબ ફૈઝાને નબુવ્વત છે	34
રાતમાં કે દિવસમાં મરી જાવ તો આગથી આઝાદ !	34
મુસ્તહબ કામ હમેશાં કરવું હરામ નથી !	35
દરેક ચીજને પોતાના ઈમાનની ગવાહ બનાવો	37
ઈશ્કે મુસ્તફા તમામ કામયાબીઓનો ઝરીયો	38
કલિમાતની સ્પષ્ટતા	39
ગુનાહોની બખ્શિશ : સમુદ્રના ફીણ કે ઉડતી રેતી કે ઝાડનાં પાંદડાં જેટલા હોય !	40
અલ્લાહ રક્ષક ફરિશ્તો નિયુક્ત કરી દે છે	41
જન્નતમાં લઈ જનાર બે આદતો	42
શૈતાન કેવી કેવી રીતે બેહકાવે છે ?!	44
દિવસનો અને રાતનો શુક્રિયા અદા	44
હમેશાંથી હમેશાં માટેની સ્પષ્ટતા	46
ઊંઘતી વખતની દુઆ	47
અનિદ્રાથી બચવા પઢવાની દુઆ	49

વિષય	પેજ નં
મા બાપ સારા અમલો કરે તો બાળકો જરૂર નકલ કરશે	51
ખાસ સમયોની દુઆઓ વિશે	
પત્નીથી સોહબત વખતે પઢવાની દુઆ	54
અલ્લાહના ઝિક્રથી બલાઓ ટળે છે	55
ગુસ્સાથી શાંત થવાની દુઆ	55
મરઘો તથા ગધેડાના બોલવાના સમયે પઢવાની દુઆ	56
સફરમાં જતાં, પરત થતાં, સવારી પર ચઢતા વખતની દુઆ	57
સફર વેળા આ ચીજોથી પનાહ માગો	59
ઝેરીલી ચીજોથી બચવાની દુઆ	60
દુઆ કરાવવી સહાબાની સુન્નત	63
ચાંદ જોતી વખતની દુઆ	64
મુસીબતમાં બીમારીમાં સપડાયેલાને જોઈને પઢવાની દુઆ	64
બજારમાં જતી વેળાની દુઆ	65
સબ્રને બદલે રાહત માગવી જોઈએ	66
મજલિસ ઉઠતાં પહેલાં પઢવાની દુઆ	67
સવારી પર સવાર થતાં પઢવાની દુઆ	68
જ વાણી કે વર્તનની દરેક સુન્નત પર સવાબ	69
વિદાયગીરીની દુઆ	70
લશ્કરની વિદાય વેળા દુઆ	71
વસિયતનો ઈસ્તેલાહી તથા શાબ્દિક અર્થ	72
રાત્રે સફર કરતી વેળાની દુઆ	73
જેહાદના સમયની દુઆ	74
બંદાઓથી મદદ માગવી સુન્નત છે	75
ઘરેથી નીકળવાની દુઆ	75
ઘરમાં દાખલ થતી વેળાની દુઆ	77
નિકાહ પછીની દુઆ	73
નિકાહ કરે તથા ગુલામ કે જાનવર ખરીદે ત્યારની દુઆ	73
મુસીબતોમાં હુઝૂર ﷺની પનાહ તથા વસીલો સહાબાની સુન્નત	80

વિષય	પેજ નં
કરજથી બચાવનાર તથા અદાયગી કરાવનારી દુઆ	81
હઝરત અલી رضی اللہ عنہ એ મદદ ન કરી પણ દુઆ બતાવી	82
ચાંદ જોવાની દુઆ	83
રંજો ગમના સમયે પઢવાની દુઆ	84
બજારમાં પ્રવેશતાં પઢવાની દુઆ	86
તાવીઝ વિશે પ્રકરણ	
દીની દુનિયવી મુસીબતોથી બચવાની દુઆ	87
ફિત્નાઓથી બચવાની દુઆ	88
સુસ્તી, બુઝદિલી, કંજૂસી, ઘડપણ, અઝાબે ક़બ્રથી પનાહ	89
ત્રણ નેઅમતો પામનાર બાદશાહથી બેહતર	90
ઝવાલ અને કાંતિનો તફાવત	91
ચાર ચીજોથી પનાહ માગવું	92
ફક़ીરીની વ્યાખ્યા તથા પ્રકારો	93
બુરી બીમારીઓથી પનાહ માગવું	95
બુરી આદતો બુરાં કામો તથા બુરી ઈચ્છાઓથી પનાહ	95
પાંચ ચીજોથી પનાહ માગવું	96
લાલચથી પનાહ માગવું	97
ચાંદની બુરાઈથી પનાહ માગવું	98
નફ્સની શરારતથી પનાહ માગવું	98
ખરાબ સ્વપ્નથી બચવાની દુઆ	100
તાવીઝ લખવું, હાથ કે ગળામાં બાંધવું સહાબાની સુન્નત	100
ત્રણવાર જન્નત માગવું અને ત્રણવાર આગથી પનાહ માગવું કેવું ?	101
જાદૂથી બચવાની દુઆ	101
કુફ્ર, ફકીરી તથા ક़બ્રના અઝાબથી પનાહ માગવું	102
કુફ્ર તથા કરજથી પનાહ માગવું	103
કયા પ્રસંગે કરજ લેવું સુન્નત છે ?	103
સમૃદ્ધ દુઆઓ	
ગુનાહોથી માફીની દુઆ	104
દીન તથા દુનિયા તથા આખેરત ઠીક થવાની દુઆ	105
હિદાયત, તક़વો, પાક દામની અને તવંગરીની દુઆ	106
દીન દુનિયાની સર્વ નેઅમતો પામવાની દુઆ	107
અલ્લાહથી માફી તથા અમ્ન માગો	110

વિષય	પેજ નં
કઈ દુઆ અફ્ઝલ છે ?	110
રઝા બિલ ક़ઝાની દુઆ	111
મજલિસથી ઉઠતી વખતની દુઆ	112
વારસાની દુઆ અને તેની વહેંચણી	113
ઈલ્મની તરક્કી માટેની દુઆ	114
આલિમે બેઅમલ કોના જેવા છે ?	114
છીંક પર અલ્હમ્દુલિલ્લાહ કહેવાની ફઝીલત	115
દુઆમાં હાથોને આસ્માનની તરફ ઉઠાવવા સુન્નત છે	116
હુઝૂર ﷺ ના વસીલાથી દુઆ કરવું શિર્ક નથી !	116
હઝરત દાઉદ علیہ السلام ની દુઆ	118
હઝરત અમ્માર رضی اللہ عنہ થકી બેહતરીન દુઆ	119
બુરાઈની જિંદગી કરતાં ભલાઈની મૌત સારી	120
ફજર પછી પઢવાની દુઆ	122
ખૂબ શુક્ર તથા ઝિક્ર માટે દુઆ	122
ખાસ પાંચ ચીજોની દુઆ	123
અલ્લાહથી હમેશાં ફઝલ તથા ભલાઈની દુઆ કરો	123
દુઆઓ ક़બૂલ થવાની શરતો	125
હજના અરકાન વિશે	
સવાલની અધિકતા હલાકતનો સબબ	126
હુઝૂર ﷺ ક़ાનૂન જાણનાર જ નથી ક़ાનૂન ઘડનાર પણ	127
બેહતર અમલ કયો ?	128
ગુનાહોથી એવો પાક થશે કે આજે જ જનમ્યો !	129
મકબૂલ હજનો બદલો શું છે ?	129
રમઝાનમાં ઉમરા કરવા હજ બરાબર	129
બાળકના હજ વિશે જવાબ	130
ફક़ીર હજ કરે તો તેનો હજ્જે અદા થઈ જશે	130
ઘડપણમાં હજ ફર્ઝ થયો તો શું કરે ?	130
હજ્જે બદલ કોણ કરી શકે ?	131
હજની મન્નત માની હોય અને મરી જાય તો ?	131
મેહરમ વિના હજ ફર્ઝ ન થશે	132
ગૈર મેહરમ સ્ત્રી સાથે એકાંતમાં બેસવું કેવું ?!	132
સ્ત્રીઓનો જેહાદ હજ છે	133

વિષય	પેજ નં
વિવિધ મીક़ાતો વિશે વર્ણન	134
જો બે મીક़ાતથી ગુજરે તો બીજા પર એહરામ બાંધે	135
હુઝૂર ﷺએ કેટલા ઉમરા કર્યા ?	136
નફ્લી ઈબાદત શરૂ કરવાથી વાજિબ થઈ જાય છે	136
હજ જીવનમાં એકવાર ફ઼ર્ઝ બાકી નફ્લ	137
ફ઼ર્ઝ હજ છોડનારનું મૃત્યુ યહૂદી તથા ઈસાઈના મૌત જેમ	138
ઈસ્લામમાં સંસાર ત્યાગ મના છે	139
હજ અદા કરવામાં જલ્દી કરો !	139
હજ ઉમરા મિલાવીને કરો !	139
હજ ઉમરા મિલાવીને કરવાથી ગરીબી દૂર થાય છે	140
હજ્જે મબરૂરનો બદલો જન્નત છે	140
હજ ક્યારે ફ઼ર્ઝ થાય છે ?	140
કયો હજ્જ અફ઼ઝલ છે ?	141
હજ્જે બદલ વિશે હુકમ	142
હજ્જે બદલ કોણ કરી શકે ?	143
હજ સાથે મસ્જિદે અકસાની હાજરીથી ગુનાહ માફ	144
મશહૂર હજ બે મહિના દસ દિવસ છે	144
બેહતરીન તોશો સવાલથી બચવું છે	145
બેકાર રહેવું અને ભીખ માગવું તવક્કુલ નથી !	145
આખેરતના સફરનો તોશો નેક અમલો	145
હજ ન કરનાર યહૂદી થઈને મરે ચાહે ઈસાઈ	146
હજમાં જનારાની દુઆ કબૂલ થાય છે	146
અલ્લાહની જમાઅતો : ગાઝી, હાજી, ઉમરાવાળો	147
હાજી પાસે ઘરમાં પ્રવેશતા પહેલાં દુઆ કરાવો	147
હાજી, ગાઝી, ઉમરાવાળો રસ્તામાં મરી જાય તો ?!	148
એહરામ તથા તલબિયા કહેવાનુ પ્રકરણ	
એહરામની હાલતમાં ખુશ્બુ લગાડવાનો હુકમ	149
તલબિયાના શબ્દો	150
પુરૂષ તથા સ્ત્રીના તલબિયામાં ફરક	151
તલબિયા ક્યારે શરૂ કરે ?	151
ઈફ઼રાદ તથા તમત્તુઅથી ક़िરાન અફ઼ઝલ	152

વિષય	પેજ નં
હાજી માટે તમામ ચીજો ક્યારે હલાલ થઈ જાય છે ?	152
એહરામ બાંધતી વખતે ગુસ્લ સુન્નત છે	154
તલબિયા ઊંચા અવાજે કહેવું સુન્નત	154
સર્વ ઝાડ, ઢેફાં તલબિયા કહે છે !	155
એહરામ વખતે નફ્લ સુન્નત છે	155
હજમાં જતી વેળા એલાન કરવું અફ઼ઝલ	156
મુશ્રિકોના તલબિયાના શબ્દો	157
વિદાઈ હજ્જના ક़िસ્સા વિશે	
હજ્જતુલ વિદાઅમાં સહાબીઓની સંખ્યા	163
હૈઝ તથા નિફાસવાળી સ્ત્રીના હુકમો	163
તલબિયા ઈબ્રાહીમ عليه السلامની પોકરનો જવાબ છે	164
તહિય્યતુલ કાબા, તવાફ તથા બીજી મસ્જિદોના નફ્લ	164
તવાફમાં રમલના એહકામ	164
મકામે ઈબ્રાહીમ પર નમાઝ	165
સફા મરવા અલ્લાહની નિશાનીઓ	165
સઈનો તરીકો	166
વિદાઈ હજ્જમાં સહાબાને ખાસ છૂટ	167
હઝરત અલીનો હજ્જે વિદાઅ માટે યમનથી આવવાનો બનાવ	167
હજમાં તઅ़લીક़્ નિય્યત જાઈઝ	167
હુઝૂર ﷺએ હજ્જતુલ વિદાઅમાં કુર્બાની કરી	168
એહરામ ખોલતી વખતે માથુ મૂંડાવવું અફ઼ઝલ	168
તરવિય્યહ તથા મિનાના નામકરણનો સબબ તથા અર્થ	168
મિનામાં રોકાવુ હનફીઓ નજીક સુન્નત છે	168
નમરહ નામકરણનું કારણ	168
કાનૂન પર પ્રથમ હાકિમ અમલ કરે	169
એહરામની હાલતમાં છાંયડો હાંસલ કરવો જાઈઝ	169
કિતાબ તથા સુન્નતને મજબૂતીથી પકડો	170
રમુજી ટુચકો	171
મુઝદલ્ફામાં રાત પસાર કરવી સુન્નત	172
મગરિબ અને ઈશા મિલાવવી	172
મુઝદલ્ફાની રાતમાં સૂવુ સુન્નત	172

વિષય	પેજ નં
અરફાત આવતાં જતાં વિવિધ માર્ગ અપનાવવો સુન્નત	173
જમરા ઉકબાની રમીનો તરીકો	173
પોતાની કુર્બાનીનો ગોશ્ત ખાવો સુન્નત	173
તવાફે ઝિયારત દસમી ઝીલ હજ્જના કરે	173
ઝમઝમના કૂવાને બે શરફ હાંસલ છે	174
એહરામ ખોલવામાં સહાબાના ખચકાટનો સબબ	181
હજના દિવસોમાં ઉમરા સૌના માટે જાઈઝ	181
મક્કામાં પ્રવેશ તથા તવાફ વિશે	
મક્કા નામ શાથી પડયું ?	183
મક્કામાં પ્રવેશ તથા રહેવાના આદાબ	183
પહેલી નજર કાબા પર પડે ત્યારની દુઆ કબૂલ થાય છે	183
આવતા જતાં ઝી તુવામાં રાત્રી રોકાણ સુન્નત	184
મક્કામાં પ્રવેશ હજ્જુનની બાજુથી, વાપસી બાબુશ્શબીકાથી	184
તવાફ બાદ બે રકાત પઢવી સુન્નત	185
તવાફ હજરે અસ્વદથી શરૂ કરી તેના પર પૂરો કરવો	186
સંગે અસ્વદ ચૂમવાના ચાર તરીકા	186
સવારી પર તવાફ તથા સઈ કરનાર માટે હુકમો	188
માસિક આવનાર સ્ત્રી હજ કેવી રીતે કરે ?	188
હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના અમીરુલ હજ બનવાનો બનાવ	189
કાફિરોનો પ્રવેશ કાબામાં જાઈઝ નથી	190
કાબા જોઈને હાથ ઉઠાવવો અને દુઆ કરવી સુન્નત	190
હજરે અસ્વદ જન્નતી પથ્થર છે	191
હજરે અસ્વદ ગુનાહ શોષી લે છે	192
હજરે અસ્વદ મુખ્લિસ મોમિનની શફાઅત કરશે	192
સંગે અસ્વદ અને મકામે ઈબ્રાહીમ વિશે	193
હજરે અસ્વદને કરામતા ફિર્કાવાળા થકી લઈ જવાનો બનાવ	193
તવાફના દરેક કદમ ઉઠવા પડવા પર ગુનાહ માફ દરજા બુલંદ	194
તવાફવાળી દુઆ	195
સહાબીનો મકામ શું છે ?	196
તવાફ તથા સઈની હાલતમાં લોકોને હટાવવા ખસેડવા નાજાઈઝ	196
તવાફની હાલતમાં ચાદર નાખવાનો તરીકો	197
સંગે અસ્વદ પર હુઝૂર ﷺ નો સજદો કરવું	198
રૂહોની વહદાનિયતનું ઈકરારનામુ સંગે અસ્વદમાં મેહફૂઝ છે	199
રુકને યમાની અને સંગે અસ્વદ વચ્ચે પઢવાની દુઆ	200
ચક્કરોમાં દુઆઓ નિશ્ચિત નથી	200
તવાફ વખતે આદમ عليہ السلام ની દુઆ	201
અરફામાં થોભવું	
'અરફા' નામ શાથી પડયું ?	202
તલબિયા ક્યારથી બંધ કરવી ?	203
મિનાનુ આખુ મેદાન કુર્બાનીની જગા છે	203
અરફાનો દિવસ આગથી આઝાદી તથા દુઆ માટેનો	204
અરફાના દિવસની ખાસ દુઆ	206
અરફાના દિવસે શૈતાન ખૂબ જ ગમગીન થાય છે	207
અરફાના દિવસે પહેલા આસ્માન પર ખુદાની રહમતનો નુઝૂલ	208
આપણા અમલોથી આસ્માનના ફરિશ્તા માહિતગાર છે !	209
બક્ર ઈદે આમ મુસ્લિમોની બખ્શિશ થાય છે	209
હજ્જે મબ્રૂરથી અલ્લાહના હક્કો તો માફ થાય છે પણ...	211
જ્યારે નારીને આટલો ઈલ્મ છે તો નૂરીને કેટલો હશે ?!	212
અરફા તથા મુઝ્દલફાથી રવાનગી વિશે	
અરફાતથી પરત થતી વેળા હુઝૂર ﷺ ની ગતિ કેવી હતી ?	213
ભાગદોડ તથા ભીડના સ્થળે વાહન ધીમે હાંકો	214
હજનો તલબિયા ૧૦મી ઝીલ હજ્જના જમરએ ઉકબાની રમી સુધી	214
મુઝ્દલ્ફામાં મગરિબ ઈશા ભેગી પઢવી	214
મગરિબ ઈશા બે તકબીરોથી પઢે	215
જમા બૈનુસ્સલાતનો મતલબ	215
મિના ક્યાંથી ક્યાં સુધીનો વિસ્તાર છે	217
સૂરજ નીકળતા પહેલાં જમરાને કાંકરી ન મારવી	219

વિષય	પેજ નં
પહેલા જમરાની રમીનો સમય	219
જમરાઓની રમી	
જમરા નામ પડવાનું કારણ, એ ક્યારથી શરૂ થયુ, કોણે શરૂ કર્યું	223
રમી કઈ રીતે અફઝલ છે ?	223
રમીમાં કેટલો મોટો પથ્થર હોવો જોઈએ ?	224
રમી ક્યા સમયે કરવી તેની વિગત	224
રમી તથા સઈ બુઝુર્ગોની યાદગાર	226
ક્યા જમરા પાસે થોભે અને ક્યા પાસે નહીં ?	227
હદી વિશે પ્રકરણ	
હદીનો શાબ્દિક અર્થ અને ઈમામોનો મતભેદ	238
ઈશ્આર (સચેત કરવા ખાંધ ચીરવું) વિશે માહિતી	238
બકરીનો ઈશ્આર ન થશે	229
મોટા જાનવરમાં સાત માણસો અથવા એકના તરફથી પણ થશે	229
હદી પર સવાર થવા કે સામાન લાદવા વિશે જ	231
હદીનો ગોશ્ત કોણ ખાય શકે	232
નહર કરવાનો તરીકો	233
કસાઈને મજૂરી પેટે ચામડુ વગેરે આપવું નાજાઈઝ	233
પહેલાં કુર્બાનીનો ગોશ્ત ત્રણ દિવસથી વધુ ખાતા ન હતા	234
હવે લોકો વરસભર ખાય શકે	234
બક્ર ઈદનો દિવસ સૌથી અફઝલ	236
દરેક ઊંટ ચાહતુ કે હુઝૂર ﷺ પ્રથમ મારી કુર્બાની કરે	237
હુઝૂર ﷺ શરીઅતના હુકમોના માલિક	238
પહેલાં કુર્બાનીનો ગોશ્ત ત્રણ દિવસથી વધુ ખાવાની મનાઈ હતી પણ હવે નથી	238
કુર્બાનીના ગોશ્તના ત્રણ હિસ્સા કરવા બેહતર	238
માથુ મૂંડાવવા વિશે પ્રકરણ	
પુરૂષ સ્ત્રીના માથુ મૂંડાવવા તથા વાળ કપાવવા વિશે હુકમો	239
માથુ મૂંડાવવુ કે વાળ કપાવવા બંને જાઈઝ	239
હુઝૂર ﷺએ પોતાના બાલ મુબારક તબર્રુકરૂપે વહેંચ્યા	241
માથુ ક્યારે મૂંડાવે અને ક્યાંથી શરૂ કરે	241

વિષય	પેજ નં
બુઝુર્ગોએ હુઝૂર ﷺના બાલ મુબારક નખ મુબારકને કબ્રમાં રાખવા વસિયત કરી	241
હાજી તવાફે ઝિયારત પહેલાં ખુશ્બુ લગાડી શકશે	242
વિવિધ મસાઈલ વિશે પ્રકરણ	
દસમી ઝીલહજ્જના ચાર કામો	244
હજનો વાજિબ છૂટી જવાથી દમ (કુર્બાની) વાજિબ થશે	245
ખુત્બો, રમી, તવાફ વિશે પ્રકરણ	
હજ બાદ હુઝૂર ﷺનો ખુત્બો	248
રાફઝીઓની રદ	251
રમીનો સુન્નત તરીકો	253
તવાફે ઝિયારત પછી ઝમઝમ પીવુ સુન્નત	255
મુહસ્સબમાં રોકાવું સુન્નત	256
ફજર બાદ મક્કાથી મિના જવું સુન્નત છે	257
અમીરે હજ્જની વિરૂધ્ધ જવામાં ખતરો છે	257
આગમન તથા રવાનગી પર તવાફનો હુકમ	259
તવાફે વિદાઅ કોને માફ છે ?	259
મિનાનો ખુત્બો	260
હજ્જે અકબર નામ પડવાનું કારણ	260
હજ્જમાં ત્રણ ખુત્બા સુન્નત	262
તવાફે ઝિયારત ક્યાં સુધી થઈ શકે ?	262
તવાફે ઝિયારતમાં રમલ નથી	263
જમરએ ઉકબાની રમીથી સર્વ હલાલ અને તવાફે ઝિયારતથી પત્ની પણ હલાલ થશે	263
મુહરિમ કઈ ચીજોથી બચે ?	
એહરામની હાલતમાં મના લિબાસની વિગત	266
મના ચીજોમાં પુરૂષ સ્ત્રીની ફરક	266
પગની પાટલી ઉપરની હાડકી ખુલ્લી રાખવી	267
મુહરિમ સ્ત્રી માથા પર કપડુ નાખી શકે મોઢા પર નહીં	267
નાના તથા મોટા ઉમરા વિશે	268
એહરામની હાલતમાં નિકાહ વિશે	269
હઝરત મૈમૂના رضی اللہ عنہا ના નિકાહ	269
એહરામની હાલતમાં હિજામા (લોહી ચૂંસાવવું) કેવું ?	271
મુહરિમે ખુશ્બોદાર સુરમો, કે દવા તથા મેંદી મના	271

વિષય	પેજ નં
એહરામની હાલતમાં છાંયડો મેળવવાનો તરીક़ો	272
એહરામની હાલતમાં માથુ મૂંડાવવાનો ફિદિયો	273
એહરામની હાલત સ્ત્રીઓનો પોશાક	273
એહરામની હાલતમાં ઉમ્મતની માઓનો પર્દો	274
એહરામની હાલતમાં તેલ લગાડવું	274
એહરામની હાલતમાં સીવેલુ કપડુ પહેરવું મના	275
મુહરિમ શિકારથી બચે	
એહરામની હાલતમાં શિકારના મસાઈલ	277
મુહરિમ ક્યારે શિકારનો ગોશ્ત ખાય શકે ?	280
મૂઝી જાનવરને એહરામની હાલતમાં મારવું જાઈઝ	280
મુહરિમ હુમ્લો કરનાર જંગલી જાનવરને મારી શકે	282
બિજ્જુ (બિલાડી જેવુ જાનવર)હરામ જાનવર છે, ખાવુ જાઈઝ નથી	282
હજથી રોકવા અને હજ છૂટી જવા વિશે પ્રકરણ	
ઈહસારનો અર્થ તેમાં ઈમામોનો મતભેદ	285
હુઝૂર ﷺને હુદૈબિયામાં રોકવામાં આવવું	286
બીમારીથી પણ ઈહસાર (હજથી રોકવું) થાય છે	287
હજ અરફાનો ક़્યામ (રોકાણ) છે	289
મક્કા મોઅઝ્ઝમા હરમ વિશે પ્રકરણ	
હરમની હદો કોણે કોણે સ્થાપી	291
ખાલિદ બિન વલીદથી ૭૦ કત્લ છતાં પૂછતાછ નહીં	292
ફતહે મક્કા જંગથી થઈ કે સુલહથી ?	292
હરમથી કાંટાદાર ઝાડ કાપવાં પણ જાઈઝ નથી	293
હુઝૂર ﷺ શરઈ હુકમોના માલિક	293
મદીનાની માટી : ખાકે શિફા	294
મક્કામાં ખુલ્લાં હથિયાર લઈને ફરવું હરામ	294
ઈબ્ને ખતલને ક़ેસાસમાં કા'બાના પર્દામાં છુપાયેલો કત્લ કરાવ્યો	294
હરમની ભૂમિ હુઝૂર ﷺ માટે હલાલ કરી દેવામાં આવી હતી	294
હુઝૂર ﷺ લોખંડનો હેલ્મેટ પહેરેલ હરમમાં પ્રવેશ્યા	295
ક़્યામત નજીક મક્કા પર હુમ્લો કરશે તેને જમીનમાં ધસાવી દેવાશે	295

વિષય	પેજ નં
ક़્યામત નજીક કાબાને તોડી પાડયા બાદ દુનિયા બર્બાદ થઈ જશે	296
હરમમાં અનાજની સંગ્રહખોરી બેદીની છે	297
સંગ્રહખોરી એટલે અનાજને મોંઘવારી ઉભી કરવા રોકવું	297
બહુમતી ઉલમાની નજીક મક્કા મોઅઝ્ઝમા મદીના શરીફથી અફઝલ	298
તવાફે વિદાઅના આદાબ	298
હુઝૂર ﷺની ક़બ્રે અન્વર મક્કા બલ્કે ખાનએ કા'બા તથા અર્શ કરતાં અફઝલ	299
મક્કામાં એક નેકી એક લાખ બરાબર અને એક ગુનોહ એક લાખ બરાબર પણ મદીનામાં એક નેકી પચાસ હજાર બરાબર અને એક ગુનોહ એક જ છે	299
મક્કા શરીફની અઝમત વિશે	300
અલ્લાહ અને ક़્યામત પર ઈમાનનો મતલબ	301
મક્કા પર હુમ્લો કરવું અને ખાલિદની તલ્વારથી ૭૦ જણનું ક़્તલ થવું આપની વિશિષ્ટતા	301
હરમને બર્બાદ કરનારા ખુદ બર્બાદ થઈ ગયા	302
મદીના મુનવ્વરા હરમ વિશે પ્રકરણ	
મદીના મુનવ્વરાનો એહતેરામ મક્કા મોઅઝ્ઝમાની હદોની જેમ છે	303
હઝરત અલી رضی اللہ عنہ ના જમાનામાં રાફઝી તથા ખારજીનાં મૂળ રોપાયાં	304
મદીના મુનવ્વરાના હરમની હદોનું વર્ણન	304
મદીનાપાકમાં બિદઅતો કાઢવી સખત ગુનોહ	304
મામૂલી કક્ષાના મુસલમાને કોઈ કાફિરને આપેલ અમાન વિશે	305
વિલાના પ્રકારો અને તેની વ્યાખ્યા	305
ગૈર સૈયદ પોતાને સૈયદ કહે તેનો હુકમ	306
હરમે મદીનામાં શિકાર હરામ છે પણ...	306
મુસલમાનનું મદીના પાકમાં રહેવું ખુશનસીબી	307
મદીનાની તકલીફો પર સબ્ર કરનારની શફાઅત થશે	307
હિજરત પહેલાં મક્કામાં રહેવું બેહતર હતું હિજરત બાદ મદીનામાં અફઝલ	307

વિષય	પેજ નં
મદીનાવાસીઓ બાગનુ પ્રથમ ફળ હુઝૂર ﷺને નઝર કરતા	308
ખલીલ તથા હબીબમાં ફરક	308
હુઝૂર ﷺ સામે રાખીને ફાતિહા પઢતા	309
મદીનાના હરમમાં ઝાડ કાપવું દુરુસ્ત : ઈમામે આ'ઝમ	310
ઈમામે આ'ઝમ નજીક હરમે મદીનામાં ઝાડ કાપવું દુરુસ્ત	311
મદીનાપાક પ્યારુ થવા માટે હુઝૂર ﷺની દુઆ	312
સર્વ દેશો કરતાં મદીના અફઝલ	314
જે મદીનાને યષરબ કહે તે તૌબા કરે	315
મદીનામાં દફન થનાર ખબીષને ત્યાંથી બીજે તબદીલ કરાય છે	315
મદીનાની જમીનમાં ખાસ મહેક છે	316
દજ્જાલ મક્કા મદીનામાં પ્રવેશી શકશે નહીં	318
હુઝૂર ﷺને ઓહદ પહાડ મહોબ્બત કરે છે અને હુઝૂર પણ તેનાથી	319
ઓહદ પર કદમ રાખતાં વજૂદ કરવા લાગ્યો	320
હુઝૂર ﷺની આશિકી વિશે અજીબ વાતો	320
હુઝૂર ﷺએ મદીનાને હરમ બનાવ્યું	321
હઝરત અલીનું કૂફાને કેપિટલ બનાવવું, હુસૈનનું કૂફા જવું, હઝરત ઉષ્માનનું મિસરીઓનો મુકાબલો ન કરવાનું કારણ	322
ઈસ્લામમાં કોઈ જુર્મ પર માલી દંડ હરામ	322
વજ્જની વાદીની હુર્મત મન્સૂખ	323
મદીના મુનવ્વરામાં મરવાની તમન્ના કરવી કેવું ?	324
મદીનાવાસી વિના જરૂરતે બહાર ન જાય, મદીનામાં મરનારાની શફાઅત થશે	324
મદીના પાક તદ્દન કયામત નજીક વિરાન થશે	325
હિજરત માટે ત્રણ શહેરોનો હુઝૂર ﷺને અખત્યાર આપવું	325
મદીના પાકમાં દજ્જાલ આવી શકશે નહીં	326
મક્કા મુકર્રમા કરતાં મદીના પાકની બરકતો બમણી	326
હજ ફર્ઝ પ્રથમ, પછી મદીનાની હાજરી અને નફલમાં પ્રથમ મદીનાની હાજરી પછી હજ કરે	328
હુઝૂર ﷺ હકીકી હયાત સાથે કબ્રે અન્વરમાં હયાત	328
મદીના પાકમાં દફન થવું બીજે શહીદ થવાથી અફઝલ	328
મદીનામાં શહાદતની મૌત ખૂબ જ અફઝલ	328
વાદીએ અકીકમાં નમાઝ પઢવા વિશે મસ્અલો	329
કમાઈ કરવી અને હલાલ રોજી શોધવા વિશે	
હાથોની કમાઈથી ખાવું હઝરત દાઉદ عليه السلام નો અમલ	331
અલ્લાહ તઆલા પાક માલને કબૂલ કરે છે	332
સુન્નત સમજી હલાલ કમાઈ કરવી	332
હલાલ કમાણીના વિવિધ અંબિયા عليهم السلام ના ધંધા વિશે	332
અલ્લાહ તઆલા પાક છે ગંદી ચીજો નાપસંદ કરે છે	333
દુઆ કબૂલ ક્યારે થાય ? હલાલ રોજી અને સાચા બોલી	333
બેકરારીની હાલતમાં મુરદાર ખાવા વિશે	333
આખર જમાનામાં લોકો દીનથી બેપરવા થઈ જશે	334
ચીજોના ત્રણ પ્રકાર : હલાલ, શંકાસ્પદ	334
શંકાસ્પદમાં પડનાર કદીક હરામમાં પડે છે	335
દિલ બરાબર છે તો પૂરુ શરીર દુરુસ્ત	335
પાક તથા ગંદા (ખબીષ)નાં અર્થો–પ્રકારો	336
ઝાનિયાની વ્યભિચારની તથા જ્યોતિષની મજૂરી હરામ	336
શરીર પર ટેટુ બનાવવું મના છે	337
જાનદારનો ફોટો પાડવો હરામ	337
પ્રવાહી નશાકારક ચીજો મુત્લક્ન હરામ તથા અન્ય મસ્અલા	338
મુરદારની ચરબી હરામ	338
મુરદારનું ચામડુ પકાવીને કામ આવી શકે	339
હિજામાની મજૂરી જાઈઝ છે	339
દવા તથા ઈલાજની મજૂરી જાઈઝ	340
ઔલાદની કમાઈ પોતાની કમાઈ છે	340
હરામ માલનો સદકો ખૈરાત નામકબૂલ તેમાં બરકત નથી	341
ચોરી, વ્યાજ, ઝિના, શરાબ, ગાવા, નાચવાની કમાઈ ન માલિકીની ગણાશે ન વારસો બનશે	341
હલાલમાં બરકત છે હરામમાં બેબરકતી	341
સદકા જારીઆ જેમ ગુનાહ પણ જારીઆ છે	341
નાપાક પાણીથી કપડાં પાક ન થશે	342

વિષય	પેજ નં
હરામથી બનેલ ગોશ્ત જન્નતમાં ન જશે	342
જે વાત કે કામ દિલમાં ખટકે તેને છોડી દો !	343
કેવળ વહેમથી કોઈ ચીજ હરામ નથી થતી	343
નફ્સે અમ્મારાની શરારતોથી બચો	343
હુઝૂર ﷺના છાતી પર હાથ રાખવાની બરકત	344
દિલ તથા નફ્સે મુત્મઈન્ના ન સ્વીકારે તે ગુનોહ	344
મુફ્તિલ્લિદ પોતાના ઈમામથી ફત્વો લે	344
શરઈ મસ્અલાને ફત્વો શાથી કહે છે ?	345
શરાબ બારામાં દસ જણ પર લઅનત	345
જનરલી રૂપે લઅનત કરવી જાઈઝ	345
ગુનાહ માટે મદદ કરવી ગુનોહ	346
દારૂ ગુનાહોની જડ (જનેતા) છે	347
લોકોએ અદના નાલાયક ધંધાની કમાઈ ખાવુ સારુ નથી	347
ગાવા વગાડનારીઓની કમાઈની મનાઈ	347
રંડીઓને ગાવા વગાડવા નાચવા ન ખરીદો	348
ગીતો ઝિનાની પૂર્વ ભૂમિકાઓ છે	348
ઝઈફ હદીષો ભેગી મળીને હસન બની જાય છે	349
હરામ કમાઈની તલાશ હરામ	349
હલાલ કમાઈની તલાશ ફર્ઝ વિશે સ્પષ્ટતા	349
કુર્આન કરીમની કિતાબત તથા તાવીઝની કમાઈ જાઈઝ	350
હાથની કમાઈ કઈ કઈ કહેવાય	350
જે કમાઈથી અલ્લાહ વ રસૂલ મના ન કરે તે હલાલ	351
ઉલમાએ જોઈએ કે ફકીરી નાદારીથી બચે	351
બુઝુર્ગોથી મશવરો કરવો સહાબાની સુન્નત	352
લાગી ગયેલી નોકરી, બંધાયેલો કારોબાર વિના કારણે ન છોડો, એમાં નાશુક્રી છે	352
જ્યોતિષપણુ તથા ફાલ ખોલવો હરામ	353
સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ બેખબરીમાં ગુલામથી હરામ માલ ખાતાં ઉલ્ટી કરી	354
હરામના થોડા ભાગના કપડાથી પણ નમાઝ કબૂલ ન થશે	354
📂 મામલામાં નરમી કરવી	
ખરીદવા, વેચવા તથા તકાદામાં નરમીનો હુકમ	355
તંગદસ્ત કરજદારને તંગી જતા સુધી મોહલત આપો	355
મરતી વખતે તથા કબ્રમાં આપણા અમલો યાદ થશે	356
મહેરબાની કરનાર પર રબ મહેરબાની કરે છે	356
વેપારમાં કસમ ખાવાથી બચો	357
જૂઠી કસમ ખાનાર વેપારી અવિશ્વાસપાત્ર બને છે	357
કસમ ખાવાથી માલ તો વેચાય છે પણ બરકત ઉઠી જાય છે	357
ત્રણ જણ સાથે અલ્લાહ કયામતમાં વાત ન કરશે	358
અન્ય ધંધાઓ કરતાં વેપાર ઉત્તમ	358
અમાનતદાર વેપારીનો હશ્ર નબી, સિદ્દીક, વલીઓ સાથે	358
વેપારમાં સદકા કરતા રહો	359
સદકાથી રબના ગઝબની આગ ઓલવાય જાય છે	359
કયામતમાં વેપારીઓને બદકાર ઉઠાવવામાં આવશે સિવાય કે...	359
📂 અખત્યારનું પ્રકરણ	
સોદા વેચાણમાં ચાર અખત્યાર છે	361
ખેયાર (અખત્યાર)માં ઈમામોના મતભેદનું વર્ણન	351
ખરીદ વેચાણના વિવિધ મસાઈલ	362
વેપારની બરકત ક્યારે નાબૂદ થશે ?	363
જો ખરીદાર ગલતીથી મોંઘી ચીજ ખરીદી લે તો તેને પરત કરવાનો હક્ક નથી	364
📂 વ્યાજ વિશે પ્રકરણ	
વ્યાજ ખાનાર ભયંકર ગુનાહોમાં સપડાય છે	366
સમજાતી તથા સમવજનમાં વધારો વ્યાજ તથા હરામ	367
વ્યાજ હરામ હોવું કેવળ છ ચીજોથી ખાસ નથી	367
સોનુ ચાંદી ચાહે સરકારી સિક્કા હોય અથવા પતરુ એમાં વધારો હરામ	368
ખોરાક વગેરેમાં સમજાતી સમવજનમાં વધારો હરામ	369
સોનુ ચાંદી કહીને સર્વ ધાતુ સામેલ કરી	369
ઉમદા તથા રદીમાં વજનથી વધારો ન થાય બલ્કે રૂપિયાથી ખરીદે	370
કાનૂન જાહેર થયા પછી અજાણતાનું બહાનુ ન ચાલે	370
હરામથી બચવા શરઈ હીલો કરવો જાઈઝ	371
બે સાઅ રદી ખજૂરો એક રૂપિયામાં વેચીને રૂપિયાથી એક સાઅ સારી ખરીદ ?	372

વિષય	પેજ નં
હુઝૂર ﷺની અજાણતા સાબિત કરવી મૂર્ખતા	372
એવો જમાનો આવશે કે કોઈ વ્યાજ ખાધા વિના ન રહેશે	374
કોઈ બેંક વ્યાજ વિના લેણદેણ નથી કરતી	374
હરામ હલાલ મિશ્ર આવક વિશે મસ્અલા	374
વિવિધ જાતીઓમાં વધઘટ જાઈઝ છે	375
સમજાતીમાં ઉધારનો વેપાર હરામ	376
હુઝૂર ﷺએ જાનવરના બદલામાં ગોશ્ત વેચવાથી મના કર્યું	376
જાનવરનો જાનવરના બદલામાં ઉધાર વેપાર મના	377
ઉધારના વેપારમાં અદા કરવાનો સમય નિશ્ચિત હોવો જોઈએ	377
વ્યાજ ઉધારમાં છે, હાથોહાથ રોકડમાં નહીં	378
વ્યાજનો એક દિરહમ ૩૬ વખત ઝિનાથી અધિક સખત !	378
ખાવાથી મુરાદ ચાહે ખાય, પહેરે કે અન્ય કામે વાપરે વ્યાજ હરામ	379
વ્યાજખોરને અલ્લાહ વ રસૂલથી જંગનું એલાન	379
વ્યાજખોરનો ગોશ્ત દોઝખમાં જલ્દી સળગશે	379
વ્યાજખોરનો જુલ્મ કેવળ કરજદાર પર જ નથી	380
વ્યાજનો અંજામ ક़िલ્લત તથા ઝિલ્લત છે	380
ક़યામત બાદ વ્યાજખોરનો જે અંજામ થશે તે શબે મેઅરાજમાં હુઝૂરે પહેલાં જ જોઈ લીધો	380
વ્યાજખોરનાં પેટો ઓરડા જેવાં કેમ હશે ?!	381
વ્યાજ લેનાર, આપનાર, લખનાર સૌ પર લઅનત !	381
મુસલમાન પોતાના ખર્ચા ઓછા કરે ને વ્યાજની લઅનતથી બચે	381
નોહા કરનારી પર લઅનત	382
હુકમોમાં સૌથી અંતિમ આયત વ્યાજની છે	382
જયાં વ્યાજનો શક હોય ત્યાંથી બચો પણ વહેમ વિશ્વાસપાત્ર નથી	382
કરજદારની ભેટો વગેરે સ્વીકારવાથી બચો	383
ઈમામે આ'ઝમ કરજદારની દીવાલના સાયાથી બચ્યા	383
કરજના કારણે હદિયો પણ ન લે પણ જો...	383
ઈમામ માલિક નજીક કરજદાર પાસેથી કદાપિ હદિયો ન લે	383

વિષય	પેજ નં
અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہ નો આદેશ	384
વ્યાજ પોતે ન ખાવ પણ બીજાને ખવડાવો છતાં મુજરિમ તમે જ છો	384
કરજદાર પાસેથી જાનવર માટે લીલી ઘાસ પણ ન લો	384
જે વેપારોથી મના કરવામાં આવી તેના વિશે	
ફળદાર ઝાડોની ફસલ વિના માપ તોલે વેચવી વ્યાજ છે	385
હુઝૂર ﷺએ બયએ મુખાબરા, મુહાક़લા, મુઝાબનાથી મના કર્યું	386
હુઝૂર ﷺએ ઝાડ પર લાગેલાં ફળોના ખરીદ વેચાણને મના કર્યું	387
કયાં ફળો કાચાં વેચવાં કયાં નહીં ?	388
વરસો સુધીના વેચાણથી મનાઈ	389
અનાજ લાવનારાઓથી આગળ જઈને સોદાની મનાઈ	394
ભાઈના સોદા પર સોદો ન કરે	394
કોઈના નક્કી થઈ ચૂકેલા ભાવ પર ભાવ ન લગાડે	395
બે પહેરવેશ અને બે વેપારોથી મના કર્યું	395
ગ્રાહકને બતાવ્યા વિના માલ વેચવાની મનાઈ	396
લુંગી વગેરે વિના એક કપડામાં અડુગરા બેસવું મના	397
ધોકાના વેપારથી મના કર્યું	397
ગર્ભના વેપારની મનાઈ	397
નરને માદા પર છોડવાની મજૂરીની મનાઈ	398
બચેલા પાણીના વેપારની મનાઈ	399
જે ભેળસેળ કરે તે અમારામાંથી નથી	399
વેપારમાં ધોકો ન જોઈએ	400
હાકિમોનું બજારોમાં ચકાસણી કરવાની સાબિત	400
વેપારના માલમાં અયબ પેદા કરવું કે કુદરતી અયબ છુપાવવું હરામ	400
ઉધારનો સોદો કરવાની મનાઈ વિશે	402
બયઅ़ાનાના સોદાની મનાઈ	402
મજબૂર કરીને, ધોકાથી તથા પાકતા પહેલાં ફળોનો સોદા મના	403
જે માલ કબજામાં ન હોય તેનું વેચાણ મના	404
ઓર્ડરના થકી સોદાની ઈજાઝત	404

વિષય	પેજ નં
એક સોદામાં બે વેચાણથી મનાઈ	405
સોદામાં કરજની શર્ત હોય કે કરજમાં સોદાની શર્ત મના	405
સહાબાનું હુઝૂર ﷺની મૌજૂદગીમાં ઈજતેહાદ કરવાની સાબિતી	405
ખરીદ વેચાણ નબી વલીથી હોય તો શરઈ હુકમો જરૂર લાગશે	407
લીલામ થકી સોદો કરવાની સાબિતી	408
મના વેપારોના મસાઈલ	408
હુઝૂર ﷺ આપણી જાન માલના માલિક	408
અયબદાર ચીજ જાહેર કર્યા વિના વેચનારથી અલ્લાહ નારાજ	409
ધોકો આપવો મોમિનની શાન નથી	409
વઅઝથી પહેલાં હમ્દો સલાત સુન્નતે સહાબા	413
કિતાબુલ્લાહમાં ન હોય તેવી શરત બાતિલ	413
હુઝૂર ﷺનો ફૈસલો રબનો ફૈસલો	414
વિલાના વેચાણ તથા ભેટની મનાઈ	414
હાકિમના ફૈસલાની અપીલ કરવી જાઈઝ	416
ખરીદેલી ચીજ મૌજૂદ છે અને કિંમતમાં મતભેદ પડવો	416
મુસલમાનનો સોદો કેન્સલ કરવું કબૂલ કરે તેની રબ ગલતીઓ માફ કરી દેશે	417
જમીનના સોદા સાથે તેનામાંના ખજાનાનો મસ્અલો	417
કાઝી તથા હાકિમ શક્ય રીતે બંને પક્ષમાં સમાધાન કરાવે	418
સલમ (ઉધાર સોદો) તથા ગીરો વિશે પ્રકરણ	
ઉધાર સોદો નિશ્ચિત માપ, વજન, સમય સુધી કરે	419
કાફિરથી ખરીદ વેચાણ તથા કરજની લેણદેણ જાઈઝ	420
દૂધવાળા જાનવરના ગીરોનો મસ્અલો	421
ગીરો મૂકેલ ચીજ સંબંધી મસાઈલ	422
અનાજ સંગ્રહખોરી વિશે વર્ણન	
સંગ્રહખોર લા'નતી, અનાજ લાવનારને રબ રોજી આપશે	425
ભાવ નિશ્ચિત કરવાની માગણી વિશે	425
અનાજના સંગ્રહખોરને અલ્લાહ કોઢ તથા મુફલિસીમાં મારે	426

વિષય	પેજ નં
બાદશાહની હિફાઝતથી સંગ્રહખોર બહાર !	427
મુસલમાનની તકલીફ પર ખુશ થવુ લા'નતીનું કામ	427
સંગ્રહખોરીનો કફ્ફારો બધુ અનાજ ખૈરાત કરવાથી પણ ન થશે	428
દેવાળુ કાઢવું અને મોહલત આપવી	
દેવાળીયાને મોહલત આપવી મહાન સવાબ	429
દેવાળીયાના બારામાં ઈમામોનો મઝહબ	429
દેવાળીયાને સદકો આપવો બેહતર	430
દેવાળીયા કરજદાર પાસેથી લેણદારો કઈ રીતે વસૂલાત કરે ?	430
દેવાળીયાએ માલ છુપાવી રાખ્યાની શંકા હોય તો કેદ કરાવી શકાય	430
તંગદસ્તને મોહલત કે માફીનો સવાબ	431
તંગદસ્તને મોહલત આપનારને કયામતમાં નજાત	432
પૈસાદાર કરજદારને મોહલત ન આપવી	432
મોહલત કે માફી આપનાર કયામતમાં રબના સાયામાં	432
અસલી કરજથી વધુ આપવાનો મસ્અલો	432
કરજની અદાયગીમાં સહનશીલતા	433
માલદારે કરજ અદા કરવામાં આનાકાની કરવું જુર્મ	435
પોતાનુ કરજ બીજાના હવાલે કરવાનો મસ્અલો	435
કરજની અદાયગીમાં હુઝૂર ﷺનો એક અજીબ ફૈસલો	435
કરજ સંબંધી જરૂરી મસ્અલા	436
આલિમે દીન કે પીર ગુનેહગાર પર નમાઝે જનાઝાથી ના પાડી શકે	437
નેક આદમીનું કરજ અદા થઈ જ જાય છે	437
ગાઝી તથા શહીદ સર્વ ગુનાહો પાક થશે..	438
કરજ લેવું ગુનોહ નથી	438
કરજદારના જનાઝા વિશે હુઝૂર ﷺનું પૂછવું લોકોને બતાવવા હતું	439
કરજદારની જનાઝાની નમાઝ પઢવા હુઝૂર ﷺ હુકમ આપતા તમે પઢી લો	439
હુઝૂર ﷺ આપણા માલિક અને આપણે સૌ ગુલામ	440
દેવાળીયાના વિશે હુકમો	441

વિષય	પેજ નં
મોમિનની જાન પોતાના કરજમાં અધ્ધર રહે છે	441
કરજદાર કયામતમાં પોતાના કરજમાં સપડાયેલો હશે	442
કરજદારની નેકીઓ કરજ આપનારને આપવામાં આવશે	443
હાકિમ દેવાળીયાની બધી સંપત્તિ સ્થાવર કે જંગમ વેચી કરજ અદા કરશે	443
કરજદાર માલ ધરાવવા છતાં ન આપે તો કાર્યવાહી કરવી જાઈઝ	444
જે બીજા મુસલમાનનુ કરજ અદા કરશે કયામતમાં તેની ગરદન આઝાદ થશે	445
દરેકનો નફ્સ તેના સારા બુરા અમલોમાં ગીરો જેમ છે	445
કરજ છોડીને મરવુ સૌથી મોટો જુર્મ	446
મુસલમાનોમાં સુલહ જાઈઝ છે	447
સુલહ કરાવવામાં હરામની દખલ ન જોઈએ	447
હુઝૂર ﷺનું પાયજામો ખરીદવું સાબિત છે, પહેરવું નહીં	448
દુકાન પર જવું ભાવતાલ કરી કમ કરાવવું સુન્નત છે	448
નક્કી ભાવથી વધુ આપવુ એહસાન છે	449
હુઝૂર ﷺએ ૪૦ હજાર દિરહમ જેહાદ માટે કરજ લીધા	449
કરજનો બદલો શુક્રિયા અને અદા કરવું	449
સદકો આપવા કરતાં કરજ આપી મોહલત આપવું અફઝલ	450
વારસામાંથી પ્રથમ કરજ અદા કરવું પછી ૧/૩ માલથી વસિયત, પછી વારસાની વહેંચણી	450
મસ્જિદની અંદર નમાઝે જનાઝા ન પઢવી	451
હુઝૂર ﷺની નિગાહોથી ગયબી પર્દા ઉઠેલા હતા	452
શિર્કત તથા વકાલતનું વર્ણન	
ઔલાદને ઈબાદતોની જેમ મામલાઓ પણ શીખવાડો	454
બાળકોના માથા પર હાથ ફેરવવો, દુઆ કરવી સુન્નત	454
મુત્લક વકીલને દરેક ચીજના ખરીદ વેચાણનો હક્ક	456
ભાગીદારોમાંથી કોઈ ખયાનત કરે તો બરકત જતી રહે છે	456
ખયાનત કરનાર જોડે ખયાનત ન કરો	457
હર્બી કાફિરની પણ ખયાનત જાઈઝ નથી	457
ત્રણ ચીજોમાં બરકત છે	458
કુર્બાની માટે ખરીદેલ જાનવર વેચી બીજુ ખરીદ શકાય	460

વિષય	પેજ નં
માલ હડપ કરવો અને માગીને ઉછીનો લેવો	
જુલ્મથી વેંટ જમીન પચાવનારને કયામતમાં સાત જમીનોનો હાર પહેરાવાશે	461
રજા વિના કોઈની બકરીનું દૂધ દોહવું નહીં	462
પડી ગયેલા કોળિયાને સાફ સૂફ કરી ખાઈ લેવો જોઈએ	463
કપાયેલી પતંગ દોરી લૂટવી હરામ	464
હઝરત સૈયદના ઈબ્રાહીમ ઈબ્ને હુઝૂર ﷺની વફાત પર સૂર્યગ્રહણની વિગત	465
હુઝૂર ﷺએ ચાલુ નમાઝમાં શું શું જોયું	466
કેટલાક જાણવા લાયક મસ્અલા	466
હુઝૂર ﷺએ હાથ લંબાવ્યો તો જન્નતની લૂમો સુધી પહોંચી ગયો	467
મદીનામાં ગભરાહટના દિવસે હુઝૂર ﷺએ અબૂ તલ્હાથી ઘોડો માગ્યો	467
દુશ્મનના લશ્કર કે ડાકૂએ હુમ્લો કર્યાનું સાંભળી ઘોડા પર એકલા નીકળી પડયા !	467
હુઝૂર ﷺની બરકતથી અડીયલ ઘોડો ઠીક થઈ ગયો	468
કેટલાક જરૂરી મસ્અલા	468
વિના ઈજાઝતે બીજાનો માલ કોઈના માટે હલાલ નથી	469
દેવાળીયાનો માલ હાકિમ વિના ઈજાઝતે લીલામ કરી શકે	469
કોઈની મામૂલી ચીજ પણ વિના ઈજાઝતે લેવી નાજાઈઝ	470
નાજાઈઝ કબજાથી માલિક કબજાવાળો ન થશે	471
દિવસમાં બાગની રખેવાળી માલિક પર લાઝિમ નથી	472
જાનવરના પગ નીચે આવી બર્બાદ થવાથી કે આગ ઉડીને નુકસાન થવાથી ઝમાન નથી	473
ભૂખથી મરી રહ્યો હોય તે કોઈ ચીજ ખાય પી લે તેના વિશે હુકમ	473
જાન બચાવવા ખાય શકે પણ સંગ્રહ ન કરે	474
હુઝૂર ﷺએ હુનૈનના દિવસે એક બખ્તર ઉધાર લીધી	474
ઉછીની લીધેલી ચીજ ગુમ થવા પર ઝમાન નથી	475
કરજદારના મૃત્યુ પર વારસો તેના માલથી કરજ અદા કરે	475
મજબૂર ભૂખે મરતો માણસ પડેલાં ફળો ખાય	476
કોઈની જમીન હડપ કરનારને સાત જમીનો સુધી ધસાવશે	476

વિષય	પેજ નં
હડપ કરનાર બધી માટી આખા મેહશરમાં ઉઠાવીને ફરશે	477
હડપ કરનાર સાત જમીનોના તળીયા સુધી કયામતમાં ખોદશે	477
શુફઅહ (ઘર કે જમીનના પડોશના હક્ક) વિશે પ્રકરણ	
શુફઅહ કેવળ સ્થાયી ચીજોમાં થશે	480
જમીનના ભાગીદારે પોતાનો ભાગ વેચતી વેળા જાણ કરવી લાઝિમ	480
સારો પડોશી અલ્લાહની રહમત છે	480
શુફઅહનો હક્ક કોને મળશે ?	480
પડોશીનું નુકસાન ન થાય તો દીવાલમાં ખૂંટી મારવા દે	481
રસ્તાના વિવાદમાં રસ્તો સાત ગઝનો રાખવામાં આવે	481
જમીનના પૈસા જમીનમાં લગાડે	482
પડોશી ક્યારે શુફઆનો હક્કદાર ?!	482
ભાગીદારીનો શુફઅહ ક્યારે જતો રહે ?	484
કેવળ સ્થાયી મિલ્કત પર શુફઅહ છે	484
પાણી આપવા અને ખેતી કરાવવા વિશે	
જમીન ભાડે આપવા વિશે મસ્અલા	485
હુઝૂર ﷺ એ ખૈબરમાં ખજૂરના બાગ શર્ત પર આપ્યા	485
ભાડે આપેલી જમીનના ખાસ હિસ્સાથી ભાડાની શર્તની મનાઈ	487
ઉધાર જમીન આપવી ભાડે આપવાથી અફઝલ	488
ઘણા જ બધા સહાબા જમીન પર મુઝારઅત કરાવતા હતા	490
ભાડા વિશે વર્ણન	
ઓપરેશન, હિજામા, લોહી ચૂંસાવવું જાઈઝ હોવા વિશે	492
બકરીઓ ચરાવવાથી સહન શક્તિ તથા પ્રજાની દેખરેખની કાબેલિયત પેદા થાય છે	493
કામ પૂરુ થતાં મજૂર મજૂરીનો હક્કદાર બને છે	493
દમ, દુરૂદ, તાવીઝ, વગેરેની સાબિતી	494
કુર્આનની તાલીમ પર મજૂરી લેવી જાઈઝ	495
પોતાના ખાદિમોથી કાંઈક માગવું ન નાજાઈઝ છે ન ઝિલ્લત	495

વિષય	પેજ નં
હુઝૂરે અન્વર ﷺના આસ્તાનાથી આવનારાને ફરિયાદ કરવું, દુઃખ દર્દ સંભળાવી દુઆ કરાવવી સુન્નત	496
કુર્આનની પાસેની હવા શિફા આપનારી છે	497
સહાબા થોડી જ ક્ષણોમાં હુઝૂર ﷺથી ઈલ્મ, અમલ સર્વ કાંઈ લઈ આવતા	497
નાજાઈઝ, જૂઠા જંતર મંતર પર મજૂરી કે નઝરાણુ લેવું હરામ	497
મજૂરની મજૂરી તેનો પરસેવો સૂકાતા પહેલાં આપી દો	497
જો ઘોડા પર સવાર થઈને સાઈલ આવે તો પણ તેને આપો	498
જ પોતાની જરૂરત માટે મહેનત મજૂરી કરવી સુન્નત	499
ઉજજડ જમીનને આબાદ કરવી અને પાણી આપવું	
જે ઉજજડ જમીન આબાદ કરે તે તેનો માલિક થશે	501
પાણી આપીને બીજા ખેતર માટે પાણી છોડી આપો	502
આમ લોકોની ભલાઈ માટે છોડેલી જમીનની ઘાસમાં દરેકનો હિસ્સો	503
જૂઠુ બોલવાથી તકદીર નથી બદલાઈ જતી	504
હુઝૂર ﷺએ હઝરત ઝુબેરને ખજૂરનાં ઝાડ જાગીર રૂપે બખ્શ્યાં	505
ઘોડાની હદો સુધી જાગીર બખ્શી	505
મુસલમાન ત્રણ ચીજોમાં શરીક છે	507
પુરાણી ગૈર માલિકીની જમીનો અલ્લાહ વ રસૂલની છે	508
કમજોર કૌમનો હક્ક જોરાવરથી ન લેવામાં આવે તે કૌમ બર્બાદીને પાત્ર	510
ઉતરતી જમીનમાં પાણીના વિતરણ વિશે	510
દાવેદારના સામા પક્ષનું બયાન લીધા વિના ફૈસલો ન કરવામાં આવે	511
હુઝૂર ﷺના હુકમનુ પાલન હર હાલતમાં અનિવાર્ય	511
હુઝૂર ﷺ જન્નતના રબની અતાથી માલિક છે	511
હાકિમને પ્રજાના માલમાં હેરફેર કરવાનો હક્ક	512
તે કઈ ચીજ છે જેનું મના કરવું જાઈઝ નથી ?	512
વસ્તુ આપવામાં માત્રા ન જુઓ બલ્કે તેનો સવાબ જુઓ	513
બખ્શિશો વિશે પ્રકરણ	
હઝરત ઉમર رضی اللہ عنہ એ ખૈબરના બાગને સદકો કરી આપ્યો	514

વિષય	પેજ નં
વક્ફ સહીહ થવા મુતવલ્લી હોવું લાઝિમ છે તથા અન્ય વક્ફના મસાઈલ	515
જીવનભર સુધી ભેટ કરવું જાઈઝ	516
ઉમરા એટલે જીવનભર ભેટ ધરવાના વિવિધ મસાઈલ	516
રુકૂબા એટલે શું? ઉમરા, રુકૂબા વિશે વિગતવાર સમજૂતી	517
ઉમરા, રુકબા મખ્લૂક પર મહેરબાની છે	518
ખુશ્બુનો તોહફો પરત ન કરે	519
ખુશ્બુ જન્નતથી આવી છે	519
હુઝૂર ﷺ ખુશ્બુ પરત કરતા ન હતા	519
ભેટ પરત લેનાર તે કૂતરા સમાન છે જે ઊલ્ટી કરીને ચાટી જાય	520
ઔલાદને સરખા ભાગે આપે	521
પુત્ર માટે ડબલ હિસ્સો બાપના મૃત્યુ બાદ છે	522
ઈમામે આ'ઝમની રૂએ વિના કારણે ઔલાદના અતિયામાં વધઘટ મકરૂહ	522
આપેલો તોહફો પરત ન લે સિવાય બાપ પુત્રથી	522
વધારે બદલાની આશાએ તોહફો આપવો બેહતર નથી	524
ટીપ ટોપ દેખાડવા કપડાં પહેરવાની બુરાઈ	525
ભેટ આપનારનો આભાર માનવાનો હુકમ	526
જેણે બંદાનો શુક્ર અદા ન કર્યો તેણે ખુદાનો શુક્ર અદા ન કર્યો	526
અન્સારની તારીફ અને મહેમાન નવાઝીના વખાણ	526
ભેટો આપવું દુશ્મનીઓને મિટાવે છે	527
પડોશીના તોહફાને તુચ્છ ન ગણે ભલે બકરીની ખરી હોય	528
ત્રણ ચીજો પરત કરવામાં ન આવે	528
ખુશ્બુ જન્નતથી આવે છે તેને રદ ન કરવામાં આવે	529
પોતાની ઔલાદને જિંદગીમાં જેને જે ચાહે તે આપે પણ બરાબર કરવું બેહતર	530
અલ્લાહની નેઅમતને ચૂમવુ સુન્નત હોવાની સાબિતી	530
ખત્મ શરીફના ફળ વગેરેને વહેંચવાની દલીલ	530
મળી આવેલી ચીજ વિશે	
પડેલો સામાન, બકરી, ઊંટ વગેરેના મસાઈલ	532
મળેલી ગુમ થયેલ ચીજનું એલાન ન કરનાર ખયાનતી	534
હાજીઓની ગુમ થયેલ ચીજ ઉઠાવવા વિશે	534

વિષય	પેજ નં
ભૂખથી મરી રહ્યો હોય તે જરૂર જેટલુ બાગના માલિકને પૂછયા વિના ખાય શકે	536
આમ આબાદી અને આમ રસ્તાની ચીજ લુકૂતા છે	536
લુકૂતા તે પણ ખાય શકે જે સદકો ન ખાય શકે	537
ગુમ થયેલી ચીજ બદનિયતીથી ઉપાડનાર દોઝખી	238
પડેલી ચીજ પામે તો એક અથવા બે આદિલોને ગવાહ બનાવે	538
મામૂલી ચીજ પડેલી મળે તો વિના એલાન કર્યે પણ ઉપયોગમાં લઈ શકાય	539
વારસાના હિસ્સા વિશે પ્રકરણ	
હું મુસલમાનોની જાનોથી અધિક તેમનો વાલી છું	540
નાદાર મુસલમાનોનું કરજ હુઝૂર ﷺ અદા કરશે	540
વારસો કરજ અદા કર્યા બાદ વહેંચાશે	541
વારસાની વહેંચણીના મસાઈલ	541
મો'મિન બાપનો વારસો કાફિર પુત્ર પામશે નહીં	542
કુફ એક જ કૌમ છે	542
વિવિધ સગાંને વારસામાં ક્યારે કાંઈક મળે ?	543
કાતિલને વારસા બાબતે મસ્અલા	544
મૈયતની સગર્ભા પત્નીના ગર્ભનો વારસો મેહફૂઝ રખાશે	545
વારસાની વહેંચણી ક્યારે કરવી ?	549
અરબમાંનો ઈસ્લામ પહેલાંનો ગલત દસ્તૂર	555
વારસાની વહેંચણીમાં ખુદાના ખૌફ સાથે કામ લો	551
વારસાના વિવિધ મસાઈલ	551
આલિમે જોઈએ કે ગલતી માલૂમ થતાં રુજૂઅ કરી લે	551
અલ્લાહ તઆલા ફકીહોનું ભલુ કરે !	554
સહાબા સર્વે આદિલ છે	554
તહજ્જુદમાં એકવાર આંખ ન ખુલી તો વરસભર ન સૂતા !	556
કાફિર જોડુ મુસલમાન થાય તો ફરી નિકાહનો હુકમ નથી	558
વસિયતો વિશે પ્રકરણ	
ત્રીજા ભાગથી વધારેની વસિયત લાગુ ન થશે	563
જેને એક પાઈ વારસો મળે તેના માટે વસિયત નથી થઈ શકતી	564
વસિયતમાં નુકસાન પહોંચાડી જનાર પર આગ વાજિબ	565
સારી વસિયત પર મરનાર દીનના રસ્તે...	565
કાફિર બાપ માટે ઈસાલે સવાબની મનાઈ	567
વારસને વારસાથી વંચિત કરનાર જન્નતથી વંચિત	568

કલેમાતે ખૈર

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

કામ વો લે લીજીયે તુમકો જો રાઝી કરે
ઠીક હો નામે 'રઝા' તુમપે કરોળોં દુરૂદ

રસૂલે આ'ઝમ ﷺ કે ઈર્શાદાત પર અહાદીષકા મજમૂઆ "મિર્અતુલ મનાજીહ શરહે મિશકાતુલ મસાબીહ"કા યહ **ચોથા હિસ્સા** ગુજરાતી ઝબાનમાં આપકી ખિદમતે બાબરકતમાં પેશ કિયા જા રહા હૈ. હદીષે મુબારકાકી અહમિયત કુર્આને મુકદ્દસકી રોશનીમાં હમ દેખેં તો બઈ તૌર હૈ કે અલ્લાહ ﷻને ઈર્શાદ ફર્માયા : مَنۡ یُّطِعِ الرَّسُوۡلَ فَقَدۡ اَطَاعَ اللّٰہَ ۚ "જિસને રસૂલ (ﷺ) કી ઈતાઅત કી ઉસને અલ્લાહકી ઈતાઅત કી." (સૂ. નિસાઅ, ૪/૮૦) તો ગોયા આકૃએ કરીમ ﷺ કે ઈર્શાદાત પર અમલ કરના દર હકીકૃત રબ્બે કરીમ ﷻકી ઈતાઅત કે મુતરાદિફ હૈ. ઔર ઈસીકે સાથ સાથ હુઝૂરે અકરમ ﷺકે ઈર્શાદાતકો લોગોં તક પહુંચાનેકી જિદ્દો જેહદ કરનેવાલે કે હવાલેસે રસૂલે આ'ઝમ ﷺ કે એક ઈર્શાદકે મફહૂમકી રોશનીમાં કે ખુદ હુઝૂર ﷺને દુઆ ફર્માઈ કે, "જિસને મુઝસે સુના ઔર ફિર ઉસીકો લોગોં તક પહુંચાયા, અલ્લાહ તઆલા ઉસ્કે ચેહરેકો મુનવ્વર ફર્માએ. અલ્લાહ તઆલા પટેલ શબ્બીર અલી રઝવી સાહબ કો જઝાએ ખૈર અતા ફર્માએ." પૂરી દુન્યામાં ઈસ વકૃત અહલે સુન્નત વ જમાઅત કી કિતાબોંકો ગુજરાતીમાં ટ્રાન્સલેશન કરકે લોગોં તક પહુંચાનેવાલા અગર કોઈ મર્દે કલંદર હૈ તો સિર્ફ ઈસ વક્ત પૂરી દુન્યામાં પટેલ શબ્બીર અલી રઝવી સાહબકા નામ સરે ફેહરિશ્ત હૈ. ઈન્હોંને રસૂલે આ'ઝમ ﷺ કે ઈર્શાદાત ઔર ઈર્શાદાત કી શરહ જો હૈ ઉસકો ગુજરાતીમાં કરકે એક બહોત

બળી ખિદમત અંજામ દી હૈ. અલ્લાહ તઆલા ઈસ ખિદમતે હદીષકા સિલા ઈન્કો દોનોં જહાનમેં અતા ફર્માએ. ઔર "મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ" જો ૫૦૦ સે ઝાઈદ સફહાત પર મુસ્તમિલ હૈં, કઈ મઝામીન પર, જૈસે કે : મુખ્તલિફ દુઆઓં કે બારેમેં, તાવીઝ કે બારેમેં, હજ કે બારેમેં, મક્કા શરીફ કે બારેમેં, હરમે મદીના કે બારેમેં, તિજારત કે બારેમેં, મુઆમલાતમેં નરમી કે બારેમેં, સૂદ કે બારેમેં, મના તિજારતેં, ઉધાર, કર્ઝ ઔર ગીરો કે બારેમેં, દેવાલિયા કે બારેમેં, ઘર ઝમીન બેચનેમેં પડોશી કે હક્ક કે બારેમેં, ખેતમેં પાની દેને કે બારેમેં, વિરાન ઝમીન આબાદ કરને કે બારેમેં, વરાષત ઔર વસિયત કે બારેમેં વગૈરહ વગૈરહ... યહ આકા઼એ કરીમ ﷺ કે ઈર્શાદાતકા મજમૂઆ હૈ જિસકી શરહ કે સાથ ઈન્હોંને ચોથી જિલ્દકો મુકમ્મલ કરકે આપ તક પહૂંચાઈ. મૈં દુઆ કરતા હૂં, અલ્લાહ તઆલા આકા઼એ કરીમ ﷺ કે સદકા઼ઓ તુફૈલ ઈન્કે ઈસ કારે ખૈર કો ઈન્કી ઈસ કાવિશકો અપની બારગાહમેં કબૂલ ફર્માએ ઔર ઈસી તરીકે સે લોગોં કે ઈમાનો અકી઼દેકી ઔર આમાલકી ઈસ્લાહકે લિયે ઈન્હેં ગુજરાતી ઝબાનમેં મજીદ ખિદમતકી તૌફીક઼ અતા ફર્માએ. આમીન બિજાહિ તાહા વ યાસીન ﷺ.

–મુહમ્મદશાકિર નૂરી રઝવી

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, ૭–રજબુલ મુરજ્જબ હિ.સ. ૧૪૪૪)

અનુવાદકની કલમે

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

હું નાચીઝ અજ્ઞાની કે જેના હાથો વડે રબ્બે કરીમ ﷻએ તેના પ્યારા હબીબ ﷺના સદકા઼માં, ગૌષો ખ્વાજાઓ મખ્દૂમો રઝા رحمۃ اللہ علیہم اجمعین ના વસીલાથી, બુઝુર્ગાને દીનની, ઉલમાએ હક્કની ભલી દુઆઓથી આ નેક કામ "મિર્અતુલ મનાજીહ મિશ્કાતુલ મસાબીહ" (ભાગ–૪) જેવી હદીષની મહાન કિતાબના, ગુજરાતી અનુવાદ કામ લીધું અને આજે આ મુબારક કિતાબ આપના મુબારક હાથોમાં રજૂ કરતાં હું બેહદ દિલી ખુશી મેહસૂસ કરી રહ્યો છું. اَلۡحَمۡدُ لِلّٰہِ દુઆ કરશો રબ્બે કરીમ આ કિતાબમાંના સરકાર ﷺના આદેશો પર અમલ કરવા મને, તમને સૌ અહલે સુન્નતને તૌફીક઼ બખ્શે. (આમીન)

આ પ્રસંગે હું મને અનુવાદકના કામમાં અમુક કઠિન જગાઓ પર ખાસ માર્ગદર્શન આપનાર હઝરત મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી (મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)નો ખૂબ જ આભારી છું કે જેના વિના આ કિતાબ મુકમ્મલ કરવી અતિ મુશ્કેલ કામ હતું. અલ્લાહ મૌલાનાને બંને જહાનમાં બેહતરીન બદલો આપે. (આમીન)

મારા આ અદના પ્રયાસને માટે પ્રોત્સાહક બે શબ્દો લખી આપનાર દાઈએ કબીર, અતાએ મુફતીએ આ'ઝમ **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)નો પણ હું ખૂબ આભારી છું. રબ તઆલા એમની દુઆઓ મારા તથા સૌના હક્કમાં કબૂલ ફર્માવે. (આમીન)

ખાસ સખીદાતાઓ નામી અનામી જેમણે આ કિતાબ છપાવવામાં સાથ સહકાર કર્યો છે, રબ્બે કરીમ તેમને, તેમની ઔલાદને બંને જહાનની નેઅમતોથી માલામાલ કરે અને તેમના મર્હૂમોની તેમજ મારા મર્હૂમ સર્વ સગાંઓની બલ્કે તમામ ઈમાનવાળાઓની રબ તઆલા તેના હબીબ ﷺના સદકા઼માં માગફિરત ફર્માવે, અને આ કિતાબના "બાકીના ચાર ભાગો" પણ પૂર્ણ કરવાની તૌફીક઼ આપે. (આમીન)

અય "રઝા" હર કામ કા એક વક્ત હૈ – દિલ કો ભી આરામ હો હી જાએગા !

તારીખ : ૦૨–૦૨–૨૦૨૩
સ્થળ : દયાદરા

–પટેલ શબ્બીર અલી રઝવી
(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

બાબો માયકૂલુ ઈન્દસ્સ્બાહ વલ્મસાઅ્ વલ્ મનામ — باب مایقول عند الصباح والمساء والمنام

(સવાર, સાંજ તથા સૂતી વખતે શું કહે ?)[૧]

(વિભાગ : ૧) الفصل الاول

સવાર સાંજથી મુરાદ દિવસના બંનેવ કિનારા છે, એટલે ફજરની નમાઝ પહેલાં અને તુલૂઅ આફતાબ (સૂર્યોદય) સુધી, અને મગરિબની નમાઝ બાદથી સફેદી અસ્ત થતા સુધી. منام મસ્દમ મયમી પણ હોય શકે છે અને ઝર્ફ પણ. એટલે સૂવા પર કે સૂતી વખતે શું પઢે ? જાહેર એ છે કે અહીં સૂવાથી મુરાદ રાતનું સૂવું છે ન કે બપોરનો ક્યલૂલા તથા આરામ. કેમ કે આ પ્રકરણમાં રાતમાં સૂવાની જ દુઆ વર્ણન થશે. રાતમાં અસલ આરામ છે. દુનિયવી કારોબાર તેના તાબે છે, અને દિવસમાં અસલ કારોબાર છે, સૂવું એના તાબે છે. રબ તઆલા ફર્માવે છે : وَّ جَعَلۡنَا الَّیۡلَ لِبَاسًا ۙ وَّ جَعَلۡنَا النَّهَارَ مَعَاشًا ۙ (અને રાતને પર્દાપોશ કરી, અને દિવસને રોજગાર માટે બનાવ્યો. સૂરએ નબા, ૭૮/૯,૧૦) જેથી હક઼ીક઼તમાં સૂવાનો સમય રાત જ છે.

સવાર સાંજના વઝીફા

★ હદીષ : (૧)-૨૩૮૧ ★

عَن عَبْدِ اللَّهِ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَمْسَى قَالَ: «أَمْسَيْنَا وَأَمْسَى الْمُلْكُ لِلَّهِ وَالْحَمْدُ لِلَّهِ وَلَا إِلَهَ إِلَّا اللَّهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلَى كُلِّ شَيْءٍ قَدِيرٌ اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ مِنْ خَيْرِ هَذِهِ اللَّيْلَةِ وَخَيْرِ مَا فِيهَا وَأَعُوذُ بِكَ مِنْ شَرِّهَا وَشَرِّ مَا فِيهَا اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْكَسَلِ وَالْهَرَمِ وَسُوءِ الْكِبَرِ وَفِتْنَةِ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે સાંજ પામતા તો ફર્માવતા, અમે સાંજ પામી અને અલ્લાહના મુલ્કે સાંજ પામી. સર્વ તારીફો અલ્લાહના માટે છે[૧] એ એકલા સિવાય કોઈ મઅબૂદ નથી, એનો કોઈ શરીક નથી. એનો મુલ્ક છે, એની હમ્દ છે અને દરેક ચીજ પર ક઼ાદિર છે[૨] ઈલાહી ! હું તારાથી આ રાતની અને જે આ રાતમાં છે તેની ભલાઈ માગુ છું. અને આ રાતની અને જે આ રાતમાં છે તેની બુરાઈથી તારી પનાહ લઉં છું[૩] હે ખુદા !

الدُّنْيَا وَعَذَابِ الْقَبْرِ»وَإِذَا أَصْبَحَ قَالَ أَيْضًا: «أَصْبَحْنَا وَأَصْبَحَ الْمُلْكُ لِلَّهِ» . وَفِي رِوَايَةٍ: «رَبِّ إِنِّي أَعُوذُ بِكَ مِنْ عَذَابٍ فِي النَّار وَعَذَاب فِي الْقَبْرِ» . رَوَاهُ مُسلم

હું સુસ્તી, ઘડપણ અને અધિક ઉમરની બુરાઈઓથી[૪] અને દુનિયાના ફિત્નાઓથી અને કબ્રના અઝાબથી તારી પનાહ લઉં છું[૫] અને જ્યારે સવાર થતી તો સાથે એવું પણ કહેતા, અમે સવાર પામી અને અલ્લાહના મુલ્કે સવાર પામી[૬] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે યા રબ ! હું આગમાં અઝાબ અને કબ્રમાં અઝાબથી તારી પનાહ લઉં છું[૭]." (મુસ્લિમ)

૧. એટલે કે ખુદાનો શુક્ર છે કે અમે ભલાઈ સાથે દિવસ પસાર કરી લીધો અને સાંજ પામી લીધી. અમારી સાથે રબ તઆલાના મુલ્કે પણ સાંજ પામી લીધી. આ બંનેવ ચીજો અલ્લાહની નેઅમતો છે. જો મુલ્ક તબાહ થઈ જાત અને કેવળ અમે જ રહી જાત તો પણ મુસીબત હતી. અહીં મુલ્કથી મુરાદ આલમે અજસામે સિફ્લી (દુનિયા) છે જ્યાં દિવસ રાત થાય છે. આલમે અન્વાર, આલમે અમ્ર, જન્નત, દોઝખ વગેરેમાં ન દિવસ હોય ન રાત. ત્યાં તો રબની તજલ્લી છે ન કે સૂરજની, જેવું કે કયામતમાં થશે. રબ તઆલા ફર્માવે છે : وَاَشْرَقَتِ الْاَرْضُ بِنُوْرِ رَبِّهَا "અને જમીન જગમગી ઉઠશે પોતાના રબના નૂરથી." *(સૂરએ ઝૂમર, ૩૯/૬૯)*

૨. એટલે આ દિવસ રાતના આવવા જવા, સવાર સાંજની તબદીલીઓથી જાણવા મળે છે કે તેમને ભ્રમણ આપનાર એકલો મઅબૂદ છે જેનો કોઈ સાથી નથી અને દરેક ચીજ પર કાદિર છે. સુબ્હાનલ્લાહ ! કેવી પ્યારી દલીલ છે ઘુમનારી ચીજો થકી ઘુમાવનારાની કુદરતની ભાળ મળે છે.

૩. દરેક સમય પોતાની સાથે ભલાઈ કે બુરાઈ લાવે છે. કોઈ સમયમાં ખતરનાક ઘટના બની જતી અથવા આપણાથી બુરા અમલ થઈ જાય છે અને કોઈ વખતે સારા બનાવો ઉપસ્થિતિ થઈ જાય છે અથવા આપણને સારા અમલોની તૌફીક મળે છે. આ દુઆમાં અર્ઝ કરવામાં આવ્યું છે કે, હે ખુદા ! આ સમયની દુર્ઘટનાઓ, બુરા અમલોથી તારી પનાહ, અને એ સમયના સારા બનાવો અને નેક અમલોની તૌફીકની તારાથી માગણી છે. જાણવા મળ્યું કે સમયોને ઘટનાઓ તથા અમલોમાં દખલ છે.

શયખુ ખત્તા, હરમ, કિબર (ઘડપણ)થી પનાહ માગી

૪. كسل નો અર્થ છે તબીઅતનો બોજ જેનાથી ઈબાદત ખૂબીપૂર્વક અદા ન થઈ શકે, ભલે શરીરમાં શક્તિ હોય. દરેક તે ઘડપણ જેનાથી જિંદગીનો મૂળ હેતુ નષ્ટ થઈ જાય એટલે કે ઈલ્મ તથા અમલ જતા રહે. રબ તઆલા ફર્માવે છે : لِكَيْ لَا يَعْلَمَ بَعْدَ عِلْمٍ شَيْئًا "કે જાણ્યા બાદ કાંઈ ન જાણે, બેશક ! અલ્લાહ સર્વ કાંઈ જાણે છે." (સૂરએ નહ્લ, ૧૬/૭૦) અને ઘડપણની બુરાઈથી મુરાદ ઘડપણને કારણે બુદ્ધિનું ચાલી જવું છે, મતિ મારી જવું અને માણસ બીજાઓ પર બોજ બની જાય કે તેના સગાં તેના મૃત્યુની તમન્ના કરવા લાગે. જાણવા મળ્યું કે શૈખુ ખત્તા, હરમ અને કિબર, જો કે ત્રણેવનો અર્થ ઘડપણ જ છે પણ એ ત્રણેવનો આપસમાં ઘણો ફરક છે. એ પણ જાણવા મળ્યું કે અહીં هرم وسوء كبر માં તકરાર (એક શબ્દ દોહરાવવું) નથી, બલ્કે તેમના અર્થો અલગ અલગ છે.

૫. દુનિયાના ફિત્ના દુનિયાની મહોબ્બત તથા ઐશની ગફલત છે. એ બંનેવ ચીજો તમામ ગુનાહોની જડ છે. કબ્રના અઝાબથી મુરાદ ક્યાં તો ખુદ ત્યાંનો અઝાબ છે અથવા એ અઝાબના સબબો, જેમ કે ચુગલખોરી અથવા પેશાબના છાંટાઓથી ન બચવું વગેરે. સારાંશ આ દુઆ ઘણી ઉમદા છે.

૬. બાકી સર્વ તે શબ્દો કહેતા જે સાંજના સમયની દુઆમાં વર્ણન થઈ ગયા અને તેમની એ જ તફસીર છે જે હમણા વર્ણવી દેવામાં આવી. **૭.** યાદ રાખશો કે દોઝખનો અઝાબ આગમાં અઝાબ છે કે બંદો આગમાં દાખલ થઈને અઝાબ પામશે, અને કબ્રમાં અઝાબ આગનો અઝાબ છે કે કબ્રમાં દોઝખ નથી આવી જતી બલ્કે દોઝખની ખિડકી ખુલી જાય છે જેનાથી ત્યાંની લપેટ, ગરમી, ધૂમાડા, બદબૂ વગેરે આવ્યા કરે છે. રબ તઆલા બંનેવથી બચાવે.

હુઝૂર ﷺનો સૂવાનો તરીકો

''હઝરત હુઝૈફાથી, ફર્માવે છે કે નબી કરીમ ﷺ જ્યારે રાતમાં પોતાની પથારી લેતા તો પોતાનો હાથ ગાલની નીચે રાખતા[૧] પછી કહેતા, ઈલાહી ! હું તારા નામ પર મરીશ અને જીવીશ[૨] અને જ્યારે જાગતા તો કહેતા, શુક્ર છે એ અલ્લાહનો જેણે મને મરી ગયા પછી જીવતો કર્યો અને એના જ તરફ ઉઠવાનું છે[૩]. '' (બુખારી) અને મુસ્લિમે હઝરત બરાઅથી.

★ હદીષ : (૨/3)-૨૩૮૨/૮૩ ★

وَعَنْ حُذَيْفَةَ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَخَذَ مَضْجَعَهُ مِنَ اللَّيْلِ وَضَعَ يَدَهُ تَحْتَ خَدِّهِ ثُمَّ يَقُولُ: «اللَّهُمَّ بِاسْمِكَ أَمُوتُ وَأَحْيَا» . وَإِذَا اسْتَيْقَظَ قَالَ: «الْحَمْدُ اللهِ الَّذِي أَحْيَانَا بَعْدَمَا مَا أماتنا وَإِلَيْهِ النشور» . رَوَاهُ الْبُخَارِيّ وَمُسلم عَن الْبَراء [3]- 2383

૧. આપનું બિસ્તર શરીફ કબ્રની દિશામાં બિછાવવામાં આવતુ હતું કે કિબ્લાની જમણે સર મુબારક રહેતુ અને કિબ્લાની ડાબે પગ મુબારક. હુઝૂરે અન્વર ﷺ સીધી કરવટ (જમણે પડખે) સૂતા. જમણો હાથ ગાલની નીચે રાખતા હતા. કબ્રમાં મૈયતની પોઝિશન પણ આવી જ હોય છે. કેમ કે ઊંઘ મૌતનો નમૂનો છે એટલા માટે હુઝૂર ﷺનું બિસ્તર કબ્રના નમૂનારૂપ રહેતુ હતું જેથી સૂતી વખતે મૌત યાદ આવે કે ક્યારેક કબ્રમાં પણ સૂવાનું છે.

મૌત તથા જિંદગીનો અર્થ

૨. અહીં મૌત તથા જિંદગીથી મુરાદ સૂવું જાગવું છે. રબ તઆલાનું નામ શરીફ ممیت (મુમીત) પણ છે અને محیی (મુહ્યી) પણ છે. ممیتના નામ પર મરીશ અને محییના નામ પર જીવીશ, એટલે જાગૃત થઈશ, કે મારી બે સ્થિતિઓ તારાં આ બે નામોનું મઝહર (પ્રદર્શન કરનાર) છે. *(મિર્કાત)*

૩. એટલે કે આ જાગવું એ કાલે કયામતમાં ઉઠવાની દલીલ છે. نشور نشرથી બન્યું છૂટા થવું, ફેલાય જવું. એનાથી انتشار તથા منتشر બન્યું. જાગવાને نشور એટલા માટે કહે છે કે બંદા જાગીને રોજીની તલબ વગેરે માટે ફેલાય જાય છે અને વિખેરાય જાય છે. યાદ રાખશો કે અરબીમાં ઊંઘ, સુકૂન, બેઅકલી, જહાલત, ભીખ માગવું, ગુનાહ, ઘડપણ નાપસંદીદા હાલત જેમ કે બેઈજ્જતી, ગરીબી વગેરેને મૌત કહી દે છે અને એના વિરુધ્ધાર્થીને જિંદગી કહે છે. અહીં મૌત ઊંઘના અર્થમાં છે અને احیاء જાગવાના અર્થમાં છે. રબ તઆલા ફર્માવે છે : اَوَمَنْ كَانَ مَيْتًا فَاَحْيَيْنٰهُ (અને શું તે મુર્દા હતો તો અમે તેને ઝિંદા કર્યો. સૂરએ અન્આમ, ૬/૧૨૨) અને ફર્માવે છે : اِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتٰى (બેશક ! તમારા સંભળાવ્યે નથી સાંભળતાં મુડદાં. સૂરએ નમ્લ, ૨૭/૮૦) આ બંનેવ આયતોમાં મૌતથી મુરાદ જેહાલત છે અને મૈયતથી મુરાદ જાહિલ તથા કાફિર છે. *(મિર્કાત તથા લમ્આત)*

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ પોતાના બિસ્તર પર જાય તો પોતાની તેહબંદના અંદરના છેડા વડે બિસ્તરને ઝાપટી દે[૧] એને

★ હદીષ : (૪)-૨૩૮૪ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا أَوَى أَحَدُكُمْ إِلَى فِرَاشِهِ فَلْيَنْفُضْ فِرَاشَهُ

بِدَاخِلَةِ إِزَارِهِ فَإِنَّهُ لَا يَدْرِي مَا خَلَفَهُ عَلَيْهِ ثُمَّ يَقُولُ: بِاسْمِكَ رَبِّي وَضَعْتُ جَنْبِي وَبِكَ أَرفعه إِن أَمْسَكت نَفسِي فارحمها وَإِنْ أَرْسَلْتَهَا فَاحْفَظْهَابِمَا تَحْفَظُ بِهِ عِبَادَكَ الصَّالِحِينَ ". وَفِي رِوَايَةٍ:"ثُمَّ لْيَضْطَجِعْ عَلَى شِقِّهِ الْأَيْمن ثمَّ ليقل: بِاسْمِكَ"وَفِي رِوَايَةٍ:«فَلْيَنْفُضْهُ بِصَنِفَةِ ثَوْبِهِ ثَلَاثَ مَرَّاتٍ وَإِن أَمْسَكت نَفسِي فَاغْفِر لَهَا»

શું ખબર કે બિસ્તર પર શું ચીજ પડી છે[૨]. પછી કહે, યા રબ ! હું તારા નામ પર મારુ પડખુ રાખુ છું[૩] અને તારા નામ પર જ ઉઠવીશ[૪] જો આજે મારી જાન તું કબજે કરે તો એના પર રહમ કરજે[૫] અને જો પરત મોકલે તો તેની તેનાથી જ હિફાઝત કરજે જેનાથી તારા નેક બંદાઓની હિફાઝત કરે છે[૬] એક અન્ય રિવાયતમાં આ પ્રમાણે છે કે, પછી પોતાની જમણી બાજુ સૂઈ જાય પછી કહે .بِاسْمِكَ છેવટ સુધી. (મુસ્લિમ, બુખારી)[૭] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે પછી પોતાના કપડાના છેડાથી બિસ્તર ત્રણ વાર ઝાપટે[૮] અને આ પ્રમાણે કહે કે જો તું મારી જાન કબજે કરી લે તો તેને બખ્શી દેજે."

૧. અરબ શરીફમાં દિવસ રાત બિસ્તર બિછાયેલાં જ રહેતાં હતાં. આપણા દેશની જેમ સવારે સમેટી લેવામાં આવતાં ન હતાં, અને એ જમાનામાં તેહબંદ જ પહેરવામાં આવતાં હતાં એટલા માટે ફર્માવવામાં આવી રહ્યું છે કે જ્યારે સૂવા માટે બિસ્તર પર જાવ અને કોઈ ફાજલ કપડુ ન હોય તો તેહબંદના છેડાથી જ બિસ્તર ઝાપટી લો પછી સૂઓ.

૨. ધૂળ, કાંટા, હાડકુ કે કોઈ મૂઝી જાનવર, નાપાકી વગેરે. જેથી આ ઝાપટી (ખંખેરી) લેવામાં જાન તથા ઈમાન બંનેની સલામતી છે. આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબના હુકમમાં) છે.

૩. એટલે કે બિસ્તર ઝાપટીને જમણા પડખે સૂઈ જાય પછી સૂઈને આ મુજબ કહે, જેવું કે બીજી રિવાયતમાં છે.

૪. એટલે કે તારું નામ લઈને સૂવું છું અને તારું નામ લઈને ઉઠીશ. જિંદગીની દુકાન તારા નામ પર જ બંધ કરી રહ્યો છું અને તારા નામ પર જ ખોલીશ. હું કોઈ વખતે ન તારાથી લાપરવા છું ન તારાથી ગાફિલ. અલ્લાહ આ "ક़ાલ" પણ નસીબ કરે અને આ "હ़ાલ" પણ. (આમીન)

૫. આ રીતે મને બખ્શી દેજે અને મારી મામૂલી નેકીઓ ક़બૂલ કરી લેજે. કેમ કે ઊંઘ પણ એક પ્રકારનું મૃત્યુ જ છે જેના પછી જાગવું ધારણા મુજબ છે, યક़ીની નથી, એટલા માટે દુઆ કરીને સૂવું ઘણુ જ મુનાસિબ છે.

૬. એટલે કે જો તું મને તારા ફઝ્લો કરમથી બીજીવાર જિંદગી બખ્શે કે જગાડી દે જેવી રીતે તું તારા નેક બંદાઓને નફ્સ તથા શૈતાન, બુરા અક़ીદા તથા અમલોથી બચાવી રાખે છે તો મને પણ એ ચીજોથી બચાવજે. ખુલાસો એ કે શરીરની હિફાઝતની સાથે રૂહાની હિફાઝત પણ કરજે.

જમણા પડખે સૂવાના ફાયદા

૭. બેહતર એ છે કે પ્રથમ જમણા પડખે સૂએ, પછી ચટ્ટાપાટ પછી જમણે. પછી બીજી વાર જમણા પડખે સૂઈને ઊંઘી જાય કે જમણા પડખે સૂવાથી ગફલત અધિક નથી થતી. સમય પર આંખ ખુલે છે. કેમ કે દિલ ડાબી બાજુ છે, જેથી જમણા પડખે સૂવાથી દિલ અદ્ધર રહે છે. આ ફરક આપણા માટે છે. હુઝૂરે અન્વર ﷺ કોઈ પણ પડખે સૂએ આપને ગફલત આવતી જ નથી. આ અમલ ઘણો જ લાભદાયી છે. *(મિર્ક़ાત)*

૮. આ ઝાપટવું (ખંખેરવું) સૂતા પહેલાં છે ન કે સૂઈ ગયા પછી. કપડાથી મુરાદ ચાદર, રૂમાલ કે તેહબંદ છે. આ ઝાપટવાની હિકમતો અગાઉ વર્ણન થઈ ચૂકી છે. આ હુકમ મુસ્તહબ હોવાના હુકમમાં છે.

★ હદીષ : (૫)-૨૩૮૫ ★

(مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَوَى إِلَى فِرَاشِهِ نَامَ عَلَى شِقِّهِ الْأَيْمَنِ ثُمَّ قَالَ: «اللَّهُمَّ أَسْلَمْتُ نَفْسِي إِلَيْكَ وَوَجَّهْتُ وَجْهِي إِلَيْكَ وَفَوَّضْتُ أَمْرِي إِلَيْكَ وَأَلْجَأْتُ ظَهْرِي إِلَيْكَ رَغْبَةً وَرَهْبَةً إِلَيْكَ لَا مَلْجَأَ وَلَا مَنْجَا مِنْكَ إِلَّا إِلَيْكَ آمَنْتُ بِكِتَابِكَ الَّذِي أَنْزَلْتَ وَنَبِيِّكَ الَّذِي أَرْسَلْتَ» . وَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ قَالَهُنَّ ثُمَّ مَاتَ تَحْتَ لَيْلَتِهِ مَاتَ عَلَى الْفِطْرَةِ»وَفِي رِوَايَةٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِرَجُلٍ: " يَا فُلَانُ إِذَا أَوَيْتَ إِلَى فِرَاشِكَ فَتَوَضَّأْ وُضُوءَكَ لِلصَّلَاةِ ثُمَّ اضْطَجِعْ عَلَى شِقِّكَ الْأَيْمَنِ ثُمَّ قُلِ: اللَّهُمَّ أَسْلَمْتُ نَفْسِي إِلَيْكَ إِلَى قَوْلِهِ: أَرْسَلْتَ " وَقَالَ: «فَإِنْ مِتَّ مِنْ لَيْلَتِكَ مِتَّ عَلَى الْفِطْرَةِ وإن أصبحتَ أصبتَ خيرا»

''હઝરત બરાઅ ઈબ્નૂ આઝિબથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે પોતાના બિસ્તર પર જતા તો પોતાના જમણા પડખે સૂતા, પછી આવું કહેતા, ઈલાહી ! મેં મારી જાન તને સોંપી અને મારો ચહેરો તારી તરફ ધ્યાનિત કર્યો[૧] અને મારૂ કામ તને સોંપ્યું, તારા કરમ પર ટેકો લગાડયો તારી તરફ આકર્ષિત થઈને અને તારાથી ડરીને[૨]. તારાથી ન ક્યાંય પનાહ છે ન છૂટકારો તારી તરફ સિવાય[૩] હું તારી ઉતારેલી કિતાબ પર અને તારા મોકલેલા રસૂલ પર ઈમાન લાવ્યો[૪] ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે જે આ કલમા કહી લે પછી એ જ રાતે મરી જાય તો ઈમાન પર મરશે[૫] અને એક રિવાયતમાં છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક શખ્સને કહ્યું કે, હે ફલાણા ! જ્યારે તું તારા બિસ્તર પર જાય તો નમાઝ જેવું વુઝૂ કરે[૬] પછી પોતાના જમણા પાસા પર સૂએ, પછી કહે, ઈલાહી ! મેં પોતાને તને સોંપ્યો, છેવટ શબ્દ ارسلت સુધી[૭] અને ફર્માવ્યું કે જો તમે એ રાતમાં મરી ગયા તો તમે ઈસ્લામ પર મરશો, અને જો તમે સવાર પામશો તો ખૂબ જ ભલાઈ હાંસલ કરશો[૮].''

(મુસ્લિમ, બુખારી)

૧. નફ્સથી મુરાદ જાત કે જાન છે અને وجه થી મુરાદ ચહેરો અથવા ધ્યાન અથવા દિલની દિશા. અથવા એ બંને વાક્યોમાં પોતાના જાહેર તથા બાતિનની તરફ નિર્દેશ છે. એટલે ઈલાહી ! મારું બાતિન (અંતર) પણ તારું આજ્ઞાંકિત છે કે એમાં રિયા (શિર્ક) નાફર્માની નથી અને મારું જાહેર પણ તારું આજ્ઞાંકિત છે કે મારું કોઈ અંગ બાગી નથી. સારાંશ કે મારું પોતાનું કાંઈ નથી, સર્વ કાંઈ તારું છે. સૂતી વખતે આ કલમા એટલા માટે અરજ કર્યા કે જેથી માલૂમ થઈ જાય કે મારું સૂવું પણ તારા હુકમ હેઠળ છે. (લમ્આત વગેરે)

૨. જેથી મને આંત્રિક તથા બાહ્ય આફતોથી બચાવી લે અને મારી જિંદગી તથા આખેરત સારી કરી દે. આકર્ષણ તો સુપુર્દગીના લેહાઝથી છે અને ધાક પનાહ લેવાના એતબારથી છે. કેમ કે જાગૃતાવસ્થામાં માણસ કાંઈક જિમ્મેદાર અને અખ્તયારવાળો હોય પણ ઊંઘી જતાં સર્વ કાંઈ ગુમાવી બેસે છે એટલા માટે એ મોકા પર આ દુઆ ખૂબ જ યોગ્ય છે. તેમજ ઊંઘમાં એ ખબર નથી પડતી કે હવે સવારમાં ઉઠીશ કે કયામતમાં ઉઠીશ. એટલા માટે એવું કહીને સૂવું બેહતર છે કે હે ખુદા ! હવે સર્વ કાંઈ તને સોંપ્યું (શેઅર)

سپردم بہ تو مایۂ خویش را تو دانی حساب کم وبیش را

અર્થ : મેં તો મારો બધો સર્માયો તમારા હવાલે કરી આપ્યો, એ ઓછો છે કે વધારે એ તમે જાણો.

૩. એટલે કે તારા ગઝબથી પનાહ કેવળ તારી રહમતના દામનમાં જ મળી શકે છે અને તારી પકડથી મુક્તિ કેવળ તું જ આપી શકે છે. તારા ગઝબની આગને કેવળ તારી રહમતનું પાણી જ બુઝાવી શકે છે. જો તું અદ્લ કરે તો ઉંચા ઉંચા કાંપી ઉઠી, જો ફઝ્લ કરે તો ગુનેહગારોને પણ આશા બંધાય જાય.

عدل کریں تے تھر تھر کنبن اچیاں شاناں والے　　فضل کریں تو بخشے جاون میرے جیہے منہ کالے

અર્થ : ન્યાય કરે તો સારી શાનવાળા પણ ઠર ઠર કાંપે, ફઝ્લ કરે તો મારી જેવા ગુનાહગાર પર બખ્શાય જાય

૪. કિતાબથી મુરાદ કુર્આન શરીફ છે અને નબી કરીમ ﷺથી મુરાદ મુહમ્મદ મુસ્તફા ﷺ છે. અને આ શબ્દો આપણી તા'લીમના માટે છે, નહીં તો હુઝૂરે અન્વર ﷺ એવું ફર્માવતા કે હું મારી રિસાલત પર ઈમાન લાવ્યો. તેમજ હુઝૂરે અન્વર ﷺની જાત તથા સિફતો એટલે નબુવ્વત તથા રિસાલત વગેરેનો ઈલ્મ હુઝૂરના માટે ઈલ્મે હુઝૂરી છે. હુઝૂર ﷺ તો લોકોને માટે અયન ઈમાન છે. જેવી રીતે અલ્લાહ તઆલા પોતાની તૌહીદ તથા સિફતોને જાણે તો છે પણ તેને મુવહ્હિદ તથા મો'મિન આ અર્થમાં નથી કહી શકતા, એ જ પ્રમાણે હુઝૂરે અન્વર ﷺ પોતાની નબુવ્વત તથા રિસાલતને જાણે છે પણ એ જાણવાને ઈમાન નહીં કહેવામાં આવે. હુઝૂર ﷺ ખુદાના કુર્આનના મો'મિન છે ન કે પોતાના. એટલા માટે રબ તઆલા ફર્માવે છે : اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ (રસૂલ પર ઈમાન લાવ્યો અને એના પર જે એના રબની પાસેથી. સૂરએ બકરહ, ૨/૨૮૫) આવું નથી ફર્માવ્યું, امن الرسول بر سالته હા ! કેમ કે હુઝૂર ﷺનું સર્વ કુર્આન પર ઈમાન છે અને કુર્આની આયતોમાં હુઝૂર ﷺની રિસાલતની પણ આયતો છે. હુઝૂર ﷺ એના મિસ્દાક (લાગુ પડવું) છે એ લેહાઝથી પોતે પણ મો'મિન.

(અઝ મિર્કાત મઅ ઝિયાદહ)

૫. એટલે કે આ દુઆના કલમા સવાર સુધી તેના ઈમાનની ગેરંટી છે. **૬.** એટલે જો સૂતી વખતે તમારુ વુઝૂ ન હોય તો એ રીતે વુઝૂ કરી લો જેવી રીતે નમાઝના માટે કરો છો, મિસ્વાક સાથે સુન્નત તથા મુસ્તહબોની અદાયગી સાથે. આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ હોવાનો) છે. પહેલાં મિર્કાતના હવાલાથી વર્ણવવામાં આવ્યું જો એ વખતે તયમ્મુમ કરે તો પણ ઈન્શા અલ્લાહ ! એ જ ફાયદો થશે.

૭. આ સર્વ કલામ હઝરત બરાઅનું છે જે સંક્ષિપ્તમાં વર્ણવ્યું. જાહેર એ છે કે આ દુઆમાં કિતાબથી કુર્આન શરીફ અને નબીથી હુઝૂરે અન્વર ﷺ મુરાદ છે અને શક્ય છે કે કિતાબથી સર્વ આસ્માની કિતાબો અને નબીથી સર્વ નબીઓ મુરાદ હોય કે સર્વ પર ઈમાન લાવવું જરૂરી છે. (અશિઅહ) નબી ક્યાં તો નબાઅ્થી બન્યું ખબરના અર્થમાં. નબી ખબર આપનાર, કોની ? અલ્લાહની જાત તથા સિફતો દુનિયા તથા આખેરતની. અથવા نَبِيٌّ થી બન્યું દરજાઓની બુલંદીના અર્થમાં. બુલંદ દરજાવાળા નબી. (મિર્કાત) **૮.** અમુક રિવાયતોમાં આ જ બરાઅ ઈબ્ને આઝિબથી છે કે મેં બીજીવાર એ જ દુઆ હુઝૂરે અન્વર ﷺને સંભળાવી તો بنبيك ને બદલે بر سولك કહી દીધું તો હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, નહીં ! એ જ કહો بنبيك. જાણવા મળ્યું કે વઝીફાના શબ્દો બિલ્કુલ ન બદલવામાં આવે, નહીં તો તાષીર ન થશે. ઉલમા ફર્માવે છે કે જો હદીષના શબ્દો હોય તો ભાવાર્થ સાથે રિવાયત ન કરે. હદીષની રિવાયત ભાવાર્થ સાથે ત્યારે દુરુસ્ત છે જ્યારે કે શબ્દો યાદ ન રહ્યા હોય. એ જ પ્રમાણે કુર્આને કરીમના શબ્દો, શદ, મદ, મખરજો, અદાના તરીકામાં શક્ય ત્યાં સુધી તબદીલી ન થવા દે. **આ હદીષમાં વાયદો કરવામાં આવ્યો કે સૂતી વખતે આને પઢનાર ઈન્શા અલ્લાહ ! ઈમાન પર મરશે.** ઈસ્લામ તથા તકવા પર જીવશે. ઘણી જ મુજર્રબ (અજમાવેલ) દુઆ છે. ફકીર (લેખક) ખુદાના ફઝ્લથી એના પર આમિલ છે.

★ હદીષ : (૬)-૨૩૮૬ ★

وَعَنْ أَنَسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا أَوَى إِلَى فِرَاشِهِ قَالَ: «الحمدُ للَّهِ الَّذِي أطعمنَا وَسَقَانَا وكفانا وَآوَانَا فَكَمْ مِمَّنْ لَا كَافِيَ لَهُ وَلَا مؤوي» . رَوَاهُ مُسلم

'હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે પોતાના બિસ્તર પર જતા તો ફર્માવતા, ખુદાનો શુક્ર છે જેણે અમને ખવડાવ્યું, પીવડાવ્યું તથા બચાવ્યા અને અમને પનાહ આપી[૧]. કેમ કે ઘણા એવા છે જેમને કોઈ બચાવનાર છે ન પનાહ આપનાર[૨]. '' (મુસ્લિમ)

૧. કિફાયતથી મુરાદ મૂઝી જાનવરો, આફતો, બલાઓથી મહેફૂઝ રાખવું, હાજતો પૂરી કરવી. પનાહ આપવાથી મુરાદ રહેવા માટે ઘર આપવું, ઠંડી, ગરમીથી બચવા બિસ્તર વગેરે અતા કરવું છે.

૨. જેમ કે કાફિરોને રબ તઆલાએ નફ્સ, શૈતાનના હાથોમાં છોડી આપ્યા. હવે તેઓ દરેક રીતે તેમના વશમાં છે. એ જ પ્રમાણે અમુક તે મિસ્કીનો છે જેમની પાસે ન દર છે ન બિસ્તર. ઈમાન એ નફ્સ તથા શૈતાનથી અમાન છે. મકાન તથા બિસ્તર મુસીબતોથી અમાન છે. અલ્લાહનો શુક્ર છે કે તેણે આપણને બંને અમાનો અતા કરી.

તસ્બીહે ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا

★ હદીષ : (૭)-૨૩૮૭ ★

وَعَن عَلِيّ: أَن فَاطِمَة أَتت النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تَشْكُو إِلَيْهِ مَا تَلْقَى فِي يَدِهَا مِنَ الرَّحَى وَبَلَغَهَا أَنَّهُ جَاءَهُ رَقِيقٌ فَلَمْ تُصَادِفْهُ فَذَكَرَتْ ذَلِكَ لِعَائِشَةَ فَلَمَّا جَاءَ أَخْبَرَتْهُ عَائِشَةُ قَالَ: فَجَاءَنَا وَقَدْ أَخَذْنَا مَضَاجِعَنَا فَذَهَبْنَا نَقُومُ فَقَالَ: عَلَى مَكَانِكُمَا فَجَاءَ فَقَعَدَ بَيْنِي وَبَيْنَهَا حَتَّى وَجَدْتُ بَرْدَ قَدَمِهِ عَلَى بَطْنِي فَقَالَ: «أَلَا أَدُلُّكُمَا عَلَى خَيْرٍ مِمَّا سَأَلْتُمَا؟ إِذَا أَخَذْتُمَا مَضْجَعَكُمَا فَسَبِّحَا ثَلَاثًا وَثَلَاثِينَ وَاحْمَدَا ثَلَاثًا وَثَلَاثِينَ وَكَبِّرَا ثَلَاثًا وَثَلَاثِينَ فَهُوَ خير لَكمَا من خَادِم»

''હઝરત અલીથી રિવાયત છે કે જનાબ ફાતિમા નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયાં એ તકલીફની શિકાયત કરવા જે એમના હાથોને ઘંટીથી પહોંચી હતી[૧]. તેમને જ્યારે ખબર મળી હતી કે હુઝૂરની પાસે ગુલામ આવ્યા છે. તેમણે હુઝૂરે ન પામ્યા તો આઈશાને કહી આવ્યાં[૨] જ્યારે હુઝૂર તશરીફ લાવ્યા તો હઝરત આઈશાએ આ કિસ્સો અર્ઝ કર્યો[૩]. ફર્માવે છે કે હુઝૂર અમારી પાસે તશરીફ લાવ્યા, જ્યારે કે અમે બિસ્તર પકડી ચૂક્યાં હતાં. અમે ઉઠવા લાગ્યાં તો ફર્માવ્યું, તમારી જગાએ બેસી રહો. મારી તથા ફાતમા ઝહરાની વચ્ચે બેસી ગયા, ત્યાં સુધી કે હુઝૂરના કદમની ઠંડક મારા પેટ પર મહેસૂસ કરી[૪] ફર્માવ્યું, હું તમને તમારા સવાલ કરતાં બેહતર ચીજ ન બતાવું ?[૫] જ્યારે તમે તમારા બિસ્તર લો તો ૩૩ વાર સુબ્હાનલ્લાહ પઢી લો, અને ૩૩ વાર અલ્હમ્દુલિલ્લાહ અને ૩૪ વાર અલ્લાહુ અકબર. આ તમારા માટે ખાદિમ કરતાં બેહતર છે[૬]. (મુસ્લિમ, બુખારી)

૧. હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا હુઝૂર ﷺનાં સૌથી નાનાં, પ્યારાં, ચહીતાં, સાહબઝાદી હતાં. શાદીથી પહેલાં કામ કાજ કર્યું ન હતું. હઝરત અલીને ત્યાં આવીને સર્વ કામો કરવા પડયાં. કામથી કપડાં કાળાં અને ઘંટીથી હાથોમાં છાલાં પડી ગયાં હતાં જે ફૂટીને ઝખ્મી બની ગયા હતાં. (શેઅર)

આઈ જબ ખાતૂને જન્નત અપને ઘર–પળ ગયે સબ કામ ઉનકી ઝાત પર
કામસે કપળે ભી કાલે પળ ગયે–હાથમેં ચક્કીસે છાલે પળ ગયે

૨. એટલે કે એ દિવસે હુઝૂર અન્વર ﷺનું રોકાણ હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના ઘરે હતું એટલા માટે ખાતૂને જન્નત તેમના જ ઘરે તશરીફ લાવ્યાં પણ સંજોગોવસાત હુઝૂરે અન્વર ﷺ બહાર હતા. દૌલતખાનામાં ન હતા. એટલા માટે વાલિદા માજિદાને અર્ઝ કરીને પરત થઈ ગયાં. (શેઅર)

પર ન થે દૌલત કદામેં શાહે દીં–વાલિદાસે અર્ઝ કર કે આ ગઈ

ખુદ હઝરત અલી كرم اللہ وجہہ الکریم એ હઝરત ખાતૂને જન્નતને બતાવ્યું હતું કે આજે કેદી ગુલામ હુઝૂરને ત્યાં આવ્યા છે અને હુઝૂર ગુલામ વહેંચી રહ્યા છે, તો એક લોંડી તમે પણ હુઝૂર ﷺથી માગી લો જે ઘરનુ કામકાજ કરે. એનાથી જાણવા મળ્યું કે શાદી પછી પણ ઔલાદ મા બાપથી માગી શકે છે. એમાં ન ગુનોહ છે ન શરમ.

૩. (શેઅર)

ઘરમેં જબ આયે હબીબે કિબ્રિયા–વાલિદાને માજરા સારા કહા
ફાતિમા છાલે દિખાને આઈ થીં–ઘર કી તકલીફેં સુનાને આઈ થીં
એક લોંડી આપ અગર ઉનકો ભી દેં–ચક્કી ઔર ચુલ્હે કે દુ:ખસે વો બચેં

૪. હુઝૂરે અન્વર ﷺએ ન તો હઝરત આઈશાને કાંઈ જવાબ આપ્યો ન દિવસમાં હઝરત ફાતિમાને ત્યાં તશરીફ લાવ્યા. રાતે સૂતી વખતે તશરીફ લાવ્યા તો ફાતિમાના બિસ્તર પર એ રીતે બેઠા કે એક કદમ ફાતિમા પર હતો બીજો જનાબે અલીના સીનાએ પુર અન્વાર પર. એ સીના પર કુર્બાન જઈએ જે કદમે રસૂલને ચૂમે !

૫. એટલે કે લોંડી તથા ખાદિમનો ફાયદો તમને કેવળ દુનિયામાં પહોંચશે, પણ આ દુઆનો ફાયદો દુનિયા, કબર, હશ્ર દરેક જગાએ તમે પામશો. હુઝૂરે તેમને ખાદિમ કેમ ન અતા કર્યો ? (શેઅર)

શબ કો આયે મુસ્તફા ઝહ્રા કે ઘર–ઔર કહા દુખ્તરસે અય જાને પિદર
હૈં યહ ખાદિમ ઉન યતીમોં કે લિયે–બાપ જિનકે જંગમેં મારે ગયે
તુમપે સાયા હૈ રસૂલુલ્લાહ કા–આસરા રખો ફકત અલ્લાહ કા

૬. એનું નામ **તસ્બીહે ફાતિમા** છે જે સર્વ સિલસિલાઓમાં ખાસ કરીને સિલસિલએ કાદરિયામાં ખૂબ જ રિવાજ પામેલ છે. આ તસ્બીહના માટે આમ તસ્બીહોમાં દરેક ૩૩ દાણા પર નાનો ઈમામ પડેલો હોય છે. આ હદીષથી તે લોકો સબક લે જેઓ હઝરત અબૂબક્ર પર એટલા માટે મહેણુ મારે છે કે તેમણે ફાતિમા ઝહ્રાની માગણી પૂરી ન કરી, તેમને વારસો ન આપ્યો જેનાથી તેમના દિલને તકલીફ પહોંચી ! તેઓ આજે હુઝૂર ﷺને શું ફત્વો આપશે ?!

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે હઝરત ફાતિમા ઝહ્રા નબી કરીમ ﷺ થી ખિદમતમાં ખાદિમ માગવા આવ્યાં[૧] તો ફર્માવ્યું કે શું હું તમને એ ચીજ ન બતાવી દઉં જે ખાદિમ કરતાં બેહતર છે ? ૩૩ વાર સુબ્હાનલ્લાહ પઢયા કરો અને ૩૩ વાર

★ હદીષ : (૮)-૨૩૮૮ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: جَاءَتْ فَاطِمَةُ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تَسْأَلُهُ خَادِمًا فَقَالَ: «أَلَا أَدُلُّكِ عَلَى مَا هُوَ خَيْرٌ مِنْ خَادِمٍ؟ تُسَبِّحِينَ اللَّهَ ثَلَاثًا وَثَلَاثِينَ وَتَحْمَدِينَ اللَّهَ ثَلَاثًا وَثَلَاثِينَ

وَتُكَبِّرِينَ اللَّهَ أَرْبَعًا وَثَلَاثِينَ عِنْدَ كُلِّ صَلَاةٍ وَعِنْدَ مَنَامِكِ» رَوَاهُ مُسْلِمٌ

અલ્હમ્દુલિલ્લાહ અને ૩૪ વાર અલ્લાહુ અકબર. દરેક નમાઝના સમયે અને સૂતી વખતે પઢી લીધા કરો[૨]." (મુસ્લિમ)

૧. હઝરત આઈશા સિદ્દીક़ાના ઘરે. કેમ કે એ દિવસે હુઝૂરે અન્વર ﷺનું રોકાણ એમના જ દોલતખાનામાં હતું. કેમ કે હઝરત ખાતૂને જન્નતને તો જનાબ અલીએ ખબર આપી હતી કે આજે હુઝૂરને ત્યાં ઘણા લોંડી ગુલામ આવેલા છે અને હુઝૂર તેને મુસલમાનોમાં વહેંચી રહ્યા છે તો તમે પણ જાવ અને એક લોંડી હાંસલ કરી લો. જેવું કે પાછલી હદીષમાં આવી ગયું. યાદ રાખશો કે ખાદિમ સ્ત્રી પુરૂષ બંનેને કહેવામાં આવે છે. શક્ય છે કે હુઝૂરે અન્વર ﷺએ પહેલાં તો કેવળ સવાર સાંજનો હુકમ આપ્યો હોય, બાદમાં દરેક નમાઝ બાદ, અથવા એનાથી ઉલ્ટુ. ગમે તેમ પણ હદીષોમાં ટકરાવ નથી. આ હદીષથી જાણવા મળ્યું કે ફક़્ (ફક़ીરી) ગ़ના (માલદારી)થી અફઝલ છે અને ; A|X] SZTFA[CTZPV [56 Ô6 JFD?I]S[**મા બાપે જોઈએ કે પોતાની ઔલાદને મહેનતી, આબિદ, ઝાહિદ, મુત્તક़ી બનાવે. તેમને કેવળ માલદાર બનાવવાની કોશિશ ન કરે. પુત્રી માટે શ્રેષ્ઠ દહેજ નેક અમલો છે ન કે કેવળ માલ.** આ હદીષ તર્બિયત તથા તા'લીમનો ખજાનો છે. એ પણ જાણવા મળ્યું કે પુત્રી સાસરાની તકલીફની ફરિયાદ મા બાપને કરી શકે છે તકલીફ દૂર કરવા ખાતર. એ પણ જાણવા મળ્યું કે **સાસરીવાળાંની તકલીફ પર મા બાપ છોકરીને ઘરે ન બેસાડી દે બલ્કે ત્યાં જ રાખે અને સબ્ર તથા શુકની તલ્ક़ીન કરે, એનાથી ગૃહસ્થી જિંદગીના ઘણા મસાઈલ હલ થઈ જાય છે.**

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૯)-૨૩૮૯ ★

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَصْبَحَ قَالَ: «اللَّهُمَّ بِكَ أَصْبَحْنَا وَبِكَ أَمْسَيْنَا وَبِكَ نَحْيَا وَبِكَ نَمُوتُ وَإِلَيْكَ الْمَصِيرُ» . وَإِذَا أَمْسَى قَالَ: «اللَّهُمَّ بِكَ أَمْسَيْنَا وَبِكَ أَصْبَحْنَا وَبِكَ نَحْيَا وَبِكَ نَمُوتُ وَإِلَيْكَ النُّشُورُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

'હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે સવાર પામતા તો કહેતા, ઈલાહી ! અમે તારી મહેરબાનીથી સવાર પામી અને તારી મહેરબાનીથી જ સાંજ કરીશું. અને તારી મહેરબાનીથી જીવીશું અને તારા ફઝ્લથી મરીશું[૧] અને તારી જ તરફ રજૂઅ (પલટીએ) છે. અને જ્યારે સાંજ પામતા તો કહેતા, ઈલાહી ! તારા ફઝ્લથી અમે સાંજ પામી લીધી અને તારા ફઝ્લથી જ સવાર કરીશું અને તારી મહેરબાનીથી જીવીશું, તારી તરફ જ ઉઠવાનું છે[૨]. (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

૧. યાદ રાખશો કે માણસના મૃત્યુ પર આશ્ચર્ય નથી બલ્કે તેની જિંદગી આશ્ચર્યજનક છે, કેમ કે આંત્રિક તથા બાહ્ય દુશ્મન એટલા છે કે ખુદાની પનાહ ! આટલા દુશ્મનોમાં ઘેરાયેલા હોવા છતાં તેનું જીવંત રહેવું એ અલ્લાહની કુદરત જ છે. આ દુઆ શરીફનો એ જ મતલબ છે કે ખુદાયા ! તારા જ કરમ પર અને મહેરબાનીથી અમે સાંજથી સવાર પામી લઈએ છીએ અને સવારથી સાંજ. અમારી જિંદગી તથા મૌત તારા જ કબજામાં છે. આ અર્થો તો તદ્દન જાહેર છે. એ અર્થ પણ થઈ શકે છે કે ખુદાયા ! અમારી જિંદગી તથા મૌત તારા જ કબજામાં છે. આ અર્થમાં તદ્દન

જાહેર છે. એ મતલબ પણ થઈ શકે છે કે ખુદાયા ! અમારી જિંદગી તથા મૌત એ નફ્સ, દુનિયા તથા શૈતાનના માટે નથી, બલ્કે الحمدالله તારી ઈબાદતના માટે છે.

૨. نشور نشر થી બન્યું ફેલવાના અર્થમાં. એનાથી منتشر (મુન્તશિર) છે. કેમ કે કયામતની જિંદગી ફેલાયેલા વિખેરાયેલા ભાગોને એકત્રિત કરીને થશે એટલા માટે એ જિંદગીને نشور કહેવામાં આવે છે. એટલા માટે મિર્કાત વગેરેએ એનો તર્જુમો કર્યો : بعث بعد الموت મતલબ એ પણ હોય શકે છે કે દુનિયામાં કાફિર, મો'મિન, મુનાફિક સૌ ભેગા છે, પણ કયામતમાં સૌ અલગ પડી જશે, કે હુકમ થશે : وَامْتَازُوا الْيَوْمَ اَيُّهَا الْمُجْرِمُوْنَ۝ (અને આજે અલગ પડી જાવ ! અય મુજરિમો ! સૂરએ યાસીન, ૩૬/૫૯) એટલા માટે આ ઉઠવાનું નામ نشور છે. આ કારણે મિર્કાતે એનો અર્થ કયો : والتفرق بعد الجمع.

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ નું એક દુઆ તથા વઝીફાની ઈજાઝત લેવું

★ **હદીષ : (૧૦)-૨૩૯૦** ★

وَعنهُ قَالَ: قَالَ أَبُو بَكْرٍ: قُلْتُ يَا رَسُولَ اللَّهِ مُرْنِي بِشَيْءٍ أَقُولُهُ إِذَا أَصْبَحْتُ وَإِذَا أَمْسَيْتُ قَالَ: «قُلِ اللَّهُمَّ عَالِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ فَاطِرَ السَّمَاوَاتِ وَالْأَرْضِ رَبَّ كُلِّ شَيْءٍ وَمَلِيكَهُ أَشْهَدُ أَنْ لَا إِلَهَ إِلَّا أَنْتَ أَعُوذُ بِكَ مِنْ شَرِّ نَفْسِي وَمِنْ شَرِّ الشَّيْطَانِ وَشِرْكِهِ قُلْهُ إِذَا أَصْبَحْتَ وَإِذَا أَمْسَيْتَ وَإِذَا أَخَذْتَ مضجعك».رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد والدارمي

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે હઝરત અબૂબકએ ફર્માવ્યું કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને એવી ચીજ બતાવો જેને હું સવાર સાંજના સમયે પઢી લીધા કરું[૧] ફર્માવ્યું, આ પ્રમાણે કહ્યા કરો, હે અલ્લાહ ! હે ખુલ્લી છુપી ચીજોને જાણનાર ! હે આસ્માન તથા જમીનને પેદા કરનાર ! હે દરેક ચીજના રબ તથા માલિક ![૨] હું ગવાહી આપુ છું તારા સિવાય કોઈ મઅબૂદ નથી. મારા નફ્સની શરારત તથા શૈતાનની શરારત અને તેની બુરાઈથી પનાહ માગુ છું[૩] જ્યારે સવાર પામો, જ્યારે સાંજ પામો, જ્યારે તમારા બિસ્તર પર સૂઓ આ પઢી લીધા કરો. (તિર્મિઝી, અબૂ દાઉદ, દારમી)

૧. વઝીફા રૂપે જે મારા માટે દીન તથા દુનિયામાં લાભદાયી હોય. આ સવાલથી જાણવા મળ્યું કે **વઝીફા શયખથી પૂછીને અને શયખની ઈજાઝતથી પઢવા જોઈએ કે એમાં શબ્દોની તાષીરની સાથે ઝબાનની તાષીર પણ ભેગી થઈ જાય છે. જ્યારે સિદ્દીકે અકબર જેવી હસ્તીને ઈજાઝતની જરૂરત છે તો પછી આપણી શું ગણત્રી !**

૨. خلق પેદા કરવાના અર્થમાં અને فطر નો અર્થ છે વિના (મિષાલ) નમૂનાએ પેદા કરવું એટલે ઈજાદ કરવું (નવું બનાવવું). રબ તઆલા આસ્માનોનો ખાલિક પણ છે અને ફાતિર પણ. આપણો ખાલિક છે ફાતિર નથી, કેમ કે આપણાથી પહેલાં ઘણા માનવો પેદા કરી ચૂક્યો છે مالك (માલિક) માલિકીપણાવાળો એ અર્થમાં, અને لاحول (મલીક)ના અર્થમાં દરેક પ્રકારના માલિકીપણાવાળો, જાહેરનો પણ બાતિનનો પણ. આપણે લોકો આપણી ચીજોના માલિક તો છીએ પણ મલીક નથી, આપણુ માલિકીપણુ કેવળ જાહેર પર છે તે પણ થોડા દિવસ માટે.

૩. યાદ રાખશો કે આપણા નફ્સે અમ્મારાની શરારતો શૈતાનની બુરાઈથી કેટલાય અંશે અધિક છે. સૂફીઓ ફર્માવે છે કે **ઈન્સાનનું દિલ મઅદને અસ્રાર (રહસ્યોની ખાણ) છે અને બુરાઈઓનો શ્રોત છે, શૈતાન**

તો નફ્સને ફક્ત રાય આપે છે. અસલ સરકશ (નાફર્માન) નફ્સ જ છે. વળી શૈતાન લા હૌલ વગેરેથી ભાગી જાય છે પણ આ નફ્સ ન કોઈ વઝીફાથી ભાગે છે ન કોઈ અમલથી, એ તો કેવળ રબ તઆલાના ફઝ્લથી જ દબાય છે. એટલા માટે અફ્સહુલ ફુસહા ﷺએ નફ્સનું વર્ણન પ્રથમ કર્યું અને શૈતાનનું બાદમાં કર્યું. યાદ રાખશો કે આ ઝિક્ર આપણા પોતાના નફ્સોનું છે. નફ્સે સિદ્દીક઼ જે અલ્લાહની મહેરબાની અને તેના હબીબ ﷺના કરમથી નૂરાની થઈ ચૂક્યો હતો, તે તો સિદ્દીક઼ તથા સફાના ખાણ છે. હુઝૂર સંભળાવી રહ્યા છે હઝરત સિદ્દીક઼ને અને બતાવી રહ્યા છે આપણને. શિર્કમાં બે સંભાવનાઓ છે : "શીન"નો ઝેર અને "રે"નો જઝમ કુફ્રના અર્થમાં, ઈમાનના વિરુદ્ધાર્થી. અને "શીન" તથા "રે" બંનેનો ઝબર શિકારીની જાળના અર્થમાં. *(લમ્આત, મિર્ક઼ાત)*

હદીષ સાચી હોવા વિશે હઝરત અબાનનો જવાબ

'હઝરત અબાન ઈબ્ને ઉષ્માનથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં મારા પિતાને કહેતાં સાંભળ્યા કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એવો કોઈ બંદો નથી જે દરેક દિવસ સવાર સાંજ અને દરેક રાતે ત્રણ વાર આવુ કહી લીધા કરે : મેં તેના નામથી સવાર તથા સાંજ કરી જેના નામની બરકતથી ન જમીનની કોઈ ચીજ નુકસાન આપે ન આસ્માનની, અને તે સાંભળતો જાણતો છે, પછી તેને કોઈ ચીજ નુકસાન પણ આપી દે[૨]. હઝરત અબાનને કાંઈક લકવો થઈ ગયો તો એક શખ્સ તેમને ધ્યાનપૂર્વક જોવા લાગ્યો[૩] આપે તેને ફર્માવ્યું કે તું મને શું જુએ છે, હદીષ એવી જ છે જેવી મેં તને સંભળાવી, પણ એ દિવસે હું આ દુઆ ન પઢી શક્યો કે અલ્લાહ મારા પર પોતાના ફ઼ઝા તથા ક઼દર લાગુ કરી દે[૪] (તિર્મિઝી, ઈબ્ને માજહ, અબૂ દાઊદ) અબૂ દાઊદની રિવાયતમાં આ પ્રમાણે છે કે તેને સવારે અચાનક બલા ન પહોંચશે અને જે સવારમાં આ પઢે તો તેને સાંજ સુધી અચાનક આફત ન પહોંચશે[૫]."

★ હદીષ : (૧૧)-૨૩૯૧ ★

وَعَنْ أَبَانَ بْنِ عُثْمَانَ قَالَ: سَمِعْتُ أَبِي يَقُولَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ عَبْدٍ يَقُولُ فِي صَبَاحِ كُلِّ يَوْمٍ وَمَسَاءِ كُلِّ لَيْلَةٍ بِسْمِ اللَّهِ الَّذِي لَا يَضُرُّ مَعَ اسْمِهِ شَيْءٌ فِي الْأَرْضِ وَلَا فِي السَّمَاءِ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ ثَلَاثَ مَرَّاتٍ فَيَضُرَّهُ شَيْءٌ» . فَكَانَ أَبَانُ قَدْ أَصَابَهُ طَرَفُ فَالَجٍ فَجَعَلَ الرَّجُلُ يَنْظُرُ إِلَيْهِ فَقَالَ لَهُ أَبَانُ: مَا تَنْظُرُ إِلَيَّ؟ أَمَا إِنَّ الْحَدِيثَ كَمَا حَدَّثْتُكَ وَلَكِنِّي لَمْ أَقُلْهُ يَوْمَئِذٍ لِيُمْضِيَ اللَّهُ عَلَيَّ قَدَرَهُ. رَوَاهُ التِّرْمِذِيُّ وَابْن مَاجَه وَأَبُو دَاوُد وَفِي رِوَايَته: «لَمْ تُصِبْهُ فُجَاءَةُ بَلَاءٍ حَتَّى يُصْبِحَ وَمَنْ قَالَهَا حِينَ يُصْبِحُ لَمْ تُصِبْهُ فُجَاءَةُ بَلَاءٍ حَتَّى يُمسيَ»

૧. આપ ક઼ર્શી છે. તાબઈ છે. હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાનના ફરઝંદ (પુત્ર) છે, પોતાના પિતા તથા અન્ય સહાબીઓથી ઘણી બધી હદીષો લીધી અને તેમનાથી ઈમામ ઝુહરી વગેરે મિલ્લતના અકાબિરો (અગ્રેસરો)એ. મદીના મુનવ્વરામાં વસ્યા. યઝીદ ઈબ્ને અબ્દુલ મલિક ઈબ્ને મરવાનના જમાનામાં વફાત પામ્યા.

૨. આ દુઆ મુજર્રબ (અજમાવાયેલી) છે. ફ઼કીર (લેખક) બફઝ્લિ રબ્બે કદીર આનો આમિલ છે. الحمدالله અને બરકતથી દરેક સમય અમ્નમાં રહ્યો છે. સવારે પઢી લો સાંજ સુધી હિફાઝત છે અને સાંજ પઢી લે તો સવાર સુધી અમ્ન છે.

૩. એટલે જે લોકોએ આપનાથી હદીષ સાંભળી હતી એમાંથી કોઈ આશ્ચર્યભેર આપને જોવા લાગ્યો કે આપ તો આ હદીષ રિવાયત કરતા હતા અને યક઼ીન છે કે આપ એના આમિલ પણ હશે અને આ દુઆ પઢતા પણ હશે

પછી આપના પર લકવાની અસર કઈ રીતે થઈ ગઈ ?! અને આ આફતથી આપ અમ્નમાં કેમ ન રહ્યા ? હઝરત અબાન એમનું આશ્ચર્ય સમજી ગયા એટલા માટે આપે એ જવાબ આપ્યો જે આગળ આવી રહ્યો છે.

૪. سبحان الله કેવું પાકીઝા ફર્માન છે કે હદીષ સાચી, હદીષવાળા મહબૂબ સાચા, રબનો ઈરાદો બરહક્ક, જે દિવસે મને લખવા થનાર હતો એ દિવસે હું એ અમલ પઢવાનું જ ભૂલી ગયો હતો એટલા માટે આ લકવો થયો.

અણધારી આફત, બીમારી તથા ઝેરી જાનવર કરડવાથી હિફાઝત

૫. આ શબ્દો અગાઉ વર્ણવેલ શબ્દોની જાણે શરહ છે કે આ દુઆની બરકતથી આકસ્મિક બીમારી અને ઝેરીલા જાનવરના કરડી ખાવા અને અન્ય અચાનક આફતોથી હિફાઝત રહે છે, અન્ય પ્રકારની મુસીબત આવી શકે છે. યાદ રાખશો કે કોઈ દુઆથી મૌત નથી ટળી શકતું, તે યક્ીની આવે છે જેને કોઈ તદબીર નથી ટાળી શકતી, ન દુઆ ન દવા. અહીં મિર્કાતે ફર્માવ્યું કે فجاءت થી મુરાદ કોઈ મોટી આફત છે જે માણસ ગભરાવી દે, અચાનક હોય કે આહિસ્તા. મામૂલી તકલીફ તથા બીમારીઓ તો માણસને લાગેલી જ રહે છે.

બુરા ઘડપણ તથા ઘમંડથી, અઝાબે કબ્રથી પનાહ માગવું

''હઝરત અબ્દુલ્લાહથી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺ સાંજના સમયે આ પઢતા હતા, અમે તથા અલ્લાહના સઘળા મુલ્કે સાંજ પામી લીધી[૨] અલ્લાહનો શુક્ર છે. એકલા અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તેનો કોઈ શરીક નથી. તેનો મુલ્ક છે, તેની જ તારીફ છે[૩] અને તે દરેક ચીજ પર કાદિર (શક્તિમાન) છે. ઈલાહી ! હું તારાથી આ રાતની ભલાઈ, તેના પછીની ભલાઈ માગુ છું અને આ રાતની બુરાઈ અને તેના પછીની બુરાઈથી પનાહ માગુ છું[૪] હે રબ ! હું સુસ્તી તથા બુરા ઘડપણ[૫] અથવા કુફ્રથી, અને એક રિવાયત છે બુરા ઘડપણ તથા ઘમંડથી તારી પનાહ માગુ છું[૬] હે રબ ! હું આગના અઝાબ અને કબ્રના અઝાબથી તારી પનાહ માગુ છું[૭] અને જ્યારે સવાર પામતા તો પણ કહેતા કે અમે તથા અલ્લાહના પૂરા મુલ્કે સવાર પામી લીધી. (અબૂ દાઊદ, તિર્મિઝી) રિવાયતમાં કુફ્રની દરેક બુરાઈનો ઉલ્લેખ નથી કર્યો.''

★ હદીષ : (૧૨)-૨૩૯૨ ★

وَعَنْ عَبْدِ اللَّهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ إِذَا أَمْسَى: «أَمْسَيْنَا وَأَمْسَى الْمُلْكُ لِلَّهِ وَالْحَمْدُ لِلَّهِ لَا إِلَهَ إِلَّا اللَّهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلَى كُلِّ شَيْءٍ قَدِيرٌ رَبِّ أَسْأَلُكَ خَيْرَ مَا فِي هَذِهِ اللَّيْلَةِ وَخَيْرَ مَا بَعْدَهَا وَأَعُوذُ بِكَ مِنْ شَرِّ مَا فِي هَذِهِ اللَّيْلَةِ وَشَرِّ مَا بَعْدَهَا رَبِّ أَعُوذُ بِكَ مِنَ الْكَسَلِ وَمِنْ سُوءِ الْكِبَرِ أَوِ الْكُفْرِ» . وَفِي رِوَايَةٍ: «مِنْ سُوءِ الْكِبَرِ وَالْكِبْرِ رَبِّ أَعُوذُ بِكَ مِنْ عَذَابٍ فِي النَّارِ وَعَذَابٍ فِي الْقَبْرِ» . وَإِذَا أَصْبَحَ قَالَ ذَلِكَ أَيْضًا: «أَصْبَحْنَا وَأَصْبَحَ الْمُلْكُ لِلَّهِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَفِي رِوَايَتِهِ لم يذكر: «من سوء الكفر»

૧. અબ્દુલ્લાહથી મુરાદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ છે જે મહાન ફકીહ મશહૂર સહાબી છે. *(અશિઅતુલ લમ્આત)*

૨. અલ્લાહના સઘળા મુલ્કથી મુરાદ આલમે અજસામ (શરીરના આલમ) છે, કેમ કે આલમે અન્વાર, આલમે અમ્ર વગેરે પર ન રાત આવે છે ન દિવસ. એ જ પ્રમાણે જન્નત તથા દોઝખમાં સૂરજની અસર નથી, ત્યાં રબની તજલ્લી છે. اَمْسَيْنَا માં ક્યાં તો ખુદ હુઝૂરે અન્વર ﷺની બાબરકત જાત મુરાદ છે અથવા સર્વ મુસલમાન અથવા સર્વ માનવો. જો કે અલ્લાહના મુલ્કમાં ઈન્સાન પણ સામેલ હતો પણ કે હે અશરફુલ મખ્લૂકાત છે એટલા માટે એનો

ઉલ્લેખ વિશેષપણે કર્યો જેથી હદીષ તદ્દન સ્પષ્ટ છે.

૩. એટલે હક़ીક़ી મુલ્ક તથા હક़ીક़ી હમ્દ કેવળ. રબ તઆલાની છે અન્યોનો મુલ્ક મજાઝી તથા ટેમ્પરરી છે અને હમ્દ પણ મજાઝી. બનાવેલી ચીજની તારીફ એ અસલમાં બનાવનારની તારીફ છે.

૪. એટલે કે આ રાતની બુરાઈથી પણ તારી પનાહ અને આવનારી રાતોની બુરાઈથી પણ તારી પનાહ. બુરાઈથી મુરાદ તશરીઈ તકવીની (શરઈ હુકમોથી સંબંધિત અને મખ્લૂક़ની તકદીર એટલે જે કંઈ તકદીરમાં થવાનું છે તેના સંબંધિત) બંને બુરાઈઓ છે. રાતોમાં નેકીઓની તૌફીક़ ન મળવી, ગુનાહ થઈ જવા, રાતો ગફલતમાં ગુજારવી એમની તશરીઈ બુરાઈ છે અને રાતોમાં ચોરી, ડાકૂગીરી થવી, ઘર પડી જવું, અંધારામાં ઝેરીલા જાનવરોનું કરડી ખાવું વગેરે તકવીની બુરાઈઓ છે. આ એક શબ્દ એ તમામને સમાવે છે.

૫. સુસ્તીથી મુરાદ નેકીઓમાં સુસ્તી છે જેનાથી ક્યાં તો નેકીઓ થાય જ નહીં અથવા થાય પણ બગડીને. અને બુરા ઘડપણથી મુરાદ તે ઘડપણ છે કે શક્તિઓ જવાબ આપી જાય અને બીજાઓ પર માણસ બોજ બની જાય. અલ્લાહ આ ઉમરથી બચાવે. (શેઅર)

दांत गिरे और खर गये पीठ बोज न ले – ऐसे बुळहे बेल को कौन बांधकर भुस दे

૬. તકબ્બુર અલ્લાહ તઆલાની તો સિફત છે, તેનુ નામ છે મુતકબ્બિર એટલે ઘણો જ બડ़ાઈવાળો પણ બંદા માટે તકબ્બુર (ઘમંડ) ક્યારેક અયબ છે તો ક્યારેક ખૂબી. બંદાના માટે એનો અર્થ છે બડાઈ (મોટાઈ)નું પ્રદર્શન. જો એ કાફિરોના મુક़ાબલામાં હોય ખાસ કરીને જંગની હાલતમાં તો ઘણુ જ સારું છે. ખુદ હુઝૂર ﷺએ હુનૈનમાં ફર્માવ્યું انا ابن عبدالمطلب (હું અબ્દુલ મુત્તલિબનો પુત્ર છું !) અને મુસલમાનના મુક़ાબલામાં હોય શયખી (બડાઈ)ના રૂપે તો બુરુ છે, અને જો રબ તઆલાની નેઅમતના પ્રદર્શન માટે હોય તો એનું નામ શુક્ર છે, એ ઈબાદત છે. અને અલ્લાહ વ રસૂલના મુક़ાબલામાં તકબ્બુર કુફ્ર છે. અહીં તકબ્બુર બુરો તકબ્બુર મુરાદ છે જે હરામ કે કુફ્ર છે.

૭. દોઝખ તથા क़બ્ર બંને જગાએ આગનો જ અઝાબ થશે જો દોઝખનો અઝાબ આગમાં અઝાબ છે, અને क़બ્રનો અઝાબ આગથી અઝાબ છે, કે આગ દોઝખમાં છે પણ તેની ગરમી क़બ્રમાં. કેમ કે દોઝખનો અઝાબ સખ્ત છે અને क़બ્રનો અઝાબ તેનાથી નરમ તથા હલકો છે એટલા માટે દોઝખના અઝાબનું વર્ણન કર્યું બાદમાં क़બ્રના અઝાબનું, એટલે કે હું દોઝખ તથા क़બ્રના અઝાબથી તારી પનાહ માગુ છું. મક़સદ એ છે કે ખુદાયા ! મને જિંદગીમાં એવા અમલોથી બચાવી લે જે દોઝખના અઝાબ અથવા क़બ્રના અઝાબના સબબ છે અને મૃત્યુ બાદ क़બ્રના અઝાબથી બચાવ અને હશ્ર બાદ દોઝખના અઝાબથી બચાવ.

તસ્બીહ તથા તહમીદના મુસ્તહબ સમયો

"નબી કરીમ ﷺની અમુક સાહબઝાદીઓથી[1] રિવાયત છે. નબી કરીમ તેમને શીખવાડતા હતા કે ફર્માવતા હતા કે સવારના સમયે આ પ્રમાણે કહી લીધા કરો : અલ્લાહ પાક છે. તેનો જ શુક્ર છે. અલ્લાહના વિના શક્તિ નથી. જે અલ્લાહે ચાહ્યું થયું અને જે ન ચાહ્યું ન થયું[2]. હું જાણું છું કે અલ્લાહ દરેક ચીજ પર क़ાદિર છે અને અલ્લાહનો ઈલ્મ દરેક ચીજને ઘેરેલ છે. જે સવારના સમયે આવું કહી લેશે તો સાંજ સુધી હિફાઝત થશે. અને જે સાંજના સમયે કહેશે તો સવાર સુધી તેની હિફાઝત થશે[3]." (અબૂ દાઊદ)

★ હદીષ : (૧૩)-૨૩૯૩ ★

وَعَنْ بَعْضِ بَنَاتِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يُعَلِّمُهَا فَيَقُولُ: " قُولِي حِينَ تُصْبِحِينَ: سُبْحَانَ اللَّهِ وَبِحَمْدِهِ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ مَا شَاءَ اللَّهُ كَانَ وَمَا لَمْ يَشَأْ لَمْ يَكُنْ أَعْلَمُ أَنَّ اللَّهَ عَلَى كُلِّ شَيْءٍ قَدِيرٌ وَأَنَّ اللَّهَ قَدْ أَحَاطَ بِكُلِّ شَيْءٍ عِلْمًا فَإِنَّهُ مَنْ قَالَهَا حِينَ يُصْبِحُ حُفِظَ حَتَّى يُمْسِيَ وَمَنْ قَالَهَا حِينَ يُمْسِي حُفِظَ حَتَّى يصبح ". رَوَاهُ أَبُو دَاوُد

૧. હુઝૂર ﷺની સાહબઝાદીઓ ચાર છે : ઝયનબ, રુકૈયા, ઉમ્મે કુલ્થૂમ, ફાતિમા. તમામે હુઝૂર ﷺને યુવાનીમાં જોયા છે. સૌની શાદીઓ પોતે કરી. અહીં હઝરત ફાતિમા ઝહ્‌રા અથવા હઝરત ઝયનબ વગેરે મુરાદ છે. કેમ કે સર્વ સાહબઝાદીઓ એકમતીએ તૈયબા તાહિરા છે. એટલા માટે તેમનું નામ માલૂમ ન હોવું હદીષની સેહત (સહીહ હોવા બાબત)ના માટે નુકસાનકર્તા નથી.

૨. سبحان الله કેટલી પ્યારી હમ્દ છે : એટલે અલ્લાહે જે ચીજનું થવાનું ચાહ્યું તે થશે અને ચાહવા ન ચાહવામાં તેની સેંકડો હિકમતો છે. કેમ કે તે દરેક અયબથી પાક છે. અને બુરાઈઓને ચાહવું અચ્છાઈઓને ન ચાહવું તેની શાનની વિરૂદ્ધ છે. યાદ રાખશો કે ઈરાદા, રઝા તથા મશિય્યત (મરજી)માં ફરક છે. રબ તઆલા દરેક સારી બુરી ચીજનો ખાલિક છે અને દરેક ચીજ તેના ઈરાદાથી છે પણ બુરાઈઓથી રાજી નથી. કાફિરોનું કુફ્ર ગુનેહગારના ગુનાહ રબ તઆલાના ઈરાદાથી છે પણ તેની રઝાથી નથી. અહીં મશિય્યત, ઈરાદાના અર્થમાં છે. દરેક ચીજનું વજૂદ તેની ખલ્ક તથા ઈરાદાથી છે.

૩. હિસ્ને હસીન શરીફમાં છે કે અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને સુન્નીએ* અમલુલ યૌમિ વલ્લૈલમાં અબ્દુલ હમીદ મૌલા બની હાશિમ عن امه عن بعض بنات النبى છે. અબ્દુલ હમીદનાં માનુ નામ માલૂમ ન થઈ શક્યું. લગભગ એ સહાબિયા છે. *(* હાફિઝ અબૂ બકર અહમદ બિન મુહમ્મદ બિન ઈસ્હાક મઅરૂફ બ ઈબ્નિસ્સુન્ની)*

દિવસમાં અને રાતમાં છૂટેલી નેકીઓ પામી લો

"હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنهما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે સવારના સમયે કહી દે કે, અલ્લાહની પાકી છે તથા સવાર પામતી વખતે તેની હમ્દ થઈ રહી છે આસ્માનો તથા જમીનમાં, અસર તથા ઝોહરમાં પણ તસ્બીહ પઢો..... છેવટ સુધી[૧] كذلك تخرجون સુધી. તો એ દિવસમાં જે નેકી છૂટી ગઈ હોય તેને મેળવી લેશે અને જે સાંજના સમયે એને પઢી લેશે તો એ રાતમાં છૂટેલી નેકીઓ પામી લેશે[૨]." (અબૂ દાઊદ)

★ હદીષ : (૧૪)-૨૩૯૪ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ قَالَ حِينَ يُصْبِحُ: (فَسُبْحَانَ اللَّهِ حِينَ تُمْسُونَ وَحِينَ تُصْبِحُونَ ولهُ الحمدُ فِي السمواتِ والأرضِ وعشيًّا وحينَ تُظهرون)إِلى قَوْله:(وَكَذَلِكَ تُخْرَجونَ)أَدْرَكَ مَا فَاتَهُ فِي يَوْمِهِ ذَلِكَ وَمَنْ قَالَهُنَّ حِينَ يُمْسِي أَدْرَكَ مَا فَاتَهُ فِي لَيلتِهِ ". رَوَاهُ أَبُو دَاوُد

૧. આ આયતે કરીમામાં سبحان الله થી મુરાદ ક્યાં તો રબ તઆલાની તસ્બીહ પઢવું છે અથવા હે મુસલમાનો ! સવાર સાંજ રબ તઆલાની બારગાહમાં તસ્બીહનો હદિયો રજૂ કર્યા કરો. અથવા એનાથી મુરાદ નમાઝ છે, કેમ કે નમાઝ سُبْحٰنَكَ اللّٰهُمَّ થી શરૂ થાય છે. જુઝ્વ (ટૂંકમાં) બોલીને કુલ મુરાદ લેવામાં આવ્યું એટલે કે સવાર સાંજ ફજર તથા મગરિબની નમાઝ પઢયા કરો. બીજો અર્થ અધિક મજબૂત છે. وَلَهُ الْحَمْدُ વાક્ય વાંધો દર્શાવે છે. એટલે કે આસ્માન તથા જમીનવાળા રબ તઆલાની હમ્દો ષના કરે છે. દરેક રજકણ, દરેક ટીપુ દરેક ફરિશ્તો તથા તારો હમ્દે ઈલાહી કરે છે, તો તમે કેમ ખામોશ રહો છો ?! એના પછી નમાઝનું વર્ણન થયું. وَ عَشِيًّا وَّ حِيْنَ تُظْهِرُوْنَ۝ (અને કાંઈક દિવસ રહે અને જ્યારે તમને બપોર થાય. સૂરએ રૂમ, ૩૦/૧૮) عشيا થી અસરનો સમય મુરાદ છે. અને تظهرون થી ઝહોરનો સમય મુરાદ છે. સારાંશ કે આ આયતમાં પાંચ ટાઈમની નમાઝનો હુકમ થયો. કેમ કે تُمْسُوْنَ એટલે સાંજના સમયમાં મગરિબ તથા ઈશા સામેલ છે, કેમ કે એ સમયોમાં માણસની હાલતો બદલાય છે

અને રબ તઆલાની નેઅમતોની તજદીદ (નવેસરથી મળવું) થાય છે. એટલા માટે ખાસ કરીને એ સમયોમાં તસ્બીહ તથા તહલીલનો પણ હુકમ છે. અને એ જ સમયોમાં નમાઝો પણ ફર્ઝ છે જેથી દરેક હાલત રબની હમ્દથી શરૂ થાય. એ સમયોનું મહત્વ અમારી કિતાબ "તફસીરે નઈમી"માં જુઓ.

૨. નેકી છૂટી જવાથી મુરાદ નફ્લ નેકીઓ છૂટી જવું છે અથવા ફર્ઝ ઈબાદતોમાં રહી જવું છે. એટલે રબ તઆલા આયતે કરીમાની બરકતથી ઘણી બધી નફલી નેકીઓનો બદલો અતા ફર્માવશે અને જો આજે દિવસ રાતની ફર્ઝોમાં કાંઈક નુકસાન રહી ગયું હશે તો રબ તઆલા નુકસાન પૂર્ણ કરી આપશે. આ હદીષનો એ મતલબ હરગિઝ નથી કે સર્વ ફર્ઝો તથા વાજિબો છોડી આપો અને કેવળ સવાર સાંજ આ આયત જ પઢી લીધા કરો.

"હઝરત અબૂ અય્યાશથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ સવારના સમયે આ પ્રમાણે કહી લીધા કરે કે, એકલા અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, તેનો કોઈ શરીક નથી. તેનો જ મુલ્ક છે, તેની જ હમ્દ છે અને તે દરેક ચીજ પર કાદિર છે. તો તેને ઈસ્માઈલ عليه السلام ની ઔલાદમાંથી એક ગુલામ આઝાદ કરવાનો સવાબ છે[૨]. અને તેના માટે દસ નેકીઓ લખવામાં આવશે અને તેના દસ ગુનાહ માફ થશે અને તેના દસ દરજા બુલંદ થશે[૩] અને તેના માટે સાંજ સુધી શૈતાનથી હિફાઝત થશે[૪] અને જો આ કલમા સાંજના સમયે કહી લે તો સવાર સુધી તેને આ જ મળશે. એક શખ્સે રસૂલુલ્લાહ ﷺ ને ખ્વાબમાં જોયા[૫] અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ અબૂ અય્યાશ આપનાથી આવી આવી હદીષ રિવાયત કરે છે. ફર્માવ્યું, અબૂ અય્યાશ સાચા છે[૬]. (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)[૭]

★ હદીષ : (૧૫)-૨૩૯૫ ★

وَعَنْ أَبِي عَيَّاشٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " مَنْ قَالَ إِذَا أَصْبَحَ: لَا إِلَهَ إِلَّا اللَّهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلَى كُلِّ شَيْءٍ قَدِيرٌ كَانَ لَهُ عَدْلُ رَقَبَةٍ مِنْ وَلَدِ إِسْمَاعِيلَ وَكُتِبَ لَهُ عَشْرُ حَسَنَاتٍ وَحَطَّ عَنْهُ عَشْرَ سَيِّئَاتٍ وَرفع عَشْرُ دَرَجَاتٍ وَكَانَ فِي حِرْزٍ مِنَ الشَّيْطَانِ حَتَّى يُمْسِيَ وَإِنْ قَالَهَا إِذَا أَمْسَى كَانَ لَهُ مثل ذَلِك حَتَّى يُصبحَ ". قَالَ حَمَّاد بن سَلمَة: فَرَأَى رَجُلٌ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِيمَا يَرَى النَّائِمُ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِنَّ أَبَا عَيَّاشٍ يُحَدِّثُ عَنْكَ بِكَذَا وَكَذَا قَالَ: «صَدَقَ أَبُو عَيَّاشٍ» .

رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

૧. અબૂ અય્યાશ બે છે : એકનું નામ તો ઝયદ ઈબ્ને સામિત છે, કુન્નિયત અબૂ અય્યાશ છે. એ અનસારી છે. બીજા ઝયદ ઈબ્ને અય્યાશ મખ્ઝૂમી છે. એ તાબઈ છે. અહીં પહેલાં અબૂ અય્યાશ મુરાદ છે જે સહાબી છે. (લમ્આત, અશિઅ્હ) મસાબીહના અમુક નુસ્ખાઓમાં અહીં ઈબ્ને અબ્બાસ છે એ ગલત છે, સહીહ અબૂ અય્યાશ જ છે. *(મિર્કાત)*

બુઝુર્ગોની ઔલાદ પર મહેરબાનીનો સવાબ

૨. ઈસ્લામમાં આમ તો ગુલામ આઝાદ કરવો ઘણો સવાબ છે. ખાસ કરીને જ્યારે કે ગુલામ હઝરત ઈસ્માઈલ عليه السلام ની ઔલાદમાંથી હોય, એને આઝાદ કરવું તો ઘણો જ સવાબ છે કે એમાં એક નબીની ઔલાદ પર એહસાન પણ છે. એનાથી જાણવા મળ્યું કે બુઝુર્ગોની ઔલાદ પર મહેરબાની કરવામાં અધિક સવાબ છે. અમુક હઝરાત ગ્યારહવીં શરીફનું તબર્રુક સાદાતે કિરામ હઝરાતને આપે છે તેમની અસ્લ (દલીલ) આ જ હદીષ છે. એ પણ જાણવા મળ્યું કે બુઝુર્ગોની ઔલાદ હોવું અલ્લાહની નેઅમત છે. શરાફત ખાનદાનથી મળે છે. એની ઉમદા તેહકીક્ વાળી કિતાબ الكلام المقبول فى شرافة نسب الرسول (અલ્ કલામુલ મક્બૂલ ફી શરાફતિ નસબિર્રસૂલ)માં જુઓ. આ હદીષથી એ

સાબિત નથી થતું કે અરબવાસીઓને ગુલામ બનાવી શકાય છે, અહીં તો અરબ ગુલામોની આઝાદીનું વર્ણન છે. જે પહેલેથી ગુલામ બનાવવામાં આવી ચૂક્યા હતા.

૩. દરજાઓથી ક્યાં તો દુનિયામાં ઈમાની દરજાઓ છે અથવા આખેરતના જન્નતના દરજા. એટલે કે આ કલમા પઢી લેવાવાળાનાં ઈમાન દસ દરજા વધશે અથવા કયામતમાં એના દસ દરજા જન્નતમાં ઊંચા થશે. એ દરજાઓની બુલંદી રબ તઆલા જ જાણે છે.

૪. એ રીતે કે ઈન્શા અલ્લાહ ! સાંજ સુધી તેને શૈતાન ન ગુમરાહ કરી શકશે ન તેનાથી ગુનાહે કબીરા કરાવી શકે. હા ! નફ્સની શરારતથી ગુનાહ થઈ જાય તો થઈ જાય. અથવા શૈતાન તેને દીવાનો તથા બીમાર ન કરી શકશે. અમુક બીમારીઓ જિન્નાત તથા શૈતાનની અસરથી થાય છે. રબ તઆલા ફર્માવે છે : الَّذِيْ يَتَخَبَّطُهُ الشَّيْطٰنُ مِنَ الْمَسِّ (જેમ કે ઉભો થાય છે તે જેમ કે જિને (આસેબે) સ્પર્શીને હોશ વિનાનો બનાવી દીધો હોય. સૂરએ બકરહ, ૨/૨૭૫) સાંરાશ કે આ દુઆ એક મજબૂત કિલ્લો છે. **૫.** જાહેર એ છે કે આ ખ્વાબ જોનાર હદીષના રાવીઓમાંથી કોઈ રાવી છે. શક્ય છે કે કોઈ અન્ય સાહબ હોય જેમને આ હદીષ પહોંચી હોય.

સાચો ખ્વાબ ફૈઝાને નબુવ્વત છે

૬. આ ખ્વાબ અહીં એટલા માટે નકલ કર્યો કે એનાથી હદીષની સેહત (સહીહ હોવું) માલૂમ પડે છે. જાણવા મળ્યું કે ક્યારેક સાચા ખ્વાબથી હદીષને મજબૂતી મળી જાય છે શર્ત એ કે ખ્વાબ શરઈ કાનૂનની વિરુદ્ધ ન હોય, કેમ ન હોય કે ખ્વાબ નબુવ્વતના ફયૂઝાનનો ૪૬મો હિસ્સો છે. જ્યારે સાચા ખ્વાબથી હદીષને મજબૂતી પહોંચી શકે તો વલીના સહીહ કશ્ફથી પણ મજબૂતી પહોંચી શકે છે. મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી (દેવબંદી)એ હઝરત જુનેદનો બનાવ પોતાની કિતાબ ''તહઝીરુન્નાસ''માં નકલ કર્યો કે બાર હજાર કલમા શરીફથી અઝાબથી નજાત થવાની હદીષને એક યુવાન સાલેહના કશ્ફથી મજબૂતી થઈ. પણ જે ખ્વાબ અથવા ઈલ્હામ શરીઅતની વિરુદ્ધ હોય તે ઈલ્હામ નથી બલ્કે શૈતાનનો વસવસો છે.

૭. એને નિસાઈ, ઈબ્ને અબી શયબા અને ઈબ્ને સુન્નીએ પણ રિવાયત કરી. તેમની રિવાયતોના છેવટમાં કેટલાક કલમા અધિક છે.

રાતમાં કે દિવસમાં મરી જાવ તો આગથી આઝાદ !

''હઝરત હારિષ બિન મુસ્લિમ તમીમીથી રિવાયત છે. તે પોતાના પિતાથી તેમણે રસૂલુલ્લાહ ﷺ થી ખબર આપી કે હુઝૂરે અન્વર ﷺ એ તેને છુપી રીતે[૧] ફર્માવ્યું કે જ્યારે તમે મગરિબની નમાઝથી ફારિગ થાવ તો કોઈની સાથે વાત કરતા પહેલાં સાતવાર આ પઢી લો ! ઈલાહી ! મને આગથી બચાવે લે[૨] જ્યારે તમે આ કહી લેશો, પછી જો તમે એ રાતમાં મરી જાવ તમને આગથી છૂટકારો લખવામાં આવશે. અને જ્યારે તમે ફજર પઢો તો એ જ કહી લો, પછી જો તમે એ દિવસે મરી જાવ તો તમારા માટે આગથી પસાર થઈ જવું (છૂટકારો) લખવામાં આવશે[૩]. '' (અબૂ દાઊદ)

★ હદીષ : (૧૬)-૨૩૯૬ ★

وَعَنِ الْحَارِثِ بْنِ مُسْلِمٍ التَّمِيمِيِّ عَنْ أَبِيهِ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ أَسَرَّ إِلَيْهِ فَقَالَ: «إِذَا انْصَرَفْتَ مِنْ صَلَاةِ الْمَغْرِبِ فَقُلْ قَبْلَ أَنْ تُكَلِّمَ أَحَدًا اللَّهُمَّ أَجِرْنِي مِنَ النَّارِ سَبْعَ مَرَّاتٍ فَإِنَّكَ إِذَا قُلْتَ ذَلِكَ ثُمَّ مِتَّ فِي لَيْلَتِكَ كُتِبَ لَكَ جَوَازٌ مِنْهَا» . رَوَاهُ أَبُو دَاوُدَ

૧. اسراسراથી બન્યું જેનો અર્થ છુપી રીતે પણ છે એટલે ભેદની વાત બતાવવી અને એલાન પણ. એ રીતે કે اسراءની હમ્ઝા સલબના માટે હોય. અહીં બંને અર્થો બની શકે છે કે હુઝૂર ﷺએ તેમને છુપી રીતે એ અમલ બતાવ્યો કે જેથી કિંમતી મોતીની જેમ એની કદર કરે અને એને સંભાળે. અથવા જાહેરમાં ઈર્શાદ ફર્માવ્યો જેથી અન્ય સાંભળનારાને પણ તેનો ફાયદો થાય. (મિર્કાત) પણ પ્રથમ અર્થ અધિક યોગ્ય છે જેમ કે અશિઅહ તથા લમ્આત વગેરેમાં છે.

૨. એટલે કે મગરિબની નમાઝ પઢીને કોઈની સાથે દુનિયવી વાત કર્યા વિના સાત વાર આ દુઆ પઢો. દુનિયવી વાતચીત કરી લેવાથી નમાઝનો દિલી ખુશૂઅ તથા ખુઝૂઅ ઓછો થઈ જાય છે અને જીભ પર નમાઝની તાષીર ઓછી થઈ જાય છે. એટલા માટે અમુક દુઆઓમાં દુનિયવી વાત ન કરવાની શર્ત હોય છે ત્યાં સુધી કે તિલાવતે કુર્આન અને દુઆઓના દરમિયાન પણ અને વુઝૂ દરમિયાન પણ દુનિયવી વાત ન કરવી જોઈએ. સાતવારની પાબંદી એટલા માટે છે કે દોઝખના દરવાજા સાત છે, આ સંખ્યાની બરકતથી અલ્લાહ તઆલા તેના પર તે સાતેવ દરવાજા બંધ કરી આપશે. દરેક આંકડો એક તાળાનું કામ આપશે, ઈન્શા અલ્લાહ !

૩. جوازનો તર્જુમો આજકાલની બોલીમાં પાસપોર્ટ છે એટલે નીકળી જવાનુ ઈજાઝતનામુ, જેમ કે વિઝા (Visa) પ્રવેશનું ઈજાઝતનામુ હોય છે. મતલબ એ છે કે આ કલમાઓની બરકતથી આજે તમને નેક અમલો કરવાની અને બુરા અમલોથી બચવાની તૌફીક મળે. અને જો આજે મૌત આવ્યું તો ઈમાન પર ખાત્મો નસીબ થશે. એ મતલબ નથી કે આ દુઆ પઢી લો પછી ગમે તેટલી બદ્કારીઓ કરો, શિર્ક કરો જન્નતી થઈ ગયા ! જેથી હદીષ તદ્દન સ્પષ્ટ છે.

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ સવાર સાંજના સમયે આ કલમા પઢવા કદી છોડતા ન હતા[૧] ઈલાહી ! હું તારાથી આફિયત (ભલાઈ) માગુ છું દુનિયા તથા આખેરતની.[૨] ઈલાહી ! હું તારાથી મારા દીન તથા દુનિયા અને ઘરબાર તથા માલમાં માફી તથા ભલાઈ માગુ છું[૩]. ઈલાહી ! મારી અયબોને છુપાવી લે અને મને ડરોથી અમ્ન આપ.[૪] ઈલાહી ! મને આગળ પાછળ તથા જમણે ડાબે અને ઉપરથી મહેફૂઝ રાખ[૫] હું તારી અઝમતની પનાહ માગુ છું એટલા માટે કે નીચેથી હલાક કરવામાં આવું એટલે જમીનમાં ધસાવીને[૬]." (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૦)-૨૩૯૭ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: لَمْ يَكُنْ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَدَعُ هَؤُلَاءِ الْكَلِمَاتِ حِينَ يُمْسِي وَحِينَ يُصْبِحُ: «اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ الْعَافِيَةَ فِي الدُّنْيَا وَالْآخِرَةِ اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ الْعَفْوَ وَالْعَافِيَةَ فِي دِينِي وَدُنْيَايَ وَأَهْلِي وَمَالِي اللَّهُمَّ اسْتُرْ عَوْرَاتِي وَآمِنْ رَوْعَاتِي اللَّهُمَّ احْفَظْنِي مِنْ بَيْنِ يَدَيَّ وَمِنْ خَلْفِي وَعَنْ يَمِينِي وَعَنْ شِمَالِي وَمِنْ فَوْقِي وَأَعُوذُ بِعَظَمَتِكَ أَنْ أُغْتَالَ من تحتي» . قَالَ وَكِيع يَعْنِي الْخَسْف رَوَاهُ أَبُو دَاوُد

મુસ્તહબ કામ હમેશાં કરવું હરામ નથી !

૧. એ રીતે ફર્માવ્યું કે لم يكن ببدع મુબાલેગા (અતિશયોક્તિ)ના માટે છે. એટલે હું સફર તથા મકામ પર હુઝૂરે અન્વર ﷺની સાથે રહ્યો. મેં તો એ જોયું કે હુઝૂર આ પઢવાનું કોઈ હાલતમાં છોડતા ન હતા. એ મતલબ નથી કે આપના પર આ દુઆ પઢવી ફર્ઝ હતી. જાણવા મળ્યું કે મુસ્તહબ કામ હમેશાં કરવું હરામ નથી. જેથી બુઝુર્ગોના બતાવેલા વઝીફા અને અમલો, બુઝુર્ગોના ઉર્સ, ગ્યારવીં શરીફ તથા મીલાદ શરીફની મેહફિલ હમેશાં કરવી બેહતર છે. હરામ નથી. **હુઝૂર ﷺ ફર્માવે છે કે સારો અમલ તે છે જે હમેશાં કરવામાં આવે, ભલે થોડો હોય.**

૨. عفيت નો અર્થ છે આફતોથી સલામત તથા હિફાઝત. આફતોમાં દુનિયવી આફતો પણ સામેલ છે જેમ કે આકસ્મિક મુસીબતો, બુરી બીમારીઓ વગેરે. આખેરતની આફતો પણ સામેલ છે જેમ કે ગુનાહોમાં મશગૂલિયત, નેકીઓથી દૂરી, બેસબ્રી, નાશુક્રી વગેરે. એટલા માટે આગળ દીન તથા દુનિયાનું વર્ણન છે. અમુકે ફર્માવ્યું કે દુનિયાની આફિયત ગુનાહોથી હિફાઝત છે અને આખેરતની આફિયત અઝાબથી બચાવી લેવું છે. સારાંશ આ દુઆ ખૂબ જ સમૃદ્ધ છે.

૩. سبحان الله કેટલી પ્યારી દુઆ છે ! માણસ પર ત્રણ પ્રકારની જ મુસીબતો આવે છે : જાની, માલી તથા અયાલી (ઔલાદના સંબંધી). વળી આ ત્રણેવ મુસીબતો બે જાતની હોય છે : દુનિયવી તથા દીની. સમજો કુલ છ પ્રકારની આફતો થઈ. આ છ પ્રકારની મુસીબતોથી એક નાના સરખા વાકયમાં અમ્ન માગી લીધી. યાદ રાખશો કે ગુનાહથી બચાવી લેવું عافيت (આફિયત) અને ગુનાહ થઈ ગયા બાદ માફ કરી દેવું عفو(માફી), આ પ્યારા મહબૂબે આપણને સર્વ કાંઈ શીખવાડી દીધું. અલ્લાહ તઆલા આપણને શીખવાની તૌફીક આપે.

૪. કેમ કે આપણા અયબો અગણિત છે અને ખતરનાક ચીજો બેહદ છે. એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ عورات તથા روعات બહુવચનમાં ફર્માવ્યું روع ગભરાહટના અર્થમાં. અહીં ગભરાહટમાં નાખનારી ચીજો મુરાદ છે. روعاتعوراتમાં ખૂબ જ ઉમદા મુકબલો (સરખામણી) છે. યાદ રાખશો કે આ દુઆ આપણી જેવા ગુનેહગારોની તા'લીમના માટે છે નહીં તો હુઝૂરે અકરમ ﷺની તો એ શાન છે કે જેના પર તેમની નઝરે કરીમાના પડી જાય તે અયબોથી પાક થઈ જાય.

જિસ તરફ ઉઠ ગઈ આલમ મુનવ્વર હો ગએ – મેં તેરી આંખોં કે સદકે ઉનમેં કિત્ના નૂર હૈ

૫. આ મુબારક વાકયમાં આ આયતે કરીમા તરફ નિર્દેશ છે : لَاٰتِيَنَّهُمْ مِّنْۢ بَيْنِ اَيْدِيْهِمْ وَمِنْ خَلْفِهِمْ وَعَنْ اَيْمَانِهِمْ وَعَنْ شَمَآئِلِهِمْ (પછી જરૂર હું તેમની પાસે આવીશ તેમની આગળ અને તેમની પાછળ, અને તેમના જમણે અને તેમના ડાબેથી, અને તું એમનામાંથી મોટાભાગનાને શુકરગુઝાર ન પામીશ. –સૂરએ અઅ્રાફ, ૭/૧૭) મકસદ એ છે કે શૈતાનના આવવાના ચાર રસ્તા છે. મારા મૌલા ! મને એ ચારેવ રસ્તાઓથી મહેફૂઝ કરી આપ, કે કોઈ બાજુથી શૈતાન મારા સુધી ન પહોંચી શકે. અથવા મકસદ એ છે કે આફત તથા બલાઓ તેમના તરફથી આવી શકે છે, મૌલા ! એ દિશાઓને મહેફૂઝ કરી દે.

૬. اُغتيال غيلથી બન્યું ધોકાના અથવા અચાનકના અર્થમાં. اغتيالનો અર્થ અચાનક કત્લ અથવા અચાનક હલાકત. કેમ કે ધસાવીને હલાક કરી દેવું સર્વ આફતો કરતાં સખતતર આફત છે, એટલા માટે હુઝૂર ﷺએ ખાસ કરીને તેનો ઉલ્લેખ અલગથી કર્યો. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે દરેક ચાર બાજુથી આવતી આફતની ઈન્સાન કાંઈક રોકથામ, તેનાથી બચવાની તદબીર કરી શકે છે, પણ જમીનમાં ધસવું એ આફત છે જેની કોઈ તદબીર નથી બની શકતી. એટલા માટે તેને અલગથી વર્ણવી. પણ પ્રથમ વાત મજબૂત છે, કેમ કે અન્ય આફતોના મુકાબલા માટે ક્યારેક માનવીથી કોઈ તદબીર નથી બની શકતી એટલા માટે એને અલગથી વર્ણવવામાં આવેલ છે, પણ પ્રથમ વાત મજબૂત છે કેમ કે અન્ય આફતોનો મુકાબલો કદી માણસથી અશક્ય થઈ જાય છે. વરસાદ ઉપરથી અને દરિયાઓનું પુર દરેક ચોતરફથી આવે છે અને ઈન્સાનને બેબસ કરી દે છે. ઈન્સાન તો માખી મચ્છરોનો મુકાબલો નથી કરી શકતો. બસ, અલ્લાહ તઆલા પોતાની અમાનમાં રાખે.

દરેક ચીજને પોતાના ઈમાનની ગવાહ બનાવો

''હઝરત અનસથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે સવારના સમયે આવુ કહી લે કે અમે સવાર પામી લીધી[૧] અમે તેને અને તારો અર્શ ઉઠાવનારાઓ અને અન્ય ફરિશ્તાઓ અને તારી સર્વ મખ્લૂક઼ને ગવાહ બનાવીએ છીએ[૨] કે તું અલ્લાહ છે. તારા અકેલાના સિવાય કોઈ મઅબૂદ નથી. તારો કોઈ ભાગીદાર નથી, એ કે મુહમ્મદ તારા બંદા તથા તારા રસૂલ છે. પણ અલ્લાહ તેના તે દિવસના સર્વ ગુનાહો માફ કરી આપશે, અને જો આ કલમા સાંજના સમયે કહે તો અલ્લાહ તેના રાતના સર્વ ગુનાહ માફ કરી દેશે[૩]. (તિર્મિઝી, અબૂ દાઉદ) તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે.

★ હદીષ : (૧૮)-૨૩૯૮ ★

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ قَالَ حِينَ يُصْبِحُ: اللَّهُمَّ أَصْبَحْنَا نُشْهِدُكَ وَنُشْهِدُ حَمَلَةَ عَرْشِكَ وَمَلَائِكَتَكَ وَجَمِيعَ خَلْقِكَ أَنَّكَ أَنْتَ اللَّهُ لَا إِلَهَ إِلَّا أَنْتَ وَحْدَكَ لَا شَرِيكَ لَكَ وَأَنَّ مُحَمَّدًا عَبْدُكَ وَرَسُولُكَ إِلَّا غَفَرَ اللَّهُ لَهُ مَا أَصَابَهُ فِي يَوْمِهِ ذَلِكَ مِنْ ذَنْبٍ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيبٌ

૧. આ અર્ઝ કરવું શુક્રના માટે છે ન કે રબ તઆલાને ખબર આપવા માટે. તારો શુક્ર છે કે અમે ખૈરિયત સાથે સવાર પામી લીધી, રાતના હલાક ન થઈ ગયા. મરીને બીજીવાર જિંદગી પામી લીધી.

૨. એટલે કે અલ્લાહ તઆલા ! તું પણ ગવાહ રહે અને તારી મખ્લૂક઼માંથી આ'લા અદના દરેક ચીજ ગવાહ રહે કે ન અમે કોઈ વખતે તારાથી ગાફિલ છીએ ન તારી નેઅમતોના મુન્કિર છીએ. આ વાક્યથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે તજદીદે ઈમાન કરતા રહેવું (કલમો દોહરાવતા રહેવું) ઘણી જ આ'લા ચીજ છે. બીજુ એ કે પોતાના ઈમાન પર ખાલિક઼ તથા મખ્લૂક઼ને ગવાહ બનાવી લેવું ઘણુ જ બેહતર છે. આ ગવાહીઓ ક઼યામતમાં ઘણી કામ લાગશે. અમુક રિવાયતોમાં છે કે **દરેક જંગલ તથા દરિયામાં ઊંચા અવાજથી કલમએ તયબહ પઢયા કરો કે રજકણો તથા ટીપાં તમારા ઈમાનનાં ગવાહ બની જાય. મોઅઝ્ઝિનનો અવાજ જ્યાં સુધી પહોંચે છે ત્યાં સુધીની દરેક ચીજ તેના ઈમાનની ગવાહ છે. અમુક મદીના મુનવ્વરાના મુલકાતીઓ રોઝએ અત્હર પર હાજર થઈને હુઝૂર ﷺને પોતાના ઈમાનના ગવાહ બનાવે છે.** અર્ઝ કરે છે, યા રસૂલલ્લાહ ! ﷺ હું ગવાહ છું કે આપ અલ્લાહના સાચા રસૂલ છો. હુઝૂર પણ ગવાહ રહે કે હું આપનો ગુનેહગાર ઉમ્મતી છું, પઢું છું لا اله الا الله محمد رسول الله એની અસ્લ (દલીલ) આ હદીષ છે, અને એના ઘણા ફાયદા છે.

૩. અથવા એ રીતે કે તેને દિવસભરના ગુનાહોથી બચવાની તૌફીક઼ આપશે. એ પણ માફીની એક સ્થિતિ છે અથવા એ રીતે કે જે ગુનાહ તેનાથી આજે થઈ જશે તેને માફ કરી આપશે. سبحان الله સર્વ મખ્લૂકને પોતાના ઈમાનની ગવાહ બનાવી લેવી આટલુ ફાયદાકારક છે તો જે લોકોએ જનાબે મુસ્તફા ﷺને પોતાના ગવાહ બનાવી લીધા તેમની ક઼िસ્મતનું શું કહેવું ? હુઝૂર ﷺ જ્યારે ઓહદના શહીદોને દફન કરી રહ્યા હતા તો ફર્માવતા હતા કે હું એ લોકોના ઈમાનનો ગવાહ છું, દર્રાવાળા ક઼िસ્મતવાળા શહીદ તથા જેઓ હુઝૂર ﷺના હાથે દફન થઈ ગયા, તમારો તો મિટ્ટી ઠેકાણે લાગી ગઈ ! મહેનત વસૂલ થઈ ગઈ.

મૈં સમઝુંગા મિટ્ટી ઠિકાને લગી—મદીનામેં બર્બાદ ગર હો ગઈ

★ હદીષ : (૧૯)-૨૩૯૯ ★

وَعَنْ ثَوْبَانَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ عَبْدٍ مُسْلِمٍ يَقُولُ إِذَا أَمْسَى وَإِذَا أَصْبَحَ ثَلَاثًا رَضِيتُ بِاللَّهِ رَبًّا وَبِالْإِسْلَامِ دِينًا وَبِمُحَمَّدٍ نَبِيًّا إِلَّا كَانَ حَقًّا عَلَى اللَّهِ أَنْ يُرْضِيَهُ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ

''હઝરત ષૌબાનથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એવો કોઈ બંદો મુસલમાન નથી જે સવારે તથા સાંજે ત્રણવાર આવુ કહી લીધા કરે. હું અલ્લાહની રબૂબિયત, ઈસ્લામના દીન હોવું અને મુહમ્મદ ﷺના નબી હોવાથી રાજી થયો[૧] પણ અલ્લાહના જિમ્મએ કરમ પર હશે કે કયામતમાં તેને રાજી કરી લે[૨]. '' (અહમદ, તિર્મિઝી)

ઈશ્કે મુસ્તફા તમામ કામયાબીઓનો ઝરીયો

૧. અલ્લાહથી રાજી થવાનો અર્થ એ છે કે એની કઝાથી રાજી રહે. રઝા બિલ્ કઝા ખાસ બંદાઓને જ નસીબ થાય છે, અને ઈસ્લામથી રાજી થવાનો મતલબ એ છે કે ઈસ્લામના સર્વ હુકમો પર ખુશ હોય, સમજમાં આવે કે ન આવે. **હુઝૂરે અન્વર ﷺની નબુવ્વતથી રાજી હોવાનો મતલબ એ છે કે હુઝૂરને પોતાના જાન, માલ, ઔલાદનો સાચા અર્થમાં માલિક જાણે અને હુઝૂર ﷺને સર્વ ચીજો કરતાં પ્યારા જાણે.** અલ્લાહ તઆલા આ ''કાલ''નો ''હાલ'' કરી દે. અને હકીકત એ છે કે જ્યારે હુઝૂરની દરેક ચીજ પ્યારી, હુઝૂરનું કુર્આન, હુઝૂર ﷺનો ઈસ્લામ, બલ્કે હુઝૂર ﷺનો રબ પણ પ્યારો. ઈશ્કે મુસ્તફવી સર્વ મહોબ્બતનો ઝરીયો છે. (શેઅર)

محمد از تو می خواہم خدارا الٰہی از تو عشق مصطفٰے را

''યા રસૂલલ્લાહ ! હું તમારાથી અલ્લાહને માગુ છું, હે અલ્લાહ ! હું તારાથી ઈશ્કે મુસ્તફા માગુ છું''

મોટાભાગની દુઆઓ ત્રણવાર પઢવામાં આવે છે જેથી જમાઅત થઈ જાય, અને જમાઅત પર અલ્લાહની રહમત છે. એટલા માટે આ કલમા પણ ત્રણ ત્રણ વાર કહે.

૨. એટલે કે કયામતમાં રબ તેને એટલુ આપશે કે બંદો ખુશ થઈ જશે. યાદ રાખશો કે એ સિફત કે રબ બંદાને રાજી કરે હુઝૂરે અન્વર ﷺની છે. રબ ફર્માવે છે : وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ فَتَرْضٰى (અને બેશક ! નજીક છે કે તમારો રબ તમને એટલુ આપશે કે તમે રાજી થઈ જશો. સૂરએ દુહા, ૯૩/૫) વળી હુઝૂરના સદકાથી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ને આ વસ્ફ (ખૂબી) મળી કે રબ તઆલાએ તેમના વિશે ફર્માવ્યું : وَلَسَوْفَ يَرْضٰى (અને બેશક ! નજીક છે કે તે રાજી થશે. સૂરએ લૈલ, ૯૨/૨૧) પછી એ સરકારના સદકાથી આ કલમા પઢનારાને પણ અતા થયું. હઝરત સિદ્દીકે અકબર અમલી તૌર પર અલ્લાહ, ઈસ્લામ તથા હુઝૂરથી રાજી હતા, તેમણે એ કરીને બતાવી આપ્યું. (رضی اللہ عنہ)

★ હદીષ : (૨૦/૨૧)-૨૪૦૦/૨૪૦૧ ★

وَعَنْ حُذَيْفَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا أَرَادَ أَنْ يَنَامَ وَضَعَ يَدَهُ تَحْتَ رَأْسِهِ ثُمَّ قَالَ: «اللَّهُمَّ قِنِي عَذَابَكَ يَوْمَ تَجْمَعُ عِبَادَكَ أَوْ تَبْعَثُ عِبَادَكَ» . رَوَاهُ التِّرْمِذِيّ

2401 -[21] وَرَوَاهُ أَحْمد عَن الْبَراء

''હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ જ્યારે સૂવા ચાહતા તો પોતાનો હાથ પોતાના માથા નીચે રાખતા[૧] પછી ફર્માવતા, ઈલાહી ! મને તારા અઝાબથી બચાવ જે દિવસે તું તારા બંદાઓને જમા કરે અથવા પોતાના બંદાઓને ઉઠાવે[૨]. (તિર્મિઝી) અને અહમદે હઝરત બરાઅથી રિવાયત કરી.

૧. એ રીતે કે હાથ શરીફનો અમુક હિસ્સો સર મુબારક નીચે રહેતો અને અમુક હિસ્સો ગાલ મુબારકની નીચે.

અથવા કદી માથા નીચે હાથ રાખતા કદી ગાલ નીચે. જેથી આ હદીષ એ હદીષોની વિરુદ્ધ નથી જેમાં ગાલની નીચે હાથ રાખવાનું વર્ણન છે.

૨. આ કલમા ત્રણવાર કહેતા હતા. (મિર્કાત) આ સર્વ કાંઈ આપણી તા'લીમના માટે છે, નહીં તો અમ ગુનેહગારોને હુઝૂર અઝાબે ઈલાહીથી બચાવશે, શફાઅત કરશે.

'હઝરત હફ્સા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે સૂવાનો ઈરાદો કરતા તો પોતાનો જમણો હાથ પોતાના ગાલ નીચે રાખતા[૧] પછી ત્રણવાર અર્ઝ કરતા, ખુદાયા ! મને તારા અઝાબથી બચાવ જે દિવસે તું તારા બંદાઓને ઉઠાવે[૨].

(અબૂ દાઊદ)

★ હદીષ : (૨૨)-૨૪૦૨ ★

وَعَن حَفصةَ رَضِيَ اللَّهُ عَنْهَا أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا أَرَادَ أَنْ يَرْقُدَ وَضَعَ يَدَهُ الْيُمْنَى تَحْتَ خَدِّهِ ثُمَّ يَقُولُ: «اللَّهُمَّ قِنِي عَذَابَكَ يَوْمَ تَبْعَثُ عِبَادَكَ» . ثَلَاثَ مَرَّاتٍ

رَوَاهُ أَبُو دَاوُد

૧. હુઝૂરે અન્વર ﷺ દિવસમાં સૂતા કે રાતમાં સૂતા અથવા સફરની હાલતમાં જંગલમાં, હમેશાં કબ્રના રુખમાં સૂતા હતા. જમણા પડખે કિબ્લા તરફ મોં કરીને અને જમણો હાથ જમણા ગાલની નીચે રાખતા, એ રીતે કે હાથનો કાંઈક હિસ્સો માથા નીચે પણ રહેતો હતો. આ રીતે સૂવું સુન્નત છે અને આ જ પ્રમાણે દફન પણ કરવામાં આવે તો બેહતર છે.

૨. એટલે કે કયામત અને કયામત પછીના અઝાબથી બચાવ કે અસલ અઝાબ તો એ જ છે. કબ્રનો અઝાબ અથવા નઝઅ (સકરાત) વખતનો અઝાબ તો એ અઝાબની પ્રસ્તાવના છે. જે કયામતના અઝાબથી મહેફૂઝ હશે તે ઉમ્મીદ છે કે આ અઝાબોથી પણ બચેલો રહેશે. યાદ રાખશો કે મો'મિનને નઝઅની સખ્તી અથવા કબ્રની ગભરાહટ અઝાબ નથી. ગુનેહગારના માટે ચેતવણી છે અને નેકોકારના માટે રહમત. જેવું કે બાબે અઝાબે કબ્રમાં વર્ણવવામાં આવ્યું.

કલિમાતની સ્પષ્ટતા

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાના સૂવાના સમયે કહેતા હતા, ઈલાહી ! હું તારી ઝાતે કરીમની અને તારા કામિલ કલમાઓની પનાહ લઉં છું[૧] એની શરારતથી તું જેની પેશાની પકડે છે[૨] ઈલાહી ! તું જ કરજ તથા ગુનાહને દૂર કરે છે[૩] ઈલાહી ! તારું લશ્કર કદી હાર નથી પામતુ. તારો વાયદો વિરુદ્ધ નથી હોતો[૪] અને તારા મુકાબલામાં નસીબવાળાને નસીબ લાભ નથી આપતુ[૫] તું પાક છે અને તારી જ હમ્દ છે. (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૩)-૨૪૦૩ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ عِنْدَ مَضْجَعِهِ: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِوَجْهِكَ الْكَرِيمِ وَكَلِمَاتِكَ التَّامَّاتِ مِنْ شَرِّ مَا أَنْتَ آخِذٌ بناصيته اللهُمَّ أَنْت تكشِفُ المغرمَ والمأْثَمَ اللهُمَّ لَا يُهْزَمُ جُنْدُكَ وَلَا يُخْلَفُ وَعْدُكَ وَلَا يَنْفَعُ ذَا الْجَدِّ مِنْكَ الْجَدُّ سُبْحَانَكَ وَبِحَمْدِكَ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. وجه થી મુરાદ રબ તઆલાની જાત છે. كُلُّ شَيْءٍ هَالِكٌ إِلَّا وَجْهَهُ (દરેક ચીજ નાશવંત છે સિવાય તેની જાત. સૂ. કસસ, ૨૮/૮૮) અને કલેમાતે ઈલાહિયહથી મુરાદ તેનાં અસ્મા (નામો) તથા સિફતો (ગુણો) છે, અથવા કુર્આની આયતો અથવા ''કુન'' ફર્માવવું. એટલે હું તારી જાત તથા સિફતો, આયતોની પનાહ લઉં છું. કેમ કે એ સર્વ ચીજો કામિલ છે. નુકસાનોથી પાક છે, એટલા માટે તેમને تامات ફર્માવવામાં આવી. જાણવા મળ્યું કે અલ્લાહના

મક્બૂલ બંદાઓ, ખાસ કરીને હુઝૂરે અન્વર ﷺની પનાહ લેવી પણ જાઈઝ છે, કેમ કે હુઝૂર ﷺ પણ કલિમાતુલ્લાહ છે. હઝરત મૂસા عليه السلام કલીમુલ્લાહ છે, હુઝૂર ﷺ કલિમાતુલ્લાહ છે, જેમ કે قُلْ لَّوْ كَانَ الْبَحْرُ مِدَادًا لِّكَلِمٰتِ رَبِّيْ (તમે ફર્માવો, સમંદર મારા રબની વાતોના માટે શાહી હોય તો જરૂર સમુદ્ર ખત્મ થઈ જશે અને મારા રબની વાતો ખત્મ ન થશે. સૂરએ કહફ, ૧૮/૧૦૯)ની તફસીરે સૂફિયાનામાં છે.

૨. એટલે કે સર્વ મૂઝી ચીજો તારા કબજામાં છે, જેને તું બચાવવા ચાહે તેને એ મૂઝી તકલીફ ન આપી શકે. પેશાની પકડવાથી મુરાદ કબજામાં થવું છે. રબ તઆલા ફર્માવે છે : مَا مِنْ دَآبَّةٍ اِلَّا هُوَ اٰخِذٌۢ بِنَاصِيَتِهَا (કોઈ ચાલવાવાળો નથી જેની ચોટી તેની કુદરતના કબજામાં ન હોય. સૂરએ હૂદ, ૧૧/૫૬)

૩. શક્ય છે કે કરજથી મુરાદ અલ્લાહ તઆલાના ફર્ઝ હોય, જેમ કે તે ફર્ઝ, વાજિબ ઈબાદતો જે અદા ન કરવામાં આવી અને ماثم થી મુરાદ એ ગુનાહ હોય જે ન કરવાના હતા અને કરી લેવામાં આવ્યા. مغرم થી મુરાદ તે નાજાઈઝ કરજ છે જેનાથી રબ નારાજ છે, જેમ કે હરામ કામમાં ખર્ચ કરવા માટે કરજ લેવું. જેથી હદીષ પર એ વાંધો નથી કે જ્યારે હુઝૂર ﷺએ કરજથી આટલી પનાહ માગી છે તો આપ પર કરજ કેમ રહેતુ હતું ? ત્યાં સુધી કે વફાતના સમયે પણ આપનુ બખ્તર કરજમાં ગીરવી હતું. અમુક કરજ સવાબ છે અને અમુક કરજ ગુનાહ. ગુનાહવાળા કરજથી પનાહ માગી. (અઝ : મિર્કાત મઅ ઝિયારત) અથવા કરજથી તે કરજ મુરાદ છે જે અદા ન થઈ શકે. હુઝૂરનાં સર્વ કરજો અદા થઈ ગયાં, ત્યાં સુધી કે હુઝૂર બાદ સિદ્દીકે અકબરે અદા કર્યાં.

૪. અલ્લાહના લશ્કરથી મુરાદ ક્યાં તો ફરિશ્તાઓનું લશ્કર છે અથવા જાનવરો વગેરેનું. તે લશ્કર જે અઝાબ આપવા આવે, જેવી રીતે હાથીવાળાઓ પર અબાબીલ અથવા અહઝાબના કાફિરો પર હવાનું લશ્કર અથવા નૂહના તોફાનમાં પાણીનું લશ્કર. અથવા લશ્કરથી મુરાદ મો'મિન ગાઝીઓનું લશ્કર છે જે કેવળ રઝાએ ઈલાહીના માટે જેહાદ કરે કે છેવટે ફતહ એની જ થાય છે. રબ તઆલા ફર્માવે છે : وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ (અને છેવટમાં મેદાન પરહેઝગારોના હાથમાં છે. –સૂરએ અઅ્રાફ, ૭/૧૨૮) ક્યારેક તેમની હાર થાય છે તો ટેમ્પરરી, તે પણ તેમની કોઈ ગલતીના કારણે. કરબલામાં ઈમામ હુસૈનની ફતહ થઈ કે ઈસ્લામ બચી ગયો. હુસૈની લશ્કર અલ્લાહનું લશ્કર હતું. તેમજ રબના વાયદામાં વિરુદ્ધ અશક્ય છે. તેનો વાયદો થઈ ચૂક્યો. اَلَآ اِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْمُفْلِحُوْنَ (આ અલ્લાહની જમાઅત છે. સાંભળો છે ! અલ્લાહની જમાઅત કામયાબ છે. સૂરએ મુજાદિલા, ૫૮/૨૨)

૫. جد નો અર્થ માલ પણ છે અને બખ્ત તથા નસીબ પણ. બીજો અર્થ અહીં અધિક યોગ્ય છે. નસીબમાં માલ, સલ્તનત, ફોજ, મકાન તથા કિલ્લો વગેરે સૌ સામેલ છે. એટલે જ્યારે તું કોઈને પકડે તો તેને ન સલ્તનત બચાવી શકે છે ન ફોજ, ન ખજાનો, ન કિલ્લો. તારી પકડથી તારી રહમત જ બચાવી શકે છે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં અમુક લોકો હાજર હતા, કોઈ جدى الامل કોઈએ કહ્યું : جدى الرزغ કોઈએ કાંઈ કહ્યું તો કોઈએ કાંઈ. ત્યારે હુઝૂરે અન્વર ﷺએ તેમને સંભળાવીને આ દુઆ કરી.

ગુનાહોની બખ્શિશ : સમુદ્રના ફીણ કે ઉડતી રેતી કે ઝાડનાં પાંદડાં જેટલા હોય !

★ હદીષ : (૨૪)-૨૪૦૪ ★	*''હઝરત અબૂ સઈદથી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે જે પોતાના બિસ્તર પર જતી વખતે આ પ્રમાણે કહી લે હું તે અલ્લાહથી માફી*
وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ قَالَ حِينَ يَأْوِي إِلَى فِرَاشِهِ: أَسْتَغْفِرُ اللّٰهَ الَّذِي لَا إِلٰهَ إِلَا	

هوَ الحيُّ القيومَ وأتوبُ إليهِ ثَلَاثَ مَرَّاتٍ غَفَرَ اللَّهُ لَهُ ذُنُوبُهُ وَإِنْ كَانَتْ مِثْلَ زَبَدِ الْبَحْرِ أَوْ عَدَدَ رَمْلِ عَالَجٍ أَوْ عَدَدَ وَرَقِ الشَّجَرِ أَوْ عَدَدَ أَيَّامِ الدُّنْيَا ". رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيب

માગુ છું જેના સિવાય કોઈ મઅબૂદ નથી[૧] તે ઝિંદા તથા કાયમ રાખનાર છે. અને એ બારગાહમાં તૌબા કરું છું[૨] (ત્રણવાર કહે) તો અલ્લાહ તેના ગુનાહો બખ્શી દેશે, ભલે સમુદ્રના ફીણ અથવા ઉડનારી રેતી અથવા ઝાડોનાં પાદડાં અથવા દુનિયાના દિવસો બરાબર હોય[૩]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.''

૧. સૂતી વખતે આ દુઆઓ તથા ઈસ્તિગફાર એટલા માટે પઢાવવામાં આવ્યા કે ઊંઘ પણ એક પ્રકારનું મૃત્યુ છે, ખબર નહીં હવે જાગવાનું થાય કે ન થાય. જેથી તૌબા કરીને સૂઓ કે જો એ આખરી ઊંઘ હોય તો અલ્લાહ તઆલાના નામ પર થાય. (શેઅર)

सोनेवाले अल्लाह अल्लाह कर के सो—क्या खबर अब जागना हो या न हो

આ ઈસ્તિગફારમાં બંદાની પોતાની બેબસી (લાચારી) અને રબ તઆલાની અસીમ કુદરત તથા કુવ્વતનો ઈઝહાર છે. આ બંનેવ વાતોનો ઈકરાર જ તૌબાની જાન છે.

૨. એ રીતે કે જે થઈ ગયું તે થઈ ગયું, હવે કદી આવી હરકત કરીશ નહીં, તું કરીમ તથા રહીમ છે માફી આપી દે.

૩. જાહેર એ છે કે ગુનાહોથી મુરાદ ગુનાહે સગીરા છે. શક્ય છે કે ગુનાહે કબીરા પણ મુરાદ હોય. તેની રહમત અમારા ગુનાહો કરતાં કેટલાય અંશે વધારે છે, કેમ કે આપણા ગુનાહ સીમિત છે અને રબ તઆલાની રહમત અસીમ છે. દુનિયાના દિવસોથી મુરાદ દુનિયાના સમયો છે, એટલે કે કલાકો, મિનિટ અને સેકંડ. عالج عـلـجથી બન્યું પ્રવેશના અર્થમાં. એટલા માટે ખાસ ખાદિમને عالج કહે છે, કે આપણા કામોમાં દાખલ થાય છે. દવા કરવાને ઈલાજ કહે છે કે તે દવા બીમારીમાં કે શરીરમાં દાખલ થઈને અસર કરે છે. ખૂબ જ અધિક પ્રમાણમાં રેતી. એવું મહેસૂસ થાય છે કે અમુક રેતી અમુકમાં ધસી જઈ રહેલ છે એટલા માટે એને عالج કહે છે. એ રેતી દૂરથી દરિયો માલૂમ પડે છે એટલા માટે رمل عالج નો તર્જુમો ઉડતી રેતી (ઝાંઝવાના જળ) કરવામાં આવે છે. *(મિર્કાત મઅ ઈઝાફા)*

અલ્લાહ રક્ષક ફરિશ્તો નિયુક્ત કરી દે છે

★ હદીષ : (૨૫)-૨૪૦૫ ★

وَعَنْ شَدَّادِ بْنِ أَوْسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «مَا من مُسْلِمٍ يَأْخُذُ مَضْجَعَهُ بِقِرَاءَةِ سُورَةٍ مِنْ كِتَابِ اللَّهِ إِلَّا وَكَّلَ اللَّهُ بِهِ مَلَكًا فَلَا يَقْرَبُهُ شَيْءٌ يُؤْذِيهِ حَتَّى يَهُبَّ مَتَى هَبَّ» . رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત શદ્દાદ બિન અવસથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એવો કોઈ મુસલમાન નથી જે બિસ્તર પર સૂઈને કુર્આન શરીફની કોઈ સૂરત પઢી લે[૨] પણ અલ્લાહ તઆલા એના પર ફરિશ્તો નિયુક્ત કરી આપે છે, પછી કોઈ ઈજા આપનાર ચીજ તેની પાસે નથી ફરકતી, ત્યાં સુધી કે જ્યારે જાગે[૩].'' (તિર્મિઝી)

૧. અગાઉ વર્ણવવામાં આવી ગયું કે આપ હઝરત હસ્સાન ઈબ્ને ષાબિતના ભાઈ છે. અન્સારી છે. ઘણા આલિમ તથા આબિદ હતા.

૨. એ રીતે કે આડા પડીને સૂરત પઢીને સૂએ, પણ એ સૂરત પઢવું સૂવાના ઈરાદાથી હોય. જાહેર એ છે કે સૂરતથી મુરાદ પૂરી સૂરત છે ન કે કોઈ સૂરતની અમુક આયતો. જેમ કે ફલક़ અથવા નાસ અથવા કુલ યા ઐયુહલ કાફિરૂન વગેરે. અમુક લોકો આયતુલ કુર્સી પણ પઢી લે છે અને સૂરએ કાફિરૂન પણ, એ ઘણુ જ સારું છે.

૩. બઝ્ઝાઝે હઝરત અનસથી મરફૂઅન રિવાયત કરી છે કે **સૂતી વખતે સૂરએ ફાતિહા અને કુલ હુવલ્લાહુ અહ़દ પઢીને સૂઓ તો રાતભર અમ્નમાં રહેશો.** હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે **સૂરએ બક़રહની અંતિમ ત્રણ આયતો પઢીને સૂયા કરો તો મહેફૂઝ રહેશો.**

જન્નતમાં લઈ જનાર બે આદતો

★ હદીષ : (૨૬)-૨૪૦૬ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «خَلَّتَانِ لَا يُحْصِيهِمَا رَجُلٌ مُسْلِمٌ إِلَّا دَخَلَ الْجَنَّةَ أَلَا وَهُمَا يَسِيرٌ وَمَنْ يَعْمَلُ بِهِمَا قَلِيلٌ يُسَبِّحُ اللَّهَ فِي دُبُرِ كُلِّ صَلَاةٍ عَشْرًا وَيَحْمَدُهُ عَشْرًا ويكبِّرهُ عَشراً» قَالَ: فَأَنَا رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَعْقِدُهَا بِيَدِهِ قَالَ: «فَتِلْكَ خَمْسُونَ وَمِائَةٌ فِي اللِّسَانِ وَأَلْفٌ وَخَمْسُمِائَةٍ فِي الْمِيزَانِ وَإِذَا أَخَذَ مَضْجَعَهُ يُسَبِّحُهُ وَيُكَبِّرُهُ وَيَحْمَدُهُ مِائَةً فَتِلْكَ مِائَةٌ بِاللِّسَانِ وَأَلْفٌ فِي الْمِيزَانِ فَأَيُّكُمْ يَعْمَلُ فِي الْيَوْمِ وَاللَّيْلَةِ أَلْفَيْنِ وَخَمْسَمِائَةِ سَيِّئَةٍ؟» قَالُوا: وَكَيْفَ لَا نُحْصِيهَا؟ قَالَ: " يَأْتِي أَحَدَكُمُ الشَّيْطَانُ وَهُوَ فِي صَلَاتِهِ فَيَقُولُ: اذْكُرْ كَذَا اذْكُرْ كَذَا حَتَّى يَنْفَتِلَ فَلَعَلَّهُ أَنْ لَا يَفْعَلَ وَيَأْتِيهِ فِي مَضْجَعِهِ فَلَا يَزَالُ يُنَوِّمُهُ حَتَّى يَنَامَ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَفِي رِوَايَةِ أَبِي دَاوُدَ قَالَ: «خَصْلَتَانِ أَوْ خَلَّتَانِ لَا يُحَافِظُ عَلَيْهِمَا عَبْدٌ مُسْلِمٌ» . وَكَذَا فِي رِوَايَتِهِ بَعْدَ قَوْلِهِ: «وَأَلْفٌ وَخَمْسُمِائَةٍ فِي الْمِيزَانِ» قَالَ: «وَيُكَبِّرُ أَرْبَعًا وَثَلَاثِينَ إِذَا أَخَذَ مَضْجَعَهُ» وَيَحْمَدُ ثَلَاثًا وَثَلَاثِينَ وَيُسَبِّحُ ثَلَاثًا وَثَلَاثِينَ".وَفِي أَكْثَرِ نُسَخِ المصابيح عَن: عبد الله بن عمر

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બે આદતો એવી છે કે ***કોઈ મુસલમાન માણસ તેને અપનાવતો નથી પણ જન્નતમાં જરૂર જશે[૧]*** *તે છે તો સરળ પણ તેના આમિલ થોડા છે[૨] દર નમાઝ બાદ દસવાર અલ્લાહની તસ્બીહ કહે, દસવાર અલ્લાહની હમ્દ કરે, દસવાર તકબીર કહે[૩]. રાવી ફર્માવે છે, પછી મેં રસૂલુલ્લાહ ﷺ ને જોયા કે આપે આંગળીઓ પર ગણીને ફર્માવ્યું કે એ ઝબાનમાં તો દોઢસો છે[૪] પણ મીઝાન એટલે ત્રાજવામાં દોઢ હજાર થશે[૫]. અને* ***જ્યારે પોતાનું બિસ્તર લે તો સોવાર તસ્બીહ, તકબીર તથા હમ્દ કરે[૬] તો એ ઝબાનમાં એકસો છે અને મીઝાનમાં એક હજાર[૭]*** *બતાવો તો તમારામાંથી કોણ છે જે એક દિવસ તથા રાતમાં અઢી હજાર ગુનાહ કરે ?[૮] લોકોએ અર્ઝ કરી કે અમે એ કલમાઓની કેમ પાબંદી નહીં કરીએ ?[૯] ફર્માવ્યું, જ્યારે કોઈ નમાઝમાં હોય છે તો શૈતાન તેની પાસે પહોંચીને ફલાણી વાત યાદ કરો, ફલાણી વાત યાદ કરો, ત્યાં સુધી કે નમાઝીને દૂર કરી દે છે તો કદાચ તે આ અમલ ન કરી શકે[૧૦] અને શૈતાન તેના બેડરૂમમાં પહોંચીને તેને સૂવડાવતો રહે છે, ત્યાં સુધી કે તે સૂઈ જાય[૧૧] (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ) અબૂ દાઊદની રિવાયતમાં આ પ્રમાણે છે કે, ફર્માવ્યું, બે ખસલતો કે બે આદતો એવી છે જેની કોઈ મુસલમાન બંદો હિફાઝત નથી કરતો[૧૨] છેવટ સુધી. એ જ પ્રમાણે અબૂ દાઊદની રિવાયતમાં*

આ વાત પછી છે કે, "મીઝાનમાં દોઢ હજાર"માં એ છે કે ફર્માવ્યું, ૩૪ વાર તકબીર કહે જ્યારે પોતાનું બિસ્તર લે અને ૩૩ વાર અલ્હમ્દુ પઢે અને ૩૩ વાર સુબ્હાનલ્લાહ કહે[૧૩] અને મસાબીહના મોટાભાગના નુસ્ખાઓમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે."	

૧. આવી જગાઓએ رجل માણસના અર્થમાં હોય છે ન કે પુરૂષના અર્થમાં. જેથી એ મતલબ નથી કે પુરૂષ મુસલમાન તો આ અમલ કરે અને મુસ્લિમા સ્ત્રી ન કરે. બલ્કે જે પણ કરે પુરૂષ કે સ્ત્રી સૌને માટે લાભદાયી છે. મુસ્લિમની શર્ત એટલા માટે રાખી કે **કાફિરનો કોઈ અમલ કે વઝીફો ન કબૂલ છે ન સવાબનો સબબ છે.** યાદ રાખશો કે અમુક અમલોની દુનિયવી તાષીર કાફિરોથી બહાર પડી જાય છે, જેમ કે ગાળની બુરી અસર અને સારા શબ્દોની દિલ પર સારી અસર પડે જ છે, ચાહે કાફિરની તરફથી હોય કે મો'મિનની તરફથી હોય. يحصيها احصاءٌ થી બન્યું જેનો શાબ્દિક અર્થ તો ગણત્રી કરવું છે પણ ઈસ્તેલાહમાં હિફાઝત કરવું, શક્તિવાન હોવાના અર્થમાં આવે છે ખાસ કરીને જ્યારે કે એ ચીજ ગણત્રીવાળી હોય. અહીં ઈસ્તેલાહી અર્થ મુરાદ છે.

૨. એમાં ગયબી ખબર છે કે આ અમલ કાંઈ ભારે નથી પણ ખૂબ જ આસાન છે પણ એની તૌફીક ઓછા લોકોને મળશે. જેમ કે રબ તઆલા નમાઝના વિશે ફર્માવે છે : وَاِنَّهَا لَكَبِيْرَةٌ اِلَّا عَلَى الْخٰشِعِيْنَ (અને બેશક ! નમાઝ જરૂર ભારે છે પણ તેમના પર (નહીં) જેઓ દિલથી મારા તરફ ઝુકે છે. સૂરએ બકરહ, ૨/૪૫) આ નમાઝ આશિઈન (ડરનારાઓ) સિવાય અન્યો પર ભારે છે. એનો ઝહૂર આજે પણ થઈ રહ્યો છે કે રોઝા, હજ્જ જે મુશ્કેલ ચીજો છે પણ લોકો ખુશી તથા શોખપૂર્વક કરે છે, બલ્કે રોઝા માટે જીદ કરે છે, પણ નમાઝના પાબંદ અમુક અમુક જ છે. એ જ પ્રમાણે આ અમલને પઢવાવાળા હજી પણ ઓછા જોવા મળે છે. આ છે એ મુખ્બિરે સાદિક ﷺની સાચી ખબર.

૩. એ રીતે કે પ્રથમ દસ વાર સુબ્હાનલ્લાહ કહે, પછી દસ વાર અલ્હમ્દુલિલ્લાહ, પછી દસ વાર અલ્લાહુ અકબર. એવું ન કરે કે سبحان الله و الحمد الله الله اكبر મિલાવીને દસવાર કહે, કે એ હદીષના મકસદની વિરુદ્ધ છે.

૪. એ રીતે કે દરેક નમાઝ બાદ ત્રીસ થયા, અને પાંચ નમાઝો છે તો કુલ ૧૫૦ થયા.

૫. એટલે કે આ કલમા રોજ પઢવામાં ૧૫૦ થાય પણ સવાબમાં દોઢ હજાર. કેમ કે દરેક નેકીનો સવાબ દસ ગણો છે. રબ તઆલા ફર્માવે છે : مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا (જે એક નેકી લાવે તો એના માટે એના જેવી દસ છે. સૂરએ અન્આમ, ૬/૧૬૦) આ તો છે કાનૂન, અને રબના ફઝ્લનો કોઈ હિસાબ નથી.

૬. એટલે કે સૂતી વખતે બિસ્તર પર સૂતા પહેલાં સુબ્હાનલ્લાહ ૩૩ વાર, અલ્હમ્દુલિલ્લાહ ૩૩ વાર અને અલ્લાહુ અકબર ૩૪ વખત પઢી લીધા કરે. "વાવ" ક્રમના માટે નથી. જેથી અલ્લાહુ અકબર, અલ્હમ્દુ લિલ્લાહ પછી પઢે અને એનો ઝિક્ર હમ્દથી પહેલાં છે. આ જ બુઝુર્ગોનો અમલ છે અને બીજી હદીષો પણ એનું સમર્થન કરે છે.

૭. અહીં પણ એ જ હિસાબ છે, કાનૂનની રીતે એક નેકીનો સવાબ દસ ગણો છે તો સો કલમાનો સવાબ હજાર ગણો થયો. આ હદીષથી જાણવા મળ્યું કે કયામતમાં વજન નેકીના સવાબનું થશે ન કે કેવળ શબ્દનું. એટલા માટે કાફિરોની નેકીઓ તદ્દન વજની ન હશે, અને ગુનાહ ખૂબ ભારે. ઈન્શા અલ્લાહ ! મો'મિનની નેકીઓ ઈખ્લાસના પ્રમાણમાં વજની હશે અને ગુનાહનું ક્યાં તો વજન હશે જ નહીં, જો હશે તો ખૂબ જ હલકુ. રબ તઆલા કાફિરની

નેકીઓ વિશે ફર્માવે છે : فَلَا نُقِيْمُ لَهُمْ يَوْمَ الْقِيٰمَةِ وَزْنًا (તો અમે કયામતના દિવસે તેમના માટે કોઈ તોલ કાયમ કરીશું નહીં. સૂરએ કહફ, ૧૮/૧૦૫) જેથી فى الميزان ફર્માવવું ખૂબ જ યોગ્ય છે.

૮. એટલે આ કલમા સર્વ મળીને પઢવામાં તો થયા ૨૫૦, અને સવાબમાં થયા ૨૫૦૦. અને દરેક કલમો એક એક ગુનોહ મિટાવે છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ (બેશક ! નેકીઓ બુરાઈઓને મિટાવી દે છે. સૂરએ હૂદ, ૧૧/૧૧૪) જેથી તેનો કુલ ૨૫૦૦ ગુનાહ મિટાવવા માટે પૂરતો છે અને ભાગ્યે જ કોઈ મુસલમાન એવો હશે જે અઢી હજાર ગુનાહ દરરોજ કરે, તો ઈન્શા અલ્લાહ ! હવે કલમા તદ્દન નફામાં જ બચ્યા. કેટલાકે તો ગુનાહ મિટાવ્યા અને જે ગુનાહોથી બચ્યા તેમણે દરજા વધાર્યા. આ હદીષથી જાણવા મળ્યું કે નેકીઓ સવાબનો સબબ પણ છે અને ગુનાહોની માફીનો ઝરીયો પણ છે, દાતાની દૈનનાં બહાનાં છે.

૯. આ સવાલ આશ્ચર્યના માટે છે કે યા હબીબલ્લાહ ! ﷺ આટલો આસાન અમલ અને આટલા ફાયદાવાળો અમલ કોણ છોડશે ? અને શા માટે છોડશે, કેવી રીતે છોડશે ?!

★ શૈતાન કેવી કેવી રીતે બેહકાવે છે ?! ★

૧૦. સુબ્હાનલ્લાહ ! કેવો પ્યારો જવાબ છે ! એટલે જ્યારે શૈતાન ઈબાદતોના ફઝ્ર્લોમાં જ્યારે આ પ્રમાણે ખલેલ નાખી દે છે તો આ અમલ તો એક નફ્લી કામ છે તેનાથી કેમ રોકશે નહીં ? નમાઝ બાદ તમને એવાં કામ યાદ અપાવશે કે તમે મસ્જિદથી જલ્દી જવાની કોશિશ કરશો અને કહેશે કે આ અમલ કેવળ નફલી જ તો છે ! એને છોડી દો અને ફલાણુ કામ કરો.

૧૧. એટલે કે નમાઝવાળા અમલથી તો એ રીતે રોકશે જેવું કે વર્ણન થયું અને સૂતી વખતના અમલથી એવી રીતે રોકશે કે એને બિસ્તર પર પહોંચતાં જ ઊંઘાડી દેશે કે આ અમલ કેવળ નફલી છે એને છોડી દો, અને જલ્દી સૂઈ જાવ જેથી કરીને ફજરના સમયે આંખ ખુલે. યાદ રાખશો કે **શૈતાન દીનદારોની પાસે પહોંચીને દીન બતાવીને બેહકાવે છે.**

૧૨. એટલે કે અબૂ દાઊદની રિવાયતમાં શકથી છે خصلتان ફર્માવ્યું. જો કે એ બંનેવ શબ્દોના અર્થો એક જ છે પણ સાવધાનીવાળા રાવી રસૂલુલ્લાહ ﷺના શબ્દોની પાબંદી કરતા હતા. અને હદીષને કુર્આન શરીફની જેમ યાદ કરતા હતા. જો ક્યાંક થોડી અસમંજસ થઈ જતી તો વર્ણવી દેતા હતા.

૧૩. અહીં પણ એ વાત યાદ રાખશો કે જે હમણા અગાઉ અર્ઝ કરવામાં આવી કે "વાવ" ક્રમ માટે નથી જેથી બયાનમાં તકબીર પ્રથમ છે અને તસ્બીહ બાદમાં છે, પણ પઢવામાં સુબ્હાનલ્લાહ પ્રથમ હશે અને અલ્લાહુ અકબર બાદમાં રહેશે.

દિવસનો અને રાતનો શુક્રિયા અદા

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ગન્નામથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે સવારના સમયે આ પ્રમાણે પઢે, ઈલાહી ! તારી જે નેઅમત અથવા તારી કોઈ મખ્લૂકને મળી તે કેવળ એકલાના તરફથી છે[૧]. તારો કોઈ શરીક નથી. જેથી તારી જ હમ્દ છે અને તારો જ શુક્ર[૨]. તો તેણે આજના

★ હદીષ : (૨૭)-૨૪૦૭ ★

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ غَنَّامٍ قَالَ: قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم: " من قَالَ حِينَ يُصْبِحُ: اللّٰهُمَّ مَا أَصْبَحَ بِي مِنْ نِعْمَةٍ أَوْ بِأَحَدٍ مِنْ خَلْقِكَ فَمِنْكَ وَحْدَكَ لَا شَرِيكَ لَكَ فَلَكَ الْحَمْدُ وَلَكَ الشُّكْرُ فَقَدْ أَدَّى شُكْرَ يَوْمِهِ وَمَنْ قَالَ

مِثْلَ ذَلِكَ حِينَ يُمْسِي فَقَدْ أَدَّى شُكْرَ ليلته ". رَوَاهُ أَبُو دَاوُد

દિવસનો શુક્રિયા અદા કરી આપ્યો[૩]. અને જો એ જ પ્રમાણે સાંજના સમયે કહી લે તો તેણે એ રાતનો શુક્રિયા અદા કરી આપ્યો[૪]. (અબૂ દાઊદ)

૧. જેને જે દીની કે દુનિયવી નેઅમત મળી ડાયરેક્ટ કે વાસ્તાથી તે તારા જ તરફથી છે. આ દુઆમાં આયતની તરફ નિર્દેશ છે : وَمَا بِكُمْ مِّنْ نِّعْمَةٍ فَمِنَ اللّٰهِ (અને તમારી પાસે જે નેઅમત છે એ સૌ અલ્લાહની તરફથી છે. સૂ. નહ્લ, ૧૬/૫૩) યાદ રાખશો કે નેઅમત તથા મુસીબત સૌ અલ્લાહ તઆલાના જ તરફથી છે પણ અદબ એ છે કે નેઅમતોને રબની તરફ નિસ્બત આપો અને મુસીબતને પોતાની તરફ. રબ તઆલા ફર્માવે છે : وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ "(અને તમને જે મુસીબત પહોંચી તે એના સબબે છે જે તમારા હાથોએ કમાયું. –સૂરએ શૂરા, ૪૨/૩૦)

૨. એટલે કે હક़ીક़ી હમ્દ તથા હક़ીક़ી શુક્ર તારો જ છે કે હક़ીક़ી મુન્ઈમ તું જ છે. તારા સિવાય જેનો પણ શુક્ર તથા હમ્દ થશે તે મજાઝી થશે. જેથી આ દુઆ કુર્આને કરીમની આ આયતની વિરુદ્ધ નથી. اَنِ اشْكُرْ لِيْ وَلِوَالِدَيْكَ : (હક़ માન મારો અને તારાં મા બાપનો. સૂરએ લુક़માન, ૩૧/૧૪) મારો તથા તમારાં મા બાપનો શુક્રિયા અદા કરો કે ત્યાં મા બાપનો મજાઝી શુક્રિયા મુરાદ છે.

૩. એટલે કે સવાર સાંજ આ દુઆને પઢનારાને તૌફીક़ મળશે કે રબ તઆલાની નેઅમતોનો શુક્ર અદા કરે અને જો શુક્રિયામાં કાંઈક ઉણપ રહી ગઈ તો રબ તઆલા તેની બરકતથી એ કમી પૂરી કરી આપશે. એ મતલબ નથી કે નમાઝ, ઝકાત, રોઝા કાંઈ ન કરો અને કેવળ આ દુઆ પઢી લીધા કરો ! કેમ કે સર્વ ઈબાદતો રબનો શુક્રિયા છે અને શુક્રિયા તો આ દુઆથી પૂર્ણ થશે તો હવે તો અધિક શુક્રિયાની શું જરૂરત છે ?! સારાંશ કે હદીષ સાફ છે. અમુક ઉલમા ફર્માવે છે કે શુક્રિયા દિલી પણ હોય છે ઝબાની પણ. અહીં શુક્રિયાથી મુરાદ क़ૌલી શુક્ર છે, એટલે કે આ કલમાઓમાં એવો સવાબ મળશે જાણે કોઈ દિવસભર ઝબાની શુક્ર અદા કર્યા કરે. રહ્યો અમલી શુક્રિયા તો એ તેના ઉપરાંત છે.

૪. એને નિસાઈએ એ જ અબ્દુલ્લાહ ઈબ્ને ગન્નામથી રિવાયત કરી અને ઈબ્ને હબ્બાન તથા ઈબ્ને સુન્નીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી.

★ હદીષ : (૨૮)-૨૪૦૮ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ كَانَ يَقُولُ إِذَا أَوَى إِلَى فِرَاشِهِ: «اللَّهُمَّ رَبَّ السَّمَاوَاتِ وَرَبَّ الْأَرْضِ وَرَبَّ كُلِّ شَيْءٍ فَالِقَ الْحَبِّ وَالنَّوَى مُنْزِلَ التوراةِ والإنجيل والقرآنِ أعوذُ بِكَ مِنْ شَرِّ كُلِّ ذِي شَرٍّ أَنْتَ آخِذٌ بِنَاصِيَتِهِ أَنْتَ الْأَوَّلُ فَلَيْسَ قَبْلَكَ شَيْءٌ وَأَنْتَ الْآخِرُ فَلَيْسَ بَعْدَكَ شَيْءٌ وَأَنْتَ الظَّاهِرُ فَلَيْسَ فَوْقَكَ شَيْءٌ وَأَنْتَ الْبَاطِنُ فَلَيْسَ دُونَكَ شَيْءٌ اقْضِ عَنِّي الدَّيْنَ وَاغْنِنِي مِنَ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે આપ હુઝૂર જ્યારે પોતાના બિસ્તર પર જતા તો અર્ઝ કરતા[૧] હે અલ્લાહ ! હે આસ્માનોના રબ ! હે જમીનના રબ ! હે દરેક ચીજના રબ ![૨] હે દાણા તથા ઠળિયાને ફાડી કાઢનાર[૩] હે તૌરાત, ઈન્જીલ અને કુર્આનને ઉતારનાર[૪] હું દરેક તેની બુરાઈથી પનાહ માગું છું જેની પેશાની તારી પકડમાં છે[૫] તું જ અવ્વલ છે કે તારાથી પહેલાં કાંઈ નથી અને તું જ આખિર છે કે તારી પાછળ કાંઈ નથી[૬] તું જ જાહેર છે કે તારા ઉપર કોઈ નથી અને તું જ છુપો છે કે તારી પાછળ કાંઈ

નથી® મારું કરજ અદા કરી આપ અને મને ફકીરીથી માલદારી આપ૯. (અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ) એને મુસ્લિમે અમુક થોડાક ફરકની સાથે રિવાયત કરી.

الْفَقْرِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَرَوَاهُ مُسلم مَعَ اخْتِلَاف يسير

૧. એટલે કે બિસ્તર પર જતી વખતે સૂવાથી પહેલાં. અને હિસ્ને હસીનમાં છે કે સરકાર બિસ્તર પર સૂઈને આ પ્રમાણે પઢતા હતા. શક્ય છે કે કદીક આ હોય કદીક તે, જેથી બંને રિવાયતોમાં ટકરાવ નથી.

૨. આસ્માની તથા જમીની ઉસૂલી નેઅમતો છે, દરમિયાનની ચીજો ફુરૂઈ નેઅમતો છે. એટલે તમામ ઉસૂલી તથા ફુરૂઈ નેઅમતોના રબ. મુસ્લિમની રિવાયતમાં سماوات ની સાથે سبع પણ છે. અને હિસ્ને હસીનમાં ورب لعرش العظيم પણ છે.

૩. نوى ખજૂરના ઠળિયાને કહે છે. કેમ કે અરબમાં ખજૂર અધિક થાય છે, તેમજ સર્વ ઝાડોથી ખજૂર અફઝલ પણ અને અધિક ફાયદાકારક પણ છે. એટલા માટે દાણાઓ પછી તેનો ખાસ રીતે ઉલ્લેખ કર્યો. એટલે હે બીજ તથા ઠળિયાને ચીરીને તેમાંથી ઝાડ કાઢનાર મૌલા ! કેમ કે દાણાઓથી ખોરાક અને ઠળિયાથી ફળ પેદા થાય છે અને મેવાઓથી શારીરિક રોજી છે એટલા માટે બંનેનો ઉલ્લેખ કર્યો.

૪. એટલે કે શારીરિક રોજીઓની સાથે અમને રૂહાની રોજી આપનાર ! કેમ કે આસ્માની કિતાબો રૂહાની રોજીના ઝરીયા છે. કેમ કે ઝબૂર શરીફમાં કેવળ દુઆઓ હતી, અહકામ તૌરાતમાં જ હતા. તેમજ તૌરાત શરીફ ઝબૂર પર છવાયેલી હતી એટલા માટે ઝબૂરનો ઉલ્લેખ નથી કર્યો. હિસ્ને હસીનમાં કુર્આનને બદલે ફુર્કાન છે.

૫. મતલબ એ છે કે દરેક બુરાઈવાળી ચીજ તારા કબજામાં છે કે તેનો ખાલિક તથા માલિક છે. મૌલા ! હું તેની બુરાઈથી તારી પનાહ લઉં છું. ઝઈફ (કમજોર) છું તું મજબૂત (શક્તિવાન) છે. હે શક્તિવાન ! મુઝ ઝઈફને તારી પનાહમાં લઈ લે.

★ હમેશાંથી હમેશાં માટેની સ્પષ્ટતા ★

૬. એટલે કે તું જ અઝલી (હમેશાંથી) છે. અદમે સાબિક્ (પહેલાં અન અસ્તિત્વ હોવાથી)થી પાક છે. અને તું જ અબદી (હમેશાં માટે) છે કે અદમે લાહિક્ (પછીથી અન અસ્તિત્વ થવાથી)થી પાક છે. યાદ રાખશો કે રબના સિવાય કોઈ ચીજ અઝલી તથા કદીમ (હમેશાંથી હમેશાં માટેની) નથી. દરેક ચીજ હાદિષ (પછીથી ઉદ્ભવી અને નાશ પામશે) અને નવી પેદા થયેલ છે. પણ રબના ઈરાદાથી અમુક ચીજો અબદી છે જેમ કે દોઝખ અને ત્યાંના અઝાબ, એ જ પ્રમાણે જન્નત અને ત્યાંના સવાબ, રૂહો અને જન્નતી તથા જહન્નમી લોકો ત્યાં પહોંચીને. આ સર્વ કાંઈ અબદી છે, જેમને ફના નથી. રબ તઆલા ફર્માવે છે : اُكُلُهَا دَآئِمٌ ۭ اَلْاَنْهٰرُ (તેના મેવા હમેશાં. સૂરએ રઅદ, ૧૩/૩૫) અને ફર્માવે છે : خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ۭ (એમનામાં હમેશાં રહેશે. સૂરએ નિસાઅ, ૪/૫૭) જો એમાંથી કોઈ ચીજને ફના હોત તો خلدين કેવી રીતે અને ابدً કેવી રીતે ? સારાંશ કે કદીમ તથા અઝલી (હમેશાંથી હમેશાં માટે) રબ તઆલા સિવાય કોઈ નથી પણ અબદી (હમેશાં માટે) ઘણી ચીજો છે. પરંતુ રબ તઆલા ઝાતી હકીકી અબદી અને તે ચીજો મજાઝી તથા અર્ઝી અબદી. અને શક્ય છે بعدك એ غيرك ના અર્થમાં હોય, અને મતલબ એ હોય કે તારા સિવાય કોઈને ઝાતી તૌર પર બકા (બાકી રહેવું) નથી. રબ તઆલા ફર્માવે છે : كُلُّ شَيْءٍ هَالِكٌ اِلَّا وَجْهَهٗ ۭ

(દરેક ચીજ ફાની છે સિવાય તેની ઝાતના. સૂરએ કસ્સ, ૨૮/૮૮) અને હુઝૂર ﷺ ફર્માવે છે : الا كل شيئ ما خلا الله باطل (અલ્લાહ સિવાય દરેક ચીજ ફના થનારી છે) બે દીનોએ આ હદીષથી દલીલ પકડી કે જન્નત તથા દોઝખને ફના છે, પણ આ વાત બાતિલ છે, અને હદીષનો મતલબ તે છે જે હમણા વર્ણવ્યો.

૭. એટલે હે મારા મૌલા ! તું સિફતો તથા અફઆલ (ફેઅલો)ના લેહાઝથી એવો જાહેર છે કે તારા ઝહૂર પર કોઈના ઝહૂર નથી. અને ઝાતના લેહાઝથી એવો છુપો છે કે તારાથી અધિક કોઈ ચીજ છુપી નથી. (શેઅર)

બે હિજાબી યહ કે હર ઝર્રામેં જલ્વા આશકાર–ઉસપે યહ પર્દા કે સૂરત આજતક નાદીદા હૈ
યાર તેરે હુસ્ન કો તશ્બીહ દૂં કિસ ચીઝસે–એક તૂ હી દીદા હૈ તેરે સિવા નાદીદા

અહીં મિર્કાતે ફર્માવ્યું કે دون એ غير ના અર્થમાં પણ આવે છે અને નજીકના અર્થમાં પણ. અહીં બંનેવ અર્થ બની શકે છે, એટલે કે તારા સિવાય કોઈ હકીકી છુપાયેલો નથી અથવા કોઈ ચીજ છુપાવવામાં તારાથી નજીક પણ નથી. સૂફીઓ ફર્માવે છે કે રબ તઆલા બસારત (દૃષ્ટિ)થી છુપો છે અને બસીરતથી જાહેર છે. એટલે કે નજરથી છુપાવું ફિક્રમાં જાહેર.

૮. કરજથી મુરાદ મખ્લૂકનું કરજ છે. કેમ કે આ કરજથી ઘણા ગુનાહ પેદા થાય છે. હદીષ શરીફમાં છે કે **કરજ રાતનો ગમ અને દિવસની બેઇજ્જતી છે.** ફકીરીથી મુરાદ મખ્લૂકની મોહતાજી છે અથવા એનાથી દિલી ફકીરી મુરાદ છે જેના વિશે ફર્માવવામાં આવ્યું કે **ફકીરી (ગરીબી) કુફ્ર સુધી પહોંચાડી આપે છે.** જેથી આ હદીષ ન આ આયતની વિરુદ્ધ છે : وَاللّٰهُ الْغَنِيُّ وَاَنْتُمُ الْفُقَرَآءُ (અલ્લાહ બેનિયાઝ છે અને તમો સૌ મોહતાજ. સૂરએ મુહમ્મદ, ૪૭/૩૮) અને ન આ હદીષની વિરુદ્ધ الفقر فخرى (ફક્ર મારા માટે ફખ્ર છે)

ઊંઘતી વખતની દુઆ

''હઝરત અબૂ અઝહર અન્સારીથી કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે રાતે પોતાની ખ્વાબગાહમાં જતા[૧] તો કહેતા, અલ્લાહના નામ પર અલ્લાહ માટે મેં મારૂ પડખુ રાખી દીધુ[૨] ઈલાહી ! મારા ગુનાહ બખ્શી દે અને મારા શૈતાનને દૂર કરી દે. મારું ગીરો છોડાવી દે[૩]. અને મને આ'લા મજલિસમાં દાખલ કર[૪].
(અબૂ દાઉદ)

★ હદીષ : (૨૯)–૨૪૦૯ ★

وَعَن أَبِي الْأَزْهَرِ الأنماري أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا أَخَذَ مَضْجَعَهُ مِنَ اللَّيْلِ قَالَ: «بسمِ اللَّهِ وضعْتُ جَنْبِي للَّهِ اللَّهُمَّ اغْفِرْ لِي ذَنْبِي وَاخْسَأْ شَيْطَانِي وَفُكَّ رِهَانِي وَاجْعَلْنِي فِي النَّدِيِّ الْأَعْلَى» . رَوَاهُ أَبُو دَاوُد

૧. એટલે કે આ દુઆ રાતના આરામની છે ન કે બપોરની.

૨. કેવળ આરામના માટે. મો'મિનનું જાગવું, સૂવું, જીવવું, મરવું અલ્લાહ માટે હોવું જોઈએ. وَمَحْيَايَ وَمَمَاتِيْ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ (મારું જીવવું તથા મારું મરવું સૌ અલ્લાહના માટે છે જે રબ સર્વ જહાનોનો. –સૂરએ અન્આમ, ૬/૧૬૨) અમુક નુસ્ખાઓમાં અલ્લાહ નથી.

૩. મારા ગુનાહોથી મુરાદ ક્યાં તો મારી ઉમ્મતના ગુનાહ છે અથવા ખતાઓ મુરાદ છે અથવા આ શબ્દો આપણી તા'લીમના માટે છે, નહીં તો હુઝૂર ગુનાહોથી માસૂમ છે. શૈતાનથી મુરાદ ઈન્સાની શૈતાન છે અથવા ફકીરને

શૈતાન (સાથે લાગેલો) છે. રબ તઆલાએ આપની આ દુઆ કબૂલ ફર્માવી કે આપના કરીને શૈતાન મો'મિન જ થઈ ગયો اخساخساءٌથી બન્યું. કૂતરાને દૂર ભગાડવું. "રહન" ગીરો ચીજને કહે છે, અહીં મુરાદ પોતાની જાત છે. કેમ કે **માણસની જાત પોતાના અમલોમાં ગીરો છે.** રબ તઆલા ફર્માવે છે : كُلُّ امْرِئٍ بِمَا كَسَبَ رَهِيْنٌ એટલે મને નેક અમલોની તૌફીક આપીને મારા નફ્સને ગીરો થવાથી છોડાવી લે.

૪. نَدِيّ મજલિસને પણ કહે છે અને મજલિસવાળાઓને પણ. અહીં મજલિસ મુરાદ છે અને આ'લા મજલિસથી મુરાદ કુર્બે ઈલાહી છે, નહીં તો હુઝૂર ﷺ તમામ મખ્લૂકથી આ'લા છે. તેમનાથી આ'લા મજલિસવાળો કોણ હશે. અને હુઝૂર ﷺની મજલિસવાળા સહાબા તમામ મજલિસવાળાઓથી અફઝલ છે. આ વાક્યના અન્ય પણ અર્થો કરવામાં આવ્યા છે, પણ આ અર્થ અધિક યોગ્ય છે. અથવા આ દુઆ આપણી તા'લીમના માટે છે. તો نَدِيّથી મુરાદ મજલિસવાળા છે, એટલે ખુદાવંદ મને ફરિશ્તા, નબીઓ, વલીઓની મજલિસવાળો બનાવ.

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે રાતે બિસ્તર અખત્યાર કરતા તો ફર્માવતા, શુક્ર છે અલ્લાહનો જે મારા માટે પૂરતો થયો અને જેણે મને ખવડાવ્યું અને પીવડાવ્યું અને જેણે મારા પર એહસાન પછી ફઝ્લ કર્યો[૧] અને મને આપ્યું તો ઘણુ જ વધારે આપ્યું[૨] દરેક હાલમાં અલ્લાહનો શુક્ર છે[૩]. હે અલ્લાહ ! દરેક ચીજના રબ અને બાદશાહ ! હે દરેક ચીજના મઅબૂદ ! હું આગથી તારી પનાહ લઉં છું[૪]." (અબૂ દાઉદ)

★ હદીષ : (30)-૨૪૧૦ ★

وَعَنِ ابْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا أَخَذَ مَضْجَعَهُ مِنَ اللَّيْلِ قَالَ: «الْحَمْدُ لِلَّهِ الَّذِي كَفَانِي وَآوَانِي وَأَطْعَمَنِي وَسَقَانِي وَالَّذِي مَنَّ عَلَيَّ فَأَفْضَلَ وَالَّذِي أَعْطَانِي فَأَجْزَلَ الْحَمْدُ لِلَّهِ عَلَى كُلِّ حَالٍ اللَّهُمَّ رَبَّ كُلِّ شَيْءٍ وَمَلِيكَهُ وَإِلَهَ كُلِّ شَيْءٍ أَعُوذُ بِكَ مِنَ النَّارِ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. આ દુઆમાં રબ તઆલાની છ નેઅમતોનું વર્ણન છે : કિફાયત એટલે મખ્લૂકથી બેનિયાઝ કરી દેવું. اواء એટલે રહેવાનાં મકાન અતા કરવું. ખાવા પાણી અતા કરવું, અન્ય નેઅમતનો આપવી અને સૌથી આ'લા આપવી. ખરેખર રબ તઆલાએ હુઝૂર ﷺને એટલુ આપ્યું કે જેટલુ કોઈને ન આપ્યું. ખુદ ફર્માવે છે وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا (અને અલ્લાહનો તમારા પર મહાન ફઝ્લ છે. સૂરએ નિસાઅ, ૪/૧૧૩) અને ફર્માવે છે : اِنَّآ اَعْطَيْنٰكَ الْكَوْثَرَ (હે મહબૂબ ! બેશક ! અમે તમને અગણિત ખૂબીઓ અતા કરી. સૂરએ કૌષર, ૧૦૮/૧) અમે આપને ઘણુ બધુ આપ્યું. અહીં આ અતાનો શુક્ર છે.

૨. فضلમાં કૈફિયતની અધિકતા મુરાદ હતી અને اجزلમાં માત્રાની અધિકતા મુરાદ છે. એટલે મને રબ તઆલાએ ખૂબ જ અધિક આ'લા આપ્યું. જેથી કલમાઓમાં તકરાર નથી.

૩. એટલે કે ગરીબી તથા માલદારી, રંજ તથા તકલીફ, રાહત તથા મુસીબત દરેક હાલમાં અલ્લાહનો શુક્ર છે. યાદ રાખશો કે **રબની મોકલેલી મુસીબત તથા ગમ પણ નેઅમત છે કે એના થકી હજાર ગુનાહ માફ થઈ જાય છે.** જેથી હદીષ પર એ વાંધો નથી કે શુક્ર તો કેવળ નેઅમત પર થાય છે, પછી હર હાલમાં શુક્ર કેવો ?

૪. માલિક તથા મલીકનો ફરક ઘણીવાર વર્ણન થઈ ચૂક્યો કે જાહેરી ટેમ્પરરી માલિકી ધરાવનાર પણ માલિક

કહેવાય છે. પણ હક़ીક़ી क़ાયમી માલિકીવાળો મલીક છે. માલિક મલીકથી આમ. એનાથી જાણવા મળ્યું કે દુઆ કરતી વખતે રબ તઆલાને તેનાં સારા નામોથી યાદ કરવો જોઈએ. **હમ્દે ઈલાહી દુઆનો રુકન (સ્તંભ) છે.** આગથી પનાહ માગવાનો એ અર્થ પણ છે કે રબ તઆલા આપણને દોઝખવાળા અમલોથી બચાવે. અને એ અર્થ પણ છે કે ગુનાહોની માફી આપીને દોઝખથી નજાત આપી દે. દોઝખથી નજાત મળવા પર ઈન્શા અલ્લાહ ! જન્નત મળવી લાઝમી છે, કેમ કે જન્નત તથા દોઝખ સિવાય માણસો માટે ત્રીજી કોઈ જગા નથી. અઅ્રાફ એક ટેમ્પરીરી જગા હશે જેના બાદ જન્નત મળશે. જેથી હદીષ પર એ સવાલ નથી કે અહીં જન્નતની તલબ ન કરવામાં આવી.

અનિદ્રાથી બચવા પઢવાની દુઆ

★ હદીષ : (૩૧)-૨૪૧૧ ★

وَعَنْ بُرَيْدَةَ قَالَ: شَكَا خَالِدُ بْنُ الْوَلِيدِ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ يَا رَسُول الله مَا أَنَام من اللَّيْل مِنَ الْأَرَقِ فَقَالَ نَبِيُّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا أَوَيْتَ إِلَى فِرَاشِكَ فَقُلْ: اللَّهُمَّ رَبَّ السَّمَاوَاتِ السَّبْعِ وَمَا أَظَلَّتْ وَرَبَّ الْأَرَضِينَ وَمَا أَقَلَّتْ وَرَبَّ الشَّيَاطِينِ وَمَا أَضَلَّتْ كُنْ لِي جَارًا مِنْ شَرِّ خَلْقِكَ كُلِّهِمْ جَمِيعًا أَنْ يَفْرُطَ عَلَيَّ أَحَدٌ مِنْهُمْ أَوْ أَنْ يَبْغِيَ عَزَّ جَارُكَ وَجَلَّ ثَنَاؤُكَ وَلَا إِلَهَ غَيْرُكَ لَا إِلَهَ إِلَّا أَنْتَ".رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ هَذَا حَدِيثٌ لَيْسَ إِسْنَادُهُ بِالْقَوِيِّ والحكَمُ بن ظُهيرٍ الرَّاوِي قد ترَكَ حديثَهُ بعضُ أهل الحَدِيث

''હઝરત બુરીદાથી રિવાયત છે. ફર્માવે છે કે ઈબ્ને વલીદના ખાનદાને નબી કરીમ ﷺની ખિદમતમાં શિકાયત કરી. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું અનિદ્રાના કારણે રાતે સૂતો નથી[૧] ત્યારે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમે તમારા બિસ્તર પર જાવ તો આ પ્રમાણે કહો, હે અલ્લાહ ! હે સાત આસ્માનોના ! અને જેમના પર આ આસ્માન સાયો કરેલ છે તેના રબ ! અને જમીનોના અને જેમને જમીને ઉઠાવેલ છે તેમના રબ ![૨] અને હે શૈતાનોના અને જેમને તે ગુમરાહ કરે તેમના રબ ![૩] તું તારી સર્વ મખ્લૂક़ની બુરાઈથી મારી પનાહ થઈ જા કે એમનામાંથી કોઈ મારા પર ઝિયાદતી કે જુલ્મ કરે[૪] તારી પનાહ ગાલિબ છે. તારી ષના શાનદાર છે. તારા સિવાય કોઈ મઅબૂદ નથી, કેવળ તું જ મઅબૂદ છે[૫]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષની અસ્નાદ क़વી (મજબૂત) નથી. અને હકીમ ઈબ્ને ઝહીર રાવીની હદીષને અમુક મુહદ્દિષોએ છોડી આપેલ છે[૬].

૧. شكا અલિફથી પણ લખવામાં આવે છે. એ شكوتથી બન્યું અને شكىٰથી પણ જે شكيتથી બન્યું. شكوت તથા شكيت બંનેવ લુગતો (શબ્દકોશો) દુરુસ્ત છે. મિશ્કાત શરીફના આ નુસ્ખામાંથી છે. ارق તદ્દન અનિદ્રાને કહે છે, ચાહે ફિકર કે રંજથી હોય અથવા ખુશીથી. ખુશીમાં ઊંઘ ન આવવી ارق નથી (અનિદ્રા) નથી કહેવાતી, કે એ બીમારી નથી. અહીં વસવસા તથા ફિકરથી ન ઊંઘવું મુરાદ છે. એટલા માટે હુઝૂર ﷺએ આ દુઆ શીખવાડી. જો ખુશીથી હોત તો દવા બતાવવામાં આવત. હુઝૂર ﷺ રૂહાની હકીમ પણ છે અને જિસ્માની (શારીરિક) હકીમ પણ છે. હઝરત ખાલિદને કેટલીય રાતોથી ઊંઘ આવી ન હતી, ક્યાં તો વસવસાઓથી અથવા રંજાગમથી આપ પેરશાન થઈ ગયા હતા ત્યારે આ અર્ઝ કરી.

૨. આ નાનકડા વાક્યમાં સર્વ આલમે અજસામની ચીજો સામેલ છે. આસ્માનમાં ફરિશ્તા વગેરે આવી ગયા.

આસ્માનના સાયા હેઠળ છે. તમામ વાતાવરણની ચીજો અને જમીન તથા જમીનની ચીજોમાં જમીન પર અને જમીનની અંદરની સર્વ ચીજો સામેલ થઈ ગઈ.

૩. شياطين થી મુરાદ ગુમરાહ કરનાર ચીજો છે, માણસ હોય કે જિન્નાત. એનાથી આમ ચીજો મુરાદ છે. ચાહે અક્કલવાળી હોય કે અક્કલ વિનાની. જો કે આ ચીજો પણ પહેલા વાક્યમાં સામેલ હતી. પણ ખાસ રીતે એમનો ઉલ્લેખ અલગથી કરવામાં આવ્યો. કેમ કે આ દુઆમાં એમની જ બુરાઈથી દુઆ માગવામાં આવી છે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

૪. جار હાફિઝ, નાસિર (મદદગાર) અમાન આપનાર છે ન કે પડોશીના અર્થમાં. બલ્કે પડોશીને પણ جار એટલા માટે કહે છે કે તે અમ્નો અમાનનો ઝરીયો હોય છે. રબ તઆલા ફર્માવે છે : وَّهُوَ يُجِيْرُ وَلَا يُجَارُ عَلَيْهِ (અને એના વિરુદ્ધ કોઈ પનાહ નથી આપી શકતો. સૂરએ મુઅમિનૂન, ૨૩/૮૮) એટલે ખુદા તું મારો મદદગાર હાફિઝ અમાન થઈ જા. મને એનાથી અમ્નમાં રાખ કે કોઈ મૂઝી ચીજ ઈજા આપે.

૫. અહીં મિર્કાતે ફર્માવ્યું કે આ જગાએ جار એ મુસ્તજીરના અર્થમાં છે, એટલે જે તારી અમાનમાં આવી જાય તે સૌના પર ગાલિબ જ રહે છે. જુઓ મૂસા عليه السلام ને રબ તઆલાએ ફર્માવ્યું : اِنَّكَ مِنَ الْاٰمِنِيْنَ (બેશક ! તને અમાન છે. સૂરએ ક़સ़સ़, ૨૮/૩૧) તમને અમ્ન છે એટલે જે તારી અમાનમાં આવી જાય તો સૌ પર ગાલિબ જ રહે છે. જેને દુનિયવી સલ્તનત પનાહ આપી દે તે ગાલિબ થઈ જાય છે તો જેને રબ તઆલા પનાહ આપી દે તેના પર કોણ ગાલિબ આવી શકે ?! રબની હમ્દો ષના સર્વ હમ્દોથી શાનદાર છે કે સર્વ મખ્લૂક़ તેના ગુણ ગાઈ રહી છે.

૬. જેમ કે હકમ અથવા હકીમ ઝહીરના વિશે બુખારી, અબૂ ઝરઅહ, નિસાઈ, ઈબ્ને અબી હાતિમે ફર્માવ્યું કે એ મત્રૂકુલ હદીષ છે. ઈબ્ને મુઈને ફર્માવ્યું કે આ હદીષમાં કાંઈ નથી. ઈબ્ને અદીએ ફર્માવ્યું કે તેની મોટાભાગની હદીષો ગૈર મહફૂઝ છે. આ હદીષને ઈબ્ને અબી શયબા, તિબ્રાની અને હિસ્ને હસીને પણ નકલ કરી.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૩૨)-૨૪૧૨ ★

وَعَن أَبِي مَالِكٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " إِذَا أَصْبَحَ أَحَدُكُمْ فَلْيَقُلْ: أَصْبَحْنَا وَأَصْبَحَ الْمُلْكُ لِلَّهِ رَبِّ الْعَالَمِينَ اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ خَيْرَ هَذَا الْيَوْمِ فَتْحَهُ وَنَصْرَهُ وَنُورَهُ وَبَرَكَتَهُ وَهُدَاهُ وَأَعُوذُ بِكَ مِنْ شَرِّ مَا فِيهِ وَمِنْ شَرِّ مَا بَعْدَهُ ثُمَّ إِذَا أَمْسَى فَلْيَقُلْ مِثْلَ ذَلِكَ ". رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અબૂ માલિકથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ સવાર પામી લે તો કહી લે, અમે સવાર કરી અને અલ્લાહ રબ્બુલ આલમીનના મુલ્કે સવાર પામી[૨] હે અલ્લાહ ! હું તારાથી એ દિવસની ભલાઈ અને તેની વિશાળતા, તેના નૂર, તેની બરકત અને તેની હિદાયત માગુ છું[૩] અને જે એ દિવસમાં છે તેની અને તેના બાદની બુરાઈથી પનાહ માગુ છું[૪] પછી જ્યારે સાંજ પામે તો એ પ્રમાણે કહી લે[૫].'' (અબૂ દાઊદ)

૧. આપનું નામ કઅ્બ ઈબ્ને માલિક છે. કુન્નિયત અબૂ માલિક અશઅરી છે, અથવા અશજઈ. આપના નામમાં ઘણો જ મતભેદ છે. જે અમે અર્ઝ કર્યું એ જ મજબૂત છે. *(અશિઅ્હ)*

૨. એટલે ખુદાનો શુક્ર છે કે અમે લોકોએ સારી રીતે સવાર પામી લીધી. અહીં અલ્લાહના મુલ્કથી તે હિસ્સો

દુનિયાનો મુરાદ છે જેના પર અત્યારે સવાર થઈ, અડધી દુનિયા કેમ કે અડધી જમીન પર દિવસ રહે છે અને અડધી પર રાત. જ્યારે અહીં સવાર થાય છે તો બીજા હિસ્સામાં રાત હોય છે.

૩. કે તું મને આ દિવસમાં ઈલ્મ, અમલ, હલાલ રોજી, ઈબાદતોની તૌફીક બખ્શ.

૪. એટલે કે દિવસભર મને બુરા અમલ, હરામ રોજી, ગુનાહોથી મહેફૂઝ રાખ. એવી બુરાઈથી પણ બચાવી લે જેની અસર આજે જ ખત્મ થઈ જાય, અને એવી બુરાઈથી પણ બચાવી જેની અસર બાદ સુધી રહે. અમુક જુર્મોના કારણે બે ત્રણ વરસની જેલ કે ફાંસી થાય છે. એ છે : شر ما بعده

૫. પણ એ વખતે اصبحنا કે امسينا ના બાકી શબ્દો તે જ છે.

"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબૂ બકરહથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં મારા વાલિદથી અર્ઝ કરી, અબ્બા જાન ! હું તમને દરેક સવારે આવું કહેતા સાંભળું છું[૨] ઈલાહી ! મને મારા શરીરમાં આફિયત (તંદુરસ્તી) આપ. ઈલાહી ! મને મારા કાનોમાં રાહત આપ[૩] ઈલાહી મને મારી આખોંમાં રાહત આપ ! તારા સિવાય કોઈ મઅબૂદ નથી. એને ત્રણવાર દોહરાવતા. જ્યારે સવાર થતી તો ત્રણવાર અને જ્યારે સાંજ થતી[૪]. ફર્માવ્યું, હે બેટા ! મેં રસૂલુલ્લાહ ﷺ ને આ દુઆઓ માગતા સાંભળ્યા તો હું પણ ચાહું છું કે એ સુન્નતની પયરવી કરું[૫]." (અબૂ દાઉદ)

★ હદીષ : (33)-૨૪૧૩ ★

وَعَنِ عَبْدِ الرَّحْمَنِ بْنِ أَبِي بَكْرَةَ قَالَ: قُلْتُ لِأَبِي: يَا أَبَتِ أَسْمَعُكَ تَقُولُ كُلَّ غَدَاةٍ: «اللَّهُمَّ عَافِنِي فِي بَدَنِي اللَّهُمَّ عَافِنِي فِي سَمْعِي اللَّهُمَّ عَافِنِي فِي بَصَرِي لَا إِلَهَ إِلَّا أَنْتَ» تُكَرِّرُهَا ثَلَاثًا حِينَ تُصْبِحُ وَثَلَاثًا حِين تمسي فَقَالَ: يَا بُنَيَّ سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَدْعُو بِهِنَّ فَأَنَا أُحِبُّ أَنْ أستن بسننه. رَوَاهُ أَبُو دَاوُد

૧. અબૂ બકરહનું નામ નફીઅ ઈબ્ને હારિષ છે. આપ તાઈફની ફતહના દિવસે તાઈફના કાફિરોથી બચીને એક કૂવાની ગરગરીથી લટકીને તાઈફના કિલ્લાથી બહાર આવી ગયા અને હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં હાજર થઈને ઈસ્લામ લાવ્યા. હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, તમે અબૂ બકરહ છો ?! એટલે ગરગરીવાળા. બકરહ અરબીમાં કૂવાની ગરગરીને કહે છે. આપ મશહૂર સહાબી છે. આપના પુત્ર અબ્દુર્રહમાન તાબઈનમાંથી છે.

★ મા બાપ સારા અમલો કરે તો બાળકો જરૂર નકલ કરશે ★

૨. જાણવા મળ્યું કે **નેક બાળકો પોતાના મા બાપના દરેક અમલને ધ્યાનપૂર્વક જુએ સાંભળે છે અને તેમની ઈબાદતો દુઆઓને યાદ કરીને તેમની નકૂલ કરવાની કોશિશ કરે છે. બાપે જોઈએ કે સારો નમૂનો બને કેમ કે ઔલાદ તેમની નકૂલ ઉતારે છે. બાળકોનો પ્રથમ મદરસો તેમનું ઘર છે અને પહેલા શિક્ષક તેમનાં મા બાપ છે.**

૩. જો કે શરીરમાં કાન તથા આંખ પણ આવી ગયાં હતાં પણ કેમ કે અધિક સારા બુરા અમલો આ બે અંગો વડે થાય છે. તેમજ આંખો વડે અલ્લાહની આયતો જોવામાં આવે છે અને કાન વડે કુર્આની આયતો સાંભળવામાં આવે છે એટલા માટે એ બંનેવ અંગોનું વર્ણન અલગથી કર્યું, અને આંખની સરખામણીમાં કાન અધિક કામના છે કે આંખ કેવળ સામે જુએ છે પણ કાન દરેક બાજુના અવાજો સાંભળે છે એટલા માટે કાનનો ઉલ્લેખ પ્રથમ થયો, આંખનો બાદમાં. કોઈ પયગંબર કાનથી મઅઝૂર ન થયા.

૪. એટલે ફજર તથા મગરિબની નમાઝ બાદ આપ આ દુઆ ત્રણ ત્રણવાર પઢે છે. આ બે સમયોનું ખાસપણુ અને મોટાભાગની દુઆઓ, વઝીફાઓના ત્રણવાર હોવાનું કારણ અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે.

૫. હું સવાબની નિય્યતથી આ કલમા પઢુ છું કે એને પઢવું સુન્નત છે અને દરેક સુન્નત પર અમલ સવાબ છે. મને એનાથી બહષ નથી કે એની તાષીર શું છે અને એનાથી બીજા ફાયદા કયા છે ? એનાથી જાણવા મળ્યું કે તમામ ઝિક્ર તથા વઝીફા પઢવાનો સવાબ ઈજાઝત પર મૌકૂફ છે તે જરૂર મળશે કે અલ્લાહનું ઝિક્ર સવાબ છે. અને જે વઝીફા હુઝૂર ﷺથી સાબિત છે તેનો બમણો સવાબ છે, એક ઝિક્રે ખૈરનો સવાબ બીજો સુન્નતની અદાયગીનો સવાબ. રહી એની તાષીર, તો તેના માટે ઈજાઝત ખૂબ જ લાભદાયી છે. ઈજાઝત વિના પણ કાંઈ ન કાંઈ ફાયદો જરૂર થાય છે, પણ ઈજાઝતથી તાષીર ખૂબ જ વધી જાય છે. તલ્વાર, છરી, તેજ કરવાના પથ્થર પર ઘસેલ ખૂબ કટીંગ કરે છે. આ દુઆઓ તલ્વાર છે અને બુઝુર્ગોની ઈજાઝત ધાર બનાવવાના પથ્થર છે.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી અવફાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે સવાર પામતા તો આ પ્રમાણે કહેતા, અમે તથા અલ્લાહના મુલ્કે સવાર પામી લીધી. અલ્લાહની જ હમ્દ તથા બડ઼ાઈ છે અને અઝમત અલ્લાહ માટે છે[૧] અને ખલ્ક઼, હુકમ તથા રાત દિવસ અને જે એમાં રહે સૌ અલ્લાહના માટે છે[૨] ઈલાહી ! આ દિવસનો અવ્વલ (શરૂ) દુરુસ્તી બનાવ અને દરમિયાનનો કામયાબી અને આખરને છૂટકારો બનાવ. હે તમામ રહમવાળાઓથી મહાન[૩]. અને ઈમામ નવવીએ કિતાબુલ અઝકારમાં ઈબ્ને સુન્નીની રિવાયતથી વર્ણન કરી.''

★ હદીષ : (૩૪)-૨૪૧૪ ★

وَعَنْ عَبْدُ اللَّهِ بْنِ أَبِي أَوْفَى قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَصْبَحَ قَالَ: «أَصْبَحْنَا وَأَصْبَحَ الْمُلْكُ لِلَّهِ وَالْحَمْدُ لِلَّهِ وَالْكِبْرِيَاءُ وَالْعَظَمَةُ لِلَّهِ وَالْخَلْقُ وَالْأَمْرُ وَاللَّيْلُ وَالنَّهَارُ وَمَا سَكَنَ فِيهِمَا لِلَّهِ اللَّهُمَّ اجْعَلْ أَوَّلَ هَذَا النَّهَارِ صَلَاحًا وَأَوْسَطَهُ نَجَاحًا وَآخِرَهُ فَلَاحًا يَا أَرْحَمَ الرَّاحِمِينَ» . ذَكَرَهُ النَّوَوِيُّ فِي كِتَابِ الْأَذْكَارِ بِرِوَايَةِ ابْنِ السِّنِي

૧. કિબ્રિયાઈથી મુરાદ રબ તઆલાની ઝાતી સિફતો છે અને અઝમતથી મુરાદ સિફાતે ફેઅ્લિયા છે. આ બંનેની સિફતોનો ફરક ઈલ્મે ક઼લમમાં તફસીલવાર વર્ણન થયેલ છે. સિફાતે ઝાતિયાનો સંબંધ રબની જાતથી છે અને ફેઅ્લિયાનો સંબંધ મખ્લૂક઼થી છે. સૂરજનું ચમકવું તેની ઝાતી સિફત છે અને બીજાને ચમકાવવું સિફતે ફેઅ્લિયા છે.

૨. આહિસ્તગીથી પેદા ફર્માવવું ખલ્ક઼ છે. અને એકદમ પેદા કરી દેવું અમ્ર છે. અથવા માદ્દિયાતને પેદા કરવું ખલ્ક઼ છે. અને જણ્યા વિના પેદાઈશ અમ્ર (હુકમ) છે, વાસ્તાથી પેદાઈશ ખલ્ક઼ છે. અને વાસ્તા વિના પેદાઈશ અમ્ર છે. રબ તઆલા ફર્માવે છે : قُلِ الرُّوحُ مِنْ اَمْرِ رَبِّیْ (રૂહ મારા રબના હુકમથી છે. –સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૮૫) એટલે કે રૂહ આલમે અમ્રથી છે અથવા કેવળ કલમા ''કુન''થી બની છે, કોઈ માદા વગેરેથી નથી બની. આસ્માન તથા એની નીચેની ચીજો દિવસ રાત રહે છે, પણ જન્નત, દોઝખ, આલમે અન્વારની ખબરો દિવસ રાતમાં નથી રહેતી, કે ત્યાં સુધી દિવસ રાતની પહોંચ નથી. કેમ કે આપણી નજર એ જ ચીજો પર છે એટલા માટે એનો જ ઉલ્લેખ કર્યો, નહીં તો દરેક મખ્લૂક઼ અલ્લાહની છે.

૩. સુબ્હાનલ્લાહ ! કેટલી સમૃદ્ધ દુઆ છે ! દિવસના ત્રણ ભાગ છે : પ્રથમ, દરમિયાન, આખરી. આ ત્રણેવ હિસ્સાઓમાં ત્રણ નેઅમતો માગી, શરૂ દિવસમાં દીન તથા દુનિયાની દુરુસ્તી અને દરમિયાનમાં દીન તથા દુનિયાની

કામયાબી, અને આખરમાં તે ઝફર (સદ્નસીબી) જે સારો ખાત્મો નસીબ કરે. મિર્કાતે ફર્માવ્યું કે અહીં દિવસના ત્રણ ભાગોથી મુરાદ સર્વ સમયો છે. કેમ કે દિવસ કામનો સમય છે, જ્યારે તેના દરેક હિસ્સામાં નેઅમત માગી લીધી તો રાત જે આરામનો સમય છે એમાં પણ દરેક નેઅમત માગી લીધી.

"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબઝીથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે સવાર પામતા તો કહેતા, અમે અલ્લાહના દીન પર ઈખ્લાસના કલમા પર[૧] અને મુહમ્મદ ﷺના દીન પર[૨] અને પોતાના વાલિદ ઈબ્રાહીમની મિલ્લત પર સવાર પામી. હઝરત ઈબ્રાહીમ દરેક બુરાઈથી દૂર હતા, મુશ્રિકોમાંથી ન હતા[૩]." (દારમી)

★ હદીષ : (૩૫)-૨૪૧૫ ★

وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ أَبْزَى قَالَ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ إِذَا أَصْبَحَ: «أَصْبَحْنَا عَلَى فِطْرَةِ الْإِسْلَامِ وَكَلِمَةِ الْإِخْلَاصِ وَعَلَى دِينِ نَبِيِّنَا مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَعَلَى مِلَّةِ أَبِينَا إِبْرَاهِيمَ حَنِيفًا وَمَا كَانَ مِنَ الْمُشْرِكِينَ» . رَوَاهُ أَحْمَدُ وَالدَّارِمِيُّ

૧. ફિત્રતનો શાબ્દિક અર્થ છે પેદાઈશ. રબ તઆલા ફર્માવે છે : فَطَرَ النَّاسَ عَلَيْهَا (જેના પર લોકોને પેદા કર્યા. –સૂરએ રૂમ, ૩૦/૩૦) અને ફર્માવે છે : فَاطِرِ السَّمٰوٰتِ وَالْاَرْضِ (તે અલ્લાહ જેણે આસ્માન તથા જમીન પેદા કર્યાં. –સૂરએ અન્આમ, ૬/૧૪) પછી ઈસ્તેલાહમાં પેદાઈશી હાલતનું નામ ફિત્રત થયું. શરીઅતમાં અંબિયાની સુન્નતને પણ ફિત્રત કહે છે અને મિલ્લતને પણ. કેમ કે **ઈસ્લામ જ ઈન્સાનનો પેદાઈશી ધર્મ છે કે દરેક બાળક પર ઈમાન પર પેદા થાય છે પછી વિવિધ સોહબતો પામીને વિવિધ દીન અપનાવે છે. એટલા માટે એને ફિત્રત કહેવામાં આવે છે.** અહીં અંતિમ અર્થ જ મુરાદ છે.

૨. આ ઈસ્લામી ફિત્રતનું વર્ણન છે. લુગત (શબ્દકોશ)ની દૃષ્ટિએ દરેક નબીનો દીન ઈસ્લામ છે. યાકૂબ عليه السلام એ પોતાના ફરઝંદોને ફર્માવ્યું હતું : وَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ (અને કદાપિ ન મરશો પણ ઈસ્લામ પર. –સૂરએ આલે ઈમરાન, ૩/૧૦૨) એટલા માટે ફર્માવ્યું કે ઈસ્લામથી મુરાદ દીને મુહમ્મદી છે. યાદ રાખશો કે હુઝૂર ﷺ પણ ઈસ્લામ પર છે અને હુઝૂર ﷺની ઉમ્મત પણ, પણ હુઝૂર એ દીન પર છે આપણને ચલાવવાના માટે અને આપણે એ રાહ પર છીએ ચાલવાના માટે. રેલ્વે લાઈન પર એંજીન પણ છે અને પાછળવાળા ડબ્બા પણ છે, પણ એંજીન ચલાવવાના માટે અને ડબ્બા ચાલવાના માટે. રબ તઆલા ફર્માવે છે : اِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ (બેશક ! તમે સીધી રાહ પર મોકલવામાં આવ્યા. –સૂરએ યાસીન, ૩૬/૩,૪) બલ્કે પોતાના વિશે પણ ફર્માવે છે : اِنَّ رَبِّيْ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ (બેશક ! મારો રબ સીધા રસ્તા પર મળે છે. –સૂ. હૂદ, ૧૧/૫૬) એટલે કે રબ તઆલા સીધા રસ્તા પર મળે છે, જેમ કે કહેવામાં આવે છે કે લાહોર સુધી સડક પર છે.

૩. અરબના કાફિરો શિર્ક કરતા હતા અને કહેતા હતા કે અમે દીને ઈબ્રાહીમ પર છીએ. આ વાક્યમાં એમને રદિયો છે કે હઝરત ઈબ્રાહીમ તો મુશ્રિક ન હતા, તમે તો મુશ્રિક છો તો પછી તમે એમના દીન પર કેવી રીતે થયા ? યાદ રાખશો કે હુઝૂર ﷺના દીને ઈબ્રાહીમી પર હોવાનો અર્થ એ છે કે આપનો દીન મિલ્લતે ઈબ્રાહીમીના મુજબ છે. ન એ કે આપ તેમના અનુયાયી (અનુસરનારા) છે. જેમ કે ખત્ના, હજામત, કુર્બાની, મહેમાનનવાઝી સર્વ અહકામે ઈબ્રાહીમી ઈસ્લામમાં મૌજૂદ છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબુદ્દા'વાત ફિલ્ અવક઼ાત باب الدعوات فی الاوقات

(ખાસ સમયોની દુઆઓ વિશે)[૧]

(વિભાગ : ૧) الفصل الاول

એટલે કે વિવિધ સમયની વિવિધ દુઆઓ વિશે પ્રકરણ. પ્રથમ વિભાગમાં ક઼ાયમી સમયોની દુઆઓનું વર્ણન હતું. જેમ કે સવાર સાંજ સૂવા જાગવાની દુઆઓ, પણ આ પ્રકરણ ટેમ્પરરી સમયો તથા ટેમ્પરરી હાલતોની દુઆઓનું વર્ણન થશે. જેમ કે નિકાહ, જેહાદ, વતી (સંભોગ) વગેરેના સમયની દુઆઓ. આ પ્રકરણમાં વિવિધ સમયો અને વિવિધ હાલતો બંનેની દુઆઓનું વર્ણન થશે. મિર્ક઼ાતે ફર્માવ્યું કે હુઝૂર ﷺથી નક઼્લ થયેલ દુઆઓ સુન્નતની પયરવી માટે કમસે કમ ઉમરમાં એકવાર જરૂર પઢી લેવી જોઈએ. અને આ નક઼્લ થયેલી દુઆઓ અન્ય દુઆઓ કરતાં અફ઼્ઝલ છે, બલ્કે અમુક હાલતની દુઆઓ તિલાવતે કુર્આનથી પણ અફ઼્ઝલ છે કે એમાં સુન્નતની પયરવી છે. જુઓ રુકૂઅ તથા સજદા, અત્તહ઼િય્યાતમાં નક઼્લ થયેલ દુઆઓ જ પઢવામાં આવે છે ન કે કુર્આને કરીમ. મોટાભાગના નફ઼્લો ઘરમાં પઢવા મસ્જિદમાં પઢવા કરતાં અફ઼્ઝલ છે, કે એમાં સરકાર ﷺનુ અનુસરણ છે. અફ઼્ઝલિયત તો તેમના દમ ક઼દમથી સંબંધિત છે.

પત્નીથી સોહબત વખતે પઢવાની દુઆ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો તમારામાંથી કોઈ પોતાની પત્નીની પાસે જવા ચાહે તો આ પ્રમાણે કહી લે[૧] બિસ્મિલ્લાહ, ખુદાયા ! અમને શૈતાથી દૂર રાખ અને શૈતાનને તે બાળકથી દૂર રાખ જે તું અમને આપે[૨]. તો **જો આ સોહબતમાં એમના નસીબમાં બાળક થયું તો તેને શૈતાન કદી નુકસાન ન આપી શકશે[૩]**. (મુસ્લિમ, બુખારી)[૪]*

★ હદીષ : (૧)-૨૪૧૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " لَوْ أَنَّ أَحَدَكُمْ إِذَا أَرَادَ أَنْ يَأْتِيَ أَهْلَهُ قَالَ: بِسْمِ اللَّهِ اللَّهُمَّ جَنِّبْنَا الشَّيْطَانَ وَجَنِّبِ الشَّيْطَانَ مَا رَزَقْتَنَا فَإِنَّهُ إِنْ يُقَدَّرْ بَيْنَهُمَا وَلَدٌ فِي ذَلِكَ لَمْ يَضُرَّهُ شَيْطَانٌ أَبَدًا "

૧. આ દુઆ સતર ખોલવાથી પહેલાં પઢે અને હલાલ સોહબત પર પઢે. હરામ પર પઢવું સખત હરામ છે બલ્કે એમાં કુફ઼્નો અંદેશો છે, જેમ કે શરાબ પીતી વેળા અથવા સુવ્વર ખાતી વેળા અથવા જુગાર પર બિસ્મિલ્લાહ પઢવું. اهل થી મુરાદ પત્ની અથવા લોંડી છે.

૨. એટલે કે આ સોહબતમાં શૈતાન શરીક ન થાય અને બાળકને શૈતાન ન કદી બહેકાવે. બિસ્મિલ્લાહથી મુરાદ પૂરી بسم اللہ الرحمن الرحیم છે. યાદ રાખશો કે જેવી રીતે શૈતાન ખાવા પીવામાં આપણી સાથે શરીક

થઈ જાય છે એવી જ રીતે સોહબતમાં પણ. અને જેવી રીતે ખાવા પીવાની બરકત શૈતાનની શિર્કતથી જતી રહે છે એવી જ રીતે સોહબતમાં શૈતાનની શિર્કતથી ઔલાદ નાલાયક અને જિન્નાતી બીમારીઓમાં સપડાયેલ રહે છે. અને જેવી રીતે બિસ્મિલ્લાહ પઢી લેવાથી શૈતાન ખાવા પીવામાં આપણી સાથે શરીક નથી થઈ શકતો, એવી જ રીતે બિસ્મિલ્લાહની બરકતથી સોહબતમાં શૈતાનની શિર્કત નથી થતી, જેનાથી બાળક નેક થાય છે અને જિન્નાત વગેરેથી બફઝૂલિહી તઆલા મહફૂઝ પણ રહે છે. બેહતર એ છે કે પતિ પત્ની બંનેવ પઢી લે.

૩. એટલે કે બિસ્મિલ્લાહ વગેરેની બરકતથી ન તો ઈબ્લીસ કદી નુકસાન પહોંચાડી શકશે ન એની ઔલાદ. બાળક પાગલપણુ ખેંચ વગેરે જિન્નાતી બીમારીઓથી પણ મહેફૂઝ રહેશે અને મો'મિન રહેશે ઈન્શા અલ્લાહ ! (મિર્કાત) એટલા માટે અહીં શૈતાન નકેરા (જાતિવાચક સંજ્ઞા) કહેવામાં આવ્યું. એવા બાળકને ઈન્શા અલ્લાહ ! નેક અમલોની પણ તૌફીક મળશે.

૪. આ હદીષને તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, અબૂ દાઉદે હઝરત ઈબ્ને અબ્બાસથી મરફૂઅન્ રિવાયત કરી. આ અમલ ખૂબ જ મુજર્રદ (અજમાયેલ) છે.

અલ્લાહના ઝિકથી બલાઓ ટળે છે

★ હદીષ : (૨)-૨૪૧૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ عِنْدَ الْكَرْبِ: «لَا إِلَهَ إِلَّا اللَّهُ الْعَظِيمُ الْحَلِيمُ لَا إِلَهَ إِلَّا اللَّهُ رَبُّ الْعَرْشِ الْعَظِيمِ لَا إِلَهَ إِلَّا اللَّهُ رَبُّ السَّمَاوَاتِ وَرَبُّ الْأَرْضِ رَبُّ الْعَرْشِ الْكَرِيمِ»

''તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ સખત તકલીફના સમયે આ પ્રમાણે કહેતા, અલ્લાહના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તે અઝમતવાળો હિલમ (સંયમ)વાળો છે[૧] અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી જે મહાન અર્શનો રબ છે. અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી જે આસ્માનોનો રબ અને જમીનનો રબ અને કરમવાળા અર્શનો રબ છે[૨]. (મુસ્લિમ, બુખારી)

૧. كرب થી મુરાદ તે સખત તકલીફ અથવા રંજો ગમ છે જે દિલને ઘેરે છે. حليم નો અર્થ છે અઝાબમાં જલ્દી ન કરનાર, બલ્કે પોતાના મુજરિમને પલ્ટી આવવા પર બખ્શી આપનાર અને તેનો ગમ વગેરે દૂર કરી આપનાર. એટલે આ તકલીફ આપણી કોઈ ખતાના કારણે છે. રબ તઆલા હલીમ છે માફી આપશે અને તેને દૂર કરી આપશે.

૨. કરીમ ક્યાં તો રબની સિફત છે અને મરફૂઅ છે અથવા અર્શની સિફત છે અને મજરૂર. યાદ રાખશો કે અહીં કેવળ રબ તઆલાની હમ્દ છે, દુઆનો શબ્દો એક પણ નથી, પણ કેમ કે કરીમની હમ્દ પણ દુઆ છે તેમજ ઝિકુલ્લાહથી બલાઓ ટળે છે એટલા માટે એનું નામ દુઆએ કર્બ છે અને એનું જ નામ દફએ કર્બ (રંજ દૂર કરનાર) છે. (લમ્આત, નવવી) અથવા અહીં ઝબાન પર હમ્દ છે દિલમાં સવાલ. *(મિર્કાત)*

ગુસ્સાથી શાંત થવાની દુઆ

★ હદીષ : (૩)-૨૪૧૮ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ سُلَيْمَانَ بْنِ صُرَدَ قَالَ: اسْتَبَّ رَجُلَانِ عِنْدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَنَحْنُ عِنْدَهُ جُلُوسٌ وَأَحَدُهُمَا يَسُبُّ صَاحِبَهُ مُغْضَبًا قَدِ احْمَرَّ وَجْهُهُ فَقَالَ النَّبِيُّ صَلَّى

''સુલૈમાન ઈબ્ને સુરદથી ફર્માવે છે કે બે શખ્સોએ નબી કરીમ ﷺ ની નજીક આપસમાં ગાળગલોચ કરી. V D[Ch ƵZ[V SZD ﷺ ની પાસે બેઠેલા હતા[૧] એમાંથી એક શખ્સ બીજાને ગુસ્સામાં બુરુ ભલુ કહી રહ્યો હતો. તેનું મોં લાલ થઈ ગયું[૨]. તો નબી કરીમ ﷺ એ ફર્માવ્યું,

اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنِّي لَأَعْلَمُ كَلِمَةً لَوْ قَالَهَا لَذَهَبَ عَنْهُ مَا يَجِدُ أَعُوذُ بِاللَّهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ» . فَقَالُوا لِلرَّجُلِ: لَا تَسْمَعُ مَا يَقُولُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ؟ قَالَ: إِنِّي لستُ بمجنون

હું એવી દુઆ જાણું છું કે જો આ શખ્સ તે કહી દે તો તેની આ હાલત જતી રહે[૩] જેને મહેસૂસ કરી રહ્યો છે. હું મરદૂદ શૈતાનથી અલ્લાહની પનાહ ચાહું છું[૪] લોકોએ તેને કહ્યું, શું તું સાંભળતો નથી જે નબી કરીમ ﷺ ફર્માવી રહ્યા છે. તે બોલ્યો, હું પાગલ નથી![૫]" (મુસ્લિમ, બુખારી)

૧. આપની આસપાસ બેઠા હતા. ઉભા ન હતા. કેમ કે **એ રીતે ઉભા રહેવાને હુઝૂરે અન્વર ﷺ મના કરતા હતા કે બુઝુર્ગ બેઠેલા હોય અને લોકો અદબથી સામે ઉભા રહેલા હોય.** ગાળ ગલોચ કરનારા લગભગ બે ગામડાવાસી નવમુસ્લિમ હશે. તેમને હજી મજલિસના આદાબની ખબર ન હતી ન સભ્યતાથી ખબરદાર હતા. જેવી રીતે કે એક ગામડાવાસીએ ખાસ મસ્જિદના મેહરબામાં ઉભા રહીને પેશાબ કર્યો હતો. હુઝૂરે અન્વર ﷺની સોહબતમાં રહેનારા ખૂબ જ સુસભ્ય હતા.

૨. ગુસ્સાની અધિક્તાના કારણે. કેમ કે દિલની અસર પ્રથમ ચેહરા પર જ પડે છે. **ચહેરો દિલની કિતાબ છે.**

૩. એટલે કે આ કલમાઓની બરકતથી દિલનો જોશ ઠંડો પડી જાય. મધ્યમ કક્ષાએ આવી જાય. જોશ ખત્મ થઈ જાય.

૪. આ અમલનો માખઝ આ આયત છે : وَإِمَّا يَنْزَغَنَّكَ مِنَ الشَّيْطٰنِ نَزْغٌ فَاسْتَعِذْ بِاللّٰهِ (અને હે સાંભળનારા ! જો શૈતાન તને કોઈ કૂચા આપે (કોઈ મોટા કામ માટે ઉકસાવે) તો અલ્લાહની પનાહ માગ. બેશક ! તે જ સાંભળ નાર જાણનાર છે. –સૂરએ અઅ્રાફ, ૭/૨૦૦) દરેક શૈતાની અસર પર શૈતાનથી અલ્લાહની પનાહ માગવી જોઈએ. આ ગુસ્સો પણ શૈતાની હતો, કેમ કે મુસલમાન ભાઈ પર હતો અને નફ્સ તથા દુનિયવી કારણે હતો. અને ગાળ ગલોચ કરવું પણ શૈતાની અમલ હતો. એટલા માટે اعوذ باللّٰه નો હુકમ આપવામાં આવ્યો. કાફિર પર ગુસ્સો અને મુસલમાન પર કોઈ દીની કારણે ગુસ્સો તો ઈબાદત છે. જેથી હદીષ શરીફ પર એ વાંધો નથી કે જો ગુસ્સો શૈતાની ચીજ છે તો ખુદ હુઝૂરે ઘણીવાર ગુસ્સો કર્યો છે કે હુઝૂરનો ગઝબ ઈબાદત છે, કેમ કે દીનના માટે હતો. અલ્લાહ તઆલા પણ મુજરિમો પર ગઝબ ફર્માવે છે.

૫. સહાબાએ કિરામે એનો જોશ ઠંડો પડી જવા પર તેને આ પ્રમાણે કહ્યું. તેના જવાબનો ખુલાસો એ છે કે અઊ઼ુ (اعوذ) તો દીવાના પર પઢવામાં આવે છે અને હું દીવાનો નથી કે અઊ઼ુ પઢું. ફકીરે (લેખકે) અર્ઝ કર્યું હતું કે એ શખ્સ ક્યાં તો મુનાફિક હતો અથવા કોઈ બદવી (ગામડાવાસી) નવ મુસ્લિમ જેઓ સંસ્કાર તથા સભ્યતાથી તદ્દન ખાલી હોય છે. આ જવાબથી તેનું સમર્થન થાય છે. મો'મિન અને શરીઅતનો જાણકાર તો હુઝૂરના દરેક હુકમ પર મરી મિટે છે. અબૂ દાઊદની રિવાયતથી માલૂમ પડે છે કે એ મઅ્ાઝ હતા. ખુદા જાણે કોણ મઅ્ાઝ છે. જો મઅ્ાઝ ઈબ્ને જબલ મુરાદ છે તો આ બનાવ ક્યાં તો તેમના ઈસ્લામ લાવવાથી પહેલાંનો છે અને તદ્દન નવ મુસ્લિમ થતી વખતનો છે.

મરઘો તથા ગધેડાના બોલવાના સમયે પઢવાની દુઆ

★ હદીષ : (૪)-૨૪૧૯ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું જ્યારે તમે મરઘાની અઝાન સાંભળો તો અલ્લાહની તેનો ફઝ્લ

وَسَلَّمَ: «إِذَا سَمِعْتُمْ صِيَاحَ الدِّيَكَةِ فَسَلُوا اللَّهَ مِنْ فَضْلِهِ فَإِنَّهَا رَأَتْ مَلَكًا وَإِذَا سَمِعْتُمْ نَهِيقَ الْحِمَارِ فَتَعَوَّذُوا بِاللَّهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ فَإِنَّهُ رَأَى شَيْطَانا»

માગો[૧] કેમ કે મરઘી ફરિશ્તાને જુએ છે[૨] અને જ્યારે તમે ગધેડાનું હોંચી હોંચી કરવું સાંભળો તો મરદૂદ શૈતાનથી અલ્લાહની પનાહ માગો, કેમ કે એણે શૈતાનને જોયો છે[૩]. (મુસ્લિમ, બુખારી)[૪]

૧. જાહેર એ છે કે અહીં દરેક પક્ષીના દરેક અવાજ મુરાદ છે જેને આપણે મરઘાનું (પક્ષીનું) અઝાન દેવું કહીએ છીએ. અમુક લોકોએ તહજ્જુદના સમયે મરઘાનો અવાજ મુરાદ લીધો. અમુકે સુબ્હ સાદિકના સમયનો અવાજ. પણ પ્રથમ અર્થ અધિક જાહેર છે કે હદીષમાં કોઈ શર્ત નથી. મરઘાની દરેક અઝાન પર દુઆ માગવી જોઈએ.

૨. એટલે કે મરઘો રહમતના ફરિશ્તાને જોઈને બોલે છે. એ વખતની દુઆ પર ફરિશ્તાના આમીન કહેવાની ઉમ્મીદ છે. અમુક રિવાયતોમાં છે કે અર્શે આ'ઝમની નીચે એક સફેદ પક્ષી છે તેના અવાજ પર જમીનના મરઘા બોલે છે. واللّٰه اعلم (અશિઅ્હ) એનાથી જાણવા મળ્યું કે બુઝુર્ગોની મજલિસમાં દુઆ કરવી જોઈએ, કેમ કે જ્યારે બુઝુર્ગોના ઝિક્ર પર અલ્લાહની રહમત ઉતરે છે તો એ લોકોની મૌજૂદગી તો ઘણી જ રહમતનો સબબ છે. (મિર્કાત) અવલિયા અલ્લાહ ફરિશ્તાઓથી અફઝલ છે. જ્યારે ફરિશ્તાની મૌજૂદગીથી દુઆઓ કબૂલ થાય છે તો અવલિયા અલ્લાહની મૌજૂદગી યકીનન કબૂલિયતનો સબબ છે. જાણવા મળ્યું કે જાનવર ગયબી ફરિશ્તાઓને જોઈ લે છે.

૩. એટલે કે ગધેડો કોઈ ખાસ શૈતાનને જોઈને બોલે છે. મોટાભાગે એનું બોલવું વાસનામાં હોય છે. એ એલાન કરીને માદા સાથે સોહબત કરે છે. એ કારણે પણ એ અવાજ ખબીષ છે. રબ તઆલાએ એના વિશે ફર્માવ્યું : اِنَّ اَنْكَرَ الْاَصْوَاتِ لَصَوْتُ الْحَمِيْرِ ﴿۱۹﴾ (બેશક ! સર્વ અવાજોમાં બુરો અવાજ ગધેડાનો અવાજ. સૂરએ લુકમાન, ૩૧/૧૯) બદ્તરીન અવાજ ગધેડાનો છે. અને ફર્માવ્યું : لَهُمْ فِيْهَا زَفِيْرٌ وَّ شَهِيْقٌ ﴿۱۰۶﴾ (તેઓ આ ગધેડાની જેમ આળોટશે. સૂરએ હૂદ, ૧૧/૧૦૬) દોઝખીઓનો અવાજ ગધેડા જેવો હશે. આનાથી બે મસ્અલા જાણવા મળ્યા, એક એ કે બુરાઓના આગમન પર અને બુરાઓને જોઈને અઊઝુબિલ્લાહ પઢવી જોઈએ. બીજુ એ કે બુરી બકવાસનો અવાજ ગધેડો જેવો અવાજ છે. ગીબત, જૂઠ, ગાવુ, વગાડવું, બેદીનીની તકરીરો આમાં જ સામેલ છે, કે એ સૌની નફ્સની વાસનાઓના અવાજો છે. **૪.** આ હદીષ અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ, હાકિમે પણ રિવાયત કરી છે.

સફરમાં જતાં, પરત થતાં, સવારી પર ચઢતા વખતની દુઆ

★ હદીષ : (૫)-૨૪૨૦ ★

وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا اسْتَوَى عَلَى بَعِيرِهِ خَارِجًا إِلَى السَّفَرِ كَبَّرَ ثَلَاثًا ثُمَّ قَالَ: (سُبْحَانَ الَّذِي سَخَّرَ لَنَا هَذَا وَمَا كُنَّا لَهُ مُقْرِنِينَ وَإِنَّا إِلَى رَبِّنَا لَمُنْقَلِبُونَ)اللَّهُمَّ إِنَّا نَسْأَلُكَ فِي سَفَرِنَا هَذَا الْبِرَّ وَالتَّقْوَى وَمِنَ الْعَمَلِ مَا تَرْضَى اللَّهُمَّ هَوِّنْ عَلَيْنَا سَفَرَنَا هَذَا وَاطْوِ لَنَا بُعْدَهُ اللَّهُمَّ أَنْتَ الصَّاحِبُ فِي السَّفَرِ وَالْخَلِيفَةُ فِي الْأَهْلِ وَالْمَالِ اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنْ وَعْثَاءِ

''હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે સફરમાં નીકળતાં ઊંટ પર સવાર થઈ જતા તો ત્રણવાર તકબીર કહેતા[૧] પછી આવુ કહેતા, પાક છે તે અલ્લાહ જેણે આને અમારા તાબે કરી દીધું અને તેને આજ્ઞાંકિત ન કરી શક્તા હતા. અને અમે અમારા રબની તરફ ફરવાના છીએ[૨] ઈલાહી ! અમે તારાથી અમારા સફરમાં ભલાઈ પર પરહેઝગારી અને તારા પસંદીદા અમલની તૌફીક માગીએ છીએ[૩] હે અલ્લાહ ! અમારા પર આ સફરને આસન કરી દે અને તેની લંબાઈ સમેટી લે[૪] હે અલ્લાહ ! તું જ સફરમાં

السَّفَرِ وَكَآبَةِ الْمَنْظَرِ وَسُوءِ الْمُنْقَلَبِ فِي الْمَالِ والأهلِ ". وإذا رجعَ قالَهنَّ وزادَ فيهِنَّ: «آيِبُونَ تائِبُونَ عابِدُونَ لربِّنا حامدون» . رَوَاهُ مُسلم

સાથી છે અને ઘરબારમાં વાલી છે[૫] હે અલ્લાહ ! હું તારી પનાહ માગુ છું સફરની તકલીફોથી અને બુરા ઈન્તેઝારથી, બુરી વાપસીથી માલ તથા ઘરબારમાં[૬] જ્યારે પરત થતા તો પણ આવું જ કહેતા. આ કલમાઓમાં અધિક વધારી આપતા, અમે પરત થનારા, તૌબા કરનારા, રબના પનાગો (પ્રશંસક) છીએ[૭]. (મુસ્લિમ)

૧. કેમ કે ઊંટ વગેરે ઊંચી ચીજ પર સવાર થતી વખતે માણસને પોતાની ઊંચાઈ નજરે પડે છે એટલા માટે હુઝૂર ﷺ એ મોકાઓ પર રબ તઆલાની કિબ્રિયાઈ (બડાઈ) વર્ણવતા હતા. જેમ કે ટેકરો, પહાડી પર ચઢતી વખતે પણ તકબીર કહેતા હતા. અથવા એ આશ્ચર્ય પર તકબીર કહેતા કે રબ તઆલાએ આવા જાનવરને અમારા કબજામાં કરી આપ્યું, જ્યારે કે માખી, મચ્છર આપણા કબજાથી બહાર છે.

૨. આ કુર્આન શરીફની આયત છે, **એમાં આપણે આજીજી અને રબ તઆલાની રહમતનો ઈકરાર કરીએ છીએ કે ક્યાં આપણે કમજોર પાયાવાળા ઈન્સાન અને ક્યાં આ મજબૂત જાનવર ! પણ રબ તઆલાની મહેરબાની છે કે આ આપણા હુકમના તાબે છે. આ આપણી બહાદુરી નથી બલ્કે રબ તઆલાની મહેરબાની છે.** જુઓ, હરણ, નીલ ગાય બલ્કે માખી વગેરે કોઈ રીતે આપણા કાબૂમાં નથી આવતાં, જ્યારે કે તે ઊંટ તથા હાથી કરતાં કેટલાંય કમજોર છે. પછી પોતાની આખેરતનો પણ ઉલ્લેખ કર્યો કે અમારા આ કબજા, શક્તિઓ રહેનારી નથી, અમે એક દિવસે આજિઝ થઈને તારી બારગાહમાં હાજર થઈશું, તે સમય યાદ છે. અમે ઘમંડી નથી. જિંદગીની સવારીથી પણ એક દિવસ ઉતરવુ પડશે.

નોંધ : જે કોઈ જમીનની સવારી રેલ, મોટર, હવાઈ જહાઝ (પ્લેન), ઘોડાગાડી વગેરે પર સવાર થતી વખતે આ દુઆ પઢી લે તો ઈન્શા અલ્લાહ ! દરેક આફતથી મહેફૂઝ રહેશે.

૩. સફરમાં ક્યારેક સાથી સાથે લડાઈ પણ થઈ જાય છે અને નેક અમલોમાં કમી પણ આવે છે, એટલા માટે રબ તઆલાથી બર એટલે ભલાઈની પણ તૌફીક માગી અને પરહેઝગારીની પણ. તકવો સફરનો રૂહાની તોશો (ભાથુ) છે. બર (بِر)થી મુરાદ ક્યાં તો સાથીઓ સાથે સારો વર્તાવ છે અથવા રબ તઆલાની અતા અથવા નેક અમલો, અને તકવાથી મુરાદ બદખુલ્કી (ખરાબ વર્તણૂંક), લડાઈ ઝઘડાથી અને બદઅમલોથી બચવું. યાદ રાખશો કે મહોબ્બત તથા રઝા સમાનઅર્થી છે જેવી રીતે કે ઈરાદો તથા મશિય્યત (મરજી) સમાનઅર્થી છે, પણ રઝા અને ઈરાદામાં ઘણો તફાવત છે. ماترضیٰ ઈર્શાદ થયું ન કે تریں.

૪. એટલે કે સફરમાં અમને બદની તથા રૂહાની રાહતો અતા ફર્માવ અને લાંબી સફરને ટૂંકી કરી દે. જ્યારે રબ ચાહે તો લાંબો રસ્તાને ટૂંકો કરી દે છે. ફરિશ્તા, જિન્નાત આપણા દૂર નજર ખયાલના માટે તેમજ અંબિયા અવલિયા માટે દૂર દરાઝ (લાંબા) સફર ટૂંકા થઈ જાય છે. હુઝૂર ﷺએ કરોડો માઈલ આવવાનુ જવાનુ પાર પાડયું. આ દુઆની બરકતથી ઈન્શા અલ્લાહ ! લાંબો સફર હલકો પણ થઈ જાય છે અને સફરની તકલીફથી પણ અમ્ન રહેશે.

૫. કે મારો પણ તું હાફિઝ (રક્ષક) છે, અને મારી પાછળ ઘરવાળાંઓનો વાલી તથા શરણ આપનાર છે.

૬. એટલે કે આ સફરમાં ન તો હું બુરાઈની સાથે પરત થાઉં કે ઘરવાળાં મને જોઈને ગભરાય જાય અને ન તો ઘરવાળાં કોઈ આફતમાં સપડાય કે હું પરત થતાં તે મને જોઈને ગભરાય જઉં. ઘણી જ સમૃદ્ધ દુઆ છે એમાં ચોરી,

યારી, તબાહી તથા અન્ય આકસ્મિક આ આફતોથી પનાહ માગી લેવામાં આવી.

૭. જ્યારે સફરથી ઘરની તરફ રવાના થતા ત્યારે તો اللهم انا نسئلك لك છેવટ સુધી ફર્માવતા. અને જ્યારે મદીના મુનવ્વરાની વસ્તી જોતા તો آئبون تائبون છેવટ સુધી ફર્માવતા. જેથી હદીષ પર એ વાંધો નથી કે ઘરે પહોંચીને તો સફર ખત્મ થાય છે પછી સફરની દુઆ કેમ પઢતા હતા ?

સફર વેળા આ ચીજોથી પનાહ માગો

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સરજિસથી રિવાયત છે. ફર્માવે છે, જ્યારે રસૂલુલ્લાહ ﷺ સફર કરતા તો આ ચીજોથી પનાહ માગતા હતા. સફરના નુકસાનોથી[૧] અને વાપસીની તકલીફોથી[૨] અને ભલાઈ બાદ બુરાઈથી[૩] મઝલૂમની બદ્દુઆથી[૪] અને ઘર બાર તથા માલમાં બુરાઈ જોવાથી. (મુસ્લિમ)

★ હદીષ : (૬)-૨૪૨૧ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ سَرْجِسَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا سَافَرَ يَتَعَوَّذُ مِنْ وَعْثَاءِ السَّفَرِ وَكَآبَةِ الْمُنْقَلَبِ وَالْحَوْرِ بَعْدَ الْكَوْرِ وَدَعْوَةِ الْمَظْلُومِ وَسُوءِ الْمَنْظَرِ فِي الْأَهْلِ وَالْمَالِ. رَوَاهُ مُسلم

૧. وعثٌ عثاء થી બન્યું નુકસાનના અર્થમાં અથવા તકલીફ જે રબના ઝિક્ર તથા આખેરતની ફિકરથી રોકી દે. કેમ કે **સફર એટલે દોઝખનો ટુકડો** છે, એના માટે આ દુઆ કરતા.

૨. એ રીતે કે જ્યારે ઘરે પાછો આવું તો કોઈ નુકસાનકર્તા ચીજ ન જોઉં. એ જ પ્રમાણે જ્યારે દુનિયાની સફરથી આખેરતના વતનની તરફ પાછો જાઉં તો કોઈ મુસીબત ન ઉઠાવું. આ દુઆમાં આ આયતની તરફ નિર્દેશ છે : وَ سَيَعْلَمُ الَّذِيْنَ ظَلَمُوْۤا اَیَّ مُنْقَلَبٍ یَّنْقَلِبُوْنَ۠ (અને હવે જાણવા ચાહે છે જાલિમ કે ક્યા પાસા પર પલટો ખાશે. *—સૂરએ શૂરા, ૨૬/૧૨૭)*

૩. كور (કોર) અમામાના પેચ (આંટા)ને કહે છે અને حور એટલે એના વચ્ચેનું ખુલી જવું. એટલે વધારા પછી નુકસાન. સુધારણા બાદ બગાડ, ભેગુ થયા બાદ વિખેરાવું, જમાઅત હોવા બાદ અલગ થઈ જવું, આરામ બાદ તકલીફ, ભલાઈના બાદ બુરાઈ, અડગતા પછી બદલાઈ જવું એ સૌથી તારી પનાહ રબ તઆલા ફર્માવે છે : اِذَا الشَّمْسُ كُوِّرَتْ۪ (જ્યારે તડકો લપેટાઈ જાય. —સૂરએ તકબીર, ૮૧/૧) અને ફર્માવે છે : يُكَوِّرُ الَّيْلَ عَلَى النَّهَارِ (રાતને દિવસ પર લપટે છે. —સૂરએ ૩૯/૫) સૂફીઓ ફર્માવે છે કે પ્રગતિ બાદ પડતી, તૌબાના બાદ ગુનોહ, ઝિક્રના બાદ ગફલત, હાજરી બાદ ગાયબ થઈ જવું, એ સૌથી પનાહ *(લમ્આત, મિર્કાત મઅ ઝિયાદત)*

૪. કેમ કે સફરમાં સાથીઓ સાથે ઝઘડા પણ થઈ જાય છે. ખાસ કરીને અરબમાં પાણી પર અને ક્યારેક એ ઝઘડાઓમાં જુલ્મ પણ થઈ જાય છે. એટલા માટે સફરના મોકાઓ પર મઝલૂમની બદ્ દુઆથી ખાસ કરીને પનાહ માગવામાં આવી. મઝલૂમની બદ્ દુઆ અને કબૂલિયત દરમિયાન આડ નથી.

''હઝરત ખૌલા બિન્તે હકીમથી[૧] ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા, જે કોઈ મંઝિલ પર ઉતરે તો એવું કહી લે, હું અલ્લાહના પૂરા તથા કામિલ કલમાની પનાહ અને સર્વ મખ્લૂક્ની બુરાઈથી[૨]. તો એ મંઝિલથી કૂચ કરતી વખતે તેને કોઈ ચીજ ન આપશે[૩]. (મુસ્લિમ)

★ હદીષ : (૭)-૨૪૨૨ ★

وَعَن خَوْلَةَ بِنْتِ حَكِيمٍ قَالَتْ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: " مَنْ نَزَلَ مَنْزِلًا فَقَالَ: أَعُوذُ بِكَلِمَاتِ اللَّهِ التَّامَّاتِ مِنْ شَرِّ مَا خَلَقَ لَمْ يَضُرَّهُ شَيْءٌ حَتَّى يرحل من مترله ذَلِك ". رَوَاهُ مُسلم

૧. આપ હઝરત ઉષ્માન ઈબ્ને મઝઊનનાં પત્ની છે. અતિશય નેક અને આલિમા હતાં, આપનાથી કેવળ એક આ જ હદીષ નકલ થયેલ છે.

૨. આ કલમાથી મુરાદ ક્યાં તો કુર્આન કરીમ છે અથવા સર્વ આસ્માની કિતાબો અથવા અસ્માએ ઈલાહિયા અથવા રબના કલામે નફસી અથવા એનો ઈલ્મ અથવા તેના ફૈંસલા. તામથી મુરાદ નુકસાન તથા અયબથી પાક. સૂફીઓ ફર્માવે છે કે كلمات الله (કલિમાતુલ્લાહ) હુઝૂર ﷺ છે, કેમ કે તેમની દરેક વાત વહીએ ઈલાહી છે. ઈસા عليه السلام **કલિમતુલ્લાહ** છે અને મૂસા عليه السلام **કલીમુલ્લાહ** છે. અને આપણા હુઝૂર **કલિમાતુલ્લાહ** છે. મખ્લૂક્થી તે મખ્લૂક્ મુરાદ છે જેનાથી બુરાઈ થઈ શકે. એમાં આપણો નફ્સ પણ સામેલ છે, અન્ય ચીજો પણ.

૩. અરબના કાફિરો સફરની મંઝિલોમાં ઉતરતી વખતે કહેતા હતા કે અમે આ જંગલના સરદારની પનાહ લઈએ છીએ, એટલે જિન્નાતની. અલ્લાહના મહબૂબે તો આપણને એના બદલામાં આ દુઆ શીખવાડી. આ દુઆ સફર તથા ઉતારે હમેશાં જ સવાર સાંજ પઢયા કરો, ઝેરીલી ચીજોથી મહેફૂઝ રહેશો. ઘણી જ મજર્રબ છે.

ઝેરીલી ચીજોથી બચવાની દુઆ

★ **હદીષ : (૮)-૨૪૨૩** ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: جَاءَ رَجُلٌ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ مَا لَقِيتُ مِنْ عَقْرَبٍ لَدَغَتْنِي الْبَارِحَةَ قَالَ: " أَمَا لَوْ قُلْتَ حِينَ أَمْسَيْتَ: أَعُوذُ بِكَلِمَاتِ اللَّهِ التَّامَّاتِ مِنْ شَرِّ مَا خلق لم تَضُرك ". رَوَاهُ مُسلم

"હઝરત અબૂ હુરૈરહ્ رضی الله عنه થી રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થઈને બોલ્યો, યા રસૂલલ્લાહ ! આજે રાતે મને વીછીના કરડી ખાવાથી ખૂબ જ તકલીફ પહોંચી.[૧] ફર્માવ્યું, જો તમે સાંજના સમયે આવું કહી લેત કે હું અલ્લાહના કામિલ કલમાઓની પનાહ લઉં છું તમામ મખ્લૂક્ની બુરાઈથી, તો તમને વીછી તકલીફ ન પહોંચાડી શકત[૨]." (મુસ્લિમ)

૧. ﴿ મૌસૂલા છે અને વાક્ય મુબ્તદા છે, જેની ખબર છુપી છે. એટલે મને જેટલી તકલીફ પહોંચી વર્ણવી નથી શકતો. અથવા ﴿ ઈસ્તિફ્હામિયહ છે અને ઈસ્તિફહામ આશ્ચર્યના માટે, એટલે આશ્ચર્ય છે કે મને કેટલી તકલીફ પહોંચી.

૨. એનાથી જાણવા મળ્યું કે આ દુઆ હમેશાં જ પઢવી જોઈએ. સવારના સમયે પઢી લેવાથી સાંજ સુધી ઝેરીલી ચીજોથી સલામતી રહેશે, અને સાંજે પઢી લેવાથી સવાર સુધી અમ્ન રહેશે.

★ **હદીષ : (૯)-૨૪૨૪** ★

وَعَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا كَانَ فِي سَفَرٍ وَأَسْحَرَ يَقُولُ:«سمع سامع يحمد الله وَحسن بلائه علينا وربناصَاحِبْنَا وَأَفْضِلْ عَلَيْنَا عَائِذًا بِاللَّهِ مِنَ النَّارِ».رَوَاهُ مُسلم

"તેમનાથી જ રિવાયત છે કે નબી કરીમ ﷺ જ્યારે સફરમાં હોતા અને સવાર પામતા તો આવું ફર્માવતા કે સાંભળનારાઓ સાંભળી લો કે અમે અલ્લાહની હમ્દ કરીએ છીએ તેની આપણા પર સારી નેઅમત છે[૧] હે અમારા રબ ! તું અમારો સાથી થઈ જા અને અમારા પર ફઝ્લ કર[૨]. આગથી અલ્લાહની પનાહ લઉં છું[૩]." (મુસ્લિમ)

૧. આ વાક્યની ક્રિરાઅત અને તર્જુમામાં શરહકર્તાઓએ ખૂબ જ છાનબીન કરી છે. ફકીર (લેખક) કેવળ એક

મતલબ રજૂ કરે છે. سمّع ક્યાં તો તફઈલનું ભૂતકાળ છે અથવા બાબ علم નો. અને જો કે માઝી ખબરના અર્થમાં છે. એટલે દરેક સાંભળનાર અમારી હમ્દ સાંભળી લે, અથવા દરેક સાંભળનારો અમારી હમ્દ બીજાઓને સંભળાવી દે, જેથી કાલે ક़યામતમાં ગવાહી આપે. بلاء થી મુરાદ નેઅમતો છે જે આજમાઈશ રૂપે આપણને આપવામાં આવી. અને حسن નો અતફ حمد પર છે અને અહીં ઈક़રાર છુપો છે. એટલે દરેક સાંભળનાર અમારી હમ્દ પણ સાંભળી લે અને રબ તઆલા સારી આજમાઈશ એટલે તેની નેઅમતોનો ઈક़રાર પણ સાંભળી લે કે આપણે નેઅમતોના ઈક़રારી છીએ, એના પર શાકિર છીએ. રબ તઆલા ફર્માવે છે : وَنَبْلُوْكُمْ بِالشَّرِّ وَالْخَيْرِ فِتْنَةً (અને અમે તમારી આઝમાઈશ કરીએ છીએ બુરાઈ તથા ભલાઈથી પરખવા માટે. સૂરએ અંબિયા, ૨૧/૩૫) આ અર્થો આસાન પણ છે અને બેહતર પણ. બાકી પોતાના હબીબની મુરાદને રબ જાણે. એનાથી જાણવા મળ્યું કે પોતાના ઈમાન તથા અમલ પર લોકોને બલ્કે પાણી તથા રજકણોને ગવાહ બનાવી લેવાં બેહતર છે કે કાલે ક़યામતમાં તેમની ગવાહી કામ આપશે. એ મતલબ પણ થઈ શકે છે કે سمع ખબર જ હોય અને અર્થ એ હોય કે અમારી હમ્દ ઢાંકેલી છુપાયેલી નથી બલ્કે સાંભળનારાઓએ સાંભળી છે તેઓ સારી રીતે જાણે છે.

૨. એટલે કે ઈલાહી ! તું અમારો રક્ષક તથા મદદગાર થઈ જા, અને અમારા પર તારો ફઝ્લો કરમ હમેશાં માટે રાખ.

૩. જાહેર એ છે કે આ પણ આ દુઆનો ભાગ છે અને હુઝૂર ﷺનું ફર્માન એટલે હું આગથી અલ્લાહની પનાહ લેતાં આ પ્રમાણે કહી રહ્યો છું. અને શક્ય છે કે એ રાવીનું કલામ હોય, એટલે હુઝૂર ﷺ રબની પનાહ લેતાં આ કલમા કહેતા હતા. عائذ મસ્દર નથી બલ્કે ઈસ્મે ફાઈલ જ છે.

★ હદીષ : (૧૦)-૨૪૨૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا قَفَلَ مِنْ غَزْوٍ أَوْ حَجٍّ أَوْ عُمْرَةٍ يُكَبِّرُ عَلَى كُلِّ شَرَفٍ مِنَ الْأَرْضِ ثَلَاثَ تَكْبِيرَاتٍ ثُمَّ يَقُولُ: «لَا إِلَهَ إِلَّا اللَّهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلَى كُلِّ شَيْءٍ قَدِيرٌ آيِبُونَ تَائِبُونَ عَابِدُونَ سَاجِدُونَ لِرَبِّنَا حَامِدُونَ صَدَقَ اللَّهُ وَعْدَهُ وَنَصَرَ عَبْدَهُ وَهَزَمَ الْأَحْزَابَ وَحْدَهُ»

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે જેહાદ અથવા હજ્જ અથવા ઉમરાથી પરત થતા[૧] તો દરેક ઊંચી જમીન પર ત્રણ વાર તકબીર કહેતા[૨] પછી કહેતા અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તે એકલો છે, તેનો કોઈ શરીક નથી. તેનો જ મુલ્ક છે. તેની જ તારીફ છે, તે દરેક ચીજ પર ક़ાદિર છે.[૩] અમે પરત થઈ રહ્યા છીએ, તૌબા કરીએ છીએ, ઈબાદત કરીએ છીએ, સજદા કરીએ છીએ, અમારા રબની હ़મ્દ કરીએ છીએ[૪]. અલ્લાહે પોતાનો વાયદો સાચો કરી આપ્યો પોતાના બંદાની મદદથી અને અહ़ઝાબને એકલો ભગાડી આપ્યો[૫]." (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે પોતાની દરેક સફરથી વાપસીમાં આવુ ફર્માવતા પણ કેમ કે હુઝૂર ﷺએ નબુવ્વતના એલાન બાદ સફર દુનિયા માટે કર્યા જ નથી, બલ્કે આપના આ ત્રણ પ્રકારના જ થયા એટલા માટે રાવીએ આ પ્રમાણે વર્ણવ્યું.

૨. જેથી તેની હ़મ્દ હાલના પ્રમાણે થાય, કેમ કે એ વખતે ખુદ જમીનથી ઊંચા થઈ રહ્યા હતા એટલા માટે અલ્લાહની બુલંદીનો ઝિક્ર કર્યો અને ઉતરતી વખતે રબની તસ્બીહ પઢતા હતા.

૩. આ કલમાની શરહ ઘણીવાર થઈ ચૂકી છે. આ ચોથા કલમાના શબ્દો છે અને રબ તઆલાની બેહતરીન

હ़મ્દ છે. આ મોક़ા પર એ એટલા માટે પઢવામાં આવ્યો કે જેથી માલૂમ થાય કે અમારું ભલાઈ સાથે પરત થવું રબ તઆલાની જ કુદરત છે. સૂફીઓ ફર્માવે છે કે ઈન્સાનનું મૌત આશ્ચર્ય નથી બલ્કે તેની જિંદગી આશ્ચર્ય છે કે આટલી આફતોમાં ઘેરાયેલો હોવા છતાં કેવી રીતે જીવે છે તથા કેવી રીતે હરે ફરે છે ?!

૪. એટલે કે અમે અલ્લાહના ફઝ્લથી ખૈરિયતથી અમારા વતન પરત થઈ રહ્યા છીએ. અને આ સફરમાં જે ઈબાદતોમાં ઉણપ રહી ગઈ હોય તેનાથી તૌબા કરીએ છીએ અને વાયદો કરીએ છીએ કે હમેશાં રબના આબિદ અને તેની સમક્ષ સાજિદ રહીશું. તિર્મિઝીની રિવાયતમાં سَاجِدُوْنَને બદલે سَائِحُوْنَ છે. سَائِحٌથી મુશ્તક પાણીનું વહેવું એ અર્થમાં. એટલે કે અમે હેતુની તરફ સરળતાપૂર્વક જઈ રહ્યા છીએ.

૫. એમાં ખુદાની ત્રણ નેઅમતોનું વર્ણન છે : એક ઈસ્લામના ગલબા (છવાઈ જવા)નો વાયદો કરવું છે અને તેને પૂરો કરી આપવું. બીજુ પોતાના ખાસ બંદા હુઝૂર નબી પાક ﷺની જાહેરી મદદ સહાબા થકી અને બાતિની મદદ હવાઓ તથા ફરિશ્તાઓ થકી કરી. અને ત્રીજી ગઝવએ અહઝાબ જેને ગઝવએ ખંદક़ પણ કહે છે એમાં કાફિરોના લશ્કરે જર્રાર (ખૂબ જ મોટા લશ્કર)ને તેજ હવા થકી ભગાડી મૂક્યું, નહીં તો મુસલમાન તે વખતે બચી શકતા ન હતા. કેમ કે ૧૨ હજાર કાફિરોના લશ્કરે મદીના મુનવ્વરા પર બહારથી હુમ્લો કર્યો હતો અને આ બાજુ ખુદ મદીનાના યહૂદીઓએ ક़રારભંગ કરીને મુસલમાનોને નષ્ટ કરવાનું નિશ્ચિત કરી લીધું હતું. અંદેશો હતો કે આ મોક़ા પર મુસલમાન તે બાહય તથા આંત્રિક દુશ્મનોમાં ફસાયને એવા પીસાય જતા જેવી રીતે કે ઘંટીમાં દાણા. રબ તઆલા ખુદ ફર્માવે છે : اِذْ جَآءَتْكُمْ جُنُوْدٌ فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِيْحًا وَّ جُنُوْدًا لَّمْ تَرَوْهَا (જ્યારે તમારા પર કેટલાંક લશ્કર આવ્યાં તો અમે તેમના પર આંધી તથા તે લશ્કર મોકલ્યાં જે તમને નજર ન આવે. સૂરએ અહઝાબ, ૩૩/૯) અને શક્ય છે કે અહઝાબથી મુરાદ કાફિરોની સર્વ જમાઅતો હોય.

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ અહઝાબના દિવસે મુશ્રિકો પર બદ્દુઆ કરી. અર્ઝ કર્યું, હે અલ્લાહ ! હે કિતાબ ઉતારનાર ! જલ્દી હિસાબ લેનાર ! હે અલ્લાહ ! અહઝાબને ભગાડી મૂક ! હે અલ્લાહ ! એમને હાર આપ અને તેમને હલાવી નાખ !" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૧)-૨૪૨૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدُ اللَّهِ بْنِ أَبِي أَوْفَى قَالَ: دَعَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ الْأَحْزَابِ عَلَى الْمُشْرِكِينَ فَقَالَ: «اللَّهُمَّ مُنْزِلَ الْكِتَابِ سَرِيعَ الْحِسَابِ اللَّهُمَّ اهْزِمِ الأحزابَ اللهُمَّ اهزمهم وزلزلهم»

૧. અહઝાબ એટલે ગઝવએ ખંદકનું કાંઈક વર્ણન હમણા થઈ ચૂક્યું, કેમ કે એ મોક़ા પર અરબની સર્વ કાફિર જમાઅતો મુસલમાન પર તૂટી પડી હતી અને નબી કરીમ ﷺએ મદીના મુનવ્વરાની હિફાઝતના માટે હઝરત સલ્માન ફારસીના મશ્વરાથી શહેરની આસપાસ ખંદક (ખાઈ) ખોદાવી હતી એટલા માટે એને ગઝવએ અહઝાબ પણ કહે છે અને ખંદક પણ કહે છે. દુઆનો હેતુ એ છે કે હે મૌલા ! તું તો એવી કુદરતવાળો છે કે આસ્માનથી કિતાબો ઉતારી શકે છે, સર્વ મખ્લૂકનો હિસાબ ક़યામતમાં ચાર કલાકમાં લઈ લઈશ. તારી નજીક આ સર્વ કાફિરોને ભગાડી મૂકવા, અમને એ સૌની બુરાઈથી બચાવી લેવું શું મુશ્કેલ છે ?! હે ખુદા ! તારી કુદરત દેખાડી આપ ! તેમને ભગાડી મૂક અને અમને બચાવી લે. હુઝૂર ﷺની દુઆ શબ્દે શબ્દ ક़બૂલ થઈ કે એક તેજ હવા ચાલી જેનાથી કાફિરોના તંબૂઓ ઉડી ગયા, જાનવરો નાસી છૂટયાં અને તેમની જમાઅતો વેરવિખેર થઈ ગઈ. જો હુઝૂર ﷺ દુઆ કરી આપત કે તેમને નષ્ટ કરી દે તો એક કાફિર પણ ન બચત.

દુઆ કરાવવી સહાબાની સુન્નત

★ હદીષ : (૧૧)-૨૪૨૭ ★

وَعَن عبد الله بن يسر قَالَ: نَزَلَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى أَبِي فَقَرَّبْنَا إِلَيْهِ طَعَامًا وَوَطْبَةً فَأَكَلَ مِنْهَا ثُمَّ أُتِيَ بِتَمْرٍ فَكَانَ يَأْكُلُهُ وَيُلْقِي النَّوَى بَيْنَ أُصْبُعَيْهِ وَيَجْمَعُ السَّبَّابَةَ وَالْوُسْطَى وَفِي رِوَايَةٍ: فَجَعَلَ يُلْقِي النَّوَى عَلَى ظَهْرِ أُصْبُعَيْهِ السَّبَّابَةِ وَالْوُسْطَى ثُمَّ أُتِيَ بِشَرَابٍ فَشَرِبَهُ فَقَالَ أَبِي وَأَخَذَ بِلِجَامِ دَابَّتِهِ: ادْعُ اللَّهَ لَنَا فَقَالَ: «اللَّهُمَّ بَارِكْ لَهُمْ فِيمَا رَزَقْتَهُمْ واغفرْ لَهُم وارحمهم» . رَوَاهُ مُسلم

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બુસ્રથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ અમારા પિતા પાસે તશરીફ લાવ્યા તો અમે આપની ખિદમતમાં ખાવા તથા ખજૂરનો હલ્વો પેશ કર્યો[૧]. એમાંથી હુઝૂરે કાંઈક ખાધુ. પછી ખારેકો હાજર કરવામાં આવી તો એને ખાવા લાગ્યા અને ઠળિયા બે આંગળીઓ વચ્ચે લઈને ફેંકવા લાગ્યા[૨] કે કલમાની તથા વચ્ચેની આંગળી ભેગી કરતા, અને એક રિવાયતમાં છે કે ઠળિયા પોતાની કલમાની વચ્ચેની આંગળીની પીઠ પર નાખવા લાગ્યા. પછી પાણી લાવવામાં આવ્યું, હુઝૂરે પીધું. પછી મારા પિતાએ આપના ઘોડાની લગામ પકડીને અર્ઝ કરી, હુઝૂર ! અમારા હક્કમાં અલ્લાહથી દુઆ કરો[૩] તો ફર્માવ્યું, ઈલાહી ! જે તું એમને રોજી આપે એમાં બરકત આપ અને એમને બખ્શી આપ, એમના પર રહમ કર[૪].'' (મુસ્લિમ)

૧. મિશકાતના અમુક નુસ્ખાઓમાં رَطْبَةً છે ر ની સાથે. અમુક નુસ્ખાઓમાં وَطِيْئَةً છે, ભેગી થયેલી ખજૂરો જેમાં માખણ મળેલુ હોયના અર્થમાં. અને અમુકમાં وَطْبَةً છે, એટલે ઠળિયા કાઢેલી ખજૂરો જેને ઘી અથવા પનીર અથવા માખણથી ખાવામાં આવે. એ જ અધિક મશહૂર છે. અમુક લોકોએ કહ્યું وطب, ખજૂરના શરબતને કહે છે, પણ પ્રથમ વાત અધિક મજબૂત છે, એટલે અમે આપની ખિદમતમાં ત્રણ ચીજો પેશ કરી : ખાવા, ખજૂરનો હલ્વો અને ખારેકો. જાણવા મળ્યું કે **મહેમાનની ખિદમતના માટે ખાવા અમુક અંશે સજાવટ કરવી (વધારો કરવો) સુન્નત છે.**

૨. એટલે ખારેકો ખાઈને એના ઠળિયા એ અંદાઝથી ફેંકતા હતા કે કલમાની તથા વચ્ચેની આંગળી મિલાવી તેમની પીઠ પર લેતા અને ફેંકી દેતા. જાણવા મળ્યું કે **સહાબાએ કિરામ હુઝૂર ﷺની અદાઓને પણ યાદ રાખતા** અને એમની રિવાયત કરતા.

૩. એટલે મારા પિતા હુઝૂર ﷺને પહોંચાડવાને લગામ શરીફ પકડીને આગળ ચાલ્યા અને જ્યારે થોડેક દૂર પહોંચાડીને પરત થવા લાગ્યા તો દુઆ માટે અર્ઝ કરી. જાણવા મળ્યું કે **બુઝુર્ગોની લગામ અથવા પેંગડુ પકડવું આજીજી પ્રદર્શિત કરવા માટે સહાબાની સુન્નત છે. અને મહેમાનને વિદાય વેળા થોડેક દૂર પહોંચાડવા જવું પણ સુન્નત છે.** યાદ રાખશો કે એ સહાબીએ ખાવા ખવડાવતાં જ એ દુઆની દરખાસ્ત ન કરી કે જેથી એ દુઆ આ ખિદમતનો બદલો ન બની જાય અને ઈખ્લાસમાં ફરક ન આવી જાય. ફકીહો ફર્માવે છે કે **મહેમાનને ખાવા ખવડાવીને દુઆ ન કરાવો અને ફકીરને સદકો આપીને દુઆ ન કરાવો. તે ખુદ દુઆ કરે તો તેમની મહેરબાની.** એનાથી એ પણ જાણવા મળ્યું કે **બુઝુર્ગોથી દુઆ કરાવવી સહાબીઓની સુન્નત છે ભલે એ પોતે**

પણ બુઝુર્ગ હોય. હઝરાત સહાબાએ કિરામ અવલિયાના અવલિયા છે, પણ હુઝૂર ﷺથી દુઆ કરાવે છે.

૪. ઘણી જ જામેઅ દુઆ છે. રોજીમાં જિસ્માની રૂહાની સર્વ રોજીઓ સામેલ છે. મગફેરતથી ગુનાહોની બખ્શિશ અને રહમથી ખૈરની તૌફીક અને તેની કબૂલિયત મુરાદ છે.

(વિભાગ : ૨) الفصل الثانى

ચાંદ જોતી વખતની દુઆ

''હઝરત તલ્હા ઈબ્ને ઓબૈદુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ જ્યારે ચાંદ જોતા[૧] તો કહેતા, હે અલ્લાહ ! એને અમારા પર અમ્નો અમાન, સલામતી તથા ઈસ્લામનો ચાંદ બનાવીને ચમકાવ[૨] હે ચાંદ ! મારો અને તારો રબ અલ્લાહ છે[૩]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે.''

★ હદીષ : (૧૩)-૨૪૨૮ ★

عَن طلحةَ بنِ عبيدِ اللَّهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا رَأَى الْهِلَالَ قَالَ: «اللَّهُمَّ أَهِلَّهُ عَلَيْنَا بِالْأَمْنِ وَالْإِيمَانِ وَالسَّلَامَةِ وَالْإِسْلَامِ رَبِّي وَرَبُّكَ اللَّهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ. وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

૧. અરબીમાં પહેલી, બીજી, ત્રીજી રાતના ચાંદને ''હિલાલ'' કહે છે, પછી ''કમર'' કહે છે એટલે જ્યારે સરકાર ﷺ મહીનાનો ચાંદ પહેલીવાર જોતા તો આ દુઆ માગતા.

૨. એ રીતે કે આ ચાંદ અમારા માટે તારી આ નેઅમતો લાવ્યો હોય, અને આ મહીનામાં અમને તારી આ નેઅમતો મળે. યાદ રાખશો કે સમયો રાહતો તથા આફતોનું પાત્ર (સ્થળ) તો છે પણ ક્યારેક સબબ પણ હોય છે. જેમ કે ગરમી તથા ઠંડીનો સબબ સમય છે. નમાઝો વાજિબ થવાનો સબબ સમય છે. એ જ પ્રમાણે ક્યારેક રૂહાની હાલતોનો સબબ પણ સમય બની જાય છે. જેથી આ દુઆ પોતાના જાહેરી અર્થ પર છે, એમાં કોઈ તાવીલની જરૂરત નથી.

૩. એમાં મુશ્રિકોનો રદિયો છે જેઓ ચાંદ સૂરજને મઅબૂદ જાણીને એની પૂજા કરતા હતા. સંબોધન ચાંદને છે, સંભળાવવું મુસલમાનોને છે.

મુસીબતમાં બીમારીમાં સપડાયેલાને જોઈને પઢવાની દુઆ

''રિવાયત છે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ અને હઝરત અબૂ હુરૈરહ થી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એવો કોઈ શખ્સ નથી જે કોઈ બલામાં સપડાયેલાને જુએ[૧] તો આવુ કહી લે, 'શુક્ર છે અલ્લાહનો જેણે મને આ આફતથી બચાવ્યો જેમાં તને સપડાવ્યો અને એણે મને ઘણી બધી મખ્લૂક પર બુઝુર્ગી આપી[૨].' પણ તેને આ બલા ન પહોંચશે, જે બલા પણ હોય[૩]. (તિર્મિઝી) અને ઈબ્ને માજહએ તેને હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી, અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે અને અમ્ર ઈબ્ને દીનાર રાવી કવી (મજબૂત) નથી[૪].''

★ હદીષ : (૧૪/૧૫)-૨૪૨૯/૨૪૩૦ ★

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ وَأَبِي هُرَيْرَةَ قَالَا: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَا مِنْ رَجُلٍ رَأَى مُبْتَلًى فَقَالَ: الْحَمْدُ لِلَّهِ الَّذِي عَافَانِي مِمَّا ابْتَلَاكَ بِهِ وَفَضَّلَنِي عَلَى كَثِيرٍ مِمَّنْ خَلَقَ تَفْضِيلًا إِلَّا لَمْ يُصِبْهُ ذَلِكَ الْبَلَاءُ كَائِنًا مَا كَانَ ". رَوَاهُ التِّرْمِذِيّ

2430 -[15]وَرَوَاهُ ابْنُ مَاجَهْ عَنِ ابْنِ عُمَرَ. وَقَالَ التِّرْمِذِيُّ هَذَا حَدِيثٌ غَرِيبٌ وَعَمْرُو بْنُ دِينَارٍ الرَّاوِي لَيْسَ بِالْقَوِيّ

૧. બલા ચાહે શારીરિક હોય, જેમ કે કોઢ, આંધળાપણુ અથવા અન્ય કોઈ બીમારી અથવા માલી (આર્થિક) : જેમ કે કરજ, ગરીબી, રોજીમાં તંગી વગેરે. અથવા દીની : જેમ કે કુફ્ર, ફિસ્ક (ગુનોહ), જુલ્મ, બિદઅત વગેરે. સારાંશ કે દરેક મુસીબત માટે આ દુઆ અકસીર છે. *(લમ્આત, મિર્કાત)*

૨. આ દુઆ ખૂબ જ ધીમેથી કહે કે એ મુસીબતમાં સપડાયેલો ન સાંભળે, નહીં તો તેને રંજ થશે. (લમ્આત) પણ ફાસિક્ તથા ફાજિરને સંભળાવીને પઢે જેથી તેને બોધ મળે અને ગુનાહથી તૌબા કરે. (મિર્કાત) યાદ રાખશો આ શુક્રિયા પોતાની ખૈરિયત પર છે, ન કે તેની આફત પર. કેમ કે બીજાની મુસીબત પર ખુશ થવું સખત જુર્મ છે. કેમ કે આ દુઆ મુશ્કેલીમાં સપડાયેલાને જોઈને પઢવામાં આવશે, એટલા માટે ખિતાબની ઝમીર આવી.

૩. આ દુઆ અકસીરે આ'ઝમ છે, ઘણા લોકોએ એને અજમાવી છે. ફકીર (લેખક)નો એના પર ખુદ અમલ છે, એને ખૂબ જ મુજર્રબ પામી. દરેક મુસલમાન એને યાદ કરી લે તો ઈન્શા અલ્લાહ ! ખૂબ જ ફાયદો ઉઠાવશે.

૪. તિર્મિઝીએ આ હદીષ બે અસ્નાદોથી રિવાયત કરી. હઝરત અબૂ હુરૈરહ્ અને હઝરત સૈયદના ઉમર ઈબ્ને ખત્તાબથી પહેલી અસ્નાદને હસન અને બીજીને ઝઈફ કહી. મુત્લક્ન ઝઈફ ન કહી. અને જો ઝઈફ પણ હોત તો પણ ઉમ્મતના અમલ અને ઉમ્મતના અનુભવથી કવી બની જાત, જેમ કે બાર હજાર કલમવાળી હદીષને ઝઈફ કહેવામાં આવી છે પરંતુ અવલિયાના કશ્ફ તથા ઉમ્મતના અનુભવથી હદીષ સહીહ માનવામાં આવી. આ ઝઈફના કવી થઈ જવાની પૂરી બહષ અમારી કિતાબ "જાઅલ હક્ક" ભાગ–૨માં જુઓ.

બજારમાં જતી વેળાની દુઆ

★ હદીષ : (૧૬)-૨૪૩૧ ★

الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِي وَيُمِيتُ وَهُوَ حَيٌّ لَا يَمُوتُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلَى كُلِّ شَيْءٍ قَدِيرٌ كَتَبَ اللَّهُ لَهُ أَلْفَ أَلْفَ حَسَنَةٍ وَمَحَا عَنْهُ أَلْفَ أَلْفَ سَيِّئَةٍ وَرَفَعَ لَهُ أَلْفَ أَلْفَ دَرَجَةٍ وَبَنَى لَهُ بَيْتًا فِي الْجَنَّةِ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيبٌ وَفِي شَرْحِ السُّنَّةِ: «مَنْ قَالَ فِي سُوقٍ جَامِعٍ يباعُ فِيهِ» بدل «من دخل السُّوق»

"હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ બજારમાં દાખલ થતાં આવું કહી લે[૧] અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી. તેનો જ મુલ્ક છે, તેની જ તારીફ છે. જિંદગી તથા મૌત આપે છે. ખુદ ઝિંદા છે, જે કદી ન મરશે. તેના કબજામાં ભલાઈ છે[૨] અને તે દરેક ચીજ પર કાદિર છે[૩]. તો ***અલ્લાહ તેના માટે દસ લાખ નેકીઓ લખે છે અને તેના દસ લાખ ગુનાહ મિટાવે છે અને દસ લાખ દરજા બુલંદ કરે છે અને તેના માટે જન્નતમાં ઘર બનાવે છે[૪]*** *(તિર્મિઝી, ઈબ્ને માજહ) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે અને શરહે સુન્નહમાં આ પ્રમાણે છે[૫] કે જે ભર્યા બજારમાં જાય જ્યાં વેપાર થાય છે. (مَنْ دَخَلَ السُّوْقَ ના એવજ)[૬]*

૧. અરબીમાં બજારને سوق કહે છે કેમ કે એ سوق થી બન્યું, જવું તથા લઈ જવુંના અર્થમાં. કેમ કે લોકો બજારમાં પોતે પણ જાય છે અને પોતાના સામાન પણ લઈ જાય છે, એટલા માટે તેને سوق કહેવામાં આવે છે.

અમુકે કહ્યું કે આ ساقનું બહુવચન છે, પિંડલીના અર્થમાં. કેમ કે લોકો બજારમાં મોટાભાગે પોતાની પિંડલીઓ પર ઉભા જ રહે છે, બહુ ઓછા બેસે છે, એટલા માટે તેને سوق કહે છે. બજાર ગફલત, શૈતાનના કબજા તથા મોટાભાગે જૂઠ ધોકાની જગા છે, એટલા માટે ત્યાં જતી વખતે આ દુઆનો સવાબ પણ વધારે છે. બેહતર એ છે કે આ દુઆ ધીમેથી પઢે જેથી રિયાથી દૂર રહે અને જો એટલા માટે કાંઈક અવાજથી પણ પઢી લે કે બીજા પણ એ પઢી લે તો વાંધો નથી.

૨. જો કે બુરાઈ પણ અલ્લાહ તઆલાના કબજામાં છે પણ કેમ કે બુરાઈને અલ્લાહ તઆલાની તરફ નિસ્બત દેવામાં બેઅદબી જેવું છે એટલા માટે કેવળ ખૈરનું અહીં વર્ણન કર્યું. કહેવું એવું જોઈએ કે ખૈર રબ તઆલા તરફથી છે અને બુરાઈ મારા તરફથી.

૩. આ દુઆની બરકતથી ઈન્શા અલ્લાહ ! એ કેવળ આ મુબારક જમાઅતમાં દાખલ થઈ જશે જેનું વર્ણન આ આયતમાં છે : رِجَالٌ لَّا تُلْهِيهِمْ تِجَارَةٌ وَّلَا بَيْعٌ عَن ذِكْرِ اللهِ (એ મર્દ જેમને ગાફિલ નથી કરતો કોઈ સોદો અને ખરીદ વેચાણ અલ્લાહની યાદથી. –સૂરએ નૂર, ૨૪/૩૭) તે લોકો જેમને વ્યાપારિક કારોબાર અલ્લાહના ઝિકથી નથી રોકતો. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે શૈતાન બજારમાં જ પોતાનાં ઈંડાં, બચ્ચાં આપે છે, ત્યાં જ એના ઝંડા લાગે છે, ત્યાં જ નેવુ ટકા ગુનાહો થાય છે, એટલા માટે ત્યાં આ દુઆ પઢવી ખૂબ જ બેહતર છે. **દુકાનદાર હઝરાત જરૂર પઢી લીધા કરે, કેમ કે તેમણે મોટાભાગનો સમય ત્યાં જ રહેવાનું થાય છે. આજકાલ કચેરીઓ બજારો કરતાંય બદ્તર છે, ત્યાં પણ આ દુઆ જરૂર પઢે.** *(અઝ : મિર્કાત મઅ ઝિયાદહ)*

૪. જો બંને અલિફને ઝબર અને દરજાને પણ ઝબર પઢવામાં આવે તો અર્થ થશે હજાર. હજાર એટલે હજારો નેકીઓ. આ જ તર્જુમો અશિઅ્તુલ લમ્આ્તમાં કર્યો. અને જો પહેલા અલિફને ઝબર અને બીજા અલિફને ઝેર અને હસનાને ઝેર જ પઢવામાં આવે તો અર્થ થશે કે હજાર જગા હજાર એટલે દસ લાખ, સો હજાર એક લાખ, દસ સો હજાર દસ લાખ. બીજો અર્થ ફકીરે એટલા માટે અપનાવ્યો કે રબ તઆલાની રહમત ઘણી જ વિશાળ છે અને તેના ખજાનાઓમાં કમી નથી.

૫. શરહે સુન્નહ સાહિબે મસાબીહની કિતાબ છે જેવું કે પ્રસ્તાવનામાં વર્ણવવામાં આવ્યું.

૬. બજારની જેટલી રોનક વધારે અને ત્યાં જેટલો કારોબાર વધારે એટલા જ ત્યાં ગુનાહ વધારે, એટલા માટે આટલા પ્રમાણમાં દુઆનો સવાબ વધારે. મિર્કાતે ફર્માવ્યું કે વકૃતીબા ઈબ્ને મુસ્લિમ ખુરાસાનના બાદશાહ આ હદીષ સાંભળીને દુઆ પઢવા માટે દરરોજ બજાર જતા હતા અને આ દુઆ પઢીને પરત થઈ જતા.

સબ્રને બદલે રાહત માગવી જોઈએ

''હઝરત મઆઝ ઈબ્ને જબલથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ એક શખ્સને દુઆ માગતાં આવુ કહેતો સાંભળ્યો, ઈલાહી ! હું તારાથી પૂરી નેઅમત માગુ છું. તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું, પૂરી નેઅમત કઈ ચીજ છે ?[૧] તે બોલ્યો, આ એક દુઆ છે જેનાથી હું ભલાઈની ઉમ્મીદ કરું છું[૨] તો ફર્માવ્યું કે પૂરી નેઅમત જન્નતમાં પ્રવેશ અને આગથી નજાત છે.[૩]

★ હદીષ : (૧૭)-૨૪૩૨ ★

وَعَنْ مُعَاذِ بْنِ جَبَلٍ قَالَ: سَمِعَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَجُلًا يَدْعُو يَقُولُ: اللهُمَّ إِنِي أَسأَلُكَ تمامَ النعمةِ فَقَالَ: «أَيُّ شَيْءٍ تَمَامُ النِّعْمَةِ؟» قَالَ: دَعْوَةٌ أَرْجُو بِهَا خَيْرًا فَقَالَ: «إِنَّ مِنْ تَمَامِ النِّعْمَةِ دُخُولَ الْجَنَّةِ وَالْفَوْزَ مِنَ النَّارِ» . وَسَمِعَ رَجُلًا يَقُولُ: يَا ذَا الْجَلَالِ وَالْإِكْرَامِ فَقَالَ:

«قَدِ اسْتُجِيبَ لَكَ فَسَلْ» . وَسَمِعَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَجُلًا وَهُوَ يَقُولُ: اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ الصَّبْرَ فَقَالَ: «سَأَلْتَ اللَّهَ الْبَلَاءَ فَاسْأَلْهُ الْعَافِيَةَ» . رَوَاهُ التِّرْمِذِيّ

અને એક શખ્સને કહેતાં સાંભળ્યો, હે બુઝુર્ગી તથા ઈકરામવાળા ! તો ફર્માવ્યું, તારી કબૂલ થઈ ગઈ, હવે માગી લે.[૪] અને નબી કરીમ ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ એ એક શખ્સને એવું કહેતાં સાંભળ્યો, ઈલાહી ! હું તારાથી સબ્ર માગુ છું. તો ફર્માવ્યું કે તું આફત માગી રહ્યો છે ! અલ્લાહથી આફિયત (રાહત) માગ[૫]." (તિર્મિઝી)

૧. હુઝૂરે અન્વર ﷺનો આ સવાલ ઈમ્તેહાનના તૌર પર છે કે તારી દુઆ તો ઘણી જ પ્યારી છે ! બતાવ તેં એનો મતલબ શું સમજ્યો છે ? અને કઈ નિય્યતથી આ દુઆ માગે છે ?! જાણવા મળ્યું કે દુઆના શબ્દો પણ સારા હોવા જોઈએ અને નિય્યત પણ ઉચ્ચ હોવી જોઈએ. ત્યાં શબ્દોની સાથે નિય્યત પણ જોવામાં આવે છે.

૨. ભલાઈથી મુરાદ ઘણો જ માલ છે. એટલે સર્વ નેઅમતોથી મારી મુરાદ ઘણો જ માલ છે, રબ મને ખૂબ જ માલદાર કરી દે. ع فکر ہر کس بقدر ہمت اوست

૩. એટલે પહેલાં જ જન્નતમાં પહોંચી જવું, એ રીતે કે દોઝખમાં બિલ્કુલ ન જાય. એ તમામ નેઅમત છે. અને જો દોઝખમાં કાંઈક સજા પામીને પછી જન્નતમાં જાય તો જો કે નેઅમત તો છે પણ પ્રથમ નેઅમત તેના કરતાં ઉચ્ચ છે. યાદ રાખશો કે હુઝૂર ﷺએ من ફર્માવીને એ બતાવ્યું કે અન્ય ચીજો પણ તમામ નેઅમત છે, જેથી આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી : وَلِأُتِمَّ نِعْمَتِي عَلَيْكُمْ (અને આ એટલા માટે છે કે હું મારી નેઅમત તમારા પર પૂરી કરું. –સૂરએ બકરહ, ૨/૧૫૦) **ઈસ્લામ પર જીવવું, ઈમાન પર મરવું પણ તમામ નેઅમત છે.** મકસદ એ છે કે કેવળ માલની અધિકતા તમામ નેઅમત નથી, તો એની નિય્યત જ ન કર્યા કર બલ્કે આગથી નજાતની નિય્યત કર.

૪. અમુક લોકોએ ذو الجلال و الاكرام ને ઈસ્મે આ'ઝમ માનેલ છે. તેમની દલીલ આ હદીષ છે. એનાથી જાણવા મળ્યું કે હમ્દે ઈલાહી દુઆની કબૂલિયત માટે અકસીરે આ'ઝમ છે. પછી જેવી આ'લા હમ્દ હશે એવી જ આ'લા કબૂલિયત પણ થશે. ઈન્શા અલ્લાહ ! એ જ દુરૂદ શરીફનો હાલ છે કે જેટલા પ્રમાણમાં ઈખ્લાસની સાથે જેવું આ'લા દુરૂદ શરીફ હશે એવી જ દુઆની કબૂલિયત થશે.

૫. એટલે કે **સબ્ર તો આફત તથા મુસીબત પર હોય છે જેથી સબ્ર માગવું એ એક રીતે પોતાની આફતોને માગવું છે,** બલ્કે આફત આવી જવા પર પણ **અમુક અવલિયા અલ્લાહ સબ્ર નથી માગતા બલ્કે આફત દૂર થવાની દુઆ માગે છે.** હા ! કસોટીના સમયે સબ્ર માગે છે. જેમ કે હુઝૂરે અન્વર ﷺએ જનાબ હુસૈન رضی اللہ عنہ ની શહાદતની ખબર પણ આપી અને સબ્રની દુઆ પણ આપી. સારાંશ વિવિધ દુઆ સંજોગો પ્રમાણે માગવમાં આવશે.

મજલિસ ઉઠતાં પહેલાં પઢવાની દુઆ

★ હદીષ : (૧૮)-૨૪૩૩ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ جَلَسَ مَجْلِسًا فَكَثُرَ فِيهِ لَغَطُهُ فَقَالَ قَبْلَ أَنْ يَقُومَ: سُبْحَانَكَ اللَّهُمَّ وَبِحَمْدِكَ أَشْهَدُ أَنْ لَا إِلَهَ إِلَّا أَنْتَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કોઈ એવી જગાએ બેસે જ્યાં શોર બકોર વધારે હોય[૧] તો ઉઠતા પહેલાં આ કહી લે, પાક છે તું હે અલ્લાહ ! અને તારી હમ્દ છે[૨]. હું ગવાહી આપુ છું કે તારા સિવાય કોઈ મઅબૂદ નથી, તારાથી માફી માગુ છું અને તારી

أَسْتَغْفِرُكَ وَأَتُوبُ إِلَيْكَ إِلَّا غُفِرَ لَهُ مَا كَانَ فِي مَجْلِسِهِ ذَلِكَ ". رَوَاهُ التِّرْمِذِيّ وَالْبَيْهَقِيّ فِي الدَّعْوَات الْكَبِير

બારગાહમાં તૌબા કરું છું[૩] પણ તેની તે તમામ હરકતો માફ કરી દેવામાં આવશે જે એ મજલિસમાં થઈ[૪]." (તિર્મિઝી, બયહકી, દઅવાતે કબીર)

૧. لَغْوٌ**થી મુરાદ નિરર્થક વાતચીત જેમાં સમય વેડફાય કે એ પણ નુકસાનકર્તા ચીજ છે. અમુકે ફર્માવ્યું કે બેહૂદા વાતચીત ગલત છે જેમાં અલ્લાહનો હક્ક વેડફાય. મતલબ કે જૂઠ, ગીબત, એનાથી બહાર છે કે એ ચીજો બંદાઓના હક્કોમાંથી છે, માફ કરાવ્યા વિના માફ થશે નહીં.**

૨. આ દુઆનો માખઝ આ આયત હોઈ શકે છે : وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ حِيْنَ تَقُوْمُ ۙ (અને પોતાના રબની તારીફ કરતાં એની પાકી બોલો જ્યારે તમે ઉભા થાવ. –સૂરએ તુર, ૫૨/૪૮)

૩. એટલે આ સમય વેડફવાની કોતાહી (ખામી) અને તારી નેઅમત ઝબાનનો દુરુપયોગ કરવાની ગલતીથી તૌબા કરું છું. હું કુસૂરવાળો બંદો છું, તું માફી આપનાર રહીમ રબ છે, માફી આપી દે. سبحان કેટલી પાકીઝા દુઆ છે !

૪. બખ્શિશથી એ જ મુરાદ છે જે હમણા ઉપર વર્ણવવામાં આવ્યું કે **જેવી રીતે માલ બર્બાદ કરવો ગુનોહ છે એવી જ રીતે સમય બર્બાદ કરવો પણ ગુનોહ છે.** સમય માલ કરતાં અધિક કદરને પાત્ર છે. એ જ ગુનાહની માફી માગવામાં આવી.

સવારી પર સવાર થતાં પઢવાની દુઆ

★ હદીષ : (૧૯)-૨૪૩૪ ★

وَعَنْ عَلِيٍّ: أَنَّهُ أُتِيَ بِدَابَّةٍ لِيَرْكَبَهَا فَلَمَّا وضَعَ رِجْلَه فِي الركاب قَالَ: بسمِ اللَّهِ فَلَمَّا اسْتَوَى عَلَى ظَهْرِهَا قَالَ: الْحَمْدُ لِلَّهِ ثُمَّ قَالَ: (سُبْحَانَ الَّذِي سَخَّرَ لَنَا هَذَا وَمَا كُنَّا لَهُ مُقْرِنِينَ وَإِنَّا إِلَى رَبنَا لمُنْقلِبون)ثُمَّ قَالَ: الْحَمْدُ لِلَّهِ ثَلَاثًا وَاللَّهُ أَكْبَرُ ثَلَاثًا سُبْحَانَكَ إِنِّي ظَلَمْتُ نَفْسِي فَاغْفِرْ لِي فَإِنَّهُ لَا يَغْفِرُ الذُّنُوبَ إِلَّا أَنْتَ ثُمَّ ضَحِكَ فَقِيلَ: مِنْ أَيِّ شَيْءٍ ضَحِكْتَ يَا أَمِيرَ الْمُؤْمِنِينَ؟ قَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ صَنَعَ كَمَا صَنَعْتُ ثُمَّ ضَحِكَ فَقُلْتُ: مِنْ أَيِّ شَيْءٍ ضَحِكْتَ يَا رَسُولَ اللَّهِ؟قَالَ:" إِنَّ رَبَّكَ لَيَعْجَبُ مِنْ عَبْدِهِ إِذَا قَالَ: رَبِّ اغْفِرْ لِي ذُنُوبِي يَقُولُ: يَعْلَمُ أَنَّهُ لَا يَغْفِرُ الذُّنُوبَ غَيْرِي " رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ وَأَبُو دَاوُد

"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે આપની ખિદમતમાં સવારી માટે ઘોડો લાવવામાં આવ્યો[૧] આપે જ્યારે પેંગડામાં પણ રાખ્યો[૨] તો બિસ્મિલ્લાહ જ્યારે એની પીઠ પર બેસી ગયા તો ફર્માવ્યું, અલ્હમ્દુલિલ્લાહ[૩] પછી ફર્માવ્યું, પાક છે તે રબ જેણે એને અમારો તાબેદાર બનાવી દીધો અને અમે તેને તાબા હેઠળ ન કરી શકતા હતા. અને અમે અમારા રબની તરફ પલટનારા છીએ[૪]. પછી ત્રણવાર કહ્યું, અલ્હમ્દુલિલ્લાહ અને ત્રણવાર અલ્લાહુ અકબર. પાક છે તું, મેં યકીનન ! મારી જાન પર જુલ્મ કર્યો, તું મને બખ્શી આપ. તારા સિવાય કોઈ ગુનાહ નથી બખ્શી શકતું[૫] પછી આપ હસ્યા[૬] અર્ઝ કરવામાં આવી, હે અમીરુલ મો'મિનીન ! આપ કઈ ચીજથી હસી રહ્યા છો ? તો ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને જોયા કે આપે એ જ કર્યું જે મેં કર્યું, પછી આપ હસ્યા[૭] મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ આપ કઈ ચીજથી હસો છો ? ફર્માવ્યું કે તમારો રબ પોતાના બંદાથી ખુશ થાય છે[૮] જ્યારે તે કહે છે, ખુદાયા ! મારા ગુનાહ બખ્શી દે. રબ ફર્માવે છે, મારો બંદો જાણે છે કે મારા સિવાય કોઈ ગુનાહ બખ્શતુ નથી[૯]." (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ)

૧. શબ્દકોશની દૃષ્ટિએ دابّة દરેક જાનવરને કહે છે. રબ તઆલા ફર્માવે છે : وَمَا مِنْ دَآبَّةٍ فِي الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا (અને જમીન પર ચાલનાર કોઈ એવો નથી જેની રોજી અલ્લાહના જિમ્મે કરમ પર ન હોય. સૂરએ હૂદ, ૧૧/૬) પણ ઈસ્તેલાહ (આમબોલી)માં دابّة ઘોડાને કહે છે. એ જ અહીં મુરાદ છે. આપની ખિદમતમાં ઘોડો હાજર કરવામાં આવ્યો હતો.

૨. ركاب ઓજારના અર્થમાં. كوب જેમાં પગ રાખીને સવાર થાય છે.

૩. આ હમ્દ સવારી મળવાના શુક્રિયા પર છે. એટલે હે ખુદા ! તારો શુક્ર છે કે તેં અમારી આસાની માટે અમને સવારી બખ્શી. ઘણા લોકો મજબૂરન પગપાળા સફર કરે છે.

૪. આ કુર્આન શરીફની આયત છે, તેની શરહ હમણા વિભાગ–૧માં વર્ણન થઈ ચૂકી. ખુલાસો એ છે કે મૌલા ! આ બળવાન જાનવરોનું અમારા જેવા કમજોર ઈન્સાનોના કબજામાં આવી જવું તારી મહેરબાનીથી છે. અમે તો મચ્છર માખીને તાબે નથી કરી શક્તા. વળી અમારા પર એક એવો સમય પણ આવવાનો છે કે અમને ખુદ અમારા હાથો પગો પર પણ અખત્યાર તથા કબજો ન રહેશે, એટલે કે મૃત્યુ બાદ. અમને તે સમય યાદ છે, અમે આ નેઅમત પર ઘમંડી નથી પણ તારા શુક્ર ગુઝાર છીએ. સુબ્હાનલ્લાહ ! કેટલી સમૃદ્ધ (જામેઅ) તથા મોકાસરની દુઆ છે.

૫. મારી ખતાઓ તથા ગુનાહો છતાં તેં મને આ સવારી વગેરેની નેઅમતો બખ્શી તો મને ઉમ્મીદ છે કે તું તારા કરમથી મને માફી પણ આપી દઈશ. મેં તે જ કર્યું જે ગુનેહગાર કરે છે. તું એ જ કર જે સત્તાર તથા ગફ્ફારની શાન છે.

૬. એટલે કે મુસ્કુરાયા (સ્મિત કર્યું), અટ્ટહાસ્ય ન કર્યું. **મુસ્કુરાવું ખુશી પ્રદર્શિત કરવા માટે હોય છે, અને અટ્ટહાસ્ય દિલની ગફલતથી હોય છે એટલા માટે હુઝૂરે અન્વર ﷺ મુસ્કુરાતા ખૂબ હતા પણ અટ્ટહાસ્ય કદી ન કરતા.**

★ વાણી કે વર્તનની દરેક સુન્નત પર સવાબ ★

૭. એટલે કે હું ફૌલી (વાણીની) તથા અમલી સુન્નતો પર અમલ કરી રહ્યો છું. આ પ્રસંગે આ દુઆ માગવી ફૌલી સુન્નત છે અને એ વખતે સ્મિત કરવું અમલી સુન્નત છે. એનાથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ હુઝૂર ﷺના હાલાતની નકલ કરતા હતા, એને સવાબ સમજતા હતા. અને એ પણ જાણવા મળ્યું કે હુઝૂર ﷺની દરેક સુન્નત પર અમલ કરવો સવાબનો સબબ છે, ત્યાં સુધી કે હસવું તથા રડવું પણ.

૮. ખુલાસો એ છે કે હું હુઝૂર ﷺની મુવાફિકતમાં (એમને અનુસરવામાં) હસી રહ્યો છું અને હુઝૂર ﷺએ રબ તઆલાની મુવાફિકતમાં સ્મિત કર્યું હતું. તો આ અમલી સુન્નતે રસૂલ પણ છે અને સુન્નતે ઈલાહિયા પણ છે. રબ તઆલા આશ્ચર્ય કરવા હસવાથી પાક છે એટલા માટે ત્યાં આ શબ્દોના અર્થ થાય છે ખુશ થવું, રબ તઆલાની રઝા તથા ખુશી એની શાનને લાયક છે, અમારી રઝા તથા ખુશી આપણી હૈષિયત પ્રમાણે છે.

૯. જાણવા મળ્યું કે રબ તઆલા એ બંદાથી ખૂબ જ રાજી તથા ખુશ થાય છે જે પોતાને લાચાર તથા ગુનેહગાર જાણે અને રબ તઆલાને કાદિર તથા ગફ્ફાર જાણે. આ જ હાલ બારગાહે મુસ્તફવીનો છે કે ત્યાં પણ લાચારી પર રહમ ખૂબ થાય છે. (શેઅર)

દેખી જો બેકસી તો ઉન્હેં રહમ આ ગયા – ગભરા કે હો ગયે વો ગુનેહગારકી તરફ

યાદ રાખશો કે ગુનાહ તો અલ્લાહ તઆલા જ બખ્શે છે, પણ તેના મહબૂબ બંદાઓ શફાઅત તો કરે છે, પણ ડાયરેક્ટ ગુનાહ બખ્શતા નથી. પણ હક્કો બંદા જ માફ કરી શકે છે. હું મારું કરજ કે ખૂન માફ કરી શકુ છું, જેથી હદીષ બિલ્કુલ સ્પષ્ટ છે. જ્યાં નબી કરીમ ﷺએ લોકોના ગુનાહ અથવા કફ્ફારા માફ કરી આપ્યા તે અલ્લાહના ઈઝ્ન (હુકમ)થી હતું. આ માફીઓનાં ઘણા દષ્ટાંતો છે જે અમે અમારી કિતાબ "સલ્તનતે મુસ્તફા"માં વર્ણવેલ છે.

વિદાયગીરીની દુઆ

★ હદીષ : (૨૦)-૨૪૩૫ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا وَدَّعَ رَجُلًا أَخَذَ بِيَدِهِ فَلَا يَدَعُهَا حَتَّى يَكُونَ الرَّجُلُ هُوَ يَدَعُ يَدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَيَقُولُ: «أَسْتَوْدِعُ اللَّهَ دِينَكَ وَأَمَانَتَكَ وَآخِرَ عَمَلِكَ» وَفِي رِوَايَةٍ «خَوَاتِيمَ عَمَلِكَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَفِي روايتهما لم يذكر: «وآخر عَمَلك»

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ જ્યારે કોઈ શખ્સને વિદાય કરતા[૧] તો તેનો હાથ પકડી લેતા ખુદ તેને ન છોડાવતા ત્યાં સુધી કે તે શખ્સ જ હુઝૂર નબી કરીમ ﷺનો હાથ છોડી આપતો[૨] હું તારા દીન, તારી અમાનત અને તારો આખરી અમલ અલ્લાહને સુપ્રત કરું છું[૩] અને એક રિવાયતમાં છે ખાતમાનો અમલ (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ) આ બંનેની રિવાયતોમાં آخر عملك *નો ઉલ્લેખ નથી.*

૧. સહાબાએ કિરામ સફરમાં જતી વખતે હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં હાજર થતા અને એ બારગાહે આલીથી વિદાય થતા હતા. એ સમયનો અહીં ઉલ્લેખ થઈ રહ્યો છે. હજી પણ મદીનાના ઝાઈરીન (મુલકાતીઓ) પરત થતી વખતે આખરી સલામના માટે રોઝએ અન્વર પર હાજરી આપીને અર્ઝ કરે છે : الوداع الوداع يارسول الله افراق الفراق الفراق ياحبيب الله અમે એક વિદાયમાં કસીદો અર્ઝ કર્યો હતો જેના અમુક શેઅર આ પ્રમાણે છે : (શેઅર)

દૂર સે આયે જો પરદેસી ગુલામ – અર્ઝ કરને કો ગુલામાના સલામ
આસ્તાના સે વિદા હોતે હૈં અબ – યહ ફર્માઓ કે બુલાઓગે કબ
ચશ્મે રહમતસે ન તુમ કરયો જુદા – રખિયો અપને સાયામેં હમકો સદા

એ વખતે જે દિલનો હાલ હોય છે તે વિદાય થનારો જ જાણે છે.

બદનસે જાન નિકલતી હૈ આહ સીને સે – તેરે ફિદાઈ જબ નિકળતે હૈં મદીને સે
રોઝા અચ્છા ઝાઈર અચ્છે, અચ્છી રાતેં અચ્છે દિન – સબ અચ્છા એક રુખસતકી ઘળી અચ્છી નહીં

૨. આ હુઝૂર ﷺની બંદાનવાઝી અને શાને કરીમાના છે કે ગુલામોથી ખુદ હાથ નથી છોડાવતા. આજે પણ તે અમ ગુનેહગારોને ખુદ નથી છોડતા, અલ્લાહ તઆલા આપના કદમોથી જોડાયલા રહેવું અતા કરે. (આમીન)

૩. એટલે ખુદા તારા દીન તથા ઈમાન તથા ખાત્માની હિફાઝત કરે. સર્વ તેને સુપુર્દ (સુપરત) છે. અમાનતથી મુરાદ તો શરઈ અમલો છે. રબ તઆલા ફર્માવે છે :

إِنَّا عَرَضْنَا الْأَمَانَةَ عَلَى السَّمٰوٰتِ وَالْأَرْضِ "(બેશક ! અમે અમાનત પેશ કરી આસ્માનો તથા જમીનને છેવટ સુધી...

સૂ. અહઝાબ, ૩૩/૭૨) અથવા મુસાફરોના આપસના અખ્લાક તથા માલી મામલાઓ, કેમ કે સફરમાં કદી આપસમાં કડવાશ પણ થઈ જાય છે, એટલા માટે ખાસ કરીને એનો ઉલ્લેખ કર્યો. આ દુઆમાં બારીક નિર્દેશ એ તરફ પણ છે કે હે મદીનામાં મારી પાસે રહેનારા ! અત્યાર સુધી તો તું મારા સાયામાં હતો કે દરેક મસ્અલો મને પૂછી લેતો હતો, દરેક મુશ્કેલી મારાથી હલ કરી લેતો હતો, હવે તું મારાથી દૂર થઈ રહ્યો છે કે દરેક હાજતમાં મને પૂછી શકીશ નહીં, તો તારું દરેક કામ ખુદાને સોપ્યું છે. કેટલી પ્યારી દુઆ છે ! અને કેટલી મુબારક વિદાય ! આખિર અમલથી મુરાદ મૌતનો સમય છે, એટલે કે જો આ સફરમાં તમને મૌત આવે તો ઈમાન પર આવે, તારી જિંદગી તથા મૌત રબને હવાલે છે.

લશ્કરની વિદાય વેળા દુઆ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હતમી رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે કોઈ લશ્કરને વિદાય કરવા ચાહતા હતા તો કહેતા, હું તમારા લોકોનો દીન, તમારા લોકોની અમાનત, તમારા લોકોના આખરી અમલ અલ્લાહને સુપરત તથા હવાલે કરું છું.[૨]'' (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૧)-૨૪૩૬ ★

وَعَنْ عَبْدِ اللَّهِ الْخَطْمِيِّ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَرَادَ أَنْ يَسْتَوْدِعَ الْجَيْشَ قَالَ: «أَسْتَوْدِعُ اللَّهَ دِينَكُمْ وأمانتكم وخواتيم أعمالكُم» . رَوَاهُ أَبُو دَاوُد

૧. આપનું નામ અબૂ મૂસા અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ ઈબ્ને હસીન ઈબ્ને અમ્ર ઈબ્ને હારિષ ઈબ્ને હતમા ઈબ્ને ખશઅમ ઈબ્ને માલિક ઈબ્ને અવસ છે. ૧૭ વરસની વયે સુલહે હુદૈબિયામાં હાજર થયા હતા. અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરના જમાનામાં કૂફાના હાકિમ રહ્યા, ત્યાં જ વફાત પામ્યા.

૨. એની શરહ હમણા થઈ ચૂકી, કેમ કે અહીં પૂરા લશ્કરને વિદાય કરવાનું છે એટલા માટે બહુવચનની ઝમીર લાવવામાં આવી. જાણવા મળ્યું કે ઈસ્લામી લશ્કર જંગી સામાનની સાથે હુઝૂર ﷺની દુઆઓ પણ સાથે લેતુ હતું. મહમૂદ ગઝનવીએ જ્યારે સોમનાથ મંદિર પર હુમ્લો કર્યો હતો તો હઝરત ખ્વાજા અબુલ હસન ખિર્ક़ાનીની દુઆઓ અને એમનો જબ્બો સાથે લાવ્યો હતો. એ મુજાહિદોની તલ્વારો મહબૂબોના આસ્તાનાઓ પર તેજ થતી હતી.

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે એક શખ્સ નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો. બોલ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ હું સફરનો ઈરાદો કરી રહ્યો છું મને કાંઈ તોશો આપશો[૧] ફર્માવ્યું, અલ્લાહ તમને પરહેઝગારીનો તોશો આપે.[૨] અર્ઝ કરી, કાંઈક વધુ આપો. ફર્માવ્યું, તમારા ગુનાહ બખ્શી આપે. અર્ઝ કરી, મારાં મા બાપ ફિદા ! કાંઈ વધારે અતા કરો.[૩] ફર્માવ્યું, અલ્લાહ તમને ભલાઈ મયસ્સર કરે તમે જ્યાં પણ હોવ[૪]'' (તિર્મિઝ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે.[૫]''

★ હદીષ : (૨૨)-૨૪૩૭ ★

وَعَنْ أَنَسٍ قَالَ: جَاءَ رَجُلٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: يَا رَسُولَ اللَّهِ إِنِّي أُرِيدُ سَفَرًا فَزَوِّدْنِي فَقَالَ: «زَوَّدَكَ اللَّهُ التَّقْوَى» . قَالَ: زِدْنِي قَالَ: «وَغَفَرَ ذَنْبَكَ» قَالَ: زِدْنِي بِأَبِي أَنْتَ وَأُمِّي قَالَ: «وَيَسَّرَ لَكَ الْخَيْرَ حيثُما كُنْتَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

૧. મારા માટે એવી વિદાઈયા દુઆ કરો કે જે તોશાની જેમ દુનિયાની સફર તથા આખેરતની સફરમાં સાથે રહે અને મને તોશા (ભાથા)ની જેમ દરેક સમયે કામ લાગે. زاد તે વધારાનું ખાણુ છે જે મુસાફિરની વર્તમાન

જરૂરતથી બચેલુ આગળ જતાં કામ લાગે. રબ તઆલા ફર્માવે છે : وَتَزَوَّدُوْا فَإِنَّ خَيْرَ الزَّادِ التَّقْوٰى "(અને ભાથુ સાથે લો કે સૌથી બેહતર ભાથુ પરહેઝગારીનું છે." *સૂ. બકરહ, ૨/૧૯૭*) માલૂમ પડયું કે સહાબાએ કિરામ હુઝૂરે અન્વર ﷺને પોતાના માટે તૌશાએ દારૈન (બંને જહાનનો તોશો) સમજતા હતા અને દરેક મોકા પર આપનાથી દુઆઓ કરાવતા હતા. પોતાની દુઆઓથી સંતોષ માનતા ન હતા.

૨. એટલે કે તમને દુનિયામાં લોકો કરતાં માલદારી આપે જેથી તમે સવાલ કરવાથી બચો, અને આખેરતના માટે નેક અમલોની તૌફીક બખ્શે. ઘણી જ જામેઅ (સમૃધ્ધ) દુઆ છે.

૩. એટલે કે હજી ફકીર ઘરાયો નથી, દાતા કાંઈક અધિક મળે ! દુનિયામાં સબ્ર બહેતર, આખેરતના મામલામાં બેસબ્રી તથા લાલચ અફઝલ. (શેઅર) حاجتے نیست مرا سیر ازیں آبِ حیات ضاعف الله علی کل زمانٍ عطشی

અર્થ : આ આબે હયાત થી સેર તૃપ્ત થવાની મારી જરૂર નથી, અલ્લાહ દરેક સમયે મારી પ્યાસને ઔર વધારે

૪. એટલે કે અલ્લાહ તઆલા તમને જીવતાં મરતાં, કબ્ર હશ્રમાં એવી ભલાઈઓ અતા કરી આપે જેનાથી તમને પૂરી કામયાબી નસીબ થાય. حيث ما كنت માં સફર, ઉતારો, જિંદગી તથા કબ્ર દરેક જગા સામેલ છે. સુબ્હાનલ્લાહ ! સાઈલની જોલી ભરી દીધી ! ન જાણે આ શબ્દો વડે હુઝૂર ﷺએ શું આપી દીધું અને સાઈલે શું શું લઈ લીધું, એ તો આપનાર તથા લેનાર જાણે.

૫. એને હાકિમે પોતાની મુસ્તદરકમાં પણ રિવાયત કરી.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ સફરનો ઈરાદો કરી રહ્યો છું, મને કાંઈક વસિયત કરો[૧] અલ્લાહનો ખૌફ ગાંઠે વાળી લો અને દરેક ઊંચાઈ પર તકબીર કહો[૨] જ્યારે એ શખ્સે પીઠ ફેરવી તો ફર્માવ્યું, ઈલાહી ! એના માટે દૂરી લપેટી દે[૩] અને એના પર સફર આસાન કર[૪]" (તિર્મિઝી)

★ હદીષ : (૨૩)-૨૪૩૮ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: إِنَّ رَجُلًا قَالَ: يَا رَسُولَ اللَّهِ إِنِّي أُرِيدُ أَنْ أُسَافِرَ فَأَوْصِنِي قَالَ: «عَلَيْكَ بِتَقْوَى اللَّهِ وَالتَّكْبِيرِ عَلَى كل شرف» . قَالَ: فَلَمَّا وَلَّى الرَّجُلُ قَالَ: «اللَّهُمَّ اطْوِ لَهُ الْبعد وهون عَلَيْهِ السّفر» . رَوَاهُ التِّرْمِذِيّ

વસિયતનો ઈસ્તેલાહી તથા શાબ્દિક અર્થ

૧. જેના પર હું સફરમાં અમલ કરતો રહું. વસિયત જો કે મરતી વખતની વાતને કહે છે જેનો સંબંધ મૃત્યુ બાદ હોય, પણ ક્યારેક તાકીદી હુકમને પણ વસિયત કહેવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : يُوْصِيْكُمُ اللّٰهُ فِيْٓ اَوْلَادِكُمْ ۗ (અલ્લાહ તમને હુકમ આપે છે તમારી ઔલાદના બારામાં. સૂ. નિસાઅ, ૪/૧૧) અને કોઈ આખરી હુકમને પણ. અહીં બંનેવ અર્થો બની શકે છે, એટલે કે મને તાકીદી નસીહત કરી આપો, અથવા આખરી નસીહત કરી દો, કેમ કે હવે હું બારગાહે આલીથી રુખસત થઈ રહ્યો છું, ન માલૂમ હવે હાજરી નસીબ થાય કે ન થાય !

૨. એટલે **દરેક જગાએ દરેક હાલમાં ખુદાનો ખૌફ દિલમાં રાખો** કે આ તમામ નેકીઓ માટે અને ગુનાહોથી બચવાનું મૂળ છે. અને **સફર દરમ્યાન જ્યારે કોઈ ટેકરા કે પહાડી પર ચઢો તો અલ્લાહુ અકબર કહી લો.** સારાંશ કે દિલ તથા ઝબાન બંનેની વ્યવસ્થા કરી આપી. ચઢતી વખતે તકબીર કહેવાની હિકમતો હમણા થોડાક પહેલાં વર્ણન થઈ ચૂકી છે.

૩. એ રીતે કે લાંબો સફર તેને ટૂંકો લાગે અથવા ખરેખર લાંબુ અંતર તેના માટે ટૂંકુ થઈ જાય. અવલિયાની કરામતો અને અંબિયાના મોજિઝામાંથી એ પણ છે કે તેમના માટે જમીન લપેટાય જાય છે. કુર્આને કરીમ ફર્માવી રહેલ છે કે હઝરત આસિફ બર્ખિયા બિલ્કીસના તખ્તને પાપણ ઝપકતાં પહેલા યમનથી શામમાં લઈ આવ્યા કે ગયા પણ અને પરત પણ આવી ગયા ! કુર્આન કરીમ ફર્માવે છે. اَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ يَّرْتَدَّ اِلَيْكَ طَرْفُكَ (કે હું તેને હુઝૂરમાં હાજર કરીશ એક પળ ઝપકતાં પહેલાં સૂ. નમ્લ, ૨૭/૪૦)

૪. આ તઅમીમ, તખ્સીસ પછી છે, એટલે કે તે નેઅમત પણ આપ અને દરેક રીતે તેને આસાની ફર્માવ.

રાત્રે સફર કરતી વેળાની દુઆ

★ હદીષ : (૨૪)-૨૪૩૯ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا سَافَرَ فَأَقْبَلَ اللَّيْلُ قَالَ: «يَا أَرْضُ رَبِّي وَرَبُّكِ اللَّهُ أَعُوذُ بِاللَّهِ مِنْ شَرِّكِ وَشَرِّ مَا فِيكِ وَشَرِّ مَا خُلِقَ فِيكِ وَشَرِّ مَا يَدِبُّ عَلَيْكِ وَأَعُوذُ بِاللَّهِ مِنْ أَسَدٍ وَأَسْوَدَ وَمِنَ الْحَيَّةِ وَالْعَقْرَبِ وَمِنْ شَرِّ سَاكِنِ الْبَلَدِ وَمِنْ والدٍ وَمَا ولد» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે રાતથી પહેલાં સફર કરતા તો ફર્માવતા, હે જમીન ! તારો અને મારો રબ અલ્લાહ છે[૧] હું તારી અને તારી અંદરની ચીજોની, અને જે કાંઈ તારામાં પેદા કરવામાં આવેલ છે તેની, અને જે તારા પર ચાલે છે તેની બુરાઈથી અલ્લાહની પનાહ માગુ છું[૨] હું સિંહથી, કાળા સાપથી, સામાન્ય સાપોથી અને વીછીઓથી અને શહેરમાં રહેનારાઓની બુરાઈથી, અને દરેક જણનાર અને શહેરમાં રહેનારાઓની બુરાઈથી, અને દરેક જણનાર અને જણેલાની બુરાઈથી અલ્લાહની પનાહ માગુ છું.[૩]''

(અબૂ દાઉદ)

૧. હક્ક એ છે કે હુઝૂરે અન્વર ﷺથી સર્વ વનસ્પતિ, પથ્થર વાત પણ કરે છે, અને હુઝૂર ﷺની નિદા (પોકાર) તથા વાતને સાંભળે પણ છે જેથી હુઝૂરે અન્વર ﷺનું જમીનને આ સંબોધન કરવું હકીકત પર આધારિત છે. રબ તઆલાએ જમીન તથા આસ્માનથી આ પ્રમાણે સંબોધન કર્યું હતું. يٰٓاَرْضُ ابْلَعِيْ مَآءَكِ وَيٰسَمَآءُ اَقْلِعِيْ (હે જમીન ! તારુ પાણી ગળી જા ! અને હે આસ્માન ! થોભી જા ! (સૂ. હૂદ, ૧૧/૪૪) હુઝૂરે અન્વર ﷺ નાઈબે જનાબે કિબ્રિયા છે, જમીન તથા આસ્માન હુઝૂર ﷺનું કલામ સાંભળે છે અને આપનું આજ્ઞાપાલન કરે છે. (અઝ : મિર્કાત) રબ તઆલા ફર્માવે છે : فَسَخَّرْنَا لَهُ الرِّيْحَ تَجْرِيْ بِاَمْرِهٖ (તો અમે હવા એના વશમાં કરી દીધી કે એના હુકમથી નરમ નરમ ચાલે જ્યાં તે ચાહે. સૂ. સાદ, ૩૮/૩૬) અમે હવાને હઝરત સુલૈમાનના માટે કબજામાં તથા તાબે કરી આપી કે હવા આપના હુકમથી ચાલતી હતી.

૨. જમીનની બુરાઈ ધરતીકંપ, ધસવું, પડી જવું, રસ્તો ભૂલી જવું વગેરે છે, અને જમીનની બહારની બુરાઈ પાણીનું પુર, સખત ગરમી, સખત ઠંડી વગેરે. જમીનના મખ્લૂકાતની બુરાઈ અંદરના કીડા મકોડા વગેરે છે કે સફરમાં એના કારણે દુર્ઘટના ઘણી બને છે.

૩. જો કે આ ચીજો પણ જમીનમાં ચાલવાવાળાઓમાં સામેલ હતી, પરંતું કેમ કે તેમની બુરાઈ ખાસ કરીને

મુસાફિરને ખૂબ જ અધિકતર પહોંચે છે એટલા માટે ખાસ કરીને તેનુ વર્ણન કર્યું. અમુક લોકોએ વાલિદથી મુરાદ ઈબ્લીસ અને વલદથી તેમની પ્રજા (ઔલાદ) લીધેલ છે, પણ બેહતર એ છે કે એને આમ (સામાન્ય) રાખવામાં આવે. (લમ્આત) કેમ કે મુસાફિર તથા અજનબીને શહેરમાં ચોર તથા ઉઠાવગીરોથી પણ ખૂબ જ તકલીફ રહે છે.

જેહાદના સમયની દુઆ

★ હદીષ : (૨૫)-૨૪૪૦ ★

وَعَنْ أَنَسٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا غَزَا قَالَ: «اللَّهُمَّ أَنْتَ عَضُدِي وَنَصِيرِي بِكَ أَحُولُ وَبِكَ أَصُولُ وَبِكَ أُقَاتِلُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે જેહાદ કરતા તો કહેતા, ઈલાહી ! તું મારા બાઝૂની કુવ્વત છે, મારો મદદગાર છે, તારા ભરોસાથી જ સામનો કરું છું, તારી મદદ પર હુમ્લો કરું છું, તારી ઉમ્મીદથી જેહાદ કરું છું.[૧]"

(તિર્મિઝી, અબૂ દાઉદ)

૧. احول حولٌથી બન્યું, દુશ્મનના ધોકાને ફેરવી દેવો અથવા બુરાઈથી અચ્છાઈ તરફ ફરી જવું. એટલે કે ઈલાહી ! હું દુશ્મનના મુકાબલામાં મારી શક્તિ, ફોજ, હથિયારોના ભરોસા પર નથી આવ્યો, આ કેવળ સબબો છે, ભરોસો તારા પર છે. તું ચાહે તો અબાબીલથી હાથી મરવી નાખે, કમજોર મુસલમાનથી મજબૂત કાફિરોને તબાહ કરી દે, બે બાળકો થકી અબૂ જહલને ઠેકાણે લગાડી દે. આ તે ચીજ છે જે કાફિરોની પાસે નથી અને મુસલમાન એની જ બરકતથી ફતહ પામે છે.

★ હદીષ : (૨૬)-૨૪૪૧ ★

وَعَنْ أَبِي مُوسَى: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا خَافَ قَوْمًا قَالَ: «اللَّهُمَّ إِنَّا نَجْعَلُكَ فِي نُحُورِهِمْ وَنَعُوذُ بِكَ من شرورهم» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد

"હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ જ્યારે કોઈ કૌમથી ખતરો અનુભવતા[૧] તો કહેતા, હે અલ્લાહ ! અમે એમના મુકાબલામાં તને કરીએ છીએ[૨] અને તેમની બુરાઈથી તારી પનાહ લઈએ છીએ[૩]" (અહમદ, અબૂ દાઉદ)[૪]"

૧. એ રીતે કે આપને જાણ થતી કે ફલાણી કોમ અમારી વિરૂધ્ધ સાઝિશ અથવા જંગી તૈયારી કરી રહી છે. યાદ રાખશો કે ડર ઘણી જાતનો છે. આજ્ઞાપાલન (ઈતાઅત) તથા બંદગીનો ખોફ કેવળ રબ તઆલાનો જ હોવો જોઈએ અને નફસનો ખૌફ શૈતાન વગેરે દુશ્મનોથી, ખૌફ ખતરનાક તકલીફના અર્થમાં દરેક ખતરનાક ચીજથી હોય શકે છે. મૂસા عليه السلام ને વાદીએ સીનામાં સાપથી ખૌફ થયો, આપે ફિરઔનથી ખૌફ કર્યો, એ બનાવો આ આયતની વિરૂધ્ધ નથી : لَا خَوْفٌ عَلَيْهِمْ (સાંભળી લો ! બેશક ! અલ્લાહના વલીઓ પર ન કાંઈ ખૌફ છે, ન કાંઈ ગમ. સૂ. યૂનુસ, ૧૦/૬૨) કે ત્યાં ઈતાઅતનો ખૌફ મુરાદ છે, તેની જ નફી (નકાર) છે. અને ખતરાના અર્થમાં.

૨. نحر છાતીને પણ કહે છે અને જાનવર ઝબહ કરવાને પણ કહે છે. فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ (તો તમે તમારા રબના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો. સૂ. કૌષર, ૧૦૮/૨) કેમ કે દુશ્મનના મુકાબલામાં છાતી કાઢીને જ ઉભા રહે છે. આ મુકાબલાને આ શબ્દ વડે તાબીર કર્યો. તેમજ એમાં નેક ફાલ પણ છે કે, હે ખુદા ! દુશ્મનને ઝબહ કરી દે કે એ અમારા મુકાબલાના લાયક જ ન રહે.

૩. એટલે કે અમારા અને દુશ્મનની બુરાઈ વચ્ચે તું આડ બની જા જેથી તેમની બુરાઈ અમારા સુધી ન પહોંચી

શકે. આ દુઆ ખૂબ જ મુજર્રબ (અજમાવાએલી) છે. એક દુશ્મનના મુક़ાબલામાં પણ કામ આવે છે અને ઘણા જ દુશ્મનોના મુક़ાબલામાં પણ. ફક़ીર (લેખક) એનો આમિલ છે, અને એની બરકતથી દુશ્મનોની બુરાઈથી મેહફૂઝ છે.

★ બંદાઓથી મદદ માગવી સુન્નત છે ★

૪. એને નિસાઈ, ઈબ્ને હબ્બાન અને હાકિમે પણ રિવાયત કરી. હિસ્ને હસીન શરીફમાં છે. દુશ્મનના ભયના વખતે لِإِيلٰفِ قُرَيْشٍ પઢવી ખૂબ જ અમાન છે. ઈમામ નવવીએ કિતાબુલ અઝકારમાં ફર્માવ્યું કે لِإِيلٰفِ ઘણા અવલિયા અલ્લાહે અજમાવેલી છે ઘણી જ મુજર્રબ છે. હઝરત ઝયદ ઈબ્ને અલી અન ઉત્બા ઈબ્ને ગઝવાન અન્નબી ﷺ રિવાયત. તેમજ હિસ્ને હસીન શરીફમાં એને નકલ કરી કે જ્યારે મદદની જરૂરત હોય તો, ખાસ કરીને સફરમાં તો કહે : يَا عِبَادَاللّٰهِ اَعِيْنُوْنِيْ "હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો" ઈન્શા અલ્લાહ ! ઘણા જ જલ્દી મદદ પહોંચશે, કે અમુક અલ્લાહના ગયબી બંદાઓ એના માટે નિયુક્ત છે. મિર્ક़ાતે અહીં ફર્માવ્યું કે આ હદીષ يا عباد الله હસન હદીષ છે અને મશાઈખની અજમાવાએલી, મુસાફરોને એની ઘણી જ જરૂરત છે. જાણવા મળ્યું કે **અલ્લાહના બંદાઓને મદદ માટે પોકારવું પણ સુન્નત છે અને તેમનાથી મદદ લેવી પણ સુન્નત છે, એ શિર્ક નથી.**

ઘરેથી નીકળવાની દુઆ

"હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે કે નબી કરીમ ﷺ જ્યારે પોતાના ઘરેથી નીકળતા તો કહેતા, અલ્લાહના નામથી શરૂ[1] અલ્લાહ પર ભરોસો કરું છું. હે ખુદા ! અમે તારી પનાહ માગીએ છીએ એનાથી કે અમે ફસકાઈ જઈએ કે બહેકીએ[2] અથવા સતાવીએ કે સતાવવામાં આવીએ અથવા જેહાલત કરીએ અથવા અમારા પર જેહાલત કરવામાં આવે.[3] (અહમદ, તિર્મિઝી, નિસાઈ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ સહીહ છે. અબૂ દાઉદ, ઈબ્ને માજહની રિવાયત આ પ્રમાણે છે કે ઉમ્મે સલમા ફર્માવે છે કે મારા ઘરથી રસૂલુલ્લાહ ﷺ કદી ન નીકળ્યા પણ આસ્માનની તરફ નિગાહ ઉઠાવેલ[4] પછી કહેતા, ઈલાહી ! હું તારી પનાહ લઉં છું એનાથી કે બહેકું અથવા બહેકાવવામાં આવવું અથવા જુલ્મ કરું કે સતાવવામાં આવું અથવા જેહાલત કરું કે મારા પર જેહાલત કરવામાં આવે.[5]"

★ હદીષ : (૨૭)-૨૪૪૨ ★

وَعَنْ أُمِّ سَلَمَةَ رَضِيَ اللَّهُ عَنْهَا أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا خَرَجَ مِنْ بَيْتِهِ قَالَ: «بِسْمِ اللَّهِ تَوَكَّلْتُ عَلَى اللَّهِ اللَّهُمَّ إِنَّا نَعُوذُ بِكَ مِنْ أَنْ نَزِلَّ أَوْ نَضِلَّ أَوْ نَظْلِمَ أَوْ نُظْلَمَ أَوْ نَجْهَلَ أَوْ يُجْهَلَ عَلَيْنَا» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ وَفِي رِوَايَةِ أَبِي دَاوُدَ وَابْنِ مَاجَهْ قَالَتْ أُمُّ سَلَمَةَ: مَا خَرَجَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ بَيْتِي قَطُّ إِلَّا رَفَعَ طَرْفَهُ إِلَى السَّمَاءِ فَقَالَ: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ أَنْ أَضِلَّ أَوْ أُضَلَّ أَوْ أَظْلِمَ أَوْ أُظْلَمَ أَوْ أَجْهَلَ أَو يجهل عَلَيّ»

૧. એટલે કે આ નીકળવાની શરૂઆત અલ્લાહના નામથી કરું છું કે જેથી નીકળવું બરકતવાળુ થાય.

૨. વિના ઈરાદે ગુનોહ થઈ જવો બેઈજ્જતી છે અને ઈરાદાપૂર્વક જાણી જોઈને ગુનોહ કરવો ગુમરાહી છે અથવા સગીરા બેઈજ્જતી છે અને કબીરા ગુમરાહી છે. અથવા અમલી ગલતી બેઈજ્જતી છે અક़ીદાની ગલતી

ગુમરાહી છે. કેમ કે ઘરથી બહાર નીકળીને દરેક પ્રકારના લોકોનો સામનો થાય છે, સારાઓ સાથે બુરાઓ સાથે પણ એટલા માટે એ મોક़ા પર આ દુઆ ખૂબ જ મુનાસિબ છે. એટલે હે અલ્લાહ ! ગુનાહો, બદ અક़ીદગીઓથી તું જ મને બચાવજે, હવે દરેક પ્રકારના લોકો સાથે મારે મળવાનું છે. યાદ રાખશો કે દુઆઓ ઉમ્મતની તાલીમના માટે છે.

૩. બંદાઓના હક્કો મારવા જુલ્મ છે, અને અલ્લાહના હક્કો વેડફવા જેહાલત છે. એટલે હે ખુદા ! ન તો હું કોઈનો હક્ક़ મારું ન કોઈ મારો હક્ક़ મારે, અને ન હું તારા હક્કમાં ઉણપ વર્તુ ન કોઈ મારાથી ઉણપ કરાવે. આ વાક્યની અન્ય ઘણી તફસીરો છે. દીનની સલામતી એમાં છે કે ઈન્સાન ન જાલિમ હોય ન મઝલૂમ, ન જાહિલ હોય ન મજહૂલ. *(અશિઅ़હ મઅ ઝિયાદત)*

૪. સૂફીઓ ફર્માવે છે કે કા'બા ઈબાદતનો क़िબ્લો છે અને આસ્માન હાજતોનો क़िબ્લો છે કે સૌની શારીરિક તથા રૂહાની રોજી આસ્માનથી જ આવે છે, એટલા માટે દુઆના સમયે આસ્માનની તરફ હાથ ઉઠાવવા ફેલાવવા એ તરફ જોવું બેહતર છે. રબ તઆલા ફર્માવે છે : وَفِي السَّمَآءِ رِزْقُكُمْ وَمَا تُوْعَدُوْنَ (અને આસ્માનમાં તમારી રોજી છે અને જે તમને વાયદો આપવામાં આવે છે. સૂ. ઝારિયાત, ૫૧/૨૨) આ નજર ઉઠાવવાનો મક़સદ એ નથી કે રબ તઆલા આસ્માનમાં રહે છે ! તે દરેક જગા દિશાથી પાક છે. દરેક વખતે અમારી સાથે છે : وَهُوَ مَعَكُمْ اَيْنَ مَا كُنْتُمْ (અને તે તમારી સાથે છે તમે ક્યાં પણ હોવ. સૂ. હદીદ, ૫૭/૪)

૫. બંનેવ આયતોમાં મોટો ફરક નથી, લગભગ એક સરખી છે. મિર્क़ાતે અહીં ફર્માવ્યું કે અમે લોકોની સાથે મળીને ક્યારેક તો દીની મામલામાં ગલતી કરી જઈએ છીએ કે અક़ીદા વિરૂધ્ધ વાતો મોઢેથી નીકળી જાય છે. ક્યારેક દુનિયવી મામલામાં અથવા એ રીતે કે કોઈના પર ઝિયાદતી (જુલ્મ) કરી બેસીએ છીએ, અથવા એ રીતે કે સાથીની સોહબતનો હક્ક़ અદા નથી કરતા. આ દુઆમાં આ ત્રણેવ ચીજોથી પનાહ માગવામાં આવી છે.

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ, જ્યારે કોઈ શખ્સ પોતાના ઘરેથી નીકળે[૧] તો કહી લે, અલ્લાહના નામથી, મેં અલ્લાહ પર ભરોસો કર્યો, અલ્લાહ વિના ન શક્તિ છે ન કુવ્વત[૨] ત્યારે એને કહેવામાં આવે છે તને હિદાયત તથા કિફાયત આપવામાં આવી અને તને મેહફૂઝ કરી દેવામાં આવ્યો.[૩] પછી શૈતાન દૂર ભાગી જાય છે અને તેને બીજો શૈતાન કહે છે, તારે એ શખ્સથી શું સંબંધ છે, જેને હિદાયત તથા હિફાઝત આપવામાં આવી અને જે મેહફૂઝ કરવામાં આવ્યો.[૪]'' (અબૂ દાઊદ) અને તિર્મિઝીએ لہ الشیطان *સુધી.*

★ હદીષ : (૨૮)-૨૪૪૩ ★

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا خَرَجَ الرَّجُلُ مِنْ بَيْتِهِ فَقَالَ: بِسْمِ اللَّهِ تَوَكَّلْتُ عَلَى اللَّهِ لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ يُقَالُ لَهُ حِينَئِذٍ هُدِيتَ وَكُفِيتَ وَوُقِيتَ فَيَتَنَحَّى لَهُ الشَّيْطَانُ وَيَقُولُ شَيْطَانٌ آخَرُ: كَيْفَ لَكَ بِرَجُلٍ قَدْ هُدِيَ وَكُفِيَ وَوُقِيَ ". رَوَاهُ أَبُو دَاوُدَ وروى التِّرْمِذِيّ إِلى قَوْله: «الشَّيْطَان»

૧ : ઘરથી મુરાદ રહેવાની જગા છે, ચાહે એ જ ઘર હોય જેમાં બીવી બચ્ચાં સાથે રહે છે, અથવા મસ્જિદનો હુજરો, ખાનકાહ વગેરે જ્યાં સૂફીઓ તલબા તથા મશાઈખ રહે છે. સારાંશ કે દરેક શખ્સ પોતાના ઠેકાણાથી નીકળ તી વખતે આ પઢી લીધા કરે.

૨ : એટલે કે અલ્લાહના નામથી નીકળતો અને પોતાને અલ્લાહને સુપરત કરતો હોય. હું કમજોર છું તે

મજબૂત છે. એના સિવાય ન કોઈનામાં શક્તિ છે ન કુવ્વત. "હૌલ" તથા "કુવ્વત"નો ખૂબ જ ઉમદા ફરક પહેલાં વર્ણન કરવામાં આવી ચૂકેલ છે. ગુનાહથી બચવાની શક્તિ "હૌલ" છે, નેકી કરવાની શક્તિ "કુવ્વત" છે. દુનિયાની ઝંઝટથી બચવાની શક્તિ "હૌલ" છે, રબ્બે ઝુલ જલાલ સુધી પહોંચવાની શક્તિ "કુવ્વત" છે. સારાં કામો કરવાની શક્તિ "હૌલ" છે અને મકબૂલ કામ કરવાની શક્તિ "કુવ્વત" છે. યાદ રાખશો કે દરેક મકબૂલ સારુ છે, પણ દરેક સારુ મકબૂલ નથી. મરદૂદ થતાં પહેલાં શૈતાનના સજદા સારા તો હતા પણ મકબૂલ ન હતા.

૩ : એટલે કે એ દુઆ પઢવા પર ગયબી ફરિશ્તો તેને સંબોધીને કહે છે કે તેં બિસ્મિલ્લાહની બરકતથી હિદાયત પામી અને તવક્કુલ અલ્લાહના વસીલાથી કિફાયત અને લાહૌલના વાસ્તાથી હિફાઝત. ત્રણ ચીજો પર ત્રણ નેઅમતો મળી. યાદ રાખશો કે ભલે આપણે ફરિશ્તાનું આ કલામ (વાત) સાંભળતા નથી પણ જ્યારે હુઝૂરે અન્વર ﷺ મારફત આ કલામ આપણા સુધી પહોંચી ગયું તો એનું કહેવું બેકાર ન ગયું. જેથી હદીષ પર એ વાંધો નથી કે જ્યારે આપણે એના પર ફરિશ્તાનું આ કલામ સાંભળતા નથી તો એનું કહેવું બેકાર છે. તેમજ ફરિશ્તાના આ કલામનો અમલી રીતે ઝહૂર પણ થઈ જાય છે કે એ બંદાને એ ત્રણેવ નેઅમતો મળી જાય છે.

૪ : એટલે કે ફરિશ્તાના આ કહી દેવા પર તેનો કરીન શૈતાન (સાથેવાળો) જે દરેક સમયે તેની સાથે રહે છે તે એનાથી ભાગી જાય છે. પછી જ્યારે સાંજે શૈતાનનો સરદાર તેનાથી દિવસભરની કામગીરીનો રિપોર્ટ લે છે તો એ કરીન શૈતાન એ બંદાની દુઆનો ઉલ્લેખ કરીને અફસોસ વ્યક્ત કરે છે કે હું આજે એને બેહકાવી ન શક્યો, ત્યારે ઈબ્લીસ તેની તસલ્લીના માટે એવું કહે છે કે તારા પર મારા તરફથી કોઈ વોર્નિંગ નથી કે તું મજબૂર હતો કે એ બંદો ફરિશ્તાના અમ્નમાં આવી ચૂક્યો હતો. એની અન્ય શરહો પણ થઈ શકે છે, પણ આ શરહ કવી (મજબૂત) છે. આ હદીષથી અમુક મસ્અલા માલૂમ પડયા : **એક** એ કે ફરિશ્તાની અમાનમાં આવી જવું અમ્નો અમાનનો ઝરીયો છે. પછી જે હુઝૂરે અન્વર ﷺની અમાનમાં આવી જાય તેનું શું કહેવું ? બીજુ એ કે ઈબ્લીસ ફરિશ્તાઓ તથા તેમની અમાન તથા હિફાઝતને જુએ છે. બદરમાં ઈબ્લીસે ઈમદાદ કરનાર ફરિશ્તાઓને જોયા હતા અને કહ્યું હતું : اِنِّیۡۤ اَرٰی مَا لَا تَرَوۡنَ (હું તે જોઉં છું જે તમને નથી દેખાતુ, સૂ. અન્ફાલ, ૮/૪૮) ત્રીજુ એ કે હુઝૂરે અન્વર ﷺથી કોઈ નારી તથા નૂરી મખ્લૂક છુપી નથી. હુઝૂરે અન્વર ﷺ ફરિશ્તા, શૈતાનોને પણ જુએ છે અને તેમની વાતો પણ સાંભળે છે. પછી આપણે ખાકી મખ્લૂક હુઝૂર ﷺથી કેવી રીતે છુપાય શકે છે.

ઘરમાં દાખલ થતી વેળાની દુઆ

★ હદીષ : (૨૯)-૨૪૪૪ ★

وَعَنْ أَبِي مَالِكٍ الْأَشْعَرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا وَلَجَ الرَّجُلُ بَيْتَهُ فَلْيَقُلْ: اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ خَيْرَ الْمَوْلِجِ وَخَيْرَ الْمَخْرَجِ بِسْمِ اللَّهِ وَلَجْنَا وَعَلَى اللَّهِ رَبِّنَا تَوَكَّلْنَا ثُمَّ لْيُسَلِّمْ عَلَى أَهْلِهِ ". رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત અબૂ માલિક અશ્અરીથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ કે જ્યારે કોઈ શખ્સ પોતાના ઘરમાં દાખલ થતી વખતે કહી લે[૧] ઈલાહી ! હું તારાથી પ્રવેશની તથા નીકળવાની ભલાઈ માગુ છું, અલ્લાહના નામથી અમે દાખલ થયા અને અમારા રબ અલ્લાહ પર અમે ભરોસો કર્યો. પછી ઘરવાળાંને સલામ કરે[૨]" (અબૂ દાઊદ)

૧. પોતાના ઘરથી મુરાદ પોતાને રહેવાનું ઘર છે, ભલે માલિકીનું હોય કે ભાડુતી, અને ભલે કાયમી હોય કે ટેમ્પરરી. જેથી જે શખ્સ મુસાફરખાનાના કોઈ રૂમમાં બીવી બચ્ચાં સાથે અથવા મિત્રો સાથે રાતભર માટે મુકીમ

હોય તે પણ દાખલ થતી વખતે આ અમલ કરે.

૨. શયખ અબ્દુલ્લાહે અશિઅ્તુલ લમ્અ્તમાં વર્ણવ્યું કે જો ઘરમાં લોકો હોય તો તેમને સલામ કરે, જો ખાલી હોય તો ફરિશ્તાઓને સલામની નિય્યતથી આ પ્રમાણે કહે : السلام على عبادہ الصالحين۔ રિવાયતોથી માલૂમ પડે છે કે ખાલી ઘરમાં જતી હુઝૂરે અન્વર ﷺને સલામ અર્ઝ કરે. (શિફા શરીફ) અબૂ દાઉદ શરીફની રિવાયતમાં છે કે મસ્જિદમાં દાખલ થતી વખતે કહે : بسم الله واسلام على رسول الله એની તેહકીક અમારી કિતાબ "જાઅલ હક્ક" ભાગ–૧માં જુઓ.

નિકાહ પછીની દુઆ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે ***નબી કરીમ ﷺ જ્યારે કોઈ શખ્સના નિકાહ પર દુઆ કરતા તો ફર્માવતા, તને બરકત આપે અને તમારા બંને પર બરકત કરે, તમને બંનેને ભલાઈ પર ભેગાં રાખે.[૧]*** *" (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)*

★ હદીષ : (30)–૨૪૪૫ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا رَفَّأَ الْإِنْسَانَ إِذَا تَزَوَّجَ قَالَ: «بَارَكَ اللَّهُ لَكَ وَبَارَكَ عَلَيْكُمَا وَجَمَعَ بَيْنَكُمَا فِي خَيْرٍ» رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

૧ : દરેક **નિકાહ કરનારાને આ દુઆ આપવી સુન્નત** છે. જો નિકાહની મજલિસમાં મૌજૂદ હોય તો ઈજાબો કુબૂલ બાદ આ દુઆ આપે. જો ત્યાં ન હોય તો દુલ્હાને મુબારકબાદ આપતી વખતે આ કલમા કહે. "તને બરકત આપે" નો મતલબ દુનિયવી બરકત છે. ઔલાદ, માલ વગેરેમાં બરકત આપે. રબ તઆલા ફર્માવે છે : اِنۡ يَّكُوۡنُوۡا فُقَرَآءَ يُغۡنِهِمُ اللّٰهُ مِنۡ فَضۡلِهٖ (અને જો તેઓ ફકીર હોય તો અલ્લાહ તેમને ગની કરી આપશે પોતાના ફઝ્લના સબબથી. સૂ. નૂર, ૨૪/૩૨) અને તમારા પર બરકતથી મુરાદ દીની છે, નિકાહ બાદ ભલાઈની તૌફીક બખ્શે. "ભલાઈમાં ભેગાં રાખે" નો મતલબ એ છે કે પતિ પત્ની એકબીજાની ભલાઈમાં મદદ કરે અને બુરાઈથી રોકે. આ અલ્લાહની મહાન નેઅમત છે. રબ તઆલા નસીબ કરે. (આમીન)

નિકાહ કરે તથા ગુલામ કે જાનવર ખરીદે ત્યારની દુઆ

"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી, તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે. ફર્માવે છે, જ્યારે તમારામાંથી કોઈ સ્ત્રી સાથે નિકાહ કરે અથવા ગુલામ ખરીદે તો કહી લે[૧] ઈલાહી ! હું તારાથી તેની ભલાઈ અને જેના પર તેં એને પેદા કરી તેની ભલાઈ માગુ છું અને તારી પનાહ માગુ છું તેની બુરાઈથી, અને તેની બુરાઈથી જેના પર તેં એને પેદા કરી.[૨] અને જ્યારે ઊંટ ખરીદે તો તેની ખાંધ પકડીને આ પ્રમાણે કહી લે.[૩] અને એક રિવાયતમાં સ્ત્રી તથા ખાદિમના સંબંધે છે કે,

★ હદીષ : (31)–૨૪૪૬ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا تَزَوَّجَ أَحَدُكُمُ امْرَأَةً أَوِ اشْتَرَى خَادِمًا فَلْيَقُلْ اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ خَيْرَهَا وَخَيْرَ مَا جَبَلْتَهَا عَلَيْهِ وَأَعُوذُ بِكَ مِنْ شَرِّهَا وَشَرِّ مَا جَبَلْتَهَا عَلَيْهِ وَإِذَا اشْتَرَى بَعِيرًا فليأخُذْ بذروةِ سنامِهِ ولْيَقُلْ مِثْلَ ذَلِكَ». وَفِي رِوَايَةٍ فِي الْمَرْأَةِ وَالْخَادِمِ: «ثُمَّ لْيَأْخُذْ بِنَاصِيَتِهَا وَلْيَدْعُ بِالْبَرَكَةِ» . رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

પછી તેની પેશાની પકડે અને બરકતની દુઆ કરે[૪] (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)[૫]	

૧. પત્ની અથવા લોંડી અથવા ગુલામની પેશાની પર હાથ રાખીને આ દુઆ પઢે, જેવું કે બીજી રિવાયતોથી સાબિત છે. માથાના આગલા હિસ્સા પર હાથ રાખીને પણ પઢી શકે છે. *(મિર્કાત)*

૨. સામાન્યતઃ **દરેક ઈન્સાન ફિતરી તૌર પર (પ્રાકૃતિક રીતે) બુરાઈની તરફ વળેલો છે. ભલાઈ રબ તઆલાના ફઝ્લથી નસીબ થાય છે :** جبلتها થી એ જ તબઈ (સ્વભાવિક) મુસલમાન મુરાદ છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે દરેક બાળક ફિતરત પર પેદા થાય છે, જેવું કે બીજી હદીષોથી સાબિત છે. અને અહીં ફર્માવવામાં આવ્યું કે બુરાઈ પર પેદા થાય છે, કેમ કે ત્યાં પેદાઈશી હાલતોનું વર્ણન છે કે બાળક એ અહદ તથા વાયદા પર પેદા થાય છે જે મીષાક઼ના દિવસે રબ તઆલાથી કરવામાં આવ્યો હતો. اَلَسْتُ بِرَبِّكُمْ ؕ قَالُوْا بَلٰى ۛ (શું હું તમારો રબ નથી ? સૌ બોલ્યા, કેમ નહીં !) સૂ. અઅરાફ, ૭/૧૭૨) અને અહીં તેના સ્વભાવ (પ્રકૃતિ)ના વળવાનો (આકર્ષાવાનો) ઉલ્લેખ છે. ખુદ આપણુ પોતાનું એ આકર્ષણ છે, એટલા માટે દરેક ખુત્બાના શરૂમાં સરકાર ﷺ પઢયા કરતા હતા. ونعوذ بالله من شرور انفسنا રબ તઆલા બુરાઈથી બચાવે.

૩. ગાય. ભેંસ, બકરી વગેરેની પેશાની પર હાથ રાખીને પઢે.

૪. હિસ્ને હસીનમાં છે કે પત્નીની પેશાની પર હાથ રાખીને ઉપર વર્ણવેલી દુઆ પણ પઢે અને આ દુઆએ તસ્ખીર (તાબે કરવાની દુઆ) પણ કરે. આ અમલ ખૂબ જ મુજર્રબ છે અને ઘણો જ લાભકારક છે. આ દુઆની બરકતથી ઘરમાં એકતા રહે છે. પત્ની દરેક રીતે પતિની શુભેચ્છક તથા આજ્ઞાંકિત રહે છે. બંનેવમાં મહોબ્બત ક઼ાયમ રહે છે. બહું જ સારો નિભાવ રહે છે. જિંદગી ઘણી જ બેહતર રીતે પસાર થાય છે. બંનેને દીન પર અડગતા મયસ્સર થાય છે.

૫. એનો પ્રથમ ભાગ અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, અબૂ લયલા મૂસ્લી, હાકિમે અને તેનો બીજો ભાગ અબૂદાઉદ, નિસાઈ, અબૂ લયલાએ પણ રિવાયત કર્યો છે. *(મિર્કાત)*

*"હઝરત અબૂ બકરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ગમગીનની દુઆઓ આ છે[૧] **ઈલાહી ! હું તારી રહમતનો ઉમ્મીદવાર છું, તો તું મને પાપણ ઝપકવાના જેટલો પણ મારા નફ્સને હવાલે ન કર.**[૨] અને મારાં સર્વ કામો બનાવ, તારા સિવાય કોઈ મઅબૂદ નથી. (અબૂ દાઉદ)*[૩]	**★ હદીષ : (૩૨)-૨૪૪૭ ★** وَعَنْ أَبِي بَكْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «دَعَوَاتُ الْمَكْرُوبِ اللَّهُمَّ رَحْمَتَكَ أَرْجُو فَلَا تَكِلْنِي إِلَى نَفْسِي طَرْفَةَ عَيْنٍ وَأَصْلِحْ لِي شَأْنِي كُلَّهُ لَا إِلَهَ إِلَّا أَنْتَ».رَوَاهُ أَبُو دَاوُد

૧. مكروب થી મુરાદ તે શખ્સ છે જેને કોઈ ખાસ રંજ તથા ગમ અથવા ફિકરે ઘેરી લીધો હોય જેનાથી છૂટકારાનો માર્ગ ન મળતો હોય. કેમ કે આ દુઆ ઘણી બધી દુઆઓને સમાવે છે એટલા માટે એને દઅવાત એટલે દુઆઓ ફર્માવવામાં આવ્યું. રંજો ગમ દૂર કરવા માટે ખૂબ જ મુજર્રબ છે.

૨. એટલે કે હું કેવળ તારી રહમતનો જ ઉમ્મીદવાર છું અને તારું નામ رجاء السائلين પણ છે. કોઈ આશા રાખીને આવનાર સાઈલ તારા દરથી નિરાશ પરત નથી થતો. જેથી મને મારા નફ્સના હવાલે ન કરી દે કે મારો

સૌથી મોટો દુશ્મન એ જ છે. અને સાથમાં જ હું કમજોર પણ છું. હું કદી કોઈ ચીજમાં તારી મદદ વિના કામયાબ નથી થઈ શકતો.

૩. તેને ઈબ્ને હબ્બાન, ઈબ્ને અબી શયબા, ઈબ્ને સન્ની, તિબ્રાનીએ પણ રિવાયત કરી.

મુસીબતોમાં હુઝૂર ﷺની પનાહ તથા વસીલો સહાબાની સુન્નત

★ હદીષ : (33)-૨૪૪૮ ★

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: قَالَ رَجُلٌ: هُمُومٌ لَزِمَتْنِي وَدُيُونٌ يَا رَسُولَ اللَّهِ قَالَ: «أَفَلَا أُعَلِّمُكَ كَلَامًا إِذَا قُلْتَهُ أَذْهَبَ اللَّهُ هَمَّكَ وَقَضَى عَنْكَ دَيْنَكَ؟» قَالَ: قُلْتُ: بَلَى قَالَ: " قُلْ إِذَا أَصْبَحْتَ وَإِذَا أَمْسَيْتَ: اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْهَمِّ وَالْحُزْنِ وَأَعُوذُ بِكَ مِنْ غَلَبَةِ الدَّيْنِ وَقَهْرِ الرِّجَالِ ". قَالَ: فَفعلت ذَلِك فَأذْهب الله همي وَقضى عَن دِيني. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે અર્ઝ કરી, ***યા રસૂલલ્લાહ ! ﷺ મને ગમ તથા કરજ બાઝી પડયાં છે.[૧] ફર્માવ્યું, તો શું હું તમને એ દુઆ ન શીખવાડુ કે જ્યારે તમે એને પઢી લો તો અલ્લાહ તમારા ગમ મિટાવી દે અને તમારું કરજ ઉતારી દે ?[૨]*** *ફર્માવે છે, મેં અર્ઝ કરી, હા ! જરૂર ! ફર્માવ્યું,* ***દરરોજ સવારે અને સાંજના સમયે આ દુઆ પઢી લીધા કરો,[૩] ઈલાહી ! હું રંજો ગમથી તારી પનાહ માગુ છું[૪] અને આજીજી તથા સુસ્તીથી તારી પનાહ લઉં છું[૫] અને કંજૂસી તથા બુઝદિલીથી તારી પનાહ લઉં છું[૬] અને કરજના છવાય જવા અને લોકોના ગાલિબ આવી જવાથી તારી પનાહ લઉં છું.[૭]*** *ફર્માવે છે,* ***મેં આ અમલ કર્યો તો મારો ગમ મિટાવી દીધો અને મારું કરજ અદા કરી આપ્યું.[૮]''*** *(અબૂ દાઉદ)*

૧. મિર્કાતે ફર્માવ્યું કે આ અરજનો હેતુ રસૂલુલ્લાહ ﷺથી ઈસ્તેગાષા એટલે મદદની તલબ તથા ફરિયાદ કરવાનો હતો, એટલે મને આવા મોટા ગમ તથા કરજે ઘેરી લીધો જે કોઈ રીતે દૂર નથી થતો. આપનાથી ફરિયાદ છે, કેમ કે આપ ખાલિક તથા મખ્લૂકની વચ્ચે વસીલએ ઉઝમા (મહાન વસીલો) છો, એને આપનો મહાન વસીલો જ દૂર કરી શકે છે. (મિર્કાત) **જાણવા મળ્યું કે મુસીબતોમાં હુઝૂર ﷺની પનાહ લેવું, હુઝૂર ﷺથી મદદ માગવી એ સહાબાની સુન્નત છે, શિર્ક નથી.**

૨. એટલે કે આ દુઆની બરકત અને મારા વસીલાથી અને મારી તાલીમની અસરથી રબ તઆલા તમારો રંજ તથા કરજ સર્વ કાંઈ દૂર કરી દેશે. કામ રબ જ કરે છે પણ વસીલાના ઝરીયાથી. બુઝુર્ગોથી હાંસલ કરેલી દુઆઓમાં બે તાષીરો હોય છે : શબ્દોની તાષીર અને તેમની ઝબાનની તાષીર. તલ્વાર કોઈના ધાર બનાવનાર પથ્થર પર રાખો, તેજ કરો પછી તેનાથી વાર કરો.

૩. સવાર સાંજથી મુરાદ ક્યાં તો ફજરની નમાઝ બાદ તથા મગરિબ બાદના સમયોમાં અથવા હમેશાં પઢવું. (મિર્કાત) સૂફીઓ ખાસ જરૂરત પર દરેક નમાઝ બાદ એક એક વાર આ દુઆ પઢયા કરે છે.

૪. هم وحزن ક્યાં તો સમાન અર્થી છે અથવા એમનામાં કાંઈક ફરક છે. શું ફરક છે ? એમાં ઘણી ચર્ચા છે. સહીહતર એ છે કે ભાવિની મુસીબતના ખતરાને هم કહે છે અને ભૂતકાળમાં પડેલી મુસીબતને حزن કહે છે. એટલા માટે મજબૂત ઈરાદાને هم કહે છે. وَلَقَدْ هَمَّتْ بِهٖ (અને બેશક ! ઔરતે એનો ઈરાદો કર્યો. સૂ. યૂસુફ, ૧૨/૨૪) અથવા તકલીફ તે ચીજ થઈ જવા પર સદમો છે તે هم અને કોઈ મક્સદના ફૌત થઈ (નિષ્ફળ) જવા પર સદમો حزن અલ્લાહ બેહતર જાણનાર છે. સારાંશ આ દુઆ ખૂબ જામેઅ (સમૃધ્ધ) છે.

૫. એટલે કે નેકી પર શક્તિમાન હોવા પર અને શક્તિમાન થઈને તેના કરવામાં સુસ્ત થઈ જવા પર તારી પનાહ. લાચારી તથા સુસ્તીમાં આ જ ફરક છે. નેકી પર કુદરત પણ અલ્લાહની રહમત છે અને કુદરત બાદ કરી લેવાનો મોક્રો મળી જવો એટલે તૌફીક્ર પણ તેનો કરમ છે.

૬. વાજિબ તથા નફલી સદક્રા અદા કરવા, સાઈલને ભીખ કદી ન આપવી, મહેમાન નવાઝી ન કરવી, માલી હક્ક્રો અદા ન કરવા, હુઝૂર ﷺનું નામે પાક સાંભળીને દુરૂદ શરીફ ન પઢવું વગેરે કંજૂસી છે અને તબ્લીગની હિંમત ન હોવું, જેહાદમાં બુઝદિલી આવી જવી, રોજીના મામલામાં અલ્લાહ પર તવક્કુલ ન હોવો, جبن એટલે બુઝદિલી છે. **મુસલમાન ભાઈથી લડવાથી હિંમત ન કરવી બુઝદિલી નથી, ફુઝૂલ ખર્ચીથી બચવું કંજૂસી નથી, આજે લોકોએ સખાવત તથા ફુઝૂલ ખર્ચી, એ જ પ્રમાણે કંજૂસી તથા કમખર્ચી, એ જ પ્રમાણે બહાદુરી તથા ઈજા પહોંચાડવું, એ જ પ્રમાણે બુઝદિલી (કાયરતા) તથા નમ્રતામાં ફરક કરવાનું છોડી આપ્યું છે.**

૭. યાદ રાખશો કે નફ્સે ક્રર્ઝ (મુદ્દલે ક્રર્ઝ) બુરૂ નથી. ક્રર્ઝ તો હુઝૂર ﷺએ પણ લીધુ છે. કરજ સવાર થઈ જાય એ બુરૂ છે કે જેને અદા કરવાની કોઈ સ્થિતિ ન જોવા મળે, અથવા જે કરજદારને બેઈજ્જત કરી દે, અથવા જેનાથી કરજદાર જૂઠ્ઠુ બોલવા, વાદા ખિલાફી કરવા મજબૂર બને. એટલા માટે અહીં કરજના સવાર થવાનું વર્ણન કર્યું. કોઈકનો ગુસ્સો, કરજ માગનારાઓનું સવાર થવું અથવા બાદશાહનો જુલ્મ અથવા જાલિમોનું ઘેરી લેવું મુરાદ છે. અલ્લાહ તઆલા દરેક મુસલમાનને આ સૌ મુસીબતોથી મેહફૂઝ રાખે. (આમીન)

૮. એટલે કે મારી અજમાવેલી પણ છે, સચોટ નુસ્ખો છે. દરેક મુસલમાન હમેશાં આ દુઆ દરેક નમાઝ બાદ જરૂર એકવાર પઢી લીધા કરે. ઈન્શા અલ્લાહ ! કરજ તથા જુલ્મથી મેહફૂઝ રહેશે. ફક્રીર રબના ફઝ્લથી એનો આમિલ છે, આ દુઆના સાયા હેઠળ દરેક આફત, બલા, કરજથી મેહફૂઝ છે.

કરજથી બચાવનાર તથા અદાયગી કરાવનારી દુઆ

★ હદીષ : (૩૪)-૨૪૪૯ ★

وَعَن عليّ: أَنَّهُ جَاءَهُ مُكَاتَبٌ فَقَالَ: إِنِّي عَجَزْتُ عَنْ كِتابِي فَأَعِنِّي قَالَ: أَلَا أُعَلِّمُكَ كَلِمَاتٍ عَلَّمَنِيهِنَّ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَوْ كَانَ عَلَيْكَ مِثْلُ جَبَلٍ كَبِيرٍ دَيْنًا أَدَّاهُ اللَّهُ عَنْكَ. قُلْ: «اللَّهُمَّ اكْفِنِي بِحَلَالِكَ عَنْ حَرَامِكَ وَأَغْنِنِي بِفَضْلِكَ عَمَّنْ سِوَاكَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالْبَيْهَقِيُّ فِي الدَّعَوَاتِ الْكَبِيرِ وَسَنَذْكُرُ حَدِيثَ جَابِرٍ:

*''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે આપની પાસે એક કાતિબ (લહિયો) આવ્યો. બોલ્યો, હું મારી કિતાબતની (લખવાની) કામગીરીથી આજિઝ આવી ગયો છું, મારી કાંઈક મદદ કરો[૧] ફર્માવ્યું, શું હું તને તે કલમા ન શીખવાડું જે મને રસૂલુલ્લાહ ﷺએ શીખવાડયા હતા. ?! **જો તારા પર પહાડ બરાબર પણ કરજ હોય તો અલ્લાહ તારાથી અદા કરાવી દેશે.**[૨] આવું પઢયા કરો[૩] હે ખુદા મને તારા*

હલાલના થકી તારા હરામથી તું પૂરતો થઈ જા[૪] અને મને તારી મહેરબાનીથી તારા સિવાયનાથી બેપરવા કરી દે.[૫] (તિર્મિઝી, બયહકી, દઅવાતે કબીર)[૬] અને અમે હઝરત જાબિરની આ હદીષ કે જ્યારે તમે કૂતરાઓનું રડવાનું સાંભળો..... છેવટ સુધી. વાસણ ઢાંકવાના પ્રકારણમાં એનો ઉલ્લેખ કરીશું."	«إِذَا سَمِعْتُمْ نُبَاحَ الْكِلَابِ» فِي بَابِ «تَغْطِيَةِ الْأَوَانِي» إِن شَاءَ اللهُ تَعَالَى

૧. એટલે કે મારા માલિકે અમુક માલ પર મારી આઝાદી મૌકૂફ રાખી છે જેને અદા કરીને હું આઝાદ થાઉં, અને મારી પાસે તે માલ નથી, અને ન એને હાંસલ કરવા પર કુદરત છે, તો મહેરબાની કરીને માલ અથવા દુઆ થકી મારી મદદ કરો. જાણવા મળ્યું કે હઝરત અલી અલ્લાહના ફઝ્લથી મુશ્કિલ કુશા દાફિઉલ બલા છે. એમનાથી મુસીબતમાં મદદ લેવી શિર્ક નથી બલ્કે બુઝુર્ગોની સુન્નત છે.

★ હઝરત અલી رضی اللہ عنہ એ મદદ ન કરી પણ દુઆ બતાવી ★

૨. જાહેર એ છે કે હઝરત અલી رضی اللہ عنہ એ જાણી બુઝીને તેની માલી મદદ ન કરી કે એનાથી એનું કામ તો ચાલી જતુ પણ તેને માલદારી મયસ્સર ન થાત. આપે તેને તે દુઆ બતાવી જેનાથી તે હમેશાંના માટે લોકો કરતાં માલદાર થઈ ગયો. **ટેમ્પરરી મદદ કરવા કરતાં સવાલ કરનારને માલદાર બનાવી દેવો બેહતર છે.**

૩. દરેક નમાઝ પછી એકવાર અધિકતર ધારણા એ છે કે શબ્દ قُل (કુલ) હઝરત અલી رضی اللہ عنہ એ હુઝૂર ﷺ થી સાંભળ્યો હતો અને શક્ય છે કે આપનો ખુદ પોતાનો કૌલ છે. (મિર્કાત) મશાઈખને હમેશાં જરૂરત મુજબ વિર્દો વઝીફાઓ રજૂ કરવાનો હક્ક છે, જેવી રીતે ડોકટરો હકીમોને મઅજૂનો (નુસ્ખાઓ) તથા દવાઓની શોધ કરવાનો હક્ક છે, અને નકલ થયેલ દુઆઓ આપવાનો પણ અધિકાર છે.

૪. એટલે કે હલાલ રોજી પણ એટલી આપ કે મારુ હરામ તરફ ધ્યાન ન જાય, અને મારા દિલમાં લાલચ પણ ન પેદા થવા દે જેથી હુ હરામથી બચેલો રહું. ખુલાસો એ છે કે કિફાયત તથા કનાઅત બંનેવ નસીબ કર.

૫. કે દુનિયાવાળાઓની પાસે હાજત લઈને મારે જવું ન પડે. હુઝૂર ﷺ થી બેપરવાહી તો સખત મેહરૂમી બલ્કે કુફ્ર છે. શૈતાન નબુવ્વતથી બેપરવા થઈને માર્યો ગયો.

૬. એને હાકિમે પણ રિવાયત કરી. આ દુઆ ખૂબ જ અજમાવાયેલી છે. ફકીરનો એના પર અમલ છે, અને એનો ઘણો જ ફાયદો ફકીર પામી રહ્યો છે.

૭. એટલે મસાબીહમાં એ હદીષ બયાન હતી પણ મેં મુનાસિબતનો લેહાજ રાખીને આ પ્રકરણમાં વર્ણન ન કરી. ઈન્શા અલ્લાહ ! તેની મુનાસિબતનું કારણ ત્યાં જ વર્ણવવામાં આવશે.

(વિભાગ : 3) الفصل الثالث

"હઝરત આઈશાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે કોઈ જગાએ બેસતા અથવા નમાઝ પઢતા તો કેટલાક કલમા કહેતા[૧] મેં હુઝૂર ﷺ થી એ કલમાઓના બારામાં પૂછયું તો ફર્માવ્યું, જો સારી વાત કરવામાં આવે[૨] તો એમના પર	**★ હદીષ : (૩૫)-૨૪૫૦ ★** وَعَنْ عَائِشَةَ قَالَتْ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا جَلَسَ مَجْلِسًا أَوْ صَلَّى تكلَّم بِكَلِمَاتٍ فَسَأَلْتُهُ عَنِ الْكَلِمَاتِ فَقَالَ: " إِنْ تُكُلِّمَ بِخَيْرٍ كَانَ طَابَعًا عَلَيْهِنَّ

إِلَى يَوْمِ الْقِيَامَةِ وَإِنْ تُكُلِّمَ بِشَرٍّ كَانَ كَفَّارَةً لَهُ: سُبْحَانَكَ اللَّهُمَّ وَبِحَمْدِكَ لَا إِلَهَ إِلَّا أَنْتَ أَسْتَغْفِرُكَ وَأَتُوبُ إِلَيْكَ ". رَوَاهُ النَّسَائِيّ

ક્યામતના દિવસે મોહર થઈ જાય અને બુરી વાત કરવામાં આવી તો તેનો કફ્ફારો થઈ જાય.[૩] ઈલાહી ! તું પાક છે, તારી હમ્દ છે, તારા સિવાય કોઈ મઅબૂદ નથી. તારાથી માફી માગું છું અને તૌબા કરું છું.[૪]" (નિસાઈ)

૧. ફારિગ થઈને અથવા ત્યાંથી ઉઠતી વખતે આ કલમા કહેતા હતા. *(મિર્કાત)*

૨. ક્યાં اَنْ (અન્) અલિફના ઝબરથી છે અને تكلم એ ت તથા ك ના પેશથી એટલે એ કલમાને બોલી લેવું અથવા પઢી લેવું. અથવા اِنْ અલિફના ઝેરથી, અને تكلم એ ت અને ك ના ઝબરથી છે. એટલે હે આઈશા ! જો તમે આ કલમા પઢી લીધા કરો. પ્રથમ અર્થ અધિક કવી (મજબૂત) છે.

૩. એટલે કે જે દુઆઈયા કલમામાં પઢયા કરતો હોય. એની તાષીર એ છે કે જો કોઈ શખ્સ સારી વાતો કરીને અથવા કોઈ ઈબાદત કરીને આ કલમા પઢી લે તો કલમા એ વાતો અથવા ઈબાદતોના માટે મોહરના જેમ થશે કે ક્યામત સુધી મેહફૂઝ રહેશે અને હિસાબના વખતે તે મકબૂલ થશે. ખુદ એ કલમા પણ અને એ ઈબાદત તથા દુઆ પણ જેમના પર આ કલમા પઢવામાં આવ્યા. અને જો કોઈ બુરી વાતો બોલીને આ કલમા છેવટમાં કહી લે તો આ કલમા એ બુરી વાતોનો કફ્ફારો બની જશે કે એની બરકતથી રબ તઆલા એ બુરાઈઓ પર પકડ કરશે નહીં. એટલા માટે અમે દરેક મજલિસના છેવટમાં આ કલમા પઢી લઈએ છીએ.

૪. આ તે કલમાઓનું વર્ણન છે જેનો ફાયદો હમણા વર્ણન થયો. ઈસ્તિગફાર તથા તૌબાનો ફરક વર્ણન થઈ ચૂક્યો કે **ગુનાહથી માફી માગવાનું નામ ઈસ્તિગફાર છે અને અયબોથી માફી માગવાનું નામ તૌબા છે.**

ચાંદ જોવાની દુઆ

★ હદીષ : (૩૬)-૨૪૫૧ ★

وَعَن قَتَادَةَ: بَلَغَهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا رَأَى الْهِلَالَ قَالَ: «هِلَالُ خَيْرٍ وَرُشْدٍ هِلَالُ خَيْرٍ وَرُشْدٍ هِلَالُ خَيْرٍ وَرُشْدٍ آمَنْتُ بِالَّذِي خَلَقَكَ» ثَلَاثَ مَرَّاتٍ ثُمَّ يَقُولُ: «الْحَمْدُ لِلَّهِ الَّذِي ذَهَبَ بِشَهْرِ كَذَا وَجَاءَ بِشَهْرِ كَذَا» رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત કતાદાથી રિવાયત છે. તેમને ખબર પહોંચી છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે ચાંદ જોતા તો ફર્માવતા, ભલાઈ તથા હિદાયતનો ચાંદ થાય[૧] ભલાઈ તથા હિદાયતનો ચાંદ થાય, ત્રણ વાર ફર્માવતા. એના પર ઈમાન લાવ્યો જેણે તને પેદા કર્યો[૨] પછી ફર્માવતા, એ રબનો શુક્ર છે જે ફલાણો મહીનો લઈ ગયો અને ફલાણો મહીનો લાવ્યો.[૩]'' (અબૂ દાઉદ)[૪]

૧. એટલે હે ખુદા ! આ મહીનો અમારા માટે નેક અમલો કરવાની તૌફીક અને ગુનાહોથી બચવાની તૌફીક લઈ આવ્યો હોય. મહીના તથા સમયમાં પણ તાષીરો છે, જેમ કે અમુક સમયો બીમારીઓના હોય છે, અમુક તંદુરસ્તીના. એ જ પ્રમાણે અમુક સમયો ગુનાહોના હોય છે, અમુક નેકીઓના, એટલા માટે ચાંદ જોવા પર આ દુઆ પઢતા હતા. જે ચીજની શરૂઆત સારી હોય તેનો બાકીનો ભાગ તથા અંત પણ ઈન્શા અલ્લાહ ! સારો થશે. મહીનાની શરૂઆત જો દુઆથી છે તો ઈન્શા અલ્લાહ ! આખો મહીનો ખૈર રહેશે. هلال મરફૂઅ છે هذا ની ખબર. એટલે કે ઈન્શા અલ્લાહ ! આ ભલાઈનો ચાંદ છે અથવા હે ખુદા ! આ ભલાઈનો ચાંદ થાય.

૨. એમાં ચાંદના પૂજારીઓની રદ છે. એટલે હે ચાંદ ! હું તારા પર ઈમાન નથી લાવ્યો બલ્કે એ રબ પર

ઈમાન લાવ્યો છું જે તારો તથા મારો ખાલિક (સર્જનહાર) છે.

૩. બંને જગાએ ફલાણાની જગાએ મહીનાનું નામ લેતા હતા. કેમ કે લગભગ સર્વ દીની કામો ચાંદ તથા સૂરજથી સંબંધિત છે. નમાઝના સમયો, સેહરી તથા ઈફતાર વગેરે સૂર્યની ગતિથી જોડાયેલા છે.

૪. એને તિબ્રાનીએ હઝરત નાફેઅ ઈબ્ને ખદીજથી કાંઈક ફેરફાર સાથે મરફૂઅન્ રિવાયત કરી. અને ઈબ્ને અબી શયબાએ હઝરત અલી كرم الله وجهه الكريم થી મૌકૂફન થોડાક ફર્ક સાથે રિવાયત કરી.

રંજો ગમના સમયે પઢવાની દુઆ

*''હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **જેના રંજો ગમ વધી જાય તે આ પઢે**[૧] ઈલાહી ! હું તારો બંદો છું અને તારા બંદાનો તથા તારી બંદીનો પુત્ર છું[૨] અને મારી પેશાની તારા કબજામાં છે[૩] મારામાં તારો હુકમ લાગુ પડેલો છે. મારા બારામાં તારો ફૈસલો અયનુલ ઈન્સાફ છે[૪] હું તારાથી તારા તે દરેક નામની બરકતથી જે તેં તારું રાખ્યું અથવા જે નામ તારી કિતાબમાં ઉતાર્યું અથવા જે નામ તારી મખ્લૂકમાંથી કોઈને શીખવાડ્યું અથવા જે નામ તારી પાસે ગયબી પર્દામાં ગુપ્ત રાખ્યું, એ માગુ છું[૫] કે તું કુર્આનને મારા દિલની બહાર (વસંત) અને મારા રંજો ગમને દફેઅ કરનાર બનાવી દે[૬] આ કલમા કોઈ બંદા નથી કહેતા પણ અલ્લાહ તેનો ગમ દૂર કરી દે છે અને તેના બદલામાં રાહત આપે છે.[૭] (રઝીન)[૮]''*

★ હદીષ : (૩૭)-૨૪૫૨ ★

وَعَنِ ابْنِ مَسْعُودٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " مَنْ كَثُرَ هَمُّهُ فَلْيَقُلْ: اللَّهُمَّ إِنِّي عَبْدُكَ وَابْنُ عَبْدِكَ وَابْنُ أَمَتِكَ وَفِي قَبْضَتِكَ نَاصِيَتِي بِيَدِكَ مَاضٍ فِيَّ حُكْمُكَ عَدْلٌ فِيَّ قَضَاؤُكَ أَسْأَلُكَ بِكُلِّ اسْمٍ هُوَ لَكَ سَمَّيْتَ بِهِ نَفْسَكَ أَوْ أَنْزَلْتَهُ فِي كِتَابِكَ أَوْ عَلَّمْتَهُ أَحَدًا مِنْ خَلْقِكَ أَوْ أَلْهَمْتَ عِبَادَكَ أَوِ اسْتَأْثَرْتَ بِهِ فِي مَكْنُونِ الْغَيْبِ عِنْدَكَ أَنْ تَجْعَلَ الْقُرْآنَ رَبِيعَ قلبي وجلاء هَمِّي وغَمِّي مَا قَالَهَا عَبْدٌ قَطُّ إِلَّا أَذْهَبَ اللَّهُ غمه وأبدله فرجا ". رَوَاهُ رزين

૧. એટલે કે રંજો ગમમાં ઘેરાયેલો માણસ આ દુઆ પઢતો રહે. મુરાદ દુનિયવી રંજો ગમ છે જેને દૂર કરવાની કોશિશ કરવામાં આવે છે. આખેરતના રંજો ગમ તો અલ્લાહની નેઅમત છે, તેને દૂર કરવાની કોશિશ ન કરે, બલ્કે એના બાકી રહેવાની દુઆ માગે. ખુદા વ રસૂલના ઈશ્કનો રંજો ગમ તો જિંદગીનો હેતુ છે. (શેઅર) :

तेरा गम रहे सलामत मेरे दिलको क्या कमी है – यही मेरी बंदगी है यह मेरी ज़िंदगी है
तेरा दर्द मेरा दरमां तेरा गम मेरी खुशी है – मुझे दर्द देनेवाले तेरी बंदा परवरी है

૨. એટલે કે હે ખુદા ! હું ત્રણ રીતે તારી રહમતનો હક્કદાર છું : એક એ કે હું પોતે તારો બંદો છું. બીજુ એ કે મારો પિતા પણ તારો બંદો છે. ત્રીજુ એ કે મારી મા પણ તારી બંદી છે અને બારગાહે આલીની લોંડી છે. પછી આ નિસ્બતોની હાજરીમાં તારા દરવાજેથી કઈ રીતે મેહરૂમ રહીશ.

૩. એટલે કે હું તારી મિલ્ક તથા અખત્યાર હેઠળ છું. પેશાની બોલીને જાત મુરાદ લે છે. આ વાક્ય કુર્આને કરીમની આ આયતથી માખઝ છે : مَامِنْ دَآبَّةٍ اِلَّا هُوَ اٰخِذٌۢ بِنَاصِيَتِهَا (કોઈ ચાલનારો નથી જેની ચોટલી

તેની કુદરતના કબજામાં ન હોય. સૂ. હૂદ, ૧૧/૫૬)

૪. એટલે કે મારા ઈખ્તેયારી અમલો અને ગૈર ઈખ્તેયારી હાલતો પર તારી ક़ઝા તથા ક़દર લાગુ થયેલ છે અને જે કાંઈ તેં મારા પર હુકમ લાગુ પાડયો છે તે અયન અદ્લો ઈન્સાફ છે. યાદ રાખશો કે અહીં હુકમથી મુરાદ તકવીની હુકમ છે ન કે તશરીઈ. હુકમ તથા અમ્રમાં ઘણો ફરક છે. દુનિયામાં સર્વ કાંઈ રબ તઆલાના ક़ઝા તથા ક़દરના હુકમથી થઈ રહ્યું છે, તેના અમ્રથી નથી થઈ રહ્યું. સૌને ઈમાન લાવવાનો, નમાઝ પઢવાનો અમ્ર છે પણ ઘણા ઈમાન લાવે છે ન નમાઝ પઢે છે. તેમજ અહીં અદ્લથી મુરાદ જુલ્મનું વિરૂધ્ધાર્થી છે ન કે ફઝૂલનું. એટલે કે તું જુલ્મથી પાક છે.

૫. આ લખાણથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે રબ તઆલાનાં નામો ઘણા છે, કેવળ ૯૯ નથી. જે હદીષોમાં ૯૯ નામો વર્ણન થયાં છે ત્યાં મક़સદ એ છે કે જે આ નામોનો વઝીફો પઢશે તે બખ્શાઈ જશે. એ મતલબ નથી કે રબનાં કેવળ એટલાં જ નામો છે. **બીજુ** એ કે અસ્માએ ઈલાહિયા ત્રણ પ્રકારનાં છે : અમુક તે જે આસ્માની કિતાબોમાં વર્ણન પામ્યાં અને આમ મુસલમાનોએ જાણી લીધાં. અને અમુક તે જે કેવળ અંબિયાએ કિરામ, ફરિશ્તાઓ અથવા અમુક અવલિયાને ઈલ્હામ રૂપે શીખવાડવામાં આવ્યાં, અને અમુક તે જે છુપાએલા કિંમતી મોતીની જેમ ગયબી પર્દામાં રાખવામાં આવ્યાં, કોઈને નથી બતાવવામાં આવ્યાં. **ત્રીજુ** એ કે અસ્માએ ઈલાહિયાની બરકત, તેના વસીલાથી દુઆ કરવી, ભલે આપણને એનો ઈલ્મ હોય કે ન હોય, એવા અલ્લાહનાં મકબૂલ બંદાઓ, નબીઓ, વલીઓના તુફૈલ દુઆ માગવી જોઈએ, આપણને એની તફસીલ માલૂમ હોય કે ન હોય.

૬. જેવી વસંત ઋતુ જમીનની સર્વ શુષ્કતા ઉજ્જડપણુ દૂર કરીને તેને વિવિધ શણગારો વડે સજાવી દે છે, એવી જ રીતે કુર્આન શરીફના થકી મારા દિલના રંજો ગમ, અંધકાર, કાળાશ, ગુનાહોની તરફ આકર્ષણ, લોભ લાલચ, હસદ દૂર કરીને તેમાં ઈમાન તથા ઈર્ફાન, ખૌફે ખુદા, ઈશ્કે જનાબે મુસ્તફાના ફળ ફૂલ લગાડી દે. એનાથી જાણવા મળ્યું કે કુર્આન શરીફ મોમિનના દિલની વસંત છે, એવી જ રીતે સાહિબે કુર્આન ﷺએ વસંતની જાન છે.

૭. એ રીતે કે રંજો ગમનાં વાદળ વિખેરાય જાય છે અને દિલમાં ખુશી તથા રાહતની વર્ષા થાય છે.

૮. એને અહમદ બિન હબ્બાન હાકિમ, અબૂ યઅ્લા મૂસ્લી, બઝ્ઝાર, તિબ્રાની, ઈબ્ને અબી શયબાએ પણ એ જ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી મરફૂઅન રિવાયત કરી.

"હઝરત જાબિરથી રિવાયત છે ફર્માવે છે કે જ્યારે અમે ચઢતા તો તકબીર કહેતા અને જ્યારે ઉતરતા તો તસ્બીહ કહેતા હતા.[૧]" (બુખારી)

★ હદીષ : (૩૮)-૨૪૫૩ ★

وَعَن جابرٍ قَالَ: كُنَّا إِذَا صَعِدْنَا كَبَّرْنَا وَإِذَا نَزَلْنَا سبحنا.
رَوَاهُ الْبُخَارِيّ

૧. એટલે કે અમે સફરમાં જ્યારે કોઈ ટેકરી પર ચઢતા હતા તો અલ્લાહુ અકબર કહેતા હતા, કે તે રબ્બે કરીમ તમામ ઉંચાઓથી મહાન છે અને જ્યારે નીચાણવાળી જમીન પર ઉતરતા તો સુબ્હાનલ્લાહ કહેતા હતા, કે રબ તઆલા નુઝૂલ તથા ઉતરવાથી પાક છે કે એમાં કમી તથા ખામીનો સાયો પણ નથી. એને અબૂ દાઊદ નિસાઈએ પણ રિવાયત કરી.

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺને કોઈ ચીજ ગમગીન કરતી તો આપ ફર્માવતા, હે ક़ાયમી ઝિંદા ! હે ક़ાયમ રાખનાર ! તારી રહમતથી મદદ માગું છું.[૧] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે અને મહફૂઝ નથી.[૨]"

★ હદીષ : (૩૯)-૨૪૫૪ ★

وَعَنْ أَنَسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا كَرَبَهُ أَمْرٌ يَقُولُ: «يَا حَيُّ يَا قَيُّومُ بِرَحْمَتِكَ أَسْتَغِيثُ» .
رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ وَلَيْسَ بِمَحْفُوظٍ

૧. એટલે કે તું حَيّ وقيّوم (હૈયુ કૈયૂમ) છે, મારી મદદ કર. મને આ મુસીબતની નજાત આપ. તમારા સિવાય મારો કોણ છે ? અમુક ઉલમા ફર્માવે છે કે حَيّ وقيّوم ઈસ્મે આ'ઝમ છે. કુર્આને કરીમમાં આ નામ કેવળ ત્રણ જગાએ વર્ણન પામેલ છે.

૨. એને હાકિમ ઈબ્ને સુન્નીએ હઝરત ઈબ્ને મસ્ઊદથી અને નિસાઈએ હઝરત અલીથી મરફુઅન્ રિવાયત કરી. એમની રિવાયતમાં છે કે હુઝૂરે અન્વર ﷺ આ દુઆ સજદો કરીને માગતા હતા.

"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, અમે ખંદક્ના દિવસે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું કોઈ વઝીફો એવો છે જેને અમે પઢીએ કે દિલ ગળામાં આવી ગયાં[૧] ફર્માવ્યું, હા ! હે અલ્લાહ ! અમારા અયબો ઢાંકી દે. અમારા ડરોને અમ્નમાં બદલી દે.[૨] ફર્માવે છે કે અલ્લાહે હવાના થકી પોતાના દુશ્મનોનાં મોં ફેરવી દીધાં. અલ્લાહે તેમને હવાના થકી ભગાડી દીધા.[૩]" (અહમદ)

★ હદીષ : (૪૦)-૨૪૫૫ ★

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: قُلْنَا يَوْمَ الْخَنْدَقِ: يَا رَسُولَ اللَّهِ هَلْ مِنْ شَيْءٍ نَقُولُهُ؟ فَقَدْ بَلَغَتِ الْقُلُوبُ الْحَنَاجِرَ قَالَ: «نَعَمْ اللَّهُمَّ اسْتُرْ عَوْرَاتِنَا وَآمِنْ رَوْعَاتِنَا» قَالَ: فَضَرَبَ اللَّهُ وُجُوهَ أَعْدَائِهِ بِالرِّيحِ وَهَزَمَ اللَّهُ بِالرِّيحِ. رَوَاهُ أَحْمد

૧. એટલે કે જંગે અહઝાબના મોક્ા અમે ખંદક ખોદવામાં મશગૂલ હતા. ભૂખ તથા ખૌફથી પરેશાન હતા. આંત્રિક બાહ્ય દુશ્મનોથી ખૂબ જ તંગ આવી ગયા હતા, ત્યારે આવું અર્ઝ કર્યું. જાણવા મળ્યું કે પોતાના રંજો ગમ હુઝૂર ﷺથી અર્ઝ કરવા ન તો શિર્ક તથા કુફ્ર છે ન બેસબ્રી. જો બીમાર, ડોક્ટરને ફરિયાદ ન કરે, તો શિફા કેવી રીતે પામે ?!

૨. અહીં અયબથી મુરાદ ગુનાહ નથી બલ્કે દુશ્મનનો ખૌફ અને દિલની ગભરાહટ છે જેને પ્રદર્શિત નથી કરવામાં આવતુ કે જેથી દુશ્મન દિલેર ન થઈ જાય, એટલે કે અમારી વર્તમાન કમજોરી છુપાવી લે, દુશ્મન એનાથી માહિતગાર ન થવા પામે, અને ગભરાહટના સબબો દૂર કરીને દિલોમાં અમ્ન પેદા કરી આપ. યાદ રાખશો કે અમ્ન અલ્લાહની મહાન નેઅમત છે. **૩.** સુબ્હાનલ્લાહ ! આ થઈ એ દુઆની અસર કે અલ્લાહે અબાબીલથી હાથી મરાવી નાખ્યા, તેજ હવાથી આટલા મોટા જબરદસ્ત લશ્કર એટલે કાફિરોને ભગાડી મૂક્યા.

બજારમાં પ્રવેશતાં પઢવાની દુઆ

"હઝરત બરીદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ જ્યારે બજારમાં દાખલ થતા તો કહેતા : અલ્લાહના નામથી, ઈલાહી ! હું તારાથી આ બજારની ભલાઈ અને જે એમાં છે તેની ભલાઈ માગુ છું[૧] અને અને આ બજારની બુરાઈ અને જે એમાં છે તેની બુરાઈથી પનાહ માગું છું ઈલાહી ! હું તારી પનાહ માગુ છું એનાથી કે, ખોટનો સોદો કરું.[૩]" (બયહકી, દઅવાતે કબીર)

★ હદીષ : (૪૧)-૨૪૫૬ ★

وَعَن بُرَيْدَة قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا دَخَلَ السُّوقَ قَالَ: «بِسْمِ اللَّهِ اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ خَيْرَ هَذِهِ السُّوقِ وَخَيْرِ مَا فِيهَا وَأَعُوذُ بِكَ مِنْ شَرِّهَا وَشَرِّ مَا فِيهَا اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ أَنْ أُصِيبَ فِيهَا صَفْقَةً خَاسِرَةً». رَوَاهُ الْبَيْهَقِيُّ فِي الدَّعَوَاتِ الْكَبِير

૧. નફાના સોદા, હલાલ રોજી અને દિલમાં ગફલતનું પેદા ન થવું એ બજારની ભલાઈ છે. એ સર્વ ચીજો રબ તઆલાથી માગે. બજારથી કૌમ તથા દેશની સલામતી છે. **૨.** નુકસાનનો વેપાર, હરામ રોજી, ત્યાં જૂઠુ બોલીને સોદો વેચવો, ગાફેલ થઈ જવું એ બજારની બુરાઈ છે. એટલા માટે બજારને બદતરીન જગા કહેવામાં આવી. **૩.** દીની ખોટ કે દુનિયવી ખોટ બંનેવ જ મુરાદ છે. બંનેવથી જ પનાહ માગવી જોઈએ. સદકા તથા ખૈરાત નફાકારક છે પણ મોંઘી ચીજ વેચવી અથવા સસ્તી વેચવી ખોટ ખાઈને મૂર્ખાઈ પણ છે અને નુકસાનનો સબબ પણ છે. જેનો ન દુનિયામાં નફો છે ન આખેરતમાં એને હાકિમ તથા ઈબ્ને સન્નીએ પણ રિવાયત કરી.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

(બાબુલ ઈસ્તેઆ઼ઝા) باب الاستعاذة

તાવીઝ વિશે પ્રકરણ[૧]

(વિભાગ : ૧) الفصل الاول

એ દુઆઓનું પ્રકરણ જેમાં عوذ (અઊઝુ) અથવા استعيذ આવે છે. عوذનો અર્થ છે પનાહ. استعاذهનો અર્થ પનાહ લેવી. રબ તઆલા ફર્માવે છે : فَإِذَا قَرَأْتَ الْقُرْآنَ فَاسْتَعِذْ بِاللَّهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ (તો જ્યારે તમે કુર્આન પઢો તો અલ્લાહની પનાહ માગો શૈતાન મરદૂદથી. સૂ. નહ્લ, ૧૬/૯૮) કુર્આનની તિલાવતના સમયે عوذ (અઊઝુ) પઢવું સુન્નત છે, એવી જ રીતે મુસીબતો તથા સામાન્ય સંજોગોમાં પનાહ લેવાની દુઆમાં પઢતા રહેવું જોઈએ. સૂરએ ફલક઼ તથા નાસ પઢવાથી આફતોની સલામતી રહે છે.

દીની દુનિયવી મુસીબતોથી બચવાની દુઆ

★ હદીષ : (૧)-૨૪૫૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ «تَعَوَّذُوا بِاللَّهِ مِنْ جَهْدِ الْبَلَاءِ وَدَرَكِ الشَّقَاءِ وَسُوءِ القضاءِ وشَماتة الْأَعْدَاءِ»

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહની પનાહ માગો આફતની તકલીફોથી[૧] અને બદબખ્તી પહોંચવાથી અને બુરા ફૈસલાથી[૨] અને દુશ્મનોનાં ટોણાઓથી.[૩]" (મુસ્લિમ, બુખારી)

૧. આફતોની તકલીફોથી મુરાદ એ દુનિયવી કે દીની મુસીબતો છે જેને દૂર કરવા માણસ શક્તિમાન ન હોય. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે ખૂબ અધિક ઔલાદ અને માલની કમી બલા (આફતની તકલીફ) છે કે એનાથી માણસ કદીક કુફ઼માં સપડાય જાય છે. હદીષ શરીફમાં છે. كاد الفقر ان يكون كفرًا (બદબખ્તી પહોંચવાથી)

૨. દોઝખનાં કામો કરી બેસવું બદબખ્તીની આગાહી છે. અસલ બદનસીબી દોઝખનો પ્રવેશ છે. દોઝખીઓ અર્ઝ કરશે : رَبَّنَا غَلَبَتْ عَلَيْنَا شِقْوَتُنَا (હે અમારા રબ ! અમારા પર અમારી બદબખ્તી સવાર થઈ ગઈ. સૂ. મુઅમિનૂન, ૨૩/૧૦૬) અને દોઝખમાં પહોંચાડનારા અક઼ીદા અથવા અમલો અપનાવી લેવા એ "શક઼ા" બદબખ્તીને પામવું છે અને એનાથી અલ્લાહની પનાહ ! બુરા ફૈસલાથી મુરાદ છે કુફ઼ પર મરવાનો ફૈસલો. એટલે મારા મૌલા ! હું દોઝખીઓના કામોથી તારી પનાહ માગુ છું અને એનાથી પણ તારી પનાહ લઉં છું કે તું મારી બદકારીઓના કારણે મારા દોઝખી હોવાનો ફૈસલો કરી દે. આ શરહથી એ વાંધો ઉઠી ગયો કે ઈલાહીનો ફૈસલો તો પહેલાં થઈ ચૂક્યો તો હવે એનાથી પનાહ માગવાનો શો મતલબ ? કેમ કે અહીં એ ફૈસલો મુરાદ નથી.

૩. એટલે કે મૌલા ! મને એવી દીની તથા દુનિયવી મુસીબતોમાં ન સપડાવતો જેનાથી મારા દુશ્મન ખુશ થાય અને મારા પર મહેણાં મારે, મારી ઠેકડી ઉડાવે, એનાથી પણ તારી પનાહ ! આ ખૂબ જ સમૃધ્ધ દુઆ છે.

★ હદીષ : (૨)-૨૪૫૮ ★

(مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْهَمِّ وَالْحُزْنِ وَالْعَجْزِ وَالْكَسَلِ وَالْجُبْنِ وَالْبُخْلِ وَضَلَعِ الدَّيْنِ وَغَلَبَةِ الرِّجَالِ»

''હઝરત અનસથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ આવું પઢયા કરતા, ઈલાહી ! હું તારી પનાહ માગુ છું રંજો ગમથી, લાચારી તથા સુસ્તીથી અને બુઝદિલી તથા કંજૂસીથી, કરજ ચઢી જવાથી અને લોકોના ગલ્બાથી.[૧]'' (મુસ્લિમ, બુખારી)[૨]

૧. આ શબ્દોની શરહ (સ્પષ્ટતા) અને રંજો ગમનો ફરક પ્રથમ વિભાગમાં અર્ઝ કરવામાં આવ્યો. સૂફીઓ ફર્માવે છે કે કરજની ચિંતા બુધ્ધિને ખરાબી કરી દે છે. હદીષ શરીફમાં છે. اَلدَّيْن شَيْنُ الدِّيْن કરજ દીનનો અયબ છે. (મિર્કાત) લોકોથી મુરાદ જાલિમ અથવા કરજ આપનારા છે. આ દુઆ પણ ખૂબ જ જામેઅ (સમૃધ્ધ) છે કે એમાં બાહ્ય આંત્રિક મુસીબતો અને જિસ્માની રૂહાની તકલીફોથી પનાહ માગી લીધી છે. **૨** : આ હદીષને અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈએ પણ રિવાયત કરી. હિસ્ને હસીન શરીફમાં આ હદીષ કેવળ બુખારીની ઠરાવી છે. واللّٰه اعلم

ફિત્નાઓથી બચવાની દુઆ

★ હદીષ : (૩)-૨૪૫૯ ★

(مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ قَالَتْ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْكَسَلِ وَالْهَرَمِ وَالْمَغْرَمِ وَالْمَأْثَمِ اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنْ عَذَابِ النَّارِ وَفِتْنَةِ النَّارِ وَفِتْنَةِ الْقَبْرِ وَعَذَابِ الْقَبْرِ وَمِنْ شَرِّ فِتْنَةِ الْغِنَى وَمِنْ شَرِّ فِتْنَةِ الْفَقْرِ وَمِنْ شَرِّ فِتْنَةِ الْمَسِيحِ الدَّجَّالِ اللَّهُمَّ اغْسِلْ خَطَايَايَ بِمَاءِ الثَّلْجِ وَالْبَرَدِ وَنَقِّ قَلْبِي كَمَا يُنَقَّى الثَّوْبُ الْأَبْيَضُ مِنَ الدَّنَسِ وَبَاعِدْ بَيْنِي وَبَيْنَ خَطَايَايَ كَمَا بَاعَدْتَ بَيْنَ الْمَشْرِقِ وَالْمَغْرِبِ»

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ કહેતા હતા, ઈલાહી ! હું તારી પનાહ લઉં છું સુસ્તીથી, ઘડપણથી, કરજથી અને ગુનાહથી[૧] ઈલાહી ! હું તારી પનાહ લઉં છું આગના અઝાબથી, આગના ફિત્નાથી[૨] અને કબ્રના ફિત્ના અને કબ્રના અઝાબથી[૩] અને માલદારી તથા ફકીરીના ફિત્નાથી[૪] અને મસીહ દજ્જાલના ફિત્નાઓથી. અલ્લાહ ! મારી ખતાઓ ધોઈ નાખ બરફના કરાના પાણી વડે[૫] અને મારું દિલ એવું સાફ કરી દે જેવી રીતે સફેદ કપડુ મેલથી સાફ કરવામાં આવે છે.[૬] અને મારા તથા મારી ખતાઓ (ગુનાહો) વચ્ચે એવું અંતર કરી દે જેવો યૂરોપ તથા પશ્ચિમ વચ્ચે છે.[૭]''

(મુસ્લિમ, બુખારી)

૧. સુસ્તીથી મુરાદ ઈબાદતો તથા નેક અમલોનું તબીઅત પર બોજ લાગવું. અને ઘડપણથી એ હાલત મુરાદ છે જ્યારે માણસની બુધ્ધિ કપાય જાય, શક્તિઓ જવાબ દઈ જાય, બીજાઓ પર બોજ બની જાય. અલ્લાહ તઆલા પોતાનો તથા તેના હબીબ ﷺનો જ મોહતાજ રાખે.

૨. કાફિરો આગમાં અઝાબમાં હશે. મોમિન ગુનાહગાર અઝાબમાં નહીં હોય બલ્કે અદબવાળા તથા સભ્ય હશે, એટલે કે અમને આગ વડે પાક તથા સાફ કરીને જન્નતના લાયક બનાવવામાં આવશે. આગના ફિત્નાથી મુરાદ તે ગુનોહ છે જે આગમાં જવાનો સબબ બન્યો, જેથી કલામમાં તકરાર (વાતમાં રીપીટેશન) નથી. આગનો અઝાબ અલગ છે અને આગનો ફિત્નો કાંઈ અલગ.

૩. એટલે હે મૌલા ! એનાથી પણ તારી પનાહ કે કબ્રના સવાલોના જવાબો મારાથી બની ન શકે અને એનાથી પણ તારી પનાહ કે ત્યાં ફેઈલ થઈ જવા પર સજા પામુ.

૪. બડાઈ, ગફલત તથા નાફર્માની, ગુનાહો પ્રતિ આકર્ષણ, માલ તથા ઈજ્જત પર ફૂલાઈ જવું માલદારીનો ફિત્નો છે, માલદારો પર હસદ, લાલચ, ચિંતા એ ગરીબીના ફિત્ના છે. અલ્લાહ તઆલા બંને પ્રકારના ફિત્નાઓથી બચાવે. યાદ રાખશો કે ન અમીરી બુરી છે ન ફકીરી, બંને જનાબે મુસ્તફા ﷺના જલ્વા છે, બલ્કે એના ફિત્ના બુરા છે. એમાં મતભેદ છે કે ફકીરી અફઝલ છે. અમુકના માટે અમીરી. જેના થકી યાર મળે તે જ બેહતર અમુક બીમારીઓને કડવી દવા લાભદાયી હોય છે અમુકને મીઠી. આ સર્વ દુઆઓ ઉમ્મતની તાલીમના માટે છે. અલ્લાહ તઆલાએ પોતાના હબીબને દરેક ફિત્નાથી મેહફૂઝ કર્યા હતા. આપની ફકીરી પણ અકસીર હતી અને માલદારી પણ.

૫. ગુનાહોને દોઝખની આગ ઠરાવી અને મગફિરત તથા રહમતને બરફનું પાણી, જે આગ ઓલવી પણ નાખે અને એ જગાને ઠંડી પણ કરી આપે. એટલે કે મને વિવિધ પ્રકારની રહમતો મગફેરતો થકી દોઝખના સબબોથી પાક તથા સાફ કરી દે.

૬. એમાં ઈશારા રૂપે ફર્માવવામાં આવ્યું કે આપણા દિલો સ્વભાવિકપણે મેલાં થતાં રહે છે પણ તારી રહમત હોય તો સાફ થઈ જાય. અને જેવી રીતે મેલાં કપડાંવાળો સારા લોકોમાં બેસવા લાયક નથી હોતો, જ્યારે કપડાં સાફ થઈ જાય તો સારી જગાએ ઉઠ બેસ કરી શકે છે. ખુદાયા ! એ જ પ્રમાણે અમે તારી જન્નતના લાયક સ્વજાતે તો નથી, પણ હા ! તું કરમ કરી દે તો થઈ જઈએ. આ સૌ ઉમ્મતને તા'લીમ છે.

૭. એટલે કે જે ખતા મારાથી થઈ ચૂકી છે તેને માફ કરીને મારાથી દૂર કરી દે. અને ભવિષ્યમાં જે ખતાઓ મારાથી થઈ શકે છે તેનાથી બચાવી લે. જેવી રીતે પૂર્વ પશ્ચિમ આપસમાં નથી મળી શકતાં તેવી જ રીતે તે ખતાઓ મારા સુધી ન પહોંચી શકે એવો ફઝ્લ કરી દે. જેથી ખતાઓથી મુરાદ થયેલી તથા થવાની શક્યતાવાળી બંને ખતાઓ છે.

સુસ્તી, બુઝદિલી, કંજૂસી, ઘડપણ, અઝાબે કબ્રથી પનાહ

"હઝરત ઝયદ ઈબ્ને અરકમ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ આ પઢયા કરતા હતા : ઈલાહી ! હું લાચાર થઈ જવા, સુસ્તી, બુઝદિલી, કંજૂસી, ઘડપણ[૧] અને કબ્રના અઝાબથી તારી પનાહ લઉં છું. ઈલાહી ! તું મારા નફસને એની પરહેઝગારી આપ, તેને પાક કરી દે, તું બેહતરીન પાક કરનાર છે[૨] તું જ નફસનો વાલી વારસ છે[૩] ઈલાહી ! હું તારી પનાહ માગુ છું એ ઈલ્મથી જે લાભ ન આપે[૪] અને એ દિલથી જે આજીજી ન કરે, અને એ નફસથી જે તૃપ્ત ન થાય, અને એ દુઆથી જેની કબૂલિયત ન હોય.[૫]" (મુસ્લિમ)

★ હદીષ : (૪)-૨૪૬૦ ★

وَعَنْ زَيْدِ بْنِ أَرْقَمَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْعَجْزِ وَالْكَسَلِ وَالْجُبْنِ وَالْبُخْلِ وَالْهَرَمِ وَعَذَابِ الْقَبْرِ اللَّهُمَّ آتِ نَفْسِي تَقْوَاهَا وَزَكِّهَا أَنْتَ خَيْرُ مَنْ زَكَّاهَا أَنْتَ وَلِيُّهَا وَمَوْلَاهَا اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنْ عِلْمٍ لَا يَنْفَعُ وَمِنْ قَلْبٍ لَا يَخْشَعُ وَمِنْ نَفْسٍ لَا تَشْبَعُ وَمِنْ دَعْوَةٍ لَا يُسْتَجَابُ لَهَا» . رَوَاهُ مُسلم

૧. આજીજીથી મુરાદ ઈબાદતો ન કરી શકવું છે. જેમ કે રોઝા, નમાઝ, હજ્જ, ઝકાત વગેરે, અને સુસ્તીથી મુરાદ છે કે શક્તિમાન હોવા છતાં ન કરવી. કંજૂસીથી માલી હક્કો અદા ન કરવા છે, ચાહે હુકૂકુલ્લાહ હોય, જેમ કે

ઝકાત, કુર્બાની અને હજ્જ વગેરે બંદાઓના હક્કો, જેમ કે બીવી બચ્ચાં, મા બાપ, સગાં સ્નેહીઓનું ભરણ પોષણ ન આપવું. ઘડપણથી મુરાદ તે બેઅક્લી છે અને મતિ મારી જવું છે જે ઉમરની અધિકતાને કારણે થાય છે.

૨. કે તું મને દુનિયામાં અઝાબે ક઼બ્રવાળા અમલોથી બચાવી લે અને મને ખુદ એ અઝાબથી મેહફૂઝ રાખ. યાદ રાખશો કે ક઼બ્રનો અઝાબ કાફિરોને ક઼ાયમ માટે થાય છે. અમુક મો'મિન ગુનેહગારોને ટેમ્પરરી થાય છે. પણ ક઼બ્ર તંગ થવું (ક઼બ્રનું પ્યારથી મો'મિનને દબાવવું) એ ક્યારેક સાલેહીનને પણ થાય છે એટલા માટે અહીં અઝાબ કહ્યું, ક઼બ્રની તંગીનું વર્ણન નથી કર્યું.

૩. અરબીમાં જાહેરી પાકીને તહારત અને બાતિની પાકીને તઝકિયહ કહે છે. એટલા માટે ઝબહ થયેલ જાનવરને مزكّٰى કહે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : قَدْ اَفْلَحَ مَنْ تَزَكّٰى (બેશક ! મુરાદે પહોંચ્યો જે સુથરો થયો. સૂ. આ'લા, ૮૭/૧૪) તક઼્વાથી મુરાદ ફિસ્કો ફુજૂર (ગુનાહ)નું વિરૂધ્ધાર્થી છે. રબ તઆલા ફર્માવે છે : فَاَلْهَمَهَا فُجُوْرَهَا وَتَقْوٰىهَا (પછી તેની બદકારી અને તેની પરહેઝગારી દિલમાં નાખી. સૂ. શમ્સ, ૯૧/૮) યાદ રાખશો કે તહારત હાંસલ કરવી એ બંદાનું કામ છે અને ખલ્ક઼ તહારત (તહારતનું સર્જન) રબનો કરમ છે. જેવી રીતે બીજ રોપવું એ બંદાનું કામ છે અને ઉપજ થવું એ રબનો ફઝ્લ છે. એટલે કે અમારા કસબ (હાંસલ કરવા પ્રયત્ન) કરતાં તારો કરમ અફઝલ તથા અકમલ છે.

૪. એટલે કે મારા નફસને તક઼્વો આપ કેમ કે તું એનો વલી છે અને તેને પાક કરી છે કેમ કે તું એનો વારિસ છે. બે નેઅમતોના માટે અલ્લાહની બે સિફતો (ખૂબીઓ)નું વર્ણન થયું.

૫. બિન નફાકારક ઈલ્મથી મુરાદ ક્યાં તો દુનિયવી ઈલ્મો છે જેનાથી દીનમાં કોઈ લાભ ન થાય. જેમ કે સાઈન્સ, ગણિત, મન્તિક, ફિલોસોફી જેનાથી દીનની ખિદમત ન લેવામાં આવે. અથવા તે ઈલ્મે દીન છે જેને દુનિયા પ્રાપ્તિ માટે શીખવામાં આવે, અને જેના પર આલિમ ખુદ અમલ ન કરે, બીજાને શીખવે નહીં. અથવા એનાથી નુકસાનકર્તા ઈલ્મો મુરાદ છે જેમ કે જાદૂ વગેરેનો ઈલ્મ જેનાથી ખરાબી ફેલાવવામાં આવે.

★ ત્રણ નેઅમતો પામનાર બાદશાહથી બેહતર ★

૬. જે દિલમાં અલ્લાહના ઝિક્રથી ચૈન, અઝાબના ઝિક્રથી ખૌફ, જન્નતના ઝિક્રથી ઉમંગ, હુઝૂર ﷺના ઝિક્રથી વજૂદાન (બેખુદી) ન પેદા થાય તે સખત છે. અલ્લાહ તેનાથી બચાવે અને જે નફસમાં ક઼નાઅત તથા તૃપ્તતા ન હોય એવા લાલચુ નફસથી ખુદાની પનાહ ! યાદ રાખશો કે **ત્રણ નેઅમતો કોઈ કોઈને જ મળે છે : કિફાયત, ક઼નાઅત, રિયાઝત. જેને આ ત્રણ નેઅમતો મળી ગઈ તે બાદશાહો કરતાં અધિક ખુશનસીબ છે.** આ વાક્યમાં ત્રણેવ નેઅમતો માગી લેવામાં આવી છે.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ની દુઆઓથી એ હતી કે, ઈલાહી ! હું તારી પનાહ લઉં છું તારી નેઅમત વેડફાય જવાથી અને તારી આફિયત (અમનો સલામતી)ના પલટી જવાથી[૧] અને તારા અતીનક એતાબ (ગઝબ)થી અને તારી સર્વ નારાઝગીઓથી.[૩]'' (મુસ્લિમ)

★ હદીષ : (૫)-૨૪૬૧ ★

وَعَن عبد بن عمرَ قَالَ: كَانَ مِنْ دُعَاءِ رَسُولِ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ سوسلم: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنْ زَوَالِ نِعْمَتِكَ وَتَحَوُّلِ عَافِيَتِكَ وَفُجَاءَةِ نِقْمَتِكَ وَجَمِيعِ سَخَطِكَ» . رَوَاهُ مُسلم

★ ઝવાલ અને ક્રાંતિનો તફાવત ★

૧. ઝવાલ (પડતી) અને ઈન્ક્રિલાબ (ક્રાંતિ)માં ફરક એ છે કે નેઅમત છીનવાઈ જવું ઝવાલ છે અને નેઅમતના બદલે એતાબ તથા મુસીબતનું આવી જવું ઈન્ક્રિલાબ છે. નેઅમતથી મુરાદ ઈસ્લામ, ઈમાન, તંદુરસ્તી, માલદારી વગેરે સર્વ દીની તથા દુનિયવી નેઅમતો છે. અલ્લાહ તઆલા આપીને ન લે. તે તો નથી છીનવી લેતો પણ આપણે પોતાની બદઅમલીથી વેડફી દઈએ છીએ. إِنَّ اللَّهَ لَا يُغَيِّرُ مَا بِقَوْمٍ حَتَّىٰ يُغَيِّرُوا مَا بِأَنفُسِهِمْ (બેશક ! અલ્લાહ કોઈનાથી પોતાની નેઅમત નથી બદલતો જ્યાં સુધી ખુદ પોતાની હાલત ન બદલે. સૂ. રઅદ, ૧૩/૧૧)

૨. એટલે હે ખુદા ! અમને એવા કામોથી બચાવ જે તારી નારાઝગીના સબબો છે.

★ હદીષ : (૬)-૨૪૬૨ ★	*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યા કરતા હતા, ઈલાહી ! હું તારી પનાહ લઉં છું કરેલાની બુરાઈથી અને ન કરેલાની બુરાઈથી.[૧]'' (મુસ્લિમ)*
وَعَنْ عَائِشَةَ قَالَتْ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنْ شَرِّ مَا عَمِلْتُ وَمِنْ شَرِّ مَا لَمْ أعمَلْ» . رَوَاهُ مُسلم	

૧. એટલે કે જે બુરાઈઓ હું કરી ચૂક્યો છું તેની બુરાઈથી બચાવી લે કે એની માફી આપી દે, અને જે બુરાઈઓ હજી નથી કરી, ભવિષ્યમાં કરનારો છું તેની બુરાઈથી બચાવી લે, એટલે કે એને ન કરવાની તૌફીક આપ. અથવા જે મુસીબતો ખુદ મારા કરવાથી આવે છે એનાથી બચાવ, અને જે એકના કરવાથી સર્વ ક઼ૌમ પર આવે છે અને ન કરનારા પણ લપેટમાં આવી જાય છે, તેમનાથી બચાવ. રબ તઆલા ફર્માવે છે : وَاتَّقُوا فِتْنَةً لَّا تُصِيبَنَّ الَّذِينَ ظَلَمُوا مِنكُمْ خَاصَّةً (અને એ ફિત્નાથી ડરતા રહો જે કદાપિ તમારામાં ખાસ જાલિમોને જ ન પહોંચશે. *(સૂ. અન્ફાલ, ૮/૨૫)* અથવા મને ન કરેલા ગુનાહોની મુસીબતથી બચાવી લે કે શંકામાં બલામાં સપડાઈ જઉં. આ વાક્યની અન્ય પણ તફસીરો થઈ શકે છે.

★ હદીષ : (૭)-૨૪૬૩ ★	*''ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ કહેતા હતા, ઈલાહી ! હું તારો ફર્માબરદાર થયો, તારા પર ઈમાન લાવ્યો અને તારા પર ભરોસો કર્યો અને તારા તરફ રુજૂઅ કર્યું (પલટયો) અને તારા ભરોસા પર કાફિરો સાથે લડુ છું[૨] ઈલાહી ! હું તારી ઈજ્જતની પનાહ લઉં છું, તારા સિવાય કોઈ મઅબૂદ નથી, એનાથી કે તું મને ગુમરાહ કરે.[૩] તું તે ઝિંદા છે જેને મૌત નથી, સર્વ જિન તથા ઈન્સાન મરી જશે[૪]'' (મુસ્લિમ, બુખારી)*
وَعَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ: «اللَّهُمَّ لَكَ أَسْلَمْتُ وَبِكَ آمَنْتُ وَعَلَيْكَ تَوَكَّلْتُ وَإِلَيْكَ أَنَبْتُ وَبِكَ خَاصَمْتُ اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِعِزَّتِكَ لَا إِلَهَ إِلَّا أَنْتَ أَنْ تُضِلَّنِي أَنْتَ الْحَيُّ الَّذِي لَا يَمُوتُ وَالْجِنُّ وَالْإِنْسُ يموتون»	

૧. જાહેરી આજ્ઞાપાલનને ઈસ્લામ અને બાતિની ફર્માંબરદારીને ઈમાન કહેવામાં આવેલ છે. એટલે ઈલાહી ! મારું જાહેર તથા બાતિન, ખોળિયુ તથા દિલ તારું આજ્ઞાંકિત છે. હુઝૂર ﷺ તો હક઼ીક઼ત વર્ણવી રહ્યા છે, પણ આપણે ગુનેહગાર હુઝૂરની નકલમાં આ દુઆ પઢીએ. આપણને ખુદ આપણી ખબર છે કે કેટલા અંશે આજ્ઞાંકિત છીએ ! ખુદા કરે અસલની બરકત નકલ પર પણ આવી જાય.

૨. એટલે કે ખુદાયા ! હું મારી શક્તિ તથા કુવ્વત કે ફૌજ તથા હથિયારના ભરોસા પર જેહાદ નથી કરતો, કેવળ તારા ભરોસા પર કરું છું. આ તવક્કુલ તે શક્તિ છે જે કાફિરોની પાસે નથી, કેવળ મુસલમાનોની પાસે છે.

૩. સુબ્હાનલ્લાહ ! કેટલી પ્યારી અરજ છે ! એટલે મૌલા ! ઈજ્જતવાળા આકા ! પોતાના ગુલામોને ઝલીલ નથી થવા દેતો. તને તારી ઈજ્જત તથા ગલ્બાનો વાસ્તો કે મને ઝિલ્લતના સબબો, ગુમરાહી વગેરેથી બચાવી લે.

૪. આ વાક્યમાં તે મુસલમાનની રદ છે જે મુસીબતોમાં જિન્નાતની પનાહ લેતા હતા. ખાસ કરીને સફરની હાલતમાં જ્યારે કોઈ મંઝિલ પર રોકાતા. એટલે ફાનીની પનાહ પણ ફાની છે, બાકીની પનાહ પણ બાકી. તારી પનાહ દુનિયા તથા આખેરત દરેક જગાએ કામ આવશે. યાદ રાખશો કે ઠંડી ગરમીમાં લિબાસ તથા મકાનની પનાહ, બીમારીમાં હકીમની, મઝલૂમિયતમાં હાકિમની,

ગુનાહમાં હુઝૂરે અન્વર ﷺની પનાહ આ દુઆની વિરુદ્ધ નથી કે એ તમામ ચીજો રબ તઆલાની જ નિશ્ચિત કરેલી છે, કરેલા સબબો છે. તેમની પનાહ રબ તઆલાની પનાહ છે. મૌલાના જામી ફર્માવે છે : (શેઅર)

یارسول اللہ بدرگاہت پناہ آوردہ ام　　ہیچوکا ہے آمدم ہے گناہ آوردہ ام

અર્થ : યા રસૂલલ્લાહ ! આપના રોઝા પર પનાહ લેવા આવ્યો છું, હું જો કે તણખલા જેવા તુચ્છ છું પરંતુ ગુનાહોનો પહાડ લઈને આવ્યો છું.

(વિભાગ : ૨) الفصل الثانی

ચાર ચીજોથી પનાહ માગવું

★ **હદીષ : (૮/૯)-૨૪૬૪/૨૪૬૫** ★

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: " اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْأَرْبَعِ: مِنْ عِلْمٍ لَا يَنْفَعُ وَمِنْ قَلْبٍ لَا يَخْشَعُ وَمِنْ نَفْسٍ لَا تَشْبَعُ وَمِنْ دُعَاءٍ لَا يُسْمَعُ ". رَوَاهُ أَحمدُ وَأَبُو دَاوُد وابنُ مَاجَه

2465 -[9] وَرَوَاهُ التِّرْمِذِيُّ عَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو. وَالنَّسَائِيّ عَنْهُمَا

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવતા હતા, ઈલાહી ! હું ચાર ચીજોથી તારી પનાહ લઉં છું[૧] એ ઈલ્મથી જે નફો ન આપે[૨] એ દિલથી જેમાં આજીજી ન હોય[૩] એ નફ્સથી જે ધરાય નહીં[૪] એ દુઆથી જે સાંભળી ન શકાય[૫] (અહમદ, અબૂ દાઉદ, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ એને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત કરી, અને નિસાઈએ એ બંને સાહબોથી.

૧. આ ચારનું વર્ણન સીમિત કરવા નથી બલ્કે મહત્વ પ્રદર્શિત કરવા માટે છે એટલે કે સર્વ નુકસાનકર્તા ચીજોથી તારી પનાહ માગુ છું. ખાસ કરીને આ ચારેવથી કે એનું નુકસાન ખૂબ જ અધિક છે.

૨. એ રીતે એ ઈલ્મ જ નુકસાનકારક હોય, જેમ કે જાદૂ વગેરેનો ઈલ્મ અને બિનફાયદાકારક હોય, જેમ કે ગૈર જરૂરી ઈલ્મો. અથવા જાતે પોતે તો લાભકર્તા હોય પણ હું તેનાથી ફાયદો ન ઉઠાવું. જેમ કે ઈલ્મે દીન જે કેવળ દુનિયા કમાવા માટે શીખવાડવામાં આવે, પરંતુ એના પર અમલ કરવામાં ન આવે. સૂફીઓ ફર્માવે છે કે બાઅમલ ઈલ્મ કાલે આપણો ગવાહ થશે અને બેઅમલ ઈલ્મ આપણી વિરુદ્ધ ગવાહી આપશે. યાદ રાખશો કે કોઈ ઈલ્મ સ્વજાતે બુરો નથી બલ્કે પરિણામ તથા નિય્યતના લેહાઝથી બુરો બની જાય છે. જો કોઈ ઈલ્મ સ્વજાતે બુરો હોત તો પરવરદિગારને ન હોત, જેથી આ દુઆથી એવુ નથી કહી શકાતુ કે હુઝૂરે અન્વર ﷺને અમુક ઈલ્મ ન હતા. સૌથી

બદ્તર ચીજો કુફ્ર તથા જાદૂ છે, પણ ઉલમા ફર્માવે છે કે એમનું શીખવું ક્યારેક ફર્ઝ છે બચવાના માટે.

૩. આજિઝ દિલ ફળદ્રુપ જમીનના જેમ છે. જેમાં પેદાવાર ખૂબ થતી હોય. અને સખત દિલ એ પથરીલા વિસ્તારની જેમ છે જેમાં રોપેલુ બી બેકાર જાય છે. રબ તઆલા ફર્માવે છે : فَوَيْلٌ لِّلْقٰسِيَةِ قُلُوْبُهُمْ مِّنْ ذِكْرِ اللّٰهِ (તેના જેવું થઈ જશે જે સંગદિલ છે. તો **ખરાબી છે તેમની જેમનાં દિલ યાદે ખુદા તરફથી સખ્ત થઈ ગયાં છે.** *(સૂરએ ઝુમર, ૩૯/૨૨)*

૪. એટલે કે દુનિયાથી ઘરાય નહીં, જેમ કે જલંધરની બીમારીવાળો પાણીથી ઘરાતો નથી. આખેરતની નેકીઓથી ન ધરાવું એ ખુદાની રહમત છે. (શેઅર)

حاجتے نیست مرا سیر ازیں آبِ حیات　　ضاعف اللّٰہ علی کل زمان عطشی

આપણા હુઝૂર ﷺ આપણને આપવાથી ઘરાતા નથી. રબ તઆલા ફર્માવે છે : حَرِيْصٌ عَلَيْكُمْ (તમારી ભલાઈના અત્યંત ચાહનારા. સૂરએ તૌબા, ૯/૧૨૮) તો પછી આપણે એમનાથી લેવામાં શાથી ઘરાઈએ ?

૫. એટલે કે બારગાહે ઈલાહીમાં કબૂલ ન થાય, કેમ કે મરદૂદ દુઆ ક્યારેક દુઆ કરવાવાળાની મરદૂદિયતની નિશાની હોય છે. યાદ રાખશો કે અંબિયાએ કિરામની દુઆ કદી રદ નથી થતી, હા ! ક્યારેક તેમને દુઆથી રોકી દેવામાં આવે છે. દુઆથી રોકવું અલગ છે અને રદ કરી દેવી અલગ છે.

★ હદીષ : (૧૦)-૨૪૬૬ ★
وَعَنْ عُمَرَ قَالَ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَتَعَوَّذُ مِنْ خَمْسٍ: مِنَ الْجُبْنِ وَالْبُخْلِ وَسُوءِ الْعُمُرِ وَفِتْنَةِ الصَّدْرِ وَعَذَابِ الْقَبْرِ. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

''હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ પાંચ ચીજોથી પનાહ માગતા હતા : બુઝ દિલીથી, કંજૂસાઈથી, બુરી ઉમરથી[૧], સીનાઓના ફિત્નાઓથી અને કબ્રના અઝાબથી[૨].

(અબૂ દાઊદ, નિસાઈ)

૧. જંગ ન કરી શકવું બુઝદિલી છે અને માલ ખર્ચ ન કરવું કંજૂસી અને બુરી ઉમરથી મુરાદ ઘડપણની તે હાલત છે જ્યારે અંગો જવાબ આપી જાય (શીથિલ થઈ જાય) અને માણસ પોતાનાં ઘરવાળાઓ માટે બોજ બની જાય. એનું વર્ણન અગાઉ થઈ ગયું. *(લમ્આત)*

૨. અકીદા, બુરા અખ્લાક, હસદ, કીનો વગેરે સૌ સીનાના ફિત્ના છે. કબ્રના અઝાબથી મુરાદ તે અમલો છે જે કબ્રના અઝાબનો સબબ બને. અથવા ખુદ કબ્રનો અઝાબ. એની તેહકીક અગાઉ થઈ ચૂકી છે.

★ હદીષ : (૧૧)-૨૪૬૭ ★
وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ: «اللّٰهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْفَقْرِ وَالْقِلَّةِ وَالذِّلَّةِ وَأَعُوذُ مِنْ أَنْ أَظْلِمَ أَوْ أُظْلَمَ» رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

'હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ કહ્યા કરતા હતા, ઈલાહી ! હું તારી પનાહ માગુ છું ફકીરી તથા કમી અને ઝિલ્લતથી[૧] અને તારી પનાહ માગુ છું એનાથી કે સતાવું કે સતાવવામાં આવું[૨]. (અબૂ દાઊદ, નિસાઈ)

ફકીરીની વ્યાખ્યા તથા પ્રકારો

૧. ફકીરીથી મુરાદ ક્યાં તો દિલની ફકીરી છે એટલે કનાઅત ન હોવું અથવા માલની ફકીરી જે કુફ્ર અથવા ગુનાહો સુધી પહોંચાડી આપે, અને કમીથી મુરાદ નેક અમલો અને સારા અખ્લાકની કમી અથવા મુસલમાનોની

સંખ્યાની કમી છે. નહીં તો નબી કરીમ ﷺ માલ તથા સંપત્તિની અધિક્તા પસંદ કરતા ન હતા. (મિર્કાત) મિલ્લતથી મુરાદ લોકોની નજરમાં ધિક્કાર છે અથવા માલદારો સામે આજીજી. સૂફીઓ ફર્માવે છે ફક્ર (ગરીબી)નો અર્થ છે પીઠ તોડનારી ચીજ. પીઠ તોડનારી ફકીરીના પ્રકારો ચાર છે : (૧) હાજતો તથા જરૂરતોનું ઉપસ્થિત રહેવું. આ સર્વ માનવોને છે. રબ તઆલા ફર્માવે છે : اَنْتُمُ الْفُقَرَآءُ (હે લોકો ! તમો સૌ અલ્લાહના મોહતાજ છો. સૂરએ ફાતિર, ૩૫/૧૫) (૨) જરૂરિયાતનું પૂરુ ન થવું, જેનાથી માણસ ઝકાત લેવાને પાત્ર થઈ જાય છે. રબ તઆલા ફર્માવે છે : لِلْفُقَرَآءِ الَّذِيْنَ اُحْصِرُوْا (તે ફકીરો માટે જે રાહે ખુદામાં રોકવામાં આવ્યા. સૂરએ બકરહ, ૨/૨૭૩) અથવા ફર્માવે છે : اِنَّمَا الصَّدَقٰتُ لِلْفُقَرَآءِ (ઝકાત તો તે જ લોકો માટે મોહતાજ તથા નર્યા નાદાર. સૂરએ તૌબા, ૯/૬૦) (૩) દિલની હવસ (૪) રબની તરફ મોહતાજી. હુઝૂર ﷺએ ત્રીજા પ્રકારના ફક્રથી પનાહ માગી છે અને ચોથા ફક્રમાં એ ફરક છે કે પ્રથમ ઈઝતેરારી (આવી પડેલ) અને ચોથો (ઈખ્તેયારી, જાતે અપનાવેલ) જે અંબિયા અને ખાસ અવલિયાને હાંસલ હોય છે.

૨. એ રીતે કે હું મારા નફ્સ પર જુલ્મ કરું અથવા નફ્સ મારા પર અથવા હું બીજાઓ પર કરું અને બીજા મારા પર કરે. જુલ્મ હક્ક મારવાના અર્થમાં છે.

"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ કહ્યા કરતા હતા, ઈલાહી ! હું તારી પનાહ લઉં છું અદાવત તથા મુનાફિકત તથા બદખુલ્કીથી[૧]."

(અબૂ દાઉદ, નિસાઈ)

★ હદીષ : (૧૨)-૨૪૬૮ ★

وَعَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ: «اللَّهُمَّ إِنِّي أَعُوذُبِكَ مِنَ الشِّقَاقِ وَالنِّفَاقِ وَسُوءِ الْأَخْلَاقِ» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

૧. شِقَاقથી મુરાદ છે હક્કનો વિરોધ અથવા હક્કવાળાઓથી નફરત. અને નિફાકથી મુરાદ એતેકાદી નિફાક તથા અમલી નિફાક બંનેવ છે. બદ ખુલ્કીથી મુરાદ બુરી આદતો છે. જેમ કે ઝિના, ચોરી, હસદ, અને બીજાઓ સાથે હમેશાં અકડાવું. સૂફીઓ ફર્માવે છે કે વધુ ખાવું અને વધુ સૂવુ પણ બદ્ખુલ્કી છે.

'તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ અર્ઝ કરતા હતા, ઈલાહી ! હું ભૂખથી તારી પનાહ માગું છું કે એ બુરી બિસ્તરની સાથી છે[૧] અને ખયાનતથી તારી પનાહ માગુ છું કે એ બદ્તરીન મુશીરકાર (સલાહકાર) છે[૨]. (અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૩)-૨૪૬૯ ★

وَعَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْجُوعِ فَإِنَّهُ بِئْسَ الضَّجِيعُ وَأَعُوذُ بِكَ مِنَ الْخِيَانَةِ فَإِنَّهَا بِئْسَتِ الْبِطَانَةُ».رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ وَابْن مَاجَه

૧. ભૂખથી એ ભૂખ મુરાદ છે જે ઈબાદતોથી રોકી દે, વિચારો વેરવિખેર કરી દે, કે એનાથી માણસ ઘણા બધા ગુનાહો કરી બેસે છે. રોઝાની ભૂખ તો ઈબાદત છે. યાદ રાખશો કે ક્યારેક ભૂખની અધિક્તામાં હરામ હલાલ થઈ જાય છે. રબ તઆલા ફર્માવે છે : فَمَنِ اضْطُرَّ فِيْ مَخْمَصَةٍ (તો જે ભૂખ તરસની સખ્તીમાં લાચાર હોય એ રીતે કે ગુનાહની તરફ ન ઝુકે. સૂરએ માઈદા, ૫/૩)

૨. ખયાનત, અમાનતનું વિરુદ્ધાર્થી છે. છુપી રીતે કોઈનો હક્ક મારવો ખયાનત કહેવાય છે, ચાહે પોતાનો હક્ક મારે અથવા અલ્લાહ રસૂલનો અથવા ઈસ્લામનો અથવા કોઈ બંદાનો. રબ તઆલા ફર્માવે છે :

لَا تَخُوْنُوا اللّٰهَ وَ الرَّسُوْلَ وَتَخُوْنُوْٓا اَمٰنٰتِكُمْ (હે ઈમાનવાળાઓ ! અલ્લાહ વ રસૂલથી દગો ન કરો અને ન તમારી અમાનતોમાં જાણીબુજીને ખયાનત. સૂરએ અન્ફાલ, ૮/૨૭) بطانة، استره، ظهاره، ابره، اب بطانه તે ગુપ્ત વાત જે પેટમાં રાખવામાં આવે. પછી ખાસ સલાહકારને જે આપણો હમરાઝ હોય અને એકાંત તથા જાહેરમાં સાથે રહે بطانه કહે છે. રબ તઆલા ફર્માવે છે : لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِكُمْ (ગૈરોને તમારા રાઝદાર ન બનાવો. સૂરએ આલે ઈમરાન, ૩/૧૧૮) અહીં આ અંતિમ અર્થ જ મુરાદ છે.

બુરી બીમારીઓથી પનાહ માગવું

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ આ પઢયા કરતા હતા, ઈલાહી ! હું તારી પનાહ લઉં છું, બર્સ (રક્તપિત્ત)થી, કોઢથી, પાગલપનથી[૧]. અને બુરી બીમારીઓથી[૨].''

(અબૂ દાઉદ, નિસાઈ)

★ હદીષ : (૧૪)-૨૪૭૦ ★

وَعَنْ أَنَسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْبَرَصِ وَالْجُذَامِ وَالْجُنُونِ وَمِنْ سَيِّئِ الأسقام» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

૧. બર્સ ક્યાં તો શરીરના સફેદ ડાઘ છે અને શરીરમાં વાત (પિત્ત)★ ફેલાયને જે અંગોનું મૂળ સ્વરૂપ બદલી નાખે જેનાથી ક્યારેક આંગળીઓ ખરી જાય છે, શરીર પર ફોલ્લા ફેલાય જાય છે. એ રક્તપિત્ત છે એટલે કોઢ. અને બુદ્ધિનું જતુ રહેવું અથવા બગડી જવું પાગલપન (ગાંડપણ) છે. કેમ કે કોઢ તથા રક્તપિત્તમાં તકલીફ પણ છે અને લોકોની નફરત પણ, જેના કારણે માણસ ઘણી બધી ઈબાદતોથી વંચિત થઈ જાય છે. અને બુદ્ધિ ખરાબ થઈ જવાથી માણસ બુરા ભલામાં તમીઝ નથી કરતો, એટલા માટે એ બીમારીઓથી પનાહ માગી. ★(શરીરમાં રહેલ ચાર ધાતુઓમાંથી એક, એ કાળાશવાળુ ધાત જે પિત્તામાં એકત્ર થાય છે અને તેની અધિકતા માનસિક આવેગ ઉત્પન્ન કરે છે)

૨. જેમ કે જલંદર, લકવો, ફેફસાની બીમારી (ટી.બી.) અને તે લાંબી બીમારીઓ જેમાં માણસ સબ્ર નથી કરી શકતો અને લોકો પર બોજ બની જાય છે, લોકો તેનાથી ગભરાયને તેની મૌતની દુઆઓ કરવા લાગે છે. બંદો એના કારણે અલ્લાહના હક્કો તથા બંદાઓના હક્કો અદા કરવાથી મેહરૂમ થઈ જાય છે. અલ્લાહ તઆલા હાલતાં ચાલતાં ઉઠાવી લે. (આમીન) યાદ રાખશો કે આ દુઆ આપણી તા'લીમના માટે છે, નહીં તો સર્વ અંબિયાએ કિરામ, હુઝૂર સૈયદુલ અંબિયા عَلَيْهِمُ السَّلَامُ આ બીમારીઓથી મહેફૂઝ છે. અમુક લોકો રક્તપિત્તને ચેપી બીમારી સમજે છે, એટલે ઉડીને લાગનારી, એની તેહકીક ઈન્શા અલ્લાહ ! لاعدوىની શરહમાં આવશે.

બુરી આદતો બુરાં કામો તથા બુરી ઈચ્છાઓથી પનાહ

''હઝરત કુત્બહ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ ફર્માવતા હતા, ઈલાહી ! હું તારી પનાહ લઉં છું બુરી આદતોથી, બુરા કામોથી અને બુરી ખ્વાહિશોથી[૧].'' (તિર્મિઝી)

★ હદીષ : (૧૫)-૨૪૭૧ ★

وَعَن قُطْبَةَ بْنِ مَالِكٍ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنْ مُنْكَرَاتِ الْأَخْلَاق والأعمال والأهواء» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. બુરા અખ્લાકથી મુરાદ બાતિની તથા આંત્રિક અમલો છે જે શરીઅત વિરુદ્ધ હોય, જેમ કે બદ્અકીદગી, હસદ, કીનો વગેરે અને બુરા અમલોથી તે જાહેરી અમલો છે જે શરીઅતની વિરુદ્ધ છે જેમ કે ઝિના, ચોરી, જૂઠ,

ગીબત વગેરે. અને બુરી ખ્વાહિશોથી મુરાદ બુરાઈઓની તરફ દિલનું આકર્ષણ છે هوىનો શાબ્દિક અર્થ છે મહોબ્બત બુરી ચીજથી હોય કે સારી ચીજથી. પ્રથમ هوى બુરી છે અને બીજી સારી, પણ એનો મોટાભાગે ઉપયોગ બુરા આકર્ષણ માટે થાય છે. રબ તઆલા ફર્માવે છે : وَمَنْ اَضَلُّ مِمَّنِ اتَّبَعَ هَوٰىهُ بِغَيْرِ هُدًى مِّنَ اللّٰهِ (અને એનાથી વધીને ગુમરાહ કોણ જે પોતાની ખ્વાહિશની પયરવી કરે અલ્લાહની હિદાયતથી અલગ. સૂરએ ક़સ़સ, ૨૮/૫૦) સૂફિયાએ કિરામ ફર્માવે છે કે જો هوىનો هدىથી મળી જાય તો એવી છે જેમ કે મધ અને માખણ મિશ્રિત. ક્યારેક બુરા અક़ીદાઓને પણ هوى કહી દે છે. રબ તઆલા ફર્માવે છે : اَفَرَءَيْتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰىهُ (ભલા જુઓ તો તે જેણે પોતાની ખ્વાહિશને પોતાનો ખુદા ઠરાવી લીધો. સૂરએ જાષિયા, ૪૫/૨૩)

★ હદીષ : (૧૬)-૨૪૭૨ ★

وَعَنْ شُتَيْرِ بْنِ شَكَلِ بْنِ حُمَيْدٍ عَنْ أَبِيه قَالَ: قُلْتُ: يَا نَبِيَّ اللَّهِ عَلِّمْنِي تَعْوِيذًا أَتَعَوَّذُ بِهِ قَالَ: «قُلِ اللَّهُمَّ إِنِّي أَعُوذُ بك من شَرِّ سَمْعِي وَمن شَرِّ بَصَرِي وَشَرِّ لِسَانِي وَشَرِّ قَلْبِي وَشَرِّ مَنِيِّي» . رَوَاهُ أَبُو دَاوُد وَالتِّرْمِذِيّ وَالنَّسَائِيّ

''હઝરત શુબૈર બિન શકલ બિન હુમૈદથી, તે પોતાના પિતાથી રિવાયત કરે છે. મેં અર્ઝ કરી, શું મને કોઈ તાવીઝ શીખવાડશો જેનાથી હું તાવીઝ કર્યા કરું[૧]. ફર્માવ્યું, કહો : ઈલાહી ! હું તારી પનાહ લઉં છું મારા કાન, મારી આંખ, ઝબાન, દિલ અને મનની બુરાઈથી[૨].'' (અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ)

૧. એટલે તે દુઆના શબ્દો શીખવાડો જેના થકી બુરાઈઓથી રબ તઆલાની પનાહ લઉં. તાવીઝ તે કાગળના ટુકડાને કહે છે જેમાં કુર્આની આયત કે દુઆઓ લખીને પોતાની પાસે રાખે કે એનાથી હેતુ પનાહ લેવાનો છે. આ શબ્દનો માખઝ આ હદીષ છે. **૨.** બુરી ચીજ, ગીત, મ્યુઝિક વગેરે સાંભળવું **કાનની બુરાઈ** છે, જૂઠ, ગીબત અને નુકસાનકર્તા અથવા બેકારની વાતો કરવી **જીભની બુરાઈ.** અને હસદ, કીનો, બુરા અક़ીદા **દિલની બુરાઈ** છે. અને ઝિના તથા ઝિનાના સબબોમાં સપડાવું **મનની બુરાઈ** છે. મની (વિર્ય)થી મુરાદ તે જ મશહૂર ચીજ જેના બહાર થવાથી ગુસ્લ વાજિબ થાય છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે મની مَنِيَّةٌનું બહવચન છે મૌતના અર્થમાં. અથવા أُمْنِيَةٌનું બહુવચન એટલે આરઝૂ તથા તમન્ના. હે ખુદા ! બુરા પ્રકારની મોતોથી તારી પનાહ, અથવા દુનિયવી લાંબી ઉમ્મીદોથી તારી પનાહ. પણ પ્રથમ અર્થ અધિક મજબૂત છે. *(મિર્ક़ાત તથા અશિઅ્તુલ લમ્આત)*

પાંચ ચીજોથી પનાહ માગવું

★ હદીષ : (૧૭)-૨૪૭૩ ★

وَعَن أَبِي الْيُسْر أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَدْعُو: «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْهَدْمِ وَأَعُوذُ بِكَ مِنَ التَّرَدِّي وَمِنَ الْغَرَقِ وَالْحَرْقِ وَالْهَرَمِ وَأَعُوذُ بِكَ مِنْ أَنْ يَتَخَبَّطَنِي الشَّيْطَانُ عِنْدَ الْمَوْتِ وَأَعُوذُ بِكَ مِنْ أَنْ أَمُوتَ فِي سَبِيلِكَ مُدْبِرًا وَأَعُوذُ بِكَ مِنْ أَنْ أَمُوتَ لَدِيغًا»رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَزَادَ فِي رِوَايَةٍ أُخْرَى «الْغم»

''હઝરત અબુલ યુસ્રથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ આ દુઆ માગ્યા કરતા હતા, ઈલાહી ! હું તારી પનાહ લઉં છું ઈમારત પડવાથી અને તારી પનાહ લઉં છું ઉપરથી પડી જવાથી, ડૂબી જવાથી, સળગી જવાથી[૧] અને ઘડપણથી. અને તારી પનાહ લઉં છું એનાથી કે શૈતાન મને વસવસા આપે મૌતના સમયે[૨]. અને તારી પનાહ લઉં છું એનાથી કે તારી રાહમાં પીઠ ફેરવતો મરૂ. અને તારી પનાહ લઉં છું એનાથી કે સાપથી ડંખ મારેલો મરૂં[૩]. (અબૂ દાઉદ, નિસાઈ) અને બીજી રિવાયતમાં એટલો વધારો છે કે ગમથી[૪].''

૧. જો કે આ ચારેવ પ્રકારનાં મૃત્યુ શહાદત છે પણ કેમ કે અચાનક આફતો પણ છે જેમાં સપડાયને માણસ ક્યારેક ગભરાયને ઈમાન ખોઈ બેસે છે અને એમનામાંથી અચાનક મૌત પણ છે. જેમાં તૌબા તેમજ મોતની તૈયારીની મોહલત નથી મળતી, એટલા માટે એમનાથી પનાહ માગી, જેમ કે જેહાદ ઈબાદત છે પણ હુઝૂરે અન્વર ﷺએ અમ્નો આફિયતની દુઆઓ માગી છે, અને દરેક બીમારીમાં સવાબ છે પણ સરકાર ﷺએ તેનાથી પનાહ માગી. *(લમ્આત)*

૨. ઘડપણથી મુરાદ બરાબરની વૃદ્ધતા છે જેમાં બુદ્ધિ બહેર મારી જાય છે. ખબ્તથી મુરાદ પાગલપન અથવા બુધ્ધિહિનતા છે. શૈતાનનું અધિક જોર મૃત્યુ વખતે થાય છે કેમ કે એના પર અમલોનો આધાર છે. એનાથી જાણવા મળ્યું કે શૈતાન દીવાનગી અને બીમારીઓ માણસમાં પેદા કરી શકે છે. રબ તઆલા ફર્માવે છે : يَتَخَبَّطُهُ الشَّيْطٰنُ مِنَ الْمَسِّ "(જેમ કે ઉભો થાય છે તે જેને જિને સ્પર્શીને પાગલ બનાવી દીધો હોય. સૂરએ બકરહ, ૨/૨૭૫) જેથી અંબિયાએ કિરામ તથા અવલિયા અલ્લાહ, પરવરદિગારના હુકમથી શિફા આપી શકે છે.

૩. આ દુઆ પણ ઉમ્મતની તા'લીમના માટે છે, નહીં તો નબી ﷺ જેહાદમાં પીઠ ફેરવવાથી અને વફાતના સમયે શૈતાનના સ્પર્શથી મહેફૂઝ છે. ہِبْر દરેક ઝેરીલા જાનવરના કરડેલાને કહે છે, વીછી હોય કે સાપ. યાદ રાખશો કે નબી કરીમ ﷺએ એ મોતથી પનાહ માગી છે, જેથી તે બનાવ આ દુઆની વિરુદ્ધ નથી જે તિબ્રાનીએ સૈયદના અલીયે મુર્તઝાથી નકલ કર્યો કે એકવાર હુઝૂર ﷺને વીછીએ કરડી લીધા તો આપે તેના પર પાણી તથા મીઠુ લગાડયુ અને સૂરએ કાફિરૂન, ફલક તથા નાસ દમ કરી. *(મિર્કાત)*

૪. ગમથી તે દુનિયવી સખત તકલીફ છે જે ફિકે આખેરતથી રોકી દે.

લાલચથી પનાહ માગવું

★ હદીષ : (૧૮)-૨૪૭૪ ★	*"હઝરત મઆઝ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ ﷺથી રાવી કે ફર્માવ્યું, અલ્લાહની પનાહ માગો એ લાલચથી જે મોહર લાગી જતા સુધી પહોંચાડી આપે. (અહમદ, બયહકી, દઅવાતે કબીર)*
وَعَنْ مُعَاذٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " أَستعيذُ بِاللّٰهِ مِنْ طَمَعٍ يَهْدِي إِلَى طَبَعٍ)رَوَاهُ أَحْمد وَالْبَيْهَقِيّ فِي الدَّعْوَات الْكَبِير	

૧. 'ત્મઅ'નો શાબ્દિક અર્થ છે લોકોથી માલની ઉમ્મીદ રાખવી, અને તમઅ લોખંડનો તે કાટ છે જે એને માટી બનાવી દે. (અશિઅહ) પણ અહીં તમઅથી મુરાદ નફ્સનું પોતાની ખ્વાહિશોમાં ગુમ થઈ જવું છે. અને તબઅથી મુરાદ અયબ છે જે દૂર ન થઈ શકે. એટલે ખુદાયા ! મને એ દુનિયવી લાલચથી બચાવી લે જે લાલચીને ઝલીલ કરી દે છે અને તેને ઝિલ્લતનો એહસાસ પણ નથી થતો. તમઅ મોહર લગાડવાને પણ કહે છે. રબ તઆલા ફર્માવે છે : غُلْفٌ ۭ بَلْ طَبَعَ اللّٰهُ عَلَيْهَا (બલ્કે અલ્લાહે તેમના કુફ્રના કારણે તેમના દિલો પર મોહર લગાડી આપી છે. સૂરએ નિસાઅ, ૪/૧૫૫) જાહેરી ગુનાહ ક્યારેક દિલ પર મોહર લાગી જવાના સબબ બની જાય છે, ખાસ કરીને દુનિયાની લાલચ. મોહર લાગવાથી માણસ બુરા ભલામાં તમીઝ નથી કરતો. લાલચનો અંજામ એ જ છે કે લાલચી સારું બુરુ, હલાલ હરામ દરેક પ્રકારનો માલ હજમ કરી જાય છે. એ શખ્સ કૂતરાથી બદ્તર છે કે કૂતરો તો સૂંઘીને ચીજમાં મોં મારે છે પણ આ વિના વિચાર્યે જ ઉતારી જાય છે.

ચાંદની બુરાઈથી પનાહ માગવું

★ હદીષ : (૧૯)-૨૪૭૫ ★

وَعَنْ عَائِشَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَظَرَ إِلَى الْقَمَرِ فَقَالَ: «يَا عَائِشَةُ اسْتَعِيذِي بِاللَّهِ مِنْ شَرِّ هَذَا فَإِنَّ هَذَا هُوَ الْغَاسِقُ إِذا وَقب» . رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ચાંદ જોયો[૧] તો ફર્માવ્યું, હે આઈશા ! આની બુરાઈથી અલ્લાહની પનાહ માગો[૨] આ જ તે અદશ્ય થઈ જવાનો છે ગ્રહણ લાગતી વખત[૩].'' (તિર્મિઝી)

૧. પ્રથમ અર્ઝ કરવામાં આવી ચૂક્યું છે કે **ત્રીજી તારીખ પછીના ચાંદને ક़મર કહે છે અને એથી પહેલાં હિલાલ કહે છે.**

૨. જાહેર એ છે કે هذا થી નિર્દેશ ચાંદની જ તરફ છે, ને રાતની તરફ, જેવું કે અમુક શરહકર્તાઓએ લખ્યું છે.

૩. આ ફર્માનમાં નિર્દેશ આ આયતે કરીમાની તરફ છે : وَمِنْ شَرِّ غَاسِقٍ اِذَا وَقَبَ۝ (અને અંધારુ નાખવાવાળા ની બુરાઈથી જ્યારે તે ડૂબે. સૂરએ ફલક, ૧૧૩/૩) આયતે કરીમામાં غاسق તથા وقب,ની ઘણી તફસીરો કરવામાં આવી છે. غاسق અંધારી રાત અને وقب, શફક़ ગાલિબ થવું. કેમ કે ઘણા બધા ગુનાહ ચોરીઓ, क़त्લ, ઝિના અંધારી રાતમાં જ થાય છે, એટલા માટે એનાથી પનાહ માગવામાં આવી. غاسق ચાંદ, કેમ કે એ પણ સૌમાં છુપાયને અંધારુ ફેલાવી દે છે અને وقب, ગ્રહણ લાગે છે. કેમ કે ચંદ્ર ગ્રહણ ખૂબ જ ભયાનક ચીજ છે અને એ વખતે મોટાભાગે જાદૂટોના થાય છે એટલા માટે એનાથી પનાહ માગી. આ હદીષે પાક એ જ અર્થની તરફ નિર્દેશ કરી રહી છે. غاسق તથા وقب,ની અન્ય ઘણી તફસીરો છે જે લખાણ લંબાઈ જવાના ડરથી છોડી આપી છે. જાણવા મળે છે કે અમુક સમયો મનહૂસ હોય છે, અમુક સઈદ. રબ તઆલા ફર્માવે છે : فِيْ يَوْمِ نَحْسٍ مُّسْتَمِرٍّ۝ (એવા દિવસોમાં જેની નહૂસત તેમના પર હમેશાં રહી. સૂરએ ક़મર, ૫૪/૧૯) હુઝૂરે અન્વર ﷺની વિલાદત તથા મેઅરાજની ઘડીઓ ઘણી સઈદ તથા મુબારક છે. મન્હૂસ ઘડીઓથી પનાહ માગો અને મુબારક ઘડીઓથી બરકત લો.

નફ્સની શરારતથી પનાહ માગવું

★ હદીષ : (૨૦)-૨૪૭૬ ★

وَعَن عمرانَ بنِ حُصينٍ قَالَ: قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لأبي: «يَا حُصَيْن كم تعبد الْيَوْم إِلَهًا؟» قَالَ أَبِي: سَبْعَةً: سِتًّا فِي الْأَرْضِ وواحداً فِي السَّماءِ قَالَ: «فَأَيُّهُمْ تَعُدُّ لِرَغْبَتِكَ وَرَهْبَتِكَ؟» قَالَ: الَّذِي فِي السَّمَاءِ قَالَ: «يَا حُصَيْنُ أَمَا إِنَّكَ لَوْ أَسْلَمْتَ عَلَّمْتُكَ كَلِمَتَيْنِ تَنْفَعَانِكَ» قَالَ: فَلَمَّا أَسْلَمَ حُصينٌ قَالَ: يَا رسولَ الله علِّمني الكلمتين اللَّتين وَعَدتني فَقَالَ: «قل اللَّهُمَّ أَلْهِمْنِي رُشْدِي وَ أَعِذْنِي مِنْ شَرِّ نَفْسِي» . رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ મારા પિતાથી ફર્માવ્યું, હે હુસૈન ! તમે આજકાલ કેટલા મઅબૂદોને પૂજો છો ? મારા પિતા બોલ્યા, સાત : છ જમીનના[૨] અને એક આસ્માનનો. તો ફર્માવ્યું કે તેમાંથી ખૌફ તથા ઉમ્મીદ કોનાથી ધરાવો છો ? બોલ્યા, આ આસ્માનવાળાથી[૩]. ફર્માવ્યું, હે હુસૈન ! જો તમે મુસલમાન થઈ જાવ તો હું તમને બે દુઆઓ એવી શીખવાડું જે તમને ખૂબ જ ફાયદો આપે[૪]. ફર્માવે છે, જ્યારે હુસૈન મુસલમાન થઈ ગયા તો અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને તે

દુઆઓ શીખવાડો જેનો આપે મને વાયદો કર્યો હતો[૫]. ફર્માવ્યું, આ પ્રમાણે પઢયા કરો : ઈલાહી ! મને મારી હિદાયતનો ઈલ્હામ કર અને મને મારા નફ્સની શરારત (બુરી હરકત)થી પનાહ આપ[૬]." (તિર્મિઝી)

૧. આપનું નામ ઈમરાન, કુન્નિયત અબુલ ખૈર છે. ખઝાઈ કઅ્બી છે ખૈબરના વરસે પોતાના પિતા હુસૈ્નની સાથે ઈમાન લાવ્યા. ફારૂકી યુગમાં બસરા મોકલવામાં આવ્યા, પછી ત્યાં વસી ગયા. બસરામાં જ હિ.સ. ૫૨માં વફાત થઈ. ઈબ્ને સીરીં ફર્માવે છે કે **ઈમરાન જેવો પરહેઝગાર તથા અફઝલ બસરામાં કોઈ ન હતો આપને ફરિશ્તા સલામ કરતા હતા.** (કિતાબુલ કાશિફ મૌલાના અબ્દુલ હક્ક, અઝ : હાશિયા અકમાલ)

૨. એટલે લાત, મનાત, અગૂષ, યઊક, નસ્ર, ઉઝ્ઝા. આ સર્વનું વર્ણન કુર્આનમાં છે. એ સર્વ મૂર્તિઓ સ્ત્રીઓના નામ પરથી હતી. પણ કેમ કે એમનામાં અલ્લાહ તઆલાને સાતમો મઅબૂદ કહેવામાં આવ્યો તો સ્ત્રી વાચક નથી એટલા માટે સબ્અ્હ "તા" થી કહ્યું જે પુરૂષવાચક કરીને બોલાવવામાં આવે છે.

૩. એટલે કે મુસીબતમાં ફરિયાદ, હાજતમાં દાદ એ રબથી ચાહે છે જે આસ્માનવાળો છે એટલે અલ્લાહ તઆલાથી, બાકીના આ છે તે એઝાઝી ટેમ્પરરી છે. તેમનો અકીદો એ હતો કે અલ્લાહ તઆલા આસ્માનમાં રહે છે. કેમ કે હજી એ કાફિર હતા એટલા માટે હુઝૂર ﷺએ તેમની કોઈ વાતનો રદિયો ન આપ્યો, જેથી આ ખામોશીથી એ લાઝિમ નથી થતું કે ઈસ્લામનો પણ એ અકીદો છે.

૪. સુબ્હાનલ્લાહ ! કેટલી ઉમદા તબ્લીગ છે ! કોઈને લાલચ આપીને, કોઈને ડરાવીને, કોઈને પોતાનો દીવાનો બનાવીને ઈસ્લામની દા'વત આપી. હઝરત બિલાલને શું આપીને બોલાવ્યા ? પોતાનો ઈશ્ક આપીને, પોતાનો શોખ આપીને, એવું કહો સર્વ કાંઈ આપીને તેમનું સર્વ કાંઈ દુઃખ તથા દર્દ દૂર કર્યું.

૫. એટલે કે હઝરત હુસૈન એ વખતે તો ઈમાન લાવ્યા ન હતા પણ તીરે નઝરના ઘાયલ થઈ ચૂક્યા હતા ! તે ઘાએ પોતાનું કામ કરી આપ્યું. થોડાક અરસા બાદ ઈમાન લાવ્યા તો આ વાયદો યાદ અપાવ્યો. ફીણ આવ્યા બાદ થોડીવાર પછી જ જામે છે.

૬. દરેક શખ્સની ખાસ હિદાયત અલગ અલગ છે જે રબ તઆલાએ એના નસીબમાં રાખી છે. કોઈને કેવળ ઈમાનની હિદાયત, કોઈને તકવાની, કોઈને ઈર્ફાનની, કોઈને રહમાનના ઈશ્કની. મકસદ એ છે કે, મૌલા ! હું ઈમાન તો લઈ આવ્યો, હવે મારા નસીબમાં જે ખાસ હિદાયત તેં કરી છે અતા કર અને મારો નફ્સ શરારતોનું મૂળ છે એની બુરાઈથી મને બચાવ. જેથી હદીષ પર વાંધો નથી કે હઝરત હુસૈન હિદાયત તો પામી ચૂક્યા હતા પછી હિદાયત કેમ માગી. હિદાયતની તેહકીક, તેના પ્રકારો અમારી કિતાબ "તફસીરે નઈમી"માં اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْم ની તફસીરમાં જુઓ. યાદ રાખશો કે **શૈતાનની શરારત કરતાં નફ્સની શરારત અધિક છે, કે શૈતાન તો લાહૌલ વગેરેથી ભાગી જાય છે, પણ આસ્તીનનો સાપ કોઈ અમલથી કબજામાં નથી આવતો. કેવળ રબના ફઝ્લથી આવે છે.**

ખરાબ સ્વપ્નથી બચવાની દુઆ

''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી અને તે પોતાના દાદાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ પોતાના સ્વપ્નથી ગભરાય જાય[૧] તો કહી લે, હું અલ્લાહના પૂરા કલમાઓની પનાહ લઉં છું[૨] તેની નારાઝગી, તેના અઝાબથી અને તેના બંદાઓની બુરાઈ તથા શૈતાનોના વસવસાઓથી[૩] અને તેમની હાજરીથી. તો તમને કાંઈ નુકસાન પહોંચશે નહીં[૪]. અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર પોતાની બાલિગ અવલાદને આ શીખવતા હતા અને એમનામાંથી નાબાલિગોના ગળામાં કોઈ કાગળ પર લખીને રાખી દેતા હતા[૫] (અબૂ દાઊદ, તિર્મિઝી) અને તિર્મિઝીના આ શબ્દો છે.

★ હદીષ : (૨૧)-૨૪૭૭ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " إِذَا فَزِعَ أَحَدُكُمْ فِي النَّوْمِ فَلْيَقُلْ: أَعُوذُ بِكَلِمَاتِ اللَّهِ التَّامَّاتِ مِنْ غَضَبِهِ وَعِقَابِهِ وَشَرِّ عِبَادِهِ وَمِنْ هَمَزَاتِ الشَّيَاطِينِ وَأَنْ يَحْضُرُونَ فَإِنَّهَا لَنْ تَضُرَّهُ «وَكَانَ عَبْدُ اللَّهِ بْنُ عَمْرٍو يُعَلِّمُهَا مَنْ بَلَغَ مِنْ وَلَدِهِ وَمَنْ لَمْ يَبْلُغْ مِنْهُمْ كَتَبَهَا فِي صَكٍّ ثُمَّ عَلَّقَهَا فِي عُنُقِهِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيّ وَهَذَا لَفظه

૧. અથવા ઊંઘમાં બુરો ખ્વાબ જોઈને ગભરાય અથવા સૂતી વખતે બુરા ખ્વાબના ખતરાથી ગભરાય. પ્રથમ સ્થિતિમાં તો એ બુરા ખ્વાબનો ઝહૂર ન થશે, બીજી સ્થિતિમાં એ શખ્સ બુરા ખ્વાબ જોવાથી બચી જશે.

૨. પૂરા કલમાઓની શરહ વર્ણન થઈ ચૂકી કે એનાથી મુરાદ અસ્માએ ઈલાહિયા (અલ્લાહના નામ) અથવા કુર્આની આયતો અથવા હુઝૂરે અન્વર ﷺ કે કલિમાતિલ્લાહ છે, જેવી રીતે મૂસા عليه السلام કલીમુલ્લાહ છે અને ઈસા عليه السلام કલિમતુલ્લાહ છે.

૩. عقاب થી મુરાદ અઝાબ અથવા હિજાબ છે. અને બંદાઓની બુરાઈથી મુરાદ જુલ્મ, ગુનાહ વગેરે. અને શૈતાનના વસવસાઓથી મુરાદ ફિત્ના તથા બુરા અકીદા છે. ઘણી જ જામેઅ (સમૃદ્ધ) તથા સંપૂર્ણ દુઆ છે.

તાવીઝ લખવું, હાથ કે ગળામાં બાંધવું સહાબાની સુન્નત

૪. એનો મતલબ એ જ છે જે હમણા વર્ણવવામાં આવ્યો કે જો સૂતા પહેલાં આ દુઆ પઢી લેવામાં આવી તો બદખ્વાબી (બુરા ખ્વાબો)થી હિફાઝત થશે અને જો બુરો ખ્વાબ જોઈને પઢી તો તે ખ્વાબ બાતિલ થઈ જશે, ઈન્શા અલ્લાહ ! તેનો ઝહૂર થશે નહીં. એટલે કે હઝરત અમ્ર ઈબ્ને શોએબના દાદા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ઈબ્ને આસ સમજદાર બાળકોને તો આ દુઆ યાદ કરાવી દેતા હતા જેથી તેઓ પોતે પઢી લીધા કરે અને નાસમજ બાળકો જેઓ યાદ ન કરી શકે તેમના ગળામાં દુઆનું તાવીઝ બનાવીને રાખી દેતા હતા. અહીં બાલિગથી મુરાદ સમજદાર છે. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે કુર્આની આયતો, અલ્લાહના નામો, દઅવાતે (દુઆઓ) માષૂરાનો જે ફાયદો પઢવાથી થાય છે એ જ ફાયદો અલ્લાહના ફઝ્લથી લખીને સાથે રાખવાથી થાય છે. લૂના સમયમાં લોકો પોતાની સાથે પ્યાજ રાખે છે તો લૂથી મહેફૂઝ રહે છે. જ્યારે પ્યાજ લૂથી બચાવી શકે છે તો અલ્લાહના નામો પાસે રાખવાથી આફતોથી બચાવ થઈ શકે છે. **બીજુ** એ કે **તાવીઝ લખવું, હાથ કે ગળામાં**

બાંધવું એ સહાબાની સુન્નત છે. જે તાવીઝ દોરાઓથી મના કર્યું છે તે કાફિરોના જંતર મંતરના તાવીઝ છે જેમાં શિર્કમય શબ્દો હોય. ત્રીજુ એ કે દુઆઓના શબ્દો પણ લાભકારક છે અને તેનાં નક્શો પણ. બલ્કે તે કાગળ પણ જેના પર એ નક્શ લખવામાં આવે. અમુક દુઆઓ લખીને ધોઈને તેનું પાણી પીવડાવવામાં આવે છે તેની અસ્લ (દલીલ) પણ આ હદીષ બની શકે છે. એ પાણી અને એ કાગળોને અલ્લાહના નામથી નિસ્બત થઈ ગઈ તો શિફા બની ગયાં. **હઝરત જિબ્રઈલ** عليه السلام **ની ઘોડીની ટાપની (જ્યાં પગ પડે તે જગા)ની માટીએ સોનાના વાછરડામાં જાન નાખી દીધી. ઐયૂબ** عليه السلام **ના પગોનું ધોવણ શિફા હતું** (કુર્આન હકીમ) **આબે ઝમઝમ શિફા છે કે હઝરત ઈસ્માઈલ** عليه السلام **ની એડીથી વહેતુ થયું.** (હદીષે પાક)

ત્રણવાર જન્નત માગવું અને ત્રણવાર આગથી પનાહ માગવું કેવું ?

"હઝરત અનસ رضي الله عنه *થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ* ﷺ *એ ફર્માવ્યું કે જે અલ્લાહથી ત્રણવાર જન્નત માગે, તો જન્નત કહે છે, ઈલાહી ! એને જન્નતમાં દાખલ કરી દે. અને ત્રણવાર આગથી પનાહ માગે, તો આગ કહે છે, ઈલાહી ! એને આગથી અમાન આપી દે[૧]." (તિર્મિઝી, નિસાઈ)*

★ હદીષ : (૨૨)-૨૪૭૮ ★

وَعَنْ أَنَسٍ قَالَ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ سَأَلَ اللَّهَ الْجَنَّةَ ثَلَاثَ مَرَّاتٍ قَالَتِ الْجَنَّةُ: اللَّهُمَّ أَدْخِلْهُ الْجَنَّةَ وَمَنِ اسْتَجَارَ مِنَ النَّارِ ثَلَاثَ مَرَّاتٍ قَالَتِ النَّارُ: اللَّهُمَّ أَجِرْهُ مِنَ النَّارِ " رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيّ

૧. એટલે કે જે દરરોજ સવાર સાંજ અથવા દિવસમાં એકવાર અથવા જીવનમાં ત્રણવાર આવું કહે : اَللّٰهُمَّ اَجِرْنِيْ مِنَ النَّارِ અને ત્રણવાર આવું કહે : اَللّٰهُمَّ ادْخِلْنِي الْجَنَّةَ તો ખુદ જન્નત એના માટે દાખલાની દુઆ કરશે, અને ખુદ દોઝખ પોતાનાથી પનાહની બારગાહે ઈલાહીમાં અરજ કરશે. હક્ક એ છે કે હદીષ પોતાના જાહેર પર છે, કોઈ તાવીલની જરૂરત નથી. જન્નતી દરો દીવાર, ફૂલ પાંદડાં, ત્યાંનાં હૂરો ગિલમાન તથા ફરિશ્તા સૌ એના માટે દુઆ કરે છે. કુર્આને કરીમ ફર્માવે છે : وَتَقُوْلُ هَلْ مِنْ مَّزِيْدٍ (તે અર્ઝ કરશે કાંઈક અધિક વધારે છે ? સૂરએ ક્વાફ, ૫૦/૩૦) આગ કહેશે, હે ખુદા ! મને અધિક વધારી આપ. અને ફર્માવે છે : وَاِنْ مِّنْ شَيْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ (અને જે કાંઈ એમનામાં છે, અને અન્ય કોઈ ચીજ નથી જે એને દાદ આપતી એની પાકી ન બોલે. સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૪૪) દરેક ચીજ રબ તઆલાની તસ્બીહ તથા તમ્હીદ કરે છે. હુઝૂર ﷺ સાથે પથ્થરો, લાકડીઓએ વાત કરી. જેથી ન તો એવું કહેવાની જરૂરત છે કે જન્નત બઝબાને હાલ કહે છે અને ન એ કે ત્યાં હૂર તથા ગિલ્માન તથા મલાઈકા કહેતા હતા. *(લમ્આત તથા મિર્કાત)*

(વિભાગ : 3) الفصل الثالث

★ જાદૂથી બચવાની દુઆ ★

"હઝરત ક્વઅક્વાઅથી રિવાયત છે કે જનાબ કઅબ અહબાર ફર્માવે છે[૧] કે જો હું ત્રણ કલમા ન કહી લેતો હોત તો યહૂદી તો મને ગધેડો બનાવી દેત[૨] તેમને અર્ઝ કરવામાં આવી, એ શું છે ? ફર્માવ્યું, પનાહ લઉં છું હું અલ્લાહની અઝમતવાળી જાતની જેનાથી મોટી કોઈ

★ હદીષ : (૨૩)-૨૪૭૯ ★

عَنِ الْقَعْقَاعِ: أَنَّ كَعْبَ الْأَحْبَارِ قَالَ: لَوْلَا كَلِمَاتٌ أَقُولُهُنَّ لَجَعَلَتْنِي يَهُودُ حِمَارًا فَقِيلَ لَهُ: مَا هُنَّ؟ قَالَ: أَعُوذُ بِوَجْهِ اللَّهِ الْعَظِيمِ الَّذِي لَيْسَ شَيْءٌ أَعْظَمَ مِنْهُ وَبِكَلِمَاتِ اللَّهِ

التامَّاتِ الَّتِي لَا يُجاوزُهنَّ بَرٌّ وَلَا فاجرٌ وَبِأَسْمَاءِ اللَّهِ الْحُسْنَى مَا عَلِمْتُ مِنْهَا وَمَا لَمْ أَعْلَمْ مِنْ شَرِّ مَا خَلَقَ وَذَرَأَ وبرأ. رَوَاهُ مَالك

ચીજ નથી[૩] અને અલ્લાહના પૂરા કલમાઓની જેનાથી કોઈ નેકી કરનાર તથા બદી કરનાર આગળ નથી વધી શક્તો અને અલ્લાહનાં સારાં નામોની જે મને માલૂમ છે અને માલૂમ નથી. તે તમામની બુરાઈઓથી જેને રબે પેદા કરી, ફેલાવી અને ઠીક કરી[૪]. (માલિક)

૧. કઅકાઅ તાબઈ છે. કઅબ અહબાર યહૂદના મહાન આલિમ હતા. તેમણે હુઝૂર ﷺનો જમાનો પામ્યો પણ મુલાકાત ન કરી શક્યા. ફારૂકી જમાનામાં ઈમાન લાવ્યા જેથી બંને હઝરાત તાબઈ છે. **૨.** એટલે કે મારો ઈસ્લામ યહૂદીઓ પર એટલો ભારે છે અને તેઓ મારા એવા દુશ્મન થઈ ગયા કે જો મારી પાસે આ અમલ ન હોત તો જાદૂગર યહૂદી પોતાના જાદૂના જોરથી મારી શકલ અથવા મારી અક્કલ ગધેડા જેવી કરી દેત. યાદ રાખશો કે જાદૂથી બુદ્ધિ પણ ખરાબ કરી શકાય છે અને જાદૂ મજબૂત હોય તો સ્વરૂપ પણ બદલાય જાય છે. ફિરઔનના જાદૂગરોએ રસ્સીઓ અને વળો (ગુચ્છો)ને સાપ બનાવી દીધા હતા પણ હકીકત તબદીલ નથી થતી. અમુક સોગઠાબાઝ માટીને રૂપિયા બનાવી દે છે પણ પછી પૈસો પૈસો લોકોથી ઉઘરાવે છે અને મોજિઝામાં હકીકત તબદીલ થઈ જાય છે. મૂસા عليه السلامનો અસો (લાકડી) ખરેખર સાપ બની જતો હતો. એની સંપૂર્ણ ચર્ચા અમારી તફસીરે નઈમીમાં જુઓ. *(અઝ : મિર્કાત તથા લમ્આત)* **૩.** એટલે હું અલ્લાહની જાત અને તેના આ કલમાની પનાહ લઉં છું કે જેને એની હિફાઝત નસીબ થઈ જાય તે દરેક બુરા ભલાની બુરાઈથી બચી જાય, તેના ઘેરાવને ન તોડી શકે. બુરાથી મુરાદ શૈતાનો છે અને ભલાથી મુરાદ ઈન્સાન છે, કે એ સ્વજાતે તો ભલો છે પણ એનામાં ક્યારેક બુરાઈ પેદા થઈ જાય છે. કલિમાતિલ્લાહનો અર્થ ઘણીવાર વર્ણવવામાં આવ્યો છે.

૪. આ દુઆમાં અલ્લાહ તઆલાની જાત અને અલ્લાહના કલિમાત એટલે કુર્આની આયતો નબી કરીમ ﷺ તથા અલ્લાહ તઆલાનાં નામોની પનાહ લેવામાં આવી છે. જાણવા મળ્યું કે અલ્લાહ સિવાયનાની પનાહ લેવી જાઈઝ છે. خَلَقَ ذَرَءَ તથા بَرَءَ ત્રણેવ લગભગ સમઅર્થી છે. અન અસ્તિત્વ (અદમ)થી વજૂદ બખ્શવું خلق છે. મૌજૂદ ચીજોને આલમમાં ફેલાવી દેવી ذَرَءَ છે અને દરેક ચીજને તેના હાલના મુજબ સ્વરૂપ તથા સીરત બખ્શવું بَرَءَ છે. (અશિઅ્હ)

કુફ્ર, ફકીરી તથા કબ્રના અઝાબથી પનાહ માગવું

★ હદીષ : (૨૪)-૨૪૮૦ ★

وَعَن مُسلم بن أبي بَكرةَ قَالَ: كَانَ أَبِي يَقُولُ فِي دُبُرِ الصَّلَاةِ: اللَّهُمَّ إِن أَعُوذُ بِكَ مِنَ الْكُفْرِ وَالْفَقْرِ وَعَذَابِ الْقَبْرِ فَكُنْتُ أَقُولُهُنَّ فَقَالَ: أَيْ بُنَيَّ عَمَّنْ أَخَذْتَ هَذَا؟ قُلْتُ: عَنْكَ قَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يقولهُنَّ فِي دُبرِ الصَّلَاةِ. رَوَاهُ النَّسَائِيّ وَالتِّرْمِذِيّ إِلَّا أَنَّهُ لَمْ يُذْكَرْ فِي دُبُرِ الصَّلَاةِ وَرَوَى أَحْمَدُ لَفْظَ الْحَدِيثِ وَعِنْدَهُ: فِي دُبُرِ كل صَلَاة

''હઝરત મુસ્લિમ બિન અબૂ બકરહથી રિવાયત છે. ફર્માવે છે કે મારા પિતા દરેક નમાઝ બાદ આવું પઢયા કરતા હતા : ઈલાહી ! હું તારી પનાહ લઉં છું કુફ્ર, ફકીરી અને કબ્રના અઝાબથી. તો હું પણ પઢવા લાગ્યો[૧] આપે ફર્માવ્યું, હે મારા બેટા ! તેં આ દુઆ કોનાથી લીધી ? મેં કહ્યું, તમારાથી[૨] ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ દરેક નમાઝ બાદ આ કલમા પઢયા કરતા હતા[૩]. (તિર્મિઝી, નિસાઈ) પરંતુ નિસાઈએ નમાઝ બાદનો ઉલ્લેખ નથી કર્યો, અને અહમદે આ હદીષના શબ્દો રિવાયત કર્યા અને તેમની નજીક દરેક નમાઝની પાછળ છે.

૧. નમાઝ બાદથી મુરાદ છે સલામ ફેરવ્યા બાદ. કુફ્રથી દરેક પ્રકારનું કુફ્ર મુરાદ છે અને ફક્ર (ગરીબી)થી ફકીરીના ફિત્ના અથવા નેઅમતને ઠુકરાવવું એટલે દિલનો ફક્ર મુરાદ છે. કબ્રના અઝાબથી તે અમલો મુરાદ છે જે કબ્રના અઝાબનો સબબ બને. એનાથી જાણવા મળ્યું કે **બાળકોની સામે કુર્આનની તિલાવત તથા દુઆઓનો વિર્દ કરવો જોઈએ કે જેથી તેઓ સારી વાતો શીખે. હવે તો મુસલમાન બાળકોને ગાવા વગાડવાનુ (અને ડાન્સ કરતાં) શીખવાડે છે !!**

૨. એનાથી જાણવા મળ્યું કે દુઆએ આશૂરા જે બુઝુર્ગોથી નકૅલ થયેલી હોય તે એ દુઆથી બેહતર છે જે આપણે ખુદ બનાવીએ, કેમ કે એમાં શબ્દો તથા ઝબાન બંનેની તાષીરો ભેગી થાય છે.

૩. એટલે હું પણ આ દુઆને ઘડનારો નથી બલ્કે હુઝૂર ﷺની નકૅલ કરનાર છું. આ હદીષની બિના પર સૂફીઓ ફર્માવે છે કે કુર્આની હદીષની દુઆઓ કેવળ સાંભળીને પઢવી પણ ફાયદાકારક છે, પણ જો કોઈ આમિલની ઈજાઝત પણ મળી જાય તો બહુ સારું.

કુફ્ર તથા કરજથી પનાહ માગવું

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું કહેતાં સાંભળ્યા, હું અલ્લાહની પનાહ લઉં છું કુફ્ર તથા કરજથી[૧] એક શખ્સે અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! શું આપ કુફ્રને કરજના બરાબર સમજો છો ? ફર્માવ્યું, હા ![૨] અને એક રિવાયતમાં છે : ઈલાહી ! હું તારી પનાહ લઉં છું કુફ્રથી ફકીરીથી. એક શખ્સ બોલ્યો, શું આ બંનેવ બરાબર છે ? ફર્માવ્યું, હા ![૩] (નિસાઈ)

★ હદીષ : (૨૫)-૨૪૮૧ ★

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «أَعُوذُ بِاللَّهِ مِنَ الْكُفْرِ وَالدَّيْنِ» فَقَالَ رَجُلٌ: يَا رَسُولَ اللَّهِ أَتَعْدِلُ الْكُفْرَ بِالدَّيْنِ؟ قَالَ: «نَعَمْ» . وَفِي رِوَايَةٍ «اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْكُفْرِ وَالْفَقْرِ» . قَالَ رَجُلٌ: وَيُعْدَلَانِ؟ قَالَ: «نَعَمْ» . رَوَاهُ النَّسَائِيّ

કયા પ્રસંગે કરજ લેવું સુન્નત છે ?

૧. કૅરજથી તે કૅરજ મુરાદ છે જે કરજદાર પર સવાર થઈ જાય કે જે કરજદાર અદા ન કરી શકે, અને તેના કારણે તે ઝલીલ તથા બેઈજ્જત થાય. જેથી આ હદીષ પર વાંધો નથી થઈ શકતો કે હુઝૂર ﷺએ કરજ તો લીધું છે. કેમ કે જે કરજથી પનાહ માગી છે તે અન્ય કરજ છે અને જે લીધું તે અલગ છે. અમુક ઉલમા ફર્માવે છે કે **જરૂરત પૂરતુ ખાસ કરીને નિકાહ તથા અન્ય જરૂરતો પૂરતુ કરજ લેવું સુન્નત છે, જ્યારે કે અદા કરવાની પૂરી નિય્યત હોય. નિકાહના કરજથી મુરાદ ભારે દહેજ આપવા કે હરામ રસ્મોના માટેનું કરજ નથી ! એ તો ફુઝૂલખર્ચી છે.** બલ્કે તે જરૂરી ખર્ચ મુરાદ છે જે હદીષ શરીફથી સાબિત છે.

૨. કેમ કે મજબૂર કરજદાર મોટાભાગે જૂઠા દાવા કરે છે. જૂઠા વાયદા કરવા એ મુનાફિકની નિશાની છે. તેમજ કાફિરનો કરજદાર મુસલમાન કદીક કરજના દબાવમાં ઈસ્લામ છોડી દે છે (કુફ્ર કરી બેસે છે) જેમ કે મેરઠ જિલ્લા અને આગ્રા જિલ્લાના મલખાના રાજપૂતોમાં જોવામાં આવ્યું કે શુદ્ધિનો ફિત્નો અધિકતર કરજથી ફેલાયો.

૩. કેમ કે અધિરાઈવાળા (બેસબ્ર) ફકીર સામાન્યતઃ ચોરી, જૂઠી ગવાહી આપીને ગુનાહ તો કર્યા જ કરતા હોય છે પણ ક્યારેક રબ તઆલાની એવી શિકાયતો કરી નાખે છે જે ઉઘાડી કુફ્ર હોય છે. અહીં તે જ ફક્ર (ગરીબી) મુરાદ છે જેની સાથે બેસબ્રી હોય. الفقر فخری વાળો ફક્ર કાંઈક ઔર છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબો જામિઉદુઆ باب جامع الدعاء

સમૃદ્ધ દુઆઓ[૧]

(વિભાગ : ૧) الفصل الاول

અગાઉના પ્રકરણોમાં ખાસ સમયો તથા ખાસ હેતુઓની દુઆઓ વર્ણન પામી. આ પ્રકરણમાં એ દુઆઓ વર્ણન થશે જે કોઈ સમય તથા સંજોગ તથા મક્સદથી ખાસ છે. જેના શબ્દો થોડા અને અર્થ તથા હેતુઓ અધિક છે. *(અશિઅ્હ તથા મિર્કાત)*

ગુનાહોથી માફીની દુઆ

(مُتَّفَقٌ عَلَيْهِ) ★ હદીષ : (૧)-૨૪૮૨ ★

عَنْ أَبِي مُوسَى الْأَشْعَرِيِّ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أَنَّهُ كَانَ يَدْعُو بِهَذَا الدُّعَاءِ: «اللَّهُمَّ اغْفِرْ لِي خَطِيئَتِي وَجَهْلِي وَإِسْرَافِي فِي أَمْرِي وَمَا أَنْتَ أَعْلَمُ بِهِ مِنِّي اللَّهُمَّ اغْفِرْ لِي جِدِّي وَهَزْلِي وَخَطَئِي وَعَمْدِي وكلُّ ذلكَ عِنْدِي اللَّهُمَّ اغْفِرْ لِي مَا قَدَّمْتُ وَمَا أَخَّرْتُ وَمَا أَسْرَرْتُ وَمَا أعلنت وَمَا أَنْت بِهِ أَعْلَمُ بِهِ مِنِّي أَنْتَ الْمُقَدِّمُ وَأَنْتَ الْمُؤَخِّرُ وَأَنت على كل شَيْء قدير»

''હઝરત અબૂ મૂસા અશ્અરીથી તે નબી કરીમ ﷺ થી રાવી છે કે આપ આ દુઆ માગ્યા કરતા હતા : ઈલાહી ! મારી ખતાઓ, મારી નાદાની અને મારાં સર્વ કામોમાં હદથી વધી જવાને બખ્શી દે[૧]. અને જે કાંઈ તું મારાથી અધિક જાણે છે તેને બખ્શી દે[૨] ઈલાહી ! મારી જાણીબુઝીને કે અજાણપણે અને સર્વ ખતાઓ (ગુનાહો) અને બુરા ઈરાદા જે મારી પાસે છે[૩] બખ્શી દે. ઈલાહી ! એ બખ્શી દે જે મેં આગળ કર્યું અને પાછળ કર્યું, જે છુપાઈને કર્યું[૪] અને જે તું મારાથી વધુ જાણે છે[૫] તું જ આગળ વધારનાર છે, તું જ પાછળ કરી આપનાર છે અને તું દરેક ચીજ પર કાદિર છે[૬].

(મુસ્લિમ, બુખારી)[૭]

૧. خطا (ખતા)થી મુરાદ મુત્લક્ન (કોઈપણ) ગુનોહ છે અને જેહલ (નાદાની)થી મુરાદ એ ચીજોથી અજાણતા છે જેની જાણકારી મેળવવી ફર્ઝ હતી. અથવા તે બદઅમલીઓ છે જે દીની અહકામની અજ્ઞાનતાના કારણે થઈ જાય. ફુઝૂલખર્ચીથી મુરાદ મુત્લક્ન અધિક્તા છે, એટલે કે બંદગીની હદો તોડી નાખવી. ફુઝૂલખર્ચી ખતા કરતાં અધિક આમ છે.

૨. એટલે કે મારા સર્વ ગુનાહો જે મને યાદ પણ ન રહ્યા અથવા તે ગુનાહ જેમને હું નેકી સમજીને કરી બેઠો, પણ ખરેખર તે ગુનાહ હતા તે પણ બખ્શી દે.

૩. એટલે કે મારા સર્વ તે ગુનાહો જે હજી સુધી બખ્શવામાં નથી આવ્યા, બલ્કે મારી પાસે એટલે મારા આમાલનામામાં મૌજૂદ છે તેને બખ્શી આપ. યાદ રાખશો કે મારા ઈરાદા પણ ગુનાહ છે. હા ! મારા વિચારો જે

ગૈર ઈખ્તેયારી રીતે દિલમાં આવી જાય તે માફ છે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે જ્યારે મારા ઈરાદા ગુનાહ જ નથી તો એનાથી માફી માગવાનો શો અર્થ ?!

૪. એટલે જૂના તથા નવા ગુનાહો, એ જ પ્રમાણે જાહેર તથા છુપા ગુનાહ બખ્શી આપ. જાહેર છુપા કરતાં અધિક બુરા છે, કેમ કે **ગુનાહની જાહેરાત પણ તો ગુનોહ છે.**

૫. મારા તે ગુનાહો પણ બખ્શી આપ જે મારા ખયાલમાં તો મામૂલી તથા સગીરા છે પણ તારા ઈલ્મમાં મોટા છે અને કબીરા છે. યાદ રાખશો કે **ગુનાહે સગીરા હમેશાં કરવાથી કબીરા બની જાય છે.** રબ તઆલા ફર્માવે છે : وَلَمْ يُصِرُّوْا عَلٰى مَا فَعَلُوْا (અને પોતાના કરેલા પર જાણી બુઝીને અડી ન જાય. સૂરએ આલે ઈમરાન, ૩/૧૩૫) અને **ક્યારેક બંદાના મોઢેથી એક મામૂલી સરખી વાત નીકળી જાય છે જેને બંદો મેહસૂસ પણ નથી કરતો, પણ રબ તઆલાની નજીક બંદો એનાથી દોઝખી બની જાય છે.** આ પ્રકારની સર્વ દુઆઓ આપણી તા'લીમના માટે છે, નહીં તો **અંબિયા હઝરાત નબુવ્વત બાદ તો દરેક ગુનાહે સગીરા તથા કબીરાથી માસૂમ છે** અને નબુવ્વત પહેલાં કબીરા ગુનાહોથી અને તે સગીરા ગુનાહોથી માસૂમ છે જે નફરતનો સબબ હોય, અને આપણા હુઝૂર ﷺએ તો એલાને નબુવ્વતથી પહેલાં અથવા બાદમાં કદાપિ કોઈ ગુનાહનો ઈરાદો પણ નથી કર્યો તો ગુનાહ કરવાનો તો સવાલ જ નથી ખડો થતો ! આ અંબિયાની અઝમતની ઉમદા તેહકીક અમારી કિતાબ "કહરે કિબ્રિયા બર મુન્કિરીને ઈસ્મતે અંબિયા"માં જુઓ અને અહીં મિર્કાતે પણ એના પર કાંઈક ચર્ચા કરી છે. તફસીરાતે અહમદિયા અને શરહે ફિકહે અકબરમાં આ મસ્અલા પર સંપૂર્ણ ચર્ચા કરી. એ વાંધો નથી કે જ્યારે રબ તઆલાએ આપણને પાછળ કરી આપ્યા તો અમારો શું વાંક છે ? કેમ કે આપણુ પાછળ હટી જવું પોતાની બદઅમલીથી છે.

૭. આ હદીષ અબૂ દાઉદ, તિર્મિઝી અને નિસાઈએ પણ વિવિધ તરીકાઓથી નકલ કરી.

દીન તથા દુનિયા તથા આખેરત ઠીક થવાની દુઆ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ આ દુઆ માગતા હતા, ઈલાહી ! મારો દીન ઠીક કર જે મારા કામની હિફાઝત છે[૧] અને મારી દુનિયા દુરુસ્ત કરી દે જેમાં મારી જિંદગી છે[૨] અને મારી આખેરત દુરુસ્ત કરી દે જ્યાં મારે પરત થવાનું છે[૩] અને મારી જિંદગીને દરેક ભલાઈમાં અધિકતાવાળી બનાવ[૪] અને મારા મૃત્યુને દરેક તકલીફથી રાહત ચૈન આપ[૫]. (મુસ્લિમ)

★ હદીષ : (૨)-૨૪૮૩ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «اللَّهُمَّ أَصْلِحْ لِي دِينِي الَّذِي هُوَ عِصْمَةُ أَمْرِي وَأَصْلِحْ لِي دُنْيَايَ الَّتِي فِيهَا مَعَاشِي وَأَصْلِحْ لِي آخِرَتِي الَّتِي فِيهَا مَعَادِي وَاجْعَلِ الْحَيَاةَ زِيَادَةً لِي فِي كُلِّ خَيْرٍ وَاجْعَلِ الْمَوْتَ رَاحَةً لِي مِنْ كُلِّ شَرٍّ» . رَوَاهُ مُسلم

૧. એટલે કે દીનદારી જ તે ખૂબી છે જે મારા નફ્સ, માલ, ઈજ્જત તથા આબરૂની સુધારણા કરે છે, તું મારા દીનને દુરુસ્ત રાખ. દરેક ચીજની દુરુસ્તી દીનથી છે અને દીનની દુરુસ્તી તારા ફઝ્લથી છે. અકીદા તથા અખ્લાકની દુરુસ્તી, દિલની કાળાશ દૂર થવું, સૌ દીનમાં સામેલ છે. જેને આ નેઅમત મળી ગઈ તેને સર્વ કાંઈ મળી ગયું. *(લમ્આત)*

૨. દુનિયાથી મુરાદ શરીરની તંદુરસ્તી તથા રોજી છે. હલાલ રોજી જે અલ્લાહની ફર્માંબરદારીમાં મદદ આપે

એ રબ તઆલાની નેઅમત છે અને હરામ રોજી જેનાથી માણસમાં નાફ઼ર્માની અને ગફ઼લત વગેરે પેદા થાય છે, અલ્લાહનો અઝાબ. એટલે મને એવી તંદુરસ્તી તથા માલ આપ જે તારી ફ઼ર્માંબરદારીમાં વપરાય.

૩. આખેરતથી મુરાદ ક़બ્ર તથા હશ્ર અને હશ્ર બાદ હમેશાં હમેશાં સુધીની જિંદગી છે. કેમ કે આપણે એ આલમથી દુનિયામાં આવ્યા હતા જેથી ત્યાં જવાને પરત થવું કહેવામાં આવ્યું.

૪. એટલે કે **મારી જિંદગી દરેક ઘડીએ નેકીઓમાં વધારાનો ઝરીયો બને કે દરેક ઘડીએ નેકીઓ કરતો રહું જેનાથી મારું નેક આમાલનામુ ભરાતુ રહે.** સુબ્હાનલ્લાહ ! રબ તઆલા એવી જિંદગી નસીબ કરે. (આમીન) **સૂતી વખતે માણસ દિવસભરનો હિસાબ લગાડયા કરે કે આજે મેં કેટલા ગુનાહ કર્યા. અને કેટલી નેકીઓ. ગુનાહોથી તૌબા કરીને નેકીઓ પર શુક્ર કરીને સૂએ.**

૫. એ રીતે કે મારું મૃત્યુ ઈમાન પર, તૌબા પર થાય જેથી મૃત્યુ બાદ હું દુનિયાની મુસીબતોથી છૂટી જઉં અને ક़બરમાં મુસીબત ન જોઉં, બલ્કે રાહત પામુ. યાદ રાખશો કે **પરહેઝગાર મરીને દુનિયાની મુસીબતોથી છૂટી જાય છે અને લોકો તેના પર રડે છે અને તે રબ તઆલાની રહમત જોઈને હસે છે.** અને **બદ્કાર ઔર અધિક મુસીબતોમાં ફસાય જાય છે. લોકો તેનાથી રાહત પામી જાય છે. તે ત્યાં રડે છે અને લોકો તેની મૌત પર ખુશીઓ મનાવે છે.** આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ શું સરસ કહ્યું છે :–

વાસ્તા મહબૂબ કા દુન્યામેં જો સુન્ની મરે – યૂં ન ફ઼ર્માએં તેરે શાહિદ કે ફ઼ાજિર ગયા
અર્શ પર ધૂમેં મચે વો બંદએ સાલેહ મિલા – ફ઼ર્શ પર માતમ ઉઠે વો તૈયબો તાહિર ગયા

હિદાયત, તક़્વો, પાક દામની અને તવંગરીની દુઆ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી કે આપ કહ્યા કરતા હતા, ઈલાહી ! હું તારાથી હિદાયત, તક़્વો, પાકદામની અને તવંગરી માગુ છું[૧]."

★ હદીષ : (૩)-૨૪૮૪ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ كَانَ يَقُولُ:«اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ الْهُدَى وَالتُّقَى وَالْعَفَافَ وَالْغِنَى».رَوَاهُ مُسلم

૧. હિદાયતથી મુરાદ સારા અક़ીદા છે. તક़્વાથી મુરાદ સારા અમલો છે. પાકદામનીથી મુરાદ બુરાઈઓથી બચવું છે, અને તવંગરીથી મુરાદ મખ્લૂક़ના મોહતાજ ન હોવું, અલ્લાહ વ રસૂલના હાજતમંદ રહેવું છે. એમાં દીન તથા દુનિયાની સર્વ ભલાઈઓ માગી લેવામાં આવી.

"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼ર્માવે છે, મને રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ર્માવ્યું, હે અલી ! કહો; ઈલાહી ! મને હિદાયત આપ, મને ઠીક રાખ[૧] અને હિદાયતથી રસ્તાની હિદાયત મુરાદ લેજો અને દુરુસ્તીથી તીર જેવી દુરુસ્તી મુરાદ લેજો[૨]." (મુસ્લિમ)

★ હદીષ : (૪)-૨૪૮૫ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «قُلْ اللَّهُمَّ اهْدِنِي وَسَدِّدْنِي وَاذْكُرْ بِالْهُدَى هِدَايَتَكَ الطَّرِيقَ وبالسداد سداد السهْم» . رَوَاهُ مُسلم

૧. દુનિયામાં માણસ સવાર (પ્રવાસી)ની જેમ છે. મુસાફ઼રની સવારે ગમે તેટલી સારી હોય પણ જો તેને સહીહ રસ્તો ન મળે અથવા સહીહ રસ્તો તો મળે પણ એના પર સહી ચાલી ન શકે તો કદી મંઝિલ સુધી નથી પહોંચી શકતો. આ દુઆનો હેતુ એ છે કે મૌલા ! મને તારા સુધી પહોંચનાર રસ્તો પણ બતાવ અને દેખાડીને એના પર ચાલવાની તૌફીક़ પણ નસીબ કર.

૧. દુનિયામાં માણસ સવાર (પ્રવાસી)ની જેમ છે. મુસાફરની સવારે ગમે તેટલી સારી હોય પણ જો તેને સહીહ રસ્તો ન મળે અથવા સહીહ રસ્તો તો મળે પણ એના પર સહી ચાલી ન શકે તો કદી મંઝિલ સુધી નથી પહોંચી શકતો. આ દુઆનો હેતુ એ છે કે મૌલા ! મને તારા સુધી પહોંચનાર રસ્તો પણ બતાવ અને દેખાડીને એના પર ચાલવાની તૌફીક પણ નસીબ કર.

૨. એટલે કે જ્યારે આ દુઆ માગો તો હિદાયતથી રાહે ઈલાહી મુરાદ લો જેના પર ચાલવાથી રબ તઆલા સુધી પહોંચી શકાય અને દુરુસ્તી તથા સીધાપણાથી કામિલ દુરુસ્તી તથા સંપૂર્ણ સીધાપણુ મુરાદ લો. તીરના દૃષ્ટાંતથી એ જ મુરાદ છે. આ વાક્યની અન્ય પણ શરહો કરવામાં આવી છે પણ આ શરહ ખૂબ જ મજબૂત છે.

''હઝરત અબૂ મલિક અશ્જઈ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી રિવાયત કરે છે કે જ્યારે કોઈ શખ્સ ઈસ્લામ લાવે છે તો તેને નબી કરીમ ﷺ નમાઝ શીખવાડતા[૧] પછી તેને હુકમ આપતા કે આ કલમાથી દુઆ માગ્યા કરો, ઈલાહી ! મને બખ્શી દે, મારા પર રહમ કર, મને હિદાયત આપ, મને આફિયત (રાહત) આપ, મને રોજી આપ[૨]. (મુસ્લિમ)

★ હદીષ : (૫)-૨૪૮૬ ★

وَعَنْ أَبِي مَالِكٍ الْأَشْجَعِي عَنْ أَبِيهِ قَالَ: كَانَ الرجل إِذا أسلم علمه النَّبِي صلى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الصَّلَاةَ ثُمَّ أَمَرَهُ أَنْ يَدْعُوَ بِهَؤُلَاءِ الْكَلِمَاتِ: «اللَّهُمَّ اغْفِرْ لِي وَارْحَمْنِي وَاهْدِنِي وَعَافِنِي وَارْزُقْنِي» . رَوَاهُ مُسلم

૧. જાણવા મળ્યું કે મુસલમાન થતાં જ નમાઝ ફર્ઝ થઈ જાય છે, જ્યાં સુધી કુર્આન શરીફ તથા અન્ય અરકાન યાદ ન હોય ત્યાં સુધી તે જમાઅતથી અદા કરતો રહે અને ખૂબ જ જલ્દી પોતે યાદ કરે. અહીં નમાઝથી મુરાદ કમસર નમાઝના મસાઈલ છે.

૨. હિદાયતથી મુરાદ ક્યાં તો મળેલી હિદાયત પર કાયમ રાખવું અથવા ઈમાનની હિદાયત બાદ તે અમલોની હિદાયત માગવું છે. આફિયતથી મુરાદ દીની તથા દુનિયવી અમાન છે. રિઝ્કથી મુરાદ હલાલ રોજી છે.

દીન દુનિયાની સર્વ નેઅમતો પામવાની દુઆ

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ ની અધિકતર દુઆ આ હતી[૧] : ઈલાહી ! અમને દુનિયામાં ભલાઈ આપ[૨] અને આખેરતમાં ભલાઈ આપ અને અમને આગથી બચાવી લે.'' (મુસ્લિમ, બુખારી)[૩]

★ હદીષ : (૬)-૨૪૮૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن أنسٍ قَالَ: كَانَ أَكْثَرُ دُعَاءِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ «اللَّهُمَّ آتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَفِي الْآخِرَةِ حَسَنَةً وقنا عَذَاب النَّار»

૧. કે આપ નમાઝની અંદર અને નમાઝ બાદ દુઆમાં અને તેના સિવાય મોટાભાગના સંજોગોમાં આ દુઆ માગ્યા કરતા હતા.

૨. આ દુઆ ખૂબ જ જામેઅ (સમૃદ્ધ) છે જેમાં દીન તથા દુનિયાની સર્વ નેઅમતો માગવામાં આવી છે. રબ તઆલાએ કુર્આને કરીમમાં પણ આ દુઆ શીખવાડીને તેને માગનારાઓ વિશે ફર્માવ્યું, : أُولَٰئِكَ لَهُمْ نَصِيبٌ مِّمَّا كَسَبُوا۟ (એવાઓને એમની કમાઈથી ખુશનસીબી છે અને અલ્લાહ જલ્દી હિસાબ કરનારો છે. –સૂરએ બકરહ, ૨/૨૦૨) કુર્આન શરીફમાં આ દુઆ તથા ઈસ્તિગફારના ઘણા ફાયદા વર્ણવ્યા છે. મતલબ એ છે કે, હે અમારા પાલનહાર !

અમને મૌત તથા પહેલાંવાળી તમામ નેઅમતો અતા ફર્માવ, જેમ કે તંદુરસ્તી, રોજી, નેકીઓની તૌફીક़, દીન પર અડગતા, સારો ખાત્મો, ઈલ્મ તથા અમલ વગેરે. અને આખેરતની સર્વ નેઅમતો અતા કર, જેમ કે क़બ્રનો હિસાબ, क़યામતમાં આસાની તથા કામયાબી, અમલોની क़બૂલિયત જન્નત તથા ત્યાંની સર્વ નેઅમતો. અને અમને દોઝખથી બિલ્કુલ બચાવી લે. ત્યાં અઝાબ અમને તદ્દન ન સ્પર્શે. એવું ન બને કે સજા પામીને જન્નતમાં જઈએ. હઝરત શયખે અશિઅ़તુલ લમ્આતમાં ફર્માવ્યું કે તેને માગતી વખતે સર્વ નેકીઓ તથા નેઅમતોનો ખયાલ કરી લેવો જોઈએ. બેહતર એ છે કે દુનિયાની નેઅમતથી કમાલે મુસ્તફવી અને આખેરતની નેઅમતથી જમાલે મુસ્તફવી મુરાદ લે. એટલે કે અમને દુનિયામાં એમના કમાલનો છાંટો આપ, આખેરતમાં તેમનો જમાલ દેખાડ. એમાં સર્વ કાંઈ આવી ગયું.

૩. એને અબૂ દાઊદ, નિસાઈએ પણ રિવાયત કરી. હિસ્ને હસીન શરીફમાં رَبَّنَا اٰتِنَا છે, જો اَللّٰهُمَّ رَبَّنَا اٰتِنَا કહે તો બેહતર છે કે એમાં બંને રિવાયતો પર અમલ છે. અને જો ફકત رَبَّنَا اٰتِنَا કહે તો પણ ઠીક છે કે કુર્આને કરીમમાં એ જ પ્રમાણે છે. *(અઝ મિર્क़ાત)*

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૭)-૨૪૮૮ ★

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَدْعُو يَقُولُ: «رَبِّ أَعِنِّي وَلَا تُعِنْ عَلَيَّ وَانْصُرْنِي وَلَا تَنْصُرْ عَلَيَّ وَامْكُرْ لِي وَلَا تَمْكُرْ عَلَيَّ وَاهْدِنِي وَيَسِّرِ الْهُدَى لِي وَانْصُرْنِي عَلَى مَنْ بَغَى عَلَيَّ رَبِّ اجعَلنِي لكَ شَاكِرًا لَكَ ذَاكِرًا لَكَ رَاهِبًا لَكَ مِطْوَاعًا لَكَ مُخْبِتًا إِلَيْكَ أَوَّاهًا مُنِيبًا رَبِّ تَقَبَّلْ تَوْبَتِي وَاغْسِلْ حَوْبَتِي وَأَجِبْ دَعْوَتِي وَثَبِّتْ حُجَّتِي وَسَدِّدْ لِسَانِي وَاهْدِ قَلْبِي وَاسْلُلْ سَخِيمَةَ صَدْرِي» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ દુઆ માગતા તો આ પ્રમાણે અર્ઝ કરતા, યા રબ ! મારી મદદ કર, મારા પર મદદ અન્યોની ન આપ[૧] મને સહાય કર મારા માલ વિરુધ્ધ મદદ ન આપ[૨] મારા માટે તદબીર કર, મારા વિરુદ્ધ તદબીર ન કર[૩] અને મને હિદાયત આપ અને મારા માટે હિદાયત આસન કરે[૪] મને એમના પર ફતહ આપ જે મારા પર બગાવત કરે[૫] હે રબ ! મને તારો શુક્રગુઝાર, તારો ઝાકિર, તારાથી ડરનાર, તારો આજ્ઞાંકિત, તારી તરફ પલટનાર, આહો ઝારી કરનાર, પરત થનાર બનાવ[૬] હે રબ ! મારી તૌબા क़બૂલ કર, મારા ગુનાહો ધોઈ દે, મારી દુઆ કબૂલ કર[૭] મારી દલીલ મજબૂત કર, મારી જીભ દુરુસ્ત રાખ, મારા દિલને હિદાયત આપ, મારા સીનાની સિયાહી દૂર કરે દે[૮]. (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

૧. એટલે કે તારા ઝિક્ર, શુક્ર અને સારી ઈબાદત પર મારી મદદ ફર્માવ અને જિન તથા શૈતાનો, નફ્સે અમ્મારાને મારી વિરુદ્ધમાં મદદ ન આપ, કે તેઓ મને નેક અમલોથી રોકે.

૨. એટલે કે કાફિરો પર મને ગલ્બો (સરસાઈ) આપ, તેમને અમારા પર ગલ્બો ન આપ, ભલે માણસ હોય કે જિન્નાત, અથવા અમારા નફ્સ, તે સૌને અમારા તાબે કર, અમને તેમના આજ્ઞાંકિત ન કર, બલ્કે તારા આજ્ઞાંકિત રાખ.

૩. રબ તઆલાના માટે મકરનો એ જ અર્થ યોગ્ય છે, કે ધોકો પ્રપંચ અયબો છે અને અલ્લાહ અયબોથી

પાક છે. એટલે કે મને દુશ્મનોના મુકાબલામાં છુપી તદબીરની તલ્ક़ીન કર (સમજ આપ), તેમને મારા મુક़ાબલામાં તદબીરો ઈલ્ક़ા ન કર.

૪. જેનાથી મને નેક અમલો સરળ લાગે, ગુનાહ ભારે તથા અઘરા, આ બે નેઅમતો રબ તઆલાના કરમથી જ નસીબ થાય છે.

૫. બગાવત સરકશી કરનાર ચાહે જાનના દુશ્મન હોય કે ઈમાનના દુશ્મન હોય કે માલના દુશ્મન હોય કે ઈજ્જતના દુશ્મન હોય.

૬. આ તે સિફતો છે જે મુસલમાનમાં હોવી જોઈએ. રાહિબનો અર્થ છે જાહેર રહબાનિયત (સન્યાસ)થી હદીષમાં મનાઈ આવી છે તે દુનિયાના ત્યાગના અર્થમાં છે કે ઈસ્લામમાં સંસાર ત્યાગ કરીને જોગી, સાધુ બની જવું મના છે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી. مخبتનો અર્થ છે નીચી જમીનમાં ઉતરનારો. જન્નત નીચી જમીનને કહે છે. હવે એને તવાઝોઅ (આજીજી, નમ્રતા) તથા તરક્કી કરવાવાળાના માટે વાપરવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : وَاَخْبَتُوْٓا اِلٰى رَبِّهِمْ (અને પોતાના રબની તરફ પલટે તે જન્નતવાળા છે. સૂરએ હૂદ, ૧૧/૨૩) اوّاهٌ મુબાલેગા (અતિશયોક્તિ) સૂચક છે, એટલે ખૂબ જ આહો ઝારી કરનારો, ખૌફે ખુદામાં કાંપનાર, ધ્રુજનાર. રબ તઆલા હઝરત ઈબ્રાહીમ عليه السلامની તારીફમાં ફર્માવે છે : اَوَّاهٌ مُّنِيْبٌ (સંયમવાળો, ખૂબ જ આહો કરનાર, રુજૂઅ કરનાર છે. સૂરએ હૂદ, ૧૧/૭૫)

૭. એટલે હે મૌલા ! મને તમામ શરતોના સંગમવાળી તૌબા નસીબ ફર્માવ, પછી તેને ક़બૂલ પણ કર. રબ તઆલા ફર્માવે છે : تُوْبُوْٓا اِلَى اللّٰهِ تَوْبَةً نَّصُوْحًا (અલ્લાહની તરફ એવી તૌબા કરો જે આગળની તરફ નસીહત થઈ જાય. –સૂરએ તહરીમ, ૬૬/૮) તૌબએ નસૂહ તે છે જે સર્વ શરતોનો સમૂહ (સંગમ) હોય, બારગાહે આલીમાં ક़બૂલ થાય અને પછી બંદો કદી તૌબા તોડે નહીં. حوبનો શાબ્દિક અર્થ છે ધમકાવવું, શરઈ બોલીમાં ગુનાહને حوب કહે છે કે એ ધમકી પામવાનો ઝરીયો છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّهٗ كَانَ حُوْبًا كَبِيْرًا (બેશક ! એ મોટો ગુનોહ છે.સૂરએ નિસાઅ, ૪/૨) ગુનાહ દિલનો મેલ છે, રબ તઆલાની મહેરબાની એનુ પાણી. દુઆની ક़બૂલિયત પણ અલ્લાહની રહમત છે. જેટલા પ્રમાણમાં તક़વો વધારે એટલા જ પ્રમાણમાં દુઆની ક़બૂલિયત વધારે. સૂફીઓ ફર્માવે છે કે **દિલની બેક़રારી દુઆની ક़બૂલિયતના માટે અકસીર છે.** રબ તઆલા ફર્માવે છે : اَمَّنْ يُّجِيْبُ الْمُضْطَرَّ (અથવા તે જે લાચારનું સાંભળે છે. સૂરએ નમ્લ, ૨૭/૬૨) એટલા માટે મઝલૂમ (જુલ્મ પીડિત)ની દુઆ ક़બૂલ છે ભલે તે ફાસિક હોય કે એનું દિલે બેચૈન છે.

૮. આ વાક્યોમાં ચાર ચીજો માગી : દુનિયા તથા આખરેતમાં પોતાની દલીલનું મજબૂત થવું કે જેથી અમે કાફિરોના મુક़ાબલામાં ઈસ્લામની હક્ક़ાનિયત સાબિત કરી શકીએ. ઝબાનનું સીધી ચાલવું કે જીભ જો સીધી ચાલે તો ઝબાન છે અને ટેઢી ચાલે તો ઝબૂં એટલે ફસાદ (ખરાબી). અને જો અધિક ચાલે તો ઝિયાં એટલે નુકસાન. દિલની હિદાયત કે જો દિલ ઠીક થઈ ગયું તો સર્વ કાંઈ ઠીક છે, અને સીનાની સફાઈ કે જેથી એ મદીના બની જાય જેમાં રહમતનો (ભંડાર) ખઝીનો છે. (શેઅર)

બના દો મેરે સીને કો મદીના–નિકાલે બહ્રે ગમ સે યહ સફીના

અલ્લાહથી માફી તથા અમ્ન માગો

★ હદીષ : (૮)-૨૪૮૯ ★

وَعَنْ أَبِي بَكْرٍ قَالَ: قَامَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى الْمِنْبَرِ ثُمَّ بَكَى فَقَالَ: «سَلُوا اللَّهَ الْعَفْوَ وَالْعَافِيَةَ فَإِنَّ أَحَدًا لَمْ يُعْطَ بَعْدَ الْيَقِينِ خَيْرًا مِنَ الْعَافِيَةِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيب إِسْنَادًا

''હઝરત અબૂબક્ર સિદ્દીક્ રઝિ.થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ મિમ્બર પર ખડા થયા પછી રડયા[૧] ફર્માવ્યું, અલ્લાહથી માફી તથા અમ્ન માગો[૨] કેમ કે કોઈને ઈમાન બાદ અમ્નથી બેહતર કોઈ નેઅમત નથી મળી[૩]. (તિર્મિઝી, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ અસ્નાદના લેહાઝથી હસન છે, ગરીબ છે.''

૧. હુઝૂર ﷺનું આ રૂદન પોતાની ઉમ્મતના ભવિષ્યના હાલાતને જોઈને હતું કે મોટાભાગના લોકો ફિત્નાઓ, વાસનાઓ, માલની લાલચ, સત્તાની ખ્વાહિશમાં સપડાય જશે. *(મિર્કાત)*

૨. માફીથી મુરાદ ગુનાહ મિટાવી દેવા તથા અયબોને ઢાંકી દેવા છે. અને આફિયતથી એ મુરાદ છે કે લોકો તમારાથી અને તમો લોકોથી અમ્નમાં રહો. અથવા દીનનું ફિત્નાઓથી અને શરીરનું સખત બીમારીઓથી મેહફૂઝ રહેવું. એટલે કે ગુનાહોથી માફી અને જિંદગી, મૌત, કબ્ર, હશ્રની આફતોથી સલામતી માગે. (લમ્આ્ત)

૩. હક્ક એ છે કે ઈમાન પણ આફિયત (સલામતી)ના માટે જ અપનાવવામાં આવે છે, અને ઈમાનનો અર્થ જ છે પોતાને આફતોથી અમ્ન તથા આફિયત આપવું.

કઈ દુઆ અફઝલ છે ?

★ હદીષ : (૯)-૨૪૯૦ ★

وَعَنْ أَنَسٍ أَنَّ رَجُلًا جَاءَ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ أَيُّ الدُّعَاءِ أَفْضَلُ؟ قَالَ: «سَلْ رَبَّكَ الْعَافِيَةَ وَالْمُعَافَاةَ فِي الدُّنْيَا وَالْآخِرَةِ» ثُمَّ أَتَاهُ فِي الْيَوْمِ الثَّانِي فَقَالَ: يَا رَسُولَ اللَّهِ أَيُّ الدُّعَاءِ أَفْضَلُ؟ فَقَالَ لَهُ مِثْلَ ذَلِكَ ثُمَّ أَتَاهُ فِي الْيَوْمِ الثَّالِثِ فَقَالَ لَهُ مِثْلَ ذَلِكَ قَالَ: «فَإِذَا أُعْطِيتَ الْعَافِيَةَ وَالْمُعَافَاةَ فِي الدُّنْيَا وَالْآخِرَةِ فَقَدْ أَفْلَحْتَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيب إِسْنَادًا

*''હઝરત અનસ રઝિ.થી રિવાયત છે કે એક શખ્સ નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, **યા રસૂલલ્લાહ ! દુઆ કઈ અફઝલ છે ?[૧] તમારા રબથી દુનિયા તથા આખેરતમાં અમ્ન તથા ચૈન માગો[૨]** પછી તે બીજા દિવસે હાજર થયો. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કઈ દુઆ અફઝલ છે ? હુઝૂરે તેને ફરી એ જ પ્રમાણે ફર્માવ્યું[૩]. પછી તે ત્રીજા દિવસે હાજર થયો. પછી એ જ પ્રમાણે અર્ઝ કર્યું. હુઝૂરે ફર્માવ્યું કે જ્યારે તને દુનિયા તથા આખેરતમાં અમ્ન તથા માફી આપી દેવામાં આવે તો તું કામયાબ થઈ જઈશ[૪]. (તિર્મિઝી, ઈબ્ને માજહ) તિર્મિઝીએ ફર્માવ્યું આ હદીષ હસન છે, અસ્નાદથી ગરીબ છે[૫].*

૧. એટલે કે મને કઈ દુઆ અધિક ફાયદાકારક છે અથવા સર્વ લોકોના માટે સર્વ દુઆઓમાંથી કઈ અફઝલ છે. આ સવાલથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામનો અકીદો એ હતો કે નબી કરીમ ﷺ આપણા પર આપણાં કરતાંય અધિક મહેરબાન છે. આપણે ભૂલથી નુકસાનકર્તા દુઆઓ પણ માગી લઈએ છીએ. હુઝૂરની બતાવેલી દુઆમાં એ સંભાવના નથી. એટલા માટે દુઆએ માષૂરા જે બુઝર્ગોથી નક્લ થયેલ હોય એ ગૈર માષૂરાથી અફઝલ છે.

૨. એટલે કે દીન તથા શરીરમાં અમ્ન અને મખ્લૂક઼ની બુરાઈથી ચૈન, કે કોઈ જિન્નાત કે ઈન્સાન આમને બેચેન કરી શકે, ન દુનિયામાં ન આખેરતમાં.

૩. ખયાલ એ હતો કે કદાચ લાંબી ચોળી દુઆઓ જેમાં ઘણો બધો સમય ખર્ચાય એ માગવી જોઈએ. આ ટૂંકી દુઆનું મહત્વ ન સમજી શક્યા. હુઝૂર ﷺનો હેતુ એ હતો કે મારા ગુલામ કામકાજવાળા છે, તેમને નાની પણ જામેઅ દુઆઓ બતાવવામાં આવે જેથી તેમનાં દુનિયવી કામો પણ બંધ ન થાય. એટલા માટે આ સવાલ જવાબ ઉપસ્થિત થયા.

૪. કેમ કે મુઆફાતમાં જિસ્માની, રૂહાની, નફ્સાની, શૈતાની સર્વ આફતોથી સલામતી સામેલ છે. જેને આ તમામ આફતોથી અમ્ન મળી ગયો તેના માટે કોઈ ચીજ બાકી રહી ગઈ ! એટલા માટે લાંબી દુઆઓની ખ્વાહિશ ન કર.

૫. યાદ રાખશો કે اسناداً ગરીબની તમીઝ છે ન કે હસનની. કેમ કે ગરાબત કદીક હદીષના મતનમાં હોય છે કદીક અસ્નાદે હદીષમાં, પણ હસન કેવળ અસ્નાદના લેહાઝથી જ હોય છે ન કે મતનના. એના માટે اسناداً કહે છે કે જરૂર જ નથી. તિબ્રાનીમાં હઝરત અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત આ પ્રમાણે છે કે એકવાર મેં બારગાહે અક઼દસમાં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! મને કાંઈક દુઆ શીખવાડો. સરકારે ફર્માવ્યું, **અલ્લાહથી આફિયત (રાહત) માગો.** થોડાક દિવસ બાદ ફરી હું હાજર થયો અને મેં એ જ અર્ઝ કર્યું. તો ફર્માવ્યું કે ચચાજાન ! આફિયતની દુઆ અધિક માગ્યા કરો, કેમ કે આ દુઆ હેતુઓ પામવા અને બલાઓ દૂર કરવાના માટે પૂરતી છે.

રઝા બિલ ક઼ઝાની દુઆ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને યઝીદ ખતમીથી[૧] રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરે છે કે આપ પોતાની દુઆમાં ફર્માવ્યા કરતા હતા : ઈલાહી ! મને તારી મહોબ્બત નસીબ કર અને તેની મહોબ્બત પણ જેની મહોબ્બત તારા ત્યાં ફાયદો આપે[૨]. ઈલાહી ! મને જો તું મારી પસંદીદા ચીજ આપે તો એમાં મને એની શક્તિ આપ જેને તું પસંદ કરે છે[૩] ઈલાહી ! મારી મહબૂબ ચીજ તું મારાથી દૂર રાખે તો તેને મારા માટે પોતાની મહબૂબ ચીજમાં ફરાગત બનાવી દે[૪].

(તિર્મિઝી)

★ હદીષ : (૧૦)-૨૪૯૧ ★

وَعَن عبد الله يزيد الخطمي عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ كَانَ يَقُولُ فِي دُعَائِهِ: «اللَّهُمَّ ارْزُقْنِي حُبَّكَ وَحُبَّ مَنْ يَنْفَعُنِي حُبُّهُ عِنْدَكَ اللَّهُمَّ مَا رَزَقْتَنِي مِمَّا أُحِبُّ فَاجْعَلْهُ قُوَّةً لِي فِيمَا تُحِبُّ اللَّهُمَّ مَا زَوَيْتَ عَنِّي مِمَّا أحب فاجعله فراغا ي فِيمَا تحب» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. ખતમ ક઼બીલા અવસની એક શાખા છે. આ અબ્દુલ્લાહ અન્સારી છે. સિત્તેર વરસની ઉમરમાં સુલહે હુદૈબિયહમાં હાજર થયા.

૨. આ ઈબારત (લખાણ)ની બે તફસીરો થઈ શકે છે : **એક** એ કે તું અને તારા પ્યારા બંદા મારાથી મહોબ્બત કરે. **બીજી** એ કે હું તારાથી અને તારા પ્યારા બંદાઓથી મહોબ્બત કરું. રબ તઆલા ફર્માવે છે : يُحِبُّهُمْ وَيُحِبُّونَهُۥٓ (તેઓ અલ્લાહના પ્યારા અને અલ્લાહ તેમનો પ્યારો. સૂરએ માઈદા, ૫/૫૪) બીજો અર્થ અધિક ક઼વી

(મજબૂત) છે. એટલે કે મને એ લોકો, એ ચીજો, એ અમલોની મહોબ્બત આપ જેમની મહોબ્બત આખેરતમાં લાભદાયી થાય. અંબિયા, અવલિયા, કુર્આન મજીદ, કા'બા મોઅઝ્ઝમા, નમાઝ, રોઝા સર્વની મહોબ્બતો આમાં સામેલ છે. એનાથી જાણવા મળ્યું કે અમુક ચીજોની મહોબ્બત નુકસાનકર્તા છે. અમુક ફાયદા વિનાની અને અમુકની મહોબ્બત દુનિયામાં લાભદાયી છે, અમુકની આખેરતમાં. છેલ્લી મહોબ્બત માગવી જોઈએ.

૩. એટલે કે જે મોં માગ્યી મુરાદ તું મને આપે તેને તારી રઝામાં ખર્ચવાની તૌફીક પણ આપ. શારીરિક શક્તિ, ઔલાદ, માલને હમેશાં તારી રાહમાં ખર્ચ કરું જેથી હું ગની શાકિર બની જઉં.

૪. એટલે કે જો તું મારી કોઈ આરઝૂને પૂરી ન કરે અને મારી મોં માગ્યી મુરાદ ન આપે તો મને તારી આપેલી નેઅમતો તથા ઈબાદતોમાં એટલો મશગૂલ કરી દે કે મારે તેની જરૂરત પણ ન રહે જેથી હું મિસ્કીન સાબિર બનું. મારું દિલ તેની માગ્યી મુરાદમાં મશગૂલ ન રહે જેથી મારી ઈબાદતો અપૂર્ણ ન થાય. રઝા બિલ્ કઝા અલ્લાહની નેઅમત છે.

મજલિસથી ઉઠતી વખતની દુઆ

★ હદીષ : (૧૧)-૨૪૯૨ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَلَّمَا كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُومُ مِنْ مَجْلِسٍ حَتَّى يَدْعُوَ بِهَؤُلَاءِ الدَّعَوَاتِ لِأَصْحَابِهِ: «اللَّهُمَّ اقْسِمْ لَنَا مِنْ خَشْيَتِكَ مَا تَحُولُ بِهِ بَيْنَنَا وَبَيْنَ مَعَاصِيكَ وَمِنْ طَاعَتِكَ مَا تُبَلِّغُنَا بِهِ جَنَّتَكَ وَمِنَ الْيَقِينِ مَا تُهَوِّنُ بِهِ عَلَيْنَا مُصِيبَاتِ الدُّنْيَا وَمَتِّعْنَا بِأَسْمَاعِنَا وَأَبْصَارِنَا وَقُوَّتِنَا مَا أَحْيَيْتَنَا وَاجْعَلْهُ الْوَارِثَ مِنَّا وَاجْعَلْ ثَأْرَنَا عَلَى مَنْ ظَلَمَنَا وَانْصُرْنَا عَلَى مَنْ عَادَانَا وَلَا تَجْعَلْ مُصِيبَتَنَا فِي دِينِنَا وَلَا تَجْعَلِ الدُّنْيَا أَكْبَرَ هَمِّنَا وَلَا مَبْلَغَ عِلْمِنَا وَلَا تُسَلِّطْ عَلَيْنَا مَنْ لَا يَرْحَمُنَا» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ખૂબ જ ઓછા કોઈ મજલિસમાંથી ઉઠતા, ત્યાં સુધી કે પોતાના સહાબીઓ માટે આ દુઆઓ માગી લેતા[૧]. ઈલાહી ! અમને તારા ખૌફથી એ હિસ્સો અતા કર જેનાથી તું અમારા તથા અમારી નાફર્માનીઓની વચ્ચે આડ બની જાય[૨]. અને તારી ઈતાઅત (આજ્ઞાપાલન)થી એ હિસ્સો આપ જેનાથી અમને તું તારી જન્નતમાં પહોંચાડી આપે[૩]. અને યકીનનો તે હિસ્સો આપ જેનાથી તું અમારા પર દુનિયવી મુસીબતો આસાન કરી દે[૪]. અને અમને અમારા કાનો અને આંખો અને શક્તિ વડે ફાયદો આપ જ્યાં સુધી તું અમને જીવંત રાખે[૫] અને એને અમારો વારસ બનાવ[૬] અને અમારો ગુસ્સો તેના પર નાખ જે અમારા પર જુલ્મ કરે[૭] અને અમને તેમના પર ફતહ આપ જે અમારાથી દુશ્મની કરે[૮] અને અમારા દીનમાં અમારા પર મુસીબત ન આપ[૯] અને દુનિયાને અમારા માટે હેતુ ન બનાવ અને ન અમારા ઈલ્મની હદ બનાવ[૧૦] અમારા પર તેને લાગુ ન પાડ જે અમારા પર રહમ ન કરે[૧૧] (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ હસન છે ગરીબ છે[૧૨].

૧. એટલે કે મોટાભાગે કોઈ મજલિસથી ઉઠતી વખતે સરકાર ﷺ આ દુઆ માગી લેતા હતા, અને બધું સહાબાએ કિરામની અને તેમના થકી આપણી તા'લીમ માટે હતું. યાદ રાખશો કે હુઝૂર ﷺની જે દુઆઓમાં

મગફિરતની તલબ અથવા ગુનાહોનો સ્વીકાર છે એ સૌમાં ઉમ્મતની તા'લીમનો હેતુ છે, નહીં તો સરકાર ﷺ પોતે માસૂમ છે, બલ્કે ગુનાહના ઈરાદાથી પણ મહેફૂઝ છે.

૨. એટલે અમને સૌને તારો દિલી ખૌફ આપ જેની બરકતથી અમે ગુનાહોથી મહેફૂઝ રહીએ. تَحْوِيْلُ વાહિદ મુખાતબ છે. એમાં નિર્દેશ રૂપે ફર્માવવામાં આવ્યું કે ખૌફે ખુદા અલ્લાહની નેઅમત છે અને ખૌફના પછી પણ આપણને ગુનાહોથી રબ જ બચાવે છે, આપણે જાતે પોતે નથી બચતા. મુત્લક્ન ખૌફે ખુદા તો શૈતાનને પણ હાંસલ છે. રબ તઆલાએ તેનો ક્રૌલ કુર્આન પાકમાં નક્લ કર્યો છે :–

اِنِّیْۤ اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِیْنَ۝ (હું અલ્લાહથી ડરુ છું. સૂરએ માઈદા, ૫/૨૮) ખૌફે ખુદા તથા ઈશ્કે જનાબે મુસ્તફા અલ્લાહની મહાન નેઅમતો છે.

૩. એટલે કે અમને તારી બંદગીની તૌફીક્ પણ આપ અને તેને ક્બૂલ પણ કર અહીં પણ એ જ ઈશારો (નિર્દેશ) છે કે કેવળ ઈબાદત જન્નતમાં પહોંચવા માટે પૂરતી નથી. મો'મિન, જિન્નાત તથા ફરિશ્તાઓની ઈબાદતો તેમને જન્નતી નથી બનાવતી.

૪. રબ તઆલાએ કુર્આને કરીમમાં દરેક મુસીબત પછી બે આસાનીઓની બશારત આપી છે : فَاِنَّ مَعَ الْعُسْرِ یُسْرًا۝ (તો બેશક ! મુશ્કેલી બાદ આસાની છે. સૂરએ ઈન્શિરાહ, ૯૪/૫) હે ખુદા ! અમને આ બશારત પર એવું યક્ીન થઈ જાય કે દરેક મુસીબત આગામી રાહતની પૂર્વભૂમિકા સમજીએ, જેના કારણે એ જેહમત રહમત બની જાય. (શેઅર) ناخوش اور خوش بود در جان من جان فدائے یار دل رنجان من

અર્થ : તારા તરફથી (જાહેરી રીતે) અણગમતી વાત પણ મને દિલો જાનથી માન્ય છે. અને તારી જફાઓ પર પણ દિલ કુર્બાન છે.

૫. એટલે કે અમને તૌફીક્ આપ કે પોતાની સમજ તથા શક્તિઓ વડે દુનિયવી તથા ઉખરવી લાભ ઉઠાવીએ કે તેને તારી ફર્માંબરદારીમાં ખર્ચ કરીએ.

★ વારસાની દુઆ અને તેની વહેંચણી ★

૬. આ વાક્યની ઘણી શરહો છે. બેહતરીન શરહ એ છે કે વારિષથી મુરાદ મીરાષ (વારસો) છે, એટલે કે **અમારા તક્વા અને મઝક્રા નફાને અમારો વારસો પણ બનાવ કે અમારા પછી લોકો અમારી આ ખૂબીઓને અપનાવી લે અને ફાયદો ઉઠાવે. અમારો વારસો કેવળ માલ ન હોય બલ્કે માલ, હાલ, આમાલ, કમાલ અને ખૌફે ઝુલજલાલ સર્વ કાંઈ અમારો વારસો બને.** યાદ રાખશો કે મીરાષે ઈઝ્તેરારી (માલ સંપત્તિનો વારસો જે કેવળ સગાં સંબંધીઓને મળે છે) કેવળ સગાંઓને મળે છે પણ મીરાષે ઈખ્તેયારી (સદગુણો, જ્ઞાન, વક્ફ કરેલી વસ્તુઓ જે એકથી બીજા લોકો સુધી પહોંચે છે) ક્યામત સુધી સર્વ માનવોને મળતી રહેશે. કૂવા, મસ્જિદો, ક્બ્રસ્તાન વગેરે વક્ફ થયેલી ચીજોથી સૌ લાભ ઉઠાવે છે. આ માલનો વારસો ઈખ્તિયારી છે. ઉલમાના ઈલ્મો સૂફીઓના તક્વા અને હુઝૂર ﷺના કમાલોથી ક્યામત સુધી દુનિયા ફાયદો ઉઠાવશે. સખીઓની કમાઈમાં ફક્ીરોનો પણ હિસ્સો હોય છે. (શેઅર)

હાથ ઉઠા કર એક ટુકળા અય કરીમ !–હૈં સખી કે માલમેં હક્કદાર હમ

એટલે કે **અમને તૌફીક़ આપ કે અમે બદલો લેવામાં પણ ઇન્સાફનો દામન ન છોડીએ. કેવળ જાલિમથી જ બદલો લઈએ. જાહિલિયતવાળાઓની જેમ એક વ્યક્તિનો બદલો પૂરી क़ૌમથી ન લઈએ.** ثَأْر નો શાબ્દિક અર્થ છે કીનો, ગુસ્સો અને બદલો. આ વાક્યની અન્ય પણ શરહો કરવામાં આવી છે, પણ આ શરહ બેહતર છે.

૮. એ રીતે કે અમને અંગત દુશ્મનોને માફ કરવાની હિંમત આપ, અને क़ૌમી તથા દીની દુશ્મનોને પછાડવાની શક્તિ આપ.

૯. એટલે કે અમારા પર એવી મુસીબત ન મોકલ જે અમારો દીન બર્બાદ કરી આપે કે અમને બદ્અક़ીદા બનાવી દે, અથવા અમને અપૂર્ણ કરી દે કે અમે હરામ ખાવા લાગીએ અથવા ઈબાદતોમાં ઉણપ કરવા લાગીએ.

૧૦. એટલે કે ન તો અમારો એ હાલ થાય કે માલ, ઈજ્જત, સલ્તનત વગેરે અમારો અસલ હેતુ બની જાય, અને ન એ હાલ બને કે અમારા ઈલ્મ તથા ફિકર (ચિંતન) દુનિયા માટે જ વક़ફ થઈ જાય, અથવા કેવળ અમે દુનિયવી ઈલ્મો જ પઢીએ, દીની ઈલ્મો પ્રતિ ધ્યાન જ ન દઈએ. અને દીની ઈલ્મ શીખીએ તો કેવળ પોતાની તા'લીમ કરાવવા અને માલ કમાવા માટે. રબ તઆલા ફર્માવે છે : وَلَمْ يُرِدْ إِلَّا الْحَيٰوةَ الدُّنْيَا ۚ ذٰلِكَ مَبْلَغُهُمْ مِّنَ الْعِلْمِ (અને તેમણે ન ચાહી પણ દુનિયવી જિંદગી, ત્યાં સુધી એમના ઈલ્મની પહોંચ છે. –સૂરએ નજ્મ, ૫૩/૨૯,૩૦) આ દુઆમાં નિર્દેશ રૂપે ફર્માવવામાં આવ્યું કે દુનિયાનો ઈરાદો અને ઈલ્મથી દુનિયા હાંસલ કરવી કેટલાક અંશે જાઈઝ છે બલ્કે જો એ દુનિયા દીનના માટે હોય તો એને તલબ કરવું ઈબાદત છે. દુનિયા શુન્ય છે અને દીન આંક છે. શુન્ય જો એકલુ હોય તો કાંઈ જ નથી અને જો આંકથી મળી જાય તો તેને દસગણુ કરી દે છે.

૧૧. એટલે કે દુનિયામાં અમારા પર નફ્સે અમ્મારા, શૈતાન, કાફિર તથા જાલિમ સુલ્તાનને સવાર ન કર, અને क़બ્ર તથા क़યામતમાં અઝાબના ફરિશ્તાઓને અમારા પર નિયુક્ત ન કર, જેથી આ વાક્ય નવુ છે પહેલા વાક્યોનું રીપીટેશન નથી.

૧૨. એને નિસાઈએ અને હાકિમે બુખારી શર્ત પર નકલ કર્યું.

ઈલ્મની તરક્કી માટેની દુઆ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ આવું ફર્માવ્યા કરતા હતા, ઈલાહી ! તું મને એનાથી લાભ આપ જે તેં મને શીખવાડયું અને મને નફાકારક ચીજો શીખવાડ અને મારો ઈલ્મ વધાર[૧] દરેક હાલતમાં અલ્લાહનો શુક્ર છે[૨] અને દોઝખીઓના હાલથી અલ્લાહની પનાહ લઉં છું[૩]. (તિર્મિઝી, ઈબ્ને માજહ) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષે અસ્નાદથી ગરીબ છે."

★ હદીષ : (૧૨)-૨૪૯૩ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «اللَّهُمَّ انْفَعْنِي بِمَا عَلَّمْتَنِي وَعَلِّمْنِي مَا يَنْفَعُنِي وَزِدْنِي عِلْمًا الْحَمْدُ لِلَّهِ عَلَى كُلِّ حَالٍ وَأَعُوذُ بِاللَّهِ مِنْ حَالِ أَهْلِ النَّارِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيبٌ إِسْنَادًا

★ આલિમે બેઅમલ કોના જેવા છે ? ★

૧. ઈલ્મ કેટલાક પ્રકારના છે : નુકસાનકર્તા, બેકાર, કેવળ પોતાને લાભદાયી, પોતાને પણ તથા અન્યોને પણ

લાભકારક. અહીં ચોથા પ્રકારના ઈલ્મની તલબ છે, અમુક ઈલ્મ અન્યોને ફાયદાકારક અને ખુદ પોતાને નુકસાનકર્તા અથવા બેકાર છે, એનાથી પણ અલ્લાહ બચાવે. જેમ કે બદ્અમલ તથા બેઅમલ આલિમનો ઈલ્મ. સૂફીઓ ફર્માવે છે કે **આલિમે બેઅમલ એવો છે જેમ કે અંધારી રાતમાં આંધળો દીવાવાળો.**

★ છીંક પર અલ્હમ્દુલિલ્લાહ કહેવાની ફઝીલત ★

૨. એટલે કે રંજ તથા ખુશી, તંગી તથા માલદારી (છૂટ હાથવાળી સ્થિતિ)માં અલ્લાહનો શુક્ર. અમલ : **જે શખ્સ છીંક પર** اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ **કહીને સર્વ દાંતો પર જીભ ફેરવે તો ઈન્શા અલ્લાહ ! તેના દાંત ખરાબ ન થશે.** અને જો સાથોસાથ દરેક વુઝૂમાં મિસ્વાક પણ કર્યા કરે તો સુબ્હાનલ્લાહ !

૩. દુનિયામાં કુફ્ર તથા ગુનાહ અને આખેરતમાં અઝાબ તથા દુઃખ એ દોઝખીઓના હાલાત છે. એ સૌથી અલ્લાહ બચાવે.

"હઝરત ઉમર ઈબ્ને ખત્તાબથી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺ પર જ્યારે વહી ઉતરતી તો આપના ચેહરએ અન્વરની પાસે મધમાખીઓના જેવી ભણ ભણાહટ સાંભળવામાં આવતી હતી[૧] એક દિવસ આપના પર વહી ઉતરી તો અમે થોડાક થોભ્યા પછી એ હાલત જતી રહી[૨]. હુઝૂરે ક़िબ્લા તરફ મોં કર્યું, બંને હાથ ઉઠાવ્યા[૩] અને અર્ઝ કરી, ઈલાહી ! સૌને વધારી દે, ઘટાડ નહીં. અમને ઈજ્જત આપ, અમને ઝલીલ ન કર. અમને અતાઓ આપ, મેહરૂમ ન કર. અમને અગ્રતા આપ અમારા પર અન્યોને અગ્રતા ન આપ. અમને રાજી કર, અમારાથી રાજી થઈ જા[૪] પછી ફર્માવ્યું, મારા પર દસ આયતો ઉતરી છે, જે એને ક़ાયમ કરે (અમલ કરે) તો જન્નતમાં જશે, પછી તિલાવત કરી : قد افلح المومنون દસ આયતો સુધી[૫]."

(અહમદ, તિર્મિઝી)

★ હદીષ : (૧૩)-૨૪૯૪ ★

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أُنْزِلَ عَلَيْهِ الْوَحْيُ سُمِعَ عِنْدَ وَجْهِهِ دوِي كَدَوِيِّ النَّحْلِ فأنل عَلَيْهِ يَوْمًا فَمَكَثْنَا سَاعَةً فَسُرِّيَ عَنْهُ فَاسْتَقْبَلَ الْقِبْلَةَ وَرَفَعَ يَدَيْهِ وَقَالَ: «اللَّهُمَّ زِدْنَا وَلَا تَنْقُصْنَا وَأَكْرِمْنَا وَلَا تُهِنَّا وَأَعْطِنَا وَلَا تَحْرِمْنَا وَآثِرْنَا وَلَا تُؤْثِرْ عَلَيْنَا وَأَرْضِنَا وَارْضَ عَنَّا» . ثُمَّ قَالَ: «أُنْزِلَ عَلَيَّ عَشْرُ آيَاتٍ مَنْ أَقَامَهُنَّ دَخَلَ الْجَنَّةَ» ثُمَّ قَرَأَ: (قَدْ أَفْلَحَ الْمُؤْمِنُونَ)

حَتَّى خَتَمَ عَشْرَ آيَاتٍ. رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيّ

૧. જાહેર એ છે કે એ અવાજ હઝરત જિબ્રઈલ عليه السلام નો રહેતો હતો જેને સાંભળતા તો હતા પણ સમજી શક્તા ન હતા કે શું કહી રહ્યા છે. જ્યારે કોઈનો હલકો અવાજ સાંભળવામાં આવે અને શબ્દો સમજમાં ન આવે તો મધમાખીના ભણભણાહટ જ જણાય છે. અમુક શરહકર્તાઓએ કહ્યું કે તે હુઝૂર ﷺ ના નસ્કોરાં (ખર્રાટા)નો અવાજ સંભળાતો હતો. જે વહીના ઉતરાણ વખતે આપોઆપ આપનાથી બહાર પડતો હતો. એનાથી તો હુઝૂર ﷺ ને સખત ઠંડીમાં પરસેવા પણ થઈ જતો હતો અને શરીર મુબારક ખૂબ જ ભારે થઈ જતુ હતું, ત્યાં સુધી કે જો કોઈના પર જાંગ મુબારક રાખેલી હોતી તો તે શખ્સ જાંગ મુબારકમાં ખૂબ જ અધિક વજન મહેસૂસ કરતો હતો. પણ પ્રથમ શરહ દુરુસ્ત છે કે તે હઝરત જિબ્રઈલ عليه السلام નો અવાજ રહેતો હતો. *(લમ્આત તથા મિર્ક़ાત)*

૨. વહીનો નુઝૂલ (ઉતરાણ) ખત્મ થતાં થોડીકવાર સુધી એવી જ હાલત રહેતી હતી. પછી જ્યારે એ હાલત દૂર થઈ જતી હતી ત્યારે હુઝૂર ﷺ સહાબાને વહી સંભળાવતા હતા કે આજે આ આયત અથવા આ હુકમ આવ્યો છે. એવું જ આજે થયું.

★ દુઆમાં હાથોને આસ્માનની તરફ ઉઠાવવા સુન્નત છે ★

૩. એટલે કે **દુઆ માગવા માટે આપે ક़िબ્લા તરફ ચહેરો પણ કરી લીધો, બંનેવ હાથો આસ્માનની તરફ પણ ઉઠાવ્યા, કે આ બંનેવ કામો સુન્નત છે.** દુઆમાં બંને હાથો ઉઠાવવા જોઈએ કે મૌલા અમને બંને જહાનની નેઅમતો આપ. *(મિર્કાત)*

૪. પ્રથમ તો હુઝૂર ﷺએ આ દુઆઓ માગી, પછી સૂરએ મુઅ્મિનૂનની આગલી દસ આયતો સંભળાવી. કેમ કે એ આયતોમાં દસ હુકમો છે જેની અમલકર્તાઓને રહમતની બશારત છે અને ગાફિલોને અઝાબની ધમકી છે. આ દુઆઓનો વિષય એ છે કે ઈલાહી ! અમારી સંખ્યા અથવા અમારી નેઅમતો વધારતો રહે, ઘટાડીશ નહીં. અમને દુનિયા તથા આખેરતમાં ઈજ્જત આપ, ઝલીલ (બેઈજ્જત) ન કર. અન્યોની સરખામણીમાં અમને દરેક નેઅમતથી અગ્રતા આપ. અમારી સરખામણીમાં બીજાંને અગ્રતા ન આપ. અમને તારાથી રાજી રાખ અને તું અમારાથી રાજી થઈ જા.

૫. આ આયતોમાં નમાઝમાં આજીજી તથા નિયાઝમંદી, બેહૂદા વાતોથી દૂર રહેવાનું, ઝકાતની અદાયગી, બદ્ખુલ્ક़ી (કડવા સ્વભાવ)થી બચવું, પોતાની પારસાઈ (પવિત્રતા)ની હિફાઝત, અમાનતોની અદાયગી અને વાયદાઓની પાબંદી, હક્ક़ગોઈ ન છુપાવવું વગેરે વર્ણન થયેલ છે. અને એમની પાબંદી પર જન્નતનો વધારો છે. રબ તઆલા એના પર અમલ નસીબ કરે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હુઝૂર ﷺના વસીલાથી દુઆ કરવું શિર્ક નથી ! ★

★ હદીષ : (૧૪)-૨૪૯૫ ★
عَن عثمانَ بنِ حُنَيفٍ قَالَ: إِنَّ رَجُلًا ضَرِيرَ الْبَصَرِ أَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: ادْعُ اللَّهَ أَنْ يُعَافِيَنِي فَقَالَ: «إِنْ شِئْتَ دَعَوْتُ وَإِنْ شِئْتَ صَبَرْتَ فَهُوَ خَيْرٌ لَكَ» . قَالَ: فَادْعُهُ قَالَ: فَأَمَرَهُ أَنْ يَتَوَضَّأَ فَيُحْسِنَ الْوُضُوءَ وَيَدْعُو بِهَذَا الدُّعَاءِ: «اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ وَأَتَوَجَّهُ إِلَيْكَ بِنَبِيِّكَ مُحَمَّدٍ نَبِيِّ الرَّحْمَةِ إِنِّي تَوَجَّهْتُ بِكَ إِلَى رَبِّي لِيَقْضِيَ لِي فِي حَاجَتِي هَذِهِ اللهُمَّ فشفّعْه فِيَّ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ غَرِيب

''હઝરત ઉષ્માન ઈબ્ને હનીફ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, એક નાબીના શખ્સ નબી કરીમ ﷺની બારગાહમાં હાજર થયો[૧]. અર્ઝ કરી, હુઝૂર ! અલ્લાહથી દુઆ કરો કે મને આરામ આપે[૨] ફર્માવ્યું, જો તું ચાહે તો સબ્ર કર, આ સબ્ર તારા માટે સારૂ છે[૩]. તે બોલ્યો, હુઝૂર ! રબથી દુઆ કરી આપો[૪] રાવી કહે છે કે તો હુઝૂરે તેને હુકમ આપ્યો કે સારી રીતે વુઝૂ કરે અને આ દુઆ માગે[૫] ઈલાહી ! હું તારાથી માગુ છું અને તારી તરફ રહમતવાળા નબી હુઝૂર મુહમ્મદ મુસ્તફાના વસીલાથી ધ્યાનિત થાઉં છું[૬] યા રસૂલલ્લાહ ! હું આપના તવસ્સુલ (વસીલા)થી મારા રબની તરફ ધ્યાનિત થાઉં છું કે જેથી તે મારી હાજત પૂરી કરી દે[૭]

ઈલાહી ! મારા બારામાં તેમની શફાઅત કબૂલ કર. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન, સહીહ, ગરીબ છે.	

૧. જાહેર એ છે કે એ શખ્સ તદ્દન નાબીના (અંધ) હતો. અમુક શરહકર્તાઓએ જે કહ્યું કે તે કમજોર દષ્ટિવાળો હતો અથવા તેમની એક આંખ બેકાર હતી, એ જાહેરની વિરુદ્ધ છે.

૨. એનાથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ બીમારીઓની ફરિયાદ હુઝૂર ﷺને કરતા હતા. અને મોટાભાગે ડાયરેક્ટ ખુદ રબ તઆલાથી દુઆ માગતા હતા. બલ્કે અર્ઝ કરતા હતા કે હુઝૂર ! અમારા માટે દુઆ માગો જેથી શબ્દો સાથે ઝબાનની બરકત તથા તાષીર પણ હાંસલ થાય. આ છે તવસ્સુલ (વસીલા)નો અકીદો ! રબ તઆલાની કોઈ નેઅમત વિના વસીલા નથી મળતી

૩. કેમ કે રબ તઆલા ફર્માવે છે કે **જેની આંખો હું બેકાર કરી દઉં પછી તેના પર સબ્ર કરે તો હું તેને જન્નત જ આપીશ, આંખો કરતાં, જન્નત બેહતર છે.**

૪. એ નાબીના સહાબીનો મતલબ એ હતો કે મને આંખો પણ મળી જાય અને આખેરતની ભલાઈ પણ ! આપની પાસે કઈ ચીજની કમી છે ? (શેઅર)

જોલિયાં ખોલ કે બે સમઝે નહીં દોળ આયે–હમેં માલૂમ હૈ દોલત તેરી આદત તેરી

અથવા એ મતલબ હતો કે હુઝૂરના સદકામાં મને આખેરતની નેકીઓ તો મળી જ ગઈ છે કે મને રબ તઆલાએ ઈમાન આપ્યું, તકવો આપ્યો, આપની સહાબિયત નસીબ કરી, તો હવે મારી આ જરૂરત પણ પૂરી થઈ જાય. જેથી ન તો સાઈલ પર એ વાંધો કરી શકાય છે કે તેમણે દુનિયાને આખેરત પર અગ્રતા કેમ આપી. હક્ક એ છે કે તેમણે તો આ આયત પર અમલ કર્યો : رَبَّنَآ اٰتِنَا فِی الدُّنۡیَا حَسَنَةً وَّ فِی الۡاٰخِرَةِ حَسَنَةً وَّ قِنَا عَذَابَ النَّارِ ۝ હે અમારા રબ ! અમને દુનિયામાં ભલાઈ આપ અને અમને આખેરતમાં ભલાઈ આપ, અને અમને દોઝખના અઝાબથી બચાવ. –સૂરએ બકરહ, ૨/૨૦૧) અને ન તો નબી કરીમ ﷺના અમલ શરીફ પર આ સવાલ થઈ શકે છે કે, "આપે એવા શખ્સને દુઆ કેમ શીખવાડી ? ધમકાવ્યા કેમ નહીં ? તેમજ આ અર્ઝ કરવામાં હુઝૂર ﷺના સબ્રના હુકમથી નાફર્માની નથી ?" તેમને સબ્રનો હુકમ આપ્યો જ ક્યાં હતો ?! એમને તો મશવરારૂપે ઈખ્તિયાર આપ્યો હતો, બલ્કે આ તો નાઝે ગુલામાના અંદાઝ પર દાતાથી અધિક માગવુ છે. જેમ કે હુઝૂર ﷺએ હજ્જના મોકા પર અરફાતમાં હાજીઓની બખ્શિશની દુઆ કરી. અલ્લાહના હક્કો માફ કરવામાં આવ્યા. પછી મુજદલ્ફામાં બંદાઓના હક્કોની માફીના માટે પણ દુઆ કરી.

૫. એટલે કે મિસ્વાક અને સર્વ સુન્નતોની સાથે વુઝૂ કરીને બે રકાત નમાઝે હાજત પઢે આ દુઆ માગે. (મિર્કાત) જાણવા મળ્યું કે **દુઆના માટે વુઝૂ અને નફ્લ બેહતર છે.** યાદ રાખશો કે આ મોકા પર તેમણે સરકાર ﷺને ખુદ દુઆ ન આપી દીધી બલ્કે દુઆ તથા પોતાના વસીલાના શબ્દો તેમને શીખવાડયા જેથી કયામતના દિવસ સુધીના મુસલમાનો એનાથી ફાયદો ઉઠાવે. જો સરકાર ﷺ પોતે જ દુઆ આપી દેતા તો બાદવાળા લોકો આ ફયૂઝ કેવી રીતે પામતા ? અમુક શરહકર્તાઓએ અહીં ફર્માવ્યું કે સરકાર તેમના પર નારાજ થઈ ગયા હતા, કેમ કે તેમણે હુઝૂર ﷺની વાત ન માની, એટલા માટે દુઆ ન કરી. એ સહીહ નથી, નહીં તો સરકાર ન તો તેમને દુઆ શીખવાડતા ન તેમને પોતાના વસીલાની તા'લીમ આપતા.

૬. એટલે કે તારી બારગાહમાં ડાયરેક્ટ વસીલા વિના નથી હાજર થયો. એમનો વસીલો લઈને આવ્યો છું જે ખુદ રહ્મતુલ્ લિલ્ આ़લમીન છે અને તેમની ઉમ્મત ઉમ્મતે મર્હૂમા છે. એટલે કે તુ અર્હમુર્રાહિમીન છે અને તારા નબી રહ્મતુલ્ લિલ્ આ़લમીન છે અને હું તારા ફ઼ઝ્લો કરમથી મરહૂમ છું.

૭. بِكَ માં હુઝૂરથી અરજ તથા વિનંતિ છે. અમુક રિવાયતોમાં આ પ્રમાણે છે : يا محمد انى توجهت بك الى ربى لتقضى છેવટ સુધી ت ની સાથે. (મિર્ક़ાત) આ لتقضى માં બે સંભાવનાઓ છે : વાહિદ મુઅન્નષ મજહૂલ હોય. એટલે કે જેથી મારી હાજત પૂરી કરી દેવામાં આવે. અથવા વાહિદ મુખાતબ મઅરૂફ હોય. એટલે યા રસૂલલ્લાહ ! ﷺ આપ મારી હાજત પૂરી કરી આપો. આ અંતિમ અર્થનું સમર્થન કુર્આન શરીફની આ આયતથી થાય છે : لَئِنْ كَشَفْتَ عَنَّا الرِّجْزَ لَنُؤْمِنَنَّ لَكَ وَلَنُرْسِلَنَّ مَعَكَ بَنِيٓ إِسْرَآءِيلَ (બેશક ! જો તમે અમારા પરથી અઝાબ ઉઠાવી દેશો તો અમે જરૂર તમારા પર ઈમાન લઈ આવીશું અને બની ઈસ્રાઈલને તમારી સાથે કરી દઈશું. સૂરએ અઅ્રાફ, ૭/૧૩૪) આ મૂસા عليه السلام ને તેમની ક़ૌમે કહ્યું. ઉપરોક્ત આયત તથા હદીષથી જાણવા મળ્યું કે **અલ્લાહના મહબૂબો પરવરદિગારના હુકમથી દાફિઉલ બલા (બલા દૂર કરનાર) અને સાહિબુલ અતા છે અને હાજતોમાં તેમને પુકારવું જાઈઝ છે. કેમ કે આ દુઆ કયામત સુધીના મુસલમાનો પઢી શકે છે અને એમાં હુઝૂર ﷺને પુકારવામાં પણ આવ્યા છે, અને હુઝૂર ﷺનો વસીલો પણ લેવામાં આવ્યો છે.**

૮. سبحان الله આ દુઆમાં ત્રણ સંબોધનો છે : આગળ પાછળ રબને અને વચ્ચે તેના હબીબને, જાણે અંગૂઠીની વચ્ચે નગીનો !

હઝરત દાઊદ عليه السلام ની દુઆ

★ હદીષ : (૧૫)-૨૪૯૬ ★
وَعَنْ أَبِي الدَّرْدَاءِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ مِنْ دُعَاءِ دَاوُدَ يَقُولُ: «اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ حُبَّكَ وَحُبَّ مَنْ يُحِبُّكَ وَالْعَمَلَ الَّذِي يُبَلِّغُنِي حُبَّكَ اللَّهُمَّ اجْعَلْ حُبَّكَ أَحَبَّ إِلَيَّ مِنْ نَفْسِي وَمَالِي وَأَهْلِي وَمِنَ الْمَاءِ الْبَارِدِ» . قَالَ: وَكَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا ذَكَرَ دَاوُدَ يُحَدِّثُ عَنْهُ يَقُولُ: «كَانَ أَعْبَدَ الْبَشَرِ» رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

"હઝરત અબૂ દર્દા رضی الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, દાઊદ عليه السلام ની દુઆ એ હતી કે આપ અર્ઝ કરતા હતા, ઈલાહી ! હું તારાથી તારી મહોબ્બત અને તારા મહબૂબોની મહોબ્બત માગુ છું[૧] અને તે અમલ માગુ છું જે તારી મહોબ્બત સુધી પહોંચાડી આપે[૨] ઈલાહી ! અને મારી મહોબ્બતને, મારી જાન માલ, ઘરબાર અને ઠંડા પાણી કરતાં અધિક મહબૂબ બનાવી દે[૩] રાવી ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે દાઊદ عليه السلام નો ઉલ્લેખ કરતા તો કહેતા કે તે આબિદતરીન ઈન્સાન હતા[૪]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે."

૧. આ વાક્યના કેટલાય અર્થો થઈ શકે છે : એક એ કે મને તૌફીક़ આપ કે તારાથી પણ મહોબ્બત કરું અને એ બંદાઓથી જે તારાથી મહોબ્બત કરે છે. ઉલમા, અવલિયા, અંબિયાથી મહોબ્બત વાસ્તા સાથે તારાથી જ મહોબ્બત છે. બીજુ એ કે, હે ખુદા ! મારાથી તું પણ મહોબ્બત કર અને તારા મહબૂબ બંદાઓ પણ મહોબ્બત કરે. એટલે حبّ (હુબ્બ)ની ઈઝાફત કયાં તો મફઉલની તરફ છે અથવા ફાઈલની તરફ.

૨. એના પણ તે જ બે અર્થો છે કે એવા અમલની તૌફીક આપ જેની બરકતથી તું મારો મહબૂબ બની જાય અથવા હું તારો મહબૂબ બની જઉં. એનાથી જાણવા મળ્યું કે, અમુક અમલો ઈશ્ક તથા મહોબ્બત પેદા કરવાની તાષીર હોય છે.

૩. એટલે કે **મને તૌફીક આપ કે તું મને મારી પોતાની જાત, ઘરબાર, માલ તથા દૌલતથી અધિક પ્યારો થઈ જાય, બલ્કે જેવી રીતે સખત ગરમી તથા વરસની સખતીમાં ઠંડુ પાણી પ્યારુ હોય છે એના કરતાં વધુ તારી મહોબ્બત અને પ્યારી થાય.** યાદ રાખશો કે મહબૂબિયતના માટે એના મહબૂબ બંદાઓની મહોબ્બત અનિવાર્ય છે. (શેઅર) : حاصل نشود رضائے سلطاں تا خاطر بندگاں نجوئی

૪. એટલે કે દાઉદ عليه السلام પોતાના જમાનામાં સૌથી મહાન આબિદ હતા જેમ કે રબ તઆલા બની ઈસ્રાઈલને ફર્માવે છે : اَنِّیۡ فَضَّلۡتُکُمۡ عَلَی الۡعٰلَمِیۡنَ۝ (અને એ કે એનાથી સર્વ જમાના પર તમને બડાઈ આપી. સૂરએ બકરહ, ૨/૪૭) જેથી એનાથી એ લાઝિમ નથી થતું કે દાઉદ عليه السلام, હઝરત ઈબ્રાહીમ عليه السلام અથવા આપણા હુઝૂર ﷺથી વધુ આબિદ હોય, અને ન આ ફર્માન આ આયતે કરીમાની વિરુદ્ધ છે જેમાં નૂહ عليه السلامના બારામાં ફર્માવવામાં આવ્યું : اِنَّهٗ کَانَ عَبۡدًا شَکُوۡرًا۝ (બેશક ! તે ઘણો શુક્ર ગુઝાર બંદો છે. સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૩)

હઝરત અમ્માર رضی اللہ عنہ થકી બેહતરીન દુઆ

★ હદીષ : (૧૬)-૨૪૯૭ ★

وَعَنْ عَطَاءِ بْنِ السَّائِبِ عَنْ أَبِيهِ قَالَ: صَلَّى بِنَا عَمَّارُ بْنُ يَاسِرٍ صَلَاةً فَأَوْجَزَ فِيهَا فَقَالَ لَهُ بَعْضُ الْقَوْمِ: لَقَدْ خَفَّفْتَ وَأَوْجَزْتَ الصَّلَاةَ فَقَالَ أَمَا عَلَيَّ ذَلِكَ لَقَدْ دَعَوْتُ فِيهَا بِدَعَوَاتٍ سَمِعْتُهُنَّ مِنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا قَامَ تَبِعَهُ رَجُلٌ مِنَ الْقَوْمِ هُوَ أَبِي غَيْرَ أَنَّهُ كَنَّى عَنْ نَفْسِهِ فَسَأَلَهُ عَنِ الدُّعَاءِ ثُمَّ جَاءَ فَأَخْبَرَ بِهِ الْقَوْمَ: «اللَّهُمَّ بِعِلْمِكَ الْغَيْبَ وَقُدرتِكَ على الخَلقِ أَحْيِنِي مَا عَلِمْتَ الْحَيَاةَ خَيْرًا لِي وَتَوَفَّنِي إِذَا عَلِمْتَ الْوَفَاةَ خَيْرًا لِي اللَّهُمَّ وَأَسْأَلُكَ خَشْيَتَكَ فِي الْغَيْبِ وَالشَّهَادَةِ وَأَسْأَلُكَ كَلِمَةَ الْحَقِّ فِي الرِّضَى وَالْغَضَبِ وَأَسْأَلُكَ الْقَصْدَ فِي الْفَقْرِ وَالْغِنَى وَأَسْأَلُكَ نَعِيمًا لَا يَنْفَدُ وَأَسْأَلُكَ قُرَّةَ عَيْنٍ لَا تَنْقَطِعُ وَأَسْأَلُكَ الرِّضَى بَعْدَ الْقَضَاءِ وَأَسْأَلُكَ بَرْدَ الْعَيْشِ بَعْدَ الْمَوْتِ وَأَسْأَلُكَ لَذَّةَ النَّظَرِ إِلَى وَجْهِكَ وَالشَّوْقِ إِلَى

''હઝરત અતા બિન સાઈબ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના વાલિદથી રાવી[૧] ફર્માવે છે, અમને હઝરત અમ્માર ઈબ્ને યાસિરે નમાઝ પઢાવી તો એમાં ટૂંકાણ કર્યું[૨] તો એમને અમુક લોકોએ અર્ઝ કરી કે આપે નમાઝ ઘણી હલકી અને ટૂંકમાં પઢાવી ! તો ફર્માવ્યું, મને એનું કોઈ નુકસાન નથી. મેં એમાં તો દુઆઓ માગી લીધી છે જે મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળી[૩] જ્યારે આપ ઉઠયા તો કૌમમાંથી એક શખ્સ આપની પાછળ ચાલ્યો. તે મારા પિતા હતા. હા ! તેમણે પોતાની જાતને ઈશારાની રીતે વર્ણવ્યા[૪]. તો એમને તે દુઆ પૂછી પરત આવ્યા, તે દુઆ કૌમને બતાવી[૫] ઈલાહી ! તારા ઈલ્મે ગયબ તથા મખ્લૂક પર તારી કુદરતના સદકે મને એ સમય સુધી જીવંત રાખ જ્યાં સુધી કે જિંદગીને મારા માટે બેહતર જાણે અને વફાત આપી દે જ્યારે મૌતને મારા માટે બેહતર જાણે[૬] ઈલાહી ! હું તારાથી તારો ખૌફ માગુ છું જાહેર તથા બાતિનમાં[૭] અને તારાથી ખુશી તથા નાખુશીમાં સાચી વાતની તૌફીક માગુ છું[૮] અને તારાથી અમીરી

ગરીબીમાં મધ્યમચાલ માગુ છું[૯] અને તારાથી ન મિટનારી નેઅમત માગુ છું અને તારી પાસે તે આંખની ઠંડક માગુ છું જે બંધ ન થાય[૧૦] અને તારાથી રઝા બ કઝા માગુ છું. અને તારાથી મૃત્યુ બાદ ઠંડી જિંદગી માગુ છું[૧૧] અને તારાથી તારી જાતને જોવાની લિજ્જત અને તારી મુલાકાતનો શોખ માગુ છું નુકસાનકર્તા ચીજના નુકસાન વિના અને ગુમરાહ કરનાર ફિત્ના વિના[૧૨] હે અલ્લાહ ! અમને ઈમાની ઝીનતથી શણગાર[૧૩] અને અમને હિદાયત આપનાર, હિદાયત પામનારા બનાવ[૧૪]. (નિસાઈ)[૧૫]	لِقَائِكَ فِي غَيْرِ ضَرَّاءَ مُضِرَّةٍ وَلَا فِتْنَةٍ مُضِلَّةٍ اللَّهُمَّ زَيِّنَّا بِزِينَةِ الْإِيمَانِ وَاجْعَلْنَا هُدَاةً مَهْدِيِّينَ» . رَوَاهُ النَّسَائِيُّ

૧. હઝરત અતા તાબઈ છે અને તેમના વાલિદ સાઈબ ઈબ્ને યઝીદ સહાબી છે,કે તેમનો જન્મ હિ.સ. ૩માં થયો. હજ્જતુલ વિદાઅના મોકા પર આપની ઉમર સાત વરસની ઉમર હતી. પોતાના પિતા યઝીદની સાથે એ હજ્જમાં શરીક થયા હતા. *(મિર્કાત)*

૨. લગભગ એ કોઈ નફ્લ નમાઝ હતી. અમુક નફ્લોની જમાઅત એહતેમામથી (આયોજનપૂર્વક) જાઈઝ છે, જેમ કે નમાઝે કસૂફ (સૂર્યગ્રહણની નમાઝ) અને આયોજન કર્યા વિના દરેક નફલની જમાઅત જાઈઝ. આપે ક્યાં તો એ નમાઝની ક્રિઅત ટૂંકાવી અથવા દુઆઓ થોડી માગી. લમ્આતે પ્રથમ વાતને અગ્રતા આપી અને મિર્કાતે બીજીને. એનો મતલબ એ નથી કે આપે નમાઝના અરકાન પણ સહીહ રીતે અદા ન કર્યા, કે સહાબાની શાનથી બહુ દૂરની વાત છે.

૩. આ اَرَ માં શરહકર્તાઓએ ઘણી સંભાવનાઓ કાઢી છે. અધિક જાહેર એ છે કે હમ્ઝા નિદાએ કરીબનો છે અને ر નાફિયા, એટલે કે હે દોસ્ત ! આ ટૂંકાવવામાં કોઈ નુકસાન નથી, કેમ કે મેં તે દુઆઓ પઢી લીધી છે જેનાથી આ ટૂંકી તિલાવત અથવા નાની દુઆઓનો બદલો થઈ જશે કે એમના શબ્દો થોડા છે અને સવાબ તથા ફાયદા અધિક. જાહેર એ છે કે આ દુઆઓ નમાઝની અંદર જ સજદામાં કે સલામથી પહેલાના કાયદામાં જ માગી હતી.

૪. أَرَاكَ થી અહીં સુધીની વાત અતાની છે, એટલે કે મારા પિતા કહેતા હતા કે કૌમમાંથી એક શખ્સ હઝરત અમ્મારની પાછળ દુઆ પૂછવાના માટે ગયા. પણ હકીકત એ છે કે તે જનાર સાઈબ જ હતા. તેમણે પોતાનું નામ ન લીધુ બલ્કે એક શખ્સ કહી દીધુ જેથી પોતાની મોટાઈ જાહેર ન થાય.

૫. અમુક સહાબાનો પ્રભાવ અધિક હતો કે તેમને દરેક શખ્સ વાત પૂછી શક્તો ન હતો એટલા માટે કેવળ હઝરત સાઈબે પૂછયું તે પણ અલગ જઈને. યાદ રાખશો કે આ દુઆ તો એક જ છે પણ એમાં ઘણી ચીજો માગવામાં આવી છે એટલા માટે અહીં દુઆ એકવચનમાં કહી અને ત્યાં દઅવાત બહુવચન.

★ બુરાઈની જિંદગી કરતાં ભલાઈની મૌત સારી ★

૬. بِعِلْمِكَ માં بِ ઈસ્તિઅતાફની છે. એટલે કે પોતાના ઈલ્મે ગયબ અને પોતાની કુદરતના સદકામાં મને આ નેઅમતો બખ્શ. જાણવા મળ્યું કે અલ્લાહની સિફતોને વસીલો બનાવી શકીએ છીએ. યાદ રાખશો કે **જ્યાં સુધી**

બંદાને નેકીઓની તૌફીક મળે અને દુનિયામાં ફિત્ના ન ફેલાય અને બંદો અન્યો પર બોજ ન બને ત્યાં સુધી તો જિંદગી મૌતથી અફઝલ છે અને જ્યારે એ ત્રણેવ વાતોમાંથી કોઇ વાત અદશ્ય થઇ જાય તો મૌત જિંદગીથી બેહતર છે. સૂફીઓ ફર્માવે છે કે **બુરાઈની જિંદગી કરતાં ભલાઈની મૌત સારી.** (શેઅર)

وانکہ خوابش بہتر از بیداری است زاں چناں بد زندگانی مردہ بہ

અર્થ : જેનું સૂવું જાગવા કરતાં બેહતર હોય, તેવી બુરી જિંદગીથી તો મરી જવું બેહતર છે.

૭. દુઆ દરમિયાન વારંવાર رَبَّنَا અથવા اللّٰهم કહેવું સુન્નત છે. એમાં દુઆની કબૂલિયતની મજબૂત ઉમ્મીદ છે એ જ પ્રમાણે દરેક એવઝના પહેલાં વાવ બોલવો પણ બેહતર છે. રબ તઆલા ફર્માવે છે : رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا (અને હે અમારા રબ ! અને અમને આપ તે જેનો તેં અમારાથી વાયદો કર્યો છે. સૂરએ આલે ઈમરાન, ૩/૧૯૪) જાહેર તથા બાતિનથી મુરાદ કયાં તો એલાનિયા તથા છુપી રીતે છે અથવા કાલિબ તથા કલ્બ, એટલે ઈલાહી ! મને દરેક હાલતમાં તારો ખૌફ આપ, ચાહે લોકોની સામે હોય અથવા એકાંતમાં અથવા મારુ દિલ તથા શરીર બંનેવ પર તારો ખૌફ હોય કે દિલમાં ડર હોય, આંખો તર હોય, દિલમાં દર્દ હોય, મોંમાં ઠંડી આહ હોય.

૮. એટલે ખલ્ક (લોકો) મારાથી રાજી થાય કે નારાજ પણ હું હક્ક વાત કહીશ. અથવા હું લોકોથી રાજી થઉં કે નારાજ, દરેક હાલતમાં હક્ક બોલીશ. ન હું હક્ક છોડીશ ન હક્ક મને છોડે.

૯. એટલે કે અમીરી ગરીબીમાં મને રોજી, બોલવા, ચાલવામાં, ખર્ચ વગેરેમાં મધ્યમ ચાલ ચાલવાની તૌફીક આપ, કે ન તો અમીરીમાં ફુઝૂલખર્ચી કરનાર બની જઉં ન ગરીબીમાં નાગો ભૂખ્યો થઈ જઉં. મધ્યમ ચાલ એ અલ્લાહની રહમત છે જેને નસીબ થઈ જાય.

૧૦. એટલે કે જન્નતની હમેશાં રહેનારી નેઅમતો અને ત્યાં પાક બીવીઓ માગુ છું જે આંખની ઠંડકનો સબબ બને. અથવા નષ્ટ ન થનારી મો'મિન નસલ અથવા કાયમી નમાઝની તૌફીક માગુ છું. ઔલાદ, પત્નીઓ, નમાઝ સર્વ કાંઈ આંખોની ઠંડક છે. રબ તઆલા ફર્માવે છે : رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَ ذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ (અને તેઓ જે અર્ઝ કરે છે, હે અમારા રબ ! અમને આપ અમારી પત્નીઓ અને ઔલાદથી આંખોની ઠંડક. –સૂરએ ફુર્કાન, ૨૫/૭૪) યાદ રાખશો કે દુનિયાની દરેક ચીજને ફના (નષ્ટ થવાનું) છે અને આખેરતની દરેક ચીજે બાકી રહેવાનું છે. **રિયાની ઈબાદતો દુનિયામાં ફના થઇ જશે. અલ્લાહના માટે ખાવું પીવું પણ આખેરતનો તોશો છે અને અનાશવંત છે.** હેન્ડ પંપનું પાણી બાકી છે કે મર્કઝથી સંબંધિત છે. આપણે હુઝૂર ﷺથી જોડાયેલા રહેવું જોઈએ કે ઈજ્જત તથા અઝમત વગેરેનું મર્કઝ છે.

૧૧. એટલે કે બરઝખ તથા મેહશરમાં આરામની જિંદગીનો તલબગાર છું.

૧૨. એટલે કે મને આખેરતમાં તારા દીદાર આપ અને દુનિયામાં દીદારનો શોખ નસીબ કર, પણ એવો શોખ દે જે મને સૈરે ઈલલ્લાહથી મના ન કરી દે, જઝબ (આકર્ષણ) નથી માગતો સુલૂક (અલ્લાહના કુર્બની તલબ) માગુ છું.

૧૩. શરીરની જાહેરી શોભા પોશાક અને ઘરેણાથી છે, દિલથી ઝીનત ઈમાનથી છે અને બદનની હકીકી ઝીનત નેક અમલો છે. હે ખુદા ! તું મને શારીરિક તથા દિલી ઝીનત નસીબ કર.

૧૪. એ રીતે કે અમે પોતે પણ હિદાયત પર રહીએ અને અન્યોને પણ હિદાયત પણ રાખીએ.

૧૫. એટલે હાકિમ, અહમદ, તિબ્રાનીએ પણ રિવાયત કરી.

ફજર પછી પઢવાની દુઆ

★ હદીષ : (૧૭)-૨૪૯૮ ★

وَعَنْ أُمِّ سَلَمَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ فِي دُبُرِ صَلَاةِ الْفَجْرِ: «اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ عِلْمًا نَافِعًا وَعَمَلًا مُتَقَبَّلًا وَرِزْقًا طَيِّبًا» . رَوَاهُ أَحْمَدُ وَابْنُ مَاجَهْ وَالْبَيْهَقِيّ فِي الدَّعوات الْكَبِير

''હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺ ફજરની નમાઝ બાદ આ પ્રમાણે કહેતા હતા, ઈલાહી ! હું તારાથી લાભકારક ઈલ્મ, મક્બૂલ અમલ અને હલાલ તૈયબ (પાક) રોજી માગુ છું[૧]. (અહમદ, ઈબ્ને માજહ, બયહક્ી, દઅવાત વગેરે)

૧. ઈલ્મ દિલની રોજી છે, અમલ શરીરની. રૂહાની રોજી અને હલાલ રોજી એ બંનેની અસલ છે. **હરામ રોજીથી ન દિલમાં મઅરેફતનું નૂર પેદા થાય ન અમલોમાં લિજ્જત આવે.** સૂફીઓ ફર્માવે છે કે ઈલ્મે નાફેઅ (નફાકારક ઈલ્મ) વિના નેક અમલની તૌફીક્ નથી મળતી. **તમે જેનો ઈલ્મ તથા અમલ તો સારો જુઓ પણ તેની રોજી હરામ હોય તો તેની મચ્છરની પાંખ બરાબર પરવા ન કરો.** ઈબાદતો અલ્લાહના ખજાનામાં મહેફૂઝ છે. દુઆ એ ખજાનાની ચાવી છે અને હલાલ રોજી એ ચાવીના દાંતા છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે અલ્લાહ તેની નમાઝ કબૂલ નથી કરતો જેના પેટમાં હરામ ભરેલ હોય. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺની આ દુઆ ફજરની નમાઝ બાદ ક્યાં તો ઘરમાં થતી હતી અથવા મસ્જિદમાં, પણ બુલંદ અવાજથી જે ઘર સુધી પહોંચી જતી હતી. અથવા હઝરત ઉમ્મે સલમા ખુદ જમાઅતની અંતિમ સફોમાં હોતાં એટલા માટે આપની દુઆ સાંભળતાં હતાં.

ખૂબ શુક્ર તથા ઝિક્ર માટે દુઆ

★ હદીષ : (૧૮)-૨૪૯૯ ★

وَعَن أَبِي هريرةَ قَالَ: دُعَاءٌ حَفِظْتُهُ مِنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَا أَدَعُهُ: «اللَّهُمَّ اجْعَلْنِي أُعْظِمُ شُكْرَكَ وَأُكْثِرُ ذِكْرَكَ وَأَتَّبِعُ نُصْحَكَ وَأَحْفَظُ وصيتك» . رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં એક દુઆ રસૂલુલ્લાહ ﷺ થી યાદ કરી છે જેને હું કદી નથી છોડતો. ઈલાહી ! મને તું એવો કરી દે કે તારો ખૂબ જ શુક્ર કરું અને તારો ખૂબ જ ઝિક્ર કરું[૧] અને તારી નસીહતની પયરવી કરું અને તારી વસિયતની હિફાઝત કરું[૨]. '' (તિર્મિઝી)

૧. أُعْظِمَ અને أُكْثِرَ બાબે તફઈલથી પણ હોઈ શકે છે અને બાબે અફઆલથી પણ. પણ બાબે અફઆલથી હોવું અધિક બેહતર છે. એટલે ઈલાહી ! મને ખૂબ જ નેઅમતો આપ અને દરેક નેઅમતના દરેક શુક્રની તૌફીક્ આપ. ક્રૌલી શુક્ર પણ અને અમલી શુક્ર પણ. અને મને તૌફીક્ આપ કે હું લિસાની, જનાની અને કાની (ઝબાનથી, દિલથી અને કાનથી) તારો ઝિક્ર કરું. ઝિક્ર તથા શુક્રની તફસીલ અમારી ''તફસીરે નઈમી'' ભાગ–૨માં જુઓ.

૨. નસીહતનો અર્થ છે ખૈરખ્વાહી અને વસિયતથી મુરાદ રબના તાકીદી હુકમ. કેમ કે **રબના દરેક હુકમમાં આપણી ખૈર ખ્વાહી (ભલાઈ) છે ભલે તે હુકમ આપણા પર ભારે હોય અને આપણી ઘણી બધી દુઆઓ જે રદ થઈ જાય છે, એમાં પણ અમારી ખૈર ખ્વાહી હોય છે કે આપણી નાસમજીમાં બુરી ચીજો માગી લઈએ છીએ.** એટલા માટે રબની કઝા પર રઝા એહકામની ફર્માંબદારી (ઈત્તેબા) હોવી જોઈએ.

ખાસ પાંચ ચીજોની દુઆ

★ હદીષ : (૧૯)-૨૫૦૦ ★	*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એવું ફર્માવ્યા કરતા હતા, હે અલ્લાહ ! હું તારાથી તંદુરસ્તી, પાકદામની, અમાનતદારી અને સારા અખ્લાક઼ અને તક઼દીર પર રઝા (રાજીપો) માગુ છું[૧].''*
وَعَن عبدِ اللهِ بنِ عَمْرٍو قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ الصِّحَّةَ وَالْعِفَّةَ والأمانةَ وحُسنَ الْخلق والرضى بِالْقدرِ»	

૧. આ પાંચ ચીજો લાખો નેઅમતોનું મૂળ છે. તંદુરસ્તીમાં સર્વ બીમારીઓથી હિફાઝત આવી ગઈ અને પાકદામનીમાં બુરા અમલો, કથનો તથા હાલતોથી હિફાઝત, અને અમાનતમાં તમામ દિલી બીમારીઓથી અમ્ન અને હુસ્ને ખુલ્ક઼ (સારા સ્વભાવ)માં દરેક પ્રકારના દુર્વ્યવહારોથી છૂટકારો અને **રઝા બિલ્ ક઼ઝામાં દિલની બેચેની અને ગભરાહટથી અમાન સામેલ છે.** જેને આ પાંચ ચીજોની નેઅમત મળી જાય તેને બધું જ મળી ગયું.

★ હદીષ : (૨૦)-૨૫૦૧ ★	*''હઝરત ઉમ્મે મઅબદથી[૧] રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતા સાંભળ્યા, મારા દિલને નિફાક઼થી અને મારા અમલને દિખાવાથી અને મારી ઝબાનને જૂઠથી અને મારી આંખને બદ્ દિયાનતીથી પાક રાખ[૨] કેમ કે તું જાણે છે ખયાનતવાળી આંખને અને તેને જેને સીના છુપાવે છે[૩]. આ બંને હદીષો બયહક઼ીએ દઅવાતે કબીરમાં નકલ કરી.''*
وَعَن أُمِّ مَعْبدٍ قَالَتْ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «اللَّهُمَّ طَهِّرْ قَلْبِي مِنَ النِّفَاقِ وَعَمَلِي مِنَ الرِّيَاءِ وَلِسَانِي مِنَ الْكَذِبِ وَعَيْنِي مِنَ الْخِيَانَةِ فَإِنَّكَ تَعْلَمُ خَائِنَةَ الْأَعْيُنِ وَمَا تُخْفِي الصُّدُورُ» . رَوَاهُمَا الْبَيْهَقِيُّ فِي الدَّعَوَاتِ الْكَبِيرِ	

૧. ઉમ્મે મઅબદ બે છે : ઉમ્મે મઅબદ બિન્તે ખાલિદ અને ઉમ્મે મઅબદ બિન્તે કઅબ ઈબ્ને માલિક અન્સારિયા. બંને સહાબિયા છે. પ્રથમ ઉમ્મે મઅબદના ઘરમાં હિજરતની હાલતમાં થોડા દિવસ રોકાણ કર્યું હતું. જેનો પ્રસંગ મશહૂર છે. અહીં બીજી ઉમ્મે મઅબદ મુરાદ છે. (અશિઅ્હ તથા મિર્ક઼ાત)

૨. કેમ કે સરકાર ﷺ એ સર્વ અયબોથી પાક છે એટલા માટે આ દુઆનો એ જ અર્થ કરવામાં આવશે કે પાક રાખ, એટલે મને એના પર અડગતા આપ. જેમ કે રબ તઆલા ફર્માવે છે : يٰٓاَيُّهَا النَّبِيُّ اتَّقِ اللّٰهَ (હે ગયબની ખબરો ધરાવનાર ! (નબી) અલ્લાહનો આવો જ ડર રાખજો. –સૂરએ અહઝાબ, ૩૩/૧)

૩. ખયાનતવાળી આંખથી મુરાદ ચોર નઝરી કરનારી આંખો છે, આ આંખો વડે નાજાઈઝ ચીજોને જોવી એ ચોર નઝરી છે. અને **સીનાના (દિલના) સર્વ અયબો હસદ, કીનો, અદાવત, નિફાક઼** مَا تُخْفِي الصُّدُوْرُ ﴿١٩﴾ (અલ્લાહ જાણે છે ચોરી છુપીની નિગાહ અને જે કાંઈ સીનામાં છુપુ છે. –સૂ. ગાફિર, ૪૦/૧૯)માં સામેલ છે એની અન્ય ઘણી બધી શરહો કરવામાં આવી છે, પણ આ શરહ ટૂંકી પણ છે અને મજબૂત પણ છે.

અલ્લાહથી હમેશાં ફઝ્લ તથા ભલાઈની દુઆ કરો

★ હદીષ : (૨૧)-૨૫૦૨ ★	*''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક મુસલમાનની બીમારપુર્સી કરી (ખબર લીધી) જે ઘણો જ કમજોર થઈ ગયો હતો[૧]*
وَعَنْ أَنَسٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَادَ رَجُلًا مِنَ الْمُسْلِمِينَ قَدْ خَفَتَ فَصَارَ مِثْلَ الْفَرْخِ فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ	

صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَلْ كُنْتَ تَدْعُو اللَّهَ بِشَيْءٍ أَوْ تَسْأَلُهُ إِيَّاهُ؟» . قَالَ: نَعَمْ كُنْتُ أَقُولُ: اللَّهُمَّ مَا كُنْتَ مُعَاقِبِي بِهِ فِي الْآخِرَةِ فَعَجِّلْهُ لِي فِي الدُّنْيَا. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " سُبْحَانَ اللَّهِ لَا تُطِيقُهُ وَلَا تَسْتَطِيعُهُ أَفَلَا قُلْتَ: اللَّهُمَّ آتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَفِي الْآخِرَةِ حَسَنَةً وَقِنَا عَذَابَ النَّارِ ". قَالَ: فَدَعَا اللهَ بِهِ فشفاه الله. رَوَاهُ مُسلم

કે ચોઝા (મરઘીનું બચ્ચુ કે નાનુ બાળક)ની જેમ થઈ ગયો હતો. તેને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે શું તું અલ્લાહથી કોઈ ખાસ દુઆ કરતો હતો ?[૨] બોલ્યો, કે એવું કહેતો હતો, ઈલાહી ! તું જે સજા મને આખેરતમાં આપવાનો હોય તે મને દુનિયામાં જ આપી દે[૩]. ત્યારે તેને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! તું એની શક્તિ તથા કુદરત નથી ધરાવતો[૪] તેં એવું કેમ ન કહ્યું, હે ખુદા ! અમને દુનિયામાં ભલાઈ આપ અને આખેરતમાં ભલાઈ આપ અને અમને આગના અઝાબથી બચાવી લે[૫]. ફર્માવે છે કે તેણે અલ્લાહથી એવી જ દુઆ માગી તો અલ્લાહે તેને શિફા બખ્શી[૬]. " (મુસ્લિમ)

૧. خفت નો અર્થ છે કમજોર અવાજ જે મુશ્કેલીથી સંભળાય આવે. અરબવાસી કહે છે خفت الميت મરનારો ખામોશ થઈ ગયો, એટલે કે તે બીમાર કમજોરીના કારણે કમજોર (અતિ ધીમા) અવાજવાળો થઈ ગયો હતો, જેનાથી લાઝમી રીતે તેના શરીરની કમજોરી માલૂમ પડી ગઈ. જેથી આગલી વાત એની સાથે સંપૂર્ણ સંબંધ ધરાવે છે.

૨. અહીં રાવીને શક થયો કે હુઝૂરે અન્વર ﷺએ ક્યાં તો એવું ફર્માવ્યું કે તું ખાસ ચીજ માગતો હતો. યાદ રાખશો કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને લોકોના હકીમ મુત્લક઼ બનાવીને મોકલ્યા. હુઝૂર ﷺ આપણી જાહેરી તથા બાતિની બીમારીઓ અને તેના સબબો જાણતા હતા.

૩. તે સહાબીની એ રજૂઆત આખેરતના તથા અઝાબના કારણે છે. એવું સમજ્યા હતા કે ગુનાહો પર સજા ચોક્કસ જ મળે છે. જો આખેરતમાં મળી તો સખત અને લાંબી હશે, અને જો દુનિયામાં મળી તો હલકી અને ટેમ્પરરી હશે, કે મૌત દરેક મુસીબતનો અંત છે. તેમની નજર અલ્લાહની માફીની તરફ ન ગઈ. જાણવા મળ્યું કે આપણને તો રબ તઆલાથી માગવાનું પણ નથી આવડતુ જ્યાં સુધી કે હુઝૂર ﷺ ન શીખવાડે.

૪. એટલે કે ન તો તું દુનિયાના અઝાબની શક્તિ ધરાવે છે અને ન આખેરતના અઝાબની. જેથી આ કલમો શક્ય નથી. જો કે સંબોધન એ સાહબથી જ છે પણ સંબોધન સૌને છે, એટલે કે આખી મખ્લૂક઼ તેના અઝાબની શક્તિ નથી ધરાવતી, તે પોતાનો કરમ જ કરે.

૫. આ દુઆની શરહ પહેલાં કરવામાં આવી ચૂકી છે. જાહેર એ છે કે અહીં ભલાઈથી મુરાદ ગુનાહોની માફી, નેઅમતોની અતા અને બંને જહાનની રાહત તથા અમાન છે.

૬. ક્યાં તો એ દુઆની જ બરકતથી વિના દવા શિફા આપી અથવા કોઈ દવા થકી. સહીહ દવાનું મયસ્સર થવું અને તેની તાષીર રબ તઆલાના કરમથી છે. બીજો અર્થ મિર્ક઼ાતે અપનાવ્યો, પણ પ્રથમ અર્થ અધિક ક઼વી મજબૂત છે.

★ હદીષ : (૨૨)-૨૫૦૩ ★

وَعَنْ حُذَيْفَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَنْبَغِي لِلْمُؤْمِنِ أَنْ يُذِلَّ نَفْسَهُ» . قَالُوا: وَكَيْفَ يُذِلُّ نَفْسَهُ؟ قَالَ: «يَتَعَرَّضُ مِنَ الْبَلَاءِ لِمَا لَا يُطِيقُ» رَوَاهُ

"હઝરત હુઝૈફાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુસલમાનને એ લાયક નથી કે પોતાને ઝલીલ કરે[૧] લોકોએ પૂછયું, હુઝૂર ઝલીલ કેવી રીતે કરે ? ફર્માવ્યું, પોતાને એ આફતો પર પેશ કરે જેની શક્તિ ન ધરાવતો હોય[૨]. (તિર્મિઝી,

ઈબ્ને માજહ, બયહકી, શોઅબુલ ઈમાન) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે ગરીબ છે.	التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ. وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيث حسن غَرِيب

૧. એટલે કે પોતાની ખ્વાહિશ અને મરજીથી પોતાને ઝિલ્લતમાં ન નાખે. જેથી આ ફર્માન એ હદીષની વિરુદ્ધ નથી કેમ કે મો'મિન બીમારી તથા તંગદસ્તી તથા બેબસીથી ખાલી નથી રહેતો. અહીં ઝિલ્લતથી મુરાદ ઈજ્જતના મુકાબલામાં ઝિલ્લત નથી બલ્કે લાચારી મુરાદ છે.

૨. એટલે ક્યાં તો રબથી સખ્તીઓ માગી લે અથવા પોતે પોતાને વિના જરૂરતે સખ્તીઓમાં નાખી લે. જેથી આ હદીષ જેહાદના હુકમોની વિરુદ્ધ નથી. બદરમાં ૩૧૩ બેસામાન સહાબા હજાર સશસ્ત્ર કાફિરોના મુકાબલામાં જામી ગયા કે ત્યાં દીની જરૂરત હતી.

''હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે, મને રસૂલુલ્લાહ ﷺ એ આ દુઆ શીખવાડી ફર્માવ્યું, કહો : અલ્લાહ મારું બાતિન (અંતર) મારા જાહેર કરતાં સારું કરી દે અને મારા જાહેરને નેક તથા સાલેહ બનાવી દે[૧]. હે અલ્લાહ ! હું તારાથી તે સારું ઘરબાર, માલ, ઔલાદ જે ન ગુમરાહ થાય ન ગુમરાહ કરનાર હોય માગુ છું જે તું લોકોને આપે છે[૨]. '' (તિર્મિઝી)	**★ હદીષ : (૨૩)-૨૫૦૪ ★** وَعَنْ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: عَلَّمَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " قُلْ: اللَّهُمَّ اجْعَلْ سَرِيرَتِي خَيْرًا مِنْ عَلَانِيَتِي وَاجْعَلْ عَلَانِيَتِي صَالِحَةً اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ مِنْ صَالِحِ مَا تُؤْتِي النَّاسَ مِنَ الْأَهْلِ وَالْمَالِ وَالْوَلَدِ غَيْرِ الضَّالِّ وَلَا الْمُضِلِّ " رَوَاهُ التِّرْمِذِيُّ

૧. سبحان اللّٰه કેટલી પ્યારી દુઆ છે ! એટલે કે હે ખુદા ! મને શારીરિક પરહેઝગારી પણ અતા ફર્માવ અને દિલી તકવો જાહેરી પરહેઝગારી કરતાં આ'લા હોય, **જાહેરનું બાતિન કરતાં આ'લા હોવું એ અલ્લાહનો ગઝબ છે કે એ રિયા છે.** તેમજ જાહેર ખરાબ હોવું અને દિલનું સારું હોવું પણ બુરુ છે કે એ ફિસ્ક (ગુનો) છે. ખોરાક પણ સારી તથા આ'લા હોવી જોઈએ અને વાસણ પણ સાફ સુથરૂ જોઈએ.

૨. જાહેર એ છે કે ગુમરાહ તથા ગુમરાહ કરનાર પુત્રની સિફત (ગુણ) છે કેમ કે માલ જો કે ગુમરાહ કરનાર તો હોય છે પણ ગુમરાહ નથી હોતો. અને શક્ય છે કે ضال થી મુરાદ ખબીષ તથા બુરો હોય, તો એ ત્રણેવની સિફત છે. એટલે હે ખુદા ! અમને એવી બીવી, બાળકો અને માલ ન આપ જે પોતે પણ ખબીષ હોય અને અમને પણ ખબીષ કરી દે.

★ દુઆઓ કબૂલ થવાની શરતો ★

الحمد للّٰه કે દુઆઓનું પ્રકરણ સારી રીતે પૂર્ણ થયું. દુઆઓના સંબંધે આખરી ગુઝારિશ એ છે કે હુઝૂર ﷺની ઈર્શાદ કરેલી દુઆઓ બફઝ્લિહી તઆલા સચોટ છે. પણ દુઆઓની કબૂલિયતના માટે અમુક ચીજો જરૂરી છે : સારી જીભ, હલાલ રોજી, હાઝિર દિલ, તર આંખો, કબૂલિયતની ઉમ્મીદ, તકવો તથા પરહેઝગારી. રાતના અંતિમ હિસ્સાની દુઆઓ જલ્દી કબૂલ થાય છે. જો કદી કોઈ દુઆની અસર જાહેર થવામાં વાર લાગે તો યકીન કરવું જોઈએ કે આપણામાં કાંઈક ઉણપ છે, રબ સાચો અને તેના મહબૂબ સાચા, આપણે જૂઠા અને આપણા અમલો ખોટા છે. (શેઅર)

મેરી રાત કી દુઆએં જો નહીં કુબૂલ હોતી – મેં સમઝ ગયા યકીનન ! અભી મુઝમેં કુછ કમી હૈ

ક્યારેક દુઆ એટલા માટે પણ કબૂલ નથી થતી કે કોઈકની બદ્દુઆ આપણી પાછળ પડી હોય છે. પ્રથમ બદ્ દુઆઓને બંધ કરો કે જેથી દુઆઓ કબૂલ થાય. રબ તઆલા મકબૂલ દુઆઓ નસીબ કરે. *–અહમદ યારખાં*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

કિતાબુલ્ મનાસિક كتاب المناسك

હજના અરકાન વિશે[૧]

(વિભાગ : ૧) الفصل الاول

مناسك (મનાસિક) منسكનું બહુવચન છે જે نسيكهથી બન્યુ છે, نسيكهનો અર્થ છે ઈબાદત. એટલા માટે કુર્આનને نسيكه અને કુર્બાનીના સમય અથવા જગાને منسك કહેવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : لِكُلِّ أُمَّةٍ جَعَلْنَا مَنْسَكًا (દરેક ઉમ્મતના માટે અમે એક કુર્બાની નિશ્ચિત કરી. –સૂરએ હજ્જ, ૨૨/૩૪) હવે શરીઅતમાં **મનાસિક** હજ્જના અરકાનને કહે છે. એટલે કે આ પ્રકરણમાં હજ્જનું વર્ણન થશે. **હજ્જનો અર્થ** છે નિશ્ચિય તથા ઈરાદો. ઈબાદતની નિય્યતથી કા'બા શરીફનો ઈરાદો કરવો હજ્જ છે. હજ્જનો સબબ કા'બા મોઅઝ્ઝમા છે. કા'બા શરીફ સૌથી પહેલાં ફરિશ્તાઓએ બનાવ્યો બૈતુલ મઅમૂરની સામે. એનું જ નામ ફરિશ્તાઓને ત્યાં ઝરાહ હતું. આદમ عليه السلامની પેદાઈશથી બે હજાર વરસ પહેલાંથી ફરિશ્તા એનો હજ્જ કરતા હતા. પછી **આદમ عليه السلام થી લઈને આપણા હુઝૂર ﷺ સુધી કેવળ અંબિયાએ કિરામે કા'બાનો હજ્જ કર્યો. કોઈ ઉમ્મત પર હજ્જ ફર્ઝ ન હતો. હિ.સ. ૫ કે ૬ અથવા ૯માં મુસલમાનો પર હજ્જ ફર્ઝ કરવામાં આવ્યો.** હુઝૂર ﷺએ હજ્જની ફર્ઝિયતથી પહેલાં હિજરત પહેલાં જે હજ્જ કર્યા તે આદતે કરીમાના રૂપે હતા. **આદમ عليه السلامએ હિંદુસ્તાનથી પગપાળા ચાલીને ચાલીસ હજ્જ કર્યા.** હુઝૂર ﷺના હજ્જમાં હઝરત મૂસા عليه السلام તથા યૂનુસ عليه السلام તથા ઈસા عليه السلامએ પણ શિર્કત કરી અને હુઝૂર ﷺની સાથે હજ્જ કર્યો. જાણવા મળ્યું કે અંબિયાએ કિરામ ઝિંદા છે, ઈબાદતો કરે છે, પણ તેમની ઈબાદતો શરઈ તકલીફથી નથી, તેમની ખુદ પોતાની ખુશીથી છે. જેમ કે મૂસા عليه السلામને હુઝૂર ﷺએ તેમની કબ્રમાં નમાઝ પઢતા જોયા. (મિર્કાત તથા લમ્આત તથા અશિઅહ)

સવાલની અધિકતા હલાકતનો સબબ

★ હદીષ : (૧)-૨૫૦૫ ★

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ:: خَطَبَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «يَا أَيُّهَا النَّاسُ قَدْ فُرِضَ عَلَيْكُمُ الْحَجُّ فَحُجُّوا» فَقَالَ رَجُلٌ: أَكُلَّ عَامٍ يَا رَسُولَ اللَّهِ؟ فَسَكَتَ حَتَّى قَالَهَا ثَلَاثًا فَقَالَ: " لَوْ قُلْتُ: نَعَمْ لَوَجَبَتْ وَلَمَا اسْتَطَعْتُمْ " ثُمَّ قَالَ: ذَرُونِي مَا تَرَكْتُكُمْ فَإِنَّمَا هَلَكَ مَنْ كَانَ قَبْلَكُمْ بِكَثْرَةِ سُؤَالِهِمْ وَاخْتِلَافِهِمْ عَلَى أَنْبِيَائِهِمْ فَإِذَا أَمَرْتُكُمْ بِشَيْءٍ فَأْتُوا مِنْهُ مَا اسْتَطَعْتُمْ وَإِذَا نَهَيْتُكُمْ عَنْ شَيْءٍ فدَعُوه ". رَوَاهُ مُسلم

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમારા પર રસૂલુલ્લાહ ﷺએ ખુત્બો આપ્યો[૧] તો ફર્માવ્યું, હે લોકો ! તમારા પર હજ્જ ફર્ઝ કરવામાં આવ્યો જેથી હજ્જ કરો[૨] એક શખ્સે અર્ઝ કર્યું[૩] યા રસૂલલ્લાહ ! ﷺ શું દર વર્ષે ? હુઝૂર ખામોશ રહ્યા ત્યાં સુધી કે તે શખ્સે ત્રણવાર કહ્યું[૪] તો ફર્માવ્યું કે **જો હું હા કહી દેત તો દર વર્ષે વાજિબ થઈ જાત અને તમો ન કરી શકતા**[૫] પછી ફર્માવ્યું મને છોડેલા રહો, જેમાં હું તમને આઝાદી આપું[૬] કેમ કે*

તમારાથી આગલા લોકો પોતાના નબીઓથી અધિક પૂછતાછ અને અધિક ઝઘડવાના કારણે જ હલાક થયા" જેથી જ્યારે હું તમને કોઈ ચીજનો હુકમ આપુ તો જ્યાં સુધી બની શકે કરી લો, અને જ્યારે તમને કોઈ ચીજથી મના કરું તો એને છોડી દો".

૧. આ ખુત્બો હજ્જ ફર્ઝ થવાના વરસે મદીના મુનવ્વરામાં હતો. હિ.સ. ૮માં ફતહે મક્કા થઈ તો અમુક લોકોએ હજ્જ કરી. હિ.સ. ૯માં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ે લોકોને હજ્જ કરાવી અને હિ.સ. ૧૦માં હુઝૂર ﷺએ હજ કરી. ઈબ્ને હુમામ ફર્માવે છે કે હજ્જની ફર્ઝિયત હિ.સ. ૫ અથવા હિ.સ. ૬ અથવા હિ.સ. ૯માં છે. હુઝૂર ﷺનું આટલા અરસા સુધી હજ્જ ન કરવું એટલા માટે હતું કે આપને પોતાની જિંદગી તથા પોતાના હજ્જ કરવાનો ઈલ્મ હતો. હક્ક઼ એ છે કે નબી કરીમ عليه الصلوة والسلامએ હિજરતથી પહેલાં બે કે ત્રણ હજ્જ કર્યા છે, જેમ કે તિર્મિઝી, ઈબ્ને માજહ તથા હાકિમે હઝરત જાબિર વગેરેથી રિવાયત કરી. *(મિર્ક઼ાત)*

૨. જો હજ્જની ફર્ઝિયત ફતહે મક્કાથી પહેલાં હિ.સ. ૫ કે હિ.સ. ૬માં થઈ તો તેનો અર્થ એ થશે કે જ્યારે તમને મક્કા મોઅઝ્ઝમા પહોંચવાનું નસીબ થઈ જાય તો હજ્જ કરજો, ફર્ઝ તો હમણા થઈ ગઈ છે પણ તેને અદા કરવું ત્યારે લાઝિમ થશે અને ફતહે મક્કા પછી હિ.સ. ૯માં ફર્ઝ થયો તો તેનો અર્થ એ છે કે આ વર્ષે જ હજ્જ કરો.

૩. આવું અરજ કરનારા હઝરત ઈક઼્રઅ ઈબ્ને હાબિસ હતા. તે એવું સમજ્યા કે દરેક રમઝાનમાં રોઝા ફર્ઝ થાય છે તો જોઈએ કે બક઼્ ઈદમાં હજ્જ ફર્ઝ થાય, કે પછી એવું વિચાર્યું કે એમાં લોકોને ખૂબ જ મુશ્કેલી પડશે, કેમ કે રોઝા તો પોતાના ઘરમાં જ રાખી લેવામાં આવે છે પણ હજ્જના માટે મક્કા મોઅઝ્ઝમા જવુ પડે છે અને દુનિયાભરમાંથી દર વર્ષે બયતુલ્લાહ શરીફ પહોંચવું ઘણુ મુશ્કેલ પડશે. એટલા માટે આપે આ સવાલ કર્યો અને વારંવાર કર્યો જેથી મસ્અલો સ્પષ્ટ થઈ જાય.

૪. આ સવાલ પર હુઝૂર عليه الصلوة والسلامની ખામોશી એટલા માટે હતી કે સાઈલ સવાલ કરવાથી રોકાય જાય જેથી મારે જવાબ આપવાની જરૂરત ન પડે, પણ સાઈલ પોતાના ઉમંગની અધિક્તાને લીધે એ ઈશારો સમજી ન શક્યો.

★ હુઝૂર ﷺ ક઼ાનૂન જાણનાર જ નથી ક઼ાનૂન ઘડનાર પણ ★

૫. એટલે પૂરો જવાબ તો શું હું કેવળ હા ! કહી આપત તો પણ દરેક વરસે હજ્જ ફર્ઝ થઈ જાત. આનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે અલ્લાહ તઆલાએ હુઝૂર عليه الصلوة والسلامને અહકામે શરઈય્યહ (શરીઅતના હુકમો)ના માલિક બનાવી આપ્યા છે કે આપની હા તથા ના માં તાષીર છે જેની મજબૂત દલીલો મૌજૂદ છે. કેમ ન હોય કે આપનુ કલામ વહીયે ઈલાહી છે. રબ તઆલા ફર્માવે છે : وَ مَا يَنْطِقُ عَنِ الْهَوٰى ؕ اِنْ هُوَ اِلَّا وَحْيٌ يُّوْحٰى ۙ (અને તે કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા, એ તો નહીં પણ વહી જે તેમને કરવામાં આવે છે. –સૂરએ નજ્મ, ૫૩/૩,૪) એની પૂરી તેહક઼ીક઼ અમારી કિતાબ "સલ્તનતને મુસ્તફા" (જે ગુજરાતીમાં પણ દયાદરા મળે છે)માં જુઓ. બીજુ એ કે બુઝુર્ગોથી અમલો તથા વઝીફાઓમાં કેદ કે પાબંદી ન લગાડવી જોઈએ, વિના પાબંદીએ અમલ કરવો જોઈએ.

૬. એટલે કે અમારા અહકામમાં કેમ, કેવી રીતે અને ક્યારે કહીને ક઼ૈદ ન લગાડે. અમે શરઈ એહકામની તબ્લીગીના માટે જ તો મોકલવામાં આવેલા છીએ. જરૂરી ચીજો અમે જાતે વર્ણવી દઈશું. *(લમ્આત)*

૭. એટલે કે તેમણે અધિક પૂછ પૂછ કરીને પાબંદીઓ લગાવડાવી. પછી એ પાબંદીઓ પર અમલ ન કરી શકયા અથવા તેમણે અમલ તો કર્યો પણ ઘણી જ મુશ્કેલીથી, જેમ કે ગાયના ઝબહનો બનાવ આવેલો છે.

૮. એટલે કે મારા હુકમો પર અમલ કરવું ફર્ઝ છે અને મના કરેલ બાબતોથી બચવું લાઝિમ છે. આ બંનેવ કામો યથાશક્તિ છે. જો નમાઝ ઉભા રહીને ન પઢી શકો તો બેસીને પઢી લો. જો જાન પર બની જાય તો મુરદાર ખાય લો. એનાથી જાણવા મળ્યું કે જેવી રીતે વાજિબ તથા ફર્ઝ થવા અમ્ર (કરવાનો હુકમ) જરૂરી છે એવી જ રીતે હરામ થવા, મના થવા માટે નહીં (ન કરવાનો હુકમ) લાઝમી છે. જે ચીજનો હુકમ પણ ન હોય અને મનાઈ પણ ન હોય તે જાઈઝ છે. રબ તઆલા ફર્માવે છે : مَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ۗ وَمَا نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ (અને જે કાંઈ તમને રસૂલ અતા કરે તે લો અને જેનાથી મના કરે રોકાય જાવ. –સૂરએ હશ્ર, ૫૯/૭) અમુક **જેઓ કહે છે કે જે કામ હુઝૂર ﷺએ ન કર્યું તે હરામ છે, તેઓ ગલત છે, કુર્આન શરીફની પણ વિરુદ્ધ છે અને આ પ્રકારની હદીષોની પણ વિરુદ્ધ છે.**

બેહતર અમલ કયો ?

''એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે કયો અમલ બેહતર છે ? ફર્માવ્યું, અલ્લાહ રસૂલ પર ઈમાન લાવવું [૧] અર્ઝ કરવામાં આવી, પછી કયો ? ફર્માવ્યું, અલ્લાહની રાહમાં જેહાદ કરવો. અર્ઝ કરવામાં આવી, પછી કયો ? ફર્માવ્યું, મક્બૂલ હજ્જ[૨].'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨)-૨૫૦૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: سُئِلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أَيُّ الْعَمَلِ أَفْضَلُ؟ قَالَ: «إِيمَانٌ بِاللَّهِ وَرَسُولِهِ» قِيلَ: ثُمَّ مَاذَا؟ قَالَ: «الْجِهَادُ فِي سَبِيلِ اللَّهِ» . قِيلَ: ثُمَّ مَاذَا؟ قَالَ: «حَجٌّ مبرورٌ»

૧. અફઝલથી મુરાદ દરજા તથા સવાબમાં વધારો. કેમ કે ઈમાન અક્ફીદાનું નામ છે, અને અક્ફીદો દિલનો અમલ છે, એટલા માટે ઈમાનને આમાલમાં દાખલ કરવામાં આવ્યુ. નહવી લોકો જાણવા પહેચાનવા અને માનવાને દિલના અફઆલ (કામો) કહે છે. કેમ કે સર્વ અમલોની સેહત (સહીહ થવું) તથા કબૂલિયત, ઈમાન પર મૌકૂફ છે, એટલા માટે ઈમાનનો સૌ પ્રથમ ઉલ્લેખ કરવામાં આવ્યો. **૨.** અલ્લાહની રાહનો જેહાદ એ જંગ છે જેમાં કેવળ રબને રાજી કરવું અને ઈસ્લામનો ફેલાવો મંઝૂર હોય. માલ, મુલ્ક, ઈજ્જત હાંસલ કરવા માટે જંગ કરવો ફિત્નો છે જેહાદ નથી. (શેઅ૨) جنگ شاہاں فتنہ وغارت گری است　　جنگ مؤمن سنت پیغمبری است

અર્થ : બાદશાહોની જંગનો હેતુ ફિત્ના તથા લૂટમાર છે, મો'મિનની જંગનો હેતુ પયગંબરની સુન્નતને આમ કરવું છે.

કેમ કે હજ્જ બદની તથા માલી ઈબાદતનું સંગમ છે એટલા માટે એનો પણ મહાન દરજો છે. હજ્જે મક્બૂલ તથા મબરૂર તે છે જે લડાઈ, ઝઘડા, ગુનાહ, રિયાથી ખાલી હોય અને સહીહ અદા કરવામાં આવે. યાદ રાખશો કે અમુક હદીષોમાં ઈમાન બાદ નમાઝનું વર્ણન છે પણ અહીં જેહાદનું વર્ણન આવ્યું, એટલા માટે કે જેહાદ ફી સબીલિલ્લાહ મોટાભાગે નમાઝી જ કરે છે અથવા અમુક હંગામી સંજોગોમાં જેહાદ નમાઝ કરતાં અફઝલ થઈ જાય છે. જુઓ, **હુઝૂર ﷺએ ગઝવએ ખંદક્માં અધિક મશગૂલિયતના કારણે પાંચ નમાઝો કઝા કરી દીધી.** જેથી હદીષોમાં ટકરાવ નથી. હંગામી હાલાત અલગ હોય છે, સામાન્ય સંજોગો થયા બાદ હાલાત જૂદા હોય છે.

ગુનાહોથી એવો પાક થશે કે આજે જ જનમ્યો !

★ હદીષ : (૩)-૨૫૦૭ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «مِنْ حَجَّ فَلَمْ يَرْفُثْ وَلَمْ يَفْسُقْ رَجَعَ كَيَوْمِ وَلَدَتْهُ أمه»

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે અલ્લાહના માટે હજ્જ કરે તો ન ફુહશકલામી (અપશબ્દો બોલે) ન ગુનાહની વાતો, તો એવી રીતે પરત થશે જાણે તેને માએ આજે જન્મ આપ્યો[૧].'' (મુસ્લિમ, બુખારી)

૧. હજ્જના બયાનમાં رفث થી મુરાદ પત્નીથી સંભોગ અથવા સંભોગના સબબો પર અમલ અથવા સંભોગ વિશે વાતચીત, અને ફિસ્ક્થી મુરાદ સાથીઓથી લડાઈ, ઝઘડો. એટલે કે જે રઝાએ ઈલાહી માટે હજ્જ કરે અને હજ્જને બિભત્સ વાતો, લડાઈ, ઝઘડાથી પાક સાફ રાખે તો સગીરા ગુનાહોથી તો યક્ીનન ! અને કબીરાની સંભાવાનથી તદ્દન સાફ થઈ જશે. બંદાઓના હક્કો તો અદા કરવા જ પડશે. હક્ક એ છે કે વેપારી હાજીને પણ સવાબ મળશે, પણ મુખ્લિસ હાજી કરતાં ઓછો. *(મિર્કાત)*

મકબૂલ હજનો બદલો શું છે ?

★ હદીષ : (૪)-૨૫૦૮ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْعُمْرَةُ إِلَى الْعُمْرَةِ كَفَّارَةٌ لِمَا بَيْنَهُمَا وَالْحَجُّ الْمَبْرُورُ لَيْسَ لَهُ جَزَاءٌ إِلا الْجَنَّةُ»

''તેમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઉમરાથી બીજા ઉમરા સુધી વચ્ચેના ગુનાહોનો કફ્ફારો છે[૧] અને મક્બૂલ હજ્જનો બદલો જન્નતના સિવાય કાંઈ નથી.''

(મુસ્લિમ, બુખારી)

૧. ઉલમા ફર્માવે છે કે બે ઉમરાઓની વચ્ચેના ગુનાહે સગીરા માફ થઈ જાય છે અને હજ્જે મક્બૂલમાં કબીરા ગુનાહોની માફીની ક્વી (મજબૂત) ઉમ્મીદ છે.

૨. એટલે કે હજ્જે મક્બૂલનો બદલો તો યક્ીનન ! જન્નત છે, એના ઉપરાંત દુનિયામાં માલદારી, દુઆની ક્બૂલિયત પણ અતા થઈ જાય તો રબનો કરમ છે હસ્ર (બંધન) એક બાજુ છે.

રમઝાનમાં ઉમરા કરવા હજ બરાબર

★ હદીષ : (૫)-૨૫૦૯ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِن عمْرَة فِي رَمَضَان تعدل حجَّة»

''હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે માહે રમઝાનમાં ઉમરા કરવા હજ્જના બરાબર છે[૧].''

૧. એટલે કે માહે રમઝાનમાં કોઈ સમયે ઉમરા દિવસ કે રાતમાં કરે તો એનો સવાબ હજ્જના બરાબર છે. જાણવા મળ્યું કે જગા તથા સમયની અસર ઈબાદત પર પડે છે. આ'લા જગહ આ'લા સમયમાં ઈબાદત પણ આ'લા હોય છે. (મિર્કાત) હુઝૂર ﷺના સર્વ ઉમરા ઝીક્અદામાં થયા.

બાળકના હજ વિશે જવાબ

★ હદીષ : (૬)-૨૫૧૦ ★

وَعَنْهُ قَالَ: إِنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَقِيَ رَكْبًا بِالرَّوْحَاءِ فَقَالَ: «مَنِ الْقَوْمُ؟» قَالُوا: الْمُسْلِمُونَ. فَقَالُوا: مَنْ أَنْتَ؟ قَالَ: «رَسُولُ اللَّهِ» فَرَفَعَتْ إِلَيْهِ امْرَأَةٌ صَبِيًّا فَقَالَتْ: أَلِهَذَا حَجٌّ؟ قَالَ: «نَعَمْ وَلَكِ أَجْرٌ» . رَوَاهُ مُسْلِمٌ

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ મક્ામે રૌહામાં એક ક્ાફલાને મળ્યા[1] તો ફર્માવ્યું, આ કોણ ક્ૌમ છે ? તેઓ બોલ્યા, અમે મુસલમાન છીએ. પછી બોલ્યા, આપ કોણ છો ? ફર્માવ્યું, અલ્લાહનો રસૂલ[2]. ત્યારે આપની ખિદમતમાં કોઈ સ્ત્રીએ એક બાળક આપની તરફ ઉઠાવ્યો. બોલી, આનો પણ હજ્જ થઈ શકે છે ?[3] ફર્માવ્યું, હાં ! તને સવાબ છે[4]." (મુસ્લિમ)

૧. રૌહા મદીના મુનવ્વરાથી ૩૬ અથવા ૪૦ માઈલ દૂર મક્કા મોઅઝ્ઝમાના રસ્તા પર એક મંઝિલ છે. અહીં જ હઝરત આમિના ખાતૂનનો ઈન્તેક્ાલ થયો.

૨. હુઝૂર ﷺ હજ્જતુલ વિદાઅ માટે તશરીફ લઈ જઈ રહ્યા હતા. એ બાજુથી કોઈ અન્ય કાફલો પણ હજ્જ માટે આવી રહ્યો હતો એવામાં મુલાકાત થઈ. અને આ સવાલો જવાબ ઉપસ્થિત થયા.

૩. લગભગ એ બાળક દૂધ પીતુ હતું. તેણે અર્ઝ કર્યું કે જો હું એનો એહરામ બાંધુ અને તેને ગોદમાં લઈને હજ્જના સર્વ અરકાન અદા કરું તો શું મારા હજ્જની સાથે તેનો હજ્જ પણ અદા થઈ જશે ?

★ ફક્ીર હજ કરે તો તેનો હજ્જે અદા થઈ જશે ★

૪. એટલે કે બાળકને પણ હજ્જ કરવાનો સવાબ મળશે અને તને પણ તેના હજ્જનો સવાબ મળશે, હજ્જ કરાવવાનો. ફક્ીહો ફર્માવે છે કે જો કે નાબાલિગ બાળકનો હજ્જ સવાબના લેહાઝથી તો થઈ જશે પણ તેનાથી હજ્જતુલ ઈસ્લામ અદા ન થશે. બાલિગ થયા બાદ ફરી હજ્જ કરવો પડશે. પરંતુ **જો ફક્ીર કે ગુલામ હજ્જ કરે તો તેમનો હજ્જતુલ ઈસ્લામ અદા થઈ જશે કે અમીરી કે આઝાદી બાદ તેમણે બીજીવાર હજ્જ કરવો જરૂરી નથી કે દરેક શખ્સ મક્કા મોઅઝ્ઝમા પહોંચીને ત્યાંનો જ માનવામાં આવે છે. મક્કાનો ફક્ીર અથવા ગુલામ હજ્જે ઈસ્લામ કરી શકે છે, પણ મક્કા મોઅઝ્ઝમાના નાના બાળકોના હજ્જથી હજ્જતુલ ઈસ્લામ અદા નથી થતો.** આ હદીષથી જાણવા મળ્યું કે **બાળકોની નેકીઓનો સવાબ મા બાપને પણ મળે છે** જેથી તેમને નમાઝ રોઝાના પાબંદ બનાવો.

ઘડપણમાં હજ ફર્ઝ થયો તો શું કરે ?

★ હદીષ : (૭)-૨૫૧૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: إِنَّ امْرَأَةً مِنْ خَثْعَمَ قَالَتْ: يَا رَسُولَ اللهِ إِنَّ فَرِيضَةَ اللهِ عِبَادِهِ فِي الْحَجِّ أَدْرَكَتْ أَبِي شَيْخًا كَبِيرًا لَا

"તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે ખસ્અમ કબીલાની એક સ્ત્રીએ અર્ઝ કરી[1], યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહના ફરીઝાને જે હજ્જના સંબંધે બંદાઓ પર છે, મારા બાપને ખૂબ જ ઘડપણમાં પામ્યા છે કે જે સવારી પર બેસી શક્તા ન હતા[2] તો શું હું તેમના

يَثْبُتُ عَلَى الرَّاحِلَةِ أَفَأَحُجُّ عَنْهُ؟ قَالَ: «نعم» ذَلِكَ حجَّة الْوَدَاع

તરફથી હજ્જ કરી દઉં ? ફર્માવ્યું, હા ! આ બનાવ હજ્જતુલ વિદાઅમાં બન્યો[૩]. '' (મુસ્લિમ, બુખારી)

૧. આ તે સ્ત્રી છે જેના સંબંધે બયહકી શરીફમાં છે કે એક હસીના સ્ત્રીએ હુઝૂરે અકરમ ﷺને આ જ મસ્અલો પૂછયો હતો. હઝરત ફઝ્લ ઈબ્ને અબ્બાસ જે એ વખતે હુઝૂર ﷺની સાથે જ હુઝૂર ﷺના ઊંટ પર સવાર હતા તેને જોવા લાગ્યા અને તે તેમને જોવા લાગી. હુઝૂર ﷺએ હઝરત ફઝ્લનું મોં બીજી બાજુ ફેરવી દીધું અને ફર્માવ્યું કે **હજ્જના સમયમાં જે શખ્સ પોતાના આંખ, કાન, જીભની હિફાઝત કરે, તેમનો માલિક રહે તો તેની જરૂર બખ્શિશ કરવામાં આવે છે.** (મિર્કાત વગેરે) હઝરત ફઝ્લ ઈબ્ને અબ્બાસ પણ ખૂબ જ ખૂબસૂરત યુવાન હતા એટલા માટે તે સ્ત્રી પણ એ તરફ જોતી હતી. (અશિઅહ્)

૨. એટલે કે મારા મા બાપ પર ઘડપણમાં હજ્જ ફર્ઝ થયો છે. અથવા એ રીતે કે ઈસ્લામમાં હજ્જની ફર્ઝિયતનો હુકમ આવ્યો તો વૃદ્ધ હતા. અથવા એ રીતે કે એમની પાસે માલ ઘડપણમાં જ આવ્યો છે. એ મતલબ પણ થઈ શકે છે કે તેણે હજ્જ ન કરી ત્યાં સુધી કે વૃદ્ધ થઈ ગયાં. પ્રથમ અર્થ પર આ હદીષ ઈમામ શાફઈની દલીલ છે. યાદ રાખશો કે જો ખૂબ જ ઘડપણ તથા મજબૂરીની હાલતમાં મુસલમાન સાહિબે નિસાબ થાય જ્યારે કે સવારી પર પણ સફર ન કરી શકે તો ઈમામ અબૂ હનીફાને ત્યાં તેના પર હજ્જ ફર્ઝ ન થશે, કે તે مَنِ اسْتَطَاعَ اِلَيْهِ سَبِيْلًا (જે એના સુધી ચાલી શકે છે. –સૂરએ આલે ઈમરાન, ૩/૯૭)માં દાખલ નથી. ઈમામ શાફઈને ત્યાં ફર્ઝ થઈ જશે. હા ! સાહિબૈનને ત્યાં જો આ વૃદ્ધ અન્ય સાથી મદદગારના ખર્ચા પર પણ શક્તિમાન હોય તો હજ્જ ફર્ઝ થઈ જશે.

હજ્જે બદલ કોણ કરી શકે ?

૩. આ જવાબથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે એવો મઅઝૂર શખ્સ જેમાં શક્તિ આવવાની ઉમ્મીદ ન હોય તે હજ્જે બદલ કરાવી શકે છે. નફ્લ હજ્જમાં શક્તિવાન માણસ પણ કરાવી શકે છે. **બીજુ** એ કે સ્ત્રી પુરૂષ તરફથી હજ્જ કરી શકે છે, ભલે પુરૂષ સ્ત્રીના તરીકામાં હજ્જમાં કેટલાક અંશે ફરક હોય છે.

હજની મન્નત માની હોય અને મરી જાય તો ?

★ હદીષ : (૮)-૨૫૧૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: أَتَى رَجُلٌ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنَّ أُخْتِي نَذَرَتْ أَنْ تَحُجَّ وَإِنَّهَا مَاتَتْ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَوْ كَانَ عَلَيْهَا دَيْنٌ أَكُنْتَ قَاضِيَهُ؟» قَالَ: نَعَمْ قَالَ: «فَاقْضِ دَيْنَ اللَّهِ فَهُوَ أَحَقُّ بِالْقَضَاءِ»

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સ નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો. બોલ્યો કે મારી બહેને હજ્જની મન્નત માની હતી અને તે મરી ગઈ[૧] તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું, જો તેણી પર કરજ હતો તો તું અદા કરત ? બોલ્યો, હા ! જરૂર ! ફર્માવ્યું, તો અલ્લાહનું કરજ પણ અદા કરો[૨] તે તો અધિક અદા કરવાને પાત્ર છે[૩]. (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે તે બહેન હજ્જની મન્નત પૂરી કર્યા વિના મરી ગઈ, તો શું હું તેણી તરફથી હજ્જ કરૂં અથવા કોઈનાથી કરાવી દઉં ? લગભગ આ શખ્સ એ બહેનના માલનો વારસ બન્યો હતો.

૨. ઈમામ શાફઈને ત્યાં મૈયતનો ફર્ઝ હજ્જ અસલ માલથી કરાવવામાં આવશે કે હજ્જ એક પ્રકારનો ફર્ઝ છે

અને વારસના કરજ કરતાં અગ્રતા ધરાવતો હોય છે. આપણા ઈમામ સાહબને ત્યાં જો મૈયત હજ્જે બદલ કરાવવાની વસિયત કરી ગયો છે તો ૧/૩ માલથી હજ્જ કરાવવામાં આવશે. સારાંશ કે ઈમામ શાફઈને ત્યાં મૈયતના ઝિમ્માનો હજ્જ કરજની જેમ છે અને આપણે ત્યાં વસિયત. આ હદીષથી જાણવા મળ્યું કે ફિક્હી ક્યાસ બરહક્ક છે કે હુઝૂર ﷺએ અલ્લાહના હક્કને બંદાના હક્ક પર ક્યાસ કર્યો. એ પણ જાણવા મળ્યું કે નબી પણ ક્યાસ કરી શકે છે.

૩. કેમ કે ખુદા તઆલાનો હક્ક બંદાઓના હક્ક કરતાં વધારે છે કે આપણો માલિક તથા મૌલા છે. યાદ રાખશો કે હુઝૂર ﷺનું આ ફર્માન ઈસ્તિહબાબ (મુસ્તહબ હોવા) પર આધારિત છે એટલે બેહતર છે કે તું એના તરફથી હજ્જ કરી દે, નહીં તો મૈયતના માથે ઝકાત અથવા કસમનો કફ્ફારો વગેરે રહી ગયાં હોય તો તે કોઈને ત્યાં વારસા પર અગ્રતા નથી ધરાવતાં બલ્કે વસિયતની સ્થિતિમાં ત્રીજા ભાગના માલ વડે અદા કરવામાં આવશે. જેથી હનફી મઝહબ અતિશય કવી (મજબૂત) છે. બંદાઓનાં કરજો વારસા પર અગ્રતા ધરાવતાં નથી કે બંદો મોહતાજ છે રબ ગની છે.

મેહરમ વિના હજ ફર્ઝ ન થશે

★ હદીષ : (૯)-૨૫૧૩ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَخْلُوَنَّ رَجُلٌ بِامْرَأَةٍ وَلَا تُسَافِرَنَّ امْرَأَةٌ إِلَّا وَمَعَهَا مَحْرَمٌ» . فَقَالَ رَجُلٌ: يَا رَسُولَ اللَّهِ اكْتُتِبْتُ فِي غَزْوَةِ كَذَا وَكَذَا وَخَرَجَتِ امْرَأَتِي حَاجَّةً قَالَ: «اذهبْ فاحجُجْ مَعَ امرأتِكَ»

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કોઈ શખ્સ કોઈ સ્ત્રીથી એકાંતમાં ન રહે[૧] અને કોઈ સ્ત્રી એના વિના સફર ન કરે કે તેની સાથે કોઈ મેહરમ હોય[૨]. એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલ્લાહ ! ﷺ શું ફલાણા જેહાદમાં લખી લેવામાં આવ્યો છું અને મારી પત્ની હજ્જ માટે જઈ રહી છે. ફર્માવ્યું, તારી પત્ની સાથે હજ્જ કર[૩].'' (મુસ્લિમ, બુખારી)

★ ગૈર મેહરમ સ્ત્રી સાથે એકાંતમાં બેસવું કેવું ?! ★

૧. એટલે **જે સ્ત્રી સાથે નિકાહ જાઈઝ હોય તેની સાથે એકાંતમાં ન બેસે કે ફિત્નાનો અંદેશો છે.** મા, બહન, બેટીનો આ હુકમ નથી.

૨. મેહરમ સ્ત્રીનો તે સગો છે જેની સાથે નસબ અથવા રઝાઅત (દૂધનો સંબંધ) અથવા સાસરીની નિસ્બતથી હમેશાં નિકાહ હરામ હોય. જેથી રઝાઈ ભાઈ, સસરા તથા જમાઈ વગેરે સાથે સફર જાઈઝ છે. જેથી જો સ્ત્રી મક્કા મોઅઝ્ઝમાથી સફરની હદ જેટલે દૂર હોય તેના પર **મેહરમ વિના હજ્જ ફર્ઝ ન થશે.** આ જ **અહનાફનો મઝહબ** છે.

૩. એ વખતે જેહાદ ફર્ઝે અયન ન હતો પણ ફર્ઝે કિફાયા હતો કે થોડાક મુસલમાન કાફિરોનો મુકાબલો કરી શક્તા હતા એટલા માટે એમનુ નામ મુજાહિદોની યાદીમાંથી બહાર કરી દેવામાં આવ્યું. યાદ રાખશો કે **ઈમામ શાફઈને ત્યાં અમુક ષિક્હ સ્ત્રીઓ મળીને પણ હજ્જ કરી શકે છે. ઈમામ માલિકનો ત્યાં ષિક્હ (તક્વો, પરહેઝગારી વગેરેમાં ઉચ્ચ સ્થાને) પુરૂષની સાથે પણ હજ્જ જાઈઝ છે,** જેમ કે હિજરત. **અમુક ઈમામોને ત્યાં જો અમુક સ્ત્રીઓ મળીને હજ્જ કરે અને તેમનામાંથી એક સ્ત્રીનો મેહરમ સાથે હોય તો સૌનો હજ્જ દુરુસ્ત છે.** પણ **હનફીઓનો મઝહબ મજબૂત છે,** કેમ કે ત્યાં એ શખ્સની જગાએ બીજો માણસ જેહાદ કરી શક્તો હતો પણ બીજો માણસ તેની પત્નીને હજ્જ કરાવી શક્તો ન હતો, એટલા માટે મુજાહિદોમાંથી કાઢીને હજ્જ કરાવવાનો હુકમ આપવામાં આવ્યો કે હજી એમની પત્ની હજ્જ માટે રવાના થઈ ન હતી બલ્કે તૈયારી કરી રહી હતી.

★ સ્ત્રીઓનો જેહાદ હજ છે ★

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૧૦)-૨૫૧૪ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: اسْتَأْذَنْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْجِهَادِ. فَقَالَ: «جهادكن الْحَجّ»

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺ થી જેહાદના વિશે ઈજાઝત માગી[૧] તો ફર્માવ્યું, ***સ્ત્રીઓનો જેહાદ હજ છે[૨].*** *(મુસ્લિમ, બુખારી)*

૧. કે મને પણ જેહાદના મેદાનમાં તમારી સાથે લઈ ચાલો. મુજાહિદોની મલમપટ્ટી તથા અન્ય ખિદમતો કરીશ, અને જો જરૂરત પડી તો કાફિરો સાથે લડીશ પણ.

૨. એટલે કે સ્ત્રીઓ પર જેહાદ ફર્ઝ નથી, હજ્જ ફર્ઝ છે, જો એમનામાં એની શક્તિ હોય. યાદ રાખશો કે ક્યારેક ટેમ્પરરી સંજોગો એવા ગંભીર ખડા થઈ જાય છે કે સ્ત્રીઓએ પણ જેહાદ કરવો પડે છે કે પુરૂષો જેહાદ માટે અપૂરતા હોય, કાફિરોનો દબાવ વધી જાય. આ હદીષ સામાન્ય સંજોગોની છે. અને જે હદીષોમાં સ્ત્રીઓનું જેહાદમાં જવું સાબિત છે તે આવા ટેમ્પરરી નાઝુક સંજોગો માટે છે, જેથી હદીષોમાં વિરોધાભાસ નથી. આ હદીષથી તે લોકો બોધગ્રહણ કરે જેઓ જવાન છોકરીઓને એજ્યુકેશનના બહાને એકલી પરદેશમાં મોકલી દે છે જ્યાં સ્કૂલ, કોલેજોમાં મિકસ શિક્ષણ આપવામાં આવે છે. તેઓ પણ બોધ ગ્રહણ કરે જેઓ જેહાદ પરેડના બહાને સ્ત્રીઓને બેપર્દા ફેરવે છે. (શેઅર)

કર અબ ફિક્ર કે હજ્જ ખફીફા હો—યહ ફિક્ર છોળ કે બેટી તેરી અફીફા હો

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૧૧)-૨૫૧૫ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تُسَافِرُ امْرَأَةٌ مَسِيرَةَ يَوْمٍ وَلَيْلَةٍ إِلَّا وَمَعَهَا ذُو محرم»

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કોઈ સ્ત્રી એક દિવસ તથા રાતનો સફર એના વિના ન કરે[૧] કે તેની સાથે તેનો મેહરમ હોય[૨].'' (મુસ્લિમ, બુખારી)

૧. આ મનાઈના હુકમથી મુહાજિરા તથા કાફિરની કેદથી છૂટનારી સ્ત્રી અપવાદ છે, કે એ બંને સ્ત્રીઓ વિના મેહરમે એકલી જ દારુલ ઈસ્લામની તરફ સફર કરી શકે છે, બલ્કે એ સફર એમના પર વાજિબ છે. એની દલીલ તે હદીષ છે કે ફર્માવ્યું, નબી કરીમ ﷺએ નજીક છે કે સ્ત્રી એકલી બસરાથી બયતુલ્લાહ આવશે અને રબ તઆલા સિવાય કોઈનાથી ડરશે નહીં. (બુખારી) જેથી આ હદીષ ન તો આ હદીષની વિરુદ્ધ છે ન તો ફકીહો આ હદીષની વિરુદ્ધ છે. (મિર્કાત વગેરે)

૨. મેહરમનો અર્થ પ્રથમ વર્ણવવામાં આવ્યો કે જે સ્ત્રી સાથે નિસ્બતી તથા રઝાઈ સંબંધ (સાસરીના લીધે તથા દૂધના સંબંધ)ના લીધે નિકાહ હમેશાં માટે હરામ હોય, જેથી બનેવી સાથે સાળી, દિયર સાથે ભાભી, એ જ પ્રમાણે (જેની સાથે કોઈ (ખોટી) ધારણાના કારણે સંભોગ થયો હોય તેની મા એ જમાઈ સાથે સફર નથી કરી શકતી, કે દિયર તથા બનેવી સાથે નિકાહ કાયમી રીતે હરામ નથી અને જેની સાથે કોઈ (ખોટી) ધારણાના કારણે સંભોગ થયો હોય તેની મા સાથે જો કે હમેશાં માટે નિકાહ હરામ છે પણ તે મેહરમ નથી, તેણીથી પર્દો ફર્ઝ છે. યાદ રાખશો કે અહીં તો એક દિવસ રાતનું વર્ણન થયું અને અમુક રિવાયતમાં બે દિવસ રાતનું વર્ણન છે, અમુકમાં ત્રણ દિવસ રાતનું વર્ણન છે. જાણવા મળ્યું કે આ હદીષોમાં હદબંધીનો હેતુ છે. મતલબ એ છે કે નાની મોટી કોઈ સફર એકલા ન કરે, અથવા હુકમો વિવિધ સંજોગોમાં છે, નાઝુક સંજોગોમાં એક દિવસ રાતનો સફર પણ એકલા ન કરે, અમુક સામાન્ય સંજોગોમાં ત્રણ દિવસથી ઓછી સફર એકલા કરી શકે છે.

★ વિવિધ મીક़ાતો વિશે વર્ણન ★

★ હદીષ : (૧૨)-૨૫૧૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: وَقَّتَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِأَهْلِ الْمَدِينَةِ: ذَا الْحُلَيْفَةِ وَلِأَهْلِ الشَّامِ: الْجُحْفَةَ وَ لِأَهْلِ نَجْدٍ: قَرْنَ الْمَنَازِلِ وَلِأَهْلِ الْيَمَنِ: يَلَمْلَمَ فَهُنَّ لَهُنَّ وَ لِمَنْ أَتَى عَلَيْهِنَّ مِنْ غَيْرِ أَهْلِهِنَّ لِمَنْ كَانَ يُرِيدُ الْحَجَّ وَالْعُمْرَةَ فَمَنْ كَانَ دُونَهُنَّ فَمُهَلُّهُ مِنْ أَهْلِهِ وَكَذَاكَ وَكَذَاكَ حَتَّى أهل مَكَّة يهلون مِنْهَا

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ મદીનાવાળાઓના માટે જે ઝુલહલીફાને (મીક़ાત) એહરામની જગા બનાવી અને શામ (સીરીયા)વાળાઓ માટે જુહાફાને[૧] અને નજ્દીઓ માટે કરન મનાઝિલને[૨] અને યમનવાળાઓ માટે યલમલમ[૩]ને. આ મીક़ાત તેમના રહેવાસીઓ માટે પણ છે અને એમના માટે પણ જે એમનો વતની ન હોય પણ એના પરથી પસાર થાય[૪] જે હજ્જ તથા ઉમરાનો ઈરાદો ધરાવતો હોય[૫]. પછી એ મીક़ાતોની અંદરનો રહેવાસી હોય તો તેનો એહરામ તેના ઘરેથી છે અને એ જ પ્રમાણે ત્યાં સુધી કે મક્કાવાસીઓ મક્કાથી જ એહરામ બાંધે[૬]. (મુસ્લિમ, બુખારી)

૧. મીક़ાત એ જગા કહેવાય છે જ્યાંથી હાજી અથવા ઉમરા કરનારાએ **એહરામ વિના આગળ વધવું હરામ** છે. મક્કા મુકર્રમાના ચાર રસ્તા છે, એ ચારેવ રસ્તાઓ માટે આ ચાર હદો છે. જેમ કે મદીનાવાળાઓ માટે ઝુલ હલીફા મીક़ાત છે જે મદીના પાકથી લગભગ ત્રણ માઈલના અંતરે છે જેને હવે બીરે અલી કહે છે. ફક़ીરે ઝિયારત કરી છે. અમુક રાફઝીઓ કહે છે કે અહીં હઝરત અલી رضی اللہ عنہએ કૂવામાં જિન્નાત સાથે જંગ કરી હતી એટલા માટે એને બીરે અલી કહેવામાં આવે છે, **પણ આ તદ્દન જૂઠ્ઠુ છે.** (મિર્ક़ાત) હવે શામના લોકો મદીના મુનવ્વરાના રસ્તેથી જાય છે જેથી તેમનો મીક़ાત પણ આ જ છે. એમના જૂના રસ્તા પર જુહફા મીક़ાત હતો. જુહફા મક્કા મોઅઝ્ઝમાથી પચાસ કોસ શામ તરફ છે. જુહફાનો અર્થ છે પાણીના પુરનું વહેણ. અહીં એકવાર જબરદસ્ત પુર આવ્યું હતું એટલા માટે જુહફા નામ પડયું. મૂળ નામ સયૂઅહ છે. એને એક સયઅહ નામની વ્યક્તિએ વસાવ્યું હતું. (મિર્ક़ાત)

૨. નજ્દનો અર્થ છે ઊંચી જમીન. નીચાણવાળી જમીનનું વિરુદ્ધાર્થી. હવે આ અરબનું એક રાજ્ય છે જે યમામાથી ઈરાક़ સુધી ફેલાયેલું છે. ક़રને મનાઝિલનો અર્થ મંઝિલોને મળવાની જગા. એ ગોળ પહાડ છે ચીકણો.

૩. યલમલમ અથવા અલમલમ પણ એક પહાડ છે. હિંદી તથા પાકિસ્તાનીઓનો મીક़ાત પણ આ જ છે કામરાનથી નીકળીને સમુદ્રમાં આવે છે. ત્યાં જ આપણે લોકો એહરામ બાંધીએ છીએ કેમ કે આપણે સીધા અદનના માર્ગે મક્કા જઈએ છીએ. અદન યમનનું એક મશહૂર શહેર છે. (હવે તો ફલાઈટથી લોકો હજ્જમાં જાય છે જેથી જે તે એરપોર્ટથી જ એહરામ પહેરી લે છે. –અનુવાદક)

૪. એટલે કે જે હાજી આ સ્થળોએથી પસાર થાય તે તે જગાઓએથી એહરામ બાંધે ભલે યમનનો રહેવાસી હોય.

૫. એટલે કે એહરામ બાંધવો એ સ્થળોએ તેને લાઝિમ છે જે હજ્જ કે ઉમરાના ઈરાદાથી અહીંથી પસાર થાય, પણ જે મક્કા મોઅઝ્ઝમા જઈ રહ્યો જ ન હોય તો એ મીક़ાતો પર તેણે એહરામ બાંધવો લાઝિમ નથી. જેમ કે હવે જે હાજીઓ પ્રથમ મદીના મુનવ્વરા જવા ચાહે તે મીક़ાતથી એહરામ વિના પસાર થઈ જાય. પછી મદીના

મુનવ્વરાની ઝિયારત બાદ જ્યારે મક્કા મોઅઝ્ઝમા ચાલે તો ઝુલ હલીફાથી એહરામ બાંધે. ઈમામ શાફઈ આ વાક્યનો અર્થ એ કહે છે કે જે શખ્સ મક્કા મોઅઝ્ઝમા તો જઈ રહ્યો હોય પણ હજ્જ કે ઉમરા માટે નહીં, બલ્કે કોઈ અન્ય કામના માટે જતો હોય તે એહરામ વિના મીક़ાતથી પસાર થઈ શકે છે. **આપણા મઝહબમાં (હનફી)માં મીક़ાત બહાર રહેનાર કોઈ પણ નિય્યતે મક્કા જાય મીક़ાત પર તેના માટે એહરામ અનિવાર્ય છે. હા ! ખુદ મક્કાવાસી જો કોઈ કારણે મીક़ાતથી બહાર ગયો પછી મક્કા મોઅઝ્ઝમા પરત થયો તેને એહરામ બાંધવાની જરૂરત નથી.** જેમ કે રાત દિવસ મક્કા મોઅઝ્ઝમાથી લોકો તાઈફ આવજા કરે છે. આપણી દલીલ આ હદીષ : لايجاوزاحدالميقاتاالامحرما "કોઈ શખ્સ મીક़ાતથી વિના એહરામે આગળ ન વધે. અને આ વાક્યના બે અર્થો છે જે અર્ઝ કરવામાં આવ્યા કે મક્કા મોઅઝ્ઝમા જવાનો ઈરાદો કરે તો એહરામ બાંધે.

૬. એટલે કે મીક़ાતની અંદર રહેનારા હજ્જનો એહરામ પોતાના ઘરેથી બાંધે, ત્યાં સુધી કે મક્કાવાળા પણ પોતાના ઘરેથી એહરામ બાંધે. જેથી જિદ્દાવાળા હજ્જ અથવા ઉમરાનો એહરામ ઘરેથી બાંધીને જ ચાલે. યાદ રાખશો કે મક્કાવાળા ઉમરાનો એહરામ હરમ શરીફની હદોથી બહાર આવીને બાંધશે અને હજ્જનો એહરામ ઘરેથી. કેમ કે ઉમરા મક્કા મોઅઝ્ઝમામાં અદા થાય છે અને હજ્જ હરામની બહાર અરફાતમાં અદા થાય છે. તો કાંઈક સફર કરાવવા માટે શરીઅતે મક્કાના ઉમરા માટે આ પાબંદી લગાડી. હવે મક़ામે તન્ઈમ મસ્જિદે આઈશાથી ઉમરાનો એહરામ બાંધવામાં આવે છે.

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી. ફર્માવ્યું, મદીનાવાળાઓની એહરામની જગા ઝુલ હલીફાથી છે અને તેમનો બીજો રસ્તો જુહફા છે[૧] અને અરક़વાળાઓની એહરામની જગા ઝાતે અરક़થી છે[૨]. અને નજ્દવાળાઓની એહરામની જગા ક़રન છે અને યમનવાળાઓની એહરામની જગા યલમલમ છે." (મુસ્લિમ)

★ હદીષ : (૧૩)-૨૫૧૭ ★

وَعَنْ جَابِرٍ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مُهَلُّ أَهْلِ الْمَدِينَةِ مِنْ ذِي الْحُلَيْفَةِ وَالطَّرِيقُ الْآخَرُ الْجُحْفَةُ وَمُهَلُّ أَهْلِ الْعِرَاقِ مِنْ ذَاتِ عِرْقٍ وَمُهَلُّ أَهْلِ نَجْدٍ قَرْنٌ وَمُهَلُّ أَهْلِ الْيَمَنِ يَلَمْلَمُ» . رَوَاهُ مُسْلِمٌ

★ જો બે મીક़ાતથી ગુજરે તો બીજા પર એહરામ બાંધે ★

૧. એટલે મદીનાવાળા શામના રસ્તે મક્કા મોઅઝ્ઝમા જાય કે તેમના માર્ગમાં ઝુલહલીફા પણ આવે અને જુહફા પણ તો એમના પર જુહફાથી એહરામ બાંધવો વાજિબ છે પરંતુ જો ઝુલ હલીફાથી જ એહરામ બાંધી લે તો બેહતર છે. આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે કે જે શખ્સ બે મીક़ાતોથી પસાર થાય તેના પર આખરી મીક़ાતથી એહરામ બાંધવો ફર્ઝ છે ન કે પહેલા મીક़ાત પર. ઈમામ શાફઈને ત્યાં પ્રથમ મીકાત પર એહરામ બાંધવો ફર્ઝ છે. આ હદીષ આપણુ સમર્થન કરી રહી છે.

૨. عرق નો શાબ્દિક અર્થ છે દરિયાનો કિનારો. કેમ કે ઈરાકનો વિસ્તાર દજલા તથા ફુરાતના કિનારાઓ પર છે એટલા માટે એને ઈરાક़ કહે છે. ઈરાક़ની લંબાઈ અબાદાનથી મૌસૂલ સુધી છે, અને પહોળાઈ ક़ાદસિયાથી હલ્વાન સુધી છે. ઝાતે અરક़, ક़રન મંઝિલોના સામે આવેલો છે. ઈરાક़ના મશહૂર સ્થળો બસરા, બગદાદ, કર્બલા, નજફ, મૌસૂલ છે. જો કે ઈરાક़ તથા શામ ફારૂક़ી યુગમાં ફતહ થયાં પણ કેમ કે હુઝૂર ﷺને ઈલ્મ હતો કે આ ઈલાકા ફતહ થશે અને અહીંથી હાજીઓ આવ્યા કરશે એટલા માટે એમના મીક़ાત નિશ્ચિત કરી આપ્યા. એના પર

અમલ ફારૂક़ી યુગથી થયો. જે રિવાયતોમાં છે કે આ બંને મીક़ાતોને હઝરત ઉમરે નક્કી કર્યા ત્યાં અમલી રીતે નિશ્ચિત કરવું મુરાદ છે.

હુઝૂર ﷺએ કેટલા ઉમરા કર્યા ?

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ચાર ઉમરા કર્યા[૧] જે સૌ ઝી ક़અદામાં હતા, એ ઉમરા સિવાય જે આપના હજ્જની સાથે હતો[૨] હુદૈબિયાનો ઉમરો ઝી ક़અદામાં, આવતા સાલનો ઉમરો ઝી ક઼અદામાં જ[૩] અને જઈર્રાનાનો ઉમરો જ્યાં હસ્નૈનની ગ઼નીમતો વહેંચી તે પણ ઝીક़અદામાં[૪] અને એક ઉમરો આપની હજ્જની સાથેવાળો[૫]."

(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૪)-૨૫૧૮ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ قَالَ: اعْتَمَرَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَرْبَعُ عُمَرٍ كُلُّهُنَّ فِي ذِي الْقَعْدَةِ إِلَّا الَّتِي كَانَتْ مَعَ حَجَّتِهِ: عُمْرَةً مِنَ الْحُدَيْبِيَةِ فِي ذِي الْقَعْدَةِ وَعُمْرَةً مِنَ الْعَامِ الْمُقْبِلِ فِي ذِي الْقَعْدَةِ وَعُمْرَةً مِنَ الْجِعْرَانَةِ حَيْثُ قَسَّمَ غَنَائِمَ حُنَيْنٍ فِي ذِي الْقَعْدَةِ وَعُمْرَةً مَعَ حَجَّتِهِ "

૧. એટલે હિજરત બાદ હુઝૂર ﷺએ કુલ ચાર ઉમરા કર્યા મક્કા બહારથી આવીને. *(મિર્ક़ાત)*

૨. એટલે કે હજ્જની સાથેવાળો ઉમરો તો ઝીલ હજ્જના મહીનામાં થયો બાકી ત્રણ ઝી ક़અદામાં. હુઝૂર ﷺએ હજ્જતુલ વિદાઅમાં ક़िરાન કર્યો હતો એ જ ક़વી છે.

★ નફ્લી ઈબાદત શરૂ કરવાથી વાજિબ થઈ જાય છે ★

૩. મક્કા મોઅઝ્ઝમાથી નવ માઈલ દૂર મદીના મુનવ્વરા તરફ એક મેદાન અને ત્યાંના એક ઝાડનું નામ હુદૈબિયહ્ છે. તેનો મોટાભાગનો હિસ્સો હરમ શરીફમાં સામેલ છે. હુઝૂરે અન્વર ﷺ ઝીક़અદાના શરૂમાં હિ.સ. ૬ પીરના દિવસે મદીના મુનવ્વરાથી ૧૪૦૦ સહાબાની સાથે ઉમરાની નિય્યતે રવાના થયા. જ્યારે હુદૈબિયામાં પહોંચ્યા તો મક્કાના કુરૈશે મુસલમાનોને ઉમરાથી રોકી દીધા. છેવટે એના પર સુલહ થઈ કે આવતા વરસે ઉમરા કરે, આ વરસે આમ જ ઉમરા કર્યા વિના પરત થઈ જાય. હિ.સ. ૭ ઝી ક़અદામાં હુઝૂરે અન્વર ﷺએ ઉમરો ક़ઝા કર્યો. જો કે હિ.સ. ૬માં ઉમરો ન થઈ શક્યો પણ તેને ઉમરો જ ગણવામાં આવ્યો કે સવાબ તો ઉમરાનો જ મળી ગયો. સારાંશ કે હિજરત બાદ હુઝૂર ﷺએ ત્રણ ઉમરા હક़ીક़ી કર્યા અને એક ઉમરો હુકમી કર્યો. એનાથી હનફી મઝહબ સાબિત થયો કે નફ્લી ઈબાદત શરૂ કરી દેવાથી વાજિબ થઈ જાય છે કે જો પૂરી ન થઈ શકે તો ક़ઝા કરવી પડે છે. કેમ કે આ ઉમરો નફ્લ હતો જેના રહી જવાથી ક़ઝા કરવી પડે છે.

૪. એટલે કે હુઝૂરે અન્વર ﷺનો ત્રીજો ઉમરો તે છે જે જંગે હુનૈનમાં ફતહ કર્યા બાદ ગનીમતની વહેંચણી કરીને હુઝૂર ﷺએ કર્યો, કે ૧૨ ઝી ક़અદા હિ.સ. ૮માં ઈશાની નમાઝ બાદ મક़ામે જઈર્રાનાથી એહરામ બાંધીને રવાના થયા અને રાતો રાત ઉમરા કરીને પરત આવ્યા. ફજરની નમાઝ જઈર્રાનામાં જ અદા કરી. જઈર્રાના મક્કા મદીનાથી લગભગ ત્રણ માઈલ તાઈફના રસ્તા પર આવેલ છે. હવે તેને સહલ કહે છે. ફક़ીરે આ મેદાનની ઝિયારત કરી છે.

૫. એટલે ચોથો ઉમરો હિ.સ. ૧૦માં હજ્જની સાથે કર્યો. આ ઉમરો શરૂ ઝીલ હજ્જમાં થયો. પણ હજ્જતુલ ઈસ્લામ હુઝૂર ﷺએ એક જ કર્યો. હિજરતથી પહેલાં કુરૈશની સાથે ઘણા હજ્જ કર્યા જેની સંખ્યા ખબર નથી. *(અશિઅ़હ)*

★ હદીષ : (૧૫)-૨૫૧૯ ★

وَعَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ قَالَ: اعْتَمَرَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي ذِي الْقَعْدَةِ قَبْلَ أَنْ يَحُجَّ مَرَّتَيْنِ ". رَوَاهُ الْبُخَارِيُّ

''હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ પહેલાં ઝી ક़અ્દામાં બે વાર ઉમરા કર્યા[૧]. '' (બુખારી)

૧. અહીં હક़ીક़ી ઉમરાથી મુરાદ એ છે કે હુઝૂર ﷺએ હક़ીક़તમાં ત્રણ ઉમરા કર્યા. બે તો હજ્જથી પહેલાં એટલે એક હુદૈબિયાની ક़ઝાનો, બીજો ફતહે હુનૈન પછી જઈર્રાનાથી એહરામ બાંધીને કર્યો. ત્રીજો હજ્જની સાથે જેનો એહરામ ઝીક़અ્દાની આખરી તારીખોમાં બાંધ્યો અને ઉમરાનાં કાર્યો ચાર ઝી ક़અદાના અદા કર્યાં. જે રાવીઓએ ચાર ઉમરાની રિવાયત કરી તે હુકમી ઉમરાને પણ સામેલ કરીને છે, એટલે ખુદ સુલહે હુદૈબિયાના વરસનો ઉમરો. જેથી હદીષોમાં વિરોધાભાસ નથી.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હજ જીવનમાં એકવાર ફર્ઝ બાકી નફ્લ ★

★ હદીષ : (૧૬)-૨૫૨૦ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا أَيُّهَا النَّاسُ إِنَّ اللَّهَ كَتَبَ عَلَيْكُمُ الْحَجَّ» . فَقَامَ الْأَقْرَعُ بْنُ حَابِسٍ فَقَالَ: أَفِي كُلِّ عَامٍ يَا رَسُولَ اللَّهِ؟ قَالَ: " لَوْ قُلْتُهَا: نَعَمْ لَوَجَبَتْ وَلَوْ وَجَبَتْ لَمْ تَعْمَلُوا بِهَا وَلَمْ تَسْتَطِيعُوا وَالْحَجُّ مَرَّةٌ فَمَنْ زَادَ فَتَطَوُّعٌ ". رَوَاهُ أَحْمَدُ وَالنَّسَائِيّ والدارمي

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે લોકો ! અલ્લાહે તમારા પર હજ્જ ફર્ઝ કર્યો. તો અક़રઅ ઈબ્ને હાબિસ ઉભા થઈ ગયા[૧] અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું દર વર્ષે ? ફર્માવ્યું, જો હું કહી આપત તો એ જ પ્રમાણે ફર્ઝ થઈ જાત[૨] અને જો એ ફર્ઝ થઈ જાત તો તમે અમલ ન કરી શકતા, પણ હજ્જ તો એકવાર જ છે, જો વધારે કર્યો તો નફ્લ કર્યો[૩]. '' (અહમદ, નિસાઈ)

૧. એની શરહ પહેલાં વર્ણન થઈ ચૂકી કે અક़રઅ ઈબ્ને હાબિસે હજ્જને રોઝા તથા ઝકાત પર ક़યાસ કરી કે જ્યારે તે દર વરસે હોય તો આ પણ દર વરસે જોઈએ. પણ કેમ કે હજ્જ દર વર્ષે વાજિબ હોવામાં તેમને મુશ્કેલી થશે એટલા માટે આ સવાલ કર્યો. યાદ રાખશો કે હઝરત અક़રઅ બિન હાબિસ ફતહે મક્કાના મોક़ા પર બની તમીમના પ્રતિનિધિમંડળમાં હાજર થઈને ઈસ્લામ લાવ્યા. ઈસ્લામ લાવતા પહેલાં પણ અને ઈસ્લામ બાદ પણ ખૂબ જ શાનદાર બતાવવામાં આવ્યા.

૨. لَوْ قُلْتُهَا માં لَوْ કલ્મો અક़રઅની તરફ પલ્ટી રહેલ છે અને અહીં મઝાફ છુપાયેલ છે. એટલે કે જો અમે અક़રઅની વાતના જવાબમાં હા કહી આપત તો એવું જ થઈ જાત. જાણવા મળ્યું કે **હુઝૂર ﷺ એહકામના માલિક છે.** જેવું કે પહેલાં વર્ણન કરવામાં આવેલ છે.

૩. મક્કાવાળાઓ તથા ગૈર મક્કી પર જીવનમાં એકવાર જ હજ્જ ફર્ઝ છે તેના સિવાય નફ્લ. અમુક શાફઈ લોકો કહે છે કે એકવાર હજ્જ ફર્ઝે અયન છે, એના સિવાય ફર્ઝે કિફાયા. આ હદીષ એમની તદ્દન વિરુદ્ધ છે, અને એનું શરઈ એહકામમાં દૃષ્ટાંત પણ નથી મળતું. હા ! જેને ખુદા શક્તિ આપે તેણે દર પાંચ વરસમાં એકવાર હજ્જ કરવો મુસ્તહબ છે. ઈબ્ને હબ્બાને મરફૂઅન રિવાયત કરી કે ફર્માવ્યું, નબી કરીમ ﷺએ કે જેને ખુદા તંદુરસ્તી,

માલ તથા શક્તિ આપે છતાં તે પાંચ વરસ સુધી હજ્જ ન કરે તે મેહરૂમ છે. અમુક લોકોએ આ હદીષના આધારે પાંચ વરસમાં એકવાર હજ્જ વાજિબ માની છે, પણ આ ઈજમાઅની વિરુદ્ધ છે. (મિર્કાત)

૪. એને દારકુત્ની, હાકિમ, અબૂ દાઊદ અને ઈબ્ને માજહએ પણ રિવાયત કરી شيخين على شرط ફર્માવ્યું. *(મિર્કાત)*

ફર્ઝ હજ છોડનારનું મૃત્યુ યહૂદી તથા ઈસાઈના મૌત જેમ

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે જે શખ્સ તોશા તથા સવારીનો માલિક હોય જે એને બયતુલ્લાહ સુધી પહોંચાડી શકે[૧] પછી હજ્જ ન કરે તો એમાં ફરક નથી કે તે યહૂદી થઈને મરે અથવા ઈસાઈ થઈને[૨] અને આ એટલા માટે છે કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે કે લોકો પર અલ્લાહને માટે બયતુલ્લાહનો હજ્જ ફર્ઝ છે જે ત્યાં સુધીનો રસ્તો પાર કરી શકે[૩] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે જેની અસ્નાદમાં કાંઈક ચર્ચા છે. હિલાલ ઈબ્ને અબ્દુલ્લાહ મજહૂલ આદમી છે અને હારિષની હદીષમાં ઝઈફ માનવામાં આવે છે[૪].''

★ હદીષ : (૧૭)-૨૫૨૧ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ مَلَكَ زَادًا وَرَاحِلَةً تُبَلِّغُهُ إِلَى بَيْتِ اللَّهِ وَلَمْ يَحُجَّ فَلَا عَلَيْهِ أَنْ يَمُوتَ يَهُودِيًّا أَوْ نَصْرَانِيًّا وَذَلِكَ أَنَّ اللَّهَ تَبَارَكَ وَتَعَالَى يَقُولُ: (وَلِلَّهِ عَلَى النَّاسِ حَجُّ الْبَيْتِ مَنِ اسْتَطَاعَ إِلَيهِ سَبِيلا)رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ. وَفِي إِسْنَادِهِ مَقَالٌ وَهِلَالُ بْنُ عَبْدِ اللَّهِ مَجْهُولٌ والْحَارث يضعف فِي الْحَدِيث

૧. زادથી મુરાદ જરૂરત પ્રમાણેનો પોતાનો તથા પોતાનાં બાળકોનો ખર્ચ છે. એટલે કે પોતાનો સફરનો ખર્ચ તથા પોતાના પરત આવતા સુધીનો ઘર ખર્ચ. આ ખર્ચા મક્કા મોઅઝ્ઝમાથી નજીક તથા દૂર અને જમાનાના લેહાઝથી વિવિધ હોય છે. એટલા માટે એનું નિશ્ચિત નથી થઈ શક્તુ. અને સવારીથી મુરાદ દરેક પ્રકારની જરૂરી સવારી છે. જેમ કે આજકાલ રેલ્વે, સ્ટીમર, મોટરકારનો ખર્ચ. માલિકીપણાથી મુરાદ સવારીના નફાની માલિકી છે જેથી જે સવારીના ભાડા પર શક્તિમાન હોય તેના પર હજ્જ ફર્ઝ છે. એની તફસીલ ફિકૃહની કિતાબોમાં જુઓ. સવારીમાં આવવા જવાનો ખર્ચ મુરાદ છે ન કે કેવળ જવાનો.

૨. એટલે કે એ હજ્જને છોડી દેનારનું મૃત્યુ અને યહૂદી તથા ઈસાઈના મોતમાં ફરક નથી, કે અલ્લાહ તઆલા ન તેનાથી રાજી હશે ન તેમનાથી. ભલે બંને પર નારાજગીઓમાં ફરક છે. અથવા એ મતલબ છે કે જો એ શખ્સ હજ્જનો મુન્કિર થઈને મર્યો તો એનામાં અને એહલે કિતાબનાં કુફ્રમાં ફરક નથી. અને હજ્જને છોડનાર થઈને મર્યો તો કુફરાન એટલે નાશુક્રીમાં ફરક નથી. સારાંશ કે આ વાતમાં અત્યંત ગઝબનો ઈઝહાર છે અને એનાથી એ સાબિત નથી થતું કે હજ્જ ન કરવી કુફ્ર છે.

૩. આ આયતના છેવટમાં وَمَنْ كَفَرَ فَإِنَّ اللَّهَ غَنِيٌّ عَنِ الْعٰلَمِيْنَ હુઝૂર ﷺ એ પૂરી આયતે કરીમા તિલાવત કરી હશે કેમ કે દલીલનું સ્થાન આખરમાં છે, પણ રાવીએ કેવળ આટલી જ તિલાવત કરી.

૪. એટલે કે આ હદીષનો એક રાવી તો મજહૂલ છે જેની હાલતોની ખબર નથી અને બીજો ઝઈફ છે. મિર્કાતે ફર્માવ્યું કે આ મરફૂઅ હદીષ ઘણી બધી અસ્નાદોથી મરવી છે. એની રિવાયત અબૂ અમામાથી પણ છે. અને તેને ઈબ્ને

અદીએ અબૂ હુરૈરહ્થી પણ રિવાયત કરી. અને જ્યારે ઝઈફ હદીષ વિવિધ અસ્નાદોથી રિવાયત પામે તો એનામાં મજબૂતી આવી જાય છે અને હઝરત ઉમર પર મૌકૂફ સહીહ છે.

ઈસ્લામમાં સંસાર ત્યાગ મના છે

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ઈસ્લામમાં દુનિયાનો ત્યાગ નથી[૧]." (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૮)-૨૫૨૨ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:لَا صَرُورَةَ فِي الإِسلامِ ". رَوَاهُ أَبُو دَاوُد

૧. صرورت બર વઝને ઝરૂરત صرٌّથી મુશ્તક્ છે, રોકવાના અર્થમાં, અથવા મના કરવું અથવા દૂર રહેવું. સંસાર ત્યાગ એટલે تَبَتُّلْને પણ صرورة કહે છે અને હજ્જ છોડવાને પણ. અહીં બંને અર્થો બની શકે છે. એટલે કે ઈસ્લામમાં સંસાર ત્યાગ કરવો મના છે કે કોઈ નિકાહ કરવાથી અથવા સારુ ખાવા પીવા ત્યજવાનો નિશ્ચય કરે છે અથવા ઈસ્લામમાં શક્તિમાન તથા માલદારે હજ્જ ન કરવી મના છે. લગભગ મિશ્કાતના કર્તાની નજીક صرورت (સ્રવત)નો એ જ અર્થ છે એટલા માટે એ હદીષ હજ્જના વર્ણનમાં લાવ્યા.

હજ અદા કરવામાં જલ્દી કરો !

'એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે હજ્જનો ઈરાદો રાખતો હોય તો જલ્દી કરે[૧]." (અબૂ દાઉદ, દારમી)[૧]

★ હદીષ : (૧૯)-૨૫૨૩ ★

وَعَنْهُ قَالَ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَرَادَ الْحَجَّ فَلْيَعَجِّلْ» . رَوَاهُ أَبُو دَاوُد والدارمي

૧. કેમ કે મૌત આવી જવાનો તથા માલ અથવા શક્તિ ચાલી જવાનો દરેક સમયે અંદેશો તથા ખતરો છે. અને એક હજ્જ રહી જવા પર વરસભર રાહ જોવાનું છે. વરસ કોણે જોયું છે ! ફક્રીહો ફર્માવે છે કે હજ્જ તુરત જ વાજિબ છે કે વિના કારણે મોડુ કરવું મના છે. બલ્કે ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ માલિકને ત્યાં એ શખ્સ ફાસિક્ અને ગવાહીને અપાત્ર છે. અન્ય ઈમામોને ત્યાં ફાસિક્ નથી. યાદ રાખશો કે સર્વ ઈમામોને ત્યાં હજ્જ અલઝ્ ઝમાના વાજિબ છે. એટલે જ્યારે પણ કરશે અદા જ ગણાશે. ક્ઝા ન ગણાશે કે એનો સમય જીવનભર છે. એમાં મતભેદ છે કે વિના કારણે મોડુ કરવું ફિસ્ક્ (ગુનો) છે કે નહીં ? **આ હદીષથી તે લોકો ઈબ્રત પકડે જેઓ માલદાર હોય છે, બાળકોની શાદીઓ વગેરેના માટે હજ્જ નથી કરતા. અમુક જાહિલોમાં એ મશહૂર છે કે હજ્જ વૃદ્ધાવસ્થામાં કરવી જોઈએ, જ્યારે કે હજ્જ તો જવાનીની છે જ્યારે કે તવાફ તથા સફર સરળતાપૂર્વક કરી શકે.** મોટાભાગે લોકો વૃદ્ધાવસ્થાની રાહ જોવામાં હજ્જ વિના મરી જાય છે.

૨. એને હાકિમે પણ રિવાયત કરી. અમુક રિવાયતોમાં છે કે એનાથી પહેલાં હજ્જ કરી લો જ્યારે કે હજ્જ ન કરી શકો.

હજ ઉમરા મિલાવીને કરો !

*"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે હજ્જ તથા ઉમરા મિલાવીને કરો[૧] કે **એ બંનેવ ગરીબી અને ગુનાહોને એવી રીતે મિટાવી દે છે જેમ કે ભઠ્ઠી***

★ હદીષ : (૨૦)-૨૫૨૪ ★

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «تَابِعُوا بَيْنَ الْحَجِّ وَالْعُمْرَةِ فَإِنَّهُمَا يَنْفِيَانِ الْفَقْرَ وَالذُّنُوبَ كَمَا

يَنْفِي الْكِيرُ خَبَثَ الْحَدِيدِ وَالذَّهَبِ وَالْفِضَّةِ وَلَيْسَ لِلْحَجَّةِ الْمَبْرُورَةِ ثَوَابٌ إِلَّا الْجَنَّةَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ

લોખંડ અને સોના ચાંદીના મેલને[૨]. અને મકબૂલ હજનો સવાબ જન્નત સિવાય અન્ય કાંઈ નથી[૩]." (તિર્મિઝી, નિસાઈ)

★ હદીષ : (૨૧)-૨૫૨૫ ★

وَرَوَاهُ أَحْمَدُ وَابْنُ مَاجَهْ عَنْ عُمَرَ إِلَى قَوْله: «خبث الْحَدِيد»

'અને અહમદ ઈબ્ને માજહએ હઝરત ઉમરથી લોખંડના મેલ સુધી રિવાયત કરી[૪]."

૧. એટલે એક સફરમાં હજ્જ તથા ઉમરા બંનેવ અદા કરી લો ચાહે ક़िરાન કરો અથવા તમત્તુઅ. આ તો બહારવાળાના માટે થયું. અથવા હે મક્કાવાળાઓ ! હજ્જ પછી ઉમરા પણ કરી લો. કેમ કે મક્કાવાળાઓને હજ્જના સમયમાં ઉમરા મના છે. ટૂંકમાં આ હદીષ સર્વ મુસલમાનો માટે છે, મક્કી હોય કે ગૈર મક્કી. અને એના પર એ વાંધો નથી કે મક્કાવાળા એના પર કેવી રીતે અમલ કરે.

★ હજ ઉમરા મિલાવીને કરવાથી ગરીબી દૂર થાય છે ★

૨. خبث (ખબષ) ـُ, ـِ ના ઝબરથી પણ પઢવામાં આવેલ છે. અને ـُ ના પેશ ـِ ના ઝબરથી પણ પઢવામાં આવે છે. પણ બીજી ક़िરાઅત અધિક યોગ્ય છે, એટલે ક़िરાન અથવા તમત્તુઅ અથવા હજ્જ તથા ઉમરા મિલાવીને કરવાથી દિલની તથા જાહેરી ફ़કીરી પણ બફ़દ્લિહી તઆલા દૂર થાય છે અને ગુનાહ પણ માફ થાય છે. એનો અનુભવ પણ છે. યાદ રાખશો કે ગુનાહ તથા ફ़ક़ (ફ़કીરી, તંગી) દૂર કરવું એ રબનું કામ છે પણ અહીં એને હજ્જ તથા ઉમરાની તરફ નિસ્બત કરવામાં આવેલ છે કે એ એનો સબબ છે. જેથી કહી શકીએ છીએ કે અલ્લાહ રસૂલ ગની (માલદાર) કરી દે છે. રબ ફ़ર્માવે છે : اَغْنٰىهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ (અલ્લાહ વ રસૂલે તેમને પોતાના ફ़ઝ્લથી ગની કરી દીધા. સૂરએ તૌબા, ૯/૭૪)

★ હજ્જે મબરૂરનો બદલો જન્નત છે ★

૩. હજ્જે મબરૂરની વ્યાખ્યા અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે કે એ તે છે **જે હલાલ કમાઈ અને સહીહ તરીક़ાથી અદા કરવામાં આવે. ઈખ્લાસની સાથે અને મરતા દમ સુધી કોઈ એવી હરકત ન થાય કે જેનાથી હજ્જ બાતિલ થઈ જાય.** એટલે કે મક़્બૂલનો બદલો કેવળ દુનિયવી ખોરાક અને ગુનાહોની માફી અથવા દોઝખથી નજાત અથવા અઝાબમાં ઘટાડો ન થશે, બલ્કે જન્નત જરૂર મળશે.

૪. મુન્ઝરીની રિવાયતમાં છે કે જે હજ્જના માટે ઈખ્લાસપૂર્વક જાય તો તેની બખ્શિશ પણ થશે અને તેની શફ़ાઅત પણ ક़બૂલ થશે. અને **હાજી ઘર પરત થતા સુધી અલ્લાહની અમાનમાં રહે છે. હજ્જમાં એક દિરહમ ખર્ચ કરવો બીજા સ્થળોએ દસ લાખ દિરહમ ખર્ચ કરવા કરતાં અફ़ઝલ છે.**

હજ કયારે ફ़ર્ઝ થાય છે ?

★ હદીષ : (૨૨)-૨૫૨૬ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: جَاءَ رَجُلٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

'હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફ़ર્માવે છે એક શખ્સ નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! કઈ ચીજ

હજ્જ ફર્ઝ કરે છે ? ફર્માવ્યું, તોશો (ભાથુ) તથા સવારી[૧]." (તિર્મિઝી, ઈબ્ને માજહ)	فَقَالَ: يَا رَسُولَ اللَّهِ مَا يُوجِبُ الْحَجَّ؟ قَالَ: «الزَّادُ وَالرَّاحِلَة» . رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

૧. તોશાથી મુરાદ પોતાનો સફરનો સામાન, ભરણ પોષણ તથા અન્ય ખર્ચ છે. અને પોતાના બીબી બચ્ચાંનો ઘરખર્ચ એના પરત થતા સુધી. અને સવારીમાં તે સર્વ સવારીઓ સામેલ છે જેનાથી મક્કા મોઅઝ્ઝમાનો રસ્તો પાર પડી શકે. જેમ કે આપણે (પાકિસ્તાનીઓ) માટે કરાચી સુધી રેલગાડી, પછી કરાચીથી જિદ્દા સુધી જહાજ (સ્ટીમર) (હવે ફલાઈટ) અને જિદ્દાથી મક્કા મોઅઝ્ઝમા સુધી બસ. આ સવારીઓ (વાહનો) વિવિધ અંતરો માટે વિવિધ છે. આ હદીષ ઈમામ માલિકની વિરુદ્ધ છે કે એમને ત્યાં પગપાળા ચાલવાની શક્તિ ધરાવનાર પર પગપાળા હજ્જ ફર્ઝ છે.

કયો હજ્જ અફઝલ છે ?

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﷺ ને પૂછ્યું, અર્ઝ કરી, હાજી કોણ છે ? ફર્માવ્યું, મેલો બૂ વાળો[૧]. પછી બીજો ઉભો થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કયો હજ્જ અફઝલ છે ?[૨] ફર્માવ્યું, લોહી વહાવવું, શોર મચાવવો[૩] પછી બીજો ઉઠયો, અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ સબીલ શું ચીજ છે ?[૪] ફર્માવ્યું, તોશો અને સવારી. શરહે સુન્નહમાં રિવાયત કરી. અને ઈબ્ને માજહએ પોતાની સુનનમાં પણ એમણે આખરી ચીજ બયાન નથી કરી.	★ હદીષ : (૨૩)-૨૫૨૭ ★ وَعَنْهُ قَالَ: سَأَلَ رَجُلٌ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: مَا الْحَاج؟ فَقَالَ: «الشعث النَّفْل» . فَقَامَ آخَرُ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ أَيُّ الْحَجِّ أَفْضَلُ؟ قَالَ: «الْعَجُّ وَالثَّجُّ» . فَقَامَ آخَرُ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ مَا السَّبِيلُ؟ قَالَ: «زَادٌ وَ رَاحِلَةٌ» رَوَاهُ فِي شَرْحِ السُّنَّةِ. وَرَوَى ابْنُ مَاجَهْ فِي سُنَنِهِ إِلَّا أَنَّهُ لَمْ يذكر الْفَصْل الْأَخير

૧. સવાલ એ હતો કે કામિલ હાજી કોણ છે ? ફર્માવ્યું, જેના પર બે નિશાનીઓ હોય : માથાના વાળ વેર વિખેર હોય, મેલો હોય. કેમ કે એહરામની હાલતમાં વાળ તૂટવાના અંદેશાથી માથુ ઓછુ ધૂએ છે. અને બોલ્યો, કેમ કે એહરામની હાલતમાં ખુશ્બુ લગાડવી મના છે અને કેટલીકવાર પરસેવો અને લોકોની ભીડભાડથી કાંઈક બૂ જેવું મહેસૂસ થવા લાગે છે. ખુલાસો એ છે કે હાજી હજ્જની હાલતમાં દુનિયવી તકલીફોથી એકદમ અલિપ્ત થઈ જાય છે.

૨. એટલે કે હજ્જના અરકાન પછી કયો અમલ હજ્જમાં બેહતર છે. અધિક્તર કઈ ખૂબીઓ છે જેનાથી હજ્જ અફઝલ થઈ જાય છે. અરકાન તો બધા જ અદા કરે છે. (શેઅર)

હાજી તો સારે કહલાવેં હજ્જ કરે કોઈ એક – હઝારોં મેં તો હૈ લાખોંમેં જા દેખ

૩. એટલે કે એહરામ બાંધતાં જ બુલંદ અવાજથી તલબિયા કહેતા રહેવું અને દસમી ઝીલ હજ્જના કુર્બાની કરી દેવી. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે એનાથી હજ્જના સર્વ અમલો મુરાદ છે, કેમ કે શોર મચાવવો, તલબિયા કહેવી પ્રથમ અમલ છે અને કુર્બાની છેલ્લો અમલ. દરમિયાનના અમલો એમાં પોતે જ આવી ગયા, એટલે તલબિયાથી કુર્બાની સુધી સર્વ અમલો અફઝલ છે.

૪. એટલે કે રબ તઆલાએ જે ફર્માવ્યું : وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الْبَيْتِ مَنِ اسْتَطَاعَ إِلَيْهِ سَبِيْلًا (અને અલ્લાહના માટે લોકો પર આ ઘરનો હજ્જ કરવાનો છે જે એના સુધી ચાલી શકે. –સૂરએ આલે ઈમરાન, ૩/૯૭) કે

બયતુલ્લાહનો હજ્જ તેના પર ફર્ઝ છે જે ત્યાં સુધી રસ્તાની શક્તિ ધરાવતો હોય. રસ્તાથી શું મુરાદ છે.

૫. અમુક ઈમામોએ આ હદીષની બિના પર ફર્માવ્યું કે હજ્જની ફર્ઝિયતના માટે તંદુરસ્તી તથા સાજા હોવું જરૂરી નથી, જો ફેફસાની બીમારીવાળો અથવા અતિવૃદ્ધની પાસે માલ આવ્યો જે સવારી પર બેસતો તો હરકત પણ નથી કરી શકતો, તેમના પર પણ હજ્જ ફર્ઝ છે, કેમ કે હુઝૂર ﷺએ તંદુરસ્તીનો ઝિક્ર નથી કર્યો, પણ આ દલીલ કાંઈક ઝઈફ જેવી છે એટલા માટે કે અહીં તો રસ્તાના અમ્નનો પણ ઉલ્લેખ નથી, જ્યારે કે **જો અમ્ન ન હોય તો એકમતિથી હજ્જ ફર્ઝ નથી.** જો કહેવામાં આવે કે સવારીમાં રસ્તાનો અમ્ન પણ સામેલ છે તો જવાબ એ છે કે સવારીમાં એના પર બેસી શકવાની શક્તિ પણ સામેલ છે. જેથી આ હદીષ અહનાફની વિરૂધ્ધ નથી. **હા ! જે પહેલેથી માલદાર હતો પણ હજ્જ ન કર્યો પછી બીમાર અથવા ખૂબ જ વૃદ્ધ થઈ ગયો તો એના પર હજ્જ ફર્ઝ છે.**

હજ્જે બદલ વિશે હુકમ

"હઝરત અબૂ રઝીન ઓકૈલીથી રિવાયત છે કે તે નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયા. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા પિતા ઘણા જ વૃદ્ધ છે જે ન હજ્જ કે ઉમરાની શક્તિ ધરાવે છે ન સવાર થવાની[૧] ફર્માવ્યું, તમારા બાપની તરફથી હજ્જ તથા ઉમરા કરો[૨]." (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ છે.

★ હદીષ : (૨૪)-૨૫૨૮ ★

وَعَنْ أَبِي رَزِينٍ الْعُقَيْلِيِّ أَنَّهُ أَتَى النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُولَ اللّٰهِ إِنَّ أَبِي شَيْخٌ كَبِيرٌ لَا يَسْتَطِيعُ الْحَجَّ وَلَا الْعُمْرَةَ وَلَا الظَّعْنَ قَالَ: «حُجَّ عَنْ أَبِيكَ وَاعْتَمِرْ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ

૧. એટલે કે મારા પિતા અધિક વૃદ્ધ હોવાના કારણે ન તો હજ્જ તથા ઉમરાના અરકાન અદા કરી શકે છે, તવાફ, સઈ વગેરે અને ન સવારી પર બેસી શકે છે જે મક્કા મોઅઝ્ઝમા સુધી પહોંચાડે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી. લગભગ એમના પિતા પર પહેલેથી હજ્જ ફર્ઝ હતો પણ કોઈ મજબૂરીથી હજ્જ કર્યો ન હતો, નહીં તો આવા વૃદ્ધ પર જો કમજોરીમાં માલ આવે તો હજ્જ ફર્ઝ નથી.

૨. ક્યાં તો તેમની તરફથી હજ્જ તથા ઉમરા ખુદ કરો અથવા કોઈના થકી કરાવો. યાદ રાખશો કે હજ્જ બદની તથા માલી ઈબાદતોનો સમૂહ છે. જેથી મજબૂરીના સમયમાં બીજો એમના તરફથી કરી શકે છે, એટલે કે **હજ્જે બદલ.** પણ શક્તિ હોવાની સ્થિતિમાં પોતે જ કરવો પડશે. કેવળ શરીરી ઈબાદતોમાં નાયબપણુ મુત્લક્ન (તદ્દન) નાજાઈઝ છે. અને કેવળ માલી ઈબાદતોમાં મુત્લક્ન જાઈઝ. જેથી **કોઈ કોઈના તરફથી નમાઝ રોઝા કદી અદા નથી કરી શકતો અને ઝકાત, કુર્બાની જો કે અદા કરી શકે છે, એની ઈજાઝત છે.** યાદ રાખશો કે ઉમરા ફર્ઝ તથા વાજિબ નથી, સુન્નત છે, જેથી હદીષમાં બંને હુકમ આપવું ઈસ્તેહબાબન (મુસ્તહબના હુકમમાં) છે. એટલે બેહતર એ છે કે બંનેવ જ બાપની તરફથી અદા કરો. આયતે કરીમા : وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَةَ لِلّٰهِ (અને હજ્જ તથા ઉમરા અલ્લાહના માટે પૂરા કરો. સૂરએ બક્રહ, ૨/૧૯૬)માં ઉમરા શરૂ કરી દીધા બાદ એને પૂરા કરી દેવાનો હુકમ છે. એટલે કે જ્યારે હજ્જ તથા ઉમરા શરૂ કરી દીધા તો એને જરૂર પૂરા કરો કેમ કે દરેક નફ્લ શરૂ કરી દેવાથી ફર્જ થઈ જાય છે.

હજ્જે બદલ કોણ કરી શકે ?

★ હદીષ : (૨૫)-૨૫૨૯ ★

مَرْفُوع وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَمِعَ رَجُلًا يَقُولُ لَبَّيْكَ عَنْ شُبْرُمَةَ قَالَ: «مَنْ شُبْرُمَةُ» قَالَ: أَخٌ لِي أَوْ قَرِيبٌ لِي قَالَ: «أَحَجَجْتَ عَنْ نَفْسِكَ؟» قَالَ: لَا قَالَ: «حُجَّ عَنْ نَفْسِكَ ثُمَّ حُجَّ عَنْ شُبْرُمَةَ» . رَوَاهُ الشَّافِعِيُّ وَأَبُو دَاوُد وابنُ مَاجَه

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સને આવું કહેતાં સાંભળ્યો : (હાજર છું) શબ્રુમહની તરફથી[૧] ફર્માવ્યું, શુબ્રુમહ કોણ છે ? અર્ઝ કરી, મારો ભાઈ છે અથવા સગો છે. ફર્માવ્યું, શું તમે તમારો હજ્જ કરી ચૂક્યા છો ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, તમારો હજ્જ કરો પછી શુબ્રમહની તરફથી હજ્જ કરો[૨]. '' (શાફઈ, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)[૩]

૧. એ સાહબ શુબ્રમહની તરફથી હજ્જ કરી રહ્યા હતા એટલા માટે તેમના જ નામથી તલબિયા કહી રહ્યા હતા.

૨. આ હદીષના આધારે ઈમામ શાફઈ, ઈમામ અવઝાઈ ફર્માવે છે કે જેણે પોતાનો હજ્જ ન કર્યો હોય તે હજ્જે બદલ કદાપિ નથી કરી શકતો. જો કરશે તો તે ખુદ તેનો પોતાનો હજ્જ અદા થશે ન કે બદલવાળાનો. પણ ઈમામ અવઝાઈ, ઈમામ માલિક, ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہم اجمعین ફર્માવે છે કે **હજ્જે બદલ અદા તો થઈ જશે, પણ એવું ન કરવું બેહતર છે. જોઈએ કે પ્રથમ પોતાનો હજ્જ કરે પછી હજ્જે બદલ.** અને હુઝૂર ﷺએ એક સ્ત્રીને પોતાના પિતાની તરફથી હજ્જ કરવાની ઈજાઝત આપી અને એવું ન પૂછ્યું કે તું તારો હજ્જ કરી ચૂકી છે કે નહીં. જેથી એ હદીષ જાઈઝ હોવાના વર્ણન માટે હતી અને આ હદીષ મુસ્તહબનો હુકમ વર્ણવવા માટે છે.

૩. ઈમામ ઈબ્ને હુમામે ફર્માવ્યું કે આ હદીષ સહીહ નથી, મુઝતરિબ છે કેમ કે એના રાવી સઈદ ઈબ્ને અરૂબા પહેલા બસરામાં તો એને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પર મૌકૂફન્ રિવાયત કરતા હતા, પછી બાદમાં કૂફા આવીને મરફૂઅન્ નબી કરીમ ﷺથી રિવાયત કરવા લાગ્યા. જાણવા મળ્યું કે તેમના પર આ હદીષ શંકાસ્પદ છે, તેમજ એમાં તદલીસ છે. (મિર્કાત) જેથી એના વડે દલીલ કરવું દુરુસ્ત નથી.

★ હદીષ : (૨૬)-૨૫૩૦ ★

وَعَنْهُ قَالَ: وَقَّتَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِأَهْلِ الْمَشْرِقِ الْعَقِيقَ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ પૂર્વવાળાઓ માટે અકીકને મીકાત બનાવ્યો[૧]. '' (તિર્મિઝી, અબૂ દાઉદ)

૧. પૂર્વવાળાઓથી મુરાદ ઈરાકવાળા છે. عقيق عق થી બન્યું કટ થઈ જવાના અર્થમાં. કેમ કે એ જગાએ પાણીની રેલ આવ્યા કરે છે જેનાથી આ વિસ્તાર અન્ય જમીનોથી કપાય જાય છે, એટલા માટે તેને અકીક કહે છે. આ અકીક તે અકીક નથી જે મદીના મુનવ્વરાથી ત્રણ માઈલના અંતરે આવેલ છે. બલ્કે આ અકીક મક્કા મોઅઝ્ઝમાથી પૂર્વ બાજુએ છે, ઝાતે અરક્ની સામે. ઈમામ તૈયબીએ ફર્માવ્યું કે સહીહતર એ છે કે આ મીકાત હઝરત ઉમર رضی اللہ عنہ એ ઈરાક ફતહ કરીને નિશ્ચિત કર્યો. આ હદીષ મરફૂઅન્ સહીહ નથી. (અશિઅહ, મિર્કાત) બલ્કે ઈરાકવાળાઓ માટે મીકાત ઝાતે અરક છે જેને આગલી હદીષમાં વર્ણવેલ છે.

★ હદીષ : (૨૭)-૨૫૩૧ ★	''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ઈરાક़વાળાઓ માટે ઝાતે અરક़ને મીક़ાત બનાવ્યો[૧]. '' (અબૂ દાઉદ, નિસાઈ)[૨]
وَعَنْ عَائِشَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَقَّتَ لِأَهْلِ الْعِرَاقِ ذَاتَ عِرْقٍ. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ	

૧. આ હદીષથી અમુક લોકોએ ફર્માવ્યું કે ઈરાક़વાળાઓ માટે બે મીક़ાત છે : અક़ીક़ અને ઝાતે અરક़, જેમાંથી અક़ીક़થી પણ એહરામ બાંધી લે તો ખૂબ જ બેહતર છે, અને ઝાતે અરક़થી એહરામ બાંધે તો પણ ગુનાહેગાર નથી.

૨. આ હદીષ દારકુત્નીએ પણ રિવાયત કરી જેની સનદે આ'લા શર્તે બુખારી છે. અને આ હદીષ મુસ્લિમ શરીફના મુવાફિક છે જે પ્રથમ વિભાગમાં વર્ણન થઈ ચૂકી. બુખારીએ હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે જ્યારે ફારૂકી યુગમાં ઈરાક़ ફતહ થયું તો ઈરાકીઓએ ફારૂક़ે આ'ઝમની ખિદમતમાં અર્ઝ કરી કે અમીરુલ મો'મિનીન ! અમારો મીક़ાત શું છે ? કેમ કે નજ્દનો મીક़ાત क़रन અમારાથી બહું જ દૂર છે. તો આપે क़रनના સમાંતરે અરક़ નિશ્ચિત કર્યો કે એમને હુઝૂર ﷺના નિશ્ચિત કરી દેવાની ખબર ન હતી. (મિર્क़ાત)

હજ સાથે મસ્જિદે અકસાની હાજરીથી ગુનાહ માફ

★ હદીષ : (૨૮)-૨૫૩૨ ★	''હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે જે મસ્જિદે અક़્સાથી મસ્જિદે હરામ સુધી હજ્જ કે ઉમરાનો એહરામ બાંધે[૧] તો તેના આગલા પાછલા ગુનાહ માફ કરી દેવામાં આવે છે અથવા એના માટે જન્નત વાજિબ થઈ જાય છે[૨]. '' (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)[૩]
وَعَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: " مَنْ أَهَلَّ بِحَجَّةٍ أَوْ عُمْرَةٍ مِنَ الْمَسْجِدِ الْأَقْصَى إِلَى الْمَسْجِدِ الْحَرَامِ غُفِرَ لَهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهِ وَمَا تَأَخَّرَ أَوْ وَجَبَتْ لَهُ الْجَنَّةُ. رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ	

૧. એ રીતે કે પ્રથમ બયતુલ મુક़દ્દસની ઝિયારત કરે, પછી ત્યાંથી હજ્જ કે ઉમરાનો એહરામ બાંધીને મક્કા મોઅઝ્ઝમા હાજર થઈને હજ્જ કે ઉમરો કરે.

★ મશહૂર હજ બે મહિના દસ દિવસ છે ★

૨. આ શક રાવીનો છે હુઝૂર ﷺએ મગફેરતનો વાયદો કર્યો કે જન્નતની અતાનો. એનાથી જાણવા મળ્યું કે જેટલા પ્રમાણમાં દૂરથી એહરામ બાંધશે એટલા પ્રમાણમાં અધિક સવાબ મળશે. યાદ રાખશો કે اشهر حرم થી પહેલાં હજ્જનો એહરામ બાંધવો આપણે ત્યાં મકરૂહ છે. ઈમામ શાફ઼ઈને ત્યાં એ એહરામ ઉમરાનો થઈ જશે અથવા બંધાશે જ નહીં. પણ મીક़ાતથી પહેલાં હજ્નો એહરામ બાંધી લેવો, ત્યાં સુધી કે પોતાના ઘરેથી જ એહરામ બાંધીને નીકળવું અફઝલ છે. શર્ત એ છે કે એહરામની પાબંદીઓ પૂરી કરી શકે. اشهر ના હજ્જ એટલે હજ્જના મહીના શવ્વાલ, ઝી क़અદા અને દસ દિવસ ઝીલ હજ્જના છે. કુલ બે મહીના દસ દિવસ.

૩. હાકિમે મુસ્તદરકમાં અબ્દુલ્લાહ ઈબ્ને સલામથી રિવાયત કરી. હઝરતે અલી كرم اللہ وجہہ الکریم થી કોઈએ આયતના બારામાં પૂછયું : وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَةَ لِلّٰهِ (અને હજ્જ તથા ઉમરા અલ્લાહના માટે પૂરા કરો. સૂરએ બક़રહ, ૨/૧૯૬) કે હજ્જ તથા ઉમરાને પૂરા કરવું શું છે ? ફર્માવ્યું, એ છે કે તમે તમારા ઘરથી એહરામ બાંધીને નીકળો.

મિશ્કાતની આ હદીષ કવી નથી. અન્ય મુહદ્દિષોએ ફર્માવ્યું કે હસન છે. સારાંશ આ હદીષ હસન લિગૈરિહી છે, અને એ બંને કલમાઓમાં વિરોધાભાસ નથી.

(વિભાગ : ૧) الفصل الاول

★ બેહતરીન તોશો સવાલથી બચવું છે ★

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે યમનના લોકો હજ્જ કરવા આવતા તો તોશા સાથે લાવતા ન હતા અને કહેતા હતા કે અમે તો મુતવક્કિલ લોકો છીએ[૧] પછી જ્યારે મક્કા મોઅઝ્ઝમામાં પહોંચ્યા તો લોકોથી સવાલ કરતા હતા[૨] એના પર અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી કે તોશા સાથે લો કેમ કે બેહતરીન તોશો સવાલથી બચવું છે[૩].''

★ હદીષ : (૨૯)-૨૫૩૩ ★

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ أَهْلُ الْيَمَنِ يَحُجُّونَ فَلَا يَتَزَوَّدُونَ وَيَقُولُونَ: نَحْنُ الْمُتَوَكِّلُونَ فَإِذَا قَدِمُوا مَكَّةَ سَأَلُوا النَّاسَ فَأَنْزَلَ اللّٰهُ تَعَالَى: (وتزَوَّدُوا فإنَّ خيرَ الزَّادِ التَّقوى)رَوَاهُ الْبُخَارِيّ

૧. ક્યાં તો એ લોકો તદ્દન જ તોશો સાથે લાવતા ન હતા. માગીને ખાતા, ખાતા આવતા હતા અથવા એટલા પ્રમાણમાં થોડો તોશો લાવતા હતા જે રસ્તામાં ખર્ચાય (વપરાય) જતો હતો અને મક્કા મોઅઝ્ઝમા પહોંચીને ખર્ચ વિનાના રહી જતા. તેઓ પોતાને મુતવક્કિલ હતા, એટલે માગવાવાળા. તેઓ કહેતા હતા પણ હકીકતમાં મુતાકિલ હતા, એટલે માગવાવાળા. તેઓ કહેતા હતા કે અમે અલ્લાહના ઘરે જઈ રહ્યા છીએ, તેના મહેમાન છીએ તો મહેમાન સાથે ખાવા શા માટે લાવે ?!

★ બેકાર રહેવું અને ભીખ માગવું તવક્કુલ નથી ! ★

૨. બ્લકે જ્યારે ભીખ માગવાથી કામ ન ચાલતુ તો ચોરી, ડાકૂગીરી કરતા હતા. (મિર્કાત) **આવો ગલત તવક્કુલ આજે પણ અમુક નકામાઓના દિલમાં સમાયેલો છે કે બેકાર રહેવા, ભીખ માગવાને તવક્કુલ કહે છે.** જ્યારે કે તવક્કુલનો અર્થ આ છે : (શેઅર) گر توکل مے کنی دو کار کن　　کسب کن پس تکیہ بر جبار کن

અર્થ : જો તું તવક્કુલ કરવા ચાહે છે તો બે કામ કર, કમાઈ કર પછી અલ્લાહ તઆલા પર ભરોસો કર.

★ આખેરતના સફરનો તોશો નેક અમલો ★

૩. એટલે કે દુનિયામાં હજ્જ વગેરેના મોકા પર જરૂરત મુજબના તોશા તો સાથે લો. આ તોશા તવક્કુલની વિરુદ્ધ નથી. પરહેઝગારી એમાં છે કે ભીખ, ચોરી, ડાકૂગીરી, કરજ અને ગુસ્સાથી બચવામાં આવે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે **દુનિયાના સફરનો તોશો માલ છે અને આખેરતના સફરનો તોશો નેક આમાલ છે, રબ તઆલા સુધી પહોંચવાનો તોશો કમાલ.**

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું સ્ત્રીઓ પર જેહાદ છે ? ફર્માવ્યું, હા ! તેમના પર એ જેહાદ છે. જેમાં જંગ નથી[૧] એટલે હજ્જ તથા ઉમરા.'' (ઈબ્ને માજહ)

★ હદીષ : (૩૦)-૨૫૩૪ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: قُلْتُ: يَا رَسُولَ اللّٰهِ عَلَى النِّسَاءِ جِهَادٌ؟ قَالَ: " نَعَمْ عَلَيْهِنَّ جِهَادٌ لَا قِتَالَ فِيهِ: الْحَجُّ وَالْعُمْرَةُ ". رَوَاهُ ابْنُ مَاجَه

૧. બલ્કે એમના જેહાદમાં સફરનો થાક અને મહેનત છે જે જંગમાં નથી. એ જ કારણે હજ્જને જેહાદ કહ્યો. આ હદીષના આધારે અમુક શાફઈઓએ ઉમરાને વાજિબ કહ્યા કે عَلٰى વાજિબ હોવા માટે આવે છે, એની ચર્ચા પહેલાં થઈ ચૂકી છે.

હજ ન કરનાર યહૂદી થઈને મરે ચાહે ઈસાઈ

★ હદીષ : (૩૧)-૨૫૩૫ ★	*''હઝરત અબૂ અમામાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* ***જેને હજ્જથી કોઈ જાહેરી જરૂરત છે[૧] અથવા જાલિમ બાદશાહ[૨] અથવા રોકનારી બીમારી ન રોકે[૩] પછી તે હજ્જ વિના મરી જાય તો ચાહે યહૂદી થઈને મરે અને ચાહે ઈસાઈ થઈને મરે[૪].''*** *(દારમી)*
وَعَنْ أَبِي أُمَامَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ لَمْ يَمْنَعْهُ مِنَ الْحَجِّ حَاجَةٌ ظَاهِرَةٌ أَوْ سُلْطَانٌ جَائِرٌ أَوْ مَرَضٌ حَابِسٌ فَمَاتَ وَلَمْ يَحُجَّ فَلْيَمُتْ إِنْ شَاءَ يَهُودِيًّا وَإِنْ شَاءَ نَصْرَانِيًّا» . رَوَاهُ الدَّارِمِيّ	

૧. જેમ કે ફકીરી (તંગદસ્તી) એટલે તોશો (માર્ગ ખર્ચ) તથા સવારી પર શક્તિમાન ન હોવું કે આ બંને ચીજો હજ્જ વાજિબ થવાની શર્તો છે.

૨. ક્યાં તો ખુદ પોતાના દેશનો બાદશાહ જાલિમ હોય કે જુલ્મની રીતે હજ્જ માટે જવાની ઈજાઝત ન આપતો હોય અથવા માર્ગમાં કોઈ સુલ્તાનની હુકૂમત હોય તે હાજીઓને પસાર થવા ન દેતો હોય, અથવા મક્કા મોઅઝ્ઝમાનો બાદશાહ જાલિમ હોય કે હાજીઓને પ્રવેશવા ન દે. આ ત્રણેવ સ્થિતિઓમાં રસ્તાનો અમ્ન (સલામતી) નથી જોવા મળતો, અને રસ્તાનો અમ્ન હજ્જ અદા કરવી વાજિબ થવાની શર્ત છે. જાલિમની શર્તથી જાણવા મળ્યું કે જો બાદશાહ હાજીઓને મહેરબાની તથા મહોબ્બતથી રોકે તો એને ગણવામાં નહીં આવે, એના પર હજ્જ ફર્ઝ થશે. *(મિર્કાત)*

૩. બીમારીથી તે બીમારી મુરાદ છે જે સફરમાં અવરોધરૂપ હોય. તંદુરસ્તી અમુકને ત્યાં વાજિબ થવાની શર્તમાં છે અને અમુકને ત્યાં અદા માટેની શર્ત છે. પ્રથમ સ્થિતિમાં બીમારની તરફથી હજ્જે બદલ કરવું લાઝિમ થશે, બીજી સ્થિતિમાં નહીં. આપણા ઈમામ સાહબને ત્યાં અદાની શર્ત છે કે જો કોઈની પાસે માલ, સખત બીમારી અથવા મજબૂરીની હાલતમાં આવ્યો તેના પર હજ્જ ફર્ઝ નથી. (મિર્કાત)

૪. એટલે કે તેનું મૃત્યુ યહૂદી તથા નસારા (ઈસાઈ) જેવું છે કે તે લોકો કિતાબુલ્લાહ પઢતા હતા પણ અમલ કરતા ન હતા, એ જ પ્રમાણે આ કુર્આન શરીફ પઢતો રહ્યો અને હજ્જની આયત પર વિના મજબૂરીએ અમલ ન કર્યો. જેથી હદીષ પર એ વાંધો નથી કે બદ્અમલી ફિસ્ક (ગુનો) છે કુફ્ર નથી, પછી તેની મોતને યહૂદીઓ ઈસાઈઓની મોત કેમ કહી ?

હજમાં જનારાની દુઆ કબૂલ થાય છે

★ હદીષ : (૩૨)-૨૫૩૬ ★	*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે કે આપે ફર્માવ્યું,* ***હજ્જ તથા ઉમરા કરનારા અલ્લાહની જમાઅત છે[૧] જો તેઓ ખુદાથી દુઆ કરે તો રબ તેમની કબૂલ કરી લે, અને તેનાથી મગફિરત માગે તો તેમને બખ્શી આપે[૨].''*** *(ઈબ્ને માજહ)*
وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ: «الْحَاجُّ وَالْعُمَّارُ وَفْدُ اللَّهِ إِنْ دَعَوْهُ أَجَابَهُمْ وَإِنِ اسْتَغْفَرُوهُ غَفَرَ لَهُمْ» . رَوَاهُ ابْن مَاجَه	

૧. જેઓ અલ્લાહ તઆલાના ઘરે જઈ રહ્યા છે તેઓ રબથી મળવા માટે જઈ રહ્યા છે અને સુલ્તાન પોતાના મુલાકાતીઓની વાત માને છે. તેમની સિફારિશ કબૂલ કરે છે. એટલા માટે આ લોકો પણ મક્બૂલુદ્ દુઆ છે. ઈન્શા અલ્લાહ !

૨. મુસલમાનોનો તરીકો છે કે હાજીઓને પહોંચાડવા, વિદાય કરવા અને પરત આવતાં તેમનું સ્વાગત કરવા માટે સ્ટેશન સુધી જાય છે, તેમનાથી દુઆ કરાવે છે, એ આ હદીષ પર જ અમલ છે કે હાજી ઘરેથી નીકળતાં જ મકબૂલદ્ દુઆ છે અને પરત ઘરમાં પ્રવેશતા સુધી મુસ્તજાબુદ્દા'વાત રહે છે. યાદ રાખશો કે હાજીને હુઝૂર ﷺએ એકવચન કહ્યું અને ઉમરા કરનારાઓને બહુવચનમાં કહ્યું કે જેથી ખબર પડે કે ઉમરાવાળા કરતાં હજ્જવાળાનો દરજો અધિક છે, કે **એક હાજી ઉમરાવાળાઓની જમાઅતના બરાબર છે.** કેમ ન હોય કે હજ્જ ફર્ઝ છે. અને ઉમરા સુન્નત. આ જ હનફીઓનો મઝહબ છે.

અલ્લાહની જમાઅતો : ગાઝી, હાજી, ઉમરાવાળો

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું, અલ્લાહની જમાઅતો ત્રણ છે[૧] : ગાઝી, હાજી અને ઉમરો કરનારા[૨].'' (નિસાઈ, બયહકી, શોઅબુલ ઈમાન)

★ હદીષ : (૩૩)-૨૫૩૭ ★

وَعَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «وَفْدُ اللَّهِ ثَلَاثَةٌ الْغَازِي وَالْحَاجُّ وَالْمُعْتَمِرُ» . رَوَاهُ النَّسَائِيُّ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

૧. એટલે કે ત્રણ શખ્સો અથવા ત્રણ પ્રકારના લોકો છે. પ્રતિનિધિમંડળ (વફ્દ) તે જમાઅત કહેવાય છે જે પોતાની કૌમની પ્રતિનિધિ બનીને સુલ્તાનની ખિદમતમાં અરજ રજૂઆત કરવા માટે હાજર થાય.

૨. કેમ કે એ હઝરાત અલ્લાહની રાહમાં ખૂબ જ મહેનત તથા તકલીફ ઉઠાવે છે અને તેમની દુઆઓ સર્વ મુસલમાનોને કામ આવે છે, એટલા માટે એમને વફ્દુલ્લાહ (અલ્લાહનું પ્રતિનિધિમંડળ) કહેવામાં આવ્યું, એટલે કે અલ્લાહ તઆલાની બારગાહમાં મુસલમાનો તરફથી પ્રતિનિધિ બનીને આવનારા લોકો.

હાજી પાસે ઘરમાં પ્રવેશતા પહેલાં દુઆ કરાવો

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે હાજીને મળો[૧] તો એને સલામ કરો અને તેનાથી મુસાફો કરો[૨] અને તેના ઘરમાં પ્રવેશતા પહેલાં પોતાની મગફિરતની દુઆ માટે કહો, કેમ કે તે બખ્શાયેલો છે[૩].'' (અહમદ)

★ હદીષ : (૩૪)-૨૫૩૮ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا لَقِيتَ الْحَاجَّ فَسَلِّمْ عَلَيْهِ وَصَافِحْهُ وَمُرْهُ أَنْ يَسْتَغْفِرَ لَكَ قَبْلَ أَنْ يَدْخُلَ بَيْتَهُ فَإِنَّهُ مَغْفُورٌ لَهُ» . رَوَاهُ أَحْمد

૧. એક હાજી અથવા હાજીઓની જમાઅત કે حاج બંને માટે બોલવામાં આવે છે. (અશિઅ્હ) મુરાદ તે છે જે હજ્જ કરીને પરત વતન આવ્યો. ઉમરા અથવા મદીના પાકની ઝિયારત કરનાર, ગાઝી, તાલિબે ઈલ્મ પણ આ હુકમમાં છે. (મિર્કાત) એ સૌથી દુઆ કરાવવી જોઈએ.

૨. એટલ કે કોશિશ કરો કે તમે જ સલામ તથા મુસાફાની શરૂઆત કરો. જો હાજી ગરીબ છે અને તમે અમીર છો તો તેને સલામ તથા મુસાફો કરવામાં પોતાની તૌહીન મેહસૂસ ન કરો.

૩. અને હજી તેણે કોઈ ગુનોહ નથી કર્યો કે ઘરમાં નથી પહોંચ્યો, સફર ખત્મ નથી કર્યો. જાણવા મળ્યું કે **હાજીના આવતા જતાં રસ્તામાંના ગુનાહ પણ માફ છે.** ઘરમાં આવીને ગુનાહ શરૂ થશે. એ પણ જાણવા મળ્યું કે મગફૂર (મગફેરત પામેલા) લોકોથી દુઆ કરાવવી જોઈએ, જેથી **અવલિયા અલ્લાહ તથા નાના બાળકોથી દુઆ કરાવવી જોઈએ.**

હાજી, ગાઝી, ઉમરાવાળો રસ્તામાં મરી જાય તો ?!

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ***જે હાજી અથવા ગાઝી અથવા ઉમરો કરનાર થઈને નીકળ્યો, પછી રસ્તામાં મરી ગયો[૧] તો તેના માટે ગાઝી, હાજી અને ઉમરવાળાનો સવાબ લખી દેવામાં આવ્યો[૨].*** *" (બયહકી, શોઅબુલ ઈમાન)*

★ હદીષ : (૩૫)-૨૫૩૯ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ خَرَجَ حَاجًّا أَوْ مُعْتَمِرًا أَوْ غَازِيًا ثُمَّ مَاتَ فِي طَرِيقِهِ كَتَبَ اللَّهُ لَهُ أَجْرَ الْغَازِي وَالْحَاجِّ والمعتمِرِ».رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

૧. એટલે જતાં મરી ગયો, હજ્જ અથવા ઉમરા અથવા ગઝવા ન કરી શક્યો જેવું કે આગલા લખાણથી જાહેર છે.

૨. એનું સમર્થન આ આયતથી પણ છે :–

وَمَنْ يُّهَاجِرْ فِيْ سَبِيْلِ اللّٰهِ يَجِدْ فِي الْاَرْضِ مُرٰغَمًا كَثِيْرًا وَّسَعَةً ؕ وَمَنْ يَّخْرُجْ مِنْۢ بَيْتِهٖ مُهَاجِرًا اِلَى اللّٰهِ وَ رَسُوْلِهٖ ثُمَّ يُدْرِكْهُ الْمَوْتُ فَقَدْ وَقَعَ اَجْرُهٗ عَلَى اللّٰهِ ؕ

(અને જે પોતાના ઘરેથી નીકળ્યો અલ્લાહ વ રસૂલની તરફ હિજરત કરતો, પછી તેને મોત આવી ગયું તેનો સવાબ અલ્લાહના જિમ્મા પર થઈ ગયો. –સૂરએ નિસાઅ, ૪/૧૦૦) પણ **જે હજ્જ ફર્ઝ થયા બાદ વરસો સુધી હજ્જ માટે ન ગયો, પછી ઘડપણમાં ગયો અને રસ્તામાં મરી ગયો તો તે જરૂર એ એટલુ મોઠુ કરવાનો ગુનેહગાર થયો, પણ તેનો એ હજ્જ થઈ જશે, અલ્લાહ કરીમ છે.** *(મિર્કાત)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બાબુલ એહરામ વત્તલબિયા — باب الاحرام والتلبية

એહરામ તથા તલબિયા કહેવાનુ પ્રકરણ[૧]

૧. એહરામ તથા તેહરીમ બંનેવના અર્થ છે, હુર્મતમાં અથવા હુર્મતવાળી ચીજમાં દાખલ થઈ જવું. નમાઝની પહેલી તકબીરને તેહરીમા કહે છે અને હજ્જ તથા ઉમરાની નિય્યત તથા તલબિયાને એહરામ એટલા માટે કહે છે કે તકબીરે તહરીમા કહેતાં જ મુસલમાન પર ખાવા, પીવા, બોલવાનું વગેરે હરામ થઈ ગયું. અને તે હુર્મતવાળી ચીજ એટલે નમાઝમાં દાખલ થઈ ગયો. અને હજ્જ તથા ઉમરાનો એહરામ બાંધતાં જ તેના પર શિકાર, સીવેલુ કપડુ પહેરવું, માથુ ઢાંકવું વગેરે હરામ થઈ ગયું અને તે હરામની હુર્મતવાળી જમીનમાં પ્રવેશવાને પાત્ર થઈ ગયો. એહરામ અમારા ઈમામ સાહબને ત્યાં હજ્જ તથા ઉમરામાં શર્ત છે, અમુક ઈમામોને ત્યાં રુકન છે. તલબિયાનો અર્થ છે લબ્બૈક કહેવું, જેમ કે તકબીરનો અર્થ છે અલ્લાહુ અકબર કહેવું.

એહરામની હાલતમાં ખુશ્બુ લગાડવાનો હુકમ

★ હદીષ : (૧)-૨૫૪૦ ★

عَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كُنْتُ أُطَيِّبُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِإِحْرَامِهِ قَبْلَ أَنْ يُحْرِمَ وَلِحِلِّهِ قَبْلَ أَنْ يَطُوفَ بِالْبَيْتِ بِطِيبٍ فِيهِ مِسْكٌ كَأَنِّي أَنْظُرُ إِلَى وَبِيصِ الطِّيبِ فِي مَفَارِقِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ مُحْرِمٌ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, હું રસૂલુલ્લાહ ﷺ માટે ખુશ્બુ તૈયાર કરી રહી હતી, આપના એહરામના માટે એહરામ બાંધતાં પહેલાં[૧]. અને આપને ખોલવાના માટે બયતુલ્લાહના તવાફથી પહેલાં એવુ ખુશ્બુ જેમાં મુશ્ક રહેતુ હતું[૨] જાણે રસૂલુલ્લાહ ﷺ ના સેંથામાં ખુશ્બુની ચમક એહરામની હાલતમાં જોઈ રહી છું[૩]. (મુસ્લિમ, બુખારી)''

૧. એટલે કે જ્યારે હુઝૂરે અન્વર ﷺ હજ્જ અથવા ઉમરાના એહરામનો ઈરાદો કરતા તો હું ખુશ્બુ તૈયાર રાખતી. આપ ગુસ્લ કરીને વગર સીવેલાં કપડાં પહેરીને ખુશ્બુ ઘસતા, પછી નફ્લ પઢીને તલબિયા કહેતા. આ હદીષથી જાણવા મળ્યું કે હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا હજ્જતુલ વિદાઅમાં પણ હુઝૂરે અન્વર ﷺની સાથે હતાં અને એનાથી પહેલા ઉમરામાં પણ ત્યારે જ તો ચાલુ ભૂતકાળ (Past Continuous) ફર્માવી રહ્યાં છે.

૨. બક़ ઈદના દિવસે હાજી મોટા શૈતાનની રમી કરીને અમુક હલાલ થઈ જાય છે, પછી તવાફે ઝિયારત કરીને સંપૂર્ણ હલાલ થઈ જાય છે કે તેને પોતાની પત્નીથી સોહબત પણ જાઈઝ થઈ જાય છે. ફર્માવે છે કે હું નાકિસે હિલ (અપૂર્ણ હલાલ સ્થિતિ) પર જ ખુશ્બુ હુઝૂરને લગાડી આપતી હતી, ત્યાર બાદ આપ ઝિયારત કરતા હતા.

૩. એટલે કે એહરામ બાંધતી વખતે જે ખુશ્બુ હુઝૂરે અન્વર ﷺ વાપરતા હતા તે બરાબર આપના સેંથા મુબારકમાં એહરામ (પહેર્યા) બાદ પણ બાકી રહેતી હતી. જાણે હું ખયાલોમાં હજી પણ તેને જોઈ રહી છું. એનાથી

જાણવા મળ્યું કે **એહરામની હાલતમાં ખુશ્બુ લગાડવી હરામ છે પણ એહરામના પહેલાની ખુશ્બુને બાકી રાખવું જાઈઝ છે, ચાહે ખુશ્બુના રજકણો બાકી રહે કે અસર.** આ જ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ નો મઝહબ છે અને આ હદીષ ઈમામે આ'ઝમની દલીલ છે. ઈમામ માલિક તથા શાફઈને ત્યાં પહેલી ખુશ્બુનુ બાકી રહેવું પણ હરામ છે, બલ્કે એમાં પણ ફિદિયો વાજિબ છે. આ હદીષ એમની ઉઘાડી રીતે વિરુદ્ધ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે જે એની વિરુદ્ધ ફર્માવ્યું, તો તેમને હઝરત આઈશાની આ હદીષ પહોંચી ન હતી. આ હદીષ સાંભળીને તેમણે પોતાનો ફત્વો પરત લઈ લીધો હતો. (મિર્કાત) જેથી ઈમામ શાફઈ رضی اللہ عنہ નું આ હદીષથી દલીલ કરવું દુરુસ્ત નથી. હનફી મઝહબ ખૂબ જ કવી (મજબૂત) છે.

૪. ઈમામ માલિકની દલીલ એ હદીષ છે જે બુખારી, મુસ્લિમ શરીફમાં છે કે એક શખ્સ ખુશ્બુમાં લથપથ એહરામ બાંધેલ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો તો હુઝૂરે અન્વર ﷺએ તેને ફર્માવ્યું કે ખુશ્બુ ધોઈ નાખ, તારો ઝબ્બો ઉતારી દે, પછી ઉમરાના અરકાન અદા કર. તે ફર્માવે છે, એહરામમાં ખુશ્બુ લાગેલી રહેવી એ હુઝૂરે અન્વર ﷺની વિશિષ્ટતામાંથી છે, નહીં તો તે શખ્સને ખુશ્બુ ધોવાનો હુકમ શાથી આપતા. પણ આ દલીલ કરવું કમજોર છે, કેમ કે એ શખ્સે એહરામ બાદ ખુશ્બુ લગાડી હતી. (ઈબ્ને હુમામ તથા મિર્કાત)

તલબિયાના શબ્દો

★ હદીષ : (૨)-૨૫૪૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كُنْتُ أُطَيِّبُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِإِحْرَامِهِ قَبْلَ أَنْ يُحْرِمَ وَلِحِلِّهِ قَبْلَ أَنْ يَطُوفَ بِالْبَيْتِ بِطِيبٍ فِيهِ مِسْكٌ كَأَنِّي أَنْظُرُ إِلَى وَبِيصِ الطِّيبِ فِي مَفَارِقِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ مُحْرِمٌ

"હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે, ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને વાળો ચોંટેલા તલબિયા કહેતાં સાંભળ્યા[1] કે ફર્માવતા હતા, હાજર છું, યા અલ્લાહ હાજર છું[2]. તારો કોઈ શરીક નથી, હાજર છું. યકીનન ! હમ્દ તથા નઅત તારી છે અને મુલ્ક તારો છે, તારો કોઈ શરીક નથી. આ કલમાઓમાં વધારો કરતા ન હતા[3]." (મુસ્લિમ, બુખારી)

૧. اهلال يهل થી બન્યુ. ચીસો પાડવી, શોર મચાવવો. શાબ્દિક અર્થ છે ચાંદ જોવો પણ કેમ કે ચાંદ જોતી વખતે શોર મચાવે છે કે પેલો રહ્યો ચાંદ ! એટલા માટે હવે એનો અર્થ છે, બૂમો પાડવી. تلبيد تلبيد થી બન્યુ વાળ ચીપકાવવાના અર્થમાં, કોઈ ગુંદર વગેરેથી જેથી વાળ ન ઉડે, અને તેમાં ધૂળ વગેરે ન ભળે. ઈમામ શાફઈના ત્યાં એહરામની હાલતમાં તલબીદ જાઈઝ છે. ઈમામે આ'ઝમને ત્યાં મના છે કે એ માથુ ઢાંકવાના હુકમમાં છે. આ હદીષ ઈમામ શાફઈની દલીલ છે. ઈમામે આ'ઝમને ત્યાં આ તલબીદ શાબ્દિક અર્થમાં છે એટલે બિલ્કુલ મુત્લક્ન (તદ્દન) ભેગા કરી લેવા, તેને છૂટા છવાયા ન રાખવા.

૨. لبيك (લબ્બૈક)નો તર્જુમો છે, હાજર જનાબ ! આ શબ્દ કોઈ પોકારવાવાળાના જવાબમાં બોલવામાં આવે છે. પોકારનાર હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ હતા કે તેમને કા'બાની તા'મીર (બાંધકામ) બાદ ચાર અવાજો રબ તઆલા હુકમથી આપવામાં આવ્યા હતા : عباد الله تعالوا الى بيت الله "હે અલ્લાહના બંદાઓ ! અલ્લાહના ઘરની તરફ આવો ! હાજી એહરામ બાંધીને આ પુકારનો જવાબ દેતો દેતો જાય છે, કે હાજર જનાબ ! હાજર જનાબ !" અમુકે ફર્માવ્યું કે પોકારનાર હુઝૂર ﷺ છે. અમુકે ફર્માવ્યું કે ખુદ રબ તઆલા છે. પણ પ્રથમ વાત કવી (મજબૂત) છે. (મિર્કાત)

★ પુરૂષ તથા સ્ત્રીના તલબિયામાં ફરક ★

૩. હુઝૂર ﷺ મોટાભાગનો સમય તલબિયામાં આ શબ્દોમાં વધારો કરતા ન હતા, કદીક વધારો પણ કરતા હતા. ઈમામ તહાવીને ત્યાં વધારો કરવો મકરૂહ છે આના કારણે. પણ અન્ય ઈમામોને ત્યાં વધારો જાઈઝ બલ્કે મુસ્તહબ છે. જેમ કે સહાબા તથા તાબઈન તલબિયા આ પ્રમાણે કહેતા હતા :–

لَبَّيْكَ وَسَعْدَيْكَ وَالْخَيْرُ كُلُّهُ فِي يَدَيْكَ وَالرَّغْبَاءُ إِلَيْكَ وَالْعَمَلُ لَكَ لَبَّيْكَ અને ખૂબ જ અધિક્તાઓ કરતા હતા. જેમ કે હદીષની કિતાબોમાં મૌજૂદ છે. હા ! નકલ થયેલ શબ્દોમાં કમી કરવી મકરૂહ છે. **પુરૂષે તલબિયા બુલંદ અવાજે કહેવી જોઈએ અને સ્ત્રીએ ધીમા અવાજથી.** (ભાઈઓ ! વિચારો કે તલબિયા જ્યારે ધીમા અવાજે સ્ત્રીએ કહેવી જોઈએ તો પછી બીજી વાતો કે બેપર્દા પ્રોગ્રામો ફંકશનોમાં ચીચીયારીઓ પાડતી આપણી બહેનો કેટલી ગુમરાહીભરી જિંદગી જીવી રહી છે ?! કાશ ! આપણા ભાઈઓ ! એમને સહીહ સમજ આપે અને આપણા બગડેલા માહોલને નેક બનાવવાની કોશિશ કરે. અલ્લાહ હિદાયત આપે. આમીન)–તંત્રી.

તલબિયા ક્યારે શરૂ કરે ?

★ હદીષ : (૩)-૨૫૪૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُهِلُّ مُلَبِّدًا يَقُولُ: «لَبَّيْكَ اللَّهُمَّ لَبَّيْكَ لَبَّيْكَ لَا شَرِيكَ لَكَ لَبَّيْكَ إِنَّ الْحَمْدَ وَالنِّعْمَةَ لَكَ وَالْمُلْكَ لَا شَرِيكَ لَكَ» . لَا يَزِيدُ عَلَى هَؤُلَاءِ الْكَلِمَاتِ

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ જ્યારે પોતાનો પગ મુબારક પેંગડામાં દાખલ કર્યો અને આપને લઈને આપની ઊંટણી સીધી ઉભી થઈ[૧] તો આપે ઝુલહલીફાની મસ્જિદની પાસે મોટા અવાજે તલબિયા કહી[૨].''

(મુસ્લિમ, બુખારી)[૩]

૧. એટલે કે હુઝૂર ﷺએ ઝુલ હલીફા (બીરે અલી) પહોંચીને એહરામના નફ્લ અદા કર્યા પછી મક્કા તરફ રવાનગીના માટે ક઼સ્વા ઊંટણી પર સવાર થયા. જ્યારે ઊંટણી આપને લઈને ઉભી થઈ ગઈ.

૨. આ બીજીવાર તલબિયા કહી. પ્રથમ વાર નફલ પઢતાં જ કહી હતી. કેમ કે એહરામના નફલ પઢતાં જ (સલામ ફેરવતાં જ) તલબિયા કહેવી જોઈએ. પછી વારંવાર કહેતો રહે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી. ન હદીષ એ હદીષોની વિરુદ્ધ છે જેમનામાં ફર્માવવામાં આવ્યું કે આપે નફ્લ બાદ બેઠા બેઠા તલબિયા કહી.

૩. બયહક઼ી તથા તિર્મિઝીમાં છે કે હુઝૂર ﷺએ એહરામના નફ્લ પઢતાં જ તલબિયા જ કહી. એને બયહક઼ીએ તો ઝઈફ કહ્યું પણ તિર્મિઝીએ હસન ફર્માવ્યું. અબૂ દાઉદે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી આ બંને હદીષોની તત્બીક (વર્ગીકરણ) આ પ્રમાણે રિવાયત કરી. અમુકે હુઝૂરનો નફ્લવાળો તલબિયા સાંભળ્યો, તેમણે તે રિવાયત કરી આપ્યું. અને બીજાઓએ ઊંટણી પર સવાર થતી વખતના તલબિયા સાંભળ્યો તેમણે તે રિવાયત કરી આપ્યું. બંને વખતે તલબિયા કહેવું સુન્નત છે (અઝ : મિર્ક઼ાત) ઈમામ શાફઈને ત્યાં પહેલાં તલબિયા ઊંટ પર સવાર થઈને કહે. ઈમામે આ'ઝમને ત્યાં નફ્લથી ફારિગ થતાં જ કહે છે. ઈમામ માલિક તથા ઈમામ અહમદ, ઈમામ અબૂ હનીફા رحمة الله عليهم اجمعين ની સાથે છે. એ જ અમલ બેહતર છે. (લમ્આ઼ત)

★ હદીષ : (૪)-૨૫૪૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: خَرَجْنَا مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَصْرُخُ بِالْحَجِّ صراخا. رَوَاهُ مُسلم

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે નીકળ્યા કે હજ્જનો ખૂબ શોર મચાવતા હતા[૧]." (મુસ્લિમ)

૧. કેમ કે સહાબાએ પ્રથમ કેવળ હજ્જનો એહરામ બાંધ્યો હતો, પછી તેમને હુકમ આપવામાં આવ્યો હતો કે આ એહરામમાં ઉમરા પણ સામેલ કરી લો, અને ઈફરાદને બદલે ક़िરાન કરે. આ શરૂની હાલતનું વર્ણન છે. જેથી આ હદીષ આવનારી હદીષોની વિરુદ્ધ નથી. પ્રથમ હઝરાતે તલબિયામાં કેવળ હજ્જનો ઝિક્ર કર્યો, પછી હજ્જ તથા ઉમરા બંનેનો.

★ હદીષ : (૫)-૨૫૪૪ ★

وَعَنْ أَنَسٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: كُنْتُ رَدِيفَ أَبِي طَلْحَةَ وَإِنَّهُمْ لَيَصْرُخُونَ بِهِما جَمِيعًا: الْحَج وَالْعمْرَة. رَوَاهُ الْبُخَارِيّ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હું હઝરત અબૂ તલ્હાનો રદીફ હતો[૧] તમામ સહાબા હજ્જ તથા ઉમરા બંનેનો શોર મચાવતા હતા[૨]. (બુખારી)

૧. હઝરત અબૂ તલ્હા જનાબ અનસ رضی اللہ عنہ ના સોતેલા (પાલક) પિતા છે. એક ઘોડા અથવા ઊંટ પર બે સવાર થાય તો પાછળવાળાને રદીફ કહે છે. એટલે પોતાના પિતાની પાછળ એક જ ઊંટ પર સવાર હતા.

★ ઈફરાદ તથા તમત્તુઅથી ક़िરાન અફઝલ ★

૨. એટલે ખુદ હુઝૂરે અન્વર ﷺ અને હુઝૂર ﷺ ના સહાબા તલબિયામાં હજ્જ તથા ઉમરા બંનેમાં તલબિયાનું નામ પોકારતા હતા : لبيك اللهم لبيك بالحج والعمرة એનાથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે હુઝૂર ﷺ અને આમ સહાબાએ હજ્જતુલ વિદાઅમાં ક़िરાન કર્યો. અને **ક़िરાન એ ઈફરાદ અને તમત્તુઅ બંને કરતાં અફઝલ છે.** બીજુ એ કે **ક़ારિન (ક़िરાન કરનાર) તલબિયામાં વારંવાર હજ્જ તથા ઉમરાનું નામ લે. એ જ ઈમામે આ'ઝમ અબૂ હનીફા** رضی اللہ عنہ **નો મઝહબ છે.** ઈમામ શાફઈને ત્યાં ઈફરાદ ક़िરાનથી અફઝલ છે, અને કેવળ પ્રથમ તલબિયામાં હજ્જ તથા ઉમરાનો ઝિક્ર કરે પછી નથી. આ હદીષ એમની વિરુદ્ધ છે, ઈમામે આ'ઝમની સમર્થક છે.

હાજી માટે તમામ ચીજો ક્યારે હલાલ થઈ જાય છે ?

★ હદીષ : (૬)-૨૫૪૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ قَالَتْ: خَرَجْنَا مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَامَ حَجَّةِ الْوَدَاعِ فَمِنَّا مَنْ أَهَلَّ بِعُمْرَةٍ وَمِنَّا مَنْ أَهَلَّ بِحَجٍّ وَعُمْرَةٍ وَمِنَّا مَنْ أَهَلَّ بِالْحَجِّ وَأَهَلَّ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِالْحَجِّ فَأَمَّا مَنْ أَهَلَّ بِعُمْرَةٍ فَحَلَّ وَأَمَّا مَنْ أَهَلَّ بِالْحَجِّ أَوْ جَمَعَ الْحَجَّ وَالْعُمْرَةَ فَلَمْ يَحِلُّوا حَتَّى كَانَ يَوْمُ النَّحْرِ

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે હજ્જતુલ વિદાઅના વરસે નીકળ્યાં તો અમારામાં અમુક તે હતા જેમણે કેવળ ઉમરાનો એહરામ બાંધ્યો[૧] અને અમારામાં અમુક તે હતા જેમણે કેવળ હજ્જ તથા ઉમરાનો એહરામ બાંધ્યો, અને અમુક તે હતા જેમણે કેવળ હજ્જનો એહરામ બાંધ્યો. રસૂલુલ્લાહ ﷺ એ હજ્જનો એહરામ બાંધ્યો હતો[૨] તો જેણે ઉમરાનો એહરામ બાંધ્યો હતો અથવા હજ્જ તથા ઉમરા ભેગા કર્યા હતા તે દસમી તારીખ સુધી ન ખોલે[૪]." (મુસ્લિમ, બુખારી)

૧. મિર્કાતે اَهَلَّ નો અર્થ કર્યો بَيَّنَ એટલે અમુક લોકો તલબિયામાં હજ્જનું નામ લઈ રહ્યા હતા અને અમુક ઉમરાનું અને અમુક હજ્જ તથા ઉમરા બંનેનું. પણ એહરામ સામાન્યતઃ સૌનો હજ્જ તથા ઉમરા બંનેનો હતો એટલે ક્રિરાનનો. અને બની શકે છે કે اَهَلَّ નો અર્થ એહરામ બાંધ્યો હોય. એટલે અમુક સહાબાએ કેવળ ઉમરાનો એહરામ બાંધ્યો કેમ કે તેઓ એનાથી આગલા વરસે કરી ચૂક્યા હતા અને તેમણે તમત્તુઅ કર્યો હોય.

૨. યાદ રાખશો કે અમુક રાવીઓએ હુઝૂરથી કેવળ હજ્જની, અમુકે કેવળ હજ્જ તથા ઉમરાની, હઝરત ઉમ્મુલ મો'મિનીને અહીં કેવળ હજ્જની રિવાયત કરી. કારણ એ છે કે હુઝૂરે અન્વરે ક્રિરાન કર્યો હતો જેથી આપ તલબિયામાં કદીક કેવળ હજ્જનું નામ લેતા હતા ક્યારેક કેવળ ઉમરાનું અને ક્યારેક હજ્જ ઉમરા બંનેનું, જેવો કે ક઼ારિનને અખત્યાર છે. દરેક રાવીએ જે સાંભળ્યું તેની જ રિવાયત કરી. જેથી હદીષોમાં વિરોધાભાસ નથી. જેથી આ હદીષથી એ સાબિત નથી થતુ કે હુઝૂરે અન્વર ﷺએ ઈફરાદ કર્યો હતો, જેવું કે શાફઈઓએ સમજ્યું અને ન ઈમામે આ'ઝમની વિરુદ્ધ છે.

૩. તવાફ તથા સઈ કરીને ઉમરાથી ખુલી ગયા ફરી બાદમાં હજ્જ તથા ઉમરાનો એહરામ બાંધ્યો એ દરમ્યાન હલાલ રહ્યા.

૪. એટલે કે જે હઝરાતે શરૂથી જ હજ્જ તથા ઉમરાનો એહરામ બાંધ્યો હતો તેઓ અને જેમણે કેવળ હજ્જનો એહરામ બાંધ્યો હતો બાદમાં ઉમરાને પણ એહરામમાં સામેલ કરી લીધો હતો, તો આ બંને પ્રકારના હઝરાત દસમી ઝીલ હજ્જના એહરામથી ફારિગ થયા. મોટા જમરાની રમી કરીને, સ્ત્રીઓ સિવાય તમામ ચીજો તેમને હલાલ થઈ ગઈ અને તવાફે ઝિયારત કરીને પત્નીથી સોહબત પણ હલાલ થઈ ગઈ.

'હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ હજ્જતુલ વિદાઅમાં ઉમરાનો હજ્જની સાથે તમત્તુઅ કર્યો[૧]. શરૂમાં ઉમરાનો એહરામ બાંધ્યો પછી હજ્જનો એહરામ બાંધી લીધો[૨]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૭)-૨૫૪૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمَا قَالَ: تَمَتَّعَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِي حَجَّةِ الْوَدَاعِ بِالْعُمْرَةِ إِلَى الْحَجِّ بدأَ فأهلَّ بالعمْرةِ ثمَّ أهلَّ بالحجِّ

૧. અહીં તમત્તુઅ શાબ્દિક અર્થમાં છે, એટલે એક સફરમાં હજ્જ તથા ઉમરાથી ફાયદો ઉઠાવ્યો. હુઝૂર ﷺએ ઉમરાનો એહરામ બાંધ્યો. પછી ઉમરો કરતાં પહેલાં હજ્જનો એહરામ બાંધી લીધો અને ક્રિરાન કરી લીધો. જેથી આ હદીષ અબ્દુલ્લાહ મુઝની رضی اللہ عنہની એ હદીષ વિરુદ્ધ નથી કે તેમણે ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને આ પ્રમાણે તલબિયા કહેતાં સાંભળ્યા : لَبَّيْكَ عُمْرَةً وَحَجًّا ઈમામ ઈબ્ને હઝમે એક પૂરી કિતાબ આ બારામાં લખી છે કે હુઝૂર ﷺએ ક્રિરાન કર્યો. યાદ રાખશો કે ઈમામ આ'ઝમને ત્યાં ક્રિરાન અફઝલ છે. ઈમામ શાફઈને ત્યાં ઈફરાદ બેહતર, ઈમામે અહમદને ત્યાં તમત્તુઅ અફઝલ. આ મતભેદ એના કારણે છે કે હુઝૂર ﷺએ કયો હજ્જ કર્યો. જે ઈમામને ત્યાં જે હજ્જનો ષબૂત થયો તેમણે તેને અફઝલ કહ્યો. આપણે ત્યાં હુઝૂર ﷺના ક્રિરાનનો ષબૂત છે જેથી એ જ અફઝલ છે. હનફી મઝહબ ક઼વી છે. (અઝ : મિર્ક઼ાત તથા લમ્અ઼ાત)

(વિભાગ : ૨) الفصل الثانى

★ એહરામ બાંધતી વખતે ગુસ્લ સુન્નત છે ★

★ હદીષ : (૮)-૨૫૪૭ ★

عَنْ زَيْدِ بْنِ ثَابِتٍ أَنَّهُ رَأَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تَجَرَّدَ لِإِهْلَالِهِ وَاغْتَسَلَ. رَوَاهُ التِّرْمِذِيّ والدارمي

''હઝરત ઝયદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہ થી રિવાયત છે, તેમણે નબી કરીમ ﷺ ને જોયા કે આપે એહરામના માટે કપડાં ઉતાર્યાં અને ગુસ્લ કર્યું[૧]. (દારમી, તિર્મિઝી)

૧. એટલે કે આપે સીવેલાં કપડાં ઉતારી નાખ્યાં અને ગુસ્લ કરી વિના સીવેલા કપડાં પહેર્યાં પછી નફલ પઢીને તલબિયા કહી. જાણવા મળ્યું કે એહરામના સમયે ગુસ્લ સુન્નત છે, જો કે વુઝૂ પણ જાઈઝ છે.

★ હદીષ : (૯)-૨૫૪૮ ★

وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَبَّدَ رَأْسَهُ بِالْغِسْلِ. رَوَاهُ أَبُو دَاوُد

'હઝરત ઈબ્ને ઉમરથી કે નબી કરીમ ﷺ એ એહરામના માટે પોતાના માથાના બાલ મુબારક ખતમીથી ચીપકાવ્યા[૧].''

૧. અહીં غسل ગ્યનના કસરા (ઝેર)થી છે. مَايُغْسِلُ بِهِ જેનાથી ગુસ્લ કરવામાં આવે. કેમ કે ખતમીથી નહાય છે એટલા માટે ગુસ્લ કહી દે છે. હનફીઓની નજીક આ ગુસ્લ તથા બાલ શરીફ ચીપકાવવું એહરામના સમયે ન હતું બલ્કે એહરામથી પહેલાં હતું. કેમ કે એહરામની હાલતમાં વાળ ચીપકાવવા મના છે. અમુક લોકોએ એને غسل પઢવું મધના અર્થમાં પણ એ ગલત છે.

તલબિયા ઊંચા અવાજે કહેવું સુન્નત

★ હદીષ : (૧૦)-૨૫૪૯ ★

وَعَنْ خَلَّادِ بْنِ السَّائِبِ عَنْ أَبِيهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ «أَتَانِي جِبْرِيلُ فَأَمَرَنِي أَنْ آمُرَ أَصْحَابِي أَنْ يرفعوا أصواتهم بالإِهْلالِ أَو التَّلبيَة» . رَوَاهُ مَالِكٌ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

''હઝરત ખલ્લાદ ઈબ્ને સાઈબથી રિવાયત છે. તે પોતાના પિતાથી રિવાયત કરે છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મારી પાસે જિબ્રઈલ આવ્યા, મને હુકમ પહોંચાડયો કે હું મારા સહાબાને હુકમ આપુ[૧]. કે એહરામ અથવા તલબિયા ઊંચા અવાજે કરે[૨]. (માલિક, તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)

૧. આ તર્જુમો ખૂબ જ યોગ્ય છે કે જિબ્રઈલે મને હુકમ પહોંચાડયો, ખુદ હુકમ આપ્યો નથી બલ્કે અલ્લાહનો હુકમ ક઼ાસિદ રૂપે પહોંચાડયો. કેમ કે હઝરત જિબ્રઈલ عليه السلام હુઝૂરે અન્વર ﷺ ના ખાસ ખાદિમ અને પયગામ પહોંચાડનાર છે. ખાદિમો હુકમ આપી નથી શકતા. અને હુઝૂરે અન્વર ﷺ પોતાની ઉમ્મતના નબીયે મુતાઅ (સરદાર, જેની આજ્ઞાપાલન કરવામાં આવે) છે. હુઝૂર તેમને હુકમ આપશે. એટલા માટે જિબ્રઈલે અમીન ખુદ સહાબાને એવું ન કહેતા હતા કે હું જિબ્રઈલ તમને હુકમ આપુ છું, બલ્કે હુઝૂરથી કહેવડાવતા હતા.

૨. રાવીને શક છે કે હુઝૂર ﷺ એ اهلال ફર્માવ્યું કે તલબિયા, હુઝૂર ﷺ ને શક નથી. અસ્હાબથી મુરાદ

પૂરી ઉમ્મતના પુરૂષો છે. સ્ત્રીઓએ ઉંચા અવાજે તલબિયા કહેવું મના છે. **તેણીઓ એટલા ધીમા અવાજે કહે કે ખુદ પોતાનો અવાજ સાંભળી શકે. પુરૂષ પણ એટલો ઊંચો અવાજ ન કરે કે તકલીફમાં પડી જાય બલ્કે મધ્યમ ઉંચા અવાજે કહે.** *(મિર્કાત)* આ **મોટો અવાજ સુન્નત** છે જેનો સવાબ અધિક છે, જો ધીમા અવાજે કહે તો ગુનેહગાર નથી, હા ! સવાબ ઓછો થઈ જશે.

સર્વ ઝાડ, ઢેફાં તલબિયા કહે છે !

''હઝરત સહલ ઈબ્ને સઅદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એવો કોઈ મુસલમાન નથી જે તલબિયા કહે પણ જમીનની હદ સુધી આમ તેમ એટલે ડાબે જમણેના સર્વ ઝાડ, ઢેફાં તલબિયા કહે છે[૧]. '' (તિર્મિઝી, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૧)-૨૫૫૦ ★

وَعَنْ سَهْلِ بْنِ سَعْدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَا مِنْ مُسْلِمٍ يُلَبِّي إِلَّا لَبَّى مَنْ عَنْ يَمِينِهِ وَشِمَالِهِ: مِنْ حَجَرٍ أَوْ شَجَرٍ أَوْ مَدَرٍ حَتَّى تنقطِعَ الأرضُ منْ هٰهُنا وهٰهُنا ". رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

૧. એ રીતે કે હાજીની નજીકનાં ઝાડ તથા પથ્થર અને કાંકરા તલબિયા કહે છે. એમનાથી સાંભળીને તેમની નજીકના કાંકરા, પથ્થર વગેરે, તેમનાથી સાંભળીને તેમની નજીકનાં, ત્યાં સુધી કે આખી દુનિયાના પથ્થર, કાંકરા, ઢેફાં તલબિયાનો શોર મચાવે છે. આ તલબિયા બઝાને કૃાલ છે, બઝબાને હાલ નહીં ! અલ્લાહે પથ્થર લાકડીઓમાં એહસાસ પણ આપ્યો છે, બોલાવાની ક્ષમતા (ગોયાઈ) પણ આપી છે જેના વડે તેઓ રબ તઆલાની તસ્બીહ કરે છે. રબ તઆલા ફર્માવે છે : وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا یُسَبِّحُ بِحَمْدِہٖ (અને કોઈ ચીજ નથી જે તેને દાદ આપતી તેની પાકી ન બોલે. –સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૪૪) બલ્કે બુઝુર્ગાને દીને તેમની તસ્બીહ વગેરે સાંભળી પણ છે. (મિર્કાત) (શેઅર)

نطق آب و نطق خاک و نطق گل — ہست محسوس حواس اہل دل

فلسفی کو منکر حنانہ است — از حواس اولیاء بیگانہ است

આ શબ્દોથી જાણવા મળે છે કે હુઝૂર ﷺ એ ચીજોનું તલબિયા કહેવું સાંભળતા હતા.

એહરામ વખતે નફ્લ સુન્નત છે

'હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ઝુલ હલીફામાં બે રકાત નફ્લ પઢતા હતા[૧] પછી જ્યારે ઝુલ હલીફા મસ્જિદ પાસે આપની ઊંટણી આપને લઈને સીધી ઉભી થઈ જતી તો આ કલમા વડે તલબિયા કહેતા કે, ફર્માવતા[૨]: હાજર છું હું હે અલ્લાહ ! હાજર છું, હાજર છું, ખિદમતમાં હાજર છું અને સર્વ ભલાઈ તારા કબજામાં છે[૩] હાજર છું. આકર્ષણ તથા અમલો તારા માટે છે[૪] (મુસ્લિમ, બુખારી) અને શબ્દ મુસ્લિમના છે[૫]. ''

★ હદીષ : (૧૨)-૨૫૫૧ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَرْكَعُ بِذِي الْحُلَيْفَةِ رَكْعَتَيْنِ ثُمَّ إِذَا اسْتَوَتْ بِهِ النَّاقَةُ قَائِمَةً عِنْدَ مَسْجِدِ ذِي الْحُلَيْفَةِ أَهَلَّ بِهَؤُلَاءِ الْكَلِمَاتِ وَيَقُولُ: «لَبَّيْكَ اللَّهُمَّ لَبَّيْكَ لَبَّيْكَ وَسَعْدَيْكَ وَالْخَيْرُ فِي يَدَيْكَ لَبَّيْكَ وَالرَّغْبَاءُ إِلَيْكَ وَالْعَمَل» . مُتَّفق عَلَيْهِ وَلَفظه لمُسلم

૧. એહરામના બે નફ્લ જેના પહેલી રકાતમાં સૂરએ કાફિરૂન, બીજામાં કુલ હુવલ્લાહ. લગભગ ગુસ્લ તથા કપડાં ઘરે જ બદલી લેતા હતા. જાહેર એ જ છે.

૨. પહેલીવાર તો નફ્લ પઢતાં જ કહેતા હતા, પછી ઉંટણી પર સવાર થઈને. જેવું કે પહેલાં વર્ણવવામાં આવ્યું. લગભગ હઝરત ઈબ્ને ઉમરે એ જ તલબિયા જેવું કે પહેલાં વર્ણવવામાં આવ્યું રિવાયત કરી, જેથી આ હદીષ તે હદીષોની વિરુદ્ધ નથી જેમનામાં છે કે હુઝૂર અન્વર ﷺ નફલ્ પછી જ તલબિયા કહેતા હતા.

૩. જો કે સર્વ ભલાઈ તથા બુરાઈ અલ્લાહના જ કબજામાં છે, તેના ઈરાદાથી છે, પણ અદબ એ છે કે બંદો ભલાઈને રબની તરફ અને બુરાઈને પોતાની તરફ નિસ્બત કરે.

૪. એટલે કે દરેક હાલતમાં તારી તરફ આકર્ષિત અને તારાથી રાજી છું અને મારી નેકીઓ તારા કબજામાં જ છે, કબૂલ કરે કે ન કરે તું માલિક છે !

૫. નિસાઈ શરીફમાં છે કે નબી કરીમ ﷺએ ઝોહરની નમાઝ એટલે કસર પઢી પછી ઊંટણી પર સવાર થયા અને તલબિયા કહી. એના આધાર પર અમુક ઉલમાએ ફર્માવ્યું કે ફર્ઝ નમાઝ બાદ એહરામ બાંધે. પણ જમહૂર (બહુમતિ) ઉલમાનું ફર્માન છે કે એહરામના માટે મુસ્તકિલ (અલગ) નફલ પઢે એ જ બેહતર છે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે હુઝૂર ﷺની આ રકાતો ફજરની નમાઝની હતી, પણ હક્ક એ જ છે કે નફ્લ નમાઝ હતી. *(મિર્કાત)*

★ હદીષ : (૧૩)-૨૫૫૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عِمَارَةَ بْنِ خُزَيْمَةَ بْنِ ثَابِتٍ عَنْ أَبِيهِ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ كَانَ إِذَا فَرَغَ مِنْ تَلْبِيَتِهِ سَأَلَ اللَّهَ رِضْوَانَهُ وَالْجَنَّةَ وَاسْتَعْفَاهُ بِرَحْمَتِهِ مِنَ النَّارِ. رَوَاهُ الشَّافِعِي

"હઝરત અમ્મારા ઈબ્ને ખુઝૈમા ઈબ્ને ષાબિતથી રિવાયત છે, તે પોતાના પિતાથી[૧] તે નબી કરીમ ﷺથી રિવાયત કરે છે કે આપ જ્યારે તલબિયાથી ફારિગ થતા તો અલ્લાહથી તેની રઝા અને જન્નત માગતા અને તેની રહમતના વસીલાથી આગથી પનાહ માગતા હતા[૨]." (શાફઈ)

૧. અમ્મારા તાબઈ છે તેમના પિતા ખુઝૈમા ઈબ્ને ષાબિત મશહૂર સહાબી છે. તેમની જ ગવાહી હુઝૂર ﷺએ બે ગવાહીઓ બરાબર ઠરાવી હતી. આપ જંગે સિફ્ફીનમાં હઝરત અલીની સાથે હતા. એ જ જંગમાં શહીદ થયા. *(મિર્કાત)*

૨. એટલે કે હુઝૂરે અન્વર ﷺ તલબિયાના શબ્દો અદા કરીને પછી આ દુઆ ધીરેથી માગતા હતા. એટલા માટે ઉલમા ફર્માવે છે કે હાજી તલબિયા કહીને ધીરા અવાજે દુરૂદ શરીફ પઢે, પછી આ દુઆ માગે અને દરેક વખતે ત્રણવાર તલબિયા કહે, સતત કહે જેમાં વચ્ચે દુનિયવી વાત ન કરે. તલબિયા કહેનારાને કોઈ સલામ પણ ન કરે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૪)-૨૫૫૩ ★

عَنْ جَابِرٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا أَرَادَ الْحَجَّ أَذَّنَ فِي النَّاسِ فَاجْتَمَعُوا فَلَمَّا أَتَى الْبَيْدَاءَ أَحْرَمَ. رَوَاهُ الْبُخَارِيّ

'હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ જ્યારે હજ્જનો ઈરાદો કર્યો તો લોકોમાં એલાન કર્યું[૧] પછી લોકો જમા થઈ ગયા, પછી જ્યારે મેદાનમાં પહોંચ્યા તો એહરામ બાંધ્યો[૨]." (બુખારી)

હજમાં જતી વેળા એલાન કરવું અફઝલ

૧. આખા અરબમાં પોતાના હજ્જનું એલાન કર્યું કે અમે ફલાણી તારીખે મદીના મુનવ્વરાથી રવાના થઈ રહ્યા છીએ. એનાથી જાણવા મળ્યું કે હજ્જ તે ઈબાદત છે જેનું એલાન કરવું અફઝલ છે જેથી બીજાઓને પણ શોખ થાય

અને લોકો આવીને એનાથી દુઆ વગેરે કરાવી લે. હરમૈન શરીફૈન તોહફા, સદકા, દાણા તેની મારફતે મોકલી આપે. આજકાલ જે રિવાજ છે કે હાજીને જુલૂસના સ્વરૂપમાં સ્ટેશન પહોંચાડવા જાય છે, ગળામાં હારફૂલ નાખે છે એ સર્વ કામોનો માખઝ આ હદીષ છે કે એ સૌ એલાનની રીતો છે.

૨. આમ તો બયદા દરેક મેદાનને કહે છે પણ અહીં ઝુલ હલીફાનું ખાસ મેદાન છે. એહરામનો અર્થ છે, હુઝૂર ﷺએ અહીં પોતાના એહરામને પ્રદર્શિત કર્યું, નહીં તો અસલ એહરામ તો ઝુલ હલીફામાં બંધાય ચૂક્યું હતું, જેવું કે પાછલી રિવાયતોમાં આવી ગયું.

મુશ્રિકોના તલબિયાના શબ્દો

'હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે મુશ્રિકો કહેતા હતા, હાજર છું તારો કોઈ શરીક નથી. તો રસૂલુલ્લાહ ﷺ ફર્માવતા હતા, તમને ખરાબી થાય ! બસ કરો ! બસ કરો ![૧] પણ તારો એક શરીક છે કે તું એનો તથા તેની મિલ્કતનો માલિક છે[૨] એવું કહેતા જતા હતા અને બયતુલ્લાહનો તવાફ કરતા હતા. (મુસ્લિમ)

★ હદીષ : (૧૫)-૨૫૫૪ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ الْمُشْرِكُونَ يَقُولُونَ: لَبَّيْكَ لَا شَرِيكَ لَكَ فَيَقُولُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «وَيْلَكُمْ قَدْ قَدْ» إِلَّا شَرِيكًا هُوَ لَكَ تَمْلِكُهُ وَمَا مَلَكَ. يَقُولُونَ هَذَا وَهُمْ يَطُوفُونَ بِالْبَيْتِ. رَوَاهُ مُسْلِمٌ

૧. એટલે કે મુશ્રિકો જ્યારે لاشريك لك પર પહોંચતા તો સરકાર ﷺ કહેતા, બસ આના પર રહો (અટકો) અને આગળ શિર્કવાળા શબ્દ ન બોલો, એટલા الاشريكا ન કહો. પણ તેઓ બાજ આવતા (રોકાતા) ન હતા.

૨. એક શરીક (ભાગીદાર)થી મુરાદ એક પ્રકારનો શરીક છે, એનાથી તેઓ પોતાનાં સર્વ બુતો (મૂર્તિઓ) મુરાદ લેતા હતા. એ બુતોને તેઓ ખુદાના બંદા પણ માનતા હતા, એની માલિકીમાં પણ માનતા હતા, વળી ખુદાની બરાબર પણ અને સમાન પણ ! રબ તઆલા ફર્માવે છે : اِذْ نُسَوِّيْكُمْ بِرَبِّ الْعٰلَمِيْنَ۝۹۸ (જ્યારે કે તમને રબ્બુલ આલમીનના બરાબર ઠરાવતા હતા. સૂરએ શુરા, ૨૬/૯૮) જાણે કે એ મૂર્તિઓ એમના અકીદામાં પાર્લામેન્ટના મેમ્બર હતા કે રબ તઆલા તેમની મદદ વિના એક દુનિયાની વ્યવસ્થા ચલાવી શક્તો જ નથી ! અને અમુક મુશ્રિકો ફરિશ્તાઓને રબની બેટીઓ (પુત્રીઓ) માનતા હતા. જેથી હદીષ પર એ વાંધો નથી કે જ્યારે તેઓ મૂર્તિઓને રબના બંદા અને તેની માલિકીમાં માનતા હતા તો પછી મુશ્રિક શાથી હતા ? કોઈ મુસલમાન કોઈ નબી વલીને રબની પાર્લામેન્ટનો ન મેમ્બર માને છે, ન રબની ઔલાદ, બલ્કે કહે છે : عبدہ ورسولہ એની તેહકીક અમારી કિતાબ ''ઈલ્મુલ કુર્આન''માં જુઓ.

બાબો ક़िસ્સા હજ્જતુલ વિદાઅ باب قصة حجة الوداع

વિદાઈ હજ્જના ક़िસ્સા વિશે[૧]

(વિભાગ : ૧) الفصل الاول

૧. دع, વાવના ફતહ કે કસરાથી (ઝબર કે ઝેરથી) રુખસદના અર્થમાં છે. હુઝૂરે અન્વર ﷺએ હજ્જે ઈસ્લામ કેવળ એક આ જ કર્યો છે. જે હિ.સ. ૧૦માં થયો. કેમ કે હુઝૂર ﷺએ એ હજ્જમાં લોકોને વિદાય કરતી વાતો કહી હતી અને પોતાની વફાત શરીફની ખબર આપી એટલા માટે એને હજ્જતુલ વિદાઅ કહે છે. હજ્જતુલ વિદાઅનો વિગતવાર બનાવ હઝરત જાબિરથી જ મરવી છે. ઈમામ મુહમ્મદ બાક़िરે પણ હઝરત જાબિરથી હદીષો અને હજ્જતુલ વિદાઅનો બનાવ રિવાયત કર્યો. હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું હતું કે, હે જાબિર ! મારા અહલે બયતમાંથી એક શખ્સ તમારાથી ઈલ્મ લેશે. (અશિઅ્હ)

★ હદીષ : (૧)-૨૫૫૫ ★

عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللَّهِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَكَثَ بِالْمَدِينَةِ تِسْعَ سِنِينَ لَمْ يَحُجَّ ثُمَّ أَذَّنَ فِي النَّاسِ بِالْحَجِّ فِي الْعَاشِرَةِ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حَاجٌّ فَقَدِمَ الْمَدِينَةَ بَشَرٌ كَثِيرٌ فَخَرَجْنَا مَعَهُ حَتَّى إِذَا أَتَيْنَا ذَا الْحُلَيْفَةِ فَوَلَدَتْ أَسْمَاءُ بِنْتُ عُمَيْسٍ مُحَمَّدَ بْنَ أَبِي بَكْرٍ فَأَرْسَلَتْ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: كَيْفَ أَصنعُ؟ قَالَ: «اغتسلي واستثفري بِثَوْبٍ وَأَحْرِمِي» فَصَلَّى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْمَسْجِدِ ثُمَّ رَكِبَ الْقَصْوَاءَ حَتَّى إِذَا اسْتَوَتْ بِهِ نَاقَتُهُ عَلَى الْبَيْدَاءِ أَهَلَّ بِالتَّوْحِيدِ «لَبَّيْكَ اللَّهُمَّ لَبَّيْكَ لَبَّيْكَ لَا شَرِيكَ لَكَ لَبَّيْكَ إِنَّ الْحَمْدَ وَالنِّعْمَةَ لَكَ وَالْمُلْكَ لَا شَرِيكَ لَكَ» . قَالَ جَابِرٌ: لَسْنَا نَنْوِي إِلَّا الْحَجَّ لَسْنَا نَعْرِفُ الْعُمْرَةَ حَتَّى إِذَا أَتَيْنَا الْبَيْتَ مَعَهُ اسْتَلَمَ الرُّكْنَ فَطَافَ سَبْعًا فَرَمَلَ ثَلَاثًا وَمَشَى أَرْبَعًا ثُمَّ تَقَدَّمَ إِلَى مَقَامِ إِبْرَاهِيمَ فَقَرَأَ: (وَاتَّخِذُوا مِنْ مَقَامِ إبراهيمَ مُصَلًّى)فَصَلَّى رَكْعَتَيْنِ فَجَعَلَ الْمَقَامَ بَيْنَهُ وَبَيْنَ الْبَيْتِ وَفِي رِوَايَةٍ: أَنَّهُ قَرَأَ فِي الرَّكْعَتَيْنِ: (قُلْ هوَ اللَّهُ أَحَدٌ و (قُلْ يَا أَيُّها الكافِرونَ)ثُمَّ رَجَعَ إِلَى الرُّكْنِ فَاسْتَلَمَهُ ثُمَّ خَرَجَ مِنَ الْبَابِ إِلَى الصَّفَا فَلَمَّا دَنَا مِنَ الصَّفَا قَرَأَ: (إِنَّ

'હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضي الله عنه થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ નવ વરસ મદીનાપાકમાં મુક़ીમ રહ્યા કે હજ્જ ન કર્યો[૧]. પછી દસમા વરસે લોકોમાં હજ્જનું એલાન કરવામાં આવ્યું કે રસૂલુલ્લાહ ﷺ હજ્જ માટે તશરીફ લઈ જવાના છે. જેથી ઘણા બધા લોકો મદીના પાકમાં આવી ગયા[૨] અમે આપની સાથે નીકળ્યા[૩] ત્યાં સુધી કે જ્યારે ઝુલ હલીફામાં પહોંચ્યા તો હઝરત અસ્મા બિન્તે ઉમૈસને ત્યાં મુહમ્મદ ઈબ્ને અબૂબકર સિદ્દીક़ પેદા થયા[૪] એ બીબીએ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં કહેવડાવ્યું, હવે હું શું કરું ?[૫] ફર્માવ્યું, નહાય લો અને કોઈ કપડુ બાંધી લો અને એહરામ બાંધી લો[૬] પછી રસૂલુલ્લાહ ﷺએ મસ્જિદમાં નમાઝ અદા કરી પછી ક़સ્વા ઊંટણી પર સવાર થયા[૭] ત્યાં સુધી કે જ્યારે ઊંટણી આપને લઈને મેદાનમાં સીધી ઉભી થઈ તો હુઝૂરે કલમએ તૌહીદ બુલંદ અવાજે પુકાર્યો[૮] હાજર છું ! ઈલાહી ! હું હાજર છું ! તારો કોઈ શરીક નથી હું હાજર છું ![૯] બેશક ! પ્રશંસા, નેઅમત, માલિકી તારાં છે, તારો કોઈ શરીક નથી. હઝરત જાબિર કહે છે કે અમે કેવળ હજ્જની જ નિય્યતથી હતા, ઉમરાને જાણતા પણ ન હતા[૧૦]. ત્યાં સુધી કે જ્યારે અમે કા'બા શરીફમાં હુઝૂરે અન્વર ﷺની સાથે પહોંચ્યા [૧૧] તો હુઝૂરે રુકનને બોસો આપ્યો પછી સાત ફેરા તવાફ કર્યો, જેમાં ત્રણ ચક્કરોમાં રમલ કર્યો અને ચારમાં સામાન્ય ચાલ ચાલ્યા[૧૨] પછી મક़ામે ઈબ્રાહીમ પર તશરીફ લાવ્યા

الصَّفَا وَالْمَرْوَةَ مِنْ شعائِرِ اللَّهِ)أَبْدَأُ بِمَا بَدَأَ اللَّهُ بِهِ فَبَدَأَ بالصَّفَا فَرَقِيَ عَلَيْهِ حَتَّى رَأَى الْبَيْتَ فَاسْتَقْبَلَ الْقِبْلَةَ فَوَحَّدَ اللَّهَ وَكَبَّرَهُ وَقَالَ: «لَا إِلَهَ إِلَّا اللَّهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلَى كُلِّ شَيْءٍ قَدِيرٌ لَا إِلَهَ إِلَّا اللَّهُ وَحْدَهُ أَنْجَزَ وَعْدَهُ وَنَصَرَ عَبْدَهُ وَهَزَمَ الْأَحْزَابَ وَحْدَهُ» . ثُمَّ دَعَا بَيْنَ ذَلِكَ قَالَ مِثْلَ هَذَا ثَلَاثَ مَرَّاتٍ ثُمَّ نَزَلَ وَمَشَى إِلَى الْمَرْوَةِ حَتَّى انْصَبَّتْ قَدَمَاهُ فِي بَطْنِ الْوَادِي ثُمَّ سَعَى حَتَّى إِذَا صَعِدْنَا مَشَى حَتَّى أَتَى الْمَرْوَةَ فَفَعَلَ عَلَى الْمَرْوَةِ كَمَا فَعَلَ عَلَى الصَّفَا حَتَّى إِذَا كَانَ آخِرُ طَوَافٍ عَلَى الْمَرْوَةِ نَادَى وَهُوَ عَلَى الْمَرْوَةِ وَالنَّاسُ تَحْتَهُ فَقَالَ: «لَوْ أَنِّي اسْتَقْبَلْتُ مِنْ أَمْرِي مَا اسْتَدْبَرْتُ لَمْ أسق الهَدْيَ وجعلتُها عُمْرةً فمنْ كانَ مِنْكُم لَيْسَ مَعَهُ هَدْيٌ فَلْيَحِلَّ وَلْيَجْعَلْهَا عُمْرَةً» . فَقَامَ سُرَاقَةُ بْنُ مَالِكِ بْنِ جُعْشُمٍ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ أَلِعَامِنَا هَذَا أَمْ لِأَبَدٍ؟ فَشَبَّكَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَصَابِعَهُ وَاحِدَةً فِي الْأُخْرَى وَقَالَ: «دَخَلَتِ الْعُمْرَةُ فِي الْحَجِّ مَرَّتَيْنِ لَا بَلْ لِأَبَدِ أَبَدٍ» . وَقَدِمَ عَلِيٌّ مِنَ الْيَمَنِ بِبُدْنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لَهُ: «مَاذَا قُلْتَ حِينَ فَرَضْتَ الْحَجَّ؟» قَالَ: قُلْتُ: اللهُمَّ إِنِّي أُهِلُّ بِمَا أهلَّ بِهِ رسولُكَ قَالَ: «فَإِنَّ مَعِي الْهَدْيَ فَلَا تَحِلَّ» . قَالَ: فَكَانَ جَمَاعَةُ الْهَدْيِ الَّذِي قَدِمَ بِهِ عَلِيٌّ مِنَ الْيَمَنِ وَالَّذِي أَتَى بِهِ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِائَةً قَالَ: فَحَلَّ النَّاسُ كُلُّهُمْ وَقَصَّرُوا إِلَّا النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم وَمن كَانَ مَعَه من هدي فَمَا كَانَ يَوْمُ التَّرْوِيَةِ تَوَجَّهُوا إِلَى مِنًى فَأَهَلُّوا بِالْحَجِّ وَرَكِبَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَصَلَّى بِهَا الظُّهْرَ وَالْعَصْرَ وَالْمَغْرِبَ وَالْعِشَاءَ وَالْفَجْرَ ثُمَّ مَكَثَ قَلِيلًا حَتَّى طَلَعَتِ الشَّمْسُ وَأَمَرَ بِقُبَّةٍ مِنْ شَعَرٍ تُضْرَبُ لَهُ بِنَمِرَةَ فَسَارَ رَسُولُ اللَّهِ

તો આ આયત તિલાવત કરી કે મક़ામે ઈબ્રાહીમને નમાઝની જગા બનાવો. પછી બે રકાતો એ રીતે પઢી કે મક़ામને પોતાના અને બયતુલ્લાહની વચ્ચે કરી લીધો[૧૩] એક અન્ય રિવાયતમાં છે કે આપે એ બંનેવ રકાતોમાં قل هو الله احد *અને* قل يا ايها الكافرون *પઢી[૧૪] પછી રુકને અસ્વદની તરફ પરત થયા, તેને ચૂમ્યો, પછી દરવાજાથી સફા પહાડની તરફ તશરીફ લઈ ગયા. જ્યારે સફાની નજીક થયા તો આ આયત તિલાવત કરી કે સફા તથા મરવા અલ્લાહની દીની નિશાનીઓમાંથી છે. અમે એનાથી શરૂઆત કરીશું જેનાથી રબે શરૂઆત કરી. જેથી આપે સફાથી સઈ શરૂ કરી[૧૫] એના પર ચઢયા, ત્યાં સુધી કે કા'બા મોઅઝ્ઝમાને જોઈ લીધો તો કા'બા તરફ મોં કર્યું, અલ્લાહની તૌહીદ તથા તકબીર વર્ણવી[૧૬] અને ફ઼ર્માવ્યું, અલ્લાહ તઆલા સિવાય કોઈ મઅબૂદ નથી, તેનો કોઈ શરીક નથી, તેનો જ મુલ્ક છે, તેની જ તારીફ઼ છે, તે દરેક ચીજ પર ક़ાદિર છે[૧૭] અલ્લાહ એકલા સિવાય કોઈ મઅબૂદ નથી, જેણે પોતાનો વાયદો પૂરી કરી આપ્યો, પોતાના બંદાની મદદ કરી. તે એકલાએ અહઝાબને ભગાડયા[૧૮] પછી એ ઝિક્રોની વચ્ચે દુઆ માગી[૧૯] ત્રણ વાર એવું ફ઼ર્માવ્યું[૨૦] પછી ઉતર્યા, પછી મરવાની તરફ ચાલ્યા ત્યાં સુધી કે બતને વાદી (મેદાનના મધ્યમમાં) આપના ક़દમ શરીફ઼ બરાબર સીધા થઈ ગયા[૨૧] પછી દોડયા ત્યાં સુધી કે જ્યારે આપના ક़દમ ચઢવા લાગ્યા. તો સામાન્ય ચાલ ચાલ્યા[૨૨] ત્યાં સુધી કે મરવા પહોંચ્યા. પછી મરવા પર તે જ કર્યું જેવું સફા પર કર્યું હતું[૨૩] ત્યાં સુધી કે જ્યારે મરવા પર છેલ્લો ચક્કર થયો તો આપે અવાજ આપ્યો, જો કે આપ મરવા પર હતા અને લોકો આપનાથી નીચે, તો ફ઼ર્માવ્યું, જો આપણે આ કામનો પહેલાથી ખયાલ કરતા જેનો બાદમાં ખયાલ આવ્યો તો આપણે હદી ન લાવતા અને એને ઉમરો ઠરાવત[૨૪] જેથી તમારામાંથી જેની પાસે હદી ન હોય તે એહરામ ખોલી દે અને આને ઉમરો બનાવી લે[૨૫] ત્યારે હઝરત સુરાકા ઈબ્ને માલિક બિન જુઅ્શુમ ઉભા થઈને બોલ્યા, યા રસૂલલ્લાહ ! આ હુકમ અમારા આ જ વરસના માટે છે કે હમેશાંના માટે ?[૨૬] તો રસૂલુલ્લાહ*

صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَلَا تَشُكُّ قُرَيْشٌ إِلَّا أَنَّهُ وَاقِفٌ عِنْدَ الْمَشْعَرِ الْحَرَامِ كَمَا كَانَتْ قُرَيْشٌ تَصْنَعُ فِي الْجَاهِلِيَّةِ فَأَجَاز رَسُول الله صلى حَتَّى أَتَى عَرَفَةَ فَوَجَدَ الْقُبَّةَ قَدْ ضُرِبَتْ لَهُ بِنَمِرَةَ فَنَزَلَ بِهَا حَتَّى إِذَا زَاغَتِ الشَّمْسُ أَمَرَ بِالْقَصْوَاءِ فَرُحِلَتْ لَهُ فَأَتَى بَطْنَ الْوَادِي فَخَطَبَ النَّاسَ وَقَالَ: «إِنَّ دِمَاءَكُمْ وَأَمْوَالَكُمْ حَرَامٌ عَلَيْكُمْ كَحُرْمَةِ يَوْمِكُمْ هَذَا فِي شَهْرِكُمْ هَذَا فِي بَلَدِكُمْ هَذَا أَلَا كُلُّ شَيْءٍ مِنْ أَمْرِ الْجَاهِلِيَّةِ تَحْتَ قَدَمَيَّ مَوْضُوعٌ وَدِمَاءُ الْجَاهِلِيَّةِ مَوْضُوعَةٌ وَإِنَّ أَوَّلَ دَمٍ أَضَعُ مِنْ دِمَائِنَا دَمُ ابْنِ رَبِيعَةَ بْنِ الْحَارِثِ وَكَانَ مُسْتَرْضَعًا فِي بَنِي سَعْدٍ فَقَتَلَهُ هُذَيْلٌ وَرِبَا الْجَاهِلِيَّةِ مَوْضُوعٌ وَأَوَّلُ رِبًا أَضَعُ مِنْ رِبَانَا رِبَا عَبَّاسِ بْنِ عَبْدِ الْمُطَّلِبِ فَإِنَّهُ مَوْضُوعٌ كُلُّهُ فَاتَّقُوا اللَّهَ فِي النِّسَاءِ فَإِنَّكُمْ أَخَذْتُمُوهُنَّ بِأَمَانِ اللَّهِ وَاسْتَحْلَلْتُمْ فُرُوجَهُنَّ بِكَلِمَةِ اللَّهِ وَلَكُمْ عَلَيْهِنَّ أَنْ لَا يُوطِئْنَ فُرُشَكُمْ أَحَدًا تَكْرَهُونَهُ فَإِنْ فَعَلْنَ ذَلِكَ فَاضْرِبُوهُنَّ ضَرْبًا غَيْرَ مُبَرِّحٍ وَلَهُنَّ عَلَيْكُمْ رِزْقُهُنَّ وَكِسْوَتُهُنَّ بِالْمَعْرُوفِ وَقَدْ تَرَكْتُ فِيكُمْ مَا لَنْ تَضِلُّوا بَعْدَهُ إِنِ اعْتَصَمْتُمْ بِهِ كِتَابَ اللَّهِ وَأَنْتُمْ تُسْأَلُونَ عَنِّي فَمَا أَنْتُمْ قَائِلُونَ؟» قَالُوا: نَشْهَدُ أَنَّكَ قَدْ بَلَّغْتَ وَأَدَّيْتَ وَنَصَحْتَ. فَقَالَ بِإِصْبَعِهِ السَّبَّابَةِ يَرْفَعُهَا إِلَى السَّمَاءِ وَيَنْكُتُهَا إِلَى النَّاسِ: «اللَّهُمَّ اشْهَدْ اللَّهُمَّ اشْهَدْ» ثَلَاثَ مَرَّاتٍ ثُمَّ أَذَّنَ بِلَالٌ ثُمَّ أَقَامَ فَصَلَّى الظُّهْرَ ثُمَّ أَقَامَ فَصَلَّى الْعَصْرَ وَلَمْ يُصَلِّ بَيْنَهُمَا شَيْئًا ثُمَّ رَكِبَ حَتَّى أَتَى الْمَوْقِفَ فَجَعَلَ بَطْنَ نَاقَتِهِ الْقَصْوَاءِ إِلَى الصَّخَرَاتِ وَجَعَلَ حَبْلَ الْمُشَاةِ بَيْنَ يَدَيْهِ وَاسْتَقْبَلَ الْقِبْلَةَ فَلَمْ يَزَلْ وَاقِفًا حَتَّى غَرَبَتِ الشَّمْسُ وَذَهَبَتِ الصُّفْرَةُ قَلِيلًا حَتَّى غَابَ الْقُرْصُ وَأَرْدَفَ أُسَامَةَ وَدَفَعَ حَتَّى أَتَى الْمُزْدَلِفَةَ فَصَلَّى بِهَا الْمَغْرِبَ وَالْعَشَاءَ بِأَذَانٍ وَاحِدٍ وَإِقَامَتَيْنِ وَلَمْ يُسَبِّحْ بَيْنَهُمَا

ﷺ *એ પોતાની એક હાથની આંગળીઓ બીજા હાથની આંગળીઓમાં દાખલ કરી અને બીજીવાર ફ઼ર્માવ્યું, ઉમરો હજ્જમાં દાખલ થઈ ગયો, આ હુકમ હમેશાં હમેશાંના માટે છે*[૨૭] *જનાબ અલી યમનથી નબી કરીમ* ﷺ *ની હદીનાં ઊંટ લઈને આવ્યા*[૨૮] *તો તેમને હુઝૂરે પૂછ્યું કે જ્યારે તમે હજ્જની નિય્યત કરી તો શું કહ્યું હતું ? અર્ઝ કરી, મેં કહ્યું હતું, ઈલાહી ! હું એનો એહરામ બાંધું છું જેનો એહરામ તારા રસૂલે બાંધ્યો*[૨૯] *ફ઼ર્માવ્યું, મારી સાથે તો હદી છે જેથી તમે હલાલ ન થશો*[૩૦] *રાવી કહે છે, સમૂહ એ હદીઓનો જે જનાબે અલી યમનથી લાવ્યા અને જે નબી કરીમ* ﷺ *લાવ્યા કુલ સો હતો*[૩૧] *ફ઼ર્માવે છે કે પછી સર્વ લોકો હલાલ થઈ ગયા અને વાળ કપાવી લીધા*[૩૨] *સિવાય નબી કરીમ* ﷺ *અને તે હઝરાતના જેમની સાથે હદીનું જાનવર હતું*[૩૩] *પછી જ્યારે ૮મી બક઼ ઈદ થઈ તો લોકોએ મિનાની વાટ પકડી ત્યારે હજ્જનો એહરામ બાંધ્યો*[૩૪] *નબી કરીમ* ﷺ *સવાર થયા તો મિનામાં ઝોહર, અસર, મગરિબ, ઈશા પઢી*[૩૫] *પછી થોડા રોકાયા ત્યાં સુધી કે સૂરજ નીકળી આવે. અને હુઝૂરે હુકમ આપ્યો હતો તો નમરામાં હુઝૂરના માટે ઊની તંબુ લગાડી દેવામાં આવ્યો હતો*[૩૬] *જેમ કે રસૂલુલ્લાહ ચાલતા રહ્યા. કુરેશને એમાં શંકાકુશંકા ન હતી કે આપ મશ્અરે હરામની પાસે કયામ કરશે. રોકાય જશે*[૩૭]*. જેવું કે ઈસ્લામથી પહેલાં કુરેશ કરતા હતા*[૩૮] *પણ રસૂલુલ્લાહ* ﷺ *ત્યાંથી આગળ વધી ગયા ત્યાં સુધી કે અરફ઼ા પહોંચી ગયા તો આપે નમરા સ્થળે તંબુ લગાડેલો પામ્યો ત્યાં જ ઉતરી પડયા*[૩૯]*. ત્યાં સુધી કે સૂરજ ઢળી ગયો તો કસ્વા ઊંટણીનો હુકમ આપ્યો, તેને કાઠલો બાંધી દેવામાં આવ્યો આપ મેદાનના મધ્યમાં તશરીફ઼ લાવ્યા*[૪૦] *લોકોને ખુત્બો આપ્યો અને ફ઼ર્માવ્યું કે તમારા લોહી, તમારા આપસના માલ તમારા પર એ જ પ્રમાણે હરામ છે જેવી રીતે તમારા આ દિવસની, આ મહીનાની તથા આ શહેરમાં હુર્મત*[૪૧] *ખબરદાર રહો ! જાહિલિયતના જમાનાની સર્વ રસમો મારા પગો નીચે કચડી કાઢવામાં આવી*[૪૨] *અને જાહિલિયતના જમાનાનાં ખૂન ખત્મ કરી દેવામાં*

شَيْئًا ثُمَّ اضْطَجَعَ حَتَّى طَلَعَ الْفَجْرُ فَصَلَّى الْفَجْرَ حِينَ تَبَيَّنَ لَهُ الصُّبْحُ بِأَذَانٍ وَإِقَامَةٍ ثُمَّ رَكِبَ الْقَصْوَاءَ حَتَّى أَتَى الْمَشْعَرَ الْحَرَامَ فَاسْتَقْبَلَ الْقِبْلَةَ فَدَعَاهُ وَكَبَّرَهُ وَهَلَّلَهُ وَوَحَّدَهُ فَلَمْ يَزَلْ وَاقِفًا حَتَّى أَسْفَرَ جِدًّا فَدَفَعَ قَبْلَ أَنْ تَطْلُعَ الشَّمْسُ وَأَرْدَفَ الْفَضْلَ بْنَ عَبَّاسٍ حَتَّى أَتَى بَطْنَ مُحَسِّرٍ فَحَرَّكَ قَلِيلًا ثُمَّ سَلَكَ الطَّرِيقَ الْوُسْطَى الَّتِي

تَخْرُجُ عَلَى الْجَمْرَةِ الْكُبْرَى حَتَّى أَتَى الْجَمْرَةَ الَّتِي عِنْدَ الشَّجَرَةِ فَرَمَاهَا بِسَبْعِ حَصَيَاتٍ يُكَبِّرُ مَعَ كُلِّ حَصَاةٍ مِنْهَا مِثْلَ حَصَى الْخَذْفِ رَمَى مِنْ بَطْنِ الْوَادِي ثُمَّ انْصَرَفَ إِلَى الْمَنْحَرِ فَنَحَرَ ثَلَاثًا وَسِتِّينَ بَدَنَةً بِيَدِهِ ثُمَّ أَعْطَى عَلِيًّا فَنَحَرَ مَا غَبَرَ وَأَشْرَكَهُ فِي هَدْيِهِ ثُمَّ أَمَرَ مِنْ كُلِّ بَدَنَةٍ بِبَضْعَةٍ فَجُعِلَتْ فِي قِدْرٍ فَطُبِخَتْ فَأَكَلَا مِنْ لَحْمِهَا وَشَرِبَا مِنْ مَرَقِهَا ثُمَّ رَكِبَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَفَاضَ إِلَى الْبَيْتِ فَصَلَّى بِمَكَّةَ الظُّهْرَ فَأَتَى عَلَى بَنِي عَبْدِ الْمُطَّلِبِ يَسْقُونَ عَلَى زَمْزَمَ فَقَالَ: «انْزِعُوا بَنِي عَبْدِ الْمُطَّلِبِ فَلَوْلَا أَنْ يَغْلِبَكُمُ النَّاسُ عَلَى سِقَايَتِكُمْ لَنَزَعْتُ مَعَكُمْ» . فَنَاوَلُوهُ دَلْوًا فَشَرِبَ مِنْهُ. رَوَاهُ مُسْلِمٌ

આવ્યાં[૪૩] હું મારા ખૂનોમાંથી પ્રથમ ખૂન ખત્મ કરું છું તે ઈબ્ને રબીઆ ઈબ્ને હારિષાનું ખૂન છે[૪૪] એ બની સઅદમાં દૂધ પીતા બાળક હતા તો તેમને ક़ૌમે હઝીલે ક़त્લ કરી દીધા હતા[૪૫] અને જાહિલિયતના જમાનાના વ્યાજ ખત્મ છે. હું મારા વ્યાજોમાંથી પ્રથમ વ્યાજ ખત્મ કરું છું તે અબ્બાસ ઈબ્ને મુત્તલિબનું વ્યાજ છે તે બધું જ ખત્મ[૪૬] સ્ત્રીઓના મામલામાં અલ્લાહથી ડરો કે તમે તેમને અલ્લાહ તઆલાની અમાનમાં લઈ લીધેલ છે અને કલમએ ઈલાહિયાથી તેમની શર્મગાહોને હલાલ કરેલ છે[૪૭]. તમારા એમના પર એ હક્ક़ો છે કે તે તમારા બિસ્તરોને તેમનાથી પાયમાલ ન કરે જેમને તમે નાપસંદ કરો છો[૪૮] પછી તે સ્ત્રીઓ એવું કરે તો તેમને ગૈર મુહલિક (હળવો) માર મારો[૪૯] અને સ્ત્રીઓની તમારા પર ભલાઈથી તેમની રોજી તથા ભલાઈથી તેમનુ કપડુ છે[૫૦] હું તમારામાં બે ચીજો છોડુ છું કે એના હોવાની સ્થિતિમાં તમે કદી ગુમરાહ નહીં થાવ જ્યાં સુધી તમે એને થામેલા રહ્યા, એટલે ક़ુર્આને કરીમ. અને તમને મારા સંબંધે પૂછવામાં આવશે તો તમે શું કહેશો ? સૌ બોલ્યા, અમે ગવાહી આપીશું કે આપે તબ્લીગ કરી આપી અને અમાનત અદા કરી આપી અને ખૈરખ્વાહી કરી[૫૨] તો આપે આપના કલમાની આંગળી આસ્માનની તરફ઼ ઉઠાવી અને લોકોની તરફ઼ ઝુકાવી. ફ઼ર્માવ્યું, હે ખુદા ! ગવાહ થઈ જા ! હે ખુદા ગવાહ થઈ જા ! (ત્રણવાર)[૫૩] પછી હઝરત બિલાલે અઝાન આપી, પછી તકબીર કહી. હુઝૂરે અન્વર ﷺ એ ઝોહરની નમાઝ પઢી પછી તકબીર કહી, તો અસર પઢી લીધી. એ બે નમાઝો દરમિયાન કાંઈ ન પઢયું[૫૪]. પછી સવાર થયા ત્યાં સુધી કે અરફ઼ાત રોકાણની જગાએ તશરીફ઼ લાવ્યા તો પોતાની ક़સ્વાનું પેટ મોટા પથ્થરોની તરફ઼ કરી દીધું અને જબલે મશાતને પોતાની સામે લીધો અને ક़िબ્લા પ્રતિ મોં કર્યું[૫૫] પછી ત્યાં એટલું રોકાય રહ્યા કે સૂરજ ડૂબી ગયો અને કાંઈ પીળાશ ગાયબ થઈ ગઈ ત્યાં સુધી કે સૂરજનો ગોળો સંપૂર્ણ છુપાઈ ગયો[૫૬] અને હઝરત ઓસામાને રદીફ़

(પાછળ બેસી સવારી કરનાર) બનાવ્યા અને રવાના થઈ ગયા ત્યાં સુધી કે મુઝદલ્ફા પહોંચી ગયા[૫૭] પછી ત્યાં એક અઝાન અને બે તકબીરોથી મગરિબની તથા ઈશાની નમાઝ પઢી. દરમિયાન નવાફિલ કાંઈ ન પઢ્યા[૫૮] પછી કાંઈક શરીર લંબાવ્યું[૫૯] ત્યાં સુધી કે ફજર તુલૂઅ થઈ ગઈ તો સવાર ચમકતાં જ અઝાન તથા તકબીરની સાથે ફજર પઢી[૬૦] પછી ક़સ્વા પર સવાર થઈ ગયા ત્યાં સુધી મશઅર પહાડની પાસે તશરીફ લાવ્યા. પછી ક़िબ્લા તરફ મોં કર્યું અને રબથી દુઆ માગી, તકબીર તથા તહલીલ તથા તૌહીદ કહેતા રહ્યા, ત્યાં રોકાયેલા રહ્યા ત્યાં સુધી કે ખૂબ અજવાળુ થઈ ગયું[૬૧] તો સૂરજ નીકળતા પહેલાં રવાના થઈ ગયા અને હઝરત ફઝલ બિન અબ્બાસને પોતાની પાછળ સવાર કરી લીધા[૬૨]. ત્યાં સુધી મેદાનના મધ્યમમાં આવ્યા તો પોતાની ઊંટણીને કાંઈક હરકત આપી[૬૩] પછી દરમિયાની રસ્તા પર પડી ગયા જે મોટા જમરા (મોટા શૈતાન) પર નીકળે છે[૬૪] ત્યાં સુધી કે એ જમરા પર પહોંચ્યા જે ઝાડની પાસે છે[૬૫] તો તેને સાત કાંકરીઓ મારી જેમાં દરેક કાંકરીની સાથે તકબીર કહેતા હતા જે કાંકરા ઠીકરી (નાના ટુકડા) જેવા હતા[૬૬] મેદાનના મધ્યે (બતને વાદી)થી રમી કરી[૬૭] પછી કુર્બાનીગાહની તરફ પલટયા તો ૬૩ ઊંટ પોતાના હાથ વડે કુર્બાન કર્યાં પછી હઝરત અલીને આપ્યાં તો બાકીનાં તેમણે કુર્બાન કર્યાં[૬૮]. અને હુઝૂરે તેમને પોતાની હદીમાં શરીક કરી લીધા[૬૯] પછી હુકમ આપ્યો તો દરેક ઊંટની એક બોટી લઈને હાંડલીમાં નાખી પકાવવામાં આવી તો તે બંનેવ સાહબોએ તે ગોશ્ત ખાધો, તેનો શોરબો (રસો) પીધો[૭૦] પછી રસૂલુલ્લાહ ﷺ સવાર થયા અને બયતુલ્લાહ શરીફ ચાલ્યા તો ઝોહરની નમાઝ મક્કામાં પઢી[૭૧] પછી બની અબ્દુલ મુત્તલિબની પાસે તશરીફ લાવ્યા જે ઝમઝમ પર પાણી ખેંચી રહ્યા હતા. ફર્માવ્યું, હે બની અબ્દુલ મુત્તલિબ ખેંચતા રહો[૭૨] જો એ ખતરો ન હોત કે સર્વ લોકો તમારી પાસે ખેંચવામાં તમારા પર ગલ્બો કરી લેશે (સવાર થઈ જશે) તો હું તમારી સાથે પાણી ખેંચતા[૭૩] લોકોએ હુઝૂરને ડોલ પેશ કરી, આપે તેનાથી પીધું[૭૪]. (મુસ્લિમ)[૭૫]

૧. હજ્જ હિ.સ. ૬ કે હિ.સ. ૯માં ફ઼ર્ઝ થયો પણ હુઝૂર ﷺએ ફ઼ર્ઝ થતાં જ નથી કર્યો કે આપની જિંદગી શરીફ઼ની ખબર હતી કે હજી સમય નથી. આપણા પર તરત એટલા માટે ફ઼ર્ઝ થાય છે કે આપણને જિંદગીની ખબર નથી. હિ.સ. ૧૦માં હજ્જ કર્યો, એનું નામ હજ્જતુલ વિદાઅ છે. જેથી હુઝૂરે અન્વરે હજ્જની ફ઼ર્ઝિયત પછી કેવળ એક જ હજ્જ કર્યો. હુઝૂરે ઉમરા કુલ ચાર કર્યા છે.

★ હજ્જતુલ વિદાઅમાં સહાબીઓની સંખ્યા ★

૨. મિર્ક़ાતે ફ઼ર્માવ્યું કે કુલ એક લાખ ત્રીસ હજાર હાજીઓ ભેગા થઈ ગયા. અશિઅહમાં છે કે તે હઝરાત એક લાખ હતા, અથવા એક લાખ ચૌદ હજાર અથવા એક લાખ ચોવીસ હજાર. શક્ય છે કે શરૂમાં થોડા હોય, આગળ જતાં સામેલ થતા હશે. યાદ રાખશો કે કુલ સહાબા એક લાખ ચોવીસ હજાર છે જેમાં અસ્હાબે બદર ૩૧૩, પછી એમનામાં ખુલફ઼ાએ રાશિદીન ચાર, તેમનામાંથી હઝરત અબૂબક્ર સિદ્દીક़ અફ઼ઝલુલ ખલ્ક़ બઅદલ અંબિયા (અંબિયા બાદ લોકોમાં સૌથી અફ઼ઝલ) છે. જેવી રીતે નબી એક લાખ ચોવીસ હજાર છે, રસૂલ ૩૧૩ છે, મુરસલીન ચાર, તેમનામાંથી આપણા નબી ﷺ અફ઼ઝલુલ ખલ્ક़ છે. જુઓ અમારી કિતાબ "અમીર મુઆવિયહ" رضی اللہ عنہ. એ હઝરાત પોતાના ઘરેથી સીધા મક્કા મોઅઝ્ઝમા ન પહોંચી ગયા બલ્કે પ્રથમ મદીના મુનવ્વરા હાજર થયા જેથી ઈમાનના કા'બાની તરફ઼થી શરીરોના કા'બાની તરફ઼ સફ઼ર કરે. હવે કેટલાક આશિક़ો પ્રથમ મદીના મુનવ્વરા હાજર થાય છે, પછી મક્કા મોઅઝ્ઝમા. આ જ સુન્નત પર અમલ કરવા. અમુક એનાથી ઉલ્ટુ કરે છે. وللناس فیما یعشقون مذاھب

૩. આ રવાનગી ૨૫ ઝી ક़અદા હિ.સ. ૧૦ ઝોહર બાદ થઈ. જેવું કે તિર્મિઝી, ઈબ્ને માજહએ હઝરત અનસથી અને તિબ્રાનીએ હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી. જે કાઠલા પર હુઝૂર ﷺ સવાર હતા તેની કિંમત ચાર દિરહમ એટલે એક રૂપિયો બે આના હતી. (મિર્ક़ાત)

૪. અસ્બા બિન્તે ઉમૈસ પહેલાં હઝરત જઅફ઼ર બિન અબૂ તાલિબનાં પત્ની હતાં. તેમની શહાદત પછી હઝરત અબૂબક્ર સિદ્દીક़ના નિકાહમાં આવ્યાં. આપના બાદ હઝરત અલી મુર્તઝાએ નિકાહ કર્યા. મુહમ્મદ ઈબ્ને અબી બક્ર એમનાથી પેદા થયા. પછી હઝરત અલીથી યહયા ઈબ્ને અલી તેમના પેટથી પેદા થયા. (મિર્ક़ાત) મુહમ્મદ ઈબ્ને અબૂબક્ર સિદ્દીક़ નાની વયના સહાબી છે. હિ.સ. ૩૮માં અસ્હાબે અમીર મુઆવિયહના હાથો વડે શહીદ થયા. *(મિર્ક़ાત)*

૫. એટલે કે હું આ હાલતમાં એહરામ અથવા હજ્જ કેવી રીતે અદા કરું ? યાદ રાખશો કે હુઝૂર ﷺએ ઝુલ હલીફ઼ામાં અસર, મગરિબ, ઈશા અને આગલી ફજર તથા ઝોહર પઢી. હુઝૂર ﷺની સર્વ પાક બીવીઓ આપની સાથે હતાં. (મિર્ક़ાત) હઝરત અસ્માનો ઈમાની જોશ અને હજ્જનો શોખ દાદને પાત્ર છે કે આ હાલતમાં પણ હુઝૂર ﷺની સાથે રવાના થઈ ગયાં.

★ હૈઝ તથા નિફ઼ાસવાળી સ્ત્રીના હુકમો ★

૬. એટલે **નિફ઼ાસ (સુવાવડ બાદનું લોહી વહેવું) ન તો એહરામ માટે રુકાવટ છે ન હજ્જ તથા ઉમરા માટે. કેવળ તવાફ઼ એમાં મના છે કેમ કે કે એ મસ્જિદમાં થાય છે અને નિફ઼ાસવાળીએ મસ્જિદમાં આવવાની ઈજાઝત નથી.** અને એહરામ વખતે એ સ્ત્રી નફ઼્લ ન પઢે, કેમ કે નિફ઼ાસમાં નમાઝ પઢવી હરામ છે.

૭. જાહેર એ છે કે હુઝૂરે અન્વર ﷺએ એહરામ નફ઼્લ ઉપરાંત ઝોહરના ફ઼ર્ઝ અદા કર્યા. પછી ક़સ્વા પર

સવાર થયા. قصواء قصى દૂરીના અર્થમાં બન્યું અથવા قصوٌ કાન કપાવાના અર્થથી બન્યું, કેમ કે એ ઊંટણી ખૂબ જ તેજ રફ્તાર અને દૂર સુધી જનારી હતી. અથવા કેમ કે તેના એક કાનનો અમુક હિસ્સો કપાયેલો હતો એટલા માટે એને ક़स्वा કહેતા હતા. એ હુઝૂરે અકરમ ﷺની સવારીની ખાસ ઊંટણી હતી.

૮. અહીં اهلનો અર્થ છે બુલંદ અવાજે પોકાર્યું. તૌહીદથી મુરાદ છે, રબ તઆલાની વહદાનિયત. એટલે રબની તૌહીદ પોકારી. કેમ કે તલબિયામાં لاشريك لك પણ હોય છે એટલા માટે بالتوحيد ફર્માવ્યું. અમુક શાફઈઓએ તૌહીદનો અર્થ اذا وحج કર્યો, એટલે કેવળ હજ્જના તલબિયા કહ્યા. અને એનાથી સાબિત કર્યું કે હુઝૂરે અન્વર ﷺએ ઈફ્રાદ કર્યો. પણ એ અર્થ ખૂબ દૂરનો છે. क़वी (મજબૂત) તે જ છે જે અર્ઝ કરવામાં આવ્યું. જેથી આ વાક્યમાં શાફઈઓનું સમર્થન નથી અને હનફીઓની વિરુદ્ધ નથી.

★ તલબિયા ઈબ્રાહીમ عليه السلامની પોકરનો જવાબ છે ★

૯. અહીં મિર્ક़ાતે ફર્માવ્યું કે હાજીનું "લબ્બૈક" કહેવું હઝરત ઈબ્રાહીમ عليه السلامની પુકાર અને બુલાવાનો જવાબ છે. જેમ કે હાકિમે હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત કરી કે જ્યારે જનાબ ખલીલ કા'બાની સ્થાપ્નાથી ફારિગ થયા તો રબે ફર્માવ્યું, લોકોને હજ્જના માટે બોલાવો. અર્ઝ કરી, મૌલા ! મારો અવાજ સૌના સુધી કેવી રીતે પહોંચશે ? ફર્માવ્યું, પોકારવું બોલાવવું તમારું કામ છે, તમારો અવાજ સૌના સુધી પહોંચાડવો અમારું કામ. જેથી આપે પોકાર્યું, જમીન તથા આસ્માનમાં આપનો અવાજ પહોંચ્યો અને લબ્બૈક એ જ પોકારનો જવાબ છે. (મિર્ક़ાત) જાણવા મળ્યું કે પરવરદિગારના હુકમથી નબીનો અવાજ જમીન તથા આસ્માનમાં પહોંચી શકે છે. આજે રેડીયો, તારી (Telegraph)ની શક્તિથી લાખો માઈલ દૂર અવાજ પહોંચાડવામાં આવે છે તો નૂરની શક્તિ નાર કરતાં કેટલાય અંશે વધારે છે.

૧૦. અરબના કાફિરો ઈસ્લામથી પહેલાં હજ્જના મહીનાઓમાં ઉમરો કરવો સખત ગુનોહ અને બદ્તરીન જુર્મ સમજતા હતા. સફર મહીનાથી ઉમરા જાઈઝ માનતા હતા. જેમ કે સહાબા હઝરાતનું એ મોક़ા પર ઉમરાની તરફ ધ્યાન પણ ન ગયું. બુખારીએ હઝરત આઈશા સિદ્દીક़ા رضي الله عنها થી રિવાયત કરી કે હુઝૂરે અન્વર ﷺએ એહરામના સમયે જ એહરામના પ્રકારો બતાવીને કહી આપ્યું હતું કે જે હજ્જનો એહરામ બાંધવા ચાહે તે એ એહરામ બાંધે, જે ઉમરા કરવા ચાહે તે ઉમરાનો એહરામ બાંધે. *(મિર્ક़ાત)*

★ તહિય્યતુલ કાબા, તવાફ તથા બીજી મસ્જિદોના નફલ ★

૧૧. એ રીતે કે ત્રણ ઝીલ હજ્જ હફ્તા (શનિવાર)ના દિવસે ઝી તુવા પહોંચી ગયા. ત્યાં રાત પસાર કરી અને ૪ ઝીલ હજ્જ રવિવારના દિવસે સવારના સમયે બાબુલ ઈસ્લામની તરફથી મસ્જિદે હરામમાં દાખલ થયા અને સૌ પ્રથમ તવાફે કુદૂમ કર્યો. બયતુલ્લાહ શરીફની તહિય્યત તવાફ છે, બીજી મસ્જિદોની તહિય્યત બે રકાત નફલ છે.

★ તવાફમાં રમલના એહકામ ★

૧૨. એટલે કે હુઝૂરે અન્વર ﷺ સલામ દરવાજે (બાબુસ્સલામ)થી સીધા રુકને અસ્વદ પર પહોંચ્યા. તેને બોસો આપીને તવાફે કુદૂમ કર્યો. તવાફમાં અક્કડ થઈને ચાલવાને રમલ કહે છે. હુઝૂરે અન્વર ﷺએ ત્રણ ચક્કરોમાં રમલ કર્યો. એટલે પહેલવાનની જેમ શક્તિનું પ્રદર્શન કરતા ચાલ્યા. રમલનું કારણ બીજે ઠેકાણે વર્ણવીશું ઈન્શા અલ્લાહ ! અને ચાર ચક્કર ધીમેથી સામાન્ય ગતિમાં કર્યા.

★ મકામે ઈબ્રાહીમ પર નમાઝ ★

૧૩. મક़ામે ઈબ્રાહીમ તે પથ્થર છે જેના પર ઉભા રહીને જનાબ ખલીલુલ્લાહએ કા'બાની દીવાલો ઉંચી કરી. દરેક તવાફ બાદ આ બે નફ્લ પઢવામાં આવે છે. એ નફ્લ એ જ જગાએ પઢવી સુન્નત છે. **એનાથી જાણવા મળ્યું કે જે પથ્થર પર નબીના क़દમ પડી જાય તે પથ્થર પણ એહતેરામ (તા'ઝીમ)ને પાત્ર બની જાય છે. એ પણ જાણવા મળ્યું કે અયન નમાઝમાં (નમાઝની સ્થિતિમાં) બુઝુર્ગોના તબર્રુકાતની તા'ઝીમ કરવી એ સવાબ છે શિર્ક નથી. તો જે કહે કે નમાઝમાં હુઝૂર ﷺનો ખયાલ કરવો શિર્ક છે તે હક़ીક़તમાં હુઝૂર ﷺની તૌહીન કરે છે. જ્યારે જનાબ ખલીલુલ્લાહના क़દમના નિશાનવાળા પથ્થરને આગળ રાખીને નમાઝ પઢવી દુરુસ્ત થયું, તો હુઝૂર ﷺનો દરજો ઘણો જ ઉચ્ચ છે.**

૧૪. વાવ ક્રમના માટે નથી કેવળ બહુવચન માટે છે. એટલે કે હુઝૂરે અન્વર ﷺએ તે નફ્લ તવાફની પહેલી રકાતમાં قل يايها الكفرون અને બીજી રકાતમાં قل هو الله احد પઢી કે એ જગા પહેલાં બુતખાના બનેલી હતી. હવે રબ તઆલાના કરમથી પાક તથા સાફ થઈ, તો પ્રથમ રકાતમાં શિર્કથી બેઝારીનું પ્રદર્શન અને બીજી રકાતના અલ્લાહની તૌહીદનું એલાન કર્યું. કેમ કે હુઝૂરે અન્વર ﷺ આહિસ્તા કિરાઅતમાં પણ અમુક શબ્દો ઉંચા અવાજે પઢી દેતા હતા. એટલા માટે લોકોને ખબર પડી જતી હતી કે ફલાણી રકાતમાં ફલાણી સૂરત પઢી.

★ સફા મરવા અલ્લાહની નિશાનીઓ ★

૧૫. બાબુસ્સફાથી સફા પહાડ તરફ ગયા અને આ આયત પઢીને સફા પર થોડુક ચઢયા, ત્યાં દુઆઓ માગી. યાદ રાખશો કે સફા મરવા તે પહાડ છે જેના પર હઝરત બીબી હાજરા رضی اللہ عنہا પાણીની તલાશમાં સાત વખત ચઢ યાં. કેમ કે **એ પહાડોને આ પાક બીબીની क़દમબોસી નસીબ થઈ એટલા માટે એમને રબ તઆલાએ શઆઈરુલ્લાહ એટલે અલ્લાહની નિશાનીઓ ઠરાવી દીધી. જાણવા મળ્યું કે બુઝુર્ગોના મઝારો, તેમના તબર્રુકો શઆઈરુલ્લાહ બની જાય છે. તેમની તા'ઝીમ સવાબ છે, શિર્ક નથી.** સઈમાં સફાથી શરૂ કરવું સુન્નત છે. અને હજ્જમાં સફા મરવાની વચ્ચે સઈ વાજિબ છે, રુકન નથી. એ જ અહનાફનો મઝહબ છે.

૧૬. એ જમાનામાં સફા તથા કા'બા મોઅઝ્ઝમાની વચ્ચે કોઈ આડ ન હતી, એટલા માટે સફા પર થોડુક ચઢ તાં કા'બા મોઅઝ્ઝમા દેખાતો હતો. હવે આડ બની ચૂકેલી છે, હવે કા'બા મોઅઝ્ઝમા દેખાતો નથી, પણ દેખાવું જરૂરી નથી કેવળ કા'બા તરફ મોંઢુ કરવું જરૂરી છે. હવે તો સફા પહાડ પર હરમની મસ્જિદ વિશાળ કરી દેવામાં આવી છે, કે સઈ મસ્જિદમાં જ થાય છે.

૧૭. હજી સુન્નત એ જ છે કે સફા શરીફ પર આ જ દુઆ પઢવામાં આવે.

૧૮. આ કલમામાં ગઝવએ ખંદકની તરફ નિર્દેશ છે જ્યારે કે દરેક પ્રકારના કાફિરોએ એક થઈને મદીના તયબહ પર હુમ્લો કર્યો હતો. રબ તઆલાએ તેજ ઠંડી હવાના થકી તેઓને ભગાડી મૂક્યા. એનાથી જાણવા મળ્યું કે **સખત મુસીબતનો સમય યાદ રાખવો અને તેના દૂર થવા પર રબ તઆલાનો શુક્ર કરતા રહેવું સુન્નત છે.** આ બનાવ ઘણા પહેલાં બની ચૂક્યો હતો પણ હુઝૂર આખરી દમ સુધી સમયે સમયે તેનો ઉલ્લેખ કરતા રહ્યા, રબ તઆલાની હમ્દ તથા શુક્રના માટે.

૧૯. એ રીતે કે પહેલાં પણ અલ્લાહનો ઝિક્ર કર્યો અને બાદમાં પણ અને દરમિયાનમાં દુઆઓ માગી. સુન્નત

એ જ છે કે દુઆ અલ્લાહના ઝિક્રથી ઘેરાયેલી હોય, કે એવી દુઆ ઈન્શા અલ્લાહ ! રદ નથી થતી.

૨૦. પ્રથમ ઝિક્રે ઈલાહી પછી દુઆ પછી ઝિક્રે ઈલાહી, એવું એકવાર થાય. એ રીતે ત્રણવાર અમલ કર્યો. હાજી એના પર અમલ કરે.

★ સઈનો તરીકો ★

૨૧. એટલે કે સફાનો ઉતાર અને મરવાનું ચઢાણ એ દરમ્યાનમાં જે સપાટ જગા છે જેને બતને વાદી (મેદાનનું મધ્ય) કહે છે ત્યાં સઈ કરી. સઈનો મતલબ છે દોડ લગાડવી. કેમ કે એ જગાએ હઝરત હાજરા દોડયાં હતાં એટલા માટે હુઝૂર ﷺએ એ જગાએ સઈ કરી. એ મક़બૂલ બીબીની પૂરી નકલ કરવી સુન્નત છે. મક़બૂલોની નકલ પણ સારી કે અલ્લાહ તઆલા તેના तुફૈલથી નકલ પર કરમ ફર્માવી દે. બતને વાદી શાબ્દિક અર્થમાં પહાડ કે ટેકરાની મધ્યમાં ફાટ (ખીણનો આંતરિક ભાગ, બે પર્વતો વચ્ચેની તિરાડ)ને કહે છે.

૨૨. એટલે કે જ્યારે મરવા શરીફનું ચઢાણ શરૂ થયું તો પછી સામાન્ય ચાલે ચાલવાનું શરૂ કરી આપ્યું, દોડવાનું છોડી દીધું.

૨૩. એટલે કે એટલા પ્રમાણમાં ચઢવું કે કા'બા મોઅઝ્ઝમા સામે આવી જાય. કા'બા મોઅઝ્ઝમા તરફ મોં કરવું, અલ્લાહનો ઝિક્ર તથા દુઆઓ કરવી. મતલબ કે જે કાંઈ સફા પર કર્યું તે જ મરવા પર પણ કર્યું. તે જ દુઆઓ તથા ઝિક્ર જે સફા પર કર્યું તે જ મરવા પર કર્યું. જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺએ પગપાળા સઈ કરી, સવારી પર નથી કરી. એ જ સુન્નત છે. વિના મજબૂરી સવારી પર સઈ કરવી સુન્નત વિરુદ્ધ છે. મુસ્લિમે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી જે રિવાયત કરી કે હુઝૂર ﷺએ સવારી પર સઈ કરી, તો એ ફ़ઝા ઉમરાનો બનાવ છે, અને સવાર થવું પણ મુશ્કેલી તથા મજબૂરીના કારણે હતું કે હુઝૂર ﷺને જોવા માટે મક્કાવાળા ટોળાં (ભીડ) બનીને આવ્યાં અને હુઝૂરની પાસેથી ખસતાં ન હતાં, પગપાળા સઈ અશક્ય બની ગઈ હતી. જેથી હદીષોમાં વિરોધાભાસ નથી. *(મિર્ક़ાત)*

૨૪. એટલે કે અમે ક़िરાનનો એહરામ બાંધી લીધો અને હદી અમારી સાથે છે, જેથી હવે આપણે ઉમરા કરીને એહરામ ખોલી દેવો જાઈઝ ન રહ્યો. અને અમે તમને હુકમ આપ્યો કે ઉમરા કરીને એહરામ ખોલી દો, કદાચ તમને એહરામ ખોલવાનુ અઘરૂ લાગે કેમ કે તમે અમારી સુન્નત પર અમલ કરવાના ચાહક છો, તમે અમારા અમલ કરવા ચાહો છો. જો અમને એહરામથી પહેલાં એ ખયાલ આવી જાત તો અમે હદી સાથે ન લાવતા અને ન ક़िરાનનો એહરામ બાંધતા અને અમે પણ ઉમરા કરીને ખુલી જાત, જેથી તમને ઉમરા પર ખુલી જવું ભારે ન લાગતુ. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે હુઝૂરે અન્વર ﷺએ ક़िરાન કર્યો અને ક़िરાન જ અફઝલ છે. **બીજા** લોકોને ઉમરા કરીને ખુલી જવાનો હુકમ એક મસ્લેહતના કારણે આપ્યો, જેવું કે પહેલાં અર્ઝ કરવામાં આવ્યું કે જાહિલિયતના જમાનામાં હજ્જના જમાનામાં ઉમરા કરવા અને હજ્જની નજીક સુધી હલાલ રહેવું સખત ગુનોહ સમજવામાં આવતો હતો. તે રસમ તોડવી હતી. બીજુ એ કે સહાબાએ કિરામ હુઝૂરની દરેક અદાને નકલ કરવું સદ્ભાગ્ય સમજતા હતા.

૨૫. એટલે કે કેવળ હજ્જ અથવા ઉમરાનો એહરામ બાંધ્યો હોય અને તેની સાથે હદી હોય તો હદીની કુર્બાની પછી દસમી ઝીલ હજ્જે એહરામ ખોલે. પણ જેણે હજ્જ કે ઉમરાનો એહરામ બાંધ્યો હોય અને તેની સાથે હદી ન

હોય તો તે ઉમરાના કામો અદા કરીને એહરામ ખોલી દે. એ રીતે કે હજ્જના એહરામને ઉમરાનો બનાવી દે, એને ફતહે હજ્જ અલલ ઉમરહ કહે છે. એ ફતહ કેવળ એ જ વરસે સહાબા માટે જાઈઝ થયો, હવે ક़યામત સુધી કોઈના માટે જાઈઝ નથી. હવે હજ્જનો એહરામ હજ્જ બાદ જ ખુલી શકે છે. જેમ કે રિવાયતોમાં છે કે બિલાલ ઈબ્ને હારિષે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ફતહ અમારા માટે ખાસ છે કે ભવિષ્યમાં પણ થશે. ફર્માવ્યું, કેવળ તમારા માટે ખાસ છે. (મિર્ક़ાત)

૨૬. ચાર કારણોએ આ હુકમ હાજર રહેલાઓ પર ભારે ગુજર્યો : એક તો હજ્જના જમાનામાં ઉમરો કરવો. કેમ કે ઈસ્લામથી પહેલાં હજ્જના સમયમાં ઉમરાને ગુનાહે કબીરા સમજવામાં આવતો હતો. બીજુ હજ્જનો એહરામ ઉમરો કરીને ખોલી દેવો. અને ત્રીજુ અરફાતના દિવસની નજીક એહરામ ખોલવો. ચોથુ હુઝૂર ﷺનું અનુસરણ મયસ્સર ન થવું, કે હુઝૂર તો એહરામમાં છે અને આ હઝરાતના એહરામ ખુલી ગયા. સરકાર ﷺનો આ હુકમ કેવળ એટલા માટે હતો કે લોકો એ જમાનામાં ઉમરાને ગુનોહ ન સમજે. હઝરત સુરાકા ઈબ્ને માલિકે પણ પહેલા મસ્અલાના વિશે સવાલ કર્યો હતો કે યા રસૂલલ્લાહ ! હજ્જના જમાનામાં ઉમરાનું જાઈઝ હોવું કેવળ આ જ વરસ માટે છે કે હમેશાં માટે છે ? બાકીના ત્રણ મસાઈલના સંબંધે નથી, જેવું કે જવાબે આલીથી માલૂમ થઈ રહ્યું છે. જેથી હવે ફતેહ હજ્જ કદાપિ જાઈઝ નથી.

★ વિદાઈ હજ્જમાં સહાબાને ખાસ છૂટ ★

૨૭. એટલે ઉમરાનું જાઈઝ હોવું હજ્જના જમાનામાં ક़યામતના માટે છે. ઈમામ અહમદ એનો અર્થ એ કરે છે કે فسخ حج الى العمرة ક़યામત સુધી રહેશે. એમને ત્યાં હવે હજ્જનો એહરામ ઉમરા કરીને ખોલી શકે છે, પણ ઈમામે આ'ઝમ અબૂ હનીફા, શાફઈ, માલિક તથા જમહૂર ઉલમા رضوان الله تعالى عليهم اجمعين ને ત્યાં નથી કરી શક્તા. એમની દલીલ મુસ્લિમની આ હદીષ છે કે મુત્અહ એટલે ફતહે હજ્જ કેવળ સહાબા માટે હતું. અને નિસાઈની તે રિવાયત છે કે, યા રસૂલલ્લાહ ! ફતહે હજ્જ કેવળ અમારા લોકો માટે ખાસ છે કે સર્વ મુસલમાનો માટે ? ફર્માવ્યું, કેવળ અમે લોકો માટે. (મિર્ક़ાત તથા લમ્આત) હા ! એ જાઈઝ છે કે ઉમરાના એહરામવાળો જ્યારે ઉમરા ન કરી શકે કે તંગ સમયે મક્કા મોઅઝ્ઝમા પહોંચે અથવા સ્ત્રીને હૈઝ આવી જાય જેનાથી તેણી તવાફ ન કરી શકે તો એના પર હજ્જનો એહરામ બાંધી લે, પ્રથમ હજ્જ કરે બાદમાં ઉમરા. જેવું કે હઝરત આઈશા સિદ્દીક़ા رضى الله عنها એ આ મોક़ા પર કહ્યું હતું.

★ હઝરત અલી رضى الله عنه નો હજ્જે વિદાઅ માટે યમનથી આવવાનો બનાવ ★

૨૮. એ જમાનામાં હઝરત અલી كرم الله وجهه الكريم યમનના ક़ાઝી બનાવીને મોકલવામાં આવ્યા હતા. તેમને ત્યાં જ ખબર આપી દેવામાં આવી હતી કે હુઝૂર ﷺ હજ્જ માટે જઈ રહ્યા છે તો તમે મક્કા મોઅઝ્ઝમા પહોંચો અને હુઝૂરે અન્વર ﷺના માટે અમુક હદી સાથે લેતા આવો. અમુક ઊંટ તો હુઝૂર ખુદ લઈ ગયા હતા અને ઘણા બધા ઊંટ હુઝૂર ﷺના માટે જનાબે અલી رضى الله عنه લઈને આવ્યા હતા. કુલ સો ઊંટ થઈ ગયાં હતાં.

★ હજ્જમાં તઅ્લીક़્ન્ નિય્યત જાઈઝ ★

૨૯. એનાથી જાણવા મળ્યું કે હજ્જમાં તઅલીક़્ન્ નિય્યત કરી શકીએ છીએ, કે હે ખુદા ! જે ફલાણા બુઝુર્ગની

નિય્યત તે મારી નિય્યત. નમાઝમાં તઅલીક़ નિય્યત દુરુસ્ત નથી જેવું કે ફિક़્હમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે.

૩૦. એટલે કે અમારી જેમ તમારો એહરામ પણ ક़िરાનનો થઈ ગયો, અને અમારી સાથે પણ હદી છે અને તમારી સાથે પણ. જેથી અમારી જેમ તમે પણ ઉમરા કરીને એહરામ પર ક़ાયમ રહેજો. યાદ રાખશો કે જનાબે અલી પોતાના માટે પણ હદી લાવ્યા હતા.

★ હુઝૂર ﷺએ હજ્જતુલ વિદાઅમાં કુર્બાની કરી ★

૩૧. એ નથી ખબર પડી કે હુઝૂરે અન્વર ﷺ મદીના મુનવ્વરાથી પોતાની સાથે કેટલાં ઊંટ કુર્બાની માટે લાવ્યા હતા અને હઝરત અલી رضی اللہ عنہ કેટલાં લાવ્યા. અમુકે કહ્યું કે ચાલીસ ઊંટ સરકાર ﷺ લાવ્યા હતા અને સાઈઠ ઊંટ હઝરત અલી. અલ્લાહ બેહતર જાણનાર છે.

★ એહરામ ખોલતી વખતે માથુ મૂંડાવવું અફ઼ઝલ ★

૩૨. એનાથી હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا અપવાદ છે કે આપની સાથે હદી ન હતી છતાં પણ આપને હલાલ થઈ જવાનો હુકમ ન આપ્યો, બલ્કે ઉમરાના એહરામ પર હજ્જનો એહરામ બંધાવી દેવામાં આવ્યો. (મિર્ક़ાત) યાદ રાખશો કે એહરામ ખોલતી વખતે માથુ મુંડાવવું અફ઼ઝલ છે પણ સહાબાએ એ મોક़ા પર વાળ કપાવ્યા હતા, મુંડાવ્યા ન હતા. કેમ કે નજીકમાં જે તેમણે હજ્જનો એહરામ બાંધીને ખોલવાનો હતો, એ સમય સુધી મુંડાવેલા વાળી વધી શક્તા ન હતા. તેમજ તેમણે ચાહ્યું કે محلقين رؤسكم ومقصرين બંને પર અમલ કરીએ. અત્યારે વાળ કપાવી લઈએ અને હજ્જનો એહરામ ખોલતી વખતે મૂંડાવી લઈશું. (અશિઅ્હ)

૩૩. કે તે હઝરાત હલાલ ન થયા પણ તેઓ થોડા હતા, અધિક્તર હદી વિનાના હતા.

★ તરવિય્યહ તથા મિનાના નામકરણનો સબબ તથા અર્થ ★

૩૪. આઠમી ઝીલ હજ્જને તરવિય્યહ़ કહે છે, સૈરાબ (તૃપ્ત) કરવાના અર્થમાં અથવા વિચારણા કરવાના અર્થમાં. કેમ કે અરબવાસી હજ્જના માટે આઠમી ઝીલ હજ્જે ઊંટને પાણી પીવડાવતા હતા. અથવા હઝરત ખલીલુલ્લાહે આઠમી ઝીલ હજ્જે પોતાના ખ્વાબના સંબંધે વિચારણા કરી હતી કે કુર્બાની કઈ ચીજની આપુ, એટલા માટે એને તરવિય્યહ કહે છે. મતલબ કે તરવિય્યહ અથવા رَوِیٌّ થી છે અથવા رُوَّاءٌ થી. مِنًى (મિના)નો અર્થ છે વહાવવું. કેમ કે એ મેદાનમાં કુર્બાનીઓનું લોહી વહાવવામાં આવે છે જેથી મિના કહેવાય છે.

★ મિનામાં રોકાવુ હનફીઓ નજીક સુન્નત છે ★

૩૫. એટલે કે હુઝૂરે અન્વર અને તમામ સહાબા આઠમી ઝિલ હજ્જની ફજરની નમાઝ પઢીને સૂરજ નીકળ તાં મક્કા મોઅઝ્ઝમાથી મિના રવાના થઈ ગયા. મિનાનો આ ક़યામ અહનાફ (હનફીઓ)ને ત્યાં વાજિબ નથી સુન્નત છે.

★ નમરહ નામકરણનું કારણ ★

૩૬. નમરહ અરબીમાં ચિત્તાને કહે છે. અરફાતની નજીક હરમના છેડા પર એક પહાડીનું નામ નમરહ છે, જેના પર હઝરત ઉમરે મીનારો બનાવ્યો હતો કે જેથી હરમની હદની નિશાની રહે. કેમ કે એના પર કાળા તથા

સફેદ પથ્થર છે જે ચિત્તાના ડાઘ (કાબરચિતરા)ના જેમ છે એટલા માટે તેને નમરહ કહે છે. (લમ્આ़ત તથા અશિઅ़હ) આ જગાએ હુઝૂર ﷺના રોકાણ માટે તંબુ લગાડી દેવામાં આવ્યો હતો. જાણવા મળ્યું કે અરફાત વગેરેમાં પહેલેથી પોતાના માટે તંબુ લગાડી લેવા, જગા પર કબજો કરી લેવો જાઈઝ છે. જેવું કે સામાન્યતઃ મુઅલ્લિમ હઝરાત આજકાલ કરે છે. આ અમલનો માખઝ આ હદીષ છે.

★ કાનૂન પર પ્રથમ હાકિમ અમલ કરે ★

૩૭. ઈસ્લામથી પહેલાં અરબના કાફિરોનો દસ્તૂર હતો કે મક્કાના કુરેશીઓ તો મુઝદલ્ફામાં જ રોકાય જતા હતા, અરફાત પહોંચતા ન હતા અને આમ હાજીઓ અરફાત શરીફ જતા હતા. સર્વ મુસલમાનોને યક़ીન હતું કે હુઝૂર પણ મુઝદલ્ફામાં જ ક़યામ (રોકાણ) કરશે, અરફાત તશરીફ નહીં લઈ જાય, કેમ કે આપ તો કુરેશના સરદાર છે. કુરૈશી, હાશમી છે, મુતલબ્બી છે. મિર્ક़ાતે ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺએ નબુવ્વતના ઝહૂર પહેલાં જે હજ્જ કર્યા તેમાં અવામની સાથે અરફાત શરીફમાં જ ક़યામ કરતા હતા.

૩૮. કુરેશ કહેતા હતા કે અમે હરમ શરીફનાં કબૂતર છીએ, હરમથી બહાર જઈશું નહીં. અરફાત હરમથી બહાર છે. તેમજ એમાં પોતાની બુઝુર્ગી પણ જાહેર કરતા હતા કે અમે સરદાર લાગીએ !

★ એહરામની હાલતમાં છાંયડો હાંસલ કરવો જાઈઝ ★

૩૯. એટલે એ કુબ્બા (ગુંબદ)માં રોકાણ કર્યું. જાણવા મળ્યું કે એહરામની હાલતમાં છત, સ્ત્રી, તંબુ વગેરેનો સાયો લેવો જાઈઝ છે. ઈમામ માલિક તથા અહમદને ત્યાં મના છે. આ હદીષ તેમની વિરુદ્ધ નથી.

૪૦. બતને વાદી અરફાતમાં એક મેદાનનું નામ છે જેને બતને અરફા પણ કહે છે. એ જગા અરફાતમાં સામેલ નથી. અહીં મસ્જિદે ઈબ્રાહીમ છે. સહીહ એ છે કે ઈબ્રાહીમ કુબેસ અબ્બાસીની તરફ સંબંધિત છે. હજ્જ પણ ઝોહર તથા અસરની નમાઝ ત્યાં જ થાય છે. એ જ મેદાનમાં મસ્જિદમાં શરીફ આવેલી છે જેને મસ્જિદે નમરા કહે છે.

૪૧. એટલે કે જેવી રીતે માહે ઝીલ હજ્જ ખાસ કરીને અરફાના દિવસે હરમ શરીફની જમીનમાં ગુનોહ કરવો બદ્તરીન જુર્મ છે. એમાં ત્રણ જુર્મોનું સંગમ છે : ગુનોહ જુર્મ, મોહતરમ જગાની બેહુર્મતી જુર્મ છે, હુર્મતવાળી તારીખ તથા મહીનાની બેઅદબી જુર્મ છે. એ જ પ્રમાણે મુસલમાનનું લોહી વહાવવું, માલ મારી ખાવો, કેટલાયે જુર્મોનો સમૂહ છે કે એ જુલ્મ પણ છે અને અલ્લાહ તઆલાની નારાઝગીનો સબબ પણ છે. અને મારી તકલીફ તથા ઈજાનો સબબ પણ છે. અમુકે ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺએ નફ્સ એટલે લોહીની હુર્મતને હરમ શરીફની હુર્મતથી સરખાવી જે હમેશાંની તથા સલામત છે. અને માલની હુર્મતને તે જમાનાની હુર્મત સાથે સરખાવી જે ટેમ્પરરી છે. પણ પ્રથમ સ્પષ્ટતા મજબૂત છે. અને આ કલામ શરીફ (વાત) ખૂબ જ પુખ્તા (મજબૂત) છે.

૪૨. એટલે કે અમે ઈસ્લામથી પહેલાંવાળી સર્વ બુરી રસ્મો નાબુદ કરી દીધી. નોહા, માતમ (મૈયત પર રડવું, છાતી કૂટવી), મૂર્તિઓના નામનાં ઝબીહા વગેરે સર્વ નાબુદ કર્યાં. હવે કોઈ એ રસમો અદા ન કરે.

૪૩. એટલે કે ઈસ્લામથી પહેલાં જે જુલ્મની રીતે ખૂન કરી દેવામાં આવ્યાં હતાં અને તેમનો ક़ેસાસ (ખૂનનો બદલો) બાકી હતો તે સર્વ ખૂનો માફ કરી દેવામાં આવ્યાં. હવે એમનામાંથી કોઈ ખૂની પર ક़ેસાસ નથી. હવે નવુ રાજ છે, નવો રાજા, નવો દૌર છે, નવા દૌરાવાળા મહબૂબ .

૪૪. એ બાળકનું નામ અયાસ ઈબ્ને રબીઆ ઈબ્ને હારિષ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ છે. હારિષ હુઝૂર ﷺના કાકા છે. તેમના પુત્ર રબીઆ સહાબી છે જેમણે ફારૂક़ી ખિલાફ़તમાં વફાત પામી.

૪૫. એ રીતે કે બની સઅદ તથા હઝીલ ક़બીલાઓમાં જંગ થઈ હતી. હઝીલનો એક પથ્થર અયાસને લાગ્યો જેનાથી વફાત પામી ગયા. મિશ્કાતના અમુક નુસ્ખાઓમાં રબીઆનું લોહી છે, ઈબ્ન વિના. લોહીથી મુરાદ રબીઆના ખૂનની માગણી છે જેના તે વલી છે, નહીં તો કત્લ થનાર અયાસ ઈબ્ને રબીઆ છે, ન કે ખુદ રબીઆ.

૪૬. એટલે જાહિલિયતના જમાનાના સર્વ હડપ કરેલા, લૂટેલા તથા વ્યાજમય કારોબારના માલ માફ છે. જેમના માથે કોઈનું કરજ છે અને વ્યાજ પણ ચઢેલુ છે તેમનાં વ્યાજ માફ, તેઓ મૂળ રકમ અદા કરી આપે. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે હુઝૂર ﷺ મુસલમાનોની જાન તથા માલના માલિક છે. જુઓ, આપ જાતે પોતે ખૂન પણ માફ કરી રહ્યા છે અને માલ પણ. એ હક્ક़વાળાઓથી માફ નથી કરાવ્યો. **બીજુ** એ કે કાનૂન પર પહેલાં બાદશાહ અને તેના નિકટના પ્રથમ અમલ કરે પછી પ્રજા પાસે અમલ કરાવે, ત્યારે ક़ાનૂન ચાલે છે. જો પોતે અમલ ન કરે તો પ્રથમ અમલ નહીં કરે. જેવું કે આજે જોવામાં આવી રહ્યું છે કે ક़ાનૂન ફૂટબોલ બનીને રહી ગયા છે. જુઓ સરકાર ﷺએ આ બંને ક़ાનૂન પહેલાં પોતાના અને પોતાનાં નિકટવર્તી સગાં પર લાગુ કર્યા.

૪૭. આ ف આતિફ़ા છે, એટલે કે માલ તથા ખૂનના મામલામાં જુલ્મ ન કરો. પછી પોતાની પત્નીઓ પર પણ ઝિયાદતી ન કરો. અમાન એ અમાનત તથા ક़રારના અર્થમાં છે. એટલે તમે તેણીઓને અલ્લાહની ઝમાનત પર પોતાના નિકાહમાં લીધી છે. કલિમતુલ્લાહથી મુરાદ અલ્લાહનો હુકમ છે કે فانكحوهن એટલે કે અલ્લાહના ફર્માનના હેઠળ તમારા માટે તેણીઓ હલાલ થઈ છે. આપણે ત્યાં નિકાહ વખતે દુલ્હા દુલ્હનને કલમા પઢાવે છે એનો માખઝ આ હદીષ હોય શકે છે જેથી બંનેવનો ક़રાર મજબૂત રહે.

૪૮. એટલે કે તમારા ઘરોમાં કોઈ એવાને ન આવવા દો અને તમારા બિસ્તરો પર કોઈ એવાને ન બેસવા દો જેમનું આવવું બેસવું તમે નાપસંદ કરતા હોવ. ફ़ક़ીહો ફર્માવે છે કે સ્ત્રીના પિયરવાળા ત્યાં સુધી કે તેણીનાં મા બાપ પણ પતિની ઈજાઝત વિના તેના ઘરે ન જાય, જો પતિ તેમનું આવવું પોતાના ઘરમાં નાપસંદ કરે તો તેમને ન બોલાવે, પિયર જઈને મળી આવે. એનો માખઝ આ હદીષ છે. હા ! પતિ પત્નીને મા બાપને મળવાથી મના નથી કરી શકતો કે એમાં સગાઈ કટ કરવું છે.

૪૯. એટલે તેમને એ વાંક પર સજા આપી શકો છો. જાણવા મળ્યું પતિ પત્નીને મામૂલી સજા રૂપે મારી શકે છે કેમ કે પુરૂષ સ્ત્રીનો હાકિમ છે, જેવી રીતે, મા, બાપ, ઉસ્તાદ પોતાની ઔલાદ કે શાગિર્દને ચેતવણીરૂપે મારપીટ કરી શકે છે, એવી જ રીતે પતિ પત્નીને મારી શકે પણ માર મામૂલી હોય. એટલા માટે (ગૈર મુબર્રહ : સાધારણ, પીડા ન થાય તેવો) ફર્માવ્યું કે આ મારથી ઈજા પહોંચાડવાનો હેતુ નથી પણ સુધારણાનો હેતુ છે.

૫૦. ભલાઈથી રોટી કપડાંનો અર્થ એ છે કે ખુશદિલીથી આપો, તેણીઓના ખર્ચને બોજ ન સમજો અને જેવું પોતે ખાવ પહેરો તેવું તેણીઓને ખવડાવો પહેરાવો.

★ કિતાબ તથા સુન્નતને મજબૂતીથી પકડો ★

૫૧. એટલે કે **હું જઈ રહ્યો છું અને કુર્આને કરીમ તમારામાં છોડીને જઈ રહ્યો છું. જો તમે તમારા અક़ીદા તથા અમલો એના પ્રમાણે રાખ્યા તો ગુમરાહ થશો નહીં.** યાદ રાખશો કે પૂરા કુર્આન પર અમલ

જરૂરી છે અને કુર્આનમાં તો એ હુકમ પણ છે કે અલ્લાહ વ રસૂલની ઈતાઅત (આજ્ઞાપાલન) કરો, અને એ પણ છે કે જેણે રસૂલનું આજ્ઞાપાલન કર્યું તેણે અલ્લાહનું આજ્ઞાપાલન કર્યું. જેથી સુન્નત પર અમલ લાઝિમ થયો. હવે એ વાંધો નથી કે સુન્નત પર અમલ જરૂરી નથી, કુર્આન પૂરતું છે.

૫૨. જાણવા મળ્યું કે હુઝૂર આપણા ઈમાનની ગવાહી આપશે અને આપણે લોકો હુઝૂર ﷺની તબ્લીગની ગવાહી આપીશું. હા ! હુઝૂરે અન્વર ﷺની તબ્લીગનો કોઈ બેઈમાન કરી શક્શે નહીં કે જેથી પછી એની તેહક़ીક़ કરવામાં આવે. જેથી આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી : وَّلَا تُسْـَٔلُ عَنْ اَصْحٰبِ الْجَحِيْمِ ﴿۱۱۹﴾ (અને તમારાથી દોઝખવાળાઓનો સવાલ થશે નહીં. –સૂરએ બક़રહ, ૨/૧૧૯) આ સવાલ અલગ છે અને જે સવાબનો નકાર છે તે અલગ છે.

૫૩. એટલે કે મૌલા ! તું એમની ગવાહીનો ગવાહ થઈ જા. રબ તઆલા ફર્માવે છે : وَ كَفٰى بِاللّٰهِ شَهِيْدًا ﴿۷۹﴾ (અને અલ્લાહ પૂરતો ગવાહ છે. સૂરએ નિસાઅ, ૪/૭૯) અલ્લાહ તઆલા અહકમુલ હાકિમીન છે અને ગવાહોનો ગવાહ પણ. દરેક હાકિમ ગવાહોનો ગવાહ હોય છે. જેથી આ ગવાહી રબ તઆલાની હાકિમિયતની વિરુદ્ધ નથી. અમુક નુસ્ખાઓમાં يَنْكِبُهَا થી છે نَكَبَ ઝાંકવાના અર્થમાં અને نَكَتَ થી અર્થ ખોતરવું.

૫૪. આ જમ્અે સ़લાતૈન (નમાઝો ભેગી કરવું) છે. અરફાતમાં ઝોહર તથા અસર એક અઝાન તથા બે તકબીરો વડે ઝોહરના સમયમાં અદા કરવામાં આવે છે. ઝોહરની સુન્નતો તથા નફ્લ છોડી દેવામાં આવે છે. જેથી અરફાત પહાડ પર જલ્દી પહોંચે અને દુઆઓ માટે પૂરો સમય મળે.

★ રમુજી ટુચકો ★

સવાલ : એ કઈ જગા છે જ્યાં નફ્લને કારણે ફર્ઝ છોડી દેવામાં આવે છે ?

જવાબ : તે અરફાત છે જ્યાં નફ્લ એટલે દુઆઓના લીધે અસરનો સમય જે ફર્ઝ છે છોડી દેવામાં આવે છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં આ જમા સલાતૈન હજ્જના કારણે છે. ઈમામ શાફઈને ત્યાં સફરના કારણે છે. હનફી મઝહબ મજબૂત છે, કેમ કે ખુદ મક્કાવાળા જેઓ મુસાફર નથી હોતા તેઓ પણ અહીં જમા સલાતૈન કરે છે. હવે ઈમામ મક્કા મોઅઝ્ઝમા રહે છે પણ જમા કરે છે.

૫૫. حبل વહેતી રેતીને કહે છે જેના પર રસ્સીઓની જેમ કરચલીઓ પડેલી હોય છે. مشاۃ ماشٍનું બહુવચન, ચાલવાવાળાના અર્થમાં. કેમ કે રેતીના કારણે અહીં સવારી પર નથી ચાલી શકતા. પગપાળા ચાલવું પડે છે એટલા માટે તેને مشاۃ કહે છે. આ એક મેદાન છે. અરફાત શરીફમાં હુઝૂરે અન્વર ﷺએ પથરીલા વિસ્તાર પર ઊંટણી ઉભી કરી, એ રીતે કે રેતાળ હિસ્સો હુઝૂર ﷺની સામે આવી ગયો અને ક़िબ્લા બાજુ આપનું મોં થઈ ગયું. હાજીઓએ એ જગાએ ઉભા રહેવાની કોશિશ કરવી જોઈએ. કદાચ કદી હુઝૂર ﷺની ઉભા રહેવાની જગા પર ઉભા રહેવાનું નસીબ થઈ જાય.

૫૬. પહેલાં ગાયબ થવાથી મુરાદ હતું સૂરજના અમુક હિસ્સાનું ગાયબ થવું. અને એ ગાયબ થવાથી મુરાદ પૂરો સૂર્ય ડૂબી જવો. બયાનમાં ક્રમ નથી, કેમ કે પીળાશ સૂરજ ડૂબી ગયા પછી ગાયબ થઈ જાય છે. રાવીએ સૂર્યાસ્તનું વર્ણન બે વાર કર્યું તાકીદના માટે જેથી કોઈ એવું ન સમજે કે સૂર્યાસ્તથી નજીક સૂર્યાસ્ત હોવું મુરાદ છે.

★ મુઝદલ્ફામાં રાત પસાર કરવી સુન્નત ★

૫૭. એટલે કે સૂર્ય અરફાતમાં જ ડૂબી ગયો. ત્યાર બાદ આપ મુઝદલ્ફાની તરફ એ રીતે રવાના થયા કે હઝરત ઓસામા ઈબ્ને ઝયદને પોતાની ઊંટણી પર પોતાની પાછળ સવાર કરી લીધા. મુઝદલ્ફા زلف નજીકના અર્થમાં છે. અથવા زَلَفٌ સપાટ જમીનના અર્થમાં છે. કેમ કે એ જગા મિનાથી નજીક છે, તેમજ **એ જ જગાએ હઝરત આદમ** عليه السلام **તથા હવા** رضي الله عنها **ની મુલાકાતની નિકટતા થઈ,** અને અહીંની જમીન સમતલ છે એટલા માટે એને મુઝદલ્ફા કહે છે. મુઝદલ્ફામાં રાત ગુજારવી આપણે ત્યાં અને ઈમામ અહમદને ત્યાં સુન્નત છે. અમુક શાફઈઓને ત્યાં ફર્ઝ છે. (લમ્આ़ત વ અશિઅ़હ) અમુકને ત્યાં વાજિબ છે.

★ મગરિબ અને ઈશા મિલાવવી ★

૫૮. ઈમામ અહમદ તથા ઝફરને ત્યાં એ જ તરીક़ો છે. આપણે ત્યાં એ બંનેવ નમાઝો એક જ અઝાન અને એક જ તકબીર વડે થશે, કેમ કે અરફાતમાં તો અસર સમયથી પહેલાં થઈ હતી એટલા માટે એની અલગથી ખબર કરવી જરૂરી હતી. પણ અહીં ઈશા પોતાના સમયમાં થઈ રહી છે. તેની નવેસરથી ખબર કરવાની જરૂર નથી. મુસ્લિમ તથા તિર્મિઝીએ હઝરત ઈબ્ને ઉમરથી એક તકબીરની રિવાયત કરી. તિર્મિઝીએ આ હદીષને હસન સહીહ ફર્માવી. (અશિઅ़હ)

૫૯. ઈશાની સુન્નતો તથા વિત્ર તથા નફ્લ પઢીને સૂએ, એટલા માટે ثم (ષુમ્મ) ઈર્શાદ ફર્માવ્યું. આજે પણ હાજીને મુઝદલ્ફામાં પૂરી ઈશા સુન્નતુલ વિત્ર સાથે પઢવી જોઈએ. (મિર્क़ાત) મિર્क़ાતે ફર્માવ્યું કે મગરિબની સુન્નત પઢવી પણ બેહતર છે. આ સ્થિતિમાં અહી અવ્વાબીનના નફલોનો નકાર થશે.

★ મુઝદલ્ફાની રાતમાં સૂવુ સુન્નત ★

૬૦. આપ હમેશાં તો ફજર અજવાળામાં પઢયા કરતા હતા, પણ આજે મુઝદલ્ફામાં ફજર શરૂ સમયમાં પોહ ફાટતાં જ પઢી. એનાથી જાણવા મળ્યું કે હમેશાં ફજર અજવાળામાં પઢવી જોઈએ. જાણવા મળ્યું કે **મુઝદલ્ફાની રાતમાં હાજીએ સૂવું સુન્નત છે, ભલે સામાન્યતઃ ઈદની રાતે જાગવું બેહતર છે.**

૬૧. "મશઅરે હરમ" મુઝદલ્ફામાં એક ખાસ જગાનું નામ છે જ્યાં હાલ મસ્જિદ બનેલી છે. એ જગા क़ઝહ પહાડની નજીક છે. એ જ જગાએ હાજીએ રોકાવું જોઈએ.

૬૨. મક્કાના કાફિરો સૂરજ નીકળ્યા બાદ મુઝદલ્ફાથી રવાના થતા હતા, જ્યારે કે પહાડની ટોચ ચમકી જતી હતી. હુઝૂરે ﷺ અન્વર એ સૂરજ નીકળતા પહેલાં રવાનગી કરી અને અહીં હઝરત ફઝલ ઈબ્ને અબ્બાસને પોતાની પાછળ સવાર કરી લીધા.

૬૩. વાદીએ મુહસર એ મુઝદલ્ફા તથા મિનાની વચ્ચે એક જંગલ છે. મુહસરનો અર્થ છે થાકી જવાની જગા. રબ તઆલા ફર્માવે છે : خَاسِئًا وَّهُوَ حَسِيْرٌ (નજર તારી તરફ પલટી આવશે થાકેલી માંદી. સૂરએ મુલ્ક, ૬૭/૪) અસ્હાબે ફીલનો હાથી આ જંગલમાં પહોંચીને થાકી ગયો હતો એટલા માટે એને મુહસર કહે છે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે અહીં જ અસ્હાબે ફીલ પર અઝાબ આવ્યો હતો એટલા માટે અહીંથી જલ્દી જલ્દી પસાર થઈ જવું જોઈએ, જેવી રીતે क़ૌમે ષમૂદ તથા આદની જમીનથી જલ્દી પસાર થઈ જવું જોઈએ. અમુકે ફર્માવ્યું કે અહીં મુશ્રિકો થોભી જતા હતા તેમના વિરુદ્ધમાં હુઝૂર ﷺ અહીંથી જલ્દી પસાર થઈ ગયા. અલ્લાહ બેહતર જાણનાર છે. (અશિઅ़હ)

★ અરફાત આવતાં જતાં વિવિધ માર્ગ અપનાવવો સુન્નત ★

૬૪. એટલે કે અરફાતમાં જતી વખતે અન્ય રસ્તો અપનાવ્યો હતો અને પરત થતાં બીજો રસ્તો અપનાવ્યો. આ રસ્તો જમરા ઉકબા (મોટા શૈતાન) પર નીકળે છે. જાણવા મળ્યું કે અરફાત જતાં આવતાં અલગ અલગ રસ્તા અપનાવવા સુન્નત છે.

૬૫. આ જમરએ ઉકબા (મોટો શૈતાન) છે. કદાચ કોઈ સમયમાં અહીં કોઈ ઝાડ હશે. હવે ત્યાં કોઈ ઝાડ નથી. આ જમરો મસ્જિદે હુનૈફથી દૂર છે, મક્કા મોઅઝ્ઝમાની તરફ છે. છેલ્લો જમરો છે. કેમ કે એ પહાડની પાછળ છે જ્યાં બયઅતે ઉક़બા થઈ એટલા માટે તેને જમરએ ઉક़બા કહે છે.

★ જમરા ઉકબાની રમીનો તરીક़ો ★

૬૬. خذف નો શાબ્દિક અર્થ છે આંગળીઓ વડે કાંકરીઓ ફેંકવી. એ કાંકારા વટાણાના દાણા બરાબર હતા જે કલમાની આંગળી અને અંગૂઠાથી પકડીને જમરા (થાંભલા) પર મારવામાં આવતા હતા. આજે પણ એ જ રીતે કાંકરી મારવી જોઈએ. અમુક જાહિલો મોટા મોટા પથ્થર મારે છે, અમુક જોડા મારે છે, એ ગલત પણ છે અને મૂર્ખાઈ પણ છે.

૬૭. એટલે કે જમરાની સામે ઉભા રહીને સપાટ જમીનેથી રમી કરી જેને બતને વાદી કહે છે. ઉપરના હિસ્સાથી રમી ન કરી. બતને વાદીનો પતો એ જગા જોઈને જ લાગે છે.

૬૮. કુર્બાનીગાહ હુઝૂર ﷺના ક़યામગાહથી નજીક જ હતો. મસ્જિદે હુનૈફના ક़िબ્લાની તરફ જમરએ ઉક़બાની નજીક. જો કે મિના આખુ જ કુર્બાનગાહ છે પણ બેહતર એ છે કે હુઝૂરે અન્વર ﷺની કુર્બાનીગાહમાં પહોંચીને કરવામાં આવે. (અઝ : મિર્ક़ાત)

૬૯. એ રીતે કે પોતાની દરેક કુર્બાનીમાં હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ નો પણ હિસ્સો રાખ્યો. આ જનાબે અલી رضی اللہ عنہ ની મહાન અઝમત છે.

★ પોતાની કુર્બાનીનો ગોશ્ત ખાવો સુન્નત ★

૭૦. એટલે કે હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ અને તથા રસૂલુલ્લાહ ﷺએ એ દેગચીથી બોટીઓ પણ ખાધી અને રસો પણ પીધો. જાણવા મળ્યું કે **પોતાની કુર્બાનીનો ગોશ્ત ખાવો સુન્નત છે.** અમુકે વાજિબ કહ્યો. રબ તઆલા ફર્માવે છે : فَكُلُوْا مِنْهَا

★ તવાફે ઝિયારત દસમી ઝીલ હજ્જના કરે ★

૭૧. હક્ક એ છે કે હુઝૂરે અન્વર ﷺએ મક્કા મોઅઝ્ઝમા પહોંચીને ઝવાલથી પહેલાં તવાફે ઝિયારત કર્યો પછી ત્યાં જ ઝોહર પઢી. જે રિવાયતોમાં છે કે હુઝૂર ﷺએ મિનાથી પરત થઈને પઢી ત્યાં રાવીને ધોકો થઈ ગયો. ત્યાં હુઝૂરે અન્વર ﷺએ નવાફિલ પઢયા ઝોહરના ફર્ઝ સિવાયના. નહીં તો ઝોહર ગૈર મુસ્તહબ સમયમાં પઢવી લાઝિમ થશે. હજી પણ મુસ્તહબ એ જ છે કે દસમી ઝીલ હજ્જના જ તવાફે ઝિયારત કરે અને ઝોહર હરમ શરીફમાં જ પઢે. પણ મુશ્કેલીથી મયસ્સર થાય છે કેમ કે એ દિવસે કામ વધારે હોય છે અને કુર્બાનીમાં મોડુ થઈ જાય છે. મોટાભાગના હાજીઓ મક્કા મોઅઝ્ઝમામાં પઢે છે.

૭૨. એ લોકો હઝરત અબ્બાસ رضی اللہ عنہ ની ઔલાદ તથા અમુક અન્ય હઝરાત હતા. ત્યાં ચાહે ઝમઝમ (ઝમઝમના કૂવા)થી દરેક શખ્સ પાણી નથી ભરી શકતો, એ પણ ખાસ લોકોનો હક્ક़ છે.

૭૩. એટલે કે જો અમે આ પાણી ખેંચ્યું તો આ અમલ સુન્નત થઈ જશે અને દરેક શખ્સ આ સુન્નત પર અમલ કરશે. તમારે અહીંથી નીકળવું પડશે એટલા માટે અમે ખુદ નથી ખેંચતા.

★ ઝમઝમના કૂવાને બે શરફ़ હાંસલ છે ★

૭૪. આપે ઉભા ઉભા જ ડોલથી ઝમઝમ પીધું. બાકીનું પાણી ચાહે ઝમઝમમાં રેડી દીધું. હવે એ પાણીમાં બે બરકતો છે, એક તો હઝરત ખલીલુલ્લાહ عليه السلام ના પગ શરીફ़નું ધોવણ છે અને બીજુ હબીબુલ્લાહ ﷺ નું પીધેલુ પાણી એમાં છે. મુબારક છે તેને જેમને એને પીવું નસીબ થાય.

૭૫. આ હદીષ ઈબ્ને અબી શયબા, અબૂ દાઉદ, નિસાઈ, અબ્દ ઈબ્ને હુમૈદ બઝ્ઝાર, દારમીએ પણ હઝરત ઈમામ જાફ़ર સાદિક़ અન અબી અન જાબિર રિવાયત કરી.

★ હદીષ : (૨)-૨૫૫૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: خَرَجْنَا مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي حَجَّةِ الْوَدَاعِ فَمِنَّا مَنْ أَهَلَّ بِعُمْرَةٍ وَمِنَّا مَنْ أَهَلَّ بِحَجٍّ فَلَمَّا قَدِمْنَا مَكَّةَ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَهَلَّ بِعُمْرَةٍ وَلَمْ يُهْدِ فَلْيَحْلِلْ وَمَنْ أَحْرَمَ بِعُمْرَةٍ وَأَهْدَى فَلْيُهِلَّ بِالْحَجِّ مَعَ العُمرةِ ثُمَّ لَا يحل حَتَّى يحل مِنْهَا» . وَفِي رِوَايَةٍ: «فَلَا يَحِلُّ حَتَّى يَحِلَّ بِنَحْرِ هَدْيِهِ وَمَنْ أَهَلَّ بِحَجٍّ فَلْيُتِمَّ حَجَّهُ» . قَالَتْ: فَحِضْتُ وَلَمْ أَطُفْ بِالْبَيْتِ وَلَا بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ فَلَمْ أَزَلْ حَائِضًا حَتَّى كَانَ يَوْمُ عَرَفَةَ وَلَمْ أُهْلِلْ إِلَّا بِعُمْرَةٍ فَأَمَرَنِي النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ أَنْقُضَ رَأْسِي وَأَمْتَشِطَ وَأُهِلَّ بِالْحَجِّ وَأَتْرُكَ الْعُمْرَةَ فَفَعَلْتُ حَتَّى قَضَيْتُ حَجِّي بَعَثَ مَعِي عَبْدَ الرَّحْمَنِ بْنَ أَبِي بَكْرٍ وَأَمَرَنِي أَنْ أَعْتَمِرَ مَكَانَ عُمْرَتِي مِنَ التَّنْعِيمِ قَالَتْ: فَطَافَ الَّذِينَ كَانُوا أَهَلُّوا بِالْعُمْرَةِ بِالْبَيْتِ وَبَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ ثُمَّ حَلُّوا ثُمَّ طافوا بَعْدَ أَنْ رَجَعُوا مِنْ مِنًى وَأَمَّا الَّذِينَ جَمَعُوا الْحَجَّ وَالْعُمْرَةَ فَإِنَّمَا طَافُوا طَوَافًا وَاحِدًا

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફ઼માવે છે[૧] અમે નબી કરીમ ﷺ ની સાથે હજ્જતુલ વિદાઅમાં રવાના થયા તો અમારામાંથી અમુકે ઉમરાનો એહરામ બાંધ્યો અને અમુકે હજ્જનો[૨] અને જ્યારે મક્કા આવ્યા તો રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ર્માવ્યું કે જેણે ઉમરાનો એહરામ બાંધ્યો હોય અને હદી ન લાવ્યે હોય તે હલાલ થઈ જાય અને જેણે ઉમરાનો એહરામ બાંધ્યો હોય અને હદી લાવ્યો હોય તે ઉમરાની સાથે હજ્જનો એહરામ બાંધી લે[૩] પછી હલાલ ન થાય ત્યાં સુધી કે બંનેથી હલાલ થાય. અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે પછી હલાલ ન થાય ત્યાં સુધી કે હદી કુર્બાની કરી લે[૪]. અને જેણે હજ્જનો એહરામ બાંધ્યો હોય તે પોતાનો હજ્જ પૂરો કરે[૫] ફ઼માવે છે કે હું કપડાંથી થઈ ગઈ, જો કે મેં બયતુલ્લાહનો તવાફ઼ કર્યો ન હતો, ન સફ઼ા તથા મરવાની સઈ તો હું કપડાંથી જ રહી, ત્યાં સુધી કે અરફ઼ાનો દિવસ આવી ગયો[૬] અને મેં કેવળ ઉમરાનો જ એહરામ બાંધેલો હતો તો મને નબી કરીમ ﷺ એ હુકમ આપ્યો કે હું મારા વાળ ખોલી નાખું અને હજ્જનો એહરામ બાંધી લઉં, ઉમરો છોડી દઉં[૭]. મેં એવું જ કર્યું ત્યાં સુધી કે મેં મારો હજ્જ પૂરો કરી લીધો[૮]. મારી સાથે અબ્દુર્રહમાન ઈબ્ને

અબૂબકર સિદ્દીક़ને મોકલ્યા અને મને હુકમ આપ્યો કે હું મારા છૂટેલા ઉમરાની જગાએ મક़ામે તન્ઈમથી ઉમરો કરું[૯] ફ઼રમાવે છે કે જે લોકોએ ઉમરાનો એહરામ બાંધ્યો હતો તેમણે બયતુલ્લાહનો તવાફ઼ અને સફ઼ા મરવા વચ્ચે સઈ કરી પછી હલાલ થઈ ગયા[૧૦] પછી મિનાથી પરત થયા બાદ એક તવાફ઼ કર્યો[૧૧] પરંતુ જેમણે હજ્જ તથા ઉમરા ભેગા કર્યા હતા તેમણે એક જ તવાફ઼ કર્યો[૧૨]

(મુસ્લિમ, બુખારી)

૧. અમે તમામ અઝવાજ (બીવીઓ), નબી કરીમ અથવા સહાબાએ કિરામ.

૨. કેવળ હજ્જનો અથવા ઉમરા સાથે હજ્જનો. અથવા અમુકે કેવળ હજ્જનો અમુકે હજ્જ તથા ઉમરા બંનેનો. મતલબ કે સહાબાના હાલાત વિવિધ હતા. (મિર્ક़ાત)

૩. એટલે કે આ બંને પ્રકારના હઝરાત તમત્તુઅ કરે. હદી લાવનારા તો હદીનો તમત્તુઅ કરે કે દરમિયાનમાં હલાલ ન થાય, અને હદી ન લાવનારા હદી વિનાનો તમત્તુઅ કરે કે દરમિયાનમાં હલાલ થઈ જાય. યાદ રાખશો કે હજ્જ ચાર પ્રકારના હોય છે : ઈફ઼રાદ, ક़िરાન, તમત્તુઅ હદીવાળો, તમત્તુઅ હદી વિનાનો.

૪. બંને લખાણો (ઈબારતો)નો મક़સદ લગભગ સમાન છે, કેમ કે ક़ારિન તથા હદીવાળો તમત્તુઅ દસમી બક઼ ઈદના જ કુર્બાની કરે છે અને એ જ દિવસે બંને એહરામોથી ખુલે છે.

૫. એટલે ઈફ઼રાદ બિલ હજ્જવાળો ચાહે હદી લાવ્યો હોય કે ન લાવ્યો હોય બક઼ ઈદના દિવસે જ એહરામ ખોલે, જેવું કે મુફ઼રદ કરે છે.

૬. એટલે કે મેં કેવળ ઉમરાનો એહરામ બાંધ્યો હતો પણ હજ્જથી પહેલાં ઉમરો ન કરી શકી, કેમ કે અય્યામ (દિવસો) આવી જવાથી હું તવાફ઼ ન કરી શકી, અને તવાફ઼ વિના સફ઼ા મરવાની સઈ થતી નથી, જેથી ઉમરાનો કોઈ રુકન અદા ન કરી શકી. યાદ રાખશો કે સ્ત્રીને તવાફ઼ પછી અય્યામ (માસિક) આવી જાય તો સઈ કરી શકે છે, અને જો તવાફ઼થી પહેલાં આવી જાય તો ન તવાફ઼ કરી શકે છે ન સઈ.

૭. અને ફ઼સ્ખ ઉમરા અથવા રફ઼ઝ ઉમરા કહે છે કે ઉમરાનો એહરામ બાંધીને ઉમરો કર્યા વિના ખુલી જવો. એટલે એહરામની વિરુધ્ધ કામો કરી લેવાં.

૮. એ રીતે કે હજ્જનો એહરામ બાંધીને તવાફ઼ે કદૂમ કર્યા વિના અરફ઼ાત ચાલી ગઈ. પછી અરફ઼ાત, મુઝદલ્ફ઼ા, મિનાના કાર્યોથી ફ઼ારિગ થઈને તવાફ઼ે ઝિયારત કરી લીધી કે હવે હું માસિકના દિવસોથી ફ઼ારિગ થઈ ચૂકી હતી. તવાફ઼ે કદૂમ માસિકના દિવસોને કારણે ન કરી શકી હતી. **હજી પણ સ્ત્રીને માસિક આવી જવા પર એ જ હુકમ છે કે તવાફ઼ે કદૂમ બલ્કે તવાફ઼ે વિદાઅ પણ માફ઼ થઈ જાય છે.**

૯. તન્ઈમ મક્કા મદીનાથી ત્રણ માઈલના અંતરે હરમની હદોની બહારની જગા છે. હવે ત્યાં મસ્જિદે આઈશા બનેલી છે. સામાન્ય હાજીઓ ત્યાં જઈને નફ઼લી ઉમરાઓનો એહરામ બાંધે છે. એ જગા હરમની હદની સૌથી નિકટની છે. આ હદીષ અહનાફ઼ની દલીલ છે કે **માસિકવાળી સ્ત્રી પોતાનો ઉમરો છોડી દે અને હજ્જ**

બાદ એની જગાએ બીજો ઉમરો એટલે ઉમરો ક़ઝા કરે. હઝરત આઈશા સિદ્દીક़ાનો તમત્તુઅ થયો ન કે ક़िરાન, અને આ બાદવાળો ઉમરો વાજિબ ઉમરો હતો ન કે નફ્લી ઉમરો, જેવું કે શાફઈઓએ સમજ્યું.

૧૦. એ હઝરાત ૭ ઝીલ હજ્જ સુધી હલાલ રહ્યા. આઠમીના એહરામ બાંધીને મિના રવાના થઈ ગયા, જેમ કે તમત્તુઅવાળા હજી પણ કરે છે.

૧૧. તવાફે ઝિયારત જેનો સમય **દસમી બક્ર ઈદથી બારમી બક્ર ઈદની સાંજ સુધી** છે. આ તવાફ **ફ઼ર્ઝ** છે.

૧૨. એટલે કે ક़िરાનવાળાઓએ પણ મિનાથી પરત થઈને કેવળ એક તવાફ જ કર્યો, તવાફે ઝિયારત. તેમણે ક़िરાનના કારણે હવે બે તવાફ ન કર્યા. જેથી આ હદીષ ન તો અહનાફની વિરુદ્ધ છે ન તો શાફઈઓની દલીલ છે. યાદ રાખશો કે ક़ારિન અહનાફની નજીક ઉમરા અદા કર્યા બાદ અરફાત જતા પહેલાં તવાફે ક़દૂમ તથા સફા મરવાની સઈ કરશે, અને અરફાત બાદ તવાફે ઝિયારત કરશે. ઈમામ શાફઈને ત્યાં ક़ારિન તવાફે ક़ુદૂમ નથી કરતો, કેવળ અરફાના બાદ તવાફે ઝિયારત કરે છે. તેમની દલીલ આ હદીષ છે કે હુઝૂર ﷺ ક़ારિન હતા પણ આપે ઉમરા બાદ તવાફે ક़ુદૂમ કર્યો. તેમજ દારક़ુત્નીએ હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી, હુઝૂર ﷺ ક़ારિન હતા પણ આપે અરફાથી બે તવાફ કર્યા અને બે સઈ. એક તવાફ તથા સઈ ઉમરાની, બીજી તવાફ તથા સઈ હજ્જની. તેમજ તહાવીએ ઈમરાન ઈબ્ને હુસૈન, અલી, અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રિવાયત કરી કે ક़ારિન બે તવાફ કરે અને બે સઈ. જેથી આ હદીષે આઈશાનો એ જ અર્થ છે કે અરફાત પછી ક़ારિન સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ એક તવાફ કર્યો જેથી સર્વ હદીષો ભેગી થઈ જાય અને આ હદીષ અમારી રજૂ કરેલ હદીષની વિરુદ્ધ ન થાય.

★ **હદીષ : (3)-૨૫૫૭** ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: تَمَتَّعَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي حَجَّةِ الْوَدَاعِ بِالْعُمْرَةِ إِلَى الْحَجِّ فَسَاقَ مَعَهُ الْهَدْيَ مِنْ ذِي الْحُلَيْفَةِ وَبَدَأَ فَأَهَلَّ بِالْعُمْرَةِ ثُمَّ أَهَلَّ بِالْحَجِّ فَتَمَتَّعَ النَّاسُ مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِالْعُمْرَةِ إِلَى الْحَجِّ فَكَانَ مِنَ النَّاسِ مَنْ أَهْدَى وَمِنْهُمْ مَنْ لَمْ يُهْدِ فَلَمَّا قَدِمَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَكَّةَ قَالَ لِلنَّاسِ: «مَنْ كَانَ مِنْكُمْ أَهْدَى فَإِنَّهُ لَا يَحِلُّ مِنْ شَيْءٍ حَرُمَ مِنْهُ حَتَّى يَقْضِيَ حَجَّهُ وَمَنْ لَمْ يَكُنْ مِنْكُمْ أَهْدَى فَلْيَطُفْ بِالْبَيْتِ وَبِالصَّفَا وَالْمَرْوَةِ وَلْيُقَصِّرْ وَلْيَحْلِلْ ثُمَّ لِيُهِلَّ بِالْحَجِّ وليُهد فمنْ لم يجدْ هَديا فيلصم ثَلَاثَةَ أَيَّامٍ فِي الْحَجِّ وَسَبْعَةً إِذَا رَجَعَ إِلَى أَهْلِهِ» فَطَافَ حِينَ قَدِمَ مَكَّةَ وَاسْتَلَمَ الرُّكْنَ أَوَّلَ شَيْءٍ ثُمَّ خَبَّ ثَلَاثَةَ أَطْوَافٍ وَمَشَى أَرْبَعًا فَرَكَعَ حِينَ قَضَى طَوَافَهُ بِالْبَيْتِ عِنْدَ الْمَقَامِ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼રમાવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ વિદાઈયા હજ્જમાં હજ્જ તથા ઉમરાનો તમત્તુઅ કર્યો[૧] તો પોતાની સાથે ઝુલ હલીફાથી હદી લઈ ગયા. તો શરૂઆત એ રીતે કરી કે પ્રથમ ઉમરાનો પછી હજ્જનો એહરામ બાંધ્યો[૨] લોકોએ પણ નબી કરીમ ﷺ ની સાથે હજ્જ તથા ઉમરાનો તમત્તુઅ કર્યો[૩] પણ અમુક લોકો તો હદી લઈ ગયા હતા અને અમુક ન લઈ ગયા હતા, તો જ્યારે નબી કરીમ તશરીફ લાવ્યા તો લોકોને કહ્યું કે તમારામાંથી જે હદી લાવ્યો હોય તો તે કોઈ હરામ કરેલી ચીજથી હલાલ ન થાય[૪] ત્યાં સુધી કે હજ્જ પૂરો કરી લે. અને જે હદી ન લાવ્યો હોય તો કા'બાનો તવાફ કરે અને સફા મરવામાં દોડે અને વાળ કપાવે, હલાલ થઈ જાય[૫] પછી હજ્જનો એહરામ બાંધે અને વાળ કપાવે, હલાલ થઈ જાય[૫] પછી હજ્જનો એહરામ બાંધે અને કુર્બાની આપે. જે કુર્બાની ન પામે તે ત્રણ રોઝા હજ્જ જમાનામાં રાખે અને સાત રોઝા ઘરે પરત

રَكْعَتَيْنِ ثُمَّ سَلَّمَ فَانْصَرَفَ فَأَتَى الصَّفَا فَطَافَ بِالصَّفَا وَالْمَرْوَةِ سَبْعَةَ أَطْوَافٍ ثُمَّ لَمْ يَحِلَّ مِنْ شَيْءٍ حَرُمَ مِنْهُ حَتَّى قَضَى حَجَّهُ وَنَحَرَ هَدْيَهُ يَوْمَ النَّحْرِ وَأَفَاضَ فَطَافَ بِالْبَيْتِ ثُمَّ حَلَّ مِنْ كُلِّ شَيْءٍ حَرُمَ مِنْهُ وَفَعَلَ مِثْلَ مَا فَعَلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ سَاقَ الْهَدْيَ من النَّاس

થતી વખતે[૬] પછી જ્યારે હુઝૂરે અન્વર ﷺ મક્કા આવ્યા તો તવાફ કર્યો. સૌ પ્રથમ સંગે અસ્વદ ચૂમ્યો પછી ત્રણ ચક્કરોમાં રમલ કર્યો અને ચારમાં સામાન્ય ચાલમાં ચાલ્યા[૭] પછી જ્યારે કા'બાનો તવાફ પૂર્ણ કરી ચૂક્યા તો મક़ામે ઈબ્રાહીમની પાસે બે રકાતો પઢી, પછી સલામ ફેરવ્યો પછી પરત થયા. સફા પર આવ્યા, સફા મરવાનો સાતવાર તવાફ કર્યો. પછી આપ કોઈ હરામ થયેલી ચીજથી હલાલ ન થયાં[૮] ત્યાં સુધી કે હજ્જ પૂરી કરી લીધો અને કુર્બાનીના હદી ઝબહ કરી દીધાં અને મિનાથી ચાલ્યા, બયતુલ્લાહનો તવાફ કર્યો પછી સર્વ હરામ થયેલી ચીજોથી હલાલ થઈ ગયા[૯]. અન. હુઝૂરે અન્વર ﷺ ના જેવાં કામ સર્વ હદી લાવનારા લોકોએ કર્યાં[૧૦] (મુસ્લિમ, બુખારી)

૧. અહીં تمتع શાબ્દિક અર્થમાં હજ્જ તથા ઉમરા બંનેથી નફો હાંસલ કરવો. તમત્તુઅ ઉર્ફી એટલે કે ક़िરાનનો વિરુદ્ધાર્થી મુરાદ નથી. જેથી આ હદીષ એ હદીષોની વિરુદ્ધ ન થાય જેમાં કિરાન સાબિત છે. હુઝૂર ﷺએ પ્રથમ હજ્જનો એહરામ બાંધ્યો પછી ઉમરાનો પણ બાંધી લીધો જેનાથી કિરાન થઈ ગયો. (અશિઅ્હ, મિર્ક़ાત, લમ્આત) અથવા એનાથી ઉલ્ટુ. બીજી સ્થિતિ અધિક જાહેર છે.

૨. અમુક ઉલમાએ ફર્માવ્યું કે હુઝૂર ﷺએ પહેલાં હજ્જનો એહરામ બાંધ્યો હતો પછી ઉમરાનો. પણ કેમ કે ક़िરાનમાં ઉમરા પ્રથમ થાય છે, હજ્જ બાદમાં, એટલા માટે ઉમરાનું પ્રથમ વર્ણન છે. અમુકે એને જાહેરી અર્થ પર રાખ્યું અને કહ્યું કે જે રિવાયતોમાં એનાથી વિરુદ્ધ છે ત્યાં હજ્જના ફર્ઝના કારણે તેનું વર્ણન પ્રથમ છે. અલ્લાહ બેહતર જાણનાર છે. (મિર્ક़ાત)

૩. એટલે કે અમુક સહાબાએ પણ ક़िરાન કર્યો. અહીં પણ તમત્તુઅ શાબ્દિક અર્થમાં છે, એટલે કે હજ્જ તથા ઉમરાથી નફો હાંસલ કર્યો.

૪. એટલે કે હદીવાળા તો એહરામ પર ક़ાયમ રહે અને હદી વિનાના ઉમરો કરીને એહરામ ખોલી દે. એનું કારણ પ્રથમ વર્ણવવામાં આવી ચૂક્યું છે. શયખે અહીં ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺએ પ્રથમ હજ્જનો એહરામ બાંધ્યો હતો પછી ઉમરાનો. જે લોકોએ પહેલો એહરામ જોયો તેમણે ઈફ્રાદની રિવાયત કરી અને જેમણે બાદનો હાલ જોયો તેમણે ક़िરાનની રિવાયત કરી. તમત્તુઅવાળી રિવાયતોમાં તમત્તુઅથી શાબ્દિક અર્થ મુરાદ છે. ક़िરાન પણ શાબ્દિક રીતે તમત્તુઅ છે, જેથી સર્વ હદીષો દુરુસ્ત તથા મુતાબિક़ છે. (અશિઅહ્)

૫. ખુલાસો એ છે કે હજ્જના એહરામવાળો પણ ઉમરો કરીને ખુલી જાય. હજ્જને ફતહ કરી દે. પછી બાદમાં નવા એહરામથી હજ્જ કરે જેથી લોકોનો એ ખયાલ તૂટી જાય કે હજ્જના જમાનામાં ઉમરા હરામ છે અથવા એહરામ ખોલવો હરામ છે. હવે એ દુરુસ્ત નથી કે હજ્જનો એહરામ બાંધીને ઉમરા કરીને ખોલી દે. જે સહાબાએ કિરામ તમત્તુઅનો ઈન્કાર એમની એ જ મુરાદ છે એટલે હજ્જ ફતહ કરીને ઉમરા કરવા પછી હજ્જ કરવી. આ વાત ખૂબ જ યાદ રાખશો.

૬. મુતમત્તિઅ (તમત્તુઅવાળો) અથવા ક़ારિન (ક़िરાનવાળો) જો ક़ુર્બાની માટે જાનવર મયસ્સર ન પામે તો દસ રોઝા રાખે તો હજ્જથી પહેલાં અશ્હુરે હજ્જ (હજ્જના મહીના) શવ્વાલ, ઝીક़અદા તથા ઝીલ હજ્જના દસ દિવસોમાં. પણ બેહતર એ છે કે ત્રીજો રોઝો નવમી ઝીલ હજ્જના થાય અને સાત રોઝા હજ્જ પછી ઘર પહોંચીને કે ઐયામે તશરીક પછી મક્કા મોઅઝ્મામાં. (મિર્ક़ાત તથા ફિક़્હની કિતાબો)

૭. રમલ, ક્યાં તો ખૂબ અકડાઈને ચાલવાને અથવા બહાદુરો જેમ ચાલવાને કહે છે. હુઝૂર ﷺ અને સહાબાએ કિરામે رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ ક़ઝા ઉમરાના તવાફમાં ત્રણ ચક્કરોમાં રમલ કર્યો હતો. મક્કાના મુશ્રિકોને પોતાની શક્તિ તથા કુવ્વત બતાવવા માટે. પછી એ અમલ કાયમ માટે સુન્નત બની ગયો કે હુઝૂર ﷺએ હજ્જતુલ વિદાઅના તવાફે ક़ુદૂમમાં પણ (રમલ) કર્યો, આજે પણ હાજીઓ રમલ કરે છે. જાણવા મળ્યું કે **હુઝૂર ﷺના અમલો તથા કામોની નક़લ કરવી એ ઈબાદત છે.** (જેઓ કહે છે કે, નમાઝમાં રસૂલનો ખયાલ લાવવાથી શિર્ક તરફ ખેંચી જાય છે એ ખયાલ બળદ, ગધેડાં કરતાં બુરો છે. (તક़વિયતુલ ઈમાન, દેવબંદી) તેઓ કેટલા મહાન ગુસ્તાખે રસૂલ બદ્ અક़ીદા છે કે હુઝૂર ﷺની અદાનું નામ ઈબાદત છે પછી ખયાલ કોનો આવવાનો છે ?! હુઝૂર ﷺની અદા અપનાવો અને તેમનો ખયાલ ન લાવવો એ કેટલો વાહિયાત ધર્મ છે. –અનુવાદક) જેથી એ અકડાવું મહબૂબ છે. એ પણ જાણવા મળ્યું કે અયન ઈબાદતની હાલતમાં કાફિરોને પોતાની શક્તિ દેખાડવી બેહતર છે કે ઈસ્લામી શક્તિનું પ્રદર્શન પણ ઈબાદત છે. અત્યારે પણ લશ્કરી પરેડ તથા ફોજી સલામોમાં સ્ફૂર્તિ તથા શક્તિ પ્રદર્શન થાય છે.

૮. બલ્કે એહરામ પર કાયમ રહે, કેમ કે આપ ક़ારિન હતા અને ક़ારિનમાં બક્ક ઈદના દિવસે જે એહરામ ખોલવામાં આવે છે. એ સાબિત નથી થતું કે હુઝૂર ﷺએ ઉમરા પછી હજ્જનો એહરામ બાંધ્યો. જેથી જાહેર એ જ છે કે હજ્જ તથા ઉમરાના એહરામ એક સાથે જ બાંધ્યા હતા અને ક़िરાન જ કર્યો હતો. એ અહનાફનો મઝહબ છે કે ક़िરાન અફ઼ઝલ છે.

૯. એ રીતે કે બક્ક ઈદના દિવસે જમરાની રમીથી તો હલ અપૂર્ણ થયો, જેનાથી સંભોગ સિવાય બાકી સર્વ ચીજો હલાલ થઈ ગઈ. અને તવાફે ઝિયારતથી હલ કામિલ (સંપૂર્ણ) થઈ ગયો કે હવે સોહબત પણ દુરુસ્ત થઈ ગઈ.

૧૦. એટલે કે હદીવાળા સહાબાએ કિરામ તો એહરામથી બક્ક ઈદના દિવસે ફારિગ થયા હદી વિનાના સહાબા ચાહે તેમણે ઉમરાનો એહરામ બાંધ્યો હતો અથવા હજ્જનો ઉમરો કરીને એહરામથી ખુલી ગયા, પછી ૮મી ઝીલ હજ્જના મહરિમ થયા, જેવું કે વર્ણન થઈ ચૂક્યું.

'હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, આ તે ઉમરો છે જેનાથી અમે તમત્તુઅ કરી લીધો[૧] તો જેની પાસે હદી ન હોય તે પૂરે પૂરો હલાલ થઈ જાય[૨] કેમ કે હવે ક़યામત સુધી માટે ઉમરો હજ્જમાં દાખલ થઈ ગયો. (મુસ્લિમ)
આ પ્રકરણ વિભાગ–૨થી ખાલી છે.

★ હદીષ : (૪)-૨૫૫૮ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ «هَذِهِ عُمْرَةٌ اسْتَمْتَعْنَا بِهَا فَمَنْ لَمْ يَكُنْ عِنْدَهُ الْهَدْيُ فَلْيَحِلَّ الْحِلَّ كُلَّهُ فَإِنَّ الْعُمْرَةَ قَدْ دَخَلَتْ فِي الْحَجِّ إِلَى يَوْمِ الْقِيَامَةِ» . رَوَاهُ مُسْلِمٌ
وَهَذَا الْبَابُ خَالٍ عَنِ الْفَصْلِ الثَّانِي

૧. અહીં પણ તમત્તુઅ શાબ્દિક અર્થમાં છે એટલે કે હજ્જ તથા ઉમરાનો લાભ ઉઠાવી લે. બંનેવ એક સફરમાં કરવું ક़िરાનનો મુક़ાબિલ નથી. એટલે કે અલગ અલગ એહરામથી હજ્જ તથા ઉમરા કરવા જેવું કે અમુક શરહકર્તાઓએ સમજ્યું.

૨. પૂરા હલાલ થવું એ છે કે પત્ની સાથે સોહબત પણ જાઈઝ થઈ જાય. નાકિસ (અપૂર્ણ) હલ એ છે કે સીવેલુ કપડુ, ખુશ્બુ, માથુ ઢાંકવું તો હલાલ થઈ જાય પણ સોહબત હરામ રહે. એ હિકમત અહીં પૂરા હલાલનો હુકમ આપ્યો.

૩. એટલે કે ઉમરો હજ્જના મહીનાઓમાં સામેલ થઈ ગયો. અરબના કાફિરોનો અક़ીદો હતો કે શવ્વાલથી મુહર્રમ સુધી ઉમરો કરવો હરામ છે, માહે સફરથી જાઈઝ થાય છે. એ અક़ીદો નાબુદ કરી દેવામાં આવ્યો. અમુક ઉલમા જે ફર્માવે છે કે મક્કાવાળા હજ્જના જમાનામાં ઉમરા ન કરે, તેનું કારણ કેવળ એ છે કે તેમના ઉમ્રા કરવાથી ભીડ વધી જશે અને બહારવાળાઓ પર તવાફ તથા સઈમાં મુશ્કેલી થશે, એ લોકો તો હમેશાં ઉમરા કરી શકે છે તો બહારના હાજીઓને એ સમયમાં આસાનીપૂર્વક ઉમરા કરવા દે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૫)-૨૫૫૯ ★

عَنْ عَطَاءٍ قَالَ: سَمِعْتُ جَابِرَ بْنَ عَبْدِ اللَّهِ فِي نَاسٍ مَعِي قَالَ: أَهْلَلْنَا أَصْحَابَ مُحَمَّدٍ بِالْحَجِّ خَالِصًا وَحْدَهُ قَالَ عَطَاءٌ: قَالَ جَابِرٌ: فَقَدِمَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ صُبْحَ رَابِعَةٍ مَضَتْ مِنْ ذِي الْحِجَّةِ فَأَمَرَنَا أَنْ نَحِلَّ قَالَ عَطَاءٌ: قَالَ: «حِلُّوا وَأَصِيبُوا النِّسَاءَ» . قَالَ عَطَاءٌ: وَلَمْ يَعْزِمْ عَلَيْهِمْ وَلَكِنْ أَحَلَّهُنَّ لَهُمْ فَقُلْنَا لَمَّا لَمْ يَكُنْ بَيْنَنَا وَبَيْنَ عَرَفَةَ إِلَّا خَمْسٌ أَمَرَنَا أَنْ نُفْضِيَ إِلَى نِسَائِنَا فَنَأْتِيَ عَرَفَةَ تَقْطُرُ مَذَاكِيرُنَا الْمَنِيَّ. قَالَ: «قَدْ عَلِمْتُمْ أَنِّي أَتْقَاكُمْ لِلَّهِ وَأَصْدَقُكُمْ وَأَبَرُّكُمْ وَلَوْلَا هَدْيِي لَحَلَلْتُ كَمَا تَحِلُّونَ وَلَوِ اسْتَقْبَلْتُ مِنْ أَمْرِي مَا اسْتَدْبَرْتُ لَمْ أَسُقِ الْهَدْيَ فَحِلُّوا» فَحَلَلْنَا وَسَمِعْنَا وَأَطَعْنَا قَالَ عَطَاءٌ: قَالَ جَابِرٌ: فَقَدِمَ عَلِيٌّ مِنْ سِعَايَتِهِ فَقَالَ: بِمَ أَهْلَلْتَ؟ قَالَ بِمَا أَهَلَّ بِهِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «فَأَهْدِ وَامْكُثْ حَرَامًا» قَالَ: وَأَهْدَى لَهُ عَلِيٌّ هَدْيًا فَقَالَ سُرَاقَةُ بْنُ مَالِكِ بْنِ جُعْشُمٍ: يَا رَسُولَ اللَّهِ ألعامنا هَذَا أم لأبد؟ قَالَ: «لأبد» . رَوَاهُ مُسلم

'હઝરત અતાથી રિવાયત છે. ફર્માવે છે કે મેં મારા સાથી લોકોની જમાઅતમાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહને કહેતાં સાંભળ્યા હતા[૧] કે અમે મુહમ્મદ ﷺ ના સહાબાએ કેવળ હજ્જના માટે એહરામ બાંધ્યો[૨] અતા કહે છે કે હઝરત જાબિરે ફર્માવ્યું કે નબી કરીમ ﷺ ચાર બક્ર ઈદની તારીખની સવારે મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા તો અમને ખુલી જવાનો હુકમ આપ્યો. અતા કહે છે કે ફર્માવ્યું, હલાલ થઈ જાવ, પત્નીઓથી સોહબત કરો[૩] અતા કહે છે, સોહબત તેમના પર વાજિબ નથી કરી પણ તેમના માટે પત્નીઓ હલાલ કરી આપી[૪]. અમે વિચાર્યું કે જ્યારે અમારા તથા અરફાની વચ્ચે કેવળ પાંચ દિવસ બાકી રહી ગયા તો અમને પત્નીઓ પાસે જવાની ઈજાઝત આપી દીધી. તો શું અમો અરફામાં એ હાલમાં જઈએ કે અમારા ગુપ્તાંગ મની ટપકાવતા હોય[૫] રાવી કહે છે, હઝરત જાબિર પોતાના હાથથી ઈશારા કરતા હતા જાણે કે હું તેમનો હાથ હલતો જોઈ રહ્યો છું[૬] ફર્માવે છે, તો અમારામાં નબી ઉભા થયા. ફર્માવ્યું, તમે જાણો છો કે હું તમારામાં સૌથી અધિક અલ્લાહથી ડરનારો, સૌથી અધિક સાચો અને નેક અમલવાળો છું[૭] જો મારી હદી ન હોત તો જેવી રીતે હલાલ થઈ રહ્યા છો હું પણ હલાલ થઈ જાત. અને જે વાત બાદમાં ખુલી, જો પહેલેથી અમે જાણતા તો હદી લાવતા જ નહીં[૮] જેથી હલાલ થઈ જાવ.જેથી અમો હલાલ થઈ ગયા. અમે આપનો હુકમ સાંભળ્યો અને પાલન કર્યું[૯] અતા ફર્માવે છે કે હઝરત જાબિરે કહ્યું, પછી હઝરત પોતાના દારુલ

અમાલાથી આવ્યા[૧૦] હુઝૂરે અન્વરે પૂછયું, કયો એહરામ બાંધ્યો ? અર્ઝ કરી, તે જે અલ્લાહના નબીએ બાંધ્યો. હુઝૂરે ફર્માવ્યું, હદી ઝબહ કરો અને એહરામમાં રોકાય રહો. હઝરત અલી હદી લાવ્યા હતા[૧૧] હઝરત સુરાક़ા ઈબ્ને માલિક ઈબ્ને જુઅશમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું અમારા આ જ વરસ માટે છે કે હમેશાં માટે ? ફર્માવ્યું, હમેશા માટે[૧૨]. (મુસ્લિમ)

૧. આપનું નામ અતા ઈબ્ને અબી રિબાહ છે. જલીલુલ ક़દર તાબઈ છે. મક્કા મોઅઝ્ઝમાના રહેવાસી. સાથીઓની જમાઅતનું વર્ણન દલીલની મજબૂતી માટે કર્યું. એટલે કે મેં એકલાએ આ હદીષ નથી સાંભળી પણ એને સાંભળનારા બીજા લોકો પ ણ છે.

૨. મોટાભાગના સહાબા رضوان الله تعالىٰ عليهم اجمعين એ અથવા હદી ન લઈ જનારા સહાબાએ હજ્જનો એહરામ બાંધ્યો અથવા હઝરત જાબિરે પોતાના અંદાઝાથી આવું ફર્માવ્યું, નહીં તો ઘણા સહાબાએ કેવળ ઉમરાનો એહરામ બાંધ્યો હતો. યાદ રાખશો કે અહીં સહાબાનું વર્ણન છે. નબી કરીમ ﷺએ તો ક़िરાન કર્યો હતો, જેમ કે અગાઉ વર્ણવવામાં આવી ચૂક્યું. સારાંશ આ હદીષ અન્ય હદીષોની વિરુદ્ધ નથી.

૩. એટલે કે પૂરા હલાલ થઈ જાવ જેમાં પત્નીથી સોહબત પણ જાઈઝ છે. એ મોક़ા પર ખુલી જવાનો હુકમ તો વાજિબરૂપે હતો અને સોહબતનો હુકમ મુબાહ રૂપે હતો, વધુમાં વધુ મુસ્તહબ રૂપે. જો કે બંને હુકમો એક સમાન નથી.

૪. ઉલમા ફર્માવે છે કે, જો કે હુકમ મુબાહ (અબાહત)નો હતો પણ એ વખતે એ લોકો પર પોતાની પત્નીઓથી સોહબત મુસ્તહબ થઈ ચૂકી હતી કે હુઝૂરે અન્વર ﷺનો હુકમ હતો.

૫. કહેવું કે વિચારવું ઈન્કારના માટે ન હતું બલ્કે આશ્ચર્ય માટે હતું. જેવું કે ફરિશ્તાઓએ અલ્લાહના ખલીફા વિશે એલાન સાંભળીને અર્ઝ કરી હતી : اَتَجْعَلُ فِيْهَا (શું એવાને નાયબ કરીશ જે એમાં ફસાદ (લડાઈ ઝઘડા) ફેલાવશે ! સૂરએ બક़રહ, ૨/૩૦) જેથી હદીષ પર વાંધો નથી કે નબીના ફર્માનનો ઈન્કાર તો કુફ્ર છે. કેમ કે આ અમલ સદીઓના રિવાજ પામેલા અક़ીદા તથા અમલની વિરુદ્ધ હતો એટલા માટે તેમને આશ્ચર્ય થયું. તેનું પહેલેથી એલાન થયું. કદી ન હતો અને અચાનક હુકમ પહોંચ્યો.

૬. આ હઝરત અતાનો ક़ૌલ છે, તે કહે છે કે હઝરત જાબિરે એ વાત હાથ હલાવીને કરી, જેમ કે આદત મુજબ વાત કરતાં હાથ હલાવતા જતા હોય છે, અથવા બાકીની મુદ્દતની કમી વર્ણવવા માટે હાથ હલાવ્યો કે જ્યારે આટલી સરખી ૨તીભર ઘડીઓ બાકી રહી ગઈ, અરફાનો દિવસ તદ્દન નજીક જ આવી ગયો, તો સોહબત હલાલ કરવામાં આવી ! અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે હાથની હરકત કરીને વિર્ય ટપકાવવાની તરફ નિર્દેશ છે. પણ એ બરાબર નથી જણાતું, નહીં તો પછી આંગળી હલાવવામાં આવત ન કે હાથ. પ્રથમ બે ખુલાસાઓ ખૂબ જ ક़વી (મજબૂત) છે. *(મિર્ક़ાત)*

૭. સરકાર ﷺના આ ફર્માનથી માલૂમ પડયું કે સહાબાએ કિરામને હુઝૂરે અન્વર ના ફર્માને આ़લીની દુરુસ્તીમાં કોઈ શંકા ન હતી તેમને હુકમ કબૂલ કરવામાં કોઈ વાધો કે વિમુખતા ન હતી. સદીઓના અક़ીદાઓના વિરુદ્ધ પર આશ્ચર્ય હતું. હુઝૂરે અકરમ ﷺની સુન્નત પર અમલનો શોખ હતો. કેમ કે હુઝૂરે આ़લી ﷺ ખુદ

હલાલ થયા ન હતા. તો જાણે એ વખતે હલાલ ન થવું તેમણે સુન્નત જાણ્યું અને હલાલ થઈ જવું બિલ્કુલ નાજાઈઝ માન્યું. શોખ હતો કે અફઝલ પર અમલ કરે. જેથી એના પરથી રાફઝીઓ દલીલ નથી પકડી શકતા.

★ એહરામ ખોલવામાં સહાબાના ખચકાટનો સબબ ★

૮. આ વાક્યએ મામલો સાફ કરી આપ્યો કે સહાબાને હુઝૂર ﷺની પયરવી (ઈત્તેબાઅ)નો શોખ હતો ન કે હુકમથી નાફર્માની. જો મને તમારા આ શોખ (ઉમંગ)નો પહેલેથી અંદાજો હોત તો હું પણ (હદી) ન લાવત, અને તમારી સાથે હું પણ હલાલ થઈ જાત, જેથી કરીને તમને હલાલ થવામાં સંકોચ ન થાત. યાદ રાખશો કે لَوِ اسْتَقْبَلْتُ થી હુઝૂર ﷺના ઈલ્મનો નકાર (નફી) નથી થતો. અહીં બનાવ પ્રદર્શિત કરવું મુરાદ છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : وَلَوْ عَلِمَ اللّٰهُ فِيْهِمْ خَيْرًا (અને જે અલ્લાહ એમનામાં કાંઈ ભલાઈ જાણતો તો.... સૂરએ અન્ફાલ, ૮/૨૩) અથવા જેમ કે : وَلَمَّا يَعْلَمِ اللّٰهُ الَّذِيْنَ (અને હજી અલ્લાહે તમારા ગાઝીઓનો ઈમ્તેહાન નથી લીધો. –સૂરએ આલે ઈમરાન, ૩/૧૪૨) અથવા આ વાત અફસોસ પ્રદર્શિત કરવા માટે હોય છે કે જો અમને પહેલેથી આ અંદાઝ હોત કે તમને ઈત્તેબાએ સુન્નત (સુન્નતના અનુસરણ)નો આટલો શોખ છે ! તો અમે પણ હદી ન લાવત.

૯. એનાથી જાણવા મળ્યું કે જ્યારે હુઝૂર ﷺના ક़ૌલ તથા અમલ (વાણી તથા વર્તનમાં) વિરોધાભાસ હોય તો ક़ૌલને અગ્રતા આપવામાં આવે છે કે અમલમાં વિશિષ્ટપણાની સંભાવના છે. આ અહનાફનો મઝહબ છે. સહાબાએ કિરામ ઈતાઅત (આજ્ઞાપાલન) ખુશીથી કરી ન કે નારાજી સાથે. જે કાંઈ સંકોચ હતો તે પહેલેથી જ જાહેર કરી આપ્યો. એટલા માટે એ લોકો બોધ લે જેઓ કહે છે કે આ ઈતાઅત મુનાફિક़તથી હતી.

૧૦. આ મોક़ા પર હઝરત અલી رضی اللہ عنہ યમનના સાઈ (જેમને ઝકાત વસૂલ કરવા માટે નિમણૂંક કરવામાં આવેલ હોય) હતા જે સદક़ા વસૂલ કરવા ત્યાં તશરીફ લઈ ગયા હતા. લગભગ આ વાતચીત બાદ હઝરત અલી યમનથી અહીં પહોંચ્યા.

૧૧. એટલે કે તમે પણ અમારી જેમ ક़ારિન છો અને તમારી સાથે પણ અમારી જેમ હદી છે, જેથી તમે પણ એહરામ ન ખોલો, હજ્જથી ફારિગ થઈને ખોલજો.

★ હજના દિવસોમાં ઉમરા સૌના માટે જાઈઝ ★

૧૨. એટલે કે ક़યામત સુધી હજ્જના જમાનામાં ઉમરા કરવા દુરુસ્ત થઈ ગયા. એ દસ્તૂર ખત્મ કરી દેવામાં આવ્યો કે શવ્વાલથી સફર સુધી ઉમરા હરામ હોય. પણ હજ્જનો ફતહ કેવળ એ જ સાલ માટે હતો, ભવિષ્યમાં કદી જાઈઝ ન થશે. આ નિર્દેશ ઉમરા જાઈઝ હોવાની તરફ છે ન કે ફતહે હજ્જની તરફ. આ જમહૂર ઉલમાનો ક़ૌલ છે. (મિર્ક़ાત તથા લમ્આત)

★ હદીષ : (૬)-૨૫૬૦ ★
وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا أَنَّهَا قَالَتْ: قَدِمَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لِأَرْبَعٍ مَضَيْنَ مِنْ ذِي الْحِجَّةِ أَوْ خَمْسٍ فَدَخَلَ عَلَيَّ وَهُوَ غَضْبَانُ فَقُلْتُ: مَنْ أَغْضَبَكَ يَا رَسُولَ اللّٰهِ أَدْخَلَهُ اللّٰهُ النَّارَ. قَالَ: «أَوَ مَا شَعَرْتِ أَنِّي

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે બક્ર ઈદના ચાર પાંચ દિવસ પસાર થઈ ગયા તો મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થયા તો મારી પાસે ગુસ્સાની હાલતમાં તશરીફ લાવ્યા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપને કોણે રંજમય કર્યા ! ખુદા તેને દોઝખમાં નાખે !" ફર્માવ્યું, શું તમને ખબર નથી કે અમે લોકોને એક હુકમ આપ્યો

أَمَرْتُ النَّاسَ بِأَمْرٍ فَإِذَا هُمْ يَتَرَدَّدُونَ وَلَوْ أَنِّي اسْتَقْبَلْتُ مِنْ أَمْرِي مَا اسْتَدْبَرْتُ مَا سُقْتُ الْهَدْيَ مَعِي حَتَّى أَشْتَرِيَهُ ثُمَّ أُحِلُّ كَمَا حلُّوا» . رَوَاهُ مُسلم

તો તેઓ એમાં ખચકાટ કરે છે[૨]. અને જો અમે પહેલેથી એ જાણતા જે બાદમાં જાણ્યું તો અમે અમારી સાથે હદી ન લાવતા, ત્યાં સુધી કે અહીંથી જ કુર્બાની ખરીદી લેત. એઓ હલાલ થઈ રહ્યા છે, અમે પણ હલાલ થઈ જાત[૩]." (મુસ્લિમ)

૧. હુઝૂરે અન્વર ﷺની આ નારાજી એ હઝરાતની ફતહે હજ્જમાં ખચકાટ કરવાથી હતી કે એ લોકોએ અમારા હુકમ પર અમલ કરવામાં વાર કેમ લગાડી ?! હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ની એ બદ્દુઆ નારાજી પ્રદર્શિત કરવા માટે હતી. હુઝૂર ﷺના ગુસ્સા અને હઝરત આઈશા رضی اللہ عنہا ની નારાજીથી સહાબા હઝરાત ઈસ્લામથી ખારિજ નથી થઈ ગયા, નહીં તો હુઝૂરે અન્વર ﷺ તેમને પોતાની સાથે હજ્જ ન કરાવતા, બલ્કે પહેલાં તેમને બીજીવાર કલમો પઢાવીને મુસલમાન કરતા. તેમના, નિકાહ નવા કરાવતા, કેમ કે કાફિર હજ્જ નથી કરી શકતા, ન મક્કા મોઅઝ્ઝમા હજ્જ માટે જઈ શકે છે. રબ તઆલા ફર્માવે છે : فَلَا يَقْرَبُوا الْمَسْجِدَ الْحَرَامَ بَعْدَ عَامِهِمْ هٰذَا (તો વરસ બાદ તે મસ્જિદ હરામની પાસે ન આવે. –સૂરએ તૌબા, ૯/૨૮) આ નારાજી એવી જ છે જેમ કે હુઝૂર ﷺ હઝરત અલી رضی اللہ عنہ પર નારાજ થયા હતા જ્યારે કે તેમણે અબૂ જહલની પુત્રી સાથે નિકાહ કરવા ચાહ્યું હતું. ત્યાં સુધી કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું હતું કે જો અલીએ અબૂ જહલની પુત્રી સાથે નિકાહ કરવા છે તો ફાતિમા رضی اللہ عنہا ને તલાક़ આપી દે ! બાપ બેટા પર ગુસ્સો કરે છે, અદાવત નથી કરતો. સઈદ (નસીબદાર) પુત્ર બાપ પર જીદ કરે છે દુશ્મની નથી કરતો.

૨. ખચકાટ એતેક़ાદ (અક़ીદા)માં નહીં અમલમાં હતો તે પણ હુઝૂર ﷺની સુન્નત પર અમલના શોખમાં ! જો આ મોક़ા પર હુઝૂર ﷺએ પોતે પણ એહરામ ખોલી આપ્યો હોત તો કોઈ સહાબીને કોઈ ખચકાટ કે સંકોચ ન થાત.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબો દખૂલિ મક્કા વત્તવાબ باب دخول مكة والطواف

મક્કામાં પ્રવેશ તથા તવાફ વિશે[1]

(વિભાગ : ૧) الفصل الاول

★ મક્કા નામ શાથી પડ્યું ? ★

૧. આ પ્રકરણમાં બે વાતો થશે : મક્કા મોઅઝ્ઝમામાં પ્રવેશના આદાબ, કે કયા સમયે આવે, કઈ બાજુથી આવે અને કઈ બાજુથી જાય. અને કા'બાના તવાફનો તરીકો કે તવાફ કયા અમલથી શરૂ કરે અને કોના પર ખત્મ કરે. મક્કા مكّ થી બન્યું, હલાકત તથા માથુ કચડી નાખવાના અર્થમાં. કેમ કે અલ્લાહ તઆલાએ કેટલીયેવાર મક્કા મોઅઝ્ઝમાના દુશ્મનોને હલાક (નષ્ટ) કર્યા, તેમને કચડી નાખ્યા એટલા માટે એને મક્કા કહે છે. અથવા કેમ કે મક્કા મોઅઝ્ઝમા ઘમંડીઓ તથા ગુરૂરવાળાઓને મુજાહિદા તથા રિયાઝત કરાવીને તેમના ઘમંડને કચડી નાખે છે, જેથી મક્કા કહેવાય છે. મક્કા મોઅઝ્ઝમાનાં નામ તથા ફઝાઈલ ઈન્શા અલ્લાહ ! છેવટમાં હજ્જના પ્રકરણમાં વર્ણન પામશે. સાહિબે મિશ્કાત (મિશ્કાતના લેખક) ખુદ એક પ્રકરણ રચી ગયા છે.

મક્કામાં પ્રવેશ તથા રહેવાના આદાબ

★ હદીષ : (૧)-૨૫૬૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ نَافِعٍ قَالَ: إِنَّ ابْنَ عُمَرَ كَانَ لَا يَقْدَمُ مَكَّةَ إِلَّا بَاتَ بِذِي طُوًى حَتَّى يُصْبِحَ وَيَغْتَسِلَ وَيُصَلِّيَ فَيَدْخُلَ مَكَّةَ نَهَارًا وَإِذَا نَفَرَ مِنْهَا مَرَّ بِذِي طُوًى وَبَاتَ بِهَا حَتَّى يُصْبِحَ وَيَذْكُرُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَفْعَلُ ذَلِكَ

''હઝરત નાફેઅથી રિવાયત છે ફર્માવે છે કે હઝરત ઈબ્ને ઉમર કદી મક્કા મોઅઝ્ઝમા દાખલ ન થતા, પણ પહેલાં સવાર સુધી ઝી તૂવામાં રાત પસાર કરી લેતા, ગુસ્લ કરતા, નમાઝ પઢતા, પછી દિવસમાં મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થતા[1] અને જ્યારે મક્કાથી પરત થતા તો ઝી તૂવા પર પસાર થતા ત્યાં રાત પસાર કરતા ત્યાં સુધી કે સવાર થઈ જતી અને ફર્માવતા હતા કે નબી કરીમ આ અમલ કરતા હતા[2].''

(મુસ્લિમ, બુખારી)

પહેલી નજર કાબા પર પડે ત્યારની દુઆ કબૂલ થાય છે

૧. ઝી તૂવા મક્કા મદીનાથી નજીક મદીનાના રસ્તા પર એક નાની સરખી વસ્તી અથવા કૂવાનું નામ છે. નબી કરીમ ત્યાં રાતમાં પહોંચી ગયા હતા. રાત ત્યાં ગુજારીને ફજરની નમાઝ પછી ત્યાંથી ચાલ્યા હતા અને દિવસમાં મક્કા મોઅઝ્ઝમા દાખલ થયા હતા. હઝરત ઈબ્ને ઉમર આ સુન્નત પર આમિલ રહ્યા. ઉલમા ફર્માવે છે કે મક્કા મોઅઝ્ઝમા દિવસમાં દાખલ થવું કે કા'બા મોઅઝ્ઝમા પર પહેલી નજર હયબત તથા જલાલથી પડે અને દુઆ

ખૂબ દિલથી માગવામાં આવે. **પ્રથમ નજર પર દુઆ ખૂબ જ કબૂલ થાય છે.** કા'બાની તજલ્લી દિવસમાં ખૂબ નજર આવે છે. **બેહતર એ છે કે ચાશ્તના સમયે દાખલ થાય.** (અશિઅ્હ) ગુસ્લ કરીને મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થવું ખૂબ બેહતર છે. (મિર્કાત) નિસાઈ શરીફમાં છે કે નબી કરીમ ﷺ હજ્જના મોકા પર દિવસમાં મક્કા મોઅઝ્ઝમામાં તશરીફ લાવ્યા અને ઉમરાના સમયે રાતમાં. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما રાતના સમયે મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થવાની મના કરતા કે જેથી હાજીઓના સામાનમાં ગરબડ ન થાય. ઈબ્ને હબ્બાનમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે અંબિયાએ કિરામ عليهم السلام મક્કા મોઅઝ્ઝમામાં પગપાળા ઉઘાડા પગે દાખલ થતા હતા. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે કા'બાનો હજ્જ સાત લાખ બની ઈસ્રાઈલે કર્યો જેઓ મક્કામે તન્ઈમથી ઉઘાડા પગે થઈ જતા હતા. (મિર્કાત)

★ આવતા જતાં ઝી તુવામાં રાત્રી રોકાણ સુન્નત ★

૨. પરત થતાં ઝી તૂવામાં રાત પસાર કરવી એટલા માટે હતું કે સર્વ સહાબા ભેગા થઈ જાય અને હવે અહીં મદીનાના સફરની તૈયારી કરી લેવામાં આવે. મતલબ કે આવતાં જતાં બંનેવાર ઝી તુવામાં રોકાણ કર્યું પણ વિવિધ મસ્લેહતોથી.

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ જ્યારે મક્કા મોઅઝ્ઝમા આવ્યા તો મક્કાના ઉપરના હિસ્સાથી દાખલ થયા અને તેના નીચલા હિસ્સાથી તશરીફ લઈ ગયા[૧].''

(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨)-૨૫૬૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ: إِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا جَاءَ إِلَى مَكَّةَ دَخَلَهَا مِنْ أَعْلَاهَا وخرجَ منْ أسفلِها

★ મક્કામાં પ્રવેશ હજ્જુનની બાજુથી, વાપસી બાબુશ્શબીકાથી ★

૧. એટલે કે નબી કરીમ ﷺ હજ્જતુલ વિદાઅમાં જેમાં હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا હુઝૂરે અન્વર ﷺની સાથે હતાં. મક્કા મોઅઝ્ઝમા એ તરફથી દાખલ થયા જેનું નામ كداء હતું. મક્કા મોઅઝ્ઝમાના કબ્રસ્તાન જન્નતે મઅલાની તરફ જેને હવે હજ્જુન (حجون) કહે છે, અને વાપસીના વખતે એ બાજુથી નીકળતા જેને હદી કહેતા હતા, હવે એને باب الشبيكه (બાબુશ્શબીકા) કહેવામાં આવે છે. ફતહે મક્કામાં પણ હુઝૂરે અન્વર ﷺ એ જ માર્ગોએ પ્રવેશ્યા તથા પરત થયા. આ રસ્તાઓની તબદીલી એ મસ્લેહતોથી કરી જે ઈદના દિવસે ઈદગાહ આવતાં જતાં વખતે રહ્યા કરતી હતી, કે માર્ગની તબદીલી હાલની તબદીલીની નિશાની બને, બંને રસ્તા ગવાહ બની જાય, આખા શહેરની બરકતો મયસ્સર થઈ જાય, વગેરે વગેરે.

'હઝરત ઉરવા ઈબ્ને ઝુબેરથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ હજ્જ કર્યો તો મને હઝરત આઈશાએ ખબર આપી[૧] કે પહેલું તે કામ જેનાથી હુઝૂરે અન્વર ﷺ એ મક્કા મોઅઝ્ઝમા આવતી વખતે શરૂઆત કરી તો એ હતું કે આપે વુઝૂ કર્યું, પછી બૈતુલ્લાહનો તવાફ કર્યો[૨] પછી ઉમરો ન થયો[૩] પછી હઝરત અબૂબક્રએ હજ્જ કર્યો તો પ્રથમ તે કામ જેનાથી

★ હદીષ : (૩)-૨૫૬૩ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن عُروةَ بنِ الزُّبيرِ قَالَ: قَدْ حَجَّ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَخْبَرَتْنِي عَائِشَةُ أَنَّ أَوَّلَ شَيْءٍ بَدَأَ بِهِ حِينَ قَدِمَ مَكَّةَ أَنَّهُ تَوَضَّأَ ثُمَّ طَافَ بِالْبَيْتِ ثُمَّ لَمْ تَكُنْ عُمْرَةً ثُمَّ حجَّ أَبو بكرٍ فكانَ أَوَّلَ شيءٍ بدَأَ بِهِ الطوَّافَ بالبيتِ ثمَّ لَمْ تَكُنْ عُمْرَةً ثُمَّ عُمَرُ ثُمَّ عُثْمَانُ مثلُ ذَلِك

શરૂઆત કરી તે એ હતું કે બૈતુલ્લાહનો તવાફ કર્યો પછી ઉમરો ન થયો. પછી હઝરત ઉમરે, હઝરત ઉષ્માને એ પ્રમાણે અમલ કર્યો[૪]. (મુસ્લિમ, બુખારી)

૧. ઉરવા ઈબ્ને ઝુબેર ષિકૃહ તાબઈનમાંથી છે. હઝરત આઈશાના ભાણીયા એટલે અસ્માના સાહબઝાદા. આપે હઝરત આઈશા સિદ્દીકૃા رضی اللہ عنہا થી રિવાયત કરી.

૨. હુઝૂરે અકરમ ﷺ ગુસ્લ તો ઝી તૂવામાં કરી ચૂક્યા હતા, હજી પણ બાવુઝૂ હતા. એ વુઝૂ પર વુઝૂ કર્યું. યાદ રાખશો કે અહનાફની નજીક તવાફના માટે તહારત વાજિબ છે, બીજા ઈમામોને ત્યાં શર્ત છે. તેમની દલીલ તે હદીષ છે કે ફર્માવ્યું નબી કરીમ ﷺએ કે તવાફ નમાઝ જ છે. હા ! તવાફમાં રબે કલામ (વાત કરવું) જાઈઝ કરી આપ્યો છે, જ્યારે તવાફ નમાઝ છે તો નમાઝમાં તહારત (પાકી) શર્ત છે, જેથી તવાફમાં પણ શર્ત છે. પણ આ દલીલ કરવું ઝઈફ છે. પ્રથમ તો એ હદીષ જ સહીહ નથી. બીજુ સરખામણી દરેક વાતમાં નથી થતી. જુઓ નમાઝમાં ખાવુ પીવુ નમાઝ તોડનાર છે પણ તવાફમાં ખાવુ પીવું અકમતિએ તવાફ નથી તોડતુ.

૩. એટલે કે હુઝૂરે અન્વર ﷺએ હજ્જની સાથેવાળા ઉમરા સિવાય બીજો ઉમરો નથી કર્યો. આપનાથી બીજો ઉમરો સાબિત નથી થયો. અમુક શરહકર્તાઓએ આ વાક્યના અન્ય અર્થો પણ કર્યા છે, પણ આ અર્થ ખૂબ જ મજબૂત છે.

૪. એટલે કે હુઝૂરે અન્વર ﷺના પછી ખુલફાએ રાશિદીન હઝરાતે પણ એ જ પ્રમાણે અમલ કર્યો કે મક્કા મોઅઝ્ઝમામાં આવતાં જ તવાફ કર્યો અને હજ્જથી પહેલાં કેવળ એ જ એક ઉમરો કર્યો જેનો એહરામ હજ્જના એહરામની સાથે બાંધ્યો હતો. **અમુક હાજીઓ હજ્જથી પહેલાં અને હજ્જ બાદ ઘણા બધા ઉમરા કરતા રહે છે એ પણ સારું છે.** અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે મક્કૃા મોઅઝ્ઝમાથી ઉમરા માટે બહાર જવું સહાબાથી સાબિત નથી સિવાય હઝરત આઈશા સિદ્દીકૃાના, કે આપ રહી ગયેલા ઉમરાને પૂરો કરવા તન્ઈમથી એહરામ બાંધીને આવ્યાં. (મિર્કૃાત) لم تكن عمرة હઝરત ઉરવાનો કૃૌલ છે ન કે આઈશાનો.

તવાફ બાદ બે રકાત પઢવી સુન્નત

'હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ હજ્જ કે ઉમરાનો આવતાં જ તવાફ કરતા તો ત્રણ ચક્કરોમાં ઝડપી ચાલતા અને ચારમાં મધ્યમ ચાલે ચાલતા[૧] પછી બે રકાતો પઢતા પછી સફા તથા મરવાનો તવાફ કરતા[૨].

(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૨૫૬૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمَا قَالَ: كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا طَافَ فِي الْحَجِّ أَوِ الْعمرَة مَا يَقْدَمُ سَعَى ثَلَاثَةَ أَطْوَافٍ وَمَشَى أَرْبَعَةً ثُمَّ سَجَدَ سَجْدَتَيْنِ ثُمَّ يَطُوفُ بَيْنَ الصَّفَا والمروة

૧. એક તવાફમાં સાત ચક્કર હોય છે. પહેલા તવાફમાં ત્રણ ચક્કરોમાં સીનો તાણીને (છાતી કાઢીને) અકડાઈને બહાદુરી દેખાડતા ચાલવું. બાકીના ચાર ચક્કરોમાં સામાન્ય ગતિ પર ચાલવું સુન્નત છે. બાકી તવાફોમાં રમલ ન કરતા.

★ હદીષ : (૫)-૨૫૬૫ ★	''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ સંગે અસ્વદ સુધી ત્રણ ત્રણ ચક્કરોમાં રમલ કરતા હતા અને ચારમાં સામાન્ય ગતિ[૧]. અને જ્યારે સફા મરવાનો તવાફ કર્યો તો બતને મસીલમાં દોડતા હતા[૨]. (મુસ્લિમ)
وَعَنْهُ قَالَ: رَمَلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ الْحَجَرِ ثَلَاثًا وَمَشَى أَرْبَعًا وَكَانَ يَسْعَى بِبَطْنِ الْمَسِيلِ إِذَا طَافَ بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ. رَوَاهُ مُسلم	

૧. આમાં એ લોકોનો રદિયો છે જેઓ કહે છે કે રુકને યમાની તથા રુકને અસ્વદના વચ્ચે રમલ ન કરે, સામાન્ય ચાલે ચાલે. આ હદીષથી જણાયું કે પૂરા ચક્કરમાં રમલ કરે. તવાફનો દરેક ચક્કર રુકને અસ્વદથી શરૂ થાય છે અને ત્યાં જ પૂરો થાય છે.

૨. એટલે કે સફા મરવા દરમિયાન સઈ કરતાં કરતાં બે લીલા મીલોની વચ્ચે તો દોડતા હતા, આગળ પાછળ રસ્તામાં સામાન્ય ચાલથી ચાલતા હતા.

તવાફ હજરે અસ્વદથી શરૂ કરી તેના પર પૂરો કરવો

★ હદીષ : (૬)-૨૫૬૬ ★	''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે મક્કા મોઅઝ્ઝમા તશરીફ લાવ્યા તો હજરે અસ્વદ પર પહોંચ્યા, તેને ચૂમ્યો[૧] પછી તેની જમણી બાજુ ચાલ્યા તો ત્રણ ચક્કરોમાં રમલ કર્યો અને ચારમાં મામૂલી ચાલ અપનાવી[૨]. (મુસ્લિમા)''
وَعَنْ جَابِرٍ قَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا قَدِمَ مَكَّةَ أَتَى الْحَجَرَ فَاسْتَلَمَهُ ثُمَّ مَشَى عَلَى يَمِينِهِ فَرَمَلَ ثَلَاثًا وَمَشى أَرْبعا. رَوَاهُ مُسلم	

સંગે અસ્વદ ચૂમવાના ચાર તરીકા

૧. સંગે અસ્વદ ચૂમવાના ચાર તરીકા છે : ખુદ તેના પર હોઠ લગાડીને બોસો આપવો, તેને હાથ વડે સ્પર્શીને હાથ ચૂમી લેવા, લાકડી વગેરે લગાડીને લાકડી ચૂમી લેવી, દૂરથી સંગે અસ્વદની તરફ હાથ કરીને હાથને ચૂમી લેવા. પ્રથમ સ્થિતિ ખૂબ જ બેહતર છે જો મયસ્સર થાય તો, નહીં તો બાકીની બે સ્થિતિઓ પણ જાઈઝ છે. અહીં પહેલી સ્થિતિ મુરાદ છે. હુઝૂર ﷺએ ત્રણેવ બાજુથી સંગે અસ્વદ ચૂમ્યો છે. મોં લગાડીને ચૂમવું કદી કદી નસીબ થાય છે, મોટાભાગે ચોથી સ્થિતિ જ મયસ્સર થાય છે. આ હદીષથી માલૂમ પડયું કે તવાફ શરૂ કરતી વખતે સંગે અસ્વદ ચૂમવો સુન્નત છે.

૨. જાહેર એ છે કે આગલા ત્રણ ચક્કરોમાં પૂરા ચક્કરમાં રમલ કર્યો, સંગે અસ્વદથી સંગે અસ્વદ સુધી.

★ હદીષ : (૭)-૨૫૬૭ ★	'હઝરત ઝુબેર ઈબ્ને અરબીથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે કોઈ શખ્સે હઝરત ઈબ્ને ઉમરથી સંગે અસ્વદ ચૂમવાના વિશે પૂછયું તો આપે ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને એને હાથ લગાડતા તથા ચૂમતા જોયા છે. (બુખારી)
وَعَنِ الزُّبَيْرِ بْنِ عَرَبِيٍّ قَالَ: سَأَلَ رَجُلٌ ابنَ عمرَ عَنِ اسْتِلَامِ الْحَجَرِ فَقَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَسْتَلِمُهُ وَيُقَبِّلُهُ. رَوَاهُ الْبُخَارِيّ	

૧. ઝુબેર ઈબ્ને અરબી તાબઈ બસરી છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી સમઅ (સાંભળવું) સાબિત છે. તેમનાથી કેવળ આ જ એક હદીષ મરવી છે. (અશિઅહ) અને ઝુબેર ઈબ્ને અદી કૂફી છે, તાબઈ છે, તેમણે હઝરત અનસ ઈબ્ને માલિકથી સાંભળ્યું છે.

૨. કે આ ચૂમવું જાઈઝ છે કે નાજાઈઝ. જો જાઈઝ છે તો સુન્નત પણ છે કે નહીં. અમુક જાહિલોને એવો ભ્રમ થયો હતો કે આ પથ્થર પરસ્તી છે. તેમના પર શૈતાની તૌહીદનું જોર થઈ ગયું હતું એટલા માટે સહાબાએ કિરામને આવા સવાલો થતા હતા, એ રીતે કદી હુઝૂરે અન્વર ﷺએ મોં લગાડીને ચૂમ્યું અને કદી હાથથી હજરે અસ્વદે સ્પર્શો અને હાથ શરીફ ચૂમી લીધો.

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને બયતુલ્લાહના બે ખૂણાઓ યમાનિઓ સિવાય કોઈ અન્ય ચીજને ચૂમતા ન જોયા.[૧] '' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૮)-૨૫૬૮ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: لَمْ أَرَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَسْتَلِمُ من الْبَيْت إِلَّا الرُّكْنَيْنِ اليمانيين

૧. ખાનએ કા'બાના ચાર ખૂણાઓ છે. દરેક ખૂણાને રુકન કહે છે. રુકને અસ્વદ, રુકને યમાની, રુકને ઈરાકી, રુકને શામી. રુકને અસ્વદને બે અઝમતો હાંસલ છે : એક એ કે ઈબ્રાહીમી પાયા પર છે અને બીજુ એમાં સંગે અસ્વદ આવેલો છે. એટલા માટે એને મોં અથવા હાથ લગાડીને ચૂમવું સુન્નત છે. **રુકને યમાનીને** કેવળ એક અઝમત હાંસલ છે, ઈબ્રાહીમી પાયા પર હોવું એટલા માટે એને **કેવળ હાથ લગાડીને ચૂમવું સુન્નત છે, મોં ન લગાડવું બેહતર છે.** (મિર્કાત) બાકીના બે રુકનો : રુકને ઈરાકી તથા શામીને આ બંનેમાંથી કોઈ અઝમત હાંસલ નથી, કેમ કે એ કા'બાની વચ્ચે છે. હતીમ શરીફ પણ કા'બામાં સામેલ છે એટલા માટે એને ચૂમવું સુન્નત નથી.''

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ હજ્જતુલ વિદાઅમાં ઊંટ પર તવાફ કર્યો.[૧] 'અને રુકને અસ્વદને છરી વડે ચૂમતા હતા.[૧] '' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૯)-૨૫૬૯ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: طَافَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي حَجَّةِ الْوَدَاعِ عَلَى بعير يسْتَلم الرُّكْن بمحجن

મજબૂરી તથા મઅઝૂરી વિના સવારી પર તવાફ કરવો મના છે. તવાફમાં ચાલવું વાજિબ છે. હુઝૂરે અન્વર ﷺનો ઊંટ પર તવાફ લોકોની તા'લીમના માટે હતો કે જેથી સર્વ લોકો એ તવાફને જોઈને તવાફ કરવાનું શીખી લે. જેથી આ હુઝૂરે અન્વર ﷺની વિશિષ્ટતામાંથી છે. અને એ હુઝૂરનો મો'જિઝો છે કે ઊંટે એ વખતે પેશાબ જાજરૂ ન કર્યું. આપણે લોકો મજબૂરીની હાલતમાં પણ ઊંટ, ઘોડા હરમ શરીફમાં નથી લઈ જઈ શકતા. ડોલીમાં તવાફ કરીશું જેવું કે બીમાર તથા વૃદ્ધ લોકો કરે છે. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺએ તવાફે કુદૂમ તો પગપાળા કર્યો અને તવાફે ઝિયારત સવારી પર કર્યો. જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી કે હુઝૂર ﷺએ તવાફમાં રમલ કર્યો, અને સવારી પર રમલ અશક્ય છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺએ વખતે બીમાર હતા એટલા માટે સવારી પર તવાફ કર્યો, પણ એ ગલત છે. હા ! અમુક રિવાયતોમાં છે કે હુઝૂરે અન્વર ﷺએ એક ઉમરામાં સફા મરવાની સઈ સવારી પર કરી, પણ બીમારીના કારણે એ જે સઈમાં હુઝૂર ﷺએ પહાડીઓ પર ચઢયા પણ નથી. સફા મરવાની સઈ સવારી પર કરવી મના છે. (અઝ : મિર્કાત)

૨. કોઈ મોટી લાકડી હુઝૂરે અન્વર ﷺના હાથમાં હતી જે ઊંટથી સંગે અસ્વદ સુધી પહોંચી જતી હતી. એ રીતે ચૂમવું જાઈઝ છે.

★ હદીષ : (૧૦)-૨૫૭૦ ★	*"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ બયતુલ્લાહનો તવાફ ઊંટ પર કર્યો. જ્યારે પણ રુકન પર આવતા તો પોતાના હાથની કોઈ ચીજ વડે તેના તરફ ઈશારો કરતા[૧]. " (બુખારી)*
وَعَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ طَافَ بِالْبَيْتِ عَلَى بَعِيرٍ كُلَّمَا أَتَى عَلَى الرُّكْنِ أَشَارَ إِلَيْهِ بِشَيْءٍ فِي يدِه وكبَّر. رَوَاهُ الْبُخَارِيّ	

★ સવારી પર તવાફ તથા સઈ કરનાર માટે હુકમો ★

૧. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે સવારી પર તવાફ કરનાર કેવળ રુકને અસ્વદ પર ઈશારાથી બોસો આપશે. રુકનની તરફ ઈશારો કરવો ન જોઈએ, તેને કેવળ હાથ લગાડીને ચૂમવું જ સુન્નત છે. **બીજુ** એ કે રુકને અસ્વદ સાથે કોઈ લાંબી ચીજ લગાડીને તેને ચૂમવું પણ સુન્નતથી સાબિત છે, અને કેવળ ઈશારો કરીને હાથ ચૂમી લેવા પણ દુરુસ્ત છે.

★ હદીષ : (૧૧)-૨૫૭૧ ★	*"હઝરત અબૂ તુફૈલથી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને બયતુલ્લાહનો તવાફ કરતાં જોયા[૧] આપ પોતાની પાસે હાથની લાકડી વડે પથ્થર (સંગ)ને સ્પર્શ કરતા અને લાકડી ચૂમી લેતા. (મુસ્લિમ)*
وَعَنْ أَبِي الطُّفَيْلِ قَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَطُوفُ بِالْبَيْتِ وَيَسْتَلِمُ الرُّكْنَ بِمِحْجَنٍ مَعَهُ ويقبِّلُ المحجن. رَوَاهُ مُسلم	

૧. એટલે કે મેં હુઝૂરે અન્વર ﷺને સવારી પર તવાફ કરતાં જોયા ત્યારે જ તો હુઝૂર ﷺએ લાકડીથી સંગે અસ્વદને સ્પર્શ કરીને લાકડી ચૂમી લીધી. (મિર્કાત)

માસિક આવનાર સ્ત્રી હજ કેવી રીતે કરે ?

★ હદીષ : (૧૨)-૨૫૭૨ ★	*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી કરીમ ﷺની સાથે રવાના થયા. હજ્જ સિવાય કોઈ ચીજનો ખયાલ પણ ન કરતાં હતાં[૧]. જ્યારે અમે મક્કામે સરફમાં પહોંચ્યાં તો હું કપડાંથી થઈ ગઈ[૨]. નબી કરીમ ﷺ આવ્યા તો હું રડી રહી હતી. ફર્માવ્યું, કદાચ તું માસિકથી થઈ ગઈ. મેં અર્ઝ કરી, હા[૩]. ફર્માવ્યું કે આ તો એ ચીજ છે જે અલ્લાહ તઆલાએ સ્ત્રીઓ પર નિશ્ચિત કરી આપી[૪] જે કાંઈ હાજીઓ કરે તમે પણ કરો એના સિવાય કે બયતુલ્લાહનો તવાફ ન કરશો, ત્યાં સુધી કે પાક થઈ જાવ[૫]. (મુસ્લિમ, બુખારી)*
وَعَنْ عَائِشَةَ قَالَتْ: خَرَجْنَا مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَا نَذْكُرُ إِلَّا الْحَجَّ فَلَمَّا كُنَّا بِسَرِفَ طَمِثْتُ فَدَخَلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَنَا أَبْكِي فَقَالَ: «لَعَلَّكِ نَفِسْتِ؟» قُلْتُ: نَعَمْ قَالَ: «فَإِنَّ ذَلِكِ شَيْءٌ كَتَبَهُ اللَّهُ عَلَى بَنَاتِ آدَمَ فَافْعَلِي مَا يَفْعَلُ الْحَاجُّ غَيْرَ أَنْ لَا تَطُوفِي بِالْبَيْتِ حَتَّى تَطْهُرِي»	

૧. કેમ કે સદીઓથી અહલે અરબનો અકીદો હતો કે શવ્વાલથી મુહર્રમ સુધી ઉમરા જાઈઝ નથી, એ હજ્જના મહીના છે. અમે પણ એ જ ખયાલ સાથે હજ્જ માટે ગયાં હતાં. પણ આ ફર્માન પાછલી રિવાયત (રિવાજ)ની વિરુદ્ધ

છે, જ્યાં આપે ફર્માવ્યું હતું કે મેં કેવળ ઉમરાનો એહરામ બાંધ્યો હતો. શક્ય છે કે અહીં અવામનો ખયાલ મુરાદ હોય, ન કે પોતાનો.

૨. સરફ મક્કાથી છ માઈલ દૂર મદીના મુનવ્વરા તરફ એક સ્થળ છે. હવે મદીના મુનવ્વરાનો રસ્તો બદલાય ગયો છે, સરફ નથી. અહીં હઝરત મૈમૂના رضی اللہ عنہا નું મઝાર છે.

૩. نفست નૂનના ફતહ (ઝબહ)થી حضت ના અર્થમાં છે, અને નૂનના પેશથી સુવાવડના લોહીના અર્થમાં આવે છે. અહીં પ્રથમ અર્થમાં છે. હઝરત આઈશા સમજ્યાં હતાં કે માસિકની હાલતમાં સ્ત્રી હજ્જ નથી કરી શકતી, કેમ કે તવાફ હજ્જનો આ'લા રુકન છે, જ્યારે એ જ ન થઈ શક્યો તો બાકી અરકાન પણ અદા થઈ શકશે નહીં, જેથી આપ રડયાં કે હવે શું કરું ?!

૪. બનાતે આદમથી સર્વ સ્ત્રીઓ મુરાદ છે, હઝરત હવ્વા પણ સામેલ છે કે એમને પણ માસિક આવતુ હતું. અમુક ઉલમાએ ફર્માવ્યું કે હઝરત મરયમને અને અમુકે કહ્યું કે ફાતિમા ઝહ્રાને પણ માસિકના દિવસો આવતા ન હતા. એટલે હે આઈશા ! એમાં રડવાની શું વાત છે ! આ માસિકના દિવસો સર્વ સ્ત્રીઓને આવતા જ હોય છે.

(શેઅર) مرگ،انبوہ جشنے دارد (આમ મુસીબત એક પ્રકારનો જશ્ન બની જાય છે)

૫. કેમ કે તવાફ મસ્જિદમાં થાય છે અને હૈઝવાળી સ્ત્રી મસ્જિદમાં જઈ શકતી નથી. તેમજ બાદવાળી સઈ પણ નથી કરી શકતી કે સઈ તવાફ બાદ હોવી જોઈએ.

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના અમીરુલ હજ બનવાનો બનાવ

★ હદીષ : (13)-૨૫૭૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: بَعَثَنِي أَبُو بَكْرٍ فِي الْحَجَّةِ الَّتِي أَمَّرَهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَيْهَا قَبْلَ حَجَّةِ الْوَدَاعِ يَوْمَ النَّحْرِ فِي رَهْطٍ أَمَرَهُ أَنْ يُؤَذِّنَ فِي النَّاسِ: «أَلَا لَا يَحُجُّ بَعْدَ العامِ مشرِكٌ وَلَا يطوفَنَّ بِالْبَيْتِ عُرْيَان»

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. હઝરત અબૂબક્રએ હજ્જમાં જેમાં નબી કરીમ ﷺ એ તેમને અમીરુલ હજ્જ બનાવ્યા હતા. એટલે હજ્જતુલ વિદાઅથી પહેલાં[૧]. બક્ર ઈદના દિવસે મને એક જમાઅતમાં મોકલ્યો જેને આપે હુકમ આપ્યો કે લોકોમાં એ એલાન કરી દો[૨] કે ખબરદાર ! આ વરસ પછી કોઈ કાફિર હજ્જ ન કરે અને કોઈ નગ્ન તવાફ ન કરે[૩]. (મુસ્લિમ, બુખારી)

૧. ફતહે મક્કાના પછી હિ.સ. ૯માં હજ્જ ફર્ઝ થયો પણ તે વરસે હુઝૂરે અન્વર ﷺ હજ્જ માટે તશરીફ ન લઈ ગયા, કેમ કે હુઝૂર ﷺ ને ઈલ્મ હતો કે અત્યારે અમારી વફાત થનાર નથી અને દીની કામોમાં ખૂબ જ વ્યસ્તતા હતી. બલ્કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ને હઝરત અલી સહિત અમુક સહાબાના અમીરુલ હજ્જ બનાવીને મોકલ્યા. જેથી તે મુસલમાનોને હજ્જ પણ કરાવે અને આ એલાન પણ કરી આપે. એમાં ખિલાફતે સિદ્દીકીની પ્રતિ નિર્દેશ છે. હુઝૂરે અન્વર ﷺ એ સિદ્દીકે અકબર رضی اللہ عنہ ને જ હજ્જના ઈમામ બનાવ્યા અને તેમને જ નમાઝના ઈમામ બનાવીને પોતાના મુસલ્લા પર ઉભા કર્યા. અમલે ઈસ્તખલાફ (જાનશીન–ખલીફા બનાવવાનો અમલ) થઈ ગયો.

૨. એટલે કે હુઝૂરે અન્વર ﷺએ જનાબ સિદ્દીકે અકબર رضی اللہ عنہ ને હજ્જના અમીર બનાવ્યા અને જનાબ સિદ્દીકે મને આ એલાનનો હુકમ આપ્યો. કેમ કે એ જમાઅતે મોઅઝ્ઝિનમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ અમીર હતા અન્ય હઝરત મામૂર, એટલા માટે એકવચનની ઝમીર ઈર્શાદ થઈ.

★ કાફિરોનો પ્રવેશ કાબામાં જાઈઝ નથી ★

૩. કુરેશ સિવાય સર્વ અરબના કાફિરો નગ્ન તવાફ કરતા હતા. કહેતા હતા કે કુરેશ તો થયા બેગુનાહ અમે ગુનેહગાર છીએ. અમે એ કપડાંઓમાં તવાફ કરીશું નહીં જેમાં ગુનાહ કરતા રહ્યા છીએ અથવા ભાવિમાં ગુનાહ કરીએ ! જેથી ન તો પૂરાણા કપડાંમાં તવાફ કરતા હતા ન નવાં કપડામાં. હા ! જો કોઈને કુર્શી ભાડા પર કપડાં આપી દેતો તો પહેરીને તવાફ કરી શકતો હતો. તે કપડાંના ભાડાથી તેમની ઘણી આવક હતી. આ એલાનમાં બે ચીજોથી રોકવામાં આવ્યા. મુશ્રિકો તથા કાફિરોને હજ્જ કરવાથી. રબ તઆલા ફર્માવે છે : اِنَّمَا الْمُشْرِكُوْنَ نَجَسٌ فَلَا يَقْرَبُوا الْمَسْجِدَ الْحَرَامَ بَعْدَ عَامِهِمْ هٰذَا ۚ (મુશ્રિક નર્યા નાપાક છે તો આ વરસ પછી તેઓ મસ્જિદે હરામની પાસે ન આવવા પામે, અને તમારો મોહતાજીનો ડર છે તે નજીકમાં જ અલ્લાહ તમને માલદાર કરી દેશે. સૂરએ તૌબા, ૯/૨૮) બીજુ, નગ્ન તવાફ કરવાથી રબ તઆલા ફર્માવે છે : خُذُوْا زِيْنَتَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ (તમારો શણગાર લો જ્યારે મસ્જિદમાં જાવ. સૂરએ અઅ્રાફ, ૭/૩૧) એનાથી જાણવા મળ્યું કે આમ મસ્જિદોમાં કાફિરોને પોતાની ઈબાદત કરવાની ઈજાઝત નથી આપી શકાતી. યાદ રાખશો કે નગ્ન તવાફ કરવાનું હમેશાંના માટે મના કરી દેવામાં આવ્યું, હજ્જમાં હોય કે હજ્જ બાદ. આ હુકમ કાયમી છે, ગૈર મન્સૂખ.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૪)-૨૫૭૪ ★	*''હઝરત મુહાજિરે મક્કીથી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત જાબિરને એ શખ્સના વિશે પૂછવામાં આવ્યું, જે બયતુલ્લાહને જોઈને પોતાના હાથ ઉઠાવે. ફર્માવ્યું, અમે નબી કરીમ ﷺ સાથે હજ્જ કરી, અમે તો આવુ ન કરતા હતા[૧]. (તિર્મિઝી, અબૂ દાઉદ)*
عَنِ الْمُهَاجِرِ الْمَكِّيِّ قَالَ: سُئِلَ جَابِرٌ عَنِ الرَّجُلِ يَرَى الْبَيْتَ يَرْفَعُ يَدَيْهِ فَقَالَ قَدْ حَجَجْنَا مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمْ نَكُنْ نَفْعَلُهُ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ	

★ કાબા જોઈને હાથ ઉઠાવવો અને દુઆ કરવી સુન્નત ★

૧. એટલે બયતુલ્લાહને જોઈને હાથ ઉઠાવીને દુઆ માગવી બિદઅત છે, સુન્નત નથી. ઈમામ અબૂ હનીફા તથા શાફઈ તથા માલિક رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો આ મઝહબ છે. ઈમામ અહમદને ત્યાં હાથ ઉઠાવવા સુન્નત છે. મિર્કાતે ફર્માવ્યું કે એ ત્રણ ઈમામોને ત્યાં પણ કા'બા જોઈને હાથ ઉઠાવીને દુઆ કરવી સુન્નત છે. ફત્હુલ કદીર તથા મિર્કાતમાં બયહકીથી છે કે ફારૂકે આ'ઝમ ફર્માવે છે કે જ્યારે બયતુલ્લાહ શરીફને જુઓ તો હાથ ઉઠાવીને પઢો : اللهم انت السلام ''શાફઈએ હઝરત ઈબ્ને જુરૈહથી રિવાયત કરી કે નબી કરીમ ﷺ કા'બા મુઅઝ્ઝમાને જોઈને હાથ ઉઠાવતા અને આ દુઆ કરતા હતા : اَللّٰهُمَّ زِدْ هٰذَا الْبَيْتَ تَشْرِيْفًا وَّتَعْظِيْمًا ''ઈલાહી ! આ ઘરની ઈજ્જત તથા બુઝુર્ગી વધારી દે.'' બયહકીએ પણ એના જેવી રિવાયત કરી. જ્યારે કે સાબિતી તથા નકારની રિવાયતોમાં ટકરાવ થાય તો સાબિતીની રિવાયત અગ્રતા અપાશે. નફી (નકાર) કરનારાઓને એની ખબર ન થઈ, અથવા એવું કહો કે

પ્રથમ નજરે હાથ ઉઠાવીને દુઆ માગે, પછી જ્યારે કા'બા નજરે પડે તો હાથ ઉઠાવ્યા વિના દુઆ કરે. આ રીતે બંનેવ રિવાયતોમાં જમા છે. સારાંશ કે હાથ ઉઠાવીને દુઆ માગવી મના નથી બલ્કે સુન્નતથી સાબિત છે. (મિર્કાત)

હજરે અસ્વદ જન્નતી પથ્થર છે

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા તો મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થયા. હજરે અસ્વદની સામે આવ્યા, તેને ચૂમ્યો પછી બયતુલ્લાહનો તવાફ કર્યો પછી સફા પર તશરીફ લાવ્યા[1] તો એના પર એટલુ ચઢયા કે બયતુલ્લાહ નજર આવી ગયો તો પોતાના હાથ ઉઠાવ્યા તો એટલા પ્રમાણમાં અલ્લાહનો ઝિક્ર તથા દુઆ કરતા રહ્યા જેટલુ રબે ચાહ્યું[2]." (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૫)-૨૫૭૫ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: أَقْبَلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَدَخَلَ مَكَّةَ فَأَقْبَلَ إِلَى الْحَجَرِ فَاسْتَلَمَهُ ثُمَّ طَافَ بِالْبَيْتِ ثُمَّ أَتَى الصَّفَا فَعَلَاهُ حَتَّى يَنْظُرَ إِلَى الْبَيْتِ فَرَفَعَ يَدَيْهِ فَجَعَلَ يَذْكُرُ اللَّهَ مَا شَاءَ وَيَدْعُو. رَوَاهُ أَبُو دَاوُد

૧. આ બનાવ કયાં તો હજ્જતુલ વિદાઅનો છે અથવા કોઈ ઉમરાનો અને સફાની તરફ જવું તવાફ તથા તવાફની નમાઝ અદા કર્યા પછી છે.

૨. એ જમાનામાં સફા પર ખૂબ ઉપર ચઢીને કા'બા દેખાતો હતો. હવે તો જમીન પર જ દેખાય છે કે જમીન ઘણી ઊંચી બની ચૂકી. અને મરવા પર તદ્દન નજર નથી આવતો, પણ સુન્નતની અદાયગીના માટે થોડુક ચઢી જવું જોઈએ. બેહતર એ છે કે ત્યાં જે દિલ ચાહે દુઆ માગે કોઈ ખાસ નિશ્ચિત ન કરે, કે આ નિશ્ચિત કરવામાં દિલમાં ખુશૂઅ પેદા નથી થતો.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, બયતુલ્લાહની આસપાસ તવાફ નમાઝની જેમ છે[1] એના સિવાય કે તમે એમાં વાત કરી શકો છો. જેથી જે તવાફમાં વાત કરે તો સારી વાત કરે[2]. (તિર્મિઝી, નિસાઈ, દારમી) અને તિર્મિઝીએ એ જમાઅતનો ઝિક્ર કર્યો જેમણે એને ઈબ્ને અબ્બાસ પર મૌકૂફ કરી.

★ હદીષ : (૧૬)-૨૫૭૬ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الطَّوَافُ حَوْلَ الْبَيْتِ مِثْلُ الصَّلَاةِ إِلَّا أَنَّكُمْ تَتَكَلَّمُونَ فِيهِ فَمَنْ تَكَلَّمَ فِيهِ فَلَا يَتَكَلَّمَنَّ إِلَّا بِخَيْرٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَالدَّارِمِيُّ وَذَكَرَ التِّرْمِذِيُّ جَمَاعَةً وَقَفُوهُ عَلَى ابْنِ عباسٍ

૧. તવાફ પણ નમાઝની જેમ બેહતરીન ઈબાદત છે. ઉલમા ફર્માવે છે કે મક્કાવાળાઓ માટે નમાઝ તવાફ કરતાં અફઝલ છે અને બહારવાળાઓ માટે તવાફ નમાઝથી અફઝલ છે, કેમ કે તેમને આ ખાસ સમયમાં જ તવાફ મયસ્સર થાય છે. (અશિઅહ)

૨. એટલે કે તવાફની હાલતમાં દુનિયવી વાત પણ જાઈઝ છે, પરંતુ જાઈઝ વાતો કરી લે, નાજાઈઝ વાતો, ગીબત, જૂઠ વગેરે ન કરે. આ હદીષના આધારે અમુક ઈમામોએ તવાફમાં વુઝૂ ફર્ઝ માન્યું કે નમાઝમાં વુઝૂ ફર્ઝ છે અને તવાફ નમાઝની જેમ છે, જેથી એમાં પણ વુઝૂ ફર્ઝ હોવું જોઈએ. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં વુઝૂ ફર્ઝ નથી. પ્રથમ તો એટલા માટે કે આ હદીષ ઝન્ની છે અને ઝન્નિયાતથી ફર્ઝિયત સાબિત નથી. બીજુ એટલા માટે કે કપડાંની

પાકી, કા'બા તરફ મોં, કુર્આનની ક़िરાઅત, રુકૂઅ, સજદા વગેરે એ ઈમામોને ત્યાં પણ તવાફમાં ફર્ઝ નથી. જ્યારે કે એ ચીજો નમાઝમાં ફર્ઝ છે. જાણવા મળ્યું કે તવાફને નમાઝથી કેવળ ઈબાદત હોવાના અર્થમાં સરખામણી કરેલી છે, ન કે શર્તો તથા અરકાનના શર્ત હોવામાં.

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હજરે અસ્વદ જન્નતથી આવ્યો[૧] તે દૂધથી અધિક સફેદ હતો, તેને માણસોના ગુનાહોએ કાળો કરી દીધો[૨]. (અહમદ, તિર્મિઝી) તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ હસન સહીહ છે."

★ હદીષ : (૧૭)-૨૫૭૭ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نَزَلَ الْحَجَرُ الْأَسْوَدُ مِنَ الْجَنَّةِ وَهُوَ أَشَدُّ بَيَاضًا مِنَ اللَّبَنِ فَسَوَّدَتْهُ خَطَايَا بَنِي آدَمَ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيح

૧. હદીષ બિલ્કુલ જાહેરી અર્થ પર છે, વિના કારણે કોઈ તાવીલ કે ખુલાસાની જરૂરત નથી. ખરેખર એ પથ્થર જન્નતથી આવ્યો શક્ય છે કે તે ઘર જે આદમ عليه السلام ના તવાફ તથા સજદાઓ માટે જન્નતથી આવ્યું હતું જે તુફાને નૂહના વખતે ઉઠાવી લેવામાં આવ્યું એનો આ પથ્થર હોય જે બાકી રાખવામાં આવ્યો. અથવા અલગથી ત્યાંથી આ પથ્થર લાવવામાં આવ્યો હોય.

★ હજરે અસ્વદ ગુનાહ શોષી લે છે ★

૨. એટલે કે આ પથ્થર સ્વચ્છ આઈના અથવા બ્લોટિંગ પેપરની જેમ છે જેમ કે સ્વચ્છ આઈનો ધૂળ વગેરેથી મેલો અને બ્લોટિંગ પેપર ભીના અક્ષરો પર લાગવાથી કાળો થઈ જાય છે, એ જ પ્રમાણે આ પથ્થર અમ ગુનેહગારો અથવા પાછલા મુશ્રિકોના હાથ લાગવાથી બરાબર કાળો થતો ચાલ્યો. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે **જ્યારે આપણા ગુનાહોથી સંગે અસ્વદ કાળો થઈ ગયો તો ગુનાહોથી દિલ પણ મેલુ થઈ જાય છે અને બદ્કારો ગુનેહગારોની સોહબતથી સારા લોકો બુરા બની જાય છે. બુરાઓની સોહબતથી પરહેઝ કરવો જોઈએ.** રબ તઆલા ફર્માવે છે : فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ۝ "અને જે કહે તને શૈતાન ભૂલાવી દે તો યાદ આવવા પર જાલિમો સાથે ન બેસ. સૂરએ અન્આમ, ૬/૬૮) સોહબતની તાષીર જરૂર છે.

૩. આ હદીષ અહમદ નિસાઈ, ઈબ્ને અદી, બયહકી, તિબ્રાની વગેરેએ વિવિધ અસ્નાદોથી રિવાયત કરી. સારાંશ કે હદીષ ખૂબ જ કવી (મજબૂત) છે.

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ હજરે અસ્વદના વિશે ફર્માવ્યું, રબની કસમ ! અલ્લાહ તેને કયામતના દિવસે એવી રીતે ઉઠાવશે કે તેની બે આંખો હશે જેનાથી તે જોતો હશે અને એક જીભ હશે જેનાથી બોલતો હશે. હક્કથી ચૂમનારાઓની ગવાહી આપશે[૧]. (તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)

★ હદીષ : (૧૮)-૨૫૭૮ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْحَجَرِ: «وَاللَّهِ لَيَبْعَثَنَّهُ اللَّهُ يَوْمَ الْقِيَامَةِ لَهُ عَيْنَانِ يُبْصِرُ بِهِمَا وَلِسَانٌ يَنْطِقُ بِهِ يَشْهَدُ عَلَى مَنِ اسْتَلَمَهُ بِحَقٍّ» . رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه والدارمي

★ હજરે અસ્વદ મુખ્લિસ મોમિનની શફાઅત કરશે ★

૧. હદીષ બિલ્કુલ જાહેર છે, કોઈ તાવીલ કે ખુલાસાની જરૂરત નથી. કયામતમાં કુર્આન, આપણા નેક અમલો વગેરે તમામનાં સ્વરૂપ હશે અને સૌ વાત કરશે, બલ્કે આપણા અંગો પણ બોલશે. રબ તઆલા ફર્માવે છે :

وَتُكَلِّمُنَآ اَيۡدِيۡهِمۡ وَتَشۡهَدُ اَرۡجُلُهُمۡ بِمَا كَانُوۡا يَكۡسِبُوۡنَ۝ (અને તેમના હાથ અમારી સાથે વાત કરશે અને તેમના પગો તેમના કરેલાની ગવાહી આપશે. સૂરએ યાસીન, ૩૬/૬૫) જે રબ તઆલા આ ચીજોને બોલવાની શક્તિ આપી શકે છે તે સંગે અસ્વદને પણ બોલવાની શક્તિ, આંખ વગેરે આપી શકે છે. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે સંગે અસ્વદ હાજીઓની શફાઅત કરશે. **બીજુ** એ કે સંગે અસ્વદ અલ્લાહના હુકમથી નાફઈ (લાભકારક) છે. **ત્રીજુ** એ કે સંગે અસ્વદને ચૂમવું લાભદાયી છે. કયામતમાં કામ આવશે. **ચોથુ** એ કે કરોડો લોકોએ એને ચૂમ્યો તે એ સૌને જાણે પહેચાને છે. **પાંચમો** એ કે સંગે અસ્વદ આપણા દિલોના ઈખ્લાસ તથા નિફાકને પણ જાણે છે કે કોણ ઈખ્લાસથી ચૂમી રહ્યો છે અને કોણ નિફાકથી. **છઠ્ઠુ** એ કે સંગે અસ્વદ હાજીઓના સારા બુરા ખાત્માને જાણે છે કે કોણ ઈમાન પર મૃત્યુ પામ્યુ અને કોણ કુફ્ર પર. ત્યારે જ તો મો'મિન મુખ્લિસની શફાઅત કરશે અને મુર્તદ મુનાફિકની શફાઅત નહીં કરે. **જ્યારે એક પથ્થરના ઈલ્મ તથા નફાનો આ હાલ છે તો હુઝૂર ﷺ જેમને રબે સૈયદુલ ખલ્ક બનાવ્યા તેમના ઈલ્મોનું શું પૂછવું ?! જે લોકો હુઝૂરે અન્વર ﷺના માટે ઉલૂમે ખમ્સા નથી માનતા તેઓ આ હદીષમાં વિચારણા કરે.**

સંગે અસ્વદ અને મકામે ઈબ્રાહીમ વિશે

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફરમાવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને ફરમાવતાં સાંભળ્યા કે રુકને અસ્વદ તથા મકામે ઈબ્રાહીમ જન્નતના યાકૂતોમાંથી યાકૂત છે જેની રોશની અલ્લાહે છુપાવી લીધી છે[૧] જો એમની રોશની ન છુપાવત તો એ પૂર્વ તથા પશ્ચિમના દરમિયાનને જગમગાવી આપત[૨]." (તિર્મિઝી)

★ હદીષ : (૧૯)-૨૫૭૯ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّ الرُّكْنَ وَالْمَقَامَ يَاقُوتَتَانِ مِنْ يَاقُوتِ الْجَنَّةِ طَمَسَ اللَّهُ نورَهما وَلَو لم يطمِسْ نورَهما لأضاءا مَا بينَ المشرقِ والمغربِ» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. એટલે કે એ બંને જન્નતી યાકૂતોને દુનિયામાં મોકલતા પહેલાં તેનું મૂળ નૂર છુપાવી લેવામાં આવ્યું જેથી જન્નત પર ઈમાન બિલ ગયબ રહે. **હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમ બંનેવ જન્નતના જવાહિરાતમાંથી છે.**

★ હજરે અસ્વદને કરામતા ફિર્કાવાળા થકી લઈ જવાનો બનાવ ★

૨. અને તે જગમગાહટ સૂર્યને ઝાંખો કરી આપત. સંગે અસ્વદને કરામતા (ફિર્કાના) કાફિરો ઉઠાવીને લઈ ગયા હતા. તેમણે મક્કા મોઅઝ્ઝમામાં એટલી કત્લ તથા ખૂનો કર્યા હતાં કે હરમ શરીફ અને ઝમઝમ લાશોથી ભરાઈ ગયું હતું. હજરે અસ્વદને બોલ્યા કે તું જ શિર્કનું મૂળ છે ખુદાના સિવાય તું ક્યાં સુધી બનેલો રહીશ. ૨૫ વરસો સુધી એ એમના કબજામાં રહ્યો. પછી મક્કાવાળાઓએ તેમને ઘણો જ માલ આપી સંગે અસ્વદ માગ્યો. તેઓ બોલ્યા, એ પથ્થર બીજા પથ્થરોમાં ભળી ગયો છે, આવો ઓળખીને લઈ જાવ. **મક્કા મોઅઝ્ઝમાના ઉલમાએ કહ્યું કે જે પથ્થર પર આગ અસર ન કરે તે સંગે અસ્વદ છે. કેમ કે જન્નતી ચીજમાં આગ અસર નથી કરતી. જેથી સર્વ પથ્થર આગથી તપી ગયા પણ આ ગરમ પણ ન થયો.** એ નિશાનીથી પરત લાવ્યા. જતી વખતે પથ્થરના બોજથી કેટલાયે સેંકડો ઊંટ દબાયને મરી ગયાં હતાં પણ પરત લઈ જતી વેળા એક દૂબળુ ઊંટ તેને મક્કા લઈ આવ્યું. સારાંશ કે સંગે અસ્વદ અજીબ નૂરાની બાબરકત પથ્થર છે. *(મિર્કાત)*

તવાફના દરેક કદમ ઉઠવા પડવા પર ગુનાહ માફ દરજા બુલંદ

★ હદીષ : (૨૦)-૨૫૮૦ ★

وَعَن عُبيدِ بنِ عُمَيرٍ: أَنَّ ابْنَ عُمَرَ كَانَ يُزَاحِمُ عَلَى الرُّكْنَيْنِ زِحَامًا مَا رَأَيْتُ أَحَدًا مِنْ أَصْحَابِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُزَاحِمُ عَلَيْهِ قَالَ: إِنْ أَفْعَلْ فَإِنِّي سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّ مَسْحَهُمَا كَفَّارَةٌ لِلْخَطَايَا» وَسَمِعْتُهُ يَقُولُ: «مَنْ طَافَ بِهَذَا الْبَيْتِ أُسْبُوعًا فَأَحْصَاهُ كَانَ كَعِتْقِ رَقَبَةٍ» . وَسَمِعْتُهُ يَقُولُ: «لَا يَضَعُ قَدَمًا وَلَا يَرْفَعُ أُخْرَى إِلا حطَّ اللَّهُ عنهُ بِهَا خَطِيئَة وكتبَ لهُ بِهَا حَسَنَة» . رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત ઓબૈદ ઈબ્ને ઉમૈર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર બે રુકનોમાં એટલા પ્રમાણમાં ભીડમાં ઘુસતા[૨] કે મેં રસૂલુલ્લાહ ﷺ ના સહાબામાંથી કોઈને ત્યાં આ રીતે ઘુસતા નથી જોયા[૩] ફર્માવે છે કે હું આ કરું છું તે દુરુસ્ત છે, કેમ કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતા સાંભળ્યા કે એને સ્પર્શવું ગુનાહોનો કફ્ફારો છે[૪]. અને મેં આપને ફર્માવતાં સાંભળ્યા કે જે આ બયતુલ્લાહનો એક અઠવાડિયું ખૂબ જ હિફાઝત તથા સાવધાનીપૂર્વક તવાફ કરે[૫] તો ગુલામ આઝાદ કરવાની જેમ થશે. અને મેં આપને ફર્માવતાં સાંભળ્યા કે તવાફ કરનાર એક કદમ નથી રાખતો અને બીજો નથી ઉઠાવતો પણ રબ તઆલા એમની બરકતથી એક ગુનોહ મિટાવે છે અને એક નેકી લખે છે[૬]. (તિર્મિઝી)

૧. આપ જલીલુલ કદર તાબઈનથી છે. હુઝૂરે અન્વર ﷺના પાક જમાનામાં પેદા થયા હતા પણ ઝિયારત ન કરી શક્યા. આપની કુન્નિયત અબૂ આસિમ છે. બની લૈષ કબીલાથી છે. હિજાઝી છે. મક્કા મુઅઝ્ઝમાના કાઝી રહ્યા. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની વફાતથી થોડાક પહેલાં જ વફાત પામી ગયા.

૨. એટલે કે દરેક તવાફના શરૂ તથા અંતમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما સંગે અસ્વદ તથા યમાની ચૂમવાની ખૂબ જ કોશિશ કરતા હતા. **ભીડમાં ઘુસીને ચૂમતા હતા પણ એ રીતે કે કોઈને આપના થકી ઈજા ન પહોંચે કેમ કે ત્યાં ઈજા આપવું મના છે.**

૩. ત્યાં સુધી કે ક્યારેક હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની નાક શરીફ એ ભીડમાં ઝખ્મી થઈ જતી હતી. અન્ય સહાબાએ કિરામ આ ઈજાને જોઈને ભીડમાં ઘુસતા ન હતા, બલ્કે ઈશારાથી ચૂમી લેતા હતા. આજકાલ એ સહાબીઓની સુન્નત પર અમલ કરવો જોઈએ. ચૂમવાનો શોખ હોય તો રાતના આખરી હિસ્સામાં અથવા બપોરના સમયે તવાફ કરી લે. એ સમયોમાં આસાનીથી બોસો નસીબ થઈ જાય છે. ફકીરનો અનુભવ છે.

૪. ગુનાહે સગીરાનો, ન કે બંદાઓના હક્કોનો. અમુક લૂટારુ બદુ હાજીઓને કત્લ કરે છે. તેમનો માલ લૂટીને સંગે અસ્વદ ચૂમી જતા, તવાફ કરી જતા અને કહેતા એ હતા કે જે અમે કરી આવ્યા તે માફ થઈ ગયું ! એ તેમની જહાલત તથા મૂર્ખાઈ હતી. હવે તો ત્યાં ખૂબ જ અમ્ન છે.

૫. એ રીતે કે એક કદમ રાખવા પર ગુનાહની માફી બીજો કદમ ઉઠાવવા પર દરજાઓની બુલંદી નસીબ થાય છે. અને બેગુનાહ માણસને બંને કદમો પર દરજાઓની બુલંદી છે.

તવાફવાળી દુઆ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સાઈબથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને બે રુકનો વચ્ચે ફર્માવતાં સાંભળ્યા, ઈલાહી! અમને દુનિયામાં ભલાઈ આપ અને આખેરતમાં ભલાઈ આપ અને અમને આગના અઝાબથી બચાવી લે[૧]. '' (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૧)-૨૫૮૧ ★

وَعَن عبد الله بن السَّائِب قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ مَا بَيْنَ الرُّكْنَيْنِ: (رَبَّنَا آتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَفِي الْآخِرَةِ حَسَنَةً وَقِنَا عَذَاب النَّار)رَوَاهُ أَبُو دَاوُد

૧. એટલે કે હુઝૂરે અન્વર ﷺ તવાફની હાલતમાં **રુકને યમાની અને રુકને અસ્વદની દરમિયાન** હોતા તો આ જામેઅ દુઆ માગતા હતા, કેમ કે **એ જગાએ ૭૦ ફરિશ્તા નિયુક્ત છે જેઓ તવાફવાળાની દુઆઓ પર આમીન કહે છે** અને અહીં અંતર પણ એટલુ જ છે કે આ ટૂંકી દુઆ પઢી લેવામાં આવે. એટલા માટે સરકાર ﷺ અહીં આ જામેઅ દુઆ પઢતા હતા. શયખે અશિઅ્હમાં ફર્માવ્યું કે હુઝૂર ﷺથી તવાફની હાલતમાં આ દુઆ સિવાય કોઈ દુઆ નકલ થયેલ નથી. હવે જે તવાફની સાથે ચક્કરોની અલગ અલગ દુઆઓ માગવામાં આવે છે તે સલફે સાલેહીનથી નકલ થયેલ છે. આ દુઆની શરહ અને કિતાબુદ્દા'વાતમાં કરી ચૂક્યા છીએ. અહીં એટલુ સમજી લો કે દુનિયા તથા આખેરતની ભલાઈની સિત્તેર શરહો કરવામાં આવેલી છે પણ ટૂંકી તથા સમૃદ્ધ તથા લિજ્જતવાળી શરહ આ છે કે **દુનિયાની ભલાઈ આફ઼ાની ઈત્તેબાઅ (અનુસરણ) તથા ઈતાઅતે મૌલા (આજ્ઞાપાલન)માં છે. આખેરતની ભલાઈ હુઝૂર ﷺનો કુર્બ (નઝદીકી), રબનો દીદાર છે અને અઝાબે નાર ચારથી પર્દો (હિજાબથી) છે.** અલ્લાહ તઆલા આ નેઅમતો નસીબ કરે અને બચાવે. આમીન

''હઝરત સફિય્યા બિન્તે શયબાથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મને અબૂ તુજારાની પુત્રીએ ખબર આપી. ફર્માવતાં હતાં કે હું અમુક ફ઼ર્શી બીવીઓની સાથે અબી હુસૈનના ખાનદાનના ઘરમાં રસૂલુલ્લાહ ﷺ ને જોવા ગઈ[૨] જ્યારે કે આપ સફા તથા મરવાની દરમિયાન સઈ કરી રહ્યા હતા, તો મેં આપને જોયા કે આપનું તેહબંદ શરીફ઼ ઝડપથી દોડવાના સબબે ગર્દિશ કરી રહ્યું હતું[૩] અને મેં આપને ફર્માવતાં સાંભળ્યા કે, લોકો સઈ કરો! અલ્લાહે તમારા પર સઈ વાજિબ કરી[૪] (શરહે સુન્નહ) અને અહમદે થોડા ફેરફાર સાથે તિલાવત કરી.

★ હદીષ : (૨૨)-૨૫૮૨ ★

وَعَن صفية بنتِ شيبةَ قَالَتْ: أَخْبَرَتْنِي بِنْتُ أَبِي تُجْرَاةَ قَالَتْ: دَخَلْتُ مَعَ نِسْوَةٍ مِنْ قُرَيْشٍ دَارَ آلِ أَبِي حُسَيْنٍ نَنْظُرُ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ يَسْعَى بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ فَرَأَيْتُهُ يَسْعَى وَإِنَّ مِئْزَرَهُ لَيَدُورُ مِنْ شِدَّةِ السَّعْيِ وَسَمِعْتُهُ يَقُولُ: «اسْعَوْا فَإِنَّ اللَّهَ كَتَبَ عَلَيْكُمُ السَّعْيَ» . رَوَاهُ فِي شَرْحِ السُّنَّةِ وَرَوَاهُ أَحْمد مَعَ اخْتِلَاف

૧. આ સફિય્યા તાબઈનમાંથી છે. તેમનું નામ સફિય્યા બિન્તે શયબા ઈબ્ને ઉષ્માન ઈબ્ને તલ્હા જહબી છે. એટલે ઉષ્માન ઈબ્ને તલ્હા જહબી છે. એટલે ઉષ્માન ઈબ્ને તલ્હા જે કા'બા શરીફના કલીદ બરદાર (ચાવી ધરાવનાર) છે, તેમના પૌત્રી છે અને બિન્તે અબી તજરાતનું નામ હબીબા છે. બની અબ્દુદ્દારથી છે. تجراة (તજરાત) તે (تجراة)ના ઝબર અથવા પેશથી જીમના સુકૂન, રા (ر)ના ઝબરથી છે.

★ સહાબીનો મકામ શું છે ? ★

૨. આલે હુસૈનનું આ ઘર સઈના કિનારા પર હતું જ્યાંથી સઈ સારી રીતે જોઈ શકાતી હતી. એ હુઝૂર ﷺની સઈ જોવા એટલા માટે ગયા કે સઈનો તરીકો શીખી લે અને હુઝૂર અન્વર ﷺની ઝિયારતથી શરફ હાંસલ કરે જે સર્વ ઈબાદતોથી બેહતર ઈબાદત છે કે કા'બાને જોઈને ઈન્સાન હાજી બને છે, હુઝૂર ﷺને જોવાથી સહાબી. અને **એક સહાબી તમામ જહાનના હાજીઓ ગાઝીઓથી અફઝલ છે. કોઈ શખ્સ સહાબીના દરજાને નથી પહોંચી શકતો.** રબ તઆલા ફર્માવે છે : وَّاٰخَرِيْنَ مِنْهُمْ لَمَّا يَلْحَقُوْا بِهِمْ ؕ (અને એમનામાંથી અન્યોને પાક કરે છે અને ઈલ્મ અતા કરે છે જે તે આગલાઓથી ન મળે. –સૂરએ જુમ્આ, ૬૨/૩) એટલે કે બીજા મુસલમાન સહાબાને નથી પહોંચી શક્તા.

૩. આ હદીષથી સ્પષ્ટપણે જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺએ સઈ પગપાળા કરી ન કે સવારી પર. એ જ સુન્નત છે. વિના મજબૂરીએ સવારી પર સઈ કરવી મકરૂહ તથા સુન્નત વિરુદ્ધ છે. જે રિવાયતોમાં છે કે હુઝૂર ﷺએ સવારી પર સઈ કરી તે કોઈક ઉમરામાં હતી જે બીમારી વગેરે કોઈ મજબૂરીના કારણે, અથવા લોકોની તા'લીમના માટે હતી. જેમ કે હુઝૂર ﷺએ તા'લીમના હેતુથી સવારી પર તવાફ પણ કર્યો.

૪. હજ્જમાં સઈ ઈમામ શાફઈ તથા અહમદ તથા ઈમામ رحمۃ اللہ علیہم اجمعین ને ત્યાં ફર્ઝ છે કે એના રહી જવા પર હજ્જ બાતિલ થશે પણ ઈમામે આ'ઝમ قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ને ત્યાં વાજિબ છે કે એના રહી જવા પર દમ વાજિબ થશે. એ ઈમામોની દલીલ આ હદીષ છે. ઈમામે આ'ઝમ ફર્માવે છે કે આ હદીષ વાહિદ (એકલી) છે અને ખબરે વાહિદથી ફર્ઝિયત સાબિત નથી થતી. અમુક ઉલમાને ત્યાં સઈ નફલ છે. તેમની દલીલ આ આયત છે : فَلَا جُنَاحَ عَلَيْهِ اَنْ يَّطَّوَّفَ بِهِمَا ؕ (કે એ બંનેના ફેરા કરે અને જો કોઈ ભલી વાત પોતાના તરફથી કરે. –સૂરએ બકરહ, ૨/૧૫૮) પણ આ દલીલ કમજોર છે. (મિર્કાત, લમ્આત વગેરે) હઝરત ઈબ્ને અબ્બાસ, ઈબ્ને ઝુબેર, અનસ ઈબ્ને માલિક رضوان اللہ تعالیٰ علیہم اجمعین સઈને નફ્લ જ માનતા હતા.

''હઝરત કુદામા ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્મારથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને સફા મરવા દરમિયાન ઊંટ પર સઈ કરતાં જોયા[૨]. જેમાં ન ઊંટને મારવુ પીટવું હતું ન લોકોને હટાવવું, ન હટો બચો કહેવું[૩]. '' (શરહે સુન્નહ)

★ હદીષ : (૨૩)-૨૫૮૩ ★

وَعَنْ قُدَامَةَ بْنِ عَبْدِ اللَّهِ بْنِ عَمَّارٍ قَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَسْعَى بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ عَلَى بَعِيرٍ لَا ضرب وَلَا طرد وَلَا إِلَيْك. رَوَاهُ فِي شرح السّنة

૧. આપ કદીમુલ ઈસ્લામ (શરૂમાં જ ઈમાન લાવનાર) સહાબી છે. મક્કા મોઅઝ્ઝમાના ઝઈફો (કમજોરો)માંથી હતા એટલા માટે ત્યાંથી હિજરત ન કરી શક્યા. (અશિઅહ)

૨. આ સઈ હજ્જતુલ વિદાઅની સઈ નથી બલ્કે કોઈ ઉમરાની સઈ છે અને હુઝૂરે અન્વર ﷺનું સવારી પર સઈ કરવું કોઈ સખત મજબૂરી અથવા બીમારીના કારણે છે, જેથી આ હદીષ ગુજરેલી આ હદીષની વિરુદ્ધ નથી કે હુઝૂરે અન્વર ﷺનું તેહબંદ શરીફ અધિક ઝડપી દોડવાથી ઘુમી રહ્યું હતું, કે આ બનાવ હજ્જતુલ વિદાઅનો છે.

★ તવાફ તથા સઈની હાલતમાં લોકોને હટાવવા ખસેડવા નાજાઈઝ ★

૩. એમાં એ અમીરો તથા સુલ્તાનો પર ટીકા છે જેઓ સઈમાં રસ્તો ખાલી કરાવતા હતા, અથવા હટો બચો કહેતા હતા. ચાહીએ એવું કે અમીર તથા ફકીર એક સાથે સઈ કરે, ત્યાં હટો ! બચો ! કેવું ?! મૌત, નમાઝ, હજ્જ તથા ઉમરા દુનિયવી ફરક મિટાવે છે.

★ હદીષ : (૨૪)-૨૫૮૪ ★

وَعَنْ يَعْلَى بْنِ أُمَيَّةَ قَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ طَافَ بِالْبَيْتِ مُضْطَجِعا بِبُرْدٍ أَخْضَرَ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

''હઝરત યઅ્લા ઈબ્ને ઉમૈયાથી[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ લીલી ચાદર બગલેથી કાઢેલ સ્થિતિમાં બયતુલ્લાહનો તવાફ કર્યો[૨]. (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ, દારમી)

૧. આપ સહાબી છે. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા. ગઝવએ હુનૈન, તાઈફ તથા તબૂકમાં હાજર રહ્યા. હઝરત ઉમર رضی اللہ عنہ ની તરફથી નજરાનના હાકિમ હતા. જંગે સિફ્ફીનમાં હઝરત અલી رضی اللہ عنہ ની સાથે રહ્યા. એ જ જંગમાં શહીદ થયા.

૨. اضطباع (ઈઝ્તિબાઅ્)નો અર્થ દર્શાવી આપવામાં આવેલો છે, કે **એહરામની ચાદર જમણી બગલની નીચેથી કાઢીને જમણો ખભો ખુલ્લો રાખવો અને ડાબો ખભો ખુલ્લો રાખવો.** ચાદર બુર્દે યમાની હતી. એ જ હુઝૂર ﷺનું પ્રિય કપડુ હતું. ઉલમા ફર્માવે છે કે લીલી ચાદરથી મુરાદ લીલા રંગની ધારીવાળી છે ન કે કેવળ લીલી, કેમ કે નબી કરીમ ﷺએ કદી એકલુ લીલુ તથા લાલ કપડુ નથી પહેર્યું. اضطباع (ઈઝતિબાઅ્) એટલે જમણો ખભો ખોલવો કેવળ એ તવાફના સમયે જ મુસ્તહબ છે. **અમુક હાજીઓ એહરામના સમયે જે ખભો ખુલ્લો રાખે છે, એ ગલત છે. એ રીતે નમાઝ મકરૂહ થશે.** (મિર્કાત) **અમુક વારષી ફકીરો હમેશાં એહરામનો લિબાસ પહેરે છે, એમાં વાંધો નથી પણ ઈઝ્તિબાઅ્ ન કરે અને ન ઉઘાડા માથે રહે.**

તવાફની હાલતમાં ચાદર નાખવાનો તરીકો

★ હદીષ : (૨૫)-૨૫૮૫ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسلم وأصحابَه اعتمروا من الجعْرانة فَرَمَلُوا بِالْبَيْتِ ثَلَاثًا وَجَعَلُوا أَرْدِيَتَهُمْ تَحْتَ آبَاطِهِمْ ثُمَّ قَذَفُوهَا عَلَى عَوَاتِقِهِمُ الْيُسْرَى. رَوَاهُ أَبُو دَاوُد

'હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ અને આપના સહાબીઓએ જઈર્રાનાથી ઉમરો કર્યો[૧] તો બયતુલ્લાહ શરીફનો ત્રણવાર રમલ કર્યો અને પોતાની ચાદરોને પોતાની બગલોની નીચેથી લીધી પછી તેને પોતાના ડાબા ખભા પર નાખી[૨].'' (અબૂ દાઉદ)

૧. જઈર્રાના મક્કા મોઅઝ્ઝમાથી તાઈફ તરફ એક મંઝિલના અંતરે છે. વાદીએ હુનૈનથી તથા હવાઝિનથી અડીને એ જ જગાએ નબી કરીમ ﷺએ ગઝવએ હુનૈનની ગનીમતો વહેંચી અને અહીંથી જ ઉમરો કર્યો. અહીં સત્તર દિવસ અથવા કાંઈક ઓછા વત્તા રોકાણ કર્યું. આજે પણ અમુક આશિકો મક્કા મોઅઝ્ઝમાથી અહીં આવીને ઉમરાનો એહરામ બાંધે છે જેને ''મોટો ઉમરો'' કહે છે. ફકીરે આ સ્થળની ઝિયારત કરી છે. અશિઅહએ ફર્માવ્યું કે નબી કરીમ ﷺએ ઉમરો રાતો રાત કર્યો હતો. કોઈને ખબર ન હતી. સહાબાએ કિરામે એના પછી બીજા સમયમાં ઉમરો કર્યો.

૨. એનાથી જાણવા મળ્યું કે ઈઝ્તિબાઅ્ કેવળ તવાફમાં જ કરવામાં આવશે, ન સઈમાં ન કોઈ અન્ય સમયમાં. આ જ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ નો મઝહબ છે. ઈમામ શાફઈને ત્યાં સઈમાં ઈઝ્તિબાઅ્ સુન્નત છે તવાફ પર કયાસ કરીને, પણ આ દલીલ કરવું કમજોર છે. કેમ કે તવાફમાં ઈઝ્તિબાઅ્ રમલની તરફ બહાદુરી જાહેર કરવા માટે હતો. હુઝૂરે અન્વર ﷺએ અન્ય કોઈ મોકા પર ન ઈઝ્તેબાઅ કર્યો ન રમલ.

(વિભાગ : 3) الفصل الثالث

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૨૬)-૨૫૮૬ ★

عَنِ ابْنِ عُمَرَ قَالَ: مَا تَرَكْنَا اسْتِلَامَ هَذَيْنِ الرُّكْنَيْنِ: الْيَمَانِي وَالْحَجَرِ فِي شِدَّةٍ وَلَا رخاء مُنْذُ رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يستلمهما

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે રુકને યમાની તથા અસ્વદને ચૂમવું સ્પર્શવું સહૂલત કે મુશ્કેલીમાં કદી ન છોડયું. જ્યારથી મેં રસૂલુલ્લાહ ﷺ ને એને ચૂમતા જોયા[૧].

(મુસ્લિમ, બુખારી)

૧. નબી કરીમ ﷺએ સંગે અસ્વદને મોં મુબારક લગાડીને ચૂમ્યો પણ રુકને યમાનીને હાથ લગાડીને, અલ્બત્ત બયહકી તથા હાકિમ ઝઈફ સનદ અને હાકિમ અહમદે સહીહ સનદ સાથે મોં લગાડીને બોસો આપવાની પણ રિવાયત કરી છે. એટલા માટે ઈમામ મુહમ્મદ ફર્માવે છે કે એને પણ મોં લગાડીને ચૂમે, શક્ય છે કે મોં લગાડવું જવલ્લે જ થયું હોય. *(મિર્કાત)*

સંગે અસ્વદ પર હુઝૂર ﷺનો સજદો કરવું

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૨૭)-૨૫૮૭ ★

وَفِي رِوَايَةٍ لَهُمَا: قَالَ نَافِعٌ: رَأَيْتُ ابْنَ عُمَرَ يَسْتَلِمُ الْحَجَرَ بِيَدِهِ ثُمَّ قَبَّلَ يَدَهُ وَقَالَ: مَا تَرَكْتُهُ مُنْذُ رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَفْعَله

''અને તેમની બીજી રિવાયતમાં આ પ્રમાણે છે કે હઝરત નાફેઅ ફર્માવે છે કે મેં હઝરત ઈબ્ને ઉમરને જોયા કે આપ સંગે અસ્વદને પોતાનો હાથ લગાડતા પછી હાથ ચૂમી લેતા અને ફર્માવ્યું કે જ્યારથી મેં રસૂલુલ્લાહ ﷺ ને આવું કરતા જોયા ત્યારથી કદી નથી છોડયું[૧].

૧. એટલે કે તવાફના કોઈ ચક્કરમાં એનો બોસો ન છોડયો, મોકો મળ્યો તો મોં લગાડીને ચૂમ્યો નહીં તો હાથ લગાડીને, અને જો એ થઈ શક્યું તો ઈશારો કરીને. એનાથી જાણવા મળ્યું કે રુકને ઈરાકી તથા શામીને ન ચૂમવામાં આવે એ પણ જાણવા મળ્યું કે કોઈ સુન્નત પર હમેશગી કરવું બુરુ નથી. બયહકીમાં છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ સંગે અસ્વદને ચૂમ્યો પણ અને એના પર સજદો પણ કર્યો, અને ફર્માવ્યું કે મેં હઝરત ઉમર رضی اللہ عنہ ને સંગે અસ્વદ પર સજદો કરતા જોયા. જનાબ ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હુઝૂરને એના પર સજદો કરતા જોયા. હાકિમે સહીહ સનદો સાથે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે આપે સંગે અસ્વદ પર પેશાની રાખીને સજદો કર્યો જેથી ઈમામ માલિકનું એ ફર્માવવું કે, ''એના પર સજદો કરવો બિદઅત છે.'' એ વાત દુરુસ્ત નથી. (મિર્કાત) આ રિવાયતોથી તે લોકો બોધપાઠ લે જેઓ કહે છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ સંગે અસ્વદના બોસાથી નારાજ હતા !

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૨૮)-૨૫૮૮ ★

وَعَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: شَكَوْتُ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنِّي أَشْتَكِي. فَقَالَ: «طُوفِي مِنْ وَرَاءِ النَّاسِ وَ أَنْتِ رَاكِبَةٌ» فَطُفْتُ وَرَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّي إِلَى جَنْبِ الْبَيْتِ يَقْرَأُ ب (الطُّورِ وكِتَابٍ مسطور)

''હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં અર્ઝ કરી કે હું બીમાર છું. તો ફર્માવ્યું કે તમે લોકોના પાછળથી સવાર Y. G[TJFO SZL, M તો મેં તવાફ કર્યો, જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ કા'બાની લગોલગ નમાઝ પઢી રહ્યા હતા અને وَالطُّور وكتابٍ مَّسْطُور પઢી રહ્યા હતા[૨].''

(મુસ્લિમ, બુખારી)

૧. બીમારીથી તે બીમારી મુરાદ છે જેમાં હરવું ફરવું અને તવાફ મુશ્કેલ થઈ જાય. અને સવારીથી ડોલી પર સવારી મુરાદ છે જેને લોકો પોતાના ખભાઓ પર ઉઠાવીને બીમારને તવાફ કરાવી દે, ન કે જાનવર પર સવારી. જાનવર પર તવાફ કરવો હુઝૂર ﷺની વિશિષ્ટતામાંથી છે, આપણે હરમ શરીફમાં જાનવર લઈ જવું જાઈઝ નથી. ''લોકોની પાછળ''ની શર્ત એ જમાનાના લેહાઝથી છે કે એ વખતે મસ્જિદે હરામ એટલી જ મોટી હતી જેટલો હાલ મતાફ (તવાફની જગા) છે. હવે જ્યારે કે મસ્જિદ ચો તરફ દૂર સુધી ફેલાઈ ગઈ છે તો કેવળ જમાઅતના સમયે જે મતાફમાં નમાઝ થાય છે, ત્યાર બાદ પૂરો મતાફ તવાફવાળાઓ માટે ખાલી કરી દેવામાં આવે છે, અને તે લોકો બાકી હિસ્સાઓમાં નમાઝ પઢતા રહે છે. ત્યાં (મતાફમાં) નમાઝની આગળથી પસાર થવું જાઈઝ છે.

૨. એ ફજરની નમાઝ હતી. કેમ કે હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ફજર પઢી ચૂક્યાં હતાં અને ફજર બાદ નફ્લ જાઈઝ નથી એટલા માટે આપ એ વખતે તવાફ કરે છે. ગાલિબ (અધિકતર) એ છે કે હુઝૂર ﷺએ બંને રકાતોમાં સૂરત વત્તૂર પઢી.

'હઝરત આબિસ ઈબ્ને રબઆથી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઉમરને જોયા કે આપ સંગે અસ્વદ ચૂમતા હતા, અને કહેતા હતા હું જાણું છું, તું પથ્થર છે ન નફો આપે ન નુકસાન[૧] જો મેં રસૂલુલ્લાહ ﷺને તને ચૂમતાં ન જોયા હોત તો હું તને ન ચૂમત[૨]. (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨૯)-૨૫૮૯ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَابِسِ بْنِ رَبِيعَةَ قَالَ: رَأَيْت عمر يقبل الْحجر وَيَقُول: وَإِنِّي لَأَعْلَمُ أَنَّكَ حَجَرٌ مَا تَنْفَعُ وَلَا تَضُرُّ وَلَوْلَا أَنِّي رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يقبل مَا قبلتك

૧. એટલે **હે સંગે અસ્વદ ! હું તને પૂજતો નથી, બલ્કે ચૂમું છું. તને ઈબાદતનો બોસો નથી આપતો, બલ્કે તા'ઝીમનો બોસો આપુ છું, કેમ કે ઈબાદત એ અલ્લાહની છે જે જાતે પોતે નફા નુકસાનનો માલિક છે.** એટલા માટે ફર્માવ્યું કે ફારૂકી યુગના નવ મુસ્લિમ લોકો જેઓ અત્યાર સુધી પથ્થર પૂજતા હતા તેઓ આ તા'ઝીમને પથ્થરની ઈબાદત ન સમજી લે. મિર્કાતમાં છે કે અહીં નફો નુકસાનથી મુરાદ બિઝ્ઝાત (રબની અતા વિના સ્વજાતે) નફો પહોંચાડવું છે, નહીં તો **હજરે અસ્વદ રબના હુકમથી ઘણો જ નફાકારક છે કે તેને ચૂમવું (રબની) ઈબાદત અને સવાબનો સબબ છે** અને હમણા થોડાક પહેલાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયત આવી ગઈ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, કયામતમાં તેની આંખો પણ હશે અને ઝબાન પણ. પોતાના ઈખ્લાસથી ચૂમવાવાળાઓના ઈમાનની ગવાહી આપશે.

★ રૂહોની વહદાનિયતનું ઈકરારનામુ સંગે અસ્વદમાં મેહફૂઝ છે ★

૨. એટલે તને ચૂમવું એક ઈબાદતને લગતી ચીજ છે અને હુઝૂરે અન્વર ﷺની ઈત્તેબાઅ (અનુસરણ)માંથી છે. આ જગાએ મુલ્લા અલી કારીએ મિર્કાતમાં અને શયખ અબ્દુલહક્કે અશિઅતુલ લમ્આતમાં, મૌલાના અબદુલ હય લખનવીએ ફિદાયતુલ હિદાયહ અને ઈબ્ને હુમામે હાકિમની રિવાયતથી ફર્માવ્યું કે ફારૂકે આ'ઝમના આ ફર્માન પર હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, હે અમીરુલ મો'મિનીન ! યકીનન ! સંગે અસ્વદ ફાયદાકારક પણ છે અને નુકસાનકર્તા પણ. રબ્બુલ આલમીને સર્વ રૂહોથી જે પોતાની વહદાનિયતનો ઈકરાર લીધો હતો તે ઈકરારનામુ આ પથ્થરમાં મહેફૂઝ છે અને એ કયામતમાં એ રીતે આવશે કે તેની આંખો તથા હોટ હશે. મુખ્લિસોની

ગવાહી આપશે. એ અલ્લાહનો અમીન છે. તો હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, અબુલ હસન ! જે જમીનમાં તમે ન હોય ત્યાં મને ખુદા ન રાખે. મિર્કાતે ફર્માવ્યું કે હદીષ શયખૈનની શરત પર નથી, કેમ કે એની અસ્નાદમાં અબૂ હારૂન અબદી છે જેથી મુસ્લિમ તથા બુખારી હદીષ નથી લેતા. (એટલે કે હદીષ સહીહ છે ભલે શયખૈનની શરત પર નથી) એ જ જગાએ મિર્કાતે ફર્માવ્યું, મુસ્તહબ એ છે કે સંગે અસ્વદને ચૂમ્યા બાદ તેના પર પેશાની રાખીને સજદો પણ કરે. અને ઈબ્ને હુમામે ફર્માવ્યું કે ઈબ્ને માજહમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની રિવાયતથી છે, નબી કરીમ ﷺ એ સંગે અસ્વદ પર હોઠ મુબારક રાખ્યા અને ઘણીવાર સુધી રડતા રહ્યા, પછી ફારૂકે આ'ઝમને ફર્માવ્યું કે, હે ઉમર ! આ જગાએ આંસુ વહાવવામાં આવે છે. (મિર્કાત) ફકીર હકીર અહમદ યાર કહે છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ એ જમાનાના જાહિલોની વ્યવસ્થા કરતાં સંગે અસ્વદને આવુ કહ્યું અને હઝરત અલીએ કયામત સુધીના વહાબીઓને ઠેકાણે પાડતાં તેના ફઝાઈલ વર્ણવ્યા. બંને બુઝુર્ગોની વાતો બરહક્ક છે અને મુસલમાન માટે લાભદાયી છે.

રૂકને યમાની અને સંગે અસ્વદ વચ્ચે પઢવાની દુઆ

★ હદીષ : (30)-૨૫૯૦ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «وُكِّلَ بِهِ سَبْعُونَ مَلَكًا» يَعْنِي الرُّكْنَ الْيَمَانِيَ " فَمَنْ قَالَ: اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ الْعَفْوَ وَالْعَافِيَةَ فِي الدُّنْيَا وَالْآخِرَةِ رَبَّنَا آتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَفِي الْآخِرَةِ حَسَنَةً وَقِنَا عَذَابَ النَّارِ قَالُوا: آمين ". رَوَاهُ ابْن مَاجَه

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, એના પર એટલે રૂકને યમાની પર સિત્તેર ફરિશ્તા નિયુક્ત છે[૧] તો જે કહે છે, ઈલાહી હું તારાથી માફી અને અમ્ન તથા આફિયત, દીની તથા દુનિયવી માગુ છું[૨]. હે અમારા રબ ! અમને દુનિયામાં ભલાઈ આપ અને આખેરતમાં ભલાઈ આપ અને અમને આગના અઝાબથી બચાવી લે. તો ફરિશ્તા કહે છે, આમીન[૩].'' (ઈબ્ને માજહ)

૧. એટલે ﷺ ની ઝમીરનો મરજઅ રૂકને યમાની છે. આ તફસીર લગભગ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની છે.

૨. ذنوب ની માફી અફ્વ છે અને અયબોની માફી આફિયત અથવા દુનિયામાં માફી અફ્વ છે અને આખેરતમાં માફી આફિયત છે. રૂકને યમાની અને સંગે અસ્વદના દરમિયાન તવાફની હાલતમાં આ દુઆ જરૂર માગે.

★ ચક્કરોમાં દુઆઓ નિશ્ચિત નથી ★

૩. એટલે કેમ કે આ જગાની દુઆ પર રૂકને યમાનીવાળા આ ફરિશ્તા આમીન કહે છે એટલા માટે અહીં જામેઅ દુઆ માગવી જોઈએ. એ મતલબ નથી કે આ દુઆ પર તો આમીન કહે છે અને જો કોઈ અન્ય દુઆ માગવામાં આવે તો આમીન ન કહે. મિર્કાતે અહીં ફર્માવ્યું કે **તવાફના ચક્કરોમાં દુઆઓ નિશ્ચિત નથી કે ફલાણા ચક્કરમાં આ દુઆ માગે, હા ! તવાફની હાલતમાં કુર્આન મજીદ હુઝૂરે અન્વર ﷺ થી સાબિત નથી, બેહતર એ છે કે દુઆઓ માગે.**

★ હદીષ : (31)-૨૫૯૧ ★

وَعَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " مَنْ طَافَ بِالْبَيْتِ سَبْعًا وَلَا يَتَكَلَّمُ إِلَّا ب: سُبْحَانَ اللَّهِ وَالْحَمْدُ لِلَّهِ وَلَا إِلَهَ إِلَّا اللَّهُ وَاللَّهُ أَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ

''તેમનાથી જ રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ બયતુલ્લાહનો તવાફ સાત ચક્કર કરે અને તેના સિવાય અન્ય વાતચીત ન કરે[૧] કે અલ્લાહ પાક છે, અલ્લાહની તારીફ છે, અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, અલ્લાહ ઘણો જ મહાન છે. અલ્લાહના

مُحِيَتْ عَنْهُ عَشْرُ سَيِّئَاتٍ وَكُتِبَ لَهُ عَشْرُ حَسَنَاتٍ وَرُفِعَ لَهُ عَشْرُ دَرَجَاتٍ. وَمَنْ طَافَ فَتَكَلَّمَ وَهُوَ فِي تِلْكَ الْحَالِ خَاضَ فِي الرَّحْمَةِ بِرِجْلَيْهِ كَخَائِضِ الماءِ برجليه ". رَوَاهُ ابْن مَاجَه

સિવાય ન શક્તિઓ છે ન કુવ્વત. તો તેના દસ ગુનાહ મિટાવી દેવામાં આવશે અને તેના માટે દસ નેકીઓ લખવામાં આવશે, અને તેના દસ દરજા બુલંદ થશે[૨] અને જે શખ્સ તવાફ કરે અને એ હાલતમાં વાતો કરે તો રહમતમાં પોતાના બંને પગોથી એવો ઘુસી જશે જેવી રીતે પાણીમાં પગોથી ઘુસી જાય છે[૩]." (ઈબ્ને માજહ)

૧. ન દુનિયાવી વાત કરે ન તિલાવતે કુર્આન. અથવા એ મતલબ છે કે એના સિવાય અન્ય કોઈ દુઆ જ ન માગે. યાદ રાખશો કે રુકને યમાની તથા સંગે અસ્વદના વચ્ચેનું અંતર આ હુકમથી અલગ છે. ત્યાં એ દુઆ માગે જે હમણા વર્ણન થઈ ચૂકી. જેથી આ હદીષ ગુજરી ચૂકેલી હદીષની વિરુદ્ધ નથી.

૨. એટલે કે પૂરા તવાફનો આ ફાયદો થશે અથવા દરેક ચક્કરનો અથવા દરેક વખતે આ દુઆ પઢવાનો, પણ પ્રથમ સંભાવના અધિક મજબૂત છે. ઉલમા ફર્માવે છે કે અલ્લાહની હમ્દ કરવી પણ દુઆ છે. જુઓ આ કલમાઓમાં દુઆના શબ્દો એક પણ નથી, કેવળ રબની હમ્દો ષના છે, પણ તેના આટલા મહાન ફાયદા છે. યાદ રાખશો કે આ ફાયદા આપણે ગુનેહગારોના માટે છે, બેગુનાહ બંદાઓ માટે ત્રીસ દરજાઓની બુલંદી છે.

★ તવાફ વખતે આદમ عليه السلام ની દુઆ ★

૩. આ વાક્યની ઘણી શરહો છે. મુહક્કક્ ક્ શરહ એ છે કે, વાતો કરવાથી મુરાદ આ જ કલમા બોલવું છે. કેમ કે એ કલમાઓનો હવે બીજો ફાયદો વર્ણન થઈ રહ્યો છે એટલા માટે આ રીતે ઈર્શાદ ફર્માવ્યો. અમુક લોકોએ એનો મતલબ એ સમજ્યો છે કે, જે શખ્સ તવાફમાં દુનિયવી વાતો કરે તે તો ગુઠણ ગુઠણ રહમતના દરિયામાં આવી જાય છે અને જે અગાઉ વર્ણવેલા કલમા પઢે તે રહમતના દરિયામાં ડૂબકીઓ મારે છે. પણ આ શરહ ઝઈફ જેવી છે. કેમ કે મસ્જિદમાં ખાસ કરીને તવાફમાં દુનિયવી વાતો મકરૂહ છે જેનાથી નેકીઓ બર્બાદ થાય છે. એના પર સવાબનો વાયદો કેવો ? હઝરત આદમ عليه السلام એ જ્યારે બયતુલ્લાહનો તવાફ કર્યો તો આપને ફરિશ્તાઓએ મુસાફો કરીને અર્ઝ કર્યું કે અમે બે હજાર વરસોથી અહીં તવાફ કરી રહ્યા છીએ. આપે પૂછયું કે તમે તવાફમાં શું પઢો છો ? તેઓ બોલ્યા, سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ તો આપે ફર્માવ્યું કે અમે આના પર આટલુ અધિક કરીશુ. وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰه (મિક્ર્ાત)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબો વકૂફિલ અરફા باب الوقوف العرفة

અરફામાં થોભવું[૧]

(વિભાગ : ૧) الفصل الاول

'અરફા' નામ શાથી પડયું ?

૧. અરફા عرفٌથી બન્યું ઓળખવાના અર્થમાં. નવમી તારીખને પણ અરફો કહે છે, અને અરફાતના મેદાનને પણ. પણ શબ્દ "અરફાત" કેવળ મેદાનને કહે છે, ન કે એ દિવસને. રબ ફર્માવે છે : فَإِذَآ أَفَضۡتُم مِّنۡ عَرَفَٰتٍ કેમ કે આ જગાનો દરેક હિસ્સો અરફા છે એટલા માટે એને બહુવચનમાં અરફાત કહે છે. આ જગાને કેટલાક કારણોસર અરફા કહે છે : (૧) એ જ જગાએ આદમ عليه السلام તથા હવ્વાની મુલાકાત ૩૦૦ વરસના વિરહ બાદ થઈ અને એકબીજાને ઓળખ્યાં. (૨) આ જ જગાએ જિબ્રઈલે અમીને જનાબ ખલીલને હજ્જના અરકાન શીખવાડયા, અને આપે ફર્માવ્યું, عَرَفْتُ મેં ઓળખી લીધું. (૩) આ જગા સર્વ જગતમાં જાણીતી છે કે અહીં હજ્જ થાય છે, એટલે કે મશહૂર છે. (૪) રબ તઆલા એ દિવસે હાજીઓને મગફિરતનો તોહફો આપે છે. عرفએ અતિયહ (તોહફા)ના અર્થમાં. રબ ફર્માવે છે : عَرَّفَهَا لَهُمۡ (તેમને એની પેહચાન કરાવી દીધી છે. સૂરએ મુહમ્મદ, ૪૭/૬) (૫) તમામ હાજીઓ ત્યાં પહોંચીને પોતાના ગુનાહોનો સ્વીકાર તથા કબૂલાત કરે છે. યાદ રાખશો કે અરફાનું રોકાણ હજ્જનો આ'લા રુકન છે, જેને એ મળી ગયો તેને હજ્જ મળી ગયો.

★ હદીષ : (૨)-૨૫૯૨ ★ (مُتَّفِق عَلَيْهِ)

عَن محمدِ بن أبي بكرٍ الثَقَفيُّ أَنَّهُ سَأَلَ أَنسَ بْنَ مَالِكٍ وَهُمَا غَادِيَانِ مِنْ مِنًى إِلَى عَرَفَةَ: كَيْفَ كُنْتُمْ تَصْنَعُونَ فِي هَذَا الْيَوْمِ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ؟ فَقَالَ: كَانَ يُهِلُّ مِنَّا الْمُهِلُّ فَلَا يُنْكَرُ عَلَيْهِ وَيُكَبِّرُ الْمُكَبِّرُ مِنَّا فَلَا يُنكَرُ عَلَيْهِ

"હઝરત મુહમ્મદ ઈબ્ને અબી બકર થકફીથી રિવાયત છે કે તેમણે મિના અરફા જતાં હઝરત અનસ ઈબ્ને માલિકથી પૂછયું કે આપ હઝરાત આ દસ દિવસમાં રસૂલુલ્લાહ ﷺની સાથે શું કરતા હતા ?[૧] *તો તે બોલ્યા કે અમારામાં તલબિયા કહેનાર લબ્બૈક કહયા કરતો હતો એના પર વાંધો ન થતો હતો. અને અમારામાંથી તકબીરવાળો અલ્લાહુ અકબર કહેતો હતો એના પર વાંધો ન થતો હતો*[૨]*." (મુસ્લિમ, બુખારી)*

૧. કદાચ સાઈલનો ખયાલ હતો કે હજ્જાજે (હાજીઓએ) અરફાત પહોંચીને કોઈ ખાસ ઈબાદત કરવાની નહીં હોય, એટલા માટે આ સવાલ કર્યો. જ્યારે કે કાંઈ પઢવાનું નામ હજ્જ નથી, બલ્કે હાજીનું આ દિવસમાં આ જગાએ પહોંચી જવાનું નામ હજ્જ છે.

★ તલબિયા ક્યારથી બંધ કરવી ? ★

૨. અરફામાં હાજીઓનું તલબિયા કહેવું સુન્નત છે અને તકબીર કહેવું જાઈઝ છે. તલબિયા ૧૦મી બક્ર ઈદ **જમરા ઉક્બાની રમી પર ખત્મ** થઈ જાય છે. **યાદ રાખશો કે નમાઝ પંજગાના પછી તકબીરે તશરીક કહેવું અન્ય જગાએ વાજિબ છે અરફાતમાં નહીં.** (મિર્કાત) જેથી સહાબાએ કિરામનું આ તકબીર કહેવું ઝિક્રુલ્લાહના કારણે હતું, એ તકબીરે તશરીક ન હતી.

મિનાનુ આખુ મેદાન કુર્બાનીની જગા છે

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અમે અહીં કુર્બાની કરી લીધી છે, પણ આખુ મિના જ કુર્બાનીગાહ છે જેથી પોતાની મંઝિલોમાં કુર્બાની કરો શકો છો[૧] અને અમે અહીં રોકાણ કર્યું છે પણ આખો અરફા જ રોકાણનું સ્થળ છે[૨] અમે અહીં મુઝદલ્ફાનો વકૂફ કર્યો છે પણ આખુ મુઝદલ્ફા રોકાવાની જગા છે[૩].'' (મુસ્લિમ)

★ હદીષ : (3)-૨૫૯3 ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «نحرتُ هَهُنَا وَمِنًى كُلُّهَا مَنْحَرٌ فَانْحَرُوا فِي رِحَالِكُمْ. وَوَقَفْتُ هَهُنَا وعرفةُ كلُّها موقفٌ. ووقفتُ هَهُنَا وجَمْعٌ كلُّها موقفٌ» . رَوَاهُ مُسلم

૧. ههنا થી મિનાની એક જગાની તરફ ઈશારો છે જ્યાં હુઝૂર ﷺ એ કુર્બાની કરી. એટલે કે કેવળ અહીં જ કુર્બાની કરવી વાજિબ નથી બલ્કે આખુ મિના જ કુર્બાનગાહ છે, જ્યાં પણ કરશો થઈ જશે, ત્યાં સુધી કે તમારા તંબુઓમાં પણ કુર્બાની કરી શકો છો. હવે હુકૂમતે મિનામાં કુર્બાનીના માટે અલગ જગા ખાસ કરી આપી છે કે જે તંબુઓ તથા રસ્તાઓમાં લોહી ન વહે અને બીમારી ન ફેલાય. આ હુકમ વ્યવસ્થાને અનુલક્ષીને છે નહીં કે શરઈ રીતે. અને સરકારનું આ ફર્માન અબાહત (મુબાહ હોવા)ના માટે છે ન કે વાજિબ હોવાના હુકમમાં. હુઝૂર ﷺ એ મસ્જિદે હુનૈફની પાસે કુર્બાની કરી હતી, ત્યાં હવે મસ્જિદ બનેલી છે જેને મસ્જિદ નમરા કહે છે.

૨. એટલે કે અમે જબલે રહમતની પાસે ત્યાંની ચટ્ટાનોથી અડીને અમારો તંબુ તાણ્યો અને રોકાણ કર્યું. અરફાતમાં કયામની જગા કેવળ આ જ નથી બલ્કે બતને અરફા સિવાય આખુ મેદાન કયામગાહ (રોકાણની જગા) છે.

૩. એટલે કે અમે મુઝદલ્ફામાં મશઅરુલ હરામની પાસે કયામ કર્યો, પણ વાદીએ મુહસ્સિરના સિવાય આખુ મુઝદલ્ફા રોકાણની જગા છે. મુઝદલ્ફા زُلْفٌ (ઝલ્ફુન્)થી બન્યું. બાબે અફઆલની તે (ت) દાલ બની ગઈ, અને અર્થ છે કુર્બ (નઝદીકી)ની જગા. કેમ કે હાજી અહીં પહોંચીને અલ્લાહથી નજીક થાય છે, તેમજ આ જગા મિનાથી નજીક છે એટલા માટે મુઝદલ્ફા કહેવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : وَاُزْلِفَتِ الْجَنَّةُ (અને જ્યારે જન્નત પાસે લાવવામાં આવે. સૂરએ તકવીર, ૮૧/૧૩) ઉલમા ફર્માવે છે કે આ ત્રણેવ સ્થળોમાં જેટલા પ્રમાણે હુઝૂર ﷺ ની રોકાણની જગાથી નિકટતા થાય એટલુ સારું.

અરફાનો દિવસ આગથી આઝાદી તથા દુઆ માટેનો

★ હદીષ : (૪)-૨૫૯૪ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " مَا مِنْ يَوْمٍ أَكْثَرَ مِنْ أَنْ يُعْتِقَ اللَّهُ فِيهِ عَبْدًا مِنَ النَّارِ مِنْ يَوْمِ عَرَفَةَ وَإِنَّهُ لَيَدْنُو ثُمَّ يُبَاهِي بِهِمُ الْمَلَائِكَةَ فَيَقُولُ: مَا أَرَادَ هَؤُلَاءِ ". رَوَاهُ مُسلم

'હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અરફાથી વધીને એવો કોઈ દિવસ નથી જેમાં અલ્લાહ પોતાના ઘણા બધા બંદાઓને આગથી આઝાદ કરી દે[૧] રબ તઆલા એ દિવસે ખૂબ જ નજીક હોય છે, પછી એ ફરિશ્તાઓ પર ફખ્ર ફર્માવે છે, કહે છે કે આ લોકો શું ચાહે છે ?[૨] (મુસ્લિમ)

૧. એટલે કે **વરસભરના સર્વ દિવસોથી અધિક નવમી ઝીલ હજ્જના ગુનેહગારો બખ્શવામાં આવે છે.** عبد (અ્બ્દ)ના સામાન્યપણાથી માલૂમ પડે છે કે અલ્લાહ તઆલા એ દિવસે હાજીઓનો ઉપરાંત અન્ય બંદાઓને પણ બખ્શે છે. એટલા માટે **ગૈર હાજીઓ માટે એ દિવસે રોઝો સુન્નત છે.**

૨. એટલે કે એ દિવસે અલ્લાહની રહમત અધિક નજીક થાય છે અને રબ તઆલા ફરિશ્તાઓ પર હાજીઓની અફઝલિયત, તેમની શરાફત તથા કરામત જાહેર કરે છે કે, હે ફરિશ્તાઓ ! તમે કહ્યું હતું કે ઈન્સાન ખૂનરેજી તથા ફસાદ (ઝઘડા) કરશે. તમે એના પર વિચાર ન કર્યો કે માણસ પોતાનુ ઘરબાર વતન છોડીને પરદેશીન બનીને, વિખરાયેલા વાળે કફન પહરીને લબ્બૈક ! લબ્બૈક ! ની સદાઓ લગાડતો અરફાતના મેદાનમાં પણ આવશે. બતાવો ! આ હાજીઓએ મારી રઝા સિવાય શું ચાહ્યું છે ? કેવળ મને રાજી કરવાના માટે એ લોકો એ મેદાનોમાં માર્યા માર્યા ફરી રહ્યા છે. આ શરફ ન ફરિશ્તાઓને હાંસલ છે ન જિન્નતાને, કેવળ તેમનો જ હિસ્સો છે !

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૫)-૨૫૯૫ ★

عَنْ عَمْرِو بْنِ عَبْدِ اللَّهِ بْنِ صَفْوَانَ عَنْ خَالٍ لَهُ يُقَالُ لَهُ يَزِيدُ بْنُ شَيْبَانَ قَالَ: كُنَّا فِي مَوْقِفٍ لَنَا بِعَرَفَةَ يُبَاعِدُهُ عَمْرٌو مِنْ مَوْقِفِ الْإِمَامِ جِدًّا فَأَتَانَا ابْنُ مِرْبَعٍ الْأَنْصَارِيُّ فَقَالَ: إِنِّي رَسُولُ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَيْكُمْ يَقُولُ لَكُمْ: «قِفُوا عَلَى مَشَاعِرِكُمْ فَإِنَّكُمْ عَلَى إِرْثٍ من إِرْثِ أَبِيكُمْ إِبْرَاهِيمَ عَلَيْهِ السَّلَامُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ

''હઝરત અમ્ર ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને સફ્વાન رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના મામાથી રિવાયત કરે છે જેમને યઝીદ ઈબ્ને શયબાન કહેવામાં આવતા હતા[૧]. ફર્માવે છે, અમે અરફાતમાં અમારી મંઝિલમાં હતા. અમ્રએ ફર્માવ્યું કે એ જગા ઈમામની જગાથી ઘણે દૂર હતી[૨]. તો અમારી પાસે ઈબ્ને મિર્બા અન્સારી આવ્યા. બોલ્યા કે હું રસૂલુલ્લાહ ﷺ નો તમારી તરફ સંદેશવાહક છું[૩] હુઝૂર તમને ફર્માવે છે કે તમે લોકો પોત પોતાની જગાએ રોકાયેલ રહો[૪] તમે લોકો પોતાના પિતા ઈબ્રાહીમ عليہ السلام ના વારસા પર છો[૫].'' (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ)

૧. હઝરત અમ્ર ષિક્ફ તાબઈનમાંથી છે. જમહી છે. ક્રશી છે, અને યઝીદ ઈબ્ને શયબાન અઝદી સહાબી છે. (رضی اللہ عنہما)

૨. ઈસ્લામથી પહેલાં મક્કાના કાફિરોએ અરફાતના હિસ્સા વિખેરાયેલા કરી લીધા હતા કે દરેક ક્બીલાના

ક़યામ (રોકાણ)નુ એક અલગ ઠેકાણુ હતું. જેમ કે યઝીદ ઈબ્ને શયબાનના ક़બીલાનું પણ એક ઠેકાણુ હતું. પૂરાણી રસમ પ્રમાણે આ હઝરત તેમની ખાનદાની ક़યામગાહમાં રોકાયા, પણ આજે દિલની કૈફિયત કાંઈ અલગ હતી. પોતાને હુઝૂર ﷺની ક़યામગાહથી ખૂબ જ દૂર જોઈને પરેશાન થયા, એટલા માટે આગલો બનાવ ઉપસ્થિત થયો.

૩. એમનું નામ ઝયદ અથવા યઝીદ ઈબ્ને મબા છે. ઉલમા ફર્માવે છે કે નબી કરીમ ﷺએ દૂર રહી પરેશાન થયેલા હાજીઓની દિલી કૈફિયત ખુદ માલૂમ કરી લીધી, એટલા માટે આ પયગામ મોકલ્યો. એ હઝરાતે ચાહ્યું કે એ જગાએથી તબદીલ થઈને હુઝૂર ﷺના ક़દમોમાં જઈને પડીએ. એટલા માટે આ પૈગામ આવ્યો. **સરકાર ﷺ આપણા પર આપણા મા બાપ કરતાં પણ અધિક મહેરબાન છે.**

૪. مشاعر مشعرનું બહુવચન છે. ઈબાદતગાહના અર્થમાં એટલે કે જાહિલિયતના જમાનાથી જે તમારાં સ્થળો નિશ્ચિત થઈ ચૂક્યાં છે અને હવે તમે આવીને થોભી ગયા છો ત્યાંથી તબદીલ ન થાવ કે એમાં સખત મુશ્કેલી પડશે. આખુ અરફાત ક़યામગાહ છે. મારાથી દૂરી તમારા માટે નુકસાનકર્તા નથી. (લમ્આ़ત)

૫. સુબ્હાનલ્લાહ ! કેવું પાકીઝા ફર્માન છે ! એટલે કે **તમે તમારા જાહિલ બાપદાદાઓની પયરવીમાં અહીં ન થોભો બલ્કે સુન્નતે ઈબ્રાહીમી સમજીને અહીં રોકાણ કરો,** અને મારી પાસે આવવાની કોશિશ ન કરો. રબ તઆલા ફર્માવે છે : وَمَا جَعَلَ عَلَيْكُمْ فِي الدِّيْنِ مِنْ حَرَجٍ ؕ مِلَّةَ اَبِيْكُمْ اِبْرٰهِيْمَ ؕ (તેણે તમને પસંદ કર્યા અને તમારામાં દીનમાં કાંઈ તંગી ન રાખી તમારા બાપ ઈબ્રાહીમનો દીન. સૂરએ હજ્જ, ૨૨/૭૮)

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અરફાત વક़ૂફ (થોભવાની) જગા છે અને આખુ મિના ક़ુર્બાનીગાહ છે અને આખુ મુઝદલ્ફા ક़યામગાહ છે અને મક્કા મોઅઝ્ઝમાની દરેક સડક રસ્તો અને ક़ુર્બાનીગાહ છે[૧]. (અબૂ દાઊદ, દારમી)

★ હદીષ : (૫)-૨૫૯૬ ★

وَعَنْ جَابِرٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «كُلُّ عَرَفَةَ مَوْقِفٌ وَكُلُّ مِنًى مَنْحَرٌ وَكُلُّ الْمُزْدَلِفَةِ مَوْقِفٌ وَكُلُّ فِجَاجِ مَكَّةَ طَرِيقٌ وَمَنْحَرٌ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالدَّارِمِيُّ

૧. فِجَاجનું બહુવચન છે, પહોળા રસ્તાના અર્થમાં એટલે જો કે અમે કદાઅના રસ્તે મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા પરંતુ મક્કા મોઅઝ્ઝમા સુધી પહોંચનારા સર્વ માર્ગો બરાબર છે, જે રસ્તેથી અહીં આવો, દુરુસ્ત છે. અને સર્વ મક્કા મોઅઝ્ઝમા ક़ુર્બાનીગાહ છે કે હજ્જની ક़ુર્બાની હરમમાં થવી જોઈએ, જ્યાં પણ થઈ જાય. હજ્જાજ (હાજીઓ) પોતાની સરળતા ખાતર મિનામાં ક़ુર્બાની કરી લે છે. ઉલમા ફર્માવે છે કે ભલે હજ્જ તથા ઉમરાની ક़ુર્બાની આખા હરમમાં થઈ શકે છે, પરંતુ હજ્જની ક़ુર્બાની મિનામાં અફઝલ છે અને ઉમરાની ક़ુર્બાની મક્કામાં. ખાસ કરીને મરવા પહાડ પાસે બેહતર છે. (મિર્ક़ાત)

''હઝરત ખાલિદ ઈબ્ને હવઝાથી રિવાયત છે. ફર્માવે છે, મેં નબી કરીમ ﷺને જોયા કે આપ અરફાતમાં ઊંટ પર બે રકાબોની વચ્ચે ઉભા રહીને લોકોને ખુત્બો આપી રહ્યા હતા[૧]. '' (અબૂ દાઊદ)

★ હદીષ : (૬)-૨૫૯૭ ★

وَعَن خالِدِ بنَ هَوْذَةَ قَالَ: رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَخْطُبُ النَّاسَ يَوْمَ عَرَفَةَ عَلَى بَعِيرٍ قَائِمًا فِي الركابين. رَوَاهُ أَبُو دَاوُد

૧. આ હજ્જનો ખુત્બો છે જે નવમી બક્ર ઈદના અરફાતમાં આપવામાં આવે છે. જેમાં અરફાતથી ચાલવા, મુઝદલ્ફામાં રોકાવા, મિનામાં ક़ુર્બાની અને તવાફે ઝિયારત વગેરેના અહકામ શીખવાડવામાં આવે છે. قَائِمًاએ

وَاقِفًا ના અર્થમાં છે. એ મતલબ નથી કે આપ ઊંટ પર ઉભેલા હતા, કેમ કે એ તો ઘણુ જ મુશ્કેલ છે. મતલબ એ છે કે આપ વકૂફે અરફાત ઊંટ પર કરી રહ્યા હતા. فِي الرِّكَابَيْنِ નો અર્થ એ છે કે બંને કદમ શરીફ રકાબ (પેંગડાઓ)માં રાખેલા હતા. કેમ કે ત્યાં મિમ્બર હતો નહીં અને હેતુ એ હતો કે હુઝૂર ﷺ લોકોથી ઊંચે રહે જેથી દૂર સુધીના લોકો આપની ઝિયારત પણ કરી શકે અને આપનું કલામ શરીફ પણ સાંભળી શકે. એટલા માટે એ ખુત્બો ઊંટ પર આપ્યો. હજી પણ અરફાત શરીફમાં ઈમામ ઊંટ પર ખુત્બો આપે છે.

અરફાના દિવસની ખાસ દુઆ

★ હદીષ : (૭/૮)-૨૫૯૮/૨૫૯૯ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " خَيْرُ الدُّعَاءِ دُعَاءُ يَوْمِ عَرَفَةَ وَخَيْرُ مَا قُلْتُ أَنَا وَالنَّبِيُّونَ مِنْ قَبْلِي: لَا إِلَهَ إِلَّا اللَّهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلَى كُلِّ شَيْءٍ قدير ". رَوَاهُ التِّرْمِذِيّ 2599 -[8]

وروى مالكٌ عَنْ طَلْحَةَ بْنِ عُبَيْدِ اللَّهِ إِلَى قَوْلِهِ: «لَا شريك لَهُ»

''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, અરફાના દિવસની દુઆઓમાંથી બેહતરીન[૧] અને જે અમે તથા અમારાથી પહેલા નબીઓએ અર્ઝ કરી, એમાંથી બેહતરીન અર્ઝ આ છે કે, અલ્લાહ એકલાના સિવાય કોઈ મઅબૂદ નથી. એનો કોઈ શરીક નથી, તેનો જ મુલ્ક છે, તેની જ તારીફ અને તે દરેક ચીજ પર કાદિર છે[૨]. (તિર્મિઝી) અને માલિકે હઝરત તલ્હા ઈબ્ને ઓબેદુલ્લાહથી લા શરીક લહૂ સુધી રિવાયત કરી.

૧. કેમ કે એ દિવસની દુઆ જલ્દી કબૂલ થાય છે અને એના પર માગવાથી અધિક મળે છે, અને દુઆનો સવાબ એના ઉપરાંત છે. આ હદીષથી જાણવા મળ્યું કે નવમી બક્ર ઈદની દુઆ બેહતરીન અમલ છે ભલે ક્યાંય પણ માગવામાં આવે. જો હજ્જ મયસ્સર થાય અને અરફાતમાં માગવામાં આવે તો નસીબની વાત છે, નહીં તો પોતાના ઘરમાં અથવા મસ્જિદ વગેરે, જ્યાં બની શકે માગે. એ દિવસ ગફલતમાં ન ગુજારી દે એટલા માટે સમજદાર લોકો નવમી બક્ર ઈદના રોજ રોઝો રાખે છે, ઈબાદત તથા દુઆઓમાં મશગૂલ રહે છે, એ દિવસને ખેલકૂદમાં નથી ગુજારતા.

૨. આ વાક્યના બે મતલબ થઈ શકે છે : **એક** એ કે એ દિવસે કેવળ દુઆ જ ન માગે બલ્કે રબ તઆલાની હમ્દો ષના પણ કરે કે અલ્લાહના ઝિક્રથી દિલને ચૈન તથા કરાર છે. અને ઝિક્રોમાં બેહતરીન ઝિક્ર એ છે કે એમાં રબ તઆલાની આ'લા દરજાની હમ્દો ષના છે અને અંબિયાની સુન્નત પર અમલ પણ. એટલે કે ઝિક્ર તથા ઝબાન બંનેની તાષીરો જમા છે. એટલા માટે લોકો દુઆએ માષૂરા જે બુઝુર્ગોથી નક્લ થયેલ હોય તે અધિક પઢે છે. **બીજુ** એ કે સર્વ દુઆઓમાં શ્રેષ્ઠ દુઆ એ છે, કેમ કે હક્ક તઆલાની હમ્દો ષના અને નબી કરીમ ﷺ પર દુરૂદ કહેવું એ દુઆ છે. હદીષે કુદ્સીમાં છે કે જેને મારો ઝિક્ર દુઆ માગવાથી રોકી દે તો તેને હું માગનારાઓ કરતાં અધિક આપીશ. તેમજ રઝા બિલ કઝા ઉચ્ચ કક્ષાના કમાલ સાથે છે. શાયર કહે છે : (શેઅર) وَكَلْتُ اِلَى الْمَحْبُوْبِ اَمْرِىْ كُلَّهٗ فَاِنْ شَاءَ اَحْيَانِىْ وَاِنْ شَاءَ اَتْلَفَ ''મે મારા મેહબૂબને મારુ સર્વસ્વ સોંપી આપ્યું, અવે એ ચાહે જીવન આપે ચાહે મૃત્યુ'' આ કલમા ચોથા કલમાના છે. હુઝૂર ﷺ જાગૃત થતાં આ પઢયા કરતા હતા, જેમ કે વર્ણન આવી ગયું. આ હદીષથી જાણવા મળ્યું કે આ'લા તારીખોમાં ઝિક્રે ઈલાહી અફઝલ છે કે આ સ્થિતિમાં ઝિક્રની સાથે સમયની ફઝીલત પણ ભેગી થઈ જાય છે.

★ હદીષ : (૯)-૨૫૦૦ ★

وَعَنْ طَلْحَةَ بْنِ عُبَيْدِ اللَّهِ بْنِ كَرِيزٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَا رُئِيَ الشَّيْطَانُ يَوْمًا هُوَ فِيهِ أَصْغَرُ وَلَا أَدْحَرُ وَلَا أَحْقَرُ وَلَا أَغْيَظُ مِنْهُ فِي يَوْمِ عَرَفَةَ وَمَا ذَاكَ إِلَّا لِمَا يَرَى مِنْ تَنَزُّلِ الرَّحْمَةِ وَتَجَاوُزِ اللَّهِ عَنِ الذُّنُوبِ الْعِظَامِ إِلَّا مَا رُئِيَ يَوْمَ بَدْرٍ» . فَقِيلَ: مَا رُئِيَ يَوْمَ بَدْرٍ؟ قَالَ: «فَإِنَّهُ قَدْ رَأَى جِبْرِيلَ يَزَعُ الْمَلَائِكَةَ» . رَوَاهُ مَالِكٌ مُرْسَلًا وَفِي شَرْحِ السُّنَّةِ بِلَفْظِ الْمَصَابِيحِ

''હઝરત તલ્હા ઈબ્ને ઓબૈદુલ્લાહ ઈબ્ને કરીઝથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અરફાના દિવસ કરતાં અધિક કોઈ દિવસે શૈતાનને ઘણો જ નાનો, ખૂબ જ ફિટકારવાળો, અને ખૂબ જ ઝલીલ તથા ગમગીન નથી જોવામાં આવ્યો[૨] આ એટલા માટે છે કે તે આજના દિવસે રહમતે બારીનો નુઝૂલ અને અલ્લાહનું મોટા ગુનાહોનું માફી આપવું જુએ છે[૩]. એના સિવાય જે બદરના દિવસે જોવામાં આવ્યું[૪] અર્ઝ કરવામાં આવી, શું હુઝૂર ! બદરના દિવસે શું જોવામાં આવ્યું. ફર્માવ્યું, તેણે હઝરત જિબ્રઈલને જોયા કે તે ફરિશ્તાઓની સફો બનાવી રહ્યા છે[૫] (માલિક) મુરસલન અને શરહે સુન્નહમાં શબ્દ મસાબીહથી.

૧. આ તલ્હા તાબઈ છે. શામવાળાઓમાંથી છે. એટલા માટે લેખકે તેમના દાદાનું નામ પણ લઈ લીધું. કેમ કે તલ્હા ઈબ્ને ઓબૈદુલ્લાહ ઈબ્ને અફ્ફાન મશહૂર સહાબી અશ્રએ મુબશ્શિરામાંથી છે. એમના દાદા ઉષ્માન એટલે અબૂ કુહાફા સિદ્દીકે અકબરના પિતા છે. કેવળ તલ્હાથી દિમાગ એ બાજુ વળે છે. જેમ કે કેવળ અબ્દુલ્લાહથી અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ અને કેવળ હસનથી ખ્વાજા હસન બસરી સમજમાં આવે છે. (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَ)

★ અરફાના દિવસે શૈતાન ખૂબ જ ગમગીન થાય છે ★

૨. صغر صغارથી બન્યુ છે તુચ્છકારના અર્થમાં. ادحردحرથી બન્યું બેઈજ્જતી સાથે કાઢી મૂકવાના અર્થમાં. રબ તઆલા ફર્માવે છે : مِنۡ كُلِّ جَانِبٖ ۖ دُحُوۡرًا (ચો તરફથી માર ફેંક થાય છે તેમને ભગાડવા. સૂરએ સાફ્ફાત, ૩૭/૮,૯) અને ફર્માવે છે : اخۡرُجۡ مِنۡهَا مَذۡءُوۡمًا مَّدۡحُوۡرًا (અહીંથી નીકળી જા ! રદ કરવામાં આવેલો રિજેક્ટ થયેલો. સૂરએ અઅરફ, ૭/૧૮) શૈતાનથી મુરાદ ક્યાં તો ઈબ્લીસ છે અથવા તે અને તેની પૂરી પ્રજા (ઔલાદ). એટલે કે **આમ તો શૈતાન હમેશાં ઝલીલો ખાર તથા ગમગીન રહે છે પણ નવમી બક્ર ઈદના હાજીઓને અરફામાં જોઈને ખૂબ જ ગમગીન થાય છે.** જાણવા મળ્યું કે નેક કામ પર ગમ કરવો અને નેકોથી જલવું શૈતાની અમલ છે.

શૈતાન મરદૂદ ગયબ જાણે છે તો નબી ﷺના ઈલ્મે ગયબનો શો હાલ હશે ?

૩. એનાથી જાણવા મળ્યું કે **શૈતાનની નજરેથી ગયબી પર્દા ઉઠેલાં છે જેનાથી તે ફરિશ્તાઓને પણ જોઈ લે છે, અલ્લાહની રહમતને ઉતરતી જુએ છે અને રબ તઆલાના ફૈસલાઓથી પણ ખબરદાર રહે છે, નહીં તો એ દિવસે એના અધિક ગમગીન રહેવાનો શો અર્થ છે. જ્યારે એ નારી (જહન્નમી)નો આ હાલ છે તો નૂરી મખ્લૂક્ની શું શાન હશે ?!**

૪. કે તે દિવસે તે અરફાના દિવસ કરતાં પણ અધિક પરેશાન ગમગીન તથા ઝલીલોખાર હતો. જાણવા મળ્યું કે **હુઝૂરે અન્વર ﷺની નિગાહોથી શૈતાન તથા તેની ઔલાદ છુપાયેલી નથી. હુઝૂર ﷺ તો તેની દિલી કેફિયતોથી પણ માહિતગાર છે કે એના દિલ પર અત્યારે શું વીતી રહી છે.** રાવીથી માલૂમ પડે

છે કે હુઝૂર ﷺએ તેને આંખો વડે જોયો.

૫. يَزَعُ وَزَعٌ થી વર્હેંચવાના તથા ક્રમ (ગોઠવણી)ના અર્થમાં. રબ તઆલા ફર્માવે છે : فَهُمْ يُوْزَعُوْنَ (રોકવામાં આવતા હતા કે પાછલા તેમને આવીને મળે. સૂરએ નમ્લ, ૨૭/૮૩) અરબવાસીઓ સફો ગોઠવનારાઓને وازع, કહે છે. અહીં ફરિશ્તાઓથી તે પાંચ હજાર ફરિશ્તા મુરાદ છે જેઓ મુસલમાનોની મદદના માટે જંગે બદરથી આવ્યા. એ ફરિશ્તા કાફિરોને હલાક કરવા માટે ન આવ્યા હતા. નહીં તો એક ફરિશ્તો પૂરા દેશને નષ્ટ કરી શકે છે, બલ્કે મુસલમાનોના સંગાથ અને હુઝૂરની હેઠળ રહેવાની અઝમત હાંસલ કરવા માટે આવ્યા હતા. જેવી રીતે **બદરી સહાબા તમામ સહાબાથી અફઝલ છે એ જ પ્રમાણે બદરી ફરિશ્તા અન્ય સર્વ ફરિશ્તાઓ કરતાં અફઝલ છે :** (શેઅર)

માલૂમ હુવા કે જુમ્લા ફરાઈઝ ફુરૂઅ હૈં – અસ્લલ ઉસૂલે બંદગી ઉસ તાજવર કી હૈ

અરફાના દિવસે પહેલા આસ્માન પર ખુદાની રહમતનો નુઝૂલ

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે અરફાનો દિવસ હોય છે તો રબ તઆલા આસ્માને દુનિયા (આસ્માની જગત) તરફ કરમનો નુઝૂલ કરે છે[૧] તો હાજીઓ થકી ફરિશ્તાઓ પર ફખ્ર કરે છે[૨] ફર્માવે છે મારા બંદાઓને જુઓ ! કે મારી પાસે વિખરાયેલા વાળ, ધૂળમય દૂર દરાઝના રસ્તાઓથી શોર મચાવતા આવ્યા છે. **હું તમને ગવાહ કરું છું કે મેં એ સૌને બખ્શી આપ્યા**[૩]. ફરિશ્તા અર્ઝ કરે છે, **હે રબ ! ફલાણો પુરૂષ અને ફલાણી સ્ત્રી તો બદ્કારી કરતાં રહ્યાં છે !**[૪] ફર્માવ્યું, રબ તઆલા ફર્માવે છે, **મેં તેમને પણ બખ્શી આપ્યાં**[૫] ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે અરફાથી વધુ કોઈ દિવસ લોકોને આગથી છૂટકારો પામવાનો નથી[૬]." (શરહે સુન્નહ)*

★ હદીષ : (૧૦)-૨૬૦૧ ★

وَعَنْ جَابِرٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا كَانَ يَوْمُ عَرَفَةَ إِنَّ اللَّهَ يَنْزِلُ إِلَى السَّمَاءِ الدُّنْيَا فَيُبَاهِي بِهِمُ الْمَلَائِكَةَ فَيَقُولُ: انْظُرُوا إِلَى عِبَادِي أَتَوْنِي شُعْثًا غُبْرًا ضَاجِّينَ مِنْ كُلِّ فَجٍّ عَمِيقٍ أُشْهِدُكُمْ أَنِّي قَدْ غَفَرْتُ لَهُمْ فَيَقُولُ الْمَلَائِكَةُ: يَا رَبِّ فُلَانٌ كَانَ يُرَهَّقُ وَفُلَانٌ وَفُلَانَةُ قَالَ: يَقُولُ اللَّهُ عَزَّ وَجَلَّ: قَدْ غَفَرْتُ لَهُمْ ". قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «فَمَا مِنْ يَوْمٍ أَكْثَرَ عَتِيقًا مِنَ النَّارِ مِنْ يَوْمِ عَرَفَةَ» . رَوَاهُ فِي شرح السّنة

૧. અલ્લાહ તઆલા ઉતરવા ચઢવા આવવા જવાથી પાક છે. આવી જગાએ અલ્લાહની રહમત, તેની મગફિરતનું ઉતરવું મુરાદ છે. આસ્માને દુનિયાથી પ્રથમ આસ્માન મુરાદ છે જે જમીનથી સૌથી નજીક છે. કેમ કે એ આસ્માનના ફરિશ્તા જમીનવાળાઓથી ખૂબ વાકેફ હોય છે, એટલા માટે રબ તઆલાની રહમતો પ્રથમ એ આસ્માન પર ઉતરે છે પછી જમીન પર, જેથી એ ફરિશ્તાઓની નજરમાં ખાસ રીતે મુસલમાનોનો વક઼ાર કાયમ થાય અને તેમના માટે મગફિરતની દુઆ કર્યા કરે.

૨. રબના ફખ્ર કરવાનો અર્થ અગાઉ આપેલ છે. حجاج થી મુરાદ અરફામાં રોકાયેલા હાજીઓ છે, અને ફરિશ્તાઓથી મુરાદ સામાન્યતઃ સર્વ ફરિશ્તા અને ખાસ કરીને પ્રથમ આસ્માનના. કેમ કે ફરિશ્તા માણસોના ગુનાહ જોતા રહે છે એટલા માટે એમને ખાસ રીતે મુસલમાનોની નેકીઓ બતાવવામાં આવે છે. એ રબની બંદાનવાઝી છે કે આપણા ગુનાહો પર ફરિશ્તાઓને એટલા પ્રમાણમાં આયોજનથી ધ્યાનિત નથી કરવામાં આવતા પણ નેકીઓ પર કે જે એની જ તૌફીક઼થી છે એ

તરફ ફરિશ્તાઓને ધ્યાનિત પણ કરવામાં આવે છે અને સવાબ પણ તેમને ગવાહ બનાવીને આપવામાં આવે છે.

૩. સુબ્હાનલ્લાહ ! કેટલા પ્યારા કલમા છે ! એહરામની હાલતમાં હાજીઓ વિખરાયેલા વાળવાળા પણ હોય છે કે, એ હાલતમાં કાંસકી કરવું મના છે. અને ધૂળ કચરામાં આવતાં આવતાં પણ કે તે રેતાળ વિસ્તાર છે, હાજીઓ અધિક ગુસ્લ પણ નથી કરી શકતા. દૂર દૂરના દેશોથી લબ્બૈકનો શોર કરતા પહોંચે છે. આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે કોઈ બરકતવાળી જગાએ જવું રબની પાસે જવું છે. જુઓ, અરફાતમાં પહોંચનારાઓને ફર્માવવામાં આવ્યું કે તેઓ મારી પાસે આવ્યા. કેમ કે અરફાત તે સ્થળ છે જ્યાં અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام પસાર થયા અથવા રહ્યા છે. જેથી અંબિયા તથા અવલિયાના મઝારો પર હાજરી આપવી રબની પાસે જ જવું છે. **બીજુ** એ કે અલ્લાહના મક્બૂલોને સારા કામ પર ગવાહ બનાવી લેવા જોઈએ. અમે લોકોને કહેતાં સાંભળ્યા કે નેકીઓ મક્બૂલોની સામે કરો અને ગુનાહો તેમનાથી છુપાવો, તેમનાથી શરમ કરો.

★ આપણા અમલોથી આસ્માનના ફરિશ્તા માહિતગાર છે ! ★

૪. આ વાત આશ્ચર્ય પ્રદર્શિત કરવા માટે છે કે હે ખુદા ! અમે ફલાણા હાજી તથા ફલાણી હજીયાણીને મોટા મોટા ગુનાહો કરતાં પાછલા સમયમાં જોયાં છે ! શું એમને પણ બખ્શી દેવામાં આવ્યા ?! એનાથી જાણવા મળ્યું કે **આસ્માનના રહેનારા ફરિશ્તા પણ આપણા અમલોથી માહિતગાર છે.** રબ તઆલા ફર્માવે છે : يَعْلَمُوْنَ مَا تَفْعَلُوْنَ (જાણે છે જે કાંઈ તમો કરો. સૂરએ ઈન્ફિતાર, ૮૨/૧૨) **તો જો અલ્લાહના હબીબ** ﷺ **ગુંબદે ખદરામાં રહીને આપણા દરેક અમલથી ખબરદાર હોય અને આપણી બદ્કારીઓની સત્તારી (પર્દાપોશી) અને આપણી ગુનેહગારીઓની શફાઅત અને નેક ફ઼ારીઓની ફ઼બૂલિયતની દુઆ ફર્માવતા હોય તો આશ્ચર્યની શું વાત છે ?!**

૫. કેમ કે એ ભલે બુરાં છે પણ સારી જગાએ, સારાઓની જગાએ અને સારાઓની પાસે આવી ગયાં. મેં એમને પણ બખ્શી આપ્યાં કે સારા લોકોનો સાથી પણ મુજરિમ નથી રહેતો, અને **લાકડીની સાથે લોખંડ પણ તરી જાય છે.**

★ બક્ર ઈદે આમ મુસ્લિમોની બખ્શિશ થાય છે ★

૬. જેથી હાકિમની રિવાયતમાં આ પ્રમાણે છે કે, **હે મારા હાજી બંદાઓ ! જો તમારા ગુનાહ રણોનાં રજકણો, પાણીનાં ટીપાંઓ, ઝાડોનાં પાંદડાંઓ બરાબર હોય તો પણ તમને બખ્શી દઈશ. જાવ ! મેં તમને પણ બખ્શી દીધા અને જેની તમે સિફારિશ કરો તેને પણ બખ્શ્યો.** (મિર્કાત) આ હદીષથી જાણવા મળ્યું કે નવમી બક્ર ઈદે આમ મુસલમાનોની બખ્શિશ થાય છે, હાજી હોય કે ગૈર હાજી.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૧)-૨૬૦૨ ★

عَن عَائِشَةَ قَالَتْ: كَانَ قُرَيْشٌ وَمَنْ دَانَ دِينَهَا يَقِفُونَ بِالْمُزْدَلِفَةِ وَكَانُوا يُسَمَّوْنَ الْحُمْسَ فَكَانَ سَائِرَ الْعَرَبِ يَقِفُونَ بِعَرَفَةَ فَلَمَّا جَاءَ الْإِسْلَامُ أَمَرَ اللَّهُ تَعَالَى نَبِيَّهُ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ يَأْتِيَ عَرَفَاتٍ فَيَقِفَ بِهَا ثُمَّ يَفِيضُ مِنْهَا فَذَلِكَ قَوْلُهُ عَزَّ وَجَلَّ: (ثُمَّ أَفِيضُوا من حَيْثُ أَفَاضَ النَّاس)

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, કુરેશ અને તેમનો તરીકો કરનારા મુઝદલ્ફામાં જ રોકાય જતા હતા[૧] અને તેમને હુમ્સ (બહાદુર વગેરે) કહેવામાં આવતા હતા[૨]. બાકી અરબ અરફાતમાં રોકાતા હતા. પછી જ્યારે ઈસ્લામ આવ્યો તો અલ્લાહ તઆલાએ નબી ﷺ *ને હુકમ આપ્યો કે અરફાત પહોંચે, ત્યાં જ રોકાય, પછી ત્યાંથી પરત થાય[૩]. આ હુકમ છે અલ્લાહ* عزوجل تعالیٰ *નો કે તમે ત્યાંથી ચાલો જ્યાંથી લોકો ચાલે[૪].*

(મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે અરબના સરદારો ચાહે કુરૈશ કે ગૈર કુરૈશ હજ્જના મોક્ફા પર પોતાની મોટાઈ આ રીતે જાહેર કરતા હતા કે ગરીબ હાજી તો અરફાત પહોંચતા હતા અને એ લોકો મુઝદલ્ફા સુધી આવીને પરત થઈ જતા હતા.

૨. حمس (હુમ્સ)ના પેશથી احماسનું બહુવચન છે, حماسه થી બન્યું. સખ્તી તથા બહાદુરીના અર્થમાં. એટલા માટે કા'બાને حمساء (હુમ્સા) કહે છે કે તે મજબૂત પથ્થરો વડે બનાવવામાં આવ્યો. તેમજ તેઓ કહેતા હતા કે અમે હરમના કબૂતર છીએ, હરમની હદોથી આગળ વધીશું નહીં.

૩. કેમ કે હજ્જની જાન અને તેનો રુકને આ'લા તો હજ્જનો કયામ જ છે જેનાથી એ લોકો ઘમંડ તથા અભિમાનના કારણે મેહરૂમ રહ્યા. હે મહેબૂબ ! આપ ત્યાં જ રોકાણ કરો, કેવળ મુઝદલ્ફાથી પરત ન થાવ. જાણવા મળ્યું કે ઘમંડી માણસ ક્યારેક મહાન રહમતોથી વંચિત રહે છે.

૪. એટલે કે અરફાતથી જ્યાંથી હાજીઓ પરત થાય છે કે જેથી ઘમંડીઓનો ગુરૂર તૂટે. યાદ રાખશો કે કબ્રસ્તાન અને અરફાતનું મેદાન, જમાઅતની નમાઝની સફો તે સ્થળો છે જ્યાં સૌ નાના મોટા સમાન કરી દેવામાં આવે છે.

*''રિવાયત છે હઝરત અબ્બાસ ઈબ્ને મિરદાસથી[૧] કે રસૂલુલ્લાહ ﷺ એ અરફાની સાંજે પોતાની ઉમ્મતના માટે મગફિરતની દુઆ કરી[૨]. તો જવાબ મળ્યો કે બંદાઓના હક્કો સિવાય બાકી ગુનાહ બખ્શી આપ્યા. મઝલૂમનો હક્ક તો લઈશ[૩] અર્ઝ કરી, યા રબ ! જો તું ચાહે તો મઝલૂમને જન્નત આપી દે અને જાલિમને બખ્શી દે[૪] એ સાંજે તો જવાબ ન મળ્યો પણ જ્યારે મુઝદલ્ફામાં હુઝૂરે સવાર (Morning) કરી તો એ જ દુઆ બીજીવાર કરી, ત્યારે તો આપનો સવાલ પૂરો કરવામાં આવ્યો[૫] રાવી ફર્માવે છે, ત્યારે રસૂલુલ્લાહ ﷺ હસ્યા અથવા મુસ્કુરાયા.[૬] ખિદમતે આલીમાં હઝરત અબૂબક્ર તથા ઉમરે અર્ઝ કરી, અમારાં મા બાપ ફિદા ! આ ઘડી હુઝૂર હસ્યા કરતા ન હતા. અલ્લાહ હુઝૂરને ખુશો ખુરમ રાખે. કઈ ચીજ આપને હસાવી રહી છે[૭]. ફર્માવ્યું કે **જ્યારે અલ્લાહના દુશ્મન ઈબ્લીસે જોયું કે અલ્લાહ તઆલાએ મારી (હુઝૂર ﷺની) દુઆ કબૂલ કરી લીધી અને મારી ઉમ્મતને બખ્શી દીધી[૮] તો માટી ઉઠાવીને પોતાના માથા પર નાખવા લાગ્યો અને હાય વોય પુકારવા લાગ્યો[૯] અમે જે એની ગભરાહટ જોઈ જેનાથી અમને હસવુ આવી ગયું[૧૦]** (ઈબ્ને માજહ) અને બયહકીએ કિતાબુલ બઅષત વન્નુશૂરમાં એના જેવી રિવાયત કરી[૧૧].*

★ હદીષ : (૧૨)-૨૬03 ★

وَعَن عبَّاسِ بنِ مِرْداسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ دَعَا لِأُمَّتِهِ عَشِيَّةَ عَرَفَةَ بِالْمَغْفِرَةِ فَأُجِيبَ: «إِنِّي قَدْ غَفَرْتُ لَهُمْ مَا خَلَا الْمَظَالِمَ فَإِنِّي آخُذُ لِلْمَظْلُومِ مِنْهُ» . قَالَ: «أَيْ رَبِّ إِنْ شِئْتَ أَعْطَيْتَ الْمَظْلُومَ مِنَ الْجَنَّةِ وَغَفَرْتَ لِلظَّالِمِ» فَلَمْ يُجَبْ عَشِيَّتَهُ فَلَمَّا أَصْبَحَ بِالْمُزْدَلِفَةِ أَعَادَ الدُّعَاءَ فَأُجِيبَ إِلَى مَا سَأَلَ. قَالَ: فَضَحِكَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَوِ قَالَ تبسَّمَ فَقَالَ لَهُ أَبُو بَكْرٍ وَعُمَرُ: بِأَبِي أَنْتَ وَأُمِّي إِنَّ هَذِهِ لَسَاعَةٌ مَا كُنْتَ تَضْحَكُ فِيهَا فَمَا الَّذِي أَضْحَكَكَ أَضْحَكَ اللَّهُ سِنَّكَ؟ قَالَ: «إِنَّ عَدُوَّ اللَّهِ إِبْلِيسَ لَمَّا عَلِمَ أَنَّ اللَّهَ عَزَّ وَجَلَّ قَدِ اسْتَجَابَ دُعَائِي وَغَفَرَ لأُمَّتِي أخذَ التراب فَجعل يحشوه عَلَى رَأْسِهِ وَيَدْعُو بِالْوَيْلِ وَالثُّبُورِ فَأَضْحَكَنِي مَا رَأَيْتُ مِنْ جَزَعِهِ» . رَوَاهُ ابْنُ مَاجَهْ وَ رَوَى البيهقيُّ فِي كتاب الْبَعْث والنشور نحوَه

૧. આપની કુન્નિયત અબુલ હૈષમ છે. કબીલા બની સુલૈમથી છે. મહાન પાયાના શાઈર હતા. ફતહે મક્કાથી થોડાક પહેલાં ઈસ્લામ લાવ્યા. મુઅલ્લિફતુલ કુલૂબથી હતા. ફતહે મક્કામાં આપ પાંચસો સાથીઓ સાથે શરીક હતા. જાહિલિયતના જમાનામાં આપે તથા આપના સાથીઓએ પોતાના પર શરાબ હરામ કરી લીધી હતી અને આપ પોતાને કૌમના સરદાર હતા. (અશિઅહ, મિશ્કાત)

૨. જાહેર એ છે કે ઉમ્મતથી મુરાદ કયામત સુધીના હાજીઓ છે કે હજ્જ માટે આવે બિલ્કુલ બખ્શાય જાય. અમુક શરહકર્તાઓએ આખી ઉમ્મત મુરાદ લીધી છે, અને કેવળ હુઝૂર ﷺની સાથે હજ્જ કરનારા કહ્યા. પણ પ્રથમ વાત અધિક મજબૂત છે. (લમ્આત, મિર્કાત)

★ હજ્જે મબરૂરથી અલ્લાહના હક્કો તો માફ થાય છે પણ... ★

૩. મઝાલિમથી મુરાદ બંદાઓના હક્કો છે, ચાહે માલી હક્ક હોય કે જાની. બંદાનો હક્ક એ છે જે બંદાના માફ કરી દેવાથી માફ થઈ જાય અને હક્કુલ્લાહ તે છે જેને બંદો માફ ન કરી શકે, જેથી કત્લની સજા બંદાનો હક્ક છે, અને ઝિનાની સજા અલ્લાહનો હક્ક છે. ચોરીની સજા મુકદ્દમો પહોંચતા પહેલાં તો હક્કુલ અબ્દ (બંદાનો હક્ક) છે, પછી અલ્લાહનો હક્ક બની જાય છે. એટલે કે અલ્લાહનો હક્ક હજ્જથી માફ ન થશે, તે તો અદા જ કરવો પડશે. યાદ રાખશો કે આ મકબૂલ હજ્જનો બદલો છે. હજ્જ મકબૂલ તે જ થાય છે જે નમાઝો વગેરે અદા કરીને કરવામાં આવે. જેથી આ હદીષનો મતલબ એ નથી કે જીવનભર નમાઝને ત્યજનાર અને શરાબી, ઝાની રહે પછી હજ્જ કરી આવે તો બધું માફ થઈ ગયું ! બલ્કે **પ્રથમ એ જુર્મોથી સાચી તૌબા કરો પછી ભવિષ્યમાં એની નજીક ન જાવ, તો ઈન્શા અલ્લાહ ! પાછલી કમીઓની માફી થઈ જશે.**

૪. એટલે કે મઝલૂમને જન્નત આપીને જાલિમથી રાજી કરાવી દે કે મઝલૂમ જાલિમને માફી આપી દે. પોતાનો હક્ક મઝલૂમ માફ કરી આપે અને હે મૌલા ! તું તારો હક્ક માફ કરી આપ. યાદ રાખશો દરેક બંદાના હક્કમાં અલ્લાહનો હક્ક પણ સામેલ હોય છે. હા ! ગાલિબ બંદાનો હક્ક હોય છે. કાતિલ જેવી રીતે કત્લ થનારનો મુજરિમ છે એ જ પ્રમાણે રબનો પણ મુજરિમ છે કે તેણે રબનો કાનૂન તોડયો. જેથી હદીષ બિલ્કુલ જાહેર છે. **કયામતમાં મઝલૂમના ગુનાહ જાલિમ પર નાખી દેવા અથવા જાલિમની નેકીઓ મઝલૂમને અપાવી દેવી અદ્લ છે પણ મઝલૂમને જન્નત આપીને રાજી કરી દેવો અને જાલિમની માફી કરાવી દેવી એ રબ તઆલાનો ફઝ્લ છે.** અહીં આ ત્રીજી સ્થિતિ મુરાદ છે.

૫. એટલે કે બંદાઓના હક્કોનો પણ વાયદા કરી લેવામાં આવ્યો. એનો મતલબ એ જ છે જે હમણા અર્ઝ કરવામાં આવ્યો. જેથી જો કરજદારે કરજ અદા કરવામાં ટાળ મટોળ કર્યું હતું પછી અદા કરીને હજ્જમાં ગયો તો હજ્જની બરકતથી ટાળમટોળનો ગુનોહ માફ થઈ ગયો. અને જો કરજ આપનાર લાપતા થઈ ગયો હતો અથવા કોઈ કારણસર હજી કરજ અદા ન કર્યું હતું ને હજ્જ કરી લીધો તો પણ અત્યાર સુધી મોડુ કરવાનો ગુનોહ માફ છે, પરંતુ જો હજ્જ પછી પણ કરજ અદા ન કર્યું તો હવે ટાળ મટોળનો ગુનોહ હવે નવેસરથી શરૂ થશે. હા ! જો હજ્જમાં મરી ગયો અને બાદમાં વારસોએ અદા ન કર્યું પણ એ હાજીની નિય્યત અદાની હતી તો ઉમ્મીદ છે કે માફી થઈ જાય. સારાંશ કે આ હદીષ પર ચકળાલ્વીઓનો કોઈ વાંધો નથી. આ પ્રકારની આશા બંધાવતી આયતો કુર્આને કરીમમાં

પણ ઘણી છે. તેમ જ હાજીઓને આ હદીષના આધારે દિલેર થવું જાઈઝ નથી, કેમ કે શું ખબર કોનો હજ્જ થયો અને આ બશારતોને પાત્ર થયો.

૬. આ શક કોઈ નીચેના રાવીને છે ન કે હઝરત અબ્બાસને. **હુઝૂરે અન્વર ﷺએ આખી જિંદગી શરીફમાં કદી અટ્ટહાસ્ય નથી કર્યું, સ્મિત કરતા હતા.**

૭. એટલે હુઝૂરે અન્વર ﷺ ઈબાદતની અદાયગીના મોકા પર સ્મિત ન કરતા હતા, બલ્કે મોટાભાગે ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) કરતા હતા. અલ્લાહ તઆલા હુઝૂરના દાંત મુબારકને હમેશાં જ ખુશ રાખે. આજે મુઝદલ્ફામાં સજદો કરીને આ સ્મિત કર્યું. જાણવા મળે છે કે કોઈની બિગડી બનાવી દીધી એના પર ખુશી છે. સુબ્હાનલ્લાહ ! કેવો નિરાલો સવાલ છે અને કેવી ખૂબસૂરત રીતે છે ?! દુઆ આપીને વાત કરવી ગુલામોનો તરીકો હોવો જોઈએ.

★ જ્યારે નારીને આટલો ઈલ્મ છે તો નૂરીને કેટલો હશે ?! ★

૮. જાણવા મળ્યું કે શૈતાન જ્યાં પણ હોય દુનિયાના દરેક હાલની ખબર રાખે છે, અને જાહેર તથા છુપી વાતોને જાણે છે. જાહેર છે કે ઈબ્લીસ એ વખતે હુઝૂર ﷺની સાથે તો હતો નહીં, ન આપના સજદા વખતે ત્યાં કાન લગાડેલ હતો. મરદૂદ પોતાની જગાએ હતો પણ ત્યાંથી ખબરદાર હતો. **જ્યારે નારીની આ કૈફિયત છે તો નૂરી જમાઅતોના ઈલ્મો ફઝ્લ તથા બાખબરીનું શું પૂછવું ?!** રબ તઆલા ઈબ્લીસના વિશે ફર્માવે છે : اِنَّهٗ يَرٰىكُمْ هُوَ وَقَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ ؕ (બેશક ! તે તથા તેનો કુંબો તમને ત્યાંથી જુએ છે કે તમે એમને નથી જોતા. –સૂરએ અઅ્રાફ, ૭/૨૭)

૯. ઈબ્લીસનું આ રૂદન હાય પીટ પોતાની નિષ્ફળતા અને નાકામી પર હતું કે મેં ઉમરભર કોશિશ કરીને બંદાઓથી ગુનાહ કરાવીશ પણ એક હજ્જ કરીને તેઓ ગુનાહોથી પાક તથા સાફ થઈ જશે.

૧૦. જાણવા મળ્યું કે બેદીનોના એવા ગમ પર મો'મિનોએ ખુશ થવું જોઈએ કે આ ખુશી પણ ઈબાદત છે અને સુન્નત છે.

૧૧. આ હદીષ તિબ્રાની, અબૂ યઅ્લા, ખતીબ વગેરે મુહદ્દિષોએ વિવિધ અસ્નાદો, વિવિધ ઈબારતો (લખાણો)થી નકલ કરી જેની સર્વ અસ્નાદો ઝઈફ છે. ઈબ્ને જવઝીએ એને મૌજૂઅ બતાવી. બયહકીએ આ હદીષ હેઠળ ફર્માવ્યું કે કોઈ હાજી આ હદીષથી ધોકો ન ખાય અને પોતાને તદ્દન મગફૂર (બખ્શાઈ ગયેલા) ન જાણે, ખુદાથી ખૌફ રાખે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે આ વાયદો મશિય્યતે ઈલાહી (રબની મરજી) પર મૌકૂફ છે. રબ તઆલાએ એલાન કરી આપ્યું કે : وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ (અને કુફની નીચે જે કાંઈ છે જેને ચાહે માફ કરી આપે છે. –સૂરએ નિસાઅ્, ૪/૪૮) (મિર્કાત) ઈમામ અસ્કલાનીએ એક કિતાબ લખી છે, *"કુવ્વતુલ હજ્જાજ ફી ઉમૂમિલ મગફિરતિ લિલ્હાજ"* જેમાં ઈબ્ને જવઝીના મૌઝૂઅ (બનાવટી, મનઘડત) કહેવાને રદીયો આપ્યો છે, અને ફર્માવ્યું કે જો કે આ હદીષની અસ્નાદો ઝઈફ છે, પણ કેટલીક ઝઈફ અસ્નાદો મળીને હદીષને કવી કરી દે છે. સારાંશ હાજી રબ તઆલાના કરમની ઉમ્મીદ તો રાખે પણ ઘમંડી ન બની જાય. ગુનાહોની માફીની ઉમ્મીદ રાખે અને હક્કો તરત જ અદા કરી આપે, ચાહે શરઈ હક્કો હોય જેમ કે કઝા નમાઝો અથવા બંદાઓના હક્કો જેમ કે કર્ઝ વગેરે. (લમ્આ્ત, અશિઅ્હ, મિર્કાત)

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બાબુદ્દફઅ મિન અરફા વલ્મુઝદલ્ફા باب الدفع من عرفة والمزدلفة

અરફા તથા મુઝદલફાથી રવાનગી વિશે[૧]

(વિભાગ : ૧) الفصل الاول

૧. ક્યાં તો દફઅથી મુરાદ નીકળવું છે કે કાઢવું કે પોતાની સવારીને ભીડભાડથી કાઢવું છે કે એ રવાનગીઓમાં ભીડ ખૂબ જ થાય છે જ્યાંથી ઘણી હોશિયારીથી પોતાની સવારીને કાઢે છે, જેથી એને દફઅ કહે છે.

અરફાતથી પરત થતી વેળા હુઝૂર ﷺની ગતિ કેવી હતી ?

★ હદીષ : (૧)-૨૬૦૪ ★

(مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ هِشَامِ بْنِ عُرْوَةَ عَنْ أَبِيهِ قَالَ: سُئِلَ أُسَامَةُ بْنُ زَيْدٍ: كَيْفَ كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَسِيرُ فِي حَجَّةِ الْوَدَاعِ حِينَ دَفَعَ؟ قَالَ: كَانَ يَسِيرُ الْعُنُقَ فَإِذَا وجد فجوة نَص

''હઝરત હેશામ બિન ઉરવાથી[૧] રિવાયત છે. તે પોતાના પિતાથી રાવી, ફર્માવે છે કે ઓસામા બિન ઝયદને પૂછવામાં આવ્યું કે રસૂલુલ્લાહ ﷺ હજ્જતુલ વિદાઅમાં જ્યારે અરફાથી રવાના થયા તો કઈ ચાલથી ચાલતા રહ્યા ? ફર્માવ્યું, આપ કેટલાક અંશે તેજ ચાલતા રહ્યા. (દુલ્કી : ઘોડાની મિડિયમ તેજ ચાલ) પછી જ્યારે ખુલ્લો માર્ગ પામતા તો અધિક ઝડપી ચાલતા (અધિક ગતિની ચાલ)[૨]'' (મુસ્લિમ, બુખારી)

૧. હિશામ પણ તાબઈ છે અને તેમના પિતા ઉરવા ઈબ્ને ઝુબેર ઈબ્ને અઅ્વામ પણ તાબઈ છે. ઉરવા ઈબ્ને ઝુબેર મદીના મુનવ્વરાના સાત મશહૂર ફકીહોમાંથી છે. આપના કૂવા તથા બાગ બીરે ઉરવાની ફકીરે (લેખકે) ઝિયારત કરી છે, તેનું પાણી પણ પીધું છે. **૨.** فجوة નો અર્થ છે વિશાળતા અને ખુલ્લી જગા. રબ તઆલા ફર્માવે છે : وَهُمْ فِي فَجْوَةٍ مِّنْهُ (તે એ ગુફાના ખુલ્લા મેદાનમાં છે. સૂરએ કહફ, ૧૮/૧૭) અસ્હાબે કહફ ગુફાની ખુલ્લી જગામાં છે. નસ્ તથા ઉનુક્ ઊંટની ગતિઓનાં નામો છે. નસ્, ઉનુક્ કરતાં અધિક ઝડપી હોય છે. જેમ કે ઘોડાની ચાલોનાં નામ દલકી મયદાન, સરપટ વગેરે છે. ખુલાસો એ કે સામાન્ય સંજોગોમાં મામૂલી ગતિમાં ચલાવવામાં આવે, અને જો કોઈ જગા ખાલી મળે તો તે જ ગતિથી, કે જે આગલા સ્થળે શક્ય ત્યાં સુધી જલ્દી પહોંચીને ઈબાદત કરે. આ પણ સબ્કત ઈલલ્ ખયૂરાત (ઘોડાની કાંઈક ઉછળીને મધ્યમગતિથી દોડવાની ચાલ)નો પ્રકાર છે.

★ હદીષ : (૨)-૨૬૦૫ ★

وَعَن ابنِ عبَّاسٍ أَنَّهُ دَفَعَ مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ عَرَفَةَ فَسَمِعَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَرَاءَهُ زَجْرًا شَدِيدًا وَضَرْبًا لِلْإِبِلِ فَأَشَارَ بِسَوْطِهِ إِلَيْهِمْ وَقَالَ: «يَا أَيُّهَا النَّاسُ عَلَيْكُمْ بِالسَّكِينَةِ فَإِنَّ الْبِرَّ لَيْسَ بِالْإِيضَاعِ» . رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે કે આપ અરફાના દિવસે નબી કરીમ ﷺની સાથે પરત થયા[૧] નબી કરીમ ﷺએ પોતાની પાછળ ઊંટોને સખત ધાક ધમકી તથા મારવું સાંભળ્યું[૨] તો તેમને પોતાના કોરડાથી ઈશારો કર્યો અને હુકમ આપ્યો કે હે લોકો ! ઈત્મિનાન અપનાવો. તેજ દોડવામાં ખૂબી નથી[૩]. (બુખારી)

૧. અરફાતથી મુઝદલ્ફા તરફ દસમી ઝીલ હજ્જની રાતે ચાલ્યા, કેમ કે એ રાત પણ નવમી તારીખમાં સામેલ છે એટલા માટે એને યૌમે અરફા કહેવામાં આવ્યું. અમુક લોકોએ યૌમે અરફાથી ધોકો ખાધો અને મિનાથી અરફાતની રવાનગી સમજ્યા, એ ગલત છે (મિર્કાત) દસમી ઝીલ હજ્જની રાતમાં જે અરફાત પહોંચી જાય તેને હજ્જ મળી જાય છે.

★ ભાગદોડ તથા ભીડના સ્થળે વાહન ધીમે હાંકો ★

૨. કે હાજીઓ ઊંટોને ભગાડવાના માટે તેમને ધાક ધમકી તથા મારી રહ્યા હતા.

૩. એટલે કે એ જગાએ ઊંટ દોડાવવું સવાબ નથી બલ્કે ખતરો છે કે ગુનોહ બની જાય, કેમ કે ભીડ વધારે છે. ઝડપી દોડાવવામાં હાજીના કચડાઈ જવાનો કે ઘાયલ થવાનો ખતરો છે બલ્કે સવાબ તો ઈત્મિનાનથી અરકાન અદા કરવામાં છે. હજી પણ હાજીઓએ જોઈએ કે તે ભાગદોડથી બચે.

"તેમનાથી જ રિવાયત છે કે હઝરત ઓસામા ઈબ્ને ઝયદ અરફાથી મુઝદલ્ફા સુધી નબી કરીમ ﷺના રદીફ (પાછળ બેસનાર) રહ્યા. પછી હુઝૂર ﷺએ મુઝદલ્ફાથી મિના સુધી હઝરત ફઝ્લને પાછળ બેસાડી લીધા[૧]. આ બંને સાહબોએ ફર્માવ્યું કે નબી કરીમ ﷺ જમરએ ઉકૂબાને કાંકરી મારતા સુધી તલબિયા કહેતા રહ્યા[૨]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૩)-૨૬૦૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ أَنَّ أُسَامَةَ بْنَ زَيدٍ كَانَ رِدْفَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ عَرَفَةَ إِلَى الْمُزْدَلِفَةِ ثُمَّ أَرْدَفَ الْفَضْلَ مِنَ الْمُزْدَلِفَةِ إِلَى مِنًى فَكِلَاهُمَا قَالَ: لَمْ يَزَلِ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُلَبِّي حَتَّى رَمَى جَمْرَةَ الْعقبَة

૧. ખુલાસો એ છે કે અરફાતથી મિના સુધી તે હઝરાતને આગળ પાછળ હુઝૂર ﷺની સાથે સંગાથમાં રહેવાની સદ્નસીબી હાંસલ થઈ. અરફાતથી મુઝદલ્ફા સુધી હઝરત ઓસામા ઈબ્ને ઝયદ ઈબ્ને હારિષ رضی اللہ عنہ હુઝૂરે અન્વર ﷺની સાથે હાજર હતા અને મુઝદલ્ફાથી મિના સુધી હઝરત ફઝ્લ ઈબ્ને અબ્બાસને એનો શરફ મળ્યો. કેમ કે હુઝૂર અન્વર ﷺનો સંગાથ એ ઉચ્ચ કક્ષાનો શરફ (બુઝુર્ગી) છે. તેમજ આ નિકટતાથી હુઝૂર ﷺના પાક અમલો સારી રીતે માલૂમ થઈ શકે છે, એટલા માટે આ બનાવ વર્ણવ્યો.

★ હજનો તલબિયા ૧૦મી ઝીલ હજ્જના જમરએ ઉકબાની રમી સુધી ★

૨. જાણવા મળ્યું કે હજ્જનો તલબિયા દસમી ઝીલ હજ્જના જમરએ ઉકૂબાની રમી સુધી રહે છે. અહીં પહેલો કાંકરો મારતાં જ તલબિયા ખત્મ થઈ જાય છે.

મુઝદલ્ફામાં મગરિબ ઈશા ભેગી પઢવી

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ મુઝદલ્ફામાં મગરિબ તથા ઈશા ભેગી કરીને પઢી[૧]. કે તેમાંથી દરેક નમાઝ અલગ તકબીરથી અદા કરી, અને ન એમની વચ્ચે નફ્લ પઢયા અને ન તેમનામાંથી કોઈ નમાઝની પાછળ[૨]." (બુખારી)

★ હદીષ : (૪)-૨૬૦૭ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: جَمَعَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْمَغْرِبَ وَالْعِشَاءَ بِجَمْعٍ كُلَّ وَاحِدَةٍ مِنْهُمَا بِإِقَامَةٍ وَلَمْ يُسَبِّحْ بَيْنَهُمَا وَلَا عَلَى إِثْرِ كُلِّ وَاحِدَةٍ مِنْهُمَا. رَوَاهُ الْبُخَارِيُّ

૧. એ રીતે કે મગરિબ ઈશાના સમયમાં પઢી કે ત્યાં આજે મગરિબનો સમય આ જ છે. જો કોઈ અરફાતમાં અથવા રસ્તામાં મગરિબની નમાઝ પઢી પણ લેશે તો થશે નહીં કે તેણે સમયથી પહેલાં પઢી લીધી. **યાદ રાખશો કે અરફાત શરીફમાં તો અસર પોતાના સમયથી પહેલાં પઢે છે કે ઝોહરના સમયમાં પઢવામાં આવે છે, એટલા માટે ત્યાં બંનેવ નમાઝોના માટે તકબીરો પણ બે થશે. અને જે હાજી જમાઅતના ઈમામ સાથે પઢશે તે જ જમા સલાતૈન (ભેગી નમાઝો) પઢશે. પણ મુઝદલ્ફામાં મગરિબની નમાઝ પાછળ હટી ગઈ કે ઈશાના સમયમાં પઢવામાં આવી તો ચાહે બાજમાઅત નમાઝ પઢે કે અલગથી, અને ચાહે ઈમામની સાથે જમાઅતથી પઢે અથવા પોતાની જમાઅત અલગ કરે, દરેક હાલતમાં જમા સલાતૈન (ભેગી નમાઝો) કરશે. ખુલાસો એ કે અરફાતમાં બંને નમાઝોના માટે અઝાન એક અને ઈકામત બે થશે.**

★ મગરિબ ઈશા બે તકબીરોથી પઢે ★

૨. આ ઈમામ ઝફરનો મઝહબ છે કે મુઝદલ્ફામાં પણ મગરિબ તથા ઈશા બે તકબીરોથી પઢે. એમની દલીલ આ હદીષ છે. બાકીના ઈમામો ફર્માવે છે કે અહીં અઝાન પણ એક થશે અને તકબીર પણ એક. તેમની દલીલ તે હદીષો છે જે મુસ્લિમ શરીફે હઝરત સઈદ ઈબ્ને ઝુબેરથી, અને ઈબ્ને અબી શયબાએ હઝરત જાબિરથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ અહીં એક અઝાન એક ઈકામતથી બંને નમાઝો પઢી. તે હદીષો કયાસના મુજબની છે અને આ બુખારીની હદીષ કયાસ વિરુદ્ધની છે. જેથી આ રિવાયતોને અગ્રતા છે, કેમ કે તકબીર લોકોને જમા કરવા માટે હોય છે અને લોકો પહેલી અઝાન તથા તકબીર પર જમા થઈ ચૂક્યા છે અને ઈશાની નમાઝનો સમય પણ છે, તો જાહેર છે કે ઈશા પઢયા વિના વિખેરાશે નહીં. પણ અરફાતમાં ઝોહર પોતાના સમયમાં છે, તો અંદેશો છે કે લોકો સલામ ફેરવતાં જ ચાલી જશે એટલા માટે તરત જ તકબીર કહી દેવામાં આવે, કે અસ્ર પણ હમણા જ થઈ રહી છે, જાવ નહીં. સારાંશ ઈમામોનો મઝહબ કવી (મજબૂત) છે. ઈમામ તહતાવીએ ઈમામ ઝફરનો મઝહબ અપનાવ્યો. એ બંને નમાઝો દરમિયાન અથવા બાદમાં નફ્લો તથા સુન્નતો કદાપિ ન પઢે કે એ જ સુન્નત છે.

'હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી રિવાયત છે, ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને કદી નથી જોયા કે આપે કોઈ નમાઝ ગૈર સમયમાં પઢી હોય[૧] સિવાય બે નમાઝોના. મુઝદલ્ફામાં તો મગરિબ તથા ઈશા[૨] અને તે ફજરની નમાઝ પોતાના નિશ્ચિત સમયથી પહેલાં પઢી લીધી[૩].'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૫)-૨૬૦૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدُ اللَّهِ بْنِ مَسْعُودٍ قَالَ: مَا رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ صَلَّى صَلَاةً إِلَّا لِمِيقَاتِهَا إِلَّا صَلَاتَيْنِ: صَلَاةَ الْمَغْرِبِ وَالْعِشَاءِ بِجَمْعٍ وَصَلَّى الْفَجْرَ يومئذٍ قبلَ ميقاتِها

★ જમા બૈનુસ્સલાતનો મતલબ ★

૧. આ હદીષ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની દલીલ છે કે હુઝૂરે અન્વર ﷺએ કદી સફરમાં જમા બૈનુસ્સલાતૈન ન કરી, એટલે અમુક નમાઝો એક જ સમયે નથી પઢી **ત્યાં જમા સૂરી હતું કે ઝોહર આખર સમયમાં પઢી અને અસર શરૂ સમયમાં.** રહ્યું ગઝવએ ખંદકમાં અમુક નમાઝો એકદમ પઢવી, એ જમા ન હતું બલ્કે કઝા પઢ વામાં આવી હતી. જમા કરવું અલગ છે અને કઝા કરવું અલગ છે.

૨. એટલે કે મુઝદલ્ફામાં મગરિબ તથા ઈશાને હકીકતમાં જમા (ભેગી) કરી કે મગરિબ ઈશાના સમયમાં પઢી અને

બીજી અરફાતમાં કે ત્યાં અસર ઝોહરના સમયમાં પઢી કેમ કે બંને જમા સલાતૈન દિને (દિવસની ભેગી નમાઝો) છે અને સૌની સામે થયું હતું એટલા માટે તેનું અલગથી નામ ન લીધુ. અને મુઝદલ્ફામાં નમાઝો ભેગી રાતમાં થઈ હતી જેમાં સર્વ હાજીઓ ભેગા ન હતા એટલા માટે કેવળ તેનો ઉલ્લેખ સ્પષ્ટતા સાથે અલગથી પણ કરી આપ્યો, જેથી હદીષ સ્પષ્ટ છે. બે નમાઝોથી મુરાદ અરફા તથા મુઝદલ્ફાની નમાઝો છે.

૩. એટલે કે હુઝૂરે અન્વર ﷺ હમેશાં ફજર ખૂબ જ અજવાળામાં પઢતા હતા, પણ આજે મુઝદલ્ફામાં પોહ ફાટયા બાદ અંધારામાં પઢી લીધી. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની કવી દલીલ છે કે હમેશાં ફજર અજવાળામાં પઢવામાં આવે, કેવળ મુઝદલ્ફામાં અંધારામાં પઢે, કેમ કે જો હુઝૂરે અન્વર ﷺ ફજરની નમાઝ પોહ ફાટતાં જ પઢતા હોત તો આજે વક્તે મોઅતાદ (આદત મુજબ સમય)થી પઢવાનો શો અર્થ ? શું સમયથી પહેલાં પઢી લીધી ? કદાપિ નહીં ! જેથી અહનાફનો કૌલ મજબૂત છે. અહીં સર્વ ઈમામોને ત્યાં સમયથી મુરાદ વક્તે મોઅતાદ છે.

★ હદીષ : (૬)-૨૬૦૯ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: أَنَا مِمَّنْ قَدَّمَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَيْلَةَ الْمزْدَلِفَة فِى ضعفة أَهله

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે હું એ લોકોમાં હતો જેમને નબી કરીમ ﷺ એ મુઝદલ્ફાની રાતે કમજોરો, બાલબચ્ચાંની સાથે આગળ મોકલી દેવામાં આવ્યો[૧]. '' (મુસ્લિમ, બુખારી)

૧. ضعفه બહુવચન ضعيفનું છે, કમજોરના અર્થમાં એનાથી મુરાદ નાનાં બાળકો તથા સ્ત્રીઓ છે. એટલે કે નબી કરીમ ﷺએ દસમી બક્ર ઈદની રાતમાં પોતાનાં ઘરની બીબીઓ અને નાનાં બાળકોને રાતમાં મુઝદલ્ફાથી મિના રવાના કરી આપ્યા કે જેથી સવારમાં ભીડ ભાડમાં તકલીફ ન થાય અને એ હઝરાત મિનામાં પહેલાં પહોંચીને આરામથી તંબુમાં પહોંચી જાય. હજી પણ એ જાઈઝ છે, પણ શક્તિવાન લોકોએ આ આખી રાત મુઝદલ્ફામાં પસાર કરવી પડશે. ફજરની નમાઝ બાદ સૂરજ નીકળવાની થોડીવાર પહેલાં અહીંથી રવાના થશે. મુસ્લિમ, બુખારીમાં છે કે હઝરત સૌદા رضی اللہ عنہا ભારે શરીરવાળાં હતાં, તે પણ અડધી રાત પછી મુઝદલ્ફાથી હુઝૂર ﷺને પૂછીને રવાના થઈ ગયાં. આ મજબૂરીની બિના પર ઈજાઝત છે.

★ હદીષ : (૭)-૨૬૧૦ ★

وَعَن الفضلِ بن عبَّاسٍ وَكَانَ رَدِيفَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ فِي عَشِيَّةِ عَرَفَةَ وَغَدَاةِ جَمْعٍ لِلنَّاسِ حِينَ دَفَعُوا: «عَلَيْكُمْ بِالسَّكِينَةِ» وَهُوَ كَافٌّ نَاقَتَهُ حَتَّى دَخَلَ مُحَسِّرًا وَهُوَ مِنْ مِنًى قَالَ: «عَلَيْكُمْ بِحَصَى الْخَذْفِ الَّذِي يُرْمَى بِهِ الْجَمْرَةَ» . وَقَالَ: لَمْ يَزَلْ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُلَبِّي حَتَّى رَمَى الْجَمْرَةَ. رَوَاهُ مُسلم

''તેમનાથી જ રિવાયત છે તે ફઝ્લ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ ﷺ ના રદીફ (પાછળ બેસી સવારી કરનાર) હતા કે હુઝૂર ﷺ એ અરફાની સાંજે અને મુઝદલ્ફાની સવારે જ્યારે લોકો રવાના થયા તો તેમને ફર્માવ્યું, સુકૂન અપનાવો. હુઝૂર પોતે પણ પોતાની ઊંટણીની લગામ ખેંચેલ હતા[૧] ત્યાં સુધી કે વાદીએ મુહસ્સિરમાં પ્રવેશી ગયા જે મિનાનો જ હિસ્સો છે[૨]. ફર્માવ્યું, કાંકરીઓ વીણી લો ઠિકડાનાં નાના ટુકડાઓ જેમ જેનાથી જમરાને મારવામાં આવે[૩] અને ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ જમરાની રમી સુધી તલબિયા કહેતા રહ્યા. (મુસ્લિમ)

૧. એટલે એ બંને રવાનગીઓમાં હુઝૂરે અન્વર ﷺએ હાજીઓને ઈત્મિનાનથી આહિસ્તા ચાલવાનો હુકમ આપ્યો. અરફાથી મુઝદલ્ફા આવતી વખતે અને પછી સવારે મુઝદલ્ફાથી મિના આવતી વખતે જો એ ઈત્મિનાન ન

હોય તો ઘણા લોકો કચડાઈને મરી જાય. હવે તો બસો ચાલે છે પણ તે પણ બે ત્રણ માઈલ કલાકના હિસાબે ગતિથી ચાલે છે તો પણ રોકાતી રોકાતી જાય છે.

★ મિના ક્યાંથી ક્યાં સુધીનો વિસ્તાર છે ★

૨. આ રાવીની તફસીર છે. ઉલમાના એના વિશે વિવિધ ખયાલો છે. અમુકની નજીક એ મિનામાં સામેલ છે, અમુકના ખયાલમાં મુઝદલ્ફામાં, અમુક કહે છે કે એ બંનેની વચ્ચે બરઝખ છે. આ ત્રીજુ કથન જ મજબૂત છે અને આ વાક્યનો અર્થ એ છે કે તે મિનાથી નજીક છે. (લમ્આત, અશિઅહ, મિર્કાત) મિના જમરએ ઉકબાથી વાદીએ મુહસ્સિર સુધીના વિસ્તારનું નામ છે. એ રીતે આ બંને હદો મિનાથી બહાર છે. (મિર્કાત)

૩. خذف ચપટીથી ફેંકવાને કહે છે, પછી કાંકરીને કહેવા લાગ્યા કે તે ચપટી વડે જ ફેંકવામાં આવે છે. એ કાંકરીઓની માત્રા વટાણાના દાણા બરાબર હોવી જોઈએ. બેહતર એ છે કે વાદીએ મુહસ્સિરથી વીણવામાં આવે. જો મુઝદલ્ફાથી, જ વીણી લેવામાં આવી છે તો પણ જાઈઝ છે. ૭૦ કાંકરીઓ લઈ જાય જે સાત દસમી ઝીલ હજ્જે કામ આવે, અને ૬૩ અગ્યારમી, બારમી અને તેરમીના કામ આવે. કેમ કે આજે કેવળ જમરએ ઉકબાની રમી થશે. એ તારીખો ત્રણેવ જમરાઓની. દરેક જમરા પર સાત કાંકરીઓ મારવાની રહે છે. અમુક બેવકૂફ મોટા મોટા પથ્થર બલ્કે જોડા મારે છે અને શૈતાનને ગાળો દેતા જાય છે. એ જહાલત છે. યાદ રાખશો કે અહીં જમરાથી મુરાદ જમરાની જાતી છે.

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે નબી કરીમ ﷺ મુઝદલ્ફાથી એ રીતે રવાના થયા કે આપના પર અતિશય સુકૂન તથા ઈત્મિનાન હતું અને લોકોને પણ સુકૂનનો જ હુકમ આપ્યો અને વાદીયે મુહસ્સિરમાં સવારી કાંઈક ઝડપી કરી[૧] અને તેમને હુકમ આપ્યો કે ઠીકડીઓ જેટલી કાંકરી વડે રમી કરીએ. અને ફર્માવ્યું, કદાચ તમને આ વરસ બાદ ન જોઈશ[૨] મેં આ હદીષ મુસ્લિમ બુખારીમાં ન પામી, કેવળ તિર્મિઝીમાં પામી તે પણ આગળનું પાછળ અને પાછળનું આગળ કરીને.[૩]'' (ફેરફાર સાથે)

★ હદીષ : (૮)-૨૬૧૧ ★

وَعَنْ جَابِرٍ قَالَ: أَفَاضَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ جَمْعٍ وَعَلَيْهِ السَّكِينَةُ وَأَمَرَهُمْ بِالسَّكِينَةِ وَأَوْضَعَ فِي وَادِي مُحَسِّرٍ وَأَمَرَهُمْ أَنْ يَرْمُوا بِمِثْلِ حَصَى الْخَذْفِ وَقَالَ: «لَعَلِّي لَا أَرَاكُمْ بَعْدَ عَامِي هَذَا». لَمْ أَجِدْ هَذَا الْحَدِيثَ فِي الصَّحِيحَيْنِ إِلَّا فِي جَامِعِ التِّرْمِذِيِّ مَعَ تقديمٍ وَتَأْخِيرٍ

૧. એટલે કે મુઝદલ્ફાથી મિના સુધીનો બાકીનો રસ્તો તો ધીમેથી પાર પાડયો પણ આ સ્થળ અમુક અંશે ઝડપથી પસાર કર્યું. એનું કારણ અગાઉ વર્ણવવામાં આવેલ છે. પણ એ ઝડપ પણ એવી ન હતી જેનાથી લોકોને તકલીફ થાય. એટલા માટે ضع, ફર્માવ્યું. ايضاع નો અર્થ છે જાનવરને એડી લગાડવી કે જેથી તે કાંઈક અંશે તેજ થઈ જાય.

૨. એટલે આ મારો આખરી હજ્જ છે, બલ્કે મક્કા મુકર્રમાની હાજરી પણ આખરી છે અને મારી હયાતનું અંતિમ વરસ છે, તો જે કાંઈ શીખવુ છે અમારાથી જલ્દી શીખી લો. હે મુશ્તાક આંખો ! (દીદારની આતુર આંખો !) મહબૂબના દીદાર ધરાઈને કરી લો ! નહીં તો પછી તરસશો. આ لَعَلَّ યકીન માટે છે. જેમ કે કુર્આને કરીમમાં ઠેકઠેકાણે لَعَلَّ ફર્માવવામાં આવ્યું. અને જોવાથી મુરાદ જાહેરી આંખો વડે જોવું છે. નહીં તો હુઝૂર ﷺ વફાત પછી પણ જગતના રજકણે રજકણને જોઈ રહ્યા છે. જેના પર ઘણી દલીલો કાયમ થયેલી છે. જુઓ અમારી કિતાબ ''જા

અલ હક્ક'' ભાગ : ૧. આ જ શબ્દોના આધારે આ હજ્જનું નામ હજ્જતુલ વિદાઅ થયું કે હુઝૂરે એમાં પોતાની વિદાયની ખબર આપી અને ઉમ્મતને વિદાય કરી. અને થયું પણ એવું જ કે થોડાક મહીના બાદ એટલે ૧૨મી રબીઉલ અવ્વલના વફાત થઈ ગઈ. યાદ રાખશો કે ઝીલ હજ્જ હિ.સ. ૧૦માં હજ્જતુલ વિદાઅ થયો અને ત્રણ મહીનામાં રબીઉલ અવ્વલ હિ.સ. ૧૧માં વફાત થઈ.

૩. એમાં લેખક પર બે વાંધાઓ છે : એક એ કે લેખક તિર્મિઝીની હદીષ વિભાગ–૧માં લઈ આવ્યા. આ તેમના નિયમની વિરુદ્ધ છે. તે વિભાગ–૧માં કેવળ શયખૈનની રિવાયતોમાં લાવે છે. બીજુ એ કે તિર્મિઝીની રિવાયતમાં પણ શબ્દોનો ક્રમ બદલેલો છે.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૯)-૨૬૧૨ ★

وَعَن محمّدِ بنِ قيسِ بن مَخْرمةَ قَالَ: خَطَبَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «إِنَّ أَهْلَ الْجَاهِلِيَّةِ كَانُوا يَدْفَعُونَ مِنْ عَرَفَةَ حِينَ تَكُونُ الشَّمْسُ كَأَنَّهَا عَمَائِمُ الرِّجَالِ فِي وُجُوهِهِمْ قَبْلَ أَنْ تَغْرُبَ وَمِنَ الْمُزْدَلِفَةِ بَعْدَ أَنْ تَطْلُعَ الشَّمْسُ حِينَ تَكُونُ كَأَنَّهَا عَمَائِمُ الرِّجَالِ فِي وُجُوهِهِمْ. وَإِنَّا لَا نَدْفَعُ مِنْ عَرَفَةَ حَتَّى تَغْرُبَ الشَّمْسُ وَنَدْفَعُ مِنَ الْمُزْدَلِفَةِ قَبْلَ أَنْ تَطْلُعَ الشَّمْسُ هَدْيُنَا مُخَالِفٌ لِهَدْيِ عَبَدَةِ الْأَوْثَانِ وَالشِّرْكِ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شعب الْإِيمَان وَقَالَ فِيهِ: خَطَبَنَا وَسَاقه بِنَحْوِهِ

''હઝરત મુહમ્મદ ઈબ્ને કૈસ ઈબ્ને મખ્રમા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો તો ફર્માવ્યું કે જાહિલિયતવાળા જ્યારે અરફાથી ચાલતા હતા[૧] જ્યારે કે સૂરજ આવો થઈ જતો હતો જેમ કે લોકોની પાઘડીઓ તેમના ચહેરાઓમાં.[૨] સૂર્યાસ્તથી પહેલાં અને મુઝદલ્ફાથી સૂર્ય ચમક્યા પછી. જ્યારે કે તાપ એવો હોતો જેમ કે લોકોની પાઘડીઓ તેમના ચહેરાઓમાં. અને આપણે અરફાથી સૂરજ ડૂબતા સુધી રવાના થઈ ગયા અને મુઝદલ્ફાથી સૂરજ નીકળતા પહેલાં ચાલીશું. આપણો તરીકો મૂર્તિપૂજકો અને મુશ્રિકોની વિરુદ્ધ થશે[૩]. (બયહકી) ત્યાં એ પણ રિવાયત કરી કે અમારા પર હુઝૂરે ખુત્બો કહ્યો પછી એના જેમ રિવાયત કરી[૪].

૧. જાહેર એ છે કે હુઝૂરે અન્વર ﷺ એ એ ખુત્બો અરફાતમાં આપ્યો, કેમ કે ત્યાં હજ્જના અરકાન શીખવાડવામાં આવે છે. અને શક્ય છે હજ્જથી પહેલાં કોઈ જુમ્આમાં ઈર્શાદ ફર્માવ્યો હોય કે હજ્જ માટે જનારા અત્યારથી અહકામ શીખી લે. અહલે જાહિલિયતથી મુરાદ કુરેશ સિવાયના અન્ય કાફિરો છે. કુરૈશ તો અરફાત જતા જ ન હતા, મુઝદલ્ફાથી જ પરત થઈ જતા હતા.

૨. એટલે કે સૂર્ય ડૂબવાથી થોડાક પહેલાં તેઓ અરફાતથી રવાના થઈ જતા હતા. જ્યારે સૂર્ય પશ્ચિમના કિનારામાં પહોંચી જતો અને તેનો તડકો ચહેરાઓ પર એવો હિલાલી પડતો હતો કે જાણે કે પેશાની પર અમામાનો હિસ્સો. એટલે કે માથાંઓ પર તડકો ન રહેતો, કેવળ ચહેરાઓ પર એ રીતે રહેતો. અથવા મતલબ એ છે કે પહાડો પર તડકો એવી રીતે પડતો હતો જાણે ચહેરા પર પાઘડીનો છેડો. અમામાના આકારમાં અડધુ વર્તુળ છે, એવી જ પહાડો પર તડકાની સ્થિતિ થઈ જતી હતી.

૩. ખુલાસો એ છે કે મુશ્રિકો અરફાતથી સૂરજ ડૂબવાથી પહેલાં ચાલતા હતા અને મુઝદલ્ફાથી સૂર્ય નીકળ્યા બાદ.

પણ ઈસ્લામમાં એનાથી ઉલ્ટુ છે, કે અરફાતથી સૂર્ય ડૂબી ગયા પછી ચાલે છે જેથી ત્યાં રાતની એક ઘડી પણ પસાર થઈ જાય, કેમ કે પોહ ફાટવા પર દિવસ નીકળી આવે છે. રાત તથા દિવસનું મિલન અરફામાં પણ કરીશું અને મુઝદલ્ફામાં પણ. મિર્કાતમાં છે કે મોટાભાગના ઉલમાને ત્યાં દિવસ છુપાતા સુધી અરફામાં રહેવું વાજિબ છે, અને દિવસ નીકળવાના સમય સુધી મુઝદલ્ફામાં રોકાવું સૌને ત્યાં સખત મકરૂહ છે.

૪. અહીં મિશ્કાત શરીફમાં સફેદી છોડેલી છે. એટલે સંપાદકને એ હદીષ ક્યાંય ન મળી, પણ શયખ ઈબ્ને હજર અને જઝરીએ ફર્માવ્યું કે આ હદીષ બયહકી શોઅબુલ ઈમાનમાં છે.

સૂરજ નીકળતા પહેલાં જમરાને કાંકરી ન મારવી

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે અમે બની અબ્દુલ મુત્તલિબના બાળકોને ખચ્ચરો પર સવાર કરીને આગળ રવાના કરી આપ્યા. હુઝૂરે અન્વર ﷺ અમારી જાંગો પર હાથ લગાડતા[૧] અને ફર્માવતા હતા, બાળકો ! સૂરજ નીકળતા પહેલાં જમરાને કાંકરી ન મારશો[૨]. ''

(અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૦)-૨૬૧૩ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَدَّمَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَيْلَةَ الْمُزْدَلِفَةِ أُغَيْلِمَةَ بَنِي عَبْدِ الْمُطَّلِبِ عَلَى حُمُرَاتٍ فَجَعَلَ يَلْطَحُ أَفْخَاذَنَا وَيَقُولُ: «أُبَيْنِيَّ لَا تَرْمُوا الْجَمْرَةَ حَتَّى تَطْلُعَ الشَّمْسُ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَه

૧. لطح يلطح لطحٌ થી બન્યું, એનો અર્થ હથેળીથી થપકારવું છે. એનાથી જાણવા મળ્યું કે ખચ્ચર પર હજ્જ કરવી વિના કરાહતે જાઈઝ છે.

★ પહેલા જમરાની રમીનો સમય ★

૨. એટલે જો કે તમો ભલે રાતમાં જ મિના પહોંચી જશો પણ જમરાની રમી સૂર્ય નીકળ્યા બાદ કરજો. **ઈમામ શાફઈને ત્યાં અડધી રાત પછી રમી જાઈઝ છે, અને ઈમામ અબૂ હનીફા તથા અહમદના ત્યાં પોહ ફાટ્યા બાદ રમી જાઈઝ છે, પણ ઈમામ સાહબને ત્યાં મુસ્તહબ એ જ છે કે સૂર્ય નીકળ્યા બાદ રમી કરવામાં આવે.** આ હદીષ ઈમામ સાહબની દલીલ છે અને ઈમામ શાફઈની વિરૂદ્ધ છે.

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ હઝરત ઉમ્મે સલમાને બકૃ ઈદની રાતે મોકલી આપ્યાં[૧] તેમણે ફજરથી પહેલાં જમરાને કાંકરા મારી લીધા[૨] પછી તે ચાલ્યા ગયાં તો તવાફે ઝિયારત કરી લીધો[૩] આ તે દિવસ હતો જે દિવસે હું રસૂલુલ્લાહ ﷺ તેમની પાસે રોકાયેલાં રહેતાં હતાં[૪]. (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૧)-૨૬૧૪ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: أَرْسَلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِأُمِّ سَلَمَةَ لَيلَةَ النَّحْرِ فرمت الجمرةَ قبلَ الْفَجْرِ ثُمَّ مَضَتْ فَأَفَاضَتْ وَكَانَ ذَلِكَ الْيَوْمُ الْيَوْمَ الَّذِي يَكُونَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عِنْدهَا. رَوَاهُ أَبُو دَاوُدَ

૧. એટલે ૧૦ મી બકૃ ઈદની રાત મુઝદલ્ફાથી મિના રવાના કરી આપ્યાં બાળકો તથા અન્ય અઝવાજ (બીવીઓ)ની સાથે, જેવું કે અગાઉ વર્ણન થઈ ગયું.

૨. જાહેર એ છે કે ફજરથી મુરાદ ફજરની નમાઝ છે ન કે ફજરનો સમય. એટલે કે હઝરત સલમાએ પોહ

ફાટયા બાદ પહેલા જમરા ઉક્બાની રમી કરી પછી ફજરની નમાઝ પઢી. જેથી આ હદીષ આગળ ગુજરેલી હદીષની વિરુદ્ધ નથી જેમાં ફર્માવવામાં આવ્યું હતું કે સૂર્ય નીકળતા પહેલાં રમી ન કરવું કે ત્યાં ઈસ્તેહબાબ (મુસ્તહબ હોવા) રૂપે વર્ણન હતું અને અહીં જાઈઝ હોવા પર અમલ છે. જે બુઝુર્ગોએ ફર્માવ્યું છે કે રાતમાં પણ અડધી રાત પછી રમી જાઈઝ છે, આ હદીષ તેમની દલીલ નથી અને ન હનફીઓની વિરુદ્ધ છે. રમીનો સમય સુબ્હ સાદિકથી શરૂ થાય છે. યાદ રાખશો કે હજ્જ અહકામમાં આવનારી રાતો દિવસમાં ગણાતી હતી ન કે ગુજરેલી રાતો. જુઓ, નવમી તારીખની બાદવાળી રાતમાં અરફાતમાં રોકાય જવાથી હજ્જ મળી જાય છે પણ એનાથી પહેલી રાતમાં હજ્જ નથી મળતો. એ જ પ્રમાણે ૧૧મી બક્ર ઈદની રાત દસમીમાં ગણાશે કે જો એમાં જમરાએ ઉક્બાની રમી કરવામાં આવી તો થઈ જશે, ભલે મકરૂહ થશે. પણ દસમીની રાતમાં રમી દુરુસ્ત જ ન થશે.

૩. તવાફ ઝિયારતનો સમય દસમી બક્ર ઈદની સવારથી ૧૨મીની મગરિબ સુધી છે, પણ દસમીએ કરી લેવી ખૂબ જ બેહતર છે.

૪. એટલે કે હઝરત ઉમ્મે સલમાએ એ કામોમાં જલ્દી એટલા માટે કરી કે આજે હુઝૂરે અન્વર ﷺનો કયામ તેમને ત્યાં હતો જેથી આપે ચાહ્યું કે આ ઈબાદતોથી જલ્દી ફારિગ થઈ જાય જેથી હુઝૂરે અન્વર ﷺની ખિદમત સારી રીતે કરી શકે જે સર્વ ઈબાદતો કરતાં અફઝલ છે. અન્ય અઝવાજ (બીવીઓ)ની કેમ કે વારી ન હતી એટલા માટે તેમણે દિવસ ચઢતાં ઈત્મિનાનથી રમી કરી.

'હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે મુકીમ અથવા ઉમરો કરનારો હજરે અસ્વદને ચૂમતા સુધી તલબિયા કહે[૧]. (અબૂ દાઉદ) અબૂ દાઉદે ફર્માવ્યું કે આ હઝરત ઈબ્ને અબ્બાસથી મૌકૂફન મરવી છે.

★ હદીષ : (૧૨)-૨૬૧૫ ★

وَعَن ابنِ عبَّاسٍ، قَالَ: يُلَبِّي المقيمُ أَوِ المعتَمِرُ حَتَّى يستلمَ الْحَجَرَ) . رَوَاهُ أَبُو دَاوُدَ وَقَالَ: وَرُوِيَ مَوْقُوفًا على ابنِ عبَّاس.

૧. આ اَو રાવીના શકના કારણે છે કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ مقیم (મુકીમ) ફર્માવ્યું અથવા મોઅતમિર (લમ્આત) અને શક્ય છે કે મુકીમથી મુરાદ તે શખ્સ છે જે મક્કા મુકર્રમામાં થોભેલો હોય, ચાહે ત્યાંનો રહેવાસી હોય અથવા બહારનો માણસ થોભી ગયો. અને મોઅતમિરથી મુરાદ તે છે જે બહારથી ઉમરાનો એહરામ બાંધીને મક્કા મોઅઝ્ઝમા આવેલો હોય. બંનેથી મુરાદ ઉમરા કરવાવાળા જ છે. એટલે ઉમરાવાળો કોઈ પણ હોય મક્કાનો કે બહારનો સંગે અસ્વદ ચૂમતાં જ તલબિયા ખતમ કરી દે, જેમ કે હાજી જમરા ઉક્બાની રમી પર તલબિયા ખત્મ કરે છે. મિર્કાતમાં આ હદીષ આ પ્રકરણમાં તબઅન્ લાવવામાં આવી છે કે એનાથી હજ્જના તલબિયા બંધ કરવાનો હુકમ નિર્દેશ રૂપે માલૂમ પડે છે.

(વિભાગ : 3) الفصل الثالث

''હઝરત યાકૂબ ઈબ્ને આસિમ ઈબ્ને ઉરવાથી રિવાયત છે કે તેમણે શરીદને ફર્માવતાં સાંભળ્યા[૧] કે હું રસૂલુલ્લાહ ﷺની સાથે અરફાત ચાલ્યો તો આપના કદમ શરીફ જમીનથી ન લાગ્યા ત્યાં સુધી કે મુઝદલ્ફામાં પહોંચી ગયા[૨]. (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૩)-૨૬૧૬ ★

عَنْ يَعْقُوبَ بْنِ عَاصِمِ بْنِ عُرْوَةَ أَنَّهُ سمع الشَّرِيدَ يَقُولُ: أَفَضْتُ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَمَا مَسَّتْ قَدَمَاهُ الْأَرْضَ حَتَّى أَتَى جَمْعاً. رَوَاهُ أَبُو دَاوُد

૧. યાકૂબ ઈબ્ને આસિમ ઈબ્ને ઉરવા ઈબ્ને મસ્ઊદ તાબઈ છે. ષક़ફી છે. અને શરીદ ઈબ્ને સુવૈદનું નામ માલિક છે. એ જાહિલિયતના જમાનામાં પોતાની क़ૌમના એક માણસને क़त્લ કરીને મક્કા ભાગી આવ્યા હતા. એટલા માટે એમનો લક़બ શરીદ પડી ગયો. *(મિર્क़ાત)*

૨. એટલે સરકાર ﷺ અરફાતથી મુઝદલ્ફા સુધી પગપાળા ચાલવા માટે ક્યાંય ન ઉતર્યા, સવાર પર જ રહ્યા. જેથી આ હદીષ એ રિવાયતની વિરુદ્ધ નથી કે હુઝૂરે અન્વર ﷺ આ માર્ગમાં એક જગાએ પેશાબના માટે ઉતર્યા, ઈસ્તિંજા કરીને વુઝૂ કર્યું. અર્ઝ કરવામાં આવ્યું, હુઝૂર મગરિબની નમાઝ ? ફર્માવ્યું, નમાઝ આગળ છે. કેમ કે અહીં ચાલવા માટે ઉતરવાની નફી (નકાર) છે અને ત્યાં હાજતના માટે ઉતરવાનું સાબિત છે. યાદ રાખશો કે પગપાળા હજ્જનો ઘણો જ સવાબ છે કે દરેક ડગલા પર સાત કરોડ નેકીઓનો વાયદો છે. અને સવારી પર હજ્જ સુન્નતે રસૂલ છે. સવાબ એમાં વધારે, તક़ર્રુબ (નઝદીકી)ઓમાં વધારે. જેમ કે **વિત્ર બાદ નફ્લ ઉભા રહીને પઢવાનો સવાબ વધારે અને બેસીને પઢવામાં તક़ર્રુબ વધારે, કે સરકાર આ નફ્લ બેસીને જ પઢતા હતા.** અહીં પગપાળા હજ્જથી મુરાદ મક્કા મુકર્રમાથી અરફાત જવું આવવું છે, ન કે ઘરેથી પગપાળા જવું.

"હઝરત ઈબ્ને શિહાબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે મને સાલિમે ખબર આપી કે જે વરસે હજ્જાજ ઈબ્ને યૂસુફે હઝરત ઝુબેર પર હુમ્લો કર્યો[૧] તો તેણે હઝરત અબ્દુલ્લાહને પૂછ્યું કે અમે અરફાના દિવસે क़યામગાહમાં શું કરીએ ? સાલિમે ફર્માવ્યું કે તું સુન્નત પર અમલ ચાહે છે તો અરફાના દિવસે ઝોહરની નમાઝ બપોરે જ પઢ[૨] એના પર અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે ફર્માવ્યું, આ સાચા છે, સહાબાએ કિરામ સુન્નત તરીક़ા પ્રમાણે ઝોહર તથા અસ્ર ભેગી કરીને પઢતા[૩] હતા. તો મેં સાલિમને પૂછ્યું, કે શું રસૂલુલ્લાહ ﷺ એ પણ આ અમલ કર્યો છે ? તો સાલિમે ફર્માવ્યું કે સહાબા હુઝૂર ﷺ ની સુન્નતની જ પયરવી કરતા હતા[૪]."(બુખારી)

★ હદીષ : (૧૪)-૨૬૧૭ ★

وَعَن ابنِ شهابٍ قَالَ: أَخْبَرَنِي سَالِمٌ أَنَّ الْحَجَّاجَ بْنَ يُوسُفَ عَامَ نَزَلَ بِابْنِ الزُّبَيْرِ سَأَلَ عَبْدَ اللَّهِ: كَيْفَ نَصْنَعُ فِي الْمَوْقِفِ يَوْمَ عَرَفَةَ؟ فَقَالَ سَالِمٌ إِنْ كُنْتَ تُرِيدُ السُّنَّةَ فَهَجِّرْ بِالصَّلَاةِ يَوْمَ عَرَفَةَ فَقَالَ عَبْدُ اللَّهِ بْنُ عُمَرَ: صَدَقَ إِنَّهُمْ كَانُوا يَجْمَعُونَ بَيْنَ الظُّهْرِ وَالْعَصْرِ فِي السُّنَّةِ فَقُلْتُ لِسَالِمٍ: أَفَعَلَ ذَلِكَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ؟ فَقَالَ سَالِمٌ: وَهل يتَّبعونَ فِي ذلكَ إِلا سنَّته؟ رَوَاهُ الْبُخَارِيّ

૧. ઈબ્ને શિહાબ ઈમામ ઝહ્રીની કુન્નિયત છે અને સાલિમ, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરના ફરઝંદ છે. **હજ્જાજ ઈબ્ને યૂસુફ ષક़ફી મશહૂર જાલિમ થઈ ગયો છે જે અબ્દુલ મલિક ઈબ્ને મરવાનની તરફથી હિજાઝનો ગવર્નર હતો. તેણે એક લાખ ચોવીસ હજાર માણસો બાંધીને क़त્લ કરાવ્યા. (મિર્क़ાત) જે જંગોમાં માર્યા ગયા તે એના ઉપરાંત છે.** તેણે અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર પર હુમ્લો કર્યો હતો કે જે મક્કા મુકર્રમા અને ઈરાકના બાદશાહ બની ચૂક્યા હતા તેમને સૂળી આપી. અબ્દુલ મલિકે તેને એ જ વરસે હુકમ આપ્યો હતો કે તું હજ્જ પર જા અને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરનું અનુસરણ કર, દરેક કામ તેમને પૂછીને કરજે. કોઈ કામમાં તેમનો વિરોધ ન કરતો, ત્યારે તેણે આપને પૂછ્યું.

૨. એટલે કે **દરરોજ ઝોહર ઠંડા સમયમાં પઢે છે પણ નવમી ઝીલ હજ્જ અરફાતમાં બપોરના ઝવાલ થતાં જ પઢી લો.**

૪. એટલે ઈબ્ને શિહાબ (ઈમામ ઝહ્રી)એ હઝરત સાલિમને પૂછયું કે **અરફાતમાં ઝોહર જલ્દી પઢવું અને અસર તથા ઝોહર મિલાવીને પઢવું એ** કેવળ સહાબાનો પોતાનો ઈજતેહાદી અમલ હતો અથવા સુન્નતે રસૂલ ﷺ પણ છે ? તો તેમણે જવાબ આપ્યો કે **સુન્નત છે.** યાદ રાખશો કે હઝરત સાલિમ અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما નું આ મોકા પર સહાબાનો અમલ પેશ કરવું એટલા માટે હતું કે હજ્જાજ જાલિમને ઈન્કારનો અવકાશ ન રહે. આમ અમલનો વિરોધ આસાન નથી હોતો. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને હજ્જાજે જ એક હીલા વડે શહીદ કરાવી દીધા કે આપના પગ શરીફમાં ઝહેર મિશ્રિત બરછી બહાનાથી ભોંકાવી NLWP عليه ماعليه *(મિર્કાત)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબ રમીઉલ જમરા باب رمی الجمار

જમરાઓની રમી[૧]

(વિભાગ : ૧) الفصل الاول

★ જમરા નામ પડવાનું કારણ, એ ક્યારથી શરૂ થયુ, કોણે શરૂ કર્યું ★

૧. جمار جمر નું બહુવચન છે. અરબીમાં جمرة નાની કાંકરીઓ અથવા પથ્થરના ટુકડાઓને કહે છે પણ હજ્જના મોકા પર એ કાંકરીઓને جمرة કહેવામાં આવે છે, જે દસમી, અગ્યારમી, બારમી બલ્કે તેરમી ઝીલ હજ્જના ત્રણ સુતૂનો (થાંભલાઓ) પર મારવામાં આવે છે. વળી ખુદ એ સુતૂનોને જમરા કહેવાવા લાગ્યું જેમને આ કાંકરીઓ મારવામાં આવે છે. કેમ કે ત્યાં એ કાંકરીઓ ભેગી થાય છે. અમુક ડિક્ષનરીવાળા કહે છે કે جمار નો અર્થ છે જલ્દી કરવું. **તફ્સીરે ઇબ્ને કષીરમાં છે કે જે હાજીઓની કાંકરીઓ ક઼બૂલ થઇ જાય છે તે ગાયબ કરી દેવામાં આવે છે, કેવળ ગૈર મક઼બૂલ કાંકરા જ ત્યાં રહે છે, નહીં તો દર વરસે કાંકરીઓના પહાડ લાગી જતા.** અશિઅતુલ લમ્આતમાં લખ્યું છે કે **એ સ્થળોએ આદમ** عليه السلام **એ ઈબ્લીસને કાંકરીઓ મારી હતી જેને લીધે ઝડપથી દોડી ગયો હતો. આ તેમની જ નકલ છે.** અમુક રિવાયતોમાં છે કે **અહીં ઈસ્માઈલ** عليه السلام **એ શૈતાનને કાંકરીઓ મારી હતી.** સારાંશ આ કાર્ય પણ બુઝુર્ગોની નકલ છે.

"હઝરત જાબિર رضی اللہ عنہ *થી રિવાયત છે ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ* صلی اللہ علیہ وسلم *ને બક઼ ઈદના દિવસે પોતાની સવારી પર રમી કરતા જોયા[૧] આપ કહેતા જતા હતા, તમારા હજ્જના અરકાન શીખી લો, મને ખબર નથી, કદાચ હું આ હજ્જ બાદ હજ્જ ન કરું[૨]. (મુસ્લિમ)*

★ હદીષ : (૧)-૨૬૧૮ ★

عَن جَابر قَالَ: رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَرْمِي عَلَى رَاحِلَتِهِ يَوْمَ النَّحْرِ وَيَقُولُ: «لِتَأْخُذُوا مَنَاسِكَكُمْ فَإِنِّي لَا أَدْرِي لَعَلِّي لَا أَحُجُّ بعد حجتي هَذِه» . رَوَاهُ مُسلم

★ રમી કઈ રીતે અફ્ઝલ છે ? ★

૧. સર્વ ઈમામોને ત્યાં સવારી પર હજ્જ કરવું જાઈઝ છે, અલ્બત્ત અફ્ઝલિયતમાં ફરક છે. ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ ફર્માવે છે કે રમી પછી અન્ય રમી હોય તો રમી પગપાળા અફ્ઝલ છે, કેમ કે એ વખતે દુઆ માગવી સુન્નત છે અને દુઆમાં ખુશૂઅ તથા ખુઝૂઅ પગપાળા હોવાથી વધુ થશે, અને જે રમી બાદ બીજી રમી નથી તે સવારી પર અફ્ઝલ કેમ કે તેના બાદ કોઈ દુઆ નથી. આ મસ્અલો ઈમામ અબૂ યુસૂફે પોતાની નઝઅની હાલતમાં ઈબ્રાહીમ ઈબ્ને જર્રાહના સવાલ પર વર્ણવ્યો અને એના પર એ જ વખતે આપનો ઈન્તેક઼ાલ થઈ ગયો. તરફૈનને ત્યાં તમામ રમી આ હદીષના કારણે સવાર થઈને અફ્ઝલ છે. ઈમામ અબૂ યૂસુફે એ સવારીને તા'લીમ પર મઅમૂલ કરી. ઈમામ શાફઈને ત્યાં દસમી ઝીલ હજ્જના જો મિનામાં સવાર થઈને પહોંચ્યો તો સવાર થઈને રમી અફ્ઝલ. ૧૧મી ૧૨મીએ પગપાળા અફ્ઝલ અને ૧૩મીએ સવાર થઈને અફ્ઝલ. واللہ اعلم, (મિર્ક઼ાત, અશિઅ્હ, લમ્આત) ખુલફાએ રાશિદીનનો અમલ વિવિધ રહ્યો છે. અમુકે પગપાળા રમી કરી અમુકે સવારીથી.

૨. એટલે મને ખબર છે કે મારી વફાત નજીક છે, આગલો હજ્જ મારા જીવનમાં આવશે નહીં. આ ખબર દરાયત એટલે અટકળ કે કયાસથી નથી બલ્કે વહીયે ઈલાહીથી છે, એટલા માટે لاادری કહ્યું અને لاحج પણ. દરાયત, અટકળ તથા ક્યાસના ઈલ્મને કહે છે, એટલા માટે ખુદાના ઈલ્મને દરાયત નથી કહેવામાં આવતો. રબ તઆલા ફર્માવે છે : مَاكُنْتَ تَدْرِىْ مَا الْكِتٰبُ وَلَا الْاِيْمَانُ (આનાથી પહેલાં ન તમે કિતાબ જાણતા હતા ન અહકામે શરઅની તફસીલ. સૂરએ શૂરા, ૪૨/૫૨) તમે અટકળ તથા ક્યાસથી કિતાબ તથા ઈમાનને જાણતા ન હતા, નહીં તો નબી કદી ઈમાનથી બેખબર નથી હોતા. ઈસા عليه السلام એ પેદા થતાં જ ફર્માવ્યું હતું, انی عبدالله હું અલ્લાહનો બંદો છું.

રમીમાં કેટલો મોટો પથ્થર હોવો જોઈએ ?

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને જોયા કે આપે જમરાને ઠીકરીના બરાબર કાંકરીઓથી રમી કરી[૧]. (મુસ્લિમ)

★ હદીષ : (૨)-૨૬૧૯ ★

وَعَنْهُ قَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَمَى الْجَمْرَةَ بِمِثْلِ حَصَى الْخَذْفِ. رَوَاهُ مُسلم

૧. એની શરહ હમણા વર્ણન થઈ ચૂકી કે આ કાંકરો વટાણાના દાણાથી લઈને ખારેકના ઠળિયા કે આંગળીના બેડકા બરાબર હોય. અને બેહતર એ છે કે તેને કલમાની આંગળી પર રાખીને અંગૂઠાના માથાથી ફેંકે, પણ હવે અતિ ભીડના કારણે મુશ્કેલ છે.

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ બક્ર ઈદના દિવસે બપોરના સમયે જમરાની રમી કરી પણ તેના બાદ સૂરજ ઢળી જવા પર[૧].'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૩)-૨૬૨૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: رَمَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْجَمْرَةَ يَوْمَ النَّحْرِ ضُحًى وَأَمَّا بَعْدَ ذَلِكَ فَإِذَا زَالَتِ الشَّمْسُ

★ રમી ક્યા સમયે કરવી તેની વિગત ★

૧. આ હદીષથી જાણવા મળ્યું કે **દસમી ઝીલ હજ્જના ઝવાલથી પહેલાં રમી કરી લે અને અગ્યારમી, બારમીના ઝવાલ બાદ.** ફત્હુલ કદીરમાં છે કે એ બે તારીખોમાં ઝવાલથી પહેલાં રમીનો સમય થતો જ નથી. હા ! ઈમામ અબૂ હનીફાથી એક ગૈર મશહૂર જેવી રિવાયત છે કે એ બંનેમાં ઝવાલ બાદ રમી અફઝલ છે અને પહેલાં પણ જાઈઝ. બુખારી શરીફમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی الله عنه થી રિવાયત છે, અમે તમામ સહાબા સૂરજ ઢળવાની રાહ જોતા હતા અને ઢળવા પર રમી કરતા હતા. ઈમામ માવર્દીએ એ જગાએ ઈજમાઈ મસ્અલો વર્ણવ્યો કે **૧૩મી ઝીલ હજ્જે એકમતિએ ઝવાલથી પહેલાં પણ જાઈઝ છે.**

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی الله عنه થી રિવાયત છે, તે મોટા જમરા પર પહોંચ્યા તો બયતુલ્લાહને પોતાની ડાબી બાજુ અને મિનાને પોતાની જમણી બાજુ રાખ્યું અને સાત કાંકરીઓ મારી[૧] કે દરેક કાંકરી સાથે તકબીર કહેતા હતા. પછી ફર્માવ્યું, એ રીતે તેમણ રમી કરી જેના પર સૂરએ બકરહ ઉતરી[૨].'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૨૬૨૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ: أَنَّهُ انْتَهَى إِلَى الْجَمْرَةِ الْكُبْرَى فَجَعَلَ الْبَيْتَ عَنْ يَسَارِهِ وَمِنًى عَنْ يَمِينِهِ وَرَمَى بِسَبْعِ حَصَيَاتٍ يُكَبِّرُ مَعَ كُلِّ حَصَاةٍ ثُمَّ قَالَ: هَكَذَا رَمَى الَّذِي أُنْزِلَتْ عَلَيْهِ سُورَةُ الْبَقَرَةِ

૧. આપે જમરા ઉક્બાની આ દિશામાં ઉભા રહીને રમી કરી અને બાકી જમરાની કિબ્લા રૂ થઈને. આ જ આપણે ત્યાં મુસ્તહબ છે. જમ્હૂરનો આ જ ક૫ૌલ છે. તેમનો માખઝ આ હદીષ છે. અમુકની નજીક દરેક જમરાની રમી ક્બિ્લા રૂ થઈને કરવામાં આવે. ઈમામ શાફઈને ત્યાં જમરા ઉક્બાની રમી કા'બાને પીઠ કરીને કરવામાં આવે. આ હદીષ એ સૌની વિરુદ્ધ છે.

૨. સાથેથી મુરાદ (મતલબ) મુત્તસિલ, અડીને છે. જેથી આ હદીષ તે હદીષોની વિરુદ્ધ નથી જેમાં છે કે દરેક કાંકરી પછી તકબીર કહી. રબ તઆલા બિલ્ક૫ીસનો ક૫ૌલ નક૫લ કરે છે : وَاَسْلَمْتُ مَعَ سُلَيْمٰنَ (અને સુલૈમાન સાથે અલ્લાહની હુઝૂર ગરદન રાખુ છું. સૂરએ નમ્લ, ૨૭/૪૪) અહીં પણ મઈય્યતથી ઈત્તેસાલ મુરાદ છે. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર દરેક કાંકરા પર આ પઢતા હતા : اَللّٰهُ اَكْبَر اَللّٰهُ اَكْبَر اَللّٰهُمَّ اجْعَلْهُ حَجًّا مَبْرُوْرًا وَذَنْبًا مَغْفُوْرًا وَعَمَلًا مَشْكُوْرً અને ફર્માવતા હતા કે મેં નબી કરીમ ﷺને આવું ફર્માવતાં સાંભળ્યા. કેમ કે હજ્જના અરકાન અધિક સૂરએ બક૫રહમાં છે એટલા માટે સૂરએ બક૫રહનો ઉલ્લેખ કર્યો, નહીં તો હુઝૂર ﷺ પર આખુ જ કુર્આન ઉતરેલું છે.

''હઝરત જાબિરથી રિવાયત છે, ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈસ્તિન્જા એક (સંખ્યા) વાર છે[૧] જમરાઓની રમી એકવાર અને સફા મરવા વચ્ચે દોડવું એકી સંખ્યામાં અને તવાફ એક (સંખ્યા) વાર[૨] અને જ્યારે તમારામાંથી કોઈ ઢેફાં લે તો એકી સંખ્યામાં[૩].'' (મુસ્લિમ)

★ હદીષ : (૫)-૨૬૨૨ ★

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الِاسْتِجْمَارُ تَوٌّ وَرَمْيُ الْجِمَارِ تَوٌّ وَالسَّعْيُ بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ تَوٌّ وَالطَّوَافُ تَوٌّ وَإِذَا اسْتَجْمَرَ أَحَدُكُمْ فَلْيَسْتَجْمِرْ بِتَوٍّ».رَوَاهُ مُسْلِمٌ

૧. આ હુકમ મુસ્તહબના રૂપે છે એટલે કે જાજરૂના ઈસ્તિંજામાં ત્રણ ઢેફાં મુસ્તહબ છે અથવા મૈયતના કફનને ધૂણી ત્રણવાર આપવી મુસ્તહબ છે. ઈસ્તિજમારના બંને અર્થો છે. (અશિઅ્હ)

૨. જમરાની રમી અને સફા મરવાની દોડ સાતવાર વાજિબ છે, પરંતુ **તવાફના ચાર ચક્કર ફર્ઝ છે, બાકી ત્રણ વાજિબ.** આ અહનાફનો મઝહબ છે. અન્ય ઈમામોને ત્યાં સાતેવ ફર્ઝ છે.

૩. આ કલામ ડબલ વાર નથી. કેમ કે પ્રથમ استجمار (ઈસ્તિજમાર)થી ધૂણી મુરાદ છે. અહીં ઢેફાં કે તેનાથી ઉલ્ટુ.

(વિભાગ : ૨) الفصل الثانى

''હઝરત કુદામા ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્મારથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં નબી કરીમ ﷺને બક૫ ઈદના દિવસે લાલ ઊંટણી પર રમી કરતા જોયા[૨] ન ઊંટણીને માર હતી ન હાંક અને ન હટો બચો ફર્માવ્વું[૩].'' (શાફઈ, તિર્મિઝી, ઈબ્ને માજહ, નિસાઈ, દારમી)

★ હદીષ : (૬)-૨૬૨૩ ★

عَنْ قُدَامَةَ بْنِ عَبْدِ اللَّهِ بْنِ عَمَّارٍ قَالَ: رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَرْمِي الْجَمْرَةَ يَوْمَ النَّحْرِ عَلَى نَاقَةٍ صَهْبَاءَ لَيْسَ ضَرْبٌ وَلَا طَرْدٌ وَلَيْسَ قِيلُ: إِلَيْكَ إِلِيك. رَوَاهُ الشَّافِعِيُّ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

૧. આપ મક્કા મોઅઝ્ઝમાના રહેવાસી ક૫દીમુલ ઈસ્લામ (શરૂમાં જ ઈમાન લાવેલા) સહાબી છે. હિજરત ન કરી શક્યા. હજ્જતુલ વિદાઅમાં હુઝૂરે અન્વર ﷺની સાથે હતા. ક૫બીલા બની કલામ બની આમિરથી છે.

૨. صهباء اصهبનું સ્ત્રીવાચક છે. અસ્હબ તે ઊંટ છે જેના વાળોની ટોચો લાલ હોય, મૂળ વગેરે સફેદ. એટલે હુઝૂર ﷺ આવી ઊંટણી પર સવાર હતા, જેના વાળ આવતા હતા. લગભગ એ ક઼સ્વા ઊંટણી હતી. (લમ્આત)

૩. એટલે કે જેવી અમીરો તથા સુલ્તાનો સામાન્યતઃ લોકોને હટાવતા બચાવતા (ભાગમ ભાગ કરીને) પોતાની સવારી આગળ કરે છે, આ અમલ હુઝૂરે અન્વર ﷺનો ન હતો. આ બધુ આપણને સમાનતા શીખવડાવા માટે છે હજ્જ, નમાઝ એ ઈબાદતો છે જે રાજા તથા રંકને એક કરી આપે છે.

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જમરાઓની રમી અને સફા મરવાની વચ્ચે દોડ ઝિકુલ્લાહ ક઼ાયમ કરવા માટે મુક઼ર્રર કરવામાં આવી છે[૧]. '' (તિર્મિઝી, દારમી) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે સહીહ છે.

★ હદીષ : (૭)-૨૬૨૪ ★

وَعَنْ عَائِشَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّمَا جُعِلَ رَمْيُ الْجِمَارِ وَالسَّعْيُ بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ لِإِقَامَةِ ذِكْرِ اللَّهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ

★ રમી તથા સઈ બુઝુર્ગોની યાદગાર ★

૧. એટલે કે રમી તથા સઈના દરમિયાન જે તકબીરો અને દુઆઓ થાય છે તે જ એ ઈબાદતોનું મગજ છે. તો જે શખ્સ એ કામ તો કરે અને એમાં અલ્લાહનો ઝિક્ર ન કરે તો તેણે ઈબાદતનું ખોળિયુ તૈયાર કર્યું પણ તેમાં રૂહ ન ફૂંકી. અથવા એ મતલબ છે કે આ કામ પાછલા બુઝુર્ગોની યાદગારો છે કે ઈબ્રાહીમ عليه السلامએ એ મક઼ામો પર શૈતાનને કાંકરીઓ મારી. તેણે આપને કુર્બાનીથી રોકવાની કોશિશ કરી અને આદમ عليه السلامએ પણ જમરા ઉક઼બાની જગાએ શૈતાનને કાંકરીઓ મારી. એટલા માટે દસમી બક઼ ઈદના કેવળ જમરા ઉક઼બાની રમી કરે છે અને બાકી બે કે ત્રણ દિવસમાં ત્રણેવ જમરાઓની રમી કરવામાં આવે જેથી બંને બુઝુર્ગોની યાદગારો કાયમ રહે. એ જ પ્રમાણે સફા મરવાની વચ્ચે દોડ હઝરત હાજરા رضی اللہ عنہاની તે દોડની યાદગાર છે જે આપે પાણીની શોધમાં કરી, જેના પછી હઝરત ઈસ્માઈલ عليه السلامની એડીથી પાણીનું ઝરણુ પેદા થયું. આપ ખુશી ખુશી આવ્યાં અને એ ઝરણાની આસપાસ રેતીની દીવાલ બનાવી દીધી અને કહેતાં હતાં : يَامَاءُ زَمْ زَمْ ''હે પાણી થોભ ! થોભ !'' તો દરેક હાજીએ એ કામો એ જ બુઝુર્ગોની નકલમાં કરવાં જોઈએ કે સારાઓની નકલ પણ સારી હોય છે. (મિર્ક઼ાત તથા અશિઅ્હ) નહીં તો એ કામોનું ઈબાદત હોવું બુદ્ધિથી પર છે.

'એમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું અમે મિનામાં આપના માટે કોઈ ઘર ન બનાવી દઈએ જે આપના પર સાયો કરે ?[૧] ફર્માવ્યું, નહીં ! મિના એની જગા છે જે પહેલાં પહોંચી જાય[૨]. '' (તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)

★ હદીષ : (૮)-૨૬૨૫ ★

وَعَنْهَا قَالَتْ: قُلْنَا: يَا رَسُولَ اللَّهِ أَلَا نَبْنِي لَكَ بِنَاءً يُظِلُّكَ بِمِنًى؟ قَالَ:«لَامِنًى مُنَاخُ مَنْ سَبَقَ».رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَه والدارمي

૧. એટલે કે આપના માટે અહીં પાકી ઈમારત બનાવી દઈએ જે હમેશાં આપના અને આપની ઔલાદના માટે ખાસ રહે. કોઈને ત્યાં રોકવાનો હક્ક઼ ન હોય. જેથી આનાથી ટેમ્પરરી તંબુ નાખવા મના નથી. સાયાથી મુરાદ ક઼વી (મજબૂત) સાયો છે જેમાં તડકાની અસર ન હોય, તે છતનો જ હોય છે. તંબુનો સાયો કમજોર છે.

૨. مُنَاخٌ اِنَاخَةٌ નો ઈસ્મે મફઉલ છે, તરફના અર્થમાં اِنَاخَةَ નો અર્થ છે ઊંટ બેસાડવું. એટલે આખુ મિના મૌકૂફ જમીન છે જેમાં સર્વ મુસલમાન શરીક છે અને સમાન હક્કદાર છે. જો અહીં ઈમારતો બનવી શરૂ થઈ ગઈ તો હાજીઓ પર સખત તંગી થશે. સડકો રસ્તા તથા બજારોનો સામાન્ય સ્થળોના આ જ હુકમ છે. **ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની નજીક હરમની સર્વ જમીન મૌકૂફ છે. તેના કોઈ હિસ્સાનો કોઈ માલિક નથી.** (મિર્કાત) ઈમામ સાહબની દલીલ આ આયત છે : سَوَآءَ ِالْعَاكِفُ فِيْهِ وَالْبَادِ (એમાં એક સમાન હક્ક છે ત્યાંના રહેવાસી તથા પરદેશીનો. સૂરએ હજ્જ, ૨૨/૨૫)

(વિભાગ : 3) الفصل الثالث

ક્યા જમરા પાસે થોભે અને ક્યા પાસે નહીં ?

'હઝરત નાફેઅથી રિવાયત છે, ફર્માવે છે કે હઝરત ઈબ્ને ઉમર પહેલા બે જમરાઓની પાસે ખૂબ જ લાંબુ રોકાતા હતા[૧] અલ્લાહની તકબીર, તસ્બીહ તથા હમ્દ કરતા રહેતા હતા. અલ્લાહથી દુઆ માગતા રહેતા અને જમરા ઉકબાની પાસે ન રોકાતા[૨]." (માલિક)

★ હદીષ : (૯)-૨૬૨૬ ★

عَنْ نَافِعٍ قَالَ: إِنَّ ابْنَ عُمَرَ كَانَ يَقِفُ عِنْدَ الْجَمْرَتَيْنِ الْأُولَيَيْنِ وُقُوفًا طَوِيلًا يُكَبِّرُ اللَّهَ وَيُسَبِّحُهُ وَيَحْمَدُهُ وَيَدْعُو اللَّهَ وَلَا يَقِفُ عِنْدَ جَمْرَةِ العَقَبَةِ. رَوَاهُ مَالِك

૧. એટલે કે જમરએ ઉલા અને જમરએ વસ્તીની (પહેલા અને વચલા જમરાની) રમી પછી સૂરએ બકરહના જેટલીવાર થોભીને દુઆઓ કરતા હતા, એ રીતે કે બંને જગાના રોકાણ સૂરએ બકરહની તિલાવતના જેટલાં થતાં. એ બંને જગાએ તમામ ઈમામોની નજીક હાથ ઉઠાવીને દુઆઓ માગવી સુન્નત છે. ઈમામ માલિકને ત્યાં હાથ ઉઠાવવા મના છે, કદાચ તેમને હાથ ઉઠાવવાની હદીષ ન પહોંચી હોય. આ હદીષ બુખારીમાં છે.

૨. એટલે કે જમરા ઉકબાની રમી બાદ થોભીને દુઆ માગતા ન હતા. થોભવાની (નફી) (નકાર) છે ન કે દુઆ માગવાની. જમરા ઉકબાની રમી બાદ ન દસમી ઝીલ હજ્જએ થોભતા હતા ત્યાર બાદ થોભતા.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બાબુલ્ હદી بابُ الهدى

હદી વિશે પ્રકરણ[૧]

(વિભાગ : ૧) الفصل الاول

★ હદીનો શાબ્દિક અર્થ અને ઈમામોનો મતભેદ ★

૧. هدى هديةٌનું બહુવચન છે, પેશકશની ચીજ. શરીઅતમાં હદી તે જાનવર છે જે હરમની બહારથી હરમ શરીફમાં કુર્બાની માટે લાવવામાં આવે. ઊંટ અને ગાયની હદી એકમતિએ જાઈઝ છે. ઘેટાં બકરાંની હદી આપણા ઈમામ સાહબને ત્યાં જાઈઝ છે, અન્ય ઈમામોને ત્યાં મના છે. ખુલાસો એ છે કે આપણે ત્યાં જે જાનવરની કુર્બાની જાઈઝ છે તેની હદી પણ જાઈઝ છે. હદી કેવળ હરમની જમીનમાં જ થઈ શકે છે. રબ તઆલા ફર્માવે છે : ثُمَّ مَحِلُّهَآ اِلَى الْبَيْتِ الْعَتِيْقِ (પછી તેમનું પહોંચવું આ આઝાદ ઘર સુધી. સૂરએ હજ્જ, ૨૨/૩૩) અને કુર્બાની દરેક જગાએ. રબ તઆલા ફર્માવે છે : فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ (તો તમે તમારા રબના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો. સૂરએ કૌષર, ૧૦૮/૨) મુસ્લિમ, બુખારીમાં છે કે નબી કરીમ ﷺ હજ્જે વિદાઅમાં સો ઊંટ હદી લઈ ગયા. અમુક રિવાયતોમાં છે કે હુદૈબિયાના ઉમરામાં સિત્તેર ઊંટ અને તેની ફ઼ઝામાં સાઈઠ ઊંટ. *(મિર્કાત તથા અશિઅ્હ)*

★ હદીષ : (૧)-૨૬૨૭ ★

عَن ابْنِ عَبَّاسٍ قَالَ: صَلَّى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِذِي الْحُلَيْفَةِ ثُمَّ دَعَا بِنَاقَتِهِ فَأَشْعَرَهَا فِي صَفْحَةِ سَنَامِهَا الْأَيْمَنِ وَسَلَّتَ الدَّمَ عَنْهَا وَقَلَّدَهَا نَعْلَيْنِ ثُمَّ رَكِبَ رَاحِلَتَهُ فَلَمَّا اسْتَوَتْ بِهِ على الْبَيْدَاء أهل بِالْحَجِّ. رَوَاهُ مُسلم

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ મક઼ામે ઝુલ હલીફામાં ઝોહર પઢી[૧] પછી આપે ઊંટણી મંગાવી તેની ખાંધના જમણા હિસ્સામાં ભાલો માર્યો અને તેનાથી લોહી લીપી દીધું અને બે જોડાઓનો તેને હાર પહેરાવ્યો[૨] પછી પોતાની સવારી પર સવાર થઈ ગયા. પછી જ્યારે ઊંટણી આપને લઈને બયદા મેદાનમાં સીધી થઈ તો હજ્જનો તલબિયા પઢયા[૩]." (મુસ્લિમ)

★ ઈ઼શઆર (સચેત કરવા ખાંધ ચીરવું) વિશે માહિતી ★

૧. હજ્જે વિદાઅના મોકા પર અને અહીંથી એહરામ બાંધ્યો. આ જગા મદીનાવાળાઓનો મીક઼ાત છે, જે મદીના મુનવ્વરાથી ત્રણ માઈલના અંતરે છે. હવે એને બીરે અલી કહે છે.

૨. એ ઊંટણી હદીની હતી અન્ય ઊંટોમાંની. જાહિલિયતવાળાઓ (ઈસ્લામના આગમન પહેલાં) હદીના જાનવરની ખાંધ ચીરીની તેની ખાંધ લોહીથી રંગી દેતા હતા અને ગળામાં જોડા રાખી દેતા હતા જેથી એ હદીની

નિશાની બને. કોઈ ડાકૂ તથા ચોર એના પર હુમ્લો ન કરે. અને જો એ જાનવર રસ્તામાં થાકીને રહી જાય કે તેને ત્યાં ઝબહ કરવું પડે તો તેનો ગોશ્ત એ નિશાનના કારણે કેવળ ફક઼ીરો ખાય, અમીર ન ખાય. કેમ કે આ કામમાં કોઈ બુરાઈ ન હતી, ફાયદો જ હતો એટલા માટે ઈસ્લામે એને બાકી રાખ્યું. આ ફસ્દ (લોહી ચૂસાવવું), તથા ખત્ના અને ઝખ્મ પર ડાઘ લગાડવાની જેમ છે. આપણા ઈમામ સાહબે મુત્લક઼્ ઈશ્આર (ખાંધ ચીરવી)ને મના ન કર્યું. બલ્કે પોતાના જમાનાના ઈશ્આરને મના કર્યું કે લોકો એટલો ઊંડો ઘા મારતા હતા જે હદીમાં પ્રવેશી જતો હતો, અને મક્કા મુકર્રમા પહોંચતાં પહોંચતાં એમાં કીડા પડી જતા હતા. મતલબ કે જેને ઈશ્આર કરતાં ન આવડે તેને મકરૂહ છે. (મિર્કાત, લમ્આત, અશિઅહ) જુઓ ! આજે સામાન્યતઃ ઊંટને ઝબહ કરે છે, નહર નથી કરતા, કેમ કે નહર જાણતા નથી, જ્યારે કે ઊંટમાં નહર સુન્નત છે. યાદ રાખશો કે અશ્આર કેવળ ઊંટ તથા ગાયમાં થશે, બકરીમાં ન થશે, કેમ કે તે કમજોર છે, તેમાં કેવળ હાર નાખવામાં આવશે, જેવું કે આગળ આવી રહ્યું છે.

૩. એટલે કે એહરામનાં સર્વ કામ ગુસ્લ, લિબાસની તબદીલી અને નવાફિલ તો પ્રથમ અદા કરી લીધા પણ બુલંદ અવાજથી તલબિયા હવે કહેવામાં આવશે નહીં. કેવળ હજનો ઉલ્લેખ છે પણ હઝરત અનસ رضی اللہ عنہ ની રિવાયતમાં જે મુસ્લિમ, બુખારીમાં છે હજ તથા ઉમરા બંનેનો ઉલ્લેખ છે. હુઝૂરે અન્વર ﷺએ ક઼िરાન કર્યો હતો, કદાચ એ રાવીએ ઉમરા શબ્દ સાંભળ્યો નથી અથવા એનો ઉલ્લેખ નથી કર્યો કેમ કે હજ હેતુ છે અને ઉમરો એના હેઠળ છે.

બકરીનો ઈશ્આર ન થશે

★ હદીષ : (૨)-૨૬૨૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)	*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, ફર્માવે છે કે એકવાર નબી ﷺએ બયતુલ્લાહ શરીફની તરફ બકરી હદી મોકલી જેને હાર પહેરાવી દીધો.૧'' (મુસ્લિમ, બુખારી)*
وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: أَهْدَى النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مرّة إِلَى الْبَيْت غنما فقلدها	

૧. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે બકરીની હદી પણ જાઈઝ છે કે એની કુર્બાની જાઈઝ છે. **બીજુ** એ કે બકરીનો ઈશ્આર ન થશે, બલ્કે તેને કેવળ હાર એટલે રસ્સીમાં જોડા નાખીને પહેરાવવામાં આવશે. એના પર સર્વ ઈમામો એકમત છે. **ત્રીજુ** એ કે બકરીની હદીમાં હાર પહેરવો સુન્નત છે. એમાં ઈમામ માલિકનો મતભેદ છે. યાદ રાખશો કે એ બકરી કુર્બાનીની ન હતી એટલા માટે મક્કા મોઅઝ્ઝમા મોકલવામાં આવી. કુર્બાની હમેશાં હુઝૂર ﷺને મદીના મુનવ્વરામાં જ કરી છે. જાહિલોએ આ હદીષની બિના પર કહી દીધું કે કુર્બાની કેવળ મક્કા મોઅઝ્ઝમામાં જ થઈ શકે છે, અન્ય જગાએ નથી થઈ શકતી. نعوذ باللہ

★ હદીષ : (૩)-૨૬૨૯ ★	*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત આઈશા رضی اللہ عنہا ની તરફથી બક઼ ઈદના દિવસે એક ગાયની કુર્બાની કરી.૧'' (મુસ્લિમ)*
وَعَن جَابر قَالَ: ذَبَحَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ عَائِشَةَ بَقَرَةً يَوْمَ النَّحْرِ. رَوَاهُ مُسلم	

★ મોટા જાનવરમાં સાત માણસો અથવા એકના તરફથી પણ થશે ★

૧. લગભગ આ કુર્બાની છે જે મદીના મુનવ્વરામાં કરવામાં આવી. ગાયમાં સાત માણસો શરીક થઈ શકે છે પણ એકના તરફથી પણ જાઈઝ છે. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે ગાયની કુર્બાની પણ સુન્નતે

રસૂલુલ્લાહ ﷺ છે. **બીજુ** એ કે કોઈનો વકીલ (મેનેજર) તેના તરફથી કુર્બાની કરી શકે છે, ઈઝ્ને ખુસૂસી (ખાસ ઈજાઝત)થી પણ અને ઈઝ્ને ઉમૂમી (આમ ઈજાઝત)થી પણ. એટલા માટે કે અહીં ઉમ્મુલ મો'મિનીનની ખાસ ઈજાઝત લેવાનો ઉલ્લેખ નથી. એનાથી તે લોકો બોધપાઠ લે જેઓ કેવળ હિંદુઓને ખુશ કરવા માટે ગાયની કુર્બાની રોકે છે અને કહે છે કે એ ઈસ્લામની વિરૂધ્ધ છે. મિર્કાતે ફર્માવ્યું કે અફઝલ કુર્બાની ઊંટની છે પછી ગાયની.

★ હદીષ : (૪)-૨૬૩૦ ★
وَعَن جَابِر قَالَ: ذَبَحَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ عَائِشَةَ بَقَرَةً يَوْمَ النَّحْرِ. رَوَاهُ مُسلم

"તેમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ પોતાના હજમાં પોતાની સર્વ પત્નીઓની તરફથી એક ગાય કુર્બાની કરી.[૧]"

(મુસ્લિમ)

૧. આ બીજો પ્રસંગ છે જે હજમાં થયો, અને એ કુર્બાની નથી, કેમ કે મુસાફિર પર કુર્બાની વાજિબ નથી. હુઝૂરે અન્વર ﷺ હજમાં મુસાફિર હતા, બલ્કે એ હજનો દમ છે. નહર, ઝબહના અર્થમાં છે, કેમ કે ગાયને નહર કરવી મના છે. જો હુઝૂર ﷺએ પોતાની પત્નીઓ તરફથી એક ગાય આપી છે તો એ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે. આપે તો આપની સર્વ ઉમ્મતના ગરીબો તરફથી એક બકરી પણ કુર્બાની આપી છે. ગરીબો કરોડો છે. અને જો એ ગાય અમુક અઝવાજ (બીવીઓ) તરફથી હતી અને અમુક બીવીઓએ તેને સો ઊંટોમાં શરીક કરી લીધી હોય તો ઉમૂમી હુકમ (સામાન્ય હુકમ) મુજબ છે. ઈમામ માલિક આ હદીષના લીધે ફર્માવે છે કે ગાય સર્વ ઘરવાળાંઓ તરફથી દુરૂસ્ત છે, ભલે સાતથી અધિક હોય, પણ આ દલીલ કરવું કાંઈક કમજોર જેવું છે કે એમાં તે સંભાવનાઓ છે જે દર્શાવવામાં આવી.

★ હદીષ : (૫)-૨૬૩૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)
وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: فَتَلْتُ قَلَائِدَ بُدْنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِيَدَيَّ ثُمَّ قَلَّدَهَا وَأَشْعَرَهَا وَأَهْدَاهَا فَمَا حَرُمَ عَلَيْهِ كَانَ أُحِلَّ لَه

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, ફર્માવે છે કે મે મારા હાથો વડે નબી કરીમ ﷺ ની હદીઓના હાર વહેંચ્યા. હુઝૂરે તેમને પહેરાવ્યા અને તેમનો ઈશ્આર અને તેમની હદી મોકલી[૧] એનાથી આપના પર કોઈ હલાલ ચીજ હરામ ન થશે.[૨]" (મુસ્લિમ, બુખારી)

૧. આ બનાવ હુઝૂર ﷺના હજના એક વરસ પહેલાંનો છે જ્યારે આપે હઝરત અબૂ બક્ર સિદ્દીક़ رضی اللہ عنہ ને હજના મોક़ા પર મક્કા મોઅઝ્ઝમા કેટલાક એલાનો માટે અમીરે હજ બનાવીને મોકલ્યા.

૨. ઉમ્મુલ મો'મિનીનને ખબર પહોંચી હતી કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ હદી મોકલનારને મુહરિમ માને છે અને ફર્માવે છે કે જ્યાં સુધી મક્કા મોઅઝ્ઝમામાં તેની હદી ઝબહ ન થઈ જાય ત્યાં સુધી તે એહરામની સર્વ મના બાબતોથી બચે. તેના જવાબમાં આપ એવું ફર્માવી રહ્યાં છે કે હદી મોકલવાથી માણસ મુહરિમ (એહરામવાળો) નથી થઈ જતો. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અતા, મુજાહિદ, સઈદ ઈબ્ને ઝુબેરનો પણ એ જ મઝહબ હતો કદાચ એ બુઝુર્ગોને આ હદીષ પહોંચી નથી.

★ હદીષ : (૬)-૨૬૩૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)
وَعَنْهَا قَالَتْ: فَتَلْتُ قَلَائِدَهَا مِنْ عِهْنٍ كَانَ عِنْدِي ثُمَّ بَعَثَ بِهَا مَعَ أَبِي

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, મેં મારી પાસેના ઉન વડે હદીઓના હાર વહેંચ્યા. પછી હુઝૂરે અકરમ ﷺ એ તે મક્કા મોઅઝ્ઝમા મારા પિતાની સાથે મોકલી આપ્યા[૧]" (મુસ્લિમ, બુખારી)

૧. આ પ્રથમ હદીષનું જ વર્ણન છે. આપનાથી જનાબ મશ્રૂક તથા અન્ય તાબઈન આ મસ્અલો પૂછવા આવતા હતા તો આપ વિવિધ તરીકાથી એને વર્ણવતાં હતાં. સિહાહ સિત્તહ, બઝ્ઝાર વગેરેમાં વિવિધ શબ્દો વડે આ હદીષ નક્લ થયેલ છે.

★ હદીષ : (૭)-૨૬૩૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَأَى رَجُلًا يَسُوقُ بَدَنَةً فَقَالَ: «ارْكَبْهَا» . فَقَالَ: إِنَّهَا بَدَنَةٌ. قَالَ: «ارْكَبْهَا» . فَقَالَ: إِنَّهَا بَدَنَةٌ. قَالَ: «ارْكَبْهَا وَيلك» فِي الثَّانِيَة أَو الثَّالِثَة

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક શખ્સને જોયો કે હદીનું એક ઊંટ હાંકી રહ્યો છે.[૧] ફર્માવ્યું, એના પર સવાર થઈ જા ! બોલ્યો, આ તો બુદના છે[૨] ફર્માવ્યું, સવાર થઈ જા ! તે ફરી બોલ્યો, આ તો બુદના છે તો બીજી કે ત્રીજીવારમાં ફર્માવ્યું, તારા પર અફસોસ છે ! અરે ! સવાર થઈ જા ![૩]"

(મુસ્લિમ, બુખારી)

★ હદી પર સવાર થવા કે સામાન લાદવા વિશે ★

૧. કેમ કે ખુદ એની પાસે સવારી નથી અને પગપાળા ચાલી રહ્યો છે. સખત તકલીફમાં છે અને હદીને હંકારીને લઈ જઈ રહ્યો છે.

૨. એટલે હદી છે. હદીને બુદના એટલા માટે કહે છે કે મુસલમાન એવા જાનવરને ખવડાવી પીવડાવીને ખૂબ જાડુ કરતા હતા, જેમ કે આજે અમુક શોખિન પોતાની કુર્બાની વરસભર સુધી ખવડાવી પીવડાવીને તગડી કરે છે. બુદનાનો મતલબ છે જાડુ તગડુ તાકતવર જાનવર. એટલા માટે બકરીને બુદના નથી કહેતા, કેવળ ઊંટ અથવા ગાયને કહે છે. રબ તઆલા ફર્માવે છે. وَالْبُدْنَ جَعَلْنٰهَا لَكُمْ مِّنْ شَعَآئِرِ اللّٰهِ "અને કુર્બાનીના જાડા શરીરવાળાં જાનવર અને ઊંટ અને ગાય અમે તમારા માટે અલ્લાહની નિશાનીઓમાંથી કર્યાં. તમારામાંથી એમનામાં ભલાઈ છે." (સૂ. હજ્જ, ૨૨/૩૬) ત્યાં પણ ઊંટ તથા ગાય જ મુરાદ છે.

૩. આ હદીષના આધારે અમુક ઉલમાએ ફર્માવ્યું કે બુદના એટલે હદીનાં ઊંટ પર સવાર થવું વાજિબ છે, કેમ કે આ અમ્ર (હુકમ) વાજિબ હોવા માટે છે, અમુકે ફર્માવ્યું, મુત્લક્ન્ જાઈઝ છે. અમુકે ફર્માવ્યું, જાઈઝ છે, પણ એ શર્ત પર કે એ સવારી કરવાથી જાનવરમાં અયબ ન પેદા થઈ જાય. પણ ઈમામ અબૂ હનીફા તથા શાફઈ رضی اللہ عنہ નો મઝહબ એ છે કે મજબૂરન્ તથા જરૂરતમાં જાઈઝ, વિના ઈજાઝત મના છે જેમ કે આગલી હદીષમાં આવી રહ્યું છે, અહીં તે શખ્સ મજબૂર તથા લાચાર હતો જેમ કે શબ્દ يَسُوْقُ થી માલૂમ થઈ રહ્યું છે. *(અઝ : મિર્કાત)*

★ હદીષ : (૮)-૨૬૩૪ ★

وَعَنْ أَبِي الزُّبَيْرِ قَالَ: سَمِعْتُ جَابِرَ بْنَ عبدِ اللَّه سُئِلَ عَنْ رُكُوبِ الْهَدْيِ فَقَالَ: سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «ارْكَبْهَا بِالْمَعْرُوفِ إِذَا أُلْجِئْتَ إِلَيْهَا حَتَّى تَجِدَ ظَهْرًا» . رَوَاهُ مُسلم

"હઝરત અબૂ ઝુબેરથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહને સાંભળ્યા કે તેમનાથી હુદી પર સવાર થવાના સંબંધે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, મેં નબી કરીમ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે એના પર સાવધાની તથા આસ્તેથી સવાર થઈ જાવ જ્યારે કે તમને એની જરૂરત પડે, ત્યાં સુધી કે બીજી સવારી મેળવી લો.[૧]" (મુસ્લિમ)

૧. આપનું નામ મુહમ્મદ ઈબ્ને મુસ્લિમ છે. તાબઈ છે. મક્કી છે. વિશાળ ઈલ્મવાળા આલિમ છે. આપે કેવળ હઝરત જાબિરથી હદીષો સાંભળી છે. હિ.સ. ૧૨૫માં વફાત પામ્યા.

૨. આ હદીષ ગુજરેલી હદીષની શરહ છે કે બે શર્તો સાથે હદી પર સવારી જાઈઝ છે : **એક** એ કે હાજી એના માટે મજબૂર હોય. **બીજુ** એ કે સાવધાનીપૂર્વક સવારી કરે, એને દોડાવીને કે મારપીટ કરીને અયબવાળુ ન કરી દે. અમુક ઉલમાને ત્યાં જો અયબવાળુ કરી દીધું તો તેના નુકસાનનો બદલો ખૈરાત કરવો પડશે. ઈમામે આ'ઝમને ત્યાં હદી પર સામાન લાદવો જરૂરતમાં પણ જાઈઝ નથી. ઈમામ શાફઈ, ઈમામ માલિક તથા અહમદ رحمۃ اللہ علیہ ને ત્યાં જાઈઝ છે. *(મિર્કાત)*

''હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક શખ્સની સાથે સોળ હદીનાં ઊંટ મોકલ્યાં કે એ જ શખ્સને તેનો વ્યવસ્થાપક બનાવ્યો[૧] તેણે અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ કે એમનામાંથી એનું શું કરે જે થાકી જાય.[૨] ફર્માવ્યું, તેને ઝબહ કરી દો. પછી તેના જોડા તેના લોહીમાં રંગી દો. પછી તે જોડા તેની ખાંધના હિસ્સા પર રાખી દો[૩] અને તેનાથી ન તમે ખાવ ન તમારા સાથીઓમાંથી કોઈ ખાય.[૪]'' (મુસ્લિમ)

★ હદીષ : (૯)-૨૬૩૫ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: بَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سِتَّةَ عَشَرَ بَدَنَةً مَعَ رَجُلٍ وَأَمَّرَهُ فِيهَا. فَقَالَ: يَا رَسُولَ اللَّهِ كَيْفَ أَصْنَعُ بِمَا أُبْدِعَ عَلَيَّ مِنْهَا؟ قَالَ: «انْحَرْهَا ثُمَّ اصْبُغْ نَعْلَيْهَا فِي دَمِهَا ثُمَّ اجْعَلْهَا عَلَى صَفْحَتِهَا وَلَا تَأْكُلْ مِنْهَا أَنْتَ وَلَا أَحَدٌ مِنْ أهل رفقتك» . رَوَاهُ مُسلم

૧. એ સાહબનું નામ નાજિયા ઈબ્ને જુન્દુબ અસ્લમી છે. તેમના જિમ્મે રસ્તાની હિફાઝત અને ત્યાં પહોંચીને ઝબહની વ્યવસ્થા કરવાનું હતું. આ બનાવ હુઝૂર ﷺ ના હજથી એક વરસ પહેલાંનો જ છે જેમાં અબૂ બક્ર સિદ્દીક અમીરુલ હજ્જ હતા. અને એ સાહબ હદીના અમીર હતા એટલા માટે فِيهَا ફર્માવ્યું.

૨. اِبْدَاع નો અર્થ છે, થાકીને રહી જવું. જો એના બાદ بِ આવે તો અર્થ થાય છે, માણસનું સવારી વિનાના રહી જવું. કેમ કે એ હઝરત હદી પર સવાર ન હતા એટલા માટે عَلَيَّ ફર્માવ્યું, એટલે કે જો કોઈ હદીનું જાનવર થાકીને આગળ ચાલવાના લાયક ન રહે અને એ પગપાળા રહી ગયો. અને જો عَلَيَّ આવે તો અર્થ થાય છે, જો કોઈ હદી જાનવર રસ્તામાં થાકીને આગળ ચાલવાને લાયક ન રહે તો તેનું શું કરું ?

૩. કે જેથી પાછળથી આવનારાઓના માટે નિશાની બને કે આ હદીનું જાનવર છે, જેથી કોઈ અમીર ન ખાય લે ફકીરો (ગરીબો) ખાય.

★ હદીનો ગોશ્ત કોણ ખાય શકે ★

૪. ખુલાસો એ છે કે જો હદીનું જાનવર હરમ શરીફમાં પહોંચીને સમયસર ઝબહ થાય તો તેને હદીવાળો પણ ખાય શકે છે અને અન્ય અમીર તથા ગરીબ પણ. પરંતું જો માર્ગમાં જ ઝબહ કરવું પડે તો હદીવાળો પણ ન ખાય, કોઈ અમીર પણ ન ખાય કે એ સદકો છે, કેવળ ફકીરો (ગરીબો) જ ખાય. જેવી રીતે કુર્બાનીનું જાનવર જો કુર્બાનીના દિવસોમાં ઝબહ થાય તો કુર્બાનીવાળો અને સર્વ મુસલમાન અમીર તથા ગરીબ ખાય. જો સમયથી પહેલાં ઝબહ કરવું પડી જાય તો અમુક સ્થિતિઓમાં કેવળ ગરીબો ખાય શકે છે, કુર્બાનીવાળો તથા અમીરો નથી ખાય શકતા. અને અમુક સ્થિતિઓમાં એના હુકમો અલગ છે. હુઝૂરે અન્વર ﷺ એ નાજિયા ઈબ્ને જુન્દુબ અને તેમના સાથીઓને ખાવાથી એટલા માટે મના કર્યું કે એ સૌ હઝરાત ગની (માલદાર) હતા, એમનામાં ગરીબ કોઈ ન હતું. *(મિર્કાત)*

★ હદીષ : (૧૦)-૨૬૩૬ ★

وَعَن جابرٍ قَالَ: نَحَرْنا مَعَ رَسولِ اللَّهِ عَامَ الْحُدَيْبِيَةِ الْبَدَنَةَ عَنْ سَبْعَةٍ وَالْبَقَرَةَ عَنْ سَبْعَة. رَوَاهُ مُسلم

''હઝરત જાબિરથી રિવાયત છે. ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે હુદૈબિયાના વરસે સાત માણસોની તરફથી ઊંટ અને સાતની તરફથી ગાય ઝબહ કરી.[૧] (મુસ્લિમ)

૧. આ હદીષ ઈમામોની દલીલ છે કે ઊંટ તથા ગાયમાં સાત માણસો શરીક થઈ શકે છે. જેમણે કહ્યું કે ઊંટમાં દસ અને ગાયમાં સાત, એના વિરૂધ્ધ છે. યાદ રાખશો કે હનફીઓને ત્યાં બુદના તથા ગાય બંનેને કહે છે. ઈમામ શાફઈને ત્યાં કેવળ ઊંટને બુદના કહે છે. જાહેરી રીતે આ હદીષ તેમની દલીલ છે, પણ અરબીમાં તજરીદ કરીને (તજરીદ : કોઈ શબ્દના વિવિધ અર્થોમાંથી એક અર્થ મુરાદ લેવું) શબ્દને કેટલાક અર્થોમાં વાપરી લે છે. અહીં એવું જ છે કે બુદનાથી મુરાદ તેનો એક ફર્દ એટલે ઊંટ લીધું અને ગાયનો ઉલ્લેખ અલગથી કર્યો. જ્યારે કે અહીં જ શબ્દમાં તઝમીન (એક શબ્દને બે અર્થમાં લેવું) કરીને નહર તથા ઝબહ બંનેવ મુરાદ લેવામાં આવ્યાં, નહીં તો નહર કેવળ ઊંટનું થાય છે, ગાયને ઝબહ કરવી જોઈએ.

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૧૧)-૨૬૩૭ ★

وَعَن ابنِ عمرَ: أَنَّهُ أَتَى عَلَى رَجُلٍ قَدْ أَنَاخَ بدَنَتَهُ يَنْحَرُهَا قَالَ: ابْعَثْهَا قِيَامًا مُقَيَّدَةً سُنَّةَ مُحَمَّدٍ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે આપ એક શખ્સ પાસે થઈને પસાર થયા જેણે હદીનું ઊંટ નહર કરવા માટે બેસાડયું હતું. ફર્માવ્યું, એને ઉઠાડીને ઉભુ કરો, પગ બાંધી દો. આ મુહમ્મદ ﷺ ની સુન્નત છે[૧]'' (મુસ્લિમ, બુખારી)

★ નહર કરવાનો તરીકો ★

૧. ખુલાસો એ છે કે ઊંટની નહર સુન્નત છે, અને ઝબહ ખિલાફે ઉલા છે. નહરનો તરીકો એ છે કે ઉભેલા ઊંટનો જમણો પગ રસ્સીથી બાંધી આપો. પછી સીના સાથે જોડાયેલ ગરદનમાં ભાલો મારો અને ઉપરની તરફ ખેંચો જેથી રગો તથા ગળુ લંબાઈમાં ચીરાય જાય. જ્યારે પડી જાય તો ઉપયોગમાં લો, પરંતું જેને નહ્ર ન આવડતુ હોય તે ઝબહ કરે. રબ તઆલા ફર્માવે છે : فَاذْكُرُوا اسْمَ اللّٰهِ عَلَيْهَا صَوَآفَّ (તો એના પર અલ્લાહનું નામ લો એક પગ બાંધેલ ત્રણ પગો પર ઉભેલુ. (સૂ. હજ, ૨૨/૩૬)નો અર્થ છે, ત્રણ પગો પર ઉભો રહેલ, અને ફર્માવ્યું કે فَاِذَا وَجَبَتْ جُنُوْبُهَا જ્યારે એમનાં પાસાં જમીન પર પડે. –સૂ. હજ, ૨૨/૩૬) જાણવા મળ્યું કે ઉભુ રાખીને નહ્ર કરો. નહ્ર પછી તે પડે. ગાય બકરી વગેરેમાં ઝબહ કરવું જોઈએ. ઝબહ સૂવડાવીને થાય છે. રંગો તથા ગળુ પહોળાઈમાં કાપવામાં આવે છે. *(અશિઅહ તથા મિર્કાત)*

કસાઈને મજૂરી પેટે ચામડુ વગેરે આપવું નાજાઈઝ

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૧૨)-૨૬૩૮ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: أَمَرَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ أَقُومَ عَلَى بُدْنِهِ وَأَنْ أَتَصَدَّقَ بِلَحْمِهَا وَجُلُودِهَا وَأَجِلَّتِهَا وَأَنْ لَا أُعْطِيَ الْجَزَّارَ مِنْهَا قَالَ: «نَحْنُ نُعْطِيهِ مِنْ عِنْدِنَا»

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મને રસૂલુલ્લાહ ﷺ એ હુકમ આપ્યો કે આપની કુર્બાનીનાં ઊંટોની વ્યવસ્થા કરું.[૧] અને એનો ગોશ્ત ખાય લઈએ, અને ઝુલો ખૈરાત કરી દઉ[૨] અને એ કે એમાંથી કસાઈને કાંઈ ન આપુ. ફર્માવ્યું, અમે કસાઈને અમારી પાસેથી મજૂરી આપીશું.[૩]'' (મુસ્લિમ, બુખારી)

૧. આ બનાવ હજ્જે વિદાઅનો છે. હુઝૂરે અન્વર ﷺએ સો ઊંટ કુર્બાન કર્યાં હતાં, અમુક પોતાના દસ્તે અકૃદસથી અને અમુક હઝરત અલીથી કુર્બાન કરાવ્યાં. એ ઊંટોના વિશે અહીં વર્ણન છે જે જનાબ અલી رضی اللہ عنہ થી કુર્બાની કરાવવામાં આવ્યાં.

૨. હજી પણ કુર્બાની તથા હદી વગેરેનો એ જ હુકમ છે. જુલથી મુરાદ તે જુલો છે જે કુર્બાનીના જાનવરના માટે ખરીદવામાં આવી હોય અથવા તેની સાથે આવી હોય. અને જો પોતાના પાલતુ જાનવરોની જુલ કુર્બાનીના જાનવર પર ટેમ્પરરી ધોરણે નાખી દીધી તો તે પોતાની માલિકીની છે તેને પોતાના કામમાં લાવે. ચામડાને ખૈરાત કરી દેવું ઈસ્તેહબાબી (મુસ્તહબના હુકમમાં) છે, જો ચાહે તો કુર્બાનીવાળો પોતાના કામમાં લાવે. જોડા કે ડોલ, મુસલ્લા વગેરે બનાવી લે. પરંતું જો ચામડુ વેચી દીધું તો કિંમત ખૈરાત જ કરવી પડશે.

૩. قصّابનો ફાઈલ (કર્તા) નબી કરીમ ﷺ છે, એટલે અમે કસાઈની મજૂરી અમારી પાસેથી અદા કરી આપીશું. એનાથી જાણવા મળ્યું કે કસાઈને મજૂદૂરી પેટે કુર્બાનીનો ગોશ્ત, જુલ, ચામડુ વગેરે આપવું કદાપિ જાઈઝ નથી, તેને મજૂરી અલગથી આપો. હા ! મજૂરી સિવાય ઈસ્લામી સંબંધથી તેને થોડોક ગોશ્ત આપે તો વાંધો નથી. અમારા પંજાબમાં કસાઈ કુર્બાનીની મજૂરી પણ લે છે અને પોતે જ ગોશ્ત પર રાખી લે છે. અમુકવાર તે ગોશ્ત વેચતા પણ જોવામાં આવ્યા છે, એ સખત નાજાઈઝ છે.

પહેલાં કુર્બાનીનો ગોશ્ત ત્રણ દિવસથી વધુ ખાતા ન હતા

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, અમે અમારી કુર્બાનીઓના ગોશ્ત ત્રણ દિવસથી વધુ ખાતા ન હતા[૧] પછી અમને રસૂલુલ્લાહ ﷺ એ ઈજાઝત આપી દીધી. ફર્માવ્યું, ખાવ અને તોશો બચાવો. પછી અમે ખાધુ પણ અને બચાવ્યું પણ.[૨]'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૩)-૨૬૩૯ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن جابرٍ قَالَ: كُنَّا لَا نَأْكُلُ مِنْ لُحُومِ بُدْنِنَا فَوْقَ ثَلَاثٍ فَرَخَّصَ لَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «كُلُوا وَتَزَوَّدُوا» . فَأَكَلْنَا وتزودنا

૧. આ શરઈ હુકમ ઈસ્લામમાં હતો જ્યારે મુસલમાનોમાં ગરીબી અધિક હતી. કુર્બાની કરનારા અમીરોને હુકમ હતો કે ત્રણ દિવસ જેટલો ગોશ્ત રાખી લો બાકી ખૈરાત કરી દો જેથી અધિક ગરીબો ગોશ્ત ખાય શકે.

★ હવે લોકો વરસભર ખાય શકે ★

૨. હવે મિના શરીફમાં અરબ લોકો કુર્બાનીનો ગોશ્ત સૂકવીને વરસભર સુધી ખાય છે એ બિલ્કુલ દુરુસ્ત છે, કે એ મનાઈ મન્સૂખ થઈ (ઉઠી) ગઈ છે અલ્લાહ તઆલાએ મુસલમાનોને ગની કરી દીધા. ઈલ્લત (સબબ)ગયો તો હુકમ પણ ગયો યાદ રાખશો કે હદી હરમમાં પહોંચવાથી પહેલાં અથવા કુર્બાનીના સમયથી પહેલાં મજબૂરન ઝબહ કરવી પડે તો એનો હુકમ આ નથી. પછી ત્યાં તો સદકો કરવું ઈબાદત છે, ઝબહ કરવું ઈબાદત નથી. અને જે તેના સમયે તેના સ્થાને કુર્બાની થાય તેને ઝબહ કરવું ઈબાદત છે. ખાય જેનો જીવ ચાહે કે ઈબાદત અદા થઈ ચૂકી.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૧૪)-૨૬૪૦ ★

عَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَهْدَى عَامَ الْحُدَيْبِيَةِ فِي هَدَايَا رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ جَمَلًا كَانَ لِأَبِي جَهْلٍ فِي رَأْسِهِ بُرَةٌ مِنْ فِضَّةٍ وَفِي رِوَايَةٍ مِنْ ذَهَبٍ يَغِيظُ بِذَلِكَ الْمُشْرِكِين. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ હુદૈબિયાના વરસે હદી મોકલી[૧] હુઝૂર ﷺ ની હદીઓમાં અબૂ જહલનું ઊંટ પણ હતું જેના માથામાં ચાંદીની બાલી હતી. અને એક રિવાયતમાં છે સોનાની બાલી હતી, જેનાથી મુશ્રિકોને જલાવે.[૨]'' (અબૂ દાઊદ)

૧. એટલે કે જે વરસે હુઝૂરે અકરમ ﷺ ઉમરા કરવા મક્કા મોઅઝ્ઝમા તશરીફ લઈ ગયા અને મક્કાના મુશ્રિકોએ મક઼ામે હુદૈબિયામાં આપને રોકી દીધા. એટલે હિ.સ. ૬માં, એ જ વરસે આપ પોતાની સાથે હદી લઈ ગયા હતા. મોકલવાથી મુરાદ ખુદ લઈ જવું છે. કેમ કે હુઝૂરે અન્વર ﷺએ હદીનાં જાનવર હુદૈબિયામાં જ ઝબહ કરી આપ્યાં હતાં, કે એ જગા હરમની હદોમાં છે. મક્કા મોઅઝ્ઝમા મોકલ્યાં ન હતાં. બલ્કે બેહતર એ છે કે اهدى નો અર્થ કરવામાં આવે, હુઝૂર ﷺ હદી લઈ ગયા, જેથી એ ધોકો ન પડે કે હુઝૂર ﷺ ખુદ તો હુદૈબિયામાં રહી ગયા અને હદી મક્કા મોઅઝ્ઝમા મોકલી આપી.

૨. અબૂ જહલનું એ ઊંટ જંગે બદરમાં ગનીમત રૂપે મુસલમાનોને હાથ લાગ્યું હતું. ખુદ નબી કરીમ ﷺએ એને લીધુ હતું. એ વરસે તેને મક્કા મોઅઝ્ઝમા લઈ જવું એ મુશ્રિકોને જલાવવા માટે હતું. એનાથી જાણવા મળ્યું કે ઈસ્લામી કામોથી મુશ્રિકોને જલવવા પણ ઈબાદત છે. ગાયની કુર્બાનીમાં એ રાઝ પણ છે. રબ તઆલા ફર્માવે છે : لِيَغِيظَ بِهِمُ الْكُفَّارَ (કે જેથી એનાથી કાફિરોનાં દિલ જલે. સૂ. ફતહ, ૪૮/૨૯) (શેઅર)

ગયઝમેં જલ જાએં બેદીનોં કે દિલ – યા રસૂલલ્લાહ ! કી કષરત કીજિયે ﷺ

(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)

અમુક રિવાયતોમાં છે કે તાંબાની બાલી (Earring) તેના માથામાં હતી. શક્ય છે કે તેના નાક કાન વગેરેમાં વિવિધ કાણા હોય, કોઈ કાણામાં સોનાની બાલી, કોઈમાં ચાંદીની, કોઈમાં તાંબાની, રિવાયતોમાં વિવિધતા છે.

★ હદીષ : (૧૫/૧૬)-૨૬૪૧/૨૬૪૨ ★

وَعَنْ نَاجِيَةَ الْخُزَاعِيِّ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ كَيْفَ أَصْنَعُ بِمَا عَطِبَ مِنَ الْبُدْنِ؟ قَالَ: «انْحَرْهَا ثُمَّ اغْمِسْ نَعْلَهَا فِي دَمِهَا ثُمَّ خَلِّ بَيْنَ النَّاسِ وَبَيْنَهَا فَيَأْكُلُونَهَا».رَوَاهُ مَالك وَالتِّرْمِذِيّ وَابْن مَاجَه

وَرَوَاهُ أَبُو دَاوُد والدارمي عَن نَاجِية الْأَسْلَمِيّ[16]- 2642

''હઝરત નાજિયા ખઝાઈથી રિવાયત છે.[૧] ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એ હદી ઊંટનું હું શું કરું ? જે થાકીને રહી જાય. ફર્માવ્યું, તેને ઝબહ કરી દો. પછી તેની જૂતી તેના લોહીમાં ભીંજવી દો, પછી તેને લોકોમાં છોડી આપો કે તેને ખાય લે.[૨]'' (માલિક, તિર્મિઝી, ઈબ્ને માજહ) અબૂ દાઊદ, દારમીએ આ હદીષ નાજિયા અસ્લમીથી રિવાયત કરી[૩]''

૧. આપનું નામ ઝકવાન ઈબ્ને જુન્દુબ અથવા ઈબ્ને અમ્ર છે. કેમ કે આપે કુરેશની બુરાઈથી નજાત હાંસલ કરી હતી એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ આપનું નામ નાજિયા રાખ્યું હતું, એટલે ખૂબ જ નજાત પામનાર. અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના જમાનામાં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. આપનો લક઼બ સાહિબે બુદન છે, V β, [Ch Z ﷺના બુદના લઈ જનાર, *(અકમાલ, અશિઅહ)*

૨. એટલે કે જે હદી હરમ શરીફ સુધી ન પહોંચી શકે, રસ્તામાં જ મરવા લાગે તો તેને ત્યાં જ ઝબહ કરી દો અને તમારા સાથીઓ તથા અન્ય લોકોમાં જેઓ ગરીબ ફકીર હોય તેઓ એનો ગોશ્ત ખાય. એનાથી જાણવા મળ્યું કે હદીનું જાનવર કેવળ હરમ શરીફમાં ઝબહ થઈ શકે છે, અન્ય જગાએ નહીં. જો તેની કુર્બાની બીજી જગાએ પણ થઈ જાત તો દરેક ફકીર તથા અમીર બલ્કે ખુદ કુર્બાની કરનારે પણ ખાવું જાઈઝ હોત. એ પણ જાણવા મળ્યું કે **બીમાર જાનવરનો ગોશ્ત હલાલ છે, હરામ કે મકરૂહ નથી.**

૩. તકરીબમાં છે કે નાજિયા ઈબ્ને જુન્દુબ ઈબ્ને ઉમૈર અસ્લમી અન્ય સાહબ છે, અને નાજિયા ઈબ્ને હારિષ ખઝાઈ અન્ય સહાબી છે. અમુક લોકોએ એ બંનેને એક સમજી લીધા એ ગલત છે. તહઝીબમાં છે, નાજિયા ઈબ્ને જુન્દુબ ઈબ્ને કઅબ ઈબ્ને જુન્દુબ અથવા નાજિયા ઈબ્ને કઅબ ઈબ્ને ઉમૈર ઈબ્ને યઅમર અસ્લમી છે, પણ ઈમામ અહમદે તેમને નાજિયા અસ્લમી ફર્માવ્યું. (મિર્કાત) અશિઅ્હએ ફર્માવ્યું કે નિસ્બતોમાં ફરક છે, જાત એક જ છે. કોઈએ તેમને અસ્લમી કહ્યા કોઈએ ખઝાઈ.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને કુર્ત رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે. ફર્માવ્યું, અલ્લાહની નજીક ખૂબ જ અઝમતવાળો દિવસ બક ઈદનો છે.[૨] પછી કરારનો દિવસ. ષોર ફર્માવે છે કે તે બીજો દિવસ છે.[૩] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં પાંચ છ ઊંટ ઝબહના માટે પેશ કરવામાં આવ્યાં, તો તે પોતાને હુઝૂર ﷺ ની આગળ કરવા લાગ્યા કે કોનાથી હુઝૂર ઝબહ શરૂ કરે[૪] પછી જ્યારે તે પાસાં ભેર પડી ગયા, તો હુઝૂરે ધીરેથી કાંઈક ફર્માવ્યું જેને હું સમજી ન શક્યો. મેં પૂછ્યું[૫] કે હુઝૂરે શું ફર્માવ્યું ? તો બતાવ્યું કે એવું ફર્માવ્યું કે જે ચાહે એને કાપી લે.[૬]. (અબૂ દાઊદ) અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما તથા જાબિર رضی اللہ عنہ ની હદીષ કુર્બાનીના પ્રકરણમાં વર્ણવવામાં આવેલી છે.

★ હદીષ : (૧૭)-૨૬૪૩ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ قُرْطٍ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ أَعْظَمَ الْأَيَّامِ عِنْدَ اللَّهِ يَوْمُ النَّحْرِ ثُمَّ يَوْمُ الْقَرِّ» . قَالَ ثَوْرٌ: وَهُوَ الْيَوْمُ الثَّانِي. قَالَ: وَقُرِّبَ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَدَنَاتٌ خَمْسٌ أَوْ سِتٌّ فطفِقْن يَزْدَلِفْنَ إِلَيهِ بأيتهنَّ يبدأُ قَالَ: فَلَمَّا وَجَبَتْ جُنُوبُهَا. قَالَ فَتَكَلَّمَ بِكَلِمَةٍ خَفِيَّةٍ لَمْ أَفْهَمْهَا فَقُلْتُ: مَا قَالَ؟ قَالَ: «مَنْ شَاءَ اقْتَطَعَ» . رَوَاهُ أَبُو دَاوُدَ

وَذَكَرَ حَدِيثَا ابنِ عبَّاسٍ وجابرٍ فِي بَابِ الْأُضْحِيَةِ

૧. એનું નામ જાહિલિયતના જમાનામાં શૈતાન હતું. હુઝૂરે અન્વર ﷺએ અબ્દુલ્લાહ રાખ્યું.

★ બક ઈદનો દિવસ સૌથી અફઝલ ★

૨. એટલે કે કુર્બાનીના દિવસોમાં સૌથી અફઝલ દિવસ દસમી બક ઈદ છે અથવા ઝીલ હજ્જના દસ દિવસોમાં એ અફઝલ દિવસ છે જેથી હદીષ પર એ વાંધો નથી કે અમુક રિવાયતોમાં છે કે માહે રમઝાનના દસ દિવસ અફઝલ છે. અને શક્ય છે કે એમનામાંથી સૌથી જ અફઝલ હોય વિવિધ બાજુએથી. જેથી હદીષ સ્પષ્ટ છે.

૩. એટલે કે બક ઈદની ૧૧ મી. કેમ કે દસમી બક ઈદે હાજીઓ મુઝદલ્ફાથી મિના પહોંચે છે. અને ૧૨ મીએ મિનાથી મક્કા રવાના થાય છે, એટલે માટે એને યૌમુન્નફર કહેવામાં આવે છે. અને ૧૧ મીને હાજીઓ મિનામાં જ રોકાયેલા રહે છે એટલા માટે એને યૌમુલ્ કર્ર કહે છે. ખુલાસો એ છે કે કુર્બાનીના ત્રણ દિવસોમાં અફઝલ દિવસ

દસમો છે, પછી અગ્યારમો, પછી બારમો. અને અઠવાડિયાના દિવસોમાં જુમ્આ, વરસના દિવસોમાં અરફાનો દિવસ અફઝલ. *(અશિઅહ)*

★ દરેક ઊંટ ચાહતુ કે હુઝૂર ﷺ પ્રથમ મારી કુર્બાની કરે ★

૪. એટલે કે દરેક ઊંટ ચાહતુ હતું કે હુઝૂર મારી કુર્બાની પ્રથમ કરે. અને આપના હાથથી ઝબહ થવાનો શરફ મને હાંસલ થાય. એટલા માટે દરેક પોતાની ગરદન પેશ કરતુ હતું. (શેઅર)

بہ امید آنکہ روزے بشکار خواہی آمد　　بہ آہوانِ صحرا سرِ خود نہادہ بر کف

''જંગલનાં સર્વ હરણોએ પોતાનાં માથાં ઉતારીને પોતાના હાથોમાં રાખી દીધાં છે, એ ઉમ્મીદ પર કે કોઈ દિવસ તો શિકાર માટે આવશે'' ''અન્ય શિકાર શિકારીથી નાસે છે, પણ મેહબૂબ એવા શિકારી છે કે શિકાર પોતાની ગરદનો આપની સમક્ષ પેશ કરે છે. આશિકો તો પોતાનાં દિલ કુર્બાની માટે પેશ કરી દે છે.'' મૌલાના જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે : (શેઅર) شراک از رشتۂ جانہائے ماکن　　ادیم طائفی در زیر پاکن

''તાઈફના ચામડાની બનેલી નાલૈન પહેરી લો, અને અમારી જાનની રગને એની દોરી બનાવી લો'' હુઝૂર ﷺની આ મહબૂબિયત આપનો જીવતો જાગતો મોજિઝો છે. જાનવર પણ હુઝૂરના હાથથી ઝબહ થઈ જવાને જિંદગી કરતાં બેહતર સમજે છે. **૫.** એટલે કે જે શખ્સ હુઝૂરની નજીક હતો એને મેં પૂછયું, કેમ કે હું થોડાક દૂર હોવાથી સાંભળી શક્યો ન હતો. **૬.** જાણવા મળ્યું કે કુર્બાનીના ગોશતની તમ્લીક પણ જાઈઝ છે અને અબાહત (ભેટ આપવું) પણ જાઈઝ છે. અમુક ઉલમાએ આ હદીષથી નિછાવર કરવું, વિખેરવું અને ખારેકો તથા પૈસા લૂટાવવા પર દલીલ પકડી છે કે ત્યાં અમલની રીતે આમ અબાહત (હેબા કરવું) જ થાય છે. *(અશિઅહ)*

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૮)-૨૬૪૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ سَلَمَةَ بْنِ الْأَكْوَعِ قَالَ: قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ «مَنْ ضَحَّى مِنْكُمْ فَلَا يُصْبِحَنَّ بَعْدَ ثَالِثَةٍ وَفِي بَيْتِهِ مِنْهُ شَيْءٌ» . فَلَمَّا كَانَ الْعَامُ الْمُقْبِلُ قَالُوا: يَا رَسُولَ اللَّهِ نَفْعَلُ كَمَا فَعَلْنَا الْعَامَ الْمَاضِي؟ قَالَ: «كُلُوا وَأَطْعِمُوا وَادَّخِرُوا فَإِنَّ ذَلِكَ الْعَامَ كَانَ بِالنَّاسِ جَهْدٌ فَأَرَدْتُ أَنْ تُعِينُوا فِيهِمْ»

''સલમા ઈબ્ને અકૂઅથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી જે કુર્બાની કરે તો ત્રીજા પછી સવાર એ હાલમાં ન થાય કે તેના ઘરમાં કુર્બાનીથી કાંઈ હોય[૧] પછી જ્યારે આગલુ વરસ થયુ તો લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું અમે પાછલા વરસની જેમ આ વરસે પણ કરીએ ? ફર્માવ્યું, ખૂબ ખાવ, ખૂબ ખવડાવો અને બચાવો. (ઝખીરો કરો) કેમ કે ગયા વરસે તો લોકોને ભૂખ હતી, એટલા માટે અમે ચાહ્યું કે તમે એમની મદદ કરો.[૨]''

(મુસ્લિમ, બુખારી)

૧. એટલે પોતાની કુર્બાની કરવાથી ત્રણ દિવસ એનો ગોશ્ત ખાય શકો છો. ચોથા દિવસથી પહેલાં હદિયો તથા ખૈરાત કરીને ખત્મ કરી દો. જેથી જેણે બારમી તારીખે કુર્બાની કરી છે તે ચૌદમી બલ્કે પંદરમી સુધી એનો ગોશ્ત ખાય શકે છે. શઈથી મુરાદ ગોશ્ત છે, ચામડુ તથા વાળ એમાં સામેલ નથી.

૨. جھد જીમના ફતહ (ઝબર)થી, તકલીફના અર્થમાં અને જીમના પેશથી કોશિશ કરવાના અર્થમાં. અહીં

બંનેવ બની શકે છે. એટલે કે કે તે હુકમ મન્સૂખ છે, અને એક જરૂરતના કારણે ટેમ્પરરી રૂપે આપવામાં આવ્યો હતો કે એ વખતે મુસલમાનો પર ગરીબી અધિક હતી. ઓછા મુસલમાનોએ કુર્બાનીઓ કરી હતી. જો કુર્બાનીવાળા જ ગોશ્તનો સંગ્રહ કરી લેત તો ગરીબોને શું મળત ?! આ વરસે રબનો ફઝ્લ છે કે આમ કુર્બાનીઓ થઈ છે, જેથી ખૂબ ખાવ અને ખૂબ બચાવો.

★ હુઝૂર ﷺ શરીઅતના હુકમોના માલિક ★

فَأَرَدْتُّ થી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ એહકામે શરઈય્યહ (શરીઅતના હુકમો)ના માલિક છે. આપને હલાલ તથા હરામ કરી દેવાનો રબે અખત્યાર આપ્યો છે. રબ તઆલા ફર્માવે છે : وَلِأُحِلَّ لَكُمْ بَعْضَ الَّذِيْ حُرِّمَ عَلَيْكُمْ (એટલા માટે કે હલાલ કરું તમારા માટે અમુક તે ચીજો જે તમારા પર હરામ હતી. સૂ. આલે ઈમરાન, ૩/૫૦) અને ફર્માવે છે : وَلَا يُحَرِّمُوْنَ مَا حَرَّمَ اللّٰهُ وَرَسُوْلُهٗ وَلَا يَدِيْنُوْنَ دِيْنَ الْحَقِّ (અને હરામ નથી માનતા એ ચીજોને જેને હરામ કરી અલ્લાહ અને તેના રસૂલે. સૂ. તૌબા, ૯/૨૯) એની તેહકીક અમારી કિતાબ "સલ્તનતે મુસ્તફા ﷺ"માં જુઓ.

પહેલાં કુર્બાનીનો ગોશ્ત ત્રણ દિવસથી વધુ ખાવાની મનાઈ હતી પણ હવે નથી

★ હદીષ : (૧૯)-૨૬૪૫ ★

وَعَنْ نُبَيْشَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صلى الله عَلَيْهِ وَسلم:«إِن كُنَّا نهينا عَنْ لُحُومِهَا أَنْ تَأْكُلُوهَا فَوْقَ ثَلَاثٍ لِكَيْ تسَعْكم. جاءَ اللّٰهُ بالسَّعَةِ فكُلوا وادَّخِرُوا وأُتجِروا. أَلَا وَإِنَّ هَذِهِ الْأَيَّامَ أَيَّامُ أَكْلٍ وَشُرْبٍ وذِكْرِ اللّٰهِ» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત નુબૈશાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અમે તમને લોકોને કુર્બાનીનો ગોશ્ત ત્રણ દિવસથી વધુ ખાવાથી મના કર્યું હતું જેથી તમને સૌને (મટનની) છૂટ રહે[૧] હવે અલ્લાહ તઆલાએ ગુંજાઈશ તથા માલદારી અર્પણ કરી જેથી હવે ખાવ અને સંગ્રહ કરો અને સવાબ કમાવ.[૨] આ ખાવા પીવા તથા ઝિક્રે ઈલાહી કરવાના દિવસો છે.[૩]"

(અબૂ દાઉદ)

૧. એ રીતે કે થોડા ગોશ્તને અમીર ગરીબ સૌ મળીને વહેંચીને ખાય. એટલે એ ગોશ્ત તમારા સૌમાં કાંઈ ન કાંઈ પહોંચી જાય.

★ કુર્બાનીના ગોશ્તના ત્રણ હિસ્સા કરવા બેહતર ★

૨. એટલે કે ખૈરાત કરીને સવાબ કમાવ. એટલે કે કાંઈક ખાવ કાંઈક બચાવો, કાંઈક ખૈરાત કરો. ખાવામાં પોતે ખાવું પણ સામેલ છે અને દોસ્ત સગા સ્નેહીઓનું પણ. કુર્બાનીના ગોશ્તના ત્રણ હિસ્સા કરવા બેહતર છે : એક પોતાના માટે, બીજો સગાં સંબધીઓ માટે, ત્રીજો ગરીબો માટે. એ મતલબ નથી થઈ શકતો કે એ ગોશ્ત ખાવા, બચાવવા, લૂટાવવા સૌમાં સવાબ છે.

૩. એટલા માટે એ બંનેવ એટલે **ઐયામે તશ્રીકમાં રોઝા રાખવા હરામ** છે **(૧૦ ઝીલ હજ્જથી ૧૩ સુધી)** કેમ કે **સૌ મુસલમાન અલ્લાહના મહેમાન** છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબુલ હ़લક़ باب الحلق

માથુ મૂંડાવવા વિશે પ્રકરણ[૧]

(વિભાગ : ૧) الفصل الاول

★ પુરૂષ સ્ત્રીના માથુ મૂંડાવવા તથા વાળ કપાવવા વિશે હુકમો ★

૧. સર્વ ઉલમાની એના પર એકમતી છે કે હજ તથા ઉમરાથી ફારિગ થવા પર પુરૂષોએ માથુ મૂંડાવવું પણ જાઈઝ છે અને કતરાવવાનું પણ. પણ મૂંડાવવું અફઝલ છે. પરંતું સ્ત્રીઓએ મૂંડાવવું હરામ છે જેથી તેણી પોતાના વાળની ટોચો કપાવશે. ચોથાઈ માથાના વાળ કપાવવા કે મૂંડાવવા (પુરૂષે) જરૂરી છે, આખુ માથુ સુન્નત છે, જેવું કે માથાના મસહમાં છે. નબી કરીમ ﷺએ હજ તથા ઉમરા સિવાય કદી માથુ મૂંડાવ્યું નથી. દાઢી મૂંડાવવી હરામ છે. શરીરના બાકીના વાળોમાં ઘણી જ વિગત છે. **ટાલવાળો શખ્સ પણ એહરામ ખોલતી વખતે માથા પર અસ્તરો ફેરવાવે. અને જે દરરોજ ઉમરા કરે તે પણ દરેક વખતે માથા પર અસ્તરો ફેરવાવી લીધા કરે.** *(અઝ : અશિઅ્હ)*

★ હદીષ : (૧)-૨૬૪૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنِ ابْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حَلَقَ رَأْسَهُ فِي حَجَّةِ الْوَدَاعِ وَأُنَاسٌ مِنْ أَصْحَابِهِ وَقَصَّرَ بَعْضُهُمْ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ અને અમુક સહાબીઓએ હજ્જતુલ વિદાઅમાં માથાં મૂડાવ્યાં અને અમુકે વાળ કપાવ્યા[૧]'' (મુસ્લિમ, બુખારી)

★ માથુ મૂંડાવવુ કે વાળ કપાવવા બંને જાઈઝ ★

૧. એટલે કે હજ્જતુલ વિદાઅના મોકા પર હુઝૂરે અન્વર ﷺ તથા અમુક સહાબાએ કિરામે માથાં મૂંડાવ્યાં અને અમુક સહાબાએ વાળ કપાવ્યા. ઉમરામાં હુઝૂર ﷺએ વાળ કપાવ્યા જેમ કે આગલી હદીષમાં આવી રહ્યું છે. જેથી માથુ મૂંડાવવું કે વાળ કપાવવા બંને જાઈઝ છે. રબ તઆલા ફર્માવે છે مُحَلِّقِيْنَ رُءُوْسَكُمْ وَ مُقَصِّرِيْنَ (પોતાનાં માથાંના વાળ મૂંડાવે કે કપાવે. *(સૂ. ફતહ, ૪૮/૨૭)* પણ મૂંડાવવું અફઝલ છે. આખુ માથુ મૂંડાવવું કે કતરાવવું જોઈએ કેમ કે **અમુક માથુ મૂંડાવવું ને અમુક કતરાવવું ફ઼ઝ્અ કહેવાય છે જે શરીતની રૂએ મકરૂહ છે.** ઈમામ માલિકને ત્યાં આખુ માથુ મૂંડાવવું અથવા કતરાવવું ફર્ઝ છે.

★ હદીષ : (૨)-૨૬૪૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ لِي مُعَاوِيَةُ: إِنِّي قَصَّرْتُ مِنْ رَأْسِ النَّبِيِّ صلى الله عَلَيْهِ وَسلم عِنْد الْمَرْوَة .بمشقص

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે મને હઝરત મુઆવિયહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં મરવા પાસે તીરથી[૧] નબી કરીમ ﷺ ના વાળ મુબારક કાપ્યા હતા.[૨]'' (મુસ્લિમ, બુખારી)

૧. مشقصનો હક़ીક़ી અર્થ છે લાંબા, ધારદાર, તેજ. મજાઝન્ કાતરને પણ કહી દે છે. અહીં ક્યાં તો હક़ીક़ી

અર્થમાં છે, કેમ કે વધેલા વાળને કોઈ ચીજ પર રાખીને તીરની અણીથી કાપી નાખે છે અથવા મજાઝી અર્થમાં છે એટલે કાતરથી. *(મિર્કાત)*

૨. મુહદ્દિષોએ આ હદીષને ઘણી મુશ્કેલ જણાવી છે, કેમ કે હજ્જતુલ વિદાઅમાં હુઝૂર ﷺએ ક્વિરાન કર્યો હતો અને ક્વારિન મિનામાં વાળ ઉતરાવે છે ન કે મરવા પહાડ પર અને જ્યારે હુઝૂરે અન્વર ﷺએ ઉમરો ક્વઝા કર્યો હતો તો અમીર મુઆવિયા ઈસ્લામ લાવ્યા ન હતા. આપ તો ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા. એટલા માટે અમુક શરહકર્તાઓએ કહ્યું કે કદાચ આ ઉમરા જઈર્રાનામાં હશે, જ્યારે ગઝવએ હુનૈનથી ફારિગ થઈને હુઝૂરે રાતોરાત ઉમરો કર્યો હતો. અમે અમારી કિતાબ 'અમીર મુઆવિયહ' رضی اللہ عنہ પર એક નજરમાં સાબિત કર્યું છે કે આ બનાવ ક્વઝા ઉમરામાં બન્યો અને અમીર મુઆવિયહ رضی اللہ عنہ સુલહે હુદૈબિયાના દિવસે ઈમાન લાવી ચૂક્યા હતા પણ ઈમાનને ફતહે મક્કાના દિવસે પ્રદર્શિત કર્યું. જેવું કે હઝરત અબ્બાસ ઈબ્ને મુત્તલિબ رضی اللہ عنہ ક્વદીમુલ ઈસ્લામ હતા પણ જાહેર ફતહે મક્કામાં કર્યું.

★ હદીષ : (૩)-૨૬૪૮ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ فِي حَجَّةِ الْوَدَاعِ: «اللّٰهُمَّ ارْحَمِ الْمُحَلِّقِينَ» . قَالُوا: وَالْمُقَصِّرِينَ يَا رَسُولَ اللّٰهِ؟ قَالَ: «اللّٰهُمَّ ارْحَمِ الْمُحَلِّقِينَ» . قَالُوا: وَالْمُقَصِّرِينَ يَا رَسُولَ اللّٰهِ؟ قَالَ: «وَالْمُقَصِّرِينَ»

''હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ હજ્જતુલ વિદાઅમાં ફર્માવ્યું[૧] હે અલ્લાહ ! માથુ મૂંડાવનારાઓ પર રહમ કર. સહાબાએ અર્ઝ કરી. યા રસૂલલ્લાહ ! કતરાવનારાઓ પર પણ ! હુઝૂરે ફર્માવ્યું, ઈલાહી ! માથુ મૂંડાવનારાઓ પર રહમ કર ! લોકોએ અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! કતરાવનારાઓ પર પણ. તો ફર્માવ્યું, કતરાવનારાઓ પર.[૨]'' (મુસ્લિમ, બુખારી)

૧. આ દુઆ ક્યાં તો મિનામાં માગી અથવા એ દિવસે જે દિવસે સહાબાએ ઉમરા કરીને એહરામ ખોલ્યા. યાદ રાખશો કે અમુક રિવાયતોમાં છે કે હુઝૂર ﷺએ હુદૈબિયાના દિવસે આ દુઆ કરી. શક્ય છે બંને મોક્વાઓ પર કરી હોય.

૨. એનાથી જાણવા મળ્યું કે એહરામ ખોલતી વખતે માથુ મૂંડાવવું અફઝલ છે કે હુઝૂરે અન્વર ﷺએ મૂંડાવનારાઓ માટે ત્રણવાર દુઆ કરી. المقصرين,માં મૂંડાવનારાઓનું પણ વર્ણન છે, અને કતરાવનારા માટે એકવાર, તે પણ સહાબાએ કિરામની વિનંતિ પર. રબ તૌફીક્વ આપે તો ત્યાં મૂંડાવો. રબ તઆલાએ પણ પ્રથમ મૂંડાવનારાઓનો ઉલ્લેખ કર્યો પછી કતરાવનારાઓનો.

★ હદીષ : (૪)-૨૬૪૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن يحيى بن الْحصين عَن جدته أَنَّهَا سَمِعَتِ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِي حَجَّةِ الْوَدَاعِ دَعَا لِلْمُحَلِّقِينَ ثَلَاثًا وَلِلْمُقَصِّرِينَ مرّة وَاحِدَة. رَوَاهُ مُسلم

''રિવાયત છે હઝરત યહ્યા ઈબ્ને હુસૈનથી, તે પોતાનાં દાદીથી રાવી[૧] તેમણે નબી કરીમ ﷺથી હજ્જતુલ વિદાઅમાં સાંભળ્યું કે આપે માથુ મૂંડાવનારાઓના માટે ત્રણ વાર દુઆ કરી અને કતરાવનારાઓ માટે એકવાર.[૨]'' (મુસ્લિમ)

૧. તેમનાં દાદી સાહેબાનું નામ હસીન બિન્તે ઈસ્હાક્વ છે. બની અખ્મસ ક્વબીલાથી છે. હજ્જતુલ વિદાઅમાં હુઝૂર ﷺની સાથે હતાં. સહાબિયા છે. પણ યહ્યા ઈબ્ને હુસૈન તાબઈ છે.

૨. આ હદીષ પાછલી હદીષની શરહ છે કે ત્યાં પણ ત્રણવાર, મૂંડાવનારાઓ માટે દુઆ કરવામાં આવી છે. બે વાર સ્પષ્ટપણે અને એકવાર والمقصرين ની સાથે કે વાવ ઈશ્તેરાકના માટે છે. કેમ કે મૂંડાવનાર બિલ્કુલ તર્ક (દૂર કરવાની) નિય્યત કરે છે અને કતરાવનારે. પોતાની શોભા બાકી રાખે છે. જેથી પ્રથમ શખ્સ દુઆનો અધિક મુસ્તહિક્ક છે.

હુઝૂર ﷺએ પોતાના બાલ મુબારક તબર્રુકરૂપે વહેંચ્યા

★ હદીષ : (૫)-૨૬૫૦ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَتَى مِنًى فَأَتَى الْجَمْرَةَ فَرَمَاهَا ثُمَّ أَتَى مَنْزِلَهُ بِمِنًى وَنَحَرَ نُسُكَهُ ثُمَّ دَعَا بِالْحَلَّاقِ وَنَاوَلَ الْحَالِقَ شِقَّهُ الْأَيْمَنَ ثُمَّ دَعَا أَبَا طَلْحَةَ الْأَنْصَارِيَّ فَأَعْطَاهُ إِيَّاهُ ثُمَّ نَاوَلَ الشِّقَّ الْأَيْسَرَ فَقَالَ «احْلِقْ» فَحَلَقَهُ فَأَعْطَاهُ طَلْحَةَ فَقَالَ: «اقْسِمْهُ بَيْنَ النَّاسِ»

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ મિનામાં તશરીફ લાવ્યા તો જમરા પર આવ્યા, તેને કાંકરા માર્યા પછી પોતાના મિનાના તંબુમાં તશરીફ લાવ્યા અને કુર્બાનીનું જાનવર ઝબહ કર્યું. ***પછી મૂંડનારાને બોલાવ્યો[૧] અને તેને પોતાની જમણી બાજુ પેશ કરી, તેણે મૂંડી આપી[૨] પછી અબૂ તલ્હા અન્સારીને બોલાવ્યા[૩] તે વાળ તેમને અતા કરી આપ્યા. પછી ડાબી બાજુ હલક કરનાર સામે કરીને ફર્માવ્યું, મૂંડી આપો ! તેણે મૂંડી આપી. પછી તે બાલ અબૂ તલ્હાને અતા કરીને ફર્માવ્યું, એને લોકોમાં વહેંચી દો.[૩]''***

(મુસ્લિમ, બુખારી)

★ માથુ ક્યારે મૂંડાવે અને ક્યાંથી શરૂ કરે ★

૧. એક મૂંડનારાનું નામ મુઅમર ઈબ્ને અબ્દુલ્લાહ કર્શી અદવી છે. જે કદીમુલ ઈસ્લામ (શરૂમાં ઈમાન લાવનાર) સહાબી છે. મુસ્નદે ઈમામ અહમદમાં છે કે જ્યારે મુઅમરે જમણા હાથમાં અસ્તરો લીધો અને મૂંડવા લાગ્યા તો હુઝૂરે ફર્માવ્યું, હે મુઅમર ! આ નેઅમતની કદર કરો. તેમણે અર્ઝ કરી કે મારા પર અલ્લાહની મોટી નેઅમત એ છે કે આજે મારો હાથ હુઝૂર ﷺના માથા મુબારક પર છે. (અશિઅહ) આ હદીષથી જાણવા મળ્યું કે **હાજી બક્ર ઈદના દિવસે પ્રથમ રમી, પછી કુર્બાની, પછી હજામત કરે.** આ ક્રમ વાજિબ છે. હુઝૂરે અન્વર ﷺએ એ દિવસે સો કુર્બાનીઓ કરી હતી. ૬૩ પોતાના દસ્તે મુબારક વડે બાકી ૩૭ સૈયદના અલી رضی اللہ عنہ થી કરાવી.

૨. એનાથી જાણવા મળ્યું કે હજામતમાં જમણો ભાગ પ્રથમ બાદમાં ડાબો ભાગ. પણ આ હદીષ સાંભળીને ઈમામ સાહબે પોતાના કૌલથી રુજૂઅ કરી લીધું (પોતાનો કૌલ પરત લીધો) અને ફર્માવ્યું કે આ હદીષ કયાસ પર મુકદ્દમ (અગ્રતા ધરાવે) છે. જો હજામ પાછળ ઉભો રહીને હજામત બનાવે તો બંનેવનો ડાબો જમણો એક જ બાજુમાં થશે. (મિર્કાત) **હજામત પછી, હોટ તથા દાઢી બનાવવું, પછી નખો કતરાવવા સુન્નત છે.** *(મિર્કાત)*

★ બુઝુર્ગોએ હુઝૂર ﷺના બાલ મુબારક નખ મુબારકને કબ્રમાં રાખવા વસિયત કરી ★

૩. **આ મોકા પર હુઝૂરે અન્વર ﷺએ પોતાના નખો મુબારક પણ લોકોમાં વહેંચાવ્યા. આ વાળ તથા નખો તબર્રુકના માટે સર્વમાં વહેંચવામાં આવ્યા.** એમનામાંથી અમુક હઝરાત તો એ તબર્રુકાત પોતાની કબરોમાં લઈ ગયા કે જેથી ત્યાંની મુશ્કેલીઓ આસાન થાય. જેમ કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ

તથા અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ વગેરે, અને અમુક હઝરાત છોડી ગયા જેથી ક્યામત સુધી મુસલમાનો તેની ઝિયારત (દીદાર) કરતા રહે. જેમ કે આજ સુધી વિવિધ જગાઓ પર એ બાલ શરીફ મૌજૂદ છે અને તેની ઝિયારતો થઈ રહી છે. સહાબાએ કિરામ એ બાલોને પાણીમાં ડૂબાડીને દવા રૂપે પીતા હતા. હઝરત શયખે અહીં એક ફારસી શેઅર લખ્યો છે :

અર્થ : "આપની ઝુલ્ફ મુબારકનો કેવળ એક જ મૂએ મુબારક મારા માટે નજાતની સનદ છે. એક મૂએ મુબારક પણ હું અધિક કહી રહ્યો છું, કેવળ આપની ખુશ્નુદી જ મારા માટે નજાતની સનદ છે."

આ હદીષથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે માણસના બાલ અલગ થઈને પણ પાક છે. બીજુ એ કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺના શરીર મુબારકના અમુક ભાગો મેહફૂઝ રાખ્યા છે. ત્રીજુ એ કે **બુઝુર્ગોના તબર્રુકો ખાસ કરીને હુઝૂર ﷺના બાલ મુબારક તથા નખો મુબારક સાંભળીને રાખવા, તેમની ઝિયારત કરવી, તેમનાથી શિફા હાંસલ કરવી, તેમના વસીલાથી દુઆઓ માગવી, ક્બ્રમાં તેમને સાથે લઈ જવાં જાઈઝ તથા બેહતર છે.** કેમ કે એ વહેંચણી એ હેતુઓ માટે જ થતી હતી. તેની તેહક્રીક્ શામી તથા અમારી કિતાબ "જાઅલ હક્ક્" ભાગ–૧માં જુઓ. અને ઈન્શા અલ્લાહ ! આ શરહમાં પણ એના મોક્રા પર એનું વર્ણન આવશે.

હાજી તવાફે ઝિયારત પહેલાં ખુશ્બુ લગાડી શકશે

★ હદીષ : (૬)-૨૬૫૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كُنْتُ أُطَيِّبُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَبْلَ أَنْ يُحْرِمَ وَيَوْمَ النَّحْرِ قَبْلَ أَنْ يَطُوفَ بِالْبَيْتِ بِطِيبٍ فِيهِ مِسْكٌ

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, હું રસૂલુલ્લાહ ﷺ ને એહરામ બાંધતાં પહેલાં અને બક્ર ઈદના દિવસે બયતુલ્લાહના તવાફથી પહેલાં તે ખુશ્બુ ઘસતી હતી જેમાં મુશ્ક (કસ્તૂરી) રહેતી હતી.[૧]" (મુસ્લિમ, બુખારી)

૧. ઉમ્મુલ મો'મિનીન એમાં એ લોકોની રદ કરી રહ્યાં છે જેઓ કહેતા હતા કે બક્ર ઈદના દિવસે તવાફે ઝિયારતથી પહેલાં હાજીએ ખુશ્બુ લગાડવી હલાલ નથી, તવાફ બાદ હલાલ થશે. ફર્માવે છે કે મેં ખુદ હુઝૂર ﷺનાં કપડાંઓમાં તવાફે ઝિયારતથી પહેલાં ખુશ્બુ ઘસી છે. જાણવા મળ્યું કે હાજીને કુર્બાની અથવા હલક્રથી (માથુ મૂંડાવવાથી) આંશિક હલાલ થવું (અસંપૂર્ણ) હાંસલ થઈ જાય છે જેનાથી પત્ની પણ હલાલ થઈ જાય છે. જેથી હદીષ સ્પષ્ટ છે, એના પર કોઈ વાંધો નથી. ઉલમા ફર્માવે છે કે બેહતરીન ખુશ્બુ મુશ્ક તથા ગુલાબ છે કે એમાં મહક સારી હોય છે પણ રંગત નથી હોતી.

★ હદીષ : (૭)-૨૬૫૨ ★

وَعَنِ ابْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَفَاضَ يَوْمَ النَّحْرِ ثُمَّ رجعَ فصلّى الظهْرَ بمنى. رَوَاهُ مُسلم

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ બક્ર ઈદના દિવસે તવાફે ઝિયારત કરી પછી પરત થઈને મિનામાં ઝોહરની નમાઝ પઢી.[૧]" (મુસ્લિમ)

૧. અહીં ઈર્શાદ થયો કે હુઝૂરે અન્વર ﷺએ મિનામાં ઝોહર અદા કરી અને હઝરત આઈશા તથા જાબિર رضی اللہ عنہما ની રિવાયતમાં છે કે હુઝૂરે અન્વર ﷺએ મક્કા મોઅઝ્ઝમામાં જ ઝોહર અદા કરી હતી. શક્ય છે ઝોહર તો મક્કા મોઅઝ્ઝમામાં જ પઢી હોય અને મિનામાં પરત થતાં ઝોહરની જમાઅત તૈયાર હોય અને નફ્લની નિય્યતે ત્યાં પણ શરીક થઈ ગયા હોય. જેથી બંનેવ રિવાયતો દુરુસ્ત થઈ ગઈ. અથવા ઝોહરના ફર્ઝ તો મક્કામાં પઢયા હોય અને સુન્નત તથા નવાફિલ મિનામાં. સારાંશ કે હદીષોમાં ટકરાવ નથી.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૮)-૨૬૫૩ ★

عَنْ عَلِيٍّ وَعَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَا: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَن تحلق الْمَرْأَة رَأسهَا. رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત અલી رضی اللہ عنہ તથા આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એનાથી મના કર્યું કે સ્ત્રી માથુ મૂંડાવે.[૧]'' (તિર્મિઝી)

૧. સ્ત્રીએ માથુ મૂંડાવવું હજ વગેરેમાં પણ હરામ છે, એના સિવાય પણ. એ જ પ્રમાણે **ફેશનના માટે વાળ કપાવવા હરામ** છે. હુઝૂરે અન્વર ﷺ **એ સ્ત્રીઓ પર લઅનત કરી જેઓ પુરૂષો જેવી શકલો બનાવે. સ્ત્રીએ માથુ મૂંડાવવું એવું હરામ છે જેવું કે પુરૂષે દાઢી મૂંડાવવું હરામ છે કે એ મુષ્લહ છે એટલે શક્લને બગાડવું છે.** હા ! જરૂરત તથા મજબૂરીમાં તો અંગો કપાવવાં પણ દુરૂસ્ત થઈ જાય છે, જરૂરત અપવાદ છે. *(મિર્કાત)*

★ હદીષ : (૯)-૨૬૫૪ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَيْسَ عَلَى النِّسَاءِ الْحَلْقُ إِنَّمَا عَلَى النِّسَاءِ التَّقْصِيرُ».رَوَاهُ أَبُو دَاوُدَ وَالدَّارِمِيُّ

وَهَذَا الْبَابُ خَالٍ مِنَ الْفَصْلِ الثَّالِثِ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સ્ત્રીઓ પર માથુ મૂંડાવવાનુ નથી, સ્ત્રીઓએ કતરવાનું છે.[૧] (અબૂ દાઉદ, દારમી) આ પ્રકરણમાં ત્રીજો વિભાગ નથી.

૧. એટલે કે હજ તથા ઉમરાથી ફારિગ થઈને પુરૂષ તો માથુ મૂંડાવે અથવા વાળ કપાવે, તેને અખત્યાર છે. અને કપાવવામાં ભલે વાળોની ટોચો એક બેડકા જેટલી કપાવે, ચોથાઈ માથાના કપાવવા વાજિબ છે, આખા માથાના કપાવવા બેહતર છે. (લમ્આત, તથા મિર્કાત) જેનાથી આજકાલની સ્ત્રીઓના ફેશનમાં વાળ કપાવવું સાબિત નથી થતું.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબ باب
પ્રકરણ-૧
(વિભાગ : ૧) الفصل الاول

૧. અહીં લેખકે પ્રકરણનો તર્જુમો તથા ટાઈટલ નક્કી નથી કર્યું, કેમ કે એમાં હજના અરકાનમાં વહેલુ તથા મોડુ કરવા વિશે વર્ણવી છે, જેથી આ પ્રકરણ મુતફર્રિક़ાત (વિવિધતાવાળુ) છે. તર્જુમો નક્કી ન કરવું એના પ્રતિ નિર્દેશ છે.

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૧)-૨૬૫૫ ★

عَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَقَفَ فِي حَجَّةِ الْوَدَاعِ بِمِنًى لِلنَّاسِ يَسْأَلُونَهُ فَجَاءَهُ رَجُلٌ فَقَالَ: لَمْ أَشْعُرْ فَحَلَقْتُ قَبْلَ أَنْ أَذْبَحَ. فَقَالَ: «اذْبَحْ وَلَا حَرَجَ» فَجَاءَ آخَرُ فَقَالَ: لَمْ أَشْعُرْ فَنَحَرْتُ قَبْلَ أَنْ أَرْمِيَ. فَقَالَ: «ارْمِ وَلَا حَرَجَ» . فَمَا سُئِلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ شَيْءٍ قُدِّمَ وَلَا أُخِّرَ إِلَّا قَالَ: «افْعَلْ وَلَا حرج» وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ: أَتَاهُ رَجُلٌ فَقَالَ: حَلَقْتُ قَبْلَ أَنْ أَرْمِيَ. قَالَ: «ارْمِ وَلَا حَرَجَ» وأتاهُ آخرُ فَقَالَ: أفَضتُ إلى البيتِ قَبْلَ أَنْ أَرْمِيَ. قَالَ: «ارْمِ وَلَا حَرَجَ»

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ હજ્જતુલ વિદાઅના મોક़ા પર મિનામાં લોકોની સામે ક़યામ કર્યો[૧] લોકો આપને મસાઈલ પૂછતા હતા એવામાં એક માણસ હાજર થયો, અર્ઝ કરી કે મને ખબર ન હતી અને ઝબહ પહેલાં માથુ મૂંડાવી લીધું[૨] ફર્માવ્યું, હવે ઝબહ કરી લો, કોઈ વાંધો નહીં. પછી બીજો આવ્યો, અર્ઝ કરી કે મને મસ્અલાની ખબર ન હતી મેં રમીથી પહેલાં કુર્બાની કરી લીધી. ફર્માવ્યું, હવે રમી કરી લો, કોઈ વાંધો નહીં[૩] તો નબી કરીમ ﷺ થી કોઈ ચીજના સંબંધે જે આગળ પાછળ કરી આપી હોય હોય સવાલ ન થયો પણ હુઝૂરે એ જ ફર્માવ્યું, હવે કરી લો કોઈ વાંધો નહીં.[૪] (મુસ્લિમ, બુખારી) મુસ્લિમની રિવાયતમાં છે કે હુઝૂર ﷺ ની ખિદમતમાં એક શખ્સ આવ્યો, અર્ઝ કરી, મેં રમીથી પહેલાં માથુ મૂંડાવી લીધું. કહ્યું, હવે રમી કરી લો, કોઈ વાંધો નહીં: બીજો આવ્યો, અર્ઝ કરી, મેં બયતુલ્લાહનો તવાફ રમીથી પહેલાં કરી લીધો. ફર્માવ્યું, હવે રમી કરી લો, કોઈ વાંધો નથી.[૫]''

૧. અધિકતર સહીહ એ છે કે وَقَفَ ની ف અને الوداع નો واو બંને મફ્તૂહ છે. હુઝૂરે અન્વર ﷺ કોઈ આમ જગાએ ઊંટ પર એટલા માટે ઉભા રહ્યા કે લોકો હુઝૂરથી હજના મસાઈલ પૂછી લે. જાણવા મળ્યું કે **ઉલમાએ એવો**

સમય કાઢવો જોઈએ કે લોકો એમને મળીને મસાઈલ પૂછી શકે, એ પણ સુન્નત છે.

૨. એટલે કે એવું હોવું જોઈતુ હતું કે જમરએ ઉક્બાની (મોટા શૈતાનની) રમી પછી પ્રથમ કુર્બાની કરતો પછી માથુ મૂંડાવતા, પણ મેં ગલતીથી એની વિરૂધ્ધ કરી લીધું કે માથુ પ્રથમ મૂંડાવ્યું અને કુર્બાની બાદમાં કરી. અથવા અરકાનની મશગૂલિયતમાં ખયાલ ન રહ્યો અથવા મસ્અલો ખબર ન હતો. યાદ રાખશો કે એ વખતે મસ્અલો ખબર ન હોવું મજબૂરી (ઉઝ્ર) હતી, કેમ કે હજ નવી નવી ફર્ઝ થઈ હતી, તેના મસ્અલા પૂર્ણપણે પ્રસિધ્ધ પામ્યા ન હતા. પણ હવે મસાઈલથી બેખબરીનું બહાનું ચાલશે નહીં, કેમ કે મસાઈલ પ્રસિધ્ધિ પામી ચૂક્યા છે. લોકો પર જરૂરત મુજબના મસાઈલ શીખવા ફર્ઝ છે. મતલબ કે હવે ખતા તો ઉઝ્ર છે પણ અજ્ઞાન હોવું ઉઝ્ર નથી, જેવું કે સર્વ કિતાબોમાં દર્શાવેલ છે.

૩. એટલે કે કેમ કે તમે એ કામ ખતા (ભૂલથી) અથવા અજ્ઞાનતામાં કર્યું જેથી તમારા પર કોઈ ગુનોહ નથી.

★ દસમી ઝીલહજ્જના ચાર કામો ★

૪. દસમી ઝીલહજ્જે હજનાં ચાર કામો અદા થાય છે : (૧) જમરા ઉક્બા (મોટા શૈતાન)ની રમી. (૨) પછી કુર્બાની (૩) પછી માથુ મૂંડાવવું (૪) તવાફે ઝિયારત. ચારેવ અરકાનમાં ક્રમસર હોવું ઈમામ શાફઈ, અહમદ, ઈસ્હાક઼ને ત્યાં સુન્નત છે, કે એના બદલાય જવાથી દમ વાજિબ નથી, કેવળ સવાબમાં કમી થશે. પણ ઈબ્ને જુબેર, ઈમામ માલિક તથા ઈમામ અબૂ હનીફા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ને ત્યાં એ કેટલાકમાં ક્રમસર થવું વાજિબ છે. એ બુઝુર્ગોને ત્યાં لا حرج (વાંધો નહીં)નો અર્થ છે તમારા પર ગુનોહ નથી, પણ આ હઝરાતને ત્યાં તેનો અર્થ છે તમારા પર ફિદિયો કે કુર્બાની વાજિબ નથી. પણ ઈમામ અબૂ હનીફાનો ક઼ૌલ મજબૂત છે કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ પણ તેની જેમ રિવાયત કરી પણ તે ક્રમ બદલાવાથી કુર્બાની વાજિબ કહે છે. જ્યારે રાવીનો મઝહબ આ છે. તો જાણવા મળ્યું કે તેમને ત્યાં પણ આ હદીષનો એ જ અર્થ છે. *(મિર્ક઼ાત તથા લમ્આત)*

★ હજનો વાજિબ છૂટી જવાથી દમ (કુર્બાની) વાજિબ થશે ★

૫. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં રમી, ઝબહ, માથુ મૂંડાવવું એમાં ક્રમ ક઼ારિન તથા મુતમત્તિઅ઼ પર વાજિબ છે, સાહિબૈનને ત્યાં સુન્નત છે. એ જ પ્રમાણે હજની કુર્બાનીનું કેવળ હજના દિવસોમાં હોવું ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં વાજિબ છે, પણ હરમમાં ઝબહ થવું એ સર્વ સંમતિએ વાજિબ છે કે **હરમ સિવાય અન્ય જગાએ હજની કુર્બાની અદા નથી થઈ શકતી.** પણ હલક઼ તથા તવાફ અને રમી તથા તવાફમાં ક્રમસર હોવું વાજિબ નથી. આ ફરક ખૂબ જ ધ્યાનમાં રાખશો. જેથી જો કોઈ તવાફ પહેલો કરે પછી રમી તો તેના પર દમ વાજિબ ન થશે. જુઓ એની વિગત ફિક઼હની કિતાબો તથા મિર્ક઼ાતમાં આ જ જગાએ. એ પણ યાદ રાખશો કે જેવી રીતે નમાઝના વાજિબ રહી જવાથી સજદએ સહ્વ વાજિબ થાય છે એવી જ રીતે હજનો વાજિબ રહી જવાથી દમ એટલે કુર્બાની વાજિબ થાય છે.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺ મિનામાં બક઼ ઈદના દિવસે સવાલો માટે જતા હતા, તો હુઝૂર ﷺ એ જ ફર્માવતા હતા,[૧] કોઈ વાંધો નહીં. એક જણે આપને પૂછ્યું કે મેં સાંજ પછી રમી કરી, ફર્માવ્યું કે કોઈ વાંધો નહીં.[૨]" (બુખારી)

★ હદીષ : (૨)-૨૬૫૬ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُسْأَلُ يَوْمَ النَّحْرِ بِمِنًى فَيَقُولُ: «لَا حَرَجَ» فَسَأَلَهُ رجل فَقَالَ: رميت بعد مَا أمسَيتُ. فَقَالَ: «لَا حَرَجَ» . رَوَاهُ الْبُخَارِيّ

૧. એટલે કે દિવસભર સવાલ જવાબનો ક્રમ ચાલુ રહ્યો કે લોકો હુઝૂર ﷺને પૂછતા હતા. હુઝૂર ﷺ હસતે ચહેરે જવાબ આપતા હતા. એ મતલબ નથી કે હુઝૂરે બહુ હજો કરી અને દરેક હજમાં આ સવાલ જવાબના બનાવો પેશ આવ્યા.

૨. જાહેર એ છે કે સાંજથી મુરાદ સૂરજ ડૂબ્યા પછીનો સમય છે, સવારનું વિરૂધ્ધાર્થી. જેથી આ હદીષ અહનાફના મુજબની છે અને શાફઈઓની વિરૂધ્ધ છે, કે એમને ત્યાં બક્ર ઈદના દિવસે રમી જો સૂરજ ડૂબી ગયા પછી કરવામાં આવે તો કુર્બાની વાજિબ છે આપણે ત્યાં ગુનેહગાર થશે, પણ કુર્બાની વાજિબ નહીં થાય. અલ્બત્ત જો ૧૧મી તારીખે આ રમી કરે તો દમ વાજિબ છે. યાદ રાખશો કે **બક્ર ઈદના દિવસે જમરા ઉક્બાની રમી સુબ્હ સાદિક્ પછીથી સૂર્ય નીકળતા પહેલાં મકરૂહ છે.** સૂરજ નીકળ્યાથી ઝવાલ પહેલાં સુધી સુન્નત, ઝવાલથી સૂર્ય દૂબતા સુધી જાઈઝ, રાતમાં જાઈઝ પણ મકરૂહ છે. અને કાલે કરવી વાજિબની વિરૂધ્ધ છે, જેમાં કુર્બાની લાઝિમ થશે. ૧૧મી ૧૨મી બક્ર ઈદના રોજ જમરાઓની રમી ઝવાલ પછીથી સૂર્ય ડૂબતા સુધી સુન્નત છે. અને રાતમાં મકરૂહ છે. ૧૩ ઝીલહજ્જ સુધી તેની ક઼ઝાનો સમય છે. ૧૩મી બાદ ન અદાનો સમય છે ન ક઼ઝાનો. આ વિગત યાદ રાખવી જોઈએ. અહીં "વાંધો નહીં"નો અર્થ છે કુર્બાની વાજિબ નથી. *(મિર્ક઼ાત)*

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૩)-૨૬૫૭ ★

عَن عَلِيٍّ قَالَ: أَتَاهُ رَجُلٌ فَقَالَ: يَا رَسُولَ اللّٰهِ إِنِّي أَفَضْتُ قَبْلَ أَنْ أَحْلِقَ فَقَالَ: «احْلِقْ أَوْ قَصِّرْ وَلَا حَرَجَ» . وَجَاءَ آخَرُ فَقَالَ: ذَبَحْتُ قَبْلَ أَنْ أَرْمِيَ. قَالَ:«ارْمِ وَلَا حرج».رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે એક શખ્સ આવ્યો અને બોલ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ મેં માથુ મૂંડાવતાં પહેલાં તવાફ કરી લીધો. ફર્માવ્યું, કોઈ વાંધો નહીં, હવે મૂંડાવી લો કે કપાવી લો.[૧] બીજો આવ્યો, અર્ઝ કરી, મેં રમીથી પહેલાં ઝબહ કરી લીધું. ફર્માવ્યું, કોઈ વાંધો નહીં, રમી કરી લો.[૨]" (તિર્મિઝી)

૧. એટલે કે તવાફ માથુ મૂંડાવ્યા બાદ સુન્નત હતો, પરંતું જો તેનાથી ઉલ્ટુ થઈ ગયું તો ભલે, ન એમાં ગુનોહ છે ન કુર્બાની ન કોઈ ફિદિયો. જેવું કે પહેલાં અર્ઝ કરવામાં આવ્યું.

૨. રમીથી પહેલાં ઝબહ કરી લેવામાં મુફરદ એટલે કેવળ હજ કરવાવાળા પર ન ગુનોહ છે ન ફિદિયો, ન કફ્ફારો કે ન કુર્બાની. હા ! બેહતર હતું કે રમી પછી કરત, પણ ક઼िરાન તથા તમત્તુઅવાળા પર જાણી જોઈને એવું કરવામાં ગુનોહ પણ છે, કફ્ફારો પણ. અને ભૂલથી એવું થઈ જવા પર ગુનોહ તો નથી પણ કફ્ફારો વાજિબ છે. એની તફસીલ ફિક઼્હની કિતાબોમાં અને મિર્ક઼ાતમાં જુઓ. એ શખ્સ જો મુફરદ હતો તો ગુનોહ તથા કફ્ફારો બંનેવનો નકાર (નફી) છે. અને જો ક઼ારિન કે મુતમત્તિઅ઼ હતો અને ભૂલથી એવું કરી બેઠો તો ગુનાહની નફી (નકાર) છે.

(વિભાગ : ૩) الفصل الثالث

★ હદીષ : (૪)-૨૬૫૮ ★

عَن أُسامةَ بنِ شريكٍ قَالَ: خَرَجْتُ مَعَ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ

"હઝરત ઓસામા ઈબ્ને શરીક رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ફર્માવે છે, હું રસૂલુલ્લાહ ﷺ ની સાથે હજમાં નીકળ્યો. લોકો આપની પાસે આવતા હતા તો

عَلَيْهِ وَسَلَّمَ حَاجًّا فَكَانَ النَّاسُ يَأْتُونَهُ فَمِنْ قَائِلٍ: يَا رَسُولَ اللَّهِ سَعَيْتُ قَبْلَ أَنْ أَطُوفَ أَوْ أَخَّرْتُ شَيْئًا أَوْ قَدَّمْتُ شَيْئًا فَكَانَ يَقُولُ: «لَا حَرَجَ إِلَّا عَلَى رَجُلٍ اقْتَرَضَ عِرْضَ مُسْلِمٍ وَهُوَ ظَالِمٌ فَذَلِكَ الَّذِي حَرِجَ وهَلِكَ» . رَوَاهُ أَبُو دَاوُد

કોઈ મળનારો કહેતો, યા રસૂલલ્લાહ ! ﷺ મેં TJFOYL5C[FR; . SZL, LWL[૧] અથવા કોઈ રુકન પાછળ કરી દીધો[૨] અથવા આગળ કરી દીધો. તો આપ ફર્માવતા હતા, કોઈ વાંધો નહીં.[૩] હા ! વાંધો તે શખ્સ પર છે જે જુલ્મ કરતાં કોઈ મુસલમાનની આબરૂ રેઝી કરે. આ તે શખ્સ છે જે નુકસાનમાં ગયો અને બર્બાદ થઈ ગયો.[૪]" (અબૂ દાઊદ)

૧. આપ ઓસામા ઈબ્ને શરીક ઝયબાની ષઅલ્બી છે, કૂફાના છે. સહાબી છે. એમનાથી વધુ પ્રમાણમાં ઈબ્ને ઈલાકા વગેરેએ રિવાયતો લીધી.

૨. એટલે કે જ્યારે એહરામ બાંધી મક્કા મોઅઝ્ઝમા હાજર થયો તો તવાફે કુદુમથી પહેલાં સઈ કરી લીધી, જો કે એવું કરવું જોઈતુ હતું કે પહેલાં તવાફે કુદુમ કરતો પછી સઈ.

૩. حرج નો અર્થ પહેલાં દર્શાવી આપવામાં આવેલો છે કે એ તબદીલીઓથી હજ બાતિલ થશે નહીં, અથવા ગુનોહ નથી, જ્યારે કે ભૂલથી કર્યું હોય, કેમ કે હજમાં અધિક મશગૂલિયતના કારણે ગલતીઓ થઈ જાય છે. જો કે અમુક સ્થિતિઓમાં દમ અથવા કફ્ફારો લાગુ થઈ જાય છે.

૪. આ વાક્યથી જાણવા મળ્યું કે આગળ વર્ણન કરવામાં આવેલી સર્વ જગાએ حرج (વાંધો)થી મુરાદ ગુનોહ હતો ન કે કફ્ફારો વગેરે. જુલ્મની શરત એટલા માટે રાખી કે જરૂર મુજબ અથવા સજારૂપે તો મુસલમાનની જાન પણ લઈ શકાય છે. આખરે કેસાસ, રજૂમમાં (સંગસાર કરવામાં) જાન લેવામાં આવે છે. ખુલાસામાં જવાબ એ છે કે ઈબાદતોની ગલતીનો બદલ થઈ શકે છે. મામલાઓ દુરૂસ્ત કરો કે મામલાઓમાં જુલ્મ થવો બંદાઓના હક્કોમાંથી છે જે તૌબાથી પણ માફ નથી થતુ. હાજીએ જોઈએ કે હજ પછી પોતાના મામલાઓ ખૂબ જ સાફ રાખે અને કોઈ હરકત એવી ન કરે જેનાથી હજ બર્બાદ થઈ જાય, હજને સંભાળી રાખવી આસાન છે પણ બચાવવી મુશ્કેલ છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

باب خطبة يوم النحر ورمى ايام التشريق والتوديع

(બાબો ખુત્બાતિ યૌમુન્નહર વ રમી ઐયામિત્તશ્રીક વત્તૌદીઅ)

બક્ર ઈદના દિવસનો ખુત્બો અને તશ્રીકના દિવસોની રમી અને વિદાયનો તવાફ

(વિભાગ : ૧) الفصل الاول

૧. આ પ્રકરણમાં ત્રણ ચીજો વર્ણન થઈ : બક્ર ઈદના દિવસનો ખુત્બો અને ૧૧મી તથા ૧૨મીની રમી અને 5ZT YTLJ[FGFIJNFI GMTJFO خطبہ ના ઝેર (કસ્રા)થી સ્ત્રીને નિકાહનો પૈગામ આપવાના અર્થમાં. خ ના પેશથી અઝીમુશ્શાન કામ અથવા ઉચ્ચ કાફિયાવાળુ (પ્રાસવાળુ) કલામ એ શર્ત કે નઝમ (કાવ્ય)માં ન હોય પદ્યમાં હોય, બક્ર ઈદના દિવસે એટલે દસમી ઝીલ હજ્જ બાદવાળા ત્રણ દિવસોને ઐયામે તશ્રીક કહે છે, કે એ દિવસોમાં અરબવાસીઓ કુર્બાનીનો ગોશ્ત સૂકવવા તેને તાપમાં રાખે છે. તશ્રીકનો અર્થ શીખવાડવુ, તડકામાં રાખવું. બેહતર એ છે કે તવાફે વિદાઅ મક્કા મોઅઝ્ઝમાથી પરત થતી વખતે કરો, પહેલાં ન કરે. **મક્કાવાસીઓ પર ન તવાફે કુદૂમ છે ન તવાફે વિદાઅ, એ બહારવાળાઓ માટે છે.**

હજ બાદ હુઝૂર ﷺનો ખુત્બો

★ હદીષ : (૧)-૨૬૫૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي بَكْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: خَطَبَنَا النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ النَّحْرِ قَالَ: «إِنَّ الزَّمَانَ قَدِ اسْتَدَارَ كَهَيْئَتِهِ يَوْمَ خَلَقَ اللَّهُ السَّمَاوَاتِ وَالْأَرْضَ السَّنَةُ اثْنَا عَشَرَ شَهْرًا مِنْهَا أَرْبَعَةٌ حُرُمٌ ثَلَاثٌ مُتَوَالِيَاتٌ ذُو الْقَعْدَةِ وَذُو الْحِجَّةِ وَالْمُحَرَّمُ وَرَجَبُ مُضَرَ الَّذِي بَيْنَ جُمَادَى وَشَعْبَانَ» وَقَالَ: «أَيُّ شَهْرٍ هَذَا؟» قُلْنَا: اللَّهُ وَرَسُولُهُ أَعْلَمُ فَسَكَتَ حَتَّى ظَنَنَّا أَنَّهُ سَيُسَمِّيهِ بِغَيْرِ اسْمِهِ فَقَالَ: «أَلَيْسَ ذَا الْحِجَّةِ؟» قُلْنَا: بَلَى. قَالَ: «أَيُّ بَلَدٍ هَذَا؟» قُلْنَا: اللَّهُ وَرَسُولُهُ أَعْلَمُ فَسَكَتَ حَتَّى ظَنَنَّا أَنَّهُ سَيُسَمِّيهِ بِغَيْرِ اسْمِهِ

''હઝરત અબૂ બકરહથી રિવાયત છે ફર્માવે છે કે બક્ર ઈદના દિવસે નબી કરીમ ﷺએ અમને ખુત્બો આપ્યો.[૧] ફર્માવ્યું કે જમાનો ઘુમી ફરીને પોતાની એ જ હાલત પર આવી ગયો[૨] જેના પર અલ્લાહે તેને આસ્માન તથા જમીન બનાવવાના દિવસે કર્યો હતો[૩] વરસ બાર મહીનાનુ છે જેમનામાંથી ચાર મહીના હુર્મતવાળા છે[૪] ત્રણ તો સતત સાથોસાથ છે, ઝીકઅદા, ઝીલ હજ્જ, મુહર્રમ, ચોથો કબીલા મુઝરનો રજબ મહીનો જે બે જમાદુ તથા શાબાનની વચ્ચે છે[૫] ફર્માવ્યું, એ કયો મહીનો છે ? અમે અર્ઝ કર્યું, અલ્લાહ વ રસૂલ જાણે ! હુઝૂરે અન્વર ﷺ ખામોશ રહ્યા, ત્યાં સુધી કે અમે ગુમાન કર્યું કે હુઝૂર ﷺ એના નામ સિવાય

قَالَ: «أَلَيْسَ الْبَلْدَةَ؟» قُلْنَا: بَلَى قَالَ «فَأَيُّ يَوْمٍ هَذَا؟» قُلْنَا: اللَّهُ وَرَسُولُهُ أَعْلَمُ فَسَكَتَ حَتَّى ظَنَنَّا أَنَّهُ سَيُسَمِّيهِ بِغَيْرِ اسْمِهِ. قَالَ: «أَلَيْسَ يَوْمَ النَّحْرِ؟» قُلْنَا: بَلَى. قَالَ: «فَإِنَّ دِمَاءَكُمْ وَأَمْوَالَكُمْ وَأَعْرَاضَكُمْ عَلَيْكُمْ حَرَامٌ كَحُرْمَةِ يَوْمِكُمْ هَذَا فِي بَلَدِكُمْ هَذَا فِي شَهْرِكُمْ هَذَا وَسَتَلْقَوْنَ رَبَّكُمْ فَيَسْأَلُكُمْ عَنْ أَعْمَالِكُمْ أَلَا فَلَا تَرْجِعُوا بَعْدِي ضُلَّالًا يَضْرِبُ بَعْضُكُمْ رِقَابَ بَعْضٍ أَلَا هَلْ بَلَّغْتُ؟» قَالُوا: نَعَمْ. قَالَ: «اللَّهُمَّ اشْهَدْ فَلْيُبَلِّغِ الشَّاهِدُ الْغَائِبَ فَرُبَّ مُبَلَّغٍ أَوْعَى مِنْ سَامِعٍ»

કોઈ અન્ય નામ રાખશે[૯] તો ફર્માવ્યું, શું એ ઝીલ હજ્જ નથી ? અમે અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, એ કયુ શહેર છે ? અમે અર્ઝ કરી, અલ્લાહ રસૂલ જાણે ! હુઝૂર ﷺ ખામોશ રહ્યા ત્યાં સુધી કે અમે સમજ્યા કે આપ તેના નામ સિવાય કોઈ અન્ય નામ રાખશો[૧૦] ફર્માવ્યું, શું એ મક્કા મુઅઝ્ઝમા શહેર નથી ?! અમે અર્ઝ કરી કે હા ! ફર્માવ્યું, સારું એ કયો દિવસ છે ? અમે અર્ઝ કરી, અલ્લાહ રસૂલ જાણે ! હુઝૂર ﷺ ખામોશ રહ્યા, ત્યાં સુધી કે અમે સમજ્યા કે આપ એનું કોઈ અન્ય નામ રાખશે (અસલી નામ સિવાય) ફર્માવ્યું, શું એ કુર્બાનીનો દિવસ નથી ?! અમે અર્ઝ કરી, હા ![૯] ફર્માવ્યું, ***તો તમારાં ખૂન, તમારા માલ, તમારી આબરૂઓ તમારામાંથી એકબીજા પર એ રીતે હરામ છે જેવી રીતે અમારા આ દિવસની હુર્મત અમારા આ શહેર તથા આ મહીનામાં[૯] તમો નજીકમાં જ તમારા રબને મળશો તે તમને નજીકમાં જ તમારા અમલોના વિશે પૂછશે[૧૦] તો ખબરદાર ! મારા બાદ ગુમરાહ થઈને ન પરત થશો કે તમારામાંથી અમુક અમુકની ગરદનો મારવા લાગે[૧૧]*** *ખબરદાર રહો ! શું મેં તબ્લીગ કરી આપી ? સૌ બોલ્યા, હા ! ફર્માવ્યું, ઈલાહી ! ગવાહ થઈ જા ! લાઝિમ છે હાજરજનો ગાયબોને પહોંચાડી આપે, ઘણા પહોંચાડવામાં આવેલા સાંભળનારાઓ કરતાં યાદ રાખનારા હશે.[૧૨]'' (મુસ્લિમ, બુખારી)*

૧. આ ખુત્બો વઅઝ તથા નસીહતના અર્થમાં છે ન કે તે સુન્નત ખુત્બો જે હજમાં હોય છે કે એ ૧૧મી બક્ર ઈદે મિનામાં છે, આ ખુત્બો એ ખુત્બાના સિવાય છે જે નવમીએ અરફાતમાં આપવામાં આવે છે. એ ખુત્બામાં બાકીના હજના અરકાનની તાલીમ થાય છે. આગલા લખાણથી માલૂમ પડી રહ્યું છે કે એ હજનો ખુત્બો નથી, નહીં તો એમાં હજના મસાઈલ વર્ણન થાત. એ ખુત્બો ઝોહરની નમાઝ બાદ હતો.

૨. જમાનો મુત્લક્ન સમયને કહે છે, અહીં વરસના અર્થમાં છે. જેમ કે આગલા લખાણથી જાહેર થઈ રહ્યું છે. વરસ પણ ક્મરી (ચાંદના હિસાબે) મુરાદ છે ન કે શમ્સી (સૂર્યના હિસાબે).

૩. અરબવાસીઓ જેહાલતના જમાનામાં બે હરકતો કરતા હતા, એક તો વરસને કદીક ૧૩ મહીનાનુ બનાવી દેવું, બીજુ મહીનાઓની તબદીલી. જો તેમની જંગના જમાનામાં માહે હરમ દા.ત. રજબ આવી જતો અને હજી જંગ બાકી હોતી તો તેને કોઈ અન્ય મહીનો ઠરાવી દેતા જેથી જંગ ચાલુ રાખી શકે. પછી જંગ ખત્મ થયા બાદ કોઈ અન્ય

મહીનાને રજબ માની લેતા. એ જ પ્રમાણે બક્ર ઈદમાં તબદીલી કરી લેતા હતા કે જેથી હજ જે મોક્રા પર આસાન હોય એના પર કરી લે. જેમ કે જે વરસે આમિના ખાતૂન સગર્ભા થાય છે એ જ વરસે રજબમાં બક્ર ઈદ માનીને હજ કરવામાં આવ્યો હતો. એટલા માટે રિવાયતમાં આવે છે કે જનાબ આમિનાનું સગર્ભા થવું મિનાના દિવાસોમાં થયું. જે વરસે હુઝૂરે અન્વર ﷺએ હજ કર્યો એ જ વરસે સંજોગોવસાત વરસ બાર મહીનાનું થયું અને દરેક મહીનો પોતાના અસલ પર મનાવવામાં આવ્યો. આ આલી ફર્માનમાં એ જ ઈર્શાદ છે કે આ વરસે દરેક મહીનો એ સમયે થયો છે જે સમયે રબે તેને નિશ્ચિત કર્યો હતો. મહીના ઘૂમતા ફરતા એ વરસે પોતાના સહીહ સમય પર પસાર થયા. અમારી આ તક્રરીરથી એ વાંધો ઉઠી ગયો કે જ્યારે હમલ શરીફ (ગર્ભ)નું રહેવું હજના દિવસોમાં થયું અને રબીઉલ અવ્વલમાં વિલાદત મુબારક થઈ તો નવ મહીના કેવી રીતે પૂર્ણ થયા. જાણવા મળ્યું કે તે મહીનો રજબનો હતો જેને બક્ર ઈદ બનાવીને હજ કરવામાં આવી હતી.

૪. હક્ક એ છે કે السنة શબ્દ મુસ્તક્રલા છે અને اثناعشر ખબરે મુબ્તદા હોવાના કારણે મરફૂઅ છે. અમુકના ખયાલમાં السنة خلق નો મફઉલે ઉલા છે, اثناء عشر મફઉલ દોમ, આ ફર્માનમાં આ આયતની તફસીર પ્રતિ નિર્દેશ છે : اِنَّ عِدَّةَ الشُّهُوْرِ عِنْدَ اللّٰهِ اثْنَا عَشَرَ شَهْرًا فِيْ كِتٰبِ اللّٰهِ يَوْمَ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ (બેશક ! મહીનાઓની ગણત્રી અલ્લાહની નજીક બાર મહીના છે. સૂ. તૌબા, ૯/૩૬)

૫. જાહિલિયતના જમાનામાં એ ચાર મહીના ઘણી હુર્મતવાળા હતા જેમાં જંગ હરામ હતી. ઈસ્લામમાં એ મહીનાઓની હુર્મત તો યથાવત રાખી કે એમાં ગુનાહને સખત જુર્મ ઠરાવ્યો, જેમ કે એહરામની હાલતમાં હરમ શરીફમાં ગુનોહ સખત હરામ છે, પણ જંગની હુર્મતને મન્સૂખ કરી આપી. જેમ કે નબી કરીમ ﷺએ તાઈફનો ગઝવહ શવ્વાલમાં અને હુનૈનનો ગઝવહ ઝીક્રઅદામાં કર્યો. હુઝૂરે અકરમ ﷺ પછી સહાબાએ કિરામ દરેક મહીનામાં જેહાદ કરતા રહ્યા. મુઝર એક ક્રબીલાના વડાનું નામ છે જેના નામથી ક્રબીલા મુઝર કહેવાય છે. કેમ કે એ શખ્સ લસ્સી ખૂબ જ પસંદ કરતો હતો અને તેનો રંગ પણ લસ્સીની જેમ સફેદ હતો એટલા માટે તેને મુઝર કહેતા હતા. મુઝરનો અર્થ છે મીઠુ (Sweet) અથવા લસ્સી. કેમ કે એ ક્રબીલો માહે રજબની ખૂબ જ અદબ તથા એહતેરામ કરતો હતો એટલા માટે રજબ એ ક્રબીલા તરફ સંબંધિત કરવામાં આવ્યો. યાદ રાખશો કે મક્કા મોઅઝ્ઝમા હિ.સ. ૮માં ફતહ થયું. એ વરસે હુઝૂરે અન્વર ﷺએ અમીરુલ હજ્જ એતાબ ઈબ્ને ઉસૈદને નિયુક્ત કર્યા અને હિ.સ. ૯ના હજના અમીર અબૂ બક્ર સિદ્દીક્રને અને હિ.સ. ૧૦માં ખુદ હજ કર્યો. તો યક્રીનન હિ.સ. ૧૦માં પણ સર્વ મહીના પોતાના મોક્રા પર હતા, અને હજ સહીહ સમયે અદા થયો હતો, નહીં તો સરકાર ﷺ કદાપિ ગલત સમય પર હજની ઈજાઝત ન આપતા. જેથી આ વાક્ય શરીફનો એ અર્થ નથી કે કેવળ એ વરસે જ દુરુસ્ત વરસ પસાર થયું, બલ્કે મતલબ એ છે કે એ વરસે સહીહ હજ થયો પાછલા વરસોની જેમ, અને હવે તમો મહીના આ હિસાબથી પસાર કરજો. (મિર્ક્રાત, તથા ફત્હુલ બારી) યાદ રાખશો કે ક્રબીલા મુઝરે રજબ મહીનામાં કદી તબદીલી કરી ન હતી, એટલા માટે રજબને એમના જ તરફ સંબંધિત કરવામાં આવતો હતો, અને તેમના જ રજબથી ગણત્રી થઈ હતી.

૬. આ સહાબાએ કિરામનો બારગાહે રિસાલતનો અદબ છે કે તેઓ જાણતા હતા કે આજે હજ છે, બક્ર ઈદનો મહીનો છે, દસમી ઝીલ હજ્જ છે, તેમ છતાં પણ જવાબ ન આપ્યો, કેમ કે રબે ફર્માવ્યું : لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَرَسُوْلِهٖ (અલ્લાહ અને તેના રસૂલથી આગળ ન વધો. સૂ. હુજુરાત, ૪૯/૧) હુઝૂરે અન્વર ﷺનું કાંઈક ખામોશી રહેવું

આયોજનપૂર્વક હતું કે જે ચીજ રાહ જોયા પછી જાણવા મળે તે ખૂબ યાદ રહે છે. એ જવાબથી કે સહાબાએ કિરામે અર્ઝ કરી, અલ્લાહ રસૂલ જાણે. જાણવા મળ્યું કે હુઝૂર ﷺનો ઝિક્ર (ઉલ્લેખ) રબની સાથે કરવો શિર્ક નથી બલ્કે અયને ઈમાન (તદ્દન ઈમામ) છે. અલ્લાહ રસૂલને મિલાવવાનું નામ ઈમાન છે, અલગ કરવાનું નામ કુફ્ર છે. રબ તઆલા ફર્માવે છે : يُرِيْدُوْنَ اَنْ يُّفَرِّقُوْا بَيْنَ اللّٰهِ وَرُسُلِهٖ (અને ચાહે છે કે અલ્લાહથી તેના રસૂલોને જુદા કરી દે. (સૂ. નિસાઅ, ૪/૧૫૦) અને ફર્માવે છે : اُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ حَقًّا (આ જ છે ઠીક ઠીક કાફિર. સૂ. નિસાઅ, ૪/૧૫૧)

૭. સહાબાના આ ગુમાનથી જાણવા મળી રહ્યું છે કે નબી કરીમ ﷺને નામ તબદીલ કરવાનો અખત્યાર છે અને આપનું જ રાખેલું નામ બાકી રહેશે. જુઓ, હુઝૂર ﷺએ એક સહાબીનું નામ રાખી દીધું અબૂ હુરૈરહ એટલે બિલાડીઓવાળા, તો એમનાં મા બાપનું રાખેલું નામ ગુમ થઈ ગયું.

૮. બલદા દરેક જાહેરને અને નહર દરેક ઝબહને કહે છે, પણ હવે ઉર્ફમાં બલદાથી મક્કા મોઅઝ્ઝમા અને નહરથી કુર્બાની મુરાદ લેવામાં આવે છે. જેમ કે બયતુલ લુગતન્ દરેક ઘર છે, પણ હવે ઉર્ફમાં મુત્લક્ન બયતે કા'બા મોઅઝ્ઝમા એટલે બયતુલ્લાહને કહે છે. એના આધારે આ ચર્ચા થઈ રહી છે. મક્કા મોઅઝ્ઝમા હમેશાંથી શહેર રહ્યું છે અને ઈન્ શા અલ્લાહ ! શહેર રહેશે. જે બુઝુર્ગોએ કહ્યું કે શહેર તે વસ્તી છે જ્યાંના મુસલમાન તેની મોટી મસ્જિદમાં ન સમાઈ શકે, એ ગલત છે, નહીં તો પછી મક્કા મોઅઝ્ઝમા તો શહેર ન રહેશે કે હરમ શરીફમાં મક્કાવાળા તો શું સર્વ હાજીઓ સમાઈ જાય છે, અને નાનુ ગામ જેમની મસ્જિદ નાની હોય તે શહેર બની જશે !

૯. આમ ઉલમા ફર્માવે છે કે જેવી રીતે હરમની હદોમાં એક નેકી એક લાખ બની જાય છે, એ જ પ્રમાણે એક ગુનોહ પણ એકનો લાખ છે. એટલા માટે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જેવી રીતે અહીંનો ગુનોહ અન્ય સ્થળોની સરખામણીમાં અધિક સખત છે, એ જ પ્રમાણે મુસલમાનના ખૂન, માલ, આબરૂ જુલ્મની રીતે બર્બાદ કરવી અધિક સખત છે. રબ તઆલા ફર્માવે છે : وَمَنْ يُّرِدْ فِيْهِ بِاِلْحَادٍ بِظُلْمٍ نُّذِقْهُ مِنْ عَذَابٍ اَلِيْمٍ (અને જે એમાં કોઈ ઝિયાદતીનો નાહક્ ઈરાદો કરે તેને અમે દર્દનાક અઝાબ ચખાડીશું. સૂ. હજ્જ, ૨૨/૨૫) મુહક્કિક્ ઉલમા ફર્માવે છે કે આ ઝિયાદતી કૈફિયતમાં છે ન કે માત્રામાં. રબ તઆલા ફર્માવે છે : وَمَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزٰٓى اِلَّا مِثْلَهَا (અને જે બુરાઈ લાવે તો તેને બદલો ન મળશે પણ એના બરાબર, અને એના પર જુલ્મ થશે નહીં. સૂ. અન્આમ, ૬/૧૬૦)

૧૦. એટલે કે ક્યામતમાં રબ તઆલા તમારા દરેક નાના મોટા જાની માલી અમલોનો હિસાબ કરશે, તો અત્યારથી એ હિસાબનો ખયાલ રાખો. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ફર્માવે છે : "હિસાબ આપતા પહેલાં પોતાનો હિસાબ ખુદ લેતા રહો."

★ રાફ્ઝીઓની રદ ★

૧૧. ضلال ફર્માવવામાં આવ્યું ضال નું બહુવચન. અમુક રિવાયતોમાં કાફિર છે, એટલે **મારા બાદ તમે લોકો ગુમરાહ અથવા કાફિરો જેવા જાલિમ ન બની જશો કે અમુક મુસલમાન અમુકને જુલ્મની રીતે ક્ત્લ કરવા લાગે.** આ સંબોધન કેવળ સહાબાએ કિરામને નથી બલ્કે ક્યામત સુધીની સર્વ ઉમ્મતને છે. **યાદ રાખશો કે આખરી ખિલાફ્તે ઉષ્માનિયા અને ખિલાફ્તે મુર્તઝવિયામાં જે સહાબાએ કિરામમાં લડાઈઓ થઈ તે ગલતફ્હમી અથવા ખતાએ ઈજતેહાદીની બિના પર હતી, ન કે નફ્સિયાત કે જુલ્મને કારણે હતી.**

જેમ કે હઝરત ખાલિદે ખુદ હુઝૂરે અન્વર ﷺના જમાનામાં એક ક़ૌમને જેમણે સબાના કહ્યું હતું તેમને કાફિર સમજીને ક़त्લ કરી દીધી અને હઝૂરે અન્વર ﷺએ ખાલિદને ન ફાસિક़ ઠરાવ્યા ન જાલિમ અથવા કાફિર, બલ્કે તેમને તૌબાનો પણ હુકમ ન આપ્યો. અહીં જાલિમ ક़ાતિલને કાફિર કે ગુમરાહ કહેવું અમલના લેહાઝથી છે ન કે અક़ીદાના એતબારથી. એટલે આ ક़त्લ તથા ખૂનરેઝી કાફિરોનો તરીક़ો છે. જેમ કે કુર્આને કરીમમાં ફર્માવે છે : وَاتَّقُوْهُ وَاَقِيْمُوا الصَّلٰوةَ وَلَا تَكُوْنُوْا مِنَ الْمُشْرِكِيْنَ (અને નમાઝ ક़ાયમ રાખો અને મુશ્રિકો જેવા ન બનો. સૂ. રૂમ, ૩૦/૩૧) જ્યારે કે નમાઝ ન પઢવી શિર્ક નથી. જેથી આ હદીષથી રાફઝીઓ એવું નથી કહી શકતા કે સહાબા હુઝૂર પછી આપસની જંગોના કારણે કાફિર થઈ ગયા.

૧૨. હુઝૂરે અન્વર ﷺએ અહીં ત્રણ ચીજો ફર્માવી : **એક** પોતાની તબ્લીગ પર સૌને ગવાહ બનાવ્યા. હજી પણ હાજીઓ રોઝએ અક़્દસ પર અર્ઝ કરે છે, યા રસૂલલ્લાહ ! ﷺ આપે પૂરી તબ્લીગ કરી આપી. આ અર્ઝ એ સવાલનો જવાબ છે. **બીજુ** તમામ સહાબીઓને હદીષોની તબ્લીગનો હુકમ આપ્યો. ઉલમાએ જોઈએ કે દીન છુપાવે નહીં, એ હુઝૂરની અમાનત છે, એને ઉમ્મતના હવાલે કરી આપે. **ત્રીજુ** એ કે રહમતે ઈલાહીનો દરવાજો હમેશાં ખુલ્લો રહેશે, ઈસ્લામના ચમનમાં ફૂલ ખીલતાં રહેશે. મારા બાદ અમુક ઉલમા આજકાલના અમુક સહાબાથી અધિક ઝહીન (તીવ્ર બુદ્ધિવાળા) તથા નુક़્તા રસા (મુદ્દા કાઢનારા) થશે. રબે પોતાના હબીબની આ વાતને કેવી સાચી કરી, સુબ્હાનલ્લાહ ! ચારેવ મુજતહિદ ઈમામો, અન્ય સૂફીઓ, ફક़ીહો બાદમાં પેદા થયા જેમણે એ જ હદીષો થકી કિંમતી મોતી કાઢયાં, દીનને સ્પષ્ટ કરી આપ્યો.

''હઝરત વબરાથી રિવાયત છે. ફર્માવે છે, મેં હઝરત ઈબ્ને ઉમરને પૂછ્યું[૧] કે હું જમરાઓની રમી ક્યારે કરું ? ફર્માવ્યું, જ્યારે તમારો ઈમામ રમી કરે તો તમે પણ કરો.[૨] મેં ફરીથી એ જ સવાલ કર્યો તો ફર્માવ્યું, અમે સમયની રાહ જોતા રહેતા હતા, જ્યારે સૂરજ ઢળી જતો તો અમે રમી કરી લેતા હતા.[૩]''

(બુખારી)

★ હદીષ : (૨)-૨૬૬૦ ★

وَعَن وَبرةَ قَالَ: سَأَلْتُ ابْنَ عُمَرَ: مَتَى أَرْمِي الْجِمَارَ؟ قَالَ: إِذَا رَمَى إِمَامُكَ فَارْمِهِ فَأَعَدْتُ عَلَيْهِ الْمَسْأَلَةَ. فَقَالَ: كُنَّا نَتَحَيَّنُ فَإِذَا زَالَتِ الشَّمْسُ رمينَا. رَوَاهُ الْبُخَارِيّ

૧. વબર્શ ઈબ્ને અબ્દુર્રહમાન તાબઈ છે. હઝરત ઈબ્ને અમ્ર સઈદ જુબેરથી રિવાયતો કરે છે. આપની કુન્નિયત અબૂ ખુઝૈમા હારષી છે.

૨. એટલે કે તમારામાં જ્યારે મોટા ઉલમા રમી કરે તો તમે પણ કરો. દરેક મસ્અલો પૂછવાની જરૂરત નથી. ઉલમાની પયરવી કરવી જોઈએ. **આલિમની પયરવી કરનાર રબને સાલિમ (સારો) થઈને મળશે.** અહીં يوم النحر (નહરના દિવસ) બાદની રમીના બારામાં સવાલ હતો, જેવું કે જવાબથી માલૂમ પડી રહ્યું છે. જાણવા મળ્યું કે દરેક વાત આલિમથી પૂછવી જ ન જોઈએ, બલ્કે એમને જોઈને પણ મસાઈલ હલ કરી લેવા જોઈએ. અહીં આલિમે બાઅમલનું વર્ણન છે.

૩. એટલે અમે દસમી બક़્ ઈદ પછીની રમી ઝોહરની નમાઝ બાદ કર્યા કરતા હતા. અહીં પણ આપે સહાબાનો અમલ જ બતાવ્યો, એટલે કે મસ્અલો ઉલમાના અમલથી સાબિત કર્યો. રમીના સમયોનું વર્ણન વિગતવાર અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે.

★ હદીષ : (3)-૨૬૬૧ ★

وَعَن سالمٍ عَن ابنِ عمر: أَنَّهُ كَانَ يَرْمِي جَمْرَةَ الدُّنْيَا بِسَبْعِ حَصَيَاتٍ يُكَبِّرُ على إِثْرَ كُلِّ حَصَاةٍ ثُمَّ يَتَقَدَّمُ حَتَّى يُسْهِلَ فَيَقُومُ مُسْتَقْبِلَ الْقِبْلَةِ طَوِيلًا وَيَدْعُو وَيَرْفَعُ يَدَيْهِ ثُمَّ يَرْمِي الْوُسْطَى بِسَبْعِ حَصَيَاتٍ يُكَبِّرُ كُلَّمَا رَمَى بِحَصَاةٍ ثُمَّ يَأْخُذُ ذَاتَ الشِّمَالِ فَيُسْهِلُ وَيَقُومُ مُسْتَقْبِلَ الْقِبْلَةِ ثُمَّ يَدْعُو وَيَرْفَعُ يَدَيْهِ وَيَقُومُ طَوِيلًا ثُمَّ يَرْمِي جَمْرَةَ ذَاتِ الْعَقَبَةِ مِنْ بَطْنِ الْوَادِي بِسَبْعِ حَصَيَاتٍ يُكَبِّرُ عِنْدَ كُلِّ حَصَاةٍ وَلَا يَقِفُ عِنْدَهَا ثُمَّ يَنْصَرِفُ فَيَقُولُ: هَكَذَا رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَفْعَله. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત સાલિમથી રિવાયત છે. તે હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરે છે કે તે નજીકવાળા જમરાની[૧] સાત કાંકરીઓ વડે રમી કરતા હતા. દરેક કાંકરી પર તકબીર કહેતા હતા.[૨] પછી આગળ વધી જતા, ત્યાં સુધી કે નરમ જમીનમાં આવી જતા પછી ક़िબ્લા તરફ ચહેરો કરી મોડે સુધી ઉભા રહેતા, હાથ ઉઠાવેલ રાખી દુઆ માગતાં.[૩] પછી મધ્યવાળા જમરાની સાત કાંકરીઓ વડે રમી કરતા[૪] જ્યારે પણ કાંકરી ફેંકતા તો તકબીર કહેતા. પછી ડાબી બાજુ હટી જતા, નરમ જમીનમાં પહોંચી જતા, ક़िબ્લા રૂ ઉભા રહેતા પછી હાથ ઉઠાવીને દુઆ કરતા મોડે સુધી ઉભા રહેતા. પછી બતને વાદીથી પાછળવાળા જમરાને સાત કાંકરીઓ મારતા[૫] કે દરેક કાંકરી પર તકબીર કહેતા હતા પણ એની પાસે ઉભા રહેતા ન હતા[૬] પછી પરત થઈ જતા. હઝરત ઈબ્ને ઉમર ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺ ને આ અમલ કરતા જોયા.[૭]'' (બુખારી)

૧. આ સુતૂન (થાંભલા)નું નામ જમરએ ઉલા (પહેલો જમરો) પણ છે અને જમરઅ દયના પણ, કેમ કે મસ્જિદે હુનૈફથી નજીક છે. એની નજીક નબી કરીમ ﷺએ હજમાં રોકાણ કર્યું હતું.

૨. આ જમરાની રમી ૧૧મી, ૧૨મી, તેરમી બક્ક ઈદના થાય છે. દસમી એ કેવળ જમરએ ઉક़્બા (મોટા શૈતાન)ની રમી છે. દરેક કાંકરીની સાથે તકબીર કહેવી જોઈએ કે બાદમાં على اثر થી એ જ મુરાદ છે. કાંકરી ફેકવાની શરૂઆત અલ્લાહ પર અને અંત અકબર પર થાય છે. જેથી على اثر ફર્માવવું દુરુસ્ત છે. કેવળ અલ્લાહુ અકબર કહેવું પૂરતું છે. અમુક હાજીઓ بسم الله الله اكبر કહે છે, અમુક લોકો કાંઈક દુઆ પણ પઢે છે તો એમાં વાંધો નથી.

(મિર્ક़ાત તથા ફ़त्हुल क़दीर)

૩. એટલે કે જમીનના સખત હિસ્સા પર ઉભા રહીને તો રમી કરતા હતા પછી રમી બાદ ત્યાંથી હટી જતા જેથી અન્ય રમી કરનારા માટે જગા ખાલી થઈ જાય અને નરમ ભાગમાં આવીને ક़िબ્લા રૂ થઈને મોડે સુધી દુઆઓ માગતા રહેતા. હવે એ જ સુન્નત છે. સૂરએ બક़રહ તિલાવત કરવાના સમય જેટલુ ઉભા રહીને દુઆઓ કરતા રહેતા. હવે લોકો થોડુક જ રોકાય છે.

★ રમીનો સુન્નત તરીક़ો ★

૪. રમીમાં જમરાઓનો ક્રમ અહનાફમાં સુન્નત છે. શાફઈઓને ત્યાં વાજિબ અને લગાતાર રમી કરવી કે દરેક જમરાની રમી, દુઆ બાદ તરત બીજાની રમી કરવી અહનાફને ત્યાં સુન્નત છે, ઈમામ માલિકને ત્યાં વાજિબ છે. એટલા માટે હાજીઓને જોઈએ કે ક્રમસર અને સતત રમી કરે, જેવી રીતે વુઝૂનાં અંગોને ધોવું ક્રમસર અને સતત (એક પછી એક) જોઈએ એ જ પ્રમાણે.

૫. જમરએ ઉક્બા (મોટા શૈતાન)ની સામે રસ્તાના કિનારે ઉતરતી જમીન છે (જો કે હવે બધુ બદલાઈ ગયું છે) એના સામે ઊંચી જમીન છે. સુન્નત એ છે કે નીચાણવાળી જમીનથી રમી કરે જેથી ઉપરવાળી જમીન પર ઉભેલા માણસને કાંકરી ન વાગે. ઉપરની તરફથી રમી કરવામાં નીચેવાળાને લાગી જવાથી તકલીફ પહોંચવાનો અંદેશો છે, પણ એ સુન્નત છે. જો કોઈ ઊંચાઈની બાજુથી રમી કરે તો પણ જાઈઝ છે. અમુક સહાબાએ એવું કર્યું તો અન્ય હઝરાતે એના પર ન વાંધો લીધો ન દોહરાવવાનો હુકમ આપ્યો. ખુદ હુઝૂરે અન્વર ﷺએ આ નીચાણવાળી જમીનથી રમી કરી પણ ઊંચાઈ તરફથી રમીની મનાઈ નથી કરી. જેથી હક્ક એ છે કે આ સુન્નત છે અને એ જાઈઝ છે (મિર્કાત) આ નીચાણવાળી જમીનનું નામ બતને વાદી છે.

૬. જમરએ ઉક્બાની રમીના પછી ત્યાં ન થોભવું અને તરત જ પોતાની મંઝિલ વગેરેએ આવી જવું સુન્નત છે. અથવા એટલા માટે કે જગા જાહેર માર્ગ છે જેથી ત્યાં ઉભા રહેવું અન્ય લોકોની તકલીફનો સબબ છે, અથવા એટલા માટે કે હવે રમીની ઈબાદત ખત્મ થઈ ચૂકી. ઈબાદત દરમ્યાનની દુઆ પૂરતી થઈ ગઈ. અથવા એટલા માટે કે હાજી પર અલ્લાહની રહમતનો નુઝૂલ થઈ ચૂક્યો છે, હવે રોકાવાની તકલીફ વેઠવી જરૂરી નથી. સારાંશ સુન્નત એ જ છે કે એ રમી પર ન રોકાય. واللّٰه ورسوله اعلم *(મિર્કાત)*

૭. એટલે કે એ વર્ણવેલ અમલ સુન્નતે રસૂલ પણ છે અને સુન્નતે સહાબા પણ છે.

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબે રસૂલુલ્લાહ ﷺ થી મિનાની રાતોમાં મક્કા મોઅઝ્ઝમા રહેવાની ઈજાઝત માગી[1] ઝમ ઝમ પીવડાવવાના કારણે[2] તો હુઝૂરે તેમને ઈજાઝત આપી દીધી.[3]" (મુસ્લિમ, બુખારી)	**★ હદીષ : (૪)-૨૬૬૨ ★** (مُتَّفَقٌ عَلَيْهِ) وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: اسْتَأْذَنَ الْعَبَّاسُ بْنُ عَبْدِ الْمُطَّلِبِ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ يَبِيتَ بِمَكَّةَ لَيَالِيَ مِنْ أَجْلِ سِقَايَتِهِ فَأَذِنَ لَهُ

૧. એટલે કે અર્ઝ કરી કે હું ૧૧મી, ૧૨મી, ૧૩મી ઝીલ હજ્જના દિવસમાં મિના આવીને જમરાઓની રમી કરી જયા કરીશ, બાકી સમયોમાં મક્કા મોઅઝ્ઝમામાં જ રહીશ, જેનું કારણ આગળ આવી રહ્યું છે.

૨. એટલે કેમ કે મારા માથે કૂવાએથી આબે ઝમઝમ કાઢવાની તથા લોકોને પીવડાવવાની ખિદમત છે. લોકો દરેક સમયે, ખાસ કરીને તવાફ પછી અને ખાસ કરીને આ દિવસોમાં તવાફે ઝિયારત પછી ઝમઝમ પીએ છે. જો હું મિનામાં રહું તો આ ખિદમત સારી રીતે અંજામ નથી આપી શકતો. યાદ રાખશો કે આ ઝમઝમ કાઢવા તથા પીવડાવવાની ખિદમત કુસા ઈબ્ને કલાબને મળી હતી. પછી તેમના પુત્ર અબ્દુલ મુનાફને, પછી તેમના પુત્ર હાશિમને, પછી તેમના પુત્ર અબ્દુલ મુત્તલિબને મળી, પછી તેમના ફરઝંદ અબ્બાસને મળી. તેમનાથી અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસને, તેમનાથી તેમના પુત્ર અલી ઈબ્ને અબ્દુલ્લાહને મળી અને આજ સુધી એ ખિદમત આલે અબ્બાસના જ કબજામાં છે. જેવી રીતે કે કા'બા મોઅઝ્ઝમાની ચાવીઓ રાખવાની જિમ્મેદારી તલ્હા ઈબ્ને અબ્દુલ્લાહ શયબાની ઔલાદના કબજામાં છે. ત્યાંની ખિદમતો વહેંચાઈ ચૂકીછે, જે રિવાજ મુજબ તબદીલ થતી રહે છે.

૩. યાદ રાખશો કે મિનાના સમયમાં રાતો મિનામાં ગુજારવી આપણે ત્યાં સુન્નત છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં મોટાભાગની રાત ત્યાં રહેવું વાજિબ છે, પણ એ બંનેવ ઈમામોને ત્યાં સખત મજબૂરી અથવા મઅઝૂરીમાં આ હુકમ ઉઠી જાય છે.

તવાફે ઝિયારત પછી ઝમઝમ પીવુ સુન્નત

★ હદીષ : (૫)-૨૬૬૩ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ جَاءَ إِلَى السِّقَايَةِ فَاسْتَسْقَى. فَقَالَ الْعَبَّاسُ: يَا فَضْلُ اذْهَبْ إِلَى أُمِّكَ فَأْتِ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِشَرَابٍ مِنْ عِنْدِهَا فَقَالَ: «اسْقِنِي» فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِنَّهُمْ يَجْعَلُونَ أَيْدِيَهُمْ فِيهِ قَالَ: «اسْقِنِي» . فَشرب مِنْهُ ثُمَّ أَتَى زَمْزَمَ وَهُمْ يَسْقُونَ وَيَعْمَلُونَ فِيهَا. فَقَالَ: «اعْمَلُوا فَإِنَّكُمْ عَلَى عَمَلٍ صَالِحٍ» . ثُمَّ قَالَ: «لَوْلَا أَنْ تُغْلَبُوا لَنَزَلْتُ حَتَّى أَضَعَ الْحَبْلَ عَلَى هَذِهِ» . وَأَشَارَ إِلَى عَاتِقِهِ. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ઝમઝમ પીવાના સ્થળ પર તશરીફ લાવ્યા. પાણી માગ્યુ[૧] તો હઝરત અબ્બાસે ફર્માવ્યું, હે ફઝ્લ ! તમારી મા પાસે જાવ તેમની પાસેથી રસૂલુલ્લાહ ﷺ ના માટે પાણી લઈ આવો.[૨] હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું, મને પાણી પીવડાવો[૩] અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આમાં લોકો હાથ નાખે છે. ફર્માવ્યું, અમને પાણી પીવડાવો. જેથી હુઝૂરે એનાથી જ પીધું[૪] પછી ઝમઝમના કૂવે તશરીફ લાવ્યા જ્યારે કે તે પાણી ભરી રહ્યા હતા, અને એમાં કામકાજ કરી રહ્યા હતા, તો ફર્માવ્યું કે જાવ ! તમે સારા કામમાં લાગેલા છો[૫]. પછી ફર્માવ્યું, જો એ અંદેશો ન હોત કે તમે મગ્લૂબ થઈ જશો તો અમે ખુદ ઉતરતા ત્યાં સુધી કે રસ્સી એના પર રાખતા અને પોતાના ખભાની તરફ ઈશારો કર્યો[૬].'' (બુખારી)

૧. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે ખુદ ઝમઝમના કૂવા પર જવું અને પાણી ભરનારાઓથી માગીને ઝમઝમ પીવું પણ સુન્નત છે, જેવી રીતે કે ઘર પર મંગાવીને પીવું સુન્નત છે. **બીજુ** એ કે પાણી વગેરે માગવું મના નથી, અને આ એ સવાલોમાંથી નથી જેમાં બેઈજ્જતી છે જેનાથી શરીઅતમાં મનાઈ છે. બેઈજ્જતીનો સવાલ કરવો કાંઈ ઔર છે અને ખિદમતનો સવાલ કાંઈ ઔર છે. લગભગ આ બનાવ ૧૦મી બક્ક ઈદનો છે જ્યારે હુઝૂરે અન્વર ﷺ મિનાથી તવાફ કરવા માટે મક્કા મોઅઝ્ઝમા તશરીફ લાવ્યા અને તવાફ બાદ મિના પરત થઈ ગયા, એટલા માટે ઉલમા ફર્માવે છે કે **તવાફે ઝિયારત બાદ ઝમઝમ પીવું સુન્નત છે.**

૨. એટલે કે ફરઝંદ ફઝ્લ ! અમે તમારા લોકો માટે ઝમઝમ અમારા ઘરે મોકલી આપેલ છે જેમાં લોકોના હાથ નથી પડયા, કોઈના ઉપયોગમાં નથી આવ્યું, હુઝૂરે અન્વર ﷺ ના માટે એમાં પાણી લાવો ! જાણવા મળ્યું કે ઝમઝમ શરીફ ઘરોમાં મોકલવું પણ સુન્નત છે, જેમ કે આજે પણ ત્યાં રિવાજ છે કે હાજીઓના ઉતારાઓ પર મોઅલ્લિમ લોકો દરરોજ ઝમઝમ મોકલે છે, તેની અસલ (દલીલ) આ હદીષ છે.

૩. એટલે કે એ જ (પાણી પીવાના વાસણ)થી પીવડાવો જ્યાંથી આમ હાજીઓ પી રહ્યા છે કે જેથી અહીં દરેક નાના મોટાની બરાબરીનું પ્રદર્શન થાય.

૪. દારુત્નીએ પોતાના ઈફરાદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરફૂઅન્ રિવાયત કરી કે **તવાઝોઅ તથા ઈન્કેસારી (આજીજી, નમ્રતા)માંથી એ છે કે મુસલમાન ભાઈનું એઠુ પાણી પીઓ.** અમુક રિવાયતોમાં છે કે હુઝૂર ﷺ મુસલમાનોના વુઝૂથી બચેલુ પાણી પીવું પસંદ કરતા હતા. સારાંશ **સામાન્ય સંજોગોમાં અને ખાસ કરીને હજ્જમાં પોતાને મોટાઈ તથા ફખ્રથી બચાવે.**

૫. કેમ કે ઝમઝમ શરીફ કૂવામાંથી કાઢવું પણ ઈબાદત છે અને પીવડાવવું પણ ઈબાદત છે. યાદ રાખશો કે હઝરત અબ્બાસ رضی اللہ عنہ ઝમઝમના વ્યવસ્થાપક હતા. તેમના હેઠળમાં રહી ઘણા લોકો પાણી કાઢતા અને પીવડાવતા હતા. વ્યવસ્થા તેમની જ રહેતી.

૬. એટલે કે જો હું લોકોની સામે ઝમઝમ ભરવાનું શરૂ કરી દઉં તો લોકો એ જ અમલને સુન્નત સમજીને એ જ કામના માટે દોડી પડશે, પછી ડોલ રસ્સી તમારા હાથ ન આવશે, એટલા માટે હું એવું નથી કરતો, નહીં તો દિલ ચાહે છે કે હું પણ ડોલ ભરું. અમુક રિવાયતોમાં છે કે હુઝૂરે અન્વર ﷺએ ડોલ ભરી અને ડોલથી જ ઝમઝમ પીધું, પછી થોડુક પાણી ડોલમાં નાખ્યુ અને તે ડોલ કૂવામાં નાખી દીધી. આ બીજા મોકા પર છે. જેથી હદીષોમાં ટકરાવ નથી. (મિર્કાત) ઉલમા ફર્માવે છે કે **ઝમઝમના કૂવા પર ચઢીને એમાં ઝાંકવું નિફાકને દૂર કરે છે** અને ખુદ ડોલ ભરવી ઘણુ બેહતર છે. જો મયસ્સર થાય તો. એની અસ્લ (દલીલ) પણ મૌજૂદ છે. (અલ્હમ્દુલિલ્લાહ ! અમે હિ.સ ૧૪૨૪, ઈ.સ. ૨૦૦૩માં કૂવો જોયો હતો. હાલ તો કૂવો પણ જોવાનો નથી રહ્યો. ડાયરેક્ટ ડ્રમોમાં પાણી મૂકાય છે. બધું જ અંડરગ્રાઉન્ડ થઈ ગયું છે. –અનુવાદક)

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ મુહસ્સબ સ્થળે[૧] ઝોહર તથા અસર, મગરિબ તથા ઈશા પઢી, પછી થોડુક સૂતા, પછી બયતુલ્લાહની તરફ સવાર થઈ ગયા તો તેનો તવાફ કર્યો[૨]." (બુખારી)

★ હદીષ : (૬)-૨૬૬૪ ★

وَعَنْ أَنَسٍ رَضِيَ اللّٰهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَلَّى الظُّهْرَ وَالْعَصْرَ وَالْمَغْرِبَ وَالْعَشَاءَ ثُمَّ رَقَدَ رَقْدَةً بِالْمُحَصَّبِ ثُمَّ رَكِبَ إِلَى الْبَيْتِ فَطَافَ بِهِ. رَوَاهُ الْبُخَارِيُّ

★ મુહસ્સબમાં રોકાવું સુન્નત ★

૧. محصب (મુહસ્સબ) અરબીમાં કાંકરાવાળી જમીનને કહે છે. હવે એક સ્થળનું નામ છે જે મક્કા મોઅઝ્ઝમાથી મિના જતાં રસ્તામાં આવે છે. જન્નતુલ મઅલા એટલે મક્કા મોઅઝ્ઝમાના કબ્રસ્તાનથી અડીને આવેલ છે, અને બત્હ, બત્હા ખયફે બની કનાના પણ કહે છે. આ બનાવ તેરમી ઝીલ હજ્જનો છે. જ્યારે સરકાર ﷺ મિનાથી પરવારીને મક્કા મોઅઝ્ઝમા પરત થઈ રહ્યા હતા. તવાફે ઝિયારત તો હુઝૂરે અન્વર ﷺ દસમી ઝીલ હજ્જના જ કરી ચૂક્યા હતા. મક્કા મોઅઝ્ઝમા પહોંચવાની જલ્દી ન હતી. જો રબ નસીબ કરે તો આજે પણ મુહસ્સબમાં રોકાવું જોઈએ.

૨. એ તવાફે વિદાઅ હતો જે મક્કા મોઅઝ્ઝમાંથી મદીના મુનવ્વરા તરફ રવાનગી વખતે કરવામાં આવ્યો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે મુહસ્સબમાં આ રોકાણ ઈરાદાપૂર્વક ન હતું પણ આકસ્મિક રીતે હતું. (બુખારી) હઝરત અબૂ રાફેઅ ફર્માવે છે કે મને હુઝૂરે અન્વર ﷺએ મુહસ્સબમાં તંબૂ લગાડવાનો હુકમ આપ્યો ન હતો, મેં પોતે જે મારી રીતે ત્યાં તંબૂ તાણી દીધો અને સરકાર ﷺએ ત્યાં રોકાણ કર્યું. (મુસ્લિમ) હઝરત ઓસામા ઈબ્ને ઝયદ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺએ મને મિનામાં ફર્માવ્યું હતું કે અમે કાલે હુનૈફ બની કનાનામાં ઉતરીશું જ્યાં કુરૈશે મુસલમાનોના બોયકોટ માટે કસમો ખાધી હતી. ખુલફાએ રાશિદીન પણ હજ્જના મોકા પર આ તારીખમાં અહીં રોકાણ કરતા હતા. મકસદ હતો રબની નેઅમતનો શુક્ર કરવાનો કે કાલે અમારા બોયકોટ માટે અહીં કસમો ખાવામાં આવતી હતી, અને આજે અમને અલ્લાહે અહીં આઝાદી અર્પણ કરી છે. આ રિવાયતોથી પરિણામ એ નીકળે છે કે મુહસ્સબમાં થોભવું સુન્નત છે, પણ વાજિબ નથી. મયસ્સર થાય તો બહુ સારું. (મિર્કાત તથા લમ્આત વગેરે)

(مُتَّفِق عَلَيْهِ) ★ હદીષ : (૭)-૨૬૬૫ ★

وَعَنْ عَبْدِ الْعَزِيزِ بْنِ رُفَيْعٍ قَالَ: سألتُ أنسَ بنَ مالكٍ. قُلْتُ: أَخْبِرْنِي بِشَيْءٍ عَقَلْتَهُ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أَيْنَ صَلَّى الظُّهْرَ يومَ التروية؟ قَالَ: بمنى. قلت: فَأَيْنَ صَلَّى الْعَصْرَ يَوْمَ النَّفْرِ؟ قَالَ: بِالْأَبْطَحِ. ثُمَّ قَالَ افْعَلْ كَمَا يَفْعَلُ أُمَرَاؤُكَ

''હઝરત અબ્દુલ અઝીઝ ઈબ્ને રફીઅથી રિવાયત છે. ફર્માવે છે કે મેં હઝરત અનસ ઈબ્ને માલિકથી પૂછયું, મેં કહ્યું, મને તે ચીજ બતાવો જે આપે રસૂલુલ્લાહ ﷺ થી સમજીને યાદ કરી હોય. હુઝૂરે અન્વર ﷺ એ આઠમી બક્ર ઈદના ઝોહર ક્યાં પઢી ? ફર્માવ્યું, મિનામાં[૨]. અર્ઝ કરી, પછી પરત થવાના દિવસે અસર ક્યાં પઢી ? ફર્માવ્યું, મક્કામે અબ્તહ્મા[૩]. પછી ફર્માવ્યું, જેવું તમારા અમીર કરે તેવું તમે પણ કરો[૪].'' (મુસ્લિમ)

૧. એટલે કે હુઝૂરે આઠમી બક્ર ઈદના રોજ ફજર તો મક્કા મોઅઝ્ઝમામાં પઢી, ફર્માવો ઝોહર ક્યાં પઢી ?

★ ફજર બાદ મક્કાથી મિના જવું સુન્નત છે ★

૨. જાણવા મળ્યું કે આઠમી બક્ર ઈદના ફજરની નમાઝ બાદ મક્કા મોઅઝ્ઝમાથી મિના રવાના થઈ જવું સુન્નત છે, ઝોહર મિનામાં પઢવી.

૩. પરત થવાના દિવસ બે છે : નફરે અવ્વલ (હાજીઓના પરત થવાનો પ્રથમ દિવસ)એ દસમી બક્ર ઈદના છે, જ્યારે મિનાથી મક્કા મોઅઝ્ઝમા તવાફ કરવા આવે છે. અને નફરે દોમ (બીજો દિવસ) તેરમી બક્ર ઈદના જ્યારે મિનાના કાર્યોથી પરવારીને પરત થાય છે. અહીં નફરે દોમ (બીજા દિવસ)ના વિશે સવાલ છે. જ્યારે જણાય રહ્યું છે કે હુઝૂરે અન્વર ﷺ એ આજે અસર મુહસ્સબ એટલે અબ્તહ્મા પઢી અને અગાઉ આવી ગયેલી હદીષથી માલૂમ થયું કે ઝોહર અહીં પઢી. શક્ય છે કે આજે તેરમીના ઝવાલ બાદ રમી કરી હોય અને અસરની નજીક અહીં પહોંચીને ઝોહર તથા અસર અહીં જ પઢી હોય.

★ અમીરે હજ્જની વિરૂધ્ધ જવામાં ખતરો છે ★

૪. એટલે કે હવે જે અમીરે હજ્જ કરે તેમ તમે પણ કરો. જો તે મુહસ્સબમાં રોકાય તો તમે પણ રોકાવ,જો ન રોકાય તો તમે પણ ન થોભો, કેમ કે એમની વિરૂધ્ધ કરવામાં ખતરો છે. અહીં થોભવું વાજિબ નથી કે જેથી જરૂર કરવામાં આવે. *(મિર્કાત)*

(مُتَّفِق عَلَيْهِ) ★ હદીષ : (૮)-૨૬૬૬ ★

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: نُزُولُ الْأَبْطَحِ لَيْسَ بِسُنَّةٍ إِنَّمَا نَزَلَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِأَنَّهُ كَانَ أسمح لِخُرُوجِهِ إِذا خرج

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે મક્કામે અબ્તહ્મા ઉતરવું સુન્નત નથી[૧] ત્યાં રસૂલુલ્લાહ ﷺ એટલા માટે ઉતર્યા હતા કે આપની રવાનગીના માટે અધિક આસાન હતું.[૨]'' (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે સુન્નતે મોઅક્કદા નથી અથવા હજની સુન્નત નથી જેના છૂટી જવાથી હજ અપૂર્ણ થઈ જાય. અથવા સુન્નતે હુદા નથી બલ્કે સુન્નતે ઝાઈદ છે. યાદ રાખશો કે **હુઝૂરે અન્વર ﷺનું દરેક કામ જે ઉમ્મતના માટે અમલને પાત્ર હોય તે સુન્નત છે.** ભલે હુઝૂરે અન્વર ﷺએ એક જ વાર પણ કર્યું હોય અને ભલે આદતે કરીમાના રૂપે જ હોય. હા ! જે ખિલાફે ઉલા કામ જાઈઝના વર્ણન માટે કર્યા છે અથવા તાલીમના રૂપે કર્યા તે

આનાથી અપવાદ છે. સુન્નતની પૂરી ચર્ચા પ્રકારો સહિત અમારી કિતાબ "જાઅલ હક્ક" ભાગ–૨માં જુઓ.

૨. એટલે કે મિનાથી પરત થતાં મુહ્સ્સબમાં જેને અબ્તહ પણ કહે છે ત્યાં ઉતરવું, ત્યાં રોકાણ કે આરામ કરવો હજની સુન્નત નથી. હુઝૂરે અન્વર ﷺએ એટલા માટે ત્યાં રોકાણ કર્યું કે એ રોકાણમાં પોતાનો સામાન ત્યાં જ છોડી આપ્યો અને મક્કા મોઅઝ્ઝમા જઈને તવાફે વિદાઅ કર્યો, પછી એ જ રસ્તે થઈને મદીના મુનવ્વરા રવાના થયા. રસ્તામાં અહીંથી પોતાનો સામન લઈ લીધો. આ શરહના આધારે હદીષ તદ્દન સ્પષ્ટ છે. આમાં કોઈ ઊંચ નીચ નથી. યાદ રાખશો કે ખુલફાએ રાશિદીન હઝરાત તથા ઈબ્ને અબ્બ વગેરે رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ આ અબ્તહમાં રોકાણને હજની સુન્નત કહેતા હતા. તેમની નજીક હુઝૂરે અન્વર ﷺએ ઈરાદાપૂર્વક અહીં રોકાણ કર્યું હતું, જેથી મુશ્રિકોના અમલની રદ થાય અને ખુદાનો શુક્ર કરે, કે કાલ સુધી અહીં ઈસ્લામની વિરૂધ્ધ બોયકોટની કમિટીઓ થતી હતી અને આજે અમે આઝાદીની રીતે અહીં નમાઝો પઢી રહ્યા છીએ, જેમ કે તવાફમાં રમલ કરવામાં આવે છે. અને હઝરત આઈશા સિદ્દીકા, ઈબ્ને અબ્બાસ, અબૂ રાફેઅ વગેરે رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ને ત્યાં એ હજની સુન્નત નથી. હુઝૂરે અન્વર ﷺએ આકસ્મિક રીતે અહીં રોકાણ કર્યું હતું. એ જ કૌલ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ નો છે, પણ ત્યાં કયામ જો નસીબ થાય તો બેહતર છે કે, ભલે તે હજની સુન્નત નથી પણ મુત્લક્ન સુન્નત છે. *(લમ્આત તથા અશિઅહ)*

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, મેં તન્ઈમ સ્થળેથી ઉમરાનો એહરામ બાંધ્યો પછી મક્કા મોઅઝ્ઝમા આવી મારો ઉમરો પૂરો કર્યો[૧] રસૂલુલ્લાહ ﷺ એ મકામે અબ્તહમાં મારી રાહ જોઈ ત્યાં સુધી કે હું પરવારી ગઈ.[૨] પછી લોકોને કૂચ કરવાનો હુકમ આપ્યો. પછી આપ ત્યાંથી આવ્યા તો બયતુલ્લાહ શરીફ પર ગુજર્યા. ફજરથી પહેલાં તેનો તવાફ કર્યો[૩] પછી મદીના મુનવ્વરા તરફ રવાના થઈ ગયા. મેં આ હદીષ મુસ્લિમ, બુખારીની રિવાયતથી ન પામી બલ્કે આખરમાં થોડા ફેરફાર સાથે અબૂ દાઉદની રિવાયતથી પામી.[૪]"

★ હદીષ : (૯)-૨૬૬૭ ★

وَعَنْهَا قَالَتْ: أَحْرَمْتُ مِنَ التَّنْعِيمِ بِعُمْرَةٍ فَدَخَلْتُ فَقَضَيْتُ عُمْرَتِي وَانْتَظَرَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم بالأبطحِ حَتَّى فَرَغْتُ فَأَمَرَ النَّاسَ بِالرَّحِيلِ فَخَرَجَ فَمَرَّ بِالْبَيْتِ فَطَافَ بِهِ قَبْلَ صَلَاةِ الصُّبْحِ ثُمَّ خَرَجَ إِلَى الْمَدِينَةِ. هَذَا الْحَدِيثُ مَا وَجَدْتُهُ بِرِوَايَةِ الشَّيْخَيْنِ بَلْ بِرِوَايَةِ أَبِي دَاوُدَ مَعَ اخْتِلَاف يسير فِي آخِره

૧. ઉમ્મુલ મો'મિનીનનો આ ઉમરો તે છે જે હજથી પહેલાં રહી ગયો હતો કે ઉમરાનો એહરામ હતો પણ માહવારીના કારણે અદા ન થઈ શક્યો, હવે બાદમાં કરવામાં આવ્યો. કેમ કે ઉમરાનો એહરામ હરમ બહારથી બંધાય છે એટલા માટે આપ મકામે તન્ઈમ ગયાં જે હરમની હદથી બહાર મક્કા મોઅઝ્ઝમાથી ત્રણ માઈલ દૂરની જગા છે. હવે ત્યાં મસ્જિદે આઈશા છે. આમ હાજીઓ ઉમરાનો એહરામ બાંધવા ત્યાં જાય છે.

૨. ઉમ્મુલ મો'મિનીન, હુઝૂરે અન્વર ﷺના મુહ્સ્સબમાં કયામ (રોકાણ) કરવાનું કારણ વર્ણવી રહ્યાં છે કે અહીં હુઝૂરે અન્વર ﷺએ મારા ઉમરાની રાહ જોવામાં રોકાણ કર્યું હતું. મક્સદ એ જ છે કે એ રોકાવું હજની સુન્નત નથી.

૩. આ તવાફે વિદાઅ હતો જેને મક્કા મોઅઝ્ઝમાથી જતી વખતે હાજીઓ અદા કરે છે, ન એમાં રમલ છે ન એના પછી સઈ. એ તવાફ કરીને ત્યાંથી રવાના થઈ જાય છે. લગભગ હુઝૂરે અન્વર ﷺએ તવાફ તો ફજરની

નમાઝથી પહેલાંથી કર્યો હશે પણ ત્યાંથી રવાનગી ફજર બાદ ઈશ્રાક તથા સુન્નત, તવાફ અદા કરીને કરી હશે. તવાફના નફ્લ દરેક જગાએ દુરૂસ્ત છે.

૪. આ વાક્યમાં મસાબીહના લેખક પર બે વાંધાઓ છે : **એક** એ કે પ્રથમ વિભાગમાં તે મુસ્લિમ, બુખારીના સિવાયની હદીષ લાવ્યા. **બીજુ** એ કે હદીષે અબૂ દાઉદમાં તો છે પણ તેના શબ્દો બેઠા આ નથી, એમાં કાંઈક તફાવત છે. લેખક અહીં મુસ્લિમ, બુખારીની રિવાયત લાવતા અથવા અબૂ દાઉદની રિવાયત બેઠા જ એ જ શબ્દોમાં લાવત જેમાં ત્યાં મૌજૂદ છે.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે લોકો દરેક બાજુ ચાલી જતા હતા[1] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારામાંથી કોઈ પરત ન થાય ત્યાં સુધી કે તેનું આખરી કામ બયતુલ્લાહથી થાય[2] પણ હૈઝવાળી (માસિક સ્ત્રાવવાળી)થી આ હુકમ હલકો કરી દેવામાં આવ્યો.[3]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૦)-૨૬૬૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ النَّاسُ يَنْصَرِفُونَ فِي كُلِّ وَجْهٍ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَنْفِرَنَّ أَحَدُكُمْ حَتَّى يَكُونَ آخِرُ عَهْدِهِ بِالْبَيْتِ إِلَّا أَنَّهُ خُفِّفَ عَنِ الْحَائِضِ»

૧. એટલે કે પહેલાં હાજીઓ વિદાય થતી વેળા તવાફે વિદાઅ કરતા ન હતા, આમ જ ચાલ્યા જતા હતા. من كُلّ وجهٍ નો અર્થ છે દરેક બાજુથી દરેક મહોલ્લેથી રવાના થઈ જતા હતા, એ જાણે બેકાયદાપણા જેવું હતું.

★ આગમન તથા રવાનગી પર તવાફનો હુકમ ★

૨. એટલે કે બયતુલ્લાહનો તવાફ કરીને મક્કા મોઅઝ્ઝમાથી રવાના થાવ જેથી તમારું આગમન તવાફથી થાય અને રવાનગી પણ તવાફથી. એ જ હાલ મદીના મુનવ્વરાનો છે કે હાજીઓ પહોંચતાં જ સલામ અર્ઝ કરે છે અને જતી વખતે સલામે વિદાઅ કરીને જાય છે. એ વખતે જે દિલની કૈફિયત હોય છે તે વર્ણન નથી થઈ શકતી.

બદનસે જાં નિકલતી હૈ આહ સીનાસે – તેરે ફિદાઈ નિકલતે હૈં જબ મદીનેસે

★ તવાફે વિદાઅ કોને માફ છે ? ★

૩. એટલે કે હૈઝ (માસિક)વાળી અને નિફાસ (સુવાવડ)વાળી સ્ત્રી વિદાઅ માટે હૈઝ બંધ થવાની રાહ ન જુએ, બલ્કે આમ જ ચાલી જાય, નહીં તો ઘણી જ મુશ્કેલી પડશે.

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત સફિય્યા પરત થવાના દિવસે હૈઝવાળાં થઈ ગયા[1] તો બોલ્યાં, મને લાગે છે કે હું તમને રોકી જ લઈશ.[2] નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, અરે ! બાંઝ મુંડી ! શું તમે બક્ર ઈદના દિવસે તવાફ કરી લીધો હતો ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તો ચાલો[3] !" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૧)-૨૬૬૯ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن عائشةَ قَالَتْ: حَاضَتْ صَفِيَّةُ لَيْلَةَ النَّفْرِ فَقَالَتْ: مَا أُرَانِي إِلَّا حَابِسَتَكُمْ. قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «عَقْرَى حَلْقَى أَطَافَتْ يَوْمَ النَّحْرِ؟» قيل: نعم. قَالَ: «فانفري»

૧. હઝરત સફિય્યા બિન્તે હુય ઈબ્ને અખ્તબ, એમના પિતા યહૂદી હતા, ખૈબરના રહેવાસી બની ઈસ્રાઈલથી હતા, હઝરત હારૂનની ઔલાદથી. આપ જંગે ખૈબરમાં ગિરફતાર થઈને આવ્યાં. હુઝૂરે અન્વર ﷺ એ આપને આઝાદ કરીને તેમના સાથે નિકાહ કરી લીધો. આપ ઉમ્મુલ મો'મિનીન છે.

૨. એ રીતે કે હું માસિકમાં સપડાઈ ગઈ અને વિદાયનો તવાફ કરી શકીશ નહીં. તવાફ માટે દિવસો પસાર કરવાની મારે રાહ જોવી પડશે, અને આપ લોકો મારા લીધે રોકશો.

૩. બાંઝ મુંડી કહ્યું, ગુસ્સાના કારણે નહીં પણ મહોબ્બતને પ્રદર્શિત કરવા માટે છે. જેમ કે બાળકને અરે પાગલ! અરે બેવકૂફ! અથવા પંજાબીમાં અરે જાનિયે! વગેરે કહી દે છે, નહીં તો હઝરત સફિય્યહનો એમાં શું વાંક હતો કે એમના પર ગુસ્સો આવતો. આ હદીષથી જાણવા મળ્યું કે **હૈઝવાળીને તવાફે ઝિયારત માફ નથી, એના માટે એણે રોકાવું પડશે અને તવાફે વિદાઅ માફ છે.**

મસ્અલા : મક્કાવાળાઓ પર અથવા જેણે મક્કા મોઅઝ્ઝમામાં મુસ્તકિલ રહેવાનો ઈરાદો કરી લીધો હતો પણ હવે રવાના થઈ રહ્યો છે, એના પર જે હજનો એહરામ બાંધીને હજ ન કરી શક્યો, ઉમરા કરીને ખુલી ગયો તેના પર તવાફે વિદાઅ વાજિબ નથી. પણ રાત સુધી ત્યાં થોભવું પડી ગયું તો બેહતર એ છે કે બીજીવાર તવાફ કરે. એ જ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ નું ફર્માન છે. *(મિર્કાત વગેરે)*

(વિભાગ : ૨) الفصل الثانی

★ મિનાનો ખુત્બો ★

★ હદીષ : (૧૨)-૨૬૭૦ ★

عَنْ عَمْرِو بْنِ الْأَحْوَصِ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ فِي حَجَّةِ الْوَدَاعِ: «أَيُّ يَوْمٍ هَذَا؟» قَالُوا: يَوْمُ النَّحْرِ الْأَكْبَرِ. قَالَ: «فَإِنَّ دِمَاءَكُمْ وَأَمْوَالَكُمْ وَأَعْرَاضَكُمْ بَيْنَكُمْ حَرَامٌ كَحُرْمَةِ يَوْمِكُمْ هَذَا فِي بَلَدِكُمْ هَذَا أَلا لَا يَجْنِي جانٍ عَلَى نَفْسِهِ وَلَا يَجْنِي جَانٍ عَلَى وَلَدِهِ وَلَا مَوْلُودٌ عَلَى وَالِدِهِ أَلَا وَإِنَّ الشَّيْطَانَ قد أَيِسَ أَنْ يُعْبَدَ فِي بَلَدِكُمْ هَذَا أَبَدًا وَلَكِنْ ستكونُ لهُ طاعةٌ فِيمَا تحتقرونَ مِنْ أَعْمَالِكُمْ فَسَيَرْضَى بِهِ» . رَوَاهُ ابْنُ مَاجَهْ وَالتِّرْمِذِيّ وَصَحَحهُ

"હઝરત અમ્ર ઈબ્ને અહ્વસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને હજ્જતુલ વિદાઅમાં ફર્માવતાં સાંભળ્યું, આ કયો દિવસ છે? સહાબાએ અર્ઝ કરી, હજ્જે અકબરનો દિવસ[૧] ફર્માવ્યું, તમારાં ખૂન, તમારા માલ, તમારી આબરૂઓ આપસમાં એકબીજા પર એવાં હરામ છે જેવી રીતે આ શહેરમાં આ દિવસની હુર્મત.[૨] ખબરદાર! કોઈ મુજરિમ પોતાની જાન પર જુલ્મ ન કરે.[૩] ખબરદાર! કોઈ મુજરિમ પોતાની ઔલાદ પર જુલ્મ ન કરે અને ન કોઈ ફરઝંદ પોતાના બાપ પર.[૪] ખબરદાર! શૈતાન એનાથી તો નિરાશ થઈ ચૂક્યો કે તમારા આ શહેરમાં કોઈ એને પૂજે[૫] પણ જે ગુનાહોને તમે મામૂલી સમજો છો તેમાં તેની ઈતાઅત (ફર્માંબરદારી) થઈ જયા કરશે જેનાથી તે રાજી થતો રહેશે.[૬] (ઈબ્ને માજહ, તિર્મિઝી) અને તિર્મિઝીએ સહીહ કહ્યું.

★ હજ્જે અકબર નામ પડવાનું કારણ ★

૧. જાહેર એ છે કે અમુક સહાબાએ આ જવાબ આપ્યો અને અમુકે અર્ઝ કરી, اللہ ورسولہ اعلم (અલ્લાહ વ રસૂલ જાણે) અથવા આ કોઈ બીજો બનાવ છે, જેથી આ હદીષ એના વિરૂધ્ધ નથી કે સહાબાએ اللہ ورسولہ اعلم કહ્યું. હજ્જે અકબરના ઘણા અર્થ છે : (૧) બકૃ ઈદનો દિવસ હજ્જે અકબર છે, કેમ કે મોટાભાગના હજના અરકાન એ

જ દિવસોમાં થાય છે. રબ તઆલા ફર્માવે છે : وَاَذَانٌ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖۤ اِلَى النَّاسِ يَوْمَ الْحَجِّ الْاَكْبَرِ (અને મુનાદી પોકાર આપતો અલ્લાહ અને તેના રસૂલની તરફ સૌ લોકોમાં મહાન હજના દિવસે... સૂ. તૌબા, ૯/૩) આ એલાન બક્ર ઈદના દિવસે મિનામાં થયું. (૨) અથવા નવમી ઈદનો દિવસ હજ્જે અકબરનો દિવસ છે કે એ જ દિવસે અરફાતમાં ક़યામ (રોકાણ) છે જે હજ્જનો આ'લા રુકન છે. (૩) અથવા કેવળ હુઝૂરે અન્વર ﷺનો હજ હજ્જે અકબર હતો કે રસૂલે અકબરે હજ કર્યો હતો. અને સંજોગોવસાત એ દિવસે યહૂદ, નસારા, મજૂસી (અગ્નિપૂજક) વગેરેની છ ઈદો ભેગી થઈ ગઈ હતી, (૪) અથવા જ્યારે નવમી બક્ર ઈદ જુમ્આના આવે કે **એનો સવાબ ૭૦ હજના બરાબર** છે, આ અધિક મશહૂર છે. અને હુઝૂરે અન્વર ﷺનો હજ પણ જુમ્આના જ થયો હતો. (૫) અથવા દરેક હજ્જે અકબર છે અને ઉમરા હજ્જે અસગર. સારાંશ કે એના ઘણા અર્થો છે. *(મિર્ક़ાત, લમ્આત, અશિઅહ)*

૨. એટલે કે જેવી રીતે મક્કા મોઅઝ્ઝમામાં એ હજની તારીખોમાં એહરામની હાલતમાં ગુનોહ કરવો હરામ છે કે એ ગુનાહમાં હરમ શરીફ, મુબારક તારીખ અને એહરામની બેહુર્મતી ત્રણ જુર્મો અધિક ઉમેરાય જાય છે. એ જ પ્રમાણે કોઈ મુસલમાન ભાઈનું નાહક़ ખૂન કરવું, માલ મારી ખાવો, બેઈજ્જતી કરવી ઘણા જુર્મોનો સમૂહ છે કે એમાં એ મઝલૂમ બંદાની હક્ક़તલફી પણ છે, રબ તઆલાનો ક़ાનૂનભંગ અને મારી વિરૂધ્ધમાં છે. **મને મારી ઉમ્મત ઘણી જ પ્રિય છે. તેને સતાવનારો મને ક્યારે પ્યારો હોય શકે છે ?**

૩. એટલે કે ખૂદકુશી ન કરે કે એ પોતાની જાન પર જુલ્મ તથા ઝિયાદતી છે. અથવા અન્ય મુસલમાન પર જુલ્મ ન કરે કે એ હક़ીક़તમાં પોતાના પર જુલ્મ છે. રબ તઆલા ફર્માવે છે, لَا تَقْتُلُوْۤا اَنْفُسَكُمْ (અને પોતાની જાનો ક़ત્લ ન કરો. સૂ. નિસાઅ, ૪/૨૯) એટલે અમુક અમુકને ક़ત્લ ન કરે. لايجئ સેગો તો નફી (નકાર)નો છે પણ "નહીં" (મનાઈના હુકમમાં) છે. જેમ કે : لَّا يَمَسُّهٗۤ اِلَّا الْمُطَهَّرُوْنَ (એને ન સ્પર્શે પણ બાવુઝૂ. સૂ. વાક़िઆ, ૫૬/૭૯) અથવા જેમ કે رحمه الله ياغفرله અથવા કે સૌ ખબરો انشاء ના અર્થમાં છે.

૪. આ શબ્દો ક્યાં તો "નહી" છે તો અર્થ એ છે કે મા બાપ ઔલાદ પર જુલ્મ ન કરે કે એમનો હક્ક़ ન આપે, તેમને તાલીમ વગેરેથી વંચિત રાખે અને ઔલાદ મા બાપ પર જુલ્મ ન કરે, કે તેમની ખિદમતનો હક્ક़ અદા ન કરે. અથવા નફી (નકાર)ના અર્થમાં કે ઔલાદ માબાપ જુર્મમાં સપડાશે નહીં અને ઔલાદના જુર્મમાં માબાપની પકડ ન થશે. *અપની કરની અપની ભરની.* لَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى (અને કોઈ બોજ ઉઠાવનારી જાન બીજાનો બોજ ન ઉઠાવશે. સૂ. અન્આમ, ૬/૧૬૪) જાહિલિયતવાળા બાપનો બદલો ઔલાદથી અને ઔલાદનો બદલો માબાપથી લેતા હતા, એનાથી મનાઈ છે.

૫. શૈતાનને પૂજવાથી મુરાદ મૂર્તિપૂજા છે અને એમાં ગયબી ખબર છે. ઈન્ શા અલ્લાહ ! મક્કા મોઅઝ્ઝમામાં ક़યામત સુધી શિર્ક તથા મૂર્તિપૂજા ન થશે. મિર્ક़ાતે ફર્માવ્યું કે એલાનિયા ન થશે, કોઈ છુપી રીતે ત્યાં જઈને મૂર્તિપૂજા કરે તો તેની એ બદનસીબી છે. સારાંશ કે એ જગા શિર્કથી મહેફૂઝ છે.

૬. એટલે કે મક્કા મોઅઝ્ઝમામાં મુસલમાન ગુનાહ, લડાઈ, ચોરી, ગીબત, જૂઠ વગેરે કરી લીધા કરશે અને શૈતાન એના પર ખુશ થતો રહેશે કે હું એમને કુફ્ર (શિર્ક) તો ન ઠરાવી શક્યો પણ આ ગનીમત છે. અથવા સર્વ મુસલમાનોને સંબોધન છે કે મોમિનના ગુનાહોથી શૈતાન રાજી છે અને કાફિરના કુફ્રથી રાજી. એટલા માટે જૂઠ, ખયાનત અન્ય ગુનાહ મુસલમાનોમાં વધુ છે, અન્ય ક़ૌમોમાં ઓછા, કેમ કે શૈતાન કાફિરો પાસે જ્યારે કુક્ર કરાવી લે છે તો પછી અન્ય ગુનાહ કરાવવાના કોશિશ નથી કરતો, પણ જ્યારે મુસલમાનો થકી કુફ્ર નથી કરાવી શકતો તો

તેમની પાસે અન્ય ગુનાહો કરાવવાની ખૂબ કોશિશ કરે છે. ચોર હમેશાં ભરેલા ઘરમાં જાય છે, જેમાં કાંઈ હોય જ નહીં શું પામશે ?! હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે, **"જે નમાઝમાં વસવસા ન આવે તે યહૂદી તથા ઈસાઈ જેવી નમાઝ છે."** (મિર્કાત) પણ વસવસા આવવું અલગ છે અને લાવવું કાંઈ અલગ છે. મક્સદ એ છે કે મુસલમાન વસવસાઓના કારણે નમાઝથી બદદિલ ન થઈ જાય. જેથી હઝરત અલી رضی اللہ عنہના ફર્માન પર કોઈ વાંધો નથી. ખાવા પર માખીઓ આવે છે, તો ઉડાડતા જાવ અને ખાવા ખાતા જાવ.

★ હજમાં ત્રણ ખુત્બા સુન્નત ★

એ હજમાં એક લાખ ત્રીસ હજાર મુસલમાન શરીક હતા, પણ સવાઈક્રે મુહર્રિક્રા વગેરેમાં છે કે સહાબાની સંખ્યા એક લાખ ચોવીસ હજાર છે. હજમાં એક લાખથી વધુ શિર્કત કરી એ જ અધિક સહીહ જણાય છે. **સહાબાની સંખ્યા અંબિયાએ કિરામની સંખ્યાના બરાબર છે.** યાદ રાખશો કે **હજમાં ત્રણ ખુત્બા સુન્નત છે :** આઠમી બક્ર ઈદના રોજ મક્કા મોઅઝ્ઝમામાં, નવમીએ અરફાતમાં, દસમીએ મિનામાં. (અશિઅહ)

"હઝરત રાફેઅ ઈબ્ને મુઝનીથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે આપ મિનામાં પોતાના કાબર ચિતરા ખચ્ચર પર ખુત્બો પઢી રહ્યા હતા જ્યારે કે દિવસ ચઢી ચૂક્યા હતો[૧] અને જનાબ અલી એની તફ્સીર તથા તાબીર કરી રહ્યા હતા. લોકો અમુક બેઠા હતા અમુક ઉભા હતા.[૨]" (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૩)-૨૬૭૧ ★

وَعَن رافِعِ بنِ عمروٍ والمُزَنِي قَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَخْطُبُ النَّاسَ بِمِنًى حِينَ ارْتَفَعَ الضُّحَى عَلَى بَغْلَةٍ شَهْبَاءَ وَعَلِيٌّ يُعَبِّرُ عَنْهُ وَالنَّاسُ بَين قَائِم وقاعد. رَوَاهُ أَبُو دَاوُد

૧. લગભગ આ વઅઝ ૧૦મી બક્ર ઈદના કર્યો. હુઝૂરે અન્વર ﷺએ ૨મી તો ઊંટણી પર કરી અને વઅઝ ખચ્ચર પર.

૨. એટલે કે થોડાક અંતરે જ્યાં સુધી હુઝૂર ﷺનો અવાજ પહોંચી રહ્યો હતો, ત્યાં જનાબ અલી ઉભા રહીને હુઝૂરે અન્વર ﷺનું કલામ (વાણી) લોકો સુધી પહોંચાડી રહ્યા હતા. મિર્કાતે અહીં ફર્માવ્યું કે એ હજમાં એકલાખ ત્રીસ હજાર મુસલમાન શરીક હતા. પણ સવાઈક્રે મુહર્રિક્રા વગેરેમાં છે કે સહાબીઓની સંખ્યા એક લાખ ચોવીસ હજાર છે. હજમાં એક લાખથી અધિકે ભાગ લીધો. આ જ અધિક સહીહ જણાય છે. સહાબીની સંખ્યા અંબિયાએ કિરામની સંખ્યા બરાબર છે. યાદ રાખશો કે હજમાં ત્રણ ખુત્બા સુન્નત છે : આઠમી બક્ર ઈદના મક્કા મોઅઝ્ઝમામાં, નવમીએ અરફાતમાં દસમીએ મિનામાં. (અશિઅહ)

તવાફે ઝિયારત ક્યાં સુધી થઈ શકે ?

"હઝરત આઈશા અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ બક્ર ઈદના દિવસે તવાફે ઝિયારત રાત સુધી મોડો કર્યો.[૧]" (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૩)-૨૬૭૨ ★

وَعَنْ عَائِشَةَ وَابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمْ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَخَّرَ طَوَافَ الزِّيَارَةِ يَوْمَ النَّحْرِ إِلَى اللَّيْلِ. رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

૧. એટલે કે હુઝૂરે અન્વર ﷺએ દસમી તારીખે તવાફે ઝિયારત કરી રાત સુધી ઈજાઝત આપી કે જે આજે

તવાફ કરવા ચાહે તે રાત સુધી કરી લે, રાતમાં જઈને ન કરે. એનો મતલબ ન તો એ છે કે હુઝૂર ﷺએ આજે રાતમાં તવાફ કર્યો. હુઝૂરે અન્વર ﷺએ ઝોહરથી પહેલાં તવાફ કર્યો અને ઝોહર મક્કા મોઅઝ્ઝમા બલ્કે મિનામાં પરત આવીને અદા કરી, ન એ મતલબ છે કે કેવળ આજની રાત તવાફનો સમય છે. એનો સમય અહનાફને ત્યાં **દસમીની ફજરથી બારમીના ગુરૂબ આફતાબથી પહેલાં** સુધી છે, **વધુ મોડુ કરવાથી દમ વાજિબ છે.** શાફઈઓને ત્યાં દસમીની અડધી રાતથી જ્યાં સુધી ચાહે. *(મિર્કાત)*

તવાફે ઝિયારતમાં રમલ નથી

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ તવાફે ઝિયારતના સાત ચક્કરોમાં રમલ ન કર્યો.[૧]'' (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૫)-૨૬૭૩ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمْ يَرْمُلْ فِي السَّبْعِ الَّذِي أَفَاضَ فِيهِ. رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

૧. રમલ ન તો તવાફે ઝિયારતમાં છે ન તવાફે વિદાઅમાં, કેવળ **તવાફે કુદુમમાં છે.** રમલનો અર્થ અગાઉ દર્શાવેલ છે કે તવાફના પહેલા ત્રણ ચક્કરોમાં છાતી કાઢીને અકડાઈને ચાલવું રમલ કહેવાય છે.

*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે **જ્યારે કોઈ જમરએ ઉક્બા (મોટા શૈતાન)ની રમી કરે તો તેના માટે પત્ની સિવાય દરેક ચીજ હલાલ થઈ ગઈ.**[૧] (શરહે સુન્નહ) અને ફર્માવ્યું કે એની અસ્નાદ ઝઈફ છે, અને અહલે તથા નિસાઈની રિવાયતમાં હઝરત ઈબ્ને અબ્બાસથી આ પ્રમાણે છે કે ખુદ તેમણે જ ફર્માવ્યું કે જ્યારે **જમરાની રમી કરે તો પત્નીઓ સિવાય સૌ હલાલ છે.**[૨]''*

★ હદીષ : (૧૬/૧૭)-૨૬૭૪/૭૫ ★

وَعَنْ عَائِشَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا رَمَى أَحَدُكُمْ جَمْرَةَ الْعَقَبَةِ فَقَدْ حَلَّ لَهُ كُلُّ شَيْءٍ إِلَّا النِّسَاءَ» . رَوَاهُ فِي شرح السّنة وَقَالَ: إِسْنَاده ضَعِيف

2675 -[17] وَفِي رِوَايَةٍ أَحْمَدَ وَالنَّسَائِيِّ عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: «إِذَا رَمَى الْجَمْرَةَ فَقَدْ حَلَّ لَهُ كلُّ شيءٍ إِلا النساءَ»

★ જમરએ ઉક્બાની રમીથી સર્વ હલાલ અને તવાફે ઝિયારતથી પત્ની પણ હલાલ થશે ★

૧. એટલે કે જ્યારે હાજી દસમી બક્ર ઈદના રોજ જમરએ ઉક્બાની રમી કરી ચૂકે તો જે ચીજો એહરામના લીધે હરામ થઈ ચૂકી હતી તે સર્વ હલાલ થઈ ગઈ, હા ! હમણા **પત્ની સાથે સોહબત** હલાલ ન થઈ, તે તો **તવાફે ઝિયારતથી હલાલ થશે.** ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક અહીં નિસાઅથી મુરાદ પોતાની પત્નીથી સોહબત છે. ઈમામ શાફઈ رضی اللہ عنہને ત્યાં એનાથી મુરાદ સ્ત્રી સાથે નિકાહ કરવો છે, કેમ કે એમને ત્યાં એહરામમાં નિકાહ કરવો પણ હરામ છે, તવાફે ઝિયારત બાદ હલાલ થાય છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે જમરએ ઉક્બાની રમીથી મુરાદ રમી મઅ મુલ્હિક઼ાત (રમી અને તેની સાથેના અમલો) છે, એટલે માથુ મૂંડાવવું તથા કુર્બાની કરવી કે આ ત્રણ કામોથી દરેક ચીજ હલાલ થાય છે, અને આ બંનેવ ચીજો રમીની મુલ્હિક઼ાત (સંબંધિત)થી છે, જેથી રમી બાદ માથુ મૂંડાવવું અને કુર્બાનીથી પહેલાં સીવેલાં કપડાં અને ખુશ્બુ નથી વાપરી શકતો.

૨. એટલે અહમદ તથા નિસાઈએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ખુદનો પોતાનો ક़ૌલ નક़્લ કર્યો. મરફૂઅ હદીષ નક़્લ ન કરી. પણ આ પ્રકારની મૌકૂફ હદીષ મરફૂઅના હુકમમાં હોય છે. યાદ રાખશો કે એહરામથી ફારિગ થતાં હજામત આપણે ત્યાં વાજિબ છે, ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં સુન્નત છે. આપણી દલીલ રબ તઆલાનું આ ફર્માન છે. ثُمَّ لْيَقْضُوْا تَفَثَهُمْ (પછી પોતાનો મેલ કુચેલ ઉતારે. સૂ. હજ્જ, ૨૨/૨૯) એનાથી મુરાદ હજામત છે. અને રબ તઆલાનું આ ફર્માન : اٰمِنِيْنَ مُحَلِّقِيْنَ رُءُوْسَكُمْ وَ مُقَصِّرِيْنَ (અમ્નો અમાન સાથે પોતાનાં માથાંના વાળો મૂંડાવતા અથવા કટ કરાવતા. સૂ. ફતહ, ૪૮/૨૭) પણ કેમ કે એ દલીલ કરવું ઝન્ની (ગુમાન પર) છે, એટલા માટે એનાથી વાજિબ હોવું સાબિત છે ન કે ફર્ઝ હોવું.

''તેમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ દિવસના આખરી હિસ્સામાં જ્યારે કે ઝોહર પઢી ચૂક્યા તો તવાફે ઝિયારત કરી પછી મિના પર આવી ગયા.[૧] પછી તશરીકના જમાનામાં ત્યાં જ ક़યામ (રોકાણ) કર્યો, કે સૂરજ ઢળી જતાં જમરાની રમી કરતા હતા.[૨] દરેક જમરાની સાઈઠ કાંકરીઓ વડે દરેક કાંકરી પર તકબીર કહેતા હતા.[૩] પહેલા તથા બીજા જમરાઓની પાસે થોડુક રોકાતા હતા તો લાંબુ રોકાણ કરતા, આજીજી ઝારી કરતા હતા, અને ત્રીજા જમરાની રમી કરતા તો ત્યાં ન રોકાતા.[૪]'' *(અબૂ દાઊદ)*

★ હદીષ : (૧૮)-૨૬૭૬ ★

وَعَنْهَا قَالَتْ: أَفَاضَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ آخِرِ يَوْمِهِ حِينَ صَلَّى الظُّهْرَ ثُمَّ رَجَعَ إِلَى مِنًى فَمَكَثَ بِهَا لَيَالِيَ أَيَّامِ التَّشْرِيقِ يَرْمِي الْجَمْرَةَ إِذَا زَالَتِ الشَّمْسُ كُلَّ جَمْرَةٍ بِسَبْعِ حَصَيَاتٍ يُكَبِّرُ مَعَ كُلِّ حَصَاةٍ وَيَقِفُ عِنْدَ الْأُولَى وَالثَّانِيَةِ فَيُطِيلُ الْقِيَامَ وَيَتَضَرَّعُ وَيَرْمِي الثَّالِثَةَ فَلَا يَقِفُ عِنْدَهَا. رَوَاهُ أَبُو دَاوُد

૧. આ હદીષથી જણાય છે કે હુઝૂરે અન્વર ﷺ એ તવાફે ઝિયારત ઝોહરની નમાઝ પઢીને કર્યો, બલ્કે એ કે ઝોહર મિનામાં પઢી, પછી મક્કા મોઅઝ્ઝમા તશરીફ લઈ ગયા, પણ પહેલાં આવી ગયું કે હુઝૂરે અન્વર ﷺ એ ઝોહરથી પહેલાં તવાફ કર્યો, બાદમાં ઝોહર પઢી. મક્કા મુઅઝ્ઝમામાં અથવા મિના પરત આવીને. એટલા માટે અમુક શરહકર્તાઓએ એનો અર્થ એ કર્યો છે કે હુઝૂરે અન્વર ﷺ એ ઝોહરથી પહેલાં તો ખુદ પોતાનો તવાફે ઝિયારત કર્યો, પછી ઝોહરની નમાઝ બાદ પોતાની અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)ને તવાફ કરાવવા લઈ ગયા. દસમી બક़્ ઈદના રોજ બીજીવાર મક્કા મોઅઝ્ઝમા તશરીફ લાવ્યા. એ વર્ણન થઈ ચૂકેલી હદીષોમાં પોતાના તવાફ કરવાનો ઉલ્લેખ છે અને અહીં અઝવાજે પાકને તવાફ કરાવવાનો ઉલ્લેખ છે, અથવા અઝવાજે પાકને એ તવાફ ૧૧મી અથવા ૧૨મીના કરાવ્યો, અહીં એનું વર્ણન છે. સારાંશ આ હદીષ વાજિબુત્તાવીલ છે. *(મિર્ક़ાત વગેરે)*

૨. પહેલાં દર્શાવવામાં આવી ચૂક્યું છે કે **દસમી બક़્ ઈદના રોજ કેવળ જમરએ ઉક़્બા (મોટા શૈતાન)ની રમી થશે અને ઝવાલથી પહેલાં, પછી બાકી ૧૧મી, ૧૨મીના રોજ ત્રણેવ જમરાઓની રમી થશે, પણ ઝવાલ બાદ થશે.** આજકાલ હાજીઓ બારમીના ઝવાલથી પહેલાં જ જમરાઓની રમી કરીને મક્કા મોઅઝ્ઝમા રવાના થઈ જાય છે. એ સખત બુરુ છે, ખિલાફે સુન્નત છે. જ્યારે હજ કરવા માટે આટલા દૂરથી આટલો ખર્ચ કરીને આવ્યા હોય તો સારી રીતે કરો, કોશિશ કરો કે દસમીના તવાફે ઝિયારત કરી લો કે જેથી આજે ૧૨મીના ભાગવુ ન પડે.

૩. કેવળ اللّٰہ اکبر અલ્લાહુ અકબર અથવા بسم اللّٰہ اللّٰہ اکبر બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર એની તેહક़ીક़ પહેલાં થઈ ચૂકી છે.

૪. એ જ સુન્નત છે કે આખરી જમરાની રમી પછી ત્યાં ન રોકાય, પ્રથમ બે જમરાની રમી બાદ રોકાય અને ત્યાં દુઆઓ માગો. એની હિકમતો અગાઉ વર્ણન થઈ ચૂકી છે.

★ હદીષ : (૧૯)-૨૬૭૭ ★

وَعَنْ أَبِي الْبَدَّاحِ بْنِ عَاصِمِ بْنِ عَدِيٍّ عَن أَبِيه قَالَ: رَخَّصَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم لرعاء الْإِبِل فِي البيتوتة: أن يرملوا يَوْمَ النَّحْرِ ثُمَّ يَجْمَعُوا رَمْيَ يَوْمَيْنِ بَعْدَ يَوْمِ النَّحْرِ فَيَرْمُوهُ فِي أَحَدِهِمَا. رَوَاهُ مَالِكٌ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ صَحِيحٌ

''હઝરત અબુલ બદ્દાહ઼ ઈબ્ને આ़સિ़મ અ़દી رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. તે પોતાના પિતાથી રિવાયત કરે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઊંટ ચરાવનારાઓને શબ ગુઝારીની ઈજાઝત આપી[૨] કે બક્ર ઈદના દિવસે રમી કરી લે, પછી બક્ર ઈ દ બાદ બે દિવસની રમી ભેગી કરી લે, એ રીતે કે એ બંનેવમાંથી એક જ રમી કરે.[૩] (માલિક, તિર્મિઝી, નિસાઈ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, હદીષ સહીહ છે.

૧. મિર્ક़ાતે ફર્માવ્યું કે ઈબ્ને આ़સિ़મ અબુલ બદ્દાહ઼નો બદલ છે. અને તેમની કુન્નિયત અમ્ર છે. અબુલ બદ્દાહ઼ લક़બ છે. આપ આપના લકબ઼થી મશહૂર થઈ ગયા છે. અમુકના ખયાલમાં આપ તાબઈ છે, પણ હક્ક઼ એ છે કે સહાબી છે, જેવું કે ઈબ્ને અબ્દુલ બરે ફર્માવ્યું.

૨. કે મિનાના જમાનામાં રાતો પોતાના ઘરે પસાર કરી. મિનામાં રાત ગુજારવી તેમના પર લાઝિમ નથી.

૩. એની સ્થિતિ એ છે કે બક્ર઼ ઈદના દિવસે મોટા જમરાની રમી કરી લે. ઘરે ચાલ્યા જાય. ૧૧મીએ ન આવે મને ૧૨મીએ બે દિવસો એટલે ૧૧મી ૧૨મી કરી લે. ઈમામ શાફ઼ઈ તથા માલિક બલ્કે ઈમામે આ'ઝમને ત્યાં પણ તક़દીમ (આગળ કરવું) જાઈઝ નથી બલ્કે તાખીર (પછીથી કરવું) જાઈઝ છે. એટલે કે ૧૧મી એ બંને દિવસોની રમી ન કરે, બલ્કે ૧૨મીના કરે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબુ માયજતંબહુલ્ મુહરિમ باب مایجتنبہ المحرم

મુહરિમ કઈ ચીજોથી બચે ?[૧]

(વિભાગ : ૧) الفصل الاول

૧. એટલે કે એહરામની હાલતમાં મુહરિમ કયુ કામ કરી શકે છે અને કયુ કામ નથી કરી શકતો. ન કરી શકવામાં સર્વ મનાઈઓ સામેલ છે, ચાહે એનાથી કુર્બાની વાજિબ થાય કે સદકો, એટલે અડધો સાઅ (સવા બે શેર) ઘઉં અથવા એક સાઅ (સાડા ચાર શેર જવ) અથવા કાંઈ વાજિબ ન થાય, પણ એને કરવું સારું. આ પ્રકરણમાં એ સર્વ ચીજો વર્ણન થયેલી છે અને તેની તફસીલ ફિકહની કિતાબોથી માલૂમ થઈ શકે છે. હજમાં વાજિબ તર્ક કરવાથી (છોડવાથી) કુર્બાની વાજિબ થઈ જાય છે.

એહરામની હાલતમાં મના લિબાસની વિગત

★ હદીષ : (૧)-૨૬૭૮ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ: أَنَّ رَجُلًا سَأَلَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: مَا يلبس مِنَ الثِّيَابِ؟ فَقَالَ: «لَا تَلْبَسُوا الْقُمُصَ وَلَا الْعَمَائِمَ وَلَا السَّرَاوِيلَاتِ وَلَا الْبَرَانِسَ وَلَا الْخِفَافَ إِلَّا أَحَدٌ لَا يَجِدُ نَعْلَيْنِ فَيَلْبَسُ خُفَّيْنِ وليقطعهما أَسْفَلَ الْكَعْبَيْنِ وَلَا تَلْبَسُوا مِنَ الثِّيَابِ شَيْئًا مَسَّهُ زَعْفَرَانٌ وَلَا وَرْسٌ» . مُتَّفَقٌ عَلَيْهِ وَزَادَ الْبُخَارِيُّ فِي رِوَايَةٍ: «وَلَا تَنْتَقِبُ الْمَرْأَةُ الْمُحْرِمَةُ وَلَا تلبس القفازين»

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે એક શખ્સે પૂછયું કે મુહરિમ (એહરામવાળો) કેવાં કપડાં પહેરે ?[૧] તો ફર્માવ્યું કે ન કમીસ પહેરો ન પાઘડીઓ ન પાયજામા અને ન ટોપીઓ[૨] ન મોજાઓ એના સિવાય કે તેને ઘૂંટીઓ નીચેની કાપી નાખે.[૩] અને ન તે કપડાં પહેરો જેમને ઝાફરાન લાગેલ હોય ન તે જેને વર્સ લાગેલ હોય.[૪] (મુસ્લિમ, બુખારી) અને એક રિવાયતમાં બુખારીએ ઉમેરો કર્યો કે મુહરિમા સ્ત્રી મોં પર નકાબ ન નાખે અને ન દસ્તાના પહેરે.[૫]''

૧. સાઈલને સવાલ કરતાં ન આવડયું. પૂછવાની વાત એ હતી કે ક્યાં કપડાં ન પહેરે ? એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ ન પહેરવાવાળાં કપડાં બતાવ્યાં, એ રીતે હકીમાના જવાબ આપ્યો.

★ મના ચીજોમાં પુરૂષ સ્ત્રીની ફરક ★

૨. કેમ કે સંબોધન હિજાઝના પુરૂષો પ્રતિ છે એટલા માટે પાઘડી તથા ટોપીનો પણ ઉલ્લેખ કર્યો. મતલબ એ

છે કે હાજી પુરૂષ સીવડાવેલ કપડાં ન પહેરે અને ન માથુ ઢાંકે. આ બંને હુકમોથી સ્ત્રીઓ અલગ છે. પહેરવાથી મુરાદ આદત પ્રમાણે પહેરવું છે. પાયજામાઓમાં પગો નાખીને અને કમીસની બાંયોમાં હાથ નાખીને. જો કોઈ મુહરિમ તેહબંદની જેમ પાયજામો લપેટી લે અને ચાદરની જેમ ખમીસ ઓઢી લે તો જાઈઝ છે કે લબ્સ એટલે પહેરવું નથી. برنس એક ખાસ પ્રકારની લાંબી ટોપીને કહે છે જે પહેલાં રિવાજ પામેલી હતી. પણ અહીં મુત્લક़ન માથુ ઢાંકનારી ચીજ મુરાદ છે, જેથી મુહરિમ માથા પર કપડુ, ચાદર, ઓઢણી પણ નથી નાખી શકતા જ્યારે માથા સાથે અડેલી હોય. હા ! છત્રી લગાડવી, તંબૂમાં બેસવું દુરુસ્ત છે કે છત્રી તથા તંબૂની છત માથાથી અલગ રહે છે.

★ પગની પાટલી ઉપરની હાડકી ખુલ્લી રાખવી ★

૩. અહનાફ (હનફીઓ)ને ત્યાં كعبين થી મુરાદ પગની પાટલી પર ઉભરાયેલી સખત હાડકી છે. એનું ખુલ્લુ રહેવું જરૂરી છે. અને ઢાંકવું મના છે. શાફઈઓને ત્યાં એ જ ઉર્ફી ઘૂંટીઓ એટલે પગની આસપાસની બે હાડકીઓ મુરાદ છે. ખુલાસો એ છે કે મુહરિમે એહરામની હાલતમાં ન મોજા પહેરવા દુરુસ્ત છે, ન એવા જોડા અથવા બુટ જેનાથી પગની વચ્ચેની હાડકી ઢંકાય જાય. خفين (ખુફ્ફૈન) ચામડાના મોજાને કહે છે. સુતરાઉ કે ઉનના મોજાને જરાબૈન કહે છે, તે મના છે. મતલબ એ છે કે જો હાજીના પાસે જોડા ન હોય તો ચામડાના મોજાને કાપીને જોડા જેમ બનાવી લે પછી પહેરી લે.

૪. કેમ કે પ્રથમ હુકમ કેવળ પુરૂષોને હતો અને આ હુકમ પુરૂષ સ્ત્રી સૌને છે, એટલા માટે لاتلبسوا મુકર્રર ઈર્શાદ થયો અને વર્સ અરબની એક મશહૂર ઘાસ છે જેનાથી કપડાં રંગવામાં આવે છે. એનો રંગ પણ ઝાફરાનની જેમ પીળો હોય છે. એટલે કોઈ મુહરિમ પુરૂષ હોય કે સ્ત્રી ઝાફરાન અથવા વર્સમાં રંગેલુ કપડુ ન પહેરે. અહીં પહેરવાથી મુરાદ ઉપયોગમાં લેવું છે. જેથી એ રંગની ચાદર, તેહબંદ પણ ઉપયોગમાં નથી લાવી શકતો.

★ મુહરિમ સ્ત્રી માથા પર કપડુ નાખી શકે મોઢા પર નહીં ★

૫. એનાથી જાણવા મળ્યું કે મુહરિમ સ્ત્રી માથા પર કપડુ નાખી શકે છે પણ મોઢા પર નકાબ નથી નાખી શકતી, જ્યારે કે નક़ાબ મોંઢાને સ્પર્શેલ હોય, જો મોંઢાથી દૂર રહે તો જાઈઝ છે. એવી જ રીતે જો પંખો વગેરે આડ કરીને મોં છુપાવે તો કોઈ વાંધો નથી, જેમ કે પુરૂષના માથા માટે છત્રી હોય કે જબ્બો.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ખુત્બો આપતાં સાંભળ્યા. આપ ફર્માવે છે કે જ્યારે મુહરિમ જોડા ન પામે તો મોજા પહેરી લે, અને તેહબંદ ન પામે તો 5 F Ô DM5 CZL , P *" (મુસ્લિમ, બુખારી)*

★ હદીષ : (૨)-૨૬૭૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَخْطُبُ وَهُوَ يَقُولُ: «إِذَا لَمْ يَجِدِ الْمُحْرِمُ نَعْلَيْنِ لَبِسَ خُفَّيْنِ وَإِذَا لَمْ يَجِدْ إِزَارًا لَبِسَ سَرَاوِيل»

૧. એનાથી અહનાફને ત્યાં એ છે કે જે મુહરિમની પાસે જોડા ન હોય તે મોજા કાપીને પહેરે, જેવી રીતે કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું, પણ સદક़ો તો પણ આપવો પડશે. અને જો તેહબંદ ન હોય પાયજામો ચાદર જેમ લપેટી લે, એમાં ફિદિયો નથી. જો પાયજામો આદત મુજબ પહેર્યો તો દમ એટલે કુર્બાની આપવી પડશે. બીજા ઈમામોને ત્યાં એના અન્ય અર્થો છે. ઈમામ શાફઈને ત્યાં મોજા કાપીને પહેરવામાં ફિદિયો પણ નથી.

★ હદીષ : (3)-૨૬૮૦ ★

وَعَنْ يَعْلَى بْنِ أُمَيَّةَ قَالَ: كُنَّا عِنْدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بالجعرانة إِذْ جَاءَ رَجُلٌ أَعْرَابِيٌّ عَلَيْهِ جُبَّةٌ وَهُوَ مُتَضَمِّخٌ بِالْخَلُوقِ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِنِّي أَحْرَمْتُ بِالْعُمْرَةِ وَهَذِهِ عَلَيَّ. فَقَالَ: «أَمَا الطِّيبُ الَّذِي بِكَ فَاغْسِلْهُ ثَلَاثَ مَرَّاتٍ وَأَمَّا الْجُبَّةُ فَانْزِعْهَا ثُمَّ اصْنَعْ فِي عُمْرَتِكَ كَمَا تَصْنَعُ فِي حَجِّكَ»

''હઝરત યઅ્લા ઈબ્ને ઉમૈયા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી કરીમ ﷺ ની સાથે મક્કામે જઈર્રાનામાં હતા.[૨] કે આપની પાસે એક ગામડાવાસી હાજર થયા જેમના પર કબા (જબ્બો) હતી, અને તે ખુલૂક ખુશ્બુમાં લથ પથ હતા[૩] તો બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ મેં ઉમરાનો એહરામ બાંધ્યો છે અને મારા પર આ છે. ફર્માવ્યું, તમારી ખુશ્બુ તો ત્રણવાર ધોઈ નાખો[૪] રહ્યો જબ્બો, તો તેને ઉતારી નાખો. પછી ઉમરામાં તે જ કરો જે હજમાં કરો છો.[૫]'' (મુસ્લિમ, બુખારી)

૧. આપ સહાબી છે. ફતહના દિવસે ઈમાન લાવ્યા. ગઝવએ હુનૈન તથા તાઈફમાં હાજર થયા. તમીમી છે. હંઝલી છે. જંગે સિફ્ફીનમાં હઝરત અલી رضی اللہ عنہ ની સાથે હતા અને એમાં જ શહીદ થયા.

★ નાના તથા મોટા ઉમરા વિશે ★

૨. આ જગા હરમ શરીફથી બહાર છે. તાઈફના રસ્તા પર છે. આજકાલ એનું નામ સહલ છે. ફકીર (લેખક) ત્યાં બે વાર હાજર થયેલ છે. અમુક ઈમામોને ત્યાં ઉમરાનો એહરામ જઈર્રાનાથી બાંધવો અફઝલ છે. આપણા ઈમામે આ'ઝમને ત્યાં તન્ઈમથી બાંધવો બેહતર છે કેમ કે જઈર્રાનાથી એહરામનો અમલ હુઝૂર ﷺ એ કર્યો હતો અને તન્ઈમથી હઝરત આઈશા رضی اللہ عنہا ને એહરામ બાંધવાનો હુકમ આપ્યો. અને હુકમ અમલ કરતાં આ'લા હોય છે. હવે તન્ઈમવાળા ઉમરાને નાનો ઉમરો કહે છે અને જઈર્રાનાવાળા ઉમરાને મોટો ઉમરો કહે છે.

૩. ખુલૂક અરબની મશહૂર ખુશ્બુ છે જેમાં ઝાફરાન હોય છે તે ખૂબ મહેકે છે અને રંગત પણ ધરાવે છે.

૪. કેમ કે એ ખુશ્બુમાં ઝાફરાન હોય છે તે રંગત આપે છે એટલા માટે પુરૂષને માટે દરેક રીતે મના છે, એટલા માટે એને ધોઈ કાઢવાનો હુકમ આપ્યો. નહીં તો મુહરિમ જો એહરામથી પહેલાં ખુશ્બુ લાવે પછી એહરામ બાંધે તો ખુશ્બુ બાકી હોય તો વાંધો નથી, જેમ કે પહેલાં વર્ણન થઈ ચૂક્યું. જે લોકોએ આ હદીષના આધારે એહરામથી પહેલાંવાળી ખુશ્બુને પણ મના કરી તેમણે ગલતી કરી.

૫. એટલે કે જે ચીજોથી હજ્જમાં બચો છો એનાથી જ ઉમરામાં બચો અથવા જેવી રીતે તવાફ તથા હજ્જની સઈમાં કરો છો તો ઉમરામાં પણ એવું જ કરો. એ મતલબ નથી કે ઉમરામાં હજ્જના સર્વ અરકાન અદા કરો. યાદ રાખશો કે ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہما ને ત્યાં જો ભૂલથી પણ આ પ્રકારની ગલતી કરે તો પણ એના પર ફિદિયો છે. અન્ય ઈમામોને ત્યાં ભૂલમાં ફિદિયો નથી. આ હદીષ એ બુઝુર્ગોની દલીલ છે કે હુઝૂરે અન્વર ﷺ એ ફિદિયાનો હુકમ નથી આપ્યો. પણ જાહેર છે કે કોઈ ચીજનો ઉલ્લેખ ન હોવું એની દલીલ નથી. સાબિતીનું ન હોવું અલગ છે, ન હોવાની સાબિતી કાંઈ અલગ છે.

★ એહરામની હાલતમાં નિકાહ વિશે ★

★ હદીષ : (૪)-૨૬૮૧ ★	*''હઝરત ઉષ્માન رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મુહરિમ ન નિકાહ કરે ન કરાવે અને ન નિકાહનો પૈગામ આપે[૧].'' (મુસ્લિમ)*
وَعَنْ عُثْمَانَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَنْكِحُ الْمُحْرِمُ وَلَا يُنكِحُ وَلَا يَخْطُبُ» . رَوَاهُ مُسلم	

૧. આ હદીષ ઈમામ શાફઈ તથા અન્ય એ ઈમામોની દલીલ છે જેઓ ફર્માવે છે કે એહરામની હાલતમાં નિકાહ કરવા મકરૂહે તેહરીમી છે. આપણા ઈમામ ઈમામે આ'ઝમની નજીક આ ''નહીં'' (મનાઈ) તન્ઝીહી છે અથવા لَا يَنْكِحُ નફી મઝારેઅનો સેગો છે, એટલે એહરામની હાલતમાં મુહરિમ પોતાના અરકાન અદા કરવામાં મશગૂલ રહે છે, અને દુનિયવી કામોમાં ફસાતો નથી. અહીં કામો માટે નથી આવ્યો. એ કામોના માટે અન્ય સમય છે, એટલા માટે કે ખુદ હુઝૂરે અન્વર ﷺ એ હઝરત મૈમૂના સાથે એહરામની હાલતમાં નિકાહ કર્યા, જેવું કે આગલી હદીષમાં છે. સારાંશ કે આ કરાહત તન્ઝીહી છે અને નિકાહ કરવાથી મુરાદ એ કામોમાં ફસાવું છે. (મિર્કાત, અશિઅહ, લમ્અાત) નહીં તો જાહેર હદીષ એ હઝરાતની પણ વિરુદ્ધ છે, કેમ કે એમને ત્યાં મુહરિમે નિકાહ કરવા હરામ છે. નિકાહની વકાલત અથવા પૈગામને એ પણ હરામ નથી કહેતા. જેથી હનફી મઝહબ કવી (મજબૂત) છે અને આ હદીષ અહનાફ વિરુદ્ધ નથી.

★ હઝરત મૈમૂના رضی اللہ عنہا ના નિકાહ ★

★ હદીષ : (૫)-૨૬૮૨ ★ (مُتَّفِق عَلَيْهِ)	*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ બીબી મૈમૂના સાથે એહરામની હાલતમાં નિકાહ કર્યા[૧].'' (મુસ્લિમ, બુખારી)*
وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تَزَوَّجَ مَيْمُونَةَ وَهُوَ محرم	

૧. આ નિકાહ કઝા ઉમરામાં થયા. મક્કાથી છ માઈલ દૂર સરફ સ્થળે વાદીએ ફાતિમાની પાસે થયો. યાદ રાખશો કે હઝરત મૈમૂના બિન્તે હારિષ હલાલિયા છે. તેમનાં સગાં બહેન લુબાબા કુબરા ઉમ્મુલ ફઝ્લ હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના નિકાહમાં છે. અને અખ્યાફી બહેન (બાપ અલગ મા એક) અસ્મા બિન્તે અમીસ હઝરત જઅફર رضی اللہ عنہ ના નિકાહમાં, અને બીજી અખ્યાફી બહેન (બાપ અલગ મા એક) સલમા બિન્તે અમીસ જનાબ હમ્ઝાના નિકાહમાં છે. જેથી હઝરત મૈમૂના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના સગાં માસી છે. હઝરત મૈમૂના رضی اللہ عنہا ના આ નિકાહમાં હઝરત અબ્બાસ, મૈમૂનાના વકીલ હતા. તેમણે હુઝૂર ﷺ સાથે આપનો નિકાહ કર્યો. પરત થતાં એ જ સ્થળે ઝુફાફ (સુહાગ રાત) થઈ અને એ જ જગાએ હઝરત મૈમૂનાની વફાત અને કબ્ર થઈ. લોકો ઝિયારત કરે છે. (મિર્કાત) એનાથી જાણવા મળ્યું કે આ નિકાહની સ્થિતિ જેટલા પ્રમાણમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને માલૂમ હોય શકે છે એટલી બીજાને નહીં, કે એ ખુદ તેમની માસીનો મામલો છે, અને આપના વાલિદ માજિદ એ નિકાહમાં વકીલ છે. આ હદીષ ઈમામે આ'ઝમની મજબૂત દલીલ છે કે **મુહરિમ એહરામની હાલતમાં નિકાહ કરી શકે છે.** આ અમલ જાઈઝ હોવાના વર્ણન માટે છે અને ગુજરેલુ વર્ણન મુસ્તહબ હોવાના માટે, જેથી હદીષોમાં ટકરાવ નથી.

★ હદીષ : (૬)-૨૬૮૩ ★

وَعَنْ يَزِيدَ بْنِ الْأَصَمِّ ابْنِ أُخْتِ مَيْمُونَةَ عَنْ مَيْمُونَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تَزَوَّجَهَا وَهُوَ حَلَالٌ. رَوَاهُ مُسْلِمٌ قَالَ الشيخُ الإِمَام يحيى السّنة: وَالْأَكْثَرُونَ عَلَى أَنَّهُ تَزَوَّجَهَا حَلَالًا وَظَهَرَ أَمْرُ تَزْوِيجِهَا وَهُوَ مُحْرِمٌ ثُمَّ بَنَى بِهَا وَهُوَ حَلَال بسرف فِي طَرِيق مَكَّة

''હઝરત યઝીદ ઈબ્ને અઅ્સમથી રિવાયત છે જે હઝરત મૈમૂનાના ભાણીયા છે[૧] એ જનાબ મૈમૂનાના રાવી છે, કે રસૂલુલ્લાહ ﷺ એ હઝરત મૈમૂના સાથે હલાલ હાલતમાં નિકાહ કર્યા[૨]. (મુસ્લિમ) હઝરત શયખ ઈમામ મુહયુસ્સુન્નહ ફર્માવે છે કે મોટાભાગના ઉલમા એના પર છે કે હુઝૂરે અન્વર ﷺ એ તેમની સાથે નિકાહ તો હલાલની હાલતમાં કર્યા પણ એહરામની હાલતમાં નિકાહનો હાલ ખુલ્યો પછી મક્કા મોઅઝ્ઝમાના માર્ગમાં સરફ સ્થળે આપની સાથે ઝુકાફ (સુહાગરાત) હલાલ થઈને કરી[૩].''

૧. યઝીદ ઈબ્ને અસમ પણ હઝરત મૈમૂનાના ભાણીયા છે, અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પણ. પણ યઝીદ ઈબ્ને અસમ તાબઈ છે અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફકીહ સહાબી છે. જેથી યઝીદ ઈબ્ને અસમ સાંભળીને કહી રહ્યા છે અને હઝરત ઈબ્ને અબ્બાસ તે નિકાહ જોઈને કહી રહ્યા છે કેમ કે તે ખુદ એ નિકાહમાં મૌજૂદ હતા. તેમના પિતા હઝરત અબ્બાસ رضی اللہ عنہ નિકાહના વકીલ હતા. એ ખબર નથી કે યઝીદ ઈબ્ને અસમે આ બનાવ કોની કોની પાસેથી સાંભળ્યો. ખુદ હઝરત મૈમૂનાથી અથવા કોઈ અન્યથી, તેમણે હઝરત મૈમૂનાથી અહીં عن ميمونه છે, سمعت ميمونه નથી.

૨. تزوّج થી મુરાદ નિકાહની તૈયારી છે, અને હલાલથી મુરાદ એહરામથી પહેલાનું હિલ્લ (હલાલ હોવાની) છે, એટલે એહરામ બાંધવાથી પહેલાં હિલ્લની હાલતમાં નિકાહની તૈયારી કરી અને એહરામ બાદ નિકાહ કર્યો. રબ તઆલા ફર્માવે છે : فَإِذَا قَرَأْتَ الْقُرْآنَ فَاسْتَعِذْ بِاللَّهِ (તો જ્યારે તમે કુર્આન પઢો તો અલ્લાહની પનાહ માગો. સૂરએ નહ્લ, ૧૬/૯૮) અને ફર્માવે છે : إِذَا قُمْتُمْ إِلَى الصَّلٰوةِ فَاغْسِلُوْا وُجُوْهَكُمْ (જ્યારે નમાઝ માટે ઉભા થવા ચાહો તો પોતાનું મોં ધૂઓ અને કોણીઓ સુધી હાથ અને માથાનો મસહ અને ઘૂંટીઓ સુધી પગો. સૂ. માઈદા, ૫/૬) એટલે કે જ્યારે તમે કુર્આન પઢવા ચાહો તો اعوذ باللہ પઢો અને જ્યારે તમે નમાઝ પઢવા ચાહો તો વુઝૂ કરો. એ જ પ્રમાણે تزوّج નો અર્થ છે નિકાહ કરવા ચાહ્યું. નિકાહની તૈયારી નિકાહ પહેલાં થાય છે જેથી આ હદીષ અગાઉ વર્ણવેલી ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષની વિરુદ્ધ નથી અને જો વિરુદ્ધ પણ હોય તો પણ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષને અગ્રતા છે, જેવું કે હમણા અમે અર્ઝ કર્યું.

૩. અહીં اكثرون થી મુરાદ શાફઈ ઉલમા છે. તેમણે એ તાવીલ કરી છે, પણ એ તાવીલ બિલ્કુલ જાહેરની વિરુદ્ધ છે, કેમ કે તેનાથી વિરુદ્ધ પણ થઈ શકે છે કે નિકાહ એહરામમાં કર્યા હોય, અને નિકાહની જાહેરાત હલાલ હોવાની હાલતમાં થઈ હોય, તેમજ تزوّج ને નિકાહની જાહેરાતના અર્થમાં લેવું ખૂબ જ દૂરનું છે. સારાંશ કે હનફીઓનો મઝહબ ખૂબ જ કવી (મજબૂત) છે. ઈમામ ઝહરીએ જ્યારે યઝીદ ઈબ્ને અસમની હદીષ અમ્ર ઈબ્ને દીનાર પર પેશ કરી તો અમ્રએ ફર્માવ્યું કે યઝીદ જે ગામડાવાસી હતા, તે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના બરાબર કેવી રીતે થઈ શકે છે ! ઈબ્ને અબ્બાસની હદીષને સિહાહ સિત્તહએ રિવાયત કરી અને યઝીદની હદીષને મુસ્લિમ.

અબૂ રાફેઅની હદીષમાં છે કે હુઝૂરે અન્વર ﷺએ આ નિકાહ હલાલની હાલતમાં કર્યા અને હું જ એ નિકાહમાં પયગામ પહોંચાડનાર હતો. આ હદીષ સેહતના દરજે ન પહોંચી. એને ઈબ્ને હુબ્બાને નકલ કરી અને તિર્મિઝીએ તેને સહીહ ન કહી, હસન કહી. અને જો સહીહ પણ હોય તો મતલબ એ જ છે કે નિકાહની તૈયારી એહરામની હાલતમાં હતી. પયગામ પહોંચાડવું નિકાહના ઈરાદામાં થાય છે ન કે તદ્દન નિકાહના સમયે. તે સમયે તો વકાલત થાય છે જે હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ કરી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની જે રિવાયત છે કે આપે હલાલ હોવાની હાલતમાં નિકાહ કર્યા તે બિલ્કુલ સાંભળીને છે, જેને નજર ઉઠાવીને પણ જોવું જોઈએ. અને જો આ રિવાયતમાં વિવાદાસ્પદ માની લેવામાં આવે તો બંને પ્રકારની હદીષો અમલને અપાત્ર થશે અને કુયાસ પર અમલ થશે, જેમ કે ટકરાવ (વિરોધાભાસ)નો હુકમ છે. કુયાસ ચાહે છે કે મુહરિમનો નિકાહ દુરુસ્ત થાય, કેમ કે નિકાહ અન્ય વેચાણ કરારો ઈજારા વગેરેની જેમ એક અકૂદ (કરાર) છે. જ્યારે મુહરિમ વેચાણ કરાર કરી શકે છે તો નિકાહ પણ કરી શકે છે. તેમની ચીજોમાં અસલ અબાહત (મુબાહ હોવું) છે અને હુર્મત (હરામ હોવું) ટેમ્પરરી છે. ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ મુહરિમના નિકાહની અબાહત (મુબાહ) હોવું સાબિત કરી રહેલ છે, જેથી એને જ અગ્રતા આપવામાં આવશે કે અબાહતે અસ્લિયા એની મુરજહ (મુબાહ હોવું એને અગ્રતા આપે) છે. તેમજ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ પોઝિટિવ છે, અને આ હદીષ નેગેટીવ (નકાર કરનાર) છે. અને પોઝિટિવને અગ્રતા આપવામાં આવે છે. (અઝ : મિર્કાત મઅ ઝિયાદહ)

"હઝરત અબૂ ઐયૂબથી રિવાયત છે કે નબી કરીમ ﷺ એહરામની હાલતમાં પોતાનુ માથુ મુબારક ધોઈ લેતા હતા[૧]." (મુસ્લિમ, બુખારી)	**★ હદીષ : (૭)-૨૬૮૪ ★** (مُتَّفِقٌ عَلَيْهِ) وَعَنْ أَبِي أَيُّوبَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَغْسِلُ رَأْسَهُ وَهُوَ مُحْرِمٌ

૧. એહરામની હાલતમાં માથુ કેવળ પાણી વડે ધોવું જાઈઝ છે, જ્યારે કે વાળ ન તૂટે. ખત્મીથી ધોવામાં કુર્બાની વાજિબ છે. (હનફી, માલિકી) ઈશ્નાન અથવા ખુશ્બોદાર ચીજથી ધોવામાં સદકો વાજિબ છે. બોરડીના પાંદડાવાળા પાણી, સાબુ વડે ધોવુ જાઈઝ છે.

★ એહરામની હાલતમાં હિજામા (લોહી ચૂંસાવવું) કેવું ? ★

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ એહરામની હાલતમાં પછના (હિજામા) લગાડયા[૧]." (મુસ્લિમ, બુખારી)	**★ હદીષ : (૮)-૨૬૮૫ ★** (مُتَّفِقٌ عَلَيْهِ) وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: احْتَجَمَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ محرم

૧. મુહરિમે પછના લગાડવું (હિજામા કરવું, લોહી ચૂંસાવવું) પણ જાઈઝ છે જ્યારે કે વાળ ન તૂટે. કોઈએ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને *પૂછયું કે મુહરિમે પોતાનુ માથુ કે શરીર ખંજવાળવું કેવું ? તો આપે ફર્માવ્યું, જાઈઝ છે પણ વાળ ન તૂટવા પામે. (મિર્કાત)*

★ મુહરિમ માટે ખુશ્બોદાર સુરમો કે દવા તથા મેંદી મના ★

"હઝરત ઉષ્માન رضی اللہ عنہ થી રિવાયત છે. આપે રસૂલુલ્લાહ ﷺ થી તે શખ્સના બારામાં હદીષ નકૂલ કરી જેની આંખો દુ:ખતી હોય અને તે મુહરિમ હોય કે એલોવિરાનો જમાવેલ રસથી લેપ કરે[૧]." (મુસ્લિમ)	**★ હદીષ : (૯)-૨૬૮૬ ★** وَعَن عُثْمَان حَدَّثَ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الرَّجُلِ إِذَا اشْتَكَى عَيْنَيْهِ وَهُوَ محرمٌ ضمدهما بِالصبرِ. رَوَاهُ مُسلم

૧. કેમ કે એલોવિરાના જમાવેલ રસમાં ખાસ ખુશ્બુ કે સુગંધ નથી એટલા માટે દવા રૂપે તેનો ઉપયોગ જાઈઝ છે, પણ **ખુશ્બોદાર સુરમો અથવા દવા લગાડવી મના છે, જેનાથી સદક़ો વાજિબ થશે. મેંદી લગાડવું મુહરિમને મના છે કે એમાં ખુશ્બુ છે.**

★ હદીષ : (૧૦)-૨૬૮૭ ★

وَعَنْ أُمِّ الْحُصَيْنِ قَالَتْ: رَأَيْتُ أُسَامَةَ وَبِلَالًا وَأَحَدُهُمَا آخِذٌ بِخِطَامِ نَاقَةِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَالْآخَرُ رَافِعٌ ثَوْبَهُ يَسْتُرُهُ من الْحَرِّ حَتَّى رَمَى جَمْرَةَ الْعَقَبَةِ. رَوَاهُ مُسْلِمٌ

''હઝરત ઉમ્મુલ હુસૈન رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે : મેં હઝરત ઓસામા તથા બિલાલને જોયા કે એમનામાંથી એક રસૂલુલ્લાહ ﷺ ની ઊંટણીની મુહાર પકડેલ હતા અને બીજા સાહબે પોતાનુ કપડુ તાણેલ હતુ[૧] આપને ગરમીથી બચાવતા હતા ત્યાં સુધી કે આપે જમરા ઉક़બાની રમી કરી લીધી[૨]. (મુસ્લિમ)''

★ એહરામની હાલતમાં છાંયડો મેળવવાનો તરીક़ો ★

૧. હઝરત બિલાલ رضی اللہ عنہ એ તો ઊંટણીની મુહાર પકડેલી હતી અને હઝરત ઓસામાએ માથા મુબારક પર છાંયડો કરેલો હતો. આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે પોતાના ખાદિમોથી ખિદમત લેવી જાઈઝ છે, ચાહે ખાદિમો પગારદાર નોકરો હોય કે પોતાના શાગિર્દ, મુરીદ, ચાહક વગેરે. બીજુ એ કે મુહરિમ એહરામની હાલતમાં છત્રી, તંબૂ, ચાદરનો છાંયડો લઈ શકે છે, શર્ત એ કે આ ચીજો તેના માથાથી અલગ રહે. રાફ઼ઝીઓને ત્યાં છત્રી વગેરેથી છાંયડો લેવો પણ મુહરિમે દુરુસ્ત નથી.

૨. એમાં એ ખુલાસો નથી કે એ રમી દસમી બક़ ઈદની હતી. શક્ય છે કે બાદવાળા દિવસોની હોય. (મિર્ક़ાત)

★ હદીષ : (૧૧)-૨૬૮૮ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ كَعْبِ بْنِ عُجْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَرَّ بِهِ وَهُوَ بِالْحُدَيْبِيَةِ قَبْلَ أَنْ يَدْخُلَ مَكَّةَ وَهُوَ مُحْرِمٌ وَهُوَ يُوقِدُ تَحْتَ قِدْرٍ وَالْقَمْلُ تَهافت عَلَى وَجْهِهِ فَقَالَ: «أَتُؤْذِيكَ هَوَامُّكَ؟» . قَالَ: نَعَمْ. قَالَ: «فَاحْلِقْ رَأْسَكَ وَأَطْعِمْ فَرَقًا بَيْنَ سِتَّةِ مَسَاكِينَ» . وَالْفَرَقُ: ثَلَاثَةُ آصُعٍ: «أَوْ صُمْ ثَلَاثَةَ أَيَّام أوانسك نسيكة»

''હઝરત કઅબ ઈબ્ને ઉજરા رضی اللہ عنہ થી રિવાયત છે[૧] કે નબી કરીમ ﷺ તેમની પાસેથી પસાર થયા જ્યારે કે તે મક़ામે હુદૈબિયામાં હતા. મક્કા મોઅઝ્ઝમા દાખલ થતા પહેલા[૨] તે મુહરિમ હતા અને હાંડલીની નીચે આગ સળગાવી રહ્યા હતા, અને જૂવો તેમના ચહેરા પર પડી રહી હતી[૩] તો ફર્માવ્યું, શું તમને જૂવો દુ:ખ આપી રહી છે ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તો તમારું માથુ મૂંડાવી નાખો અને એક ફ઼ર્ક़ (ત્રણ સાઅ)[૪] દાણા મિસ્કીનોમાં વહેંચી દો[૫]. ફ઼ર્ક़ ત્રણ સાઅનો હોય છે અથવા ત્રણ દિવસના રોઝા રાખી લો અથવા કુર્બાની આપી દો[૬].'' (મુસ્લિમ, બુખારી)''

૧. આપ સહાબી છે. બયઅ્તુર્રિદ્વાનમાં હાજર હતા. જાહિલિયતના જમાનામાં ઓબાદા ઈબ્ને સામિતથી દોસ્તી હતી. આપની એક મૂર્તિ હતી જેની પૂજા કરતા હતા, એક દિવસ હઝરત ઓબાદાએ તેમની ગૈર મોજૂદગીમાં મૂર્તિ તોડી નાખી. આપે મૂર્તિને તૂટેલી અને હઝરત ઓબાદાને ત્યાં બેઠેલા જોયા તો હઝરત ઓબાદા પર ગુસ્સો આવ્યો પણ તરત જ દિલથી અવાજ આવ્યો કે હે કઅબ ! જો મૂર્તિઓ કાંઈ કરી શકતી હોત તો પોતાને ઓબાદાથી કેમ ન બચાવતી ! એ ખયાલ આવતાં જ ઈસ્લામ સ્વીકારી લીધો. (અશિઅ્હ) કૂફામાં વસવાટ રહ્યો. ૭૫ વરસની

ઉમરમાં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. હિ.સ. ૫૧માં ઈન્તેકાલ થયો. (અકમાલ)

૨. આ બનાવ સુલહે હુદૈબિયાના વરસનો છે. હજી મક્કાના કાફિરો સાથે સુલહની ચર્ચા શરૂ થઈ ન હતી. મુસલમાનોને ઉમરા કરવાની મજબૂત ઉમ્મીદ હતી.

૩. એટલે કે માથામાં જૂવો ખૂબ જ થઈ ગઈ હતી પણ એહરામના કારણે મારી શક્તા ન હતા, અને ન માથુ ખત્મી વગેરેથી ધોઈ શક્તા હતા, ત્યાં સુધી કે પરિસ્થિતિ એવી થઈ કે ચહેરા પર જૂવો ફરવા લાગી.

૩. فرق (ફર્ક) અરબના એક માપિયાનું નામ છે જેમાં સોળ રતલ અથવા બાર મુદ અથવા ત્રણ સાઅ ઘઉં સમાય છે. راء ના સુકૂન (જઝમ)થી પણ છે અને ફતહ (ઝબર)થી પણ.

★ એહરામની હાલતમાં માથુ મૂંડાવવાનો ફિદિયો ★

૫. જેથી દરેક મિસ્કીનને અડધો સાઅ મળશે. દાણાથી મુરાદ ઘઉં છે. અમારો એ જ મઝહબ છે કે મુહરિમ પર માથુ મૂંડાવવાની સ્થિતિમાં ત્રણ સાઅ ઘઉં છે મિસ્કીનોમાં વહેંચવા લાઝિમ છે. (મિર્કાત)

૬. આ હદીષ આ આયતે કરીમાની તફસીર છે.

وَلَا تَحْلِقُوْا رُءُوْسَكُمْ حَتّٰى يَبْلُغَ الْهَدْيُ مَحِلَّهٗ ؕ فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا اَوْ بِهٖۤ اَذًى مِّنْ رَّاْسِهٖ فَفِدْيَةٌ مِّنْ صِيَامٍ اَوْ صَدَقَةٍ اَوْ نُسُكٍ ۚ

એટલે કુર્બાની પોતાના ઠેકાણે પહોંચતાં પહેલાં માથુ ન મૂંડાવો. જે તમારામાં બીમાર કે તેના માથામાં તકલીફ હોય તો તેના પર ફિદિયો લાઝિમ છે, રોઝા કે સદકો કે કુર્બાની. (સૂરએ બકરહ, ૨/૧૯૬) હદીષ શરીફે બતાવ્યું કે રોઝા ત્રણ વાજિબ થશે, અને જો સદકો આપે તો ત્રણ સાઅ મિસ્કીનોને આપશે, દરેક મિસ્કીનને અડધો સાઅ. સારાંશ કે જરૂરત પર માથુ મૂંડાવવાનો મુહરિમ પર કફ્ફારો છે.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૧૨)-૨૬૮૯ ★

عَنِ ابْنِ عُمَرَ: أَنَّهُ سَمِعَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَنْهَى النِّسَاءَ فِي إِحْرَامِهِنَّ عَنِ الْقُفَّازَيْنِ وَالنِّقَابِ وَمَا مَسَّ الْوَرْسُ وَالزَّعْفَرَانُ مِنَ الثِّيَابِ وَلْتَلْبَسْ بَعْدَ ذَلِكَ مَا أَحَبَّتْ من ألوانِ الثيابِ معصفر أوخز أَو حلي أَو سروايل أَو قميصٍ أَو خُفٍّ. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે આપે રસૂલુલ્લાહ ﷺ ને સાંભળ્યા કે આપ સ્ત્રીઓને એહરામની હાલતમાં દસ્તાનાઓ (હાથમાં પહેરવાના ગિલાફો) તથા નકાબથી, અને એ કપડાંઓથી જેને વર્સ કે ઝાફરાન લાગેલ હોય તે મના કરતા હતા[૧]. હા ! એહરામ પછી જે રંગબેરંગી કપડાં લાલ કે રેશમી અથવા ઘરેણા અથવા પાયજામો કે કુર્તો અથવા મોજા ચાહે પહેરે[૨]. (અબૂ દાઉદ)

૧. એટલે સ્ત્રીએ એહરામની હાલતમાં ત્રણ ચીજો મના છે : દસ્તાના (હાથમાં પહેરવાના ચામડાના મોજા) પહેરવા, ચહેરા પર નકાબ એ રીતે નાખવો કે કપડુ મોઢાને લાગે, મોઢા કે કપડાં પર ખુશ્બુ ઘસવી.

★ એહરામની હાલત સ્ત્રીઓનો પોશાક ★

૨. بعد ذلك નો અર્થ અશિઅતુલ લમ્આતમાં તો એ કર્યો કે એહરામ પછી જે ચાહે પહેરે કે રુકાવટ જતી રહી, પણ મિર્કાતમાં بعد નો અર્થ કર્યો سواء ذالك થી ઈશારો કર્યો વર્ણવેલ ત્રણ ચીજો તરફ અને અર્થ એ કર્યો કે એ ત્રણેવ

લિબાસો સિવાય મુહરિમા સ્ત્રી એહરામની હાલતમાં જે ચાહે લિબાસ પહેરે. મતલબ એ છે કે સ્ત્રીઓ પર પુરૂષો જેવી પાબંદી નથી. માથુ ન ઢાંકે અથવા સીવડાવેલાં કપડાં ન પહેરે વગેરે બલ્કે તેણીએ માથુ ઢાંકવું, સીવેલાં કપડાં પહેરવાં જાઈઝ છે. બલ્કે જો નક़ાબ જો ચહેરાથી અલગ રહે તો તે પણ જાઈઝ છે. મિર્ક़ાતનો આ બીજો અર્થ અધિક મજબૂત જણાય છે. واللّٰه تعالٰى اعلم

★ હદીષ : (૧૩)-૨૬૯૦ ★
وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كَانَ الرُّكْبَانُ يَمُرُّونَ بِنَا وَنَحْنُ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مُحْرِمَاتٌ فَإِذَا جَاوَزُوا بِنَا سَدَلَتْ إِحْدَانَا جِلْبَابَهَا مِنْ رَأْسِهَا عَلَى وجهها فإذا جاوزونا كشفناهُ. رَوَاهُ أَبُو دَاوُد وَلابْن مَاجَه مَعْنَاهُ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે કે અમારી પાસેથી કાફ઼લા પસાર થયા હતા જ્યારે કે અમે રસૂલુલ્લાહ ﷺ સાથે એહરામ બાંધેલ સ્થિતિમાં હતા. જ્યારે કાફ઼લા અમારી પાસેથી પસાર થતા[૧] તો અમારામાંથી દરેક પોતાના માથાથી ચાદર ઓઢી લેતી[૨]. પછી જ્યારે તેઓ આગળ વધી જતા તો અમે મોં ખોલી લેતી હતી[૩]. (અબૂ દાઊદ) ઈબ્ને માજહની રિવાયતમાં એના અર્થમાં છે.''

★ એહરામની હાલતમાં ઉમ્મતની માઓનો પર્દો ★

૧. એટલે આમ તો અમે અમારી સહેલીઓની સાથે અમારા ચહેરા ખુલ્લા રાખતી હતી પણ જ્યારે કાફ઼લા અમારી પાસેથી પસાર થતા તો એમાં પુરૂષો પણ રહેતા હતા, તેમનાથી અમો પર્દો કરવાની કોશિશ કરતી હતી. જેથી આ હદીષ એ સાબિત નથી થતું કે તે હઝરાત પોતાના મદીનાવાળા મર્દોથી પર્દો ન કરતી હતી, જેવું કે અમુક લોકોએ સમજ્યું. પર્દો દરેક તે પુરૂષથી વાજિબ છે જેની સાથે નિકાહ દુરૂસ્ત હોય, ચાહે મદીનાનો હોય કે બહારનો.

૨. પણ એ રીતે કે ચાદરનો તે હિસ્સો ચહેરાથી ન સ્પર્શે, એનાથી અલગ રહે કે એમાં પર્દો પણ થઈ ગયો, નક़ાબ ચહેરાથી સ્પર્શ્યો પણ નહીં. જેથી આ હદીષ અગાઉ વર્ણવેલ નક़ાબની મનાઈ કરતી હદીષની વિરૂદ્ધ નથી.

૩. કેમ કે હવે કોઈ નામેહરમ પુરૂષ રહેતો ન હતો. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺની પત્નીઓ એ સર્વ ઉમ્મતની માઓ છે. રબ તઆલા ફર્માવે છે : وَاَزْوَاجُهٗۤ اُمَّهٰتُهُمْ (અને તેમની બીવીઓ તેમની માઓ છે. સૂરએ અહ઼ઝાબ, ૩૩/૬) પણ પર્દો હિજાબ તેમના પર પણ ફ઼ર્ઝ છે. રબ તઆલા ફર્માવે છે : وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَسْـَٔلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ (અને જ્યારે તમે એમની સાથે વર્તવાની કોઈ ચીજ માગો તો પર્દાની બહારથી માગો. સૂરએ અહઝાબ, ૩૩/૫૩) હવે વર્તમાનકાળની બેપર્દા સ્ત્રીઓએ આ હદીષથી બોધપાઠ લેવો જોઈએ.

★ એહરામની હાલતમાં તેલ લગાડવું ★

★ હદીષ : (૧૪)-૨૬૯૧ ★
وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَدَّهِنُ بالزيت وَهُوَ محرمٌ غيرَ المقتّتِ يَعني غيرَ المطيَّبِ. رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એહરામની હાલતમાં ઝયતૂનનું તેલ લગાડી લેતા હતા જે કોઈ ખુશ્બુથી મહેકાવવામાં આવેલ ન CMT[૧]. '' (તિર્મિઝી)

૧. مقتتથી બન્યું. તેલને ખુશ્બુથી મહેકાવવાના અર્થમાં અથવા તો ખુશ્બુ સાથે પકાવીને અથવા તલો વગેરેને ફૂલોમાં વસાવીને અથવા તેલમાં ફૂલ નાખીને. આ સૌ تقتيت (મહેકાવવાની)ની રીતો છે. યાદ રાખશો કે

ખુશ્બુદાર તેલ પૂરા અંગ પર લગાડવાથી મુહરિમ પર એકમતીએ કુર્બાની વાજિબ છે. પણ સાદુ તેલ કે ઝૈતૂનનું તેલ લગાડવામાં મતભેદ છે. ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ એને ખુશ્બુ માને છે કે એને લગાડવાથી ઈમામ સાહબને ત્યાં કુર્બાની અને સાહિબૈનને ત્યાં સદકો વાજિબ છે, પણ જ્યારે કે ખુશ્બુ માટે ઘસવામાં આવે. જો દવા રૂપે વાપરવુ અથવા તેની માલિશ કરવામાં આવે તો આપણે ત્યાં પણ કાંઈ વાજિબ નથી, અન્ય ઈમામોને ત્યાં એ તેલોથી કાંઈ વાજિબ નથી. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં આ હદીષમાં દવારૂપે તેલ લગાડવું મુરાદ છે. બીજા ઈમામોને ત્યાં ખુશ્બુ માટે લગાડવું મુરાદ છે જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની હદીષ વિરુદ્ધ નથી.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૫)-૨૬૯૨ ★

عَنْ نَافِعٍ أَنَّ ابْنَ عُمَرَ وَجَدَ الْقُرَّ فَقَالَ: أَلق عَلَيَّ ثوبا نَافِعُ فَأَلْقَيْتُ عَلَيْهِ بُرْنُسًا فَقَالَ: تُلْقِي عَلَيَّ هَذَا وَقَدْ نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ يَلْبَسَهُ الْمُحْرِمُ؟ . رَوَاهُ أَبُو دَاوُد؟

''હઝરત નાફેઅ رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમરે ઠંડી મહેસૂસ કરી તો ફર્માવ્યું, હે નાફેઅ ! મારા પર કપડુ નાખી દો[૧] તો મેં આપના પર એક બુરનુસ રાખી દીધી[૨]. તો આપે ફર્માવ્યું કે શું તમે મારા પર રાખો છો જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ એ મુહરિમને એને પહેરવાથી મના કર્યું[૩]. '' (અબૂ દાઉદ)

૧. હઝરત ઈબ્ને ઉમર મુહરિમ હતા. ઠંડીની ઋતુ (શિયાળો) હતી, અથવા આકસ્મિક રીતે ઠંડી થઈ ગઈ. જૂન જુલાઈમાં પણ વરસાદ કે કરા પડી જવાથી ટેમ્પરરી તૌર પર ઠંડી થઈ જાય છે.

૨. બુરનુસ (برنس) લાંબી ટોપીને પણ કહે છે અને લાંબી ચાદરને પણ જે માથુ પણ ઢાંકી લે. અહીં બીજો અર્થ મુરાદ છે, એટલે મેં તેમના પર તે લાંબી ચાદર રાખી દીધી જેનાથી તેમનુ માથુ પણ ઢંકાઈ ગયું. બુરનુસમાં એવી સિલાઈ હોય છે જેમાં માથુ ઢાંકવાનો હિસ્સો બની જાય છે.

★ એહરામની હાલતમાં સીવેલુ કપડુ પહેરવું મના ★

૩. યાદ રાખશો કે મુહરિમે સીવેલું કપડુ પહેરવું મના છે, ત્યાં સુધી કે તેને પોતાના ઉપર નાખવું. પહેરવું એ છે કે સીલાઈ થકી કપડુ શરીર પર રોકાય. નાખવું એ છે કે કોઈ અન્ય રીતે તેને રોકવામાં આવે. હઝરત ઈબ્ને ઉમરે ક્યાં તો એટલા માટે મના કર્યું કે આપનું માથુ ઢંકાઈ ગયુ હતુ અને મુહરિમે માથુ ઢાંકવું મના છે. અથવા આપે સીવડાવેલ કપડુ નાખવું પણ મકરૂહ સમજ્યું હતું. ફત્હુલ કદીરમાં ફર્માવ્યું કે સીવડાવેલ કપડુ એ રીતે પોતાના પર નાખવું કે પહેરેલા જેવું થઈ જાય એ મકરૂહ છે. *(મિર્કાત)*

★ હદીષ : (૧૬)-૨૬૯૩ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَالِكٍ بن بُحَيْنَةَ قَالَ: احْتَجَمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ مُحْرِمٌ بِلَحْيِ جَمَلٍ مِنْ طريقِ مكةَ فِي وسط رَأسه .

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને માલિક ઈબ્ને બુહૈના رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એહરામની હાલતમાં પોતાના માથાની મધ્યમાં મક્કા મોઅઝ્ઝમાના માર્ગમાં લુહી જુમલમાં પછના (હિજામા) લગાડ્યું[૧]. '' (મુસ્લિમ, બુખારી)

૧. જાહેર એ છે કે મધ્યમાં વાળ હોય છે તે દૂર કર્યા વિના ત્યાંથી લોહી નથી ચૂસી શકાતું, અને વાળ ઉખેડવા, મૂંડવા એહરામની હાલતમાં જુર્મ છે એટલા માટે હુઝૂરે અન્વર ﷺ એ જરૂરતના લીધે અહીંના વાળ અલગ કરીને

લોહી ચૂંસાવ્યું હશે, અને બાદમાં ફિદિયો પણ અદા કરી આપ્યો હશે. અહીં ફિદિયાનો ઉલ્લેખ નથી. માથુ મૂંડાવવા પર ફિદિયો વાજિબ થવો કુર્આની આયતથી સાબિત છે. અમારા આ ખુલાસાના આધારે ન તો હદીષ કુર્આની આયતની વિરુદ્ધ છે, અને તે હદીષોની વિરુદ્ધ જેમાં હાજીને લોહી ચૂંસાવવા (હિજામા) અથવા વાળ મૂંડાવવાથી મના કરવામાં આવ્યું છે, કે આ અમલ જરૂરતના તૌર પર હતો અને તે ફર્માન, વિના જરૂરતની સ્થિતિમાં છે.

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એહરામની હાલતમાં એક દર્દના કારણે જે આપને હતું, પગની પીઠ પર પછના (હિજામા) લગાડાવ્યું[૧]." (અબૂ દાઉદ, નિસાઈ)

★ હદીષ : (૧૭)-૨૬૯૪ ★

وَعَنْ أَنَسٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: احْتَجَمَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ مُحْرِمٌ عَلَى ظَهْرِ الْقَدَمِ مِنْ وَجَعٍ كَانَ بِهِ. رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ

૧. કેમ કે પગની મધ્યમાં વાળ હોતા જ નથી જેથી ત્યાં હિજામાની જરૂરતમાં વાળ દૂર કરવાનો સવાલ જ પેદા નથી થતો. જેથી આ હદીષમાં કોઈ તાવીલ કે સ્પષ્ટતાની જરૂરત જ નથી. ખાસ કરીને જ્યારે એ લોહી ચૂંસાવવું ઉઝ્રના કારણે હતું. ઉઝરમાં તો વાળ મૂંડાવીને લોહી ચૂંસાવવું પણ જાઈઝ છે, ભલે ફિદિયો વાજિબ છે. (લમ્આત તથા અશિઅ્હ વગેરે)

"હઝરત અબૂ રાફેઅથી[૧] રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ હઝરત મૈમૂના સાથે હલાલ હોવાની સ્થિતિમાં નિકાહ કર્યો અને હલાલ હોવાની જ હાલતમાં તેમની સાથે ઝુફાફ (સુહાગ રાત) કરી. હું જ બંને વચ્ચે પયગામ પહોંચાડનાર હતો[૨]." (અહમદ, તિર્મિઝી) તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ હસન છે.

★ હદીષ : (૧૮)-૨૬૯૫ ★

وَعَن أَبِي رافِعٍ قَالَ: تَزَوَّجَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَيْمُونَةَ وَهُوَ حَلَالٌ وَبَنَى بِهَا وَهُوَ حَلَالٌ وَكُنْتُ أَنَا الرَّسُولَ بَيْنَهُمَا. رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ

૧. આપનું નામ મુસ્અબ અથવા ઈબ્રાહીમ છે. કુન્નિયત અબૂ રાફેઅ છે આપ પહેલાં હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના ગુલામ હતા. કોઈ કિબ્તીએ આપને તોહફો આપ્યો હતો. હઝરત અબ્બાસે નઝર રૂપે હુઝૂર ﷺ ને તેના માલિક બનાવી દીધા. બદરથી થોડાક પહેલાં ઈમાન લાવ્યા પણ બદરમાં હાજર ન થઈ શક્યા. જ્યારે તેમણે નબી કરીમ ﷺ ને હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના ઈમાન લાવવાની ખબર આપી તો હુઝૂર ﷺ એ ખુશ થઈને તેમને આઝાદ કરી દીધા. અકમાલમાં છે કે આપનો ઈન્તેકાલ હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની શહાદતના થોડાક પહેલાં થયો છે. પણ અમુક ઈતિહાસકારો જણાવે છે કે આપનો ઈન્તેકાલ ખિલાફતે મુર્તઝવીમાં થયો. (અશિઅ્હ, અકમાલ) પણ આપ આઝાદ થયા બાદ પણ હુઝૂર ﷺ ની સાથે જ રહ્યા.

૨. એની તેહકીક હમણા થોડાક અગાઉ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ની હદીષના હેઠળ થઈ ચૂકી કે મુસ્લિમ, બુખારીએ હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે હુઝૂરે આ નિકાહ એહરામની હાલતમાં કર્યા. જેથી આ અબૂ રાફેઅની હદીષમાં تزوّج નો અર્થ છે નિકાહની તૈયારી કરી. અને જાહેર પણ એ જ છે, કેમ કે રિસાલત તથા પયગામ પહોંચાડવું નિકાહ વખતે નહીં બલ્કે નિકાહ પહેલાં થાય છે اَنَا الرَّسُوْلُ થી જણાય છે કે નિકાહથી પહેલાંનો બનાવ છે. નિકાહના વકીલ હઝરત અબ્બાસ رضی اللہ عنہ હતા. તેમના પુત્ર કહે છે કે નિકાહ એહરામની હાલતમાં થયો જેથી હક્ક એ જ છે કે નિકાહ એહરામમાં થયો છે. અને **મુહરિમે નિકાહ કરવા જાઈઝ છે, સોહબત હરામ છે.**

૩. એટલે કે હદીષ સહીહ નથી બલ્કે હસન છે. અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ની હદીષ જેમાં એહરામની હાલતમાં નિકાહ સાબિત છે એ સહીહ છે, મુસ્લિમ, બુખારીની રિવાયત છે, જેથી તે આના પર રાજેહ છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબુલ મુહરિમ યજતનિબુસ્સૈદ باب المحرم یجتنب الصید

મુહરિમ શિકારથી બચે[૧]

(વિભાગ : ૧ الفصل الاول)

★ એહરામની હાલતમાં શિકારના મસાઈલ ★

૧. જો بَابٌને તન્વીન (ડબલ પેશ) પઢવામાં આવે તો એ هذا છુપાયેલની ખબર છે. المحرم મુબ્તદા يجتنب ખબર. અને જો بَابِ ને તન્વીન ન પઢવામાં આવે તો المحرم મઝાફ અલૈહ હોવાના લીધે મજરૂર થશે અને يجتنب તેનો હાલ. صيدનો અર્થ છે શિકાર કરવો અથવા શિકાર ખાવો. એટલે કે મુહરિમ શિકાર કરવાથી બચે, અથવા શિકાર ખાવાથી બચે. યાદ રાખશો કે મુહરિમ માટે દરિયાઈ શિકાર મુત્લક્ન હલાલ છે, જાનવર હલાલ હોય કે હરામ. દરિયો (નદી) હરમની હોય કે હરમ બહારની. રહ્યો જમીન પરનો શિકાર એમાં તફસીલ છે. ફાડી ખાનાર તથા શિકારી જાનવરનો શિકાર હલાલ છે, જેમ કે સાપ, સિંહ, વરૂ વગેરે. અન્ય હરામ જાનવરો જે જાતે પોતે મૂઝી તો નથી પણ કદીક હુમ્લો કરી દે છે તો હુમલો કરવાની સ્થિતિમાં તેમનો શિકાર હલાલ છે, નહીં તો નહીં. હલાલ જાનવરનો ન પોતે શિકાર કરે ન શિકારીની મદદ કરે, ન એની તરફ ઈશારો કરે. જો કરશે તો તેની કિંમત આપવી પડશે. રહ્યું શિકાર ખાવું તો એમાં ખૂબ જ તફસીલ છે અને ઈમામોમાં ઘણો મતભેદ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો મઝહબ એ છે કે મુહરિમનો કરેલો શિકાર હરામ છે ચાહે ખુદ શિકાર કરે કે બીજો મુહરિમ અથવા એ મુહરિમની સહાય અથવા ઈશારાથી હલાલ શિકાર કરે. રહ્યો હલાલનો શિકાર તે મુહરિમ ખાય શકે છે, ચાહે તેણે પોતાના માટે કર્યો હોય કે મુહરિમ માટે. જેવું કે અબૂ ક્તાદાની હદીષમાં આવશે. રબ તઆલા ફર્માવે છે : اُحِلَّ لَكُمْ صَيْدُ الْبَحْرِ وَ طَعَامُهٗ مَتَاعًا لَّكُمْ وَ لِلسَّيَّارَةِ (હલાલ છે તમારા માટે દરિયાનો શિકાર અને તેનું ખાવું તમારા અને મુસાફરોના ફાયદા માટે. સૂરએ માઈદા, ૫/૯૬) અને ફર્માવે છે : وَ حُرِّمَ عَلَيْكُمْ صَيْدُ الْبَرِّ مَا دُمْتُمْ حُرُمًا (અને તમારા માટે હરામ છે જમીનનો શિકાર જ્યાં સુધી તમે એહરામમાં છો. સૂરએ માઈદહ, ૫/૯૬) યાદ રાખશો કે તે જાનવર છે ખલ્ક્તના લેહાઝથી (પેદાઈશી) જંગલી હોય, તેની પેદાઈશ તથા ઉછેર જંગલમાં થાય. *(અઝ : મિર્ક્વાત, અશિઅહ)*

★ હદીષ : (૧)-૨૬૯૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)
عَنِ الصعب بن جثامة أَنه أَهْدى رَسُول اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حِمَارًا وَحْشِيًّا وَهُوَ بِالْأَبْوَاءِ أَوْ بِوَدَّانَ فَرَدَّ عَلَيْهِ فَلَمَّا رأى مَا فِي وَجْهَهُ قَالَ: «إِنَّا لَمْ نَرُدَّهُ عَلَيْكَ إِلَّا أَنَّا حُرُمٌ»

''હઝરત સ્અબ ઈબ્ને જષામાથી[૧] રિવાયત છે, કે તેમણે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં ગોરખર પેશ કર્યું[૧]. જ્યારે કે હુઝૂરે અન્વર ﷺ મક્કામે અબ્વા અથવા વદ્દાનમાં હતા[૩]. તો આપે તે પરત કરી દીધું. પછી જ્યારે હુઝૂરે તેમના ચહેરાની હાલત જોઈ તો ફર્માવ્યું કે, અમે કેવળ એટલા માટે પરત કર્યું કે અમે મુહરિમ છીએ[૪]. (મુસ્લિમ, બુખારી)

૧. આપ સહાબી છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما આપનાથી હદીષો લે છે. ખિલાફતે સિદ્દીક़ીમાં વફાત પામ્યા. (અશિઅ્હ, અકમાલ)

૨. અમુક રિવાયતોમાં છે કે જીવતુ જાનવર પેશ કર્યું હતું, અમુકમાં છે કે ઝબહ કરીને તેનું કોઈ અંગ, પડખુ વગેરે. શક્ય છે કે પ્રથમ જીવંત ગોરખર પેશ કર્યું હોય, બાદમાં ઝબહ કરીને તેનું કોઈ અંગે પેશ કર્યું હોય. જેથી હદીષોમાં ટકરાવ નથી. જંગલી ગધેડાનું ફારસીમાં નામ ગોરખર છે, ઉદૂમાં પણ એ જ છે.

૩. અબ્વા મદીના મુનવ્વરાથી દસ માઈલના અંતરે મક્કા મોઅઝ્ઝમાના પૂર્વી પુરાણા રસ્તા પર છે અને વદ્દાન આઠ માઈલના અંતરે. અબ્વા સ્થળે હઝરત આમિના ખાતૂન رضی اللہ عنہا નો મુક़દ્દસ મઝાર (જે હાલના સઊદી વહાબી નજ્દી હુકૂમતે તોડી કાઢેલ) છે. અલ્લાહ તઆલા મને ક્યારેક ત્યાંની હાજરી નસીબ કરે તો તેમની પવિત્ર તુર્બતની માટીનો સુરમો લગાડું. હઝરત સ़અ़બ અબ્વા સ્થળના રહેવાસી હતા.

૪. એટલે કે જ્યારે હુઝૂરે અન્વર ﷺએ તેમનો શિકાર પરત કર્યો તો તેમને રંજ થયો જેની અસર તેમના ચહેરા મહેસૂસ થઈ. ત્યારે હુઝૂરે અન્વર ﷺએ તેમની તસલ્લી આ ઈર્શાદે આલીથી કરી દીધી. જો જીવતા શિકારને પરત કર્યો છે ત્યારે તો હદીષ બિલ્કુલ જાહેર છે. મુહરિમે જીવતો શિકાર ન પકડવો દુરુસ્ત છે ન પકડેલો રાખવો અથવા ઝબહ કરવો દુરુસ્ત છે. અને જો તેનો ગોશ્ત પરત કર્યો છે તો તેનું કારણ શાફઈઓને ત્યાં તો એ છે કે હઝરત સઅ़બે હુઝૂરે અન્વર ﷺના માટે શિકાર કર્યો હતો. અહનાફને ત્યાં એટલા માટે રદ કર્યું કે એ શિકારમાં કોઈ મુહરિમે કોઈ મદદ કરી હતી અને હુઝૂરે અન્વર ﷺને એની ખબર હતી. આ બનાવ હજ્જતુલ વિદાઅનો છે કે હુઝૂરે અન્વર ﷺ જ્યારે અબ્વા પહોંચ્યા તો હઝરત સ़અ़બે હુઝૂર ﷺની મિજબાની આ રીતે કરી જેનું પરિણામ આ થયું.

★ **હદીષ : (૨)-૨૬૮૭** ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي قَتَادَةَ أَنَّهُ خَرَجَ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَتَخَلَّفَ مَعَ بَعْضِ أَصْحَابِهِ وَهُمْ مُحْرِمُونَ وَهُوَ غَيْرُ مُحْرِمٍ فَرَأَوْا حِمَارًا وَحْشِيًّا قَبْلَ أَنْ يَرَاهُ فَلَمَّا رَأَوْهُ تَرَكُوهُ حَتَّى رَآهُ أَبُو قَتَادَةَ فَرَكِبَ فَرَسًا لَهُ فَسَأَلَهُمْ أَنْ يُنَاوِلُوهُ سَوْطَهُ فَأَبَوْا فَتَنَاوَلَهُ فَحَمَلَ عَلَيْهِ فَعَقَرَهُ ثُمَّ أَكَلَ فَأَكَلُوا فَنَدِمُوا فَلَمَّا أَدْرَكُوا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَأَلُوهُ. قَالَ: «هَلْ مَعَكُمْ مِنْهُ شَيْءٌ؟» قَالُوا: مَعَنَا رِجْلُهُ فَأَخَذَهَا النَّبِيُّ صَلَّى الله عَلَيْهِ وَسلم فَأكلها وَفِي رِوَايَةٍ لَهُمَا: فَلَمَّا أَتَوْا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَمِنْكُمْ أَحَدٌ أَمَرَهُ أَنْ يَحْمِلَ عَلَيْهَا؟ أَوْ أَشَارَ إِلَيْهَا؟» قَالُوا: لَا قَالَ: «فَكُلُوا مَا بَقِيَ مِنْ لَحمهَا»

''હઝરત અબૂ ક़તાદાથી રિવાયત છે કે તે રસૂલુલ્લાહ ﷺની સાથી રવાના થયા[૧] તો પોતાના અમુક સાથીઓની સાથે પાછળ રહી ગયા હતા. તે સાથી તો મુહરિમ હતા, એ મુહરિમ ન હતા. તેમણે હઝરત અબૂ ક़તાદાની નજર પડતા પહેલાં એક ગોરખર જોયું. જોયું તો છોડી આપ્યું[૨] ત્યાં સુધી કે તેને અબૂ ક़તાદાએ જોઈ લીધું તો આપ પોતાના ઘોડા પર સવાર થઈ ગયા. સાથીઓને કહ્યું કે તેમનો કોરડો ઉઠાવી આપે, તેમણે ના પાડી[૩] આપે જાતે ઉઠાવી લીધો, શિકાર પર હુમ્લો કર્યો, તેના પગો કાપી નાખ્યા. પછી અબૂ કતાદાએ ખાધુ અને સાથીઓએ પણ. પછી એના પર શર્મિંદા થયા[૪]. જ્યારે રસૂલુલ્લાહ ﷺથી મળ્યા તો આપને મસ્અલો પૂછ્યો. હુઝૂરે ફર્માવ્યું કે શું તમારી પાસે એનો કાંઈક ટુકડો છે ? હુઝૂરે અન્વરે તે પગ

લીધો અને ખાધો[૫]. (મુસ્લિમ, બુખારી) આ બંનેની બીજી રિવાયતમાં આ પ્રમાણે છે કે જ્યારે એ લોકો રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં આવ્યા તો આપે ફર્માવ્યું, શું તમારામાંથી કોઈએ તેમને હુમ્લો કરવા કહ્યા હતું ? એ તરફ ઈશાર કર્યો હતો ? બોલ્યા, નહીં ! તો બાકીનો ગોશ્ત પણ ખાય લો[૬].

૧. આ બનાવ હિ.સ. સુલહે હુદૈબિયાનો છે. કેમ કે સર્વ હઝરાત ઉમરાના માટે મક્કા મોઅઝ્ઝમા જવાનો ઈરાદો ધરાવતા હતા એટલા માટે તેમણે એહરામ બાંધી લીધો હતો, થોડે દૂર સાથે સાથે ગયા હતા એટલા માટે આપે એહરામ બાંધ્યા ન હતો. જેથી હદીષ પર એ વાંધો નથી કે અબૂ કતાદા વિના એહરામે મીકાતથી આગળ કેમ વધી ગયા. મદીનાવાળાઓનો મીકાત તો ઝુલહલીફા છે.

૨. تركوهમાં ઝમીર ક્યાં તો અબૂ કતાદાની તરફ છે અથવા શિકારની તરફ. એટલે મુહરિમ સહાબાએ હઝરત અબૂ કતાદાને શિકારની રહબરી (માર્ગદર્શન)થી છોડી દીધા. એમને બતાવ્યું નહીં અથવા એ શિકારને છોડી આપ્યો, કે ન એની તરફ ઈશારો કર્યો ન હુમ્લો કર્યો.

૩. અમુક રિવાયતોમાં سوطهને બદલે رُمْحَهُ છે, એટલે કે પોતાનો નેઝો, ભાલો માગ્યો. શક્ય છે કે બંનેવ માગેલ હોય એટલે કે જલ્દીમાં કોરડા તથા ભાલા વિના ઘોડા પર સવાર થઈ ગયા હતા, પછી યાદ આવ્યું તો માગ્યો. મુહરિમ સહાબાએ એટલા માટે ઉઠાવીને આપવાથી ઈન્કાર કર્યો કે એ શિકાર માટે મદદ છે જે મુહરિમ માટે હરામ છે.

૪. એટલે કે મુહરિમ સહાબા શિકારનો ગોશ્ત ખાવા પર શર્મિંદા થયા. એમનો ખયાલ હતો કે મુહરિમે શિકારનો ગોશ્ત ખાવો તદ્દન હરામ છે, કોઈ રીતે હલાલ નથી. પહેલાં ખયાલ ન આવ્યો અને ખાઈ લીધો પછી ખયાલ આવ્યો તો પસ્તાયા

૫. હુઝૂરે અન્વર ﷺએ આ અમલી જવાબ આપ્યો કે એને ખાવું હલાલ છે, કેમ કે એ શિકારમાં કોઈ મુહરિમની મદદ તથા સહાય સામેલ નથી. જવાબ કૌલી (મૌખિક) પણ હોય છે અને અમલી પણ. પણ અમલી જવાબ અધિકતર મજબૂત છે. (મિર્કાત)

★ મુહરિમ ક્યારે શિકારનો ગોશ્ત ખાય શકે ? ★

૬. એનાથી જાણવા મળ્યું કે જો ગૈર મુહરિમ શિકાર કરે અને મુહરિમ કોઈ પ્રકારની એમાં મદદ ન આપે તો મુહરિમ એનો ગોશ્ત ખાય શકે છે, ભલે એણે કેવળ પોતાના માટે શિકાર કર્યો હોય અથવા મુહરિમના માટે, પણ કેમ કે હઝરત અબૂ કતાદાએ આટલુ મોટુ ગોરખર કેવળ પોતાના માટે તો માર્યું ન હતું બલ્કે સૌને ખવડાવવાની નિય્યત હતી. જેથી આ હદીષ ઈમામે આ'ઝમની મજબૂત દલીલ છે دلالةમાં ફર્ક એ છે કે દલાલત એટલે રહબરી તો જીભથી બતાવવું છે અને ઈશારો હાથથી છે. અમુકે ફર્માવ્યું કે ગાયબ ચીજને બતાવવું દલાલત છે અને હાજર ચીજને બતાવવું ઈશારો છે. (મિર્કાત)

★ મૂઝી જાનવરને એહરામની હાલતમાં મારવું જાઈઝ ★

'હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી છે. ફર્માવ્યું, પાંચ જાનવર તે છે[૧] જેમને એહરામમાં ક़त्લ કરનાર પર ગુનોહ નથી : ઉંદર, કાગડો, ચીલ, વીંછી અને પાગલો કૂતરો[૨]. '' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૩)-૨૬૯૮ ★

وَعَنِ ابْنِ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " خَمْسٌ لَا جُنَاحَ عَلَى من قتلَهُنّ فِي الْحل وَالْإِحْرَام: الْفَأْرَةُ وَالْغُرَابُ وَالْحِدَأَةُ وَالْعَقْرَبُ وَالْكَلْبُ الْعَقُورُ "

૧. આ પાંચ જાનવરો મૂઝી છે એટલે કે પોતાના ફાયદા વિના અન્યનું નુકસાન કરી આપનારાં. તેમનું ક़त्લ દરેક જગાએ અને દરેક હાલતમાં દુરુસ્ત છે. મૂઝીની આ વ્યાખ્યા ધ્યાનમાં રાખજો.

૨. એટલે કે આ પાંચ જાનવર કેમ કે મૂઝી છે કે શરૂથી લોકોને સતાવે છે અને વિના ફાયદે લોકોને નુકસાન કરે છે જેથી તેમને દરેક જગાએ હરમ અને તે સિવાયના સ્થળો અને દરેક હાલત હલાલ તથા હરામમાં ક़त्લ કરી શકો છો. حداءةٌ બરવઝન عِنَبَةٌ. એનો અર્થ ચીલ. એનાથી حُدَيَّةٌ તસ્ગીર બની જાય છે. પાગલ કૂતરો કહેવાથી જાણવા મળ્યું કે શિકારી અથવા આવારા અથવા પાલતૂ કૂતરો મારવો દુરુસ્ત નથી, કે એ મૂઝી નથી, (મિર્ક़ાત) યાદ રાખશો કે એ પાંચનો ઉલ્લેખ સીમિત કરવા માટે નથી, જેથી આ હદીષ એ હદીષોની વિરુદ્ધ નથી જેમાં અધિક જાનવરોનો ઉલ્લેખ છે. જેમ કે સાપ, જંગલી શિકારી મૂઝી જાનવર જેમ કે સિંહ, વરૂ વગેરે પણ હરમ અને તે સિવાયના સ્થળોમાં, એહરામ તથા એહરામ બહારમાં ક़त्લ કરવામાં આવે. અમુક ઉલમાએ સિંહ વગેરેમાં હુમ્લાની શર્ત રાખી કે જો તે હુમ્લો કરે તો સામનો કરવામાં તેને મારી શકાય છે.

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી કે ફર્માવ્યું, પાંચ જાનવર મૂઝી છે, હરમ અને તે સિવાયના સ્થળોમાં ક़त्લ કરવામાં આવે[૧] સાપ, ચિતકબરો કાગડો, ઉંદર, પાગલ કૂતરો અને ચીલ[૨]. '' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૨૬૯૯ ★

وَعَنْ عَائِشَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " خَمْسٌ فَوَاسِقُ يُقْتَلْنَ فِي الْحِلِّ وَالْحَرَمِ: الْحَيَّةُ وَالْغُرَابُ الْأَبْقَعُ وَالْفَأْرَةُ وَالْكَلْبُ الْعَقُورُ وَالْحُدَيَّا "

૧. મૂઝીનો અર્થ હમણા વર્ણન કરવામાં આવી ચૂક્યો છે કે **પોતાના લાભ વિના બીજાનુ નુકસાન કરી દેનારુ જાનવર.** જેથી જેવી રીતે માંકડ વગેરે ભલે તકલીફ આપનાર છે પણ શરઈ મૂઝી નથી કે તેઓ પોતાનુ પેટ ભરવા માટે આપણને કરડે છે.

૨. કાબર ચિતરો કાગડો જંગલી કાગડાને કહે છે જેની પીઠ તથા પેટ સફેદ બાકી શરીર કાળુ હોય છે. કાબર ચિતરો કૂતરો પણ હોય છે, માણસ પણ. જેમ કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું હતું કે હું એક ચિતકબરા કૂતરાને જોઉં છું કે મારા અહલે બયતનું ખૂન કરી રહ્યો છે. જેમ કે શિમ્ર મરદૂદ હઝરત હુસૈન رضی اللہ عنہ નો ક़ાતિલ કોઢી હતો, શરીર પર સફેદ ડાઘવાળો. (અશિઅ્હ) હક્ક़ એ છે કે પાંચમાં સીમિત નથી, અન્ય જાનવરો પણ મૂઝી છે જેમને ક़त्લ કરવું હરમ તથા એહરામમાં દુરુસ્ત છે. (લમ્આ્ત)

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૫)-૨૭૦૦ ★

عَنْ جَابِرٍ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَحْمُ الصَّيْدِ لَكُمْ فِي الْإِحْرَامِ حَلَالٌ مَا لَمْ تَصِيدُوهُ أَوْ يُصَادُ لَكُمْ».رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيّ وَالنَّسَائِيّ

''હઝરત જાબિરથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારા માટે શિકારી ગોશ્ત હલાલ છે જ્યાં સુધી કે જ્યાં તમે તેને શિકાર ન કરેલ હોય[૧]''

(અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ)

૧. મુહરિમના શિકારની બે સ્થિતિઓ છે : એક એ કે **મુહરિમ જાતે પોતે શિકારને ક़त्ल કરે. એ જાનવર તો સર્વ મુસલમાનો માટે હરામ છે કેમ કે મુહરિમનો શિકાર કોઈના માટે હલાલ નથી.** બીજુ એ કે મુહરિમ હલાલને શિકાર બતાવે અથવા મદદ કરે. એ શિકાર હલાલ તો ખાય શકે છે પણ મુહરિમ નથી ખાય શકતો. પણ આ બંને સ્થિતિઓમાં મુહરિમે શિકારની કિંમત ખૈરાત કરવી પડશે. ૪تصيدوهમાં બંને સ્થિતિઓ સામેલ છે.

૨. આ શાફઈ મઝહબ છે કે મુહરિમના માટે કોઈ હલાલ શિકાર કરે તો મુહરિમે એને ખાવુ હરામ છે, આપણે ત્યાં હલાલ છે. આપણી દલીલ હઝરત અબૂ ક़તાદાની વર્ણન થયેલી હદીષ છે. આ હદીષનો ખુલાસો આપણે ત્યાં એ છે કે હલાલ જીવતો શિકાર મુહરિમના માટે પકડે અને પેશ કરે અથવા એમાં કોઈ મુહરિમની મદદ સામેલ હોય. જેથી કરીને આ હદીષ હઝરત અબૂ ક़તાદાની હદીષની વિરુદ્ધ ન થાય. હા ! જો મુહરિમના હુકમથી હલાલે શિકાર કર્યો તો પણ મુહરિમને હરામ છે. يصادلكمની આ ત્રણ સ્પષ્ટતાઓ થઈ. (લમ્આ़ત)

★ હદીષ : (૬)-૨૭૦૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْجَرَادُ مِنْ صَيْدِ الْبَحْرِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ

'હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી કે ફર્માવ્યું, ટીડ દરિયાઈ શિકારથી છે[૧]. '' (અબૂ દાઉદ, તિર્મિઝી)[૨]

૧. અમુક ઉલમાએ આ હદીષથી સાબિત કર્યું કે ટીડનો શિકાર મુહરિમ કરી શકે છે દરિયાઈ શિકાર છે. ફર્માવ્યું રબ તઆલાએ : أُحِلَّ لَكُمْ صَيْدُ الْبَحْرِ (હલાલ છે તમારા માટે દરિયાનો શિકાર. સૂરએ માઈદા, ૫/૯૬) આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં ટીડ જમીનનો શિકાર છે કે એ જમીનમાં જ ઈંડાં, બાળકો આપે છે, આ જમીન પર જ જન્મ આપે ઉછરે છે અને જમીનમાં જ પાંદડાં વગેરે ખાય છે. આ હદીષના વિશે હનફીઓ કહે છે કે ટીડો બે પ્રકારના છે : દરિયાઈ તથા જમીન પરના. દરિયાઈ ટીડ માછલીના નાકથી કીડાઓની જેમ નીકળે છે. અહીં એનું જ વર્ણન છે અને આ ટીડ જે મશહૂર છે તે જ મુરાદ હોય તો મતલબ એ છે કે એ પણ દરિયાઈ શિકાર એટલે માછલીની જેમ ઝબહ વિના હલાલ છે. મોઅત્તા ઈમામ માલિકમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે : تمرةخير من جراد એટલે કે જો મુહરિમ ટીડનો શિકાર કરે તો એક ખજૂર ખૈરાત કરે. હઝરત કઅબે ફર્માવ્યું હતું કે ટીડના શિકાર પર મુહરિમ એક દિરહમ ખૈરાત કરે. એના જવાબમાં હઝરત ઉમર رضی اللہ عنہ એ આ ફર્માવ્યું. જો એના શિકાર પર કિંમત વાજિબ ન થાત તો એ હઝરાત એની કિંમતના અંદાઝા શા માટે લગાડતા. (મિર્ક़ાત તથા લમ્આ़ત)

૨. સર્વ મુહદ્દિષો એના પર એકમત છે કે આ હદીષની અસ્નાદો ઝઈફ છે. (મિર્ક़ાત)

★ મુહરિમ હુમ્લો કરનાર જંગલી જાનવરને મારી શકે ★

★ હદીષ : (૭)-૨૭૦૨ ★	*''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, મુહરિમ હુમ્લો કરનાર જંગલી જાનવરને ક઼ત્લ કરી શકે છે[૧]. (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)*
وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «يَقْتُلُ الْمُحْرِمُ السَّبُعَ الْعَادِيَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ	

૧. એના બે અર્થો થઈ શકે છે : એક એ કે જ્યારે ફાડી ખાનાર જાનવર (દરિન્દા) મુહરિમ પર હુમ્લો કરે તો મુહરિમ તેને ક઼ત્લ કરી શકે છે, નહીં તો નહીં. બીજુ એ કે હુમ્લો કરનાર દરિન્દાઓને ક઼ત્લ કરવું મુહરિમ માટે જાઈઝ છે. એટલે કે દરિન્દા કેમ કે હુમ્લો કરવાના આદી હોય છે જેથી એને ક઼ત્લ કરવું મુહરિમ માટે દુરુસ્ત છે.

★ હદીષ : (૮)-૨૭૦૩ ★	*''હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબી અમ્માર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહથી બિજ્જુ (બિલાડી જેવું જંગલી જાનવર)ના વિશે પૂછ્યું કે શું એ શિકાર છે ? ફર્માવ્યું, હા ![૧] મેં કહ્યું, શું એને ખાય શકાય છે ? ફર્માવ્યું, હા ! મેં કહ્યું કે, આ આપે રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે ? ફર્માવ્યું, હા ![૨] (તિર્મિઝી, નિસાઈ, શાફઈ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ સહીહ છે.*
وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ أَبِي عَمَّارٍ قَالَ: سَأَلت جابرَ بنَ عبدِ اللَّهِ عَنِ الضَّبُعِ أَصَيْدٌ هِيَ؟ فَقَالَ: نَعَمْ فَقُلْتُ: أَيُؤْكَلُ؟ فَقَالَ: نَعَمْ فَقُلْتُ: سَمِعْتُهُ مِنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ؟ قَالَ: نَعَمْ. رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَالشَّافِعِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حديثٌ حسنٌ صَحِيح	

૧. એટલે કે શું બિજ્જુ જમીનનો શિકાર છે જે મુહરિમે કરવો હરામ છે ? આપે જવાબ આપ્યો, હા ! જમીનનો શિકાર છે. જેથી જો મુહરિમ એનો શિકાર કરશે તો કિંમત વાજિબ થશે.

★ બિજ્જુ (બિલાડી જેવુ જાનવર) હરામ જાનવર છે, ખાવુ જાઈઝ નથી ★

૨. આ હદીષ ઈમામ શાફઈ رضی اللہ عنہ તથા ઈમામ અહમદ رضی اللہ عنہ ની દલીલ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ તથા માલિક رضی اللہ عنہ ને ત્યાં હરામ છે. તેમની દલીલ આગળ આવી રહી છે. તેમજ સહીહ હદીષમાં છે કે હુઝૂરે અન્વર ﷺ એ દરેક નહોરવાળા જાનવરથી મના કર્યું અને બિજ્જુ નહોરવાળુ જાનવર છે, જેથી હરામ છે. અને આ હદીષ મન્સૂખ છે.

★ હદીષ : (૯)-૨૭૦૪ ★	*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ થી બિજ્જુના વિશે પૂછ્યું, ફર્માવ્યું : તે શિકાર છે [૧] અને જ્યારે મુહરિમ એને શિકાર કરે તો તેના બદલામાં ઘેટુ આપી દે[૨].* *(અબૂ દાઉદ, ઈબ્ને માજહ, દારમી)*
وَعَنْ جَابِرٍ قَالَ: سَأَلَتْ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ الضَّبُعِ؟ قَالَ: «هُوَ صَيْدٌ وَيُجْعَلُ فِيهِ كَبْشًا إِذَا أَصَابَهُ الْمُحْرِمُ» . رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه والدارمي	

૧. યાદ રાખશો કે શબ્દ ضبع સ્ત્રી વાચક છે જેથી هو ઝમીરનું પુરૂષવાચક લાવવું ક્યાં તો એટલા માટે છે કે એની ખબર અહીં صيد પુ.વાચક છે અથવા ضبع થી મુરાદ બિજ્જુની જાતિ છે. હઝરત જાબિરના સવાલનો હેતુ એ છે કે બિજ્જુના ક઼ત્લમાં મુહરિમ પર જિઝયો કે કફ્ફારો છે કે નહીં ? જો એ મૂઝી જાનવરોમાંથી છે ત્યારે તો તેને ક઼ત્લ કરવું

મુહરિમને જાઈઝ છે અને કફ્ફારો વગેરે પણ એમાં કાંઈ નથી. જો શિકારી જાનવરોથી છે તો મુહરિમે એને ક़त्ल કરવું પણ હરામ થશે અને તેની કિંમત પણ આપવી પડશે. ફર્માવ્યું, એ મૂઝી નથી પણ શિકાર છે.

૧. એટલે કે મુહરિમના આ શિકાર કરી લેવા પર એના બદલામાં એક ઘેટુ ખૈરાત કરવી પડશે. ઈમામ શાફઈને ત્યાં હલાલ શિકાર પર જઝા (બદલો) વાજિબ થાય છે, હરામ શિકાર પર નહીં. આપણા ઈમામે આ'ઝમને ત્યાં મુત્લક़ન (કોઈ પણ) શિકાર પર બદલો વાજિબ છે, જાનવર હરામ હોય કે હલાલ. જેથી આપણા ઉસૂલ પ્રમાણે આ હદીષથી બિજ્જુનુ હલાલ હોવુ સાબિત થશે નહીં.

''હઝરત ખુઝૈમા જઝય્યીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ થી બિજ્જુ ખાવા વિશે પૂછયું તો ફર્માવ્યું, કોઈ બિજ્જુ પણ ખાય છે ?![૨] અને આપને વરૂ ખાવા વિશે પૂછયું તો ફર્માવ્યું, જેમાં ભલાઈ હોય તે વરૂ ખાય શકે છે ?![૩] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું કે તેની અસ્નાદ મજબૂત છે.

★ હદીષ : (૧૦)-૨૭૦૫ ★

وَعَن خُزَيْمَةَ بنَ جَزَيّ قَالَ: سَأَلْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ أَكْلِ الضَّبُعِ. قَالَ: " أَوَ يَأْكُلُ الضَّبُعَ أَحَدٌ؟ . وَسَأَلْتُهُ عَنْ أَكْلِ الذِّئْبِ. قَالَ: «أَوَ يَأكلُ الذِّئْبَ أَحَدٌ فِيهِ خَيْرٌ؟» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: لَيْسَ إِسْنَاده بِالْقَوِيّ

૧. خزيمه ના પેશ જઝીમહ ના ઝબર (ફતહ)થી છે. અને જીમના ઝબર ز ના ઝેર (કસ્રા)થી છે આપે સહાબી છે.

૨. એટલે કે શું કોઈ મુસલમાન બિજ્જુ ખાશે, જ્યારે કે એ નહોરવાળુ જાનવર છે, અને નહોરવાળુ જાનવર હરામ છે. આ હદીષ ઈમામ અબૂ હનીફા તથા ઈમામ માલિક رضی اللہ عنہما ની દલીલ છે કે બિજ્જુ ખાવું મના છે. ખ્વાજા હસન બસરી, સઈદ ઈબ્ને મુસૈયિબ અને સુફ્યાન ષૌરી رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ નો પણ આ જ મઝહબ છે કે બિજ્જુ હરામ છે. (જુઓ મિર્ક़ાત શરહે મિશ્કાત)

૩. ભલાઈથી મુરાદ ઈમાન છે, એટલે કે મો'મિન બિજ્જુ, વરૂ વગેરે જાનવર કદી નથી ખાય શકતો. મો'મિનને એનાથી સ્વાભાવિક પણ નફરત હોવી જોઈએ.

૪. એટલે કે આ હદીષ (૧) ઈમામ તિર્મિઝીથી ગૈર ક़વી (મજબૂત નહીં) થઈને મળી. પણ જ્યારે ઈમામે આ'ઝમે આ હદીષથી આ મસ્અલો ઈસ્તિંબાત કર્યો (કાઢયો) તો તે વખતે તદ્દન સહીહ, દુરુસ્ત તથા ક़વી (મજબૂત) હતી. જે રાવીના કારણે આ હદીષ સહીહ ન રહી તે એની અસ્નાદમાં એ વખતે સામેલ હતો જ નહીં. ઈમામ તિર્મિઝીના જમાનાનાં ઝોઅફ (ઝઈફપણા) પહેલાંવાળાઓ માટે નુકસાનકર્તા કઈ રીતે થશે ?! (૨) આ હદીષથી ખ્વાજા હસન બસરી, સુફ્યાન ષૌરી رضی اللہ عنہما એ પણ દલીલ કરેલ છે. (૩) અને તેની મજબૂતી ઈબ્ને માજહની રિવાયતથી પણ થાય છે.

૫. અને જ્યારે હલાલ તથા હરામમાં ટકરાવ હોય, તો હરામ હોવાને અગ્રતા અપાય છે, જેથી એ જ રાજેહ (પસંદીદા) છે કે બિજ્જુ હરામ છે. (મિર્ક़ાત)

લતીફો : હનફી મઝહબની મજબૂતીની દલીલ એ છે કે જે જાનવરને હનફી હરામ કહે છે તેને બીજા ઈમામ હલાલ કહે છે. તેને ખાતુ કોઈ નથી. જુઓ ઘોડો, ગો, બિજ્જુ વગેરેને અન્ય ઈમામોએ હલાલ તો કહ્યું પણ તેનો ગોશ્ત આજ સુધી ન માર્કેટમાં ક્યાં પણ વેચાતો નથી જોયો, ન કોઈને ખાતાં જોયો. કેવળ કિતાબોમાં જ હલાલ હોવું વર્ણન થયેલું છે. (૫) યાદ રાખશો કે તિર્મિઝીએ પણ આ હદીષને ઝઈફ ન કહી, બલ્કે ليس بقوى કહી. એમાં હદીષ

હસન પણ સામેલ છે. તેમજ (૬) તિર્મિઝીએ આ હદીષ પર જરહ મજહૂલ કરી અને જરહે મજહૂલ અહનાફને ત્યાં નથી. આ છ કારણે આ હદીષ અમલને પાત્ર છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૧)-૨૭૦૬ ★

عَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ عُثْمَانَ التَّيْمِيِّ قَالَ: كُنَّا مَعَ طَلْحَةَ بْنِ عُبَيْدِ اللَّهِ وَنَحْنُ حُرُمٌ فَأُهْدِيَ لَهُ طَيْرٌ وَطَلْحَةُ رَاقِدٌ فَمِنَّا مَنْ أَكَلَ وَمِنَّا مَنْ تَوَرَّعَ فَلَمَّا اسْتَيْقَظَ طَلْحَةُ وَافَقَ مَنْ أَكَلَهُ قَالَ: فَأَكَلْنَاهُ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ.

رَوَاهُ مُسلم

''હઝરત ઈબ્ને ઉષ્માન તયમીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, અમે તલ્બા ઈબ્ને ઓબૈદુલ્લાહની સાથે હતા, અને અમે એહરામ બાંધેલ હતા. તો એમના માટે પક્ષીઓ લાવવામાં આવ્યાં અને હઝરત તલ્હા સૂઈ રહ્યા હતા, તો અમારામાંથી અમુકે તેને ખાય લીધાં અને અમુકે સાવધાની વર્તી[૨]. પછી જ્યારે તલ્હા જાગ્યા તો આપે ખાનારાઓની માફક કર્યું. કહ્યું કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે પક્ષીઓ ખાધાં[૩]. (મુસ્લિમ)

૧. અબ્દુર્રહમાન ઈબ્ને ઉષ્માન ઈબ્ને ઓબૈદુલ્લાહ સહાબી છે. હઝરત તલ્બા ઈબ્ને ઓબૈદુલ્લાહના ભત્રીજા છે. બયઅતુર્રિદ્વાન બાદ ઈમાન લાવ્યા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરની સાથે શહીદ કરવામાં આવ્યા. (અશિઅ્હ)

૨. એટલે કે પક્ષીઓનો શેકેલો ગોશ્ત લાવવામાં તો આવ્યો હતો હઝરત તલ્હા માટે પણ તે સૂઈ રહ્યા હતા. તેમના અમુક સાથીઓએ એવું સમજીને કે કેમ કે એને હલાલ શિકાર કર્યો છે ન કે મુહરિમે, જેથી અમારા માટે એને ખાવુ દુરુસ્ત છે. અને એ પણ ખયાલ કર્યો કે હઝરત તલ્હા અમારા ખાય લેવા પર નારાજ થશે નહીં. જેથી હદીષ પર એ વાંધો નથી કે જ્યારે પક્ષી હઝરત તલ્હા માટે લાવવામાં આવેલ હતું તો અન્ય લોકોએ શાથી ખાધુ ? કેમ કે એ ખાનારા તેમના બેતકલ્લુફ દોસ્ત હતા.

૩. લગભગ فكلنا ની ف તઅલિય્યા છે. એટલે કે આપે ફર્માવ્યું કે આ ગોશ્ત અમારા માટે હલાલ છે, કેમ કે અમે આ પ્રકારના હદિયા હુઝૂર ﷺ સાથે ખાધા છે. એનાથી પણ મઝહબે હનફી સાબિત થાય છે કે જે શિકારમાં મુહરિમે મદદ ન આપી હોય તેને મુહરિમોએ ખાવુ હલાલ છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબુલ ઈહસાર વ ફૌતુલ હજજ باب الاحصار وفوت الحج

હજથી રોકવા અને હજ છૂટી જવા વિશે પ્રકરણ[1]

(વિભાગ : ૧) الفصل الاول

★ ઈહસારનો અર્થ તેમાં ઈમામોનો મતભેદ ★

૧. احصار حصرથી બન્યુ રોકવું, દૂર રાખવુંના અર્થમાં. રબ તઆલા ફર્માવે છે : اُحۡصِرُوۡا فِیۡ سَبِیۡلِ اللّٰہِ (એ ફકીરો માટે જે રાહે ખુદામાં રોકવામાં આવ્યા. સૂરએ બકરહ, ૨/૨૭૩) શરીઅતમાં એહસાર (રોકવું) એ છે કે માણસ એહરામ પછી હજજ કરવા શક્તિમાન ન હોય. આ એહસારના મસ્અલામાં ત્રણ પ્રકરારના મતભેદ છે : એક એ છે કે આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં દુશ્મન, બીમારી, ખર્ચ, મરી જવું. રસ્તામાં સ્ત્રી મુહરિમોનો પતિ મરી જવાથી એહસાર થઈ જાય (રોકી દેવામાં આવે) છે. અન્ય ઈમામોને ત્યાં એહસાર કેવળ કાફિર દુશ્મનથી થશે અન્ય કોઈ કારણે નહીં. **બીજુ** એ કે આપણા મઝહબમાં એહસારની કુર્બાની હરમ શરીફમાં જ મોકલવામાં આવશે કે ત્યાં ઝબહ થાય. અન્ય ઈમામોને ત્યાં એહસાર થાય ત્યાં જ ઝબહ કરી દેવામાં આવે. તેઓ ફર્માવે છે કે હુઝૂર અન્વર ﷺએ પોતાની કુર્બાની હુદૈબિયામાં જ કરી દીધી હતી. અમે કહીએ છીએ કે તે મજબૂરન્ થયું, કેમ કે ત્યાંથી હરમ સુધી કુર્બાની લઈ જનાર કોઈ ન હતું. સૌને રોકી દેવામાં આવ્યા હતા. એવી મજબૂરીમાં અમે પણ કહીએ છીએ કે હરમની બહાર કુર્બાની કરી દે. (અશિઅહ) અથવા હુદૈબિયાનો અમુક હિસ્સો હરમમાં સામેલ છે. એ કુર્બાની હરમમાં સામેલવાળા હિસ્સામાં થઈ. **ત્રીજુ** એ કે આપણે ત્યાં મુહસિર પર કઝા વાજિબ છે, ઈમામ શાફઈને ત્યાં નહીં. પણ હુઝૂરે અન્વર ﷺનો કઝા ઉમરો અમારું સમર્થન કરે છે. **હજજનું ફોત થવું અરફાતનો કયામ (રોકાણ) રહી જવાથી થાય છે. અરફાતમાં કયામનો સમય નવમી બક ઈદના ઝવાલથી દસમીનો પોહ ફાટતા સુધી છે. જો કે એક પળવાર પણ ત્યાં થોભી જાય,** ત્યાં સુધી કે તંગીના સમયે એ વકૂફ (રોકાણ) માટે ઈશાની નમાઝ કઝા કરી આપે. (અશિઅહ તથા મિર્કાત)

★ હદીષ : (૧)-૨૭૦૭ ★
عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَدْ أُحْصِرَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَحَلَقَ رَأْسَهُ وَجَامَعَ نِسَاءَهُ وَنَحَرَ هَدْيَهُ حَتَّى اعْتَمَرَ عَامًا قَابِلا. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ને રોકી દેવામાં આવ્યા હતા. તો આપે સર (માથુ) મુબારક મૂંડાવ્યું હતું, અને પોતાની બીવીઓથી સોહબત કરી હતી. પોતાની હદી કુર્બાન કરી દીધી, ત્યાં સુધી કે આગલા વરસે ઉમરો કર્યો[2]. (બુખારી)

૧. એટલે હિ.સ. ૬માં હુઝૂરે અન્વર ﷺએ ઉમરાનો એહરામ બાંધ્યો. હુદૈબિયાના મેદાનમાં મક્કાના કાફિરોએ આપને ઉમરાથી રોકી દીધા ત્યારે આપ ﷺએ મેદાનમાં હલાલ થઈ ગયા. અને ત્યાં જ કુર્બાની એહસાર આપી (રોક લગાવી) દીધી. આવતા વરસે હિ.સ. ૭માં આપે તે ફોત થયેલ ઉમરાની ક઼ઝા કરી. આ ક઼ઝાથી જાણવા મળ્યું કે **નફ્લી ઈબાદત શરૂ કરી દેવાથી વાજિબ થઈ જાય છે કે એની ક઼ઝા કરવામાં આવે છે.** શાફઈઓ કહે છે કે એ બીજો ઉમરો નફ્લી હતો એટલા માટે સૌએ અદા ન કર્યો, હુદૈબિયાના વરસે હુઝૂર ﷺની સાથે ચૌદસો સહાબીઓ હતા અને ક઼ઝામાં સાતસો પણ ન હતા. જો ક઼ઝા વાજિબ હોત તો સૌ કરતા. અમે કહીએ છીએ કે સૌએ ક઼ઝા કરી, અમુકે હુઝૂરે અન્વર ﷺની સાથે તો અમુકે બાદમાં. (મિર્ક઼ાત) જો આ બીજો ઉમરો નફ્લી હોત તો તેને ક઼ઝાનો ઉમરો ન કહેવામાં આવત.

★ હુઝૂર ﷺને હુદૈબિયામાં રોકવામાં આવવું ★

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, અમે રસૂલુલ્લાહ ﷺની સાથે રવાના થયા[૧] તો કુરેશના કાફિરો બયતુલ્લાહ શરીફથી આડે આવી ગયા[૨]. ત્યારે નબી કરીમ ﷺએ પોતાની હદીઓની કુર્બાની કરી દીધી અને આપે માથુ મૂંડાવી કાઢયું અને સહાબાએ વાળ કપાવી કાઢયા[૩]. '' (બુખારી)

★ હદીષ : (૨)-૨૭૦૮ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ قَالَ: خَرَجْنَا مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَحَالَ كُفَّارُ قُرَيْشٍ دُونَ الْبَيْتِ فَنَحَرَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ هَدَايَاهُ وَحَلَقَ وَقَصَّرَ أَصْحَابه. رَوَاهُ الْبُخَارِيّ

૧. ઉમરા કરવા હિ.સ. ૬માં ચૌદસો સહાબીઓ.

૨. એટલે કે અમને તેમણે બયતુલ્લાહ સુધી ન પહોંચવા દીધા. એનાથી નિર્દેશ રૂપે જાણવા મળ્યું કે ઉમરાનું ફૌત થવું બયતુલ્લાહના તવાફથી રોકવાથી થાય છે, પણ હજ્જનું ફૌત થવુ અરફાતથી રોકવાથી થાય છે.

૩. એટલે કે અમુક સહાબાએ વાળ મૂંડાવ્યા અને અમુકે કતરાવ્યા. આપણા ઈમામ સાહબને ત્યાં ન મૂકવા મુહ઼સ્સિર પર આ મૂંડાવવું કતરાવવું વાજિબ નથી, અમુકને ત્યાં વાજિબ છે, પરંતુ ન મૂંડવા પર કોઈ કફ્ફારો વગેરે નથી. (તહાવી, મિર્ક઼ાત)

''હઝરત મિસ્વર બિન મખ્રમાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ માથુ મૂંડાવતા પહેલાં ઝબહ કર્યું અને પોતાના સહાબાને પણ એનો હુકમ આપ્યો છે[૧]. (બુખારી)

★ હદીષ : (૩)-૨૭૦૯ ★

وَعَنِ الْمِسْوَرِ بْنِ مَخْرَمَةَ قَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَحَرَ قَبْلَ أَنْ يَحْلِقَ وَأَمَرَ أَصْحَابَهُ بِذَلِكَ. رَوَاهُ الْبُخَارِيُّ

૧. આ બનાવ પણ હુદૈબિયાનો છે કે જ્યારે હુઝૂરે અન્વર ﷺએ સુલહે હુદૈબિયા પછી મદીના મુનવ્વરા પરત જવાનો ઈરાદો કરી લીધો તો હદીની ત્યાં જ કુર્બાની કરી આપી, અને માથુ મૂંડાવી કાઢયું. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ને ત્યાં મુહ઼સ્સિર પર મૂંડાવવું કે કતરાવવું નથી. હુઝૂરે અકરમ ﷺનો અમલ તથા હુકમ શરીફ એટલા માટે હતો કે લોકો પર આપનો પાકો નિશ્ચય જાહેર થઈ જાય કે હવે ઉમરા કરવાનો ઈરાદો તદ્દન જ ત્યજી દીધો છે અને પરત થવાનો ઈરાદો થઈ ચૂક્યો છે. અને જે કામ જરૂરત પૂરતુ હુઝૂરે અન્વર ﷺએ કર્યું તે સુન્નત નથી કહેવાતુ. ઈમામ સાહબ ફર્માવે છે કે માથુ મૂંડાવવું અથવા કતરાવવાનું ઈબાદત હોવું ખાસ જગાએ અને ખાસ સમયમાં છે, એટલે કે ઉમરા અથવા હજ્જના અરકાન

અદા કરી ચૂક્યા બાદ. રબ તઆલા ફર્માવે છે : لَتَدْخُلُنَّ الْمَسْجِدَ الْحَرَامَ اِنْ شَآءَ اللّٰهُ اٰمِنِيْنَ ۙ مُحَلِّقِيْنَ رُءُوْسَكُمْ وَ مُقَصِّرِيْنَ ۙ (બેશક ! તમે જરૂર મસ્જિદે હરામમાં દાખલ થશો જો અલ્લાહ ચાહે અમ્નો અમાન સાથે પોતાના માથાંના વાળ મૂંડાવતા અથવા કતરાવતા વિના ભયે. સૂરએ ફતહ, ૪૮/૨૭) જાણવા મળ્યું કે બયતુલ્લાહ દાખલ થઈને ઉમરા કરવા, માથુ મૂંડાવવું કે કતરાવવું ઈબાદત છે. સાહિબૈનને ત્યાં મુહ્સ્સિર પર માથુ મૂડાવવું છે, પણ ન કરવા પર કોઈ કફ્ફારો વગેરે લાઝિમ નથી. વિગતવાર ફિક્હની કિતાબોમાં છે. (અશિઅ્હ)

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. આપે ફર્માવ્યું, શું તમને રસૂલુલ્લાહ ﷺની સુન્નત પૂરતી નથી ?! શું તમારામાંથી કોઈને હજ્જથી રોકી દેવામાં આવે[૧] તો બયતુલ્લાહ અને સફા મરવાનો તવાફ કરે પછી દરેક ચીજથી હલાલ થઈ જાય, ત્યાં સુધી કે આવતા વરસે હજ્જ કરે[૨] તો હદી લાવે અથવા જો હદી મયસ્સર ન હોય તો રોઝા રાખી લે[૩]. (બુખારી)

★ હદીષ : (૪)-૨૭૧૦ ★

وَعَن ابنِ عمرَ أَنَّهُ قَالَ: أَلَيْسَ حَسْبُكُمْ سُنَّةِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ؟ إِنْ حُبِسَ أَحَدُكُمْ عَنِ الْحَجِّ طَافَ بِالْبَيْتِ وَبِالصَّفَا وَالْمَرْوَةِ ثُمَّ حَلَّ مِنْ كُلِّ شَيْءٍ حَتَّى يَحُجَّ عَامًا قَابِلًا فَيَهْدِيَ أَوْ يَصُومَ إِنْ لَمْ يَجِدْ هَديا. رَوَاهُ البُخَارِيّ

૧. અહીં સુન્નતથી મુરાદ ક્વૌલી સુન્નત છે, એટલે હુઝૂરે અન્વર ﷺનું ફર્માને આલી, નહીં કે અમલી સુન્નત. કેમ કે હુઝૂરે અન્વર ﷺને ઉમરાના એહરામમાં રોકવામાં આવ્યા હતા, ન કે હજ્જના એહરામમાં રોકયા. હજ્જ રોકી દેવાનો અર્થ અહીં એ છે કે મુહરિમ મક્કા મોઅઝ્ઝમા હજ્જ થઈ ગયા બાદ પહોંચે, અથવા કોઈ દુશ્મન કે બીમારી તેને મક્કા મોઅઝ્ઝમાથી અરફાત ન જવા દે, તો તે હજ્જનો મુહરિમ હવે ઉમરા કરીને એહરામ ખોલી નાખે અને જો મુહરિમ મક્કા મોઅઝ્ઝમા પહોંચી જ ન શક્યો તો એના એહકામ જુદા છે.

૨. એટલે પાછલા વરસવાળા રહી ગયેલા હજ્જની ક્ઝા કરે, તે હજ્જ ચાહે ફર્ઝ હતો કે નફ્લી. એ જ પ્રમાણે જો મુહરિમ હજ્જને ફાસિદ કરી દે તો પણ ક્ઝા વાજિબ છે, ભલે નફ્લ હજ્જ હોય. એનાથી જાણવા મળ્યું કે દરેક નફ્લી ઈબાદત શરૂ કરી દેવાથી ફર્ઝ થઈ જાય છે. ઈમામ શાફઈ હજ્જમાં તો એના કાઈલ (માનનારા) છે પણ અન્ય ઈબાદતોમાં કાઈલ નથી. તેમને ત્યાં નફ્લી નમાઝ તથા રોઝા શરૂ કરી દીધા બાદ પણ નફ્લ જ રહે છે કે તોડી દેવાથી ક્ઝા નથી.

૩. કદાચ કોઈ આ હુકમોનો મુન્કિર (નકારનાર) હતો એટલા માટે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ દલીલ સાથે આ હુકમ વર્ણવ્યો. યાદ રાખશો કે ''મુફ્રદ''નો હજ્જ રહી જવામાં કેવળ હજ્જની ક્ઝા વાજિબ થશે. ક્ઝા વખતે ન ઉમરો વાજિબ થશે ન હદી. ઈમામ શાફઈને ત્યાં કુર્બાની વાજિબ થશે. જો ''ક્વારિન''નો હજ્જ રહી ગયો તો તે ઉમરા તો અદા કરે, પછી ફોત થયેલ હજ્જના માટે ઉમરો કરે, એનાથી ક્વિરાનની કુર્બાની માફ થઈ ગઈ. જો ''મુતમત્તિઅ''નો હજ્જ રહી ગયો તો તમત્તુઅ જતો રહ્યો. (મિર્કાત તથા ફિક્હની કિતાબો)

બીમારીથી પણ ઈહસાર (હજથી રોકવું) થાય છે

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ દુબાઅા બિન્તે ઝુબૈરની પાસે તશરીફ લઈ ગયા[૧] તો તેમને કહ્યું, કદાચ તમે હજ્જનો ઈરાદો ધરાવો છો[૨]. તે બોલ્યાં, અલ્લાહની

★ હદીષ : (૫)-૨૭૧૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ. قَالَتْ: دَخَلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى ضُبَاعَةَ بِنْتِ الزُّبَيْرِ فَقَالَ لَهَا: «لَعَلَّكِ أَرَدْتِ

الْحَجَّ؟» قَالَتْ: وَاللَّهِ مَا أَجِدُنِي إِلَّا وَجِعَةً. فَقَالَ لَهَا: " حُجِّي وَاشْتَرِطِي وَقُولِي: اللَّهُمَّ مَحِلِّي حَيْثُ حبستني "

ક़સમ ! હું તો પોતાને બીમાર પામુ છું[૩]. હુઝૂરે તેમને ફર્માવ્યું, હજ્જ માટે ચાલો અને એવું કહી લો કે, ઈલાહી ! મારા ખુલવાની જગા તે જ છે જ્યાં તું મને રોકી દે[૪]." (મુસ્લિમ, બુખારી)

૧. ضباعه (દુબાઅા) ઝુબેર ઈબ્ને અબ્દુલ મુત્તલિબનાં પુત્રી છે. એટલે હુઝૂરે અન્વર ﷺનાં કાકાનાં પુત્રી (ચચાઝાદ બહેન) છે. ઝુબેર ઈસ્લામ લાવ્યા ન હતા. દુબાઅા સહાબિયા છે. મુહાજિરાતમાંથી છે. હઝરત મિક્દાદનાં પત્ની છે. (અશિઅહ તથા મિર્ક઼ાત)

૨. એટલે કે અમે સાંભળ્યું છે કે હજ્જતુલ વિદાઅમાં અમારી સાથે તમે પણ હજ્જમાં આવવા ચાહો છો ? આ બનાવ હજ્જતુલ વિદાઅની તૈયારી વખતનો છે. જાણવા મળ્યું કે હાજી અન્ય લોકોને પણ પોતાની સાથે હજ્જમાં ચાલવા માટે પ્રોત્સાહિત કરે.

૩. એટલે કે હજી હમણા બીમારીથી ઉઠી છું, કમજોર છું. અંદેશો છે કે સફર કરવાથી ફરીથી બીમારી ઉઠલો મારે અને હું એહરામ પછી હજ્જ પૂરો ન કરી શકું.

૪. એટલે કે એહરામ બાંધતી વખતે આ પ્રમાણે કહી લેવું કે, હે ખુદા ! જો હું એહરામ બાદ હજ્જ અદા કરવાથી લાચાર થઈ જઉં, બીમાર થઈ જઉં, તો જ્યાં બીમાર થઈશ ત્યાં જ એહરામ ખોલી દઈશ. એનાથી જાણવા મળ્યું કે એહસાર, બીમારીથી પણ થઈ જાય છે. જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે કે એહસાર (રોકવું) દુશ્મનથી જ નથી થતું, બીમારીથી પણ થઈ જાય છે. યાદ રાખશો કે ઝબાનથી આ શર્ત લગાડી લેવી મુસ્તહબ રૂપે છે, જો શર્ત ન પણ લગાડી હોય તો પણ બીમાર મુહ્રિમ એહરામ ખોલી શકે છે, અમુકે ફર્માવ્યું કે આ શર્ત લગાડવાનો ફાયદો એ થશે કે બીમાર તરત જ હજ્જથી ખુલી શકે છે. જો શર્ત લગાડયા વિના આવો સંજોગ ઉપસ્થિત થયો તો અન્ય હાજીઓ સાથે હદી મોકલશે. અને હદી હરમ શરીફમાં ઝબહ થઈ ચૂક્યા બાદ એહરામ ખોલશે.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૬)-૨૭૧૨ ★

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَرَ أَصْحَابَهُ أَنْ يُبَدِّلُوا الْهَدْيَ الَّذِي نَحَرُوا عَامَ الْحُدَيْبِيَةِ فِي عُمْرَةِ الْقَضَاءِ.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺ એ પોતાના સહાબાને હુકમ આપ્યો કે તેમણે હુદૈબિયાની સાથે જે કુર્બાનીઓ આપી હતી[૧] ક઼ઝા ઉમરામાં એના બદલામાં અધિક આપે[૨].

૧. એટલે કે જે કુર્બાની તમે ગયા વરસે આપી ચૂક્યા છો તે તો ક઼બૂલ થઈ ગઈ, હવે બીજીવાર ક઼ઝા ઉમરામાં ફરી કુર્બાની આપો. જો ગયા વખતે કુર્બાની હરમની બહાર આપી હતી ત્યારે તો તે દુરૂસ્ત જ ન થઈ હતી, હવે આપવી જરૂરી છે, અને જો હરમની હદોમાં કરવામાં આવી હતી તો હવે બીજીવાર આપવાનો હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. (મિર્ક઼ાત, અશિઅ્હ)

૨. આ જગાએ મિશ્કાત શરીફમાં જગા છૂટેલી છે, પણ આ રિવાયત અબૂ દાઊદમાં છે. કેમ કે એની અસ્નાદમાં મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક઼ છે એટલા માટે હદીષ આ અસ્નાદમાં ઝઈફ છે. واللہ اعلم

★ હદીષ : (૭)-૨૭૧૩ ★

وَعَنِ الْحَجَّاجِ بْنِ عَمْرٍو الْأَنْصَارِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «من كُسِرَ أَوْ عَرِجَ فَقَدْ حَلَّ وَعَلَيْهِ الْحَجُّ من قَابل» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دواد وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ وَزَادَ أَبُو دَاوُدَ فِي رِوَايَةٍ أُخْرَى: «أَوْ مَرِضَ» .وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيث حسن. وَفِي المصابيح: ضَعِيف

''હઝરત હજ્જાજ ઈબ્ને અમ્ર અન્સારી رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેનો પગ તૂટી જાય અથવા લંગડો થઈ જાય તો તે એહરામ ખોલી દે અને એના પર આવતા વરસે હજ્જ કરે[૧]. (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી) અને અબૂ દાઉદે આટલુ અધિક કર્યું કે બીજી રિવાયતમાં આ પણ છે કે, ક્યાં તો તે બીમાર થઈ જાય[૨]. તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે અને મિશ્કાતમાં છે કે ઝઈફ છે[૩].''

૧. એટલે કે જેણે હજ્જનો એહરામ બાંધી લીધો હોય પછી તેના પગનુ હાડકુ ભાગી જાય અથવા હાડકુ તો ન તૂટે પણ લંગડાપણુ પેદા થઈ જાય જેનાથી તે આગળ સફર તથા હજ્જના અરકાન અદા ન કરી શકે તો તે પોતાનો એહરામ ખોલી નાખે અને ત્યાંથી પરત થઈ જાય અથવા રોકાય જાય. હદી મક્કા મોઅઝ્ઝમા મોકલી દે. અને ઝબહ થવાની તારીખે એહરામ ખોલી નાખે, આવતા વરસે કઝા કરે. એનાથી બે **મસ્અલા** સાબિત થયા : **એક** એ કે એહસાર કેવળ દુશ્મનથી જ નથી થતો બલ્કે બીમારી વગેરેથી પણ થાય છે. **બીજુ** એ કે નફલી ઈબાદત શરૂ કરી દેવાથી ફર્ઝ થઈ જાય છે કે જો પૂરી ન કરી શકે તો તેની કઝા લાઝિમ છે. કેમ કે અહીં હજ્જ મુત્લક કહેવામાં આવ્યું છે ફર્ઝી હોય કે નફ્લી. જેથી આ હદીષ અહનાફની મજબૂત દલીલ છે. અમુકે કહ્યું કે જો શર્ત સાથે એહરામ બાંધ્યો છે તો બીમારીથી એહસાર થઈ શકશે, નહીં તો નહીં. પણ આ પણ સહીહ નથી કેમ કે આ હદીષે પાકમાં શર્તનો ઉલ્લેખ નથી. નસ (મતન)માં મુત્લક (બિન શર્તી)નું લાગુ થવુ બાકી રાખવું જોઈએ.

૨. બીમારીથી તે બીમારી મુરાદ છે જે સફર અથવા હજ્જ અદા કરવાથી રોકી દે. મુત્લક્ન બીમારી નહીં, જેવું કે જાહેર છે.

૩. એટલે કે આ હદીષ કેટલીક અસ્નાદોથી રિવાયત પામેલી છે : તિર્મિઝીવાળી સનદમાં તો હસન છે, અને ઈમામ બગ્વી એટલે સાહિબે મસાબીહની સનદમાં ઝઈફ છે. પણ આ સનદનો ઝોઅફ (કમજોરપણુ) બીજી સનદના હસનને નુકસાનકર્તા નથી થઈ શક્તું. ફત્હુલ કદીરમાં છે કે આ હદીષ ઈબ્ને અબ્બાસ તથા અબૂ હુરૈરહ્ પર પેશ કરવામાં આવી તો તે બંનેવે ફર્માવ્યું કે હજ્જાજ સાચા છે. તહતાવીમાં છે કે હઝરત અલ્કમા رضی اللہ عنہ ફર્માવે છે, અમારા આ સાથીને સાપે કરડી લીધો તે ઉમરાનો મુહ્રિમ હતો. અમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી પૂછયું તો આપે ફર્માવ્યું કે એ હદી મોકલી આપે અને સાજો થઈ ગયા બાદ ઉમરો અદા કરે. અત્યારે ખુલી જાય. (મિર્કાત વગેરે)

હજ અરફાનો કયામ (રોકાણ) છે

★ હદીષ : (૮)-૨૭૧૪ ★

وَعَن عبدِ الرَّحمنِ بنِ يَعمُرَ الدَّيْلي قَالَ: سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «الْحَجُّ عَرَفَةُ مَنْ أَدْرَكَ عَرَفَةَ لَيْلَةَ جَمْعٍ قَبْلَ طُلُوعِ الْفَجْرِ فَقَدْ أَدْرَكَ الْحَجَّ أَيَّامُ مِنىً

''હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને યઅ્મુર દયલીમી[૧] ફર્માવે છે, મેં નબી કરીમ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે હજ્જ અરફો છે. **જે મુઝદલ્ફાની રાતે ફજર તુલૂઅ થતા પહેલાં અરફાનો કયામ (રોકાણ) મેળવી લે તેણે હજ્જ પામી લીધી[૨].**

ثلاثةَ أيَّامٍ فَمَنْ تَعَجَّلَ فِي يَوْمَيْنِ فَلَا إِثْمَ عَلَيْهِ وَمَنْ تَأَخَّرَ فَلَا إِثْمَ عَلَيْهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ

મિનાના દિવસ ત્રણ છે[૩] તો જે બે દિવસમાં જલ્દી કરે તો તેના પર ગુનોહ નથી અને જે મોડેથી પરત થાય તો એના પર ગુનોહ નથી[૪]. (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે, સહીહ છે.

૧. يعمر ની ફતહ, અયનના જઝમ, મીમના ફતહથી છે دىل ના કસ્રા અને યેના સુકૂનથી. આપ સહાબી છે. કૂફામાં રહ્યા. ખુરાસાનમાં વફાત પામ્યા.

૨. એટલે કે હજ્જનો આ'લા રુકન જેના પર હજ્જ પામવા ન પામવાનો મદાર છે તે અરફાતનો કયામ છે. એના સમયમાં એટલી ગુંજાઈશ કરી દેવામાં આવી છે કે આગલી રાત પણ નવમી તારીખમાં સામેલ કરી દેવામાં આવી, જેથી **જે હાજી દસમીની ફજરથી પહેલા પહેલાં જો એક ક્ષણ માટે પણ અરફાત પહોંચી જાય તેને હજ્જ મળી જશે.** અમુક ઉલમાએ ફર્માવ્યું કે **જુમ્આનો પણ એ જ હાલ છે કે શનિવારની રાત પણ એમાં સામેલ છે કે એ રાતમાં મરી જનાર જુમ્આનો જ મૈયત ગણાશે.**

૩. અગ્યારમી, બારમી, તેરમી, બકઁ ઈદ જેને ઐયામે તશરીક કહેવામાં આવે છે.

૪. એટલે કે જો બારમી બકઁ ઈદના રમી કરીને પરત થઈ જાય તે પણ ગુનેહગાર નથી. અને જે તેરમીની રમીના માટે થોભે તે પણ ગુનેહગાર નથી, બલ્કે સવાબ પામશે કે હુઝૂર ﷺનો એ જ અમલ થયો. **તેરની રમી ઝવાલથી પહેલાં પણ થઈ શકે છે. ૧૧મી, ૧૨મીની રમી ઝવાલ પછી છે.** અમુક અરબના કાફિરો બે દિવસ રોકવાને બુરુ કહેતા હતા. અમુક ત્રણ દિવસને બુરુ સમજતા હતા. રબ તઆલાએ બંનેને રદીયો કુર્આનમાં આપી દીધો. નબી કરીમ ﷺએ પોતાના અમલ શરીફથી મુસ્તહબ હોવા સાબિત કર્યું.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બાબો હરમે મક્કા હર્સહલ્લાહુ તઆલા باب حرم مكة حرسها الله تعالى

મક્કા મોઅઝ્ઝમા હરમ વિશે પ્રકરણ[૧]

(અલ્લાહ એની હિફાઝત કરે)

(વિભાગ : ૧) الفصل الاول

★ હરમની હદો કોણે કોણે સ્થાપી ★

૧. મક્કા મોઅઝ્ઝમા અને તેની આસપાસની તે જમીન જ્યાં શિકાર વગેરે કરવો હરામ હરામ છે તે હરમ શરીફ કહેવાય છે. જ્યારે હઝરત ઈબ્રાહીમ عليه السلام એ ખાનએ કા'બામાં સંગે અસ્વદ ફીટ કર્યો તો તે ખૂબ જ ચમકદાર હતો. જ્યાં સુધી તેની રોશની પહોંચતી ત્યાં સુધી હરમની હદો નક્કી થઈ. આ હદો પર મીનારા સ્થાપી દેવામાં આવ્યા છે. જિદ્દા તથા જઈર્રાનાની બાજુ સિવાય કે એ બાજુ મીનારા નથી. આ હરમની નિશાનીઓ સૌ પ્રથમ હઝરત ઈબ્રાહીમ عليه السلام એ સ્થાપી. પછી ઈસ્માઈલ عليه السلام એ, પછી અદનાન ઈબ્ને અવસીએ, પછી કુરૈશે, પછી નબી કરીમ ﷺ એ ફતહે મક્કાના વરસે. પછી હઝરત ઉમર رضی اللہ عنہ એ, પછી હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ પછી હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ. હજી સુધી અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ ના સ્થાપિત કરેલ નિશાન મૌજૂદ છે. આ હદો દરેક બાજુ એક સરખી નથી. સૌથી અધિક નજીકની હદ તન્ઈમ સ્થળની છે. જ્યાંથી ઉમરાનો એહરામ બાંધવામાં આવે છે, ત્યાં જ મસ્જિદે હઝરત આઈશા (رضی اللہ عنہا) છે.

★ હદીષ : (૧/૨)-૨૭૧૫/૧૬ ★ (مُتَّفَق عَلَيْهِ)

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ فَتْحِ مَكَّةَ: «لَا هِجرةَ وَلَكِنْ جِهَادٌ وَنِيَّةٌ وَإِذَا اسْتُنْفِرْتُمْ فَانْفِرُوا» . وَقَالَ يَوْمَ فَتْحِ مَكَّةَ: «إِنَّ هَذَا الْبَلَدَ حَرَّمَهُ اللَّهُ يَوْمَ خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ فَهُوَ حَرَامٌ بِحُرْمَةِ اللَّهِ إِلَى يَوْمِ الْقِيَامَةِ وَإِنَّهُ لَمْ يحِلَّ القتالُ فيهِ لأحدٍ قبْلي وَلم يحِلَّ لِي إِلَّا سَاعَةً مِنْ نَهَارٍ فَهُوَ حَرَامٌ بِحُرْمَةِ اللَّهِ إِلَى يَوْمِ الْقِيَامَةِ لَا يُعْضَدُ شَوْكُهُ وَلَا يُنَفَّرُ صَيْدُهُ وَلَا يَلْتَقِطُ لُقَطَتَهُ إِلَّا مَنْ عَرَّفَهَا وَلَا يُخْتَلَى خَلَاهَا» . فَقَالَ الْعَبَّاسُ: يَا رَسُولَ اللَّهِ إِلَّا الْإِذْخِرَ فَإِنَّهُ لِقَيْنِهِمْ وَلِبُيُوتِهِمْ؟ فَقَالَ: «إِلَّا الْإِذْخِرَ»

2716 -[2] (مُتَّفق عَلَيْهِ)

وَفِي رِوَايَة لأبي هريرةَ: «لَا يُعضدُ شجرُها وَلَا يلتَقطُ ساقطتَها إِلاَّ مُنشِدٌ»

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફતહે મક્કાના દિવસે ફર્માવ્યું, હવે હિજરત ન રહી[૧]. પરંતુ જેહાદ અને નિય્યત છે[૨] અને જ્યારે જેહાદના માટે બોલાવવામાં આવો તો નીકળી પડો[૩] અને મક્કાની ફતહના દિવસે ફર્માવ્યું કે, આ શહેરને અલ્લાહે એ દિવસે જ હરમ બનાવી આપ્યું જે દિવસે આસ્માન તથા જમીન પેદા કર્યાં. જેથી એ કયામત સુધી અલ્લાહના હરમ ફર્માવવાથી હરામ છે[૪]. અને મારાથી પહેલાં કોઈના માટે આ શહેરમાં જંગ જાઈઝ નથી થઈ[૫] અને મને પણ એક ઘડી દિવસની હલાલ થઈ. જેથી હવે તો કયામત સુધી અલ્લાહના હરામ કરવાથી હરામ છે, કે ન અહીંના કાંટા તોડવામાં આવે[૬] અને ન અહીંનો શિકાર ભડકાવવામાં આવે[૭]. અને ન અહીંની પડેલી ચીજ ઉઠાવવામાં આવે. હા ! જે એનું એલાન કરે તે

ઉઠાવે[૯]. અને ન અહીંની સૂકી ઘાસ કાપવામાં આવે[૯] હઝરત અબ્બાસે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ઈઝખરના સિવાય કે એ તો લુહારો માટે તથા અહીંના ઘરોમાં કામ આવે છે[૧૦]. સિવાય ઈઝખરના[૧૧]. (મુસ્લિમ, બુખારી) અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની રિવાયતમાં છે, કે ત્યાંના ઝાડ ન કાપવામાં આવે અને શોધનારા સિવાય ત્યાંની પડેલી ચીજ કોઈ ન ઉઠાવે[૧૨]."

૧. હુઝૂર ﷺ મક્કા મોઅઝ્ઝમાથી મદીના પાકની તરફ હિજરત કરી ગયા બાદ મક્કાના મુસલમાનો પર હિજરત ફર્ઝ હતી અને મક્કા મોઅઝ્ઝમામાં વિના ઉઝરે રહેવું હરામ હતું કે એ જગા દારુલ હર્બ થઈ ગઈ હતી. ફતહે મક્કાથી જગા દારુલ ઈસ્લામ બની ગઈ, હવે એ હિજરતની ફર્ઝિયત ખત્મ થઈ ગઈ. અહીં એ જ ઈર્શાદ છે, એટલે કે મક્કા મોઅઝ્ઝમાથી હિજરત કરી જવી હવે ફર્ઝ ન રહી. જેથી આ હદીષ એની વિરુદ્ધ નથી કે હિજરત કયામત સુધી છે. ત્યાં અન્ય દારુલ હર્બથી હિજરતો મુરાદ છે. શક્ય છે કે આ ખબર ગયબી છે કે હવે મક્કા મોઅઝ્ઝમા કયામત સુધી કદાપિ દારુલ હર્બ બનશે નહીં અને ન અહીંથી હિજરત ફર્ઝ થશે. الحمدللہ એવું જ થયું.

૨. એટલે હવે જેને જેહાદ મયસ્સર થાય તે જેહાદ કરે અને જે જેહાદ ન પામે તે નિય્યત કરે કે જ્યારે મને ખુદા મોકો આપશે ત્યારે જેહાદ કરીશ કે જેહાદની નિય્યત પર પણ સવાબ છે.

૩. જો જેહાદ એ વખતે ફર્ઝે કિફાયા હોય તો જરૂરત મુજબના લોકો નીકળે અને જો ફર્ઝે અયન થઈ ગયો હોય તો દરેક પુરૂષ સ્ત્રી નીકળે. આ વાક્યમાં બંને સ્થિતિઓ સામેલ છે.

૪. એટલે કે આ પવિત્ર શહેરનું હરમ શરીફ હોવું કેવળ ઈસ્લામમાં નથી, બલ્કે ઘણો પૂરાણો મસ્અલો છે. દરેક દીનમાં આ જગા મોહતરમ રહી છે. તે જે બાબે હરમે મદીનામાં આવી રહ્યું છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ મક્કા મોઅઝ્ઝમાને હરમ બનાવ્યું, ત્યાં મતલબ એ છે કે એના હરમ હોવાનું એલાન ઈબ્રાહીમ علیہ السلام એ કર્યું. કેમ કે નૂહના તોફાનમાં જ્યારે બયતુલ મઅમૂર આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યું તો લોકો અહીંની હુર્મત વગેરે ભૂલી ગયા. હઝરત ખલીલ علیہ السلام એ ફરી એનું એલાન કર્યું. જેથી હદીષોમાં ટકરાવ નથી. (અશિઅ્હ) الی یوم القیامۃ ફર્માવીને બતાવ્યું કે આ હુર્મત કદી મન્સૂખ ન થશે કે જેવી રીતે અઝલી છે એવી જ રીતે અબદી પણ છે.

★ ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ થી ૭૦ કત્લ છતાં પૂછતાછ નહીં ★

૫. આ ફર્માને આલીમાં ઈશારો એ બનાવ પ્રતિ છે જે ફતહે મક્કાના દિવસે હઝરત ખાલિદ ઈબ્ને વલીદ થકી બન્યો કે ૭૦ કાફિરો આપના હાથે કત્લ થઈ ગયા. એ કત્લ પર નબી કરીમ ﷺ એ તેમને ચેતવણી પણ નથી આપી. એનું કારણ અહીં વર્ણન થયું કે એ દિવસે અમારા માટે એક ક્ષણ માટે જંગ પણ હલાલ થઈ ગયો અને વિના એહરામે મક્કા મોઅઝ્ઝમામાં પ્રવેશ પણ જાઈઝ થયો. જેમ કે તે વખતે હુઝૂરે અન્વર ﷺ કાળો અમામો બાંધીને મક્કા મોઅઝ્ઝમામાં પ્રવેશ્યા, એટલે એહરામ વિના, નહીં તો સરમુબારક ખુલ્લુ હોત.

★ ફતહે મક્કા જંગથી થઈ કે સુલહથી ? ★

યાદ રાખશો કે ફતહે મક્કા હનફી મઝહબમાં ગલ્બો (સરસાઈ પામીને) થઈ અને ઈમામ શાફઈને ત્યાં

સુલહથી. એટલા માટે એમને ત્યાં મક્કા મોઅઝ્ઝમાનાં મકાનો તથા જમીનનું ખરીદ વેચાણ દુરુસ્ત છે અને ભાડુ જાઈઝ છે. મક્કા મોઅઝ્ઝમાનાં સર્વ સ્થળો પોતાનાં રહ્યાં, જેવું કે સુલહમાં થાય છે. આપણા ઈમામ સાહબને ત્યાં ત્યાંની જમીન વગેરેનું ખરીદ વેચાણ તથા ભાડુ દુરુસ્ત નથી કેમ કે એ સર્વના હુઝૂરે અન્વર ﷺ માલિક થઈ ગયા હતા. કેમ કે વિજયી બાદશાહ વિજય પામેલ ઈલાકાનો માલિક બની જાય છે. હુઝૂરે અન્વર ﷺએ માલિક બનીને તેને વક્ફ કરી આપ્યું. વક્ફનું વેચાણ થાય છે ન ઈજારો. ઈમામે આ'ઝમનો ક़ૌલ ખૂબ જ મજબૂત છે. આ હદીષ એમની દલીલ છે કે મને એ દિવસે જંગ દુરુસ્ત થઈ ગયો. સુલહમાં જંગ કેવી ?! તેમજ રબ તઆલાએ એને ફતહ કહી આપ્યું : اِذَا جَآءَ نَصْرُ اللّٰهِ وَالْفَتْحُ۝ (જ્યારે અલ્લાહની મદદ અને ફતહ આવે. સૂરએ નસ્ર, ૧૧૦/૧) અને ફતહ જંગથી થતી રહેતી હોય છે. (અશિઅહ્ મઅ્ ઝિયાદત)

★ હરમથી કાંટાદાર ઝાડ કાપવાં પણ જાઈઝ નથી ★

૬. એટલે કે હરમના આપોઆપ ઉગતાં ઝાડ તો શું કાંટા તોડવા પણ જાઈઝ નથી. اذخر وكمائت ઉઝ્ખુર તથા કમાઈતના સિવાય ત્યાંની લીલી ઘાસ અથવા કાંટા અથવા તેના પર જાનવર ચરાવવું પણ આપણે ત્યાં મના છે. ઈમામ યૂસુફ તથા શવાફેઅ તથા માલિકને ત્યાં ચરાવવું દુરુસ્ત છે. ઈમામ અહમદ આપણી સાથે છે. અહનાફ (હનફીઓ)નો મઝહબ ક़વી છે. આ હદીષ આપણી દલીલ છે, ત્યાં સુધી કે ઈજા પહોંચાડનાર કાંટો પણ આપણે ત્યાં કાપવામાં ન આવે. خلافًا للشافعی

૭. એટલે કે હરમનો શિકાર મારવાનું તો શું તેને તેની જગાએથી હટાવવુ, ભડકાવવુ પણ મના છે. અને જો ભડકાવવાથી તે નષ્ટ થઈ જાય તો તેની કિંમત આપવી વાજિબ થશે. (અશિઅહ્)

૮. એના જાહેરી અર્થો એ છે કે અન્ય સ્થળોની મળેલી ચીજનું અમુક અરસા સુધી એલાન કરવામાં આવે છે, પછી માલિક ન મળવા પર ક્યાં તો ખૈરાત કરી દેવામાં આવે છે અથવા જેને મળી તે જો ફક़ીર (ગરીબ) હોય તો ખુદ માલિક થઈ જાય છે. પણ હરમ શરીફની મળેલી ચીજનું એલાન અધિક કરવામાં આવશે. તેમની દલીલ તે હદીષો છે જે લુક़તાના વર્ણનમાં આવશે. આ ફર્માને આલીનો હેતુ એ છે કેવળ હજ્જના સમયમાં એલાન ન કરે બલ્કે બાદમાં પણ એલાન કરતો રહે.

૯. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે "ખલા" લીલા ઘાસને કહે છે, અને હશીશ સૂકા ઘાસને. અને અમુકને ત્યાં એનાથી ઉલ્ટુ છે. મક़સદ એ છે કે હરમ શરીફની ન લીલી ઘાસ કાપવામાં આવે ન સૂકી, કેમ કે સુધી ઘાસ કાપવાના હુકમમાં છે.

૧૦. ઉઝ્ખુર એક લાંબી ઘાસ હોય છે જે અરબમાં લાકડીના સ્થાને તથા કોલસાની ભટ્ટીઓમાં પણ વપરાય છે, અને ઘર તથા ક़બરની છતોમાં પણ જેવી રીતે આપણે ત્યાં ગામડામાં સેંઠા તથા સુંઠિયા (એક પ્રકારની ઘાસ) વપરાય છે.

★ હુઝૂર ﷺ શરઈ હુકમોના માલિક ★

૧૧. એનાથી જાણવા મળ્યું કે નબી કરીમ ﷺને રબ તઆલાએ શરઈ હુકમોના માલિક બનાવ્યા છે કે પોતાના અખત્યારથી આપ પરવરદિગારના ઈઝ્ન (હુકમ)થી હરામ તથા હલાલ કરી શકે છે. જુઓ સરકારે આલી ﷺએ હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના જવાબમાં એવું નથી ફર્માવ્યું કે સારું ! રબની બારગાહમાં દુઆ કરીશું અથવા જિબ્રઈલે અમીનથી પૂછીશું ! બલ્કે પોતે જ કહી આપ્યું : الّا الاذخر (ઉઝ્ખુર સિવાય). જો હઝરત અબ્બાસ رضی اللہ عنہ હુઝૂર ﷺથી એ ન કહેડાવી લેતા તો ઉઝ્ખુર પણ હરામ જ રહેત. (અશિઅહ્)

★ મદીનાની માટી : ખાકે શિફા ★

૧૨. મોટાભાગે શાફઈઓને ત્યાં હરમૈન શરીફૈનની માટી અથવા પથ્થર બહાર લઈ જવુ પણ મના છે અને બહારથી માટી ત્યાં પહોંચાડવું ખિલાફે ઉલા છે. હા ! **આબે ઝમઝમ તબર્રુક માટે અને મદીના પાકની ખજૂરો બહાર લઈ જવી સુન્નત છે. જેમ કે ખુદ નબી કરીમ ﷺએ સુહેલ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી હુદૈબિયાના વરસે આબે ઝમઝમ બે મશકો મદીના તયબહ મંગાવ્યા, અને હજ્જના મોકા પર ખુદ સરકાર ﷺ આબે ઝમઝમ મશકો તથા વાસણોમાં લઈ ગયા અને અરસા સુધી એ પાણી બીમારોને દવારૂપે પીવડાવતા રહ્યા.** અને હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી સહીહ રિવાયતથી સાબિત છે કે હુઝૂરે અન્વર ﷺએ કેટલીકવાર આબે ઝમઝમ બહાર મોકલ્યું. (મિર્કાત) **મદીના પાકથી ખાકે શિફા લાવવી એને દવારૂપે ઉપયોગમાં લેવી મુસલમાનોની સુન્નત છે.** એનો માખઝ આ હદીષ છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : تربة ارضنا يشفى سقيمنا **"અમારી મદીનાની જમીનની માટી બીમારોને શિફા આપે છે."** બલ્કે ત્યાંની ધૂળ વગેરે પોતાના મોં તથા છાતી પર લે, કે **કોઢ તથા રક્તપિત્ત માટે ખૂબ જ લાભદાયી** છે. મસ્જિદે નબવીનો ખાસ કરીને રોઝએ પાકની ધૂળ મો'મિનોની આંખોનો સુરમો છે, અને આશિકોના ઘાયલ દિલોનું મલમ છે.

★ મક્કામાં ખુલ્લાં હથિયાર લઈને ફરવું હરામ ★

★ હદીષ : (૩)-૨૭૧૭ ★	*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે તમારામાંથી કોઈને એ હલાલ નથી કે મક્કા મોઅઝ્ઝમામાં હથિયાર ઉઠાવતા ફરે[૧]. " (મુસ્લિમ)*
وَعَنْ جَابِرٍ قَالَ: سَمِعْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَا يَحِلُّ لِأَحَدِكُمْ أَنْ يَحْمِلَ بِمَكَّةَ السِّلَاحَ» . رَوَاهُ مُسلم	

૧. મક્કા મોઅઝ્ઝમામાં ખુલ્લા હથિયારો ઉઠાવીને ફરવું કે જેથી મુસલમાનો પર રોઅબ છવાય એ હરામ છે. કવરમાં ઢંકાયેલ હથિયાર ઉઠાવવાં પોતાની રક્ષા વગેરે માટે એ દુરુસ્ત છે. હુઝૂર ﷺ ફઝા ઉમરામાં હથિયાર લઈને ત્યાં પ્રવેશ્યા પણ કવરમાં હતાં. એ અમલ આ હદીષની તફસીર છે.

★ ઈબ્ને ખતલને ફેસાસમાં કા'બાના પર્દામાં છુપાયેલો કત્લ કરાવ્યો ★

★ હદીષ : (૪)-૨૭૧૮ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)	*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ ફતહના દિવસે મક્કા મોઅઝ્ઝમામાં એ રીતે તશરીફ લાવ્યા કે આપ ﷺ ના માથા પર (લોખંડનો) હેલ્મેટ હતો[૧] પછી જ્યારે હેલ્મેટ ઉતાર્યો તો એક શખ્સ આવ્યો અને બોલ્યો કે ઈબ્ને ખતલ કા'બા શરીફના પર્દાઓ સાથે લટકેલો છે. ફર્માવ્યું, તેને કત્લ કરી દો[૨]. " (મુસ્લિમ, બુખારી)*
وَعَنْ أَنَسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ دَخَلَ مَكَّةَ يَوْمَ الْفَتْحِ وَعَلَى رَأْسِهِ الْمِغْفَرُ فَلَمَّا نَزَعَهُ جَاءَ رَجُلٌ وَقَالَ: إِنَّ ابْنَ خَطَلٍ مُتَعَلِّقٌ بِأَسْتَارِ الْكَعْبَةِ. فَقَالَ: «اقتله»	

★ હરમની ભૂમિ હુઝૂર ﷺ માટે હલાલ કરી દેવામાં આવી હતી ★

૧. એટલે કે આપ એહરામ વિના મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થયા, નહીં તો માથુ મુબારક ખુલ્લુ હોત. આજે

કેમ કે હરમની ભૂમિ હુઝૂર ﷺ માટે હલાલ થઈ ગઈ હતી કે ત્યાં જંગ હલાલ થઈ ગઈ હતી, એટલા માટે આજે વિના એહરામે પ્રવેશ પણ દુરુસ્ત થઈ ગયો. જેથી આ હદીષ અહનાફની વિરુદ્ધ નથી કે કોઈ નિય્યતથી મક્કા મોઅઝ્ઝમા જાય પણ એહરામ તથા ઉમરો જરૂરી છે. અને ન આ હદીષ શાફઈઓની દલીલ છે કે જેઓ કોઈ અન્ય કામના માટે મક્કા મોઅઝ્ઝમા જાય તે વિના એહરામ જઈ શકે છે.

૨. આ ખબર આપનાર ફઝ્ઝલ ઈબ્ને ઓબૈદ એટલે અબૂ બરઝ્ઝહ અસ્લમી હતા. ઈબ્ને ખત્લનું નામ અબ્દુલ્લાહ, અને લક્બ ગાલિબ હતો. એ પહેલાં મુસલમાન થયો, પછી પોતાના એક ખાદિમ મુસલમાનને ક્ત્લ કરીને મુર્તદ થઈને મક્કા મોઅઝ્ઝમા નાસી આવ્યો હતો. આજે બીકના માર્યા કા'બાના ગિલાફમાં છુપાય ગયો, કેમ કે આજે હરમની જમીનમાં જંગ (લડાઈ) જાઈઝ હતી એટલા માટે તેને ક્રેસાસ રૂપે અથવા મુર્તદ થવાના કારણે ક્ત્લ કરાવી દેવામાં આવ્યો, ક્યાં તો હરમ શરીફમાં અથવા ત્યાંથી બહાર કાઢીને. નહીં તો બહારનો મુજરિમ જો હરમમાં આવી જાય તો તેને ક્ત્લ કરવામાં નથી આવતો. રબ તઆલા ફર્માવે છે : وَمَنْ دَخَلَهٗ كَانَ اٰمِنًا (અને જે એમાં આવે અમાનમાં થાય. સૂરએ આલે ઈમરાન, ૩/૯૭) અમુક ઈમામ હરમ શરીફમાં ક્રેસાસની હદો (શિક્ષાઓ)ને જાઈઝ માને છે આ હદીષની બિના પર. પણ આ દલીલ કરવું ઝઈફ છે. ઈબ્ને અબી શયબાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું કે મીક્તાથી આગળ એહરામ વિના ન વધો. તેમજ ફર્માવે છે કે મારા માટે એક ઘડીના માટે આ હરમની જમીન હલાલ કરી દેવામાં આવી હતી, હવે એની હુર્મત પરત આવી છે.

★ હદીષ : (૫)-૨૭૧૯ ★
وَعَنْ جَابِرٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ دَخَلَ يَوْمَ فَتْحِ مَكَّةَ وَعَلَيْهِ عمامةٌ سوْداءُ بِغَيْرِ إِحْرَام. رَوَاهُ مُسلم

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ફતહે મક્કાના દિવસે મક્કામાં એ રીતે તશરીફ લાવ્યા કે વિના એહરામે હતા અને આપના માથા પર કાળો અમામો હતો[૧]. (મુસ્લિમ)

હુઝૂર ﷺ લોખંડનો હેલ્મેટ પહેરેલ હરમમાં પ્રવેશ્યા

૧. ક્યાં હરમની હદોમાં પ્રવેશતી વખતે હુઝૂરે અન્વર ﷺએ પોતે પણ પહેર્યો હતો એટલે લોખંડની ટોપી (હેલ્મેટ) અને અમામા શરીફ પણ, અથવા હરમ શરીફની હદોમાં પ્રવેશતી વખતે હેલ્મેટ પહેરેલ હતા. અને બયતુલ્લાહ શરીફમાં એટલે મસ્જિદે હરામમાં પ્રવેશતી વખતે હેલ્મેટ ઉતારી નાખ્યો હતો અને અમામો પહેરી લીધો હતો, જેથી આ હદીષ ગુજરેલી હદીષ વિરુદ્ધ નથી. યાદ રાખશો કે સફેદ લિબાસ અફઝ્ઝલ છે પણ કાળો અમામો પણ જાઈઝ છે. ખાસ કરીને ખુત્બાના સમયે **સર્વ કાળા કપડાં પહેરવાં ખાસ કરીને મુહર્રમમાં રાફઝીઓથી મળ તાપણુ છે.** (અઝ : મિર્ક્તાત મઅ ઝિયાદત)

★ ક્યામત નજીક મક્કા પર હુમ્લો કરશે તેને જમીનમાં ધસાવી દેવાશે ★

★ હદીષ : (૬)-૨૭૨૦ ★ (مُتَّفِق عَلَيْهِ)
وَعَنْ عَائِشَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَغْزُو جَيْشٌ الْكَعْبَةَ فَإِذَا كَانُوا بِبَيْدَاءَ مِنَ الْأَرْضِ يُخْسَفُ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એક લશ્કર કા'બા મોઅઝ્ઝમા પર હુમ્લો કરશે તો જ્યારે મયદાની જમીનમાં હશે તો તેમના આગલા પાછલા સૌને ધસાવી

بِأَوَّلِهِمْ وَآخِرِهِمْ» . قُلْتُ: يَا رَسُولَ اللَّهِ وَكَيْفَ يُخْسَفُ بِأَوَّلِهِمْ وَآخِرِهِمْ وَفِيهِمْ أسواقُهم وَمن لَيْسَ مِنْهُم؟ قَالَ: «يخسف وَآخِرِهِمْ ثُمَّ يُبْعَثُونَ عَلَى نِيَّاتِهِمْ»

દેવામાં આવશે[૧] મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તેમના આગલા પાછલાઓને કેવી રીતે ધસાવી દેવામાં આવશે ? તેમનામાં સોદાગર પણ હશે અને તેઓ પણ જેઓ લશ્કરથી નથી[૨] ફર્માવ્યું કે, ધસાવવામાં તો સર્વ આગલા પાછલાઓને આવશે, પછી પોતાની નિય્યતો પર ઉઠાડવામાં આવશે[૩]." (મુસ્લિમ, બુખારી)

૧. આ બનાવ ક़યામતની નજીકનો હશે કે **એક મોટુ લશ્કર ખાનએ કા'બાની બર્બાદીના માટે મક્કા મોઅઝ્ઝમા પર હુમ્લો કરશે અને ધસાવવામાં આવશે.** અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે, આ બનાવ બની ચૂક્યો. મેહદી મવઊદ શાહ સુફ્યાન શાહે મિસ્રના જમાનામાં. પણ હક્ક़ પહેલી વાત છે.

૨. سواق ક્યાં તો سوقهનું બહુવચન છે પ્રજા અને કામકાજવાળાના અર્થમાં. અથવા سوقનું બહુવચન છે, બજારમાં રહેનારા વેપારીઓના અર્થમાં સવાલનો હેતુ એ છે કે મુજરિમ તો એમનામાંથી અમુક છે પણ સજા મળી સૌને, કેમ કે એ લશ્કરમાં વેપારી કારોબાર કરનારા સિપાહીઓના ખિદમતગાર અને ખાવા વગેરે પકાવનારા અને તે લોકો પણ હશે જેઓને જબરદસ્તી લાવવામાં આવ્યા, તેમની નિય્યત હુમ્લાની ન હતી.

૩. એટલે કે કેમ કે એ લોકોએ પણ એ લશ્કરની સંખ્યા વધારી, તેમની આ જુર્મના માટે મદદ કરી અને મુજરિમોની સાથે રહ્યા, એટલા માટે એઓ પણ સજાને પાત્ર થઈ ગયા. રબ તઆલા ફર્માવે છે : وَاتَّقُوْا فِتْنَةً لَّا تُصِيْبَنَّ الَّذِيْنَ ظَلَمُوْا مِنْكُمْ خَآصَّةً ۚ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ۝ (અને એ ફિત્નાથી ડરતા રહો જે કદાપિ તમારામાં ખાસ જાલિમોને જ ન પહોંચશે. અને જાણી લો કે અલ્લાહનો અઝાબ સખ્ત છે. સૂરએ અન્ફાલ, ૮/૨૫) જાણવા મળ્યું કે બુરા લોકોની મદદ કરવું પણ બુરૂ છે. હા ! પછી ક़યામતમાં એક ફરક પડી જશે કે તેમનામાંથી મો'મિન મો'મિનના ટોળામાં ઉઠશે અને કાફિર કાફિરની સાથે ઉઠશે.

★ ક़યામત નજીક કાબાને તોડી પાડયા બાદ દુનિયા બર્બાદ થઈ જશે ★

(مُتَّفَقٌ عَلَيْهِ) ★ હદીષ : (૭)-૨૭૨૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ «يُخَرِّبُ الْكَعْبَةَ ذُو السويقتين من الْحَبَشَة»

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કા'બાને હબ્શાનો બે નાની પિંડલીઓવાળો પાડશે[૧]."

૧. سُوَيق سلقની તસ્ગીર છે, જેનો અર્થ છે નાની પિંડલી, પાતળી પિંડલી અથવા કમજોર પિંડલી. એટલે **ખૂબ જ નીચા કદવાળો દૂબળો, પાતળો, કમજોર શખ્સ હબ્શાના લશ્કરમાં હશે જે મક્કા મોઅઝ્ઝમા પર ગાલિબ (સવાર) થયા બાદ કા'બા મોઅઝ્ઝમાને પાડી નાખશે. આ બનાવ ક़યામતની નજીક થશે, જેના પછી દુનિયા બર્બાદ થઈ જશે અને ક़યામત આવી જશે. કેમ કે દુનિયાની આબાદી કા'બા મોઅઝ્ઝમાથી સંબંધિત છે. જ્યાં સુધી એ છે તો દુનિયા ક़ાયમ છે, એ પડયો અને બર્બાદ થયો તો દુનિયા ગઈ !** આ બંને બનાવોમાં રબની કુદરતનો ઈઝહાર (પ્રદર્શન) છે કે તે મોટુ લશ્કર જેનું વર્ણન પહેલાં આવી ગયું, ખુદ તબાહ થઈ જશે પણ આ કમજોર દૂબળો માણસ કા'બાને બર્બાદ કરી દેશે. (અશિઅ્હ)

★ હદીષ : (૮)-૨૭૨૨ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «كَأَنِّي بِهِ أَسْوَدَ أَفْحَجَ يقْلَعُها حجَراً حجَراً».رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, જાણે હું તેને જોઈ રહ્યો છું, કાળો પહોળી ટાંગોવાળો છે કા'બાના પથ્થર પથ્થરને ઉખેડી રહ્યો છે[૧]. '' (બુખારી)

૧. يقْلَعُها નો મુતઅલ્લિક ફેઅલ છુપો છે. مُتَّلَبِّسٌ અથવા اَسْوَدَبِهٖ متصل ની ઝમીરનો હાલ છે. فحج તે નાકિસુલ ખલ્કત (પેદાઈશી ખોડવાળો) માણસ જેની ટાંગો ચાલવામાં પહોળી રહેશે, જેવી રીતે દૂધ કાઢતી વખતે ગાય બકરીની ટાંગો. એટલે કે જાણે તે મારી પાસે છે અને હું તેની એ હરકત જોઈ રહ્યો છું કે તે કા'બાનો પાડી રહ્યો છે અને તેનો એક એક પથ્થર ફેંકી રહ્યો છે. તેના ફેંકવાને તથા પથ્થર પડવાને આંખોથી જોઈ રહ્યો છું અને પથ્થર પડવાનો અવાજ કાનો વડે સાંભળી રહ્યો છું. (અઝ : અશિઅ્હ) જાણવા મળ્યું કે નબીની નિગાહ આપણા ખ્વાબો ખયાલથી અધિક મજબૂત છે કે આગલા પાછલા બનાવો જોઈ લે છે.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હરમમાં અનાજની સંગ્રહખોરી બેદીની છે ★

★ હદીષ : (૯)-૨૭૨૩ ★

عَن يَعْلَى بْنِ أُمَيَّةَ قَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «احْتِكَارُ الطَّعَامِ فِي الْحَرَمِ إِلْحَادٌ فِيهِ» . رَوَاهُ أَبُو دَاوُدَ

''હઝરત અબૂ યઅ્લા ઈબ્ને ઉમૈયાથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હરમ શરીફમાં અનાજ બંધ રાખવું અહીં બેદીની કરવા જેમ છે[૧] '' (અબૂ દાઉદ)

★ સંગ્રહખોરી એટલે અનાજને મોંઘવારી ઉભી કરવા રોકવું ★

૧. احتلار નો અર્થ છે જરૂરતના સમયે માણસ તથા જાનવરોના ખોરાકને રોકવો કે જેથી અધિક દુકાળ પડવા પર વેચાણ કરવામાં આવે. આ હરકત દરેક જ જગાએ જુર્મ છે કે એમાં અલ્લાહની મખ્લૂકને તકલીફ આપવું છે, પણ મક્કા મોઅઝ્ઝમામાં આવી હરકત ઘણી જ સખત જુર્મ છે. ત્યાં સંગ્રહખોરી કરનાર અબૂ જહલ વગેરે કાફિરોની જેમ છે, જેમણે મુસલમાનોનો બોયકોટ કરીને તેમને સતાવ્યા અને રોજી તેમના પર તંગ કરી. મક્કા મોઅઝ્ઝમાનું અનાજ રોકવું એવો સખત જુર્મ છે જેમ કે ત્યાં રહીને બેદીની કરવી. રબ તઆલા ફર્માવે છે : وَمَنْ يُّرِدْ فِيْهِ بِاِلْحَادٍۢ بِظُلْمٍ نُّذِقْهُ مِنْ عَذَابٍ اَلِيْمٍ (અને જે કોઈ એમાં કોઈ ઝિયાદતીનો નાહક્ક ઈરાદો કરે અમે તેને દર્દનાક અઝાબ ચખાડીશું. સૂ. હજ્જ, ૨૨/૨૫) આ હદીષથી જણાય રહ્યું છે કે જેવી રીતે મક્કા મોઅઝ્ઝમામાં નેકીઓનો સવાબ ઘણો જ વધારે છે એવી જ રીતે ત્યાં ગુનાહ કરવાનો અઝાબ પણ ઘણો જ સખત છે. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما મક્કા મોઅઝ્ઝમા ન રહ્યા બલ્કે ત્યાંથી થોડેક દૂર તાઈફ શરીફમાં રહ્યા. ત્યાં જ આપનુ મઝારે પુર અન્વાર છે. ફકીરે (લેખકે) ઝિયારત કરી છે.

★ હદીષ : (૧૦)-૨૭૨૪ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ મક્કા મોઅઝ્ઝમાને ફર્માવ્યું,[૧] તું કેવું પાકીઝા શહેર છે અને તું મને કેટલુ

પ્યારુ છે ! જો મારી કૌમને તારાથી ન કાઢત તો હું તારા l; JFf SM V g J: TLDFGZC[TP³ (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ અસ્નાદના લેહાઝથી હસન પણ છે, સહીહ પણ ગરીબ પણ.	وَسَلَّمَ لِمَكَّةَ: «مَا أَطْيَبَكِ مِنْ بَلَدٍ وَأَحَبَّكِ إِلَيَّ وَلَوْلَا أَنَّ قَوْمِي أَخْرَجُونِي مِنْكِ مَا سَكَنْتُ غَيْرَكِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ غَرِيب إِسْنَادًا

૧ : લગભગ આ આલીશાન ફર્માન હિજરતની રાતનુ છે જ્યારે હુઝૂરે અન્વર ﷺ હઝરત સિદીક રضی اللہ عنہ ને સાથે લઈને મદીના મુનવ્વરા તરફ રવાના થયા અને મક્કા મોઅઝ્ઝમાથી બહાર પહોંચ્યા તો હસરત ભરી (અફસોસજનક) નિગાહો વડે મક્કા મોઅઝ્ઝમાની વસ્તી પર નજર કરી અને ફર્માવ્યું. મિર્કાતે કહ્યું કે આ કલામ ફતહે મક્કાના દિવસે ત્યાંથી પરત થતી વખતનું છે. પણ પ્રથમ વાત અધિક મજબૂત જણાય છે. અલ્લાહ બેહતર જાણે.

★ બહુમતી ઉલમાની નજીક મક્કા મોઅઝ્ઝમા મદીના શરીફથી અફઝલ ★

૨ : જમહૂર (બહુમતી) ઉલમાની નજીક મક્કા મદીના શહેર મદીના મુનવ્વરાથી અફઝલ અને હુઝૂર ﷺ ને અધિક પ્યારુ છે. તેમની દલીલ આ હદીષ છે. ઈમામ માલિકને ત્યાં મદીના મુનવ્વરા મક્કા મુકર્રમાથી અફઝલ છે. તે આ હદીષના બારામાં ફર્માવે છે કે એમાં પ્રથમ હાલતનું વર્ણન છે. પછી હુઝૂર ﷺ ને મદીના મુનવ્વરા અધિક પ્યારુ થઈ ગયું. જેવું આગલા પ્રકરણમાં આવી રહ્યું છે. ફતવો એ જ છે કે મક્કા મોઅઝ્ઝમા, મદીના મુનવ્વરા કરતાં અફઝલ છે, પણ આશિકોની નિગાહમાં મદીના મુનવ્વરા અફઝલ છે કેમ કે તે મહબૂબ ﷺ ની આરામગાહ છે.

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અદી, હમ્રાથી ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને હઝવરા સ્થળે ઉભેલા જોયા[૧] હુઝૂર ﷺ ફર્માવતા હતા, અલ્લાહની કસમ ! તું અલ્લાહની સર્વ જમીનમાં બેહતરીન જમીન છે અને અલ્લાહની સર્વ જમીનમાં ખુદાને અધિક પ્યારી છે.[૨] જો મને તારાથી કાઢવામાં ન આવત તો કદી ન નીકળતો.[૩]" (તિર્મિઝી, ઈબ્ને માજહ)[૪]	**★ હદીષ : (૧૧)-૨૭૨૫ ★** وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَدِيِّ بْنِ حَمْرَاءَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَاقِفًا عَلَى الْحَزْوَرَةِ فَقَالَ: «وَاللَّهِ إِنَّكِ لَخَيْرُ أَرْضِ اللَّهِ وَأَحَبُّ اللَّهِ إِلَى اللَّهِ وَلَوْلَا أَنِّي أُخْرِجْتُ مِنْكِ مَا خرجْتُ» . رَوَاهُ الترمذيُّ وَابْن مَاجَه

૧. حزورہ બર વઝને فسورہ ના ઝબર (ફતહ)થી અને ح ની જઝમથી. એનો અર્થ છે નાની ટેકરી. કેમ કે અહીં ક્યારેક ટેકરી હતી એટલા માટે એ જગાનું નામ હઝૂરદ પડી ગયું. અમુકે ફર્માવ્યું કે કબીલા જરહમ પછી વકીઅ ઈબ્ને સલમા ઈબ્ને ઝુબેર ઈબ્ને અયાદ કા'બા મુઅઝ્ઝમાનો મુતવલ્લી બન્યો. તેણે અહીં એક ઈમારત બનાવી જેમાં પોતાની લોંડી હઝવરને રાખી. તેણીના નામથી એ જગા હઝવરહ કહેવાયી. પછી અહીં મક્કા મોઅઝ્ઝમાનું બજાર રહ્યું અને હવે ત્યાં મસ્જિદે હરામનો એક દરવાજો છે જેને બાબુલ વિદાઅ કહે છે.

★ તવાફે વિદાઅના આદાબ ★

૨. ઉલમા ફર્માવે છે કે હાજી તવાફે વિદાઅ કરીને જ્યારે ચાલે તો કા'બા મોઅઝ્ઝમાને અરમાનભરી નજરોથી જુએ અને કાંઈક વિદાયના કલમાઓ પણ મોંઢેથી કાઢે. તેમની દલીલ આ હદીષ છે કે નબી કરીમ ﷺ એ આ

કલમા હજ્જે વિદાઅમાં કા'બાથી વિદાય થતી વખતે કહ્યા અને બાબુલ વિદાઅથી નીકળ્યા, કે હુઝૂર ﷺ એ જ બાજુથી રવાના થતા હતા. બલ્કે એ વખતે ઉલ્ટા પગે કા'બા મોઅઝ્ઝમાને જોતો જોતો રડતો રડતો ચાલે, કે ભલે આ અમલ બિદઅત છે, પણ બિદઅતે હસના છે. અને સૈયદના ઈબ્ને મસ્ઊદ મરફૂઅન ફર્માવે છે કે જેને મુસલમાન સારુ સમજે તે ચીજ અલ્લાહની નજીક પણ સારી છે. (મિર્કાત)

હુઝૂર ﷺની કબ્રે અન્વર મક્કા બલ્કે ખાનએ કા'બા તથા અર્શ કરતાં અફઝલ

૩. આ હદીષ પણ જમહૂર ઉલમાની દલીલ છે કે મક્કા મોઅઝ્ઝમાની વસ્તી મદીના મુનવ્વરાથી અફઝલ છે અને હુઝૂરે અન્વર ﷺને ઘણી પ્યારી છે, કેમ કે આ ફર્માન હિજરતના ઘણા અરસા બાદ છે. યાદ રાખશો કે અફઝલિયતમાં આ મતભેદ વસ્તીઓના સંબંધે છે, **હુઝૂરે અન્વર ﷺની કબ્રે અન્વરનો તે હિસ્સો જે જિસ્મે અત્હરથી અડેલો છે તે મક્કા મોઅઝ્ઝમા, કા'બા મોઅઝ્ઝમા બલ્કે અર્શે મુઅલ્લાથી પણ અફઝલ છે**. *(મિર્કાત)* શયખે ફર્માવ્યું કે આ ફર્માને આલી કઝા ઉમરામાં છે જ્યારે કે ત્રણ દિવસ પછી મક્કાના કાફિરોએ આપનાથી મક્કા મોઅઝ્ઝમા ખાલી કરી દેવા માટે કહ્યું. અમુકે ફર્માવ્યું કે આ પણ હિજરતની રાતે હતું. પણ એ ઝઈફ છે કે તે વખતે અબ્દુલ્લાહ ઈબ્ને અદીએ હુઝૂર ﷺને કેવી રીતે જોઈ લીધા ? અમુકે ફર્માવ્યું કે ફતહે મક્કાના દિવસે છે, પણ એ પણ ઝઈફ છે, કેમ કે તે વખતે ઈખરાજ (બહાર કાઢવામાં આવવું) ન હતું. અલ્લાહ બેહતર જાણનાર છે. *(અશિઆહ)*

૪. આ હદીષ ઘણી કિતાબોમાં ઘણી અસ્નાદોથી મરવી છે. સહીહ છે. અને ઘણી જ કવી (મજબૂત) છે. તિબ્રાનીમાં ઝઈફ સનદ સાથે છે કે ફર્માવ્યું, નબી કરીમ ﷺએ કે મદીના મક્કાથી અફઝલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે હુઝૂર ﷺની હયાતે શરીફા (પવિત્ર જિંદગી)માં હિજરત બાદ અફઝલ હતું, વફાત બાદ મક્કા મુકર્રમા અફઝલ. *(મિર્કાત)*

મક્કામાં એક નેકી એક લાખ બરાબર અને એક ગુનોહ એક લાખ બરાબર પણ મદીનામાં એક નેકી પચાસ હજાર બરાબર અને એક ગુનોહ એક જ છે

મસ્અલા : મક્કા મુકર્રમાની એક નેકી એક લાખ છે, અને એક ગુનોહ પણ એક લાખ છે. મદીના મુનવ્વરાની એક નેકી પચાસ હજાર છે, પણ એક ગુનોહ એક જ ગુનોહ છે, અને તેની પણ શફાઅતથી બખ્શિશની ઉમ્મીદ છે. એટલા માટે ઈમામ અબૂ હનીફા તથા ઈમામ માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે બહારના માણસોએ મક્કા મોઅઝ્ઝમા રહેવા કરતાં ત્યાંથી વતન પરત થઈ જવું અફઝલ છે, ત્યાં આવજા કરતાં રહેવું બેહતર છે. જુઓ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ મક્કા મુકર્રમાને બદલે તાઈફ પોતાનું રહેઠાણ બનાવ્યું. હઝરત ઈબ્ને મસ્ઊદ ફર્માવે છે કે **ગુનાહના ઈરાદા પર કચાંય પકડ નથી મક્કા મુકર્રમા સિવાય !** પછી આપે આ આયત પઢી : وَمَنْ يُّرِدْ فِيْهِ بِاِلْحَادٍ (અને જે એમાં કોઈ ઝિયાદતી (ગુનાહ) નો નાહક્ક ઈરાદો કરે અમે તેને દર્દનાક અઝાબ ચખાડીશું. (સૂ. હજ્જ, ૨૨/૨૫) ઈબ્ને માજહએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે **જે મક્કા મુકર્રમામાં રમઝાન પામે પછી ત્યાંના રોઝા અને તરાવીહની પાબંદી કરે તો એક લાખ રમઝાનનો સવાબ પામશે. અને દરેક દિવસ અને દરેક રાતે એક એક ગુલામ આઝાદ કરવાનો અને એક એક ગાઝીને જંગના મેદાનમાં મોકલવાનો સવાબ પામશે.** મદીના મુનવ્વરામાં રહેવું અને મરવું પણ ઘણી જ બરકતનો સબબ છે, શર્ત એ કે ત્યાંનો એહતેરામ કરી શકે. *(મિર્કાત)*

(વિભાગ : 3) الفصل الثالث

★ મક્કા શરીફની અઝમત વિશે ★

★ હદીષ : (૧૨)-૨૭૨૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَن أَبِي شُرَيحٍ العَدوِيِّ أَنَّهُ قَالَ لِعَمْرِو بْنِ سَعِيدٍ وَهُوَ يَبْعَثُ الْبُعُوثَ إِلَى مَكَّةَ: ائْذَنْ لِي أَيُّهَا الْأَمِيرُ أُحَدِّثْكَ قَوْلًا قَامَ بِهِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الغدَ مِنْ يَوْمِ الْفَتْحِ سَمِعَتْهُ أُذُنَايَ وَوَعَاهُ قَلْبِي وَأَبْصَرَتْهُ عَيْنَايَ حِينَ تَكَلَّمَ بِهِ: حَمِدَ اللَّهَ وَأَثْنَى عَلَيْهِ ثُمَّ قَالَ: " إِنَّ مَكَّةَ حَرَّمَهَا اللَّهُ وَلَمْ يُحَرِّمْهَا النَّاسُ فَلَا يَحِلُّ لِامْرِئٍ يُؤْمِنُ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ أَنْ يَسْفِكَ بِهَا دَمًا وَلَا يَعْضِدَ بِهَا شَجَرَةً فَإِنْ أَحَدٌ تَرَخَّصَ بِقِتَالِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِيهَا فَقُولُوا لَهُ: إِنَّ اللَّهَ قَدْ أَذِنَ لِرَسُولِه وَ لم يَأْذَن لِرَسُولِهِ وَلَمْ يَأْذَنْ لَكُمْ وَإِنَّمَا أُذِنَ لِي فِيهَا سَاعَةً نَهَارٍ وَقَدْ عَادَتْ حُرْمَتُهَا الْيَوْمَ كَحُرْمَتِهَا بِالْأَمْسِ وَلْيُبْلِغِ الشَّاهِدُ الْغَائِبَ ". فَقِيلَ لِأَبِي شُرَيْحٍ: مَا قَالَ لَكَ عَمْرٌو؟ قَالَ: قَالَ: أَنَا أَعْلَمُ بِذَلِكَ مِنْكَ يَا أَبَا شُرَيْحٍ أَنَّ الْحَرَمَ لَا يُعِيذُ عَاصِيًا وَلَا فَارًّا بِدَمٍ وَلَا فَارًّا بِخَرْبَةٍ. مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي الْبُخَارِيِّ: الْخَرْبَةُ: الْجِنَايَة

''હઝરત અબૂ શુરૈહ અદીથી રિવાયત છે તેમણે અમ્ર ઈબ્ને સઈદને[૧] કહ્યું, જ્યારે તે મક્કા મોઅઝ્ઝમા પર લશ્કર મોકલી રહ્યો હતો કે, હે અમીર ! મને ઈજાઝત આપ કે હું તને તે ફર્માને પાક સંભળાવું જેને કાલે ફતહે મક્કાના દિવસે રસૂલુલ્લાહ ﷺ એ ઉભા રહીને ફર્માવ્યું[૨] જેને મારા કાનોએ સાંભળ્યું અને મારા દિલે મેહફૂઝ કર્યું અને હુઝૂર ﷺ ને મારી આંખોએ કલામ (વાત) કરતી વખતે જોયા[૩] પોતાના અલ્લાહની હમ્દો ષના કરી પછી ફર્માવ્યું કે મક્કાને અલ્લાહે હરમ બનાવ્યું છે, કોઈ માણસે નથી બનાવ્યું[૪] તો કોઈ પણ તે શખ્સને જે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તેને એ જાઈઝ નથી કે, ત્યાં ખૂન વહાવે અને ન ત્યાંનું ઝાડ કાપે.[૫] જો કોઈ રસૂલુલ્લાહ ﷺ ના જેહાદથી ઈજાઝત સમજે તો એને કહી દો કે અલ્લાહ તઆલા ﷻ એ પોતાના રસૂલને તેની ઈજાઝત આપી દીધી હતી અને તમને નથી આપી[૬] રબે મને દિવસની એક ઘડી ઈજાઝત આપી હતી, હવે આજે એની હુર્મત કાલની જેમ જ પરત આવી[૭] હાજરજનો ગૈરહાજર જનોને પહોંચાડી આપે. અબૂ શુરૈહને કહેવામાં આવ્યું કે, પછી તમને અમ્રએ શું કહ્યું ? કહ્યું, તે બોલ્યો, હે અબૂ શુરૈહ ! હું તમારા કરતાં એ અધિક જાણું છું કે હરમ શરીફ ન તો મુજરિમને પનાહ આપી શકે છે[૮] ન ખૂન કરીને ભાગી છૂટેલાને[૯] ન ફસાદ (ઝઘડો) કરીને ભાગેલાને[૧૦]. (મુસ્લિમ, બુખારી) અને બુખારીમાં છે કે હઝ્બહ એ ખયાનત છે.''

૧. આપનું નામ ખુવૈલા ઈબ્ને અમ્ર કઅબી અદવી ખઝાઈ છે. કુન્નિયત અબૂ શુરૈહ છે. ફતહે મક્કાથી પહેલાં ઈમાન લાવ્યા. હિ.સ. ૬૮માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા.પોતાની કુન્નિયતમાં મશહૂર થયા. (અકમાલ) અને અમ્ર ઈબ્ને સઈદ ઈબ્ને આસ ઉમવી કર્શી પોતાના કાકાના પુત્ર અબ્દુલમલિક બિન મરવાનની તરફથી મદીના મુનવ્વરાનો હાકિમ હતો. પછી તેને અબ્દુલ મલિકે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર رضی اللہ عنہ થી જંગ કરવા માટે નિયુક્ત કર્યો. હઝરત ઈબ્ને ઝુબેર મક્કા મોઅઝ્ઝમા તથા ઈરાક વગેરેના બરહક્ક સુલ્તાન હતા. (અશિઅહ તથા

મિર્કાત) જ્યારે અબ્રહએ મક્કા મોઅઝ્ઝમા પર ચઢાઈ કરવા માટે લશ્કર તૈયાર કર્યું તો હઝરત અબૂ શુરૈહે તેને મક્કાની અઝમત પ્રતિ ધ્યાનિત કર્યો.

૨. غد થી મુરાદ ક્યાં તો ફતહે મક્કાથી બીજો દિવસ છે એટલે ફતહની કાલ, અથવા મતલબ એ છે કે એ કાલની વાત છે, એને કાંઈ સમય નથી ગુજર્યો, તેં અત્યારથી એના પર અમલ છોડી આપ્યો તો ભાવિમાં શું થશે ?!

૩. એટલે કે આ બનાવ તથા આ હદીષમાં કોઈનાથી સાંભળેલ કે કોઈનું સંભળાવેલ નથી કહી રહ્યો બલ્કે એને મેં ખુદ મારા કાનોથી સાંભળ્યું છે, અને દૂરથી નથી સાંભળ્યું બલ્કે હુઝૂરે અન્વર ﷺથી હું ઘણો જ નજીક હતો, અને સમજ્યા વિના નથી સાંભળ્યું, બલ્કે સમજીને સાંભળ્યું. જેથી એમાં કોઈ શંકાકુશંકાને સ્થાન નથી. હદીષ તદ્દન સહીહ છે.

૪. એટલે કે મક્કા મોઅઝ્ઝમાને હરમ બનાવનાર ખુદ રબ તઆલા છે. કોઈ વ્યક્તિએ પોતાની રાય વડે એને હરમ નથી બનાવ્યું કે અન્ય માણસની રાયથી તેની હુર્મત જતી રહે. જેથી આ હદીષ એ રિવાયતની વિરૂધ્ધ નથી કે હઝરત ઈબ્રાહીમ عليه السلام એ મક્કાને હરમ બનાવ્યું અને હું મદીનાને હરમ બનાવું છું. ત્યાં એ મતલબ છે કે હઝરત ઈબ્રાહીમ عليه السلام એ હરમ બનવાની દુઆ કરી અને રબે તેને હરમ બનાવી આપ્યું. ત્યાં અસ્નાદ મજાઝી છે અહીં હકીકી.

★ અલ્લાહ અને કયામત પર ઈમાનનો મતલબ ★

૫. અલ્લાહ તઆલા અને કયામત પર ઈમાન રાખવાનો મતલબ એ છે કે સર્વ ઈમાનિયત (ઈમાન માટે જરૂરી) ચીજોનો મોઅતકિદ (યકીન ધરાવનાર) હોય. બે કિનારાઓનો ઉલ્લેખ કર્યો. સર્વ અકીદાઓ મુરાદ લેવામાં આવ્યા, ઝાડથી મુરાદ જાતે ઉગી નીકળતુ ઝાડ છે. **પોતાનાં વાવેલાં ઝાડો હરમ શરીફમાં કાપી શકાય છે.** લોહી વહાવવાથી મુરાદ તેનું લોહી વહાવવું છે જેને શરીઅતની રૂએ કત્લ કરવું વાજિબ હોય. અને હરમ શરીફમાં પનાહ લઈ લે જેવું કે પહેલાં વર્ણવવામાં આવ્યું. નહીં તો હરમ શરીફમાં જાનવરો ઝબહ થાય છે, ત્યાંના મુજરિમને કત્લ કરવામાં આવી શકે છે. મેહકૂઝુદ્દમ (જેનું લોહી ન વહાવી શકાય) શખ્સનું લોહી વહાવવું વગેરે હરમમાં પણ હરામ છે, જેથી હદીષ સ્પષ્ટ છે.

★ મક્કા પર હુમ્લો કરવું અને ખાલિદની તલ્વારથી ૭૦ જણનું કત્લ થવું આપની વિશિષ્ટતા ★

૬. એટલે કે ફતહે મક્કાના દિવસે અમારું મક્કા મોઅઝ્ઝમા પર હુમ્લો કરવું અને હુમ્લા દરમિયાન હઝરત ખાલિદ ઈબ્ને વલીદની તલ્વારથી ૭૦ માણસોનું હરમ શરીફમાં ખૂન થઈ જવું એ અમારી વિશિષ્ટતાઓમાંથી છે, અને વિશિષ્ટતાઓમાં અનુસરણ નથી હોતું, ન ફેઅલો (કામો) તથા અમલો સુન્નત કહેવાય છે. અમારા માટે તે લડાઈ ટેમ્પરરી ધોરણે હલાલ હતી અને તમારા માટે કાયમી ધોરણે હરામ છે.

૭. કાલથી મુરાદ સર્વ ભૂતકાળનો સમય છે. એટલે જેવી રીતે હરમે મોહતરમની હુર્મત કાલે હતી એવી જ રીતે આજે છે અને કયામત સુધી રહેશે.

૮. એનો હેતુ એ હતો કે અબ્દુલ મલિક ખલીફા બરહક્ક છે અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર તેના બાગી છે. મક્કા મોઅઝ્ઝમામાં બાગીઓની માથાં કચડવાં જાઈઝ છે. હું આ કામ માટે મુજરિમ નથી.

૯. એટલે કે જે હરમની બહાર ખૂન કરે અને હરમમાં પનાહ લઈ લે તેને અમ્ન નથી, બલ્કે તેના પર રોજી તંગ કરવામાં આવે જેથી તે નીકળે અને બહાર નીકળવા પર ક़त्ल કરી દેવામાં આવે. અને જો એ મરદૂદનો મક़સદ એ છે કે હરમ બહારનો મુજરિમ હરમમાં ક़त्ल કરી દેવામાં આવશે, તો એ ગલત છે. તે અમ્ર ઈબ્ને સઈદ જાલિમ તથા ફાસિક़ પણ હતો અને નર્યો જાહિલ પણ હતો. જેથી આ વાક્ય શાઈફઈઓની દલીલ નથી. જાહિલોના કથનોથી દલીલ કેવી ?! *(મિર્ક़ાત)*

૧૦. خربه ના પેશ, ر ના જઝમથી. એનો શાબ્દિક અર્થ છે, ઊંટની ચોરી. હવે ઈસ્તેલાહ (બોલ ચાલમાં) મુત્લક़ન ફસાદ (ઝઘડા)ને કહે છે. એની મુરાદ ઝઘડા ફસાદથી જાની માલી, મુલ્કી ફસાદ છે.

''હઝરત અય્યાશ બિન અબૂ રબીઅહ મખ્ઝૂમીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, આ ઉમ્મત ભલાઈ પર રહેશે જ્યાં સુધી આ હુર્મતનો તાઝીમના હક્ક़ની સાથે એહતેરામ કરે, જ્યારે એને બર્બાદ કરશે તો હલાક (બર્બાદ) થઈ જશે.[૨]'' (ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૩)-૨૭૨૭ ★

وَعَن عيَّاشِ بنِ أبي ربيعةَ المَخْزُومِي قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَزَالُ هَذِهِ الْأُمَّةُ بِخَيْرٍ مَا عَظَّمُوا هَذِهِ الْحُرْمَةَ حَقَّ تَعْظِيمِهَا فَإِذَا ضَيَّعُوا ذلكَ هلَكُوا» . رَوَاهُ ابْن مَاجَه

૧. આપ અબૂ જહલના અખ્યાફી (બાપ અલગ અલગ અને મા એક હોય તેવા) ભાઈ છે. હુઝૂર ﷺના એલાને નબુવ્વત કરતાં જ ઈમાન લાવ્યા. હઝરત ઉમર رضی اللہ عنہ સાથે હબ્શા હિજરત કરી ગયા. ફરી હઝરત ઉમર رضی اللہ عنہની સાથે મદીના મુનવ્વરા હિજરત કરીને આવ્યા. અબૂ જહલ અને હારિષ ઈબ્ને હિશામે ધોકો કરીને તેમને મક્કા મોઅઝ્ઝમા બોલાવ્યા કે તારી મા તારા માટે બેકરાર છે અને ત્યાં આપને કેદ કરી દીધા. હુઝૂરે અન્વર ﷺએ કુનૂતે નાઝિલામાં આપના છૂટકારાની દુઆ કરી કે ઈલાહી ! અય્યાશ ઈબ્ને રબીઅહને નજાત આપ. આપ ફારૂક़ી યુગમાં જંગે પર યરમૂકમાં શહીદ થયા. *(અકમાલ)*

★ હરમને બર્બાદ કરનારા ખુદ બર્બાદ થઈ ગયા ★

૨. અનુભવથી પણ સાબિત છે કે **જે બાદશાહે કા'બા મોઅઝ્ઝમા અથવા હરમ શરીફની બેહુર્મતી કરી તે હલાક તથા બર્બાદ થયો છે. યઝીદ પલીદના જમાનામાં જ્યારે હરમ શરીફની બેહુર્મતી થઈ તો યઝીદ પલીદ હલાક થયો અને તેની સલ્તનત ખત્મ થઈ ગઈ.**

باب حرم المدينة حرسها الله تعالى

બાબો હરમુલ મદીના હરસહલ્લાહુ તઆલા[૧]

મદીના મુનવ્વરા હરમ વિશે પ્રકરણ

(અલ્લાહ એને સલામત રાખે)

(વિભાગ : ૧) الفصل الاول

★ મદીના મુનવ્વરાનો એહતેરામ મક્કા મોઅઝ્ઝમાની હદોની જેમ છે ★

૧. સર્વ ઉલમાની એના પર એકમતી છે કે મદીના મુનવ્વરાની હદોનો અદબ તથા એહતેરામ મક્કા મોઅઝ્ઝમાની હદોની જેમ બલ્કે એનાથી પણ વધુ છે, પણ મતભેદ એમાં છે કે હરમે મદીનામાં શિકાર કરવો હલાલ છે કે હરામ ? જો હરામ છે તો તેનો બદલો એટલે ફિદિયો અથવા કફ્ફારો વાજિબ છે કે નથી ? આપણા ઈમામે આ'ઝમને ત્યાં શિકાર પણ હલાલ છે અને ઝાડ વગેરેને કાપવું પણ દુરુસ્ત છે. કેમ કે એ ચીજોની હિલ્લત (હલાલ હોવું) તો કુર્આને કરીમની સ્પષ્ટ આયતોથી સાબિત છે. પણ મદીનાની હદોમાં એની હુર્મતની ન કોઈ આયત છે ન કૃતઈ હદીષ છે. બલ્કે હદીષથી સાબિત છે કે હઝરત અનસ رضی اللہ عنہ ના ભાઈ અબૂ ઉમૈરે મદીના મુનવ્વરામાં એક પક્ષી પાળ્યુ હતું જે પિંજરામાં રાખ્યું હતું. જો મદીના મુનવ્વરામાં શિકાર હરામ હોત તો પક્ષીને પિંજરામાં બંધ કરવું પણ હરામ હોત. મક્કાના હરમમાં શિકારનું હરામ હોવું અને કરી લેવા પર બદલો વાજિબ થવો કુર્આને કરીમથી પણ સાબિત છે અને કૃતઈ હદીષોથી પણ સાબિત છે. અમુક ઈમામોને ત્યાં બદલો પણ વાજિબ છે. અમુકને ત્યાં પક્ષીઓનો શિકાર હલાલ છે ચરનારાઓનો હરામ છે. સારાંશ કે મતભેદવાળો મસ્અલો છે, અને એના બારામાં હનફી મઝહબ ખૂબ જ કૃવી (મજબૂત) છે.

★ હદીષ : (૧)-૨૭૨૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: مَا كَتَبْنَا عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَّا الْقُرْآنَ وَمَا فِي هَذِهِ الصَّحِيفَةِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «الْمَدِينَةُ حَرَامٌ مَا بَيْنَ عَيْرٍ إِلَى ثَوْرٍ فمنْ أحدَثَ فِيهَا حَدَثًا أَوْ آوَى مُحْدِثًا فَعَلَيْهِ لَعْنَةُ اللَّهِ وَالْمَلَائِكَةِ وَالنَّاسِ أَجْمَعِينَ لَا يُقْبَلُ مِنْهُ صَرْفٌ وَلَا عَدْلٌ ذمَّةُ المسلمينَ واحدةٌ يَسْعَى بِهَا أَدْنَاهُمْ فَمَنْ أَخْفَرَ مُسْلِمًا فَعَلَيْهِ لَعْنَةُ اللَّهِ وَالْمَلَائِكَةِ وَالنَّاسِ أَجْمَعِينَ لَا يُقْبَلُ مِنْهُ صَرْفٌ وَلَا عَدْلٌ وَمَنْ وَالَى قَوْمًا بِغَيْرِ إِذْنِ مَوَالِيهِ فَعَلَيْهِ لَعْنَةُ اللَّهِ وَالْمَلَائِكَةِ وَالنَّاسِ أَجْمَعِينَ لَا

*''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺ થી કુર્આન સિવાય અને એના સિવાય જે એ કિતાબમાં છે કાંઈ બીજુ નથી લખ્યું[૨] ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, મદીના મુનવ્વરા અયૂરથી પૌર સુધીના દરમિયાન હરમ છે.[૨] તો એમાં જે કોઈ બિદઅત કાઢે અથવા કોઈ બિદ્અતીને પનાહ આપે તો તેના પર અલ્લાહની અને ફરિશ્તાઓની અને તમામ લોકોની લઅનત છે[૩] તેના ન ફર્ઝ કબૂલ થશે ન નફ્લ[૪] મુસલમાનોનો જિમ્મો એક છે કે તેમનો અદના માણસ પણ કોશિશ કરી શકે છે.[૫]***

જે કોઈ મુસલમાનથી વચનભંગ કરે તેના પર અલ્લાહ, ફરિશ્તાઓ અને સર્વ માણસોની લઅનત

يُقْبَلُ مِنْهُ صَرْفٌ وَلَا عدل» وَفِي رِوَايَةٍ لَهُمَا: «مَنِ ادَّعَى إِلَى غَيْرِ أَبِيهِ أَوْ تَوَلَّى غَيْرَ مَوَالِيهِ فَعَلَيْهِ لَعْنَةُ اللَّهِ وَالْمَلَائِكَةِ وَالنَّاسِ أَجْمَعِينَ لَا يُقْبَلُ مِنْهُ صرف وَلَا عدل»

છે, ન તેના ફર્ઝ કબૂલ છે ન નફ્લ.[૬] *જે પોતાને પોતાના દોસ્તોની ઈજાઝત વિના કોઈ કૌમ સાથે દોસ્તીનો કરાર કરે. તેના પર અલ્લાહની, ફરિશ્તાઓની અને સર્વ લોકોની લઅનત છે, ન તેના ફર્ઝ કબૂલ થાય ન નફ્લ*[૭] *(મુસ્લિમ, બુખારી) તેમની જ બીજી રિવાયતમાં આ પ્રમાણે છે કે* ***જે પોતાને પોતાના ગૈર બાપની તરફ સંબંધિત કરે*** *અથવા પોતાના ગૈર માલિકોથી વિલા (કરાર) કરે,* ***તો એના પર અલ્લાહની, ફરિશ્તાઓની અને સર્વ લોકોની લઅનત છે, ન તેના ફર્ઝ કબૂલ થાય અને ન નફ્લ.''***

★ હઝરત અલી رضی اللہ عنہ ના જમાનામાં રાફઝી તથા ખારજીનાં મૂળ રોપાયાં ★

૧. હઝરત અલી رضی اللہ عنہ ના ખિલાફતના જમાનામાં રિફ્ઝ (રાફઝિયત તથા ખુરૂજ (ખારજિયત)ની જડો SFF D Y. PKJ5 FDJGFOSMV [U5 MGF: 5 ~5 DFÔ CZ YI FP**રાફઝીઓએ મશહૂર કર્યું કે હઝરત અલી رضی اللہ عنہ ની પાસે નબી કરીમ ﷺ નું ખાસ વસિયતનામુ અને ખિલાફતનામુ છે જેમાં લખ્યું છે કે આપ ઈસ્લામના પ્રથમ ખલીફા છે. જેથી આગળ થઈ ગયેલી ખિલાફતો (અબૂબક્ર, ઉપર رضی اللہ عنہما ની) બાતિલ હતી. અને એ કે આપની પાસે કોઈ ખાસ છુપાવેલુ કુર્આન છે અને તે જ અસલી છે.** (મઆઝલ્લાહ !) એટલા માટે અમુક લોકો આપને એના સંબંધે સવાલ કરતા હતા અને જનાબ અલી મુર્તઝા رضی اللہ عنہ આ જવાબ આપતા હતા. **અમુક રાફઝીઓને આપે જીવતા સળગાવી અપાવ્યા.** જેમ કે મિશ્કાત ''કિતાબુલ હુદૂદ'' આવશે. પણ એ દબાયેલી ચિંગારી સળગતી જ રહી. સહીફા એક કાગળ હતો જેમાં કેટલાક શરઈ અહકામ લખેલા હતા જે જનાબ અલી رضی اللہ عنہ ની તલ્વારના પટ્ટામાં રહેતો હતો જે આપ લોકોને બતાવ્યા પણ કરતા હતા અને સંભળાવતા પણ હતા. એ જ બનાવ અહીં વર્ણન થઈ રહ્યો છે. **આપ ફર્માવી રહ્યા છે કે અમારી પાસે કોઈ અન્ય કુર્આન નથી આ જ કુર્આન છે, અને હુઝૂરે અન્વર ﷺ ની કોઈ ખાસ વસિયત અથવા લખાણ નથી,** કેવળ આ જ વરક છે જેમાં કાંઈક અહકામ લખેલા છે.

★ મદીના મુનવ્વરાના હરમની હદોનું વર્ણન ★

૨. અયૂર તથા ષૌરના વિશે શરહકર્તાઓનાં ઘણા કથનો છે. હઝરત શયખે અશિઅહમાં ફર્માવ્યું કે આ બંને પહાડ છે જે મદીના મુનવ્વરાના કિનારાઓ પર આવેલા છે. અમુકે ફર્માવ્યું કે આ બંનેવ પહાડ મક્કા મોઅઝ્ઝમામાં છે. ષૌર પહાડ તે છે જેની ગુફામાં હિજરતની રાતે હુઝૂરે અન્વર ﷺ સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની સાથે છુપાયા હતા એટલા માટે તેને ગારે ષૌર કહે છે. અને હદીષનો મતલબ એ છે કે જેટલું અંતર મક્કાના બે પહાડો અયૂર તથા ષૌર વચ્ચે છે એટલા અંતરમાં મદીના મુનવ્વરાનું હરમ છે. અમુકે ફર્માવ્યું કે અયર મદીના મુનવ્વરામાં છે અને ષૌર મક્કા મુઅઝ્ઝમામાં છે. અમુકના ખયાલમાં છે કે અયર તથા ષૌર પહાડ નથી બલ્કે મદીના મુનવ્વરાની આસપાસના

બે મેદાનોનાં નામ છે જેને હુર્રતૈન કહે છે. અમુક રિવાયતોમાં અ્યર તથા ઓહદ છે. રાવીએ ગલતીથી ઓહદને બદલે ષૌર કહ્યું. સારાંશ કે મદીના મુનવ્વરાની હદો મુરાદ છે.

★ મદીનાપાકમાં બિદઅતો કાઢવી સખત ગુનોહ ★

૩. આ ફર્માન ઈમામે આ'ઝમની મજબૂત દલીલ છે કે મદીનાની હદોમાં શિકાર હરામ નથી, બલ્કે એ ચીજો હરામ છે જે હઝરત અલીએ વર્ણવી. એટલે અહીં બિદઅતો કાઢવી, બિદઅતોને મદીનામાં જગા આપવી સખત ગુનોહ છે કે એમાં મદીના પાકની બેહર્મતી પણ છે અને દીનમાં ફસાદ (ખરાબી) પણ છે **યાદ રાખશો કે બિદઅતથી અક્ફીદાની બિદઅતો મુરાદ છે. જેમ કે રાફઝિયત તથા ખારજિયત, વહાબિયત વગેરે. ન કે અમલી બિદઅતો કે એ તો ક્યારેક ફર્ઝ તથા વાજિબ પણ હોય છે.** જેમ કે હદીષની કિતાબોને ભેગી કરવી અથવા કુર્આને કરીમના ત્રીસ પારા અને ઈલ્મે ફિક્હ વગેરે. જો કે દરેક જગાએ જ બિદઅતો બુરી છે પણ મદીના મુનવ્વરામાં અધિક બુરી છે.

૪. صَرف થી મુરાદ નફલો છે. અથવા ગુનાહનો ફિદિયો કે સરફનો અર્થ છે ફેરવવું, ફર્ઝોની અદાયગી અથવા શફાઅત અથવા તૌબાથી અલ્લાહનો અઝાબ ફરી જાય છે, પરત થઈ જાય છે. અદ્લનો અર્થ છે બરાબરી. નફ્લ કદીક ફર્ઝની કમી પૂરી કરીને કામિલ ફર્ઝના બરાબર કરી આપે છે, અથવા ફિદિયો અસલ ફૌત થયેલ (છૂટી ગયેલ)ના બરાબર હોય છે.

★ મામૂલી કક્ષાના મુસલમાને કોઈ કાફિરને આપેલ અમાન વિશે ★

૫. એટલે કે જો **મામૂલી કક્ષાનો મુસલમાન કોઈ કાફિરને અમાન અથવા જિમ્મો અથવા પનાહ આપી દે તો** સર્વ મુસલમાનોએ તેને પૂર્ણ કરવું અનિવાર્ય છે, તેને તોડવું હરામ છે અને ટીકાને પાત્ર છે. **સર્વ મુસલમાન એક શરીઅતના અંગોની જેમ છે કે રૂહ સૌની એક છે.** કોશિશ કરવાથી મુરાદ વાલી કે મુતવલ્લી અથવા ઝિમ્મેદાર હોય છે.

૬. એટલે કે જે **મુસલમાન બીજા મુસલમાનની જિમ્મેદારીમાં કે તેની આપેલી અમાન તોડે અથવા તેના કરેલા વાયદાની વિરૂધ્ધ કરે તેના પર લઅનત છે.**

★ વિલાના પ્રકારો અને તેની વ્યાખ્યા ★

૭. વિલા બે પ્રકારની છે : વિલાએ મવલાત અને વિલાએ અતાક઼ા. વિલાએ મવલાત ક઼ૌમોના ક઼રારોને કહે છે કે અમુક ક઼ોમો કોઈ ક઼રારમાં શરીક થઈને એકબીજાના મદદગાર તથા સહાયક બની જાય. તેમાંથી દરેક બીજા સાથીઓ સાથે મશ્વરો કર્યા વિના કોઈ અન્ય ક઼ૌમથી ક઼રાર ન કરે, કે એમાં વચન (ક઼રાર) ભંગ છે, જે હરામ છે. અથવા એ મતલબ છે કે આઝાદ કરેલ ગુલામ પોતાને આઝાદ કરનારા માલિકનો અતાક઼ા છે. કે એને એ ગુલામના વારસાનો હક્ક઼ પહોંચે છે. એ ગુલામ બીજાને પોતાનો મૌલા (માલિક) ન બતાવે, જેનો મુઅત્તક઼ છે તેનો રહે. અથવા એ મતલબ છે કે કોઈ મુસલમાનભાઈ મુસલમાનભાઈને સતાવવા માટે કાફિરથી દોસ્તી ન કરે, નહીં તો લા'નતનો હક઼દાર થશે. સારાંશ કે આ વાક્યની ત્રણ શરહો (સ્પષ્ટતાઓ) છે, આ કલામથી જાણવા મળ્યું કે ઈલ્મ લખી લેવો સુન્નતે સહાબા છે. એ પણ જાણવા મળ્યું કે **રાફઝીઓનો એ ક઼ૌલ તદ્દન ગલત છે કે હુઝૂરે અન્વર ﷺએ**

અહલે બયતને ખિલાફતની વસિયત કરી અથવા કોઈ ખાસ કુર્આન આપ્યું અથવા તેમને કુર્આનનાં એવા ખાસ રહસ્યો લખાવ્યાં જે અન્યોથી છુપાવ્યાં. નઊઝુબિલ્લાહ !

★ ગૈર સૈયદ પોતાને સૈયદ કહે તેનો હુકમ ★

૮. એ રીતે કે ગૈર બાપને પોતાનો બાપ બતાવે કે ફલાણાનો પુત્ર છું. અથવા પોતાને ગૈર ક़ૌમની તરફ નિસ્બત કરે. **સૈયદ ન હોય** છતાં કહે કે **હું સૈયદ** છું. એમાં માનેગાળ આપે છે અને **સખત લઅનત તથા અઝાબને પાત્ર** બને છે.

૯. આ ફર્માને આલીથી આજકાલના તે લોકો બોધગ્રહણ કરે જેમને સૈયદ અથવા શયખ અથવા પઠાણ બનવાનો શોખ છે. આ બીમારીમાં ઘણા બધા મુસલમાન સપડાયેલા છે. રબ તઆલા આ બીમારીથી શિફા આપે.

*"હઝરત સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે હું મદીનાના બે છેડાઓ દરમિયાન અહીના કાંટા કાપવા અથવા અહીંનો શિકાર ક़ત્લ કરવો હરામ કરું છું.[૧] ફર્માવ્યું, મદીના મુસલમાનો માટે બેહતર છે જો તેઓ જાણતા હોત[૨] એવો કોઈ નથી જે મદીનાથી ખેંચાણ ધરાવતો રહીને તેને છોડે, પણ અલ્લાહ આ મદીનામાં તેને સારો રહેનારો વસાવશે.[૩] અને **કોઈ શખ્સ મદીનાની સખ્તી (કઠણાઈ) તથા ભૂખ પર સબ્ર ન કરશે પણ હું કયામતના દિવસે તેનો શફીઅ તથા ગવાહ થઈશ.[૪]"** (મુસ્લિમ)*

હરમે મદીનામાં શિકાર હરામ છે પણ...

★ હદીષ : (૨)-૨૭૨૯ ★

وَعَنْ سَعْدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنِّي أُحَرِّمُ مَا بَيْنَ لَابَتَيِ الْمَدِينَةِ: أَنْ يُقْطَعَ عِضَاهُهَا أَوْ يُقْتَلَ صَيْدُهَا " وَقَالَ: «الْمَدِينَةُ خَيْرٌ لَهُمْ لَوْ كَانُوا يعلَمونَ لَا يَدَعُهَا أَحَدٌ رَغْبَةً عَنْهَا إِلَّا أَبْدَلَ اللَّهُ فِيهَا مَنْ هُوَ خَيْرٌ مِنْهُ وَلَا يَثْبُتُ أَحَدٌ عَلَى لَأْوَائِهَا وَجَهْدِهَا إِلَّا كُنْتُ لَهُ شَفِيعًا أَو شَهِيدا يَوْم الْقِيَامَة» . رَوَاهُ مُسلم

૧. આ હદીષ તે મુહદ્દિષો તથા ફ़ક़ીહોની દલીલ છે જેઓ ફર્માવે છે કે મદીનાના હરમની હદોમાં શિકાર કરવો, અને ઉગી જતાં ઝાડો કાપવાં હરામ તો છે પણ તેની જઝા વાજિબ નથી. અમે રજૂ કરી ચૂક્યા છીએ કે શિકારની હિલ્લત (હલાલ હોવું) કુર્આની આયતોથી સાબિત છે, જેથી એની હુર્મત (હરામ હોવું) આના જેવી ઝન્ની હદીષથી સાબિત નથી થઈ શકતી બલ્કે અન્ય હદીષો એની વિરૂધ્ધ છે. لابة પથરીલી જમીનને કહે છે. મદીના મુનવ્વરાની આસપાસની જમીન પથરીલી છે. عضاة કાંટાદાર ઝાડને કહે છે.

૨. એટલે કે જો શામ (સીરિયા) વગેરે હરીયાળા દેશોમાં દુનિયવી આરામ વધારે છે પણ જે મુસલમાનને મદીનાપાકમાં રહેવા સહેવાનું નસીબ થઈ જાય તો એ તેની ખુશનસીબી છે. તે તેને સર્વ હરીયાળા દેશો કરતાં બેહતર જાણે.

૩. ખુલાસો એ છે કે મદીના મુનવ્વરા હમેશાં આબાદ રહેશે, કદી વેરાન ન થશે. જો કોઈ ક़ૌમ અથવા જમાઅત એને છોડી પણ જાય તો બીજી ક़ૌમ તેને આબાદ કરશે. અહીં રહેનારા ઘણા છે જેઓ ત્યાં આબાદ થવાની આરઝૂ કરે છે. આ ખબર તદ્દન બરહક્ક़ છે જેની સાબિતી અનુભવોથી થાય છે. કેટલા કુટુંબો અને કેટલી ક़ૌમો છે જેઓ ત્યાં આબાદ થઈ ગઈ અને કેટલાય સીનાઓ છે જેમનામાં ત્યાંની તડપ છે. રબ તઆલા ફર્માવે છે :

وَاِنْ تَتَوَلَّوْا يَسْتَبْدِلْ قَوْمًا غَيْرَكُمْ ۙ ثُمَّ لَا يَكُوْنُوْٓا اَمْثَالَكُمْ ﴿۳۸﴾ (અને જો તમે મોં ફેરવો એ તમારા સિવાય અન્ય લોકો બદલી લેશે, પછી તેઓ તમારા જેવા ન હશે. સૂ. મુહમ્મદ, ૪૭/૩૮) સત્ય એ છે કે ક़ાનૂન ક़યામત સુધીના માટે છે.

★ મુસલમાનનું મદીના પાકમાં રહેવું ખુશનસીબી ★

૪. لاواء તથા جهد ક્યાં તો સમાનઅર્થી છે અથવા નજીક નજીકના અર્થમાં છે. એટલે કે જે મદીના મુનવ્વરાની ગરીબી તથા બેકસીની જિંદગી, અહીંની તકલીફો તથા દુકાળ તથા ભૂખ પર સબ્ર કરીને હુઝૂર ﷺના ક़દમોમાં પડી રહેશે, ઈન્શા અલ્લાહ ! તેનો ખાત્મો ખૈરથી થશે અને હુઝૂરે અન્વર ﷺ તેના ગુનાહોની શફાઅત, નેકીઓની ગવાહી અદા કરશે અથવા હુઝૂરે અન્વર ﷺ પોતાના જમાનામાં મરનારાઓની ગવાહી આપશે અને બાદમાં ત્યાં મરનારાઓની શફાઅત કરશે. જો કે હુઝૂર ﷺ પોતાના દરેક ઉમ્મતીના ગવાહ પણ છે અને શફીઅ પણ છે. પણ મદીનામાં મરનારાઓની શફાઅત પણ ખાસ રીતે થશે. આ હદીષથી જાણવા મળ્યું કે મુસલમાન હરમૈન ત़य्यબૈન ખાસ કરીને મદીના મુનવ્વરામાં રહેવા મરવાને રબ તઆલાની આ'લા નેઅમત જાણે. જો આ માટી ત્યાંની પાક માટીથી મળી જાય તો એનાથી વધીને શું હોય શકે છે ?!

પસે મર્ગ મેરી મિટ્ટી ઠિકાને ખૂબ લગ જાતી
મયસ્સર ગર મુઝે દો ગઝ મદીના કી ઝમીં હોતી

મદીનાની તકલીફો પર સબ્ર કરનારની શફાઅત થશે

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારો કોઈ ઉમ્મતી મદીનાની સખ્તીઓ તથા તકલીફો પર સબ્ર ન કરશે પણ હું ક़યામતના દિવસે તેનો શફીઅ બનીશ.[૧]"
(મુસ્લિમ)

★ હદીષ : (3)-૨૭૩૦ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَصْبِرُ عَلَى لَأْوَاءِ الْمَدِينَةِ وَشِدَّتِهَا أَحَدٌ مِنْ أُمَّتِي إِلَّا كُنْتُ لَهُ شَفِيعًا يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ مُسْلِمٌ

૧. ખાસ શફાઅત, હક્ક़ એ છે કે આ વાયદો સર્વ ઉમ્મતના માટે છે કે મદીનામાં મરનાર હુઝૂર ﷺની શફાઅતના મુસ્તહિક़ છે. (શેઅર)

તયબહમેં મરકે સીધે ચલે જાઓ આંખે બંદ
સીધી સળક યહ શહરે શફાઅત નગરકી હૈ

★ હિજરત પહેલાં મક્કામાં રહેવું બેહતર હતું હિજરત બાદ મદીનામાં અફ઼ઝલ ★

યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺની હિજરતથી પહેલાં મક્કા મોઅઝ્ઝમામાં રહેવું બેહતર હતું અને હિજરત પછી ફતહે મક્કાથી પહેલાં સુધી મક્કા મોઅઝ્ઝમામાં રહેવું મુસલમાન માટે મના થઈ ગયું, હિજરત વાજિબ થઈ ગઈ. અને ફતહે મક્કા પછી ત્યાં રહેવું તો જાઈઝ થયું પણ મદીના મુનવ્વરામાં રહેવું અફ઼ઝલ ઠર્યું, કેમ કે અહીં હુઝૂર ﷺથી નઝદીકી છે એટલા માટે અધિકતર ફ઼ઝાઈલ મદીના પાકમાં રહેવાના આવેલા છે.

મદીનાવાસીઓ બાગનુ પ્રથમ ફળ હુઝૂર ﷺને નઝર કરતા

★ હદીષ : (૪)-૨૭૩૧ ★

وَعَنْهُ قَالَ: كَانَ النَّاسُ إِذَا رَأَوْا أَوَّلَ الثَّمَرَةِ جَاءُوا بِهِ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَإِذَا أَخَذَهُ قَالَ: «اللَّهُمَّ بَارِكْ لَنَا فِي ثَمَرِنَا وَبَارِكْ لَنَا فِي مَدِينَتِنَا وَبَارِكْ لَنَا فِي صَاعِنَا وَبَارِكْ لَنَا فِي مُدِّنَا اللَّهُمَّ إِنَّ إِبْرَاهِيمَ عَبْدُكَ وَخَلِيلُكَ وَنَبِيُّكَ وَإِنِّي عَبْدُكَ وَنَبِيُّكَ وَإِنَّهُ دَعَاكَ لِمَكَّةَ وَأَنَا أدعوكَ للمدينةِ بمثلِ مَا دعَاكَ لمكةَ ومِثْلِهِ مَعَهُ» . ثُمَّ قَالَ: يَدْعُو أَصْغَرَ وَلِيدٍ لَهُ فيعطيهِ ذَلِكَ الثَّمر. رَوَاهُ مُسلم

''તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે લોકો જ્યારે પ્રથમ ફળ જોતા તો તેને નબી કરીમ ﷺની ખિદમતમાં લાવતા હતા[૧] જ્યારે હુઝૂર તેને લેતા તો ફર્માવતા, ઈલાહી ! અમારા ફળોમાં અમારા માટે બરકત આપ, અમારા મદીનામાં બરકત આપ.[૨] અમારા સાઅમાં, અમારા મુદમાં અમારા માટે બરકત આપ[૩] ઈલાહી ! ઈબ્રાહીમ તારા બંદા, તારા ખલીલ, તારા નબી છે, અને હું તારો બંદો તારો નબી છું[૪] તેમણે મક્કાના માટે દુઆ કરી[૫] અને હું મદીનાના માટે એવી જ દુઆ કરું છું જેવી તેમણે મક્કાના માટે દુઆ કરી, અને એટલી જ એની સાથે અધિક,[૬] ફર્માવ્યું પછી કોઈ નાના બાળકને બોલાવતા અને તેને એ ફળ અર્પણ કરી આપતા.[૭]'' (મુસ્લિમ)

૧. એટલે કે બાગવાળા પોતાના બાગનું પ્રથમ ફળ. એ જ પ્રમાણે મદીનાવાળા જ્યારે બજારમાં નવુ ફળ જોતા તો હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં ભેટ રૂપે લાવતા જેથી બાગમાં તથા ઘરોમાં બરકત રહે. અમુક લોકો પ્રથમ ફળો પર ફાતિહા આપીને બાળકોને વહેંચે છે, તેમનો માખઝ આ હદીષ છે. ફાતિહામાં સવાબનું નઝરાણુ હોય છે, જો આપણને એ મયસ્સર ન થાય તો સવાબનો જ હદિયો કરે.

૨. એટલે કે મદીનાની આબાદીમાં પણ બરકત આપ અને અહીંના ફળ ફુટમાં પણ. હુઝૂર ﷺની દુઆઓ કબૂલ થઈ. જેમ કે ફારૂકી યુગમાં મદીનામાં ચાલીસ હજાર સવાર ફોજી હતા, પગપાળા તેમના સિવાયના, અન્ય વસ્તી એમના ઉપરાંત હતી અને ત્યાંના ફળોની બરકત તો મશહૂર જ છે. *(મિર્કાત)*

૩. ''સાઅ'' તથા ''મુદ''થી મુરાદ તે માપિયાંમાં દાણા માપવામાં આવે છે, જેમ કે ઘઉં, જવ વગેરે. ફળોની બરકતની દુઆ અગાઉ વર્ણન થઈ ચૂકી, અને અનાજની બરકતની દુઆ આ છે. અમારા માટે ફર્માવીને એ બતાવ્યું કે આ બરકતો મુસલમાનો માટે થાય છે.

★ ખલીલ તથા હબીબમાં ફરક ★

૪. હુઝૂરે અન્વર ﷺએ હઝરત ઈબ્રાહીમ عليه السلام નું ખલીલ હોવું તો વર્ણવ્યું પણ પોતાનું હબીબ હોવું ન વર્ણવ્યું, એ તવાઝોઅ તથા ઈન્કેસારી (આજીજી)ના લીધે હતું. **ખલીલ તે જે રબનું માને, હબીબ તે કે રબ તેનું માને. ખલીલ બાહ્ય દોસ્ત હબીબ આંત્રિક દોસ્ત, દોસ્તોથી મુલાકાત પર્દા બહાર થાય છે, હબીબથી મુલાકાત પર્દાની અંદર થાય છે.** (શેઅર)

તુમ તો મગ્ઝ ઔર પોસ્ત ઔર હૈં બાહર કે દોસ્ત—તુમ હો દરૂને સરા તુમ પે કરોળોં દુરૂદ ﷺ

નબી તથા રસૂલ ક્યારેક સમાનાર્થી હોય છે અને ક્યારેક નબી રસૂલથી આમ નબુવ્વતમાં રબ તઆલાથી ફયઝ લે છે અને રિસાલતમાં બીજાઓને ફયઝ આપે છે. હક્ક એ છે કે નબુવ્વત કરતાં રિસાલત અફઝલ છે. **રસૂલો ૩૧૩ છે, નબી એક લાખ ચોવીસ હજાર અથવા ઓછા વત્તા.** નબીની વિલાયત તેમની નબુવ્વત કરતાં અમુકની નજીક અફઝલ છે, અુમકને ત્યાં એથી ઉલ્ટુ. *(મિર્કાત)*

૫. જનાબ ખલીલે મક્કા મોઅઝ્ઝમા માટે દુઆ કરી હતી :

فَاجْعَلْ اَفْـِٕدَةً مِّنَ النَّاسِ تَهْوِیْۤ اِلَیْهِمْ وَ ارْزُقْهُمْ مِّنَ الثَّمَرٰتِ لَعَلَّهُمْ یَشْكُرُوْنَ۝

''ખુદાયા ! લોકોનાં દિલ મક્કા મોઅઝ્ઝમાની તરફ વાળી દે, અને અહીંના રહેવાસીઓને ફળ આપ કે જેથી તેઓ શુક્ર અદા કરે.'' *(સૂરએ ઈબ્રાહીમ, ૧૪/૩૭)*

૬. અધિકથી મુરાદ કેવળ બમણી જ નહીં બલ્કે કેટલાય ગણી, એટલે મદીનાની તરફ લોકોનાં દિલ ખૂબ વાળી દે અને અહીં ખૂબ જ ફળફુટ પેદા કર, બરકતો આપ. આ દુઆ શરીફની અસર આજે પણ જોવામાં આવે છે કે મક્કા મોઅઝ્ઝમા કરતાં અધિક મદીના પાકની તરફ લોકોનું દિલી આકર્ષણ છે. મદીનાની તારીફમાં હજારો કસીદા લખવામાં આવ્યા. ત્યાંના જેવું ખાવા પાણી, ફળ અને જગા જોવા નથી મળ્યાં.

★ હુઝૂર ﷺ સામે રાખીને ફાતિહા પઢતા ★

૭. આ હદીષથી પહેલાં ફળ પર, ફળ સામે રાખીને ફાતિહા પઢવા, બાળકોમાં વહેચવું સર્વ કાંઈ સાબિત છે : કેમ કે હુઝૂર ﷺ ફળ સામે રાખીને અથવા હાથમાં લઈને આ દુઆ પઢતા હતા. ફાતિહામાં ખાવા, ફળ સામે હોય છે. ઈસાલે સવાબ તથા દુઆના શબ્દો કહેવામાં આવે છે. હુઝૂરે અન્વર ﷺએ બાળકને એ ફળ આપ્યાં. આજે પણ બાળકોમાં વહેંચવામાં આવે છે.

★ હદીષ : (૫)-૨૭૩૨ ★
وَعَنْ أَبِي سَعِيدٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ إِبْرَاهِيمَ حَرَّمَ مَكَّةَ فَجَعَلَهَا حَرَامًا وَإِنِّي حَرَّمْتُ الْمَدِينَةَ حَرَامًا مَا بَيْنَ مَأْزِمَيْهَا أَنْ لَا يُهْرَاقَ فِيهَا دَمٌ وَلَا يُحْمَلَ فِيهَا سلاحٌ لقتالٍ وَلَا تُخبَطَ فِيهَا شجرةٌ إِلَّا لعلف» . رَوَاهُ مُسلم

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું, ઈબ્રાહીમ عليه السلام એ મક્કાને હરમ બનાવ્યું[૧] એના જ માટે એહરામ બનાવ્યો[૨] અને હું મદીનાને હરમ બનાવું છું[૩] એના ખૂણાઓ દરમિયાનનેં[૪] કે એમાં ન લોહી વહાવવામાં આવે ન એમાં જંગના માટે હથિયાર ઉઠાવવામાં આવે[૫] ન ઘાસચારા સિવાય અહીંનું ઝાડ કાપવામાં આવે[૬]'' (મુસ્લિમ)

૧. એ રીતે કે આપે મક્કા મોઅઝ્ઝમાને હરમ બનાવવાની રબથી દુઆ કરી અને રબે આપની દુઆથી હરમ બનાવ્યું. કેમ કે આપની દુઆ હરમ બનવાનો સબબ બની એટલા માટે જાણે તેમણે જ હરમ બનાવ્યું. જેથી આ હદીષ અગાઉ વર્ણવેલી હદીષની વિરૂધ્ધ નથી જેમાં ફર્માવવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ ખુદ જ તેને હરમ બનાવ્યું, જ્યારે કે આસ્માન તથા જમીન પેદા કર્યાં. હઝરત ઈબ્રાહીમ عليه السلامના જમાનાથી તેના એ હુકમો લાગુ થયા જે આજે પણ બાકી છે. એટલે અહીંનો શિકાર કરી લેવા પર કિંમતનો ફિદિયો વાજિબ થશે. બાકી આ પવિત્ર સ્થાનનો એહતેરામ એ તો મખ્લૂકની શરૂઆતથી થઈ રહ્યો છે, એટલા માટે એના હરમ બનાવવાની નિસ્બત હઝરત

ખલીલ عليه السلام ની તરફ દુરુસ્ત છે.

૨. એટલે કે મક્કા મોઅઝ્ઝમામાં એહરામ બાંધીને આવવું, વિના એહરામે પ્રવેશ મના હોવો, હઝરત ઈબ્રાહીમ عليه السلام ના જમાનાથી આપની દુઆથી થયું. આ વાક્યએ હરમ બનાવવાનો અર્થ સ્પષ્ટ કરી દીધો.

૩. એટલે આ મદીનાની ભૂમિને ક્યામત સુધી મોહતરમ તથા મોઅઝ્ઝમ (ઈજ્જતવાળી) ઠરાવું છું. હઝરત ખલીલ તથા હબીબના હરમ બનાવવામાં ઘણી રીતે ફરક છે, જેમાંથી **એક** એ છે કે જનાબ ખલીલે એ મક્કાની જમીનને હરમ બનાવી જે અમુક કારણોસર પહેલાં પણ હરમ હતી, અને લોકોથી જે અઝમત એની ગુમ થઈ ગઈ હતી તે જાહેર કરી. પણ હુઝૂરે અન્વર ﷺ એ મદીનાની જમીનને હરમ બનાવી જે પહેલાંથી મોઅઝ્ઝમ ન હતી, બલ્કે લોકો એનાથી ગભરાતા હતા કે એ જગા વબાઓની (બીમારીઓની) હતી, ત્યાં સુધી કે તેનું નામ પણ યષરબ હતું, એટલે બલાઓનું ઘર.

૪. مازم બે પહાડો વચ્ચેના સાંકડા માર્ગને કહે છે જે ક્યાંક બિલ્કુલ ભેગો થઈ જાય તો ક્યાંક પહોળો થઈ જાય. એનાથી મુરાદ મદીનાની આસપાસની જગા છે. *(મિર્કાત)*

૫. يحمل۔۔۔الخ લોહી ન વહાવવાની તફસીર છે, એટલે કે મદીનાની હદોમાં મુસલમાન લડે ઝઘડે નહીં જેનાથી ખૂના મરકી થાય. જો કે દરેક જગાએ હરકત દરેક જગાએ જ બુરી છે પણ મદીનામાં અધિક બુરી છે. કોઈ ઈમામને ત્યાં એનો એ અર્થ નથી કે જો ક્તલને પાત્ર મુજરિમ મદીનાની ભૂમિમાં પનાહ લઈ લે તો તેનાથી ક્સાસ લેવામાં નહીં આવે એ કેવળ મક્કા મોઅઝ્ઝમાની શાન છે કે : مَنْ دَخَلَهٗ كَانَ اٰمِنًا (અને જે એમાં આવે અમાનમાં થાય. સૂ. આલે ઈમરાન, ૩/૯૭)

★ મદીનાના હરમમાં ઝાડ કાપવું દુરુસ્ત : ઈમામે આ'ઝમ ★

૬. આ વાક્ય ઈમામ અબૂ હનીફાની દલીલ છે કે મદીનાના હરમમાં ઝાડ કાપવું દુરૂસ્ત છે કેમ કે અહીં ચારા માટે કાપવાની ઈજાઝત આપી. જો ઝાડ કાપવાં હરામ હોત તો ચારા માટે પણ ન કાપવામાં આવતાં. જેમ કે મક્કા મોઅઝ્ઝમાના હરમમાં છે. રહ્યું ત્યાંના શિકારનું હરામ હોવું, તો ચકલીઓ તથા અન્ય પક્ષીઓનો શિકાર જાઈઝ હોવા સંબંધે લગભગ બધા જ સહમત છે. પક્ષીઓના શિકારને મોટાભાગના તથા જમહૂર સહાબીઓ દુરૂસ્ત માને છે. અમુકે મના કર્યું છે. પણ એ શિકારની પણ કિંમત ખૈરાત કરવી કોઈને ત્યાં વાજિબ નથી. અને ન કોઈ હદીષથી તેનું વાજિબ હોવું સાબિત છે. સારાંશ કે હરમે મક્કા તેહરીમ (હરામ કરવું) છે અને હરમે મદીના એહતેરામ (ઈજ્જત કરવા)ના અર્થમાં છે. મદીના મુનવ્વરાનો એહતેરામ મક્કાથી પણ અધિક છે. યાદ રાખશો કે મદીનાના હરમને મક્કાના હરમ સાથે સરખામણી કરવી અમુક કારણોસર એટલે કે એહતેરામ તથા તાઝીમના લેહાઝથી ન કે સર્વ કારણોસર છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : اِنَّ مَثَلَ عِيْسٰى عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ (ઈસાની કહાવત અલ્લાહની નજીક આદમની જેમ છે. સૂ. આલે ઈમરાન, ૩/૫૯)નો મક્સદ એ છે કે, કેમ કે મદીના મુનવ્વરા દારુલ જરહ છે, અહીં લોકો ખૂબ જ અધિક પ્રમાણમાં હાજર થશે જેથી અહીંથી ઝાડો વગેરે ન કાપો જેથી અહીંની શોભા ન જતી રહે. આજે અન્ય સરકારી જગાઓ પર ફૂલ તોડવું, ઝાડ કાપવું મના હોય છે, કેમ ? શોભા બાકી રાખવા માટે. આ હુકમ પણ એવો જ છે કે ચારા માટે કાપો વિના જરૂરતે ન કાપો.

★ હદીષ : (૬)-૨૭૩૩ ★

وَعَنْ عَامِرِ بْنِ سَعْدٍ: أَنَّ سَعْدًا رَكِبَ إِلَى قَصْرِهِ بِالْعَقِيقِ فَوَجَدَ عَبْدًا يَقْطَعُ شَجَرًا أَوْ يَخْبِطُهُ فَسَلَبَهُ فَلَمَّا رَجَعَ سَعْدٌ جَاءَهُ أَهْلُ الْعَبْدِ فَكَلَّمُوهُ أَنْ يَرُدَّ عَلَى غُلَامِهِمْ أَوْ عَلَيْهِمْ مَا أَخَذَ مِنْ غُلَامِهِمْ فَقَالَ: مَعَاذَ اللَّهِ أَنْ أَرُدَّ شَيْئًا نَفَّلَنِيهِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَبِي أَنْ يرد عَلَيْهِم.

رَوَاهُ مُسلم

''હઝરત આમિર ઈબ્ને સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે કે જનાબ સઅદ પોતાના તંબૂની તરફ સવાર થયા જે અક્રીક્રમાં હતો. તો એક ગુલામને ઝાડ કાપવા અથવા પાંદડાં ઝાડતો જોયો[૧] તો તેનાં કપડાં છીનવી લીધાં. જ્યારે હઝરત સઅદ પરત થયા તો તેમની પાસે ગુલામવાળા લોકો આવ્યા અને અર્ઝ કરી કે તેમના ગુલામને અથવા તેમને એ સામાન પરત કરી આપે જે તેમના ગુલામથી લીધો છે.[૨] તો આપે ફર્માવ્યું, મઆઝલ્લાહ ! કે હું તે ચીજ પરત કરું જે મને રસૂલુલ્લાહ ﷺ એ ગનીમતના રૂપે અતા કરી છે ! અને પરત આપવાની ના પાડી દીધી.[૩]'' (મુસ્લિમ)

૧. અક્રીક્ર મદીના મુનવ્વરાથી એક માઈલના અંતરે એક સ્થળ ઝુલહલીફાના રસ્તામાં છે. કેમ કે એ જગા મદીનાના હરમમાં આવેલી છે એટલા માટે આ બનાવ ઉપસ્થિતિ થયો. રાવીને શક છે કે એ ગુલામ પોતાનાં જાનવરો માટે અથવા તો આપોઆપ ઉગેલાં નાનાં ઝાડ કાપી રહ્યો હતો, અથવા કોઈ મોટા જંગલી ઝાડનાં પાંદડા ઝાડી રહ્યો હતો.

૨. જાણવા મળ્યું કે સર્વ સહાબાનો મઝહબ એ છે કે હરમે મદીનાનાં ઝાડ કાપવા પર અથવા પાંદડા ઝાડવા પર જમાનત નથી. હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ એ જે એ ગુલામનાં કપડાં તથા સામાન છીનવી લીધો એ ક્યાં તો સ્થિતિની આવશ્યકતાઓ અનુસાર છે અથવા તેમણે આ હદીષનો મતલબ સમજ્યો નથી જેમાં સામાન છીનવી લેવાનો હુકમ છે. નહીં તો એ હઝરાત હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસથી સામાન પરત ન માગત, બલ્કે તેમનું સમર્થન કરત કે શરઈ અહકામ પર અમલ જરૂરી છે, એના વિરૂધ્ધ સલાહ આપવી ગુનો છે. આ પરત કરવાની માગણી વિચારણાને પાત્ર છે.

★ ઈમામે આ'ઝમ નજીક હરમે મદીનામાં ઝાડ કાપવું દુરુસ્ત ★

૩. એટલે હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું કે જો તમે કોઈને મદીનાના હરમના ઝાડ અથવા પાંદડાં કાપતાં જુઓ તો ગનીમત રૂપે સામાન છીનવી લો. અને બીજી રિવાયતમાં છે કે આપે ફર્માવ્યું, જો તમે ચાહો તો એ સામાનની કિંમત આપી દઉં પણ સામાન આપીશ નહીં. આ હદીષ સર્વ ઈમામોની નજીક તાવીલ કરવી વાજિબ છે. કોઈનો એના પર અમલ નથી, કેમ કે એવું કાંઈ નથી કહેતું કે ઝાડ કાપનારાનો સામાન, કપડાં વગેરે છીનવી લો. મક્કાના હરમમાં પણ શિકાર અથવા ઝાડની કિંમત ખૈરાત કરવાની હોય છે. કોઈ શિકારીનો સામાન છીનવી નથી શકાતો. જેથી એ જ કરી શકાય છે કે સરકારે આ'લી ﷺ નું એ ફર્માન છે કે એનાં કપડાં છીનવી લો ! સખ્તી દર્શાવવા માટે છે. જેમ કે ફર્માવવામાં આવ્યું કે, જે નમાઝીની આગળથી પસાર થવા લાગે તેની સાથે જંગ કરો. અથવા નોહા કરનારી સ્ત્રીઓના મોંમાં ધૂળ નાખો, અથવા જે કોઈની પ્રશંસા તેની સામે કરે તો તેના મોંમાં ધૂળ નાખી દો. આ હદીષો પોતાના જાહેરી અર્થોમાં નથી. બલ્કે મુરાદ છે સખ્તીપૂર્વક મના કરી દેવું. હઝરત સઅદનો એ ઈજતેહાદી હુકમ છે. કાફિર હર્બીનો માલ ગનીમત હોય છે, ઝિમ્મી કાફિરનો માલ પણ ગનીમત નથી હોતો, તો

મુસલમાનનો કઈ રીતે ગનીમત ગણાય ?! યાદ રાખશો કે ઈમામ માલિક તથા શાફઈને ત્યાં મદીનાનો શિકાર અને ઝાડ કાપવું હરામ છે, પણ તેનો બદલો વાજિબ નથી. અમુક ઈમામોને ત્યાં જઝા એટલે કિંમત ખૈરાત કરવી વાજિબ છે. આપણે ત્યાં ન જઝા છે ન એ કામ હરામ, પણ મકરૂહ છે જેવું કે પહેલાં વર્ણન થઈ ચૂક્યું. હઝરત ઈબ્ને મસ્ઊદ, ઈબ્ને ઉમર, આઈશા સિદ્દીક़ા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ નો એ જ મઝહબ છે. ખુદ નબી ﷺએ મસ્જિદે નબવીના બાંધકામના સમયે ત્યાંની ખજૂરો વગેરે કાપી નાખી. મુશ્રિકોની કબરો ઉખેડી કાઢી અને ત્યાં મસ્જિદ બનાવી દીધી. હઝરત ઈબ્ને મસ્ઊદ અને ઈબ્ને ઝબાલાએ ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺએ હઝરત મુસ્લિમાથી ફર્માવ્યું હતું કે જો તમે અક़ીક़માં શિકાર ખેલો તો અમે તમારી મદદ કરીએ. જેવું કે ઈબ્ને અબી શયબા, તિબ્રાની, મુન્ઝરીએ હસન અસ્નાદ સાથે રિવાયત કરી. તેમજ તિબ્રાનીમાં હઝરત અનસથી મરફુઅન નકલ થયેલ છે કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે ઓહદ પહાડ પર જાવ તો ત્યાંનાં ઝાડ અથવા કાંઈક ઘાસ ખાય લો. અને ખાવું ઉખેડયા કે કાપ્યા વિના અશક્ય છે. જુઓ મિર્ક़ાત વગેરે.

મદીનાપાક પ્યારુ થવા માટે હુઝૂર ﷺની દુઆ

★ હદીષ : (૭)-૨૭૩૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: لَمَّا قَدِمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْمَدِينَةَ وُعِكَ أَبُو بَكْرٍ وَبِلَالٌ فَجِئْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَخْبَرْتُهُ فَقَالَ: «اللَّهُمَّ حَبِّبْ إِلَيْنَا الْمَدِينَةَ كَحُبِّنَا مَكَّةَ أَوْ أَشَدَّ وَصَحِّحْهَا وَبَارِكْ لَنَا فِي صاعها ومدها وانقل حماها فاجعلها بِالْجُحْفَةِ»

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ મદીના તશરીફ લાવ્યા તો હઝરત અબૂબક્ર તથા હઝરત બિલાલને તાવ આવ્યો [૧] હું રસૂલલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થઈ. મેં હુઝૂરે અન્વર ﷺને આ ખબર આપી, તો ફર્માવ્યું, ઈલાહી ! મદીના અમને એવું પ્યારુ કરી દે જેવું કે મક્કા પ્યારુ હતું, અથવા એનાથી પણ વધુ, અને એને તંદુરસ્તી આપનારુ બનાવી છે. અને તેના સાઅ તથા મુદમાં અમને બરકત આપ અને અહીંના તાવને બદલીને જુહફામાં મોકલી આપ.[૨]'' (મુસ્લિમ, બુખારી)

૧. અને એ બંને હઝરાત તાવની સખ્તીમાં મક્કા મુઅઝ્ઝમાને ખૂબ જ યાદ કરતા હતા. જેમ કે હઝરત બિલાલ આ શેઅર પઢયા કરતા હતા : (શેઅર)

الا ليت شعرى هل ابيتن ليلة — بواد وحولى اذخر وجليل

وهل اردن يوما مياه مجنة — وهل تبدون لى شامة والطفيل

તર્જુમો : ''કાશ ! હું મક્કાની વાદીએ (પહાડો વચ્ચે મેદાન) મક્કામાં એક રાત મારી આસપાસ ઉઝખર તથા જલીલ (ખુશબોદાર ઘાસ)ની સાથે પસાર કરી શકું. અને હું એ દિવસની તમન્ના કરું જ્યારે હું મિજાન્નાનું પાણી પીઉં. અને કાશ ! કે શામા અને તુફૈલ (મક્કાના પહાડ) મારી સામે હાજર હોય.''

સારાંશ કે મક્કાની આબોહવા તથા મીઠા પાણીને ત્યાં સુધી કે ત્યાંના ઘાસ તથા પહાડ પણ યાદ આવતા હતા.

૨. હુઝૂરે અન્વર ﷺની આ સર્વ દુઆઓ क़બૂલ થઈ. જેમ કે આજે પણ દરેક મુસલમાનને મક્કા મુકર્રમાની સરખામણીમાં મદીના મુનવ્વરા અધિક પ્યારુ છે. અને **મદીના પાકની આબોહવા ઘણી જ તંદુરસ્તી આપનારી**

છે, ત્યાં સુધી કે ત્યાંની માટી ખાકે શિફા કહેવાય છે, ત્યાંની રોજીમાં બરકત છે. જુહફા હરમૈન તૈયેબૈનની વચ્ચે નાની સરખી વસ્તી છે જ્યાં એ જમાનામાં યહૂદીઓ વસેલા હતા. આજે પણ ત્યાંની આબોહવામાં નર્યો તાવ છે કે જો પક્ષી ત્યાંથી પસાર થઈ જાય તો બીમાર પડી જાય છે. (લમ્આ્ત) આ હદીષ ઈમામ માલિકની દલીલ છે કે મદીના મુનવ્વરા અફઝલ છે.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. નબી કરીમ ﷺ ના ખ્વાબના વિશે જે મદીનાના બારામાં જોયો.[૧] ફર્માવ્યું, મેં એક કાળી વાળો વિખરાયેલી સ્ત્રી જોઈ કે મદીનાથી નીકળી, ત્યાં સુધી કે મહ્યઆ્ જ ઉતરી ગઈ.[૨] અમે એની તાબીર એ કરી કે મદીના મુનવ્વરાની વબા મહ્યઆ્ની તરફ તબદીલ થઈ ગઈ. મહ્યઆ્ એ જુહફાનું નામ છે.[૩]'' (બુખારી)

★ હદીષ : (૮)-૨૭૩૫ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ فِي رُؤْيَا النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْمَدِينَةِ: " رَأَيْتُ امْرَأَةً سَوْدَاءَ ثَائِرَةَ الرَّأْسِ خَرَجَتْ مِنَ الْمَدِينَةِ حَتَّى نَزَلَتْ مَهْيَعَةَ فَتَأَوَّلْتُهَا: أَنَّ وَبَاءَ الْمَدِينَةِ نُقِلَ إِلَى مَهْيَعَةَ وَهِيَ الْجُحْفَةُ ". رَوَاهُ الْبُخَارِيّ

૧. એટલે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ હુઝૂર ﷺ ના ખ્વાબનો એક મોટો બનાવ વર્ણવ્યો જેમાં શબ્દો આ પ્રમાણે પણ છે જે અહીં નક્લ થયા.

૨. مهيعه (મહ્યઆ્)નો અર્થ છે વિશાળ જમીન અથવા ફેલાયેલી વસ્તી. જ્યારે પાણીના પુરોએ એ વસ્તીને બર્બાદ કરી દીધી તો તેનું નામ જુહફા થઈ ગયું, એટલે કપાયેલી જમીન. (મિર્ક્ત) લગભગ આ ખ્વાબ એ દુઆ શરીફ પછી જોયો હશે જે અગાઉ વર્ણન થઈ ચૂકી.

૩. અહીં વબાથી મુરાદ પ્લેગ, હયઝા (એક જીવલેણ ચેપી બીમારી) વગેરે વબાઈ બીમારીઓ નથી બલ્કે આબોહવાની ખરાબીના કારણે આમ બીમારીઓ મુરાદ છે, જેથી આ હદીષ પર એ વાંધો નથી કે જ્યાં વબા હોય ત્યાં જવું મના છે, તો પછી હુઝૂરે અન્વર ﷺ હિજરત કરીને મદીના મુનવ્વરા શા માટે તશરીફ લાવ્યા ? અહીં મિર્ક્તે ફર્માવ્યું કે હવે જુહફાનો એ હાલ છે કે ત્યાં એક સ્થળ ગદીર ખમ્મા છે ત્યાં કોઈ શખ્સ બાલિગ થતા સુધી જીવંત નથી રહેતો, એના પહેલાં જ બીમારીઓનો શિકાર થઈને મૃત્યુ પામે છે, જેથી હવે એ જગા વિરાન છે. એનાથી જાણવા મળ્યું કે જેવી રીતે કાફિરોની ધરતી પર બોંબ વર્ષા કે તીરંદાઝી કરી શકાય છે એવી જ રીતે ત્યાંના માટે બીમારીની બદદુઆ પણ કરી શકાય છે. જેથી હદીષ કે એ વાંધો નથી કે હુઝૂરે અન્વર ﷺ એ પોતાના મદીનાની વબા બીજાઓ પર કેમ બદલી કાઢી.

''હઝરત સુફ્યાન ઈબ્ને અબૂ ઝુહૈરથી ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે નજીકમાં જ યમન ફતહ થશે તો એક ક્રૌમ દોડતી દોડતી ખુશી ખુશી આવશે[૧] અને પોતાનાં બીવી બચ્ચાંઓ અને ખાદિમોને ત્યાંથી લઈ જશે, જ્યારે કે જો તેઓ સમજતા તો મદીના એમના માટે બહતર હતું.[૨] અને શામ ફતહ થશે તો એક ક્રૌમ ખુશી ખુશી દોડતી

★ હદીષ : (૯)-૨૭૩૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ سُفْيَانَ بْنِ أَبِي زُهَيْرٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «يُفْتَحُ الْيَمَنُ فَيَأْتِي قَوْمٌ يُسُّونَ فَيَتَحَمَّلُونَ بِأَهْلِيهِمْ وَمَنْ أَطَاعَهُمْ وَالْمَدِينَةُ خَيْرٌ لَهُمْ لَوْ كَانُوا يَعْلَمُونَ وَيُفْتَحُ الشَّامُ فَيَأْتِي قَوْمٌ يَبُسُّونَ فَيَتَحَمَّلُونَ بِأَهْلِيهِمْ وَمَنْ أَطَاعَهُمْ وَالْمَدِينَةُ

خَيْرٌ لَهُمْ لَوْ كَانُوا يَعْلَمُونَ وَيُفْتَحُ الْعِرَاقُ فَيَأْتِي قَوْمٌ يَبُسُّونَ فَيَتَحَمَّلُونَ بِأَهْلِيهِمْ وَمَنْ أَطَاعَهُمْ وَالْمَدِينَةُ خَيْرٌ لَهُمْ لَوْ كَانُوا يعلمُونَ»

આવશે તો ઘરવાળાઓ અને ખાદીમોને ત્યાંથી લઈ જશે. જ્યારે કે તેમના માટે મદીના બેહતર હતું જો તેઓ જાણતા. અને ઈરાક ફતહ થશે[૩] તો એક કૌમ ખુશી ખુશી દોડતી આવશે. અને પોતાના બાળ બચ્ચાં અને ખાદિમોને લઈ જશે જ્યારે કે મદીના તેમના બેહતર હતું જો જાણતા[૪]." (મુસ્લિમ બુખારી)

૧. يَبُسُّوْنَ بَسًّ થી બન્યું ધીમી ગતિના અર્થમાં. રબ તઆલા ફર્માવે છે : وَّتَسِيْرُ الْجِبَالُ سَيْرًا (અને પહાડ એવા હલકા થઈ જશે જેમ કે ઉન. સૂ. નૂર, ૫૨/૧૦) એટલે કે યમનના ફતહ પછી અમુક મદીનાવાસી ત્યાં જઈને એશ આરામ જોશે તો ધીરા ધીરા ખુશ ખુશ મદીના આવશે અને પોતાનાં બીવી બચ્ચાંને યમન લઈ જશે. મદીના મુનવ્વરામાં વસવાટ છોડીને યમનમાં રહેઠાણ અપનાવી લેશે. અમુક શરહકર્તાઓએ આ વાક્યનો એ અર્થ કર્યો છે કે યમનની ફતહ બાદ અમુક યમની લોકો પોતાનાં બીવી બચ્ચાં મદીના મુનવ્વરા લઈ જશે અને મદીનામાં વસવાટ અપનાવી લેશે. પણ આ અર્થ બરાબર નથી, કેમ કે આગલુ વર્ણન એના પ્રમાણે નથી. الا بالتاويل البعيد *(અઝ : મિર્કાત)*

૨. જાહેર એ છે કે لَوْ તમન્નાનો છે એટલે કે કાશ ! એ ચાલ્યા જનારા લોકો એ જાણી લેત કે અન્ય શહેરો કરતાં મદીના મુનવ્વરા તેમના માટે બેહતર છે કે અહીં હુઝૂર ﷺની નઝદીકી છે, મસ્જિદે નબવી શરીફમાં નમાઝ મયસ્સર છે, આ ભૂમિ વહી ઉતરવાની જગા છે, અહીં દીન તથા દુનિયાની ભલાઈઓ છે.

૩. યાદ રાખશો કે ઈરાક સિદ્દીકી યુગમાં ફતહ થયું અને શામ (સીરિયા) ફારૂકી ખિલાફતમાં. જેથી અહીં વર્ણનનો ક્રમ બનાવના ક્રમના પ્રમાણે નથી.

★ સર્વ દેશો કરતાં મદીના અફઝલ ★

૪. આ હદીષથી જાણવા મળ્યું કે **યમન, શામ, ઈરાક સારાંશ કે સર્વ દેશોથી મદીના મુનવ્વરા બેહતર તથા અફઝલ છે. ભલે શામ (સીરિયા)માં હજારો અંબિયાએ કિરામ કરી રહ્યા છે, પણ મદીના જ અફઝલ છે કે સર્વ તારાઓ શામ (સીરિયા)માં છે અને સૂરજ મદીનામાં.** ઈમામ માલિક رحمۃ اللہ علیہ આ શબ્દોનો અર્થ એ કરે છે કે સર્વ જગાએથી બેહતર મદીના છે, એમાં મક્કા મોઅઝ્ઝમા પણ સામેલ છે. એના કારણે તે ફર્માવે છે કે મક્કા મોઅઝ્ઝમા કરતાં મદીના મુનવ્વરા અફઝલ છે. (મિર્કાત) યાદ રાખશો કે સર્વ ઈમામોને ત્યાં મદીનામાં રહેવું મક્કામાં રહેવા કરતાં પણ અફઝલ છે. કોઈ હદીષમાં મક્કા મોઅઝ્ઝમામાં રહેવા માટે આટલુ જોર નથી આપવામાં આવ્યું જેટલુ જોર મદીના પાકમાં રહેવા માટે આપવામાં આવ્યું છે. મક્કા મોઅઝ્ઝમાનું અફઝલ હોવું અલગ છે અને ત્યાં રહેવા સહેવાનું અફઝલ હોવું કાંઈ ઔર છે. અમે એના વિશે પ્રથમ વર્ણવી ચૂક્યા છીએ કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ તાઈફ શરીફમાં વસવાટ અપનાવ્યો. (શેઅર)

મેરા દિલઝાર મદીને મેં હૈ, મૈં હૂં યહાં યાર મદીનામેં
ખુલ્દકા મુખ્તાર મદીને મેં હૈ, દીદકા બાઝાર મદીનામેં

★ હદીષ : (૧૦)-૨૭૩૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " أُمِرْتُ بِقَرْيَةٍ تَأْكُلُ الْقُرَى. يَقُولُونَ: يَثْرِبَ وَهِيَ الْمَدِينَةُ تَنْفِي النَّاسَ كَمَا يَنْفِي الْكِيرُ خَبَثَ الْحَدِيدِ "

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે મને એવી વસ્તીનો હુકમ આપ્યો જે સર્વ વસ્તીઓને ખાય જશે[૧] એને યષરબ કહેશે જ્યારે કે તે મદીના છે[૨] લોકોને એવી રીતે સાફ કરી દેશે જેવી રીતે ભઠ્ઠી લોખંડના મેલને.[૩]" (મુસ્લિમ, બુખારી)

૧. લગભગ આ ઈર્શાદે ગિરામી હિજરતથી પહેલાં થયો કે અને હિજરત બાદનું આ ફર્માન હોય. એટલે મને રબ તઆલાએ આ મદીનાની વસ્તીમાં રહેવાનો હુકમ આપ્યો છે. ખાય જવાનો મતલબ એ છે કે અહીંના લોકો સર્વ દેશોને ફતહ કરશે અને તેમના માલ તથા ખજાના મદીનામાં પહોંચી જશે. જેથી એવું જ થયું કે શામ (સીરિયા), ફારસ (ઈરાન) અને રોમના ખજાના મદીના પહોંચ્યા. અથવા અહીંના રહેવાસીઓ અથવા અહીંના રહેવાસીઓ પહેલાં પણ બીજાઓ પર ગાલિબ આવતા રહ્યા છે. જેમ કે પહેલાં મદીના મુનવ્વરામાં ક़ૌમે અમાલિક़ા રહી તો તે ઘણા દેશો પર ગાલિબ આવી ગઈ. પછી અહીં યહૂદી આબાદ થયા તો તેઆ અમાલિક़ા પર સવાર થઈ ગયા, પછી મુહાજિરીન મો'મિન રહ્યા તો સર્વ પૃથ્વીના પર ગાલિબ આવી ગયા.

★ જે મદીનાને યષરબ કહે તે તૌબા કરે ★

૨. મદીના મુનવ્વરાનાં નામો સો કરતાં પણ અધિક છે : તયબહ, ત़ાહ़ા, બત્હા, મદીના, અબ્ત़ખ વગેરે. હિજરતથી પહેલાં લોકો એને યષરબ કહેતા હતા, ક્યાં તો એટલા માટે કે અહીં ક़ૌમ અમાલિક़ાનો જે પ્રથમ માણસ આવ્યો તેનું નામ યષરબ હતું અથવા એ શબ્દ ષરબથી નીકળ્યો છે, ધમકાવવુ, સજા, મુસીબત તથા વબાના અર્થમાં. રબ તઆલા ફર્માવે છે : لَا تَثْرِيبَ عَلَيْكُمُ الْيَوْمَ (આજે તમારા પર કોઈ મલામત (ફિટકાર) નથી. સૂ. યૂસુફ, ૧૨/૯૨) હવે એને યષરબ કહેવું સખત મના છે. કુર્આને કરીમમાં જે એને યષરબ કહેવામાં આવ્યું : يَا أَهْلَ يَثْرِبَ لَا مُقَامَ لَكُمْ (હે મદીનાવાળાઓ ! અહીં તમારે રોકાવાની જગા નથી. સૂ. અરઝાબ, ૩૩/૧૩) તે મુનાફિક़ોનું કથન છે. ઈમામ અહમદ ફર્માવે છે કે **જે મદીના મુનવ્વરાને યષરબ કહે તે તૌબા કરે.** બુખારીએ પોતાની તારીખમાં ફર્માવ્યું કે **જે એકવાર એને યષરબ કહે તે કફ્ફારા પેટે દસવાર તેને મદીના કહે.** મદીનાનો અર્થ છે ઈજતેમા (ભેગા થવા)ની જગા. مدن થી નીકળેલ છે ઈજતેમાના અર્થમાં, એનાથી તમદુન તથા મદીનત. શહેરને મદીના એટલા માટે કહે છે કે ત્યાં દરેક પ્રકારનો લોકોના ઈજતેમા થાય છે. કોઈ શાયરે મદીનાનો અજબનો વર્ણવ્યો :

મોઅજિઝા શક્કુલ ક़મરકા હૈ મદીનાસે અયાં – મદને શક કર લિયા હૈ દીનકો આગોશમેં

★ મદીનામાં દફ્ન થનાર ખબીષને ત્યાંથી બીજે તબદીલ કરાય છે ★

૩. આ મદીનાની જમીનની તાષીર છે કે તેણે ત્યાંથી મુશ્રિકો તથા કાફિરોને ક્યાં તો મો'મિન બનાવી દીધા અથવા તો ત્યાંથી કાઢી નાખ્યા. જેમ કે અવસ તથા ખઝરજ તો મોમિન થઈ ગયા, બની કુરૈઝા હલાક (બર્બાદ) થઈ ગયા અને બની નઝીરને ત્યાંથી તડીપાર કરી દેવામાં આવ્યા. સૂફીઓ ફર્માવે છે કે **જો કોઈ ખબીષ ત્યાં મરીને**

દફન પણ થઈ જાય તો ફરિશ્તા ત્યાંથી તેની લાશને કોઈ બીજી જગાએ તબદીલ કરી દે છે, અને જો કોઈ ત્યાંનો આશિક઼ બીજી જગાએ દફન થઈ જાય તો તેની લાશને મદીના મુનવ્વરા પહોંચાડી આપે છે સારાંશ એ કે મદીનાની જમીન પણ ભટ્ઠી છે.

''હઝરત જાબિર ઈબ્ને સમુરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફમાવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ તઆલાએ મદીનાનું નામ ''ત़ાબા'' રાખ્યું છે.[૧]'' (મુસ્લિમ)

★ હદીષ : (૧૧)-૨૭૩૮ ★

وَعَنْ جَابِرِ بْنِ سَمُرَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّ اللهَ سمى الْمَدِينَة طابة» . رَوَاهُ مُسلم

★ મદીનાની જમીનમાં ખાસ મહેક છે ★

૧. એટલે લોહે મેહફૂઝમાં મદીના મુનવ્વરાનું નામ ત़ાબા, તયબહ છે, અથવા રબ તઆલાએ પોતાના નબી ﷺ ને હુકમ આપ્યો કે તેનું નામ ''ત़ાબા'' રાખે. એનો અર્થ છે પાક તથા સાફ઼ અને ખુશબોદાર જગા. એને રબ તઆલાએ કુફ઼ તથા શિર્કથી પાક કર્યું. અહીંના રહેવાસીઓને બદ અખ્લાક઼ી વગેરેથી સાફ઼ કર્યા. જેવું કે આજે પણ અનુભવ છે કે મદીના મુનવ્વરાના રહેવાસીઓ અખ્લાક઼ તથા આદતો અને સ્વભાવની નરમીમાં ખૂબ જ ઉચ્ચ છે. તેમજ મદીનાની જમીન બલ્કે દરો દીવારમાં એક ખાસ મહેક છે. ત્યાનો કચરો પૂંજો ભલે ગલી કૂચાઓમાં જમા રહે પણ બદબૂ નથી આપતો. ત્યાંની માટીમાં કુદરતી ખૂશ્બુ છે પણ મેહસૂસ તેને થાય જેના દિમાગમાં કુફ઼ તથા નિફ઼ાક઼ની શરદી સરેખમ ન હોય.

''હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક બદવી (ગામડાવાસી)એ રસૂલુલ્લાહ ﷺ થી બયઅત કરી[૧] પછી તેને મદીના મુનવ્વરામાં તાવ આવી ગયો.[૨] તો તે નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, હે મુહમ્મદ ! ﷺ મારી બયઅ़ત તોડી નાખો[૩] રસૂલુલ્લાહ ﷺ એ ના પાડી[૪] તે ફરી હાજર થયો, બોલ્યો મારી બયઅ़ત તોડી નાખો.[૫] હુઝૂર ﷺ એ ના પાડી. તે ફરી આવ્યો. બોલ્યો, મારી બયઅ़ત તોડી નાખો. હુઝૂરે ના પાડી. તે બદવી છેવટે ચાલ્યો ગયો.[૬] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે મદીના ભટ્ઠીની જેમ છે જે લોખંડના મેલને દૂર કરી દે છે અને સારાને ખાલિસ (તદ્દન શુદ્ધ) કરી દે છે.[૭]'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૨)-૨૭૩૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ جَابِرِ بْنِ عَبْدِ اللَّهِ: أَنَّ أَعْرَابِيًّا بَايَعَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَصَابَ الْأَعْرَابِيَّ وَعَكٌ بِالْمَدِينَةِ فَأَتَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا مُحَمَّدُ أَقِلْنِي بَيْعَتِي فَأَبَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ جَاءَهُ فَقَالَ: أَقِلْنِي بَيْعَتِي فَأَبَى ثُمَّ جَاءَهُ فَقَالَ: أَقِلْنِي بَيْعَتِي فَأَبَى فَخَرَجَ الْأَعْرَابِيُّ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّمَا الْمَدِينَةُ كَالْكِيرِ تَنْفِي خبثها وتنصع طيبها»

૧. એટલે કે એક ગામડાવાસી (બદવી) માણસ ઈમાન લાવ્યો પછી તેણે હિજરત માટે હુઝૂરે અન્વર ﷺ થી બયઅત કરી કે હું મારા વતનમાં જે દારુલ કુફ઼ છે રહેઠાણ ન રાખીશ, બલ્કે મદીના મુનવ્વરા આપના ક઼દમોમાં આવીને રહીશ.

૨. તે મૂર્ખ સમજયો કે મદીનાની આબોહવા મને માફક નથી અને એ બયઅ્ત મને રાસ ન આવી જેનાથી હું બીમાર થઈ ગયો. એટલા માટે તેણે આગળની વાત કરી.

૩. અને મને ઈજાઝત આપો કે ઈસ્લામથી ફરી જઉં, અથવા મારી હિજરત તોડીને મારા વતન ચાલ્યો જઉં.

૪. કેમ કે પ્રથમ સ્થિતિમાં તો તેને બયઅ્ત તોડીને ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવા)ની ઈજાઝત આપવું લાઝિમ થશે અને બીજી સ્થિતિમાં મુહાજિરને હિજરત ખત્મ કરી દેવાની ઈજાઝત થશે. પ્રથમ સ્થિતિ કુફ્ર છે, બીજી હરામ. ફતહે મક્કા પછી પણ હુઝૂરે અન્વર ﷺએ કોઈ મુહાજિરને મક્કા મોઅઝ્ઝમા વસવાની ઈજાઝત તો શું બલ્કે ત્યાં ત્રણ દિવસથી અધિક રહેવાની ઈજાઝત ન આપી.

૫. તે એવું સમજયો હતો કે જેવી રીતે સોદો, નિકાહ અમુક સ્થિતિઓમાં તૂટી જાય છે, એવી જ રીતે ઈસ્લામની બયઅ્ત અથવા હિજરતની બયઅ્ત પણ તૂટી શકે છે, એટલા માટે વારંવાર એવું કહેતો રહ્યો. જાહેર એ છે કે તે મુર્તદ થવાનું ચાહતો ન હતો બલ્કે હિજરત છોડવા ચાહતો હતો, નહીં તો વાજિબુલ કત્લ કરત, કેમ કે કુફ્ર તથા ઈર્તેદાદનો ઈરાદો કરી લેવો પણ કુફ્ર છે.

૬. એટલે કે વિના ઈજાઝતે મદીના મુનવ્વરાથી નીકળી ગયો. એનાથી જાણવા મળે છે કે અત્યારે એનો ઈરાદો ઈસ્લામ છોડવાનો ન હતો પણ હિજરત છોડવાનો હતો, તેની એ ઈજાઝત માગતો હતો.

૭. આ ફર્માને આ્લીથી જાણવા મળ્યું કે મદીનાની જમીનમાં ખોટા લોકોને કાઢવાની અને ખરા લોકોને ચૂંટી લેવાની તાષીર પહેલેથી જ છે અને છેવટ સુધી રહેશે, કેવળ ક્યામત નજીક (આ તાષીર) ન હશે. જે મુનાફિક્રો તથા યહૂદીઓ ત્યાં જ મરીને દફન થઈ ગયા તેમની લાશો ત્યાંથી કાઢી નાખવામાં આવી. સારાંશ **મદીનાની જમીન કોઈ ખબીષને તેની જિંદગીમાં જ કાઢી નાખે છે તો કોઈને મૃત્યુ બાદ.** જેથી હદીષ પર કોઈ વાંધો નથી. હા ! ક્યામત નજીક આ ચૂંટી કાઢવાની ખાસ અસર જાહેર થશે જેને દરેક શખ્સ પોતાની આંખો વડે જોઈ લેશે. જેથી આ હદીષ આગલી આવનારી હદીષની વિરૂધ્ધ નથી.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ક્યામત ક્વાયમ ન થશે ત્યાં સુધી કે મદીના મુનવ્વરા બુરા લોકોને એ રીતે કાઢી નાખશે જેવી રીતે ભઠ્ઠી લોખંડનો કાટ કાઢી નાખે છે[૧]" (મુસ્લિમ)

★ હદીષ : (૧૩)-૨૭૪૦ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَقُومُ السَّاعَةُ حَتَّى تَنْفِيَ الْمَدِينَةُ شِرَارَهَا كَمَا يَنْفِي الْكِيرُ خَبَثَ الْحَدِيدِ» . رَوَاهُ مُسلم

૧ : જાહેર એ છે કે એનાથી મુરાદ દજ્જાલના જાહેર થવાના સમયનો બનાવ છે. **દજ્જાલ તો મદીના મુનવ્વરામાં પ્રવેશી શકશે નહીં, પણ મદીના પાકમાં ધરતીકંપ જેવું થશે જેનાથી મુનાફિક્રો ત્યાંથી ભાગી છૂટશે, અને દજ્જાલની જાળમાં ફસાય જશે. મુખ્લિસો નીકળશે નહીં.** આ થઈ મદીના પાકની છટણી. બની શકે છે કે એનાથી હુઝૂરે અન્વર ﷺનો જમાનો જ મુરાદ હોય કેમ કે હુઝૂર ﷺનું આગમન પણ ક્યામતની નિશાની છે. એટલે કે હવે ક્યામત નજીક આવી ગઈ જેથી મદીના મુનવ્વરાની એ તાષીર જાહેર થવા લાગી. (મિર્ક્વાત) પણ પ્રથમ અર્થ અધિક સ્પષ્ટ છે. شرار થી મુરાદ મુનાફિક્રો તથા મદીનાના અયોગ્ય લોકો છે.

★ હદીષ : (૧૪)-૨૭૪૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «عَلَى أَنْقَابِ الْمَدِينَةِ مَلَائِكَةٌ لَا يَدْخُلُهَا الطَّاعُونُ وَلَا الدَّجَّالُ»

''એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મદીના મુનવ્વરાના રસ્તાઓ પર ફરિશ્તા છે. અહીં ન તાઊન (પ્લેગ) આવી શકે છે ન દજ્જાલ.[૧]'' (મુસ્લિમ, બુખારી)

૧ : أنقاب نقب નું બહુવચન છે. પહાડની ઘાટી અથવા બે પહાડોની વચ્ચેના માર્ગને نقب (નક્બ) કહે છે. અહીં મુત્લક્ન રસ્તો મુરાદ છે. **મદીના મુનવ્વરા પર ફરિશ્તાઓનો આ પહેરો કાયમી છે કે તેના સર્વ રસ્તાઓ પર એવા ફરિશ્તા પહેરો આપી રહ્યા છે જેમના કારણે તે જિન્નાત મદીના પાકમાં નથી આવી શકતા જેમની અસરથી પ્લેગ ફેલાય છે. આજ સુધી ત્યાં પ્લેગ નથી ફેલાયો, અને ઈન્ શા અલ્લાહ ! ફેલાશે પણ નહીં. દજ્જાલ પણ ત્યાં પહોંચી શકશે નહીં.** પેદાવારવાળા પ્રદેશોમાં દુકાળ પડતા રહે છે, લોકો ભૂખથી મરતા રહે છે, પણ આજ સુધી હરમૈન શરીફૈનમાં દુકાળ નથી સાંભળવામાં આવ્યો, ન લોકો ત્યાં ભૂખથી મૃત્યુ પામ્યા, જો કે ત્યાં પેદાવાર કોઈ નથી ! એ ઉઘાડો મો'જિઝો છે. યાદ રાખશો કે **મદીના શહેરની હિફાઝત માટે અન્ય પ્રકારના ફરિશ્તા નિયુક્ત છે અને રોઝએ અત્હર પર સલામ અર્ઝ કરવા માટે સિત્તેર હજાર અન્ય ફરિશ્તા નિયુક્ત છે, જેમની દિવસ રાત બદલી થતી રહે છે.**

★ હદીષ : (૧૫)-૨૭૪૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَيْسَ مِنْ بلدٍ إلا سَيَطَؤُهُ الدَّجَّالُ إِلَّا مَكَّةَ وَالْمَدِينَةَ لَيْسَ نَقْبٌ مِنْ أَنقَابِهَا إِلَّا عَلَيْهِ الْمَلَائِكَةُ صَافِّينَ يَحْرُسُونَهَا فَيَنْزِلُ السَّبِخَةَ فَتَرْجُفُ الْمَدِينَةُ بِأَهْلِهَا ثَلَاثَ رَجَفَاتٍ فَيَخْرُجُ إِلَيْهِ كُلُّ كَافِرٍ وَمُنَافِقٍ»

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એવું કોઈ શહેર નથી જેને દજ્જાલ કચડી ન કાઢે સિવાય મક્કા મુકર્રમા તથા મદીના મુનવ્વરાના[૧] એના રસ્તાઓમાંથી એવો કોઈ રસ્તો નથી જેમાં સફબંધી ફરિશ્તા ન હોય જેઓ તેની રક્ષા કરે છે[૨] જેમ કે તે ખારી જમીનમાં ઉતરશે પછી મદીના પોતાના રહેવાસીઓ પર ત્રણવાર કાંપશે[૩] તો દજ્જાલની તરફ દરેક કાફિર તથા મુનાફિક્ નીકળી જશે.[૪]'' (મુસ્લિમ, બુખારી)

★ દજ્જાલ મક્કા મદીનામાં પ્રવેશી શકશે નહીં ★

૧ : એટલે કે દજ્જાલ દુનિયાના સર્વ શહેરો, ગામોમાં પહોંચીને ફસાદ (હંગામો) ફેલાવી દેશે પણ હરમૈન તૈયેબૈન (મક્કા શરીફ, મદીના શરીફ)માં પ્રવેશી શકશે નહીં, અને અહીં પહોંચીને ફસાદ ફેલાવી શકશે નહીં. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે **મુસ્તફા ﷺના શરીર મુબારકના કારણે મદીના મુનવ્વરા દજ્જાલથી મેહફૂઝ રહેશે તો જે દિલ પર હુઝૂરે અન્વર ﷺની નિગાહે કરમ થઈ જાય તે પણ યક્ીનન ! શૈતાનથી મેહફૂઝ થઈ જાય છે.**

૨. દજ્જાલ મદીના મુનવ્વરામાં દાખલ થવા ચાહશે પણ તે ફરિશ્તાઓને જોઈને ન વધી શકશે, જેવી રીતે શૈતાન ફરિશ્તાઓને જોઈ લે છે એ જ પ્રમાણે તે પણ જોઈ લેશે.

૩. سبخه શૂરિસ્તાન ખારી જમીનને કહે છે. અને મદીના મુનવ્વરાથી નજીક એક જગાનું નામ છે. بأهلها માં

ب ક્યાં તો سببيه ની છે અથવા صله ની પહેલી સ્થિતિમાં "અહલ"થી મુરાદ ત્યાંના મુનાફિક્ તથા કાફિર રહેવાસીઓ છે. બીજી સ્થિતિમાં સર્વ મદીનાવાસીઓ મુરાદ છે. એટલે કે મદીનાની જમીન ત્યાંના બેદીન રહેવાસીઓના કારણે અથવા સર્વ રહેવાસીઓ પર ત્રણવાર કાંપશે એટલે કે ધરતીકંપ આવશે જેથી બેદીનો નીકળીને દજ્જાલની પાસે પહોંચી જશે અને મુખ્લિસો અહીં રહી જશે. મુખ્લિસો કોઈ મુસીબતમાં પણ મદીના પાક નથી છોડતા. આ ધરતીકંપો ખરા ખોટાની છટણી કરવા માટે થશે. તેનાથી ત્યાંનાં મકાનો પડશે નહીં, કેવળ માણસોને ઝટકા મેહસૂસ થશે, એટલા માટે باهلها ફર્માવ્યું.

૪. જાણવા મળ્યું કે આ જમાનામાં મદીના પાકમાં કાફિરો હશે, છુપા કે ખુલ્લા અથવા તે લોકો જેઓ ઈસ્લામનો દાવો કરશે પણ હશે કાફિર મુશ્રિક ન હશે, જેથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી કે અરબ દ્વિપમાં શૈતાનની ઈબાદત નથી થઈ શકતી.

"હઝરત સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કોઈ શખ્સ મદીનાવાળાઓથી ધોકો ન કરશે, પણ તે એવો ઓગળી જશે જેવી રીતે પાણીમાં મીઠુ ઓગળી જાય છે.[૧]"

(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૬)-૨૭૪૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ سَعْدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَكِيدُ أَهْلَ الْمَدِينَةِ أَحَدٌ إِلَّا انْمَاعَ كَمَا يَنْمَاعُ الْمِلْحُ فِي الْمَاءِ»

૧. આ તદ્દન સહીહ તથા અજમાવાયેલુ છે કે જેણે મદીનાવાસીઓને સતાવ્યા તેણે ચૈન ન પામ્યું. યઝીદ પલીદ હેરાના બનાવ પછી 'દક્' (ફેફસાની બીમારી) તથા 'સલ' (ફેફસામાં ઝખ્મ થવાની બીમારી)માં સપડાયને મરી ગયો. હજ્જાજ ઈબ્ને યૂસુફ બુરી હાલતમાં મૃત્યુ પામ્યો.

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ જ્યારે સફરથી આવતા અને મદીના પાકની દીવાલોને જોતા તો પોતાની સવારીને તેજ કરી દેતા. જો ઘોડા પર હોતા તો તેને એડી લગાડતા, તેની મહોબ્બતના કારણે.[૧]" (બુખારી)

★ હદીષ : (૧૭)-૨૭૪૪ ★

وَعَنْ أَنَسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا قَدِمَ مِنْ سَفَرٍ فَنَظَرَ إِلَى جُدُرَاتِ الْمَدِينَةِ أَوْضَعَ رَاحِلَتَهُ وَإِنْ كَانَ عَلَى دَابَّةٍ حركها من حبها. رَوَاهُ الْبُخَارِيّ

૧. એટલે હુઝૂરે અન્વર ﷺ ને મદીના પાક એટલુ પ્યારુ હતું કે દરેક સફરથી પરત થવામાં આમ તો સામાન્ય ગતિએ જાનવર ચલાવતા હતા પણ મદીના પાકને જોતાં જ ત્યાં જલ્દી પહોંચી જવા માટે સવારી તેજ કરી આપતા હતા. એ જ મહોબ્બતની અસર છે કે મુસલમાન મદીના પર દિલો જાનથી ફિદા છે, કેમ કે એ મહબૂબનું મહબૂબ (શહેર) છે. આ મુક્દ્દસ શહેરની સેંકડો તારીખો (ઈતિહાસ) લખવામાં આવી અને ગદ્ય પદ્યમાં તેની હજારો મન્કબતો (પ્રશંસા કાવ્યો) લખવામાં આવેલ છે.

હુઝૂર ﷺ ને ઓહદ પહાડ મહોબ્બત કરે છે અને હુઝૂર પણ તેનાથી

"એમનાથી જ રિવાયત છે કે નબી કરીમ ﷺ ના સમક્ષ ઓહદ ચમકયો[૧] તો ફર્માવ્યું, આ

★ હદીષ : (૧૮)-૨૭૪૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ طَلَعَ لَهُ أُحُدٌ فَقَالَ:

«هَذَا جَبَلٌ يُحِبُّنَا وَنُحِبُّهُ اللَّهُمَّ إِنَّ إِبْرَاهِيمَ حَرَّمَ مَكَّةَ وَإِنِّي أحرم مَا بَين لابتيها»	*પહાડ અમારી સાથે મહોબ્બત કરે છે અને હું તેનાથી મહોબ્બત કરું છું.[૨] યકીનન ! ઈબ્રાહીમ عليه السلام એ મક્કા મોઅઝ્ઝમાને હરમ બનાવ્યું અને હું મદીનાના ખૂણાઓ વચ્ચેનાને હરમ બનાવું છું.[૩]''* *(તિર્મિઝી, બુખારી)*

૧. ક્યાં તો સરકારે આલી ﷺ સફરથી પરત થઈ રહ્યા હતા કે ઓહદ દેખાયો અથવા મદીના મુનવ્વરામાં જ એકવાર ઓહદ પર નજર પડી અને આવુ ફર્માવ્યું. ઓહદ શરીફ મદીના પાકથી પૂર્વ બાજુ લગભગ ત્રણ માઈલ દૂર એક પહાડ છે. મદીના મુનવ્વરા ખાસ કરીને જન્નતુલ બકીઅથી સાફ દેખાય છે. ત્યાં ઓહદના શહીદો ખાસ કરીને સૈયદુશ્શોહદા અમીર હમ્ઝાનાં મઝારો છે. મુલાકાતીઓ ટોળે ને ટોળે પહાડની ઝિયારત કરે છે. મેં હાજીઓને એ પહાડથી લપેટાઈને રડતા અને ત્યાંના પથ્થરોને ચૂમતા જોયા છે. દરેક મો'મિનના દિલમાં કુદરતી તૌર પર એની મહોબ્બત છે.

★ ઓહદ પર કદમ રાખતાં વજ્દ કરવા લાગ્યો ★

૨. અમુક જાહેરી દષ્ટિવાળા શરહકર્તાઓએ કહ્યું કે એનાથી ઓહદના રહેવાસીઓની મહોબ્બત મુરાદ છે. પણ હક્ક એ છે કે ખુદ પહાડ જ હુઝૂર ﷺથી મહોબ્બત કરે છે. લાકડીઓ, પથ્થરોમાં એહસાસ પણ છે અને મહોબ્બત તથા અદાવતનો માદ્દો પણ છે. હુઝૂર ﷺના વિરહમાં ઊંટ પણ રડયાં અને લાકડીઓએ પણ રૂદન ફરિયાદ કરી છે. (લમ્આત, મિર્કાત, મોહયુસ્સુન્નહ) જેથી હક્ક એ છે કે ખુદ હુઝૂરે અન્વર ﷺ ઓહદ પહાડથી, એ વિસ્તારથી, ત્યાંના પથ્થરોથી મહોબ્બત કરે છે. અને એ સર્વ ચીજો એવી જ રીતે હુઝૂર ﷺને મહોબ્બત કરે છે. હદીષોથી સાબિત છે કે હુઝૂરે અન્વર ﷺ ઓહદ પર ચઢયા તો ઓહદને વજ્દ આવી ગયો અને તે ઝુમવા લાગ્યો.

૩. એટલે કે ઈબ્રાહીમ عليه السلام એ મક્કા મોઅઝ્ઝમાની હદોને પોતાની દુઆથી હરમ બનાવ્યું અથવા તેની હુર્મતને જાહેર કરી, નહીં તો એ હરમ તો ખુદા તઆલાના હુકમથી છે અને પહેલેથી જ છે. અને **હું મદીનાની હદોને મારા અખત્યાર તથા ખુદાની અતાથી હરમ બનાવું છું.** એનાથી પહેલાં મદીના હરમ ન હતું. **એની હુર્મત કુર્આને પાકમાં વર્ણન થયેલી છે. મદીનાને હરમ બનાવવાનો અર્થ એ જ છે જે પહેલાં વર્ણવવામાં આવેલ છે કે આ મુકદ્દસ સ્થળની તાઝીમ તથા તૌકીર વાજિબ છે.** તેને ઉજ્જડ કરવાની, વેરાન કરવાની કોશિશ કરવી હરામ છે, અહીં શિકાર વગેરે મકરૂહ છે.

★ હદીષ : (૧૯)-૨૭૪૬ ★	
وَعَنْ سَهْلِ بْنِ سَعْدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أُحُدٌ جَبَلٌ يُحِبُّنَا ونحبُّه» . رَوَاهُ الْبُخَارِيّ	*''હઝરત સહલ ઈબ્ને સઅદ رضي الله عنه થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* ***ઓહદ તે પહાડ છે જે મારાથી મહોબ્બત કરે છે અને હું તેનાથી મહોબ્બત કરું છું.[૧]''*** *(બુખારી)*

★ હુઝૂર ﷺની આશિકી વિશે અજીબ વાતો ★

૧. આ હદીષથી અમુક **ઈમાન અફરોઝ મસાઈલ** સાબિત થયા : **એક** એ કે તમામ હસીન કેવળ ઈન્સાનોના મહબૂબ બન્યા. હુઝૂરે અન્વર ﷺ ઈન્સાન, જિન, લાકડી, પથ્થર, જાનવરોના પણ મેહબૂબ છે. એટલે કે ખુદાઈના

મહબૂબ છે, કેમ કે ખુદાના મહબૂબ છે.

બીજુ એ કે અન્ય મહબૂબોને હજારોએ જોયા પણ આશિક એક બે હોય, હુઝૂરે અન્વર ﷺની મહબૂબિયતનો આલમ એ છે કે આજે એમને જોનાર કોઈ નથી અને આશિક કરોડો છે. (શેઅર)

હુસ્ને યૂસુફ પે કટી મિસ્રમેં અંગુશતે ઝનાં – સર કટાતે હૈં તેરે નામ પે મર્દાને અરબ

ત્રીજુ એ કે **હુઝૂરે અન્વરને પથ્થરના દિલનો હાલ માલૂમ છે કે કયા પથ્થરના દિલમાં મારાથી કેટલી મહોબ્બત છે, તો આપણા દિલોનું ઈમાન, ઈર્ફાન, મહોબ્બત તથા અદાવત વગેરે પણ યકીનન માલૂમ છે. આ છે ઈલ્મે ગયબે રસૂલ !**

ચોથુ એ કે હુઝૂરે અન્વર ﷺને પોતાનો ઈશ્કો મહોબ્બત જતાવવા કે પ્રદર્શિત કરવાની જરૂરત નથી, તેમને આપણી હાલતો ખુદ જ માલૂમ છે. ઓહદે મોંઢેથી નથી કહ્યું કે હું તમારાથી મહોબ્બત કરું છું અથવા આપને ચાહનારો છું.

પાંચમુ એ કે **જે માણસના દિલમાં હુઝૂર ﷺની મહોબ્બત ન હોય તે પથ્થર કરતાં પણ સખત છે.** અલ્લાહ તઆલા હુઝૂર ﷺની મહોબ્બત નસીબ કરે. **છઠ્ઠુ** એ કે હુઝૂર ﷺની મહોબ્બત તેમની મહબૂબિયતનો ઝરીયો છે, જે ચાહે છે કે હુઝૂર તેની સાથે મહોબ્બત કરે, તો તેણે જોઈએ કે તે હુઝૂરે અન્વર ﷺથી મહોબ્બત કરે. જુઓ અહીં ફર્માવ્યું કે હું પણ ઓહદથી મહોબ્બત કરું છું. **સાતમુ** એ કે જે હુઝૂરે અન્વર ﷺનો મહબૂબ બની ગયો તે સર્વ આલમનો પ્યારો થઈ ગયો. જુઓ આજે ઓહદ પહાડ દરેક મોમિનની આંખોનો તારો છે. એ જ પ્રમાણે આજે તે હઝરાત પણ હુઝૂરે અન્વર ﷺના ચાહનારા બની ગયા, લોકોના મહબૂબ બની ગયા, તેમનાં આસ્તાનાં લોકોના શરણસ્થાન બની ગયાં. જુઓ, હઝરત ખ્વાજા અજમેરી, હુઝૂર ગૌષ પાક, હઝરત દાતા ગંજ બખ્શ رحمۃ اللہ علیہم اجمعین ના આસ્તાનાઓની રોનકો ! એ જ મહબૂબિયતની જલ્વાગરી છે. આ'લા હઝરત ફર્માવે છે :

ઉન્કે દરકા જો હુવા ખલ્કે ખુદા ઉસ્કી હૂઈ–ઉન્કે દરસે જો ફિરા અલ્લાહ હીસે ફિર ગયા
મોમિન ઉન્કા ક્યા હુવા અલ્લાહ ઉસકા હો ગયા–કાફિર ઉનસે ક્યા ફિરા અલ્લાહ હી સે ફિર ગયા

(વિભાગ : ૨) الفصل الثانی

હુઝૂર ﷺએ મદીનાને હરમ બનાવ્યું

★ **હદીષ : (૨૦)-૨૭૪૭** ★

عَنْ سُلَيْمَانَ بْنِ أَبِي عَبْدِ اللَّهِ قَالَ: رَأَيْتُ سَعْدَ بْنَ أَبِي وَقَّاصٍ أَخَذَ رَجُلًا يَصِيدُ فِي حَرَمِ الْمَدِينَةِ الَّذِي حَرَّمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَسَلَبَهُ ثِيَابَهُ فَجَاءَهُ مَوَالِيهِ فَكَلَّمُوهُ فِيهِ فَقَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حَرَّمَ هَذَا الْحَرَمَ وَقَالَ: «مَنْ أَخَذَ أَحَدًا يَصِيدُ فِيهِ فَلْيَسْلُبْهُ» . فَلَا أَرُدُّ عَلَيْكُمْ طُعْمَةً أَطْعَمَنِيهَا رَسُولُ اللَّهِ

''હઝરત સુલૈમાન ઈબ્ને અબી અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ ને જોયા કે આપે તે શખ્સને પકડી લીધો જે મદીનાના હરમમાં શિકાર કરી રહ્યો છે જેને રસૂલુલ્લાહ ﷺએ હરમ બનાવ્યું છે[૧] તો આપે તેનાં કપડાં ઉતારી લીધાં. પછી તેના માલિક આપની પાસે આવ્યા અને એના બારામાં આપની સાથે વાતચીત કરી. આપે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ આ હરમને હરમ

صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَلَكِنْ إِنْ شِئْتُمْ دفعتُ إِليكم ثمنه.
رَوَاهُ أَبُو دَاوُد

ઠરાવ્યું અને ફર્માવ્યું કે જે કોઈને અહીં શિકાર કરતાં પકડે તો તેનાં કપડાં છીનવી લે. જેથી એ માલ હું તમને પરત આપીશ નહીં, જે મને રસૂલુલ્લાહ ﷺ એ અતા કર્યો. પરંતું જો તમે ચાહો તો હું એની કિંમત તમને આપી દઉં.[૨]" (અબૂ દાઊદ)

★ હઝરત અલીનું કૂફાને કેપિટલ બનાવવું, હુસૈનનું કૂફા જવું, હઝરત ઉષ્માનનું મિસરીઓનો મુકાબલો ન કરવાનું કારણ ★

૧. એટલે કે મદીના મુનવ્વરાની હદો જેને હુઝૂરે અન્વર ﷺ એ હરમે મદીના ઠરાવી દીધી જેની હુર્મત તથા એહતેરામ વાજિબ છે. તેની હુર્મતનો લેહાઝ રાખીને હઝરત અલી رضی اللہ عنہ એ કૂફાને પોતાનું કેપિટલ બનાવ્યું અને હઝરત હુસૈન رضی اللہ عنہ કર્બલા ચાલ્યા ગયા જેથી મારા કારણે મદીનામાં ખૂન ખરાબો ન થાય. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ મિસરવાળાઓનો ન પોતે મુકાબલો કર્યો ન પોતાના કોઈ ગુલામને મુકાબલાની ઈજાઝત આપી, બલ્કે સબ્રથી જામે શહાદત પી લીધો. આ એ હુર્મતનો લેહાઝ હતો.

★ ઈસ્લામમાં કોઈ જુર્મ પર માલી દંડ હરામ ★

૨. એની અતિ ઉમદા તેહકીક હમણા થોડાક પહેલાં આના જ જેવી હદીષની શરહમાં વર્ણન થઈ ચૂકી, કે એ હદીષ જ બતાવી રહી છે કે હરમે મદીનાના શિકારનો હુકમ મક્કા મોઅઝ્ઝમાના શિકારની જેમ નથી, કે મક્કાના શિકારની કિંમત સદકો કરવું વાજિબ હોય છે ન કે શિકારીનાં કપડાં છીનવી લેવાં અને છીનવીને ખુદ પોતે માલિક બની જવું. હઝરત સઅદે આ હદીષ તેના જાહેરી અર્થ પર ધારી. આ એમનો ઈજતેહાદ છે, નહીં તો કોઈ સહાબી, કોઈ ઈમામનો મઝહબ એ નથી કે જે કોઈને મદીનાની હદોમાં શિકાર કરતાં જુએ તે તેનાં કપડાં છીનવીને ખુદ પોતાના ઉપયોગમાં લાવે. અમે આ છીનવી લેવાનો અર્થ પહેલાં વર્ણન કરી ચૂક્યા છીએ. યાદ રાખશો કે ઈસ્લામમાં કોઈ જુર્મ પર માલી દંડ કરવો હરામ છે કે મુજરિમથી અમુક રકમ લઈને પોતાના ખર્ચમાં લાવો. વળી આપનું એ કહેવું કે હું એની કિંમત પરત આપી શકુ છું એ અધિક રીતે એનું સમર્થન કરે છે કે મદીનાના હરમના શિકારના હુકમો મક્કા મોઅઝ્ઝમાના શિકારના જેવા નથી, કેમ કે ત્યાંનો શિકારી ફકીરોને સદકો આપીને સદકાની કિંમત તેમનાથી નથી લઈ શકતો.

★ હદીષ : (૨૧)-૨૭૪૮ ★

وَعَنْ صَالِحٍ مَوْلًى لِسَعْدٍ أَنَّ سَعْدًا وَجَدَ عَبِيدًا مِنْ عَبِيدِ الْمَدِينَةِ يَقْطَعُونَ مِنْ شَجَرِ الْمَدِينَةِ فَأَخَذَ مَتَاعَهُمْ وَقَالَ يَعْنِي لِمَوَالِيهِمْ سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَنْهَى أَنْ يُقْطَعَ مِنْ شَجَرِ الْمَدِينَةِ شَيْءٌ وَقَالَ: «مَنْ قَطَعَ مِنْهُ شَيْئًا فَلِمَنْ أَخَذَهُ سَلَبُهُ» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત સાલેહ رضی اللہ عنہ થી રિવાયત છે જે સઅદના ગુલામ છે[૧] કે હઝરત સઅદે મદીનાના ગુલામોમાંથી અમુક ગુલામોને મદીના મુનવ્વરાનાં ઝાડ કાપતાં જોયા તો આપે તે સૌનો સામાન છીનવી લીધો[૨] અને તેમના માલિકોને કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને કહેતાં સાંભળ્યા[૩] કે આપ મદીના મુનવ્વરાના કોઈ ઝાડને કાપવાથી મના કરતા હતા અને હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જે એમાંથી કાંઈ પણ કાપે તો 5 S0GFZFGFDf8[K[T[GM FDFGF[૪]" *(અબૂ દાઊદ)*

૧. અહીં સંપાદક અથવા ક़ાતિબથી ગલતી થઈ છે. મૂળ લખાણ આ પ્રમાણે છે : عن صالح عن مولى سعد عن રહી ગયું. એટલે સાલેહે હઝરત સઅદના ગુલામથી રિવાયત કરી. સાલેહ ખુદ હઝરત સઅદના ગુલામ નથી, બલ્કે તુવામાના ગુલામ છે. સાલેહ પોતે તો षिક़ह છે પણ સઅદના આ ગુલામની ખબર નથી જે એમનો શયખ છે કે તે કેવો છે. જેથી આ હદીષ મજહૂલ છે. (મિર્ક़ાત) અસ્માઉર્રિજાલની કિતાબોથી ક્યાંય સાબિત નથી થતુ કે હઝરત સઅદનો કોઈ સાલેહ નામનો ગુલામ હતો. જેથી આ હદીષ મુદ્દલે જ મજરૂહ છે.

૨. એટલે કે ઝાડ કાપવાવાળાનાં કેવળ કપડાં ન છીનવી લીધાં બલ્કે કુહાડી, રસ્સી અને જે બકરીઓ વગેરે સાથે હતી તો તે પણ. મજાની વાત એ છે કે ગુલામનો માલ અસલમાં માલિકનો હોય છે તો લાઝિમ એ થયું કે જુર્મ તો કર્યો ગુલામે અને જુર્માનો (દંડ) થયો તેના માલિક પર, તેનો સઘળો માલ ઝબ્ત થયો.

૩. એ ગુલામના માલિકોએ આપનાથી પોતાના માલની માગણી કરી હશે કે એને પરત કરી દો, ત્યારે આવું કહ્યું.

૪. એટલે કે જેવી રીતે જેહાદમાં જે ગાઝી કોઈ કાફિરને ક़ત્લ કરે તો ક़ત્લ થનારનો સામાન એ ગાઝીનો થશે, એવી જ રીતે હરમે મદીનામાં જે શખ્સ ઝાડ કાપે તો એનો સામાન પકડનારનો થશે. એનો મતલબ પહેલાં રજૂ કરવામાં આવેલ છે. જો હદીષ જાહેરી અર્થમાં પણ હોય તો પણ આ સામાન ખુદ એ શિકારી ગુલામોનો ન હતો, બલ્કે તેમના માલિકોનો હતો, તેઓ (માલિકો) મુજરિમ ન હતા.

"હઝરત ઝુબેર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે "વજ્જ" સ્થળનો શિકાર અને ત્યાંનાં ઝાડો હરામ છે[૧] જેમને અલ્લાહે હરામ કર્યું. (અબૂ દાઉદ) મોહયુસ્સુન્નહએ ફર્માવ્યું કે "વજ્જ"ના વિશે લોકો કહે છે, તે તાઈફની આસપાસથી છે. અને ખિતાબીએ انها ને બદલે انه કહ્યુ.[૨]"

★ હદીષ : (૨૨)-૨૭૪૯ ★

وَعَنِ الزُّبَيْرِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ صَيْدَ وَجٍّ وَعِضَاهَهُ حِرْمٌ مُحَرَّمٌ لِلَّهِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَقَالَ مُحْيِي السُّنَّةِ: «وَجٌّ» ذَكَرُوا أَنَّهَا مِنْ نَاحِيَةِ الطَّائِف وَقَالَ الْخطابِيّ: «إِنَّه» بدل «إِنَّهَا»

★ વજ્જની વાદીની હુર્મત મન્સૂખ ★

૧. عضاه "વજ્જ" વાવના ઝબર (ફતહ) અને જીમની તશ્દીદ (શદ્દ)થી. વાદીયે હુનૈનથી આગળ તાઈફની નજીક એક વાદી (મેદાન પહાડો વચ્ચે)નું નામ છે, જ્યાં કોઈ આબાદી નથી. وَجّ કાંટાળાં ઝાડને કહે છે. આ સ્થળ ની હુર્મત કોઈ ખાસ સમયમાં હશે જે બાદમાં મન્સૂખ થઈ ગઈ. આ જગા હરમે મદીનાથી ઘણે દૂર છે. ન મક્કા મોઅઝ્ઝમાના હરમમાં સામેલ છે ન મદીના મુનવ્વરાના હરમમાં. તાઈફ, મક્કા મોઅઝ્ઝમાથી ૭૦ માઈલના અંતરે છે અને વાદીયે વજ્જ ત્યાંથી નજીક છે. તો એને મદીના પાકથી તો કોઈ નિકટતા છે જ નથી.

૨. એટલે ખિતાબીની રિવાયતમાં મોઅન્નષ (સ્ત્રીવાચક) ઝમીરને બદલે મુઝક્કર (પુ. વાચક) ઝમીર છે, પણ એમાં ફરક નથી પડતો, એક જગાને મવઝઅ (સ્થળ)ના અર્થમાં મુઝક્કર કહી શકીએ છીએ બુક़આ (જમીનનો ટુકડો જે અન્ય ટુકડાઓથી વિશિષ્ટ હોય)ના અર્થમાં મોઅન્નષ. સ્થળોના નામોમાં વિશાળતા છે.

મદીના મુનવ્વરામાં મરવાની તમન્ના કરવી કેવું ?

★ હદીષ : (૨૩)-૨૭૫૦ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ اسْتَطَاعَ أَنْ يَمُوت بالمدية فليمت لَهَا فَإِنِّي أَشْفَعُ لِمَنْ يَمُوتُ بِهَا» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيح غَرِيب إِسْنَادًا

*''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે મદીનામાં મરી શકે તે ત્યાં જ મરે, કેમ કે હું મદીનામાં મરનારાઓની શફાઅત કરીશ.**[૧] (અહમદ, તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ અસ્નાદથી હસન પણ છે, સહીહ પણ અને ગરીબ પણ.[૧]''*

★ મદીનાવાસી વિના જરૂરતે બહાર ન જાય, મદીનામાં મરનારાની શફાઅત થશે ★

૧. જાહેર એ છે આ બશારત તથા હિદાયત સર્વ મુસલમાનોને છે ન કે કેવળ મુહાજિરોને. એટલે કે જે મુસલમાનની નિય્યત મદીના પાકમાં મરવાની હોય તે કોશિશ પણ ત્યાં મરવાની કરે કે ખુદા નસીબ કરે તો ત્યાં જ રહેઠાણ અપનાવે. ખાસ કરીને ઘડપણમાં વિના જરૂરતે મદીના પાકથી બહાર ન જાય, કે મૌત તથા દફન ત્યાંનું નસીબ થાય. હઝરત ઉમર رضی اللہ عنہ દુઆ કરતા હતા કે **મૌલા મને તારા મહબૂબના શહેરમાં શહાદતની મૌત આપ.** આપની દુઆ એવી કબૂલ થઈ કે સુબ્હાનલ્લાહ ! ફજરની નમાઝમાં મસ્જિદ નબવીમાં, મેહરાબુન્નબવીમાં નબી પાક ﷺના મુસલ્લા પર હતા અને ત્યાં શહાદત થઈ. મેં અમુક લોકોને જોયા કે ત્રીસ ચાલીસ વરસોથી મદીનામાં છે. મદીનાની હદો બલ્કે મદીના શહેરથી બહાર નથી જતા. એ જ ખતરાથી કે મૌત શહેર બહાર ન આવી જાય. હઝરત ઈમામ માલિકનો પણ આ જ દસ્તૂર રહ્યો. અહીં શફાઅતથી મુરાદ ખાસ શફાઅત છે. ગુનેહગારોના સર્વ ગુનાહો બખ્શાવવાની શફાઅત અને નેક લોકોના ઘણા દરજા બુલંદ કરવાની શફાઅત. નહીં તો હુઝૂર ﷺ પોતાની સઘળી ઉમ્મતની શફાઅત કરશે. યાદ રાખશો કે મદીના પાકમાં રહેવું પણ અફઝલ છે, ત્યાં મરવું પણ આ'લા અને ત્યાં દફન થવું પણ બેહતર. અમુક સહાબાને મૃત્યુ બાદ મદીનામાં લાવીને દફન કરવામાં આવ્યા. એનાથી નિર્દેશ થાય છે કે જે શખ્સ મદીના પાકમાં મરે, દફન થવાની કોશિશ કરે તે ઈન્શાઅલ્લાહ ! ઈમાન પર મરશે, કેમ કે તેના માટે ખાસ શફાઅતનો વાયદો છે, અને શફાઅત કેવળ મો'મિનની જ થઈ શકે છે. *(અઝ : મિર્કાત)*

૨. એટલે કે આ હદીષ ઘણી બધી અસ્નાદોથી રિવાયત પામેલી છે. અમુક અસ્નાદોમાં સહીહ છે અમુકમાં હસન, અમુકમાં ગરીબ. ઉલમા ફર્માવે છે કે હુજૂન (મક્કાનું એક સ્થળ)ની સરખામણીમાં બકીઅમાં દફન થવું અફઝલ છે કે એ કબ્રસ્તાન રોઝએ અત્હરની નજીક છે. એમાં ઘણા સહાબીઓનાં મઝારો છે. જેટલી એનાથી નઝદીકી થાય એટલું સારું છે. *(મિર્કાત)*

મિટ્ટી અઝીઝ બુલબુલે બે બાલો પર કી હૈ

આ ફકીર ગુનેહગાર શર્મશાર અહમદ યારખાં બારગાહે ઈલાહીમાં દુઆ કરે છે કે સદકો તારા મહબૂબે અકબર ﷺનો, મને રબ તઆલા મદીના પાકનો કયામ, ત્યાંની મસ્જિદે નબવી શરીફનો એ'તેકાફ, ત્યાંનું મૌત, ત્યાં દફન નસીબ કરે. જો ત્યાં દફન મયસ્સર થઈ જાય તો મારી માટી અઝીઝ થઈ જાય.

آمین یارب العلمین وصلی اللہ علی سیدنا محمد والہ وصحبہ وسلم

દરકો તકતે તકતે હો જાઉં હલાક – વહાં કે ખાકે પાકસે મિલ જાએ ખાક

★ હદીષ : (૨૪)-૨૭૫૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «آخِرُ قَرْيَةٍ مِنْ قُرَى الْإِسْلَامِ خَرَابًا الْمَدِينَةُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઈસ્લામની વસ્તીઓમાંથી છેલ્લી વસ્તી જે વિરાન થશે તે મદીના પાક છે.[૧] (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ હસન છે, ગરીબ છે.''

★ મદીના પાક તદ્દન ક્યામત નજીક વિરાન થશે ★

૧. આ હદીષમાં બે વાતો કહેવામાં આવી : **એક** એ કે ક્યામતની નજીક મોટી વસ્તીઓ વિરાન થઈ જશે, પણ મદીના મુનવ્વરા આબાદ રહેશે. એ તદ્દન ક્યામતથી અડીને વિરાન થશે. **બીજુ** એ કે દુનિયાની આબાદી મદીના પાકની આબાદીથી સંબંધિત છે. જ્યારે એ ઉજડી ગયું તો દુનિયા ઉજડી જશે, ક્યામત આવી જશે. (અશિઅ્હ رحمۃ اللہ علیہ, મિર્કાત) યાદ રાખશો કે અહીં قَرْيَة (ક્રીયા) વસ્તીના અર્થમાં છે, જે શહેર તથા ગામ દરેકને સમાવે છે, ગામના અર્થમાં નહીં. અરબીમાં ગામને ક્રીયા, કસ્બો કે બલદ કહે છે. એનાથી મોટી વસ્તીને મદીના (શહેર), અને મોટી વસ્તીને મિસ્ર કહે છે. અમુકે બલદ અને મદીનાને સમાન કહ્યું છે, પણ કદીક ક્રીયા એ મુત્લક્ન વસ્તીના અર્થમાં આવે છે, નાની હોય કે મોટી. *(અશિઅ્હ)*

હિજરત માટે ત્રણ શહેરોનો હુઝૂર ﷺને અખત્યાર આપવું

★ હદીષ : (૨૫)-૨૭૫૨ ★

وَعَنْ جَرِيرِ بْنِ عَبْدِ اللَّهِ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " إِنَّ اللَّهَ أَوْحَى إِلَيَّ: أَيَّ هَؤُلَاءِ الثَّلَاثَةِ نَزَلْتَ فَهِيَ دَارُ هِجْرَتِكَ الْمَدِينَةِ أَوِ الْبَحْرَيْنِ أَوْ قِنَّسْرِينَ ". رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે. ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને વહી કરી, આ ત્રણેવ વસ્તીઓમાંથી જ્યાં[૧] પણ આપ ક્યામ ફર્માવો (રોકાણ કરો) એ જ આપનો હિજરતનો મક્ામ છે : મદીના મુનવ્વરા અથવા બેહરૈન અથવા કિન્નસ્રીન.[૨]''
(તિર્મિઝી)

૧. શબ્દ اَيَّ هٰؤُلَاءِ ફેઅલે પોશીદા (છુપા કાર્ય)થી સંબંધિત છે, જેની તફસીલ આગળ نزلت (નઝલ્ત) કરી રહેલ છે. وحی થી મુરાદ છુપી વહી છે જે કુર્આન શરીફમાં મૌજૂદ નથી.

૨. હક્ક એ છે કે પ્રથમ રબ તઆલાએ હુઝૂર ﷺને અખત્યાર આપ્યો કે એ ત્રણ શહેરોમાંથી જ્યાં ચાહે હિજરત કરી લે. પછી મદીના પાકને મુઅ્યન (નિશ્ચિત) કરી આપ્યું. આ હદીષ એ હદીષોની વિરૂધ્ધ નથી જેમાં ફર્માવવામાં આવ્યું કે મને ખ્વાબમાં મદીના બતાવવામાં આવ્યું અને ફર્માવવામાં આવ્યું કે આપની હિજરતની જગા આ છે. મદીના પાક હિજાઝનું શહેર છે. બેહરૈન એક શહેરનું નામ પણ છે અને વિસ્તારનું પણ જે અમાનની નજીક છે. કિન્નસરીન શામ (સીરિયા)નું એક પ્રખ્યાત શહેર છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૨૬)-૨૭૫૩ ★

عَنْ أَبِي بَكْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَدْخُلُ الْمَدِينَةَ رُعْبُ الْمَسِيحِ الدَّجَّالِ لَهَا يَوْمَئِذٍ سَبْعَةُ أَبْوَابٍ عَلَى كُلِّ بَابٍ مَلَكَانِ» . رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત અબૂ બકર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. નબી કરીમ ﷺ થી રાવી ફર્માવે છે, મદીનામાં મસીહ દજ્જાલનો પ્રભાવ (અસર) ન આવી શકશે. એ દિવસે મદીનાના સાત દરવાજા હશે, દરેક દરવાજા પર બે ફરિશ્તા હશે. (બુખારી)

૧. આપનું નામ નફીઅ ઈબ્ને હારિષ ઈબ્ને કલાહ ષકફી છે. તાઈફના રહેવાસી હતા. જ્યારે હુઝૂરે અન્વર ﷺએ તાઈફનો ઘેરાવ કર્યો તો આપે પોતાને તાઈફના કિલ્લાથી બહાર એક કૂવાની ગરગરી પર નાખી દીધા. એ રીતે ત્યાંથી નીકળીને હુઝૂરની ખિદમતમાં હાજર થઈ ગયા, અને ઈસ્લામ લઈ આવ્યા. આપનુ નામ અબૂ બકરહ એટલે ચરખી (ગરગરી)વાળા. બકરહ ચરખીને કહે છે. બાદમાં બસરામાં વસવાટ કર્યો. હિ.સ. ૯૪માં ત્યાં જ વફાત પામ્યા, અને ત્યાં જ દફન થયા. (અશિઅ્હ તથા અકમાલ)

★ મદીના પાકમાં દજ્જાલ આવી શકશે નહીં ★

૨. એટલે એ ફરિશ્તાઓના કારણે જેઓ મદીનાની હિફાઝત માટે નિયુક્ત હશે જેથી ન તો મદીના પાકમાં દજ્જાલ જ આવી શકશે અને તેની અસર કે પ્રભાવ અહીં પહોંચી શકે. એનાથી જાણવા મળે છે કે દજ્જાલનો પ્રભાવ દરેક જગાએ પહોંચી જશે કે અમુક લોકો તેના પ્રભાવથી તેને માની લેશે. મદીના પાક એનાથી પણ મેહફૂઝ રહેશે. મકબૂલ બંદાઓની અસરથી દિલમાં શક્તિ રહે છે બલ્કે તેમની બરકતથી શહેરોમાં અમ્નો અમાન રહે છે. હુઝૂર ﷺની બરકતથી મદીના મુનવ્વરાની હિફાઝતના માટે ફરિશ્તાઓ નિયુક્ત થયા અને ફરિશ્તાઓની બરકતથી મદીનાની જમીન દજ્જાલ તો શું તેની અસરથી પણ મેહફૂઝ રહેશે.

મક્કા મુકર્રમા કરતાં મદીના પાકની બરકતો બમણી

★ હદીષ : (૨૭)-૨૭૫૪ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «اللَّهُمَّ اجْعَلْ بِالْمَدِينَةِ ضِعفَي مَا جعلت بِمَكَّة من الْبركَة»

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું ઈલાહી ! જે બરકતો તેં મક્કા મુકર્રમામાં આપી છે એનાથી બમણી બરકતો મદીના મુનવ્વરામાં આપ[૧]'' (મુસ્લિમ, બુખારી)

૧. અમુક ઉલમાએ બરકતથી જાહેરી તથા બાતિની બરકત મુરાદ લીધી છે. એટલે મદીનાની ઈબાદતો તથા અહીંની રોજીઓમાં બરકત મક્કા મોઅઝ્ઝમા કરતાં બમણી આપ કે અહીંની ઈબાદતોનો સવાબ મક્કા મોઅઝ્ઝમાથી બમણી થાય. અને અહીંના અનાજ તથા મેવાઓમાં બરકતો મક્કા મોઅઝ્માથી બમણો થાય. એના કારણે તેમણે મદીના મુનવ્વરાને મક્કા મોઅઝ્ઝમા કરતાં અફઝલ માન્યું અને અહીંની ઈબાદતોનો સવાબ મક્કા મોઅઝ્ઝમાની ઈબાદતોથી અધિક ઠરાવ્યો. અમુકે ફર્માવ્યું કે અહીં રોજીમાં બરકતો મુરાદ છે, એટલે ભૌતિક બરકતો. તેઓ કહે છે કે સવાબની બરકતો મક્કા મોઅઝ્ઝમામાં બમણી છે, અને રોજીની બરકતો મદીના પાકમાં બમણી. જેથી આ હદીષ એ હદીષોની વિરૂધ્ધ નથી, કે મક્કા મોઅઝ્ઝમામાં એક નેકીનો સવાબ એક લાખ છે અને મદીના મુનવ્વરામાં

પચાસ હજાર છે. મદીના પાકની રોજીની બરકતો તો આજે પણ આંખો દેખી ચાલુ છે કે ત્યાં ફળ ફુટ મયસ્સર થાય છે અને ત્યાંની આબોહવા એવી પ્યારી છે કે મક્કા મુકર્રમાની નથી. ઈશ્કનો ફૈસલો એ છે કે મક્કા મોઅઝ્ઝમાની ઈબાદતનો સવાબ વધારે અને મદીના પાકની ઈબાદતોનો કુર્બ અધિક ઉચ્ચ દરજાએ. જેથી કુર્બની બરકત તથા દરજો મદીના પાકમાં ડબલ છે, અને ષવાબની બરકત મક્કા મોઅઝ્ઝમામાં બમણી છે. બંનેવ હદીષો દુરુસ્ત તથા સહીહ છે.

''ખત્તાબની ઔલાદના એક મર્દથી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી છે. હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું, જે ઈરાદાપૂર્વક મારી ઝિયારત કરે તે કયામતના દિવસે મારી અમાનમાં હશે.[૧] અને જે મદીના મુનવ્વરામાં રહે અને અહીંની તકલીફો પર સબ્ર કરે તેનો કયામતના દિવસે હું શફીઅ તથા ગવાહ છું[૨] અને જે બંનેવ હરમથી કોઈ હરમમાં મરી જાય તે કયામતના દિવસે અમ્નવાળાઓમાંથી હશે.[૩]''

★ હદીષ : (૨૮)-૨૭૫૫ ★

وَعَنْ رَجُلٍ مِنْ آلِ الْخَطَّابِ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ زَارَنِي مُتَعَمِّدًا كَانَ فِي جِوَارِي يَوْمَ الْقِيَامَةِ وَمَنْ سَكَنَ الْمَدِينَةَ وَصَبَرَ عَلَى بَلَائِهَا كُنْتُ لَهُ شَهِيدًا وَشَفِيعًا يَوْمَ الْقِيَامَةِ وَمَنْ مَاتَ فِي أَحَدِ الْحَرَمَيْنِ بَعَثَهُ اللّٰهُ مِنَ الْآمِنِينَ يَوْمَ الْقِيَامَةِ»

૧. આ વાક્યના ઉલમાએ અન્ય અર્થો કર્યા છે, આશિકોએ કાંઈ જુદા. ઉલમા ફર્માવે છે કે **જે મદીના મુનવ્વરા કેવળ રોઝએ રસૂલ ﷺની ઝિયારતની નિય્યતથી જાય, નામના પામવા કે કોઈ વ્યાપારિક કારોબાર, દુનિયવી કામનો હેતુ ન હોય તે કયામતમાં હુઝૂર ﷺનો પડોશી અને હુઝૂર ﷺની અમાનમાં હશે.** મસ્જિદે નબવીની ઝિયારત, બકીઅ તથા મસ્જિદે કુબાની હાજરી એના જ હેઠળ હોય. અસલ હેતુ બારગાહે આલીની હાજરી હોય. નફ્લ નમાઝમાં મૂળ હેતુ રઝાએ ઈલાહી છે. પણ કયારેક કઝાએ હાઝાત (કુદરતી હાજતો), શુકની અદાયગી, તહિય્યતુલ વુઝૂ વગેરે પણ એનાથી અદા થઈ જાય છે, પણ તબઅન (પ્રાકૃતિક, સ્વભાવિક રીતે). પરંતું આશિકો કહે છે કે મદીના પાકની હાજરીમાં મસ્જિદે નબવી શરીફ, જન્નતુલ બકીઅ વગેરેની હાજરીની પણ નિય્યત ન કરે, બલ્કે અમુક ઉશ્શાક (આશિકો) તો હજના સફરમાં મદીના પાક હાજર ન થયા, બલ્કે મદીના પાક માટે અલગથી એકલી અલગ સફર કરી અને આ હદીષને તદ્દન જાહેરી અર્થ પર ધારી લીધી. મદીના પાકની હાજરી કેવળ ઝિયારતના માટે હોય. **એનાથી તે લોકો બોધ ગ્રહણ કરે જેઓ કહે છે કે ત્યાંની હાજરી કેવળ મસ્જિદે નબવીની નમાઝની નિય્યતથી હોય, ઝિયારતની નિય્યત ન હોય. મઆઝલ્લાહ ! મસ્જિદો તો દુનિયામાં હજારો છે પણ આ મસ્જિદ અઝમત શાથી છે ?! કેવળ હુઝૂર ﷺના દમ કદમથી છે.** એનાથી જાણવા મળ્યું કે **કયામતમાં હુઝૂર ﷺની અમાન જ કામ આવશે. એનાથી તેઓ બોધ ગ્રકહણ કરે જેઓ કહે છે કે ખુદા સિવાય કોઈની અમાન નથી.** *(અઝ : મિર્કાત, લમ્આત, અશિઅહ)*

૩ : એટલે કે મક્કા મોઅઝ્ઝમા અથવા મદીના મુનવ્વરામાં મરનાર કયામતની મહાન ગભરાહટ જેને ફઝએ અકબર કહે છે તેનાથી મેહફૂઝ રહેશે. પણ આ ફાયદા મુસલમાનો માટે છે, જેથી એના એ વાંધો નથી કે અબૂ જહલ વગેરે કાફિરો પણ ત્યાં જ મર્યા.

*''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી મરફૂઅન રિવાયત છે કે **જે મારી વફાત પછી હજ કરે પછી મારી કબ્રની ઝિયારત કરે[૧] તે એ જ પ્રમાણે***

★ હદીષ : (૨૯)-૨૭૫૬ ★

وَعَنِ ابْنِ عُمَرَ مَرْفُوعًا: «مَنْ حَجَّ فَزَارَ قَبْرِي بَعْدَ مَوْتِي

كَانَ كَمَنْ زَارَنِي فِي حَيَاتِي» . رَوَاهُمَا الْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان	***હશે જે મારી જિંદગીમાં મારી ઝિયારત કરે.[૨]*** ***"*** *(બયહક़ી શોઅબુલ ઈમાન)*

★ હજ ફ़ર્ઝ પ્રથમ, પછી મદીનાની હાજરી અને નફ્લમાં પ્રથમ મદીનાની હાજરી પછી હજ કરે ★

૧. ઉપરથી જાણવા મળે છે કે હજ પ્રથમ કરે બાદમાં મદીના પાક હાજર થાય. ઉલમાએ કિરામે ફર્માવ્યું કે હજ ફર્ઝમાં પ્રથમ હજ કરવો અફઝલ છે, અને નફ્લ હજમાં પ્રથમ મદીના તયબહની ઝિયારત બેહતર છે, જેથી કરીને મદીના પાકથી હજના માટે વિદાય થાય, ન કે ઘરે જવા માટે. આ તફ્સીલ ખૂબ જ આ'લા છે. અમુક આશિક़ો નફ્લ હજમાં ઝિયારતની નિય્યતથી ઘરેથી ચાલે છે, રસ્તામાં મક્કા મુકર્રમા પડે છે તો હજ પણ કરી લે છે. (શેઅર)

કા'બા નામ તક ન લિયા તયબહ હી કહા – પૂછા થા હમસે જિસને કે નુહ્ઝત કિધર કી હૈ
કા'બા ભી હૈ ઉન્હીં કી તજલ્લીકા એક ઝિલ્લ – રોશન ઉન્હીં કે નૂર સે પુતલી હજર કી હૈ

★ હુઝૂર ﷺ હક़ીક़ી હ़યાત સાથે क़બ્રે અન્વરમાં હ़યાત ★

૨. આ એટલા માટે છે કે **હુઝૂર ﷺ પોતાની क़બ્રે અન્વરમાં હક़ીક़ી દુનિયવી હયાતની સાથે ઝિંદા તથા હયાત છે કે આપનાથી દરેક પ્રકારની મદદ તથા નુસ્રત હાંસલ કરવામાં આવે છે.** (મિર્ક़ાત તથા લમ્અ઼ાત તથા અશિઅ઼હ) શહીદોની હયાત મઅનવી (રૂહાની) છે, હુઝૂરે અન્વર ﷺની હયાત હક़ીક़ી દુનિયવી છે કે રોજી પણ મળે છે. (અશિઅ઼હ) હયાતુન્નબી ﷺની ચર્ચા બાબુલ જુમ્આમાં અમે કરી ચૂક્યા છીએ.

મદીના પાકમાં દફ્ન થવું બીજે શહીદ થવાથી અફ્ઝલ

★ હદીષ : (30)-૨૭૫૭ ★ وَعَنْ يَحْيَى بْنِ سَعِيدٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ جَالِسًا وَقَبْرٌ يُحْفَرُ بِالْمَدِينَةِ فَاطَّلَعَ رَجُلٌ فِي الْقَبْرِ فَقَالَ: بِئْسَ مَضْجَعُ الْمُؤْمِنِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «بئس مَا قُلْتَ» قَالَ الرَّجُلُ إِنِّي لَمْ أُرِدْ هَذَا إِنَّمَا أَرَدْتُ الْقَتْلَ فِي سَبِيلِ اللَّهِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا مِثْلَ الْقَتْلِ فِي سَبِيلِ اللَّهِ مَا عَلَى الْأَرْضِ بُقْعَةٌ أَحَبُّ إِلَيَّ أَنْ يَكُونَ قَبْرِي بِهَا مِنْهَا» ثَلَاثَ مَرَّاتٍ. رَوَاهُ مَالِكٌ مُرْسَلًا	*"હઝરત યહ્યા ઈબ્ને સઈદથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ બિરાજમાન હતા અને મદીના મુનવ્વરામાં એક क़બ્ર ખોદવામાં આવી રહી હતી[૧] તો એક શખ્સ क़બ્રમાં ઝાંકીને બોલ્યો કે આ મો'મિનનું ઘણુ બુરુ ઠેકાણુ છે.[૨] ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમે આ ગલત કહ્યું[૩] તે સાહબ બોલ્યા, મારી એ નિય્યત ન હતી, અલ્લાહની રાહમાં શહાદત મારી મુરાદ હતી.[૪]* ***રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું (અહીંનું દફ્ન) શહાદત ફી સબીલિલ્લાહની બરાબર પણ નથી.[૫]*** *જમીનનો કોઈ હિસ્સો એવો નથી જ્યાં મને મારી क़બ્રનું હોવું આ જગાથી અધિક પ્યારુ હોય. ત્રણવાર કહ્યું.[૬] (માલિક) મુરસલન[૭]"*

૧. એટલે કે હુઝૂરે અન્વર ﷺ કોઈ સહાબીના જનાઝામાં તશરીફ લઈ ગયા. क़બ્રમાં વાર હતી. સરકારે

આ़ાલી ﷺ અને ખાસ બંદાઓ એ ક़બરની આસપાસ બેઠેલા હતા. શું નસીબ કહેવાય એ મરનારનું ! (શેઅર)

نسخہ کونین رادیباچہ اوست　　جملہ عالم بندگان خواجہ اوست

तर्जुमो : આપ ﷺ કિતાબે દોજહાંની પ્રસ્તાવના છે અને આખી દુનિયા આપની ગુલામ છે અને આક़ા કેવળ આપ છે.''

૨. એટલે કે મો'મિન પર જેટલા પ્રમાણમાં તકલીફો આવે છે એ સૌમાં ક़બરની ગભરામણ તથા ધાક અધિક કઠિન છે જેનાથી દિલ કાંપે છે.

૩. કેમ કે મો'મિનની ક़બ્ર ખાસ કરીને જ્યારે કે મદીનાની જમીનમાં હોય જન્નતની કયારી છે. મો'મિનને ત્યાં ડર કે ગભરાહટ કેવી ? બલ્કે એ તો યારથી મળવાની જગા છે.

૪. એટલે કે મારો મક़સદ એ હતો કે જો એ શખ્સ જંગના મેદાનમાં શહીદ થાત અને તેને દફન પણ મયસ્સર ન થાત તો તેના બિસ્તર મરવા અને દફન થવા કરતાં બેહતર થાત. બિસ્તર પર મૌત તથા દફન એ શહાદતની મૌત અને દફન તથા કફન વિહોણા કરતાં બુરુ છે. મુત્લક़ન કબરને બુરી નથી કહી, બલ્કે શહાદતની સરખામણીમાં બુરી કહી.

૫. એટલે કે **મદીના પાકમાં મરવું, અહીં દફન થવું અન્ય જગાએ શહીદ થવા કરતાં અને લાશ પાયમાલ થવા કરતાં પણ અફ઼ઝલ છે. જ્યારે મદીનાની મૌત અન્ય જગાની શહાદત કરતાં અફ઼ઝલ છે તો ઈન્ શા અલ્લાહ ! મદીના પાકની જિંદગી બીજી જગાની અમુક ઈબાદતો કરતાં યક़ીનન ! બેહતર છે કે ત્યાં રહેવું પણ ઈબાદત છે, પણ ઈમાનની સાથે.** આ સ્થિતિમાં આ કલામે આ़ાલી (નબી ﷺની વાત) તે સહાબીની વાતની રદ છે. એ સંભાવના પણ છે કે તેમની વાતનું સમર્થન હોય, એટલે કે, હા ! શહાદત ફી સબીલિલ્લાહ મદીનાની મૌત તથા દફન કરતાં અફ઼ઝલ છે, જો કોઈને શહાદત નસીબ ન થાય તો મદીનામાં મરવાની કોશિશ કરે. (અશિઅ़હ) પણ આ અર્થ કાંઈ અલગ ટાઈપનો છે, પ્રથમ અર્થ જ અધિક મજબૂત છે.

★ મદીનામાં શહાદતની મૌત ખૂબ જ અફ઼ઝલ ★

૬. એટલે કે હુ઼ઝૂરે અન્વર ﷺએ આ અંતિમ વાક્ય ત્રણવાર ફર્માવ્યું કે **મને મદીનાની જમીનમાં દફન થવું એટલા પ્રમાણમાં પ્યારુ છે કે અન્ય જગાની શહાદત પણ એટલી પ્યારી નથી.** હું અહીં દફન થવું ખૂબ જ પસંદ કરું છું. અમુક ઉલમાએ આ હદીષના કારણે અમુક **મસાઈલ** વર્ણવ્યા : **એક** એ કે મદીના મુનવ્વરા મક્કા મોઅઝ્ઝમા કરતાં અફ઼ઝલ છે. **બીજુ** એ કે મદીના મુનવ્વરાનું મૌત મક્કા મોઅઝ્ઝમા કરતાં બેહતર છે. (એના પર તો સર્વ ઉમ્મતનો ઈજમાઅ છે) **ત્રીજુ** એ કે મદીના મુનવ્વરામાં જીવવું મક્કા મોઅઝ્ઝમામાં જીવવા કરતાં બેહતર છે. **ચોથુ** એ કે મદીના પાકનું મૃત્યુ બીજી જગાની શહાદત ફી સબીલિલ્લાહથી આ'લા છે. **પાંચમુ** એ કે મદીના મુનવ્વરામાં હઝર (પડાવ પર)ની મૌત અન્ય જગાની સફર તથા ગુર્બત (બેવતની)ની મૌત કરતાં આ'લા છે. અમુક રિવાયતોથી શહાદત અને ગુર્બતના મૃત્યુની અફ઼ઝલિયત સાબિત છે, તે અફ઼ઝલિયત જુ઼ઝવી થશે અને આ અફ઼ઝલિયત કુલ્લી છે. જેથી એમાં વિરોધાભાસ નથી. અને જો મદીના મુનવ્વરામાં શહાદત તથા ગુર્બતની મૌત નસીબ થઈ જાય તો પછી પૂછવુ જ શું ?! જેમ કે હઝરત ઉમર رضی اللہ عنہ ને નસીબ થઈ. اللهم ارزقنا الموت فی بلد حبیبک صلی اللّٰہ علیہ وسلم *(મિર્ક़ાત)*

૭. કેમ કે યહ્યા ઈબ્ને સઈદ رضی اللہ عنہ તાબઈનમાંથી છે જેમણે અનસ ઈબ્ને માલિક, સાઈબ ઈબ્ને યઝીદ અન્ય ઘણા સહાબાએ કિરામથી મુલાકાત તથા રિવાયતો કરી અને તેમનાથી હેશામ ઈબ્ને ઉરવા, માલિક ઈબ્ને અનસ, શઅબા ષૌરી, ઈબ્ને ઓયૈના, ઈબ્ને મુબારક વગેરે બુઝુર્ગોએ રિવાયતો કરી. તાબઈ જો સહાબીનો ઉલ્લેખ ન કરે તો હદીષ મુરસલ હોય છે. જેથી આ હદીષ મુરસલ છે, અને ષિક્હ તાબઈનો ઈરસાલ સ્વીકાર્ય છે, જેવી રીતે કે ઈમામ બુખારીની તઅલીક્ વિશ્વસનીય છે. યાદ રાખશો કે આ યહ્યા ઈબ્ને સઈદ અન્સારી છે અને યહ્યા ઈબ્ને સઈદ ક્ત્તાન બીજા બુઝુર્ગ છે મુહદ્દિષ ઈમામોમાંથી છે, એ અહીં મુરાદ નથી. *(મિર્ક્રાત, અશિઅ્હ)*

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા જ્યારે કે આપ અક્ીક્ના મેદાનમાં હતા[૧] કે મારી પાસે મારા રબની તરફથી કોઈ આવનારો આવ્યો. તેણે કહ્યું કે આપ આ મુબારક જંગલમાં નમાઝ પઢો અને ફર્માવો ઉમરા હજમાં છે[૨] એક રિવાયતમાં આ પ્રમાણે છે કે ફર્માવો, ઉમરા અને હજ." (બુખારી)

★ હદીષ : (૩૧)-૨૭૫૮ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ عُمَرُ بْنُ الْخَطَّابِ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ بِوَادِي الْعَقِيقِ يَقُولُ: أَتَانِي اللَّيْلَةَ آتٍ مِنْ رَبِّي فَقَالَ: صَلِّ فِي هَذَا الْوَادِي الْمُبَارَكِ وَقُلْ: عُمْرَةٌ فِي حَجَّةٍ ". وَفِي رِوَايَةٍ: «قل عُمرةٌ وحِجّةٌ» . رَوَاهُ الْبُخَارِيُّ

૧. વાદીયે અક્ીક્ મદીના મુનવ્વરાની નજીક ઝુલ હલીફાથી અડીને એક ઘણુ જ મોતબર્રક મેદાન છે. આ બનાવ હજ્જતુલ વિદાઅનો છે અને વાદીયે અક્ીક્ એ ઝાતે અર્ક્ની પાસે એક જંગલનું પણ નામ છે તે અહીં મુરાદ નથી.

★ વાદીએ અક્ીક્માં નમાઝ પઢવા વિશે મસ્અલો ★

૨. જો આ બનાવ હજના સફરનો છે તો નમાઝથી મુરાદ કોઈ અન્ય નફ્લ નમાઝ છે, ન કે એહરામની નમાઝ, કેમ કે હુઝૂરે અન્વર ﷺ એ અક્ીક્ની વાદીથી એહરામ બાંધ્યો ન હતો, બલ્કે ઝુલ હલીફાથી બાંધ્યો હતો અને ઇહ્લાલ થી તલબિયા ફર્માવવું છે, એટલે આપ એ જંગલમાં નફ્લ નમાઝ પણ પઢો અને તલબિયા પણ કહો, જેમાં આ શબ્દો હોય કે આ ઉમરા હજ સાથેના છે. એનાથી જાણવા મળ્યું કે તમત્તુઅ તથા ઈફ્રાદ કરતાં ક્રિાન અફ્ઝલ છે. અને જો કોઈ અન્ય સફરનો બનાવ છે તો મતલબ એ થશે કે આપ અહીં નમાઝ પઢો અને લોકોને કહી આપો કે અહીંની નમાઝ હજ તથા ઉમરાના બરાબર સવાબ ધરાવે છે. તો પણ ક્રિાનની અફ્ઝલિયત સાબિત છે.

કિતાબુલ બુયૂઅ[૧] كتاب البيوع

વેપારોનું વર્ણન[૧]

બાબુલ કસબ વ તલબુલ હલાલ باب الكسب وطلب الحلال

કમાઈ કરવી અને હલાલ રોજી શોધવા વિશે[૨]

૧. بيوع بيعٌનું બહુવચન છે بوعٌ અથવા بِيَاعٌથી બન્યુ છે, હાથ લાંબા કરવાના અર્થમાં. કેમ કે વેપારમાં ખરીદનાર અને વેપારી હાથ લંબાવીને એકબીજાનો માલ લે છે, એટલા માટે એને બયઅ કહે છે. શરીઅતમાં માલની માલ વડે અદલા બદલી કરવાને બયઅ કહે છે. ક્યારેક પૂરા સોદાને બયઅ કહે છે, ક્યારેક કેવળ વેચવાને વેપાર (બયઅ) કહે છે. ક્યારેક એના પરિણામ એટલે માલિકીપણાને બયઅ કહે છે. અહીં પૂરા સોદાના અર્થમાં છે. કેમ કે વેપારના ઘણા પ્રકારો છે : બયએ મુત્લક़, બયએ સરફ, બયએ મક़ાયઝા, બયએ સલમ, તૌલિયા, મરાબહા, વઝીઆ વગેરે. એટલા માટે બુયૂઅ બહુવચન ફર્માવ્યું. યાદ રાખશો કે શરઈ હુકમો અમુક પ્રકારનાં છે : ખાલિસ હુકૂકુલ્લાહ, ખાલિસ હુકૂકુલ એબાદ, અકૂબાત, કફ્ફારાત વગેરે. લેખકે કેવળ હુકૂકુલ્લાહ એટલે ઈબાદતોનો ઉલ્લેખ પ્રથમ કર્યો. હવે કેવળ બંદાઓના હક્કો વેપારોને વર્ણવ્યો. કેમ કે વેપારના ફઝાઈલ, હદીષમાં ડાયરેક્ટ આવ્યા ન હતા એટલા માટે બાબુલ કસબ રચીને તેના ફઝાઈલ વર્ણવી આપ્યા.

૨. كسبٌ (કસબ)નો અર્થ શોધવું અને શોધમાં દોડવું છે. અહી મુરાદ માલ કમાવું છે. હલાલથી મુરાદ હરામનું વિરૂધ્ધાર્થી.

હાથોની કમાઈથી ખાવું હઝરત દાઉદ عليه السلامનો અમલ

★ હદીષ : (૧)-૨૭૫૯ ★

عَنِ الْمِقْدَادِ بْنِ مَعْدِي كَرِبَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا أَكَلَ أَحَدٌ طَعَامًا قَطُّ خَيْرًا مِنْ أَنْ يَأْكُلَ مِنْ عَمَلِ يَدَيْهِ وَإِنَّ نَبِيَّ اللَّهِ دَاوُدَ عَلَيْهِ السَّلَامُ كَانَ يَأْكُلُ مِنْ عمل يَدَيْهِ» . رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત મિક़દાદ ઈબ્ને મઅ્દીકરિબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ***કોઈ શખ્સે કદી કોઈ ખાવા એનાથી સારુ નથી ખાધુ કે માણસ હાથોની કમાઈ વડે ખાય[૧]*** *અલ્લાહના નબી હઝરત દાઉદ عليه السلام પોતાના હાથોના અમલથી ખાતા હતા.[૨]'' (બુખારી)*

૧. હાથોથી મુરાદ પૂરી જાત છે. હાથથી કમાય કે પગો વડે અથવા આંખ અથવા ઝબાનથી, સારાંશ કે પોતાની શક્તિ વડે હલાલ રોજી કમાઈ. રબ તઆલા ફર્માવે છે : فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ (તે એના કારણે છે જે તમારા હાથોએ કમાયુ : સૂ. શૂરા, ૪૨/૩૦) અહીં પણ ايدى એટલે હાથોથી જાત જ મુરાદ છે. મક़સદ એ છે કે અન્યોની કમાઈ પર પોતાનો ગુજારો ન કરે, ખુદ મહેનત કરે.

૨. એટલે તેમ છતાં કે આપ બાદશાહ હતા પણ આપે કદી ખજાનાથી પોતાના માટે ખર્ચ ન કર્યો બલ્કે રોજ એક બખ્તર બનાવતા હતા જેને છ હજાર દિરહમમાં વેચતા હતા. બે હજાર પોતાનાં બીવી બચ્ચાં પર ખર્ચ કરતા હતા

અને ચાર હજાર બની ઈસ્રાઈલના ફકીરો ગરીબોમાં ખૈરાત કરતા હતા. (મિર્કાત) ઉલમા ફર્માવે છે કે જરૂરત પૂરતી કમાણી કરવી ફર્ઝ છે અને અધિક કમાવું મુબાહ, અને ફખ્ર તથા માલની અધિકતા માટે કમાવું મકરૂહ છે.

અલ્લાહ તઆલા પાક માલને કબૂલ કરે છે

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા તૈયબ (પાક) છે અને તૈયબને જ કબૂલ કરે છે. અને અલ્લાહ તઆલાએ મુસલમાનોને એ ચીજનો હુકમ આપ્યો જેનો અંબિયાએ કિરામને હુકમ આપ્યો.[૨] ફર્માવ્યું, હે નબીઓ! તૈયબ (પાક) તથા સ્વાદિષ્ટ ચીજો ખાવ અને નેક અમલો કરો[૩] અને રબ તઆલાએ ફર્માવ્યું, હે ઈમાનવાળાઓ! અમારી આપેલી પાકીઝા તથા સ્વાદિષ્ટ રોજી ખાવ[૪] પછી વર્ણવ્યું કે ***માણસ પરેશાન હાલ ધૂળમાં ભરાયેલા વાળો સાથે લાંબી લાંબી સફરો કરે છે. આસ્માનની તરફ હાથ ઉઠાવી ઉઠાવીને કહે છે, હે રબ ! હે રબ ! અને તેનું ખાવા હરામ અને પીવુ હરામ, લિબાસ હરામ અને હરામનુ ખાવા પામે છે[૫] તો એ કારણોસર દુઆ કેવી રીતે કબૂલ થાય.[૬]*** *" (મુસ્લિમ)*

★ હદીષ : (૨)-૨૭૬૦ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ اللَّهَ طَيِّبٌ لَا يَقْبَلُ إِلَّا طَيِّبًا وَأَنَّ اللَّهَ أَمَرَ المؤْمنينَ بِمَا أمرَ بِهِ المرسَلينَ فَقَالَ: (يَا أَيُّهَا الرُّسُلُ كُلُوا مِنَ الطَّيِّبَاتِ واعْمَلوا صَالحا)وَقَالَ: (يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا كُلُوا مِنْ طَيِّبَاتِ مَا رَزَقْنَاكُمْ)ثُمَّ ذَكَرَ الرَّجُلَ يُطِيلُ السَّفَرَ أَشْعَثَ أَغْبَرَ يَمُدُّ يَدَيْهِ إِلَى السَّمَاءِ: يَا رَبِّ يَا رَبِّ وَمَطْعَمُهُ حَرَامٌ وَمَشْرَبُهُ حَرَامٌ وَمَلْبَسُهُ حَرَامٌ وَغُذِّيَ بِالْحَرَامِ فَأَنَّى يُسْتَجَابُ لِذَلِكَ؟ ". رَوَاهُ مُسْلِمٌ

૧. એટલે કે રબ તઆલા બેઅયબ છે, અને બેઅયબ સદકાઓ અને ખામીથી મુક્ત ઈબાદતોને કબૂલ કરે છે.

★ સુન્નત સમજી હલાલ કમાઈ કરવી ★

૨. એટલે હલાલ કમાઈ અને પાકીઝા રોજી કમાવી એવો મુબારક ધંધો છે જેમાં રબ તઆલાએ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام તથા આમ લોકોને એકત્ર કરી આપ્યા છે. જેથી આ ખુદાવંદી હુકમ પણ છે અને સુન્નતે મુસ્તફવી પણ છે, અને અંબિયાની સુન્નત પણ છે. એટલે **હલાલ કમાઈ સુન્નત સમજીને કરવી જોઈએ. એમાં દુનિયાની ઈજ્જત પણ છે અને આખેરતની કામયાબી પણ છે.**

★ હલાલ કમાણીના વિવિધ અંબિયા عَلَيْهِمُ السَّلَامના ધંધા વિશે ★

૩. કયાંક તો મીષાકના દિવસે રબ તઆલાએ નબીઓને આ આ સંબોધન (ખિતાબ) એક જ સમયે કર્યું હતું અથવા દરેક નબીને તેમના જમાનામાં આ સંબોધન થયું જે કુર્આને કરીમમાં નકલ કરવામાં આવ્યું અને હુઝૂરે અન્વર ﷺ ને સંભળાવવામાં આવ્યું જેથી જાણ થાય કે રહબાનિયત (સન્યાસીપણુ) અને દુનિયાનો ત્યાગ ન ઈસ્લામમાં છે ન પહેલાં કોઈ નબીના દીનમાં હતું. જેમ કે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامએ વિવિધ ધંધા અપનાવ્યા, કોઈએ ચંદાઓ કે સવાલ કરવા પર જિંદગી નથી ગુજારી, મિઝ્રા ફાદયાની સિવાય ! આદમ عليه السلام પ્રથમ કપડાં બનાવવાં પછી ખેતીવાડી કરતા હતા. નૂહ عليه السلام લાકડાંનો ધંધો, ઈદરીસ عليه السلام ટેઈલરીંગનો ધંધો તથા હૂદ તથા

સાલેહ عليه السلام વેપાર, ઈબ્રાહીમ عليه السلام ખેતીવાડી કરતા હતા, શોએબ عليه السلام જાનવર પાળતા હતા, લૂત عليه السلام ખેતીવાડી, મૂસા عليه السلامએ બકરીઓ ચરાવવાનો, દાઊદ عليه السلام બખ્તર બનાવતા, સુલૈમાન عليه السلام એટલા મોટા દેશના માલિક થઈને પંખા તથા ઝંબીલો બનાવીને ગુજારો કરતા હતા. ઈસા عليه السلام હમેશાં સૈયાહી (સૈર) કરતા હતા. આપણા હુઝૂરે અન્વર ﷺએ શરૂમાં વેપાર પછી જેહાદ કર્યા. *(ઈસ્લામી જિંદગી)*

★ અલ્લાહ તઆલા પાક છે ગંદી ચીજો નાપસંદ કરે છે ★

૪. તૈયબ (પાક) ખબીષ (ગંદા)નું વિરૂધ્ધાર્થી છે. હલાલ, પાક, તતીફ, પસંદીદા, શરઈ ચીજ તૈયબ છે. અલ્લાહ તઆલા તૈયબ છે કે ખબીષ (ગંદી) ચીજો નાપસંદ કરે છે સર્વ ગૈર કમાલિયા સિફતોથી પાક છે. મુસલમાનોને હુકમ આપ્યો કે જાહેરી તથા બાતિની નજાસતથી દૂર રહે, નેક અમલો કરે, ચીજો માણસના માટે છે અને માણસ રહમાનના માટે.

૫. એટલે કે **બચપનથી જ હરામમાં પોષણ પામ્યો અને યુવાન થઈને હરામ કમાઈ કમાણી જ કરી જેનાથી ખોરાક, લિબાસ હરામનો જ રહ્યો.**

★ દુઆ કબૂલ ક્યારે થાય ? હલાલ રોજી અને સાચા બોલી ★

૬. અહીં સંબોધનની દિશા ક્યાં તો હરામખોર હાજી અથવા ગાઝીની તરફ છે, એટલે કે હરામ કમાઈથી હજ કે જંગ કરવા ગયો, પરેશાન હાલ વેરવિખેર બાલોવાળો રહ્યો. કા'બા મોઅઝ્ઝમા અથવા જેહાદના મેદાનમાં દુઆઓ માગી પણ કબૂલ ન થઈ કેમ કે રોજી હરામ હતી. જ્યારે એવા હાજી તથા ગાઝીની દુઆ પણ કબૂલ નથી તો બીજાઓનું શું કહેવું ?! સૂફીઓ ફર્માવે છે કે **દુઆના બે બાઝૂ એટલે પાંખો** છે હલાલ રોજી અને સાચા બોલી હોવું. જો એનાથી દુઆ ખાલી હોય તો કબૂલ નથી થતી. તકવાનું પ્રથમ પગથિયું હલાલ રોજી છે. **હરામથી બચવું અવામનો તકવો છે, શંકાસ્પદ ચીજોથી બચવું ખાસ લોકોનો તકવો છે, ગુનાહના ઝરીયાઓથી બચવું સિદ્દીકોનો તકવો છે,** અલ્લાહ નસીબ કરે. (આમીન)

★ બેકરારીની હાલતમાં મુરદાર ખાવા વિશે ★

જે હરામ ચીજોમાં ફસાય જાય અને લાચાર થઈ જાય તો બીજાની તુલનામાં જે ઓછુ હોય તેને પૂરતુ માને. જેમ કે ઈઝતેરારની હાલતમાં (મરવાને આડે હોય) જો મુરદાર બકરી પણ હોય અને ગધેડો પણ હોય તો બકરી ખાયને જાન બચાવે, અને જો કૂતરો અને સુવ્વર જ મયસ્સર હોય અને ભૂખથી જાન નીકળી રહી હોય તો કૂતરાથી જાન બચાવી લે અને સુવ્વરને હાથ ન લગાડે. *(મિર્કાત)*

★ હદીષ : (3)-૨૭૬૧ ★
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَأْتِي عَلَى النَّاسِ زَمَانٌ لَا يُبَالِي الْمَرْءُ مَا أَخَذَ مِنْهُ أَمِنَ الْحَلَالِ أم من الْحَرَام» . رَوَاهُ الْبُخَارِيّ

"તેમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે લોકોમાં એક એવો જમાનો આવશે કે ઈન્સાન પરવા ન કરશે, ક્યાંથી લીધુ, હલાલથી કે હરામથી.[૧]" (બુખારી)

★ આખર જમાનામાં લોકો દીનથી બેપરવા થઈ જશે ★

૧. એટલે આખર જમાનામાં લોકો દીનથી બેપરવા થઈ જશે. પેટની ફિકરમાં દરેક રીતે ફસાય જશે. આવક વધારવામાં, માલ ભેગો કરવાની ફિકર કરશે. દરેક હરામ તથા હલાલ લેવા માટે દીલેર થઈ જશે, જેવું કે આજકાલની આમ હાલત છે. સૂફીઓ ફર્માવે છે કે **એવો બેપરવા માણસ કૂતરાથી બદતર છે કે કૂતરો સૂંઘીને ચીજ મોંમાં નાખે છે પણ આ વિના તેહકીક્ર** વિચાર્યા સમજ્યા વિના જ ખાય લે છે !

''હઝરત નોઅમાન ઈબ્ને બશીર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હલાલ પણ જાહેર છે અને હરામ પણ જાહેર છે, અને એમના દરમિયાનમાં અમુક શંકાસ્પદ ચીજો છે જેને ઘણા લોકો નથી જાણતા[૨] જે શંકાસ્પદ ચીજોથી બચશે તે પોતાનો દીન અને પોતાની આબરૂ બચાવી લેશે અને જે શંકાસ્પદમાં પડશે તે હરામમાં પડી જશે.[૩] જેવી રીતે જે ચરવાહો શાહી ચરાગાહની આસપાસ ચરાવે તો નજીક છે કે એમાં જાનવર ચરી લે.[૪] સાવધાન રહો કે દરેક બાદશાહની ચરાગાહ હોય છે અને અલ્લાહની નિશ્ચિત કરેલી ચરાગાહ તેના મુહર્રમાત (જેનાથી મના કરેલ) છે. જાણી લો કે શરીરમાં એક ટુકડો ગોશ્ત છે, જ્યારે તે ઠીક થઈ જાય તો આખુ શરીર ઠીક થઈ જાય છે અને જ્યારે તે બગડી જાય તો તમામ શરીર બગડી જાય છે, ખબરદાર ! તે દિલ છે.[૫]'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧)-૨૭૬૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ النُّعْمَانِ بْنِ بَشِيرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْحَلَالُ بَيِّنٌ وَالْحَرَامُ بَيِّنٌ وَبَيْنَهُمَا مُشْتَبِهَاتٌ لَا يَعْلَمُهُنَّ كَثِيرٌ مِنَ النَّاسِ فَمَنِ اتَّقَى الشبهاب استبرأَ لدِينِهِ وعِرْضِهِ ومَنْ وقَعَ فِي الشُّبُهَاتِ وَقَعَ فِي الْحَرَامِ كَالرَّاعِي يَرْعَى حَوْلَ الْحِمَى يُوشِكُ أَنْ يَرْتَعَ فِيهِ أَلَا وَإِنَّ لِكُلِّ مَلِكٍ حِمًى أَلَا وَإِنَّ حِمَى اللَّهِ مَحَارِمُهُ أَلَا وَإِنَّ فِي الْجَسَدِ مُضْغَةً إِذَا صَلَحَتْ صَلَحَ الْجَسَدُ كُلُّهُ وَإِذَا فَسَدَتْ فَسَدَ الْجَسَدُ كُله أَلا وَهِي الْقلب»

૧ : بُشَيْر એ زُبَيْر ના વઝન પર છે. આપ ખૂબ જ નાની વયના સહાબી છે. હિજરતથી ૧૪ મહીના બાદ પેદા થયા. આપ અન્સારમાં પ્રથમ બાળક છે જે પેદા થયા. જેવી રીતે મુહાજિરોમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર પ્રથમ બાળક છે. હુઝૂર ﷺની વફાતના સમયે આઠ વરસ સાત મહીનાના હતા. કૂફામાં વસવાટ રહ્યો. અમીર મુઆવિયા رضی اللہ عنہ તરફથી ઈરાકના હાકિમ હતા. જ્યારે હઝરત ઈમામ હુસૈન મુસ્લિમ બિન અકીલ رضی اللہ عنہ ને કૂફા મોકલ્યા તો આપ એ વખતે યઝીદ ઈબ્ને મુઆવિયા رضی اللہ عنہ તરફથી કૂફાના હાકિમ હતા. આપે હઝરત મુસ્લિમ رضی اللہ عنہ સાથે કોઈ ટકરાવ ન કર્યો એટલા માટે યઝીદે આપને બરતરફ કરી દીધા અને ઓબેદુલ્લાહ ઈબ્ને ઝિયાદને નિયુક્ત કર્યો. જ્યારે ઈમામ હુસૈન رضی اللہ عنہ નું સર મુબારક કૂફાથી શામ મોકલવામાં આવ્યું એ વખતે અહલે બયત પર આજ નોઅમાન નિયુક્ત હતા. આપે માર્ગમાં એહલે બયતની ખૂબ જ ખિદમતો કરી, અને અહલે બયતે અત્હારે આપને ખૂબ જ દુઆઓ આપી. *(અશિઅહ)*

★ ચીજોના ત્રણ પ્રકાર : હલાલ, શંકાસ્પદ ★

૨ : આ હદીષ ઉસૂલે દીનની અસલ છે. એનો મતલબ એ છે કે **ચીજો ત્રણ પ્રકારની છે** : તદ્દન હલાલ જેનું હલાલ હોવું નસથી સાબિત છે. તદ્દન હરામ જેની હુર્મત નસથી સાબિત છે. જેમ કે મુહર્રમાત (હરામ ચીજો) તથા

ફવાહિશ (બુરાં કામો) અને મુશ્તબહાત (શંકાસ્પદ ચીજો) જેમાં હિલ્લત (હલાલ હોવું) અને હુર્મત (હરામ હોવું)ની દલીલો ટકરાય રહી છે, અથવા હિલ્લત તથા હુર્મતની દલીલ નથી, તો **અસલ હલાલ પર અમલ કરો, અસલ હરામથી જરૂરથી બચો અને શંકાસ્પદ ચીજોથી સાવચેતી માટે બચો, કે કદાચ હરામ હોય.** પણ જેના હિલ્લતની અસલ મૌજૂદ હોય તે શંકાસ્પદ નથી. તેમને હરામ સમજવી તદ્દન બાતિલ વહેમ છે, જેથી એવું નથી કહી શકતા કે કેમ કે મીલાદ શરીફ, બુઝુર્ગાને દીનના ઉર્સને અમુક ઉલમા હરામ પણ કહે છે જેથી એ શંકાસ્પદ ચીજોમાંથી છે. *(અઝ : મિર્કાત)*

૩. જે શખ્સ મુશ્તબહાત (શંકાસ્પદ ચીજો)થી પરહેઝ ન કરશે તે છેવટે મુહર્રમાતમાં ફસાઈ જશે, એટલા માટે મુશ્તબહાતથી બચો.

★ શંકાસ્પદમાં પડનાર કદીક હરામમાં પડે છે ★

૪. શાહી ચરાગાહમાં જાનવર ચરાવવું સખત જુર્મ હોય છે. હોશિયાર ચરવાહાઓ શાહી ચરાગાહથી દૂર જ રહે છે કે જેથી કોઈ જાનવર બેકાબુ બનીને એ ચરાગાહમાં ન ઘુસી જાય અને અમે મુજરિમ બની જઈએ, પણ નિષ્કાળજીવાળા ચરવાહાઓ ત્યાં નજીક પહોંચી જાય છે અને છેવટે તેમનું જાનવર ત્યાં ઘુસી જાય છે અને છેવટે તેઓ મુજરિમ ઠરીને પકડાય જાય છે. એ જ પ્રમાણે શંકાસ્પદમાં પડનારો ક્યારેક હરામમાં પણ સપડાય જશે. તમે ચરવાહા છો અને નફ્સ બેસમજ જાનવર છે અને શરીઅતમાં હરામ કરેલ ચીજો શાહી ચરાગાહ છે અને શંકાસ્પદ ચીજો એ ચરાગાહથી અડીને આવેલી જમીન છે.

★ દિલ બરાબર છે તો પૂરુ શરીર દુરુસ્ત ★

૫. એટલે કે દિલ બાદશાહ છે અને શરીર તેની પ્રજા છે. જેવી રીતે બાદશાહના ઠીક થઈ જવાથી સર્વ દેશ ઠીક થઈ જાય છે, એવી જ રીતે દિલ સંભલી જવાથી સર્વ શરીર ઠીક થઈ જાય છે. દિલ ઈરાદો કરે છે, શરીર તેના પર અમલની કોશિશ કરે છે કે દિલમાં બુરા ઈરાદા ન પેદા થાય. એટલા માટે સૂફિયાએ કિરામ દિલની સુધારણા પર ખૂબ જ ભાર મૂકે છે. **સૂફીઓ ફર્માવે છે કે દિલને તેની મંઝિલોમાં રાખો. તેની મંઝિલ ફર્ઝ, વાજિબ, સુન્નત, મુસ્તહબ, મુબાહના આદાબ છે. એ હદોમાં રહ્યું તો ભલાઈ છે. આગલી મંઝિલો ખતરનાક છે જેથી એ બાજુ ન જવા દો. આગલી મંઝિલો મકરૂહે તન્ઝીહી, મકરૂહે તહરીમી, હરામ તથા કુફ્ર છે. મકરૂહે તન્ઝીહીથી બચાવો જેથી આગળ વધવાની હિંમત ન કરે.**

★ હદીષ : (૫)-૨૭૬૩ ★
وَعَنْ رَافِعِ بْنِ خَدِيجٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «ثَمَنُ الْكَلْبِ خَبِيثٌ وَمَهْرُ الْبَغِيِّ خَبِيثٌ وَكَسْبُ الْحَجَّامِ خَبِيثٌ» . رَوَاهُ مُسلم

''હઝરત રાફેઅ ઈબ્ને ખબીષ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કૂતરાની કિંમત ખબીષ (બુરી, નાલાયક) છે અને ઝાનિયાની ખર્ચી હરામ અને ફસ્દ લેનાર (લોહી ચૂંસનારા)ની મજૂરી ખબીસ છે.[૨]'' (મુસ્લિમ)

૧. આપ મશહૂર અન્સારી સહાબી છે. ગઝવએ બદરમાં સગીર વયના હોવાના કારણે શરીક ન થઈ શક્યા. બાકી ઓહદ વગેરે તમામ ગઝવાતમાં શરીક રહ્યા. ગઝવએ ઓહદમાં તીરથી ઝખ્મી થયા તો હુઝૂરે અન્વર ﷺએ

ફર્માવ્યું કે હું તમારા ઝખ્મ તથા ઈમાનનો ગવાહ છું. એ જ ઝખ્મ અબ્દુલ મલિક ઈબ્ને મરવાનના જમાનામાં ફરી ઉભર્યો અને એ ઝખ્મથી હિ.સ. ૭૪માં ૮૬ વરસની વયે મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. આપના થકી ઘણી બધી હદીષો રિવાયત પામેલી છે.

★ પાક તથા ગંદા (ખબીષ)નાં અર્થો–પ્રકારો ★

૨. ખબીષ (ગંદુ, નાપાક) એ તૈયબ (પાક)નું વિરોધાભાષી છે. તૈયબના બે અર્થો છે, હલાલ તથા ઉમદા. જેથી એના સામે ખબીષના પણ બે અર્થો છે, હરામ તથા ખબીષ. રંડીની ઝિનાની મજૂરી, જે એકમતીએ હરામ છે, અને ફસ્દ લેનારીની ઉઝરત (મજૂરી) એકમતીએ નાપસંદ અથવા મકરૂહ છે. કૂતરાની કિંમતમાં મતભેદ છે. ઈમામ શાફઈને ત્યાં હરામ છે, આપણે ત્યાં હલાલ છે પણ નાપસંદીદા. જેથી ખબીષ શબ્દ અહીં સામાન્ય તરીકા પ્રમાણે સંયુક્તપણે બંનેવ અર્થોમાં વપરાયો. હુઝૂર ﷺએ ખુદ ફસ્દ લઈને (લોહી ચૂંસાવીને, હિજામા કરાવીને) તેની મજૂરી અતા કરી અને અહીં ખબીષ કહ્યું એ નાપસંદીદાના અર્થમાં છે. તે અમલ જાઈઝ હોવું વર્ણવવા માટે હતો અને આ ફર્માન કરાહતના માટે છે, જેથી હદીષોમાં કોઈ ટકરાવ નથી.

''હઝરત અબૂ મસ્ઊદ અન્સારી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ કૂતરાની કિંમત[૧] ઝાનિયાની ખર્ચી અને નઝૂમીની મીઠાઈથી મના કર્યું[૨]'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૬)–૨૭૬૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي مَسْعُودٍ الْأَنْصَارِيِّ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ ثَمَنِ الْكَلْبِ وَمَهْرِ الْبَغِيِّ وَحُلْوَانِ الْكَاهِنِ

૧. ઈમામ અબૂ હનીફાને ત્યાં આ મનાઈ તો તન્ઝીહી છે અથવા એ સમયની છે જ્યારે કૂતરો પાળવો ઈસ્લામમાં મુત્લક્ન મના હતો. જ્યારે શિકાર તથા હિફાઝતના માટે એની ઈજાઝત થઈ ગઈ તો એ મનાઈ પણ મન્સૂખ થઈ ગઈ. ઈમામ શાફઈ તથા અન્ય ઈમામોને ત્યાં હજી પણ કરાહતે તહરીમી બાકી છે. પાગલ કૂતરાની કિંમત આપણે ત્યાં પણ મના છે કે તે માલના નફાને પાત્ર નથી **જેમ કે ગંદુ ઇંડુ માલ નથી.**

★ ઝાનિયાની વ્યભિચારની તથા જ્યોતિષની મજૂરી હરામ ★

૨. ''મહરે બગ્ી''થી મુરાદ ઝાનિયાની ઝિનાની મજૂરી છે અને જ્યોતિષની મીઠાઈથી મુરાદ તેના ફાલ ખોલવાની, ગયબી વાતો બતાવવાની અથવા હાથ જોઈને તક્દીર બતાવવાની મજૂરી છે. કેમ કે એ મજૂરી વિના મહેનતે હાંસલ થાય છે એટલા માટે એને મીઠાઈ કહી. આ બંનેવ મજૂરીઓ એકમતીએ હરામ છે કે એ બંનેવ કામ હરામ છે, જેથી એની મજૂરી પણ હરામ છે.

''હઝરત અબૂ જુહૈફા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺએ લોહીની કિંમત, કૂતરાની કિંમત અને ઝાનિયાની કમાણીથી મના કર્યું[૨] અને વ્યાજ ખાનારા અને ખવડાવનારા[૩] અને ટેટૂ બનાવનારી બનાવી આપનારી[૪] અને ફોટો પડાવનારા પર લઅનત ફર્માવી.[૫]'' (બુખારી)

★ હદીષ : (૭)–૨૭૬૫ ★

وَعَنْ أَبِي جحيفة أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ ثَمَنِ الدَّمِ وَثَمَنِ الْكَلْبِ وَكَسْبِ الْبَغِيِّ وَلَعَنَ آكِلَ الرِّبَا وَمُوكِلَهُ وَالْوَاشِمَةَ وَالْمُسْتَوْشِمَةَ وَالْمُصَوِّرَ. رَوَاهُ الْبُخَارِيّ

૧. આપ નાની વયના સહાબીઓમાંથી છે. હુઝૂરે અન્વર ﷺની વફાતના સમયે નાબાલિગ હતા પરંતુ હુઝૂરે અન્વર ﷺથી કલામ મુબારક સાંભળેલ છે. કૂફામાં વસવાટ કર્યો.

૨. લોહીની કિંમતથી મુરાદ ક્યાં તો લોહી કાઢવાની મજૂરી છે એટલે ફસ્દ ખોલવાની (હિજામા કરાવવાની) અથવા ખુદ લોહીની કિંમત છે. લોહી નાપાક છે, કોઈનું પણ હોય માણસનું કે જાનવરનું, તેની કિંમત હરામ છે. લોહીનો વેપાર જ હરામ છે કે લોહી નાપાક છે. આજકાલ જે માણસોનું લોહી ખરીદવામાં આવે છે અથવા બીજા માણસમાં દાખલ કરવામાં આવે છે, સૌ હરામ છે કે માણસના અંગોનું (અંશોનું) વેચાણ કરવું તથા બીજાએ તેનો ઉપયોગ કરવો મના છે. હા ! જો નિષ્ણાત ડોક્ટર કહે કે આ બીમારીની શિફા લોહી આપ્યા સિવાય અન્ય કોઈ ચીજથી નથી તો એવું જ જાઈઝ થશે જેવી રીતે કે કાનના દર્દમાં કદી સ્ત્રીનું દૂધ કાનમાં ટપકાવવું દુરૂસ્ત હોય છે, જેમ કે અલ્લામા શામી વગેરેએ ફર્માવ્યું.

૩. વ્યાજ લેવું દેવું બંને હરામ છે અને લઅનતનો સબબ છે, જો કે વ્યાજ લેવું અધિક જુર્મ છે કે એમાં ગુનોહ પણ છે અને કરજદાર પર બલ્કે તેમનાં બાળકો પર જુલ્મ પણ. મતલબ અલ્લાહનો હક્ક તથા બંદાઓનો હક્ક એમાં બંનેવ ભેગા છે.

★ શરીર પર ટેટુ બનાવવું મના છે ★

૪. ગુદને ગુદાનેવાલી (ટેટુ બનાવનારી તથા બનાવી દેનારી)થી મુરાદ સોઈના વડે નીલ અથવા સુરમો શરીરમાં લગાડીને ડિઝાઈન અંકિત કરાવવી અથવા પોતાનું નામ લખાવવું એ બંને કામ મના છે. મુશ્રિકોનો તરીકો છે અને કાફિરો તથા ફાજિરોનો તરીકો છે.

★ જાનદારનો ફોટો પાડવો હરામ ★

૫. જાનદારનો ફોટો લેવો (પાડવો) હરામ છે, ચાહે કલમથી હોય કે કેમેરાથી, ફોટો લેનાર પર લઅનત ફર્માવવાથી જાણવા મળ્યું કે ખેંચાવનાર પર લઅનત નથી કરી. જો કોઈનો બેખબરીમાં ફોટો લઈ લેવામાં આવ્યો તો જાહેર છે કે તે નિર્દોષ છે, અને જો ઈરાદાપૂર્વક ખેંચાવ્યો તો ખેંચાવવો મના છે કે એ જુર્મ (ગુનાહ) પર મદદ કરવું છે.

★ હદીષ : (૮)-૨૭૬૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ أَنَّهُ سَمِعَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ عَامَ الْفَتْحِ وَهُوَ بِمَكَّةَ: «إِنَّ اللَّهَ وَرَسُولَهُ حَرَّمَ بَيْعَ الْخَمْرِ وَالْمَيْتَةِ وَالْخِنْزِيرِ وَالْأَصْنَامِ» . فَقِيلَ: يَا رَسُولَ اللَّهِ أَرَأَيْتَ شُحُومَ الْمَيْتَةِ؟ فَإِنَّهُ تُطْلَى بِهَا السُّفُنُ وَيُدْهَنُ بِهَا الْجُلُودُ وَيَسْتَصْبِحُ بِهَا النَّاسُ؟ فَقَالَ: «لَا هُوَ حَرَامٌ» . ثُمَّ قَالَ عِنْدَ ذَلِكَ: «قَاتَلَ اللَّهُ الْيَهُودَ إِنَّ اللَّهَ لَمَّا حَرَّمَ شُحُومَهَا أَجْمَلُوهُ ثُمَّ بَاعُوهُ فَأَكَلُوا ثَمَنَهُ»

*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺને ફતહના વર્ષે જ્યારે આપ મક્કા મોઅઝ્ઝમામાં હતા, ફર્માવતાં સાંભળ્યા કે, **અલ્લાહ તથા તેના રસૂલે શરાબ, મુરદાર, સુવ્વર તથા મૂર્તિઓના વેપારને હરામ કર્યો**[1] અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ મુરદારની ચરબીઓના વિશે તો ફર્માવો, એનાથી તો કશ્તીઓ (નાવડીઓ) મલવામાં આવે છે, તેમના ચામડાં રંગવામાં આવે છે, લોકો એનાથી દીવા સળગાવે છે.[2] તો ફર્માવ્યું, નહીં ! તે હરામ છે[3] પછી એક મોકા પર ફર્માવ્યું, યહૂદીઓને ખુદા ગારત કરે જ્યારે અલ્લાહે મુરદારની ચરબી હરામ*

કરી તો તેમણે તેને ઓગાળી પછી તેને વેચી અને તેની કિંમત ખાધી.૪" (મુસ્લિમ, બુખારી)

★ પ્રવાહી નશાકારક ચીજો મુત્લક़ન હરામ તથા અન્ય મસ્અલા ★

૧. પાતળી નશાકારક ચીજ ચાહે શરાબ દ્રાક્ષની હોય કે ખજૂર વગેરેની અથવા તાડી અથવા કોઈ અન્ય ચીજ મુત્લક़ન હરામ છે, નશો આપે કે ન આપે. એના પર ફત્વો છે. એ સૌનો વેપાર પણ હરામ છે, સૂકી નશાકારક ચીજો જેમ કે **ભાંગ, અફીણ વગેરેનો ઉપયોગ નશા માટે હરામ છે** અને દવાઓમાં જ્યારે કે નશો ન આપે તો હલાલ, જેથી એનો વેપાર હલાલ છે કેમ કે એનાથી ફાયદો ઉઠાવવો પણ હલાલ છે. મુરદારથી મુરાદ તે મરેલુ જાનવર છે જે ઝબહ કર્યા વિના ખાય નથી શકાતુ. જેથી મરેલી માછલીનો વેપાર દુરુસ્ત છે. **મૂર્તિઓનો વેપાર ચાહે ફોટાના રૂપમાં હોય કે પૂતળુ હોય, હરામ છે.** જેમ કે હનુમાન, ભવાની રાયચંદ્ર વગેરેનાં પૂતળાં, અથવા ફોટા તેમનો વેપાર હરામ છે. **બાળકોનાં રમકડાં, ટીંગલીઓ વગેરેનો વેપાર હરામ નથી કેમ કે એ મૂર્તિઓ નથી.**

૨. પ્રશ્નકર્તાનો હેતુ એ હતો કે જો મુરદારની ચરબીનો વેપાર અથવા તેનો ઉપયોગ બંધ કરી દેવામાં આવે તો ઘણા બધાં જરૂરી કામો બંધ થઈ જશે, જેથી તેની ઈજાઝત આપવામાં આવે.

★ મુરદારની ચરબી હરામ ★

૩. એટલે કે મુરદારની ચરબીનો ઉપયોગ હરામ છે. (હનફી) અથવા તેનો વેપાર હરામ છે. (શાફઈ) અહનાફને ત્યાં મુરદારની ચરબી, સાબુ, દીવો અથવા ચામડામાં વાપરવી એ હરામ છે. નાપાક તેલ વેચી પણ શકાય છે અને એ જગાઓ પર વાપરી પણ શકાય છે. **કાફિરની લાશ વેચવી હરામ છે. જેમ કે નૌફલ મખ્ઝૂમી ગઝવએ ખંદકમાં માર્યો ગયો હતો. કાફિરોએ દસ હજાર દિરહમમાં તેની લાશની કિંમત ઓફર કરી. હુઝૂર ﷺએ ના પાડી દીધી.** એ જ પ્રમાણે **નાપાક મદ્ય, નાપાક દૂધ, નાપાક ખાણુ જાનવરને ખવડાવી દેવું જાઈઝ છે** પણ મુરદારની ચરબી એમાંથી કોઈ જગાએ ખર્ચ નથી કરી શકતા. (મિર્ક़ાત તથા અશિઅ્હ) નાપાક તેલનો દીવો મસ્જિદમાં સળગાવવો મના છે. *(લમ્આત વ અશિઅ્હ)*

૪. મિશ્કાતના સામાન્ય નુસ્ખાઓમાં شحومها વાહિદ મુઅન્નષ (એકવચન સ્ત્રી વાચક)ની ઝમીરથી છે તેનો મરજઅ મૈયત છે. અમુક નુસ્ખાઓમાં شحومهما છે તષ્નિયાની ઝમીરથી તેનો મરજઅ ગાય બકરી છે કે તેમની ચરબીઓ યહૂદીઓ પર હરામ હતી. રબ તઆલા ફર્માવે છે : وَمِنَ الْبَقَرِ وَالْغَنَمِ حَرَّمْنَا عَلَيْهِمْ شُحُوْمَهُمَآ (અને ગાય અને બકરીની ચરબી તેમના પર હરામ કરવામાં આવી. સૂ. અન્આમ, ૬/૧૪૬) એટલે કે યહૂદીઓ પર મુરદારની અથવા ગાય બકરીની ચરબી હરામ કરવામાં આવી તો તેમણે તેને ઓગાળીને વેચી અને કિંમત વાપરી. બોલ્યા કે અમે ચરબી નથી ખાધી બલ્કે ઓગળેલી ચરબીની કિંમત ખાધી. જાણવા મળ્યું કે **હરામનો હીલો પણ હરામ છે. હા ! હરામથી બચવા માટે હીલો કરવો સારો છે.** (લમ્આત, મિર્ક़ાત, અશિઅ્હ) મુસલમાન જરૂરત પર હરામથી બચવાનો હીલો કરે છે.

''હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, યહૂદીને ખુદા ગારત કરે[૧] તેમના પર ચરબી હરામ થઈ તો તેમણે તેને ઓગાળી પછી વેચી.[૨]'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૯)-૨૭૬૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسلم قَالَ: «قَاتَلَ اللَّهُ الْيَهُودَ حُرِّمَتْ عَلَيْهِمُ الشُّحُومُ فجملوها فَبَاعُوهَا»

૧. આ કલમો બદદુઆ માટે છે અથવા ગઝબ પ્રદર્શિત કરવા માટે છે. એમાં મુસલમાનોને બતાવવામાં આવી રહ્યું છે કે તમે મુરદારની ચરબી આ રીતે ઉપયોગમાં લીધી તો તમે પણ મારી બદદુઆના મુસ્તહિક્ થશો. એનાથી સખત પરહેઝ કરો.

★ મુરદારનું ચામડુ પકાવીને કામ આવી શકે ★

૨. યહૂદી કાચી ચરબીને શહમ અને પીગળેલીને વદક કહેતા હતા. તેમણે કહ્યું, અમારા માટે શહમ હરામ છે વદક્ હરામ નથી. વળી અમે વદક પણ નથી વાપરતા બલ્કે એની કિંમત કામમાં લાવીએ છીએ. યાદ રાખશો કે **મુરદારનું ચામડુ પકાવીને કામમાં આવી શકે છે પણ ચરબી ઓગાળીને પણ કામમાં નથી આવી શકતી.** આ હદીષમાં ચરબીનો એ જ હુકમ બતાવવાનો હેતુ છે.

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ કૂતરા અને બિલાડીની કિંમત પણ મના કરી.[૧]'' (મુસ્લિમ)

★ હદીષ : (૧૦)-૨૭૬૮ ★

وَعَنْ جَابِرٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ ثَمَنِ الْكَلْبِ وَالسِّنَّوْرِ. رَوَاهُ مُسلم

૧. ક્યાં તો કૂતરા, બિલાડીથી મુરાદ બિનલાભકારક કૂતરાં બિલાડી હોય, જેમ કે પાગલ કૂતરુ, જંગલી બિલાડી કે જો તેને બાંધીને રાખો તો ઉંદરોનો શિકાર ન કરી શકે અને જો ખોલી દો તો નાસી છૂટે. અથવા મુત્લક્ કૂતરો બિલાડી મુરાદ છે અને ''નેહી'' (રોકવું) તન્ઝીહી કરાહતના માટે છે. એટલે કે એમને વેચવું અયોગ્ય છે. આ જાનવર તો આમ જ ભેટ રૂપે આપી દેવાં જોઈએ. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે કે કૂતરાનું વેચાણ જાઈઝ છે, કેમ કે બિલાડીનું વેચાણ તમામ ઈમામોને ત્યાં દુરૂસ્ત છે અને મનાઈમાં કૂતરા બિલાડી બંનેવને મિલાવી દેવામાં આવેલ છે. જાણવા મળ્યું કે કૂતરાનું વેચાણ કરવું પણ બિલાડીની જેમ જાઈઝ છે. પણ અયોગ્ય છે. આ હદીષ સહીહ છે.

હિજામાની મજૂરી જાઈઝ છે

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અબૂ તયબહએ રસૂલુલ્લાહ ﷺની ફસ્દ લીધી (લોહી ચૂસ્યું) તો હુઝૂરે તેના માટે એક સાઅ ખજૂરોનો હુકમ આપ્યો[૧] અને તેના માલિકોને હુકમ આપ્યો તો તેમણે તેના ભરપાઈ કરવાના વઝીફામાં કમી કરી આપી.[૨]'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૧)-૨૭૬૯ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: حَجَمَ أَبُو طَيْبَةَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَمَرَ لَهُ بِصَاعٍ مِنْ تَمْرٍ وَأَمَرَ أَهْلَهُ أَنْ يُخَفِّفُوا عَنْهُ مِنْ خراجه

૧. અબૂ તયબહનું નામ નાફેઅ અથવા દીનાર છે. લક્બ મયસરા છે. એ બની મયાઝાના ગુલામ હતા. તેમના

માલિકનું નામ મુહૈસા ઈબ્ને મસ્ઊદ અન્સારી છે. એ ફસ્દ લેવાની (હિજામા)ની કળામાં ઘણા નિષ્ણાત હતા. **આ હદીષથી જાણવા મળ્યું કે હિજામાની મજૂરી લેવી જાઈઝ છે. જ્યાં મનાઈ આવી છે ત્યાં તન્ઝીહી કરાહત મુરાદ છે.** એ ફર્માને આલી કરાહત વર્ણવવા માટે છે અને આ અમલ શરીફ જાઈઝ હોવાના માટે છે. હદીષોમાં ટકરાવ નથી.

★ દવા તથા ઈલાજની મજૂરી જાઈઝ ★

૨. ખિરાજ (خراج)થી ગુલામની આવક મુરાદ છે. માલિક પોતાના ગુલામને કારોબારની ઈજાઝત આપી દેતો હતો અને કહેતો હતો કે તું મને દરરોજ આટલા પૈસા આપ્યા કર બાકીની કમાઈ તારી. જેમ કે આજે અમુક લોકો ઘોડા, ગાડીઓ, રીક્ષાઓ ઠેકા પર (બચત પર) આપી દીધા કરે છે, તેને ખિરાજ કહેતા હતા. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે દવા તથા ઈલાજ જાઈઝ છે. બીજુ એ કે ઈલાજ કરનાર તથા ડોકટરને મજૂરી દેવી જાઈઝ છે. ત્રીજુ એ કે ખિરાજ ઓછુ કરવાની સિફારિશ કરવી જાઈઝ છે. ચોથુ એ કે ફસ્દ લેવું (હિજામા, લોહી ચૂંસાવવું) જાઈઝ છે પાંચમુ એ કે ફસ્દ (હિજામા)ની મજૂરી લેવી જાઈઝ છે.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૨)-૨૭૭૦ ★

عَنْ عَائِشَةَ قَالَتْ: قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ أَطْيَبَ مَا أَكَلْتُمْ مِنْ كَسْبِكُمْ وَإِنَّ أَوْلَادَكُمْ مِنْ كَسْبِكُمْ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ. وَفِي رِوَايَةِ أَبِي دَاوُدَ وَالدَّارِمِيِّ: «إِنَّ أَطْيَبَ مَا أَكَلَ الرَّجُلُ مِنْ كَسْبِهِ وَإِنَّ وَلَده من كَسبه»

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, ***ઘણો જ પાકીઝા ખોરાક જે તમે ખાવ તે તમારી પોતાની કમાઈ અને તમારી ઔલાદ તમારી પોતાની કમાઈ છે.[૧]''*** *(તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ) અને અબૂ દાઉદ તથા દારમીની એક રિવાયતમાં આ પ્રમાણે છે કે* ***સૌથી વધુ પાકીઝા ખોરાક જે માણસ ખાય તે તેની કમાઈની છે અને તેનો પુત્ર તેની કમાઈથી છે.[૨]''***

★ ઔલાદની કમાઈ પોતાની કમાઈ છે ★

૧. એટલે કે **પોતાને બેકાર ન રાખો, બલ્કે રોજી કમાવ અને કમાયને ખાવ. અને ઔલાદની કમાઈ પણ તમારી પોતાની જ કમાણી છે કે ઈન્ડાયરેક્ટલી તે તમે જ કમાયું છે.** ઉલમા ફર્માવે છે કે **ઔલાદ પર માબાપનો ખર્ચ જરૂરતના સમયે વાજિબ છે, અને જો તેમને જરૂરત ન હોય તો મુસ્તહબ છે.** અને વાજિબ હોવાની હાલતમાં માબાપ ઔલાદની રજા વિના તેનું ખાવા ખાય પી શકે છે, પણ ગેરહાજર ઔલાદની ચીજ પોતાના ભરણ પોષણમાં વેચી નથી શકતા, હાકિમના હુકમ સિવાય. એની વિગત ફિકૃહની કિતાબોમાં જુઓ.

૨. જો કે વલદ મુત્લક઼ ઔલાદને કહે છે, પુત્રી હોય કે પુત્ર. પણ આવા સ્થળે સામાન્યતા પુત્ર મુરાદ હોય છે, કેમ કે પુત્રીઓ કમાણી ઓછી કરે છે. ખુદ તેણીઓનો પોતાનો ખર્ચ પતિના શિરે હોય છે. પરંતું જો પુત્રી માલદાર હોય અને બાપ ફક઼ીર હોય તો પુત્રી પર પણ પોતાના માલથી બાપ પર ખર્ચ કરવો લાઝિમ છે. યાદ રાખશો કે આ

હદીષ વિવિધ શબ્દો થકી આવી છે. એક રિવાયતમાં છે : اذهب انت ومالك لابيك એટલે **"તું અને તારો માલ તારા બાપનો છે."** બીજી રિવાયતમાં છે : انت ومالك لابيك સારાંશ કે બાપને ઔલાદનો માલ ખર્ચ કરવાનો શરીઅતની રૂએ પણ હક્ક છે અને કાનૂની રૂએ પણ છે. એનાથી નિર્દેશ થઈ રહ્યો છે કે જો ઔલાદની કમાઈ તદ્દન હરામ છે, તો બાપ ન ખાય, કેમ કે પોતાની હરામ કમાઈ ખાવી પણ હરામ છે. તો ઔલાદની હરામ કમાણી કેવી રીતે હલાલ થશે ! એટલા માટે એને કસબ (કમાણી) કહ્યું.

હરામ માલનો સદકો ખૈરાત નામકબૂલ તેમાં બરકત નથી

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરે છે. ફર્માવ્યું, એ નથી થઈ શકતું કે કોઈ બંદો હરામ માલ કમાય પછી તેનાથી ખૈરાત કરે તો તે કબૂલ થઈ જાય[૧] અને ન એ કે એનાથી ખર્ચ કરે તો એમાં એને બરકત થાય.[૨] અને એ હરામને પોતાના મૃત્યુ બાદના માટે ન છોડે, પણ એ એનો આગનો તોશો હશે[૩] અલ્લાહ તઆલા બુરાઈ વડે બુરાઈ નથી મિટાવતો, પરંતું ભલાઈથી બુરાઈ મિટાવે છે.[૪] યકીનન ! પલીદ પલીદ (નાપાક)ને નથી મિટાવતું[૫] (અહમદ) શરહે સુન્નહમાં પણ એવું જ છે."

★ હદીષ : (૧૩)-૨૭૭૧ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَايَكْسب عبد مَال حرَام فيتصدق مِنْهُ فَيُقْبَلُ مِنْهُ وَلَا يُنْفِقُ مِنْهُ فَيُبَارَكُ لَهُ فِيهِ وَلَا يَتْرُكُهُ خَلْفَ ظَهْرِهِ إِلَّا كَانَ زَادَهُ إِلَى النَّارِ. إِنَّ اللَّهَ لَا يَمْحُو السَّيِّئَ بِالسَّيِّئِ وَلَكِنْ يَمْحُو السَّيِّئَ بِالْحَسَنِ إِنَّ الْخَبِيثَ لَا يَمْحُو الْخَبِيثَ» . رَوَاهُ أَحْمَدُ وَكَذَا فِي شرح السّنة

★ ચોરી, વ્યાજ, ઝિના, શરાબ, ગાવા, નાચવાની કમાઈ ન માલિકીની ગણાશે ન વારસો બનશે ★

૧. ખુલાસો એ છે કે હરામ માલનો સદકો સ્વીકાર્ય નથી. રબ તઆલાની બારગાહમાં હલાલ માલ રજૂ કરો. યાદ રાખશો કે **હરામ માલ તે છે જે હરામ ઝરીયાથી હાંસલ કરવામાં આવે. ચોરી, વ્યાજ, ઝિના, શરાબ, ગાવું નાચવું વગેરે.**

★ હલાલમાં બરકત છે હરામમાં બેબરકતી ★

૨. એટલે કે હરામ કમાઈમાં પોતે પણ બરકત નથી, હલાલમાં બરકત છે. **કૂતરી વરસમાં દસ બાર બચ્ચાં જણે છે અને એક પણ ઝબહ નથી થતું. અને બકરી વરસમાં એકાદ બે બચ્ચાં જણે છે અને દર રોજ હજારો ઝબહ થાય છે, પણ ટોળાં બકરીઓનાં નીકળે છે ન કે કૂતરાંનાં. કેમ કે કૂતરો હરામ છે ને બકરી હલાલ છે, અને હલાલમાં બરકત છે, હરામમાં બેબરકતી છે.**

★ સદકા જારીઆ જેમ ગુનાહ પણ જારીઆ છે ★

૩. જ્યાં સુધી તેના વારસો તેનો હરામ માલ ખાશે અથવા વાપરશે ત્યાં સુધી તેને દોઝખમાં અઝાબ થતો રહેશે કેમ કે એ હરામનો સબબ બન્યો. જાણવા મળ્યું કે જેવી રીતે અમુક સદકા જારિયા હોય

છે એ જ પ્રમાણે **અમુક હરામ કામથી પણ ગુનાહ જારી થઈ જાય છે.** એ યાદ રાખશો કે **વ્યાજ તથા ચોરીનો પૈસો તો માલિકીનો બનતો જ નથી, ન તેનો વારસો લાગુ થાય, બલ્કે તેને તેના હક્ક़દારને પરત કરી દેવો અનિવાર્ય છે. અને તે (હક્ક़દાર)ની ભાળ ન મળે તો તેના પર ખૈરાત કરી દેવામાં આવે.** અહીં તે હરામ માલોનો ઉલ્લેખ છે જે હરામ ઝરીયાઓથી પોતાની માલિકીમાં આવ્યા, જેમ કે ગાઈને, વગાડીને, નાચીને પૈસા કમાયા. જેથી હદીષ પર એ વાંધો નથી કે હરામ માલનો વારસો કેવો ?!

★ નાપાક પાણીથી કપડાં પાક ન થશે ★

૪. إِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ سبحان الله ! કેટલો ઉમદા કાયદો વર્ણન કર્યો કે તે જો કુર્આન શરીફમાં (બેશક ! નેકીઓ બુરાઈઓને મિટાવી દે છે. સૂ. હૂદ, ૧૧/૧૧૪) એટલે કે ભલાઈઓ બુરાઈઓને દૂર કરી દે છે, અને સદક़ો કરવું ભલાઈ છે. આ સદક़ાથી હરામ કમાઈનો ગુનોહ કેમ ન મિટયો ? ફર્માવ્યું કે હરામ માલથી સદક़ો કરવું ભલાઈ નથી, બલ્કે બુરાઈ છે, અને બુરાઈથી બુરાઈ નથી નાબૂદ થતી. પાક પાણી નાપાક કપડાં પાક કરી શકે છે ન કે નાપાક પાણી. એ જ પ્રમાણે પાક તથા હલાલ સદક़ો ગુનાહ મિટાવશે ન કે હરામ સદક़ો.

૫. خبيث નો અર્થ પહેલાં વર્ણવી આપેલ છે, અહીં ક્યાં તો ગંદકીના અર્થમાં છે ક્યાં તો હરામના.

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તે ગોશ્ત જન્નતમાં જશે નહીં જે હરામથી ઉગ્યો હોય.[૧] અને જે ગોશ્ત હરામથી ઉગે (ઉછેર પામે) તેનાથી આગ ખૂબ જ નજીક છે.[૨]'' (અહમદ, દારમી, બયહક़ી, શોઅબુલ ઈમાન)

★ હદીષ : (૧૪)-૨૭૭૨ ★

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَدْخُلُ الْجَنَّةَ لَحْمٌ نَبَتَ مِنَ السُّحْتِ وكلُّ لحمٍ نَبَتَ مِنَ السُّحْتِ كَانَتِ النَّارُ أَوْلَى بِهِ» . رَوَاهُ أَحْمَدُ وَالدَّارِمِيُّ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

★ હરામથી બનેલ ગોશ્ત જન્નતમાં ન જશે ★

૧. એટલે કે પહેલાં જશે નહીં, બલ્કે સજા પામ્યા બાદ અથવા જન્નતના ઉચ્ચ દરજામાં ન જશે, બલ્કે અદના દરજામાં. ગોશ્તથી મુરાદ ખુદ ગોશ્તવાળો છે અને ઉગવાથી મુરાદ ઉછેર પામવું છે. એટલે કે **જે શખ્સ હરામ ખાઈ તે ભલા જન્નતમાં કેવી રીતે જાય ?! પાક જગા પાક લોકો માટે છે.**

૨. એટલે કે હરામખોર દોઝખની આગનો હક્ક़દાર છે, કે મરે તેવો જ આગમાં પહોંચે, કેમ કે اَلْخَبِيْثٰتُ لِلْخَبِيْثِيْنَ (ગંદી ચીજો ગંદાઓ માટે સૂ. નૂર, ૨૪/૨૬) ગંદા લોકો માટે ગંદી ચીજો છે. જો એ શખ્સ તૌબા કરે અથવા હક્ક़વાળા પાસે માફ કરાવી લે અથવા શફાઅતથી માફી થઈ જાય, તો બની શકે છે. આ સ્થિતિઓ આ કાયદાથી અલગ છે. *(મિર્ક़ાત)*

*''હઝરત હસન ઈબ્ને અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ થી એક એ વાત યાદ કરી[૧] કે, **એને છોડી દો જે તમને શકમાં નાખે, એ તરફ વળો જે તમને શકમાં ન નાખે**[૨] કેમ કે સાચુ સંતોષ છે અને જૂઠ અસમંજસ*

★ હદીષ : (૧૫)-૨૭૭૩ ★

وَعَنِ الْحَسَنِ بْنِ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: حَفِظْتُ مِنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «دَعْ مَا يَرِيبُكَ إِلَى مَا لَا يَرِيبُكَ فَإِنَّ الصِّدْقَ طُمَأْنِينَةٌ وَإِنَّ الْكَذِبَ رِيبَةٌ» . رَوَاهُ

(Confusion) છે" (અહમદ, તિર્મિઝી, નિસાઈ) અને રાવીએ પ્રથમ ચીજ રિવાયત કરી.

أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَرَوَى الدَّارِمِيُّ الْفَصْلَ الأول

૧. જાહેર એ છે કે આપે વિના વાસ્તાએ હુઝૂર ﷺથી આ સાંભળ્યું અને યાદ કર્યું કે હુઝૂરે અન્વર ﷺની જિંદગી શરીફમાં ઈમામ હસન رضی اللہ عنہ ઘણા અંશે સમજદાર હતા. બાળકોનું હદીષ સાંભળવું મોઅતબર (વિશ્વસનીય) છે જ્યારે કે કાંઈક સમજદાર હોય. અને બની શકે છે કે આપે કોઈ સહાબીથી સાંભળ્યું હોય, કેમ કે આ ક़ૌલ રસૂલુલ્લાહ ﷺનો હતો એટલા માટે એને હુઝૂર ﷺની પ્રતિ સંબંધિત કરી આપ્યો, જેવું કે આપણે કહી દઈએ છીએ કે હુઝૂર ﷺએ આવું ફર્માવ્યું અથવા અમને હુઝૂર ﷺનું આ ફર્માન યાદ છે.

★ જે વાત કે કામ દિલમાં ખટકે તેને છોડી દો ! ★

૨. એટલે કે **જે કામ તથા કલામ (વાત) તમારા દિલમાં ખટકે કે માલૂમ નહીં હરામ છે કે હલાલ?! તેને છોડી દો. અને જેના પર દિલ ગવાહી આપે કે આ બરાબર છે, તેને અપનાવો.** પણ **આ તે લોકો માટે છે જેઓ હઝરત હસન જેવી ક઼ુવ્વતે ક઼ુદસિય્યા તથા ઈલ્મે લદુન્નીવાળા હોય, જેમના દિલનો ફૅંસલો કિતાબ તથા સુન્નતના પ્રમાણેનો હોય. સામાન્ય લોકો અથવા જેઓ નફ્સાની તથા શૈતાની અથવા હું પણામાં ફસાયેલા હોય તેમના માટે આ કાયદો નથી.** (મિર્ક઼ાત તથા અશિઅ્હ)

★ કેવળ વહેમથી કોઈ ચીજ હરામ નથી થતી ★

અમુક લાપરવા લોકો ક઼તઈ હરામોમાં કોઈ સંકોચ નથી અનુભવતા, અને અમુક વહેમ પરસ્ત જાઈઝ ચીજોને વિના કારણે હરામ તથા શંકાસ્પદ સમજી લે છે, **તેમના માટે આ ક઼ાયદો નથી.** જેથી હદીષો સ્પષ્ટ છે.

★ નફ્સે અમ્મારાની શરારતોથી બચો ★

૩. એટલે કે કામિલ મો'મિનનું દિલ સાચા કામ તથા સાચી વાતથી સંતુષ્ઠ થાય છે અને શંકાસ્પદ ચીજોથી ક઼ુદરતી તૌર પર અસમંજસ અનુભવે છે. અહીં લમ્આતમાં ફર્માવવામાં આવ્યું કે જ્યારે આયતોમાં ટકરાવ જણાતો હોય તો હદીષની તરફ રજૂ કરો અને હદીષો પણ ટકરાવવાળી જોવા મળે તો તમારા દિલથી ફત્વો લો અને સાવધાની પર અમલ કરો. આ સર્વ અહકામ સાફ દિલ અને પાકીઝા નફ્સોના માટે છે. (લમ્આત ટૂંકાવીને) **જો કોઈને જૂઠથી ઈત્મિનાન થાય અને ગુનાહથી ખુશી થાય, નેકીઓથી દિલ ગભરાય તો તે દિલનો અવાજ નથી બલ્કે નફ્સે અમ્મારા (ગુનાહ પ્રતિ દોરતા નફ્સ)ની શરારત છે.** નફ્સ જો દિલ પર ગાલિબ (સવાર) થઈ જાય તો ખૂબ જ પરેશાન કરે છે, અને જો દિલ નફ્સ પર ગાલિબ થાય તો સુબ્હાનલ્લાહ ! એ જ સ્થિતિ બુધ્ધિની છે.

عقل اندر حکم دل، یزدانی است۔ چون ز دل آزاد شد، شیطانی است

તર્જુમો : "જો બુદ્ધિ દિલના હુકમના હેઠળ છે તો તે ખુદાઈ શક્તિ છે. અને જો દિલથી આઝાદ થઈ જાય તો શૈતાની શક્તિ છે."

અલ્લાહ દિલને નફ્સ તથા બુધ્ધિ પર સવાર રાખે.

★ હદીષ : (૧૬)-૨૭૭૪ ★

وَعَن وابصَةَ بن مَعْبدٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «يَا وَابِصَةُ جِئْتَ تَسْأَلُ عَنِ الْبِرِّ وَالْإِثْمِ؟» قُلْتُ: نَعَمْ قَالَ: فَجَمَعَ أَصَابِعَهُ فَضَرَبَ صَدْرَهُ وَقَالَ: «اسْتَفْتِ نَفْسَكَ اسْتَفْتِ قَلْبَكَ» ثَلَاثًا «الْبِرُّ مَا اطْمَأَنَّتْ إِلَيْهِ النَّفْسُ وَاطْمَأَنَّ إِلَيْهِ الْقَلْبُ وَالْإِثْمُ مَا حَاكَ فِي النَّفْسِ وَتَرَدَّدَ فِي الصَّدْرِ وَإِنْ أَفْتَاكَ النَّاسُ» . رَوَاهُ أَحْمَدُ والدارمي

''હઝરત વાબિસા ઈબ્ને મઅબદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે વાબિસા ! તમે નેકી તથા ગુનાહના વિશે પૂછવા આવ્યા છો ? મેં અર્ઝ કરી, હા ![૧] ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺ એ પોતાની આંગળીઓ ભેગી કરીને તેમની છાતી પર લગાડી અને ત્રણવાર ફર્માવ્યું, તમારા દિલથી ફત્વો લઈ લીધા કરો[૨] નેકી તે છે જેના પર તબીઅત જામે અને જેના પર દિલ સંતુષ્ઠ હોય.[૩] અને ગુનાહ તે છે જે તબીઅતમાં ખટકે અને દિલમાં ખટકે, ભલે લોકો તેનો ફત્વો આપી દે.[૪]'' (અહમદ તથા દારમી)

૧. આ ગયબી ખબર છે કે હઝરત વાબિસા જે સવાલ દિલમાં લઈને આવ્યા તેમને દિલોના હાલ પર માહિતગાર કરવામાં આવેલા છે, કેમ ન હોય કે તેમને તો પથ્થરોનાં દિલોની માહિતી છે, કે ફર્માવે છે : ઓહદ પહાડ મારાથી મહોબ્બત કરે છે. اے فروغت صبحِ اعصار و دہور۔چشمِ تو بیناترۂ ماف الصدور

તર્જુમો : ''હે રસૂલે અકરમ ﷺ આપની રોશની તમામ જમાનાઓ માટે સવારનો સરો સમાન છે. અને આપની આંખ સિનાની અંદરની સર્વ ચીજો જોઈ રહી છે.''

★ હુઝૂર ﷺના છાતી પર હાથ રાખવાની બરકત ★

૨. હુઝૂર ﷺએ હઝરત વાબિસા رضی اللہ عنہ ની છાતી પર હાથ રાખીને તેમના દિલને ફયઝ આપ્યો જેનાથી તેમનાં નફ્સ અમ્મારાને બદલે મુત્મઈન્ના થઈ ગયો અને દિલ શૈતાની ખતરાઓ તથા વસવસાઓથી પાક તથા સાફ થઈ ગયું. સૂફિયાએ કિરામ જેઓ મુરીદોની છાતી પર હાથ મારીને અથવા તવજ્જોહ નાખીને તેમને ફયઝ આપે છે. તેમની દલીલ (અસ્લ) આ હદીષ પણ છે.

★ દિલ તથા નફ્સે મુત્મઈન્ના ન સ્વીકારે તે ગુનોહ ★

૩. એટલે કે આજથી હે વાબિસા ! ગુનાહ તથા નેકીની ઓળખ એ છે કે જેના પર તમારું દિલ તથા નફ્સે મુત્મઈન્ના કબૂલ ન કરે તે ગુનોહ હશે. આ હુકમ હઝરત વાબિસા માટે આજથી થઈ ગયો. આ હુઝૂર ﷺના હાથ શરીફની અસર થઈ. આપણા જેવા લોકોને માટે આ હુકમ નથી. અહીં મિર્કાતે ફર્માવ્યું કે ગૈર મુજતહિદ એટલે મુકલ્લિદ તો પોતાના ઈમામથી ફત્વો લે, અને મુજતહિદ પોતાના દિલથી.

★ મુકલ્લિદ પોતાના ઈમામથી ફત્વો લે ★

૪. એટલે કે આમ લોકોના ફત્વાનો તમે એતબાર ન કરશો, કેમ કે તેમના દિલો પર અમારો હાથ નથી પહોંચ્યો. પોતાના દિલ તથા નફ્સનો ફત્વો કબૂલ કરજો, કેમ કે તમારા દિલનો ફત્વો અમારો ફૈસલો હશે, કેમ કે અમારો હાથ તમારા દિલ પર છે. (શેઅર) :

દિલ કરો ઠંડા મેરા વો કફે પા ચાંદ સા – સીને પે રખ દો ઝરા તુમપે કરોળોં દુરૂદ
આંખ અતા કીજિયે ઉસમેં જિલા દીજિયે – જલ્વા ક઼રીબ આ ગયા તુમપે કરોળોં દુરૂદ

★ શરઈ મસ્અલાને ફત્વો શાથી કહે છે ? ★

યાદ રાખશો કે فتوىٰ فتوٌ થી બન્યું, પેશ આવવાના, હાદિષ (નવુ ઉદ્ભવવુ) હોવું અથવા શક્તિના અર્થમાં. કેમ કે શરઈ મસ્અલો હાદિષાત (બનાવો ઉપસ્થિત થવા) પર માલૂમ કરવામાં આવે છે અને આલિમનો હુકમ હાંસલ થઈ જવાથી સાઈલ (પ્રશ્નકર્તા)ને શક્તિ હાંસલ થઈ જાય છે, એટલા માટે શરઈ મસ્અલાને ફત્વો કહેવામાં આવે છે.

★ હદીષ : (૧૭)-૨૭૭૫ ★
وَعَن عطيَّةَ السَّعدِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَبْلُغُ الْعَبْدُ أَنْ يَكُونَ مِنَ الْمُتَّقِينَ حَتَّى يدَعَ مَا لَا بَأْسَ بِهِ حَذَرًا لِمَا بِهِ بأسٌ» . رَوَاهُ التِّرْمِذِيّ وابنُ مَاجَه

"હઝરત અતિયા સઅદીથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બંદો પરહેઝગારોમાંથી હોવાના મર્તબે નથી પહોંચતો, ત્યાં સુધી કે વાંધાજનક ચીજોથી ડરીને ગૈર વાંધાજનક ચીજોને છોડી આપે.[૧]" (તિર્મિઝી, ઈબ્ને માજહ)

૧. આ ફર્માને આલી ખૂબ જ જામેઅ (સમૃધ્ધ) છે જેમાં સેંકડો એહકામ આવી ગયા. **હરામથી બચવા માટે મકરૂહોથી પરહેઝ કરો, ગુનાહોથી બચવા માટે શંકાસ્પદ તથા શકવાળી ચીજોથી પરહેઝ કરો. બુરા લોકોથી બચવા માટે શંકાસ્પદ લોકોથી અલગ રહો** (શેઅર)

نگہ دارد آں شوخ درکیہ در دانديہہ خلق راکیہ .رد

શરાબ બારામાં દસ જણ પર લઅનત

★ હદીષ : (૧૮)-૨૭૭૬ ★
وَعَنْ أَنَسٍ قَالَ: لَعَنَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْخَمْرِ عَشَرَةً: عَاصِرَهَا وَمُعْتَصِرَهَا وَشَارِبَهَا وَحَامِلَهَا وَالْمَحْمُولَةَ إِلَيْهِ وَسَاقِيَهَا وَبَائِعَهَا وَآكِلَ ثَمَنِهَا وَالْمُشْتَرِي لَهَا وَالْمُشْتَرَى لَهُ. رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ શરાબના બારામાં દસ શખ્સો પર લઅનત કરી[૧] તેને નીચોડનારા, નીચોડાવનારા,[૨] પીનારા, ઉઠાવનારાઓ પર અને તેના પર જેના તરફ પહોંચાડવામાં આવે, પીવડાવનારા પર, વેચનારા પર તેની કિંમત ખાનારા પર, ખરીદનારા પર અને જેના માટે ખરીદવામાં આવે એના પર.[૩]"
(તિર્મિઝી, ઈબ્ને માજહ)

★ જનરલી રૂપે લઅનત કરવી જાઈઝ ★

૧. ભલે આ દસેવ ગુનાહમાં વિવિધતા છે પણ લઅનતને પાત્ર બધા જ છે. યાદ રાખશો કે સામૂહિક રીતે ગુનેહગાર પર લઅનત કરવી જોઈએ છે, જેમ કે કહેવામાં આવે કે જૂઠાઓ પર લઅનત, પણ નામ લઈને લઅનત

કેવળ કાફિરો પર જાઈઝ છે, કોઈ ગુનેહગાર મુસલમાન પર જાઈઝ નથી, અને મૃત્યુ બાદ કેવળ તે કાફિર પર લઅનત જાઈઝ છે જેનું કુફ્ર પર મરવું યક્ીનન સાથે માલૂમ હોય. કેવળ લુઆન (એકબીજા પર લઅનત કરવી)માં પતિ પત્ની પોતાના પર લઅનત કરે છે કે જો મેં જૂઠુ કહ્યું હોય તો મારા પર લઅનત છે.

૨. એટલે કે પોતાના માટે દ્રાક્ષ વગેરે નીચોવીને શરાબ બનાવે તો પણ લઅનત અને જો બીજાના માટે બનાવે ત્યારે પણ લઅનત, બનાવનારા પર પણ અને બનાવડાવનારા પર.

★ ગુનાહ માટે મદદ કરવી ગુનોહ ★

૩. એનાથી જાણવા મળ્યું કે **ગુનાહ પર મદદ કરવી પણ ગુનોહ છે, જેવી રીતે કે નેકી માટે મદદ કરવી પણ નેકી છે.** રબ તઆલા ફર્માવે છે : وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى ۪ وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ (અને નેકી તથા પરહેઝગારી પર એકબીજાની મદદ કરો, અને ગુનાહ તથા ઝિયાદતી (જુલ્મ) પર એકબીજાની મદદ ન કરો.

(સૂ. માઇદા, ૫/૨)

★ હદીષ : (૧૯)-૨૭૭૭ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَعَنَ اللَّهُ الْخَمْرَ وَشَارِبَهَا وَسَاقِيَهَا وَبَائِعَهَا وَمُبْتَاعَهَا وَعَاصِرَهَا وَمُعْتَصِرَهَا وَحَامِلَهَا وَالْمَحْمُولَةَ إِلَيْهِ». رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ , V GT SZ[XZFA 5Z[૧] તેને પીનારા, પીવડાવનારા પર, અને તેને વેચનારા અને ખરીદનારા પર, નીચોડનારાઓ, નીચોડાવનારાઓ, ઉઠાવનારાઓ પર અને જેના સુધી પહોંચાડવામાં આવે તેના પર.[૨]''

(અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

★ દારૂ ગુનાહોની જડ (જનેતા) છે ★

૧. શરાબ પર લઅનત કરવાનો મતલબ એ છે કે તેને રબે તમામ ખૂબીઓથી ખાલી કરી આપ્યો અને તેનામાં દરેક અયબ ભરી આપી, એટલા માટે એનું નામ أُمّ الخبائث (ઉમ્મુલ ખબાઈષ) એટલે તે ગુનાહોનું મૂળ તથા જડ છે કે નશામાં માણસ સર્વ ગુનાહો કરી લે છે.

૨. આ કલમો આમ છે, ચાહે પીનારા સુધી પહોંચાડવામાં આવે કે દુકાનદાર સુધી અથવા અમાનતદાર સુધી. એટલે શરાબ પહોંચાડવાની મજૂરી કરનાર, શરાબને અમાનતરૂપે રાખનારા સૌ લઅનતના પાત્ર છે.

★ હદીષ : (૨૦)-૨૭૭૮ ★

وَعَن محيصة أَنَّهُ اسْتَأْذَنَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي أُجْرَةِ الْحَجَّامِ فَنَهَاهُ فَلَمْ يَزَلْ يَسْتَأْذِنُهُ حَتَّى قَالَ: «اعْلِفْهُ نَاضِحَكَ وَأَطْعِمْهُ رَقِيقَكَ» . رَوَاهُ مَالِكٌ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

''હઝરત મુહૈસા[૧] رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺ થી પછના લગાડનારાની (લોહી ચૂંસનાર, હિજામો કરનારા)ની મજૂરીની ઈજાઝત માગી[૨] તો આપે તેમને મના કરી આપ્યું. તે ઈજાઝત માગતા જ રહ્યા[૩] ત્યારે ફર્માવ્યું કે તે તમારી ઊંટણીને ચરાવી દો અને તમારા ગુલામને ખવડાવી દો.[૪]''

(માલિક, તિર્મિઝી, દાઊદ, ઈબ્ને માજહ)

૧. આપનું નામ મુહૈસ્સા ઈબ્ને મસ્ઊદ અન્સારી છે. હુવૈસ્સાના ભાઈ છે. ગઝવએ ખંદક અને બાદવાળા ગઝવાઓમાં શરીક રહ્યા. આપના ઈસ્લામનો અજીબ બનાવ છે જે આ જગાએ અશિઅ્તુલ લમ્આત વગેરેમાં વર્ણન પામેલો છે.

૨. હઝરત મુહૈસ્સા ખુદ એ કામ કરતા ન હતા. ગાલિબ એ છે કે તેમનો ગુલામ કરતો હશે જેનો ખિરાજ એ લેતા હોય. એટલા માટે મસ્અલો પૂછયો કે શું આ મારા ગુલામનું મજૂરી લેવું અને મને ખવડાવવું જાઈઝ છે કે નહીં ? કેમ કે ગુલામનો માલ પોતાનો હોય છે એટલા માટે આ હુકમ થયો, નહીં તો કોઈની આવકનો ઝરીયો ગૈર દુરુસ્ત હોય તો તેના હાથે આપણે ચીજ વેચી શકીએ છીએ, તેનાથી મકાન ભાડુ વગેરે લઈ શકીએ છીએ જ્યારે કે તે એ રૂપિયાનો માલિક બની ગયો હોય. વ્યાજ, શરાબની કિંમત, જૂગારની આવકનો હુકમ અલગ છે. નાજાઈઝ ધંધાઓની આવકનો હુકમ અલગ છે.

૩. હઝરત મુહૈસ્સા ક્યાં તો એ સમજી ગયા હતા કે આ મનાઈ તન્ઝીહી છે. મારા વારંવાર પૂછવાથી શક્ય છે કે એ પણ જતી રહે. અથવા એમનો અક્ીદો એ હતો કે હુઝૂર ﷺ અલ્લાહના હુકમથી શરીઅતના હુકમોના માલિક છે, એટલા માટે વારંવાર અર્ઝ કરતા રહ્યા, નહીં તો હુઝૂર ﷺના મના કરી આપ્યા બાદ ફરી પૂછતા રહેવું અને આગ્રહ કરવો મનાના ફર્માનના કારણે ન હતું. રબ તઆલા ફર્માવે છે :

وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗٓ اَمْرًا اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ (અને ન કોઈ મુસલમાન પુરૂષ ન મુસલમાન સ્ત્રીને પહોંચે છે કે જ્યારે અલ્લાહ તથા રસૂલ કોઈ હુકમ ફર્માવી દે તો તેમને પોતાના મામલાનો કાંઈ અધિકાર રહે. સૂ. અહઝાબ, ૩૩/૩૬) જેવી રીતે હઝરત અબ્બાસે ફર્માને આલી સાંભળીને અર્ઝ કરી હતી કે હુઝૂર ! ઉઝખુર ઘાસ કાપવાની ઈજાઝત આપી દો અને હરમ શરીફના હુકમમાંથી તેને અપવાદ કરી દો. સારાંશ આ હદીષથી રાફઝીઓનો વાંધો નથી થઈ શકતો અને સહાબીઓની નાફર્માની સાબિત નથી થઈ શકતી.

★ લોકોએ અદના નાલાયક ધંધાની કમાઈ ખાવુ સારુ નથી ★

૪. એનાથી જાણવા મળ્યું કે આ મનાઈ તન્ઝીહી કરાહતની છે, નહીં તો આઝાદ ગુલામમાં ફરક ન થાત. એટલે કે આઝાદ લોકોએ આવા અદના તથા નાલાયક ધંધાની કમાણી ખાવી સારું નથી લાગતુ. એટલા માટે તમે પોતે તો એ કમાણી ન ખાવ કે એ તમારી શાનને લાયક નથી. અલ્બત્ત પોતાના ગુલામો તથા જાનવરોને ખવડાવી દો કે તેમનો તે એહતેરામ નથી જે આઝાદ મુસલમાનનો છે. વળી એ પણ વર્ણન થઈ ચૂક્યું કે ખુદ હુઝૂર ﷺએ ફસ્દ (લોહી ચૂંસાવવાની) મજૂરી એક ગુલામને આપી. તે અમલ શરીફ જાઈઝ હોવાના વર્ણન માટે હતો. અને આ આલી ફર્માન કરાહત દર્શાવવા માટે છે, જેથી બંનેવ હદીષમાં વિરોધાભાસ નથી.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મના ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કૂતરાની કિંમત અને ગાવા વગાડવાની કમાણીથી.[૧]"

(શરહે સુન્નત)

★ હદીષ : (૨૧)-૨૭૭૯ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: نَهَى رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ ثَمَنِ الْكَلْبِ وكسْبِ الزَّمارةِ. رَوَاهُ فِي شرح السّنة

★ ગાવા વગાડનારીઓની કમાઈની મનાઈ ★

૧ : સહીહ એ છે કે આ શબ્દ زمارة છે. પહેલાં નુકતાવાળી ز બાદમાં ر નુકતા વિનાના, زمر થી નીકળેલ છે, ગાવુ, ઈજાર લહેરાવવુંના અર્થમાં એટલા માટે વાજિંત્રને ઝમાર કહે છે અને બહુ વચન મઝામીર. એટલે હુઝૂરે

અન્વર ﷺએ ગાવા વગાડવાની મજૂરી લેવા અને આપવાથી મના કર્યું. એનાથી મુરાદ નાજાઈઝ ગાયનો છે. જેમ કે રંડીઓ, કંજરીઓનાં ગીત. નઅત ખ્વાનોને ઉઝરત (મહેનતપણુ) કે હદિયો આપવામાં આવે. તેઓ આ હુકમથી બહાર છે. કૂતરાની કિંમતની તેહકીક પહેલાં રજૂ કરવામાં આવી ચૂકી છે કે તેની હુર્મત મન્સૂખ છે, અથવા તેનાથી પાગલ અથવા બેકાર કૂતરો મુરાદ છે જે માલ નથી, જેમ કે બગડેલુ ઈંડુ. ગાવાના વિશે તેહકીક એ છે કે હરામ ગાયનો વાજિંત્રોની મજૂરી હરામ છે, જાઈઝની જાઈઝ છે. શાદી વિવાહમાં દફ (ઝાંઝર વિનાની) વગાડવાની મજૂરી જાઈઝ છે કે એ દફ જાઈઝ છે. ખેલકૂદનાં વાજિંત્રોની મજૂરી નાજાઈઝ છે કે એ વાજિંત્રો નાજાઈઝ છે. ગાઝી માટે નગારૂ, શાદીમાં દફ, ચાંદના એલાન તથા ઈફતારના એલાન વગેરેના માટે સર્વ નગારાં જાઈઝ છે. નઅત ખ્વાન અમુક સ્થિતિઓમાં, ખાસ સૂફીઓ માટે ખાસ કવ્વાલી જાઈઝ છે, તેની મજૂરી જાઈઝ છે. **આજકાલની સામાન્યતઃ કવ્વાલીઓ હરામ છે.** જાઈઝ તથા નાજાઈઝ કવ્વાલીની ચર્ચા અમારી કિતાબ "જાઅલ હક્ક, ભાગ–૧માં જુઓ. અને શામી બાબુલ કરાહતમાં વાંચો, તેમજ તફસીરે અહમદી વગેરેમાં જુઓ.

"હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે રંડીઓને ન વેચો ન ખરીદો[૧] અને ન તેમને આ શીખવાડો[૨] અને તેમની કિંમત હરામ છે[૩] અને એના જેવી સ્થિતિઓના સંબંધે આ આયત ઉતરી છે કે અમુક લોકો ખેલકૂદની વાતો ખરીદે છે[૪]" (અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે અને અલી ઈબ્ને યઝીદ રાવી હદીષમાં ઝઈફ માનવામાં આવ્યા છે[૫] અને અમે હઝરત જાબિરની એ હદીષ કે બિલાડી પાળવાથી મના કર્યું. ما يحل اكله ના પ્રકરણમાં ઈન્શા અલ્લાહ ! વર્ણન કરીશું."

★ હદીષ : (૨૨)–૨૭૮૦ ★

وَعَنْ أَبِي أُمَامَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " لَا تَبِيعُوا الْقَيْنَاتِ وَلَا تَشْتَرُوهُنَّ وَلَا تُعَلِّمُوهُنَّ وَثَمَنُهُنَّ حَرَامٌ وَفِي مِثْلِ هَذَا نَزَلَتْ: (وَمِنَ النَّاسِ مَنْ يَشْتَرِي لَهْوَ الحَدِيثِ)رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ هَذَا حَدِيثٌ غَرِيبٌ وَعلي بن يزيد الرواي يُضَعَّفُ فِي الْحَدِيثِ وَسَنَذْكُرُ حَدِيثَ جَابِرٍ: نُهِيَ عَن أكل أهر فِي بَابِ مَا يَحِلُّ أَكْلُهُ " إِنْ شَاءَ اللهُ تَعَالَى

★ રંડીઓને ગાવા વગાડવા નાચવા ન ખરીદો ★

૧. એટલે કે ગાવા વગાડવાનો ધંધો કરનારી લોંડીઓને નચાવવા તથા ગાવા માટે ન ખરીદો ન વેચો. જો એ નિય્યત ન હોય બલ્કે તેમનાથી બીજી ખિદમત લેવાનો ઈરાદો હોય તો એમને ખરીદવું જાઈઝ, બલ્કે બેહતર છે કે તેણીઓ આ ઝરીયાથી તૌબા કરી લેશે.

★ ગીતો ઝિનાની પૂર્વ ભૂમિકાઓ છે ★

૨. લોંડીઓને ગાવા વગાડવાની તાલીમ આવવું હરામ છે. આનાથી તે લોકો બોધ ગ્રહણ કરે જેઓ પોતાની પુત્રીઓને કોલેજો સ્કૂલોમાં ગાવાની તાલીમ અપાવે છે. **રબ તઆલા આ જમાનાની બુરાઈથી મુસલમાનોને બચાવો. આ ગીતો ઝિના (વ્યભિચાર)ની પૂર્વ ભૂમિકાઓ છે. જ્યારે ઝિના હરામ છે તો તેના સબબો પણ હરામ છે.**

૩. જો આ હદીષ સહીહ પણ હોય તો પણ એનાથી મુરાદ કિંમતની કરાહત (મકરૂહ હોવું) છે જ્યારે કે એને

ગાવા વગાડવા માટે વેચેલ હોય તેના હાથે જે એમની પાસે એ ધંધો કરાવે, જેમ કે દારૂ બનાવનારના હાથે દ્રાક્ષ વેચવાને અમુક ઉલમા મના કરે છે કે ગુનાહ માટે મદદ કરવું છે, નહીં તો ગાનારીની ન કિંમત હરામ છે ન તેનું વેચાણ. *(તિર્મિઝી)*

૪. આ આયતે કરીમા નઝર ઈબ્ને હારિષના વિશે નાઝિલ થઈ જે ગાનારી લોંડીઓ અને અજમી કિસ્સા કહાનીઓની નોવેલો ખરીદીને મુસલમાનોમાં રિવાજ કરવા ચાહતો હતો, જેથી મુસલમાન તે ગીતો તથા કિસ્સાઓમાં ફસાયને ઈસ્લામી તાલીમથી એકદમ અલિપ્ત થઈ જાય. અને કહેતો હતો કે મુહમ્મદ ﷺ તો તમને આદ તથા ષમૂદના કિસ્સા સંભળાવે છે અને હું તમને રુસ્તમ તથા ઈસ્ફંદ યારની કહાનીઓ સંભળાવું છું. لهو الحديث માં વધારો من تبعيضيه છે અથવા من تبعيضيه ની હદીષથી મુરાદ વાત છે. તો من تبعيضيه તબઈઝિયા છે અને જો મુત્લક़ કલામ અથવા કામ છે તો من تبيينيه (મિન તબિય્યના) છે જે કામ અથવા વાત ફાયદાથી ખાલી હોય, એટલે ફોગટ તથા બેકાર હોય, અથવા નુકસાનકર્તા હોય, અથવા દીનથી રોકે એ સૌ ખેલકૂદ છે. ગાવુ વગાડવું, ફોગટ કિસ્સા કહાનીઓ, નમાઝના સમયે વેપારમાં મશગૂલિયત સર્વ કાંઈ બેકાર ચીજો છે.

★ ઝઈફ હદીષો ભેગી મળીને હસન બની જાય છે ★

૫. હદીષોના ઈમામોએ જેમ કે ઈમામ અહમદ, યહ્યા, અબૂ ઝબરઆ, નિસાઈ વગેરે અલી ઈબ્ને યઝીદને ઝઈફ કહ્યા. શયખે અશિઅ્તુલ લમ્આ્તમાં ફર્માવ્યું કે હુર્મત ગ़ના એટલે ગાવા વગાડવાની હુર્મતમાં કેટલીક હદીષો ઝઈફ છે. એના બારામાં કોઈ હદીષ સહીહ નથી મળી. ફક़ીર (લેખક) કહે છે કે જો આ બારામાં કોઈ હદીષ સહીહ ન મળે તો પણ કુર્આને કરીમની આયત પૂરતી છે, તેમજ ઝઈફ હદીષો ભેગી મળીને હસન બની જાય છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૨૩)-૨૭૮૧ ★
عَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «طَلَبُ كَسْبِ الْحَلَالِ فَرِيضَةٌ بَعْدَ الْفَرِيضَةِ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شعب الْإِيمَان

''હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હલાલ કમાઈની તલાશ[૧] એક ફર્ઝના પછી ફર્ઝ છે.[૨]''

★ હરામ કમાઈની તલાશ હરામ ★

૧. كسب એ مكتسب ના અર્થમાં છે એટલે ધંધો, અને હલાલનો વિરૂધ્ધાર્થી પણ છે અને શંકાસ્પદ ચીજોનું પણ. કેમ કે હરામ કમાઈની તલાશ હરામ છે, શંકાસ્પદની મકરૂહ. (મિર્ક़ાત) તલાશથી મુરાદ શોધવું તથા હાંસલ કરવું છે.

★ હલાલ કમાઈની તલાશ ફર્ઝ વિશે સ્પષ્ટતા ★

૨. એટલે કે ફર્ઝ ઈબાદતો પછી એ ફર્ઝ છે, કેમ કે એના પર ઘણાં ફર્ઝો આધારિત છે. યાદ રાખશો કે આ હુકમ સૌના માટે નથી, કેવળ તેમના માટે છે જેમનો ખર્ચ બીજાઓના માથે ન હોય બલ્કે પોતાના માથે હોય, અને તેની પાસે માલ પણ ન હોય. નહીં તો ખુદ માલદાર પર અને નાના બાળકો પર ફર્ઝ નથી. એ યાદ રાખશો કે જરૂરત

પૂરતી રોજીની તલબ જરૂરી છે કેવળ એકલાને પોતાના લાયક, બીવી બચ્ચાંવાળાને તેમના લાયક કમાવું જરૂરી છે. بَعْدَ الْفَرِيْضَةِ ફર્માવવાથી માલૂમ પડયું કે કમાઈની ફર્ઝિયત નમાઝ રોઝાની ફર્ઝિયતની જેમ નથી કે તેનો મુન્કિર કાફિર બને અને ત્યજનારો ફાસિક થાય.

★ હદીષ : (૨૪)-૨૭૮૨ ★
وَعَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ عَنْهُمَا أَنَّهُ سُئِلَ عَنْ أُجْرَةِ كِتَابَةِ الْمُصْحَفِ فَقَالَ: لَا بَأْسَ إِنَّمَا هُمْ مُصَوِّرُونَ وَإِنَّهُمْ إِنَّمَا يَأْكُلُونَ من عمل أَيْديهم. رَوَاهُ رزين

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે આપને કુર્આન મજીદ લખવાની મજૂરી વિશે પૂછવામાં આવ્યું[૧] તો ફર્માવ્યું, એમાં કોઈ વાંધો નથી. એ લોકો તો નક્શ બાંધનારા છે અને પોતાના હાથના કામથી ખાય છે.[૨]'' (રઝીન)

૧. પ્રશ્નકર્તાને શંકા એ હતી કે રબ તઆલા ફર્માવે છે : لَا تَشْتَرُوْا بِاٰيٰتِيْ ثَمَنًا قَلِيْلًا (અને મારી આયતોને બદલે થોડી કિંમત ન લો. સૂ. બકરહ, ૨/૪૧) મારી આયતોને થોડી કિંમતમાં ન વેચો. અને કાતિબે કુર્આન(કુર્આન લખનાર લહિયો) તેના લખાણને કિંમતથી વેચે છે, જેથી એ પણ ગુનેહગાર હોવો જોઈએ કે કુર્આનના નક્શો કુર્આનમાં જ ગણાય જાય છે.

★ કુર્આન કરીમની કિતાબત તથા તાવીઝની કમાઈ જાઈઝ ★

૨. જવાબનો ખુલાસો એ છે કે આયત : لَا تَشْتَرُوْا ـــ الخ માં એ પાદરીઓને સંબોધન છે જેઓ રૂપિયા લઈને અલ્લાહના અહકામ બદલી નાખતા હતા અથવા છુપાવી દેતા હતા. કુર્આનની કિતાબત કરનારો તો દીનની ખિદમત કરે છે કે જેના થકી કુર્આનની સલામતી છે, અને કુર્આનની સલામતીથી દીનની સલામતી છે. એનાથી જાણવા મળ્યું કે કુર્આન છાપીને વેચવું, કુર્આન મજીદના બાઈન્ડિંગ પર મજૂરી લેવી તાવીઝ લખવા પર વળતર લેવું ભલે એમાં કુર્આની આયતો જ લખવામાં આવે સૌ જાઈઝ છે. એ જ પ્રમાણે ફત્વા લખવાનુ મહેનતાણુ, ઈમામત, અઝાન, ક્યાંક જઈને નિશ્ચિત સમયે વઅઝ કહેવાનું મહેનતાણુ લેવું આપવું સૌ જાઈઝ છે. રબ તઆલા ફર્માવે છે : لَا يُضَآرَّ كَاتِبٌ وَّلَا شَهِيْدٌ (અને ન કોઈ લખનારાને નુકસાન કરવામાં આવે ન ગવાહને. સૂ. બકરહ, ૨/૨૮૨) એની સંપૂર્ણ ચર્ચા અમારી ''તફસીરે નઈમી'' ભાગ–૩માં જુઓ.

★ હદીષ : (૨૫)-૨૭૮૩ ★
وَعَنْ رَافِعِ بْنِ خَدِيجٍ قَالَ: قِيلَ: يَا رَسُولَ اللّٰهِ أَيُّ الْكَسْبِ أَطْيَبُ؟ قَالَ: «عَمَلُ الرَّجُلِ بِيَدِهِ وَكُلُّ بَيْعٍ مَبْرُورٍ» . رَوَاهُ أَحْمَدُ

''હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કયો ધંધો વધો જ પાકીઝા છે ? ફર્માવ્યું, માણસની પોતાના હાથની (દસ્તકારી) કારીગરી તથા દરેક સાચો વેપાર.[૧]'' (અહમદ)

★ હાથની કમાઈ કઈ કઈ કહેવાય ★

૧. દસ્તકારીમાં ખેતીવાડી, કિતાબત (લેખન કાર્ય) અને અન્ય હલાલ બનાવટો (કારી ગરીઓ) સામેલ છે. અને સાચી તિજારત (વેપાર)થી દરેક હલાલ, સહીહ વેપાર મુરાદ છે. ફાસિદ, બાતિલ, મકરૂહ વેપારો આનાથી બહાર છે. અમે પહેલાં વર્ણવી ચૂક્યા છીએ કે આ પ્રકારની હદીષોમાં 'યદ' એટલે હાથથી મુરાદ પૂરી જાત હોય છે જેથી પગોથી ફરતાં ચાલતાં, આંખથી જોઈને, દિમાગથી વિચારીને જે કમાણીઓ કરવામાં આવે તે પણ હલાલ છે.

ડોક્ટરી, વકીલાત, જજ બનવું વગેરે પણ હાથની જ કમાણીઓ છે.

''હઝરત અબૂ બક્ર ઈબ્ને અબી મરયમથી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત મિક્દામ ઈબ્ને મઅદીકરિબની એક લોંડી હતી[1] દૂધ વેચતી હતી અને હઝરત મિક્દામ તેની કિંમત લેતા હતા. તેમને કહેવામાં આવ્યું : سبحان الله આપ દૂધ વેચો છો અને તેની કિંમત પર કબજો કરો છો[2] ? કહ્યું, હા ! એમાં કોઈ વાંધો નથી. મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતા સાંભળ્યા કે લોકો પર એક તે જમાનો આવશે જેમાં કેવળ રૂપિયા પૈસા જ ફાયદો આપશે.[3]'' (અહમદ)

★ હદીષ : (૨૬)-૨૭૮૪ ★

وَعَن أَبِي بكرِ بنِ أَبِي مريمَ قَالَ: كَانَتْ لِمِقْدَامِ بْنِ مَعْدِي كَرِبَ جَارِيَةٌ تَبِيعُ اللَّبَنَ وَيَقْبِضُ الْمِقْدَامُ ثَمَنَهُ فَقِيلَ لَهُ: سُبْحَانَ اللَّهِ أَتَبِيعُ اللَّبَنَ؟ وَتَقْبِضُ الثَّمَنَ؟ فَقَالَ نَعَمْ وَمَا بَأْسٌ بِذَلِكَ سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَيَأْتِيَنَّ عَلَى النَّاسِ زَمَانٌ لَا يَنْفَعُ فِيهِ إِلَّا الدِّينَارُ وَالدِّرْهَمُ» . رَوَاهُ أَحْمد

૧. આ અબૂ બક્ર તાબઈ છે તેનો ઉલ્લેખ લેખકે અકમાલમાં નથી કર્યો અને હઝરત મિક્દાદ મશહૂર સહાબી છે. લોંડીથી મુરાદ માલિકીની લોંડી છે જેને આપે ખરીદ વેંચાણની છૂટ આપી હતી. આવા પ્રકારના ગુલામને ફકીહો عبد ماذون (અબ્દે માઝૂન) કહે છે.

૨. કદાચ એ જમાનામાં અરબવાસીઓ દૂધના વેપારને નાપસંદ કરતા હતા, જેમ કે આજકાલ પંજાબમાં પણ હૈસિયતવાળા લોકો દૂધ વેચવાને નાપસંદ કરે છે, ઘી વેચે છે અથવા એનો મતલબ એ થશે કે આપના જેવા અઝમતવાળા લોકોએ જોઈએ કે દૂધ મફત આપ્યા કરે, કેમ કે એમાં પુષ્કળ ભલાઈ છે. એના પર કિંમત કેવી ?!

★ જે કમાઈથી અલ્લાહ વ રસૂલ મના ન કરે તે હલાલ ★

૩. જવાબનો ખુલાસો એ છે કે જે કારોબારથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ મના ન કરે તે હલાલ છે. ઉર્ફ અથવા ખયાલોથી કોઈ ચીજ હરામ નથી થઈ જતી. અને હવે જમાનો એવો આવી ગયો કે કમાલ નથી જોવામાં આવતો માલની કદર થાય છે. માલદાર આલિમની તબ્લીગ તથા વઅઝ અસરકર્તા છે. જેથી આપણે જોઈએ કે માલ કમાઈને કમાલ ફેલાવીએ.

★ ઉલમાએ જોઈએ કે ફકીરી નાદારીથી બચે ★

અલ્લાહુ અકબર ! જ્યારે સહાબાના જમાનામાં એ હાલ થઈ ચૂક્યો હતો તો આ જમાનામાં તો પૂછવાનું જ શું ?! હવે તો મુબલ્લિગો ઉલમાના માટે ફકીરી ઝહરે કાતિલ છે. માલદાર આલિમનો વઅઝ પણ અસરકારક હોય છે. ઉલમાએ જોઈએ કે ફકીરી તથા નાદારીથી બચે. હલાલ ઝરીયાઓથી માલ જરૂર હાંસલ કરે. મિર્કાતે ફર્માવ્યું કે ઉલમાએ સલફ (પૂર્વજ ઉલમા) કહેતા હતા, ખૂબ કમાઈઓ તથા વેપારો કરો, કેમ કે તમે એવા જમાનામાં છો જ્યારે કે હાજતમંદ પહેલાં પોતાના દીનને જ ખાય જાય છે. એક વાર હઝરત સુફયાન ષૌરી કેટલીક અશરફીઓ પોતાના હાથોમાં ઉલટ પલટ કરી રહ્યા હતા અને કહેતા જતા હતા કે જો મારી પાસે આ માલ ન હોત તો બની અબ્બાસ મને રૂમાલ બનાવી લેત કે મારાથી પોતાનો મેલ લૂછયા કરત.

બુઝુર્ગોથી મશવરો કરવો સહાબાની સુન્નત

★ હદીષ : (૨૭)-૨૭૮૫ ★

وَعَنْ نَافِعٍ قَالَ: كُنْتُ أُجَهِّزُ إِلَى الشَّامِ وَإِلَى مِصْرَ فَجَهَّزْتُ إِلَى الْعِرَاقِ فَأَتَيْتُ إِلَى أُمِّ الْمُؤْمِنِينَ عَائِشَةَ فَقُلْتُ لَهَا: يَا أُمَّ الْمُؤْمِنِينَ كُنْتُ أُجَهِّزُ إِلَى الشَّامِ فَجَهَّزْتُ إِلَى العراق فقالتْ: لَا تفعلْ مالكَ وَلِمَتْجَرِكَ؟ فَإِنِّي سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِذَا سَبَّبَ اللَّهُ لِأَحَدِكُمْ رِزْقًا مِنْ وَجْهٍ فَلَا يَدَعْهُ حَتَّى يَتَغَيَّرَ لَهُ أَوْ يَتَنَكَّرَ لَهُ» . رَوَاهُ أَحْمَدُ وَابْنُ مَاجَه

''હઝરત નાફેઅ رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ફર્માવે છે, મિસર શામની તરફ વેપારનો સામાન મોકલ્યા કરતો હતો. એકવાર ઈરાકની તરફ માલ મોકલવા લાગ્યો તો ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, હે મુસલમાનોની મહેરબાન મા ! હું શામની તરફ માલ મોકલ્યા કરતો હતો, આ વખતે ઈરાક મોકલી રહ્યો છું[૨] ફર્માવ્યું, એવું ન કરો ! તમને તમારી પૂરાની મંડીથી નફરત કેમ થઈ ગઈ ?[૨] મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે જ્યારે અલ્લાહ તમારામાંથી કોઈના માટે કોઈ ઝરીયાથી રોજીનો સબબ બનાવી દે તો તે એને ન છોડે, ત્યાં સુધી કે સબબ બદલાય જાય કે બગડી જાય.[૩]'' (અહમદ, ઈબ્ને માજહ)

૧. એનાથી જાણવા મળ્યું કે દુનિયવી કારોબારમાં બુઝુર્ગોથી મશવરો કરવો એ સહાબીઓની સુન્નત છે. એનાથી વેપારમાં બુઝુર્ગોનો ફયઝ પણ સામેલ થઈ જાય છે. આ નાફેઅ رضی اللہ عنہ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના આઝાદ કરેલા ગુલામ છે. મહાન મુહદ્દિષ છે, તાબઈ છે. હઝરત ઈબ્ને ઉમરની વફાત બાદ ખૂબ જ શાનદાર વેપાર કરતા હતા.

૨. એટલે કે જ્યારે તમને મિસર તથા શામ (સીરિયા)થી નફો પણ હાંસલ થઈ રહ્યો છે અને તમારો વેપાર પણ ત્યાં ચમકી રહ્યો છે, તો તમે ત્યાંથી નફરતકર્તા કેમ થઈ રહ્યા છો ?

૩. શરહકર્તા ફર્માવે છે تغیر થી મુરાદ વેપારમાં નફો ન થવું છે. અને تنکّر એટલે બગડવાથી મુરાદ નુકસાન તથા ખોટ જવું છે. ક્યાં તો એ બંનેવ શબ્દો નબી કરીમ ﷺ ના છે અથવા ઉમ્મુલ મો'મિનીનને રિવાયતમાં શક થઈ ગયો કે નબી કરીમ ﷺ એ يَتَغَيَّرَ ફર્માવ્યું અથવા يَتَنَكَّرَ મતલબ એ છે કે કોઈ શખ્સ પોતાના આવકના ઝરીયાને વિના કારણે બંધ ન કરે, કે એમાં રબ તઆલાની નાશુકી છે, બલ્કે તેની નેઅમતને ઠુકરાવવું છે.

★ લાગી ગયેલી નોકરી, બંધાયેલો કારોબાર વિના કારણે ન છોડો, એમાં નાશુકી છે ★

લાગી ગયેલી નોકરી તથા બંધાયેલો કારોબાર વિના કારણે ન છોડો. આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી قدس سرہ ફર્માવે છે કે જે શખ્સ વિના કારણે પચાસ રૂપિયા મહીનેવાળી નોકરી છોડી આપશે તો એક દિવસ એવો આવશે કે તે પંદર રૂપિયા મહિનેવાળી નોકરી શોધશે છતાં નહીં મળે. હા ! જો કુદરતી રીતે બંધ થઈ જાય તો પરવા ન કરે કે એ સ્થિતિમાં રબ તઆલા તેનાથી બેહતર દરવાજો ખોલી આપશે. આ હદીષ ખૂબ જ મુજર્રબ (અજમાવવામાં આવેલી) છે, જેનો ખુદ ફકીરે (લેખક) ઘણીવાર અનુભવ કર્યો છે. સૂફીઓ ફર્માવે છે : یک در گیر محکم گیر

જ્યોતિષપણુ તથા ફાલ ખોલવો હરામ

★ હદીષ : (૨૮)-૨૭૮૬ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: كَانَ لِأَبِي بَكْرٍ رَضِيَ اللَّهُ عَنْهُ غُلَامٌ يُخْرِّجُ لَهُ الْخَرَاجَ فَكَانَ أَبُو بَكْرٍ يَأْكُلُ مِنْ خَرَاجِهِ فَجَاءَ يَوْمًا بشيءٍ فأكلَ مِنْهُ أَبُو بَكْرٍ فَقَالَ لَهُ الْغُلَامُ: تَدْرِي مَا هَذَا؟ فَقَالَ أَبُو بَكْرٍ: وَمَا هُوَ؟ قَالَ: كُنْتُ تَكَهَّنْتُ لِإِنْسَانٍ فِي الْجَاهِلِيَّةِ وَمَا أُحسنُ الكهَانةَ إلاَّ أَنِّي خدَعتُه فلَقِيَني فَأَعْطَانِي بِذَلِكَ فَهَذَا الَّذِي أَكَلْتَ مِنْهُ قَالَتْ: فَأَدْخَلَ أَبُو بَكْرٍ يَدَهُ فَقَاءَ كُلَّ شَيْءٍ فِي بَطْنه. رَوَاهُ الْبُخَارِيّ

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે અબૂ બક્ર સિદ્દીક़ رضی اللہ عنہ નો એક ગુલામ હતો જે તેમને આવક આપતો હતો.[૧] તો સિદ્દીક़ે અકબર તેની આવક ખાતા હતા. તે એક દિવસે કોઈ ચીજ લાવ્યો જેમાંથી અબૂ બક્ર સિદ્દીક़ે કાંઈક ખાઈ લીધું[૨] ત્યારે ગુલામે અર્ઝ કર્યું કે, આપ જાણો છો કે આ શું છે ? અબૂ બક્ર સિદ્દીક़ رضی اللہ عنہ એ ફર્માવ્યું, શું છે ? તે બોલ્યો, મેં જાહિલિયતના જમાનામાં એક જણનો ફાલ ખોલ્યો હતો અને હું ફાલ જાણતો ન હતો, મેં તો તેને ધોકો આપ્યો હતો. તે આજે મને મળ્યો અને મને તેના બદલામાં આ આપ્યું. આ તે જ છે જે આપે ખાધું.[૩] ફર્માવે છે કે અબૂ બક્ર સિદ્દીક़ે હાથ નાખ્યો અને જે કાંઈ પેટમાં હતું સૌ ઉલ્ટી કરી નાખ્યું.[૪]" (બુખારી)

૧. અરબવાસીઓ પોતાના ગુલામોને વેપારની પરવાનગી આપી દેતા હતા, અને માસિક કે દૈનિક અમુક પૈસા નિશ્ચિત કરી આપતા હતા જે ગુલામ માલિક़ને અદા કરતો રહેતો હતો, ચાહે તે કમાણી કરે કે ન કરે, વધારે કરતો કે ઓછી કરતો. જેવી રીતે આજકાલ લોકો ઘોડા કે ગાડીઓ, રીક્ષાઓ બચત પર આપી દે છે. એને ખિરાજ કહેતા હતા. અહીં એનું વર્ણન છે.

૨. અને ગુલામને પૂછયું નહીં કે ક્યાંથી લાવ્યો છે. કેમ કે તે હમેશાં જ લાવતો રહેતો હતો અને આપ ખાતા હતા. એનાથી જાણવા મળ્યું કે દરેક ચીજની તેહક़ીક़ જરૂરી નથી. જે ચીજના હલાલ હોવાનુ ગુમાન ગાલિબ હોય તેને ખાય લે. સહાબાએ કિરામ જંગોમાં કાફિરોના માલ તથા સામાન, બલ્કે પહેરેલાં કપડાં પર કબજો કરી લેતા હતા અને તેની તેહક़ીક़ કરતા ન હતા. આ અમલ તક़્વાની વિરૂધ્ધ નથી.

૩. ખુલાસો એ છે કે એ મીઠાઈ બે રીતે હરામ હતી : એક એ કે જ્યોતિષપણુ એટલે ફાલ ખોલવું પણ હરામ છે અને એની મજૂરી પણ હરામ છે. બીજુ એ કે ધોકાની મીઠાઈ છે જેમ કે કોઈ ડોકટર નથી તે કોઈને છેતરીને ડોકટર બને, તેની મજૂરી લે એ હરામ છે. ગાલિબ એ છે કે ગુલામે જાણી જોઈને અહીં જુર્મની નિય્યત કરી હતી નહીં, બલ્કે તેને એ સમજમાં આવ્યું કે મેં આ જ્યોતિષપણુ ઈસ્લામ લાવવા પહેલાં કર્યું હતું જ્યારે મારા પર ઈસ્લામી હુકમો લાગુ થાય ન હતા. કેમ કે આ તેનું જ વળતર છે જેથી હલાલ છે. હવે મુસલમાન થઈને ન જ્યોતિષ બનીશ ન વળતર લઈશ, એ જ વિચારીને તેણે જનાબ સિદ્દીક़ે અકબરને પહેલાં બતાવ્યું પણ નહીં. ખવડાવી દીધા પછી તેને કાંઈક ખયાલ આવ્યો જેથી મસ્અલો પૂછવા માટે આ અર્ઝ કર્યું. જેથી ન તો ગુલામ પર વાંધો છે કે તેણે એ મીઠાઈ લીધી જ શા માટે અને હઝરત સિદ્દીક़ે અકબર رضی اللہ عنہ ને ધોકો કેમ આપ્યો. અને ન જનાબ સિદ્દીક़ رضی اللہ عنہ પર એ સવાલ થઈ શકે છે કે આપે વિના તહક़ીક़ે ખાઈ શા માટે લીધું.

★ સિદ્દીક़े અકબર رضی اللہ عنہ એ બેખબરીમાં ગુલામથી હરામ માલ ખાતાં ઉલ્ટી કરી ★

૪. આ હઝરત સિદ્દીક़े અકબર رضی اللہ عنہ નો અત્યંત કક્ષાનો તક़્વો છે કે જે ચીજ ખરેખર હરામ હતી અને અજાણતામાં ખાય લીધી તેને ઊલ્ટી વડે પેટમાંથી કાઢી નાખી. આ પરથી તે લોકો બોધ ગ્રહણ કરે જેઓ જનાબ સિદ્દીક़ رضی اللہ عنہما ની ખિલાફતને ગલત તથા આપને ખયાનત કરનાર તથા પડાવી લેનાર કહે છે. જે હસ્તી નાજાઈઝ મીઠાઈ પોતાના પેટમાં ન રહેવા દે તે નાજાઈઝ રીતે ખિલાફત પર કેવી રીતે કબજો કરનાર થઈ શકે છે ?! આ હદીષના આધારે અમુક શાફ઼ઈઓ કહે છે કે જે અજાણ પણે પણ નાજાઈઝ ચીજ ખાય લે તે ઉલ્ટી કરી દે, પણ આપણે ત્યાં આ ખાસ પ્રકારનો તક़્વો હતો ન કે સામાન્ય ધોરણે ફ઼ત્વો. (અઝ : મિર્ક़ાત) હરામ ચીજ ખાવી હરામ છે, ઉલ્ટી કરવી વાજિબ નથી. આ હદીષથી જાણવા મળ્યું કે હરામ સંપૂર્ણ કબજા બાદ પણ માલિકીપણામાં નથી આવતું અને ન ત્યાં માલિકી તબદીલ થવાના હુકમો લાગુ થશે.

"હઝરત અબૂ બક્ર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ર્માવ્યું, જન્નતમાં તે શરીર જશે નહીં જેને હરામથી ખોરાક આપવામાં આવ્યો.[૧]"

(બયહક़ી, શોઅબુલ ઈમાન)

★ હદીષ : (૨૯)-૨૭૮૭ ★

وَعَنْ أَبِي بَكْرٍ رَضِيَ اللّٰهُ عَنْهُ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَدْخُلُ الْجَنَّةَ جَسَدٌ غُذِّيَ بالحرَامِ».رَوَاهُ الْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان

૧. ખોરાકથી ખાવા પીવાની સર્વ ચીજો મુરાદ છે. અને જન્નતમાં પ્રવેશથી પ્રથમ પ્રવેશ અથવા ત્યાંના ઉચ્ચ સ્થાનોમાં પ્રવેશ મુરાદ છે, નહીં તો મુસલમાન ભલે ગમે તેટલો ગુનેહગાર હોય છેવટમાં તો જન્નતમાં જશે.

હરામના થોડા ભાગના કપડાથી પણ નમાઝ ક़બૂલ ન થશે

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફ઼ર્માવે છે, ***જે કોઈ કપડુ દસ દિરહમથી ખરીદે અને એમાં એક દિરહમ હરામ હોય તો જ્યાં સુધી તે કપડુ તેના પર રહેશે અલ્લાહ તેની કોઈ નમાઝ ક़બૂલ કરશે નહીં પછી આપે પોતાના કાનોમાં આંગળીઓ નાખી અને ફ઼ર્માવ્યું, આ બહેરા થઈ જાય જો મેં નબી કરીમ ﷺ ને આવું ફ઼ર્માવતાં ન સાંભળ્યા હોય.[૨] (અહમદ, બયહક़ી, શોઅબુલ ઈમાન) અને ફ઼ર્માવ્યું, એની અસ્નાદ ઝઈફ઼ છે."***

★ હદીષ : (૩૧)-૨૭૮૯ ★

وَعَن ابنِ عُمَرَ قَالَ: مَنِ اشْتَرَى ثَوْبًا بِعَشَرَةِ دَرَاهِمَ وَفِيهِ دِرْهَمٌ حَرَامٌ لَمْ يَقْبَلِ اللّٰهُ لَهُ صَلَاةً مَا دَامَ عَلَيْهِ ثُمَّ أَدْخَلَ أُصْبَعَيْهِ فِي أُذُنَيْهِ وَقَالَ صُمَّتَا إِنْ لَمْ يَكُنِ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ سَمِعْتُهُ يَقُولُهُ. رَوَاهُ أَحْمَدُ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ. وَقَالَ: إِسْنَادُهُ ضَعِيف

૧. અને તેનો સંપૂર્ણ સવાબ ન આપશે, જો કે શરીઅતની રૂએ તેની નમાઝ દુરુસ્ત થશે. રબ તઆલા ફ઼ર્માવે છે : إِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ (કહ્યું, અલ્લાહ તેનાથી ક़બૂલ કરે છે જે એનાથી ડરે. સૂ. માઈદા, ૫/૨૭) ઈબાદત સહીહ થવાનો આધાર જાઈઝ હોવાની શરતો પર છે, અને ક़બૂલિયત તક़્વા પર આધારિત છે, તક़્વો સેહત (સહીહ થવા)ની શર્ત નથી. આ જ અહલે સુન્નતનો મઝહબ છે. *(મિર્ક़ાત)* ૨. એટલે કે આ મારો પોતાનો ક़ૌલ નથી બલ્કે હુઝૂરે અન્વર ﷺ નો મહાન ઈર્શાદ (આદેશ) છે અને હદીષ મૌક़ૂફ઼ નથી બલ્કે મરફૂઅ છે. આવા મોક़ા પર પોતાના માટે બદદુઆ કરવી એક જાતની ક़સમ છે જેનાથી સાંભળનારને યક़ીન અપાવવાનો હેતુ હોય છે.

بابُ المساهلة في المعاملة[1] (મામલામાં નરમી કરવી)

(વિભાગ : ૧) الفصل الاول

૧. مساهلت سهل થી બન્યું, નરમ જમીનના અર્થમાં. સખતનું વિરૂધ્ધાર્થી. ઈસ્તેલાહ (બોલી)માં દરેક નરમ ચીજને مسهل કહી દે છે. અહીં મામલા તથા લેણદેણમાં સખ્તી ન કરવી મુરાદ છે. મામલાઓથી મુરાદ નિકાહ, વેપાર, કરજ, મજૂરી વગેરે સર્વ કારોબાર છે જેનો સંબંધ બંદાઓ સાથે છે. ઈબાદતોનો સંબંધ રબ તઆલાથી હોય છે. મુસલમાનના મામલા પણ ઈબાદત બની જાય છે જો સારી નિય્યત હોય તો.

ખરીદવા, વેચવા તથા તકાદામાં નરમીનો હુકમ

★ હદીષ : (૧)-૨૭૯૦ ★

عَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:رَحِمَ اللَّهُ رَجُلًا سَمْحًا إِذَا بَاعَ وَإِذَا اشْتَرَى وَإِذَا اقْتَضَى رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ***અલ્લાહ તે શખ્સ પર રહમતો કરે જે નરમ હોય જ્યારે વેચે તથા ખરીદે, અને જ્યારે (તક઼ાદો) માગણી કરે.***[1] *(બુખારી)*

૧. વેચવામાં નરમી એ છે કે ગ્રાહકને ઓછુ કે ખરાબ ચીજ આપવાની કોશિશ ન કરે, અને ખરીદવામાં નરમી એ છે કે કિંમત પૂરી આપે અને સારી રીતે અદા કરે, વેપારીને પરેશાન ન કરે. તક઼ાદામાં (ઉઘરાણીમાં) નરમી એ છે કે જ્યારે તેનું કોઈના પર કરજ હોય તો નમ્રતાપૂર્વક માગે ને મજબૂર કરજદારને મોહલત આપી દે, તેના પર સખ્તી ન કરે. **જેનામાં આ ત્રણ ખૂબીઓ (ગુણો) ભેગી હોય તે અલ્લાહનો મક઼બૂલ બંદો છે.** રબ તઆલા ફર્માવે છે : وَاِنْ كَانَ ذُوْ عُسْرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيْسَرَةٍ (અને જો કરજદાર તંગીવાળો છે તો તેને મોહલત આપો આસાની સુધી. સૂ. બક઼રહ, ૨/૨૮૦)

તંગદસ્ત કરજદારને તંગી જતા સુધી મોહલત આપો

★ હદીષ : (૨)-૨૭૯૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ حُذَيْفَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ رَجُلًا كَانَ فِيمَنْ قَبْلَكُمْ أَتَاهُ الْمَلَكُ لِيَقْبِضَ رُوحَهُ فَقِيلَ لَهُ: هَل علمت مَنْ خَيْرٍ؟ قَالَ: مَا أَعْلَمُ. قِيلَ لَهُ انْظُرْ قَالَ: مَا أَعْلَمُ شَيْئًا غَيْرَ أَنِّي كُنْتُ أُبَايِعُ النَّاسَ فِي الدُّنْيَا وَأُجَازِيهِمْ فَأُنْظِرُ الْمُوسِرَ وَأَتَجَاوَزُ عَنِ الْمُعْسِرِ فَأَدْخَلَهُ اللَّهُ الْجَنَّةَ "

''હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આગલા લોકોમાં એક શખ્સ હતો જેની પાસે તેની રૂહ કબ્ઝ કરવા ફરિશ્તો આવ્યો તો તેને કહ્યું[2] કે શું તેં કોઈ નેકી કરી છે ? તે બોલ્યો, હું નથી જાણતો. તેને કહેવામાં આવ્યું, વિચાર તો કર.[2] એના સિવાય કાંઈ બીજુ નથી જાણતો કે ***હું દુનિયામાં લોકો સાથે વેપાર કરતો હતો અને તેમના પર તકાઝો કરતો હતો તો માલદારને***

★ હદીષ : (3)-૨૭૯૨ ★
وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ نَحْوَهُ عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ وَأَبِي مَسْعُودٍ الْأَنْصَارِيِّ«فَقَالَ اللَّهُ أَنَا أَحَق بذا مِنْك تجاوزوا عَن عَبدِي»

મોહલત આપી દેતો અને ગરીબને માફી.[૩] જેથી અલ્લાહે તેને જન્નતમાં દાખલ કરી આપ્યો.[૪] (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમની રિવાયત આ જ પ્રમાણે છે ઉકબા બિન આમિર અને અબૂ મસ્ઊદ અન્સારીથી. પછી રબે ફર્માવ્યું કે હું આ મહેરબાનીનો તારા કરતાં અધિક હક્કદાર છું. મારા બંદાથી દરગુઝર કરો.[૫]"

૧. જાહેર એ છે કે આ સવાલ તેને જાંકની (સકરાત)ના સમયે થયો અથવા કબ્રમાં, અને સવાલ કરનારા ક્યાં તો તે ફરિશ્તા હતા જેઓ જાન કાઢવા આવ્યા હતા અથવા મુન્કર નકીર જેઓ કબ્રનો હિસાબ લેતા હતા, ભલે કબ્રમાં કેવળ ઈમાનનો હિસાબ છે, અમલોનો હિસાબ તો કયામતમાં થશે પણ આ એ શખ્સની વિશિષ્ટતાઓમાંથી છે કે તેનો કબ્રમાં જ અમલોનો હિસાબ પણ થઈ ગયો. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું, قِيل એ يُقَال ના અર્થમાં છે. અને આ બનાવ સવાલ તથા જવાબનો કયામતમાં થશે, પણ પ્રથમ ખુલાસો મજબૂત છે. *(લમ્આત, અશિઅહ, મિર્કાત)*

★ મરતી વખતે તથા કબ્રમાં આપણા અમલો યાદ થશે ★

૨. જાણવા મળ્યું કે મરતી વખતે અને કબ્રમાં હશ્રમાં માણસને પોતાના બુરા ભલા અમલો યાદ હશે. રબ તઆલા ફર્માવે છે : بَلِ الْإِنْسَانُ عَلٰى نَفْسِهٖ بَصِيْرَةٌ ۙ وَّ لَوْ اَلْقٰى مَعَاذِيْرَهٗ ؕ (બલ્કે માણસ પોતે જ પોતાના હાલ પર પૂરી નિગાહ રાખે છે. અને જો તેની પાસે જેટલાં બહાનાં હોય સૌ લાવી નાખે. સૂ. કિયામા, ૭૫/૧૪,૧૫)

૩. એટલે કે મારા મામલાઓ (વહેવાર) ઘણા જ સારા હતા. એમાં અખ્લાકને દખલ હતી. જો માલદારને કરજ અદા કરવામાં વાર લાગતી હતી તો હું સબ્ર કરતો હતો, તેના પર જલ્દી માગણી કરીને સખ્તી કરતો ન હતો. અને જો મારો કરજદાર અદા કરવાને પાત્ર ન હોતો તો તેને તદ્દન માફ કરી આપતો હતો કે જેથી તે દુનિયા તથા આખેરતમાં ફસાયેલો ન રહે.

★ મહેરબાની કરનાર પર રબ મહેરબાની કરે છે ★

૪. એનાથી બે મસ્અલા માલૂમ પડયા : **એક** એ કે **જે બંદાઓ પર મહેરબાની કરે છે તેના પર રબ તઆલા કરમ કરે છે.** કોઈને ફસાવવાની કોશિશ ન કરો બલ્કે ફસાયેલાને કાઢવાની કોશિશ કરો. **બીજુ** એ કે મામૂલી નેકીને મામૂલી સમજીને છોડી ન દો. ક્યારેક એક ટીપુ પણ જાન બચાવી લે છે. શક્ય છે કે નાનો સરખો અમલ બખ્શિશનો ઝરીયો બની જાય, અને કોઈ મામૂલી ગુનોહ નાનો સમજીને ન કરી લો કે ક્યારેક નાની ચિન્ગારી આખુ ઘર સળગાવી દે છે.

૫. એટલે કે ફસાયેલાઓને કાઢવા, લોકો પર રહમ કરવી મારો ગુણ છે, જ્યારે તું રબના અખ્લાકથી સંબંધિત થયો તો હું પણ તને બખ્શી આપુ છું. આ જ આ હદીષનો મતલબ છે કે تخلقوا بأخلاق الله અલ્લાહ તઆલાની આદતો અપનાવો. એનાથી જાણવા મળે છે કે **માણસ ઈબાદતોની સાથોસાથ મામલાઓ પણ બરાબર રાખે.**

★ હદીષ : (૪)-૨૭૯૩ ★

وَعَنْ أَبِي قَتَادَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ «إِيَّاكُمْ وَكَثْرَةَ الْحَلِفِ فِي الْبَيْعِ فَإِنَّهُ يُنَفِّقُ ثُمَّ يَمْحَقُ».رَوَاهُ مُسلم

''હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે વેપારમાં અધિક કસમ ખાવાથી બચો[૧] કે કસમ માલ તો વેચાવી દે છે પછી બરકત નષ્ટ કરી દે છે.[૨]'' (મુસ્લિમ)

★ વેપારમાં કસમ ખાવાથી બચો ★

૧. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહીં અધિક કસમોથી મનાઈ છે, થોડી કસમોની ઈજાઝત છે કે વેપારમાં કદી કસમ ખાવી જ પડે છે. અમુકે ફર્માવ્યું કે જૂઠી કસમોથી મનાઈ છે, સાચી કસમની ઈજાઝત છે. પણ અગ્રતા એને છે કે મુત્લક કસમથી મનાઈ છે. كثرة નો શબ્દ ઈત્તેફાકી છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : لَا تَأْكُلُوا الرِّبٰوا اَضْعَافًا مُّضٰعَفَةً (વ્યાજ ડબલ ડબલ ન ખાવ. સૂ. આલે ઈમરાન, ૩/૧૩૦) હેતુ એ છે કે ખરીદ વેચાણમાં સાચી કસમો પણ ન ખાવ કે ક્યારેક જૂઠી કસમ પણ મોંથી નીકળી જશે. શરદીથી બચો કે જેથી તાવથી મેહફૂઝ રહો.

★ જૂઠી કસમ ખાનાર વેપારી અવિશ્વાસપાત્ર બને છે ★

૨. يُنَفِّقُ એ ن ની તશ્દીદ અને કસ્રા (ઝેર)થી છે. تنفيق નો મઝારેઅ. انفاق થી નથી. تنفيق તરવીજના અર્થમાં છે. એટલે કસમથી લોકો ધોકો ખાઈને ખરીદી લે છે અને માલ ઉપડી જાય છે, પરંતું ભવિષ્યમાં જૂઠા વેપારીઓનો ભરોસો નથી રહેતો. વેપાર ભરોસા પર ચાલે છે. અફસોસ ! કે આ સબક મુસલમાન વેપારી ભૂલી ગયા, કાફિરો ખાસ કરીને અંગ્રેજોએ યાદ કરી લીધો. આજે તેમની પ્રમાણિકતા મશહૂર થઈ ચૂકી છે, એટલા માટે તેઓ વેપારમાં સૌથી આગળ છે.

કસમ ખાવાથી માલ તો વેચાય છે પણ બરકત ઉઠી જાય છે

★ હદીષ : (૫)-૨૭૯૪ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «الْحلف منفقعة للسلعة ممحقة للبركة»

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે, કસમ સામાન વેચાવનારી છે, બરકત મિટાવનારી છે[૧]'' (બુખારી, મુસ્લિમ)

૧. શક્ય છે કે અહીં الحلف માં અલિફ લામ અહદી હોય, અને કસમથી મુરાદ જૂઠી કસમ હોય અને બરકતથી મુરાદ ભાવિમાં કારોબાર બંધ થઈ જવું હોય અથવા કરેલા વેપારમાં ખોટ જવું. એટલે કે જો તમે કોઈને જૂઠી કસમ ખાઈને ધોકાથી ખરાબ માલ આપી દીધો, તે એકવાર તો ધોકો ખાય જશે પણ બીજીવાર આવશે નહીં, ન કોઈને આવવા દેશે. અથવા જે રકમ તમે તેનાથી હાંસલ કરી લીધી એમાં બરકત ન થશે કે હરામમાં બેબરકતી છે. મામલાઓમાં સફાઈ શીખો.

ત્રણ જણ સાથે અલ્લાહ ક़યામતમાં વાત ન કરશે

★ હદીષ : (૬)-૨૭૯૫ ★

وَعَنْ أَبِي ذَرٍّ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ:«ثَلَاثَةٌ لَا يُكَلِّمُهُمُ اللَّهُ يَوْمَ الْقِيَامَةِ وَلَا يَنْظُرُ إِلَيْهِمْ وَلَا يُزَكِّيهِمْ وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ» . قَالَ أَبُو ذَرٍّ: خَابُوا وَخَسِرُوا مَنْ هُمْ يَا رَسُولَ اللَّهِ؟ قَالَ: «الْمُسْبِلُ وَالْمَنَّانُ وَالْمُنَفِّقُ سِلْعَتَهُ بِالْحلف الْكَاذِب» . رَوَاهُ مُسلم

''હઝરત અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે કે ફ઼ર્માવ્યું, ત્રણ શખ્સો તે છે જેનાથી અલ્લાહ તઆલા ક़યામતના દિવસે ન કલામ (વાત) કરશે ન રહમતની નજર અને ન ગુનાહોથી પાક કરશે.[૧] અને તેમના માટે દર્દનાક અઝાબ છે. અબૂ ઝરે અર્ઝ કરી, તેઓ તો ખોટ તથા નુકસાન પર જ ગયા. યા રસૂલલ્લાહ ! ﷺ, તેઓ કોણ છે ? ફ઼ર્માવ્યું, તેહબંદ લટકાવનારો, એહસાન જતાવનારો અને જૂઠી ક़સમથી માલ વેચનારો.[૨]''

(મુસ્લિમ)

૧. કલામથી મુરાદ મહબ્બતનો કલામ (મહોબ્બતભરી વાત) છે. જોવાથી મુરાદ કરમથી જોવું છે, અને પાક ફર્માવવાથી મુરાદ ગુનાહ બખ્શવું છે. એટલે બીજા મુસલમાનો પર આ ત્રણેવ કરમ થશે, પણ આ ત્રણ પ્રકારના લોકો આ ત્રણેવ ઈનાયતોથી મેહરૂમ રહેશે. જેથી એનાથી બચતા રહો.

૨. એટલે કે જે ફેશનના માટે ઘૂંટીથી નીચા પાયજામા, તેહબંદ વાપરશે જેવો કે આજકાલ જાહિલ ચૌધરીઓનો તરીક़ો છે, અને જેઓ કોઈને કાંઈ સદક़ો તથા ખૈરાત આપીને તેમને ટોણા મારે, એહસાન જતાવે, લોકોમાં તેમને બદનામ કરી દે કે ફલાણો માણસ અમારા પાસે હાથ લંબાવતો રહેતો છે, અને જૂઠી ક़સમ ખાઈને ધોકો આપીને માલ વેચે.

(વિભાગ : ૨) الفصل الثانی

અન્ય ધંધાઓ કરતાં વેપાર ઉત્તમ

★ હદીષ : (૭)-૨૭૯૬ ★

عَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «التَّاجِرُ الصَّدُوقُ الْأَمِينُ مَعَ النَّبِيِّينَ والصِّدِّيقينَ والشهداءِ» . رَوَاهُ التِّرْمِذِيّ وَالدَّارَقُطْنِيّ.

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼ર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ર્માવ્યું, સાચો અમાનતદાર વેપારી[૧] પયગંબરો, સિદ્દીક़ો અને શહીદોની સાથે હશે[૨]'' (તિર્મિઝી, દારમી, દારકુત્ની)

★ હદીષ : (૮)-૨૭૯૭ ★

2797 -[8]وَرَوَاهُ ابْنُ مَاجَهْ عَنِ ابْنِ عُمَرَ. وَقَالَ التِّرْمِذِيّ: هَذَا حَدِيث غَرِيب

''અને ઈબ્ને માજહએ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી. તિર્મિઝીએ ફ઼ર્માવ્યું, આ હદીષ ગરબી છે.''

★ અમાનતદાર વેપારીનો હશ્ર નબી, સિદ્દીક़, વલીઓ સાથે ★

૧. એનાથી જાણવા મળ્યું કે અન્ય ધંધાઓ કરતાં વેપાર ઉત્તમ ધંધો છે. વળી **વેપારમાં અનાજનો, પછી**

કપડાનો પછી અત્તરનો વેપાર અફઝલ છે. (મિર્કાત) જરૂરિયાતે જિંદગી અને જરૂરિયાતે દીનીનો વેપાર અન્ય વેપારો કરતાં બેહતર છે. વળી **સાચો મુસલમાન વેપારી ઘણો જ ખુશનસીબ છે કે તેને નબીઓ વલીઓની સાથે હશ્ર નસીબ થાય છે.**

૨. પણ એ હમરાહી (સાથ) એવો હશે કે જેવી રીતે માલિકની સાથે ખાદિમોને સાથ હોય છે. એ મતલબ નથી કે એ વેપારી નબી બની જશે ! સારો તાજિર (વેપારી) તાજૂર છે, બુરો તાજિર ફાજિર છે.

વેપારમાં સદકા કરતા રહો

"હઝરત ઈબ્ને અબી મરઝા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબવી જમાનામાં અમને સોદાગર કહેવામાં આવતા હતા.[૧] અમારી પાસેથી રસૂલુલ્લાહ ﷺ પસાર થયા. એનાથી બેહતર અમારું નામ રાખવામાં આવ્યું[૨] ફર્માવ્યું, હે વેપારીઓના ગિરોહ ! વેપારમાં બેહૂદગી તથા જૂઠી કસમો આવી જાય છે જેથી તેને ખૈરાતથી મેહફૂઝ કરી દો[૩]" (અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૯)-૨૭૯૮ ★

وَعَن قيس بن أَبِي غَرزَة قَالَ: كُنَّا نُسَمَّى فِي عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ السَّمَاسِرَةَ فَمَرَّ بِنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَسَمَّانَا بِاسْمٍ هُوَ أَحْسَنُ مِنْهُ فَقَالَ: «يَا مَعْشَرَ التُّجَّارِ إِنَّ الْبَيْعَ يَحْضُرُهُ اللَّغْوُ وَالْحَلِفُ فَشُوبُوهُ بِالصَّدَقَةِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ

૧. سماسرہ سماسر નું બહુવચન છે. سمسار દલાલને કહે છે જે વેપારી તથા ખરીદનારની વચ્ચે સોદો કરાવે છે, એટલે સોદાગર. પછી મુત્લક્ન વેપારીને سمسار કહેવા લાગ્યા, જેમ કે આપણી ઉર્દૂ ભાષામાં સોદાગર દલાલનું નામ છે. એટલે સોદો કરાવનાર, પણ હવે વેપારીને સોદાગર કહે છે.

૨. એટલે سمسار કરતાં વેપારી નામ બેહતર છે, કેમ કે કુર્આન શરીફમાં આ ધંધાને વેપાર (તિજારત) કહેવમાં આવેલ છે. તેમજ રબ તઆલાએ પોતાને મુસલમાનોની જાન તથા માલનો ખરીદાર કહ્યો. તેમજ વેપારનો અર્થ છે નફા પર માલ આમ તેમ કરનાર. سمسار જાલિમ ચુંગીવાળાને પણ કહે છે જે જુલ્મ તથા લાંચમાં મશહૂર છે.

★ સદકાથી રબના ગઝબની આગ ઓલવાય જાય છે ★

૩. મકસદ એ છે કે વેપારમાં કેટલીક કાળજી લેવામાં આવે પણ તેમ છતાં કેટલીક ફોગટની કેટલીક જૂઠી કસમ મોંઢેથી નીકળી જ જતી હોય છે, એટલા માટે સદકા ખૈરાત જરૂર કરતા રહો કે **સદકાથી અલ્લાહના ગઝબની આગ ઓલવાય જાય છે.** સામાન્યત : વેપારીઓ ફકીરોને પૈસો પૈસો આપતા રહે છે. ખાસ કરીને જુમેરાતે આપે છે. આ અમલનો માખઝ આ જ હદીષ છે. આમ પણ સદકો આ'લા ઈબાદત છે.

કયામતમાં વેપારીઓને બદકાર ઉઠાવવામાં આવશે સિવાય કે...

"હઝરત ઔબૈદ ઈબ્ને રફાઆથી રિવાયત છે. તે પોતાના પિતાથી રિવાયત કરે છે. તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે. ફર્માવ્યું, કયામતના દિવસે વેપારી બદકાર ઉઠાવવામાં આવશે, એમના સિવાય કે

★ હદીષ : (૧૦)-૨૭૯૯ ★

وَعَن عبيد بن رفاعةَ عَنْ أَبِيهِ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «التُّجَّارُ يُحْشَرُونَ يَوْمَ الْقِيَامَةِ فُجَّارًا إِلَّا مَنِ اتَّقَى وَبَرَّ وَصَدَقَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْن مَاجَه

★ હદીષ : (૧૧)-૨૮૦૦ ★
[11]- 2800 وَرَوَى الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ. عَنِ الْبَرَاءِ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ

જેઓ પરહેઝગારી, ભલાઈ કરે, સાચુ બોલે.[૧] (તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)

અને બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં હઝરત બરાઅથી રિવાયત કરી અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે સહીહ છે.

૧. પરહેઝગારીથી મુરાદ છે ગુનાહે કબીરાથી. ખાસ કરીને અને ગુનાહે કબીરાની આદતથી સામાન્ય રીતે બચતા રહેવું. નેકીથી મુરાદ છે પોતાના કારોબારને ધોકો ખયાનતથી મેહફૂઝ રાખવું. સત્યથી મુરાદ સોદા વિશે સાફ઼ વાત કરવી. જો અયબદાર હોય તો તેને બેઅયબ સાબિત કરવાની કોશિશ ન કરવી. (મિર્ક઼ાત) મતલબ એ છે કે **ક઼યામતમાં સર્વ વેપારીઓ ફ઼ાસિક઼ તથા ફ઼ાજિર હશે, સિવાય તેમના જેમનામાં આ ત્રણ ખૂબીઓ હશેઃ પરહેઝગારી, ભલાઈ, સચ્ચાઈ.**

બાબુલ ખિયાર[૧] باب الخيار

(અખત્યારનું પ્રકરણ)

(વિભાગ : ૧) الفصل الاول

★ સોદા વેચાણમાં ચાર અખત્યાર છે ★

૧. ઈખ્તિયાર 'ખયર'થી બન્યું, ખૈર તથા ભલાઈની તલબના અર્થમાં. ચૂંટવા અને પસંદ કરવાને પણ 'ખિયાર' કહેવામાં આવે છે, બરગઝીદન (ચૂંટી કાઢવા)ના અર્થમાં. સોદામાં આપણે ત્યાં ચાર ખિયાર છે : ખિયારે અક્દ, ખિયારે રૂયત, ખિયારે શર્ત, ખિયારે અયબ.

★ ખેયાર (અખત્યાર)માં ઈમામોના મતભેદનું વર્ણન ★

પણ ઈમામ શાફઈને ત્યાં પાંચમો ખિયાર અધિક છે, ખિયારે મજલિસ, કે ઈજાબો કુબૂલના પછી પણ જ્યાં સુધી બંને પક્ષો જગાએથી હટી ન જાય ત્યાં સુધી તેમને અખત્યાર રહે છે કે સોદાને રાખે કે ખત્મ કરી દે. જ્યારે એમનામાંથી કોઈ જગાએથી હટી ગયું તો એ ખિયાર (અખત્યાર) ખતમ થઈ ગયો. પણ આપણે ત્યાં ઈજાબો કુબૂલથી સોદો સંપૂર્ણ થઈ જાય છે કે હવે તેમનામાંથી કોઈને સોદો કેન્સલ કરવાનો (ફસ્ખનો) હક્ક નથી રહેતો. એની તફસીલ ફિક્હની કિતાબોમાં છે. ખિયારે શર્તની મુદત ત્રણ દિવસ છે. ખિયારે અક્દમાં મજલિસનો એતબાર છે કે ઈજાબ પછી બંનેવ જ્યાં સુધી પોતાની જગાએ બેઠેલા રહે બીજાએ કબૂલ કરવા ન કરવાનો હક્ક છે. જ્યારે તેમનામાંથી કોઈ હટી ગયો તો કબૂલનો ખિયાર જતો રહ્યો. ખિયારે અયબમાં શર્ત એ છે કે અયબ વેચનારને ત્યાંનો હોય, ખરીદનારને ત્યાં પેદા ન થયો હોય. અને એક અયબ તો વેચનારને ત્યાં હતો અને બીજો ખરીદનારને ત્યાં પેદા થઈ ગયો તો હવે પરત કરવાનો હક્ક ખરીદનારને ન મળશે, બલ્કે ચીજની કિંમત ઓછી થઈ જશે. તફસીલ ફિક્હની કિતાબમાં જુઓ.

★ હદીષ : (૧)-૨૮૦૧ ★ (مُتَّفَق عَلَيْهِ)

عَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْمُتَبَايِعَانِ كُلُّ وَاحِدٍ مِنْهُمَا بِالْخِيَارِ عَلَى صَاحِبِهِ مَا لَمْ يَتَفَرَّقَا إِلَّا بيع الْخِيَارِ»وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ: «إِذَا تَبَايَعَ الْمُتَبَايِعَانِ فَكُلُّ وَاحِدٍ مِنْهُمَا بِالْخِيَارِ مِنْ بَيْعِهِ مَا لَمْ يَتَفَرَّقَا أَوْ يَكُونَ بَيْعُهُمَا عَنْ خِيَارٍ فَإِذَا كانَ بيعُهما عَن خيارٍ فقد وَجَبَ»وَفِى رِوَايَةٍ لِلتِّرْمِذِيِّ: «الْبَيِّعَانِ بِالْخِيَارِ مَا لَمْ يَتَفَرَّقَا أَوْ يَخْتَارَا» . وَفِي الْمُتَّفَقِ عَلَيْهِ: " أَوْ يَقُولَ أَحَدُهُمَا لِصَاحِبِهِ: اخْتَرْ «بَدَلَ» أَوْ يختارا "

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ખરીદ વેચાણ કરનારા બંનેમાંથી દરેકને પોતાના સાથી પર અખત્યાર છે[૧] જ્યાં સુધી તે અલગ ન થાય[૨] ખિયારવાળી બયઅ (સોદા) સિવાય.[૩] (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમની એક રિવાયતમાં આ પ્રમાણે છે કે જ્યારે વેપારી તથા ખરીદનાર વેપારી કારોબાર કરે તો એ સોદામાં દરેક મુખ્તાર છે જ્યાં સુધી જુદા ન થાય.[૪] અથવા તેમનો સોદો ઈખ્તિયારનો હોય. જ્યારે સોદો ઈખ્તિયારનો હોય તો ઈખ્તિયાર લાઝિમ થઈ ગયો.[૫] અને તિર્મિઝીની રિવાયતમાં છે કે ખરીદાર અને વેચનાર

મુખ્તાર છે? જ્યાં સુધી અલગ ન થાય અથવા અખત્યાર રાખે. અને મુસ્લિમ બુખારીની રિવાયતમાં અખત્યારને બદલે આ પ્રમાણે છે કે એમનામાંથી એકબીજાથી કહી દે તું અખત્યાર રાખે.૯''

★ ખરીદ વેચાણના વિવિધ મસાઈલ ★

૧. એટલે કે ખરીદ વેચાણ કરનારાઓમાંથી એકે ઈજાબ કરી આપ્યું તો બીજાએ કબૂલ કરવા ન કરવાનો અધિકાર છે, અને બીજાના કબૂલ કરવાથી પહેલાં ઈજાબ કરવાવાળો પોતાનો ઈજાબ ખત્મ કરી શકે છે.

૨. આપણા ઈમામે આ'ઝમને ત્યાં અલાયદા થવાથી મુરાદ શારીરિક અલાઈદગી નહીં બલ્કે વાતની અલાઈદગી તથા જુદાઈ મુરાદ છે, કે એક કહે મેં વેચી દીધી, બીજો કહે મેં કબૂલ કરી લીધી. શારીરિક રીતે ભલે ત્યાં જ બેસી રહે કે અલગ થઈ જાય. જ્યારે વાતોની હેર ફેર થઈ ગઈ તો સોદો પૂર્ણ થઈ ગયો. રબ તઆલા ફર્માવે છે : وَاِنْ يَّتَفَرَّقَا يُغْنِ اللّٰهُ كُلًّا مِّنْ سَعَتِهٖ (અને જો એ બંનેવ જુદા થઈ જાય તો અલ્લાહ પોતાની વિશાળતાથી તમારામાંથી દરેકને બીજાથી બેપરવા કરી દેશે સૂ. નિસાઅ, ૪/૧૩૦) જો પતિ પત્ની અલગ થઈ જાય તો અલ્લાહ પોતાના ફઝ્લથી દરેકને બીજાથી બેપરવા કરી દેશે. અહીં પતિ પત્નીની શારીરિક અલાઈદગી (જુદાપણુ) નથી બલ્કે નિકાહથી જુદાપણુ એટલે તલાક મુરાદ છે. તેમજ જ્યારે નિકાહ, ભાડુ કેવળ ઈજાબ તથા કબૂલથી જ નિશ્ચિત થઈ જાય છે, ત્યાં ખિયારે મજલિસ નથી હોતું તો સોદો પણ એક અકદ (કરાર) જ છે, તો તે પણ કેવળ ઈજાબ તથા કબૂલથી થઈ જવો જોઈએ. ઈમામ શાફઈ આ જુદા થવાથી મુરાદ શરીરોનું અલગ થવું મુરાદ લે છે. અને આ શબ્દથી ખિયારે મજલિસ સાબિત કરે છે. એટલે કે વેપારી તથા ખરીદનાર જ્યાં સુધી પોતાની જગાએથી ખસી ન જાય તેમને સોદો રાખવા ન રાખવાનો અધિકાર છે, પણ હનફી મઝહબ મજબૂત છે, કેમ કે મુતબાઈન બંનેવ કરાર કરનારાઓના નામ છે. અકદ (કરાર) કૌલથી થાય છે, તો જુદાઈ પણ કૌલી (વાણીની) હોવી જોઈએ ન કે શરીરોની.

૩. આ જગાએ ખિયારથી મુરાદ શર્ત છે એટલે ઈજાબ તથા કબૂલ પછી બંને માટે સોદો લાઝિમ થઈ જાય છે. પણ જો કોઈએ પોતાના માટે પરત કરવાના ઈખ્તિયારની શરત લગાડી તો તેને ત્રણ દિવસ સુધી પરત કરવાનો હક્ક રહેશે. દા.ત. ખરીદનાર કહી દે કે હું કબૂલ કરું છું પણ ત્રણ દિવસો સુધી મને ચીજ પરત કરી દેવાનો હક્ક છે, કે જો મારું દિલ ન ચાહે તો પરત કરી દઈશ. હવે ભલે ઈજાબ તથા કબૂલ થઈ ચૂક્યું પણ ખરીદનારને એ મુદ્દતમાં પરત કરવાનો હક્ક છે. એનું નામ ''ખિયારે શર્ત'' છે.

૪. એટલે કે જ્યારે બેમાંથી એકે કહી દીધું કે હું વેચું છું કે ખરીદુ છું, તો બીજાને કબૂલ કરવા ન કરવાનો હક્ક છે. એ હક્કનું નામ ''ખિયારે અકદ'' છે.

૫. કે હવે બીજા શખ્સને તેનો ખિયાર બાતિલ કરવાનો હક્ક ન રહ્યો, તે ખુદ અખત્યાર બાતિલ કરે કે ન કરે. وجب,નો કર્તા ખિયાર છે ન કે બયઅ (સોદો) અને બયઅ જ કર્તા હોય તો અર્થ આ પ્રમાણે થશે કે ખિયારે શર્તની બયઅમાં બીજા પક્ષ પર સોદો લાઝિમ થઈ જશે, અખત્યાર તેને રહેશે જેણે પોતાના માટે અખત્યાર રાખ્યો છે.

૬. بيعانથી મુરાદ તે છે જે સોદો કરવા ચાહતા હોય અથવા સોદો કરી રહ્યા હોય. એ મુરાદ નથી જેઓ સોદો

કરી ચૂક્યા છે. જેમ કે આક़ેદીન (क़રાર કરનારા) તેમને કહે છે જેઓ અક़દ (क़રાર) કરી રહ્યા હોય, ન તેમને જેઓ क़રાર કરી ચૂક્યા. આનુ ખૂબ જ ધ્યાન રાખો, આ શબ્દથી ધોકો થાય છે. આ શબ્દથી શાફઈઓ "ખિયારે મજલિસ" સાબિત કરે છે. તેઓ એ અર્થ કરે છે કે જે બયએ શરાઅ (ખરીદ વેચાણ) કરી ચૂક્યા તેઓ મુખ્તાર છે.

૭. આ શબ્દ اويختار ની તફસીર છે, કેમ કે ખિયારે શર્ત બંનેવ क़રાર કરનારાઓ માટે નથી થઈ શકતી, બલ્કે એકને અખત્યાર હશે, બીજા પર સોદો લાઝિમ થશે. જેમ કે પહેલા وجب થી માલૂમ થઈ ચૂક્યું.

વેપારની બરકત ક્યારે નાબૂદ થશે ?

★ હદીષ : (૨)-૨૮૦૨ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَن حَكِيم بن حزَام قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْبَيِّعَانِ بِالْخِيَارِ مَا لَمْ يَتَفَرَّقَا فَإِنْ صَدَقَا وَبَيَّنَا بُورِكَ لَهُمَا فِي بَيْعِهِمَا وَإِنْ كَتَمَا وَكَذَبَا مُحِقَتْ بَرَكَةُ بَيْعِهِمَا»

"હઝરત હકીમ ઈબ્ને હિઝામ رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે વેપારી તથા ગ્રાહક મુખ્તાર છે જ્યાં સુધી અલગ ન થાય. જો સાચુ બોલે અને મૂળ વાત જાહેર કરી દે તો તેમને એ વેપારમાં બરકત થશે, અને જૂઠુ બોલે અને છુપાવે તો તેમના વેપારની બરકત નાબૂદ કરી દેવામાં આવશે.[૨]" (મુસ્લિમ, બુખારી)

૧. આપ હઝરત ખદીજતુલ કુબ્રાના ભત્રીજા છે. હાથીના બનાવથી તેર વરસો પહેલાં ખાનએ કા'બામાં પેદા થયા. ૧૨૦ વરસની ઉમર પામ્યા. ૬૦ વરસ કુફ્રમાં વીતાવ્યાં અને ૬૦ વરસ ઈસ્લામમાં. જાહિલિયતના જમાનામાં ઘણા સખી હતા કે આપે સો ગુલામ આઝાદ કર્યા અને સો માણસોને સવારી આપીને હજો કરાવી અને જ્યારે પોતે હજ કર્યો તો સો ઊંટ કુર્બાની કર્યાં અને અરફામાં સો (૧૦૦) કરતાં અધિક ગુલામ આઝાદ કર્યા. બદરમાં કાફિરોની સાથે હતા. મુસલમાનોના હાથે કેદ થયા પછી આઝાદ કરવામાં આવ્યા. ફતહે મક્કામાં ઈમાન લાવ્યા. હિ.સ. ૫૮માં ઝીનત સ્થળે ઈન્તેકાલ થયો. *(અશિઅ્હ)*

૨. એટલે કે ન તો વેચવાની ચીજના અયબ છુપાવીને ખરીદનારને ધોકો આપે અને ન ખરીદનાર કિંમતની અયબો છુપાવીને વેપારીને ધોકો આપે. બંનેના મામલા સાફ હોય તો બરકત થશે, નહીં તો વેપારમાં બેબરકતી જ રહેશે, જેવું કે આજકાલ જોવામાં આવી રહ્યું છે.

★ હદીષ : (૩)-૨૮૦૩ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَجُلٌ لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِنِّي أُخْدَعُ فِي الْبُيُوعِ فَقَالَ: " إِذَا بَايَعْتَ فَقُلْ: لَا خلابة " فَكَانَ الرجل يَقُوله

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે નબી કરીમ ﷺ થી અર્ઝ કરી કર્યું કે હું ખરીદ વેચાણમાં ધોકો ખાઈ જઉં છું. ફર્માવ્યું, જ્યારે ખરીદ વેચાણ કરો તો કહી દીધા કરો, ધોકો ન થાય.[૧] જેથી તે સાહબ એવું કહી દીધા કરતા હતા.[૨]" (મુસ્લિમ, બુખારી)

૧. એ ધોકો ખાનાર હઝરત હબ્બાન ઈબ્ને મુન્क़ઝ ઈબ્ને અમ્ર માઝની છે. લગભગ યહૂદીઓ તથા મુનાફિક़ો તેમને ધોકો આપીને ચીજ વેચી દેતા હશે. સહાબાએ કિરામ થકી ધોકો આપવું શક્ય નથી. خلابه-خ ના કસ્રા (ઝેર)થી છેતરપિંડી તથા ધોકાના અર્થમાં.

★ જો ખરીદાર ગલતીથી મોંઘી ચીજ ખરીદી લે તો તેને પરત કરવાનો હક્ક નથી ★

૨. આ વાક્યના ઘણા અર્થો કરવામાં આવ્યા છે, અને દરેક અર્થના આધાર પર ફક્રીહોના મઝહબો છે. આપણે ત્યાં એનો મતલબ એ છે કે તમે કહી દીધા કરો કે, ભાઈ ! હું વેપારી કારોબારમાં સાદો માણસ છું, મારી પાસેથી વધારે કિંમત ન લઈ લેતા. હું મારા માટે અધિકાર રાખુ છું કે કોઈને બતાવીશ અને જો કિંમત અધિક લગાડવામાં આવી તો મને ખિયારે શર્ત છે, કે પરત કરી દઈશ. જેમ કે અમુક રિવાયતોમાં આ પ્રમાણે છે : لا خلابة ولي الخيار ثلثة ايام એટલે ધોકો ન થાય અને મને ત્રણ દિવસ સુધી અખત્યાર છે. આ સ્થિતિમાં હદીષ તદ્દન સ્પષ્ટ છે. યાદ રાખશો કે જો ખરીદાર ગલતીથી મોંઘી ચીજ ખરીદી લે તો તેને પરત કરવાનો હક્ક નથી અને ન એનાથી સોદો ફોગ થશે. હા ! જો રદી માલ ખરીદી લે તો તેને ખિયારે અયબ મળશે. અમુક ઈમામોને ત્યાં વધુ કિંમત લગાડી લેવા પર સોદો ફાસિદ (ફોગ) થઈ જાય છે. અમુકને ત્યાં ખરીદારને પરત કરવાનો હક્ક છે, તેઓ આ વાક્યનો અલગ અર્થ કરે છે, પણ હનફી મઝહબ ખૂબ જ મજબૂત છે, અને એ જ અર્થ જે ફક્રીરે (લેખકે) રજૂ કર્યો એ મજબૂત છે.

(વિભાગ : ૨) الفصل الثاني

★ હદીષ : (૪)-૨૮૦૪ ★

عَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْبَيِّعَانِ بِالْخِيَارِ مَا لَمْ يَتَفَرَّقَا إِلَّا أَنْ يَكُونَ صَفْقَةَ خِيَارٍ وَلَا يَحِلُّ لَهُ أَنْ يُفَارِقَ صَاحِبَهُ خَشْيَةَ أَنْ يَسْتَقِيلَهُ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ

"હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضي الله عنه થી રિવાયત છે. તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રિવાયત કરે છે[૧] કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, વેપારી તથા ગ્રાહક મુખ્તાર છે જ્યાં સુધી કે અલગ ન થાય.[૨] પણ એ કે અક્દ (ક્રરાર) જ અખત્યારનો હોય[૩] અને તેને એ દુરુસ્ત નથી કે વેપાર ફસ્ખ થવાના ડરથી પોતાના સાથીથી અલગ થઈ જાય.[૪]"

(તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ)

૧. પહેલાં કહેવામાં આવી ચૂક્યું છે કે અમ્રના દાદાનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ છે. આપ અમ્ર ઈબ્ને શોએબ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ છે. તેમની રિવાયતો મદખુલ (દાખલ કરવામાં આવેલ) હોય છે કે ؛جد માં ઝમીર અમ્રની તરફ હોય તો તેમના દાદા મુહમ્મદ ઈબ્ને અમ્ર છે, તાબઈ છે, અને હદીષ મુરસલ છે. અને જો ؛جد ની ઝમીર ابيه ની તરફ પલટે તો એ ابيه ની વિરૂધ્ધ છે. ઝમીરોનો ઈન્તેશાર છે અને અમ્રએ પોતાના પરદાદાને પામ્યા પણ નથી, જેથી હદીષ મુન્ક્તઅ છે, એટલા માટે મુસ્લિમ, બુખારીમાં આ જ અસ્નાદથી એમની રિવાયતો નથી આવતી. *(અશિઅહ)*

૨. આ વાક્યનો અર્થ પણ રજૂ કરી દેવામાં આવ્યો કે અમારી અલાહિદગીથી મુરાદ ક્રૌલોની અલાહિદગી છે. એટલે કે એકનું કહેવું કે મેં વેચી દીધી, બીજાનું કહેવું મેં ક્રબૂલ કરી લીધી. અને શાફઈઓને ત્યાં શરીરોનું અલગ થવું મુરાદ છે. એટલે વેપારી તથા ગ્રાહકનું વેપારની જગાએથી અલગ હટી જવું. આ હદીષથી તે ખિયારે મજલિસ સાબિત કરે છે. દલીલો અગાઉ વર્ણવી ચૂક્યા.

૩. કે ખિયારવાળા અક્દમાં (અખત્યારવાળા સોદામાં) આ અલાહિદગી પછી પણ ઈખ્તિયારવાળાને અખત્યાર

રહેશે. અહીં ખિયારથી મુરાદ ખિયારે શર્ત છે જેની મુદ્દત ત્રણ દિવસ છે કે એનાથી વધુ નથી હોય શકતો.

૪. એટલે કે મુત્તકી પરહેઝગાર મુસલમાનને માટે એ યોગ્ય નથી કે ખરીદતાં જ અને વેચતાં જ (તરત) ત્યાં ચાલ્યો જાય, એ ડરથી કે સામેવાળો અયબ પર માહિતગાર થઈને સોદો કેન્સલ ન કરી દે. ખુલાસો એ છે કે ખરીદ વેચાણ કર્યા પછી બંનેવ થોડોક સમય ત્યાં થોભે જેથી ખરીદનાર સારી રીતે દેખભાળ કરી લે અને વેપારી પૈસા ગણી લે, પારખી લે. જેમ કે રેલ્વેની ટિકિટ બારી પર લખેલું હોય છે કે પૈસા ગણીને હિસાબ માંડીને બારી છોડવી. આ હદીષ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ની મજબૂત દલીલ છે કે ખિયારે મજલિસ મોઅતબર નથી. જો જગા છોડતા પહેલાં સોદો સંપૂર્ણ ન થતો હોત તો હુઝૂર ﷺ તેને સોદાને રદ (અકાલા) કરવાનું ન કહેતા. અકાલાનો અર્થ છે સોદો સંપૂર્ણ થઈ ચૂક્યા બાદ ફોગ કરવો. હજી સંપૂર્ણ જ ન થયો હતો તો ફોગ કરવુ કેવું ? આનાથી શાફઈઓ ખિયારે મજલિસ સાબિત કરે છે પણ સાબિત થતુ નથી. આ તો એમના વિરૂધ્ધ છે ! સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી જે નકૂલ થયેલ છે કે આપ ચીજ ખરીદતાં જ ત્યાંથી હટી જતા હતા જેથી વેપારી સોદો ખત્મ ન કરી દે. એ તેમનો પોતાનો ઈજતેહાદ છે, અને સહાબીનો ઈજતેહાદ નફાની સરખામણીમાં અનુસરવાને પાત્ર નથી. *(મિર્કાત)*

★ હદીષ : (૫)-૨૮૦૫ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَتَفَرَّقَنَّ اثْنَانِ إِلَّا عنْ تراضٍ» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ થી રિવાયત કરે છે કે આપે ફર્માવ્યું બે શખ્સ એકબીજાને રાજી કર્યા વગર અલગ ન થાય[૧].'' (અબૂ દાઉદ)

૧. اثنان થી મુરાદ વેપારી તથા ખરીદનાર છે. એટલે ઈજાબ તથા કબૂલના પછી વેપારી તથા ગ્રાહક એકબીજાને ચીજ તથા કિંમતથી સંતુષ્ઠ કરીને ત્યાંથી હટે. ધોકો આપીને ભાગવાની કોશિશ ન કરે. એનાથી પણ ખિયારે મજલિસ ષાબિત નથી થતી. આ હદીષનું સમર્થન આ આયતથી છે : إِلَّا أَنْ تَكُونَ تِجَارَةً عَنْ تَرَاضٍ مِّنْكُمْ (પણ એ કે કોઈ સોદો તમારી આપસમાં રઝામંદીનો હોય. સૂ. નિસાઅ, ૪/૨૯) ઈજાબ તથા કુબૂલ બાદ પણ એકબીજાને સંતુષ્ઠ કરી દેવા જરૂરી છે કે, જો કોઈને સંતોષ ન થયો હોય તો વસ્તુ પરત કરી દેવામાં આવે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૬)-૨૮૦૬ ★

عَنْ جَابِرٍ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى الله عَلَيْهِ وَسلم خيَّرَ أعرابيًّا بَعْدَ الْبَيْعِ. رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ غَرِيب

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ એક બદવી (ગામડાવાસી)ને સોદા પછી પણ અખત્યાર આપ્યો.[૧] (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ હસન છે, સહીહ છે. ગરીબ છે.''

૧. એટલે ગામડાવાસીએ શહેરમાં આવીને કાંઈક વેચ્યું હતું. પછી તે એ વેચેલા પર પસ્તાવામાં પડયો, તે સમજ્યો કે ચીજ સસ્તામાં વેચાઈ ગઈ. તો આપે તેને ચીજ પરત લઈ લેવાનો અખત્યાર આપ્યો. એ રીતે કે ખરીદારને સોદો ફોગ કરવા પર રાજી કરી લીધો. આનાથી પણ ખિયારે મજલિસ સાબિત નથી થતું કે જો ખિયારે મજલિસ હોત તો હુઝૂર ﷺના થકી અખત્યાર આપવાનો શો મલતબ ?! એનો મતલબ સાફ છે કે હુઝૂરે અન્વર ﷺએ સોદો સંપૂર્ણ થયા બાદ વિશિષ્ટપણે તેને અખત્યાર આપ્યો.

બાબુર્રિબા[૧] باب الربوا

(વ્યાજ વિશે પ્રકરણ)

(વિભાગ : ૧) الفصل الاول

★ વ્યાજ ખાનાર ભયંકર ગુનાહોમાં સપડાય છે ★

૧. ربو રિબૂ'થી બન્યું, અધિકતા તથા વધી જવાના અર્થમાં. એટલા માટે જમીનને જ્યાં પેદાવાર વધુ થાય છે તેને 'રિબા' કહે છે. શરીઅતમાં ربوٰ (રિબા) એ વધારાને કહે છે જે બદલાથી ખાલી હોય, અને નફસે અક્દમાં મશરૂત (તેની શર્ત કરવામાં આવી હોય) હોય. બંને પક્ષે સમજાતી, સમવજન માલ હોય. જેમ કે એક શેર ઘઉં આપીને સવા શેર લેવા. જો જાતી કે વજનમાં ફરક પડી ગયો તો વ્યાજ ન થયું. ربواؤ વાવથી પણ લખી શકાય છે. અલિફથી પણ, યેથી પણ. પણ કુર્આન શરીફમાં કેવળ વાવથી જ લખવામાં આવશે, કેમ કે કુર્આન શરીફની તિલાવત તથા કિતાબ સર્વ કાંઈ નકૂલ થયેલ છે. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہ ફર્માવે છે કે **વ્યાજ (સૂદ) સિત્તેર ગુનાહ છે, નાનો ગુનોહ એવો છે જેમ કે પોતાની મા સાથે ઝિના કરવો. એક દિરહમ વ્યાજ ૩૬ ઝિના કરવા કરતાં પણ બદતર છે. કુર્આન શરીફમાં વ્યાજખોરને અલ્લાહ રસૂલ સાથે જંગ કરવાનું એલાન આપવામાં આવ્યું.**

★ હદીષ : (૧)-૨૮૦૭ ★
عَنْ جَابِرٍ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: لَعَنَ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَكَلَ الرِّبَا وَمُوكِلَهُ وَكَاتِبَهُ وَشَاهِدَيْهِ وَقَالَ: «هُمْ سَوَاءٌ» . رَوَاهُ مُسلم

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ વ્યાજ ખાનાર[૧] ખવડાવનાર, લખનાર અને તેના ગવાહો પર લઅનત કરી અને ફર્માવ્યું એ સૌ સરખા છે.[૨]'' (મુસ્લિમ)

૧. વ્યાજ ખાનારનું વર્ણન પ્રથમ કર્યું કે એ જ મોટો ગુનેહગાર છે. વ્યાજ લે પણ છે અને ખાય પણ છે. બીજા પણ એટલે કરજદાર અને તેની ઔલાદ પર જુલ્મ પણ કરે છે, અલ્લાહનો પણ હક્ક મારે છે. અને બંદાઓનો પણ.

૨. એટલે કે અસલ ગુનાહમાં સૌ બરાબર છે કે વ્યાજખોરના સહાયક છે. ગુનાહ પર મદદ કરવી પણ ગુનોહ છે. રબ તઆલાએ કેવળ વ્યાજખાનારને જંગનું એલાન આપ્યું. જાણવા મળ્યું કે મહાન મુજરિમ આજ છે.

★ હદીષ : (૨)-૨૮૦૮ ★
وَعَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «الذَّهَبُ بِالذَّهَبِ وَالْفِضَّةُ بِالْفِضَّةِ وَالْبُرُّ بِالْبُرِّ وَالشَّعِيرُ بِالشَّعِيرِ وَالتَّمْرُ بِالتَّمْرِ وَالْمِلح بالملح مثلا بمثل سَوَاء بسَواءٍ يَدًا بِيَدٍ فَإِذَا اخْتَلَفَتْ هَذِهِ الْأَصْنَافُ فَبِيعُوا كَيْفَ شِئْتُمْ إِذَا كَانَ يَدًا بِيَدٍ» . رَوَاهُ مُسلم

''હઝરત ઓબાદા ઈબ્ને સામિતથી રિવાયત છે ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સોનુ સોનાના બદલામાં અને ચાંદી ચાંદીના બદલામાં, ઘઉં ઘઉંના બદલામાં અને જવ જવના બદલામાં, ખજૂર ખજૂરોના બદલામાં, મીઠુ મીઠાના બદલામાં બરાબર બરાબર[૧] હાથો હાથ વેચો, જ્યારે આ પ્રકારો બદલાય જાય તો જેવી રીતે ચાહો વેચો, જ્યારે કે હાથો હાથ હોય[૨].'' (મુસ્લિમ)

૧. الذهب અને તેના મઅતૂફ અસ્મા મરફૂઅ છે. મુબ્તદા હોવાના કારણે અને بالذهب વગેરે ખબર હોય શકે છે કે મન્સૂબ હોય. ફેઅલ પોશીદા। بيعوا નો મફઉલ. એટલે કે ચીજોને જ્યારે તેની સમજાતીના બદલામાં વેચો તો બંને બાજુ બરાબર આપો, મુત્લક્ન વધારો કે ઘટાડો ન થાય. એ છ ચીજોના વધારામાં એકમતી છે કે હરામ છે. તેમના સિવાયનામાં ઈમામોનો મતભેદ છે. આપણે ત્યાં જાતી તથા સમ વજનમાં વધારો હરામ છે.

★ સમજાતી તથા સમવજનમાં વધારો વ્યાજ તથા હરામ ★

૨. ખુલાસો એ છે કે સમજાતી તથા સમાન વજનમાં તો વધારો પણ હરામ છે. અને ઉધાર પણ. પરંતું જો કેવળ જાતી એક હોય જેમ કે ઈંડાના બદલામાં ઈંડાં અથવા કેવળ વજન એક હોય, જેમ કે ઘઉંના બદલામાં જવ. તો વધારો હલાલ છે, ઉધાર હરામ છે.

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સોનુ સોનાના બદલામાં તથા ચાંદી ચાંદીના બદલામાં, ઘઉં ઘઉંના બદલામાં, જવ જવના બદલામાં અને ખારેકો ખારેકોના બદલામાં, મીઠુ મીઠાના બદલામાં બરાબર બરાબર હાથો હાથ વેચો[૧] જે વધારે આપે કે વધારે લે તેણે વ્યાજનો કારોબાર કર્યો. લેનાર દેનાર એમાં સરખા છે.[૨]" (મુસ્લિમ)

★ હદીષ : (3)-૨૮૦૯ ★

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الذَّهَبُ بِالذَّهَبِ وَالْفِضَّةُ بِالْفِضَّةِ وَالْبُرُّ بِالْبُرِّ وَالشَّعِيرُ بِالشَّعِيرِ وَالتَّمْرُ بِالتَّمْرِ وَالْمِلْحُ بِالْمِلْحِ مِثْلًا بِمِثْلٍ يَدًا بِيَدٍ فَمَنْ زَادَ أَوِ اسْتَزَادَ فَقَدْ أَرْبَى الْآخِذُ وَ الْمُعْطِي فِيهِ سَوَاءٌ» . رَوَاهُ مُسلم

★ વ્યાજ હરામ હોવું કેવળ છ ચીજોથી ખાસ નથી ★

૧. યાદ રાખશો કે વ્યાજનું હરામ હોવું કેવળ આ છ ચીજોથી ખાસ નથી. એ છ ચીજોનું વર્ણન એટલા માટે છે કે અન્ય ચીજોને પણ એના પર ક્યાસ કરવામાં આવી શકે. ક્યાસના સબબોમાં ફક્ીહોનો મતભેદ છે. આપણે ત્યાં જાતી તથા વજન અથવા માપમાં સમાનતા એ ક્યાસની ઈલ્લત છે.

૨. ખુલાસો એ છે વ્યાજ બે શખ્સોથી કાયમ છે, આપનાર તથા લેનારથી જેથી વ્યાજના બંનેવ મુજરિમ થશે કે એ બંનેવે હરામ કારોબાર કર્યો. જો કે લેનાર મોટો ગુનેહગાર થશે, જેવું કે પહેલાં વર્ણવવામાં આવ્યું છે. (મિર્ક્ાત) યાદ રાખશો કે નામ તથા કામમાં એક સરખા હોવું હમ વઝનિયત છે. જેથી ગાય તથા બકરીનો ગોશ્ત સમજાતી નથી, કે નામ બંનેવનો જો કે ગોશ્ત જ છે પણ કામમાં કાઈદાઓમાં ફરક્ છે. અને સોનુ તથા લોખંડ હમવઝન નથી, કેમ કે સોનુ તોલવા, ત્રાજવુ રતી, માશા, તોલા અને લોખંડનુ તોલવાનુ ત્રાજવું શેર તથા મણ તોલે છે. જેથી બકરી તથા ગાયના ગોશ્તમાં વધારો જાઈઝ. એ જ પ્રમાણે સોના તથા લોખંડમાં વધારો હલાલ છે કે બકરીનો ગોશ્ત એક શેર આપીને ગાયનો ગોશ્ત બે શેર લઈ લેવામાં આવે અથવા બે તોલા સોનુ આપીને બે મણ લોખંડ લઈ લેવામાં આવે અથવા એક ઈંડા બે ઈંડાંના બદલામાં, એક ગજ સુતરાઉ કપડુ બે ગજ સુતરાઉ કપડાના બદલામાં લઈ લેવામાં આવે, કેમ કે ઈંડાં તથા કપડાં વજન કે માપવાળી ચીજ નથી, બલ્કે ઈંડા સંખ્યાવાળાં છે અને કપડાં ગજવાળા એટલે કે ઈંડા ગણીને અને કપડુ ગજોથી માપીને વેચાય છે. તેમાં વધારો વ્યાજ નથી.

★ હદીષ : (૪)-૨૮૧૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَبِيعُوا الذَّهَبَ بِالذَّهَبِ إِلَّا مِثْلًا بِمِثْلٍ وَلَا تُشِفُّوا بَعْضَهَا عَلَى بَعْضٍ وَلَا تَبِيعُوا الْوَرِقَ بِالْوَرِقِ إِلَّا مِثْلًا بِمِثْلٍ وَلَا تُشِفُّوا بَعْضَهَا عَلَى بَعْضٍ وَلَا تَبِيعُوا مِنْهَا غَائِبًا بناجز»وَفِي رِوَايَةٍ: «لَا تَبِيعُوا الذَّهَبَ بِالذَّهَبِ وَلَا الْوَرِق بالورق إِلَّا وزنا بِوَزْن»

"તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સોનુ સોનાથી બરાબરના વિના ન વેચો અને અમુકની અમુક પર અધિકતા ન કરો.[૧] અને ચાંદી ચાંદીના બદલામાં બરાબર બરાબરના વગર ન વેચો, અમુકનો અમુક પર વધારો ન કરો.[૨] અને ઉધાર રોકડાના બદલામાં ન વેચો[૩] (મુસ્લિમ, બુખારી) અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે સોનુ સોનાના બદલામાં અને ચાંદી ચાદીના બદલામાં બરાબર બરાબરના વગર ન વેચો.[૪]"

★ સોનુ ચાંદી ચાહે સરકારી સિક્કા હોય અથવા પતરુ એમાં વધારો હરામ ★

૧. એટલે કે સોનુ ચાહે મઝરૂબ એટલે સરકારી સિક્કા હોય અથવા પતરુ અથવા નકશવાળુ ઘરેણુ હોય અથવા સાદુ, બંને બાજુ વજનમાં સરખુ હોવું જરૂરી છે. જો એક તોલા સોનાની અશરફી બે તોલા સોનાના પતરાના બદલામાં વેચી અથવા બે તોલાના જડેલા નક્શો નિગારવાળુ ઘરેણુ ચાર તોલા સોનાના બદલામાં વેચ્યું તો હરામ છે. નક્શ (કોતરકામ) કે સિક્કાનો એતબાર નથી પણ વજનનો એતબાર છે. આ મસ્અલો ખૂબ જ ધ્યાનમાં રાખવો જોઈએ.

૨. એટલે કે ચાંદીના વેપારનો પણ આ જ હુકમ છે કે સરખે સરખાના બદલામાં વેચો. જેથી જો ચાંદીના એક રૂપિયાના બદલામાં બે તોલા ચાંદી લીધી તો હરામ થયું. આજકાલ રૂપિયા લોખંડના છે અને નોટ કાગળની એટલા માટે એ સોદો જાઈઝ છે કે એક રૂપિયાની બે તોલા ચાંદી લે અથવા બે રૂપિયાની ચાંદી એક તોલો ખરીદે, કેમ કે લોખંડ તથા કાગળ ચાંદીની એક જાતી નથી. અમુક હાજીઓ અંગ્રેજી બે રૂપિયાના બદલામાં સઊદી એક રિયાલ લેતા હતા. એ હરામ હતું કેમ કે આ બાજુ બે તોલા ચાંદી જતી હતી અને પેલી બાજુ એક તોલો ચાંદી મળતી હતી. હવે નોટમાં એ ખરાબી નથી.

૩. યાદ રાખશો કે વ્યાજ બે પ્રકારનું છે : એક અધિકતાનું વ્યાજ, બીજુ ઉધારનું વ્યાજ. અધિકતાના વ્યાજનું હરામ હોવું બે શર્તો પર આધારિત છે : સમજાતી હોવું, સમવજન હોવું. પણ ઉધારના વ્યાજનું હરામ હોવું કેવળ એક શર્ત પર આધારિત છે, ક્યાં તો સમ વજન હોવું અથવા સમજાતી હોવું. જેથી સોના ચાંદીના વેપારમાં અધિકતા હલાલ છે કે એક તોલા સોનાના બદલામાં ચાર તોલા ચાંદી લઈ લે, પણ ઉધાર હરામ છે. તરત જ બંને પક્ષો કબજો કરી લે. કોઈ બાજુથી ઉધાર ન હોય કે સોનુ ચાંદી ભલે જાતી અલગ છે પણ વજન બંનેનું એક છે કે બંનેવ તોલા, માશા (ગ્રામ)થી વેચાય છે.

૪. બંનેવ રિવાયતોમાં ફરક એ છે કે ત્યાં مِثْلًا بِمِثْلٍ હતું અને અહીં وزنًا بوزنٍ છે. જેનાથી જાણવા મળ્યું કે સોના ચાંદીમાં બરાબરી વજનથી કરવું જરૂરી છે. માપિયાથી બરાબરી પૂરતી નથી. દા.ત. બે ઈંચનું ચાંદીનું પતરુ ત્રણ ઈંચના ચાંદીના પતરાના બદલામાં વેચવું જાઈઝ છે, અને બંનેવનું વજન બરાબર હોય. જો બંનેવ બાજુ બે ઈંચના ચાંદીના પતરાં હોય પણ તેમના વજનમાં ફરક હોય તો સોદો હરામ છે. વજનનો લેહાજ છે, અને વજનની જ બરાબરી જરૂરી છે.

★ હદીષ : (૫)-૨૮૧૧ ★

وَعَنْ مَعْمَرِ بْنِ عَبْدِ اللّٰهِ قَالَ: كُنْتُ أَسمع رَسُول صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «الطَّعَامُ بِالطَّعَامِ مِثْلاً بِمِثْلٍ» . رَوَاهُ مُسلم

''હઝરત મઅ્મર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળતો હતો, અનાજનો અનાજ સાથે સોદો બરાબર બરાબર કરો.[૧]'' (મુસ્લિમ)

★ ખોરાક વગેરેમાં સમજાતી સમવજનમાં વધારો હરામ ★

૧. طعامٌ طعمٌ થી બન્યુ, ખાવા, અનાજના અર્થમાં. દરેક ખાવાની ચીજને કહે છે, ચાહે ફળ હોય કે દાણા. જો સમ જાતી અને સમ વજન હોય તો વધારો હરામ છે. લેવાની ચીજોને એના પર કયાસ કરવામાં આવે છે જેથી ભેંસ અથવા બકરીનું દૂધ, સરસીયા અથવા તલનું તેલ. ભલે બંને બાજુ એક જાતી હોય તો વધારો હરામ, બે જાતીયો હોય તો વધારો હલાલ. જેથી એક શેર ભેંસના દૂધના બદલામાં બે શેર બકરીનું દૂધ, અથવા એક શેર સરસીયાના તેલના બદલામાં બે શેર તલનું તેલ વેચી શકે છે, કેમ કે જાતી અલગ અલગ છે.

★ હદીષ : (૬)-૨૮૧૨ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «الذَّهَبُ بِالذَّهَبِ رِبًا إِلَّا هَاءَ وَهَاءَ وَالْوَرِقُ بِالْوَرِقِ رِبًا إِلَّا هَاءَ وَهَاءَ وَالْبُرُّ بِالْبُرِّ إِلَّا هَاء وهاء وَالشعِير بِالشَّعِيرِ رِبًّا هَاءَ وَهَاءَ وَالتَّمْرُ بِالتَّمْرِ رِبًا إِلَّا هَاءَ وهاء»

''હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સોનુ સોનાના બદલામાં વ્યાજ છે પણ રોકડે રોકડા.[૧] ચાંદી ચાંદીના બદલામાં વ્યાજ છે, પણ રોકડે રોકડા. અને ઘઉં ઘઉંના બદલામાં વ્યાજ છે પણ રોકડે રોકડા. અને જવ જવના બદલામાં વ્યાજ છે પણ રોકડે રોકડા.[૨] અને ખારેક ખારેકના બદલામાં વ્યાજ છે પણ રોકડે રોકડા.[૩]'' (મુસ્લિમ, બુખારી)

૧. અમુક શરહર્તાઓએ ફર્માવ્યું કે هَاءَ અસલમાં هَاكَ હતું خُذْ ''લઈ લે''ના અર્થમાં. ઈસ્મે ફેઅલ છે અમ્રના અર્થમાં. ک ને હમ્ઝાથી બદલી નાખ્યો. અર્થ એ છે કે એકબીજાને કહે આ લે, એટલે રોકડા. અમુકે ફર્માવ્યું, هاء ઈસ્મે ફાઈલ, અમ્રના અર્થમાં છે. હમ્ઝાને ઝેર છે અથવા ઝબર અર્થ એ જ છે خُذْ એટલે લઈ લે. એનાથી મુરાદ રોકડ જ છે. મતલબ એ છે કે જેવી રીતે સમવજન સમ જાતીમાં વધારો હરામ છે, એવી જ રીતે ઉધાર પણ હરામ છે. બંને બાજુ રોકડા હોવું જોઈએ.

૨. આ હદીષથી નિર્દેશ રૂપે બયએ તઆતી (ફિક્સ ભાવવાળી ચીજનું ખરીદ વેચાણ)નું જાઈઝ હોવું નીકળે છે કે બંને પક્ષો મોઢેથી કાંઈ ન કહે, એક કિંમત આપી દે અને બીજો માલ આપી દે. હઝરત સુફિયાન ષૌરી એક દાડમવાળાની દુકાન પર ગયા. આપે દુકાનદારની સામે દિરહમ રાખી દીધો. તેણે એક દાડમ આપની સામે રાખી દીધી. આપ દાડમ ઉઠાવીને ચાલ્યા આવ્યા. (મિર્કાત) કોઈ જ વાત ન કરી. આનાથી બયએ તઆતી (ફિક્સ ભાવવાળી ચીજનું ખરીદ વેચાણ)ની સાબિતી થઈ. બયએ તઆતી મામૂલી તથા આ'લા દરેક પ્રકારના માલમાં થઈ શકે છે. જુઓ, અહીં ચાંદી સોનાના વેપારમાં તઆની પૂરતી માનવામાં આવી.

★ સોનુ ચાંદી કહીને સર્વ ધાતુ સામેલ કરી ★

૩. યાદ રાખશો કે સોનુ ચાંદી કહીને સર્વ ધાતુઓ તરફ નિર્દેશ કરી આપ્યો, અને ઘઉં તથા જવ કહીને સર્વ

દાણા તથા અનાજની પ્રતિ નિર્દેશ કરી આપ્યો અને ખારેકો કહીને સર્વ ફળોની તરફ નિર્દેશ કરી આપ્યો. મતલબ એ થયો કે **દરેક સમજાતી તથા સમ વજન ચીજ ચાહે ધાતુના પ્રકારમાંથી હોય અથવા અનાજના પ્રકારથી, ચાહે ફળોના પ્રકારથી હોય તે સૌમાં વધારો વ્યાજ છે, હરામ છે.** આ તફસીલ હનફી મઝહબનું સમર્થન કરે છે કે સમ જાતી તથા સમ વજનમાં વધારો હરામ છે.

ઉમદા તથા રદ્દીમાં વજનથી વધારો ન થાય બલ્કે રૂપિયાથી ખરીદે

★ **હદીષ : (૭)-૨૮૧૩** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ وَأَبِي هُرَيْرَةَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم اسْتَعْمَلَ رَجُلًا عَلَى خَيْبَرَ فَجَاءَهُ بِتَمْرٍ جَنِيبٍ فَقَالَ: «أَكُلُّ تَمْرِ خَيْبَرَ هَكَذَا؟» قَالَ: لَا وَاللَّهِ يَا رَسُولَ اللَّهِ إِنَّا لَنَأْخُذُ الصَّاعَ مِنْ هَذَا بِالصَّاعَيْنِ وَالصَّاعَيْنِ بِالثَّلَاثِ فَقَالَ: «لَا تَفْعَلْ بِعِ الْجَمْعَ بِالدَّرَاهِمِ ثُمَّ ابْتَعْ بِالدَّرَاهِمِ جَنِيبًا» . وَقَالَ: «فِي الْمِيزَانِ مِثْلَ ذَلِكَ»

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ તથા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક શખ્સને ખૈબરનો હાકિમ બનાવ્યો તો આપની ખિદમતમાં આ'લા દરજાના ખુર્મા (ખારેક) લાવ્યા[૧] તો ફર્માવ્યું કે ખૈબરની સર્વ ખારેકો આવી જ હોય છે ? અર્ઝ કરી, નહીં ! યા રસૂલલ્લાહ ! ﷺ આ ખારેકોને એક સાઅ બે સાઅના બદલામાં, અને બે સાઅ ત્રણ સાઅના બદલામાં ખરીદી લઈએ છીએ[૨] તો ફર્માવ્યું, એવું ન કરો[૩] મિશ્ર થયેલાને દિરહમોના બદલામાં વેચો અને દિરહમોથી ઉત્તમ પ્રકારની ખરીદી લો. અને વજની ચીજોના વિશે પણ એ જ પ્રમાણે ફર્માવ્યું.[૪]'' (અર્થાત વજની ચીજોમાં પણ એ જ નિયમ છે.) (મુસ્લિમ, બુખારી)

૧. હદિયા રૂપે પેશ કરવા માટે. જુનૈબ ખારેકોના એક ઉચ્ચ પ્રકારનું નામ છે, જેમ કે આપણે ત્યાં શરબતી ઘઉં ઉચ્ચ પ્રકારના એક ઘઉં છે.

૨. એટલે કે ખૈબરમાં દરેક પ્રકારની ખારેકો થાય છે, ઉચ્ચ કક્ષાની પણ અને રદ્દી પણ. અમે રદ્દીથી ઉચ્ચ પ્રકારની ખરીદી લઈએ છીએ, એ રીતે કે સસ્તા ભાવના સમયમાં બે ગણા રદ્દી આપીએ છીએ અને મોંઘવારીમાં ત્રણ ગણા અથવા મામૂલી આ'લા (સામાન્ય પ્રકારની ઉત્તમ) બે ગણાના બદલામાં અને ખૂબ જ ઉત્તમ ત્રણ ગણાના બદલામાં ખરીદી લઈએ છીએ. આ પણ એ જ રીતે ખરીદેલ છે. રદ્દી ખારેકો આપીને આ'લા ખારેકો એનાથી અડધી લેવામાં આવેલ છે.

★ ક़ાનૂન જાહેર થયા પછી અજાણતાનું બહાનુ ન ચાલે ★

૩. એટલે કે અત્યાર સુધી જે કરી લીધુ તે કરી લીધુ એના પર પકડ નથી. હવે પછી આ રીતે અદલા બદલી ન કરશો કે એ વ્યાજ છે. યાદ રાખશો કે હુઝૂર ﷺ એ લાવનારાને ન તો ધમકાવ્યો ન તેમની ખજૂરોને પરત કરવાનો હુકમ કર્યો, ન તેમને તે ખજૂરો વાપરવાથી મના કર્યું. બલ્કે જાહેર એ છે કે તેમનો એ હદિયો ક़બૂલ કરી લીધો. કેવળ ભવિષ્યના માટે મના કરી આપ્યું. કેમ કે હજી વ્યાજના ક़ાનૂનો બહાર પડયા ન હતા. વ્યાજનું હરામ હોવું નવુ નવુ હતું. અને ક़ાનૂન તથા ક़ાનૂનની વિગત બહાર પડતાં પહેલાં વિરૂધ્ધ વર્તન કરનારાઓની પકડ નથી થતી, જ્યારે કે બેખબરીમાં કરે. એ વખતે બેખબરીનું બહાનુ દુરૂસ્ત હોય છે. પણ ક़ાનૂન બહાર પડી ગયા પછી બેખબરીનું બહાનુ

નથી રહેતું. જેથી હવે જો કોઈ આ પ્રકારનો વેપાર કરશે તો મુજરિમ પણ થશે અને આ ખરીદ વેચાણ દુરુસ્ત પણ ન થશે. જેમ હદીષ સ્પષ્ટ છે.

★ હરામથી બચવા શરઈ હીલો કરવો જાઈઝ ★

૪. એટલે કે દરમિયાનમાં પૈસા રાખી લો વ્યાજ ન થશે અને વ્યાજ દુરુસ્ત થઈ જશે, કે દા.ત. બે રદ્દી ખારેકો એક રૂપિયાના બદલામાં વેચી દો. પછી એ રૂપિયાની આ'લા ખારેકો એક રૂપિયાના બદલામાં વેચી દો. પછી એ રૂપિયાની આ'લા ખારેકો એક શેર લઈ લો. એનાથી બે મસ્અલા માલૂમ થયા : **એક** એ કે વ્યાજનું કારણ સમ જાતી તથા સમવજન હોવું છે કે હુઝૂરે અન્વર ﷺએ વજનનો લેહાઝ કર્યો. આ જ અહનાફનો મઝહબ છે. ઈમામ શાફઈને ત્યાં સોના ચાંદીમાં વ્યાજ છે અને ખાવાની ચીજોમાં વ્યાજ છે. તઅમિયત વ્યાજની ઈલ્લત (સબબ) છે અથવા ષમનિયત. આ હદીષ, તેમની વિરૂધ્ધ છે. **બીજુ** એ કે **હરામથી બચવા માટે શરઈ હીલા કરવા જાઈઝ છે. જો સો રૂપિયા બસો રૂપિયાના બદલામાં વેચવા હોય તો એનાથી સો રૂપિયાના બદલામાં કપડાનો તાકો ખરીદી લો પછી એ જ તાકો બસોના બદલામાં વેચી દો. આ તે જ સ્થિતિ છે જેની તાલીમ અહીં આપવામાં આવી.** *(મિર્કાત)* **શરઈ હીલાઓની સાબિતી કુર્આન શરીફથી પણ છે.** ઐયૂબ عليه السلامએ બીમારીના જમાનામાં પોતાની પત્ની રહમતને સો કોરડા મારવાની કસમ ખાધી હતી. સાજા થઈ જતાં રબ તઆલાએ ફર્માવ્યું, وَخُذْ بِيَدِكَ ضِغْثًا فَاضْرِبْ بِّهٖ وَلَا تَحْنَثْ (અને ફર્માવ્યું કે પોતાના હાથમાં એક ઝાડુ લઈને તેનાથી મારી દે અને કસમ ન તોડે. સૂ. આલે ઈમરાન, ૩૮/૪૪) **આ કસમ પૂરી કરવાનો હીલો થયો, પણ હરામથી બચવાનો હીલો જાઈઝ છે.** શરીઅતના હુકમોમાં તબદીલીની નિય્યતથી હીલો કરવો હરામ. હીલાની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ "જાઅલ હક્ક" ભાગ–૧માં જુઓ..

"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત બિલાલ, નબી કરીમ ﷺની ખિદમતમાં બર્ની ખજૂર લાવ્યા[૧] તો એમને નબી કરીમ ﷺએ ફર્માવ્યું, આ ક્યાંથી આવ્યાં ? અર્ઝ કરી, અમારી પાસે રદ્દી ખજૂરો હતી તો મેં તેમનાથી બે સાઅ એક સાઅના બદલામાં વેચી દીધી. ફર્માવ્યું, હાય ! બિલકુલ વ્યાજ ! બિલકુલ વ્યાજ ! એવું ન કરો, પરંતું જ્યારે ખરીદવા ચાહો તો ખારેકો (ખજૂરો) બીજા સોદાથી વેચી દો, પછી તેનાથી ખરીદી લો."

(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૮)-૨૮૧૪ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: جَاءَ بِلَالٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِتَمْرٍ بَرْنِيٍّ فَقَالَ لَهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مِنْ أَيْنَ هَذَا؟» قَالَ: كَانَ عِنْدَنَا تَمْرٌ رَدِيءٌ فَبِعْتُ مِنْهُ صَاعَيْنِ بِصَاعٍ فَقَالَ: «أَوَّهْ عَيْنُ الرِّبَا عَيْنُ الرِّبَا لَا تَفْعَلْ وَلَكِنْ إِذَا أَرَدْتَ أَنْ تَشْتَرِيَ فَبِعِ التَّمرَ بِبَيْعٍ آخر ثُمَّ اشْتَرِ بِهِ»

૧. બર્ની અરબની મશહૂર તથા આ'લા ખજૂર છે. "બે"ને ઝબર "રે" ને જઝમ કે ઝબર. કામૂસમાં છે કે આ શબ્દ બર્નીક હતો, અર્થ : સારુ ફળ. ફારસીથી અરબીમાં બદલવામાં આવ્યો, અને બર્ની બનાવી દેવામાં આવ્યો.

૨. أَوَّهْ અલિફનો ઝબર વાવને તશ્દીદ સાથે ઝેર, "હે' પર જઝમ, અથવા વાવ તથા હે બંનેને જઝમ અથવા વાવની અલિફમાં તબદીલી. સારાંશ કે أَوَّهْ أُوْهْ અથવા آهْ આ એવા શબ્દો છે જે તકલીફ, બીમારી અથવા અફસોસ

જાહેર કરવાના મોક़ા પર બોલવામાં આવે છે. અહીં હુઝૂરે અન્વર ﷺએ અફસોસ પ્રદર્શિત કરવા માટે ફર્માવ્યું, એટલે હાય ! અફસોસ !

★ બે સાઅ રદ્દી ખજૂરો એક રૂપિયામાં વેચીને રૂપિયાથી એક સાઅ સારી ખરીદો ★

૩. એની પણ એ જ સ્થિતિ છે જે અગાઉ વર્ણન થઈ. એટલે પ્રથમ બે સાઅ રદ્દી ખજૂરો એક રૂપિયાના બદલામાં વેચી દો. પછી રૂપિયાથી એક સાઅ આ'લા ખજૂરો ખરીદી લો. આ બે સોદાઓ થઈ જશે અને વ્યાજ ન થશે. એ જે રિવાયતમાં આવે છે કે રઝીન ઈબ્ને અરકમની ઉમ્મે વલદે (ઉમ્મે વલદ : એ લોંડીને કહેવામાં આવે છે જેનાથી માલિકનું બાળક પેદા થાય અને તેને માલિક પોતાનુ સંતાન ઠરાવી દે. માલિકના મૃત્યુથી તે લોંડી આપોઆપ આઝાદ થઈ જાય છે) આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا થી અર્ઝ કરી કે મેં ઝયદના હાથે આઠસોમાં એક લોંડી ઉધારે વેચી અને શર્ત એ રાખી કે જ્યારે તમે વેચો તો મારા હાથે વેચજો. જેથી કરજ અદા થતા પહેલાં મેં એ લોંડી ઝયદ ઈબ્ને અરકમથી છસોમાં ખરીદી લીધી. તો ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, ઝયદ બિન અરકમને કહી દેજો કે તમારા સર્વ નેક અમલો બાતિલ થઈ ગયા, તમે આ સોદો નાજાઈઝ કર્યો. (માલિક તથા અહમદ) ઉમ્મુલ મો'મિનીનના આ સોદાને નાજાઈઝ કહેવાનાં બે કારણો હોય શકે છે : **એક** કરજની અદાયગીની સહીહ મુદ્દત નિશ્ચિત ન હોવું. **બીજુ** સોદો શર્તી થવો. જેથી તે હદીષની વિરૂધ્ધ નથી.

★ હદીષ : (૯)-૨૮૧૫ ★
وَعَنْ جَابِرٍ قَالَ: جَاءَ عَبْدٌ فَبَايَعَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى الْهِجْرَةِ وَلَمْ يَشْعُرْ أَنَّهُ عَبْدٌ فَجَاءَ سَيِّدُهُ يُرِيدُهُ فَقَالَ لَهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ «بِعْنِيهِ» فَاشْتَرَاهُ بِعَبْدَيْنِ أَسْوَدَيْنِ وَلَمْ يُبَايِعْ أَحَدًا بَعْدَهُ حَتَّى يَسْأَلَهُ أَعَبْدٌ هُوَ أَوْ حُرٌّ. رَوَاهُ مُسلم

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક ગુલામ આવ્યો, તેણે નબી કરીમ ﷺ થી હિજરત પર બયઅત કરી. હુઝૂરે અન્વર ﷺ ને એ ખયાલ ન થયો કે તે ગુલામ છે[૧] પછી તેનો માલિક તેને લેવા આવ્યો તો નબી કરીમ ﷺ એ તેને કહ્યું, એને મારા હાથે વેચી દો. જેથી તેને બે હબ્શી ગુલામોના બદલામાં ખરીદી લીધો. ત્યારબાદ કોઈનાથી બયઅત ન લીધી, ત્યાં સુધી કે તેને પૂછી લેતા કે તે ગુલામ છે કે આઝાદ.[૨]'' (મુસ્લિમ)

★ હુઝૂર ﷺની અજાણતા સાબિત કરવી મૂર્ખતા ★

૧. હક़ીક़તમાં એ નાસી છૂટેલો ગુલામ હતો. તેનો હેતુ માલિકથી છૂટકારો પામવાનો હતો, પણ જાહેર એ કર્યું કે મો'મિન છું, મુહાજિર બનીને આપની સાથે રહેવા ચાહું છું. હુઝૂરે અન્વર ﷺએ પણ તેની તેહક़ીક़ ન કરી અને એનાથી હિજરત પર બયઅત કરી લીધી. યાદ રાખશો કે, જો કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺને દરેક ઉઘાડા છુપાની ખબર આપી છે પણ ઈલ્મનું દરેક વખતે હાજર હોવું જરૂરી નથી. હાફિઝને આખુ કુર્આન યાદ હોય છે, પણ દરેક શબ્દ વખતે સામે નથી રહેતો. જેથી આના પરથી હુઝૂર ﷺની બેઈલ્મી સાબિત કરવું એ મૂર્ખતા છે.

૨. આનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે ગુલામ માલિકની ઈજાઝત વિના હિજરત નથી કરી શકતો. **બીજુ** એ કે બયઅત ફસ્ખ (ફોગ) નથી થઈ શકતી, કેમ કે હુઝૂરે તેને ખરીદી લીધો પણ તેની બયઅત ન તોડી. **ત્રીજુ**

એ કે ગૈર વ્યાજવાળા માલમાં વધઘટ જાઈઝ છે. જેમ કે એક બકરી બેના બદલામાં વેચી શકીએ છીએ, કેમ કે જાનવર વ્યાજવાળો માલ નથી કે ન એ માપવાળી છે ન વજની. હા ! જાનવરનુ જાનવર સાથે ઉધાર વેચાણ નાજાઈઝ છે. હઝરત રાફેઅ ઈબ્ને ખદીજે એક ઊંટ બેના બદલામાં વેચ્યું.

★ હદીષ : (૧૦)-૨૮૧૬ ★

وَعَنْهُ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعِ الصُّبْرَةِ مِنَ التَّمْرِ لَا يُعْلَمُ مَكِيلَتُهَا بِالْكَيْلِ الْمُسَمَّى مِنَ التَّمْرِ. رَوَاهُ مُسلم

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એનાથી મના કર્યું કે ખારેકોના જાણીતા માપના બદલામાં ખારેકોનો તે ઢગલો વેચવામાં આવે જેનું માપ ખબર નથી.[૧]'' (મુસ્લિમ)

૧. એટલે કે બંને બાજુ ખજૂરો હોય. એક તરફથી ખજૂરોનું વજન ખબર હોય, પણ બીજી બાજુનું માલૂમ ન હોય. કેમ કે એ વ્યાજમય માલ છે, અને એ અજાણતાના કારણે વ્યાજ થઈ જવાનો અંદેશો છે. શક્ય છે કે તે નામાલૂમ ઢગલો તેના કરતાં ઓછો કે વધારે હોય. એટલા માટે મના કરવામાં આવ્યું. રૂપિયા કે ઘઉંના બદલામાં નામાલૂમ ઢગલો ખરીદવો નાજાઈઝ છે. મિશ્કાતના આ નુસ્ખામાં مَكِيْلَتُهَا છે માપની માત્રાના અર્થમાં. અશિઅ્હના નુસ્ખામાં بِكَيْلِهَا માપવાનું સાધન.

★ હદીષ : (૧૧)-૨૮૧૭ ★

وَعَنْ فَضَالَةَ بْنِ أَبِي عُبَيْدٍ قَالَ: اشْتَرَيْتُ يَوْمَ خَيْبَرَ قِلَادَةً بِاثْنَيْ عَشَرَ دِينَارًا فِيهَا ذَهَبٌ وَخَرَزٌ فَفَصَّلْتُهَا فَوَجَدْتُ فِيهَا أَكْثَرَ مِنَ اثْنَيْ عَشَرَ دِينَارًا فَذَكَرْتُ ذَلِكَ لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «لَا تُبَاعُ حَتَّى تُفصَّلَ» . رَوَاهُ مُسلم

''હઝરત ફઝાલા ઈબ્ને અબી ઉ્બૈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં ખૈબરના દિવસે બાર દીનારના બદલામાં એક હાર ખરીદયો જેમાં સોનુ પણ હતું અને મોતીના મણકા પણ. મેં એને ખોલી કાઢયો તો એમાં સોનુ બાર દીનાર કરતાં વધુ પામ્યું[૧] તો એનું વર્ણન નબી કરીમ ﷺ ને કર્યું. હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું, એવા હાર જુદા કર્યા વિના ન વેચવામાં આવે.[૨]'' (મુસ્લિમ)

૧. એ રીતે કે હારના સોનાનું વજન બાર દીનારના વજન કરતાં વધારે હતું જેથી મને સોનુ વધારે મળ્યું અને મોતીના મણકા એનાથી અલગ.

૨. કેમ કે આવા વેપારમાં વ્યાજનો પાકો અંદેશો હોય છે. જો અહીં હારનુ સોનુ બરાબર પણ હોત તો પણ વ્યાજ હતું કેમ કે મોતી વધારામાં હતાં. આવી સ્થિતિમાં દીનાર હારના સોના કરતાં વધારે જોઈએ જેથી મોતીના વધારાના બરાબર થઈ જાય. અને સોદામાં વ્યાજ ન રહે. યાદ રાખશો કે આ મોકા પર હુઝૂર ﷺ એ ભાવિના માટે તો આવા વેપારની મનાઈ કરી દીધી પણ એ સોદો રદ ન કર્યો અને ખરીદનારને પરત કરવાનો હુકમ ન આપ્યો. કેમ કે એ જમાનામાં મસ્અલાથી અજાણતા ઉઝર હતી કે વ્યાજના કાનૂન સંપૂર્ણપણે સ્પષ્ટ થયા ન હતા ન જાહેર થયા હતા. હવે જો એવો સોદો અજાણતામાં કરે તો પરત કરવો પડશે. જેડેલો સોનેરી હાર જો સોનાના બદલામાં વેચવામાં આવે તો સોનાનું વજન માલૂમ હોવું પણ જરૂરી છે અને જે સોનુ હારના બદલામાં આપવામાં આવે તેનુ અધિક હોવું પણ લાઝિમ છે કે જેથી તે હારના મોતીના વધારાના બદલામાં થઈ જાય.

એવો જમાનો આવશે કે કોઈ વ્યાજ ખાધા વિના ન રહેશે

★ હદીષ : (૧૨)-૨૮૧૮ ★

عَنْ أَبِي هُرَيْرَةَ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَيَأْتِيَنَّ عَلَى النَّاسِ زَمَانٌ لَا يَبْقَى أَحَدٌ إِلَّا أَكَلَ الرِّبَا فَإِنْ لَمْ يَأْكُلْهُ أَصَابَهُ مِنْ بُخَارِهِ» . وَيُرْوَى مِنْ «غُبَارِهِ» .

رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે તે રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરે છે કે આપે ફર્માવ્યું, લોકો પર એવો જમાનો આવશે જ્યારે વ્યાજ ખાધા વિના કોઈ ન રહેશે[૧] જો વ્યાજ નહીં પણ ખાય તો તેને વ્યાજની અસર જરૂર પહોંચશે. એ પણ રિવાયત છે કે તેની ધૂળ પહોંચશે.[૨]''

(અહમદ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)

★ કોઈ બેંક વ્યાજ વિના લેણદેણ નથી કરતી ★

૧. એ રીતે કે વ્યાજનો રિવાજ સામાન્ય થઈ જશે અને દરેક વ્યક્તિ ડાયરેક્ટ કે ઈન્ડાયરેકલી કદી ન કદી વ્યાજ જરૂર ખાય લેશે. જેમ કે આજકાલ થઈ રહ્યું છે. કોઈ કારોબાર બેંક વિના નથી ચાલતો અને કોઈ બેંક વ્યાજ વિના લેણ દેણ નથી કરતી. હવે આ વ્યાજવાળા રૂપિયાથી જે કારોબાર થશે તેમાં વ્યાજ જરૂર સામેલ થશે. (**ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર''** નામની કિતાબ, અઝ : મુફ્તી નિઝામુદ્દીન રઝવી–મુબારકપુર અમારે ત્યાં મળે છે, તેને જરૂર મંગાવશો. જેમાં છે કે ગૈરોની બેંકોમાંથી મળતી અધિક રકમ એ નફો છે વ્યાજ નથી. –અનુવાદક)

૨. એટલે કે વર્તમાનકાળમાં અમુક લોકો વ્યાજ લેશે, અમુક આપશે. અમુક વ્યાજની સાક્ષી લખાણ વગેરે કરશે. અમુક લોકો એ વ્યાજમય કારોબારવાળાઓને ત્યાં દાવતો ખાશે. અમુક લોકો એમની પાસેથી દીની કામોમાં ચંદો લેશે. સારાંશ આ વ્યાજમય પૈસો કોઈ ન કોઈ રીતે દરેક જગાએ જરૂર પહોંચશે.

★ હરામ હલાલ મિશ્ર આવક વિશે મસ્અલા ★

મસ્અલા. જેની આવક મિશ્ર હોય એટલે કે હલાલ પણ હોય અને હરામ પણ હોય તેને ત્યાં નોકરી કરીને પગાર લેવો, તેનાથી ચંદો લેવો, તેના ત્યાં દાવત ખાવી વગેરે સર્વ કાંઈ જાઈઝ છે. હા ! તદ્દન હરામ કમાઈવાળાને ત્યાં ન નોકરી જાઈઝ, ન તેમનાથી આ મામલા (વહેવાર) દુરૂસ્ત છે. (ફિક્હની કિતાબો) એટલા માટે અહીં હુઝૂર ﷺએ વ્યાજ સામાન્ય (આમ) થઈ જવાની ખબર આપી, પણ તે સૌ લોકોને ફાસિક્ તથા ગુનેહગાર નથી કહ્યા. વ્યાજખોર ફાસિક્ છે પણ જેને જેને વ્યાજની ધૂળ અથવા તાપ પહોંચે તેને ફાસિક્ નથી કહી શકતા. જુઓ રબ તઆલાએ મૂસા عليہ السلام ને ફિરઔનને ત્યાં અને હુઝૂર ﷺને અબૂ તાલિબને ત્યાં ઉછેર માટે રાખ્યા. તેમની કમાણીઓ યક્ીનન ! મિશ્ર હતી, તદ્દન હલાલ ન હતી. જો મિશ્ર માલની દાવત અથવા ચંદો હરામ હોત તો રબ તઆલા પોતાના કલીમ તથા હબીબ صلوۃ اللہ علیہما وسلامہ ની પરવરિશ તેમને ત્યાં ન કરાવત. તેમજ જો મિશ્ર માલથી આ સર્વ મામલા (વહેવારો) બંધ કરી દેવામાં આવે તો આજે કોઈ દીની ઈદારો, મદ્રસા, મસ્જિદો, ખાનકાહો આબાદ ન રહી શકે, કે એમાં દરેક વ્યક્તિથી ચંદો લેવામાં આવે છે. ખાલિસ (તદ્દન) હલાલની તેહક્ીક્ નથી કરતા ન કરી શકે છે. આ મસ્અલો જરૂર ધ્યાનમાં રાખવામાં આવે. આ ક્યદાથી આજ કાલની બેંકો વગેરે ખાતાંઓની નોકરીઓનો હાલ પણ માલૂમ થઈ ગયો. એ જરૂર છે કે આ સમયે ખાલિસ હલાલ રોજી મળવું અશક્ય નથી તો મુશ્કિલ જરૂર છે.

વિવિધ જાતીઓમાં વધઘટ જાઈઝ છે

★ હદીષ : (૧૩)-૨૮૧૯ ★

وَعَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا تَبِيعُوا الذَّهَبَ بِالذَّهَبِ وَلَا الْوَرِقَ بِالْوَرِقِ وَلَا الْبُرَّ بِالْبُرِّ وَلَا الشَّعِيرَ بِالشَّعِيرِ وَلَا التَّمْرَ بِالتَّمْرِ وَلَا الْمِلْحَ بِالْمِلْحِ إِلَّا سَوَاءً بِسَوَاءٍ عَيْنًا بِعَيْنٍ يَدًا بِيَدٍ وَلَكِنْ بِيعُوا الذَّهَبَ بِالْوَرِقِ وَالْوَرِقَ بِالذَّهَبِ وَالْبُرَّ بِالشَّعِيرِ وَالشَّعِيرَ بِالْبُرِّ وَالتَّمْرَ بِالْمِلْحِ وَالْمِلْحَ بِالتَّمْرِ يَدًا بِيَدٍ كَيْفَ شِئْتُمْ» . رَوَاهُ الشَّافِعِي

''હઝરત ઓબાદા ઈબ્ને સામિત رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સોનુ સોનાના બદલામાં અને ચાંદીના બદલામાં ચાંદી, ઘઉંના બદલામાં ઘઉં, જવના બદલામાં જવ, ખજૂર (ખારેકો)ના બદલામાં ખજૂર અને મીઠાના બદલામાં મીઠુ ન વેચો, પણ બરાબર બરાબર.[૧] રોકડેથી હાથો હાથ[૨] પરંતું સોનાને ચાંદીના બદલામાં અને ચાંદીને સોનાના બદલામાં અને ઘઉંને જવના બદલામાં અને જવને ઘઉંના બદલામાં, ખારેકો (ખજૂરો) મીઠાના બદલામાં હાથો હાથ જે રીતે ચાહો વેચો.[૩]'' (શાફઈ)

૧. યાદ રાખશો કે કે વજની ચીજોની બરાબરી વજનથી થશે અને કીલ એટલે માપવાળી ચીજોની બરાબર માપથી. શરીઅતમાં સોનુ ચાંદી વજની છે, અને ઘઉં, જવ માપવાળી ચીજો છે જેથી સોનુ ચાંદી ધાતુઓને વજનમાં બરાબર કરીને ખરીદ વેચાણ કરો. અને ઘઉં જવને અનાજ માપવાના માપિયા વડે બરાબર (સરખાં) કરીને વેચો. જેથી એક શેર ભારે ઘઉંનો, સોદો એક શેર હલકા ઘઉંથી નાજાઈઝ છે કે એ વજનમાં તો બરાબર છે પણ માપિયામાં બરાબર નથી. પરંતું ઘઉં માપિયામાં ઓછા આવશે. વજનમાં વધારે એવા જ એક શેર ઘઉંનો સોદો એક શેર ઘઉંના આટાથી નાજાઈઝ છે કે એક શેર આટો વધારે ઘઉંનો હોય છે. *(અઝ : મિર્કાત)*

૨. એટલે કે સમજાતી તથા સમવજન ચીજોના સોદામાં વધારો ઘટાડો પણ હરામ છે અને ઉધાર પણ હરામ. સરખે સરખુ આપો અને બંને બાજુ રોકડ આપો. અને સમવજન તો હોય પણ સમજાતી ન હોય, જેમ કે ઘઉં તથા જવ અથવા સમજાતી તો હોય પણ સમ વજન ન હોય, જેમ કે અખરોટ અથવા ઈંડાં કે જે ગણીને વેચવામાં આવે છે. તો એમાં વધારો ઘટાડો જાઈઝ છે પણ ઉધાર હરામ. અને જાતી તથા વજન બંનેમાં વિવિધતા હોય તો વધ ઘટ પણ હલાલ અને ઉધાર પણ દુરૂસ્ત. જેમ કે રૂપિયા પૈસા વડે ઉપરોક્ત ચીજોનું ખરીદ વેચાણ. એની વિગત ફિકૃહની કિતાબોમાં જુઓ.

૩. એટલે કે કેમ કે એની જાતીઓ અલગ અલગ છે જેથી એમાં વધ ઘટ હલાલ છે. પરંતુ સમ વજનમાં ઉધાર હરામ થશે. જેમ કે પહેલાં હદીષમાં અને હમણા શરહમાં વર્ણન થઈ ચૂક્યું. *(મિર્કાત તથા લમ્આત)*

★ હદીષ : (૧૪)-૨૮૨૦ ★

وَعَنْ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سُئِلَ عَنْ شِرَاءِ التَّمْرِ بِالرُّطَبِ فَقَالَ: «أَيَنْقُصُ الرُّطَبُ إِذَا يَبِسَ؟» فَقَالَ: نَعَمْ فَنَهَاهُ عَنْ ذَلِكَ. رَوَاهُ مَالِكٌ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَه

''હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને સાંભળ્યા કે, આપને ખજૂર ખારેકોના બદલામાં ખરીદવાના વિશે પૂછવામાં આવ્યું[૧] તો ફર્માવ્યું, શું ખજૂર સૂકાયને ઓછી થઈ જાય છે ?[૨] અર્ઝ કરી, હા ! ત્યારે આપે એનાથી મના કરી આપ્યું.[૩]''

(અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)

૧. જો લીલી ખજૂર સૂકી ખારેકોના બદલામાં સરખે સરખી વેચવામાં આવે તો દુરૂસ્ત છે કે નહીં ? કે અત્યારે તો બરાબર જ છે. સવાલ ઘણો જ આ'લા છે.

૨. આ સવાલ નાવાકેફીના લીધે નથી, કેમ કે લીલી ખજૂરોનું સૂકાયને ઓછી થઈ જવું તદ્દન જાહેર છે, ખાસ કરીને અરબવાસીઓ પર, ખાસ કરીને હુઝૂર ﷺ પર. બલ્કે એ આગળ જવાબની પૂર્વભૂમિકા માટે છે, જેવું કે વાતની રવિશથી જાહેર છે. *(મિર્કાત)*

★ સમજાતીમાં ઉધારનો વેપાર હરામ ★

૩. ઈમામ શાફઈ તથા સાહિબૈનને ત્યાં લીલાં ખજૂર તથા ખારેકનો સોદો સરખે સરખા પણ નાજાઈઝ છે. આ હદીષના આધારે, પણ આપણા ઈમામે આ'ઝમને ત્યાં બરાબર બરાબરનો સોદો દુરૂસ્ત છે. પ્રથમ તો એ કે આ હદીષ ઝઈફ છે, એનાથી હુર્મત જેવો મસ્અલો સાબિત નથી થઈ શકતો. (અશિઅ્હ) જો હદીષ સહીહ પણ હોય તો એનાથી ઉધારનો વેપાર મુરાદ હશે કે એક જાતીમાં ઉધારનો વેપાર હરામ છે. બીજી રિવાયતોમાં શબ્દ نَسِيئَة આવ્યો પણ છે. દ્રાક્ષનો સોદો સૂકી દ્રાક્ષ અથવા મુનક્કા (મોટી સૂકી દ્રાક્ષ) સાથે, તાજા ગોશ્તનો સોદો સૂકા ગોશ્ત સાથે આ જ મતભેદ પર છે, કે ઈમામે આ'ઝમને ત્યાં બરાબર બરાબરનો દુરુસ્ત છે અન્ય ઈમામોને ત્યાં મના કરેલ છે. *(મિર્કાત)*

હુઝૂર ﷺએ જાનવરના બદલામાં ગોશ્ત વેચવાથી મના કર્યું

"હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબથી રિવાયત છે (ઈરસાલન)[૧] કે રસૂલુલ્લાહ ﷺએ જાનવરના બદલામાં ગોશ્ત વેચવાથી મના કર્યું[૨] હઝરત સઈદ ફર્માવે છે કે એ જાહિલિયતના જમાનામાં જુગારમાંથી હતું." (શર્હે સુન્નહ)

★ હદીષ : (૧૫)-૨૮૨૧ ★

وَعَنْ سَعِيدِ بْنِ الْمُسَيَّبِ مُرْسَلًا: أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَهٰى عَنْ بَيْعِ اللَّحْمِ بِالْحَيَوَانِ قَالَ سَعِيدٌ: كَانَ مِنْ مَيْسِرِ أَهْلِ الْجَاهِلِيَّةِ. رَوَاهُ فِي شَرْحِ السُّنَّةِ

૧. હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ رضی اللہ عنہ અફઝલ તાબઈનથી છે. તેમણે સહાબાનો ઉલ્લેખ કર્યા વિના હદીષ રિવાયત કરી આપી. એનું નામ ઈરસાલ છે. મુર્સલ હદીષ ઈમામ શાફઈને ત્યાં મોઅતબર નથી, આપણે ત્યાં મોઅતબર છે.

૨. આ હદીષના જાહેરી અર્થો પર હઝરત ઈમામ શાફઈનો અમલ છે. તેમને ત્યાં ગોશ્ત જાનવરના બદલામાં વેચવો મુત્લક્ન (કોઈ શર્ત વિના) મના છે, ચાહે ગોશ્ત તથા જાનવર એક જ જાતીનાં હોય અલગ અલગ જાતીનાં હોય, જેમ કે તેમને ત્યાં ગાયના ગોશ્તના બદલામાં ગધેડુ ખરીદવું પણ હરામ છે, અને બકરીનો ગોશ્ત પણ ખરીદવો હરામ છે. ઈમામ મુહમ્મદને ત્યાં જો જાનવર હલાલ હોય અને ગોશ્ત તથા જાનવર સમજાતી હોય તો ગોશ્ત, જાનવરના ગોશ્ત કરતાં વધારે હોવો જરૂરી છે. જો બકરીમાં દસ શેર ગોશ્ત છે તો બીજો ગોશ્ત બાર તેર શેર હોવો જોઈએ. અને જાનવર તથા ગોશ્ત વધારે હોવો જોઈએ કે જેથી વધારો ચામડુ વગેરેના બદલામાં થઈ જાય, અને જો જાનવર તથા ગોશ્ત વિવિધ જાતીનાં હોય તો મુત્લક્ન સોદો દુરૂસ્ત છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં એવી કોઈ કેદ નથી, તેમને ત્યાં જાનવરનો સોદો ગોશ્તના બદલામાં દરેક રીતે જાઈઝ છે અને આ હદીષમાં ઉધાર સોદો મુરાદ છે. એટલે કે જાનવરને ગોશ્તના બદલામાં વેચવું તો હલાલ છે અને ઉધાર વેચવું હરામ છે, કેમ કે જાનવર જાડુ પાતળુ થતુ રહે

છે અને ગોશ્તનુ ઉધારમાં નિશ્ચિત કરવું મુશ્કેલ હોય છે. *(લમ્આત તથા મિર્કાત)*

૩. એટલે કે અરબના કાફિરો ખેલનો પણ જુગાર કરતા હતા અને અકૃદ (સોદા)નો પણ. આ જાનવર તથા ગોશ્તના સોદાને જુગાર ઠરાવતા હતા કે જો જાનવરમાં ગોશ્ત કરતાં વધારે નીકળી આવ્યો તો ગોશ્તવાળો જીતી ગયો અને જો ઓછો નીકળ્યો તો જાનવરવાળો જીતી ગયો અને ગોશ્તવાળો હારી ગયો.

જાનવરનો જાનવરના બદલામાં ઉધાર વેપાર મના

''હઝરત સમુરહ ઈબ્ને જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ જાનવરનો જાનવરના બદલામાં ઉધાર વેપારને મના કર્યો[૧]'' (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)

★ હદીષ : (૧૬)-૨૮૨૨ ★

وَعَنْ سَمُرَةَ بْنِ جُنْدُبٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ بَيْعِ الْحَيَوَانِ بِالْحَيَوَانِ نَسِيئَةً.رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ

૧. આ મસ્અલાની તેહકીક અને એમાં સહાબા તથા તાબઈન અને દીનના ઈમામોનો મતભેદ પહેલાં વર્ણન થઈ ચૂક્યો છે કે અમુકને ત્યાં જો બંને પક્ષે જાનવર ઉધાર હોય તો સોદો નાજાઈઝ છે. જો એક પક્ષે ઉધાર હોય અને બાજુ રોકડ તો દુરૂસ્ત છે. આપણે ત્યાં જાનવરનો જાનવર સાથે ઉધાર સોદો મુત્લક્ન મના છે. આ હદીષ આપણી દલીલ છે કે એમાં કોઈ તફસીલ નથી.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ તેમને એક લશ્કરનો સામાન તૈયાર કરવાનો હુકમ આપ્યો[૧] *તો ઊંટ ખત્મ થઈ ગયાં.[૨] તો હુઝૂર ﷺ એ તેમને હુકમ આપ્યો કે સદકાની ઊંટણીઓના બદલામાં લઈ લો. તો તે સદકાનાં ઊંટ આવતા સુધી એક ઊંટ બે ઊંટણીઓના બદલામાં લેતા હતા.[૩]'' (અબૂ દાઉદ)*

★ હદીષ : (૧૭)-૨૮૨૩ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَرَهُ أَن يُجهِّزَ جَيْشًا فنفدتِ الإِبلُ فأمرَهُ أَن يَأْخُذَ عَلَى قَلَائِصِ الصَّدَقَةِ فَكَانَ يَأْخُذُ الْبَعِيرَ بِالْبَعِيرَيْنِ إِلَى إِبِلِ الصَّدَقَةِ. رَوَاهُ أَبُو دَاوُدَ

૧. એટલે કે હુકમ આપ્યો કે લશ્કરને સવારીઓ, હથિયારો અને અન્ય સામાનની સજ્જ કરી દો.

૨. એટલે કે અમુક સિપાહીઓને ઊંટ ન મળ્યાં, ઊંટ પૂરાં થઈ ગયાં. અને સિપાહી બાકી રહી ગયા કેમ કે ઊંટ ઓછાં હતાં અને સિપાહી વધારે હતા.

★ ઉધારના વેપારમાં અદા કરવાનો સમય નિશ્ચિત હોવો જોઈએ ★

૩. એની રીત એ છે કે આજે લોકોથી ઊંટ ખરીદી લો, અને એ વેપારીઓને વાયદો કરી લો કે જ્યારે ઝકાતનાં ઊંટ આવશે તો તમને એકના બદલામાં બે અને બેના બદલામાં ચાર આપવામાં આવશે. આ હદીષ એ લોકોની દલીલ છે કે જેઓ જાનવરોના ઉધારના સોદાને જાઈઝ કહે છે. આપણા ઈમામ સાહબ رضی اللہ عنہ ફર્માવે છે કે પ્રથમ તો આ હદીષ જ ઝઈફ છે. આ ઝઈફ હદીષથી દલીલ કરવી દુરુસ્ત નથી. અને જો સહીહ પણ હોય તો મન્સૂખ છે. આ હુકમ એ સમયે હતો જ્યારે કે ઈસ્લામમાં વ્યાજ હરામ ન થયું હતું. અમારી દલીલ હઝરત સમુરહની હદીષ છે જે હમણા વર્ણન થઈ ચૂકી કે તે હદીષ સહીહ પણ છે અને ગૈર મન્સૂખ પણ. આ હદીષમાં એક શંકા એ પણ છે કે

ઉધારના વેપારમાં અદા કરવાનો સમય નિશ્ચિત હોવો જોઈએ અને ઝકાત ઊંટણીઓની વસૂલીનો સમય નિશ્ચિત નથી. દરેક શખ્સ પોતાનું વરસ પસાર થવા પર ઝકાત આપે છે. ઝકાતના માટે કોઈ મહીનો અથવા તારીખ નિશ્ચિત નથી થઈ શકતી. સારાંશ કે આ હદીષ કોઈ રીતે અમલને પાત્ર નથી. ઝઈફ છે, મન્સૂખ છે અથવા મુજમલ અથવા મુશ્કેલ છે. સમુરહની હદીષ આના પર અગ્રતા ધરાવે છે. *(લમ્આત)*

(વિભાગ : 3) الفصل الثالث

વ્યાજ ઉધારમાં છે, હાથોહાથ રોકડમાં નહીં

★ હદીષ : (૧૮)-૨૮૨૪ ★ (مُتَّفِق عَلَيْهِ)

عَنْ أُسَامَةُ بْنُ زَيْدٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الرِّبَا فِي النَّسِيئَةِ» . وَفِي رِوَايَةٍ قَالَ: «لَا رِبًا فِيمَا كَانَ يدا بيد»

''હઝરત ઓસામા ઈબ્ને ઝયદ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, વ્યાજ ઉધારમાં છે. એક રિવાયતમાં આ પ્રમાણે છે, જે હાથો હાથ રોકડ હોય એમાં વ્યાજ નથી.[૧]''

(મુસ્લિમ, બુખારી)

૧. આ હસ્ર ઈઝાફી છે ન કે હક़ીક़ી, જેમ કે રબનું ફર્માન છે : إِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ (એણે એ જ તમારા પર હરામ કર્યાં છે મુરદાર. સૂ. બક़રહ, ૨/૧૭૩)માં કે કુર્આન કરીમે જે કેવળ છ જાનવરોની હુર્મત વર્ણવી હસ્રના તરીક़ા પર એ મુશ્રિકોનાં બહીરા,સાઈબા (બહીરા : એ જાનવર જેનું દૂધ મૂર્તિઓ માટે રોકી લેવામાં સીમિત કરવા આવતું અને કોઈ તેનું દૂધ ન કાઢતુ. સાઈબા : એ જાનવર જેને બૂતોના નામ પર છોડી દેવામાં આવતું અને તેનાથી કોઈ કામ લેવામાં ન આવતું) વગેરે માટે છે, નહીં તો કૂતરો, ગધેડુ પણ હલાલ નથી. કોઈ શખ્સે હુઝૂર ﷺને અમને બરાબર બરાબર વેચવા સંબંધે સવાલ કર્યો હશે. અથવા વિવિધ જાતીઓને વધારા ઘટાડા સાથે વેચવાના બારામાં પૂછયું હશે તો ફર્માવ્યું, આ સ્થિતિઓમાં વ્યાજ કેવળ ઉધારમાં થશે, રોકડામાં નહીં. એક શેર ઘઉં બે શેર જવના બદલામાં અથવા એક શેર ઘઉં એક શેર ઘઉંના બદલામાં રોકડે વેચી શકીએ છીએ, ઉધાર નહીં. જેથી الربو માં અલિફ લામ અહદી છે એટલે તેનું રિબા (વ્યાજ) કેવળ ઉધારમાં છે. અને બની શકે છે કે અલિફ લામ ઈસ્તેગ़રાક़ી હોય એટલે ઉધારમાં મુત્લકન અધિક હરામ છે. ચાહે બંનેવ બદલા તથા માત્રામાં સરખાં હોય અથવા કેવળ જાતીમાં અથવા કેવળ માત્રામાં એક સરખાં હોય. રોકડના વેપારમાં વ્યાજ ત્યારે હરામ થશે જ્યારે કે બંનેવ બદલાની ચીજો જાતીમાં પણ એક હોય, વજનમાં પણ. જેથી આ હદીષ પાછલી مِثْلًا بِمِثْلٍ ની વિરૂધ્ધ નથી.

(લમ્આત, અશિઅ્હ, મિર્ક़ાત)

વ્યાજનો એક દિરહમ ૩૬ વખત ઝિનાથી અધિક સખત !

★ હદીષ : (૧૯)-૨૮૨૫ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ حَنْظَلَةَ غَسِيلِ الْمَلَائِكَةِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «دِرْهَمُ رِبًا يَأْكُلُهُ الرَّجُلُ وَهُوَ يَعْلَمُ أَشَدُّ مِنْ سِتَّةٍ وَثَلَاثِينَ زِنْيَةً» . رَوَاهُ أَحْمَدُ والدراقطني

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હન્ઝલા رضی اللہ عنہ થી રિવાયત છે જેમને ફરિશ્તાઓએ ગુસ્લ આપ્યું[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **વ્યાજનો એક દિરહમ જે જાણો છો માણસ ખાય[૨] તે છત્રીસ વખત ઝિના કરતાં અધિક સખત છે.**[૩] (અહમદ,*

وَرَوَى الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ عَنِ ابْنِ عَبَّاسٍ وَزَادَ: وَقَالَ: «مَنْ نَبَتَ لَحْمُهُ مِنَ السُّحت فَالنَّار أولى بِهِ»

*દારકુત્ની) બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને V aAF; رضی اللہ عنہما થી રિવાયત કરી, ત્યાં એટલો વધારો છે કે ફર્માવ્યું, **જેનો ગોશ્ત હરામથી ઉછેર પામ્યો હશે તો આગ તેની ખૂબ જ નજીક હશે.**"*

૧. "ગસીલુલ મલાઈકા" એ હઝરત હન્ઝલાની ખૂબી છે ન કે અબ્દુલ્લાહની. હઝરત હન્ઝલા ગઝવએ ઓહદમાં નવા શાદી કરેલ હતા, હજી જનાબતથી ગુસ્લ પણ કર્યું ન હતું, એવામાં જેહાદનું એલાન થયું. તો ગુસ્લ કર્યા વિના ચાલ્યા ગયા અને શહીદ થઈ ગયા. તેમને હઝરત જિબ્રઈલ તથા મીકાઈલે ગુસ્લ આપ્યું. તેમની લાશ શરીફથી પાણી ટપકી રહ્યું હતું. એટલા માટે તેમનો લકબ ગસીલુલ્ મલાઈકા થયો તેમના પુત્ર હઝરત અબ્દુલ્લાહ પણ સહાબી છે. હુઝૂરે અન્વર ﷺની વફાતના સમયે સાત વરસના હતા. અન્સારના સરદાર હતા. યઝીદ ઈબ્ને મુઆવિયાની બયત મદીના અન્સાર સહિત આપે તોડી નાખી અને હેરાના દિવસે પોતાના સાત પુત્રોની સાથે યઝીદી લશ્કરના હાથે શહીદ થયા. ઘણા જ મુત્તકી તથા પરહેઝગાર હતા. *(અશિઅહ)*

★ ખાવાથી મુરાદ ચાહે ખાય, પહેરે કે અન્ય કામે વાપરે વ્યાજ હરામ ★

૨. ખાવાથી મુરાદ છે વ્યાજ લેવું ચાહે ખાય અથવા પહેરે અથવા કોઈ અન્ય વપરાશમાં લાવે કે કેવળ ભેગા કરીને રાખે. કેમ કે સર્વ વપરાશોમાં ખાવા અધિક મહત્વનું છે, એટલા માટે એનો ઉલ્લેખ કર્યો. આપણી બોલીમાં પણ વ્યાજ લેનારાને વ્યાજ ખાઉં (સૂદખોર), વ્યાજ ખાનારો કહેવામાં આવે છે. એક દિરહમથી મુરાદ મામૂલી સરખા માલ છે. જાણવાની કેદ (શર્ત) એટલા માટે લગાડી કે બેઈલ્મીમાં જો વ્યાજના પૈસા વપરાશમાં આવી જાય તો ગુનોહ નથી. એટલા માટે મિશ્ર કમાણીવાળાને ત્યાં દાવત વગેરે ખાવું જાઈઝ છે કેમ કે આપણને ખબર નથી કે કયા માલથી ખાવા પકાવવામાં આવ્યું.

★ વ્યાજખોરને અલ્લાહ વ રસૂલથી જંગનું એલાન ★

૩. એક વ્યાજથી છત્રીસ ઝિના થવાનાં અમુક કારણો છે : ઝિના અલ્લાહનો હક્ક છે અને વ્યાજ બંદાનો હક્ક છે જે તૌબાથી માફ નથી થતો. **વ્યાજખોરને અલ્લાહ વ રસૂલથી જંગનું એલાન છે.** ઝાનીને એ એલાન નથી. વ્યાજખાઉંને ખાત્માની ખરાબીનો અંદેશો છે, ઝાનીના વિશે આ અંદેશો નથી. વ્યાજખોર કરજદાર અને તેનાં બાળ બચ્ચાંઓને તબાહ કરે છે. એટલા માટે વ્યાજખોર પર અધિક સખ્તી છે. (લમ્આત, મિર્કાત) તેમજ સામાન્યતઃ મુસલમાન ઝિનાથી તો નફરત કરે છે પણ વ્યાજથી નહીં. ગવર્નમેન્ટો અન્ય ગુનાહોને રોકવાની કોશિશ કરે છે પણ વ્યાજને રિવાજ આપે છે, એનાથી બચવું મુશ્કેલ છે.

★ વ્યાજખોરનો ગોશ્ત દોઝખમાં જલ્દી સળગશે ★

૪. એટલે કે જેવી રીતે કેરોસીનમાં ભીંજાયેલુ કપડુ આગમાં સળગી જાય છે, એવી જ રીતે વ્યાજ, લાંચ, જુગાર, ચોરી વગેરે હરામ માલથી પેદા થેયલ ગોશ્ત દોઝખની આગમાં જલ્દીથી સળગશે. કેમ કે ખોરાકથી લોહી અને લોહીથી ગોશ્ત બને છે, એટલા માટે ખોરાક ખૂબ જ પાકીઝા હોવો જોઈએ. હરામ ખોરાકની અસર પૂરા શરીર પર પડે છે.

વ્યાજખોરનો જુલ્મ કેવળ કરજદાર પર જ નથી

★ હદીષ : (૨૦)-૨૮૨૬ ★	*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* ***વ્યાજના સિત્તેર હિસ્સા છે, જેમાંથી કમતરીન (સૌથી ઓછો) હિસ્સો એ છે કે માણસ પોતાની મા સાથે ઝિના કરે.[૧]''***
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الرِّبَا سَبْعُونَ جُزْءًا أيسرها أَن الرجل أمه»	

૧. એટલે **મા સાથે ઝિના કરવો જ્યારે કમતરીન દરજો થયો તો બાકીના દરજા એનાથી અધિક સખત થશે.** કેમ કે અરબવાસીઓ વ્યાજના ઘણા જ અધિક પ્રમાણમાં આદી હતા. તેમની પાસે વ્યાજ છોડાવવું આસાન ન હતું. એટલા માટે વ્યાજ પર અધિક પ્રમાણમાં ચેતવણી ઉતરી. યાદ રાખશો કે ઝિના મોટાભાગે પુરૂષ સ્ત્રીની રાજી ખુશીથી બલ્કે અધિકતર સ્ત્રીની રઝામંદીથી થાય છે, એટલા માટે રબ તઆલાએ ઝિનામાં સ્ત્રીનો ઉલ્લેખ પ્રથમ કર્યો. ફર્માવ્યું : اَلزَّانِيَةُ وَالزَّانِيْ (જે સ્ત્રી બદકાર હોય અને જે મર્દ. સૂ. નૂર, ૨૪/૨) પણ વ્યાજમાં કરજદારની રઝામંદી તદ્દન નથી હોતી. એ કારણે પણ વ્યાજના હુકમો અધિક કડક છે, કેમ કે એ ગુનોહ પણ છે અને જુલ્મ પણ કેવળ કરજદાર પર નહીં બલ્કે તેનાં સર્વ બીવી બચ્ચાંઓ પર. વ્યાજખોર એક તીર વડે ઘણા બધાંનો શિકાર કરે છે.

★ હદીષ : (૨૧)-૨૮૨૭ ★	*''હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે વ્યાજ ભલે ઘણુ જ બધું હોય પણ પરિણામ કમીની તરફ પલટે છે[૧] એ બંનેવ હદીષો ઈબ્ને માજા, બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી અને અહમદે આખરી હદીષ રિવાયત કરી.''*
وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنِ الرِّبَا وَإِنْ كَثُرَ فَإِنَّ عاقبته تصيرُ إِلى قُلٍّ: رَوَاهُمَا ابْنُ مَاجَهْ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ. وَرَوَى أَحْمد الْأَخير	

★ વ્યાજનો અંજામ ફ઼िલ્લત તથા ઝિલ્લત છે ★

૧. આ ફર્માન મુસલમાનોના માટે છે કે વ્યાજનો અંજામ ફ઼िલ્લત (કમી થવું) તથા ઝિલ્લત (બેઈજ્જતી) છે. એનો ઘણો જ અનુભવ છે. ફ઼કીરે (લેખકે) મોટા મોટા વ્યાજખોરોને છેવટે બર્બાદ થતા બલ્કે બેઈજ્જત થતા જોયા. અમુક મોડેથી અમુક જલ્દી. **વ્યાજનો પૈસો અસલ માલ પણ લેવા તથા બર્બાદ કરવા આવે છે.** જો કાફિરોને રાસ આવી જાય તો આવી જાય, દરેકનો ખોરાક વિવિધ છે.

ક઼યામત બાદ વ્યાજખોરનો જે અંજામ થશે તે શબે મેઅરાજમાં હુઝૂરે પહેલાં જ જોઈ લીધો

★ હદીષ : (૨૨)-૨૮૨૩ ★	*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હું શબે મેઅરાજના એ ક઼ૌમ પાસે પહોંચ્યો જેમનાં પેટો*
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " أَتَيْتُ لَيْلَةَ أُسْرِيَ بِي عَلَى قَوْمٍ بُطُونُهُمْ كَالْبُيُوتِ	

فِيهَا الْحَيَّاتُ تُرَى مِنْ خَارِجِ بُطُونِهِمْ فَقُلْتُ: مَنْ هَؤُلَاءِ يَا جِبْرِيلُ؟ قَالَ: هَؤُلَاءِ أَكَلَةُ الرِّبَا ". رَوَاهُ أَحْمد وَابْن مَاجَه

ઓરડાઓની જેમ હતાં જેમાં સાપો હતા જે પેટોની બહાર દેખાય આવતા હતા[૧] અને કહ્યું, હે જિબ્રઈલ ! આ કોણ છે ? તેમણે અર્ઝ કરી,[૨] એ વ્યાજખાઉં છે. (અહમદ, ઈબ્ને માજહ)[૩]''

★ વ્યાજખોરનાં પેટો ઓરડા જેવાં કેમ હશે ?! ★

૧. હદીષ તદ્દન સ્પષ્ટ છે, કોઈ તાવીલની જરૂરત નથી. હુઝૂરે અન્વર ﷺની નિગાહ હકીકતને જોનારી અને છેવટ સુધી જોનારી નિગાહ છે. એટલા માટે આપની નિગાહે તે બનાવ જોઈ લીધો જે ભવિષ્યમાં કયામત બાદ થનાર હતો, નહીં તો એ વખતે દોઝખમાં કાંઈ ન હતું. દોઝખ તથા જન્નતમાં સજા તથા બદલા માટે પ્રવેશ કયામત બાદ થશે. અને કેમ કે **વ્યાજખોર લાલચી હોય છે કે ખાય થોડુ છે અને લોભ લાલચ વધારે કરે છે, એટલા માટે તેમનાં પેટ ખરેખર ઓરડાઓ જેમ હશે. લોકોના માલ જે જુલ્મની રીતે વસૂલ કર્યા હતા તે સાપ વીછીના રૂપમાં જાહેર થશે.** આજે જો એક મામૂલી કીડો પેટમાં પેદા થઈ જાય તો તંદુરસ્તી બગડી જાય છે, માણસ બેચૈન થઈ જાય છે, તો સમજી લો કે જ્યારે એનું પેટ સાપો, વીછીઓથી ભરાય જશે તો તેની તકલીફ તથા બેકરારીનો શું હાલ હશે ? અલ્લાહની પનાહ !

૨. ગાલિબ (અધિકતર ગુમાન) એ છે કે આ બનાવ જિસ્માની મેઅરાજનો છે, કેવળ ખ્યાલની મેઅરાજનો નથી, કેમ કે જિબ્રઈલે અમીનનું સાથે હોવું અને આ સવાલ તથા જવાબ એ જાગૃતાવસ્થાની જિસ્માની મેઅરાજમાં થયા છે.

૩. એનાથી જાણવા મળ્યું કે, જો કે વ્યાજ આપવું પણ હરામ છે જુર્મ છે, પણ વ્યાજ લેવું અધિક સખત જુર્મ છે કે હુઝૂરે અન્વર ﷺએ વ્યાજખાઉંનો આ હાલ જોયો. ફર્માવ્યું કે વ્યાજ ખાનાર ગુનેહગાર પણ છે અને જાલિમ પણ છે, વ્યાજ આપનાર ગુનેહગાર છે પણ જાલિમ નથી, બલ્કે મઝલૂમ (જુલ્મ પીડિત) છે.

વ્યાજ લેનાર, આપનાર, લખનાર સૌ પર લઅનત !

★ હદીષ : (૨૩)-૨૮૨૯ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّهُ سَمِعَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم لعن آكِلَ الرِّبَا وَمُوكِلَهُ وَكَاتِبَهُ وَمَانِعَ الصَّدَقَةِ وَكَانَ يَنْهَى عَنِ النوح. رَوَاهُ النَّسَائِيّ

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺને સાંભળ્યા કે આપે વ્યાજ ખાનાર અને ખવડાવનાર, લખનાર, ઝકાત ન આપનાર પર લઅનત કરી[૧] અને આપ નોહા (છાતી ફટવું)થી મના કરતા હતા.[૨]'' (નિસાઈ)

★ મુસલમાન પોતાના ખર્ચા ઓછા કરે ને વ્યાજની લઅનતથી બચે ★

૧. જાહેર એ જ છે કે સદકાથી મુરાદ વાજિબ સદકો એટલે ઝકાત છે અથવા ઝકાત પણ અને ફિત્રો તથા કુર્બાની પણ. એટલે કે જે મુસલમાન પર આ સદકા વાજિબ હોય પણ ન આપે તો એના પર લઅનત ફર્માવી. વ્યાજ આપનાર, લખનાર કેમ કે વ્યાજખોરના સહાયક તથા મદદગાર છે એટલા માટે સૌ લઅનતમાં આવી ગયા. **મુસલમાન પોતાના ખર્ચા ઓછા કરી દે, જરૂરતોને શક્ય ત્યાં સુધી ઓછી કરી દે, પણ વ્યાજ મય કરજથી બચે.**

મુસલમાન મોટાભાગે કોર્ટ કચેરીના કેસો અને શાદી ગમીની હરામ રસમોમાં વ્યાજવાળુ કરજ લે છે.

★ નોહા કરનારી પર લઅનત ★

૨. મુડદાનાં ગલત ગુણો વર્ણવીને મોટા અવાજથી રડવું એ મૌખિક નોહા છે, જેમ કે હાય ! મારા પહાડા હાય ! ઘોડીના સવાર ! વગેરે. અને છાતી ફૂટવું, વાળ ખેંચવા, કપડાં ફાડવાં, માતમ કરવું, અમલી નોહા છે. આ સર્વ લઅનતનો સબબ અને સખત મના છે. રબ તઆલાએ સબ્રનો હુકમ આપ્યો છે ન કે કપડાં ફાડવાનો તથા ચીસો પાડવાનો.

હુકમોમાં સૌથી અંતિમ આયત વ્યાજની છે

''હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે, કે જે અંતિમ આયત ઉતરી તે વ્યાજની આયત છે[૧] અને રસૂલુલ્લાહ ﷺએ વફાત પામી પણ વ્યાજની સંપૂર્ણ સ્પષ્ટતા ન કરી.[૨] જેથી બચો વ્યાજથી પણ અને શંકા કુશંકાથી પણ.[૩]'' (ઈબ્ને માજહ દારમી)

★ હદીષ : (૨૪)-૨૮૩૦ ★

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ إِنَّ آخِرَ مَا نَزَلَتْ آيَةُ الرِّبَا وَإِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قُبِضَ وَلَمْ يُفَسِّرْهَا لَنَا فَدَعُوا الرِّبَا وَالرِّيبَةَ. رَوَاهُ ابْن مَاجَه والدارمی

૧. એટલે કે **હુકમોની આયતોમાં સૌથી છેલ્લે વ્યાજની આયત ઉતરી, એના પછી શરીઅતના હુકમોની કોઈ આયત નથી આવી.** જેથી એ મોહકમ છે મન્સૂખ નથી. તે આયત આ છે : اَلَّذِيْنَ يَاْكُلُوْنَ الرِّبٰوا (તે જેઓ વ્યાજ ખાય છે તેઓ કયામતના દિવસે ઉભા ન થશે પણ..... (સૂ. બકરહ, ૨/૨૭૫) જેથી આ હદીષ પર એ વાંધો નથી કે સૌથી અંતિમ આયત : اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ (આજે મેં તમારા માટે દીન સંપૂર્ણ કરી દીધા... સૂ. માઈદા, ૫/૩) કે મુત્લક્ન છેલ્લી આ આયત છે. અને મામલા તથા હુકમોની આખરી આયત એ વ્યાજવાળી આયત છે.

૨. એટલે કે હુઝૂરે અન્વર ﷺ આ આયતના નુઝૂલ બાદ ખૂબ ઓછા જાહેરી હયાતથી દુનિયામાં રહ્યા. અને જેટલા પ્રમાણમાં જમાનો હુઝૂરે અન્વર ﷺને મળ્યો તે મહત્વનાં કામોમાં પસાર કર્યો. એટલા માટે આ વ્યાજની આયતની વિગતવાર તફસીર ન થઈ શકી કેવળ છ ચીજોમાં વ્યાજની હુર્મતની તફસીલ ફર્માવી. તેમજ વ્યાજની તફસીલ ઘણે ખરે અંશે સ્પષ્ટ પણ હતી. અને હુઝૂરે અન્વર ﷺએ છ ચીજોની સ્પષ્ટતા કરીને ઉમ્મતના ઉલમાને વ્યાજના કાનૂનોની રહબરી પણ કરી આપી હતી. ઉસૂલ નિશ્ચિત કરી આપ્યા હતા. એ કારણે તફસીલની બિલ્કુલ જરૂરત રહી ન હતી. પછી બાદમાં ઉમ્મતના ઉલમાએ એ મસ્અલાને પણ તદ્દન સ્પષ્ટ કરી આપ્યો. જેથી હદીષ પર એ વાંધો નથી કે ઈસ્લામ દીન સંપૂર્ણ સ્પષ્ટ ન થયો, કે એક મસ્અલો છુપો રહી ગયો. ઉસૂલ તો એના પણ સ્પષ્ટ થઈ ગયા, ફુરૂઈ મસાઈલ (શાખાકીય મસ્અલા) બાદમાં સ્પષ્ટ થયા. *(અઝ : મિર્કાત)*

★ જ્યાં વ્યાજનો શક હોય ત્યાંથી બચો પણ વહેમ વિશ્વાસપાત્ર નથી ★

૩. એટલે કે જે ચીજોની સ્પષ્ટતા હુઝૂરે અન્વર ﷺએ ફર્માવી દીધી તેમાં પણ વ્યાજ ન લો, તે સિવાય અન્ય ચીજોમાં પણ વ્યાજથી બચો. જેમનામાં વ્યાજ યકીની છે તેમાં પણ ન લો, જ્યાં વ્યાજનો શક હોય ત્યાંથી પણ બચો. વહેમનો એતબાર નથી, શક તથા વહેમમાં ફરક છે. દલીલથી પેદા થનારી શંકા શક કહેવાય છે, વિના દલીલે પેદા થતી શંકા એ વહેમ છે.

કરજદારની ભેટો વગેરે સ્વીકારવાથી બચો

★ હદીષ : (૨૫)-૨૮૩૧ ★	*''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કાંઈ કરજ કોઈને આપે પછી કરજદાર તેને કોઈ ભેટ (તોહફો) આપે અથવા તેને પોતાના ઘોડા પર સવાર કરે તો સવાર ન થાય ન ભેટ સ્વીકારે.[૧] પણ એ સ્થિતિમાં કે એ બંનેની આપસમાં એ રસમ પહેલેથી ચાલુ હોય.[૨]'' (ઈબ્ને માજહ, બયહકી, શોઅબુલ ઈમાન)*
وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا أَقْرَضَ أَحَدُكُمْ قَرْضًا فَأَهْدَي إِلَيْهِ أَوْ حَمَلَهُ عَلَى الدَّابَّةِ فَلَا يَرْكَبْهُ وَلَا يَقْبَلْهَا إِلَّا أَنْ يَكُونَ جَرَى بَيْنَهُ وَبَيْنَهُ قَبْلَ ذَلِكَ» . رَوَاهُ ابْنُ مَاجَهْ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ	

★ ઈમામે આ'ઝમ કરજદારની દીવાલના સાયાથી બચ્યા ★

૧. એટલે કે જો કરજ આપનાર તથા લેનારમાં પહેલેથી હદિયાની લેણ દેણ અથવા અન્ય ખિદમતોનો દસ્તૂર ન હતો. કરજ લીધા પછી કરજદાર હદિયો લાવ્યો અથવા કરજાના તૌર પર ઘોડો પેશ કર્યો તો જાહેર એ છે કે કરજના કારણે તે આ બધુ કરી રહ્યો છે. એમાં પણ વ્યાજનો અંદેશો છે કે **જે કરજ ફાયદો આપે તે વ્યાજ છે.** અને હદિયો તથા ઘોડાની સવારી પણ તો નફો જ છે જે આ કરજના આપવાના કારણે થયો, જેથી એમાં વ્યાજની સંભાવના છે. **આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ સખત તેજ તાપમાં પોતાના કરજદારની દીવાલના છાંયડામાં ન ઉભા રહ્યા. અર્ઝ કરવા પર કહ્યું કે ડરુ છું કે આ છાંયડો વ્યાજ ન બની જાય!**

★ કરજના કારણે હદિયો પણ ન લે પણ જો...★

૨. કે હવે એ હદિયો કરજના કારણે નથી બલ્કે પૂરાની દોસ્તીના લીધે છે. એ જ હુકમ હાકિમોની ભેટો તથા દાવતોનો છે કે આમ દાવતોમાં જઈ શકો છો, અને તેમના હદિયા તથા ખાસ દાવતો કબૂલ કરી શકો છો. જેમની સાથે હુકૂમત (સત્તા) મળવા પહેલાં પણ એ સંબંધો હોય. હાકિમ બનવા પર (સત્તા પામવા પર) ન કોઈની ખાસ દાવત ખાવ ન હદિયો લો, કે એ પણ લાંચ છે. લોકો દાવતો અને હદિયા આપીને સમય પર પોતાનું કામ કઢાવી લે છે, જુલ્મ કરાવે છે.

★ હદીષ : (૨૬)-૨૮૩૨ ★	*''તેમનાથી જ રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે. ફર્માવે છે, જ્યારે કોઈ શખ્સ કોઈને કરજ આપે તો તેની પાસેથી હદિયો (ભેટ) ન સ્વીકારે[૧] (બુખારી પોતાની તારીખમાં) એ જ પ્રમાણે મુન્તકામાં છે.[૨]''*
وَعَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا أَقْرَضَ الرَّجُلُ الرَّجُلَ فَلَا يَأْخُذُ هَدِيَّةً» . رَوَاهُ الْبُخَارِيُّ فِي تَارِيخِهِ هَكَذَا فِي الْمُنْتَقى	

★ ઈમામ માલિક નજીક કરજદાર પાસેથી કદાપિ હદિયો ન લે ★

૧. યાદ રાખશો કે આ મનાઈઓ તન્ઝીહી અને સાવધાની પૂરતી છે, જેમાં તકવાનો હુકમ આપવામાં આવ્યો, નહીં તો હકીકતમાં તે વ્યાજ નથી કે જે શર્ત લગાડવામાં આવે. અથવા ઉર્ફની રીતે શરતી હોય. ઈમામ માલિક કહે છે કે કરજ આપનાર તથા હાકિમ (સત્તાધારી) એવા તોહફા કદાપિ ન સ્વીકારે અને જો સ્વીકારવા પડી જાય તો એના બદલામાં આપી દે. *(મિર્કાત મઅ ઝયાદા)*

૨. મુત્તફ़ા બર વઝને મુસ્તફ઼ા અથવા મુજતબા, હંબલી ઉલમામાંથી એક ફ़ક़ીર આલિમની કિતાબ છે જેમાં ફ़िક़્હી મસાઈલની ગોઠવણીથી હદીષો ભેગી કરવામાં આવી છે. તેના સંપાદક ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ ના સાથીઓમાંથી કોઈ સાહબ છે. *(અશિઅ્હ, લમ્આત, મિક़્કાત)*

અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہ નો આદેશ

''હઝરત અબૂ બુર્દા ઈબ્ને મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼રમાવે છે, હું મદીના મુનવ્વરા આવ્યો[૧] તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہ થી મળ્યો. આપે ફ઼રમાવ્યું, તમે એ જગાએ રહો છો જ્યાં વ્યાજ ફ઼ેલાયેલું છે[૨] તો તમારો કોઈના પર કોઈ હક્ક હોય પછી તમને ભૂસા કે જવનો બોજ આપે[૩] અથવા ચારાનો ભારો આપે તો કદાપિ ન લો કે એ વ્યાજ છે.[૪]'' (બુખારી)

★ હદીષ : (૨૭)-૨૮૩૩ ★

وَعَنْ أَبِي بُرْدَةَ بْنِ أَبِي مُوسَى قَالَ: قدمت الْمَدِينَة فَلَقِيت عبد الله بن سلا م فَقَالَ: إِنَّك بِأَرْض فِيهَا الرِّبَا فَاش إِذا كَانَ لَكَ عَلَى رَجُلٍ حَقٌّ فَأَهْدَى إِلَيْكَ حِمْلَ تِبْنٍ أَو حِملَ شعيرٍ أَو حَبْلَ قَتٍّ فَلَا تَأْخُذْهُ فَإِنَّهُ رِبًا. رَوَاهُ الْبُخَارِيُّ

૧. હઝરત અબૂ બુર્દા, જનાબ અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ના સાહબઝાદા હતા, અને તાબઈનમાંથી હતા. કૂફ़ાના કાઝીયુલ ક़ુઝાત મદીના મુનવ્વરા ઝિયારત તથા સલામ માટે હાજર થયા. એ જમાનામાં જે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین મૌજૂદ હતા તેમની સાથે મુલાકાત કરી. તેમનામાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ પણ હતા. અહીં એ મુલાકાતનો બનાવ વર્ણવી રહ્યા હતા.

૨. એટલે કે ઈરાક़માં આજે પણ વ્યાજની લેણદેણ સામાન્ય છે, અમુક મુસલમાન પણ ગલતીથી વ્યાજની લેણ દેણ કરી લે છે, તેને વ્યાજ સમજતા જ નથી.

★ વ્યાજ પોતે ન ખાવ પણ બીજાને ખવડાવો છતાં મુજરિમ તમે જ છો ★

૩. જે તમે પોતે તો નહીં ખાવ પણ પોતાનાં જાનવરોને ખવડાવશો, તે પણ ક़બૂલ ન કરો. કે તે તમારી જ માલિકીમાં આવશે, પછી જે પણ ખાય છતાં મુજરિમ તો તમે જ થશો.

★ કરજદાર પાસેથી જાનવર માટે લીલી ઘાસ પણ ન લો ★

૪. قَتٌّ ના ઝબર (ફ઼તહ) ت ''તે'' ની તશ્દીદથી, લીલા ચારાના અર્થમાં. જેને અરબીમાં ''રતબ'' તથા ابّ પણ કહે છે. રબ તઆલા ફ઼રમાવે છે : وَّاَبًّا مَّتَاعًا لَّكُمْ (અને મેવા તથા ઘાસ તમારા ફ઼ાયદા માટે. સૂ. અબસ, ૮૦/૩૧,૩૨) મક્કા મોઅઝ્ઝમામાં એને હરસૂમ કહેવામાં આવે છે. ખુલાસો એ છે કે **કરજદાર પાસેથી પોતાના જાનવરના માટે લીલી ઘાસ પણ ન લો કે એ પણ વ્યાજ છે. એનાથી જાણવા મળ્યું કે તમારાં જાનવરને પણ હરામ ખોરાક ન ખવડાવો.** એ પણ જાણવા મળ્યું કે વ્યાજ કે લાંચ લઈને બીજાને આપી દેવાથી પણ મુજરિમ મુક્ત થઈ જશે નહીં, તે ગુનેહગાર જ રહેશે. અમુક લોકો પોતાનાં જાનવર બીજાના ખંતરમાં ચરાવી લે છે, એ પણ ચોરી લે છે. આ ચારાથી જે દૂધ હાંસલ થશે તે શંકાસ્પદ હશે. ખૂબ જ સાવધાની રાખવી જોઈએ. આ હદીષમાં વિચારણા કરો અને પોતાના મામલાઓને સંભાળો.

બાબુલ મનહી અન્હા મિનલ બુયૂઅ باب المنهى عنها من البيوع
(જે વેપારોથી મના કરવામાં આવી તેના વિશે)

(વિભાગ : ૧) الفصل الاول

૧. મના વેપારો અમુક પ્રકારના છે : બયએ ફાસિદ, બયએ બાતિલ, બયએ મકરૂહ. બયએ ફાસિદ કરવી મના છે પણ કબજા પછી લાભકારક મિલ્કત છે. અને બયએ બાતિલ તદ્દન માલિકીનો ફાયદો નથી આપતી, ન કબજાથી પહેલાં ન બાદમાં. બયએ મકરૂહ, મુત્લક઼ન લાભકારક મિલ્કત છે, જો કે એવું કરવું સારું નથી. જેવું કે **જુમ્આની અઝાન થઈ ગયા બાદ જુમ્આની નમાઝ પહેલાં વેપાર કરવું, કે એને કરવું બુરુ પરંતુ બયઅ દુરુસ્ત થશે.**

★ **હદીષ : (૧)-૨૮૩૪** ★ (مُتَّفق عَلَيْهِ)

عَنِ ابْنِ عُمَرَ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْمُزَابَنَةِ: أَنْ يَبِيع ثمر حَائِطِهِ إِنْ كَانَ نَخْلًا بِتَمْرٍ كَيْلًا وَإِنْ كَانَ كرْماً أَنْ يَبيعَه زبيب كَيْلًا أَوْ كَانَ وَعِنْدَ مُسْلِمٍ وَإِنْ كَانَ زَرْعًا أَنْ يَبِيعَهُ بِكَيْلِ طَعَامٍ نَهَى عَنْ ذلكَ كُله. مُتَّفق عَلَيْهِ. وَفِي رِوَايَةٍ لَهُمَا: نَهَى عَنِ الْمُزَابَنَةِ قَالَ: " والمُزابَنَة: أَنْ يُباعَ مَا فِي رُؤُوسِ النَّخلِ بتمْرٍ بكيلٍ مُسمًّىً إِنْ زادَ فعلي وَإِن نقص فعلي)

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ મુઝાબનાથી મના કર્યું[૧] તે એ છે કે જો ખજૂર હોય તો પોતાનાં બાગનાં ફળો સૂકા ખજૂરના બદલામાં માપથી વેચે અને જો દ્રાક્ષનું ખેતર હોય તો દ્રાક્ષ સૂકી દ્રાક્ષના બદલામાં માપથી વેચે[૨] અને મુસ્લિમની નજીક એ છે[૩] કે જો ખેતર હોય તો લીલા દાણા સૂકા દાણાના બદલામાં માપથી વેચે. એ સૌથી મના કર્યું[૪] (મુસ્લિમ, બુખારી) એ બંનેવમાં એક રિવાયત આ પ્રમાણે છે કે મુઝાબનાથી મના કર્યું અને ફર્માવ્યું કે મુઝાબના એ છે કે ઝાડમાં લાગેલી ખજૂરો નિશ્ચિત માપથી ખારેકોના બદલામાં વેચે કે જો વધારે થાય તો મારી અને ઓછી થાય તો મારા પર.[૫]"

૧. مزابنه زبن થી બન્યું, દૂર કરવા, ખત્મ કરવાના અર્થમાં કેમ કે આ સોદાને બાદમાં એક શખ્સ ચાલુ રાખવા ચાહે છે, બીજો જેને નુકસાન નજર આવે તે ફસ્ખ (ફોગ) કરવા ચાહે છે, એટલા માટે તેને મુઝાબના કહે છે. એટલે કે દૂર કરનારો સોદો.

★ ફળદાર ઝાડોની ફસલ વિના માપ તોલે વેચવી વ્યાજ છે ★

૨. ખુલાસો એ છે કે સૂકા ફળ સમજાતીનાં લીલાં ફળોના બદલામાં જે ઝાડ પર લાગેલાં છે તેને વેચવાં કે સૂકા ફળોનું વજન તો ખબર પડી પણ ઝાડ પર લાગેલાં લીલાં ફળોનું વજન માલૂમ ન હોય. કેવળ અંદાઝો હોય, એ હરામ છે કે એમાં વ્યાજની સંભાવના મજબૂત છે. હા ! જો બંને પક્ષે ફળો અલગ અલગ જાતીનાં હોય તો વાંધો નથી.

૩. એટલે કે બુખારી તથા મુસ્લિમની રિવાયતોમાં اَوْ તથા اِنْ નો ફરક઼ છે કે બુખારીમાં اَوكان અને મુસ્લિમમાં اِن كان છે.

૪. طعامથી મુરાદ ઘઉં છે અથવા સર્વ દાણા. એટલે ખેતરમાં છોડો પર લાગેલી ઘઉંની કંતીઓ બીજા સૂકા ઘઉંના બદલામાં વેચવુ મના છે, કેમ કે સૂકા ઘઉંનું વજન તો માલૂમ છે પણ કંતીમાંના ઘઉંઓનું વજન માલૂમ નથી, અને વ્યાજનો માલ છે જેમાં વધારો ઘટાડો વ્યાજ છે, જેથી એ સોદાથી બચો.

૫. એટલે કે ખરીદનાર કહે કે તારા બાગમાં લાગેલી ખજૂરો જેટલી પણ હોય મારી છે.

હુઝૂર ﷺએ બયએ મુખાબરા, મુહાક़લા, મુઝાબનાથી મના કર્યું

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ બયએ મુખાબરા, મુહ़ાક़લા તથા મુઝાબનાથી મના ફર્માવ્યું[1] મુહ़ાક़લા એ છે કે કોઈ શખ્સ પોતાનું ખેતર સો ફરક़ ઘઉંના બદલામાં વેચે[2] અને મુઝાબના એ છે કે ઝાડમાં લાગેલ મજૂરો સો ફરક़ના બદલામાં વેચે અને મુખાબરા જમીનને ભાડે આપે છે ત્રીજા ભાગે કે ચોથાઈ પર.[3]" (મુસ્લિમ)
(ફરક़ એટલે માપ અથવા માત્રાનો એક પ્રકાર)

★ હદીષ : (૨)-૨૮૩૪ ★

وَعَنْ جَابِرٍ قَالَ: نَهَى رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْمُخَابَرَةِ وَالْمُحَاقَلَةِ وَالْمُزَابَنَةِ وَالْمُحَاقَلَةُ: أَنْ يَبِيعَ الرَّجُلُ الزَّرْعَ بِمِائَةِ فَرَقٍ حِنطةً والمزابنةُ: أنْ يبيعَ التمْرَ فِي رؤوسِ النَّخْلِ بِمِائَةِ فَرَقٍ وَالْمُخَابَرَةُ: كِرَاءُ الْأَرْضِ بِالثُّلُثِ والرُّبُعِ. رَوَاهُ مُسلم

૧. مخابرہ خیبر (મુખાબરા) ખૈબરથી બન્યું, એટલે કે ખૈબરવાળો મામલો કરવો જે હુઝૂરે અન્વર ﷺએ ખૈબરના યહૂદીઓ સાથે કર્યો કે બાગો હુઝૂરે અન્વર ﷺના અને કામ કાજ યહૂદીઓનું. પેદાવાર અડધી અડધી. અથવા خِبَار થી બન્યું નરમ જમીનના અર્થમાં. જેમાં જમીન એકની હોય, તેને નરમ કરીને જોડવું વાવવું બીજાના ઝિમ્મે હોય. મુહ़ાક़લા حقل (હક़લ)થી બન્યું, સારી તથા ફળદ્રુપ જમીનના અર્થમાં. ખેતરને એટલા માટે حقل (હક़લ) કહે છે કે બીજ શક્ય ત્યાં સુધી સારી જમીનમાં વાવવામાં આવે છે.

૨. فرق એ ر ના ઝબરથી એ માપિયુ છે જેમાં સોળ રતલ એટલે આઠ શેર ઘઉં સમાય, અને فرق-ر ના જઝમથી તે માપિયુ છે જેમાં એકસો વીસ શેર ઘઉં આવે એટલે દોઢ મણ. અહીં فرق નું વર્ણન સરખામણીના રૂપે છે, એટલે કે ઘઉંની નિશ્ચિત માત્રા ખેતરવાળાને આપે અને તેની ઉભી ખેતી ખરીદી લે. (નિહાયહ, અશિઅ્હ, મિર્ક़ાત) મુઝાબના ફળના ખરીદ વેચાણને કહેવામાં આવે છે, અને મુહ़ાક़લા દાણાના એવા વેપારને કહે છે.

૩. મુખાબરા અને મુઝારઆ લગભગ સમાન અર્થી છે, એટલે કે જમીન ખેતી માટે ભાડે આપવી. એનામાં ફરક એ છે કે મુખાબરામાં બીજ ભાડુઆતનું હોય છે અને મુઝારઆમાં બીજ જમીન માલિકનું હોય છે, કેવળ કામ ભાડુઆતનું હોય છે. **મુખાબરા કે મુઝારઆને ઈમામ અબૂ હનીફા મના કરે છે.** આ હદીષના કારણે સાહિબૈન જાઈઝ કહે છે, ખૈબરના બનાવના કારણે સાહિબૈન આ હદીષ મન્સૂખ માને છે અને ખૈબરની હદીષને નાસિખ. ફત્વો સાહિબૈનના ક़ૌલ પર છે. હા ! જમીનના નિશ્ચિત હિસ્સાની ઉપજ માલિક તથા ભાડુઆત માટે નિશ્ચિત કરવી અને બાકીની બીજાના માટે, એ હરામ છે કે ખબર નથી કે કયા હિસ્સામાં કેટલી પેદાવાર થાય, અને થાય કે ન થાય.

★ હદીષ : (3)-૨૮૩૬ ★

وَعَنْهُ قَالَ: نَهَى رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْمُحَاقَلَةِ وَالْمُزَابَنَةِ وَالْمُخَابَرَةِ وَالْمُعَاوَمَةِ وَعَنِ الثُّنْيَا وَرَخَّصَ فِي الْعَرَايَا. رَوَاهُ مُسْلِمٌ

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ મુહાકલા, મુઝાબના અને મુખાબરા અને મુઆવમાથી[૧] અન્ય કાંઈ અપવાદ કરી લેવાથી મના કર્યું[૨] અરાયામાં ઈજાઝત આપી[૩]'' (મુસ્લિમ)

★ હુઝૂર ﷺએ ઝાડ પર લાગેલાં ફળોના ખરીદ વેચાણને મના કર્યું ★

૧. મુઆવમા عام થી બન્યું, સાલ કે વરસના અર્થમાં. જેવી રીતે મુશાહરા શહરથી અને અસાના સુન્નતથી. મુઆવમા એ છે કે કોઈ બાગની અમુક વરસોની બહાર (ફસલ) ખરીદી લેવામાં આવે. જેવો કે આજકાલ સામાન્ય રિવાજ છે, એ સોદો બાતિલ છે કે એમાં તે ચીજ ખરીદવામાં આવે છે જે હજી પેદા પણ નથી થઈ, જેમ કે જાનવર પેદા ન થયેલાં બચ્ચાં ખરીદી લેવાં. સોદામાં બંને પક્ષે માલ જોઈએ, અને પેદા ન થયેલી ચીજ માલ તો શું ચીજ જ નથી.

૨. અપવાદની સ્થિતિ એ છે કે બાગનો માલિક અથવા ખેતરવાળો ખરીદારને કહે કે આટલા રૂપિયાના બદલામાં મેં આ ફળો તારા હાથે વેચ્યાં, પણ એમાંથી દસ મણ મારાં બાકીનાં તારાં. એ મના છે કે દસ મણ નીકળી જવા પર બાકીનાની ખબર નથી કે કેટલાં હશે અથવા બિલ્કુલ ન કે રહે કેવળ દસ મણ જ તે બાગ કે ખેતરમાં થાય. કેમ કે સોદો મજહૂલ (અજ્ઞાત) રહી જાય એટલા માટે મના છે.

૩. عرايا عرية નું બહુવચન છે, ખાલી થઈ જવાના અર્થમાં. 'અરિય્યા'ની સ્થિતિ એ છે કે કોઈ બાગવાળો પોતાના બાગનું એક ઝાડ કોઈ ફકીરને આપી દે કે તું આનાં ફળ ખાયા કર. હવે ફકીર એ ફળોના કારણે બાગમાં આવજા કરે જેનાથી માલિકના બાળ બચ્ચાંને તકલીફ થાય. એટલા માટે માલિક તેને અમુક ખજૂરો અને ઝાડમાં લાગેલાં ફળનો બદલો આપીને બાગથી વિદાય કરી આપે, જો કે આ પણ મુઝાબના સોદો જણાય છે પણ હકીકતમાં ભેટની તબદીલી છે, એટલા માટે જાઈઝ છે. એની અન્ય તફસીર પણ છે પણ આ મજબૂત છે. *(અશિઅહ, મિર્કાત, લમ્આત)*

★ હદીષ : (૪)-૨૮૩૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ سَهْلِ بْنِ أَبِي حَثْمَةَ قَالَ: نَهَى رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ بيعِ التمْرِ بالتمْرِ إِلَّا أَنَّهُ رَخَّصَ فِي الْعَرِيَّةِ أَنْ تُبَاعَ بِخَرْصِهَا تَمْرًا يَأْكُلُهَا أَهْلُهَا رُطَبًا

''હઝરત સહલ ઈબ્ને અબી હથ્માથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ તર ખજૂર ખારેકોના બદલામાં વેચવાથી મના કર્યું[૨] પણ અરિય્યાની ઈજાઝત આપી કે ઝાડનાં ફળો ખારેકોના બદલામાં વેચવામાં આવે કે અરિય્યાવાળા તર ખજૂર ખાય શકે.[૩]'' (મુસ્લિમ, બુખારી)

૧. આપ સહાબી છે. અન્સારી છે. હિ.સ. ૩માં પેદા થયા. હુઝૂરે અન્વર ﷺની વફાતના સમયે આઠ વરસના હતા. અમુક મુહદ્દિષોએ ફર્માવ્યું કે આપ બયઅતે રિઝવાનમાં શરીક થયા અને ઓહદ તથા અન્ય ગઝવાતમાં હાજર રહ્યા. تمر *(અશિઅહ)*

૨. 'તમર'થી મુરાદ તર ખજૂરો છે કે મોટાભાગે તર મેવાને જ તમર એટલે ફળ કહેવામાં આવે છે ન કે સૂકાને. આ તમરથી મુરાદ સૂકી ખારેકો છે, કેમ કે તર ખજૂર સૂકાયને ઘટી જાય છે. અને ખબર નહીં કે કેટલી ઘટે, એટલા માટે એમાં વ્યાજની સંભાવના છે.

૩. અહીં અરિટય્યાની સ્થિતિ એ છે કે બાગવાળાએ કોઈ ફ઼કીરને એક ઝાડનાં ફળ ખૈરાત કરી દીધાં. એ ફ઼કીર એટલા દિવસો સુધી સબ્ર નથી કરી શકતો કે મોસમભર તોડતો રહે, ખાતો રહે. બીજા ફ઼કીર પાસે સૂકી ખારેકો હતી. તેને તથા તેનાં બાળકોને લીલાં (તર) ખજૂરો ખાવાનો શોખ હતો. ખારેકોવાળો ફ઼કીર ખારેકોના બદલામાં એ ખજૂરો ખરીદી લે. હવે ઝાડવાળાને ભેગી ખારેકો મળી ગઈ અને ખારેકોવાળાને તર ખજૂરો. જો કે આ સોદો મુઝાબના થયો પણ ફ઼કીરોની જરૂરત પૂરી કરવા માટે જાઈઝ રાખવામાં આવી. મિર્ક઼ાતમાં છે કે જ્યારે મુઝાબના સોદાથી મના કરવામાં આવ્યું તો સહાબાના ફ઼કીરો (ગરીબ) બારગાહે નબવીમાં હાજર થયા અને અર્ઝ કરી કે અમે લોકો તર ખજૂરોથી વંચિત થઈ જઈશું, ત્યારે હુઝૂરે અન્વર ﷺએ બયએ અરિય્યાની ઈજાઝત આપી. જાણવા મળ્યું કે **હુઝૂર અહકામના માલિક છે.**

★ હદીષ : (૫)-૨૮૩૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَرْخَصَ فِي بَيْعِ الْعَرَايَا بِخَرْصِهَا مِنَ التَّمْرِ فِيمَا دُونَ خَمْسَةِ أوسق أَو خَمْسَة أوسق شكّ دَاوُد ابْن الْحصين

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ બયએ અરિય્યા (અરિય્યા સોદા)માં ઈજાઝત આપી. કે પાંચ વસક઼થી કમ અથવા પાંચ વસક઼ સુધી ઝાડના ફળો અંદાઝાથી ખારેકોના બદલામાં વેચી દે[૧] દાઉદ ઈબ્ને હુસૈને શક કર્યો.[૨]''

(મુસ્લિમ, બુખારી)

૧. وسق નું બહુવચન છે. વસક઼ તે માપિયુ છે જેમાં સાઈઠ સાઅ ફળો સમાય છે. એક સાઅ લગભગ સાડા ચાર શેર થાય છે. કેમ કે બાગવાળા ફ઼કીરોને એક બે ઝાડ જ ઉછીના પેટે આપ્યા કરતા હતા જેમાં અંદાઝીત એટલી ખજૂરો થતી હતી એટલા માટે એટલાની જ ઈજાઝત આપવામાં આવી.

૨. એટલે કે આ હદીષની અસ્નાદમાં દાઉદ ઈબ્ને હુસૈન પણ છે. અમ્ર ઈબ્ને ઉષ્માન ઈબ્ને અફ્ફાનના આઝાદ કરેલા ગુલામ, મુહદ્દિષોએ એમના બારામાં મતભેદ કર્યો. ઈબ્ને મુઈન કહે છે તેષિક઼હ હતા. અન્ય મુહદ્દિષોની નજીક ગૈર ષિક઼હ. અબૂ હાતિમ કહે છે કે એ હતા તો ઝઈફ પણ કેમ કે ઈમામ માલિકે તેમનાથી રિવાયત લઈ લીધી એટલા માટે ક઼વી (મજબૂત) થઈ ગયા. (અશિઅ્હ) એટલે દાઉદ ઈબ્ને હુસૈનને યાદ ન રહ્યું કે તેમના શયખે પાંચ વસક઼ કહ્યા કે તેનાથી ઓછા. હક્ક઼ એ છે કે બયએ અરિય્યા પાંચ વસક઼થી કમમાં જાઈઝ છે, પાંચમાં નાજાઈઝ અને આ બયઅ કેવળ ફ઼કીરો (ગરીબો) કરે અમીરો ન કરે. (મિર્ક઼ાત, અશિઅ્હ) અહીં એક ફિક઼્હી મુઅ્મ્મા (કોયડો) બની જાય છે. બતાવો ! તે કઈ બયઅ (સોદો) છે જે ફ઼કીર (ગરીબ) કરે અમીર ન કરે ? તે બયએ અ્રિય્યા છે.

કયાં ફળો કાચાં વેચવાં કયાં નહીં ?

★ હદીષ : (૬)-૨૮૩૯ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعِ الثِّمَارِ حَتَّى يَبْدُوَ صَلَاحُهَا نَهَى الْبَائِعَ وَالْمُشْتَرِي. مُتَّفِقٌ عَلَيْهِ وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ: نَهَى عَنْ بَيْعِ النَّخْلِ حَتَّى تَزْهُوَ وَعَنِ السنبل حَتَّى يبيض ويأمن العاهة

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફળોના વેપારથી તેની પાકટ જાહેર થતા પહેલાં મના ફર્માવ્યું.[૧] વેપારીને પણ મના કર્યું અને ખરીદનારને પણ[૨] (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમની એક રિવાયતમાં એ છે કે લાલ થતા પહેલાં ખજૂરના ફળના વેપારથી અને સફેદ

પડતા પહેલાં અને આફતોથી સલામતીથી પહેલાં કંતીઓ (ડૂંડા)ના વેપારથી મના કર્યું[૩]''	

૧. એટલે ઝાડો પર લાગેલાં એ ફળોના વેપારથી મના કર્યું જે હજી નફાને પાત્ર ન હોય, જેનાથી કાંઈ નફો હાંસલ ન થઈ શકે. તદ્દન કાચાં તથા નરમ ફળો જ્યારે સખત થઈ જાય તો ભલે હજી કાચાં હોય પણ તેનો વેપાર જાઈઝ છે, કે એનાથી નફો હાંસલ થઈ શકે છે. જેમ કે કાચી કેરીઓ, ખાટો અચાર (અઠાણુ), મુરબ્બાના કામમાં આવી શકે છે. કાચી ખજૂરો એટલે બુસ્ર (કાચી ખજૂર) ખાવામાં આવે છે. જાણવા મળ્યું કે નફાને અપાત્ર ફળ માલ જ નથી, અને વેપારમાં બંને પક્ષે માલ જોઈએ.

૨. વેપારીને એનાથી મના કર્યું કે ફળ નષ્ટ થઈ જવાની સ્થિતિમાં તે ખરીદનારથી કાંઈ આપ્યા વિના કિંમત લેશે. અને ખરીદારને એટલા માટે મના કર્યું કે નષ્ટ થવાની સ્થિતિમાં તેનો માલ વેડફાય જશે. આ સોદો એકમતીએ મના છે. તેની મનાઈમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, જાબિર, અબૂ હુરૈરહ, ઝયદ ઈબ્ને ષાબિત, અબૂ સઈદ ખુદરી, આઈશા સિદીકા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَ થી હદીષો મરવી (રિવાયત પામેલી) છે.

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફળોના વેપારથી મના કર્યું ત્યાં સુધી કે તે રંગ પકડી લે.[૧] અર્ઝ કરવામાં આવી કે રંગ પકડવું શું છે ?! ફર્માવ્યું, લાલ થઈ જાય. ફર્માવ્યું, બતાવો ! જો અલ્લાહ તઆલા ફળ રોકી લે તો તમારાથી કોઈ પોતાના ભાઈનો માલ શાના બદલામાં લેશે ?[૨]'' *(મુસ્લિમ, બુખારી)*	**★ હદીષ : (૭)-૨૮૪૦ ★** (مُتَّفَقٌ عَلَيْهِ) وَعَنْ أَنَسٍ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَن بيع الثِّمَارِ حَتَّى تَزْهَى قِيلَ: وَمَا تَزْهَى؟ قَالَ:حَتَّى تحمر " وَقَالَ: «أَرَأَيْتَ إِذَا مَنَعَ اللَّهُ الثَّمَرَةَ بِمَ يَأْخُذ أحدكُم مَال أَخِيه؟»

૧. સહીહ એ છે કે تَزْهِيْ، ضَرَبَ يَضْرِبُ નો વાહિદ મુઅન્નષ છે, ન કે બાબે અફઆલનો. زهايزهي અરબમાં વપરાય છે. નખ્લ મુઝક્કર પણ છે, મુઅન્નષ પણ. એટલા માટે એના સેગા મુઅન્નષ મુઝક્કર (સ્ત્રી લિંગ, પુ. લિંગ) બંનેવ આવે છે. કુર્આન શરીફમાં એક જગાએ છે : نَخْلٍ خَاوِيَةٍ (સૂકા થડ છે પડેલાં. સૂ. હાક્ક઼હ, ૬૯/૭) બીજી જગાએ છે : نَخْلٍ مُّنْقَعِرٍ (ખજૂરોના ડંડા (સૂકા થડો) છે. સૂ. ક઼મર, ૫૪/૨૦) زهي يزهي અધિક વપરાય છે زهي يزهو كم.

૨. જાહેર એ છે કે આ સવાલ હુઝૂરે અન્વર ﷺ ને કરવામાં આવ્યો અને જવાબ સરકારે આલી ﷺ એ આપ્યો. હઝરત અનસ رضی اللہ عنہ આ સવાલ તથા જવાબને નક઼લ કરનારા છે શક્ય છે આ સવાલ હઝરત અનસ رضی اللہ عنہ ને કરવામાં આવ્યો હોય, અને આપે જવાબમાં આ તક઼રીર કરી હોય. ખુલાસો એ છે કે ફળ લાલ થતા પહેલાં ખતરામાં છે. આફતોથી બર્બાદ થઈ શકે છે. બર્બાદીની સ્થિતિમાં વેચનાર ખરીદનારથી કિંમત કઈ ચીજના બદલામાં લે ?!

વરસો સુધીના વેચાણથી મનાઈ

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ વરસો સુધીના વેચાણથી મના કર્યું[૧] અને આફતોના નુકસાનો બાદ કરી દેવાનો	**★ હદીષ : (૮)-૨૮૪૧ ★** وَعَنْ جَابِرٍ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

હુકમ આપ્યો.[૨]'' (મુસ્લિમ)	عَنْ بَيْعِ السِّنِينَ وَأَمَرَ بوضْعِ الجوائحِ. رَوَاهُ مُسلم

૧. બાગની અમુક બહારો (વસંતો, ફસલો) ખરીદવાથી મના કર્યું. દા.ત. ખરીદનાર બાગના માલિકને કહે છે, હું તારાથી આ બાગની છ વરસ સુધીની ફસલો ખરીદુ છું. કેમ કે એ અનઅસ્તિવવાળી છે એટલે કે તેની ખરીદારી છે જે હજી પેદા પણ નથી થઈ, ન માલ બની, એટલા માટે મના છે. આ મનાઈ પર પણ સૌની એકમતી છે.

૨. આ હુકમ સમયના બાદશાહનો છે કે ખિરાજી (મેહસૂલવાળી) જમીનના ખિરાજની વસૂલીમાં આફતોનો ખિરાજ ઓછો કરી દે. (તહાવી) અને બની શકે છે કે એટલે વેચનારને હુકમ હોય. એટલે જો બાગના માલિકે પાકેલાં ફળ વેચ્યાં, પછી પણ તોડતા પહેલાં કોઈ આફત આવી ગઈ તો બેહતર એ છે કે નુકસાન જેટલી કિંમત ઓછી વસૂલ કરે અને જો પૂરી કિંમત લઈ ચૂક્યો છે તો નુકસાન જેટલું પરત કરી દે. આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. આજે પણ નેક લોકો આના પર અમલ કરે છે. હાકિમો તબાહીના સંજોગોમાં મહેસૂલ માફ કરે અથવા ઓછુ કરી આપે છે.

''તેમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જો તમે તમારા કોઈ ભાઈના હાથે ફળ વેચો[૧] પછી તેના પર કોઈ આફત આવી પડે તો તમને એ હલાલ નથી કે તેનાથી કાંઈ પણ લો. તમે તમારા ભાઈનો માલ નાહક્ક કેવી રીતે લઈ શકો છો ?![૨]'' (મુસ્લિમ)	**★ હદીષ : (૯)-૨૮૪૨ ★** وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَوْ بِعْتَ مِنْ أَخِيكَ ثَمَرًا فَأَصَابَتْهُ جَائِحَةٌ فَلَا يَحِلُّ لَكَ أَنْ تَأْخُذَ مِنْهُ شَيْئًا بِمَ تَأْخُذُ مَالَ أَخِيكَ بِغَيْرِ حق؟» . رَوَاهُ مُسلم

૧. ભાઈ કહેવું મહેરબાન બનાવવા માટે છે, નહીં તો મુસલમાનના હાથે બાગ વેચે અથવા કાફિરના હાથે, પણ હુકમ એ જ છે જે આગળ આવી રહ્યો છે. આ ઈન્સાનિયતનો તકાઝો છે.

૨. જો કબજો આપતાં પહેલાં ફળો બર્બાદ થઈ ગયાં ત્યારે તો ફત્વાની રૂએ વેચનારે કિંમત લેવી હરામ છે કે જ્યારે ખરીદારને કાંઈ આપ્યું જ નથી તો કિંમત કઈ ચીજની લઈ રહ્યો છે ?! અને જો કબજો આપ્યા બાદ હલાક થઈ ગયાં તો તકવાની રૂએ કિંમત લેવી હલાલ નથી, એટલે ઠીક નથી. આવા મોકા પર દરગુઝર કરવું જોઈએ. ઈમામ શાફઈ ફર્માવે છે કે ફર્માને આલીશાન ડરાવવા ધમકાવવા માટે છે અથવા હદીષમાં એ સ્થિતિ મુરાદ છે કે ફળ બરાબર થતાંથી પહેલાં વેચ્યાં, પછી તે નાશ પામ્યાં, તો કેમ કે એ સોદો જ દુરુસ્ત ન હતો, જેથી કિંમત કેવી ?! હઝરત ઈમામ માલિકને ત્યાં પાકાં ફળ પણ નષ્ટ થઈ જવા પર કિંમત પરત કરવી વાજિબ છે. તેઓ આ હદીષથી જાહેરી અર્થ પર અમલ કરે છે. *(મિર્કાત)*

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે લોકો અનાજ બજારના ઊંચા હિસ્સામાં ખરીદતા હતા[૧] પછી એ જ જગાએ વેચી દેતા હતા[૨] તો નબી કરીમ ﷺ એ તેમને એ જ જગાએ વેચી આપવાથી મના કરી આપ્યું, ત્યાં સુધી કે તેને ત્યાંથી તબદીલ કરી દે[૩]'' (અબૂ દાઊદ) મેં આ હદીષ બુખારીમાં ન પામી.''	**★ હદીષ : (૧૦)-૨૮૪૩ ★** وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: كَانُوا يَبْتَاعُونَ الطَّعَامَ فِي أَعلَى السُّوق فيبيعُونَه فِي مكانهِ فَنَهَاهُمْ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعِهِ فِي مَكَانِهِ حَتَّى يَنْقِلُوهُ.رَوَاهُ أَبُو دَاوُد وَلم أَجِدهُ فِي الصَّحِيحَيْنِ

૧. મદીનાના બજારમાં એક તરફથી લોકો આવતા હતા, બીજી તરફથી નીકળતા હતા. આવનારા હિસ્સાને આ'લા સોક઼ કહેતા હતા. જે બાજુથી વેપારી માલનાં ઊંટો દાખલ કરતા હતા. નીકળવાવાળા હિસ્સાને અસ્ફલે સોક઼ કહેતા હતા. અહીં એ જ મુરાદ છે, નહીં તો મદીનાની જમીન સપાટ છે, ત્યાં ઊંચાઈ નીચાણ નથી.

૨. કબજો કર્યા વિના, જેમ કે આગલા લખાણથી જાહેર છે.

૩. અમુક ઈમામોએ ફર્માવ્યું, કે નક઼્લ થયેલ ચીજો તબદીલ કર્યા વિના ખરીદારના કબજામાં નથી આવતી. એટલે એના પર કબજો કરવામાં ત્યાંથી તબદીલી કરી દેવી જરૂરી છે તે આ હદીષના જાહેર પરથી દલીલ પકડે છે. પણ હક્ક઼ એ છે કે અહીં નક઼્લથી મુરાદ નક઼્લે મકાની (સ્થળની તબદીલી) નથી બલ્કે કબ્જાની તબદીલી (નક઼્લે ક઼બ્ઝા) છે એટલે કે એ જ જગાએ પડેલી ચીજ પર કબજો કર્યા વિના વેચવી મના છે. જો ચીજ ત્યાં જ રહી પણ તેને પોતાના કબજા તથા કન્ટ્રોલમાં લઈ લીધી તો તેનો સોદો દુરુસ્ત છે, જેમ કે આગલી હદીષમાં આવી રહ્યું છે. આગલી હદીષ આ હદીષની શરહ છે કે ત્યાં حتّٰی یستوفیه અને حتّٰی یکتاله છે, જેથી આ હદીષ સ્પષ્ટ છે. આગલી હદીષથી ટકરાવવાળી પણ નથી.

★ હદીષ : (૧૧/૧૨)-૨૮૪૪/૨૮૪૫ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ ابْتَاعَ طَعَامًا فَلَا يَبِيعهُ حَتَّى يَسْتَوْفِيه» 2845-[12] (مُتَّفَقٌ عَلَيْهِ)

وَفِى رِوَايَةِ ابْنِ عَبَّاس: «حَتَّى يكْتَالَه»

''એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે અનાજ વેચે તો તેના પર કબજો કર્યા વગર ન વેચે[૧] અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયતમાં આ પ્રમાણે છે કે તેને માપી લે.[૨]'' (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે કબજાથી પહેલાં ચીજને વેચવી જાઈઝ નથી. ક઼બજાની વિવિધ સ્થિતિઓ હતી : મકાનમાં પોતાનો સામાન રાખી દેવો અથવા પોતાનુ તાળુ મારી દેવું કબજો છે. જમીનમાં હદબંધી કરીને પોતાની ઈંટ ખોસી દેવી કબજો છે. વજનવાળી ખુલ્લી ચીજનું વજન માપીને લેવું કબજો છે. આ હદીષથી જાણવા મળ્યું કે ખરીદેલી ચીજને કબજા વિના વેચી નથી શકતા, પણ તેને ભેટ ધરી શકીએ છીએ, કે કબજાની ક઼ેદ (શર્ત) વેચવા માટે છે. એ જ પ્રમાણે જે ચીજ વારસા રૂપે મળે તેનો સોદો કબજા પહેલાં પણ જાઈઝ છે. (મિર્ક઼ાત)

૨. જે ચીજ માપી તોલીને ખરીદવામાં આવે એને તોલવુ માપવું ખરીદનારનો કબજો હોય છે. یکتاله શબ્દ یستو فیه ની તફસીર છે, પણ જે ચીજ વેચવામાં કે ખરીદવામાં આવે, જેમ કે દાણાના ઢગલાનો વેપાર છે ત્યાં માપ તોલ જરૂરી નથી. એ જે હદીષ શરીફમાં છે અનાજનો સોદો જાઈઝ નથી જ્યાં સુધી કે વેપારી તથા ખરીદાર બંનેના વજન અલગ અલગ થઈ જાય. એટલે કે વેપારી પણ તોલી લે અને ખરીદનાર અલગ તોલી લે. ત્યાં તે સ્થિતિ મુરાદ છે જ્યાં બે સોદા એકત્ર થાય. જેમ કે બયએ સલમ (**Sale on advance payment**)માં વેપારી કોઈનાથી અનાજ ખરીદે અને સલમ (**Sale on advance payment**)ના ખરીદારને કહે કે તું એના પર કબજો કરી લે તો હવે એકવાર તે તોલે જેને મુસલ્લમ અલૈહ એટલે વેચનારને અનાજ આપ્યું અને બીજી વાર રબ્બુસ્સલમ એટલે ખરીદનાર તોલે. સામાન્ય સોદાઓમાં કેવળ એક તોલ જ પૂરતુ છે. જેમ કે આ હદીષથી જાણવા મળ્યું. જેથી આ હદીષ આ બે વાર તોલવાવાળી હદીષની વિરૂધ્ધ નથી. (મિર્ક઼ાત)

★ હદીષ : (૧૩)-૨૮૪૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: أَمَّا الَّذِي نَهَى عَنْهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَهُوَ الطَّعَامُ أَنْ يُبَاعَ حَتَّى يُقْبَضَ. قَالَ ابْنُ عَبَّاسٍ: وَلَا أَحْسِبُ كُلَّ شَيْءٍ إِلاَّ مثله

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, જે ચીજથી નબી કરીમ ﷺ એ મના કર્યું તે એ છે કે અનાજ કબજો કર્યા વિના વેચી દેવામાં આવે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે હું દરેક ચીજ અનાજની જેમ જ સમજુ છું.[૧]''

(મુસ્લિમ, બુખારી)

૧. એટલે હુઝૂરે અન્વર ﷺથી મેં કેવળ અનાજના વિશે સાંભળ્યું છે કે અનાજનું વેચાણ કબજો કર્યા વિના જાઈઝ નથી પણ મારો ઈજતેહાદ એ છે કે દરેક ચીજનો આ જ હુકમ છે કે કબજો કર્યા વિના તેને વેચવું દુરુસ્ત નથી. કેમ કે ઈલ્લત (કારણ) સરખુ જ છે, જેથી હુકમ પણ સરખો હોવો જોઈએ. જાણવા મળ્યું કે કયાસ કરવો જાઈઝ છે. આ હદીષથી આજકાલના વેપારીઓ બોધ ગ્રહણ કરે કે કપડાનું જહાઝ (સ્ટીમર) વિલાયત (અન્ય દેશ)થી નીકળે છે તે હજી કરાચી બંદર પર નથી પહોંચતું તે પહેલાં કેટલીય જગાએ તેનું વેચાણ નફા સાથે થઈ જાય છે. બાદમાં તેમના પછી દેવાળીયા થાય છે. **જોયા વિનાની તથા કબજા વિનાની કોઈ ચીજનો વેપાર કદાપિ ન કરવો જોઈએ કે એ શરીઅતની રૂએ ગુનોહ પણ છે અને સખત નુકસાનનો સબબ પણ છે.**

★ હદીષ : (૧૪)-૨૮૪૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " لَا تَلَقَّوُا الرُّكْبَانَ لِبَيْعٍ وَلَا يَبِعْ بَعْضُكُمْ عَلَى بَيْعِ بَعْضٍ وَلَا تَنَاجَشُوا وَلَا يَبِعْ حَاضِرٌ لِبَادٍ وَلَا تُصَرُّوا الْإِبِلَ وَالْغَنَمَ فَمَنِ ابْتَاعَهَا بَعْدَ ذَلِكَ فَهُوَ بِخَيْرِ النَّظَرَيْنِ بَعْدَ أَنْ يحلبَها: إِنْ رَضِيَهَا أَمْسَكَهَا وَإِنْ سَخِطَهَا رَدَّهَا وَصَاعًا مِنْ تمر "

وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ: " مَنِ اشْتَرَى شَاةً مُصَرَّاةً فَهُوَ بِالْخِيَارِ ثَلَاثَةَ أَيَّامٍ: فَإِنْ رَدَّهَا رَدَّ مَعهَا صَاعا من طَعَام لَا سمراء "

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે વેપારી કાફલાથી આગળથી જઈને ન મળો.[૧] અને કોઈ બીજાની ખરીદારી પર ખરીદારી ન કરે.[૨] અને ન બોલી (ભાવ) વધારો[૩] અને શહેરી ગામડાવાસી માટે વેપાર કરે[૪] અને ઊંટ તથા બકરીને ન રોકો[૫] પછી જે એના પર જાનવર ખરીદે એને દોહ્યા બાદ બંનેમાંથી બેહતર ચીજનો અધિકાર છે[૬] જો એનાથી રાજી હોય તો રાખી લે અને જો નારાજી હોય તો તેને પરત કરી દે, એક સાઅ ખારેકોની સાથે.[૭] (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમની રિવાયતમાં એ પણ છે કે જે રોકેલી બકરી ખરીદી લે તો તેને ત્રણ દિવસ સુધી અધિકાર છે, પછી જો તેને પરત કરે તો એના સાથે ઘઉં સિવાય અન્ય કોઈ અનાજ એક સાઅ આપે.[૮]''

૧. એટલે કે વેપારી કાફલાના આગમનનું સાંભળીને શહેરની બહારથી જ એમનાથી સામાન ન ખરીદી લો, બલ્કે એમને બજારમાં માલ લઈને આવવા દો જેથી તેમને બજાર ભાવની ખબર થઈ જાય, અને તેમના બજારમાં આવવાથી ભાવ સસ્તો થઈ જાય.

૨. અહીં શબ્દ بيع વેચવાના અર્થમાં પણ થઈ શકે છે અને ખરીદવાના અર્થમાં પણ. એટલે જ્યારે બે શખ્સો કોઈ ચીજ ખરીદ વેચાણ કરી રહ્યા હોય અને સોદો નક્કી થઈ ચૂક્યો અને લગભગ વાત નક્કી થઈ ચૂકી, તો ન તો

કોઈ વ્યક્તિ ભાવ વધારીને એ ચીજ ખરીદે અને ન તો કોઈ શખ્સ ભાવ સસ્તો કરીને ખરીદનારને તોડે. આ બંનેવ વાતો મના છે. લિલામનો આ હુકમ નથી. હા ! બોલી બોલતી વખતે વાત નક્કી નથી થતી, જે બોલી વધારે તે લઈ લે, એ જાઈઝ છે.

૩. લિલામમાં જો કોઈ શખ્સ બોલી વધારી દે પણ ખરીદવાનો હેતુ ન હોય, કેવળ વસ્તુની કિંમત વધારવાનો હેતુ હોય કે બીજો માણસ એનાથી વધારેની બોલી બોલી દે એ ભાવ વધારવા માટે બોલી છે અને મના છે કે ધોકો આપવું છે.

૪. આ રીતે માલ લાવનારા ગામડાવાસીઓને આજના ભાવ પર માલ ન વેચી દે બલ્કે તેનો માલ ખુદ સંભાળ ી લે કે જ્યારે મોંઘો થશે ત્યારે વેચી દઈશ. જેમ કે આજકાલ અમુક કમિશન એજન્ટ અથવા દલાલ કરે છે એ નાજાઈઝ છે, કેમ કે એનાથી ચીજો મોંઘી થાય છે, બલ્કે દુકાળ પડી જવાનો ખતરો હોય છે. બહારનો માલ વેચાવા દો જેથી મખ્લૂક (લોકોને) આરામ રહે.

૫. تصراتના પેશ صના ઝબરથી અથવા બિલ્અકસ تના ઝબર صના પેશથી. (અશિઅહ) تصريه બન્યું બાવલામાં દૂધ રોકી દેવાના ન કાઢવાના અર્થમાં. એવા જાનવરને مصرات કહે છે. આ હરકત ખરીદનારને ધોકો આપવા માટે કરવામાં આવે છે કે તે દૂધની અધિકતાથી ધોકો ખાઈને વધારે કિંમત આપી જાય.

૬. એટલે કે જો કોઈએ દૂધવાળુ જાનવર ખરીદયુ પણ ધોકો ખાય ગયો કે ખરીદતી વખતે તો દૂધ વધારે હતું બાદમાં ઓછુ નીકળ્યું. વેપારીએ કેટલાય ટંકથી દૂધ કાઢયું ન હતું એટલા માટે તે વખતે દૂધ ખૂબ નીકળ્યું, તો હવે ખરીદનારને અખત્યાર છે.

૭. એટલે કે જો જાનવર રાખવું છે તો ઠીક, અને જો રાખવુ નથી તો એ દૂધના બદલામાં જે એણે પીધુ સાડા ચાર શેર ખારેકો જાનવર વેચનારાને આપી દે. એ દૂધના બદલામાં જે ખરીદતી વખતે જાનવર સાથે લીધુ હતું કે તે વેપારીની માલિકીના જાનવરનું હતું. જેથી વેપારીની માલિકીનુ હતું. આ હદીષના જાહેર પર ઈમામ શાફઈ رضی اللہ عنہ નો અમલ છે. તે ફર્માવે છે કે તે દૂધ થોડુ હોય કે વધારે તેના બદલામાં એક સાઅ ખારેકો જ આપવામાં આવશે. જેવી રીતે જાનની દિયત સો ઊંટ છે કે ક़ાતિલ ક़ત્લ થનારની દિયત સો ઊંટ આપશે, ક़ત્લ થનારની જાન ચાહે કેટલી પણ અદના કે આ'લા હોય. અને ખરીદનારને (જેનું દૂધ (બાવલામાં) રોકી દેવામાં આવ્યું હોય) જાનવર પરત કરી દેવાનો હક્ક રહેશે. ઈમામ અબૂ હનીફા ફર્માવે છે કે આ હદીષ અમલને પાત્ર નથી કેમ કે કુર્આને કરીમની આયતની વિરૂધ્ધ છે : فَاعْتَدُوْا عَلَيْهِ بِمِثْلِ مَا اعْتَدٰى عَلَيْكُمْ (જે તમારા પર ઝિયાદતી કરે તેના પર ઝિયાદતી કરો એટલી જ જેટલી તેણે કરી. સૂ. બક़રહ, ૨/૯૪) જેનાથી દૂધ (જેનું દૂધ (બાવલામાં) રોકી દેવામાં આવ્યું હોય)ની કિંમત અથવા મિષ્લ આપવાનુ માલૂમ પડે છે, અથવા આ હદીષ વ્યાજ હરામ થતા પહેલાંની છે, કે એ વખતે મામલામાં એ પ્રકારની વધ ઘટ દુરુસ્ત હતી. *(મિર્ક़ાત, લમ્આત વગેરે)*

૮. હદીષનો આ હિસ્સો ઈમામ શાફઈની પણ વિરૂધ્ધ છે કે તેમને ત્યાં (જેનું દૂધ (બાવલામાં) રોકી દેવામાં આવ્યું હોય) જાનવરની સાથે કેવળ એક સાઅ ખજૂરો જ આપવામાં આવે છે. ખજૂર અથવા ખારેકોના સિવાય કોઈ અન્ય ચીજ આપી શકતા પણ એ હિસ્સાથી માલૂમ પડયું કે ઘઉં સિવાય અન્ય અનાજ પણ આપી શકીએ છીએ. અમારા ઈમામ સાહબને ત્યાં આ હદીષ ક્યાં તો મન્સૂખ છે વ્યાજના હરામ થવાની હદીષોથી અથવા તો મતરૂકુલ અમલ છે (જેના પર અમલ ત્યજી દેવામાં આવ્યો હોય) કુર્આને કરીમની વિરૂધ્ધતાના કારણે.

અનાજ લાવનારાઓથી આગળ જઈને સોદાની મનાઈ

★ હદીષ : (૧૫)-૨૮૪૮ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَلَقَّوُا الْجَلَبَ فَمَنْ تَلَقَّاهُ فَاشْتَرَى مِنْهُ فَإِذَا أَتَى سَيِّدُهُ السُّوقَ فَهُوَ بِالْخِيَارِ» . رَوَاهُ مُسلم

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમે લોકો અનાજ લાવનારાઓને આગળથી જઈને ન મળો[૧] જે કોઈ તેમને આગળ જ મળી જાય અને ખરીદી કરી લે, પછી જ્યારે કાફલાનો સરદાર બજારમાં આવે તો તેને અખત્યાર છે.[૨]'' (મુસ્લિમ)

૧. جلب جالِب નું પણ બહુવનચ છે અને مجلوب નું પાક. جالِب બહારથી માલ લાવનાર કાફલો, અથવા કોઈ ખાસ વ્યક્તિ. અને مجلوب બહારથી લાવેલ માલ, ઊંટ વગેરે હોય અથવા માલ. અહીં બંનેવ અર્થો થઈ શકે છે. એટલે માલ લાવનાર કાફલાથી શહેરથી બહાર મળીને માલ ન ખરીદી લો. અથવા બહારથી લાવેલા માલથી શહેર બહાર જઈને ન મળો.

૨. જો جلب جالِب નું બહુવચન છે છીને مجلوب નું બહુવચન હતું તો સૈયદથી મુરાદ માલનો માલિક છે. આ હદીષથી મામૂલ થયું કે એ સોદો દુરૂસ્ત થઈ ચૂક્યો હતો, નહીં તો અખત્યાર રદ થવાનો શો મતલબ ?! સોદો રદ ત્યારે જ થઈ શકે છે જ્યારે કે સોદો દુરુસ્ત થઈ ચૂક્યો હોય. હક્ક એ છે કે માલના માલિકને સોદો રદ કરવાનો હક્ક ત્યારે થશે જ્યારે કે બજારમાં તે ચીજ મોંઘી હોય અને તેની પાસેથી સસ્તી લઈ લેવામાં આવી હોય. પરંતું જો ભાવ બરાબર છે અથવા સસ્તો છે તો અખત્યાર નથી. આ જ કથન ક़યાસની નજીક પણ છે કે રદનો હક્ક નુકસાન દૂર કરવા માટે હોય છે. જ્યારે તેનું નુકસાન થયું જ નથી તો રદ કેવું ?! *(મિર્કાત)*

★ હદીષ : (૧૬)-૨૮૪૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَلَقَّوُا السِّلَعَ حَتَّى يُهْبَطَ بِهَا إِلَى السُّوقِ»

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આવનારા સામાનને પણ આગળ જઈને ન મળો ત્યાં સુધી કે તેને બજારમાં લાદવામાં આવે[૧]'' (મુસ્લિમ, બુખારી)

૧. વેપારીઓને શહેર બહાર જ જઈને મળવાની મનાઈ ક્યાં તો ત્યારે છે જ્યારે શહેરમાં તંગી હોય, માલ મળતો ન હોય અથવા ત્યારે જ્યારે કે તેમની પાસે સસ્તો ખરીદી લેવામાં, અસલ ભાવ બતાવવામાં ન આવે. જો આ બંનેવ ચીજો નથી તો બહાર જઈને મળવું જાઈઝ છે. ફૈઝાબાદના જિલ્લામાં મોટાભાગના દુકાનદાર જંગલમાં બેસેલા રહે છે. ગામડેથી આવનારાઓનો માલ ત્યાંથી જ ખરીદી લે છે.

ભાઈના સોદા પર સોદો ન કરે

★ હદીષ : (૧૭)-૨૮૫૦ ★

وَعَنْهُ قَالَ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَبِعِ الرَّجُلُ عَلَى بَيْعِ أَخِيهِ وَلَا يَخْطِبْ عَلَى خِطْبَةِ أَخِيهِ إِلَّا أَنْ يأْذَنَ لَهُ» . رَوَاهُ مُسلم

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કોઈ શખ્સ પોતાના ભાઈના સોદા પર સોદો ન કરે અને ન પોતાના ભાઈના પૈગામ પર પૈગામ આપે. હા ! પણ જ્યારે કે તે તેને ઈજાઝત આપી દે.[૧]'' (મુસ્લિમ)

૧. બંને મનાઈઓ ત્યારે છે જ્યારે કે ખરીદાર તથા વેપારી એક કિંમત પર રાજી થઈ ચૂક્યા હોય. એ જ પ્રમાણે છોકરા છોકરીવાળા નિકાહના પૈગામ પર રાજી થઈ ચૂક્યાં હોય. આ સ્થિતિમાં તેના ભાવ વધારી દેવા અથવા નિકાહનો પૈગામ આપવામાં પહેલાનું નુકસાન થશે. હા ! જો પહેલો શખ્સ ઈજાઝત આપી દે તો દુરુસ્ત છે અને જો પહેલા બંને પક્ષની રઝામંદી સંપૂર્ણ થઈ ન હતી, કેવળ કાચી પાકી વાત જ હતી, તો તો બીજો શખ્સ ભાવ વધારી પણ શકે છે અને પયગામ પણ આપી શકે છે.

★ હદીષ : (૧૮)-૨૮૫૧ ★	*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કોઈ શખ્સ પોતાના મુસલમાન ભાઈના ભાવ પર ભાવ ન લગાડે.[૧]''*
وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَسُمِ الرَّجُلُ على سَوْمِ أخيهِ الْمُسلم» . رَوَاهُ مُسلم	*(મુસ્લિમ)*

★ કોઈના નક્કી થઈ ચૂકેલા ભાવ પર ભાવ ન લગાડે ★

૧. يسم الرجل માં لا يسم બાબ نَصَرَ નો નેહી વાહિદ મુઝક્કર ગાઈબ છે. سوم થી નીકળેલ છે. ભાવ તથા નરખના અર્થમાં. એટલે કોઈ શખ્સ નક્કી થઈ ચૂકેલા ભાવ પર ભાવ ન લગાડે કે એમાં પ્રથમ ખરીદાર અથવા પહેલા વેપારીનું નુકસાન છે. મુસલમાનની શર્ત ઈત્તેફાકી છે. આ હુકમમાં કાફિર ઝિમ્મી પણ સામેલ છે હા ! હર્બી કાફિરનો ભાવ વધારીને ખરીદી લેવું અથવા ઘટાડીને વેચી દેવું દુરુસ્ત છે. (અઝ : મિર્કાત) કે હર્બી કાફિરને નુકસાન પહોંચાડવું દુરુસ્ત છે.

★ હદીષ : (૧૯)-૨૮૫૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)	*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે શહેરવાસી ગામડાવાસી માટે વેપાર ન કરે.[૧] લોકોને છોડી દો કે અલ્લાહ અમુકને અમુકના થકી રોજી આપે.[૨]''*
وَعَنْ جَابِرٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يبِعْ حَاضِرٌ لِبَادٍ دَعُوا النَّاسَ يَرْزُقُ اللَّهُ بَعْضَهُمْ من بعض» . رَوَاهُ مُسلم	*(મુસ્લિમ)*

૧. એની શરહ પહેલાં થઈ ચૂકી કે જ્યારે ગામડાવાસી લોકો ગામથી અનાજ લાવે તો એમને વેચી લેવા દો. તેમનું અનાજ ખુદ શહેરવાસી ભેગુ કરી લે કે જેથી મોંઘા ભાવે વેચવામાં આવે કે એનાથી શહેરમાં મોંઘવારી વધે છે. આજે પણ તંગી પર સ્ટોક કરવો મના હોય છે.

૨. એટલે કે જો શહેરવાસીઓને એ ગામડાવાળાઓ થકી રોજી મળે, સસ્તુ મળે તો તમે શા માટે આડ બનીને તેને રોકવા ચાહો છો ?! કુદરતનો કાનૂન એ જ છે કે અમુક બંદાઓને અમુકના થકી રોજી મળે છે. કોઈની દીવાલ પડે છે તો મજૂરોની રોજી ખુલે છે.

બે પહેરવેશ અને બે વેપારોથી મના કર્યું

★ હદીષ : (૨૦)-૨૮૫૩ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)	*''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ બે પહેરવેશોથી મના કર્યું અને બે વેપારોથી.[૧] સ્પર્શવાની અને ફેંકવાના*
وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ لِبْسَتَيْنِ وَعَنْ بَيْعَتَيْنِ: نَهَى عَنِ الْمُلَامَسَةِ	

والمُنابذَةِ فِي البيعِ وَالْمُلَامَسَةُ: لَمْسُ الرَّجُلِ ثَوْبَ الْآخَرِ بِيَدِهِ بِاللَّيْلِ أَو بالنَّهارِ وَلَا يقْلِبُه إِلَّا بذَلِكَ وَالْمُنَابَذَةُ: أَنْ يَنْبِذَ الرَّجُلُ إِلَى الرَّجُلِ بِثَوْبِهِ وَيَنْبِذَ الْآخَرُ ثَوْبَهُ وَيَكُونُ ذَلِكَ بَيْعَهُمَا عَنْ غَيْرِ نَظَرٍ وَلَا تَرَاضٍ وَاللِّبْسَتَيْنِ: اشْتِمَالُ الصَّمَّاءِ وَالصَّمَّاءُ: أَنْ يَجْعَلَ ثَوْبَهُ عَلَى أَحَدِ عَاتِقَيْهِ فَيَبْدُوَ أَحَدُ شِقَّيْهِ لَيْسَ عَلَيْهِ ثَوْبٌ وَاللِّبْسَةُ الْأُخْرَى: احْتِبَاؤُهُ بِثَوْبِهِ وَهُوَ جَالِسٌ ليسَ على فرجه مِنْهُ شَيْءٌ

પાસાથી મના કર્યું[૨] અને સ્પર્શવાનો વેપાર એ છે કે એક શખ્સનું દિવસ રાતમાં બીજાનું કપડુ પોતાના હાથથી સ્પર્શી લેવું કે સ્પર્શવા સિવાય અન્ય તરફ ન ઉલ્ટાવે પલ્ટાવે.[૩] અને ફેંકવાનો વેપાર એ છે કે એક શખ્સ બીજાની તરફ પોતાનું કપડુ ફેંકી દે ને બીજો તેની તરફ પોતાનુ કપડુ ફેંકી દે. તેમનો સોદો થઈ જાય જોયા ભાળ્યા વિના.[૪] અને આપસની પસંદીદગી વિના. રહ્યા બે મનાઈવાળા (પહેરવેશ) એક તો ''સ્મ્માઅ'' પહેરવેશ છે. સ્મ્માઅ એ છે કે પોતાનુ કપડુ એક ખભા પર એ રીતે નાખે છે કે બીજુ પાસુ ખુલ્લુ રહે, કે એના ઉપર કપડુ તદ્દન ન હોય[૫] અને બીજો પહેરવેશ પોતાના કપડાથી ઈહ્તિબા કરવું છે કે તે બેઠો હોય કે શર્મગાહ પર કપડુ બિલ્કુલ ન હોય.[૬]'' (મુસ્લિમ, બુખારી)

★ ગ્રાહકને બતાવ્યા વિના માલ વેચવાની મનાઈ ★

૧. لبستين લામના કસ્રા (ઝેર)થી لبس પહેરવા અથવા લિબાસના અર્થમાં. لبسةનું ડબલ છે, એટલે બે પહેરવેશો અથવા બે જાતના લિબાસ પહેરવા. لبسةનું તષ્નિયા વેચવાના અર્થમાં. અહીં મુત્લક઼ વેપારના અર્થમાં છે, જેમાં ખરીદ વેચાણ બંનેવ સામેલ છે. આવા સોદામાં ગ્રાહક તથા વેપારી બંનેવ ગુનેહગાર થશે.

૨. કે એ બંનેવ સ્થિતિઓમાં ગ્રાહકને ચીજ જોવાનો મોકો નથી મળતો જેના લીધે તે માલની ખૂબી તથા અયબ પર માહિતગાર નથી થતો. અને ખરીદી માહિતી બાદ થવી જોઈએ.

૩. આજે પણ મોટા શહેરમાં આ અયોગ્ય સોદાનો રિવાજ છે કે દુકાન પર ચીજો ફેલાવેલી છે, ગ્રાહકે જે ચીજ પર હાથ લગાડી આપ્યો તે વેચાઈ ગઈ. તેને ઉલ્ટાવી પલ્ટાવીને જોવાની ઈજાઝત નથી. આ સોદામાં મોટાભાગે ધોકો હોય છે. ગ્રાહક લૂટાઈ જાય છે, કે ચીજનું જાહેર સારું હોય છે અને અંદરથી ખરાબ હોય છે.

૪. કપડાથી મુરાદ તે કપડુ છે જેને વેચવાનું છે. એટલે કપડુ કપડાના બદલામાં વેચવું છે. તો કોઈ બીજાના કપડાને ન જુએ. પોતાનું કપડુ એ તેની તરફ ફેંકી દે ને તે તેની તરફ. આ ફેંકવું જ સોદો બની જાય. આ પણ એટલા માટે મના છે કે એમાં દેખભાળ કરવાનો મોક઼ો નથી મળતો.

૫. યાદ રાખશો કે صماء صمમાંથી બન્યું ઠોસ હોવાના અર્થમાં કે કોઈ કાણુ કે છિદ્ર ન હોય. એટલા માટે સખત પથ્થરને ઝ઼ખ઼રા સ્મ્મામ કહે છે એટલે ઠોસ ચટ્ટાન અને સખત બંધ કરેલી સીલબંધ શીશી કાઝવિયા સ્મ્મામ કહે છે. ઈશ્તેમાલ સ્મ્માઅની બે તફસીરો છે : **એક** એ કે માણસ પોતાના શરીર પર માથાથી પગ સુધી એક કપડુ એવુ મજબૂત રીતે લપેટી લે કે હાથ પગો જકડાય જાય, ખુલવુ મુશ્કેલ થઈ જાય, એ પણ મના છે. **બીજી** તફસીર એ છે કે જે અહીં વર્ણન થઈ છે કે શરીર પર કેવળ એક કપડુ હોય, તે એ રીતે ઓઢવામાં આવે કે અડધુ શરીર નગ્ન રહે, કે જ્યારે એક ખભો ખુલ્લો છે તો તે બાજુનુ આખુ શરીર ખુલ્લુ રહે. કેમ કે આ નગ્નતાવાળો પહેરવેશ છે એટલા માટે

મના છે. તવાફમાં જે ઈહ્તિબા કરે છે ત્યાં સતર નથી ખુલતુ, કેમ કે તેહબંદ પણ બાંધેલુ હોય છે.

★ લુંગી વગેરે વિના એક કપડામાં અડુગરા બેસવું મના ★

૬. احتباء ઉકળુ (બંને ગુથણો ઉભા રાખી બેસવા)ને કહે છે, એ રીતે કે સીટ જમીન પર લાગેલ હોય, બંનેવ ગુઠણો ઉભા હોય અને બંનેવ હાથ ગુઠણોની આસપાસ વર્તુળ બનાવેલ હોય. જો કેવળ એક કપડુ ઓઢીને ઈહ્તિબા કરવામાં આવેલો હોય તો શર્મગાહ ઉઘાડી થઈ જશે, જેથી એ મના છે. પરંતુ જો તેહબંદ બંધાયેલુ હોય તો કેમ કે સતર નથી ખુલતુ જેથી જાઈઝ છે. એ જે હદીષ શરીફમાં છે કે હુઝૂરે અન્વર ﷺ કા'બાના સાયામાં ઈહ્તિબા કરેલ બેઠા હતા ત્યાં આ બીજી સ્થિતિ હતી. જેથી આ હદીષ એ અમલ શરીફની વિરૂધ્ધ નથી. બંનેવ હદીષો હક્ક છે.

ધોકાના વેપારથી મના કર્યું

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ પથ્થર ફેંકવાનો વેપાર[૧] અને ધોકાના વેપારથી મના કર્યું[૨]" (મુસ્લિમ)

★ હદીષ : (૨૧)-૨૮૫૪ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عنْ بيعِ الحصاةِ وعنْ بيعِ الغَرَرِ. رَوَاهُ مُسلم

૧. પથ્થર ફેંકવાના વેપારની ત્રણ સ્થિતિઓ છે : **એક** એ કે જમીન ખરીદનાર જમીનના માલિકને કહે કે હું પથ્થર ફેંકુ છું, જ્યાં મારો પથ્થર પડે ત્યાં સુધીની જમીન પાંચસો રૂપિયાના બદલામાં મારી થઈ ગઈ. આ મના છે. **બીજુ** એ કે દુકાન પર વિવિધ ચીજો રાખેલી છે. ખરીદનાર કહે કે હું કાંકરી ફેંકુ છું, જે ચીજ પર કાંકરી લાગી જાય તે બે રૂપિયાના બદલામાં મારી છે. **ત્રીજી** રીત એ કે વેપારી કહે, હું કાંકરી ફેંકુ છું તે જે ચીજ પર લાગે તે બે રૂપિયાના બદલામાં તારી. આ સર્વ જાહિલિયતના સોદા હતા. કેમ કે એમાં ધોકો છે જેથી મના છે.

૨. غرر અથવા તો غَرَر બિલ્ફતહથી મજહૂલુલ અંજામ ચીજ એટલે ખતરનાક, અથવા غِرر બિલ્કસરથી (ઝેરથી) બન્યુ, ધોકાના અર્થમાં. એનાથી ગુરર છે. બયએ ગુરરની ઘણી સ્થિતિઓ છે : બયએ મુનાબઝા અને પથ્થર ફેંકવાની બયઅ વગેરે પણ એમાં સામેલ છે. દરિયામાં માછલી, હવામાં ઉડતાં પક્ષીઓ, ભાગી ગયેલા ગુલામની બયઅ (સોદો) એ સૌ બયએ ગુરર છે. ઈમામ શાફઈને ત્યાં આ બયઅ ફાસિદ છે. આપણે ત્યાં ક્યારેક ફાસિદ ક્યારેક બાતિલ છે. યાદ રાખશો કે આપણે ત્યાં ફાસિદ તથા બાતિલ સોદા (વેપાર)માં ફરક છે, કે બયએ ફાસિદથી કબજા બાદ માલિકી હાંસલ થઈ જાય છે, બાતિલ બયઅમાં કદી માલિકી હાંસલ નથી થતી, પણ ઈમામ શાફઈને ત્યાં બંને સોદાઓ એક જ છે. એને વિગતવાર ચર્ચા ફિકહની કિતાબોમાં જુઓ.

ગર્ભના વેપારની મનાઈ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે ગર્ભના હમલનું વેચાણ મના કર્યું[૧] એ એક વેપાર હતો જેનો જાહિલિયતવાળા (ઈસ્લામના પહેલાં) કારોબાર કરતા હતા કે એક ઊંટ ખરીદતો જેથી કરીને ઊંટણી બચ્ચુ આપે, પછી તેના પેટની બચ્ચી બચ્ચુ આપે.[૨]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨૨)-૨૮૫૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَن بَيْعِ حَبَلِ الْحَبَلَةِ وَكَانَ بَيْعًا يَتَبَايَعُهُ أَهْلُ الْجَاهِلِيَّةِ كَانَ الرَّجُلُ يَبْتَاعُ الْجَزُورَ إِلَى أَنْ تُنتَجَ النَّاقةُ ثمَّ تُنتَجُ الَّتِي فِي بطنِها

૧. આ વાક્ય શરીફના બે અર્થો થઈ શકે છે : **એક** ગર્ભનો વેપાર (સોદો) એટલે કે મારી ઊંટણી સગર્ભા છે. તેના પેટનુ બચ્ચુ જ્યાર જવાન થઈને બચ્ચુ આપશે, તેનો સોદો હું આજે કરું છું. આ સોદો બાતિલ છે કે અનઅસ્તિત્વવાળી ચીજનો સોદો છે. ખબર નહીં ઊંટણીના પેટમાં માદા છે કે નર. **બીજો** એ કે કોઈ વેપારમાં ગર્ભના ગર્ભની પેદાઈશથી કિંમત અદા કરવી અથવા સામાન અદા કરવાની મુદ્દત નક્કી કરવામાં આવે કે એની કિંમત હું ત્યારે આપીશ જ્યારે આ ઊંટણીના પેટની બચ્ચી બચ્ચુ આપશે. આ સોદો ફાસિદ છે કે અદા કરવાનો સમય અધ્યાહન છે.

૨. આ વાક્યની તે જ બે તફસીરો છે જે હમણા વર્ણન કરવામાં આવી કે ઊંટ ખરીદયું પણ તેની કિંમત ફલાણી ઊંટણીની હમલ (ગર્ભ)ની બચ્ચીના બચ્ચુ જણવા પર આપવામાં આવશે. અથવા એ જ ઊંટ ખરીદયું જે તે ઊંટણીના ગર્ભનું બચ્ચુ જણશે. આ સોદો ગરર છે. પ્રથમ સ્થિતિમાં ફાસિદ છે, બીજી સ્થિતિમાં બાતિલ છે.

"એમનાથી જ રિવાયત છે, ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ નરને માદા પર છોડવાના વળતર (ઉજરત)થી મના કર્યું.[૧]" (બુખારી)

★ હદીષ : (૨૩)-૨૮૫૬ ★

وَعَنْهُ قَالَ: نَهَى رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ عَسْبِ الْفَحْلِ. رَوَاهُ الْبُخَارِيُّ

★ નરને માદા પર છોડવાની મજૂરીની મનાઈ ★

૧. عسب જાનવરના વિર્ય (નુત્ફા)ને પણ કહે છે. અને નરનું માદા પર ચોટ કરવાને પણ કહે છે, અને એ અમલની મજૂરીને પણ. અહીં સર્વ અર્થો દુરુસ્ત છે. એ મજૂરી મોટાભાગના ફકીહોને ત્યાં હરામ છે, અમુકે જાઈઝ માનેલ છે મુસ્તહબની વિરૂધ્ધ, જેથી વંશવેલો કટ ન થઈ જાય, કેમ કે વિના મજૂરીએ નરવાળા એના માટે રાજી નહીં થાય તો વંશ જ ખત્મ થઈ જશે. જો નરને ઉધાર લઈને માદા પર ચોટ કરાવવામાં આવી પછી ભેટ રૂપે નરવાળાને કાંઈક આપી દેવામાં આવ્યું અથવા જાતે, નરને કાંઈક ખવડાવી દેવામાં આવ્યું તો એકમતીએ જાઈઝ છે. (લમ્આત તથા મિર્કાત) મનાઈનું કારણ જેહાલત છે કે માલૂમ નહીં નર કેટલીવાર ચોટ કરે અને ખબર નહીં કે માદા સગર્ભા થાય કે ન થાય. પંજાબમાં ભેંસને તૈયાર કરાવવાની મજૂરી બે રૂપિયા એકવાર છોડવાની લે છે. આ એકવારમાં કેટલીયે વાર ફલાંગ મારે એકવાર કે બે વાર.

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઊંટની ચોટનો વેપાર અને ખેતીના માટે પાણી અને જમીન વેચવાથી મના કર્યું[૧]" (મુસ્લિમ)

★ હદીષ : (૨૪)-૨૮૫૭ ★

وَعَنْ جَابِرٍ: قَالَ: نَهَى رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعِ ضِرَابِ الْجَمَلِ وَعَنْ بَيْعِ الْمَاءِ وَالْأَرْضِ لِتُحْرَثَ. رَوَاهُ مُسْلِمٌ

૧. એની સ્થિતિ એ છે કોઈ શખ્સ કોઈને પોતાની જમીન તથા પાણી ખેતી માટે આપે કે બીજ તો મહેનતીનું હોય અને જમીન તથા પાણી જમીનવાળાનું અને ઉપજનો અમુક હિસ્સો એ કામવાળાને મળે, જેને મુખાબરા કહે છે. એના જાઈઝ હોવામાં મતભેદ છે, જે પહેલાં વર્ણન થઈ ચૂક્યું.

બચેલા પાણીના વેપારની મનાઈ

★ હદીષ : (૨૫)-૨૮૫૮ ★

وَعنهُ قَالَ: نهى رَسُول الله عَن بيع فضل المَاء. رَوَاهُ مُسلم

"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ મના કર્યું બચેલા પાણીને વેચવાથી.[૧]" (મુસ્લિમ)

૧. એટલે કે કોઈની પાસે પોતાની જરૂરત કરતાં વધેલુ પાણી હોય તો તે કોઈ તરસ્યા માણસ કે તરસ્યા જાનવરને પી લેવા દે, તેની કિંમત ન લે, કે એ મુરવ્વત (માનવતા)ની વિરૂધ્ધ છે. પરંતું બીજો શખ્સ પોતાના ખેતરને પાણી વધેલુ આપવા ચાહે છે તો તેનું વેચાણ તદ્દન દુરૂસ્ત છે. (મિર્કાત) લગભગ આ હુકમ કૂવાઓ તથા ખેતરવાળાઓને છે જેમનુ પાણી નીક વડે ખેતરમાં જઈ રહ્યું હોય. એ નીકથી કોઈ વ્યક્તિ જાનવર પાણી પી લે તેમના માટે છે. અરબ શરીફ જ્યાં પાણીના વેપાર પર જ પાણીવાળા જીવન નિર્વાહ કરે છે તેમના માટે આ હુકમ નથી. કેમ કે આ સંજોગોમાં એ પાણી બચેલુ નથી બલ્કે પોતાની જરૂરતનું છે. ત્યાં પાણીનો વેપાર ખાસ કરીને કુવેતથી આગળ રણોમાં આ વેપાર ખૂબ જ જરૂરી તથા લાઝમી છે. અમે આ સફરમાં રમાહ સ્થળે વીસ રૂપિયે ડ્રમ પાણી ખરીદયું. લગભગ સો માઈલના વિસ્તારમાં અહીં બે ત્રણ કૂવાઓ છે. એ કૂવાઓ પર દૂર દૂરથી માણસો જાનવરો આવીને પાણી પીએ છે. સેંકડો રૂપિયાનું પાણી વેચાય છે. (આ મુફતી સાહબ رحمۃ اللہ علیہ ના સમયની વાત છે. –અનુવાદક)

★ હદીષ : (૨૬)-૨૮૫૯ ★ (مُتَّفق عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يُبَاع فضل المَاء ليباع بِهِ الْكلأ»

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બચેલુ (વધેલુ) પાણી ન વેચવામાં આવે જેથી તેનાથી ઘાસ ખરીદવામાં આવે છે.[૧]" (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે કૂવાવાળો પાણીના વેપારને ઘાસના વેપારનો ઝરીયો બનાવી લે. એની રીત એ છે કે કોઈ શખ્સ ઉજ્જડ જમીન જેને અરબીમાં મવાત કહે છે, આબાદ કરી. ત્યાં કૂવો ખોદાવ્યો. લોકો એ જમીનની આસપાસ પોતાનાં જાનવરો ચરાવે છે. તે જમીન જે મવાત થઈ ત્યાં એ શખ્સ જાનવરોને ચરાવવાથી રોકી નથી શકતો. તે બહાનુ એવું કરે કે કોઈ જાનવરને બદલા વિના પાણી પીવા ન દે જે એના પોતાના કૂવાનું છે. નિય્યત એ હોય કે આ પાણીને રોકવાથી અહીં જાનવર ચરાવવાનું છોડી દેશે, પછી એ ઘાસ મારી પોતાની હશે કે એનાથી પૈસા કમાઈશ. એ જુર્મ છે કે કૂવો તો તેનો છે પણ જમીન સરકારી છૂટેલી છે. એ પાણીના બહાને ચરાગાહની ઘાસ પર કબજો કરવા ચાહે છે, નહીં તો પોતાની જમીનની ઉભી ઘાસ અને કપાયેલી ઘાસનો વેપાર જાઈઝ છે. (મિર્કાત) અહીં વર્ણન حق એટલે ચરાગાહનો છે.

જે ભેળસેળ કરે તે અમારામાંથી નથી

★ હદીષ : (૨૭)-૨૮૬૦ ★

وَعَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَرَّ عَلَى صُبْرَةِ طَعَامٍ فَأَدْخَلَ يَدَهُ فِيهَا فَنَالَتْ أَصَابِعُهُ بَلَلًا فَقَالَ: «مَا هَذَا

"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ અનાજના એક ઢગલા પર પસાર થયા તો પોતાનો હાથ શરીફ તેમાં રાખી દીધો. આપની આંગળીઓએ તેમાં ભીનાશ પામી[૧] તો ફર્માવ્યું, હે અનાજવાળા !

يَا صَاحِبَ الطَّعَامِ؟» قَالَ: أَصَابَتْهُ السَّمَاءُ يَا رَسُولَ اللَّهِ قَالَ: «أَفَلَا جَعَلْتَهُ فَوْقَ الطَّعَامِ حَتَّى يَرَاهُ النَّاسُ؟ مَنْ غَشَّ فَلَيْسَ مِنِّي» . رَوَاهُ مُسلم

*આ શું ? અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! એને વરસાદ પડી ગયો.[૨] ફર્માવ્યું, તો લીલા અનાજને તેં ઢગલાની ઉપર કેમ ન રાખ્યો કે જેથી એને લોકો જોઈ લેતા.[૩] **જે મિલાવટ કરે તે અમારામાંથી નથી.[૪]**" (મુસ્લિમ)*

૧. એટલે હુઝૂરે અન્વર ﷺ અનાજના બજારમાં તશરીફ લઈ ગયા. તો કોઈ દુકાન પર ઘઉં અથવા જવ અથવા કોઈ અન્ય અનાજનો ઢગલો હતો. હુઝૂરે અન્વર ﷺએ એ ઢગલામાં પોતાનો હાથ શરીફ દાખલ કર્યો તો જાણવા મળ્યું કે ઉપર તો અનાજ સૂકુ છે પણ અંદરથી ભીનુ છે. એટલે કે વેપારીએ લોકોને ધોકો આપી રાખ્યો છે. લગભગ દુકાનદારને એ ખબર ન હતી કે આ પણ જુર્મ છે. તે સમજતા હતા કે જાતે ભીનું કરવું ગુનોહ છે, જે બહારથી કુદરતી રીતે ભીનુ થઈ જાય એમાં અમારો શો ગુનોહ ?! જેથી આનાથી એ સહાબીનું ફિસ્ક સાબિત નથી થતું. તેમજ ગુનોહ કરી લેવું અલગ ચીજ છે અને ફિસ્ક કાંઈ અલગ. એ ગુનોહ હતો જેનાથી તૌબા થઈ ગઈ, જો એ ગુનાહ પર જામી જાત, તૌબા ન કરત તો ફિસ્ક થાત. રબ તઆલા ફર્માવે છે : وَلَمْ يُصِرُّوا عَلٰى مَا فَعَلُوْا (અને પોતાના કરેલા પર જાણી બુઝીને અડી ન જાવ. *સૂ. આલે ઈમરાન, ૩/૧૩૫)*

★ વેપારમાં ધોકો ન જોઈએ ★

૨. એટલે કે ઘઉં વરસાદથી પલળી ગયા હતા. મેં એ ભીના ઢગલા પર સૂકા ઘઉં નાખી દીધા. ખુલાસો એ છે કે ખુદ તાપથી ઉપરનો હિસ્સો સૂકાય ગયો ન હતો, નહીં તો એમના પર ચેતવણી ન થાત, બલ્કે સૂકા ઘઉં નાખવામાં આવ્યા હતા.

★ હાકિમોનું બજારોમાં ચકાસણી કરવાની સાબિત ★

૩. એટલે કે સૂકા ઘઉં ઉપર ન નાખવા જોઈતા હતા જેથી ગ્રાહક ધોકો ન ખાય. આ પરથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે વેપારની ચીજની અયબ છુપાવવી ગુનોહ છે, બલ્કે ગ્રાહકને ખામીથી માહિતગાર કરી દે કે તે ચાહે તો અયબદાર સમજીને ખરીદે ચાહે ન ખરીદે. બીજુ એ કે હાકિમ અથવા બાદશાહનું બજારમાં ચક્કર મારવું, દુકાનદારની, તેમની ચીજોની, ત્રાજવાની તેહકીક કરવી, કુસૂર સાબિત થતાં તેમને સજા આપવી સુન્નત છે. આજે જે આ તેહકીકાત અધિકારીઓ કરે છે તેનો માખઝ આ હદીષ છે.

★ વેપારના માલમાં અયબ પેદા કરવું કે કુદરતી અયબ છુપાવવું હરામ ★

૪. એનાથી જાણવા મળ્યું કે વેપારની ચીજમાં અયબ પેદા કરવી પણ જુર્મ છે અને કુદરતી પેદા થયેલ અયબને છુપાવવી પણ જુર્મ છે. જુઓ, વરસાદથી પલળેલા અનાજને છુપાવવું મિલાવટ (ભેળસેળ)માં જ સામેલ કર્યું.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૨૮)-૨૮૬૧ ★

عَنْ جَابِرٍ قَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنِ الثُّنْيَا إِلَّا أَنْ يُعلمَ. رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ વેચાણમાં ઈસ્તષ્ના (અપવાદ, અલગ) કરી લેવાથી મના કર્યું, પણ જ્યારે કે એ ચીજ માલૂમ હોય[૧]" (તિર્મિઝી)

૧. ઈસ્તષ્ના તે મના છે જેનાથી સોદો કેવળ મજહૂલ (અધ્યાહન) તથા નામાલૂમ રહી જાય. જેમ કે કોઈ શખ્સ બાગનાં ફળ વેચે અને કહે કે આમાંથી દસ મણ તો મારાં હશે બાકી તારા હાથે વેચ્યાં. અથવા આ ઢગલાના ચાર મણ ઘઉં મારા બાકી તારા હાથે વેચુ છું. તો હવે એ ખબર ન રહી કે કેટલા બાકી છે. પરંતું જો એવું કહે કે અડધા અથવા ત્રીજા ભાગના અથવા ચોથા ભાગના મારા બાકી તો જાઈઝ છે કે એ અલગ પાડવુ (ઈસ્તષ્ના) માલૂમ છે.

★ હદીષ : (૨૯)-૨૮૬૨ ★

وَعَنْ أَنَسٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعِ الْعِنَبِ حَتَّى يَسْوَدَّ وَعَنْ بَيْعِ الْحَبِّ حَتَّى يَشْتَدَّ هٰكَذَا. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ عَنْ أَنَسٍ. وَالزِّيَادَةَ الَّتِي فِي المصابيح وَهُوَ قولُه: نهى عَن بَيْعِ التَمْرِ حَتَّى تزهوَ إِنَّما ثبتَ فِي رِوَايَتِهِمَا: عَنِ ابْنِ عُمَرَ قَالَ: نَهَى عَنْ بَيْعِ النَّخْلِ حَتَّى تَزْهُوَ وَقَالَ التِّرْمِذِيُّ: هٰذَا حَدِيث حسن غَرِيب

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ દ્રાક્ષ વેચવાથી મના કર્યું ત્યાં સુધી કે કાળાં પડી જાય. અને દાણાઓ વેચવાથી મના કર્યું ત્યાં સુધી કે સખત પડી જાય.[૧] (તિર્મિઝી) અબૂ દાઊદે આ જ પ્રમાણે રિવાયત કરી. એ બંનેવને ત્યાં હઝરત અનસ رضی اللہ عنہ ની રિવાયતથી એ નથી કે ખારેકોના વેચાણથી મના કર્યું ત્યાં સુધી કે લાલ થઈ જાય. પણ હઝરત ઉમર رضی اللہ عنہ ની રિવાયતથી ફર્માવે છે કે હુઝૂર ﷺ એ ખારેકોના વેચાણથી મના કર્યું ત્યાં સુધી કે લાલ થઈ જાય.[૨] અને તિર્મિઝી તથા અબૂ દાઊદે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી, અને તે વધારો મસાબીહમાં છે. એટલે હુઝૂર ﷺ નું ફર્માન કે ખારેકોના વેચાણથી મના કર્યું ત્યાં સુધી કે લાલ થઈ જાય. આ એ બંને રિવાયતોમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી છે. ફર્માવે છે, ખજૂરના વેપારથી મના કર્યું ત્યાં સુધી કે લાલ પડી જાય.[૩] તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે ગરીબ છે.''

૧. ફળોની તૈયારી વિવિધ રીતોએ માલૂમ થાય છે. જેમ કે દાણાવાળા કાળી દ્રાક્ષની તૈયારી તેના પર કાળાશ ઝલકવાથી માલૂમ પડે છે અને દાણાઓની તૈયારી સખતીથી મેહસૂસ થાય છે કે ચપટીમાં દબાવવાથી સખત જણાય આવે. આ નિશાનીઓથી પહેલાં ન તો દ્રાક્ષ નફાને પાત્ર માલ છે ન દાણા. તેમનું વેચાણ જાઈઝ નથી. કેમ કે વેચાણમાં બંને બાજુ માલ જોઈએ અને એ બંને ચીજો એ વખતે માલ નથી.

૨. આ મસાબીહના લેખકનો ઈમામ બગવી પર વાંધો છે કે તેમણે તિર્મિઝી તથા અબૂ દાઊદના હવાલાથી હઝરત અનસ رضی اللہ عنہ ની રિવાયતમાં આ વાક્ય પણ ઉમેર્યું, જ્યારે કે આ વાક્ય હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની રિવાયતમાં છે ન કે હઝરત અનસ رضی اللہ عنہ ની.

૩. આ ઈમામ બગવી પર બીજો વાંધો છે કે તેમણે હઝરત અનસ رضی اللہ عنہ ની રિવાયતમાં عَنْ بَيْعِ التَّمْرِ નકલ કર્યું, જ્યારે કે એ રિવાયત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની છે. એમાં પણ عَنْ بَيْعِ النَّخْلِ છે ન કે عَنْ بَيْعِ التَّمْرِ હદીષનો ખુલાસો એ થયો કે કોઈ ફળનું વેચાણ તેની તૈયારી તથા ફાયદાકારક થવાથી પહેલાં જાઈઝ નથી, અને દરેક ચીજના લાભદાયી હોવાની નિશાનીઓ વિવિધ છે.

ઉધારનો સોદો કરવાની મનાઈ વિશે

★ હદીષ : (30)-૨૮૬૩ ★

وَعَنِ ابْنِ عُمَرَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم نهى عَن بيع الكالئ بالكالئ. رَوَاهُ الدَّارَقُطْنِيّ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ઉધારનો સોદો કરવાની મના કરી.[૧]'' (ઘર કુત્ની)

૧. તેની ઘણી સ્થિતિઓ છે : **એક** તો એ છે કે સોદા વખતે સમય તથા કિંમત ન આપવામાં આવે, ન ખરીદેલી ચીજ પર કબજો હોય, એ નાજાઈઝ છે. સોદો જાઈઝ થવા માટે કમસે કમ એક બાજુ હાલમાં કબજો જરૂરી છે. **બીજી** સ્થિતિ એ છે કે, દા.ત. ઝયદનું અમ્ર પર દસ ગજ કપડુ કરજ હતું. અને બક્રના અમ્ર પર દસ રૂપિયા કરજ હતા. તો ઝયદ બક્રને કહે, હું તારા દસ રૂપિયાના બદલામાં મારુ તે કપડુ વેચુ છું જે મારુ અમ્ર પર છે. હવે તમે મારાથી રૂપિયા ન માગશો, બલ્કે એના બદલામાં અમ્રથી કપડુ વસૂલ કરી લેજો. બક્ર કહે, મને કબૂલ છે. આ સોદો નાજાઈઝ છે. **ત્રીજી** સ્થિતિ એ છે કે કોઈ, કોઈ શખ્સથી કોઈ ચીજ ઉધાર ખરીદી લે. જ્યારે એ ઉધારની મુદત ખત્મ થાય તો વેપારી ખરીદારથી કિંમતની માગણી કરે. ખરીદનાર કહી દે કે અત્યારે મારી પાસે પૈસા નથી. મને એક મહીનાની મોહલત અધિક આપ, હું કિંમતમાં આટલો વધારો કરું છું. વેપારી કહે, મંઝૂર છે. જ્યારે કે એ ચીજ પર પણ કબજો નથી કરવામાં આવ્યો, એ પણ મના છે. (લમ્આત, અશિઅ્હ) યાદ રાખશો કે كَالِئٌ كَلَاءٌ એ تٌ થી બન્યું, વેપારી તથા મોહલત તથા હિફાઝતના અર્થમાં. રબ ફર્માવે છે : قُلْ مَنْ يَّكْلَؤُكُمْ بِالَّيْلِ (તમે ફર્માવો, રાત દિવસ તમારી કોણ નિગેહબાની કરે છે. સૂ. અંબિયા, ૨૧/૪૨)

બયઅ્હાનાના સોદાની મનાઈ

★ હદીષ : (31)-૨૮૬૪ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعِ الْعُرْبَانِ. رَوَاهُ مَالِكٌ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

''હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદથી રાવી.[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ બયઅ્નાની બયઅ્ની બયઅ્થી મના કર્યું[૨]''

(માલિક, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

૧. તેમના દાદા અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ છે. તેમની રિવાયતમાં હમેશાં તદલીસ (રિવાયત કરનારે જે શૈખથી રિવાયત સાંભળી છે તેમનું નામ ન લે અને તેમનાથી ઉપરના શૈખથી એ રીતે રિવાયત કરે જેનાથી એમ સમજાય કે તેણે તે ઉપરના શૈખથી તે રિવાયત સાંભળી છે. અથવા રાવી પોતાના શૈખના અપ્રચલિત લકબ, કુન્નિયત વગેરે સાથે રિવાયત વર્ણવે) હોય છે, કેમ કે ખબર નહીં કે جَدِّهٖ ની ઝમીર અમ્રની તરફ પલ્ટે છે કે اَبِيْهِ ની તરફ.

૨. અરબીમાં عربان ની કેટલાક લુગતો છે : عُربان، اُربان، عَربون، اَربون પ્રથમ હર્ફને પેશ, બીજાને જઝમ, આખરી બંનેવમાં પહેલા હર્ફને ઝેર પણ. બયઅ્હાનાની સ્થિતિમાં છે કે ગ્રાહક ભાવ નક્કી થતી વખતે અમુક રકમ બેચનારાને આપી દે અને વાયદો કરે કે ફલાણી તારીખે હું પૂરી રકમ આપીને ચીજ લઈ લઈશ. જો ન લઉં તો આ રકમ ઝબ્ત કરવી. જેવો કે આજકાલ રિવાજ છે. આ સોદો ત્રણ ઈમામોને ત્યાં મના છે, પણ ઈમામ અહમદ ઈબ્ને હંબલને ત્યાં જાઈઝ છે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની રિવાયતમાં તેની ઈજાઝત પણ છે. અમે એવું કહી ચૂક્યા છીએ કે હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہ ની રિવાયતો મુદલ્લસ તથા મુન્કતઅ હોય છે. *(મિર્કાત)*

મજબૂર કરીને, ધોકાથી તથા પાકતા પહેલાં ફળોનો સોદા મના

★ હદીષ : (૩૨)-૨૮૬૫ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَن بَيْعِ المضطرِّ وعنْ بَيْعِ الغَرَرِ وَعَنْ بَيْعِ الثَّمَرَةِ قَبْلَ أَنْ تُدْرِكَ. رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ મજબૂર કરીને[૧] અને ધોકાથી અને પાકવાથી પહેલાં ફળોનો સોદો મના કર્યો[૨]"
(અબૂ દાઉદ)

૧. مضطر થી મુરાદ ક્યાં તો મજબૂર છે અથવા મોહતાજ. એટલે કે કોઈની ચીજ વેચી દો, એ સોદો ફાસિદ છે. ક્યારેક ગવર્નમેન્ટ જુલ્મની રીતે કોઈનો માલ લીલામ કરાવી દે છે. તે બીચારો રડતો રહે છે. ગવર્નમેન્ટના દંડ અથવા ટેક્સની વસૂલીના માટે ચીજો લીલામ થતી હોય છે, તેમને ખરીદવું જાઈઝ નથી. અથવા એ મતલબ છે કે જે મોહતાજ શખ્સ કરજ કે ભૂખના કારણે તંગ આવીને પોતાની ચીજો ખૂબ જ સસ્તી વેચે તે ન લો, કે એ માનવતાની વિરૂધ્ધ છે. બલ્કે તેને શક્ય ત્યાં સુધી મદદ કરો. (લમ્આ્ત, મિર્કાત તથા અશિઅ્હ) યાદ રાખશો કે દેવાળીયાનો માલ લીલામ કરી દેવો જાઈઝ છે પણ હાકિમ લીલામ કરે. એ જુલ્મની રીતનો સોદો નથી, બલ્કે કરજ માગનારાઓનું કરજ અદા કરવા માટે છે.

૨. ધોકાના વેપારથી મુરાદ ક્યાં તો છેતરપિંડીનો સોદો છે કે વેપારી અયબવાળા માલને સારો બતાવીને કોઈના હાથે વેચી દે. આ સ્થિતિમાં ગ્રાહકને ખિયારે ગયબ મળશે કે ચીજની અયબથી માહિતગાર થઈને પરત કરી શકશે. અથવા જેહાલતનો સોદો મુરાદ છે કે ચીજનું જાહેર સારુ હોય અને અંદરથી ખરાબ હોય. આ સ્થિતિમાં ખિયારે અયબ મળશે. **ફળ પાકવાથી મુરાદ ફળ લાભને પાત્ર હોવું છે, જેથી જે ચીજો અડધી કાચી હોવા છતાં વાપરી શકાય છે તે કાચાં હોવા છતાં સોદો જાઈઝ છે.** અને જે ચીજો કાચી પણ કામ આવે છે તે કાચાનો સોદો પણ દુરુસ્ત છે. કેરી કાચી અધકચરી પણ વેચી શકાય છે. વટાણાની સીંગો કાચી પણ શાકભાજી રૂપે કામ આવે છે તેમની કાચીનો વેપાર દુરુસ્ત છે.

★ હદીષ : (૩૩)-૨૮૬૬ ★

وَعَنْ أَنَسٍ: أَنَّ رَجُلًا مِنْ كِلَابٍ سَأَلَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ عَسْبِ الْفَحْلِ فَنَهَاهُ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِنَّا نُطْرِقُ الْفَحْلَ فَنُكْرَمُ فَرَخَّصَ لَهُ فِي الْكَرَامَةِ. رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે બની કિલાબના એક શખ્સે નબી કરીમ ﷺ ને નર જાનવરની ચોટના વિશે પૂછ્યું[૧] આપે તેને મના કર્યું[૨] તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે તો નર છોડીએ છીએ તો અમને આમ જ કાંઈક આપી દેવામાં આવે છે. તો એને હુઝૂર ﷺ એ હદિયાના સંબંધે ઈજાઝત આપી.[૩]" (તિર્મિઝી)

૧. કે નરને માદા પર છોડવાની મજૂરી લેવી કેવું છે ? ત્યાં એનો સામાન્ય રિવાજ હતો, હજી તેનો આમ રિવાજ છે.

૨. જમહૂર (બહુમતી) ઉલમાની નજીક આ મનાઈ તહરીમી છે અને તેની મજૂરી મકરૂહે તહરીમી છે. ઈમામ ઈબ્ને હંબલને ત્યાં વિના કરાહતે જાઈઝ છે. આ હદીષ જમહૂરની દલીલ છે. نطرق બાબે અફઆલથી છે. طرق

જાનવરના વિર્યને પણ કહે છે અને તેની ચોટને પણ, અહીં બીજા અર્થમાં છે. *(મિર્કાત)*

૩. એનાથી જાણવા મળ્યું કે જો નરવાળો ઉધાર (ઉછીનુ) જાનવર આપી દે, પછી માદાવાળો હદિયા રૂપે તેને અમુક રકમ અથવા ચારો આપે તો એ વિના કરાહતે દુરુસ્ત છે આ પણ સર્વ ઈમામોનો મઝહબ છે. સારાંશ કે જમહૂરને ત્યાં એની મજૂરી મના અને હદિયો જાઈઝ છે.

જે માલ કબજામાં ન હોય તેનું વેચાણ મના

"હઝરત હકીમ ઈબ્ને હિઝામથી રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺ એ એનાથી મના કર્યું કે જે ચીજ મારી પાસે ન હોય તેને વેચી દઉં[૧] (તિર્મિઝી) અને તિર્મિઝી તથા અબૂ દાઉદ તથા નિસાઈની એક રિવાયતમાં આ પ્રમાણે છે : ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી પાસે કોઈ શખ્સ આવે છે મને વેચવા કહે છે અને મારી પાસે ચીજ કોઈ હોતી નથી[૨] તો હું તેના માટે બજારથી ખરીદી લઉં છું[૩] તો ફર્માવ્યું, જે ચીજ તમારી પાસે ન હોય તે ન વેચો."

★ હદીષ : (૩૪)-૨૮૬૭ ★

وَعَنْ حَكِيمِ بْنِ حِزَامٍ قَالَ: نَهَانِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ أَبِيعَ مَا لَيسَ عندِي. رَوَاهُ التِّرْمِذِيّ فِي رِوَايَةٍ لَهُ وَلِأَبِي دَاوُدَ وَالنَّسَائِيِّ: قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ يَأْتِينِي الرَّجُلُ فَيُرِيدُ مِنِّي الْبَيْعَ وَلَيْسَ عِنْدِي فَأَبْتَاعُ لَهُ مِنَ السُّوقِ قَالَ: «لَا تَبِعْ مَا لَيسَ عندَكَ»

૧. એમાં નાસી છૂટેલા ગુલામ, નદીની માછલી, હવાનાં પક્ષીઓ અથવા ગુમ થયેલ માલનો સર્વ વેપાર સામેલ છે કે એ સર્વ વેપારો મના છે. હા ! બયએ સલમ (***Sale on advance payment***) સર્વાનુમતે જાઈઝ છે ભલે સોદા વખતે વેચનાર પાસે એ ચીજો હોતી નથી. એ જ પ્રમાણે બીજાના માલનો સોદો તેની ઈજાઝત વગર મૌકૂફ છે કે જો તે ઈજાઝત આપી દે તો જાઈઝ થઈ જાય છે.

★ ઓર્ડરના થકી સોદાની ઈજાઝત ★

૨. એના બે પ્રકારો છે : **એક** એ કે બજારથી તેના માટે ખરીદે જેને દલાલી કહે છે, એ તો દુરુસ્ત છે. **બીજુ** એ કે પોતાના માટે ખરીદે અને ખુદ માલિક બનીને પહેલા ખરીદારને આપે, એ મના છે. અહીં એ જ મુરાદ છે કે આ સ્થિતિમાં તેણે એ ચીજ વેચી જેનો વેચાણના સમયે માલિક ન હતો. હા ! એવી ચીજના સોદાનો વાયદો કરી લેવો અથવા ઓર્ડર લઈ લેવો દુરુસ્ત છે જેમ કે આજકાલ અમુક લોકો કરે છે કે ઓર્ડર વસૂલ કરીને ચીજ ખરીદીને મોકલે છે અથવા બનાવીને આપે છે. આપણે મોચી પાસેથી જોડા બનાવડાવીએ છીએ, સિલાઈ પહેલા આપી દઈએ છીએ, એને ઈસ્તિસ્નઆમ્ કહે છે, એ એકમતીએ દુરુસ્ત છે.

૩. અહીં મિર્કાતે ફર્માવ્યું કે આ જગાએ કબજામાં ન હોય તેવી તથા માલિકીમાં ન હોય તેવી (એ વસ્તુઓ જેમનું વાસ્તવમાં અસ્તિત્વ હોય છે. સામાન વગેરે)નો સોદો મના છે. જેમ કે કહે કે મેં ફલાણો ગુલામ તમારા હાથે વેચ્યો. ક્યાં તો એ ગુલામ પોતાનો છે જ નથી, અથવા છે પણ ભાગેલો છે. અથવા ફલાણુ પક્ષી જે ઉડી રહ્યું છે તેને વેચુ છું કે શિકાર કરીને તમારા હવાલે કરીશ, એ મના છે પણ કોઈ ચીજ ક્વોલિટી ડિમાંડ સાથે (આ વસ્તુ આ પ્રમાણે હોવી જોઈએ વગેરે)નો સોદો જાઈઝ છે, ભલે માલિકીમાં કે કબજામાં હોય કે ન હોય, જેમ કે બયએ

સલમમાં અને ચીજ બનાવવામાં હોય છે. આ ખૂબ જ ઉમદા ખુલાસો છે.

★ હદીષ : (૩૫)-૨૮૬૮ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعَتَيْنِ فِي بيعةٍ. رَوَاهُ مَالك وَالتِّرْمِذِيّ وَالنَّسَائِيّ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ સોદામાં બે વેચાણોથી મના કર્યું.[૧]'' (માલિક, તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ)

૧. એક સોદામાં બે વેચાણોની બે સ્થિતિઓ છે : **એક** એ કે એવું કહે, હું ફલાણી ચીજ રોકડે દસ રૂપિયામાં વેચુ છું અને ઉધારમાં ૨૦ રૂપિયાના બદલામાં, એ મના છે કે એમાં કિંમતનો સહીહ પતો ન લાગ્યો. બીજો સોદો શર્ત સાથે કે એવું કહે છે હું મારો ગુલામ તને સો રૂપિયામાં આપુ છું એ શર્તે કે તું મને તારી લોંડી કે જમીન પચાસ રૂપિયામાં આપી દે. આમાં પણ કિંમત એક એતબારથી મજહૂલ (અધ્યાહન) છે. એના ઉપરાંત અન્ય સોદો શર્ત સાથે પણ મના છે એ શર્તે કે શર્ત ફાસિદ હોય. જો શર્ત સહીહ હોય તો સોદો દુરુસ્ત છે.

એક સોદામાં બે વેચાણથી મનાઈ

★ હદીષ : (૩૬)-૨૮૬૯ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعَتَيْنِ فِي صَفْقَةٍ وَاحِدَةٍ. رَوَاهُ فِي شرح السّنة

''હઝરત અમ્ર ઈબ્ને શોઐબ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક સોદામાં બે વેચાણોથી મના કર્યું.[૧]'' (શર્હે સુન્નહ)

૧. صفقه હાથ મારવા અથવા હાથ મિલાવવાને કહે છે. કેમ કે અરબવાસીઓ સોદા વખતે વેપારી સાથે હાથ મિલાવતા હતા, એટલા માટે સોદાને પણ صفقه કહી દે છે. એટલે એક સોદા હેઠળ બીજો સોદો કરી લેવાથી મના કર્યું. તેની બે સ્થિતિઓ હમણા અર્ઝ કરવામાં આવી. *(મિર્કાત)*

સોદામાં કરજની શર્ત હોય કે કરજમાં સોદાની શર્ત મના

★ હદીષ : (૩૭)-૨૮૭૦ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَحِلُّ سَلَفٌ وَبَيْعٌ وَلَا شَرْطَانِ فِي بَيْعٍ وَلَا رِبْحُ مَا لَمْ يضمن وَلَا بيع مَا لَيْسَ عِنْدَكَ».رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا صَحِيح

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ન તો ઉધાર તથા વેચાણ જાઈઝ છે[૧] અને ન વેચાણમાં બે શર્તો જાઈઝ[૨] ન તેનો નફો જાઈઝ જેનો જિમ્મેદાર ન હોય અને ન તે ચીજ વેચવી હલાલ જે તારી પાસે ન હોય[૩] (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ સહીહ છે.''

૧. એની બે સ્થિતિઓ છે : **એક** એ કે વેચનાર ખરીદનારને કહે છે, તારા હાથે આ ચીજ સો રૂપિયાના બદલામાં વેચુ છું એ શર્તે કે તું મને દસ રૂપિયા કરજ પણ આપ. આ હરામ છે કે એક પ્રકારનું વ્યાજ છે, કેમ કે

ખરીદનારે દસ રૂપિયા કરજના બદલામાં એ ચીજને ખરીદવાનો નફો પણ હાંસલ કરી લીધો. અથવા એનાથી ઉલ્ટુ કે કરજ માગનારથી શાહુકાર કહે કે હું તને સો રૂપિયા એ શર્ત પર કરજ આપુ છું કે દસ રૂપિયામાં તારી બકરી મારા હાથે વેચી દે. એટલે કે સોદામાં કરજની શર્ત હોય તો મના અને કરજમાં સોદાની શર્ત હોય તો મના. **બીજુ** એ કે શાહુકાર કરજ માગનારને કહે, હું તને સો રૂપિયા કરજ આપુ છું શર્ત એ કે તમે મારી ફલાણી ચીજ આટલામાં ખરીદી લો એટલે મોંઘી એમાં પણ એ જ ખરાબી છે કે કરજના ઝરીયા નફો કમાય રહ્યો છે.

૨. આ વાક્યની શરહમાં ચર્ચા છે : અમુક મુહદ્દિષો તો ફર્માવે છે, આ વાક્ય પ્રથમ વાક્યની તફસીર છે. એટલે સલફે બયઅની. અમુકે ફર્માવ્યું કે બેનું વર્ણન ઈત્તેફાકી છે. શર્ત સાથે સોદો મુત્લક્ન મના છે. જેમ કે અમુક હદીષોમાં છે કે હુઝૂરે અન્વર ﷺએ સોદો અને શર્તથી મના કર્યું. તેમનો ખયાલ છે કે શરતોથી મુરાદ બંને પ્રકારની શરતો છે એટલે ન તો વેચનાર ખરીદાર પર કોઈ શર્ત લગાડે કે આ ચીજ તારા હાથે વેચુ છું એ શર્ત પર કે બે મહીના સુધી એને હું જ વાપરીશ અથવા તું મને આટલા રૂપિયાના માટે તારુ મકાન ઉધાર કે ભાડે આપ. અને ન ખરીદનાર વેપારી પર કોઈ શર્ત લગાડે કે કપડુ તો ખરીદુ છું એ શર્તે કે તું મને સીવીને અથવા ધોઈને આપ. આ બંને પ્રકારની શર્તો સોદાને ફાસિદ કરી દેશે જ્યારે કે શર્તો ખુદ ફાસિદ હોય. શર્તે ફાસિદ (સોદામાં એવી શર્ત રાખવી જે સોદાના તકાદા વિરૂધ્ધ હોય અને તેમાં વેચનાર કે ખરીદનારમાંથી કોઈ એકનો ફાયદો હોય) તે કહેવાય છે જેને બયૂઅ ન ચાહે. જેને ખુદ બઅૂઅ ચાહે તે શર્ત સહીહ છે તેનો વેપાર ફાસિદ નથી થતો. જેમ કે વેપારી કહે ચીજ વેચુ છું એ શર્તે કે તું મને ખરા રૂપિયા આપ અથવા હમણા રોકડા આપ. અથવા ખરીદાર કહે કે એ શર્તે ખરીદુ છું કે માલ અસલ હોય નકલી ન હોય વગેરે.

૩. એટલે કે જે ચીજ તારા કબજામાં ન હોય તેને વેચવું પણ મના છે, અને જે ચીજનો તું હજી માલિક નથી બન્યો તેને વેચવું પણ મના છે. مالم يضمن થી મુરાદ જે પોતાની ઝમાન તથા કબજામાં ન આવી. જેમ કે આપણને કોઈ ચીજ ખરીદીએ અને કબજા વિના વેચી દઈએ એ મના છે. એની શરહ વર્ણન થઈ ચૂકી.

★ હદીષ : (૩૮)-૨૮૭૧ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: كُنْتُ أَبِيعُ الْإِبِلَ بالنقيع بالدَّنانير فآخذ مَكَانَهَا الدارهم وأبيع بِالدَّرَاهِمِ فَآخُذُ مَكَانَهَا الدَّنَانِيرَ فَأَتَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرْتُ ذَلِكَ لَهُ فَقَالَ: «لَا بَأْسَ أَنْ تَأْخُذَهَا بِسِعْرِ يَوْمِهَا مَا لَمْ تَفْتَرِقَا وَبَيْنَكُمَا شَيْءٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ والدارمي

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, હું નક્ીઅ બજારમાં ઊંટ અશરફીઓના બદલામાં વેચતો હતો[૧] પછી અશરફીઓના બદલામાં દિરહમ લઈ લેતો હતો. અને દિરહમના બદલામાં વેચી દેતો હતો. પછી તેમના બદલામાં અશરફીઓ લઈ લેતો હતો[૨] હું નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો તો હુઝૂર ﷺ થી તેનો ઉલ્લેખ કર્યો. આપે ફર્માવ્યું, એમાં વાંધો નથી કે એ દિવસના ભાવથી એ લઈ લો જ્યાં સુધી કે તમે આ રીતે અલગ ન થાવ કે તમારી વચ્ચે કાંઈક બાકી રહ્યું હોય.[૩]"

(તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, દારમી)

૧. نقيع નૂન તથા ક़ાફથી. મદીના મુનવ્વરાની પાસે એક જગા હતી જેમાં બજાર હતું અને મેળો લાગ્યા કરતો હતો. અને એક ચરાગાહનું નામ પણ છે જે મદીના મુનવ્વરાથી વીસ કોસ દૂર છે. અહીં પ્રથમ અર્થ મુરાદ છે.

★ સહાબાનું હુઝૂર ﷺની મૌજૂદગીમાં ઈજતેહાદ કરવાની સાબિતી ★

૨. આપનો આ અમલ પોતાના ઈજતેહાદથી હતો. આપે ખયાલ કર્યો કે દા.ત. દિરહમ એક દીનાર જ છે અને એક દીનાર દસ દિરહમ જ છે. દિરહમના બદલામાં દીનાર લેવા જાણે કે દિરહમ જ લેવું છે. જાણવા મળ્યું કે **સહાબાએ કિરામ નબવી જમાનામાં હુઝૂરે અન્વર ﷺની પાસે રહીને પણ ઈજતેહાદ કરતા હતા. એ પણ જાણવા મળ્યું કે ચકીન પર કુદરત હોવા છતાં પણ ગુમાન પર અમલ જાઈઝ છે.** *(મિર્કાત)*

૩. એટલે કે તમારો આ અમલ બે શર્તોથી જાઈઝ છે : **એક** તો દિરહમ તથા દીનારના વર્તમાન ભાવનો એતબાર થશે. તેમના ભાવો બદલાતા રહે છે. આપણે ત્યાં પણ એક જમાનામાં અશરફી પંદર વીસ રૂપિયાની હતી પછી વધતાં વધતાં એંસી નેવુ સુધી પહોંચી ગઈ. **બીજી** શર્ત એ છે કે બંનેવ પક્ષો બંનેવ બદલાઓ પર કબજો કર્યા વિના ન હટે. કેમ કે અશરફીના બદલામાં ચાંદીના દિરહમ લેવા અથવા એનાથી ઉલ્ટુ બયએ સરફ છે. અને બયએ સરફમાં જો જાતીઓ વિવિધ હોય તો વધારો જાઈઝ, પણ ઉધાર હરામ છે સારાંશ કે તેને અલગ સોદો ઠરાવવામાં આવ્યો અને એના પર બયએ સરફના હુકમો લાગુ કરવામાં આવ્યા.

"હઝરત અદાઅ ઈબ્ને ખાલિદ ઈબ્ને હૌઝાથી[૧] રિવાયત છે. તેમણે એક લખાણ કાઢયું કે આ તે છે જે અદાઅ ઈબ્ને ખાલિદ ઈબ્ને હૌઝાએ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ થી ખરીદયું. હુઝૂર ﷺ થી ગુલામ કે લૉંડી ખરીદી જેમાં ન કોઈ અયબ છે ન ફસાદ ન કોઈ ખરાબી[૨] મુસલમાનની મુસલમાનથી બયઅ.[૩]" (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.[૪]"

★ હદીષ : (૩૯)-૨૮૭૨ ★

وَعَنِ الْعَدَّاءِ بْنِ خَالِدِ بْنِ هَوْذَةَ أَخْرَجَ كِتَابًا: هَذَا مَا اشْتَرَى الْعَدَّاءُ بْنُ خَالِدِ بْنِ هَوْذَةَ مِنْ مُحَمَّدٍ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ اشْتَرى مِنْهُ عبدا أَو أمة لَا دَاءَ وَلَا غَائِلَةَ وَلَا خِبْثَةَ بَيْعَ الْمُسْلِمِ الْمُسْلِمَ. رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ

૧. આપ કબીલા બની રબીઆથી છે. બસરાના ગામડામાં રહેતા હતા. ગઝવએ હુનૈન પછી ઈમાન લાવ્યા. સહાબી છે પણ આપનાથી આ જ એક હદીષ નકલ થયેલ છે.

★ ખરીદ વેચાણ નબી વલીથી હોય તો શરઈ હુકમો જરૂર લાગશે ★

૨. એટલે કે ન કોઈ એમાં બીમારી છે : પાગલપન, રકતપિત્ત, કોઢ વગેરે, અને ન કોઈ બુરી આદત : ઝિના, ચોરી, શરાબખોરી વગેરે, ન નફરતવાળી કોઈ ચીજ : જેમ કે હરામી હોવું વગેરે. ગાઈલા તે અયબ કહેવાય છે જે ક્યારેક તબાહીનો સબબ બને છે. ખુલાસો એ છે કે આ ગુલામ જાહેરી તથા છુપા અયબોથી પાક છે. એનામાં એવી કોઈ ખરાબી નથી જેનાથી ખરીદનારને **ખિયારે અયબ** છે. આ લખાણમાં એ તરફ નિર્દેશ છે કે ખરીદ વેચાણ ભલે વલી બલ્કે નબીથી હોય તેના પર શરઈ હુકમો જરૂર લાગુ થશે અને કસમનું લખાણ તેની શાનની વિરૂધ્ધ ન થશે. એ પણ જાણવા મળ્યું કે કાનૂનની રૂએ બયઅનામુ (સોદાનુ લખાણ) વેપારી તરફથી હોવું જોઈએ. રબ તઆલા ફર્માવે છે : وَلْيُمْلِلِ الَّذِىْ عَلَيْهِ الْحَقُّ (અને જે વાત પર હક્ક આવે છે તે લખાવતો જાય. સૂ. બકરહ, ૨/૨૮૨) પરંતું ખરીદાર તરફથી પણ ખરીદનામુ થઈ શકે છે કે એમાં પણ સાવધાની છે.

૩. એટલે કે આ એવું ખરીદ વેચાણ છે જેવું મુસલમાનનું મુસલમાન સાથે થાય છે, કે મુસલમાન પોતાના

મુસલમાન ભાઈનો શુભેચ્છક હોય છે. તેને ધોકો નથી આપતો, નહીં તો આ સોદો મુસલમાનનો નબી સાથે હતો ન સામાન્ય મુસલમાન સાથે. યાદ રાખશો કે નબી લુગ્વી (શાબ્દિક) મો'મિન તથા મુસ્લિમ હોય છે ન કે ઈસ્તેલાહી. ઈસ્તેલાહ (શરઈ બોલી)માં તો એ અયને ઈમાન છે કે તેમને માનવાથી માણસ મો'મિન બને છે. એટલા માટે બયએ મન્સૂબ છે કે કાફ તશબીહે પોશીદા છે.

૪. કેમ કે તેની અસ્નાદમાં એબાદ છે જે ઝઈફ છે. તેમના બારામાં મુહદ્દિષો કહે છે : لَيْسَ بِشَيْءٍ યાદ રાખશો કે નબી કરીમ ﷺએ હિજરતથી પહેલાં ખરીદ વેચાણ કર્યું છે પણ હિજરત બાદ ખરીદી ખૂબ જ ઓછી કરી છે.

(અશિઅ્હ તથા લમ્આત)

લીલામ થકી સોદો કરવાની સાબિતી

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ એક કંબલ તથા પ્યાલો લીલામ કર્યો[૧] તો ફર્માવ્યું, આ કંબલ તથા પ્યાલાને કોણ ખરીદે છે ? એક બોલ્યા, હું એને એક દિરહમમાં લઉં છું. તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું, કોણ એક દિરહમ પર વધારે છે ? બીજા સાહબે બે દિરહમ હાજર કર્યા તો તેમના હાથે વેચી નાખ્યાં.[૧]''

(તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૪૦)-૨૮૭૩ ★

وَعَنْ أَنَسٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَاعَ حِلْسًا وَقَدَحًا فَقَالَ: «مَنْ يَشْتَرِي هَذَا الحلس والقدح؟» فَقَالَ رجل: آخذهما بِدِرْهَمٍ. فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ يَزِيدُ عَلَى دِرْهَمٍ؟» فَأَعْطَاهُ رَجُلٌ دِرْهَمَيْنِ فَبَاعَهُمَا مِنْهُ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

૧. حلس તે મોટુ કંબલ છે જે ઊંટ પર રાખવામાં આવે અથવા ફલોર (ફર્શ) પર બિછાવવામાં આવે. નાનુ કંબલ જે એક માણસ જ ઓઢી શકે كساء (કસાઅ) કહેવાય છે. એ બંનેવ ચીજો હુઝૂરે અન્વર ﷺની પોતાની ન હતી બલ્કે એક ફકીર તથા મિસ્કીનની હતી જે હુઝૂરે અન્વર ﷺ પાસે કાંઈક માગવા માટે આવ્યો હતો. હુઝૂરે અન્વર ﷺએ તેને ભીખથી બચાવી લીધો. તેની બે ચીજો લિલામ કરીને તેને કામે લગાડી આપ્યો.

★ મના વેપારોના મસાઈલ ★

૨. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે લીલામ જાઈઝ છે, જેને અરબીમાં ''બયએ મન યઝીદ'' કહે છે. **બીજુ** એ કે એકના ભાવ પર બીજો માણસ ભાવ લગાડી શકે છે જ્યારે પહેલો ભાવ નક્કી ન થઈ ગયો હોય. જે હદીષોમાં ભાવ પર ભાવ લગાડવાથી મના કરી દેવામાં આવ્યું છે ત્યાં ભાવ નિશ્ચિત થઈ ચૂક્યા બાદ મુરાદ છે. **ત્રીજુ** એ કે કોઈની ચીજ બીજો માણસ વકીલ બનીને વેચી શકે છે. **ચોથુ** એ કે બયએ તઆતી એટલે ફક્ત લેણ દેણથી જાઈઝ છે. ભલે મોંથી ઈજાબ તથા કબૂલ ન થાય.

★ હુઝૂર ﷺ આપણી જાન માલના માલિક ★

પાંચમુ એ કે **હુઝૂરે અન્વર ﷺ આપણી જાન તથા માલના માલિક** છે કે આપણી ચીજ આપણી રઝામંદી વિના વેચી શકે છે, કેમ કે તે સહાબી હુઝૂર ﷺથી માગવા માટે આવ્યા હતા, ન કે ચીજ વેચાવવા, પણ હુઝૂર ﷺએ તેમને પૂછયા વિના તેમની ચીજો લીલામ કરી આપી. કુર્આન શરીફ ફર્માવી રહ્યું છે કે મુસલમાનને હુઝૂર ﷺના મુકાબલામાં પોતાની જાન તથા માલનો કોઈ અખત્યાર નથી. જેનો જેની સાથે ચાહે નિકાહ કરી

આપે. ફર્માવે છે : وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ (અને કોઈ મુસલમાન પુરૂષ ન મુસલમાન સ્ત્રીને પહોંચે છે કે જ્યારે અલ્લાહ વ રસૂલ કાંઈક હુકમ કરી આપે તો તેમને પોતાના મામલાનો કાંઈ અખ્તયાર રહે... સૂ. અહ્ઝાબ, ૩૩/૩૬)

(વિભાગ : 3) الفصل الثالث

અયબદાર ચીજ જાહેર કર્યા વિના વેચનારથી અલ્લાહ નારાજ

★ હદીષ : (૪૧)-૨૮૭૪ ★

عَنْ وَاثِلَةَ بْنِ الْأَسْقَعِ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يَقُول: «من بَاعَ عَيْبا لَمْ يُنَبِّهْ لَمْ يَزَلْ فِي مَقْتِ اللَّهِ أَوْ لَمْ تَزَلِ الْمَلَائِكَةُ تَلْعَنُهُ» . رَوَاهُ ابْنُ مَاجَه

''હઝરત વાષિલા ઈબ્ને અસ્ક઼અ رضی اللہ عنہ થી[1] રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે ***જે અયબદાર ચીજ વેચે જેના પર માહિતગાર ન કરે તો તે અલ્લાહ તઆલાની નારાઝગીમાં રહેશે અથવા ફરિશ્તા તેના પર લઅનત કરતા રહેશે.[2]''*** *(ઈબ્ને માજહ)*

૧. આપના ઈસ્લામના (લાવવાના) સમયમાં મતભેદ છે. અમુક કહે છે કે ગઝવએ તબૂકની તૈયારી વખતે ઈમાન લાવ્યા. અમુક કહે છે કે એનાથી પહેલાં લાવી ચૂક્યા હતા, બલ્કે અસ્હાબે સુફ્ફામાંથી હતા. ત્રણ વરસ હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં રહ્યા. ૯૮ થી ૧૦૦ વરસની ઉમરમાં દમિશ્ક઼માં વફાત પામ્યા. આપ દમિશ્ક઼ના અંતિમ સહાબી છે. *(અશિઅ્હ)*

★ ધોકો આપવો મોમિનની શાન નથી ★

૨. عَيِّبٌ અથવા તો ઙના શદ તથા ઝેરથી છે, સિફતે મુશ્બહ અથવા ઙના જઝમથી મસ્દર. જો મસ્દર છે તો અતિશયોક્તિ માટે ઈશાદ થયો. એટલે જે **અયબદાર ચીજને વેચે તે જાણે સરાપા અયબ વેચી રહેલ છે, અયબનો વેપારી છે. આ જુર્મ પર આટલી સખત સજા એટલા માટે છે કે ધોકો આપવો મો'મિનની શાનની વિરૂધ્ધ છે, ન મો'મિનને ધોકો આપે ન કાફિરને. આ શરઈ, કૌમી, મુલ્કી જુર્મ છે.**

باب
(પ્રકરણ[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. આ પ્રકરણમાં મના વેપારોના વિશે વિવિધ હદીષો વર્ણન થશે એટલા માટે એનો તર્જુમો નિશ્ચિત ન કર્યો. એટલે વિવિધ હદીષોનું પ્રકરણ જેમાં વિવિધ મના વેપારોનું વર્ણન છે.

★ હદીષ : (૧)-૨૮૭૫ ★

عَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ ابْتَاعَ نَخْلًا بَعْدَ أَنْ تُؤَبَّرَ فَثَمَرَتُهَا لِلْبَائِعِ إِلَّا أَنْ يَشْتَرِطَ الْمُبْتَاعُ وَمَنِ ابْتَاعَ عَبْدًا وَلَهُ مَالٌ فَمَالُهُ لِلْبَائِعِ إِلَّا أَنْ يَشْتَرِطَ الْمُبْتَاعُ» . رَوَاهُ مُسلم وروى الْبُخَارِيّ الْمَعْنى الأول وَحده

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે શખ્સ થીંગડુ લગાડયા બાદ ખજૂરનું ઝાડ ખરીદે[૧] તો તેનાં ફળ વેચનારનાં થશે. હા ! પણ ખરીદનાર શર્ત લગાડે.[૨] અને જે કોઈ એવો ગુલામ ખરીદે જેની પાસે માલ હોય[૩] તો તેનો માલ વેચનારનો થશે. હા ! પણ એ કે ખરીદનાર શર્ત લગાડે.[૪] (મુસ્લિમ) બુખારીએ કેવળ પ્રથમ શર્ત વર્ણવી.''

૧. ખજૂરની તાબીરનો અર્થ અમે બાબુલ એઅ્તેસ઼ામમાં વર્ણવી ચૂક્યા છીએ કે નર ખજૂરની ડાળી માદા ખજૂરમાં લગાડવી જેથી ફળ સારાં અને વધારે આવે. અહીં મુરાદ છે તાબીર પછી ફળોનું લાગી જવું. જેમ કે આગલા લખાણથી જાહેર છે જો તાબીર થઈ ચૂકી છે પણ હજી ફળ અથવા અધકચરાં થઈ ચૂક્યાં હોય.

૨. ઈમામ માલિક તથા શાફઈ رحمۃ اللہ علیہما ને ત્યાં તાબીરવાળાં ફળદાર ઝાડનાં ફળ ખરીદનારનાં થશે અને જો વેપારી શર્ત કરી લે તો તેનાં થશે. આપણે ત્યાં ગમે તેમ ફળ વેપારીનાં છે. આપણે ત્યાં તાબીરથી મુરાદ ફળદાર થઈ જવું છે. જો ઝાડ ફળદાર નથી તો ભલે તાબીર થઈ ચૂકી હોય હુકમ પણ એ નથી. ઈબ્ને અબી લયલાને ત્યાં ગમે તેમ પણ ખરીદારનાં છે કે ઝાડના તાબે છે.

૩. એટલે કે ગુલામ માઝૂન (એ ગુલામ જેની લાયકાતના કારણે માલિકે તેને જાઈઝ અને મુમ્કિન બાબતનો અખત્યાર આપ્યો હોય.) હતો જેને વેપારની ઈજાઝત તેના માલિકે આપી રાખી હતી એના કારણે તેની પાસે માલ ભેગો થઈ ગયો હતો. હવે એને વેચવામાં આવ્યો તો માલ કેમ કે માલિકનો હતો તે એનો જ રહેશે. અહીં માલની નિસ્બત ગુલામની તરફ કબજાની નિસ્બત છે ન કે માલિકીપણાની. તે માલ હતો માલિકનો પણ ગુલામના કબજામાં હતો.

૪. એટલે કે જો ખરીદનાર કહે કે હું આ ગુલામ તેના માલ સાથે ખરીદુ છું ત્યારે તો માલ ખરીદનારનો, નહીં તો વેચનારનો. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ને ત્યાં વેચાયેલા ગુલામના શરીરનાં કપડાં પણ વેચનારનાં થશે, ત્યાં સુધી કે ખરીદયા પછી ખરીદનાર તેને પોતાનું તેહબંદ પહેરાવે અને વેચનારનું તેહબંદ ઉતારી આપે. (મિર્ક઼ાત) એનાથી જાણવા મળ્યું કે જાનવર ખરીદયું તેની ઝૂલ, સાંકળ, અને અન્ય શરીરનો સામાન વેચનારનો થશે, પણ જો ખરીદનાર

શર્ત લગાડે તો તેનો થશે. યાદ રાખશો કે જો ગુલામની પાસે ચાંદીના રૂપિયા હતા તો તેને રૂપિયા સાથે ખરીદવાના એ જ હુકમો થશે જે બયએ સરફના હોય છે. એટલે જો ખરીદનાર ચાંદીથી ખરીદે તો તેના રૂપિયા કરતાં અધિક રૂપિયા આપે કે જેથી અસલ રૂપિયા રૂપિયાઓના બદલામાં થઈ જાય અને વધારો ગુલામના બદલામાં, કેમ કે આ ખરીદી કેવળ ગુલામની નથી ચાંદી તથા ગુલામની છે.

★ હદીષ : (૨)-૨૮૭૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ: أَنَّهُ كَانَ يَسِيرُ عَلَى جَمَلٍ لَهُ قد أعيي فَمَرَّ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِهِ فَضَرَبَهُ فَسَارَ سَيْرًا لَيْسَ يَسِيرُ مِثْلَهُ ثُمَّ قَالَ: «بِعْنِيهِ بِوُقِيَّةٍ» قَالَ: فَبِعْتُهُ فَاسْتَثْنَيْتُ حُمْلَانَهُ إِلَى أَهْلِي فَلَمَّا قَدِمْتُ الْمَدِينَةَ أَتَيْتُهُ بِالْجَمَلِ وَنَقَدَنِي ثَمَنَهُ وَفِي رِوَايَةٍ فَأَعْطَانِي ثَمَنَهُ وَرَدَّهُ عَلَيَّ. مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي رِوَايَةٍ لِلْبُخَارِيِّ أَنَّهُ قَالَ لِبِلَالٍ: «اقْضِهِ وَزِدْهُ» فَأَعْطَاهُ وَزَادَهُ قِيرَاطًا

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે આપ એક ઊંટ પર સફર કરી રહ્યા હતા જે થાકી ગયું હતું. એની પર નબી કરીમ ﷺ પસાર થયા તો તેને માર્યું તો એવી ગતિએ ચાલવા લાગ્યુ કે એવું કદી ન ચાલ્યુ હતું.[૧] પછી હુઝૂરે ફર્માવ્યું, એને મારા હાથે એક ઔકિયામાં વેચી દો[૨] મેં વેચી આપ્યું પણ મારા ઘર સુધી તેની સવારીની શર્ત રાખી[૩] પછી જ્યારે હું મદીના આવ્યો તો હુઝૂર ﷺ ની પાસે ઊંટ લાવ્યો. હુઝૂરે અન્વર ﷺ એ મને તેની કિંમત રોકડ આપી અને એક રિવાયતમાં છે કે એની કિંમત અતા કરી અને ઊંટ પણ પરત આપી દીધું[૪] (મુસ્લિમ, બુખારી) અને બુખારીની એક રિવાયત છે કે આપે હઝરત બિલાલને ફર્માવ્યું કે તેમને કિંમત અદા કરી આપુ, કાંઈક વધારે પણ આપી દઉં, તો તેમણે એક કિરાત વધુ આપ્યા.[૫]''

૧. આ હુઝૂરે અન્વર ﷺનો મોજિઝો છે. જાણવા મળ્યું કે તેમનો હાથ જોર વિનાનાઓનું જોર છે, બેસહારાઓનો સહારો છે. આજે પણ જે કમજોર પર હુઝૂર ﷺ નિગાહે કરમ ફર્માવી દે તે શક્તિવાન બની જાય. (શેઅર) : تو مرا دل دہ و دلیری بیں — روبہ خویش خوان وشیری بیں

''યા રસૂલલ્લાહ ! ﷺ મને તમે દિલ બખ્શો, પછી મારી બહાદુરી જુઓ, મને તમારી બિલાડી બનાવી દો પછી મારી શેરી (સિંહ જેવી હિંમત) જુઓ.''

૨. أُوقِيه (ઔકિયા) અલિફના પેશ અથવા ઝબરથી. ચાલીસ દિરહમનો થાય છે. પણ વકિયા અલિફ વિના ક્યારે ઔકિયાના સમાનઅર્થી થાય છે અને કદી સાત મિષ્કાલનો થાય છે. તેનું બહુવચન أواقِيّ, (વકાયા) છે, જેમ કે خطيئه નું બહુવચન خطايا અને وقيه,નું બહુવચન اوَاقٍ, છે. જેમ કે اعجوبه નું બહુવચન اعاجيب. એનાથી જાણવા મળ્યું કે માલવાળાને તેનો માલ વેચવા પ્રોત્સાહિત કરવો જાઈઝ છે. *(મિર્કાત)*

૩. આ હદીષના આધારે ઈમામ અહમદે જાનવરનો સોદો એ શર્તે જાઈઝ રાખ્યો કે વેચનાર તેના પર પોતાના માટે સવાર થવાની શર્ત લગાડી શકે છે. ઈમામ માલિક رحمۃ اللہ علیہ ને ત્યાં થોડા અંતર સુધી સવારીની શર્ત રાખવી જાઈઝ છે, કેમ કે એ મોકા પર મદીના મુનવ્વરા નજીક હતું, પરંતું ઈમામે આ'ઝમ તથા શાફઈને ત્યાં આ શર્ત મુત્લકન નાજાઈઝ છે કેમ કે બીજી હદીષોમાં શર્તી સોદાથી મના કરવામાં આવી છે. આ હદીષના વિશે એ બંને બુઝુર્ગોએ અમુક વાતો રજૂ કરી : **એક** એ કે એ શર્ત સોદામાં સામેલ ન હતી બલ્કે સોદા પછી ઉછીના પેટે તે ઊંટ

લેવામાં આવ્યું, જેવું કે અમુક રિવાયતોમાં છે. **બીજુ** એ કે આ શર્ત હઝરત જાબિરે રજૂ નથી કરી બલ્કે હુઝૂરે અન્વર ﷺએ છૂટની રીતે અર્પણ કરી. જેમ કે આજકાલ અમુક વેપારી કમિશન અથવા ઈનામી બોન્ડ પર ચીજો વેચે છે કે એ શર્તો ખુદ પોતાના તરફથી લગાડે છે અથવા પોસ્ટ ઓફીસનું તંત્ર પત્રો, ટિકિટો, કવરો એ શર્ત પર વેચે છે કે અમે માલ મંઝિલ પર પહોંચાડી આપીશું. **ત્રીજુ** એ કે સોદાના સ્વરૂપમાં હતુ, હક़ીક़તમાં ન હતું. જેમ કે આગળ આવી રહ્યું છે કે હુઝૂરે અન્વર ﷺએ જાબિરને રકમ પણ અર્પણ કરી આપી અને ઊંટ પણ આપી દીધું.

(લમ્આત તથા મિર્ક़ાત)

૪. આ વાક્યએ આ વેપારની સ્થિતિ બતાવી દીધી કે શબ્દ "બયએ શરાઅ"ના હતા પણ હક़ીક़ત અતાની હતી.

૫. ક़िરાત અડધા દાનિક़ને કહે છે, દાનિક़ ૧/૩ દિરહમ છે, જેથી ક़िરાત દિરહમનો છઠ્ઠો હિસ્સો થયો. આ ક़िરાત હઝરત જાબિરને કિંમતથી અલગ આપવામાં આવ્યો હતો જેને હઝરત જાબિર હમેશાં પોતાની પાસે રાખતા હતા અને ખર્ચ કરતા રહેતા હતા, ત્યાં સુધી કે યઝીદ ઈબ્ને મુઆવિયહના જમાનામાં હુર્રાના પ્રસંગે જ્યારે યઝીદી ફોજે હઝરત જાબિરનો માલ લૂંટયો તો એ ક़िરાત પણ છીનવી લીધો. (મિર્ક़ાત) આ હદીષથી જાણવા મળ્યું કે કરજની અદાયગી તથા હક્ક़ોની અદાયગીનો વકીલ બનાવવું પણ જાઈઝ છે, અને હક્ક़ કરતાં કાંઈક વધારે આપવું પણ જાઈઝ છે. આ વધારો વ્યાજ ન હતો. વ્યાજની સ્થિતિ કાંઈક ઔર હોય છે.

★ હદીષ : (3)-૨૮૭૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ قَالَتْ: جَاءَتْ بَرِيرَةُ فَقَالَتْ: إِنِّي كَاتَبْتُ عَلَى تِسْعِ أَوَاقٍ فِي كُلِّ عَامٍ وُقِيَّةٌ فَأَعِينِينِي فَقَالَتْ عَائِشَةُ: إِنْ أَحَبَّ أَهْلُكِ أَنْ أَعُدَّهَا لَهُمْ عُدَّةً وَاحِدَةً وَأُعْتِقَكِ فَعَلْتُ وَيَكُونُ وَلَاؤُكِ لِي فَذَهَبَتْ إِلَى أَهْلِهَا فَأَبَوْا إِلَّا أَنْ يَكُونَ الْوَلَاءُ لَهُمْ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «خُذِيهَا وَأَعْتِقِيهَا» ثُمَّ قَامَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي النَّاسِ فَحَمِدَ اللَّهَ وَأَثْنَى عَلَيْهِ ثُمَّ قَالَ: «أَمَّا أبعد فَمَا بَالُ رِجَالٍ يَشْتَرِطُونَ شُرُوطًا لَيْسَتَ فِي كِتَابِ اللَّهِ مَا كَانَ مِنْ شَرْطٍ لَيْسَ فِي كِتَابِ اللَّهِ فَهُوَ بَاطِلٌ وَإِنْ كَانَ مِائَةَ شَرْطٍ فَقَضَاءُ اللَّهِ أَحَقُّ وَشَرْطُ اللَّهِ أَوْثَقُ وَإِنَّمَا الْوَلَاءُ لِمَنْ أَعْتَقَ»

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત બરીરા આવ્યાં. બોલ્યાં કે હું નવ ઔક़िયા પર મકાતિબા થઈ ગઈ છું. દરેક હાલતમાં એક ઔક़िયા[૧] આપ મારી સહાય કરો. તો હઝરત આઈશાએ કહ્યું, જો તમારા માલિક એ પસંદ કરે હું એમને બધા રૂપિયા એકદમ ગણી આપુ અને તમને આઝાદ કરું અને તમારી વિલા મારા માટે રહે[૨] તે પોતાના માલિકોની પાસે ગયાં, તેમણે એનો ઈન્કાર કર્યો પણ એ કે વિલા એમના માટે હોય[૩] એના પર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે એને લઈ લો અને આઝાદ કરી દો[૪] પછી રસૂલુલ્લાહ ﷺએ લોકોના મજમામાં (ઉભા રહ્યા) ક़યામ કર્યો ઉભા રહ્યા, અલ્લાહની હ़મ્દો ષના કરી[૫] પછી ફર્માવ્યું, હમ્દો ષના બાદ, લોકોનો શો હાલ છે કે પોતાની શર્તો લગાડે છે જે અલ્લાહની કિતાબમાં નથી[૬] જે શર્ત પણ એવી હોય જે અલ્લાહની કિતાબમાં નથી તે બાતિલ છે. ભલે સો શર્તો હોય[૭] જેથી અલ્લાહનો ફૈસલો અમલને પાત્ર છે અને અલ્લાહની શર્ત ઘણી જ મજબૂત છે. વિલા તેના જ માટે છે જે આઝાદ કરે.[૮]" (મુસ્લિમ, બુખારી)

૧. હઝરત બરીરા બરવઝને કરીમા મશહૂર સહાબિયા છે. પહેલાં એક યહૂદીનાં લોંડી હતાં, પછી હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا નાં લોંડી બન્યાં. આપની માલિકીમાં આઝાદ થયાં કે યહૂદીએ આપને મકાતિબા કર્યાં હતાં પછી હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا એ ખરીદી લીધાં. (અશિઅ્હ) ઔક़િયાની તેહક़ીક़ પહેલાં થઈ ચૂકી છે. 'મકાતિબ' તે ગુલામ છે જેને માલિક કહી આપે કે આટલી રકમ મને આપી દે તો આઝાદ છે.

૨. એ રીતે કે તું પોતાને કિતાબતનો બદલ અદા કરવાથી મઅઝૂર કરી દે જેનાથી કિતાબત (નક્કી કરેલ રકમ આપવા પર આઝાદ થવાનો કરાર) ખત્મ થઈ જાય પછી હું તને નવ ઔક़િયાના બદલામાં ખરીદીને આઝાદ કરી આપુ, તો તમે મારાં આઝાદ કરેલ લોંડી બનો અને તમારી વિલા મારા માટે હોય. નહીં તો મકાતિબનો સોદો દુરુસ્ત નથી. અને જે મકાતિબની મદદ કરે કે તેની નક્કી કરેલ રકમ અદા કરી આપે તે એનો માલિક નથી થઈ જતો ન વિલા તેને મળે છે.

૩. એટલે બુરૈદાના માલિકો એ કિતાબત ફસ્ખ (રદ) કરવા પર તો રાજી થઈ ગયા, વેચી દેવા માટે પણ રાજી થઈ ગયા પણ વેચાણમાં શર્ત એ લગાડતા હતા કે વિલા એટલે કે વારસાનો હક્ક़ તેમને મળે, આ શર્ત પણ ફાસિદ (ખોટી) હતી એનાથી સોદો પણ ફાસિદ થાત.

૪. આ હદીષના આધારે ઈમામ માલિક અને ઈમામ અહમદ બિન હંબલ મકાતિબનો સોદો જાઈઝ માને છે. તેઓ ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺ એ બરીરા મકાતિબાનો સોદો દુરુસ્ત રાખ્યો, પણ આપણા ઈમામે આ'ઝમ તથા શાફઈ ફર્માવે છે કે મકાતિબની રઝામંદીથી તેનું વેચાણ કિતાબતનો ફસ્ખ છે. જાણે કે મક़ાતિબ પોતાની કિતાબતને ખત્મ કરી રહેલ છે અને પોતાને વેચાવી રહ્યો છે. અહીં એવું જ થયું. અમુક ઈમામોએ આ હદીષના આધાર પર અતકની શર્ત પર સોદાને જાઈઝ રાખ્યો કે અહીં હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا એ આઝાદીની શર્ત પર ખરીદયાં. આપણે ત્યાં આવો સોદો ફાસિદ છે કે આ સોદો શર્તી છે. અહીં વેચનાર અથવા હઝરત બુરૈદાએ એ શર્ત લગાડી હતી, બલ્કે ખુદ ઉમ્મુલ મો'મિનીને આઝાદીની પેશકશ (ઓફર) કરી હતી. એ શર્ત અને ઓફરમાં ફરક છે.

★ વઅઝથી પહેલાં હમ્દો સલાત સુન્નતે સહાબા ★

૫. વઅઝથી પહેલાં હમ્દે ઈલાહી સુન્નતે રસૂલ ﷺ છે અને હમ્દો સલાત બંનેવ પઢવું સહાબાની સુન્નત છે, બંનેવ પઢવું જોઈએ.

★ કિતાબુલ્લાહમાં ન હોય તેવી શરત બાતિલ ★

૬. કિતાબુલ્લાહથી મુરાદ ક્યાં તો લોહે મહફૂઝ છે અથવા સુન્નતે રસૂલ ﷺ અથવા દીને ઈસ્લામ. કેમ કે આ કાયદો الولاء لمن اعتق વિલા આઝાદ કરનારની છે, કુર્આન શરીફમાં મૌજૂદ નથી. અથવા ليس નો અર્થ છે કે આ શર્ત કુર્આની ક़ાયદાના પ્રમાણે નથી. આ સ્થિતિમાં કિતાબુલ્લાહથી મુરાદ કુર્આન શરીફ પણ થઈ શકે છે. *(મિર્ક़ાત)*

૭. આ હદીષ પર ઘણા બધા વાંધાઓ છે એટલા માટે કેટલાક મુહદ્દિષોએ આ આખી હદીષનો જ ઈન્કાર કરી આપ્યો છે. અમુક રિવાયતોમાં એ પણ છે કે اشترطي لهم હે આઈશા ! એમની શર્ત ક़બૂલ કરી લો અને ખરીદી લો. વિલા તમારા માટે જ હશે. આ હદીષ પર નીચે પ્રમાણેના વાંધાઓ ઉઠે છે : (૧) મુકાતિબ ગુલામનો સોદો જે શરઅન નાજાઈઝ છે. (૨) વેચનારની શર્તને સ્વીકારી લેવી એ શર્તી સોદો થયો, એ પણ ફાસિદ છે. (૩) આઝાદીના

શર્તે સોદો એ પણ ફાસિદ છે. (૪) વેચનારને ધોકો આપવો કે તેની વિલાની શર્ત મંજૂર કરી લેવી જ્યારે વિલા તેને ન મળે બલ્કે ખરીદનારને મળે. એ કેવી રીતે શક્ય છે કે હુઝૂર ﷺ એ ચીજોની ઈજાઝત આપે. અમુક શરહકર્તાઓએ આ હદીષને દુરુસ્ત માની પણ واشترطي لَهُمُ લામ علىના અર્થમાં લીધો અને અર્થ એ કર્યો કે તેમની વિરૂધ્ધ શર્ત લગાડી લો કેમ કે વિલા તેની થશે, જેમ કે وَمَنْ اَسَاءَ فَلَهَا માં લામ علىના અર્થમાં છે પણ સહીહ વાત એ છે જે અહીં મિર્કાતે ફર્માવી કે અરબ શરીફ આ પ્રકારની શર્તી સોદાઓનો આમ રિવાજ હતો. આ રિવાજને તોડવાના માટે નબી કરીમ ﷺએ હુઝૂર ﷺએ હુઝૂર ﷺએ આઈશા સિદ્દીકાને આ સોદાની ખાસ ઈજાઝત આપી દીધી જેથી ભાવિમાં આ સોદાનો ક્રમ જ ખત્મ થઈ જાય. હવે એવો સોદો જાઈઝ નથી જેવી રીતે હુઝૂરે અન્વર ﷺએ હજ્જતુલ વિદાઅમાં હજના એહરામને ઉમરામાં તબદીલ કરાવી આપ્યો કે જેથી એ અકીદો ખત્મ થઈ જાય કે હજ્જના જમાનામાં ઉમરો હરામ છે. એ જ પ્રમાણે અહીં થયું. નહીં તો આ હદીષ જાહેરી અર્થમાં કોઈ મઝહબના મુજબની નથી અને અન્ય સર્વ હદીષોથી વિરૂધ્ધ છે. *(મિર્કાત)*

★ હુઝૂર ﷺનો ફૈંસલો રબનો ફૈંસલો ★

૮. આ ફર્માને આલીથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે હુઝૂર ﷺનો ફૈંસલો રબ તઆલાનો ફૈંસલો છે. જુઓ, આ કાનૂન કે الولاء لمن اعتق વિલા આઝાદ કરનારને મળે છે. હુઝૂર ﷺનો કાનૂન છે છતાં પણ ફર્માવવામાં આવ્યું قضاء الله કેમ ન હોય, રબ તઆલા ફર્માવે છે : مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ (જેણે રસૂલનું આજ્ઞાપાલન કર્યું તેણે અલ્લાહનું આજ્ઞાપાલન કર્યું. સૂરએ નિસાઅ, ૪/૮૦) બીજુ એ કે જો કાફિરો મુસલમાનો સાથે વેપાર કરે તો તેમણે ઈસ્લામી કાનૂનોની પાબંદી કરવી પડશે. જુઓ અહીં વેચનાર યહૂદી છે, પણ કેમ કે ખરીદનાર આઈશા સિદ્દીકા رضی اللہ عنہا છે એટલા માટે એના પર સર્વ ઈસ્લામી કાનૂન લાગુ થઈ ગયા. જેથી કાફિર મુસલમાનના હાથે સુવ્વર અથવા શરાબ નથી વેચી શકતો. આપસમાં કાફિરો આ પ્રકારનો વેપાર કરી શકે છે.

વિલાના વેચાણ તથા ભેટની મનાઈ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ વિલાના વેચાણ તથા ભેટ આપવાથી મના કર્યું[૧]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૨૮૭૮ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ بَيْعِ الْوَلَاءِ وَعَنْ هِبَتِهِ

૧. ولاء وليથી નઝદીકીના અર્થમાં વપરાય છે. **શરીઅતમાં વારસાના હક્કને વિલા કહે છે કે જો ગુલામ લાવારિષ મરી જાય તો તેનો વારસો તેના માલિકને મળે.** કેમ કે વિલા માલ નથી. તેમજ આઝાદ કરનારની સાથે એવી લાઝિમ છે જેવી રીતે કે વંશિક સગાંઓની સાથે. વંશ તબદીલ નથી થઈ શકતો જેથી તેનો સોદો નાજાઈઝ છે. લગભગ સર્વ ઈમામોની એના પર એકમતી છે. જે લોકોએ વિલાનો સોદો અથવા ભેટ આપવું જાઈઝ રાખ્યું તેમને લગભગ આ હદીષ પહોંચી નથી. (નવવી, અશિઅહ, લમ્આત, મિર્કાત)

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૫)-૨૮૭૯ ★

عَنْ مَخْلَدِ بْنِ خُفَافٍ قَالَ: ابْتَعْتُ غُلَامًا فَاسْتَغْلَلْتُهُ ثُمَّ ظَهَرْتُ مِنْهُ عَلَى عَيْبٍ فَخَاصَمْتُ فِيهِ إِلَى عُمَرَ بْنِ عَبْدِ الْعَزِيزِ فَقَضَى لِي بِرَدِّهِ وَقَضَى عَلَيَّ بِرَدِّ غَلَّتِهِ فَأَتَيْتُ عُرْوَةَ فَأَخْبَرْتُهُ فَقَالَ: أَرُوحُ إِلَيْهِ الْعَشِيَّةَ فَأُخْبِرُهُ أَنَّ عَائِشَةَ أَخْبَرَتْنِي أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَضَى فِي مِثْلِ هَذَا: أَنَّ الْخَرَاجَ بِالضَّمَانِ فَرَاحَ إِلَيْهِ عُرْوَةُ فَقَضَى لِي أَنْ آخُذَ الْخَرَاجَ مِنَ الَّذِي قَضَى بِهِ عَلَيَّ لَهُ. رَوَاهُ فِي شَرْحِ السُّنَّةِ

''હઝરત મખ્લદ ઈબ્ને ખુફાલ رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ફર્માવે છે, મેં એક ગુલામ ખરીદયો. મેં તેની આવક વસૂલ કરી લીધી પછી હું તેની એક અયબ પર માહિતગાર થયો[૨] તો મેં તેનો કેસ ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ની ખિદમતમાં પેશ કર્યો. તો આપે મને તેને પરત કરી દેવાનો ફૈસલો આપ્યો અને તેની આવક પરત કરવાનો હુકમ આપ્યો[૩]. પછી હું હઝરત ઉરવાની પાસે ગયો અને તેમને જાણ કરી. તે બોલ્યા, સાંજે હું તેમની પાસે જઈશ અને તેમને બતાવીશ કે હઝરત આઈશા رضی اللہ عنہا એ મને ખબર આપી છે કે નબી કરીમ ﷺ એ આના જેવા કેસમાં ફૈસલો એ કર્યો કે આવક ખર્ચના બદલામાં છે[૪] જેમ કે ઉમરની પાસે ઉરવા ગયા તો તેમણે ફૈસલો કર્યો કે આવક તે શખ્સ પાસેથી પરત લઈ લો જેને આપી દેવાનો હુકમ મને આપ્યો હતો[૫].'' (શર્હે સુન્નહ)

૧. સહીહ એ છે કે મખ્લદ તો તાબઈ છે જેમના થકી કેવળ એક આ જ રિવાયત નક્લ થયેલી છે, પરંતુ તેમના પિતા ખુફાફ અને દાદા ઈયમા બંનેવ સહાબી છે. બની ગફૂફાર કબીલાથી છે. مخلد મીમના ઝબર અને ''ખે''ના જઝમથી છે. خفاف ખુફાફ ''ખે''ના પેશ અને ''ફે''ના ઝબરથી છે. (અશિઅ્હ)

૨. આવકથી મુરાદ ગુલામની કમાઈ છે અને અયબથી મુરાદ તે જૂનો અયબ છે જે વેચનારને ત્યાંથી આવ્યો. શબ્દકોશ (લુગત)માં ગલ્લા એ આવકને કહેવામાં આવે છે જે ખેતર, બાગ, જાનવરથી હાંસલ થાય. દાણા, ફળ, દૂધ, બાળકો, ભાડુ વગેરે અહીંની કમાઈ મુરાદ છે એટલે કે મને ગુલામના અયબની ખબર ત્યારે પડી જ્યારે હું તેની કેટલીક કમાઈ હાંસલ કરી ચૂક્યો.

૩. એટલે કે પહેલાં તો મેં વેચનારને કહ્યું કે ગુલામ પરત લઈ લે, પણ જ્યારે તે રાજી ન થયો તો ખલીફતુલ મુસ્લિમીન હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ની બારગાહમાં કેસ દાખલ કરી આપ્યો કે આ ગુલામને પરત કરાવવામાં આવે, ત્યારે આપે એ ફૈસલો કર્યો કે ગુલામ પરત આપો અને તેની આવક વેચનારના હવાલે કરી દો અને તમારી કિંમત તેનાથી વસૂલ કરો.

૪. આપ હઝરત ઉરવા ઈબ્ને ઝુબેર رضی اللہ عنہ છે. મશહૂર તાબઈ છે. મદીના મુનવ્વરાના સાત ફકીહોમાંથી છે. કુર્શી છે. અસદી છે. હિ.સ. ૨૩માં પેદા થયા. મહાન ફકીહ હતા. આપે ફર્માવ્યું કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ ફૈસલો ગલત કર્યો કે ગુલામની આટલા દિવસની આવક તમારે પરત કરવી નહીં પડે. હું તેમને અર્ઝ કરીશ કે કેમ કે એ સમયમાં ખરીદાર ગુલામ પર ખાવા પીવા વગેરે ખર્ચ પણ કરી ચૂક્યો છે એટલા માટે આવક તેના ખર્ચ તથા ઝમાનતના બદલામાં છે.

★ હાકિમના ફૈંસલાની અપીલ કરવી જાઈઝ ★

૫. એટલે કે હું વેચનારને ગુલામ તથા તેની આવક આપી ચૂક્યો હતો, પછી મને આવક પરત અપાવવામાં આવી. જાણવા મળ્યું કે હાકિમના ફૈંસલાની અપીલ કરવી જાઈઝ છે, ચાહે તેની પાસે કરે અથવા તેનાથી મોટા હાકિમની પાસે કરે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે આવી સ્થિતિમાં ખરીદેલા જાનવરનાં બચ્ચાં, ઊન, દૂધ, ઝાડનાં ફળ વગેરે ખરીદનારનાં થશે, અને અસલ ચીજ પરત થશે. ઈમામ માલિકને ત્યાં જાનવરનાં બચ્ચાં માની સાથે પરત થશે. ઊન, દૂધ પરત ન થશે. આપણે ત્યાં ખરીદનાર પાસે બાળક અથવા ફળની ઉપજથી જાનવર કે ઝાડ પરત ન થઈ શક્શે બલ્કે ખરીદાર અયબની નુકસાની લેશે. આ સાથે ઈમામોની દલીલો ફિક્હની કિતાબોમાં જુઓ. જેમ કે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ આ સાંભળીને પોતાનો પ્રથમ ફૈંસલો પરત લીધો અને હવે એ જ ફૈંસલો કર્યો. જાણવા મળ્યું કે કાઝીનો ફૈંસલો મન્સૂસ (નસવાળા) હુકમની વિરુદ્ધ હોય તો તૂટી જશે.

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત ફર્માવે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે વેચનાર તથા ખરીદનાર લડી પડે[૧] તો વેચનારની વાત વિશ્વાસપાત્ર છે અને ખરીદનારને અખત્યાર છે[૨]. (તિર્મિઝી) અને ઈબ્ને માજહ તથા દારમીની એક રિવાયતમાં આ પ્રમાણે છે કે વેચનાર તથા ખરીદનાર જ્યારે લડી પડે અને ચીજ એવી જ મૌજૂદ હોય અને તેમની વચ્ચે કોઈ ગવાહો હોય નહીં તો ક઼ૌલ તે થશે જે વેચનાર કહે અથવા સોદો પરત કરી લેવામાં આવે[૩]."

★ હદીષ : (૬)-૨૮૮૦ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا اخْتَلَفَ الْبَيِّعَانِ فَالْقَوْلُ قَوْلُ الْبَائِعِ وَالْمُبْتَاعُ بِالْخِيَارِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَفِي رِوَايَةِ ابْنِ مَاجَهْ وَالدَّارِمِيِّ قَالَ: «الْبَيِّعَانِ إِذَا اخْتَلَفَا وَالْمَبِيعُ قَائِمٌ بِعَيْنِهِ وَلَيْسَ بَيْنَهُمَا بَيِّنَةٌ فَالْقَوْلُ مَا قَالَ الْبَائِعُ أَو يترادان البيع»

૧. કિંમતની માત્રામાં ઝઘડે અથવા ખિયારે શર્તમાં, ઉધાર કિંમતની મુદ્દતમાં અથવા સોદાની સિફતમાં, સારાંશ કે કોઈપણ પ્રકારનો ઝઘડો પડી જાય.

૨. આ સ્થિતિમાં ખરીદનાર પોતાના દાવા પર ગવાહ લાવે. જો તેની પાસે ગવાહ ન હોય તો વેચનાર ક઼સમ ખાય પછી હાકિમ ખરીદનારને અખત્યાર આપી દે કે તે ખરીદે અથવા ન ખરીદે.

★ ખરીદેલી ચીજ મૌજૂદ છે અને કિંમતમાં મતભેદ પડવો ★

૩. એના બારામાં અમારો મઝહબ એ છે કે જો ખરીદેલી ચીજ મૌજૂદ છે અને કિંમતમાં મતભેદ થઈ ગયો તો ફૈંસલો ગવાહી પર થશે અને જો ગવાહી બંનેની પાસે હોય તો વધારે કિંમતની ગવાહી માનવામાં આવશે, અને જો કોઈની પાસે ગવાહી ન હોય તો બંનેવ ક઼સમ ખાશે અને સોદો ફસ્ખ (કેન્સલ) થઈ જશે. અને જો કિંમત તથા ખરીદેલ માલ બંનેમાં ઝઘડો છે તો કિંમતના બારામાં વેચનારની ગવાહી ક઼બૂલ થશે અને ખરીદેલ ચીજના વિશે ખરીદનારની, પરંતુ જો મુદ્દત અથવા શર્તે ખિયાર અથવા અમુક કિંમત પર કબજો કરવામાં મતભેદ થઈ જાય તો ક઼સમ કોઈના પર નથી. એ બારામાં જે વિવિધ હદીષો રિવાયત પામેલી છે તે સહીહ નથી, જેથી આ હદીષે મશહૂર પર વિશ્વાસ કરવો જોઈએ કે ગવાહ દાવેદારના માથે છે અને ક઼સમ નકારનાર પર. (અશિઅ્હ)

મુસલમાનનો સોદો કેન્સલ કરવું કબૂલ કરે તેની રબ ગલતીઓ માફ કરી દેશે

★ હદીષ : (૭)-૨૮૮૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَقَالَ مُسْلِمًا أقاله اللَّهُ عَثْرَتَهُ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَفِي «شَرْحِ السُّنَّةِ»بِلَفْظِ «الْمَصَابِيحِ» عَن شُرَيْح الشَّامي مُرْسلا

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે મુસલમાનનો સોદો કેન્સલ કરવું કબૂલ કરે તો અલ્લાહ કયામતના દિવસે તેની ગલતીઓ માફ કરી દેશે[૧].'' (અબૂ દાઉદ, ઈબ્ને માજહ) અને શરહે સુન્નહમાં મસાબીહના શબ્દો ઈરસાલના તરીકાથી શહેર શામીથી રિવાયત કર્યા[૨].''

૧. એટલે કે જો ખરીદ વેચાણ સંપૂર્ણપણે થઈ ગયા પછી ખરીદનાર ચીજ પરત કરવા ચાહે અથવા વેચનાર ચીજ પરત લેવા ચાહે તો જો કે તેમને એ હક્ક તો નથી પણ સામેવાળાએ જોઈએ કે તેને મંઝૂર કરી લે અને સામેવાળા પર મહેરબાની કરે જેના બદલામાં પરવરદિગાર તેની ખતાઓ તથા ગલતીઓ માફ કરશે.

૧. મસાબીહના શબ્દો આ પ્રમાણે છે : مَنْ اَقَالَ مُسْلِمًا صَفْقَةً كَرِهَهَا اَقَالَ اللّٰهُ عَثْرَتَهٗ يَوْمَ الْقِيٰمَةِ આ મસાબીહના લેખક પર વાંધો છે કે તેમણે અહીં અબૂ દાઉદ, ઈબ્ને માજહની રિવાયત મુત્તસિલ (જોડાયેલી) હોવા છતાં મુરસલ રિવાયતનો ઉલ્લેખ કર્યો અને મુત્તસિલને છોડી આપી.

(વિભાગ : 3) الفصل الثالث

જમીનના સોદા સાથે તેનામાંના ખજાનાનો મસ્અલો

★ હદીષ : (૮)-૨૮૮૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى الله عَلَيْهِ وَسلم: " اشْترى رَجُلٌ مِمَّنْ كَانَ قَبْلَكُمْ عَقَارًا مِنْ رَجُلٍ فَوَجَدَ الَّذِي اشْتَرَى الْعَقَارَ فِي عَقَارِهِ جَرَّةً فِيهَا ذَهَبٌ فَقَالَ لَهُ الَّذِي اشْتَرَى الْعَقَارَ: خُذْ ذَهَبَكَ عَنِّي إِنَّمَا اشْتَرَيْتُ الْعَقَارَ وَلَمْ أَبْتَعْ مِنْكَ الذَّهَبَ. فَقَالَ بَائِعُ الْأَرْضِ: إِنَّمَا بِعْتُكَ الْأَرْضَ وَمَا فِيهَا فَتَحَاكَمَا إِلَى رَجُلٍ فَقَالَ الَّذِي تَحَاكَمَا إِلَيْهِ: أَلَكُمَا وَلَدٌ؟ فَقَالَ أَحَدُهُمَا: لِي غُلَام وَقَالَ الآخر: لِي جَارِيَة. فَقَالَ: أَنْكِحُوا الْغُلَامَ الْجَارِيَةَ وَأَنْفِقُوا عَلَيْهِمَا مِنْهُ وَتَصَدَّقُوا "

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમારામાંથી આગલા લોકોમાં એક શખ્સે બીજા પાસેથી જમીન ખરીદી તો જમીનના ખરીદારે પોતાની તે જમીનમાં એક માટલી પામી જેમાં સોનુ ભરેલુ હતુ[૧] તો ખરીદનારે વેચનારને કહ્યું, આટલુ સોનુ મારી પાસેથી લઈ લો, મેં તમારી પાસેથી જમીન ખરીદી હતી સોનુ ખરીદયુ ન હતું. વેચનાર બોલ્યો, મેં તારા હાથે જમીન તથા જે કાંઈ જમીનમાં છે સૌ વેચી આપ્યું[૨]. જેથી તેઓ બંનેવ એક શખ્સની પાસે લઈ ગયા. તો જેને તેમણે પંચ બનાવ્યો હતો તે બોલ્યો[૩], કહ્યું : તમારા બંનેની ઔલાદ છે ? તો એમનામાંથી એક બોલ્યો કે મારે પુત્ર છે. તો બીજો બોલ્યો, મારી પુત્રી છે. પંચે કહ્યું, છોકરાના છોકરી સાથે નિકાહ કરી દો અને તેમના પર ખર્ચ કરો અને બચેલુ ખૈરાત કરી દો[૪].'' (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે જ્યારે ખરીદારે એ જમીનમાં કૂવો કે પાયો ખોદયો તો તેમાં દફન થયેલો ખજાનો પામ્યો. ખાણ તથા ખજાનો મળી જવાના હુકમો ફિક્હની કિતાબોમાં જુઓ.

૨. سبحان الله ! કેવા ઈમાનદાર લોકો હતા. ખરીદાર કહી રહ્યા છે કે મેં કેવળ જમીન ખરીદી છે, અને આ સોનું જમીનમાં નથી, એ તારું છે. વેચનાર કહે છે કે જમીનના વેચાણમાં તેના અંદરની સર્વ ચીજો વેચાય જાય છે. જેમ કે તેની અંદરનું પાણી, ખાણ વગેરે, જેથી આ સોનુ પણ વેચાઈ ગયું અને જમીનની જેમ તેનો પણ તું જ માલિક થઈ ગયો.

૩. જાહેર એ છે કે એ શખ્સ હુકૂમતનો નિયુક્ત કરેલો હાકિમ ન હતો બલ્કે તેમનો નિયુક્ત કરેલો પંચ હતો, અને શક્ય છે કે હાકિમ જ હોય. મિર્કાતે ફર્માવ્યું કે અમુક મુહદ્દિષોના ખયાલમાં એ હાકિમ દાઉદ عليه السلام હતા. અલ્લાહ બેહતર જાણનાર છે.

★ ક़ાઝી તથા હાકિમ શક્ય રીતે બંને પક્ષમાં સમાધાન કરાવે ★

૪. وَتَصَدَّقُوْا અથવા اَنْفِقُوْا નું બયાન છે અથવા અલગ હુકમ. એટલે કે એ છોકરાંઓ પર સર્વ ખર્ચ કરો જેમાં સદક़ાનો સવાબ મળશે. અથવા અમુક તેમના પર ખર્ચ કરો, અમુક ફક़ીરો (ગરીબો) પર. (હાશિયા મિશ્કાત) યાદ રાખશો કે દફન થયેલ ખજાનાના આ હુકમો આપણા દીનમાં નથી. આપણે ત્યાં છુપો ખજાનો જો કાફિરોને ત્યાં છે તો તેનો અલગ હુકમ છે, અને જો મુસલમાનનો છે તો જુદો હુકમ છે. રહ્યો એ ફૅંસલો કે કોની જમીનમાં છુપાવેલ ખજાનો છે એ નિશાનીથી નક્કી કરવામાં આવશે. વિગતવાર જાણવા ફિક્હની કિતાબોમાં જુઓ. આ હદીષથી જાણવા મળ્યું કે ક़ાઝી તથા હાકિમ શક્ય ત્યાં સુધી બંને પક્ષમાં સુલહની કોશિશ કરે અને તેમને સારી વાતનો હુકમ કરે.

બાબુસ્સલમ વર્રહન[૧] باب السلم والرهن
સલમ (ઉધાર સોદો) તથા ગીરો વિશે પ્રકરણ

(વિભાગ : ૧) الفصل الاول

૧. سلمનો શાબ્દિક અર્થ તસ્લીમ (સ્વીકાર) એટલે સોંપવું. શરીઅતમાં **સલમ એ છે કે કિંમત હાલમાં આપવામાં આવે અને ચીજ ઉધાર હોય.** આ વેપાર સાત આઠ શરતોથી જાઈઝ છે. કેમ કે આ સોદામાં કિંમત તરત જ સોંપવામાં આવે છે એટલા માટે "સલમ" કહેવાય છે. તેને બયએ સલફ એટલે ઉધારનો સોદો પણ કહે છે. કે ખરીદેલો માલ (ચીજ) એમાં ઉધાર હોય છે. બયએ સલમની સાબિતી કુર્આન શરીફથી પણ છે. રબ તઆલા ફર્માવે છે : اِذَا تَدَايَنْتُمْ بِدَيْنٍ اِلٰى اَجَلٍ مُّسَمًّى فَاكْتُبُوْهُ (જ્યારે એક નિશ્ચિત મુદત સુધી તમે કોઈ કરજની લેણદેણ કરો તો તેને લખી લો. સૂરએ બકરહ, ૨/૨૮૨) અહીં બયએ સલમ મુરાદ મુરાદ છે. "રહન"નો અર્થ છે, حبس એટલે કૈદ કરવું, રોકવું, શરીઅતમાં ગીરો મૂકવાને "રહન" કહે છે. જેની હકીકત એ છે કોઈના હક્કના કારણે પોતાની કોઈ ચીજ હક્કદાર પાસે રાખી દેવામાં આવે કે જ્યારે એ શખ્સ હક્કદારનો હક્ક અદા કરી આપે ત્યારે પોતાની ચીજ પરત લઈ લે. રહન (ગીરો)ની સાબિતી કુર્આન શરીફથી પણ છે, હદીષ શરીફથી પણ છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : فَرِهٰنٌ مَّقْبُوْضَةٌ (તો ગીરો (રહન) હોય કબ્જામાં આપેલુ. સૂરએ બકરહ, ૨/૨૮૩) અને હુઝૂર ﷺએ એક યહૂદીથી કેટલુક કરજ લીધું અને પોતાનું બખ્તર તેની પાસે ગીરો મૂક્યું, ત્યાં સુધી કે હુઝૂર ﷺની વફાતના સમયે તે બખ્તર ગીરો જ હતું જેને જનાબ સિદ્દીકે અકબર رضی اللہ عنہએ છોડવ્યું. (અશિઅહ તથા લમ્આત)

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ મદીના તશરીફ લાવ્યા તો તે લોકો એક વરસ, બે વરસ, ત્રણ વરસ સુધી બયએ સલમ કરતા હતા[૧]. તો હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, જે કોઈ ચીજમાં બયએ સલમ કરે તે નિશ્ચિત માપ પ્રમાણે અને વજન નિશ્ચિતમાં નિશ્ચિત મુદત સુધી સલમ કરે[૨]."

★ હદીષ : (૧)-૨૮૮૩ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَدِمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْمَدِينَةَ وَهُمْ يُسْلِفُونَ فِي الثِّمَارِ السَّنَةَ وَالسَّنَتَيْنِ وَالثَّلَاثِ فَقَالَ: «مَنْ سلف فِي شَيْءٍ فَلْيُسْلِفْ فِي كَيْلٍ مَعْلُومٍ وَوَزْنٍ مَعْلُوم إِلَى أجل مَعْلُوم»

★ ઉધાર સોદો નિશ્ચિત માપ, વજન, સમય સુધી કરે ★

૧. એ રીતે કે દાણા, ફળ વરસ બે વરસના ઉધાર પર ખરીદતા હતા કે કિંમત આજે આપી દીધી અને દાણા તથા ફળ સાલ બે સાલ પછી લઈશું. જાહેર એ છે કે દાણા તથા ફળ એવાં થતાં હતાં જે સાલભર સુધી બજારમાં મળ તાં રહે. કેમ કે બયએ સલમમાં એ શર્ત છે કે તે ચીજ સોદાના સમયથી અદાના સમય સુધી બજારમાં મળતી હતી.

૨. આ હદીષથી **બયએ સલમની ત્રણ શર્તો** જાણવા મળી : **ખરીદેલ ચીજનું વજન માલૂમ હોવું, માપ**

માલૂમ હોવું, અદા કરવાનો સમય નિશ્ચિત હોવો. અહનાફને ત્યાં મુદ્દત નિશ્ચિત હોવું બયએ સલમની શર્ત છે. ઈમામ શાફઈને ત્યાં નથી. જેથી આ હદીષ ઈમામે આ'ઝમની દલીલ છે. બાકી શર્તો ચીજની જાત તથા ખૂબીઓનું માલૂમ હોવું, અદાની જગા નિશ્ચિત હોવી, અદાયગીના સમય સુધી ચીજનું બજારમાં મળવું. બીજી હદીષો તથા દલીલોથી માલૂમ થશે.

કાફિરથી ખરીદ વેચાણ તથા કરજની લેણદેણ જાઈઝ

(مُتَّفَقٌ عَلَيْهِ) ★ હદીષ : (૨)-૨૮૮૪ ★

وَعَنْ عَائِشَةَ قَالَتِ: اشْتَرَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ طَعَامًا من يَهُودِيٍّ إِلَى أَجَلٍ وَرَهَنَهُ دِرْعًا لَهُ مِنْ حَدِيد

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ઉમ્મુલ મુઅમિનીન ﷺ એ એક યહૂદીથી[૧] અનાજ ઉધાર નિશ્ચિત મુદ્દત સુધી માટે ખરીદયું અને પોતાનું લોખંડનું બખ્તર તેની પાસે ગીરો રાખ્યું[૨].''

(મુસ્લિમ, બુખારી)

૧. આ યહૂદીનું નામ અબૂ શહમ હતું, બની ઝફર કબીલાથી હતો. ક્યાં તો એ વખતે કેવળ એની પાસે ફાલતુ જવ હતા, કોઈ સહાબીની પાસે જરૂરતથી અધિક ન હતા, અથવા સહાબા હઝરાત رضوان اللہ تعالیٰ علیہم اجمعین હુઝૂરે અન્વર ﷺથી ગીરો લેવા પર હરગિઝ તૈયાર ન હતા અને ગીરો રાખવું જરૂરી હતું જેથી કરીને ભવિષ્યમાં આ ગીરોના મસાઈલ લોકોને માલૂમ થઈ શકે એટલા માટે યહૂદીથી કરજ લીધું અને તેને ગીરો આપ્યું. હુઝૂરે અન્વર ﷺએ અબૂ શહમથી થોડાક ઉધાર લીધા હતા. જેમ કે બીજી રિવાયતોમાં છે.

૨. આ બનાવ પરથી ઘણા બધા શરીઅતના હુકમો માલૂમ પડયા : કાફિરો સાથે ખરીદ વેચાણ તથા કરજની લેણદેણ જાઈઝ છે, ભલે તેમની આવક એકલી હલાલ નથી. તેઓ શરાબ તથા સુવ્વરનો પણ વેપાર કરે છે, વ્યાજમય કારોબાર પણ કરે છે. દરેક મિશ્ર આવકવાળાનો આ જ હુકમ છે. હુઝૂરે અન્વર ﷺએ દુનિયામાં ઝોહદ તથા કનાઅત અપનાવી. જંગી સામાન કાફિરોને ત્યાં ગીરો રાખવો દુરુસ્ત છે, જંગની હાલતમાં તેમના હાથે શસ્ત્રો વેચવાં મના છે. **ઝિમ્મી કાફિરો પોતાના માલ તથા સંપત્તિના શરીઅતની રૂએ માલિક છે.** ગીરો ઘરમાં પણ દુરુસ્ત છે. કુર્આને કરીમમાં ગીરો રાખવા સંબંધે જે સફરની શર્ત છે કે : وَإِنْ كُنْتُمْ عَلَى سَفَرٍ (અને જો તમે સફરમાં હોવ અને લખનાર ન પામો તો ગીરો હોય કબજામાં આપેલુ. સૂરએ બકરહ, ૨/૨૮૩) આ શર્ત ઈત્તેફાકી છે એહતેરાઝી (એ શર્ત જેના પર તે હુકમનો આધાર હોય) નથી. યાદ રાખશો કે કાફિરોના હાથે કુર્આન શરીફ અથવા મુસલમાન ગુલામ વેચવો મના છે. કરજમાં સમય મર્યાદા નિશ્ચિત હોવી જોઈએ, જેથી ઝઘડો ન થાય. (મિર્કાત)

(مُتَّفَقٌ عَلَيْهِ) ★ હદીષ : (૩)-૨૮૮૫ ★

وَعَنْهَا قَالَتْ: تُوُفِّيَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَدِرْعُهُ مَرْهُونَةٌ عِنْدَ يَهُودِيٍّ بِثَلَاثِينَ صَاعا من شعير. رَوَاهُ الْبُخَارِيّ

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એ હાલતમાં વફાત પામી કે આપનું બખ્તર એક યહૂદીની પાસે ત્રણ સાઅ જવના બદલામાં ગીરો હતું[૧]. '' (બુખારી)

૧. ક્યાં તો તે જ બનાવ છે જે હમણા વર્ણન પામ્યો અથવા એ બીજો બનાવ છે. એ બખ્તર હઝરત અબૂબક્ર

સિદ્દીક़ رضی اللہ عنہ એ છોડાવી લીધું અને હઝરત અલી رضی اللہ عنہ ને આપી દીધું. (મિર્ક़ાત) અને હુઝૂરે અન્વર ﷺ ના સર્વ વાયદા તથા કરજ હઝરત સિદ્દીક़ે અકબર رضی اللہ عنہ એ અદા કર્યા. એ જે રિવાયતમાં આવે છે કે કરજદાર મૈયતની રૂહ કરજથી પહેલાં ફસાયેલી રહે છે, એ એવી સ્થિતિમાં છે કે મૈયતે વિના જરૂરતે કરજ લીધુ હોય અથવા નાજાઈઝ કામના માટે અથવા તેની નિય્યત અદા કરવાની ન હોય. જેથી આ હદીષ પર કોઈ વાંધો નથી. એક સાઅ સાડા ચાર શેરનો થાય છે, તો કુલ ૧૩૫ શેર જવ થયા, એટલે ત્રણ મણ પંદર શેર.

દૂધવાળા જાનવરના ગીરોનો મસ્અલો

★ હદીષ : (૪)-૨૮૮૬ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الظَّهْرُ يُرْكَبُ بِنَفَقَتِهِ إِذَا كَانَ مَرْهُونًا وَلَبَنُ الدَّرِّ يُشْرَبُ بِنَفَقَتِهِ إِذَا كَانَ مَرْهُونًا وَعَلَى الَّذِي يركب وَيشْرب النَّفَقَة» . رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે સવારી ગીરો હોય તો તેના ખર્ચના બદલામાં તેના પર સવાર થઈ શકાય છે, અને જ્યારે જાનવર ગીરો હોય તો તેનું દૂધ ખર્ચના બદલામાં પી શકાય છે[૧] અને સવાર થનાર, દૂધ પીનારાના જિમ્મે ખર્ચ છે[૨]. '' (બુખારી)

૧. જમહૂર ઉલમાની નજીક આ હદીષનો અર્થ એ છે કે માલિક એટલે કરજદાર પોતાની ગીરો ચીજનો ખર્ચ વેઠે અને તેનાથી ફાયદો હાંસલ કરી શકે છે, એટલે ગીરો ભેંસ તથા ઘોડાનો ખર્ચ માલિક એટલે કરજદાર આપશે અને દૂધ તથા સવારીનો કરજદારને જ રહેશે. આ સ્થિતિમાં હદીષ જાહેર છે. અને જો એ મતલબ હોય કે કરજ આપનારો ગીરો પર ખર્ચ કરે અને તેના દૂધ તથા સવારીથી ફાયદો ઉઠાવે તો **વ્યાજની હદીષોથી આ હદીષ મન્સૂખ છે કે જે કરજ નફાનો ઝરીયો હોય તે હરામ છે.** ઈમામ અહમદ તથા ઈસ્હાક આ હદીષના આધારે ફર્માવે છે કે જે કરજ આપનાર ગીરોથી લાભ પણ ઉઠાવે, એના પર ખર્ચ પણ કરે, તેઓ પણ કેવળ સવારી તથા દૂધની ઈજાઝત આપે છે. બાકી નફો હાંસલ કરવો તેમને ત્યાં પણ હરામ છે. તેમનો આ ક़ૌલ ઝઈફ પણ છે અને જમહૂર ઉલમા તથા વ્યાજની હદીષોની વિરુદ્ધ પણ છે, કેમ કે તેમને ત્યાં પણ જો ગીરો મૂકેલ ગુલામ કરજ આપનારના ક़બજામાં મૃત્યુ પામે તો તેનું કફન દફન માલિક પર છે ન કે કરજ આપનાર પર.

૨. જો કરજદાર એ ગીરોનું દૂધ વગેરે વાપરે તો ખર્ચો એના માથે, અને જો કરજ આપનાર તેની એ ચીજો ન આપે તો ગીરોની આવકથી તેના એ ખર્ચા પૂરા કરવામાં આવે. જો આવક બચી રહે તો તે કરજ આપનાર પાસે અમાનત છે જે કરજ અદા કરતી વખતે આપવામાં આવે, અને જો ખર્ચ વધી જાય તો કરજમાં ગણત્રી થશે, અને એ ખર્ચ અદા કરશે ત્યારે પોતાની ચીજ પરત લેશે.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૫/૬)-૨૮૮૭/૨૮૮૮ ★

عَنْ سَعِيدِ بْنِ الْمُسَيَّبِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَغْلَقُ الرَّهْنُ الرَّهْنَ مِنْ صَاحِبِهِ الَّذِي رَهَنَهُ لَهُ غنمه

''હઝરત સઈદ ઈબ્ને મુસૈય્યિબ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ગીરો રાખવું ગીરો રાખેલ ચીજને તેના ગીરો રાખવાવાળા માલિકથી નથી રોકતુ[૧]. તેના માટે એ ગીરો મૂકેલ

وَعَلِيهِ غرمه» . رَوَاهُ الشَّافِعِي مُرْسلا
وَرُوِيَ مثله أَو مثل مَعْنَاهُ لَا يُخَالف عَنهُ عَن أبي هُرَيْرَة مُتَّصِلا

ચીજનો નફો છે અને એના પર જ ગીરો મૂકેલ ચીજનો તાવાન[૨]. (શાફઈ મુરસલન) અને તેની અને તેના અર્થની જેમ જે વર્ણવેલ હદીષની વિરુદ્ધ નથી, સઈદ ઈબ્ને મુસૈયિબથી મુત્તસલન મરવી છે તે અબૂ હુરૈરહથી[૩]."

★ ગીરો મૂકેલ ચીજ સંબંધી મસાઈલ ★

૧. يغلق બાબે અફઆલનો મઝારેઅ મઅરૂફ છે. પ્રથમ ગીરો મસ્દર છે બીજો મરહૂનના અર્થમાં એટલે કોઈ ચીજને ગીરો મૂકી દેવું. ગીરો મૂકેલ ચીજને કરજદાર માલિકથી રોકતો નથી બલ્કે તે ગીરો મૂકનારને તે ગીરો ચીજના ઉપયોગનો અધિકાર છે.

૨. એટલે કે ગીરો ચીજના ફાયદા માલિકના ગણાશે અને તેના સર્વ ખર્ચા માલિક પર રહેશે. તે ગીરો કરજ આપનાર પાસે અમાનતરૂપે કબજામાં રહેશે. આ હદીષ અગાઉ ગુજરેલી હદીષની શરહ છે કે ગીરો મૂકનાર માલિક ગીરો ચીજથી લાભ હાંસલ કરશે અને એના પર જ રહેશે. કરજ આપનારને લાભ લેવાનો હક્ક છે ન તેના પર ખર્ચ છે. એ જ જમહૂર ઉલમાએ ઈસ્લામનો મઝહબ છે. અને આ હદીષ તેમની સમર્થક છે. એના પરથી એ પણ જાણવા મળ્યું કે ગીરો પર કરજ આપનારનો કબજો તો જરૂરી છે પણ કબજો કાયમી હોવો જરૂરી નથી. માલિક અમુક સમય માટે કરજ આપનાર પાસેથી ગીરો મૂકેલ ચીજ લઈ શકે છે, કેમ કે તેને મળ્યા વિના તેનાથી લાભ કેવી રીતે ઉઠાવી શક્શે.

૩. રાવી મઅરૂફ છે અને તેના ફાઈલ ઈમામ શાફઈ છે. શક્ય છે કે મજહૂલ હોય. અને مثله નાઈબે ફાઈલ. મતલબ એ છે કે મસાબીહમાં તો મુરસલ મરવી છે અને ઈમામ શાફઈ رضی اللہ عنہ એ મુત્તસિલ અસ્નાદથી પણ રિવાયત કરી : عن سعيد ابن مسيب عن ابی هريرة

★ હદીષ : (૭)-૨૮૮૯ ★

وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْمِكْيَالُ مِكْيَالُ أَهْلِ الْمَدِينَةِ وَالْمِيزَانُ مِيزَانُ أَهْلِ مَكَّةَ».رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيّ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે માપિયાં તો મદીનાવાળાઓનાં છે અને ત્રાજવાં મક્કાવાળાઓનાં[૧].

(અબૂ દાઉદ, નિસાઈ)

૧. એટલે કે શરઈ એહકામમાં જ્યાં વજન જરૂરી છે તો મક્કાવાળાઓનું વજન વિશ્વસનીય છે કે તે લોકો સામાન્યતઃ વેપારી છે, તેમને દિવસ રાત વજનથી કામ રહે છે. અને જ્યાં માપ જરૂરી છે તો મદીનાવાળાઓનાં માપનો એતબાર છે કે એ લોકો સામાન્યતઃ ખેડૂત છે, તેમને માપવાનું કામ રહે છે. જુઓ, ઝકાત, ચાંદી સોનાના વજન પર છે અને વજનથી છે. તો એમાં મક્કાવાળાઓનું વજન લો અને ફિત્રામાં માપનો એતબાર છે તો મદીનાવાળાઓનું માપ લક્ષમાં રાખો.

★ હદીષ : (૮)-૨૮૯૦ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِأَصْحَابِ الْكَيْلِ وَالْمِيزَانِ: «إِنَّكُمْ قَدْ وُلِّيتُمْ أَمْرَيْنِ هَلَكَتْ فِيهِمَا الْأُمَمُ السَّابِقَة قبلكُمْ» . رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, માપ તથા તોલવાળાઓથી તમે એવી બે ચીજોના જિમ્મેદાર બનાવવામાં આવ્યા છો[૧] જેમાં તમારાથી પહેલાં ઉમ્મતો હલાક થઈ ચૂકી છે[૨]." (તિર્મિઝી)

૧. જાહેર એ છે કે એ બે ચીજોથી મુરાદ માપ તથા તોલ છે, જેવું કે પ્રકરણના તર્જુમાથી જાહેર છે. અમુક શરહકર્તાઓએ એ બે ચીજોથી મુરાદ નમાઝ તથા જેહાદ લીધેલ છે, પણ એ જાહેરની વિરુદ્ધ છે, નહીં તો હદીષ આ પ્રકરણમાં ન લાવવામાં આવતી. (લમ્આત)

૨. આ ઉમ્મતોથી મુરાદ હઝરત શોએ્બ عليه السلام ની ઉમ્મત છે જે માપ તોલમાં બેઈમાની કરતા હતા, કે લેતા હતા વધારે અને આપતા હતા ઓછું. કેમ કે તે ઉમ્મત મોટી જમાઅત હતી એટલા માટે તેમને امم (ઉમ્મતો) બહુવચન કહેવામાં આવ્યું.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૯)-૨૮૯૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَسْلَفَ فِي شَيْءٍ فَلَا يَصْرِفْهُ إِلَى غَيْرِهِ قَبْلَ أَنْ يَقْبِضَهُ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે કોઈ ચીજને બયએ સલમથી ખરીદે તો તેને કબજાથી પહેલાં બીજાને ન આપે[૧]." (અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

૧. આ હુકમ એ કાયદાના આધારે છે કે કોઈ ચીજનું વેચાણ કબજા પહેલાં જાઈઝ નથી. સરફથી મુરાદ ફેરવવું, તબદીલ કરવું છે. એટલે બયએ સલમમાં ખરીદનાર મુસલ્લમફીહ એટલે ખરીદેલી ચીજને કબજાથી પહેલાં બીજાની તરફ મુન્તકિ્લ નથી કરી શકતો, ન વેચાણથી ન ભેટ રૂપે અથવા સદકા્થી. એ મતલબ પણ થઈ શકે છે કે બયએ સલમમાં ખરીદાર કોઈ અન્ય ચીજથી અદલા બદલી નથી કરી શકતો. દા.ત. વેચનારથી ઘઉં ખરીદયા હતા અને કબજાથી પહેલાં જવથી અદલા બદલી કરે એ નાજાઈઝ છે.

બાબુલ ઈહ્તિકાર[૧] باب الاحتكار
(અનાજ સંગ્રહખોરી વિશે વર્ણન)

૧. حتكار (ઈહ્તિકાર) حكرٌથી જુલ્મ તથા બદ સોહબતી અર્થમાં છે. શરીઅતમાં માણસ અથવા જાનવરના ખોરાકોનો સંગ્રહ કરી લેવો ઈહતિકાર કહેવાય છે. તંગીના જમાનામાં સંગ્રહખોરી નાજાઈઝ છે, વિપુલતાના સમયમાં જાઈઝ. એટલે કે **માણસો તથા જાનવર ભૂખે મરી રહ્યાં છે, બજારમાં એ ચીજો મળતી નથી, પણ આ જાલિમ ઓર અધિક મોંઘવારીની રાહ જોવામાં જરૂરતની ચીજોનો સંગ્રહ કરીને બેઠો છે, એ જુર્મ છે.** મનાઈની સર્વ હદીષોમાં ઈહતિકારથી આ જ મુરાદ છે. મુત્લક્ન સંગ્રહ કરવો હરામ નથી, નહીં તો મુસલમાન અનાજ, ભૂસા વગેરેનો વેપાર કરી શક્શે નહીં. (અશિઅ્હ તથા મિર્કાત)

(વિભાગ : ૧) الفصل الاول

''હઝરત મઅમર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે અનાજ રોકે (સંગ્રહખોરી કરે) તે ખતાકાર છે[૨]. (મુસ્લિમ) અને અમે હઝરત ઉમર رضی اللہ عنہ ની હદીષ કે બની નઝીરના માલનો..... છેવટ સુધી ઈન્શા અલ્લાહુ તઆલા બાબુલ ફીમાં વર્ણન કરીશું.''

★ હદીષ : (૧)-૨૮૯૨ ★

عَن معمر قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ احْتَكَرَ فَهُوَ خَاطِئٌ» . رَوَاهُ مُسْلِمٌ وَسَنَذْكُرُ حَدِيثَ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُ «كَانَتْ أَمْوَالُ بَنِي النَّضِيرِ» فِي بَابِ الْفَيْءِ إِنْ شَاءَ اللهُ تَعَالَى

૧. આપ મઅમર ઈબ્ને અબ્દુલ્લાહ સહાબી છે. ક્રશી અદવી છે. ક્દીમુલ ઈસ્લામ (શરૂમાં ઈમાન લાવેલા) છે. પ્રથમ હબ્શા તરફ હિજરત કરી પછી ત્યાંથી મદીના તયબહની તરફ. ત્યાં જ જીવન વ્યતીત કર્યું. તેમના ઉપરાંત ઘણા બધા તાબઈન, તબેઅ તાબઈનનાં નામો મઅમર છે, જેમનામાં મઅમર ઈબ્ને રાશિદ ખૂબ જ મશહૂર છે. જાહેર એ છે કે અહીં મઅમર સહાબી મુરાદ છે. અને હદીષ મુત્તસિલ છે. અને શક્ય છે કે મઅમર તાબઈ મુરાદ હોય અને હદીષ મુરસલ હોય. (અશિઅ્હ)

૨. એટલે ગુનેહગાર. ઈમામ માલિક رحمۃ اللہ علیہ એ આ હદીષના કારણે ફર્માવ્યું કે માલનો સંગ્રહ કરવો નાજાઈઝ છે, માલ અનાજના પ્રકારમાંથી હોય કે અન્ય હોય. બાકી જમહૂર ઈમામોને ત્યાં કેવળ ખોરાકોને રોકવું (સંગ્રહ કરવો) મના છે, તે પણ કેવળ તંગી (અછત)ના સમયમાં. **જો રોકવાથી બજાર પર કોઈ અસર નથી પડતી અને ચીજ સામાન્ય રીતે મળી જ રહી છે તો વિના કરાહતે જાઈઝ છે.** (મિર્કાત)

(વિભાગ : ૨) الفصل الثانى

સંગ્રહખોર લા'નતી, અનાજ લાવનારને રબ રોજી આપશે

★ હદીષ : (૨)-૨૮૯૩ ★

عَنْ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «اَلْجَالِبُ مَرْزُوقٌ والمحتكر مَلْعُون» . رَوَاهُ ابْن مَاجَه والدارمي

''હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી ફર્માવે છે, અનાજ લાવનારને રોજી આપવામાં આવશે રોકનાર (સંગ્રહ ખોર) લઅનતી છે[૧]. '' (ઈબ્ને માજહ, દારમી)

૧. એટલે કે **જે વેપારી બહારથી શહેરમાં અનાજ લાવે જેના કારણે ત્યાંનો દુકાળ દૂર થઈ જાય, અલ્લાહ તેને રોજી આપે અને જે અનાજનો સંગ્રહ કરીને દુકાળ પેદા કરી દે તેના પર ખુદાની ફિટકાર પડે.** અને શક્ય છે કે આ ખબર હોય. એટલે અનાજવાળાને બરકતો મળશે અને સગ્રહખોર લઅનતી જ મરશે.

ભાવ નિશ્ચિત કરવાની માગણી વિશે

★ હદીષ : (૩)-૨૮૯૪ ★

عَن أنس قَالَ: غَلَا السِّعْرُ عَلَى عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالُوا: يَا رَسُولَ اللّٰهِ سَعِّرْ لَنَا فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللّٰهَ هُوَ الْمُسَعِّرُ الْقَابِضُ الْبَاسِطُ الرَّازِقُ وَإِنِّي لَأَرْجُو أَنْ أَلْقَى رَبِّي وَلَيْسَ أحد مِنْكُم يطلبني بمظلة بِدَمٍ وَلَا مَالٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ ના જમાનામાં ભાવ ચઢતા ગયા તો સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ભાવ નિશ્ચિત કરી આપો[૧]. તો નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, ભાવ નિશ્ચિત કરનાર અલ્લાહ છે, તે જ તંગી તથા વિપુલતા કરનારો છે, રોજી પહોંચાડનાર છે[૨] મારી ઈચ્છા છે કે મારા રબથી એ રીતે મળું[૩] કે તમારામાંથી કોઈ મારાથી ખૂની કે માલી જુલ્મની માગણી ન કરી શકે[૪]. '' (તિર્મિઝી, અબ દાઉદ, ઈબ્ને માજહ, દારમી)

૧. એટલે કે દિવસે દિવસે મોંઘવારી વધી જઈ રહી છે. આપ દરેક ચીજ પર અંકુશ મૂકીને ભાવ નિશ્ચિત કરી આપો કે કોઈ શખ્સ એનાથી વધુ ભાવે વેચી ન શકે જેથી ગ્રાહકોને સરળતા રહે, જેમ કે આજકાલ ગવર્નમેન્ટો કરતી રહે છે.

૨. એટલે ભાવનો ઉતાર ચઢાવ, મોંઘવારી તથા સોંઘવારી રબની તરફથી છે, એ કુદરતી ચીજ છે, જે માણસની તદબીરથી દૂર નથી થઈ શકતી. એના માટે રબથી દુઆઓ માંગો કે તે રહમ કરે અને સોંઘવારી મોકલે. સુબ્હાનલ્લાહ ! શું પ્યારુ ફર્માન છે, અનુભવ સાક્ષી છે કે કન્ટ્રોલથી સોંઘવારી નથી થતી મોંઘવારી વધી જાય છે, પછી વેપારી બ્લેક (Black) બમણી, ત્રણ ગણી કિંમત પર વેચે છે, બલ્કે ક્યારેક ચીજ દુર્લભ થઈ જાય છે. ભલા જે ચીજને હુઝૂરે અન્વર ﷺ એ રદ કરી આપી હોય તે લાભદાયી કેવી રીતે થઈ શકે છે ?!

૩. એટલે કે મારી વફાત એ હાલમાં થાય અથવા ક़યામતમાં એ રીતે ઉઠું કે કોઈ બંદાનો મારા પર કોઈ હક્ક़ ન હોય. નહીં તો હુઝૂર ﷺ તો રબથી એટલા નજીક છે અને રબથી એવા મળેલા છે કે જે તેમનાથી મળી જાય તે રબથી મળી જાય છે. રબ ફર્માવે છે કે જો મુજરિમ નબી ﷺના દરવાજા પર આવીને ઈસ્તિગફાર કરે તો રબને પામી લેશે. હઝરત હસ્સાન رضی اللہ عنہ ફર્માવે છે : (શેઅર)

ضم الاله اسم النبی باسمه۔اذ قال فی الخمس المؤذن اشهد

"રબે તો એમના નામને પોતાના નામની સાથે અઝાન તથા, કલમા વગેરેમાં મિલાવી દીધું." અમે અર્ઝ કર્યું છે :

વો રબ કે હૈં રબ ઉનકા હૈ, જો ઉનકા હૈ વો રબ કા હૈ–બે ઉન્કે જો રબસે મિલના ચાહે, દીવાના હૈ સૌદાઈ હૈ

સારાંશ રબને મળવાથી મુરાદ વફાત કે ક़યામતમાં ઉઠવું છે.

૪. જાણવા મળ્યું કે ચીજો પર કન્ટ્રોલ કરવું તેના ભાવો નિશ્ચિત કરી દેવા એ વેપારીઓ પર પણ જુલ્મ છે, ગ્રાહકો ઉપર પણ. વેપારીઓ પર એટલા માટે જુલ્મ છે કે જ્યારે તેમને એ ચીજ એ ભાવમાં પડતી નથી તો તે કેવી રીતે વેચશે ?! ગવર્નમેન્ટ જબરદસ્તીથી સસ્તી વેચાવી દે તો એ બીજાના માલ પર નાહક્ક़ દખલઅંદાઝી કરવું છે. અને તેનું પરિણામ એ આવશે કે વેપારી વેપાર છોડી આપશે અને લોકો ભૂખે મરશે. જેવું કે હજી પણ અનુભવ થઈ રહ્યો છે. હા ! ગવર્નમેન્ટ ખુદ વેપાર કરે અથવા વેપારીઓને યોગ્ય ભાવે માલ પૂરો પાડી પછી વેચાણ ભાવ નક્કી કરી આપે જેનાથી વેપારીઓને નુકસાન ન થાય અને ચીજ દુર્લભ ન થઈ જાય, તો જાઈઝ થઈ શકે છે. એની વિગત એ જ જગાએ લમ્આત શરહે મિશકાતમાં જુઓ. મિર્ક़ાતે પણ એના પર થોડોક પ્રકાશ વેર્યો છે. ખરીદારો પર એટલા માટે કે વેપારી કન્ટ્રોલના કારણે બહારથી માલ લાવવાનું છોડી દેશે તો ખરીદાર માલ ક્યાંથી હાંસલ કરશે. શહેરમાં દુકાળ પડી જશે અથવા તો પછી બ્લેક થઈ માલ ખૂબ જ મોંઘો મળશે, જેવું કે આજે જોવામાં આવી રહ્યું છે.

(વિભાગ : 3) الفصل الثالث

અનાજના સંગ્રહખોરને અલ્લાહ કોઢ તથા મુફ્લિસીમાં મારે

★ **હદીષ : (૪)-૨૮૯૫** ★

عَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنِ احْتَكَرَ عَلَى الْمُسْلِمِينَ طَعَامَهُمْ ضَرَبَهُ اللّٰهُ بِالْجُذَامِ وَالْإِفْلَاسِ» . رَوَاهُ ابْنُ مَاجَهْ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ. وَرَزِينٌ فِي كِتَابِهِ

"હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે ***જે મુસલમાન પર તેમની રોજી (અનાજ) રોકે[૧] અલ્લાહ તેને કોઢ તથા મુફ્લિસીમાં મારે[૨].***" *(ઈબ્ને માજહ, બયહક़ી, શોઅબુલ ઈમાન અને રઝીને પોતાની કિતાબમાં)*

૧. તેમની રોજી કહેવામાં નિર્દેશરૂપે ફર્માવ્યું કે સંગ્રહખોરી મુત્લક़ન મના છે. પણ મુસલમાનો પર સંગ્રહખોરી અધિક બુરૂ છે કે મુસલમાનને તકલીફ આપવી અન્યોને તકલીફ આપવા કરતાં અધિક બુરૂ (બદ્તર) છે.

૨. હક્ક़ એ છે કે આ વાક્ય ખબર નથી બલ્કે બદ્દુઆ છે. જાણે કે મુહતકિર એટલે **અનાજ સંગ્રહી લઈને લોકોને ભૂખે મારનાર નબીની બદ્દુઆના પાત્ર છે અને એનાથી ઉલ્ટુ મુસલમાનો પર વિશાળતા કરનાર નબીની દુઆનો હક્ક़દાર છે.**

★ હદીષ : (૫)-૨૮૯૬ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ احْتَكَرَ طَعَامًا أَرْبَعِينَ يَوْمًا يُرِيدُ بِهِ الْغَلَاءَ فَقَدْ بَرِئَ مِنَ اللَّهِ وَبَرِئَ اللَّهُ مِنْهُ» . رَوَاهُ رَزِينٌ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે ચાલીસ દિવસ અનાજ રોકે[૧] કે તેના મોંઘા થવાની રાહ જુએ[૨] તો અલ્લાહથી દૂર થઈ ગયો અને અલ્લાહ તેનાથી બેઝાર થઈ ગયો[૩]." (રઝીન)

૧. ચાલીસ દિવસનો ઉલ્લેખ હદબંધી માટે નથી કે જેથી એનાથી ઓછા દિવસ સંગ્રહખોરી જાઈઝ હોય, બલ્કે મક્સદ એ છે કે જે સંગ્રહખોરીનો આદી (આદતવાળો) બની જાય તેની આ સજા છે. ચાલીસ દિવસ કોઈ કામ કરવાથી આદત પડી જાય છે એટલા માટે ચાલીસ દિવસ નમાઝ બાજમાઅતની તકબીરે ઉલા પામવાની ઘણી ફઝીલત છે કે એટલી મુદ્દતમાં તે જમાઅતનો આદી બની જશે.

૨. દરેક જગાએ સંગ્રહખોરીમાં આ જ શર્ત છે કે અનાજને મોંઘુ કરવા તેનો સંગ્રહ કરવો મના છે, એ પણ ત્યારે કે લોકો તંગીમાં હોય અને તે ખૂબ જ વધારે મોંઘવારીની રાહ જુએ કે ખૂબ નફાથી વેચે.

★ બાદશાહની હિફાઝતથી સંગ્રહખોર બહાર ! ★

૩. આ ફર્માને આલી અતિશય ગઝબનું છે જે બાદશાહની હિફાઝતથી નીકળી જાય તેનો હાલ શું થાય છે ?! જે ચાહે એનો માલ લૂટી લે, જે ચાહે તેનું ખૂન કરી નાખે, જે ચાહે તેનાં બીવી બચ્ચાંને મારી નાખે. તો જ્યારે રબ તઆલાની અમાન તથા અહદથી નીકળી ગયો તેની બદ્દુહાલીનો અંદાઝો નથી થઈ શકતો. જેથી આ એક વાક્ય હજારો અઝાબોનો પતો બતાવે છે, રબ તઆલા મહેફૂઝ રાખે. આ હદીષ અહમદ તથા હાકિમે થોડાક તફાવતની સાથે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી.

મુસલમાનની તકલીફ પર ખુશ થવુ લા'નતીનું કામ

★ હદીષ : (૬)-૨૮૯૭ ★

وَعَنْ مُعَاذٍ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: " بِئْسَ الْعَبْدُ الْمُحْتَكِرُ: إِنْ أَرْخَصَ اللَّهُ الْأَسْعَارَ حَزِنَ وَإِنْ أَغْلَاهَا فَرِحَ ". رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ وَرَزِينٌ فِي كِتَابِهِ

"હઝરત મઆઝ رضی اللہ عنہ થી રિવાયત છે. મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું, અનાજ રોકનાર બંદો ઘણો જ બુરો છે કે અલ્લાહ ભાવ સસ્તા કરે તો રંજમય થઈ જાય છે અને મોંઘા કરે તો ખુશ[૧]." (બયહકી શોઅબુલ ઈમાન અને રઝીન પોતાની કિતાબમાં)

૧. આ પરથી જાણવા મળ્યું કે મુસલમાનોની તકલીફ પર ખુશ થવું અને તેમની ખુશી પર નારાજ થવું લા'નતી માણસોનું કામ છે. ખુશી તથા ગમમાં મુસલમાનોની સાથે રહેવું જોઈએ. અનાજના નાજાઈઝ વેપારીઓનો સામાન્ય હાલ એ જ છે કે સોંઘવારી સાંભળીને તેમનું દિલ બેસી જાય છે. મોંઘવારીના માટે નાજાઈઝ અમલ કરે છે, ઉલ્ટા વઝીફા પઢે છે, લોકો પાસે દુકાળની દુઆઓ કરાવે છે. نعوذ باللہ ! સમયસર વરસાદ થાય તો તેમના ઘરોમાં માતમ છવાય જાય છે.

સંગ્રહખોરીનો કફ્ફારો બધુ અનાજ ખૈરાત કરવાથી પણ ન થશે

★ હદીષ : (૭)-૨૮૯૮ ★

وَعَنْ أَبِي أُمَامَةَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنِ احْتَكَرَ طَعَامًا أَرْبَعِينَ يَوْمًا ثُمَّ تَصَدَّقَ بِهِ لَمْ يَكُنْ لَهُ كَفَّارَةً» . رَوَاهُ رزين

''હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે ચાલીસ દિવસ અનાજ રોકે[૧] પછી તે બધુ અનાજ ખૈરાત પણ કરી દે તો પણ તેનો કફ્ફારો થશે નહીં[૨].'' (રઝીન)

૧. ચાલીસ દિવસ ફર્માવવાની હિકમતો હમણા અર્ઝ કરવામાં આવી ચૂકી. શક્ય છે કે ચાલીસ દિવસથી ઓછી સંગ્રહખોરી કરનારનો આ હુકમ ન હોય કે હજી એ ગુનાહ તેની તબીઅતમાં પુખ્તા નથી થયો.

૨. એટલે કે ભલે એ સદકૃાનો સવાબ પામશે પણ એ સવાબ એ ગુનાહનો કફ્ફારો ન થઈ શક્શે અનાજ રોકી રાખવાથી થયો. આ હદીષ ઈબ્ને અસાકિરે હઝરત મઆઝથી થોડાક શાબ્દિક ફેરફાર સાથે રિવાયત કરી.

બાબુલ ઈફ્લાસ વલ્અન્ઝાર[૧] باب الافلاس والانظار
(દેવાળુ કાઢવું અને મોહલત આપવી)

(વિભાગ : ૧) الفصل الاول

★ દેવાળીયાને મોહલત આપવી મહાન સવાબ ★

૧. افلاس فلس ઈફ્લાસ ફલ્સુન (પૈસા)નું મસ્દર છે. હમ્ઝા સલબની છે, જેથી એનો અર્થ થયો પૈસાનું ન રહેવું. શક્ય છે કે હમ્ઝા તસ્ગીરની હોય. એટલે એની પાસે રૂપિયા અશરફીઓને બદલે પૈસા બની જવું અથવા પૈસા રહી જવું. انظار نظرٌ થી બન્યું, ઢીલ અથવા મોહલત આપવાના અર્થમાં એટલે કરજદારનું દેવાળુ નીકળી જવું. અને તેને કરજ આપનારાઓ અથવા હુકૂમતની તરફથી મોહલત આપવું કે માલ પ્રાપ્ત થતાં અદા કરે, હમણાં એના પર તકાઝો ન કરવામાં આવે. આ હુકમ કુર્આન કરીમથી હાંસલ થયો. ફર્માવે છે : وَاِنْ كَانَ ذُوْ عُسْرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيْسَرَةٍ (અને જો કરજદાર તંગીવાળો છે તો તેને મોહલત આપો સરળતા સુધી. સૂરએ બકરહ, ૨/૨૮૦) આ મોહલત આપવાનો ઘણો અજૂરો સવાબ છે.

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે દેવાળીયો થઈ જાય[૧] પછી કોઈ શખ્સ પોતાનો માલ તદ્દન એ જ પ્રમાણે મેળવી લે[૨] તો બીજાઓ કરતાં વધુ તેનો હક્કદાર એ જ થશે[૩]. '' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧)-૨૮૯૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيُّمَا رَجُلٍ أَفْلَسَ فَأَدْرَكَ رَجُلٌ مَالَهُ بِعَيْنِهِ فَهُوَ أَحَق بِهِ من غَيره»

૧. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ને ત્યાં من આમ છે જેમાં સર્વ પ્રકારના દેવાળીયા સામેલ છે, પણ અહનાફને ત્યાં منથી મુરાદ તે ખરીદાર છે જે વેપારી પાસેથી ઉધાર ખરીદીને લાવ્યો પછી દેવાળીયા થઈ ગયો. આ મતલબના ફરક્ના કારણે એ બંને ઈમામોમાં ઘણો મતભેદ છે જેવું કે આગળ જતાં વર્ણન થશે.

૨. તદ્દન એવો (બઐનિહી) પામવાથી મુરાદ એ છે કે ન ઝાતી રીતે એ માલ નષ્ટ થયો હતો ન સિફતો (ખૂબીઓ)ના હિસાબે. ન તો ચીજ દેવાળીયાએ ખર્ચ કરીને નષ્ટ કરી દીધી હોય, ન તે વકફ કે ભેટ કે વેચી કાઢી હોય. જો એવું કરી ચૂક્યો છે તો તેના માટે આ હુકમ નથી.

★ દેવાળીયાના બારામાં ઈમામોનો મઝહબ ★

૩. ઈમામ શાફઈને ત્યાં આ હદીષનો અર્થ એ છે કે જો દેવાળીયાની પાસે કોઈને પોતાનો માલ મળી જાય તો તે પોતાનો માલ લઈ લે, બીજા કરજ આપનારા એમાં શરીક ન થશે, એ માલ કોઈ પ્રકારનો પણ હોય. આપણા અહનાફને ત્યાં એનાથી કેવળ એ સ્થિતિ મુરાદ છે કે કોઈ શખ્સે કોઈની પાસેથી કોઈ ચીજ ખિયારની શરતે ખરીદી કે ખિયાર (અખત્યાર) વેચનારને હતો. અચાનક ખરીદાર દેવાળીયો થઈ ગયો તો હવે વેચનાર પોતાનો અખત્યાર

વાપરીને ચીજ પરત લઈ શકે છે. અને જો એ માલની કાંઈક કિંમત પણ લઈ ચૂક્યો છે તો કિંમત જેટલુ બાદ કરીને બાકી ચીજ પરત લઈ શકે છે. તેના સિવાય અન્ય કોઈ સ્થિતિમાં એ માલ નથી લઈ શક્તો. હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ એ જ ફૅસલો કર્યો અને હઝરત અલી رضی اللہ عنہ થી પણ એ જ નક્ફ થયેલા છે. (મિર્કાત) આ મતભેદ ધ્યાનમાં રાખશો.

★ હદીષ : (૨)-૨૯૦૦ ★

وَعَن أَبِي سعيد قَالَ: أُصِيبَ رَجُلٌ فِي عَهْدِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي ثِمَارٍ ابْتَاعَهَا فَكَثُرَ دينه فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «تَصَدَّقُوا عَلَيْهِ» فَتَصَدَّقَ النَّاسُ عَلَيْهِ فَلَمْ يَبْلُغْ ذَلِك وَفَاء دينه فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِغُرَمَائِهِ «خُذُوا مَا وَجَدْتُمْ وَلَيْسَ لَكُمْ إِلَّا ذَلِك» . رَوَاهُ مُسلم

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે એક શખ્સ નબી કરીમ ﷺ ના જમાનામાં કેટલાંક ફળોમાં જે તેણે ખરીદયાં હતાં ખોટમાં પડી ગયો તો તેના પણ ઘણુ જ કરજ થઈ ગયુ[૧] રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એના માટે સદકો કરો. લોકોએ તેને સદકો આપ્યો પણ સદકો તેના કરજની અદાયગી સુધી ન પહોંચી શક્યો[૨] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ તેને કરજ આપનારાઓને ફર્માવ્યું, જે મેળવી શકો તે લઈ લો[૩]. તો તમને એના સિવાય કાંઈ મળશે નહી[૪].'' (મુસ્લિમ)

૧. એટલે કે તેણે ઘણા બધા બાગવાળાઓથી કરજે (ઉધાર) ફળ ખરીદયાં. પછી ક્યાં તો ફળો એકદમ સસ્તાં થઈ ગયાં કે એમનો ભાવ ખૂબ જ ઉતરી ગયો અથવા ફળ ખરાબ થઈ ગયાં અને તે દેવાળીયો થઈ ગયો. તેમનું કરજ અદા ન કરી શક્યો ન તેના માલની કિંમતથી જ તેમનું કરજ અદા થઈ શકતું હતું. દેવાળીયો તેને કહે છે.

★ દેવાળીયાને સદકો આપવો બેહતર ★

૨. એટલે કે લોકોએ તેને સદકા ખૈરાત પણ યથાશક્તિ આપ્યા પણ કરજ એટલુ અધિક હતું કે તેનો માલ અને આ સદકાઓ મળીને પણ અદા થઈ શકતું ન હતું. સદકાનો આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. જાણવા મળ્યું કે દેવાળીયાને સદકો આપવો બેહતર છે. કોઈ મુસલમાનની ગરદન છોડવું ઘણો જ સવાબ છે.

★ દેવાળીયા કરજદાર પાસેથી લેણદારો કઈ રીતે વસૂલાત કરે ? ★

૩. એટલે કે કરજદારની સર્વ મિલ્કતો વેપારનો માલ, સંપત્તિ, મકાનો વગેરે જે કાંઈ તેની માલિકી તથા કબજામાં છે તેને તમે લોકો આપસમાં હિસ્સા પ્રમાણે વહેંચી લો. જો સર્વ મિલ્કતો કરજનું અડધુ છે તો દરેક કરજ આપનાર પોતાનુ અડધુ કરજ વસૂલ કરે. જો કરજનું ૧/૩ (ત્રીજા ભાગ જેટલુ) છે તો દરેક કરજ આપનાર પોતાનુ ૧/૩ કરજ વસૂલ કરે. આ હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે કે કોઈ શખ્સ કરજદારના કબજાથી કોઈ ખાસ ચીજ પર કબ્જો નથી કરી શકતો બલ્કે કરજ આપનારાઓની સાથે હિસ્સા પ્રમાણે વસૂલ કરશે.

★ દેવાળીયાએ માલ છુપાવી રાખ્યાની શંકા હોય તો કેદ કરાવી શકાય ★

૪. એટલે કે એ વખતે વધારે નહીં મળે અને ન કરજદારને કૈદ કરી શકો છો. તેને મોહલત આપો. જ્યારે તેની પાસે માલ થઈ જાય તો લઈ લો. એ મતલબ નથી કે હવે તમારું બાકીનું કરજ મળશે જ નહીં, માર્યું ગયું કે માફ થઈ ગયું. યાદ રાખશો કે એ કરજદારને કેદ કરાવી શકાય છે જેના વિશે શંકા હોય કે તેની પાસે માલ તો છે પણ છુપાવી લીધો છે. પછી જ્યારે તેની નાદારી માલૂમ થઈ જાય તો તેને કેદ નથી કરી શકાતો.

તંગદસ્તને મોહલત કે માફીનો સવાબ

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (3)-૨૯૦૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " كَانَ رجل يدائن النَّاسَ فَكَانَ يَقُولُ لِفَتَاهُ: إِذَا أَتَيْتَ مُعْسِرًا تَجَاوز عَنهُ لَعَلَّ الله أَن يَتَجَاوَزُ عَنَّا قَالَ: فَلَقِيَ اللَّهَ فَتَجَاوَزَ عَنْهُ "

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, ***એક શખ્સ લોકોને કરજ આપ્યા કરતો હતો અને પોતાના નોકરને તેણે એના વિશે કહી રાખ્યું હતું [૧] કે જ્યારે તું કોઈ તંગદસ્તની પાસે માગણી કરવા જાય તો તેને માફ કરી દે[૨] શક્ય છે કે અલ્લાહ આપણને માફી આપી દે. ફર્માવ્યું કે તે અલ્લાહથી મળ્યો તો રબે તેનાથી દરગુઝર કર્યું[૩].''***

(મુસ્લિમ, બુખારી)

૧. નોકરથી તે નોકર મુરાદ છે જે કરજદારોથી ઉઘરાણી માટે નિયુક્ત હતો, જેવું કે સામાન્ય વેપારીઓ શાહુકારો એવો લોકો રાખે છે. فتیٰ સાથીને પણ કહે છે અને નોકર તથા ગુલામને પણ કહે છે. તેનો શાબ્દિક અર્થ છે જવાન.

૨. ક્યાં તો બધુ કરજ માફ કરી આપ અથવા થોડુક કરજ અથવા મોહલત આપી દે કે જલ્દી તકાઝો ન કરે, માફીમાં આ સર્વ કાંઈ સામેલ છે.

૩. કે તેના સર્વ ગુનાહ માફ કરી આપે. એનાથી અમુક મસ્અલા માલૂમ પડયા : **એક** એ કે ગુલામ અથવા નોકરને કરજ વસૂલ કરવાનો વકીલ કરી શકીએ છીએ. **બીજુ** એ કે વકીલને માફી અથવા નરમી કરવાની ઈજાઝત આપી શકીએ છીએ. **ત્રીજુ** એ કે દુઆમાં બહુવચનના સેગા (સંકેતનો) ઉપયોગ કરવો બેહતર છે કે તેણે કહ્યું હતું عنّا કે જો એકના હક્કમાં કબૂલ થશે તો ઈન્શા અલ્લાહ ! સૌના હક્કમાં કબૂલ થઈ જશે. **ચોથુ** એ કે આગલા દીનના હુકમો આપણા માટે પણ અમલને પાત્ર છે જ્યારે કે કુર્આન અથવા હદીષમાં નકલ થયેલ હોય. (નવવી, મિર્કાત) પાંચમુ એ કે પોતાના કરજદાર પર મહેરબાની કરવી પોતાની બખ્શિશનો ઝરીયો છે.

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૪)-૨૯૦૨ ★

وَعَنْ أَبِي قَتَادَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ سَرَّهُ أَنْ يُنْجِيَهُ اللَّهُ مِنْ كُرَبِ يَوْمِ الْقِيَامَةِ فَلْيُنَفِّسْ عَنْ مُعْسِرٍ أَوْ يَضَعْ عَنْهُ» . رَوَاهُ مُسْلِمٌ

"હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે ચાહે તેને અલ્લાહ તઆલા કયામતની તકલીફથી નજાત આપે[૧] તો જોઈએ કે તંગદસ્તને મોહલત આપે અથવા માફી[૨].''

(મુસ્લિમ)

૧. كُرَبَ કાફના પેશ રેના ઝબરથી. كربة નું બહુવચન છે, તકલીફ મહેનત, કઠણાઈના અર્થમાં. આ શબ્દમાં કયામતનો તડકો, તરસ, ગભરાહટ, ફરિશ્તાઓની કડકાઈ વગેરે સૌ સામેલ છે.

૨. فلينفس تنفيس થી બન્યું, મોડુ કરવું, વાર લગાડવી, મોહલત આપવાના અર્થમાં. ضع થી મુરાદ થોડું અથવા બિલ્કુલ કરજ માફ કરી દેવું. જો કરજ આપનારની તરફથી જે કબજો કરવા પર વકીલ હોય તેને એની ઈજાઝત હોય તો તે એ કામ કરી શકે છે. ખુલાસો એ છે કે **તમે પણ રબ તઆલાના કરજદાર છો જેથી તમારા**

કરજદારોને માફી અથવા આસાની આપો તો અલ્લાહ તમારા પર આસાની કરશે.

તંગદસ્તને મોહલત આપનારને ક़યામતમાં નજાત

★ હદીષ : (૫)-૨૯૦૩ ★	*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે. મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે* ***જે તંગદસ્તને મોહલત આપે અથવા માફી[૧] તો અલ્લાહ તેને ક़યામતના દિવસે તકલીફથી નજાત આપશે[૨].''*** *(મુસ્લિમ)*
وَعَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ أَنْظَرَ مُعْسِرًا أَوْ وَضَعَ عَنْهُ أَنْجَاهُ اللَّهُ مِنْ كُرَبِ يَوْمِ الْقِيَامَةِ» . رَوَاهُ مُسلم	

★ પૈસાદાર કરજદારને મોહલત ન આપવી ★

૧. તંગદસ્ત (ગરીબાઈ)ની શર્ત લગાડવાથી જાણવા મળ્યું કે કરજદાર જે પૈસાવાળો હોય પણ કરજ લઈને પરત ન કરનારો હોય તેને મોહલત આપવામાં ન આવે. તે ખબીષુન્નફ્સ (બુરા નફ્સવાળો) છે, તેની પાસેથી વસૂલ જ કરવામાં આવે.

૨. ખુલાસો એ છે કે ક़યામતની તકલીફોથી બચવા ચાહો તો લોકોને મુસીબતોથી બચાવો. كَمَا تَدِيْنُ تُدَانُ

મોહલત કે માફી આપનાર ક़યામતમાં રબના સાયામાં

★ હદીષ : (૬)-૨૯૦૪ ★	*''હઝરત અબૂ યસર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં નબી કરીમ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે* ***જે કોઈ તંગદસ્તને મોહલત અથવા માફી આપે[૨]. તો અલ્લાહ તેને પોતાના સાયામાં જગા આપશે[૩].''*** *(મુસ્લિમ)*
وَعَنْ أَبِي الْيَسَرِ قَالَ: سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ أَنْظَرَ مُعْسِرًا أَوْ وَضَعَ عَنْهُ أَظَلَّهُ اللَّهُ فِي ظِلِّهِ» . رَوَاهُ مُسلم	

૧. આપનું નામ કઅબ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ છે. કુન્નિયત અબૂ યસર છે. અન્સારી છે. બયઅતે ઉક़બા તથા ગઝવએ બદરમાં શરીક થયા. આપે જે બદરના દિવસે હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબને કેદ કરીને બારગાહે રિસાલતમાં પેશ કર્યા. હિ.સ. ૫૫માં મદીના પાકમાં વફાત પામ્યા અને ત્યાં જ દફન થયા. (અશિઅ્હ)

૨. મોહલત તથા માફીમાં ફરક ઉઘાડો છે, પણ બંનેની જઝા તથા સવાબ સમાન છે.

૩. પોતાના સાયાથી મુરાદ અર્શે આ'ઝમનો સાયો છે કે ક़યામતમાં કેવળ તેનો જ સાયો હશે. ત્યાં જ તડકા તથા તાપથી અમાન હશે. કરજદાર પર આસાની કરનાર, એકાંતમાં પોતાના ગુનાહ યાદ કરીને રડનાર, ગુનાહના ઈરાદા પર રબને યાદ કરીને હટી જનાર વગેરે તેના સાયામાં હશે.

અસલી કરજથી વધુ આપવાનો મસ્અલો

★ હદીષ : (૭)-૨૯૦૫ ★	*''હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક જુવાન ઊંટ કરજ*
وَعَنْ أَبِي رَافِعٍ قَالَ: اسْتَسْلَفَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ	

وَسَلَّمَ بَكْرًا فَجَاءَتْهُ إِبِلٌ مِنَ الصَّدَقَةِ قَالَ: أَبُو رَافِعٍ فَأَمَرَنِي أَنْ أَقْضِيَ الرَّجُلَ بَكْرَهُ فَقُلْتُ: لَا أَجِدُ إِلَّا جَمَلًا خِيَارًا رَبَاعِيًا فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَعْطِهِ إِيَّاهُ فَإِنَّ خَيْرَ النَّاسِ أَحْسَنُهُمْ قَضَاءً» . رَوَاهُ مُسلم

લીધું[૧] પછી આપની પાસે સદકૃાના ઊંટો આવ્યાં. અબૂ રાફેઅ કહે છે કે મને હુઝૂરે અન્વર ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ એ હુકમ આપ્યો કે તે શખ્સ (કરજે આપનાર)નું ઊંટ અદા કરી આપું[૨]. મેં અર્ઝ કરી કે હું તો એનાથી સારું રુબાઈ દાંતવાળુ ઊંટ જ પામી રહ્યો છું[૩] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તેને તે જ આપી દો કે **બેહતરીન શખ્સ તે છે જે કરજ સારી રીતે અદા કરે.**" (મુસ્લિમ)*

૧. જાહેર એ છે કે ફકીરો પર ખૈરાત કરવા માટે કરજ લીધું, નહીં તો આપ સદકૃાનાં ઊંટથી અદા ન કરત અને શક્ય છે કે પોતાના માટે કરજ લીધુ હોય પછી સદકૃાનાં ઊંટ પોતાના ખિસ્સાથી ખરીદીને અદા કરી દીધાં અને તે ISDT BZFT SZLV F5LPAÌ V MKLpDZGFI JJFGê 8G[SC[K4V B, FDF8[Ch ZT V A}AÌ I; ¡LS[3] رضی اللہ عنہ ને અબૂબક્ર કહેવામાં આવે છે કે આપ યુવાન ઊંટ પર સવારી કરતા હતા. (અશિઅ્હ) અથવા એટલા માટે કે બક્રનો અર્થ છે પ્રથમ. કેમ કે આપ ઈમાન, સહાબિયત વગેરે ઘણા કમાલોમાં પ્રથમ રહ્યા, જેથી આપને અબૂ બક્ર એટલે અવ્વલિયતવાળા કહેવામાં આવ્યા. "અબૂ" એ "વાળા"ના અર્થમાં. આ હદીષ ઈમામ શાફઈ તથા જમહૂર ઈમામોની દલીલ છે કે જાનવરનું કરજ લેવું જાઈઝ છે. આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં મના છે. તે આ હદીષને મન્સૂખ કહે છે.

૨. જો ફકીરના માટે કરજ લીધુ હતું ત્યારે તો એના અર્થો જાહેર છે અને જો પોતાના માટે કરજ લીધુ હતું તો મતલબ એ જે હમણા રજૂ કરવામાં આવ્યો કે સદકૃાના ઊંટની કિંમત ફકીરને આપી દીધી. ઊંટ કરજ આપનારને અર્પણ કરી આપ્યું. જેવી રીતે આપણે કુર્બાનીના ચામડાની કિંમત ખૈરાત કરી દઈએ છીએ. આ સદકૃાનું વેચાણ જાઈઝ છે.

૩. એટલે કે છ વરસની ઉમરવાળુ ઊંટ જેના રુબાઈ દાંત ઉગી ગયા હોય. રુબાઈ દાંત તે છે જે ખીલીઓના બરાબર હોય છે.

૪. આના પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે જો કરજદાર શર્ત લગાડયા વિના કરજ કરતાં કાંઈક વધારે આપી દે, ચાહે ખૂબીઓની અધિક્તા હોય અથવા સંખ્યામાં વધારે હોય, એ વ્યાજ નથી. વ્યાજ તે છે જે બોલીને કે આદત (રિવાજ) મુજબ શરત સાથે હોય. ઈમામ માલિક رضی اللہ عنہ ને ત્યાં શર્ત વિના સંખ્યામાં વધારો પણ હરામ છે, ખૂબીનો વધારો દુરુસ્ત છે. **બીજુ** એ કે કરજ આપનારને ખુશદિલી સાથે કરજ અદા કરે. યાદ રાખશો કે અહીં હુઝૂરે અન્વર ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ એ ખુદ કરજ લઈને અદા કર્યું પછી તેની કિંમત સદકૃામાં આપી. (મિર્કાત)

કરજની અદાયગીમાં સહનશીલતા

★ હદીષ : (૮)-૨૯૦૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَجُلًا تَقَاضَى رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَغْلَظَ لَهُ فَهَمَّ أَصْحَابُهُ فَقَالَ: «دَعُوهُ فَإِنَّ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ થી કરજનો તકાઝો કર્યો તો આપના પર સખ્તી કરી[૧] સહાબાએ કાંઈ કરવા ચાહ્યું તો હુઝૂર ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ એ ફર્માવ્યું કે એને છોડી દો કે હક્કવાળાને

لِصَاحِبِ الْحَقِّ مَقَالًا وَاشْتَرُوا لَهُ بَعِيرًا فَأَعْطُوهُ إِيَّاهُ» قَالُوا: لَا نَجِدُ إِلَّا أَفْضَلَ مِنْ سِنِّهِ قَالَ: «اشْتَرُوهُ فَأَعْطُوهُ إِيَّاهُ فَإِنَّ خَيْرَكُمْ أحسنكم قَضَاء»

કાંઈક કહેવાનો હક્ક઼ છે[૩] અને એના માટે ઊંટ ખરીદી લો તે એને આપી દો. સહાબાએ અર્ઝ કરી કે અમે તો તેની ઉમરથી બેહતરી પામીએ છીએ[૪]. ફર્માવ્યું, એ જ ખરીદી લો અને એ જ તેની આપી દો કે ***તમારામાં બેહતરીન તે છે જે કરજ સારી રીતે અદા કરે.''*** *(મુસ્લિમ, બુખારી)*

૧. આ સખ્તી કરનાર કરજ આપનાર ક્યાં તો કોઈ યહૂદી વગેરે કાફિર હશે અથવા આદાબથી નાવાકેફ બદવી (ગામડાવાસી) હશે, જે હુઝૂર ﷺના એહતેરામથી ખબરદાર ન હતા. એ તો કરજ વિના પણ વાતચીતમાં ખૂબ જ સખ્તી કરતા હતા. અને હુઝૂરે અન્વર ﷺ સંયમ રાખતા હતા, નહીં તો સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين થકી આવી સખ્તી અશક્ય છે. (લમ્આત તથા મિર્ક઼ાત)

૨. મારપીટ કરવાનું અથવા કડક જવાબ આપવાનું અથવા બારગાહે આ઼લીથી કાઢી મૂક્વા ચાહ્યું.

૩. એટલે કે કરજ આપનારને હક્ક઼ છે કે જો કરજદાર માલદાર થઈને ટાળમટોળ કરે તો તેની વિરુદ્ધ દાવો કરી દે અથવા તેને જાલિમ ખયાનત કરનાર કહે અથવા કહે કે તું ખોટાકરૂ બહાનાખોર છે. યાદ રાખશો કે આ કાનૂન ખોટા કરનારા કરજદારો માટે છે. હુઝૂરે અન્વર ﷺએ મોક઼ો પર વર્ણવ્યા, નહીં તો હુઝૂરે અન્વર ﷺએ સર્વ ટાળ મટોળ વગેરેથી માસૂમ છે.

૪. એટલે કે જે ઊંટ તેણે આપને કરજ આપ્યુ હતું તે કમઉમર અને દૂબળુ હતું. હવે બજારથી એવાં દૂબળાં કમ ઉમર ઊંટ નથી મળતાં, એનાથી સારાં તાજાં રૂબાઈયા (જેના રૂબાઈ દાંત નીકળી આવ્યા હોય) મળી રહ્યાં છે.

૫. તિબ્રાની, ઈબ્ને હબ્બાન, હાકિમ, બયહક઼ીએ હઝરત ઝયદ ઈબ્ને સન્આથી રિવાયત કરી કે હું યહૂદીઓના મોટા પાદરીઓમાંથી હતો. મેં હુઝૂરે અન્વર ﷺમાં નબુવ્વતની સર્વ નિશાનીઓ જોઈ લીધી હતી. બેની આજમાઈશ કરવા ચાહતો હતો એક સંયમ (સહનશક્તિ) બીજુ સખ્તીના બદલામાં નરમી. મેં હુઝૂરે અન્વર ﷺને કેટલીક ખારેકો ઉધાર આપી અને અદા કરવાના સમયથી બે દિવસ પહેલાં ઉઘરાણી કરવા માટે ગયો. આપની ચાદર પકડીને ખૂબ જ સખ્તીપૂર્વક બોલ્યો કે મારુ કરજ આપો. બની અબ્દુલ મુત્તલિબ સામાન્યતઃ ખોટાકરુ હોય છે ! જનાબ ઉમર ફારૂક઼ رضی الله عنه એ ફર્માવ્યું કે જો આ આસ્તાનાનો અદબ આડે ન આવત તો આ તલ્વાર તારા માથા પર હોત. હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, હે ઉમર ! બેહતર થાત કે તમે મને કરજ અદા કરવાની સલાહ આપતા. તમે ઉલ્ટાનુ મારા પર એહસાન કરનાર (મોહસિન) પર સખ્તી કરી ! જાવ ! એમનુ કરજ અદા કરો અને વીસ સાઅ વધારે ખજૂરો આપી દો, એ સખ્તીના બદલામાં જે તમે એમના પર કરી. મેં કહ્યું, હે ઉમર ! હું નબુવ્વતની બે નિશાનીઓની પરીક્ષા કરી રહ્યો હતો તો એ દુરુસ્ત પામી લીધી. હું પઢુ છું لا اله الا الله محمد رسول الله આ તો કરજ આપનારનો મામલો છે, આસ્તાના આ઼લિયા પર ભીખ માગનારાઓએ કડકાઈથી માગી છે અને હુઝૂરે અન્વર ﷺએ તેમને અતાઓ પણ આપી છે અને દુઆઓ પણ આપી, જેવું કે બુખારી, અબૂ દાઉદ વગેરેની રિવાયતોમાં છે. (મિર્ક઼ાત)

★ માલદારે કરજ અદા કરવામાં આનાકાની કરવું જુર્મ ★

★ હદીષ : (૯)-૨૯૦૭ ★	*"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, માલદારે ટાળમટોળ કરવું જુલ્મ છે[૧]. અને જ્યારે તમારામાંથી કોઈનું કરજ માલદાર પર હવાલો કરવામાં આવે તો હવાલો કબૂલ કરી લે[૨]." (મુસ્લિમ)*
وَعَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَطْلُ الْغَنِيِّ ظُلْمٌ فَإِذَا أُتْبِعَ أحدكُم على مَلِيء فَليتبعْ»	

૧. એટલે કે **કરજદાર પાસે કરજ અદા કરવા માટે પૈસા હોય છતાં ટાળે તો તે જાલિમ છે.** તેને કરજ આપનાર બેઈજ્જત પણ કરી શકે છે અને જેલમાં પણ મોકલી શકે છે. એ કરજદાર શખ્સ ગુનેહગાર પણ થશે, કેમ કે જાલિમ ગુનેહગાર હોય જ છે.

★ પોતાનુ કરજ બીજાના હવાલે કરવાનો મસ્અલો ★

૨. હવાલાનો અર્થ છે : نقل ذمة الى ذمة એટલે કે પોતાનુ કરજ બીજાના માથે નાખી દેવું. اتبع બાબે અફઆલનો માઝી મજહૂલ છે, એટલે તાબે કરવામાં આવે. مليءٌ માલદારના અર્થમાં, જેનુ ખિસ્સુ માલથી ભરેલુ હોય. આ બાબત ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. એટલે કે જો તમારો કરજદાર તમને કહે કે મારુ કરજ ફલાણાથી વસૂલ કરી લેજો, અને તે ફલાણો પણ કબૂલ કરી લે તો બેહતર છે કે તે કરજદારનો પીછો છોડી આપો અને તે માલદારથી જ વસૂલ કરી લો. તમારે તો તમારુ કરજ મળવાથી મતલબ છે.

કરજની અદાયગીમાં હુઝૂર ﷺનો એક અજીબ ફૈસલો

★ હદીષ : (૧૦)-૨૯૦૮ ★ (مُتَّفِق عَلَيْهِ)	*"હઝરત કઅબ ઈબ્ને માલિક رضي الله عنه થી રિવાયત છે કે તેમણે મસ્જિદમાં ઈબ્ને અબી હદરદથી પોતાના કરજની માગણી કરી[૧] ઝમાનએ નબવી ﷺમાં, તો તેમના અવાજો કાંઈક ઊંચા થઈ ગયા ત્યાં સુધી કે રસૂલુલ્લાહ ﷺએ પોતાના ઘરમાંથી સાંભળી લીધું[૨] તો રસૂલુલ્લાહ ﷺ તેમની તરફ તશરીફ લાવ્યા, ત્યાં સુધી કે પોતાના હુજરા શરીફનો પર્દો ઉઠાવ્યો અને હઝરત કઅબ ઈબ્ને માલિકને પુકાર્યા, ફર્માવ્યું : હે કઅબ ! અર્ઝ કરી, હુઝૂર ! (ﷺ) હાજર છું ! આપે આપના હાથ શરીફથી ઈશારો કર્યો કે અડધુ કરજ માફ કરી દો. હઝરત કઅબે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મેં કરી આપ્યું. ફર્માવ્યું, ઉઠો ! હવે અદા કરી દો[૩]."* *(મુસ્લિમ, બુખારી)*
وَعَنْ كَعْبِ بْنِ مَالِكٍ: أَنَّهُ تَقَاضَى ابْنَ أَبِي حَدْرَدٍ دَيْنًا لَهُ عَلَيْهِ فِي عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْمَسْجِدِ فَارْتَفَعَتْ أَصْوَاتُهُمَا حَتَّى سَمِعَهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ فِي بَيْتِهِ فَخَرَجَ إِلَيْهِمَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حَتَّى كَشَفَ سِجْفَ حُجْرَتِهِ وَنَادَى كَعْبَ بْنَ مَالِكٍ قَالَ: «يَا كَعْبُ» قَالَ: لَبَّيْكَ يَا رَسُولَ اللَّهِ فَأَشَارَ بِيَدِهِ أَنْ ضَعِ الشَّطْرَ مِنْ دَيْنِكَ قَالَ كَعْبٌ: قَدْ فَعَلْتُ يَا رَسُولَ اللَّهِ قَالَ: «قُمْ فاقضه»	

૧. તેમનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને અબી હદરદ છે. કુન્નિયત અબૂ મુહમ્મદ. બયઅતે હુદૈબિયા અને ગઝવએ ખૈબરમાં શરીક હતા. મસ્જિદ મુરાદ ખારિજે મસ્જિદ છે કે દાખિલે મસ્જિદમાં દુનિયવી વાતચીત મના છે.

૨. હઝરત કઅબે કહ્યું હશે કે હમણા કરજ આપો. તેમણે કહ્યું હશે કે મારી પાસે હમણા નથી. એના લીધે ઝઘડો પેદા થઈ ગયો હશે. જેવું કે સામાન્યતઃ ઉઘરાણીમાં થાય છે.

★ કરજ સંબંધી જરૂરી મસ્અલા ★

૩. سبحان الله ! શું ઉમદા ફૈસલો છે કે મિનિટોમાં મહીનાઓનો ઝઘડો સોલ્વ કરી આપ્યો. એનાથી અમુક મસ્અલા સાબિત થયા : **એક** એ કે કરજની માફીની સ્થિતિમાં બાકીના કરજની અદાયગી તુરત જ જરૂરી છે. **બીજુ** એ કે મસ્જિદની હદોમાં કરજની માગણી કરવી જાઈઝ છે. **ત્રીજુ** એ કે માફી તથા રાહતની સિફારિશ કરવી જાઈઝ છે. **ચોથુ** એ કે સુલહ કરાવનાર બંને પક્ષનો લેહાઝ રાખે કે થોડોક આને દબાવે થોડોક તેને. **પાંચમું** એ કે જાઈઝ સિફારિશ સ્વીકારી લેવી બેહતર છે. **છઠ્ઠુ** એ કે ઈશારા પર ભરોસો કરી શકીએ છીએ કે એ વાતના સ્થાને છે. જુઓ હુઝૂરે અન્વર ﷺએ અડધા કરજનો ઈશારો જ કર્યો. (મિર્કાત)

''હઝરત સલમા ઈબ્ને અકૂઅથી રિવાયત છે. ફર્માવે છે, અમે નબી કરીમ ﷺની પાસે હાજર હતા એવામાં એક જનાઝો લાવવામાં આવ્યો. લોકોએ અર્ઝ કરી, એના પર નમાઝ પઢો[૧] ફર્માવ્યું, શું એના પર કરજ છે ?[૨] અર્ઝ કરી, નહીં. આપે નમાઝ પઢી લીધી. પછી બીજો જનાઝો લાવવામાં આવ્યો. ફર્માવ્યું, શું એના પર કરજ છે ! અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, શું કાંઈક માલ છોડયો પણ છે ? અર્ઝ કરી, ત્રણ અશરફીઓ. તો હુઝૂરે તેના પર નમાઝ પઢી લીધી[૩]. પછી ત્રીજો જનાઝો લાવવામાં આવ્યો. ફર્માવ્યું, શું એના પર કરજ છે ? અર્ઝ કરવામાં આવી, ત્રણ અશરફીઓ. ફર્માવ્યું, શું તેણે કાંઈ માલ છોડયો પણ છે ? અર્ઝ કરી, નહીં ![૪] ફર્માવ્યું, તમારા યાર પર તમે જ નમાઝ પઢો. અબૂ કતાદાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ એના પર નમાઝ પઢો, તેનું કરજ મારા માથે છે. ત્યારે આપે નમાઝ પઢી[૫]. (મુસ્લિમ, બુખારી)

કરજદારની નમાઝે જનાઝાનો મસ્અલો

★ હદીષ : (૧૧)-૨૯૦૯ ★

وَعَن سَلمَة بن الْأَكْوَع قَالَ: كُنَّا جُلُوسًا عِنْدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذْ أُتِيَ بِجنَازَةٍ فَقَالُوا: صَلِّ عَلَيْهَا فَقَالَ: «هَلْ عَلَيْهِ دَيْنٌ؟» قَالُوا: لَا فَصَلَّى عَلَيْهَا ثُمَّ أُتِيَ بِجنَازَةٍ أُخْرَى فَقَالَ: «هَل عَلَيْهِ دين؟» قَالُوا: نعم فَقَالَ: «فَهَلْ تَرَكَ شَيْئًا؟» قَالُوا: ثَلَاثَةَ دَنَانِيرَ فَصَلَّى عَلَيْهَا ثمَّ أُتِي بالثالثة فَقَالَ: «هَلْ عَلَيْهِ دَيْنٌ؟» قَالُوا: ثَلَاثَةُ دَنَانِيرَ قَالَ: «هَلْ تَرَكَ شَيْئًا؟» قَالُوا: لَا قَالَ: «صلوا على صَاحِبكُم» قَالَ أَبُو قَتَادَة: صلى الله عَلَيْهِ وَسلم عَلَيْهِ يَا رَسُولَ اللَّهِ وَعَلَيَّ دَيْنُهُ فَصَلَّى عَلَيْهِ. رَوَاهُ الْبُخَارِي

૧. લગભગ અર્ઝ કરનારા એ મૈયતના વાલી વારસો હતા અથવા તેના દોસ્ત સગા હતા એ જમાનામાં દરેક શખ્સની કોશિશ એ રહેતી હતી કે અમારી મૈયત પર જનાઝો હુઝૂર ﷺ પઢે. એટલા માટે દૂર દૂરથી જનાઝા હુઝૂર ﷺની બારગાહમાં લાવવામાં આવતા હતા.

૨. કરજથી મુરાદ બંદાઓનો માલી હક્ક છે, ચાહે પત્નીની મહેર હોય અથવા કોઈનું વ્યાપારિક દેવુ અથવા હાથનું લીધેલુ ઉધાર જેને દસ્તેગિરાં કહે છે.

૩. લગભગ હુઝૂરે અન્વર ﷺને કશ્ફ, ઈલ્હામ અથવા વહી થકી માલૂમ થઈ ગયું કે તેના પર કરજ ત્રણ

દીનાર અથવા તેનાથી પણ ઓછુ છે. એટલા માટે આપે એ જવાબ પર નમાઝ પઢી લીધી, નહીં તો જો કરજ એના કરતાં વધારે હોત તો આપ નમાઝ ન પઢતા જેવું કે આગલા લખાણથી જાહેર થઈ રહ્યું છે. (લમ્અ઼ાત, મિર્ક઼ાત)

૪. કદાચ આ ત્રણેવ જનાઝા એક જ દિવસે એક જ મજલિસમાં થોડા થોડા અંતરે લાવવામાં આવ્યા અને શક્ય છે કે એ વિવિધ દિવસોના બનાવો હોય, પણ પ્રથમ સંભાવના અધિક મજબૂત છે.

★ આલિમે દીન કે પીર ગુનેહગાર પર નમાઝે જનાઝાથી ના પાડી શકે ★

૫. આ બનાવથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે નમાઝે જનાઝા ફર્ઝે કિફાયા છે કે અમુકના અદા કરી લેવાથી અદા થઈ જાય છે. **બીજુ** એ કે **ગુનાહ અથવા બુરી રસમો રોકવા માટે આલિમે દીન અથવા શયખે વક઼્ત ગુનેહગાર પર જનાઝા પઢવાથી ઈન્કાર કરી શકે છે. જેથી લોકો બોધગ્રહણ કરે અને એ રસમો છોડી આપે.** મદીનાના અન્સાર કરજ લેવાના ખૂબ જ આદી હતા. તેમનાં મકાન, સંપત્તિઓ, સામાનો યહૂદીઓને ત્યાં ગીરો હતાં. મામૂલી વાતો પર કરજ લઈ લીધા કરતા હતા. આ બુરી રસમને મિટાવવાના માટે હુઝૂર ﷺએ કરજદારો પર સખ્તી કરી. પછી જ્યારે આ આયતે કરીમા ઉતરી : اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ (આપ નબી મુસલમાનોના તેમની જાન કરતાં અધિક માલિક છે. સૂરએ અહઝાબ, ૩૩/૬) જેથી સરકારે એલાન કરી આપ્યું કે હવે જે મૃત્યુ પામ્યા કરશે તો તેના માલ તેના વારસો માટે થશે અને તેનું કરજ અથવા તેના યતીમ, ગરીબ બાળકોની પરવરિશ મારા જિમ્મે રહેશે. હક્ક઼ તો એ છે કે હજી પણ આપણે તથા આપણા બાળકોને હુઝૂરે અન્વર ﷺ જ પાળી રહ્યા છે. જેમ કે કુર્આની ફર્માન : اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ સર્વ મો'મિનોને સમાવે છે. **ત્રીજુ** એ કે મૈયતની તરફથી જામિન થવું જાઈઝ છે. મોટાભાગના ઉલમાનો આ જ ક઼ૌલ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં આ ઝમાન જાઈઝ નથી. તે ફર્માવે છે કે એ ઝમાનત ન હતી બલ્કે અદા કરવાનો વાયદો હતો. ઝમાનત તથા વાયદામાં ઘણો ફરક છે. ઈમામ સાહબને ત્યાં આ જો મૈયત માલ છોડી આપે છે તો તેના વારસાની વહેંચણી અથવા કરજ અદા કરવાની જિમ્મેદારી જાઈઝ છે. (અઝ : લમ્અ઼ાત, મિર્ક઼ાત) યાદ રાખશો કે સાહિબૈનને ત્યાં મૈયતની ઝમાનત આ જ હદીષના આધારે જાઈઝ છે. ફત્વો સાહિબૈનના ક઼ૌલ પર છે.

નેક આદમીનું કરજ અદા થઈ જ જાય છે

★ હદીષ : (૧૨)-૨૯૧૦ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ أَخَذَ أَمْوَالَ النَّاسِ يُرِيدُ أَدَاءَهَا أَدَّى اللَّهُ عَنْهُ وَمَنْ أَخَذَ يُرِيدُ إِتْلَافَهَا أَتْلَفَهُ اللَّهُ عَلَيْهِ» . رَوَاهُ الْبُخَارِيُّ

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, **જે લોકોના માલ કરજ લે જેને અદા કરી દેવાનો પાકો ઈરાદો રાખે[૧] તો અલ્લાહ તેને અદા કરાવી જ આપે છે. અને જે એને બર્બાદ કરવાનો ઈરાદો કરે તો અલ્લાહ તેના પર બર્બાદી નાખી દે છે.**''*
(બુખારી)

૧. અને જાહેર છે કે એવો માણસ **વિના જરૂરતે કરજ લેશે જ નહીં** અને ન નાજાઈઝ કામોના માટે કરજ લેશે. **રબનો ડર રાખનારા કરજથી શક્ય ત્યાં સુધી બચે છે.**

૨. એટલે કે જેની નિય્યત કરજ લેતી વખતે જ અદા કરવાની ન હોય, અને પહેલેથી જ માલ મારવાનો ઈરાદો હોય, એવો માણસ જરૂરત વિના પણ કરજ લઈ લે છે અને નાજાઈઝ રીતે પણ. સારાંશ કે આ હદીષ ઘણી બધી હિદાયતો ધરાવે છે, અને અનુભવથી સાબિત છે કે નેક માણસનું કરજ અદા થઈ જ જાય છે ચાહે જિંદગીમાં પોતે અદા કરે કે મૃત્યુ બાદ તેના વારસો અદા કરે. જેમ કે હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ એ હુઝૂરે અન્વર ﷺની વફાત બાદ હુઝૂર ﷺનું કરજ અદા કર્યું. બખ્તર છોડાવ્યું. જો એવું પણ ન થાય તો ક़યામતના દિવસે રબ તઆલા તેના કરજ આપનારથી માફ કરાવી દેશે. અથવા કરજ આપનારને કરજના બદલામાં જન્નતની નેઅમતો બખ્શી આપશે. સારાંશ હદીષ સ્પષ્ટ છે. એના પર એ વાંધો નથી કે હુઝૂરે અન્વર ﷺ પર કરજ કેમ રહી ગયું હતું ? તેને રબે કેમ અદા ન કરાવ્યું ? કેમ કે હઝરત સિદ્દીક़ رضی اللہ عنہ નું અદા કરવું રબ તઆલા તરફથી જ હતું. અને ન એ વાંધો છે કે અમુક કરજદારોનું કરજ ક़યામતમાં રબ તઆલા અદા કે માફ કરાવી દેશે, જેમ કે હદીષોમાં છે.

ગાઝી તથા શહીદ સર્વ ગુનાહો પાક થશે....

"હઝરત અબૂ ક़તાદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવો, જો હું અલ્લાહની રાહમાં સબ્ર કરતાં અને અજ્ર તલબ કરતાં પાછો ન હતું બલ્કે આગળ વધતાં માર્યો જઉં તો શું અલ્લાહ મારી ખતાઓ મિટાવી દેશે ?[૧] રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હા ![૨] જ્યારે તે શખ્સ ચાલ્યો ગયો તો તેને બોલાવ્યો અને ફર્માવ્યું, હા ! કરજના સિવાય. હઝરત જિબ્રઈલે આ જ પ્રમાણે કહ્યું છે[૩]."

★ હદીષ : (૧૩)-૨૯૧૧ ★

وَعَن أَبِي قَتَادَةَ قَالَ: قَالَ رَجُلٌ: يَا رَسُولَ اللَّهِ أَرَأَيْتَ إِنْ قُتِلْتُ فِي سَبِيلِ اللَّهِ صَابِرًا مُحْتَسِبًا مُقبلا غير مُدبر يكفر اللَّهُ عَنِّي خَطَايَايَ؟ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نَعَمْ» . فَلَمَّا أَدْبَرَ نَادَاهُ فَقَالَ: «نَعَمْ إِلَّا الدَّيْنَ كَذَلِكَ قَالَ جِبْرِيلُ» . رَوَاهُ مُسْلِمٌ

૧. એટલે કે હું જેહાદની હાલતમાં સાબિર પણ છું, બહાદુર પણ, ગાઝી પણ અને આખરે શહીદ પણ કરવામાં આવું. આટલી ખૂબીઓ એકત્ર થવા પર મારા ગુનાહો માફ થશે કે નહીં ?

૨. એટલે કે હા ! તારા સર્વ આગલા પાછલા સગીરા કબીરા ગુનાહો માફ થશે. એનાથી જાણવા મળ્યું કે ગાઝી તથા શહીદ સર્વ ગુનાહોથી પાક તથા સાફ થઈ જાય છે.

★ કરજ લેવું ગુનોહ નથી ★

૩. એટલે કે હે શખ્સ ! મારા ફર્માનનો ગલત મતલબ ન સમજતો. મને જિબ્રઈલે અમીને હમણા ધ્યાન અપાવ્યું કે તને એવું સમજાવી દઉં જેથી તું મારી વાત ગલત ન સમજે. ફક़ીરની આ શરહથી ઘણા બધા સવાલો ખત્મ થઈ ગયા. ન એ વાંધો ઉઠી શકે છે કે કરજ ગુનાહોમાં સામેલ જ ન હતું. કરજ તો હુઝૂર ﷺએ પણ લીધું છે, પછી તેને અપવાદ કરવાની શું જરૂરત છે ? ન એ કે હુઝૂરે અન્વર ﷺને તબ્લીગ કરવાનુ ન આવડતુ હતું એટલા માટે જિબ્રઈલે અમીને તબ્લીગ કરતાં શીખવ્યું. ન એ કે હુઝૂરે અન્વર ﷺએ પહેલાં એને ગલત મસ્અલો કેમ બતાવ્યો ? તબ્લીગમાં ગલતી તો શાને નબુવ્વતની વિરુદ્ધ છે, વગેરે વગેરે. યાદ રાખશો કે અહીં નફ્સે કરજની માફીનો ઉલ્લેખ છે જે જેહાદ તથા શહાદતથી પણ માફ નથી થતી. અને હજ્જના બયાનમાં ટાળમટોળ, જૂઠા વાયદા, સમય પર

અદા ન કરવું મુરાદ છે. જેમ કે બખ્શિશનો વાયદો કરવામાં આવ્યો કે હાજીનાં કરજ પણ માફ થઈ જાય છે, એટલે કરજના તે ગુનોહ માફ થઈ જાય છે. જેથી હદીષોમાં ટકરાવ નથી. એનાથી જાણવા મળ્યું કે જિબ્રઈલે અમીને કુર્આનના સિવાય અન્ય ચીજો પણ નાઝિલ કરી છે.

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શહીદના સર્વ ગુનાહ બખ્શી દેવામાં આવે છે, સિવાય કરજ[૧]."
(મુસ્લિમ)

★ હદીષ : (૧૪)-૨૯૧૨ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «يُغْفَرُ لِلشَّهِيدِ كل ذَنْب إِلَّا الدّين» . رَوَاهُ مُسلم

૧. આ અપવાદ મુન્કતઅ (એ વસ્તુનો અપવાદ કરવો જે અપવાદિત હુકમમાં દાખલ ન હોય) છે, કેમ કે કરજ લેવું ગુનોહ નથી, નહીં તો અંબિયાએ કિરામ ખાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین કરીને હુઝૂર ﷺ ન લેતા. અને શક્ય છે કે કરજથી મુરાદ નાજાઈઝ કરજ લેવું હોય હરામ રસ્મોમાં ખર્ચ કરવા માટે, અથવા કરજના પરિણામો મુરાદ હોય અથવા વિના મજબૂરીએ ટાળમટોળ કરવું સમય પર અદા ન કરવું, જૂઠા વાયદા કરવા વગેરે, ત્યારે અપવાદ મુન્કતઅ છે. પણ પ્રથમ અર્થ અધિક મજબૂત છે કે એ ગુનાહ તો હજજથી પણ માફ થઈ જાય છે, તો ઈન્શા અલ્લાહ! જેહાદથી પણ માફ થશે. મિર્કાતે અહીં ફર્માવ્યું કે કરજથી મુરાદ બંદાઓના હક્કો છે, જેથી નાહક્ક ખૂન, નાહક્ક કોઈની આબરૂ રેઝી પણ એમાં સામેલ છે.

★ કરજદારના જનાઝા વિશે હુઝૂર ﷺનું પૂછવું લોકોને બતાવવા હતું ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ની પાસે કોઈ મૃત્યુ પામેલ શખ્સ લાવવામાં આવતો, જેના પર કરજ હોતુ તો આપ પૂછતા[૧] શું તેણે કરજને અદા કરવા માટે કાંઈ છોડ્યું છે? પછી જો ખબર આપવામાં આવતી કે તેણે કરજ અદા કરવા માટે છોડ્યું છે, તો નમાઝ પઢી લેતા[૨] નહીં તો મુસલમાનોને કહી દેતા કે તમારા યાર પર નમાઝ પઢી લો[૩] જ્યારે અલ્લાહે આપના પર વિશાળતા ફર્માવી[૪] તો ઉભા થઈને ફર્માવ્યું, હું મુસલમાનોનો તેમની જાનો કરતાં અધિક વાલી છું[૫] તો જે મુસલમાન મૃત્યુ પામે કરજ છોડે તો તેની અદાયગી મારા જિમ્મે છે અને જે માલ છોડે તે તેના વારસો માટે છે[૬]."
(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૫)-૨૯૧૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُؤْتَى بِالرَّجُلِ الْمُتَوَفَّى عَلَيْهِ الدَّيْنُ فَيَسْأَلُ: «هَلْ تَرَكَ لِدَيْنِهِ قَضَاءً؟» فَإِنْ حُدِّثَ أَنَّهُ تَرَكَ وَفَاءً صَلَّى وَإِلَّا قَالَ لِلْمُسْلِمِينَ: «صَلُّوا عَلَى صَاحِبِكُمْ» . فَلَمَّا فَتَحَ اللَّهُ عَلَيْهِ الْفُتُوحَ قَامَ فَقَالَ: «أَنَا أَوْلَى بِالْمُؤْمِنِينَ مِنْ أَنْفُسِهِمْ فَمَنْ تُوُفِّيَ مِنَ الْمُؤْمِنِينَ فَتَرَكَ دينا فعلي قَضَاؤُهُ وَمن ترك فَهُوَ لورَثته»

૧. હુઝૂરે અન્વર ﷺનું આ પૂછવું પોતાના ઈલ્મના માટે નહીં, હુઝૂર ﷺ તો દરેક શખ્સના દરેક ખુલ્લા છુપા અમલોથી વાકેફ છે. **બે કબરો પર ઉભા રહીને કહી આપ્યું કે આ ચુગલખોર હતો અને આ**

પેશાબના છાંટાઓથી બચતો ન હતો. બલ્કે આ સવાલ લોકોને જણાવવા માટે છે કે અમારું નમાઝ ન પઢવું કરજની સજામાં છે. જેમ કે રબ તઆલા કયામતમાં બંદાઓને પૂછીને હિસાબ કિતાબ લઈને સજા તથા જઝા આપશે. તે પણ લોકોની તસલ્લીના માટે છે ન કે રબના પોતાના ઈલ્મના માટે.

★ કરજદારની જનાઝાની નમાઝ પઢવા હુઝૂર ﷺ હુકમ આપતા તમે પઢી લો ★

૨. એટલે કે જો કરજ ન હોતુ તો નમાઝ પઢી લેતા, અને જો કરજ હોતુ પણ કરજ અદા કરવા માટે માલ છોડેલો છે તો પણ જનાઝો પઢી લેતા.

૩. એટલે કે અમે પઢીશું નહીં તમે પઢી લો. જાણવા મળ્યું કે દરેક મુસલમાન પર જનાઝો પઢાવવામાં આવશે, ચાહે ગુનેહગાર હોય કે બંદાઓના હક્કો તેના માથે હોય, નમાઝ તો ઈસ્લામી હક્ક છે. આ સખ્તી લોકોને કરજથી બચાવવા માટેની હતી.

૪. માલી આવક શહેર તથા ઈલાકા પર ફતહ મેળવીને અને નિયાઝમંદોના અકીદતપૂર્ણ હદિયાઓ (ભેટો)ના થકી છે. (મિર્કાત)

૫. આ આયતે કરીમાની તરફ નિર્દેશ છે : اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ (આ નબી મુસલમાનોનો તેમની જાનથી પણ અધિક માલિક છે. સૂરએ અહઝાબ, ૩૩/૬)

★ હુઝૂર ﷺ આપણા માલિક અને આપણે સૌ ગુલામ ★

૬. એનાથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺ આપણી સર્વ દીની તથા દુનિયવી બાબતોના માલિક છે. **આપ માલિક છે અને આપણે સૌ હુઝૂર ﷺના ગુલામ છીએ.** જેવી રીતે ગુલામ કરજદારનું કરજ માલિક ચૂકવે છે એ જ પ્રમાણે અમારાં દુનિયા તથા આખેરતનાં કરજ ઈન્શા અલ્લાહ ! હુઝૂર જ ચૂકવશે. એવું હોવું જોઈતુ હતું કે આપણો છોડેલો માલ પણ હુઝૂર લેતા, કેમ કે ગુલામનો માલ માલિકનો હોય છે. પણ આ કરીમાના કરીમ છે કે વારસો લેતા નથી, ફરજ અદા કરી આપે છે. યાદ રાખશો કે રબ તઆલાએ પોતાના માટે ફર્માવ્યું : نَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْ حَبْلِ الْوَرِيْدِ (અને દિલની રગથી પણ તેનાથી અધિક નજીક છીએ. સૂરએ કાફ, ૫૦/૧૬) અમે તમારી ઘોળી નસથી પણ અધિક નજીક છીએ. અને પોતાના હબીબ ﷺના માટે ફર્માવ્યું : بِاَنْفُسِهِمْ (આ નબી ﷺ મુસલમાનોના તેમની જાનથી પણ અધિક માલિક છે. સૂરએ અહઝાબ, ૩૩/૬) નબી કરીમ ﷺ મુસલમાનોની જાનોથી અધિક નજીક અથવા માલિક છે. પોતાના માટે ફર્માવ્યું : مِنْ اَنْفُسِهِمْ જાણવા મળ્યું કે જે રીતે બંદાનો સંબંધ રબની સાથે છે એ જ પ્રમાણે હુઝૂરથી સંબંધ છે, એટલે દીની, ઈમાની, જાની વગેરે. એને ઝોક શોખવાળો જ સમજી શકે છે.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૧૬)-૨૯૧૪ ★
عَنْ أَبِي خَلْدَةَ الزُّرَقِيِّ قَالَ: جِئْنَا أَبَا هُرَيْرَةَ فِي صَاحِبٍ لَنَا قَدْ أَفْلَسَ فَقَالَ: هَذَا الَّذِي قَضَى فِيهِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ

''હઝરત અબૂ ખલ્દા ઝુરકી رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે અમે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની પાસે અમારા એક દેવાળીયા સાથીના સંબંધે ગયા[૨] તો

عَلَيْهِ وَسَلَّمَ: «أَيُّمَا رَجُلٍ مَاتَ أَوْ أَفْلَسَ فَصَاحِبُ الْمَتَاعِ أَحَقُّ بِمَتَاعِهِ إِذَا وَجَدَهُ بِعَيْنِه» . رَوَاهُ الشَّافِعِي وَابْن مَاجَه

ફર્માવ્યું કે આ જ તે બનાવ છે જેના સંબંધે રસૂલુલ્લાહ ﷺ એ ફૈસલો ફર્માવ્યો કે જે શખ્સ દેવાળીયો થઈને મરી જાય[૩] તો ખાસ સામાનવાળો પોતાના સામાનનો અધિક હક્કદાર છે જ્યારે તે જ તેવો ને તેવો પામે[૪]."
(શાફઈ, ઈબ્ને માજહ)

૧. આપનું નામ ખાલિદ ઈબ્ને દીનાર છે. અબૂ ખબ્દા કુન્નિયત છે. આમિર ઈબ્ને ઝરિક કબીલાથી છે જે બની તમીમના એક ખાનદાનથી છે. ટેલરિંગ કામ કરતા હતા. તાબઈ છે. ષિક્હ છે. હઝરત અનસ અબૂ આલિયા ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ થી રિવાયત કરે છે. તેમનાથી વકીઅ વગેરએ રિવાયત લીધી. (મિર્કાત, અશિઅહ, લમ્આત)

૨. જેમના પર કરજ ઘણુ થઈ ગયું હતું, અદાયગીની કોઈ સ્થિતિ ન હતી. તેમના પાસે કાંઈક એવા ખરીદેલા માલો પણ હતા જેની કિંમત અદા થઈ ન હતી. અમે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી દેવાળીયાના મસાઈલ પૂછયા.

★ દેવાળીયાના વિશે હુકમો ★

૩. મરી જવાનો ઉલ્લેખ એટલા માટે કર્યો કે હવે તેની પાસેથી કરજ વસૂલ થવાની કોઈ સ્થિતિ નથી રહેતી. જિંદગીમાં તો ઉમ્મીદ હતી કે ભાવિમાં કમાયને આપશે.

૪. એની ચર્ચા "બાબુલ ઈફલાસ"ના શરૂમાં વર્ણન થઈ ચૂકી કે એનાથી મુરાદ ક્યાં તો અમાનતની ચીજો છે અથવા તે ચીજો જે દેવાળીયાએ દેવાળુ નીકળતા પહેલાં ખરીદી. ખિયાર (અખત્યાર) વેચનારને હતો. તે દેવાળીયો થવા પર પોતાના ખિયારનો હક્ક વાપરી શકે છે. પણ જે ચીજ વેચી ચૂક્યો છે તેની કિંમતમાં અન્ય કરજ માગનારાઓના બરાબર (સરખા ભાગીદાર) થશે કે તેનાથી હિસ્સા પ્રમાણે કરજ વસૂલ થશે.

મોમિનની જાન પોતાના કરજમાં અદ્ધર રહે છે

★ હદીષ : (૧૭)-૨૯૧૫ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم: «نَفْسُ الْمُؤْمِنِ مُعَلَّقَةٌ بِدَيْنِهِ حَتَّى يُقْضَى عَنْهُ» . رَوَاهُ الشَّافِعِيُّ وَأَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيب

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મો'મિનની જાન પોતાના કરજમાં મોઅલ્લક (અદ્ધર) રહે છે[૧] ત્યાં સુધી કે તેનું કરજ અદા કરી આપ્યું[૨]." (શાફઈ, અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)

૧. ક્યાં તો હાલમાં જન્નતમાં દાખલ થવાથી અથવા નેક લોકોની સાથે મળવાથી અથવા દરજાઓ હાંસલ કરવાથી રોકવામાં આવે છે, કરજ અદા થવાની રાહ જોતી રહે છે અથવા કયામતમાં કરજની અદા સુધી જન્નતમાં જવાથી રોકવામાં આવશે જ્યાં સુધી કે કરજની માફી અથવા કોઈ અન્ય સ્થિતિ ન થઈ જાય, ગમે તેટલી સાલેહ નેક હશે જન્નતમાં પ્રવેશી શક્શે નહીં.

૨. અહીં મિર્કાતે ફર્માવ્યું કે આ કરજથી તે કરજ મુરાદ છે જે માણસ વિના જરૂરતે લઈ લે અને અદા કરવામાં વિના કારણે ટાળમટોળ કરે. અને મરતી વખતે અદાના માટે માલ ન છોડે. જો આ ત્રણ શર્તોમાંથી એક પણ શર્ત ન

હોય તો અલ્લાહ તઆલાના ફઝ્લથી ઉમ્મીદ છે કે તેની પકડ ન કરશે, જેમ કે બીજી હદીષોમાં છે. જેમ કે ઈબ્ને માજહમાં છે કે ક્યામતમાં કરજ આપનારાને કરજદારથી ક્રેસાસ (બદલો) અપાવવામાં આવશે, ત્રણ કરજદારો સિવાય : **એક** તે જે જેહાદ વગેરે દીની જરૂરતો માટે કરજ લે. **બીજુ** એ કે જેને ત્યાં બેકફન મૈયત પડી હોય, તેનાં કફન દફન માટે કરજ લે. **ત્રીજુ** એ કે જે પોતાના પર ખતરો મહેસૂસ કરે અને નિકાહના જરૂરી તથા જાઈઝ ખર્ચ માટે કરજ લે. તેમનાં કરજ રબ તઆલા કરજ આપનારાઓ પાસેથી માફ કરાવી દેશે. તે હદીષ આ હદીષની શરહ છે. (મિર્ક્વાત)

કરજદાર ક્યામતમાં પોતાના કરજમાં સપડાયેલો હશે

★ હદીષ : (૧૮)-૨૯૧૬ ★

وَعَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «صَاحِبُ الدَّيْنِ مَأْسُورٌ بِدَيْنِهِ يَشْكُو إِلَى رَبِّهِ الْوَحْدَةَ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ فِي شرح السّنة

★ હદીષ : (૧૯)-૨૯૧૭ ★

وَرُوِيَ أَنَّ مُعَاذًا كَانَ يَدَّانُ فَأَتَى غُرَمَاؤُهُ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَبَاعَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَالَهُ كُلَّهُ فِي دَيْنِهِ حَتَّى قَامَ مُعَاذٌ بِغَيْرِ شَيْءٍ. مُرْسَلٌ هَذَا لَفْظُ الْمَصَابِيحِ. وَلَمْ أَجِدْهُ فِي الْأُصُول إِلَّا فِي الْمُنْتَقى

★ હદીષ : (૨૦)-૨૯૧૮ ★

وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ كَعْبِ بْنِ مَالِكٍ قَالَ: كَانَ مُعَاذُ بْنُ جَبَلٍ شَابًّا سَخِيًّا وَكَانَ لَا يُمْسِكُ شَيْئًا فَلَمْ يَزَلْ يُدَانُ حَتَّى أَغْرَقَ مَالَهُ كُلَّهُ فِي الدَّيْنِ فَأَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَكَلَّمَهُ لِيُكَلِّمَ غُرَمَاءَهُ فَلَوْ تَرَكُوا لِأَحَدٍ لَتَرَكُوا لِمُعَاذٍ لِأَجْلِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَبَاعَ رَسُول الله صلى الله عَلَيْهِ وَسلم مَالَهُ حَتَّى قَامَ مُعَاذٌ بِغَيْرِ شَيْءٍ. رَوَاهُ سعيد فِي سننه مُرْسلا

*''હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **ક્યામતના દિવસે કરજદાર પોતાના કરજમાં સપડાયેલો રહેશે**[૧] ત્યાં સુધી કે પોતાના રબથી એકાંતની શિકાયત કરશે[૨]. '' (શરહે સુન્નહ)*

અને મરવી છે કે હઝરત મઆઝ કરજદાર થઈ જતા હતા[૩] તેમને કરજ આપનારાઓ નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયા[૪] તો નબી કરીમ ﷺ એ તેમના કરજમાં તેમનો બધો માલ વેચી આપ્યો, ત્યાં સુધી કે હઝરત મઆઝ ખાલી હાથે ઉઠી ગયા[૫]. આ મસાબીહના શબ્દો છે એને મેં મુન્તક્વા સિવાય કોઈ કિતાબમાં નથી જોયા[૬]. ત્યાં અબ્દુર્રહમાન ઈબ્ને કઅબ ઈબ્ને માલિકથી રિવાયત કરી. ફર્માવ્યું, હઝરત મઆઝ ઈબ્ને જબલ સખી જવાન હતા, કાંઈ બચાવતા ન હતા. તે કરજ લેતા રહ્યા[૭] ત્યાં સુધી કે તેમનો સઘળો માલ કરજમાં ડૂબી ગયો[૮]. તો તે નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયા જેથી હુઝૂર ﷺ તેમનાથી કરજ માગનારાઓને કાંઈક કહી સંભળાવે[૯] તો જો એ લોકો કોઈના માટે છોડનારા હોત તો રસૂલુલ્લાહ ﷺ ના ખાતર મઆઝના માટે જરૂર છોડતા[૧૦] જેથી રસૂલુલ્લાહ ﷺ એ તેમના કારણે મઆઝનો પૂરો માલ વેચી નાખ્યો, ત્યાં સુધી કે હઝરત મઆઝ કોઈ ચીજના વિના ઉભા થઈ ગયા[૧૧]. '' (સઈદે ઈરસાલન પોતાની સુનનથી રિવાયત કરી)

૧. કે પોતાના દોસ્તથી સગાંઓથી અલગ ઉભો રાખવામાં આવશે. તેના સર્વને સગા સ્નેહીઓ જન્નતમાં

પહોંચી જશે પણ એ જઈ શક્શે નહીં, ભલે ગમે તેટલો નેક તથા સાલેહ હોય. રબ તઆલાથી પોતાના એકાંત (એકલાપણા) તથા જન્નતમાં ન પહોંચવાની શિકાયત કરશે, શોર મચાવશે. આ એકાકીપણુ તથા મોડુ થવું તથા મેહશરના મેદાનનો તાપ તથા તડકામાં ઉભા રહેવું પણ પૂરી મુસીબત હશે.

★ કરજદારની નેકીઓ કરજ આપનારને આપવામાં આવશે ★

૨. કોઈ ગમખ્વાર (ગમ દૂર કરનાર) ન પામશે કે એનું કરજ અદા કરે. કેવળ એ જ સ્થિતિ કરજ અદા થવાની હશે કે રબ તઆલા તે કરજદારની નેકીઓ કરજ આપનારને કરજના બદલામાં આપે અથવા તેમનાથી માફ કરાવે.

૩. હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ ના કરજદાર થતા રહેવાનું કારણ આગળ આવી રહ્યું છે, કે આપ ઘણા જ સખી હતા. કરજ લઈને પણ ખૈરાત તથા સદકૃાઓ આપતા રહેતા હતા.

૪. કે તમારું કરજ અદા કરાવવામાં આવે. જાણવા મળ્યું કે કરજ આપનારાઓનું કરજદાર પર કોર્ટમાં દાવો કરવો, હાકિમને ફરિયાદ કરવી દુરુસ્ત છે. તેની દલીલ આ જ હદીષ છે.

★ હાકિમ દેવાળીયાની બધી સંપત્તિ સ્થાવર કે જંગમ વેચી કરજ અદા કરશે ★

૫. આ હદીષ ટૂંકાણમાં છે. પ્રથમ હુઝૂરે અન્વર ﷺએ હઝરત મઆઝ رضی اللہ عنہ ને કરજ અદા કરવાનો હુકમ કર્યો. તેમણે અરજ કર્યું કે મારી પાસે રૂપિયા તદ્દન નથી, પછી તેમની રઝા (રાજીપા)થી હુઝૂર ﷺએ તેમનો માલ લીલામ કરી આપ્યો અથવા વેચી નાખ્યો. આજે પણ એના પર જ અમલ છે. હા ! જે કરજદાર ન તો કરજ અદા કરે અને તો પોતાનો માલ વેચે, ત્યારે હાકિમ તેને કેદ કરી આપે જેથી તે પોતાનો માલ ખુદ વેચી નાખીને કરજ અદા કરે, અથવા તો હાકિમને વેચવાની ઈજાઝત આપે. જબરદસ્તીથી હાકિમ તેનો માલ વેચશે નહીં. (મિર્કાત) અમુક સ્થિતિઓમાં કરજ માગનારાઓની માગણી પર હાકિમ પોતે પણ વેચી શકે છે, અને દેવાળીયા તથા મહજૂર (જેનો માલમાંથી અધિકાર ઉઠાવી લેવામાં આવ્યો હોય) પણ કરી શકે છે કે એલાન કરી આપે કે કોઈ તેનાથી લેણદેણ ન કરે, એ દેવાળીયો છે. (હાશિયા મિશ્કાત)

૬. એટલે કે આ હદીષ સિહાહ સિત્તા વગેરે હદીષની કિતાબોમાં નથી, કેવળ ઈબ્ને તયમી હંબલીની કિતાબ મુનક્કૃામાં છે. મિશ્કાતના લેખકનો હેતુ એ છે કે મારી તલાશમાં કમી છે કે મને ઉસૂલની કિતાબોમાં આ હદીષ ન મળી. એમાં છે જરૂર, જો ન હોત તો મુનક્કૃામાં ન હોત. જેથી એ મસાબીહ પર વાંધો નથી બલ્કે વાંધાનું નિવારણ છે. યાદ રાખશો કે આપણે અહનાફ (હનફીઓ)ને ત્યાં મુરસલ હદીષ કૃબૂલ છે, જેમ કે ઉસૂલની કિતાબોમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે.

૭. એટલે કે હઝરત મઆઝ رضی اللہ عنہ ની સખાવતનો એ હાલ હતો કે પોતાની આવકમાંથી તો શું બચાવતા, સર્વ આવક, ખૈરાત, સદકૃા, હદિયામાં ખર્ચ કરીને ખર્ચતા રહ્યા અને કરજ પણ લેતા રહ્યા અને દા'વતો, તોહફાઓ, સદકૃાઓ, ખૈરાત કરતા રહ્યા.

૮. અહીં માલથી મુરાદ રૂપિયા પૈસા નહીં, બલ્કે સંપત્તિ તથા ઘરનો સામાન, સવારીનાં જાનવર વગેરે છે કે જો રૂપિયા પૈસા હોત તો એ ચીજોને વેચવાની શું જરૂરત પડતી. યાદ રાખશો કે કરજ પ્રથમ રૂપિયા પૈસાથી અદા કરવામાં આવે છે, પછી સ્થળાંતર થાય તેવો સામાન વેચીને, પછી સ્થાવર મિલ્કત વેચીને, પછી રહેવાનો સામાન વેચીને.

૯. ક્યાં તો એ સઘળુ અથવા અમુક કરજ માફ કરાવી દો, અથવા કરજ આપનારાઓને સબ્રની સિફારિશ કરી આપો કે હજી થોડીક અધિક મોહલત આપી દે, કરજની માગણીમાં જલ્દી ન કરે. لِيُكَلِّمْ માં સર્વ ચીજો સામેલ છે.

૧૦. એટલે કે કરજ આપનારાઓએ હુઝૂરે અન્વર ﷺની સિફારિશ પણ ન માની. હુકમ ન આપ્યો હતો અને પયગંબરની સિફારિશ કે મશ્વરો માનવો બેહતર છે, વાજિબ નથી, પણ હુકમ માનવો વાજિબ છે. આ મશ્વરાને ન માનવાથી હઝરત મઆઝને તદ્દન નિરાશા વ્યાપી ગઈ કે જ્યારે કરજ આપનારાઓએ હુઝૂર ﷺની ભલામણ ન માની તો હવે કોનુ માનશે ?! ત્યારે તે અમલ થયો જે આગળ વર્ણવ્યો છે.

૧૧. એનાથી માલૂમ પડયું કે હાકિમ, દેવાળીયાનો બધો સ્થળાંતર પામે તથા ન પામે તેવો (સ્થાયી) માલ વેચે અને તેનું કરજ અદા કરાવી દે, કોઈ ચીજ ત્યાં સુધી કે રહેવાનુ મકાન પણ ન છોડશે. આજકાલ હાકિમો ક્યારેક કરજદારનું રહેવાનુ મકાન તે પણ થોડુક રાખી છોડી દે છે, તે પણ કોઈ મોટા શાહુકાર દેવાળીયા માટે, નહીં તો સઘળુ લીલામ કે વેચી કાઢે છે. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺનો આ અમલ ક़ાનૂન વર્ણન કરવા માટે છે અને હઝરત જાબિર رضی اللہ عنہ ના પિતાનુ કરજ મો'જિઝા રૂપે સર્વ અદા કરાવી દેવું કે થોડીક ખજૂરોથી બધુ કરજ અદા થઈ ગયું છતાં એક ખજૂર પણ ઓછુ ન થયું ! એ કરમે કરીમાના હતી. જો અહીં ક़ાનૂન પર અમલ ન થાત તો બાદના લોકોને આ હુકમોની કેવી રીતે જાણ થાત ?! જેથી આ હદીષે પાક પર એ વાંધો નથી કે અહીં પણ હઝરત જાબિરની જેમ કરજ અદા કેમ ન કરાવી દેવામાં આવ્યું. જુઓ અમુક સાઈલોનો હુઝૂરે અન્વર ﷺએ કંબલ તથા પ્યાલો લીલામ કરીને તેમને કામ પર લગાડી આપ્યા અને અમુક સાઈલોને અતિયા (તોહફા) આપીને માલદાર કરી આપ્યા, જલ્વા વિવિધ છે.

કરજદાર માલ ધરાવવા છતાં ન આપે તો કાર્યવાહી કરવી જાઈઝ

★ હદીષ : (૨૧)-૨૯૧૯ ★
وَعَنِ الشَّرِيدِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَيُّ الْوَاجِدِ يُحِلُّ عِرْضَهُ وَعُقُوبَتَهُ» قَالَ ابْنُ الْمُبَارَكِ: يُحِلُّ عِرْضَهُ: يُغَلَّظُ لَهُ. وَعُقُوبَتَهُ: يُحْبَسُ لَهُ.رَوَاهُ أَبُوداوُدَ وَالنَّسَائِيّ

"હઝરત શરીદ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, માલવાળાનું ટાળ મટોળ કરવું તેની આબરૂને તેની સજાને દુરુસ્ત કરી દે છે[૨] ઈબ્ને મુબારકે ફર્માવ્યું, આબરૂ હલાલ કરવાનો મતલબ એ છે કે તેની સાથે કડકાઈથી વાત કરે, અને સજા એ છે કે તેને કેદ કરી દેવામાં આવે[૩]."

(અબૂ દાઉદ, નિસાઈ)

૧. આપ સહાબી છે. ષિક़્હ છે. પહેલાં હઝરમૂતમાં રહેતા હતા પછી તાઈફમાં વસવાટ કર્યો. આપનું નામ પહેલાં માલિક હતું, પછી હુઝૂરે અન્વર ﷺએ શરીદ રાખ્યું. આપ પોતાના કોઈ હમ ક़ૌમને મારીને મક્કા મોઅઝ્ઝમા નાસી આવ્યા હતા. શરીદનો અર્થ છે ભાગીને આવનાર.

૨. એટલે કે જે કરજદાર માલ ધરાવતો હોય છતાં કરજ અદા ન કરતો હોય, તો કરજ આપનારને હક્ક़ છે કે તેને ઝલીલ કરે, તેને ખોટાકરુ હોવાનો ટોણો મારે અથવા તેને હાકિમથી સજા અપાવે. સજા પોતે ન આપશે પણ હાકિમથી અપાવશે.

૩. એટલે કે ઈબ્ને મુબારક رضی اللہ عنہ એ હુઝૂર ﷺના બંને કલમાઓની તફસીરો કરી કે આબરૂરેઝીનો અર્થ એ છે કે તેની સાથે કડકાઈપૂર્વક વાત કરે, દા.ત. કહે : તું જાલિમ છે ! ખોટાકરૂ છે ! લોકોનો માલ હડપ કરનાર છે ! એ મતલબ નથી કે તેના પર તોહમતો તથા નાજાઈઝ આક્ષેપો લગાડે. એ જ પ્રમાણે સજાનો મતલબ એ છે કે તેને હાકિમના થકી કેદ કરાવી દે. એ મતલબ નથી કે તેને જાતે પોતે મારે, પીટે અથવા ક़त्ल કરે અથવા કેદ રાખે.

જે બીજા મુસલમાનનુ કરજ અદા કરશે કયામતમાં તેની ગરદન આઝાદ થશે

*''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺની પાસે એક જનાઝો લાવવામાં આવ્યો[૧] કે જેથી આપ તેના પર નમાઝ પઢે. તો આપે ફર્માવ્યું, શું તમારા દોસ્ત પર કાંઈક કરજ છે ? લોકોએ કહ્યું, હા ! ફર્માવ્યું, શું તેની અદા છોડી છે ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, તમારા દોસ્ત પર નમાઝ પઢી લો[૩] હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તેનું કરજ મારા માથે છે. હુઝૂર ﷺ આગળ વધ્યા, તેના પર નમાઝ પઢી[૪]. એક રિવાયતમાં એનો અર્થ છે, અને જનાબ અલીને ફર્માવ્યું, અલ્લાહ તમારા નફ્સને (જીવને) આગથી આઝાદ કરે જેવી રીતે તમે તમારા મુસલમાન ભાઈની જાન છોડાવી[૫]. **એવો કોઈ મુસલમાન બંદો નથી જે પોતાના ભાઈનું કરજ અદા કરે, પણ ક़યામતના દિવસે અલ્લાહ તેની જાનને છોડાવી આપશે[૬].''** (શરહુસ્સુન્નહ)*

★ હદીષ : (૨૨)-૨૯૨૦ ★

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: أُتِيَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِجَنَازَةٍ لِيُصَلِّيَ عَلَيْهَا فَقَالَ: «هَلْ عَلَى صَاحِبِكُمْ دَيْنٌ؟» قَالُوا: نَعَمْ قَالَ: «هَلْ تَرَكَ لَهُ مِنْ وَفَاءٍ؟» قَالُوا: لَا قَالَ: «صَلُّوا عَلَى صَاحِبِكُمْ» قَالَ عَلِيُّ بْنُ أَبِي طَالِبٍ: عَلَيَّ دَيْنُهُ يَا رَسُولَ اللَّهِ فَتَقَدَّمَ فَصَلَّى عَلَيْهِ. وَفِي رِوَايَةٍ مَعْنَاهُ وَقَالَ: «فَكَّ اللَّهُ رِهَانَكَ مِنَ النَّارِ كَمَا فَكَكْتَ رِهَانَ أَخِيكَ الْمُسْلِمِ لَيْسَ مِنْ عَبْدٍ مُسْلِمٍ يَقْضِي عَنْ أَخِيهِ دَيْنَهُ إِلَّا فَكَّ اللَّهُ رِهَانَهُ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ فِي شَرْحِ السُّنَّةِ

૧. جنازہ જીમના ઝેરથી તે ડોલી જેમાં મૈયત રાખવામાં આવે, અને જીમના ઝબરથી ખુદ મૈયત. અહીં ફતહ (ઝબર)થી છે.

૨. પહેલાં કહેવામાં આવી ચૂક્યું છે કે આર્થિક મામલાના દેવાને કરજ કહેવામાં આવે છે, જેમ કે કોઈના માથે ભાડુ અથવા માલની કિંમત રહી ગઈ હોય અને ઝબાની કથન પર કરજ આપેલી રકમ અથવા વસ્તુને કરજ કહે છે. આટલી સખ્તીના વગર એ આદત છૂટી શકતી ન હતી. હકીમ (ડોકટર)નું નસ્તર મારવું પણ રહમત છે.

૪. એની ચર્ચા પહેલાં વર્ણન થઈ ચૂકી કે મૈયતની તરફથી માથે લેવું અને ઝમાનત મોટાભાગના ઈમામોને ત્યાં જાઈઝ છે. આપણે ત્યાં પણ સાહિબૈન જાઈઝ કહે છે અને એના પર જ ફત્વો છે.

★ દરેકનો નફ્સ તેના સારા બુરા અમલોમાં ગીરો જેમ છે ★

૫. رهان મરહૂનના અર્થમાં છે, એટલે ગીરો રાખેલી ચીજ. કેમ કે દરેક શખ્સનો નફ્સ પોતાના નેક તથા બદ્

અમલોમાં ગીરોની જેમ છે, એટલા માટે رهان થી મુરાદ નફ્સ લેવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : كُلُّ نَفْسٍ بِمَا كَسَبَتْ رَهِينَةٌ (દરેક જાન પોતાની કરનીમાં ગીરો છે. સૂરએ મુદ્દષ્ષિર, ૭૪/૩૮) મિર્કાત ફર્માવ્યું : رهان رهين નું બહુવચન છે, જેમ કે કરીમનું કિરામ. કેમ કે દરેક ઈન્સાનનું અંગ ગુનાહ કરતું રહે છે એટલા માટે દરેક અંગ ગીરો તથા ગિરફતાર છે, તો જાણે કે દરેક વ્યક્તિ ગીરો ચીજોના સમૂહ છે.

૬. એટલે કે જેવો વર્તાવ તમે રબના બંદાઓ સાથે કરશો તો તમારે સાથે પણ કિયામતમાં એવું જ થશે. જાણવા મળ્યું કે જો કોઈને ફસાવશો તો તમે પણ ફસાશો, જો ફસાયેલાઓને છોડાવશો તો છોડી દેવામાં આવશો. યાદ રાખશો કે મૈયતને કરજથી છોડાવવાની બે રીતો છે, તમારું કરજ હોય તો માફ કરી દો, બીજાનું હોય તો અદા કરી આપો.

"હઝરત ષૌબાન رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે એ હાલમાં મરે કે તે ખયાનતનો ઘમંડ અને કરજથી પાક તથા સાફ હોય તે જન્નતમાં દાખલ થશે[૧]."

(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)

★ હદીષ : (૨૩)-૨૯૨૧ ★

وَعَنْ ثَوْبَانَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ مَاتَ وَهُوَ بَرِيءٌ مِنَ الْكِبْرِ وَالْغُلُولِ وَالدَّيْنِ دَخَلَ الْجَنَّةَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَه والدارمي

૧. كبر એટલે **ઘમંડ એ છે કે પોતાના મુસલમાન ભાઈને હકીર (તુચ્છ) સમજે અને પોતાને ઊંચો જાણે એ મના છે.** કાફિરો પર ઘમંડ ખાસ કરીને જેહાદમાં સવાબ છે. અંબિયા તથા અવલિયા પર ઘમંડ કુફ્ર છે. غلول غلٌّ થી બન્યું, બંધાવાના અર્થમાં. કેમ કે ખયાનતના કારણે કિયામતમાં માણસના હાથ બંધાયેલા હશે, ગિરફતાર થશે, એટલા માટે એને ગુલૂલ કહે છે. غَلّ ના ઝેરથી અદાવત તથા કીનો, અને غُ ના ઝબરથી કૈદ તથા બંદ. જો કે ગુલૂલ ગનીમતમાં ખયાનતને કહે છે પણ અહીં મુત્લક્ન ખયાનત મુરાદ છે, ચાહે માલની હોય કે ઈજ્જત આબરૂની, અથવા દીન તથા ઈમાનની અથવા કોઈના રાઝ તથા રહસ્યની. (અઝ : લમ્આત) દૈન (કરજ)નો અર્થ અમે પહેલાં રજૂ કરી ચૂક્યા છીએ, શક્ય છે કે અહીં દૈનથી મુરાદ બંદાઓનું કરજ, શરીઅતનું અને રબનું સૌ જ હોય, જેથી આ હદીષ ખૂબ જ સમૃદ્ધ છે.

કરજ છોડીને મરવુ સૌથી મોટો જુર્મ

"હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી, ફર્માવે છે કે અલ્લાહ તઆલાની નજીક એ મોટા ગુનાહો બાદ જેમનાથી અલ્લાહે મના કર્યું તેમાં સૌથી મોટો જુર્મ એ છે કે માણસ કરજદાર થઈને મરે, જેની અદા ન છોડે[૧]."

(અહમદ, અબૂ દાઉદ)

★ હદીષ : (૨૪)-૨૯૨૨ ★

وَعَنْ أَبِي مُوسَى عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ أَعْظَمَ الذُّنُوبِ عِنْدَ اللَّهِ أَنْ يَلْقَاهُ بِهَا عَبْدٌ بَعْدَ الْكَبَائِرِ الَّتِي نَهَى اللَّهُ عَنْهَا أَنْ يَمُوتَ رَجُلٌ وَعَلَيْهِ دَيْنٌ لَا يَدَعُ لَهُ قَضَاءً» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد

૧. આ હદીષથી જણાય રહ્યું છે કે કરજ લેવું ગુનાહે કબીરા નથી કેમ કે એને ફર્માવવામાં આવ્યું, بَعْدَ الْكَبَائِرِ અને ન જાતે પોત મના છે. ત્યારે મના છે જ્યારે કે તેના થકી લોકોના હક્ક્રો મારવામાં આવે. અને શક્ય છે કે અહીં કરજથી તે કરજ મુરાદ હોય જે માણસ વિના જરૂરતે અથવા હરામ રસમો પૂરી કરવા માટે હોય અને અદા કરવાની

નિય્યત ન હોય. નહીં તો ખુદ નબી કરીમ ﷺની જ્યારે વફાત થઈ તો આપનુ બખ્તર કરજમાં ગીરો હતું. અને આપે અમુક માલ વારસામાં અથવા કરજ અદા કરવાના માટે ન છોડયો. હુજરો વગેરે જે કાંઈ હતું તે વક્ફ હતું. સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ આપનુ કરજ અદા કર્યું. જેથી આ હદીષ એની વિરુદ્ધ નથી.

મુસલમાનોમાં સુલહ જાઈઝ છે

"હઝરત અમ્ર ઈબ્ને ઔફ મુઝની رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. તે નબી કરીમ ﷺથી રાવી કે આપે ફર્માવ્યું, મુસલમાનોમાં સુલહ જાઈઝ છે[૨] સિવાય એ સુલહના જે હલાલને હરામ કરી દે અથવા હરામને હલાલ[૩] અને મુસલમાન પોતાની શર્તો પર રહે, સિવાય એ શર્તના કે જે હલાલને હરામ કરે અથવા હરામને હલાલ[૪]. " (તિર્મિઝી તથા ઈબ્ને માજહ, અબૂ દાઉદ) અને અબૂ દાઉદની રિવાયત شروطهم પર ખત્મ થઈ ગઈ[૫]. "

★ હદીષ : (૨૫)-૨૯૨૩ ★

وَعَن عَمْرو بن عَوْف الْمُزَنِيِّ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الصُّلْحُ جَائِزٌ بَيْنَ الْمُسْلِمِينَ إِلَّا صُلْحًا حَرَّمَ حَلَالًا أَوْ أَحَلَّ حَرَامًا وَالْمُسْلِمُونَ عَلَى شُرُوطِهِمْ إِلَّا شَرْطًا حَرَّمَ حَلَالًا أَوْ أَحَلَّ حَرَامًا» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَأَبُو دَاوُدَ وَانْتَهَتْ رِوَايَته عِنْد قَوْله «شروطهم»

૧. આપ કદીમુલ ઈસ્લામ (શરૂમાં ઈમાન લાવનાર) સહાબી છે. આપના જ વિશે આ આયત ઉતરી : تَوَلَّوْا وَّاَعْيُنُهُمْ تَفِيْضُ مِنَ الدَّمْعِ (એના પર એ પ્રમાણે પાછા જાય કે તેમની આંખોએથી આંસુ ઉભરાતાં હોય. સૂરએ તૌબા, ૯/૯૨) મદીના મુનવ્વરામાં રહ્યા. ત્યાં જ અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના આખર જમાનામાં ઈન્તેકાલ કર્યો.

૨. કેમ કે મોટાભાગે કરજના મોકા પર જ સુલહ કરાવવામાં આવે છે કે થોડોક કરજ આપનારને દબાવવામાં આવે છે થોડોક કરજદારને, કે કરજ આપનારો થોડુક માફ કરી આપે અને કરજદાર જલ્દી અદા કરી આપે. એટલા માટે મિશકાતના કર્તા (સાહિબે મિશકાત) આ હદીષ દેવાળીયા કરજદારના પ્રકરણમાં લાવ્યા.

★ સુલહ કરાવવામાં હરામની દખલ ન જોઈએ ★

૩. દા.ત. પતિ પત્નીમાં એ રીતે સુલહ કરાવવામાં આવે કે પતિ તે પત્નીની સૌતન (પતિની બીજી પત્ની)ની પાસે ન જશે અથવા મુસલમાન કરજદાર આટલા પ્રમાણમાં દારૂ તથા વ્યાજ પોતાના કાફિર કરજ આપનારને આપશે. પ્રથમ સ્થિતિમાં હલાલને હરામ કરવામાં આવ્યું અને બીજી સ્થિતિમાં હરામને હલાલ આ પ્રકારની સુલહો હરામ છે. જેને તોડી નાખવી વાજિબ છે.

૪. એટલે કે મુસલમાને જે ચીજથી જે શર્ત કરી હોય તેને પૂર્ણ કરે. એમાં વાયદા, ભાડાં, કિંમતો સૌ સામેલ છે. હા ! હરામ શર્તોને તોડી નાખવું વાજિબ છે, કેમ કે અલ્લાહનો હક્ક અને શરીઅતનો હક્ક સૌ પર અગ્રતા ધરાવે છે.

૫. આ હદીષ અહમદ, અબૂ દાઉદ, હાકિમે હઝરત અબૂ હુરૈરહ્થી પ્રથમ વાક્ય નક્લ કર્યું.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૨૬)-૨૯૨૪ ★

عَن سُوَيْد بن قيس قَالَ: جَلَبْتُ أَنَا وَمَخرَفَةُ الْعَبْدِيُّ بَزًّا مِنْ هَجَرٍ فَأَتَيْنَا بِهِ مَكَّةَ فَجَاءَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَمْشِي فَسَاوَمَنَا بِسَرَاوِيلَ فَبِعْنَاهُ وَثَمَّ رجل يزن بِالْأَجْرِ فَقَالَ لَهُ رَسُول الله: «زِنْ وَأَرْجِحْ» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ

"હઝરત સુવૈદ ઈબ્ને ક઼ૈસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હું તથા મખરફ઼ા અબ્દી[૧] હજર સ્થળેથી કપડુ લાવ્યા. અમે તેને મક્કા મોઅઝ્ઝમામાં લાવ્યા તો અમારી પાસે રસૂલુલ્લાહ પગપાળા ચાલતા તશરીફ઼ લાવ્યા તો અમને પાયજામાનો ભાવ ચૂકવ્યો[૨] અમે તે આપના હાથે વેચી આપ્યું. ત્યાં એક શખ્સ હતો જે મજૂરી પર તોલી રહ્યો હતો[૩]. તેને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તોલી આપો અને નીચુ તોલો[૪] (અહમદ, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે, સહીહ છે[૫]."

૧. સુવૈદ ઈબ્ને ક઼ૈસની કુન્નિયત અબૂ અમ્ર છે. સહાબી છે. આપનાથી કેવળ આ જ એક હદીષ મરવી છે. મખરફ઼ા પણ સહાબી છે. "વાવ" (મઅ) સહિતના અર્થમાં છે અથવા આતિફ઼ા. બંને ભાગીદારીમાં હજર સ્થળેથી વેપાર માટે કપડુ લાવ્યા હતા. હજરનું કપડુ મશહૂર હતું. હજર ત્રણ વસ્તીઓનાં નામ છે. યમનનું એક શહેર છે. બહરૈનના એક ઈલાકાનું નામ છે અને મદીના મુનવ્વરાની નજીક એ વસ્તી પણ છે. (અશિઅ્હ) અહીં ત્રીજી વસ્તી મુરાદ છે. આ કપડુ એ જ વસ્તીથી આવ્યું હતું. (મિર્ક઼ાત)

★ હુઝૂર ﷺનું પાયજામો ખરીદવું સાબિત છે, પહેરવું નહીં ★

૨. હુઝૂરે અન્વર ﷺ થકી પાયજામો ખરીદવો તો સાબિત છે પણ પહેરવું સાબિત નથી. હમેશાં તેહબંદ શરીફ઼ ઉપયોગમાં લીધુ. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ શહાદતના દિવસે પાયજામો પહેરેલ હતા. પાયજામામાં જ આપની શહાદત થઈ. ભાવ ચૂકવવાનો મતલબ એ છે કે ભાવ નક્કી કરીને ખરીદી લીધો. (મિર્ક઼ાત)

★ દુકાન પર જવું ભાવતાલ કરી કમ કરાવવું સુન્નત છે ★

આ હદીષથી માલૂમ થયું કે ખુદ દુકાન પર જવું અને વેપારીની મોં માગ્યી કિંમત ન આપવું બલ્કે તેનાથી નક્કી કરવું, કાંઈક કમ કરાવવું, સુન્નત છે. ભલે પોતાના ખાદિમોથી જ ખરીદવામાં આવે, આ ભાવતાલ કરવામાં શરમ ન કરવી. હુઝૂરે અન્વર ﷺના જમાના શરીફ઼માં પાયજામાનો ઉપયોગ થતો હતો.

૩. કેમ કે એ જમાનામાં નોટ તો હતી નહીં, દિરહમનો આમ રિવાજ હતો જેને ગણવામાં ઘણો સમય જતો હતો એટલા માટે તોલીને અદા કરવામાં આવતા હતા. દિરહમ તોલનાર વેપારી તરફથી નિયુક્ત થતો હતો જેની મજૂરી (તોલાઈ) ખરીદનારના માથે રહેતી હતી. આજે પણ એ જ હુકમ છે કે કિંમતની તોલાઈ ખરીદારના જિમ્મે અને માલની તોલાઈ વેચનારના માથે રહે છે. કેમ કે કિંમત આપવું ખરીદાર પર લાઝિમ છે અને માલ આપવો વેચનાર પર જરૂરી છે. તોલનાર જેનું કામ કરે તેની પાસેથી મજૂરી લે. આજકાલ માલની તોલાઈ ખરીદાર પાસેથી

લે છે એ ગલત છે.

★ નક્કી ભાવથી વધુ આપવુ એહસાન છે ★

૪. એટલે કે જે કિંમત નક્કી છે એનાથી વધારે આપી દો. આ કરમે કરીમાના છે કે નક્કી કરેલાથી અધિક કિંમત આપી. મોંઘુ ખરીદવામાં નુકસાન છે, નક્કી થયેલાથી વધુ આપવામાં એહસાન છે. નુકસાન બુરુ છે એહસાન સારું છે.

૫. એને નિસાઈ, ઈબ્ને હબ્બાન અને હાકિમે પોતાની મુસ્તદરકમાં નક્લ કરી. (મિર્કાત)

★ હદીષ : (૨૭)-૨૯૨૫ ★	*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ પર મારું અમુક કર્ઝ હતું તો મના અતા કર્યું અને વધારે આપ્યું[૧].'' (અબૂ દાઉદ)*
وَعَنْ جَابِرٍ قَالَ: كَانَ لِي عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ دَيْنٌ فَقَضَانِي وَزَادَنِي. رَوَاهُ أَبُو دَاوُد	

૧. લગભગ આ તે જ બનાવ છે કે હુઝૂર ﷺએ હઝરત જાબિર رضی اللہ عنہ થી મદીના મુનવ્વરાના રસ્તામાં તેમનું થાકેલું ઊંટ ખરીદયું. તેની કિંમત મદીના મુનવ્વરામાં આવીને આપી અને ઊંટ પણ આપી દીધું અને કિંમત પણ વધારે આપી. કેમ કે એ વધારો સોદામાં સામેલ ન હતો એટલા માટે વ્યાજ નથી. બલ્કે ઈનામ અને ખુશીથી કરમ છે. તેની તેહકીક પ્રકરણની શરૂઆતમાં થઈ ચૂકી છે જ્યાં આ કિસ્સો વર્ણન થયો.

★ હુઝૂર ﷺએ ૪૦ હજાર દિરહમ જેહાદ માટે કરજ લીધા ★

★ હદીષ : (૨૮)-૨૯૨૬ ★	*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી રબીઅહથી રિવાયત છે. ફર્માવે છે કે મારાથી નબી કરીમ ﷺએ* RF; L; CÔZ SZH , LWF[૨] *પછી આપની પાસે માલ આવ્યો[૨] તો મને અદા કરી આપ્યા અને ફર્માવ્યું, અલ્લાહ તઆલા તમારા ઘરબાર અને માલમાં બરકત આપે,* ***કરજનો બદલો શુક્રિયા અને અદા છે[૩].''*** *(નિસાઈ)*
وَعَن عبد الله بن أبي ربيعَة قَالَ: اسْتَقْرَضَ مِنِّي النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَرْبَعِينَ أَلْفًا فَجَاءَهُ مَالٌ فَدَفَعَهُ إِلَيَّ وَقَالَ: «بَارَكَ اللّٰهُ تَعَالَى فِي أَهْلِكَ وَمَالِكَ إِنَّمَا جَزَاءُ السَّلَفِ الْحَمْدُ وَالْأَدَاءُ» . رَوَاهُ النَّسَائِيُّ	

૧. ચાલીસ હજાર દિરહમ કરજ લીધા. લગભગ કોઈ જેહાદમાં લશ્કર પર ખર્ચ કરવા માટે કરજ લીધા હશે, નહીં તો આટલા મોટા કરજની હુઝૂરે અન્વર ﷺને અંગત ખર્ચ માટે જરૂરત ન હતી. الحمد للّٰه ! હમણા મિર્કાતમાં નજર પડી કે આ કરજ ગઝવએ હુનૈનના માટે લીધુ હતું. ફકીર (લેખક)નો ખયાલ દુરુસ્ત નીકળ્યો અને આ રકમ દિરહમ હતી.

૨. અથવા કોઈ જેહાદથી માલે ગનીમત આવ્યો અથવા ખિરાજ વગેરે હતું. માલ ઘણો બધો આવ્યો હતો.

★ કરજનો બદલો શુક્રિયા અને અદા કરવું ★

૩. એનાથી નિર્દેશ રૂપે જાણવા મળ્યું કે કરજ પૂરું અદા કરે, વધારે ન આપે, કેમ કે اِنَّمَا હસ્ર (સીમિત) માટે આવે છે, પણ અહીં વાજિબ હોવુ તથા લાઝિમ હોવાનું વર્ણન છે કે કરજદાર પર અદા તથા દુઆ બંનેવ લાઝિમ છે.

રહ્યો વધારો તે કરજદારની મહેરબાની છે, જેથી આ હદીષ વધારે આપવાની હદીષથી વિરુદ્ધ નથી. (મિર્કાત) જાણવા મળ્યું કે **કરજદાર દિલને તંગ કરીને કરજ અદા ન કરે બલ્કે ખુશદિલીથી આપે અને દુઆઓ પણ આપે કે કરજ આપનારે કરજ આપીને તેના પર મહેરબાની કરી.**

સદકો આપવા કરતાં કરજ આપી મોહલત આપવું અફઝલ

★ હદીષ : (૨૯)-૨૯૨૭ ★

وَعَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ كَانَ لَهُ عَلَى رَجُلٍ حَقٌّ فَمَنْ أَخَّرَهُ كَانَ لَهُ بِكُلِّ يَوْمٍ صَدَقَةٌ» . رَوَاهُ أَحْمد

*''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલલાહ ﷺએ ફર્માવ્યું, **જેનો કોઈ શખ્સ પર કાંઈ હક્ક હોય તે તેને મોહલત આપી દે, તો તેને દરેક દિવસના બદલામાં સદકાનો સવાબ થશે**[૧].'' (અહમદ)*

૧. હક્કમાં કરજ દેવું, મકાન, દુકાનનુ ભાડુ, પોતાના કામની મજૂરી, સર્વ હક્કો સામેલ છે. من ફર્માવીને એ નિર્દેશ આપ્યો કે **જે પણ મોહલત આપી દે અથવા અપાવે અથવા મોહલતનો સબબ બની જાય તેને દરરોજ સદકાનો સવાબ છે.** દા.ત. પહેલી તારીખે ભાડુઆત પર ભાડુ આપવું લાઝિમ છે. કોઈએ સિફારિશ કરીને તેને બે ચાર દિવસની મકાન માલિકથી મોહલત અપાવી દીધી કે આ તો બિચારો ગરીબ છે, હમણા એની પાસે નથી, થોડીક મોહલત આપી દો, તો મકાન માલિકને પણ અને તે ભલામણ કરનારને પણ એ બે ચાર દિવસોમાં દરરોજ એટલા રૂપિયા ખૈરાત કરવાનો સવાબ મળશે. એટલા માટે આ'લા હઝરત قُدِّسَ سِرُّهُ الْعَزِيز એ ફર્માવ્યું કે **સદકો આપવા કરતાં કરજ આપવું પછી મોહલત આપવી અફઝલ છે. સદકો તો ગૈર હાજતમંદ પણ લઈ લે છે પણ કરજ હાજતમંદ જ લે છે.**

વારસામાંથી પ્રથમ કરજ અદા કરવું પછી ૧/૩ માલથી વસિયત, પછી વારસાની વહેંચણી

★ હદીષ : (૩૦)-૨૯૨૮ ★

وَعَن سعد بن الأطول قَالَ: مَاتَ أَخِي وَتَرَكَ ثَلَاثمِائَةِ دِينَارٍ وَتَرَكَ وَلَدًا صِغَارًا فَأَرَدْتُ أَنْ أُنْفِقَ عَلَيْهِمْ فَقَالَ لِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِن أخلك مَحْبُوسٌ بدَيْنِهِ فَاقْضِ عَنْهُ» . قَالَ: فَذَهَبْتُ فَقَضَيْتُ عَنهُ وَلم تبْق إِلَّا امْرَأَةٌ تَدَّعِي دِينَارَيْنِ وَلَيْسَتْ لَهَا بَيِّنَةٌ قَالَ: «أعْطهَا فَإِنَّهَا صَدَقَة» . رَوَاهُ أَحْمد

''હઝરત સઅદ ઈબ્ને અતવાલથી રિવાયત છે. ફર્માવે છે, મારો ભાઈ વફાત પામી ગયો અને તેણે ત્રણસો અશરફીઓ છોડી અને નાનાં બાળકો છોડયાં. મેં ચાહ્યું એમના પર ખર્ચ કરું[૧]. તો મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારો ભાઈ કરજમાં ગિરફતાર છે તેમનું કરજ અદા કરો[૨]. ફર્માવે છે, હું ચાલ્યો અને તેમનું કરજ અદા કરી આપ્યું. પછી મેં હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺમેં ભાઈનું સર્વ કરજ અદા કરી આપ્યું[૩]. કાંઈ બાકી ન રહ્યું, હા ! એક સ્ત્રી બે અશરફીઓનો દાવો કરે છે અને તેની પાસે ગવાહ નથી. ફર્માવ્યું, તેને આપી દો તે સાચી છે[૪].'' (અહમદ)

૧. એ રીતે કે કરજ આપનારાઓને કાંઈ ન આપુ, સૌ એના બાળકો પર જ ખર્ચ કરી આપુ અથવા પહેલાં બાળકો પર ખર્ચ કરું તેમના જવાન થવા પર જો કાંઈ બચે તો માગતાવાળાઓને આપુ. અરબમાં આ પ્રકારની

ગેરકાયદેસર રસમનો આમ રિવાજ હતો.

૨. એટલે કે પહેલા કરજ આપો પછી તેમાંથી જે વધે તે મરહૂમના બાળકો પર ખર્ચ કરો. હજી પણ હુકમ એ જ છે કે કરજની અદાયગી વારસાની વહેંચણી પહેલાં છે. પ્રથમ કફન દફન, પછી કરજની અદાયગી, પછી ૧/૩ ભાગના માલ થકી વસિયત પૂરી કરવી, પછી (જે બચે તેમાંથી) વારસાની વહેંચણી. એનો માખઝ આ હદીષ પણ છે.

૩. એટલે કે જેમના કરજોની સાબિતી ગવાહી વગેરેથી હતી તે તો અદા કરી આપ્યાં, એમાંથી એક પૈસો બાકી નથી રહ્યો.

૪. લગભગ હુઝૂરે અન્વર ﷺને એ બીબીની સચ્ચાઈ વહી થકી માલૂમ પડી એટલા માટે જેવી રીતે અન્ય વહીનું આજ્ઞાપાલન મુસલમાનો પર લાઝિમ છે, એવી જ રીતે મુસલમાનો પર આ વહીની ઈત્તેબાઅ (આજ્ઞાપાલન) પણ લાઝિમ છે, નહીં તો હાકિમ પોતાના ખાસ ઈલ્મ પર કેસનો ફૈસલો નથી કરી શકતો. ગવાહી તથા શહાદત પર જ ફૈસલો કરશે. (મિર્કાત) આ હદીષ બાબુલ ઈફ્લાસમાં એટલા માટે લાવવામાં આવી કે એના થકી દેવાળીયાના અહકામમાં મદદ મળે છે, નહીં તો એમાં દેવાવાળાનું વર્ણન નથી.

मस्जिदनी अंदर नमाझे जनाझा न पढवी

★ હદીષ : (૩૧)-૨૯૨૯ ★

وَعَنْ مُحَمَّدِ بْنِ عَبْدِ اللَّهِ بْنِ جَحْشٍ قَالَ: كُنَّا جُلُوسًا بِفِنَاءِ الْمَسْجِدِ حَيْثُ يُوضَعُ الْجَنَائِزُ وَرَسُولُ اللهِ جَالِسٌ بَيْنَ ظَهْرَيْنَا فَرَفَعَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَصَرَه قبل السَّمَاءِ فَنظر ثُمَّ طَأْطَأَ بَصَرَهُ وَوَضَعَ يَدَهُ عَلَى جَبْهَتِهِ قَالَ: «سُبْحَانَ اللهِ سُبْحَانَ اللهِ مَا نَزَلَ مِنَ التَّشْدِيدِ؟» قَالَ: فَسَكَتْنَا يَوْمَنَا وَلَيْلَتَنَا فَلَمْ نَرَ إِلَّا خَيْرًا حَتَّى أَصْبَحْنَا قَالَ مُحَمَّدٌ: فَسَأَلْتُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: مَا التَّشْدِيدُ الَّذِي نَزَلَ؟ قَالَ: «فِي الدَّيْنِ وَالَّذِي نَفْسُ مُحَمَّدٍ بِيَدِهِ لَوْ أَنَّ رَجُلًا قُتِلَ فِي سَبِيلِ اللَّهِ ثُمَّ عَاشَ ثُمَّ قُتِلَ فِي سَبِيلِ اللَّهِ ثُمَّ عَاشَ ثُمَّ قُتِلَ فِي سَبِيلِ اللَّهِ ثُمَّ عَاشَ وَعَلَيْهِ دَيْنٌ مَا دَخَلَ الْجَنَّةَ حَتَّى يُقْضَى دَيْنُهُ» . رَوَاهُ أَحْمَدُ وَفِي شَرْحِ السُّنَّةِ نَحْوَهُ

''હઝરત મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને જહશ રઝિ.[૧] થી રિવાયત છે. અમે મસ્જિદના સહન (વરેડા)માં બેઠા હતા જ્યાં જનાઝા રાખવામાં આવે છે[૨]. અને રસૂલુલ્લાહ ﷺ અમારી દરમ્યાન બિરાજેલ હતા[૩]. એવામાં રસૂલુલ્લાહ ﷺએ પોતાની નિગાહ આસ્માનની તરફ ઉઠાવી પછી કાંઈક જોયું ફરી પોતાની નિગાહ શરીફ ઝુકાવી લીધી અને પોતાનો હાથ પોતાની પેશાની પર રાખ્યો, ફર્માવ્યું : سبحان الله *કે સખ્તી નાઝિલ થઈ[૪]. ફર્માવે છે, અમે એક દિવસ રાત ખામોશ રહ્યા. અમે ભલાઈ સિવાય કાંઈ ન જોયું ત્યાં સુધી કે સવાર થઈ ગઈ[૫]. મુહમ્મદ (રાવી) ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું, તે કઈ સખ્તી હતી જે નાઝિલ થઈ ? ફર્માવ્યું,* ***કરજના સંબંધે[૬] તેની કસમ જેના કબજામાં મારી જાન છે ! જો કોઈ શખ્સ અલ્લાહની રાહમાં માર્યો જાય પછી જીવંત થાય, ફરી અલ્લાહની રાહમાં માર્યો જાય, ફરી જીવતો થાય, ફરી અલ્લાહની રાહમાં માર્યો જાય, ફરી જીવંત થાય, જો કે એના પર કરજ હોય તો જન્નતમાં નથી જઈ શકતો ત્યાં સુધી કે તેનુ કરજ અદા કરી દેવામાં આવે[૭].*** *(અહમદ) અને શરહે સુન્નહમાં એના જેમ છે.''*

૧. આપ ક़રશી અસદી સહાબી છે. હિજરતથી પાંચ વરસ પહેલાં પેદા થયા. પોતાના પિતા અબ્દુલ્લાહ ઈબ્ને જહશની સાથે પહેલાં તો હબ્શા હિજરત કરી ગયા, પછી મદીના મુનવ્વરા. હઝરત ઉમ્મુલ મો'મિનીન ઝયનબ બિન્તે જહશના ભાઈ હુઝૂરે અન્વર ﷺના સાળા છે. મહાન મર્તબાવાળા સહાબી છે. (લમ્આત, મિર્ક़ાત, અશિઅ્હ)

૨. એટલે કે જે જગાએ જનાઝા રાખીને જનાઝાની નમાઝ પઢવામાં આવે છે. એનાથી જાણવા મળ્યું કે નબવી જમાનામાં નમાઝ દાખિલે મસ્જિદ થતી ન હતી બલ્કે ખારિજે મસ્જિદમાં થતી રહેતી હતી. આ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો ક़ૌલ છે કે નમાઝે જનાઝા દાખિલે મસ્જિદમાં મના છે. જેથી આ ઈમામ સાહબની દલીલ છે. જાહેર એ છે કે ખારિજે મસ્જિદમાં જનાઝા કેવળ નમાઝના માટે રાખવામાં આવે છે ન કે અન્ય કોઈ મક़સદ માટે. ઈમામ શાફઈને ત્યાં દાખિલે મસ્જિદમાં પણ જનાઝાની નમાઝ દુરુસ્ત છે. (અઝ : મિર્ક़ાત)

૩. આ શબ્દ અસલમાં بيننا હતો, ظهرينا વધારાનું છે નઝદીકી માટે, એટલે અમારાથી એટલા નજીક હતા કે જાણે પીઠ મળેલી હતી. અમારી પીઠોની વચ્ચે હતા.

★ હુઝૂર ﷺની નિગાહોથી ગયબી પર્દા ઉઠેલા હતા ★

૪. જાણવા મળ્યું કે હુઝૂર ﷺની નિગાહોથી ગયબી પર્દા ઉઠેલા હતા કે ત્યાં જ સર્વ સહાબા હાજર છે અને એ જ જગાએ હુઝૂરે અન્વર ﷺ બેઠેલા છે, પણ જે કાંઈ હુઝૂર ﷺ જોઈ રહ્યા છે તેને બીજા નથી જોઈ શક્તા. આ سبحان اللہ ફર્માવવું આશ્ચર્ય પ્રદર્શિત કરવા માટે છે. એ પણ જાણવા મળ્યું કે તે સખ્તી કોઈ ખાસ સ્વરૂપમાં હતી જે આંખો વડે નજર આવી રહી હતી. કોઈ ખાસ વહી ન હતી કે વહીનો સંબંધ કાનથી છે. આપણે લોકો ખ્વાબમાં આફતો મુસીબતોને કાળી ઔરત, હુમ્લો કરનાર સાપના રૂપમાં જોઈએ છીએ. શાહે મિસરે દુકાળનાં સાત વરસો સાત ગાયો તથા સાત કંતીઓના સ્વરૂપમાં જોઈ હતી.

૫. એટલે કે કોઈ વબાલ તથા ગયબી આફત ન હતી બલ્કે કરજની સખ્તી છે જે કરજદાર પર થશે.

૭. يقضى ની બે ક़िરાઅતો છે : મઅરૂફ તથા મજહૂલ. એટલે ખુદ કરજદાર અદા કરે અથવા તેના વારસદારો. તેના તરફથી અદા કરે. જાણવા મળ્યું કે શહાદત જેવી ઈબાદતથી પણ કરજ માફ નથી થતું. એ જે રિવાયતમાં છે કે હજ્જથી કરજ પણ માફ થઈ જાય છે, ત્યાં કરજ અદા કરવામાં અનિયમિતતાઓ મુરાદ છે. એટલે કે કરજ અદા કરવામાં જે કરજદાર તરફથી વાદા ખિલાફી, ટાળ મટોળ થઈ જાય છે તે માફ થઈ જશે, નહીં તો કરજ અદા કરીને હજ્જમાં જવું જોઈએ. જેથી હદીષોમાં ટકરાવ નથી.

બાબુશ્શિર્કત વલ્વકાલત[૧] باب الشركة والوكالة

(શિર્કત તથા વકાલતનું વર્ણન)

(વિભાગ : ૧) الفصل الاول

૧. શિર્કતનો અર્થ છે ભાગીદાર થવું. વકાલતનો અર્થ છે બીજા પર ભરોસો કરીને તેના થકી પોતાનુ કામ કરાવવું. શિર્કતના ઘણા પ્રકારો છે : નફામાં શિર્કત, અસલ ચીજમાં શિર્કત, શારીરિક હક્કોમાં શિર્કત જેમ કે કેસાસ (ખૂનનો બદલો) અથવા હદે કઝફ (કોઈ પાકદામન પર વ્યભિચારની તોહમત લગાડવા પર થતી સજા) કરનારાઓની શિર્કત, અને માલના હક્કમાં શિર્કત. જેમ કે કોઈ કિતાબને હક્કે શુફઆ (પડોશ અથવા ભાગીદારીના કારણે પડોશી અથવા ભાગીદારને બીજા પડોશી અથવા ભાગીદારના વેચાણ મકાન અથવા જમીન ખરીદવાનો વિશેષ હક્ક) મળ્યા પછી શિર્કતે અનાન (બંને ભાગીદારોનું માલ અને મહેનતમાં ભાગીદાર હોવું) શિર્કતે મફાવેઝા, શિર્કતે વજૂહ, શિર્કતે સનાએહ એ પણ શિર્કતના જ પ્રકારો છે. તેની તફસીરો તથા હુકમો ફિકહની કિતાબોમાં જુઓ.

★ હદીષ : (૧)-૨૯૩૦ ★

عَن زهرَة بن معبد: أَنَّهُ كَانَ يَخْرُجُ بِهِ جَدُّهُ عَبْدُ اللَّهِ بْنُ هِشَامٍ إِلَى السُّوقِ فَيَشْتَرِيَ الطَّعَامَ فَيَلْقَاهُ ابْنُ عُمَرَ وَابْنُ الزُّبَيْرِ فَيَقُولَانِ لَهُ: أَشْرِكْنَا فَإِنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَدْ دَعَا لَكَ بِالْبَرَكَةِ فَيُشْرِكُهُمْ فَرُبَّمَا أَصَابَ الرَّاحِلَةَ كَمَا هِيَ فَيَبْعَثُ بِهَا إِلَى الْمَنْزِلِ وَكَانَ عَبْدُ اللَّهِ بْنُ هِشَامٍ ذَهَبَتْ بِهِ أُمُّهُ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَمَسَحَ رَأسه ودعا لَهُ بِالْبَرَكَةِ. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત ઝહરા ઈબ્ને મઅબદથી રિવાયત છે કે તેમને તેમના દાદા અબ્દુલ્લાહ ઈબ્ને હિશામ[૧] બજાર લઈ જતા હતા. અનાજ ખરીદતા હતા[૨] તો એમનાથી હઝરત ઈબ્ને અમ્ર અને ઈબ્ને ઝુબેર મળતા હતા તો કહેતા હતા, અમને શરીક કરી લો[૩]. કેમ કે નબી કરીમ ﷺ એ આપના માટે બરકતની દુઆ કરી છે[૪] તો એ તેમને શરીક કરી લેતા હતા. ઘણીવાર પૂરુ ઊંટ આમને આમ જ નફામાં પામી લેતા હતા[૫]. જેને તે પોતાના ઘરે મોકલી આપતા હતા. અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હિશામને તેમનાં મા નબી કરીમ ﷺ ની ખિદમતમાં લઈ ગયાં હતાં. હુઝૂરે અન્વર ﷺ એ તેમના માથા પર હાથ ફેરવ્યો હતો અને તેમના માટે બરકતની દુઆ કરી હતી[૬].'' (બુખારી)

૧. હઝરત ઝહરા તાબઈનમાંથી છે. સર્વ મુહદ્દિષો ફર્માવે છે કે આપ અવલિયાએ કામિલીનમાંથી હતા. ઈમામ દારમી ફર્માવે છે કે આપ પોતાના સમયના અબ્દાલ હતા. પોતાના દાદા અબ્દુલ્લાહ ઈબ્ને હિશામથી જે સહાબી છે અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ અને અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરથી મુલાકાત ધરાવે છે. એ હઝરાતથી રિવાયતો લે છે. (અશિઅ્હ)

★ ઔલાદને ઈબાદતોની જેમ મામલાઓ પણ શીખવાડો ★

૨. જેથી તેમને ખરીદ વેચાણ આવડી જાય. **જાણવા મળ્યું કે જેવી રીતે ઔલાદને ઈબાદતો શીખવાડવામાં આવે એ જ પ્રમાણે તેમને મામલાઓની તા'લીમ આપવામાં આવે, અનુભવ કરાવવામાં આવે કેમ કે મામલાઓ પણ ઈબાદતની જેમ જરૂરી છે. તેમના અહકામ સખ્ત છે.**

૩. કે તમારા માલમાં અમારો માલ મિલાવી લો, એનાથી અનાજ ખરીદો પછી વેચો. નફો અમારો તમારો. અમે જો કે વેપાર જાણીએ છીએ પણ જે વિશિષ્ટતા તમને મયસ્સર છે તે અમને નથી. તે ખાસપણ આ છે.

૪. તમને જરૂર દરેક કામમાં બરકત તથા નફો થશે. અમે પણ તમારી સાથે નફામાં શરીક થઈ જઈશું. મૂસા عليه السلام એ પોતાના ભાઈ હઝરત હારૂન عليه السلام ના માટે દુઆ કરી હતી : وَاَشْرِكْهُ فِيْٓ اَمْرِيْ (અને એને મારા કામમાં શરીક કર. સૂરએ તાહા, ૨૦/૩૨) હે ખુદા ! તેમને પણ મારા કામમાં ભાગીદાર બનાવી આપ કે અમે બંનેવ નબી હોય, બંનેવ દીની ખિદમતો કરે. અજરો સવાબમાં શરીક રહે.

૫. ઊંટથી મુરાદ ઊંટનો બોજ એટલે ઘઊંની ગુણો છે એટલે ઘણીવાર એક ઊંટ ઘઊંનો વેપાર કરતા તો પૂરુ ઊંટ નફામાં બચી રહેતું. જેમ કે એક સહાબીને હુઝૂરે અન્વર ﷺ એ અશરફી આપી કે કુર્બાનીના માટે બકરી ખરીદી લાવો. તેમણે એક અશરફીની બકરી ખરીદી અને બે અશરફીઓના બદલામાં વેચી આપી. પછી એક અશરફીની બકરી ખરીદી. પછી બકરી અને એક અશરફી લાવીને હુઝૂર ﷺ ની બારગાહમાં પેશ કરી. હુઝૂરે અન્વર ﷺ એ તેમને દુઆ આપી અને અશરફી ખૈરાત કરી દેવાનો હુકમ આપ્યો. આ છે પૂરો માલ નફામાં બચી રહેવું.

★ બાળકોના માથા પર હાથ ફેરવવો, દુઆ કરવી સુન્નત ★

૬. અબ્દુલ્લાહ ઈબ્ને હેશામનાં વાલિદાનું નામ ઝયનબ બિન્તે હુમૈદ હતું. અબ્દુલ્લાહ ગોદમાં હતા. હુઝૂરે અન્વર ﷺ ની બારગાહમાં જ્યારે રજૂ થયાં તો પ્યારમાં હુઝૂર ﷺ એ તેમના માથા પર હાથ ફેરવ્યો અને બરકતની દુઆ આપી દીધી. પછી શું જોવાનું ?! ખૂબ જ ફયઝ પામ્યા. જાણવા મળ્યું કે **બાળકોના માથા પર હાથ ફેરવવા દુઆ કરવી સુન્નત છે.** બિહાર શરીફમાં એક બુઝુર્ગ થઈ ગયા હઝરત મખ્દૂમુલ મુલ્ક. એકવાર તેમને તેમની નાની બહેને સલામ કરી તો આપે સલામનો જવાબ આપીને કહ્યું, ઠંડી રહો ! અલ્લાહે એ દુઆ એવી કબૂલ કરી કે તેમની કબર પણ ઠંડી કરી આપી. અમે બપોરના સમયે તેમની કબર પર હાથ રાખ્યો. કબર પર તડકો છે. સખત તાપ હતો સર્વ કબરો ગરમ હતી પણ આ કબર ઠંડી હતી. જો કે ચૂનાના છોની કબર હતી.

★ હદીષ : (૨)-૨૯૩૧ ★
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَتِ الْأَنْصَارُ لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: اقْسِمْ بَيْنَنَا وَبَيْنَ إِخْوَانِنَا النخيل قَالَ: «لَا تكفوننا المؤونة وَنَشْرَكْكُمْ فِي الثَّمَرَةِ» . قَالُوا: سَمِعْنَا وَأَطَعْنَا. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે અન્સારે નબી કરીમ ﷺ ની ખિદમતમાં અર્ઝ કરી કે અમારા તથા અમારા ભાઈઓ વચ્ચે ખજૂરોનાં ઝાડો JCRL V F5 M. ફર્માવ્યું, નહીં ! બલ્કે તમે અમારા તરફથી કિંમત કરો અને ફળોમાં અમે તમારા ભાગીદાર છીએ[૨]. તેઓ બોલ્યા, અમે સાંભળી લીધું, આજ્ઞાપાલન કરીશું[૩].'' (બુખારી)

૧. આ બનાવ હિજરતના શરૂનો છે જ્યારે મુહાજિરો મક્કા મુકર્રમા વગેરેએથી મદીના પાક આવ્યા. હુઝૂર ﷺએ મુહાજિર તથા અન્સારમાં ભાઈચારાનો ક़રાર એટલે ભાઈચારો ક़ાયમ કર્યો, કે ફલાણા મુહાજિર ફલાણા અન્સારના ભાઈ અને ફલાણો ફલાણાનો. ત્યારે અન્સારે અરજ કરી કે અમારા બાગ અમારા ભાઈ મુહાજિરમાં એ રીતે વહેંચી આપો કે દરેક અન્સારના બાગમાં તેના મુહાજિર ભાઈનો અડધો હિસ્સો હોય. આ હતી તે અજોડ મહેમાનનવાઝી જેનું દૃષ્ટાંત આસ્માને જોયું નહીં હોય.

૨. سبحان الله શું પ્યારુ ફર્માન છે ! મકસદ તો એ હતો કે અન્સારના બાગ તેમના જ રહે. એ એમની રોજીનો ઝરીયો છે, પણ જાહેર એ જ રીતે ફર્માવ્યું, મુહાજિરોને બાગબાની (ખેતી) આવડતી પણ નથી અને તેમની પાસે એટલો સમય પણ નથી કે બાગને પાણી આપવાનાં વગેરે કામ કરે. મહેનત તમે કરો અને ફળો અડધાં અડધાં કરી આપ્યા કરો. મક़સદ ઔર છે પ્રદર્શન કાંઈ બીજુ કે જેથી અન્સારના માલો મહેફૂઝ રહે અને તેમનાં દિલો પણ ન તૂટે. (મિર્ક़ાત) સાહિબે મિશ્કાતનો આ હદીષ અહીં લાવવાનો મક़સદ એ છે કે ફળોમાં ભાગીદારી જાઈઝ છે કે ઝાડ એક શખ્સનાં હોય અને ફળો ભાગીદારીવાળાં, એટલા માટે આ હદીષ અહીં લાવ્યા. આનાથી ઘણા મસાઈલ નીકળી શકે છે. કોઈ શખ્સ કોઈની પાસેથી પોતાના બાગની સર્વ ખિદમતો લે એ રીતે કે બાગ તેનો અને મહેનત બીજાની, અને ઉપજમાં સંયુક્ત ભાગીદારી, એ જાઈઝ છે. ખેતી વગેરેનો પણ આ જ હાલ છે કે જમીન એકની, મહેનત બીજાની, ઉપજ સંયુક્ત ભાગીદારીમાં. એ પણ જાઈઝ છે કે ઝાડ એક શખ્સનાં હોય અને ફળો ભાગીદારીવાળાં. એટલા માટે આ હદીષ અહીં લાવ્યા. આનાથી ઘણા મસાઈલ નીકળી શકે છે. કોઈ શખ્સ કોઈની પાસેથી પોતાની બાગના સર્વ ખિદમતો લે એ રીતે કે બાગ તેનો અને મહેનત બીજાની, અને ઉપજમાં સંયુક્ત ભાગીદારી, એ જાઈઝ છે. ખેતી વગેરેનો પણ આ જ હાલ છે કે જમીન એકની, મહેનત બીજાની, ઉપજ સંયુક્ત ભાગીદારીમાં, એ પણ જાઈઝ છે.

૩. અન્સારની નિય્યત એ હતી કે અમે અમારો બાગ અડધો મુહાજિર ભાઈને આપી જ દીધો. હવે બાગ જ ભાગીદારીમાં છે, ઉપજ પણ સંયુક્ત ભાગીદારીમાં, પણ કામમાં ભાગીદારી નહીં, કામ અમે જ કરીશું. પણ હુઝૂર ﷺની નિય્યત કાંઈ ઔર હતી જે હમણા વર્ણવવામાં આવી.

"હઝરત ઉરવા ઈબ્ને અબી જઅ્દ બારિકી થી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ તેમને એક અશરફી આપી જેથી હુઝૂર ﷺના માટે તે બકરી ખરી દે. તેમણે હુઝૂરના માટે બે બકરીઓ ખરીદી લીધી પછી એક બેકરી એક અશરફીથી વેચી કાઢી[૨] અને આપની ખિદમતમાં બકરી તથા અશરફી લાવ્યા. રસૂલુલ્લાહ ﷺએ તેમના વેપારમાં બરકતની દુઆ કરી[૩] પછી જો તે માટી પણ ખરીદી લેતા તો તેમાં પણ નફો કમાય લેતા હતા[૪]." (બુખારી)

★ હદીષ : (3)-૨૯૩૨ ★

وَعَن عُرْوَة بن أبي الْجَعْد الْبَارِقي: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَعْطَاهُ دِينَارًا لِيَشْتَرِيَ بِهِ شَاةً فَاشْتَرَى لَهُ شَاتين فَبَاعَ إِحْدَاهمَا بِدِينَار وَأَتَاهُ بِشَاة ودينار فَدَعَا لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي بَيْعِهِ بِالْبَرَكَةِ فَكَانَ لَو اشْتَرَى تُرَابا لربح فِيهِ. رَوَاهُ الْبُخَارِيّ

૧. આપ સહાબી છે. બારિક़ ઈબ્ને ઔફ ઈબ્ને અદીની ઔલાદથી. આપને હઝરત ઉમર رضی اللہ عنہ એ કૂફાના હાકિમ નિયુક્ત કર્યા. આપ ત્યાં જ રહ્યા એટલા માટે આપની ગણના કૂફાવાસીઓમાં થાય છે. અમુક મુહદ્દિષોએ

ફર્માવ્યું કે આપ ઉરવા ઈબ્ને જઅ્દ છે. અબી જઅ્દ નહીં, પણ હક્ક એ છે કે આપ ઉરવા ઈબ્ને અબી જઅ્દ છે.

★ મુત્લક઼ વકીલને દરેક ચીજના ખરીદ વેચાણનો હક્ક઼ ★

૨. હક્ક઼ એ છે કે હઝરત ઉરવા તે વખતે નબી કરીમ ﷺના મુત્લક઼ વકીલ હતા, અને મુત્લક઼ વકીલને ખરીદ વેચાણ દરેક ચીજનો હક્ક઼ હોય છે, એટલા માટે આપે હુઝૂર ﷺની એક બકરી વેચી પણ આપી. જો કેવળ ખરીદવા માટે વકીલ હોત તો આપને વેચવાનો હક્ક઼ ન હતો. આ હદીષથી જાણવા મળે છે કે ખરીદવાના વકીલને સસ્તો માલ ખરીદવાનો હક્ક઼ છે, કે એમાં વકીલ કરનારનો નફો જ છે. જો બાર આનાનુ શેર દૂધ ખરીદવાનો કોઈને વકીલ કર્યો. તેણે ઉચ્ચ કક્ષાનું દૂધ જે બાર આને શેર વેચાય છે તેને દસ આને શેર ખરીદી લીધું તો યક઼ીનન ! જાઈઝ છે કે વકીલ કરનારને ફાયદો જ કર્યો. હા ! વકીલ સોદો સસ્તામાં નથી વેચી શક્તો જ્યારે કે વકીલ કરનારે કિંમત નિશ્ચિત કરી આપી હોય, કેમ કે એમાં વકીલ કરનારનું નુકસાન છે.

૩. જાણે આપ હઝરત ઉરવાની આ દાનાઈ તથા ફરાસત (દીર્ઘ દષ્ટિ)થી ખૂબ જ ખુશ થયા. વ્યાપારિક સમજ પણ અલ્લાહ તઆલાની રહમત છે, જેને નસીબ થાય. તેમણે હુઝૂર ﷺની આ દુઆથી આ નેઅમત રબની તરફથી પામી.

૪. માટીનો શબ્દ ક્યાં તો દષ્ટાંત રૂપે કહેવામાં આવ્યો, મુરાદ મામૂલી ચીજ છે. એટલે જો અત્યંત મામૂલી ચીજનો વેપાર પણ કરતા તો પણ નફો કમાય લેતા હતા અથવા માટી જ મુરાદ છે, કેમ કે માટીનો વેપાર જાઈઝ છે. ખાસ કરીને મદીના પાકની માટીનો વેપાર તો આજે પણ ઘણા જોરશોરથી થાય છે. ત્યાંની ખાકે શિફા હાજીઓ તોહફારૂપે લાવે છે. કુંભાર જંગલી માટી મફતમાં ઉઠાવી લાવે છે અને શહેરમાં વેચે છે, એ પણ જાઈઝ છે.

(વિભાગ : ૨) الفصل الثانی

★ ભાગીદારોમાંથી કોઈ ખયાનત કરે તો બરકત જતી રહે છે ★

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તે તેને મરફૂઅ ફર્માવીને ફર્માવે છે કે ***રબ તઆલા ફર્માવે છે, હું તે ભાગીદારોનો ત્રીજો હોઉં છું જ્યાં સુધી કે એમનામાંનો એક પોતાના સાથીથી ખયાનત ન કરે[૧]. જ્યારે ખયાનત કરે છે તો તેમના વચ્ચેથી હું નીકળી જઉં છું[૨].*** *(અબૂ દાઉદ) રઝીને એટલુ અધિક ઉમેર્યું કે શૈતાન આવી જાય છે[૩].''*

★ હદીષ : (૪)-૨૯૩૩ ★

عَن أَبِي هُرَيْرَة رَفَعَهُ قَالَ: " إِنَّ اللَّهَ عَزَّ وَجَلَّ يَقُولُ: أَنا ثَالِث الشَّرِيكَيْنِ مَا لم يخن صَاحِبَهُ فَإِذَا خَانَهُ خَرَجْتُ مِنْ بَيْنِهِمَا ". رَوَاهُ أَبُو دَاوُد وَزَاد رزين: «وَجَاء الشَّيْطَان»

૧. અલ્લાહ તઆલા ત્રીજો હોવાનો મતલબ એ છે કે અલ્લાહ તઆલાની રહમત તથા બરકત તે બંનેવ સાહબોના હાલમાં શરીક થઈ જાય છે. રબને તેમનો શરીક ઠરાવવું મજાઝન છે. એનાથી જાણવા મળ્યું કે વેપારી કારોબાર ભાગીદારીમાં કરવો એ એકલા એકલા કરવા કરતાં બેહતર છે. જમાઅત પર અલ્લાહનો હાથ હોય છે. અલાહિદગીની (અલગ અલગ)ની સ્થિતિમાં દરેક એકબીજાનો વિરોધ કરે છે અને શિર્કતમાં એકબીજાને મદદ કરે છે અને અલ્લાહ તઆલા બંદાઓની મદદ કરનારની મદદ કરે છે. આના પરથી કારોબારના ઘણા મસાઈલ નીકળી શકે છે.

૩. એટલે કે **બદ્‌નિય્યત ભાગીદારોની સાથે શૈતાન સામેલ રહે છે કે તેમના થકી સેંકડો ગુનાહો કરાવે છે. પછી દરેક ભાગીદાર ચોરી, જૂઠ, હસદ, કીનો વગેરે કરવા લાગે છે. છેવટે ઘણી બદનામી અને લડાઈની સાથે તેઓ ભાગીદારીમાંથી છૂટા થાય છે. જ્યારે શૈતાન શરીક થઈ ગયો તો પછી ગુનાહોની શું કમી ?!**

ખયાનત કરનાર જોડે ખયાનત ન કરો

*"તેમનાથી જ રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી કે આપ હુઝૂર ﷺ એ ફર્માવ્યું, **જે તમારી સાથે અમાનતદારી કરે તેની સાથે અમાનત અદા કરો[૧] અને જે તમારાથી ખયાનત કરે તેની સાથે તમે ખયાનત ન કરો[૨].**"*

(તિર્મિઝી, અબૂ દાઉદ, દારમી)[૩]

★ હદીષ : (૫)-૨૯૩૪ ★

وَعَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَدِّ الْأَمَانَةَ إِلَى مَنِ ائْتَمَنَكَ وَلَا تَخُنْ مَنْ خَانَكَ».رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالدَّارِمِيُّ

★ હર્બી કાફિરની પણ ખયાનત જાઈઝ નથી ★

૧. એટલે કે જે શખ્સ તમને અમીન જાણીને પોતાનો માલ, રહસ્ય, ઈજ્જત તથા આબરૂ વગેરેને તમને સુપ્રત કરે તો તમે અમીન જ બનીને તેને દેખાડી દો, કે તેના કોઈ મામલામાં ખયાનત ન કરો.

૨. ઉલમા ફર્માવે છે કે હદીષ ફત્વા પર સામેલ થઈ શકે છે અને તક્‌વા પર પણ. ફત્વો એ છે કે ખયાનત કરનાર (ખાઈન)થી ખયાનતના પ્રમાણમાં બદલો લઈ શકે છે. જો કોઈએ તમારા સો રૂપિયા મારી ખાધા, તો જ્યારે કદી તે તમારી પાસે પોતાની અમુક રકમ અમાનત અથવા કરજ આપે તો પોતાનો હક્ક બાદ કરીને બાકીનો માલ તેને આપો કે આ બાદ કરવું ખયાનત નથી, બલ્કે પોતાનો હક્ક વસૂલ કરવો. પણ તક્‌વો એ છે કે એવા શખ્સથી પણ બદલામાં આ મામલો ન કરે. પોતાનો હક્ક અલગથી માગે, પણ તેનો એ હક્ક પૂરો અદા કરે. આ ઉચ્ચ કક્ષાનો અખ્લાક્‌ છે. રબ તઆલા ફર્માવે છે : اِدْفَعْ بِالَّتِيْ هِيَ اَحْسَنُ (સૌથી સારી ભલાઈથી બુરાઈને દૂર કરો. સૂરએ મુઅ્‌મિનૂન, ૨૩/૯૬) હુઝૂર ﷺ ફર્માવે છે : واحسن إلى من اساء اليك "જે તમારી સાથે બુરાઈ કરે તમે તેની સાથે ભલાઈ કરો." યાદ રાખશો કે **હર્બી કાફિરની પણ ખયાનત જાઈઝ નથી. હુઝૂર ﷺ એ હિજરતના મોક્‌ા પર એ લોહીના તરસ્યા દુશ્મનોની અમાનતો અદા કરી જેમણે ક્‌ત્લના ઈરાદાથી હુઝૂર ﷺ નું ઘર ઘેરી લીધુ હતું.** હઝરત અલી رضی اللہ عنہ ને હુઝૂરે મક્કા મોઅઝ્ઝમાં છોડયા અને આપ સિદ્દીક્‌ે અકબર رضی اللہ عنہ ની સાથે રવાના થઈ ગયા. હઝરત અલી رضی اللہ عنہ ને કહી ગયા કે જે લોકોની મારી પાસે અમાનતો છે તેને અદા કરીને તમે મદીના આવી જજો.

૩. આ હદીષ બુખારીએ પોતાની તારીખમાં, હાકિમે પોતાની મુસ્તદરકમાં, દારકુત્નીએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી.

★ હદીષ : (૬)-૨૯૩૫ ★

2935 -[6] وَعَنْ جَابِرٍ قَالَ: أَرَدْتُ الْخُرُوجَ إِلَى خَيْبَرَ فَأَتَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَسَلَّمْتُ عَلَيْهِ وَقُلْتُ: إِنِّي أَرَدْتُ الْخُرُوجَ إِلَى خَيْبَرَ فَقَالَ: «إِذَا أَتَيْتَ وَكِيلِي فَخُذْ مِنْهُ خَمْسَةَ عَشَرَ وَسْقًا فَإِنِ ابْتَغَى مِنْكَ آيَةً فَضَعْ يدك على ترقوته» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં ખૈબર જવાનો ઈરાદો કર્યો તો હું નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો. આપને સલામ કરી અને અર્ઝ કરી કે હું ખૈબર જવાનો ઈરાદો કરી રહ્યો છું[૧] ફર્માવ્યું, જ્યારે તમે અમારા વકીલની પાસે જાવ તો તેમની પાસેથી પંદર વસક લઈ લેજો[૨] પછી જો તમારી પાસે કોઈ નિશાની માગે તો તેમના ગળા પર હાથ રાખી દેજો[૩].'' (અબૂ દાઉદ)

૧. સહાબાએ કિરામ જ્યારે કદી સફરમાં જતા તો હુઝૂરે અન્વર ﷺને મળીને આપનાથી વિદાય થઈને, આપની દુઆઓ તથા નસીહતો લઈને જતા હતા. તેમના માટે આ દુઆઓ, નસીહતો, સફરનું બેહતરીન ભાથુ (તોશો) રહેતી હતી. અમુક હઝરાત તો સ્પષ્ટપણે અર્ઝ કરતા હતા કે સફરમાં જઈ રહ્યો છું તો કાંઈક તોશો (ભાથુ) અર્પણ કરવામાં આવે. તેના પ્રમાણે જ હઝરત જાબિર رضی اللہ عنہ હુઝૂરે અન્વર ﷺથી વિદાય થવા હાજર થયા. આપ પોતાના કોઈ કામથી ખૈબર જઈ રહ્યા હતા.

૨. એક વસક સાઈઠ સાઅનો થાય છે. એક સાઅ સાડા ચાર શેરનો. હુઝૂરે અન્વર ﷺએ કબજાના માટે વકીલ બનાવ્યા કે અમારી આટલી ખજૂરો અથવા જવ તે વકીલથી વસૂલ કરીને અમારી પાસે લઈ આવો. તે હઝરત ખૈબરમાં વસૂલી માટે વકીલ બનાવીને મોકલવામાં આવ્યા હતા કે ખૈબરવાળા પાસેથી હુઝૂર ﷺના હિસ્સાની ખજૂરો ખૈબરના યહૂદીથી વસૂલ કરીને પોતાની પાસે રાખે. જ્યારે કોઈ શખ્સ મદીના આવશે તેની સાથે અમે મંગાવી લઈશું. આ હદીષથી બે પ્રકારની વકાલત સાબિત થઈ : કબજા માટેની વકાલત, બીજી વસૂલી માટેની વકાલત.

૩. હુઝૂરે અન્વર ﷺએ આ પહેલા વસૂલી માટેના વકીલને સમજાવી આપ્યો હતો કે માણસ તમારી પાસે જે આવશે તેને આ નિશાની અમે સમજવી દઈશું કે જેથી કોઈ અન્ય શખ્સ નાજાઈઝ તૌર પર તેમની પાસેથી એ માલ ન લઈ લે. યાદ રાખશો આ અમલ આપણી તા'લીમના માટે છે, નહીં તો સર્વ સહાબીઓ સાચા, આદિલ, ભરોસા પાત્ર છે. તેમના પર જૂઠ અથવા ધોકાની સંભાવના પણ નથી થઈ શકતી. તે જ હઝરત જાબિરે સિદ્દીકે અકબર رضی اللہ عنہ ને અર્ઝ કરી હતી કે હુઝૂરે અન્વર ﷺએ મને ત્રણ ખોબા ભરીને દિરહમ આપવાનો વાયદો કર્યો હતો કે એવામાં હુઝૂર ﷺની વફાત થઈ ગઈ. જનાબ સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ ગવાહ તથા કસમ લેવાડયા વિના તે વાયદો પૂરો કર્યો, શાથી ?! એટલા માટે કે સહાબીઓ આદિલ, ષિકહ છે, તેમની વાત સ્વીકાર્ય છે.

(વિભાગ : 3) الفصل الثالث

ત્રણ ચીજોમાં બરકત છે

★ હદીષ : (૭)-૨૯૩૬ ★

عَن صُهَيْبٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: "

''હઝરત સુહૈબ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ચીજોમાં બરકત છે[૨] ઉધાર વેચવું, કરજ આપવું અને ઘઉં જવથી

ثَلَاثٌ فِيهِنَّ الْبَرَكَةُ: الْبَيْعُ إِلَى أَجَلٍ والمقارضة واخلاط الْبُرِّ بِالشَّعِيرِ لِلْبَيْتِ لَا لِلْبَيْعِ ". رَوَاهُ ابْنُ مَاجَه

મિલાવવા[૩] પણ ઘરના માટે ન કે વેપાર માટે[૪]."
(ઈબ્ને માજહ)

૧. આપ સુહૈબ ઈબ્ને સનાન છે. કુન્નિયત અબૂ યહ્યા, મૌસૂલ ઈલાકામાં દજલા તથા ફુરાતની વચ્ચે રહેનારા છે. આપના ઈલાકા પર રોમે હુમ્લો કરીને આપને ગુલામ બનાવી લીધા અને બની કલ્બ કબીલાએ આપને રોમીઓ પાસેથી ખરીદી લીધા. બની કલ્બે અબ્દુલ્લાહ ઈબ્ને જદઆનના હાથે વેચી દીધા. મક્કા મોઅઝ્ઝમા લાવીને તેમણે આપને આઝાદ કર્યા. આપ તથા અમ્માર ઈબ્ને યાસર એક જ દિવસે ઈમાન લાવ્યા, જ્યારે કે હુઝૂરે અન્વર ﷺ દારે અરકમમાં પનાહ લીધેલ હતા. આપે ઈસ્લામ લાવીને મક્કાના કાફિરો થકી ઘણી જ મુસીબતો ઉઠાવી. આપના વિશે આ આયતે કરીમા નાઝિલ થઈ : وَمِنَ النَّاسِ مَنْ يَّشْرِىْ نَفْسَهُ (અને કોઈ માણસ પોતાની જાન વેચે છે અલ્લાહની મરજી ચાહવામાં. સૂરએ બકરહ, ૨/૨૦૭) નેવુ વરસની ઉમર પામી. હિ.સ. ૮૦માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. બકીઅમાં દફન થયા. આપના ફઝાઈલ અગણિત છે. બદર વગેરે સર્વ ગઝવાતમાં શરીક રહ્યા.

૨. બરકત તથા કષરત (ખૂબ અધિકતા)માં ફરક છે. દરેક વધારો કષરત છે, પણ ખૈર તથા નફાનો વધારો બરકત છે. કષરત (અધિકતા) કરતાં બરકત ઉચ્ચ છે. ઈસા عليه السلام એ ફર્માવ્યું હતું : وَّ جَعَلَنِىْ مُبٰرَكًا (અને તેણે મને મુબારક કર્યો. સૂરએ મરયમ, ૧૯/૩૧) રબે મને બરકતવાળો બનાવ્યો, કષરતવાળો ન કહ્યો.

૩. ગરીબોને ઉધાર વેચી દેવામાં દુઆઓ પણ મળે છે, લોકોની તારીફો પણ, અને રબની રહમત પણ. કરજ આપવાથી મુરાદ છે મઝારેબત પર માલ આપવો કે માલ અમારો હોય અને મહેનત બીજાની, નફામાં ભાગીદારી. ઘઉંમાં થોડાક જવ મિલાવવાથી સુન્નત પણ અદા થાય છે, ખર્ચમાં કિફાયત પણ થાય છે અને જલ્દી હજમ પણ થાય છે. ઘઉં ગરમ છે અને જવ ઠંડા.

૪. એટલે કે ઘઉં દેખાડીને જવ મિલાવીને ન વેચે કે એમાં ગ્રાહકને ધોકો આપવું છે, બલ્કે પોતાના ખાવા માટે ઘઉંમાં જવ મિલાવો અને વેચાણમાં ગ્રાહકને જે બતાવો તે જ આપે.

★ હદીષ : (૮)-૨૯૩૭ ★

وَعَن حَكِيم بن حزَام أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَعَثَ مَعَهُ بِدِينَارٍ لِيَشْتَرِيَ لَهُ بِهِ أُضْحِيَّةً فَاشْتَرَى كَبْشًا بِدِينَارٍ وَبَاعَهُ بِدِينَارَيْنِ فَرَجَعَ فَاشْتَرَى أُضْحِيَّةً بِدِينَارٍ فَجَاءَ بِهَا وَبِالدِّينَارِ الَّذِي اسْتَفْضَلَ من الْأُخْرَى فَتصدق رَسُول الله صلى بِالدِّينَارِ فَدَعَا لَهُ أَنْ يُبَارَكَ لَهُ فِي تِجَارَته. رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત હકીમ ઈબ્ને હિઝામથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ તેમના હાથે એક અશરફી મોકલી જેથી આપના માટે કુર્બાની ખરીદી લે. તેમણે એક અશરફીથી ઘેટો ખરીદયો અને તેને બે દીનારમાં વેચી દીધો[૨] પછી ફરી બજારમાં આવ્યા અને એક અશરફી વડે કુર્બાની ખરીદી લીધી. પછી હુઝૂર ﷺ ની પાસે કુર્બાની અને બીજી કુર્બાનીથી બચેલી અશરફી લાવ્યા. તો રસૂલુલ્લાહ ﷺ એ અશરફી તો ખૈરાત કરી આપી[૩] અને તેમને દુઆ આપી કે તેમની તિજારત (વેપાર)માં હમેશાં બરકત થાય[૪]." (અબૂ દાઉદ, તિર્મિઝી)

૧. આપની કુન્નિયત અબૂ ખાલિદ છે. કુરૈશી છે. હઝરત ખદીજાના ભત્રીજા ખાનાએ કા'બામાં હાથીવાળા બનાવથી તેર વરસ પહેલાં પેદા થયા. ફતહે મક્કામાં ઈમાન લાવ્યા. મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. એકસો વીસ વરસની ઉમર થઈ હિ.સ. ૫૪માં વફાત પામ્યા.

૨. આપને યકીન હતું કે હુઝૂર ﷺ મારા આ વેચી દેવાથી નારાજ થશે નહીં એટલા માટે જાનવર વેચી દીધું, નહીં તો આપ કેવળ ખરીદવાના માટે વકીલ હતા ન કે વેચવા માટે.

★ કુર્બાની માટે ખરીદેલ જાનવર વેચી બીજુ ખરીદ શકાય ★

૩. આપે હકીમનો એ સોદો જાઈઝ રાખ્યો. એનાથી જાણવા મળ્યું કે અમુક સ્થિતિઓમાં કુર્બાની માટે ખરીદેલુ જાનવર વેચીને બીજુ જાનવર ખરીદી શકીએ છીએ. ખાસ કરીને જ્યારે કુર્બાની કરનાર ગરીબ ન હોય, અમીર હોય. એ પણ જાણવા મળ્યું કે કુર્બાનીના જાનવરની કિંમતથી બચેલો પૈસો પોતાના કામમાં ન લાવે બલ્કે ખૈરાત કરી દે કે જેથી પોતાનો સદકો ખુદ ન ખાય.

૪. જેમ કે રબ તઆલા આપને હમેશાં વેપારોમાં બરકત આપતો હતો. જે લોકો આપની સાથે મળીને વેપાર કરતા હતા તેઓ પણ માલદાર થઈ જતા હતા. અને મોટા મોટા વેપારી આપના મશવરાથી વેપાર કરતા હતા. (મિર્કાત)

બાબુલ ગસ્બ વલ્આરિયહ[૧] باب الغصب والعارية
(માલ હડપ કરવો અને માગીને ઉછીનો લેવો)

(વિભાગ : ૧) الفصل الاول

૧. غصب (ગસ્બ)નો અર્થ છે કોઈના માલ પર નાજાઈઝ કબજો કરી લેવો, જેમ કે કોઈ ચીજ કોઈની પાસેથી માગીને લાવે પછી પાછી ન આપે અથવા અમાનતનો ઈન્કાર કરી આપવો. જેથી ગસ્બ, ચોરી, ડાકૂગીરીમાં ફરક છે. عاريت નો અર્થ છે કોઈ ચીજથી તેની ઈજાઝત પર કોઈ બદલા વિના ફાયદો હાંસલ કરવો. જેમ કે કોઈનું વાસણ થોડાક દિવસ માટે માગી લેવું પછી કામ કાઢીને પરત કરી આપવું. (આપણે તેને ઉછીનુ કહીએ છીએ.) ગસ્બ (હડપ કરી જવું) હરામ છે, અને ઉછીનુ જાઈઝ છે. عاريت عار શરમના અર્થમાં. કેમ કે અરબવાસીઓ એ કામમાં શરમ કરતા હતા, એટલા માટે તેને આરિયત કહેવામાં આવ્યું. નાગાને પણ "આરી" એટલા માટે કહે છે કે નગ્ન રહેવામાં શરમ તથા આર આવે છે. અમુકે કહ્યું, આરિયત تعاور થી બન્યું છે, અદલ બદલ કરવાના અર્થમાં, હાથો હાથ લેણ દેણ.

જુલ્મથી વેંત જમીન પચાવનારને ક્યામતમાં સાત જમીનોનો હાર પહેરાવાશે

"હઝરત સઅદ ઈબ્ને ઝયદથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે ***જે વેંત જેટલી જમીન જુલ્મની રીતે લઈ લે તો ક્યામતના દિવસે તેને સાત જમીનોનો તોક્ વહેરાવવામાં આવશે[૨].*** *" (મુસ્લિમ, બુખારી)*

★ હદીષ : (૧)-૨૯૩૮ ★ (مُتَّفِق عَلَيْهِ)

عَن سعيد بْنِ زَيْدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَخَذَ شِبْرًا مِنَ الْأَرْضِ ظُلْمًا فَإِنَّهُ يُطَوَّقُهُ يَوْمَ الْقِيَامَةِ مِنْ سبع أَرضين»

૧. આપ અશ્રએ મુબશ્શિરાથી છે. હઝરત ઉમર ફારૂક્ رضی اللہ عنہ ની બહેન ફાતિમા આપના જ નિકાહમાં હતાં. આપના જ થકી હઝરત ઉમર ઈમાન લાવ્યા. બદર સિવાય સર્વ ગઝવાઓમાં શરીક રહ્યા. બદરના દિવસે આપ હઝરત તલ્હાની સાથે કુરૈશના કાફિરોની તલાશમાં ગયા હતા. હુઝૂરે અન્વર ﷺએ આપને ગનીમતના માલથી હિસ્સો આપ્યો. ૭૦ વરસ કરતાં અધિક ઉમર થઈ. હિ.સ. ૫૧માં અક્ીક્ સ્થળે ઈન્તેક્ાલ થયો. આપની લાશ મદીના પાક લાવવામાં આવી અને બક્ીઅમાં દફન થયા.

૨. આ હદીષથી જાણવા મળ્યું કે જમીનના સાત તબક્ા ઉપર નીચે છે. કેવળ સાત મુલ્ક (અમુક લોકોએ સાત જમીનથી સાત મુલ્ક મુરાદ લીધું છે.) નહીં, **પ્રથમ તો એ હડપ કરનારાને જમીન સાત તબક્ (પટ)નો તોક્ (હાર) પહેરાવવામાં આવશે, પછી તેને જમીનમાં ધસાવવામાં આવશે.** જેથી જે હદીષોમાં છે કે તેને જમીનમાં ધસાવવામાં આવશે તે હદીષો આ હદીષની વિરુદ્ધ નથી. આ હદીષ તદ્દન જાહેર પર છે કે એમાં કોઈ તાવીલ (અર્થઘટન)ની જરૂરત નથી. અલ્લાહ તઆલા એ હડપ કરનારની ગરદન એટલી લાંબી કરી દેશે કે આટલી મોટી હંસલી (ગળાનુ હાડકુ) એમાં આવી જશે. જાણવા મળ્યું કે જમીનને હડપ કરવું અન્ય ચીજો હડપ કરવા કરતાં અતિ કઠિન છે.

રજા વિના કોઈની બકરીનું દૂધ દોહવું નહીં

★ હદીષ : (૨)-૨૯૩૯ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَحْلُبَنَّ أَحَدٌ مَاشِيَةَ امْرِئٍ بِغَيْرِ إِذْنِهِ أَيُحِبُّ أَحَدُكُمْ أَنْ يُؤْتَى مشْرُبَته فتكسر خزانته فَيَنْتَقل طَعَامُهُ وَإِنَّمَا يَخْزُنُ لَهُمْ ضُرُوعُ مَوَاشِيهِمْ أَطْعِمَاتِهِمْ» . رَوَاهُ مُسلم

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કોઈ કોઈનું જાનવર તેની રજા વિના ન દોહે[૧] શું તમારામાંથી કોઈ એવું પસંદ કરશે કે કોઈ તેના ઉપલા માળે ઘુસી આવે પછી તેનો ખજાનો તોડીને અનાજ લઈ જાય[૨] અને લોકોના જાનવરોના બાવલાં તેમના ખોરાકના ખજાના છે[૩]. ''(મુસ્લિમ)

૧. એટલે કે કોઈની બકરી, ગાય, ભેંસ, ઊંટણી વગેરેનું દૂધ તેની રજા વિના કાઢે. અરબવાસીઓ આ પ્રમાણે દૂધની ચોરી પણ કરતા હતા, કે કોઈનુ જાનવર પકડીને દૂધ દોહી લેવું એ પણ હરામ છે.

૨. અમુક નુસ્ખા (કોપીઓ)માં طَعَامُهُ ને બદલે مُتَبَاعَهُ છે. અરબવાસીઓ મોટાભાગે પોતાનો સામાન ઉપલા માળો પર રાખતા હતા એટલા માટે ઉપલા માળનો ઉલ્લેખ કર્યો, નહીં તો ચોરી ગ્રાઉન્ડ ફ્લોર કે ભોંય તળિયેથી પણ હરામ છે અને ઉપલા માળેથી પણ.

૩. એટલે કે જેમ કે કોઈનો માલ વિના ઈજાઝતે તેના ઘરેથી લેવો હરામ છે, એવી જ રીતે કોઈના જાનવરનું દૂધ માલિકની રજા વિના દોહી લેવું હરામ છે. આ હદીષ જમહૂર ઉલમાની દલીલ છે કે કોઈના જાનવરને ઈજાઝત વિના ન દોહે. હા ! મખમસ્ા એટલી સખત ભૂખની હાલતમાં ઈજાઝત છે કે એ રીતે દોહીને પી જાય અને જાન બચાવી લે. **આપણા ઈમામ સાહબ ફર્માવે છે, જો મુરદાર પણ પામે અને ગૈરનો માલ પણ (બંનેવ) પામે તો મુરદાર ખાયને જીવ બચાવી લે અને ગૈરના માલને ન સ્પર્શે.** (મિર્કાત) ઈમામ મુહમ્મદ તથા ઈસ્હાક઼ને ત્યાં બીજાનુ જાનવર વગર ઈજાઝતે દોહી લેવું જાઈઝ છે. તેમની દલીલ હિજરતવાળી હદીષ છે કે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہએ સફરની હાલતમાં એક કુરેશના ગુલામથી તેની બકરીનું દૂધ દોહાવ્યું અને ખરીદીને હુઝૂર ﷺને પીવડાવ્યું. જ્યારે કે બકરીનો માલિક ત્યાં મૌજૂદ ન હતો. તેમજ અમુક રિવાયતોમાં છે કે જે કોઈની બકરી પામે તે ત્રણવાર અવાજ આપે કે, કોની બકરી છે ? હું દોહું છું ! જો ત્રણ અવાજોમાં માલિક ન મળે તો તે દોહી લે અને પી લે. પણ આ દલીલો કમજોર છે, કેમ કે પ્રથમ હદીષના પ્રમાણે કહી શકાય છે કે એ ગુલામને દૂધ પીવાની માલિકની તરફથી ઈજાઝત હતી. આ બીજી હદીષ ''મખમસ્ા''ની હાલતના માટે છે, જ્યારે કે ભૂખથી જાન નીકળી રહી હોય. નહીં તો ગૈરનો માલ વિના ઈજાઝતે લેવો કોઈ રીતે દુરુસ્ત થઈ શકે છે ? એ જ પ્રમાણે કોઈના બાગનાં ફળો તેની ઈજાઝત વિના ન તોડે ન ખાય, ન ઉઠાવે, ન લઈ જાય. જે હદીષોમાં ઈજાઝત છે કે ખાય પણ લઈ ન જાય, ત્યાં પણ ''મખમસ્ા''ની હાલત મુરાદ છે કે ભૂખ્યાની જાન પર બની આવી છે તો એ ખાયને જાન બચાવી લે. હા ! જંગલી ફળ ો જે કોઈની માલિકીનાં નથી, જેમ કે કોકિન (એક પ્રકારનું ઝાડ), બેર (બોરડીનું ઝાડ અને ફળ) તે શિકારના જાનવરની જેમ કોઈની માલિકીમાં નથી, તેને જે ચાહે તે ખાય. (અઝ : લમ્આ઼ત તથા અશિઅ઼હ મઅ ઝિયાદતિન) તેની તેહક઼ીક઼ ફિક઼હની કિતાબોમાં જુઓ.

પડી ગયેલા કોળિયાને સાફ સૂફ કરી ખાઈ લેવો જોઈએ

★ હદીષ : (3)-૨૯૪૦ ★

وَعَنْ أَنَسٍ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عِنْدَ بَعْضِ نِسَائِهِ فَأَرْسَلَتْ إِحْدَى أُمَّهَاتِ الْمُؤْمِنِينَ بِصَحْفَةٍ فِيهَا طَعَامٌ فَضَرَبَتِ الَّتِي النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي بَيْتِهَا يَدَ الْخَادِمِ فَسَقَطَتِ الصَّحْفَةُ فَانْفَلَقَتْ فَجَمَعَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِلَقَ الصَّحْفَةِ ثُمَّ جَعَلَ يَجْمَعُ فِيهَا الطَّعَامَ الَّذِي كَانَ فِي الصَّحْفَةِ وَيَقُولُ: «غَارَتْ أُمُّكُمْ» ثُمَّ حَبَسَ الْخَادِمَ حَتَّى أُتِيَ بِصَحْفَةٍ مِنْ عِنْدِ الَّتِي هُوَ فِي بَيْتُهَا فَدَفَعَ الصَّحْفَةَ الصَّحِيحَةَ إِلَى الَّتِي كُسِرَتْ صَحْفَتُهَا وَأَمْسَكَ الْمَكْسُورَةَ فِي بَيْتِ الَّتِي كَسَرَتْ. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ પોતાની કેટલીક બીવીઓની પાસે હતા. એવામાં ઉમ્મહાતુલ મો'મિનીનમાંથી કોઈકે એક પ્યાલો મોકલ્યો[૧] જેમાં કાંઈક ખાવાનુ હતું તો જેના ઘરમાં નબી કરીમ ﷺ તશરીફ ફર્મા (બેઠેલા) હતા તેમણે ખાદિમના હાથમાં માર્યું જેનાથી પ્યાલો પડીને તૂટી ગયો[૨]. તો નબી કરીમ ﷺએ પ્યાલાના ટુકડા ભેગા કર્યા પછી જે ખાવા પ્યાલામાં હતું તે તેમાં નાખ્યું[૩] અને આપ કહેતા જતા હતા કે તમારી મા ગૈરત કરી ગઈ[૪] પછી ખાદિમને રોકી લીધો ત્યાં સુધી કે જેમના ઘરમાં હુઝૂર હતા તેમની પાસેથી પ્યાલો લાવવામાં આવ્યો તો જેનો પ્યાલો હતો તેને સારો પ્યાલો આપી દીધો[૫]. અને તૂટેલો પ્યાલો તોડનારીના ઘરમાં રાખી દીધો[૬].'' (બુખારી)

૧. અમુક બીવીઓથી મુરાદ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا છે, જેમ કે અન્ય રિવાયતોમાં છે, ક્યાં તો હઝરત અનસ رضی اللہ عنہ તેમનું નામ ભૂલી ગયા અથવા તો એહતેરામના લીધે તેમનું નામ જાહેર ન કર્યું. ખાવા મોકલનાર બીબી સફિય્યા رضی اللہ عنہا છે અને શક્ય છે કે હઝરત ઝયનબ رضی اللہ عنہا કે ઉમ્મે સલમા رضی اللہ عنہا હોય. હુઝૂર ﷺની બારગાહમાં મોટાભાગે હદિયા ત્યારે જ આવતા હતા જ્યારે આપ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના ઘરે હોતા. (અશિઅ્હ તથા મિર્કાત)

૨. આપ ખાદિમને મારવા ચાહતાં ન હતાં કે તે તો નિર્દોષ હતો બલ્કે ઈરાદો પ્યાલો ફેંકવાનો હતો. તેના હાથ પર હાથ મારવો એ જ નિય્યતથી હતો. જેમ કે ખાદિમને ચોટ ન લાગી અને પ્યાલો પડી ગયો. એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ ખાદિમને કેસાસ ન અપાવ્યો પણ પ્યાલાના બદલે પ્યાલો અપાવ્યો.

૩. આ છે સરકારનો હિલમ (સહનશક્તિ, સંયમ) તથા અખ્લાક અને નેઅમતે ઈલાહીની કદરદાની કે આપ ઉમ્મુલ મો'મિનીન પર નારાજ ન થયા અને ખાવા બેકાર ન જવા દીધું. **એનાથી જાણવા મળ્યું કે પડેલા કોળિયાને પણ સાફ સુફ કરી ખાય લેવો જોઈએ.** જેવું કે બીજી રિવાયતોમાં સ્પષ્ટપણે આવે છે.

૪. એટલે કે ઉમ્મુલ મો'મિનીને આ કામ જુલ્મની રીતે નથી કર્યું ન તેણી એમાં ગુનેહગાર છે, બલ્કે ફિત્રતે બશરી (માનવ સહજ)ની રીતે કર્યું કે કુદરતી તૌર પર દરેક પત્ની પોતાની સૌતનની ચીજને પોતાના ઘરે આવવું પસંદ નથી કરતી. ફિતરી ચીજ પર પકડ નથી થતી. سبحان اللہ ! કેવી બરકતવાળી મા છે કે અહીં તેમની સફાઈ હુઝૂરે અન્વર ﷺ વર્ણવી રહ્યા છે અને બીજા સ્થળે તેમની સફાઈ અલ્લાહ તઆલા કુર્આનમાં વર્ણવી રહ્યો છે. એ ખતાઓ પર આપણી લાખો ઈબાદતો કુર્બાન છે !

૫. એ પ્યાલાની ઝમાનત ન હતી, નહીં તો કિંમત અપાવવામાં આવતી. કેમ કે પ્યાલો શરીઅતની રૂએ મિષ્લી (એ માલ જેનો અંદાજો માપ અથવા વજન અથવા ગણત્રીના આધારે થઈ શકે એ રીતે કે તેના માલના અફરાદ એક બીજાથી સમાનતા ધરાવતા. જેમ કે અખરોટ, મરઘીનાં ઈંડાં વગેરે) ચીજ નથી, કિંમતી ચીજ છે જેને તોડવા પર બદલામાં કિંમત વાજિબ થાય છે, બલ્કે એ અમલ શરીફ અખ્લાક़્ન્ હતો, કેમ કે બંને પ્યાલા હુઝૂર ﷺના જ હતા. ત્યાં ઝમાનનો સવાલ જ પેદા નથી થતો. અમુક શરહકર્તાઓએ તેનાં અન્ય કારણો પણ વર્ણવ્યાં છે, પણ આ કારણ ખૂબ જ આ'લા છે. આપનાર પણ હુઝૂર છે અને લેનાર પણ. ઘરનો સામાન પતિનો હોય છે ન કે પત્નીની માલિકીનો.

૬. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે તૂટલો પ્યાલો પણ માલ છે. તેને વેચવું કે બદલો લેવો જાઈઝ છે. ક્યારેક તો થીકડાં જોડીને કામ આપે છે અને ક્યારેક અલગ અલગ જ કામ આપી જાય છે. **બીજુ** એ કે કોઈની ચીજ તોડી નાખવી એ પણ હડપ (ગસ़બ)નો એક પ્રકાર છે જ્યારે કે એ તોડવી જુલ્મના કારણે હોય અને તેનો તાવાન (દંડ) લાઝિમ છે, એટલા માટે સાહિબે મિશ્કાત (મિશ્કાતના કર્તા) આ હદીષ ગસ़બના પ્રકરણમાં લાવ્યા. જનાબ આઈશા સિદ્દીક़ાનું આ કાર્ય દેખાવમાં હસદ સ્વરૂપે હતું જેથી વાંધો નથી થઈ શકતો કે સાહિબે મિશ્કાત આ હદીષ બાબુલ ગસ़બમાં કેમ લાવ્યા. (મિર્ક़ાત)

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને યઝીદ رضی اللہ عنہ થી[1] રિવાયત છે, તે નબી કરીમ ﷺથી રાવી કે હુઝૂરે અન્વર ﷺએ લૂટમાર કરવા અને નાક કાન કાપવાથી મના કર્યું[2]. " (બુખારી)

★ હદીષ : (૪)-૨૯૪૧ ★

وَعَن عبد الله بن يزيد عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أَنَّهُ نهى عَنِ النهبة والمثلة. رَوَاهُ الْبُخَارِيّ

૧. આપ ખતમી અન્સારી છે. સુલહે હુદૈબિયામાં ૧૭ વરસના હતા. બયઅતુર્રિદવાનમાં શરીક હતા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર رضی اللہ عنہ ના જમાનામાં તેમના જ તરફથી કૂફાના ગવર્નર હતા અને તેમના જ જમાનામાં વફાત પામ્યા. આપનાથી આપના પુત્ર મૂસા અને આપના પૌત્ર અબૂ બર્દા ઈબ્ને અબી મૂસા વગેરેએ રિવાયતો લીધી. ઈમામ શઅબી આપના કાતિબ રહ્યા.

★ કપાયેલી પતંગ દોરી લૂટવી હરામ ★

૨. એટલે કે ન તો કોઈ મુસલમાનનો માલ લૂટવો જાઈઝ છે અને ન કોઈ ઈન્સાન કે જાનવરનાં નાક કાન જિંદગીમાં અથવા મૃત્યુ બાદ કાપવાં જાઈઝ. એનાથી જાણવા મળ્યું કે **કપાયેલી પતંગ અથવા તેની દોરી લૂટવી હરામ છે,** કે એ પણ نُهبہ છે. યાદ રાખશો કે **લૂટાવેલી ચીજને લૂટી લેવી જાઈઝ છે,** જેમ કે નિકાહની ખારોકો અને દુલ્હા દુલ્હન પર વધાવવામાં આવતા પૈસા, કે તેને અરબીમાં نثر કહે છે ન કે نُهبہ. એ જ પ્રમાણે ઈલાજ રૂપે તથા ક़ૈસાસ રૂપે નાક કાન કાપવું જાઈઝ કે તે મુષ્લહ (બેડોળ કરવું) નથી બલ્કે ઈલાજ તથા ક़ૈસાસ છે. જેથી આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી કે : اَنَّ النَّفْسَ بِالنَّفْسِ ۙ وَالْعَيْنَ بِالْعَيْنِ (જાનના બદલે જાન અને આંખના બદલામાં આંખ. સૂ. માઈદા, ૫/૪૫) અરબવાસીઓ જંગોમાં ક़ત્લ થનારનાં નાક કાન કાપી નાખતા હતા અને એક બે મહેમાનોના આગમન પર જીવતી બકરીનો આગલો કે પાછલો પગ કાપીને રાંધતા હતા. અહીં એનાથી મના કર્યું.

હઝરત સૈયદના ઈબ્રાહીમ ઈબ્ને હુઝૂર ﷺની વફાત પર સૂર્યગ્રહણની વિગત

★ હદીષ : (૫)-૨૯૪૨ ★

وَعَنْ جَابِرٍ قَالَ: انْكَسَفَتِ الشَّمْسُ فِي عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ مَاتَ إِبْرَاهِيمُ بْنُ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَصَلَّى بِالنَّاسِ سِتَّ رَكَعَاتٍ بِأَرْبَعِ سَجَدَاتٍ فَانْصَرَفَ وَقَدْ آضَتِ الشَّمْسُ وَقَالَ: " مَا مِنْ شَيْءٍ تُوعَدُونَهُ إِلَّا قَدْ رَأَيْتُهُ فِي صَلَاتِي هَذِهِ لَقَدْ جِيءَ بِالنَّارِ وَذَلِكَ حِينَ رَأَيْتُمُونِي تَأَخَّرْتُ مَخَافَةَ أَنْ يُصِيبَنِي مِنْ لَفْحِهَا وَحَتَّى رَأَيْتُ فِيهَا صَاحِبَ الْمِحْجَنِ يَجُرُّ قُصْبَهُ فِي النَّارِ وَكَانَ يسرق الْحَاج بمحجته فَإِن فطن لَهُ قَالَ: إِنَّمَا تعلق بمحجتي وَإِنْ غُفِلَ عَنْهُ ذَهَبَ بِهِ وَحَتَّى رَأَيْتُ فِيهَا صَاحِبَةَ الْهِرَّةِ الَّتِي رَبَطَتْهَا فَلَمْ تُطْعِمْهَا وَلَمْ تَدَعْهَا تَأْكُلُ مِنْ خَشَاشِ الْأَرْضِ حَتَّى مَاتَتْ جُوعًا ثُمَّ جِيءَ بِالْجَنَّةِ وَذَلِكَ حِينَ رَأَيْتُمُونِي تَقَدَّمْتُ حَتَّى قُمْتُ فِي مَقَامِي وَلَقَدْ مَدَدْتُ يَدِي وَأَنَا أُرِيدُ أَنْ أَتَنَاوَلَ مِنْ ثَمَرَتِهَا لِتَنْظُرُوا إِلَيْهِ ثُمَّ بَدَا لِي أَنْ لَا أفعل ". رَوَاهُ مُسلم

''હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં સૂરજ ગ્રહણ લાગી ગયું તો દિવસે જ્યારે કે હઝરત ઈબ્રાહીમ ઈબ્ને રસૂલુલ્લાહ ﷺ વફાત પામ્યા[૧] તો હુઝૂર ﷺ એ લોકોને બે રકાતો છ રુકૂઓ અને ચાર સજદાઓમાં પઢાવી[૨] પછી ફારિગ થયા જ્યારે કે સૂરજ અસલી હાલત પર પરત આવી ગયો હતો. ફર્માવ્યું, જે ચીજોની તમને ખબર આપવામાં આવી છે એમનામાંથી કોઈ ચીજ નથી, પણ મેં મારી આ નમાઝમાં તે સૌ જોઈ લીધી[૩] ત્યાં સુધી કે આગ લાવવામાં આવી. અને આ ત્યારે હતું જ્યારે તમે મને જોયો કે હું પાછળ હટ્યો[૪]. એ ડરથી કે તેની લપેટ મને પહોંચી જાય[૫] અને ત્યાં સુધી કે મેં આગમાં તરવાવાળાને જોયો જે પોતાનાં આતરડાં આગમાં ખેંચી રહ્યો છે[૬] તે પોતાના ભાલા વડે હાજીઓની ચોરી કરી લેતો હતો. જો તેની હરકત માલૂમ પડી જતી તો કહી દેતો કે એ મારા ભાલાથી લાગી ગયું, અને તેનાથી બેખબર રહે તો લઈ જતો[૭] અને ત્યાં સુધી કે મેં એમાં બિલાડીવાળી ને જોઈ જેણે બિલાડીને બાંધી રાખી કે એને કાંઈ ન ખવડાવ્યું અને ન તેને છોડી કે જમીનમાં કીડા મકોડા ખાય લેતી, ત્યાં સુધી કે ભૂખે મરી ગઈ[૮] પછી જન્નત લાવવામાં આવી અને એ ત્યારે હતું કે તમે મને જોયો કે હું આગળ વધ્યો ત્યાં સુધી કે મારી જગાએ ઉભો થઈ ગયો[૯] અને મેં મારો હાથ લંબાવ્યો. હું ચાહતો હતો કે એના અમુક ફળ લઈ લઉં જેથી તમે એમને જુઓ, પછી રાય એ જ નિશ્ચિત થઈ કે એવું ન કરું[૧૦]. (મુસ્લિમ)

૧. એની તેહકીક બાબુ સલાતિલ્ કુસૂફમાં થઈ ચૂકી છે. હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ ની વફાત ચાંદની દસમી તારીખે થઈ. ગણિતના કાયદાથી એ દિવસે સૂરજ ગ્રહણ લાગી શકતુ જ ન હતું પણ રબ તઆલાએ તેમનો કાયદો તોડી નાખ્યો. હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ બક્ક ઈદ હિ.સ. ૮માં બીબી મારિયા કિબ્તિયાના પેટથી પેદા થયા અને ૧૬ કે ૧૮ મહિનાની ઉમર પામીને વફાત પામી ગયા અને બકીઅમાં દફન થયા.

૨. એ રીતે કે દરેક રકાતમાં ત્રણ રુકૂઅ અને બે સજદા કર્યા. તેની તેહક़ીક़ નમાઝે કુસૂફ (સૂર્યગ્રહણની) નમાઝમાં વર્ણન થઈ ચૂકી. આપણે ત્યાં એ નમાઝની દરેક રકાતમાં પણ અન્ય નમાઝોની જેમ એક રુકૂઅ અને બે સજદા જ થશે. એના જવાબો એ જ પ્રકરણમાં આપી દેવામાં આવેલા છે.

★ હુઝૂર ﷺએ ચાલુ નમાઝમાં શું શું જોયું ★

૩. એટલે કે જન્નત અને ત્યાંની નેઅમતો અને દોઝખ તથા ત્યાંના સર્વ અઝાબો મારી આ આંખો વડે જોયા. હદીષ તદ્દન જાહેરી અર્થમાં છે. એમાં કોઈ તાવીલ તથા ખુલાસાની જરૂરત નથી. એની સંપૂર્ણ તેહક़ીક़ નમાઝે કુસૂફમાં થઈ ચૂકી છે.

૪. બાબુલ કુસૂફ (સૂર્ય ગ્રહણના પ્રકરણ)માં આવી ગયું છે કે હુઝૂરે અન્વર ﷺએ એ નમાઝ બે વાર કાંઈક હલન ચલન કર્યું, એક વાર તો આગળ વધીને કાંઈક લેવાના ઈરાદાથી અને એકવાર પાછળ હટીને બચવાના ઈરાદાથી. એના વિશે કહી રહ્યા છે કે જ્યારે તમે મને જોયો કે હું અ़યન (બરાબર) નમાઝની હાલતમાં કોઈ ખતરનાક ચીજ બચીને પાછળ હટયો, તો તે વખતે દોઝખ મારી સામે હતી, એનાથી બચવાનો હેતુ હતો.

૫. આ ફર્માન એવું જ છે જેમ કે વાદળ અથવા આંધી આવવા પર હુઝૂરે અન્વર ﷺનો ચેહરો મુબારક બદલાઈ જતો હતો કે ક્યાંક અઝાબ અથવા ક़યામત ન આવી ગઈ હોય. જો કે સરકાર ﷺને માલૂમ હતું કે ક़યામત હમણા નથી આવી શકતી અને આપની હાજરીમાં અઝાબ નાઝિલ નથી થઈ શકતો. એ જ પ્રમાણે હુઝૂરે અન્વર ﷺને ખબર હતી કે દોઝખની આગ અમારા પર અસર નથી કરી શકતી. હુઝૂરે અન્વર ﷺની તો મહાન શાન છે ! મો'મિન દોઝખમાં જઈને દોઝખી મુસલમાનોને કાઢી લાવશે અને આગની અસરથી મેહફૂઝ રહેશે, આ ખૌફ અસલ ખૌફે ઈલાહી છે. જેથી આ હદીષ સ્પષ્ટ છે.

૬. محجن حجنથી બન્યું પોતાની તરફ ખેંચવાના અર્થમાં. હવે محجن એ લાઠી છે જેના કિનારા પર વાંકો ગોળાવ લાગેલો હોય. જેના થકી સરળતાપૂર્વક ચીજ પોતાના તરફ ખેંચવામાં આવે. આ محجن વાળાનું નામ અમ્ર ઈબ્ને લુહ़ા છે લામના પેશ, હેના ઝબરથી. قصبનો અર્થ આંતરડુ અને બહુવચન اقصاب. એટલે એનાં આંતરડાં બહાર નીકળી ગયાં હતાં. જ્યારે તે હરે ફરે છે તો આંતરડાં ઘસેડાય છે. રબની પનાહ !

૭. સારાંશ કે ફેશનેબલ રાજનૈતિક ચોર હતો કે હાજીઓનાં કપડાં ધોળા દિવસે એ રીતે ચોરી કરતો હતો કે કપડુ પણ ન જાય અને ચોરી પણ કરે. માલિકે જોઈ લીધું તો કહી આપ્યું, અરે ! મને ખબર ન થઈ કે મારા ભાલા સાથે તારુ કપડુ લાગી ગયું છે, અને ન જોયું તો માલ પોતાનો કરી લીધો !

★ કેટલાક જાણવા લાયક મસ્અલા ★

૮. કદાચ એ સ્ત્રી ઈસ્રાઈલી હતી જેણે બિલાડી પર આ જુલ્મ કર્યો હતો. એનાથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે નબી કરીમ ﷺએ એ નમાઝમાં જન્નત તથા દોઝખ જોઈ જે આલમે ગયબની ચીજો છે. **બીજુ** એ કે ક़યામતના પછી થનારા અઝાબોને હુઝૂર ﷺની નિગાહ જોઈ લે છે, એટલે કે આપ આગલા પાછલા ઉઘાડા તથા છુપાયેલા હાલાતને જોઈ લે છે. **ત્રીજુ** એ કે એ હરકત નમાઝ ફાસિદ નથી કરતી. **ચોથુ** એ કે જાનવરો પર જુલ્મ પણ અઝાબનો સબબ છે. એની સંપૂર્ણ ચર્ચા અમે નમાઝે કુસૂફ (સૂર્યગ્રહણની નમાઝ)માં વર્ણવી ચૂક્યા છીએ.

૯. જાહેર એ છે કે مقامی (પોતાની જગા)થી મુરાદ આખરી તે જગા છે જ્યાં સુધી આપ આગળ વધીને પહોંચ્યા હતા. અને બની શકે છે મતલબ એ હોય કે પહેલા હું આગળ વધ્યો પછી પાછળ હટયો ત્યાં સુધી કે મુસલ્લા પર ત્યાં જ પરત થયો જે મારી જગા હતી.

★ હુઝૂર ﷺએ હાથ લંબાવ્યો તો જન્નતની લૂમો સુધી પહોંચી ગયો ★

૧૦. એટલે કે અમે હાથ લંબાવ્યો અને અમારો હાથ જન્નતના લૂમો સુધી પહોંચી ગયો. ચાહ્યું કે તોડી લઉં અને એ ગયબી ફળને શુહુદી (હાજર, મૌજૂદ) બનાવીને તમને બતાવું, બલ્કે ખવડાવી દઉં, પણ ખયાલ એ થયો કે જન્નત તથા દોઝખ પર ઈમાન બિલ્ગયબ ન રહેશે, એટલા માટે છોડી આપ્યો. અમુક રિવાયતોમાં છે કે **જો હું એ ફળ તોડી લેત તો તમે ક્યામત સુધી ખાતા રહેતા છતાં કદી ખત્મ ન થાત.** આ હદીષથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે જન્નત તથા દોઝખ પેદા થઈ ચૂક્યાં છે. બીજુ એ કે જન્નતનાં ફળ દુનિયાની જેમ અયની તથા હક્ક્રીકી છે, ખયાલી કે તમષીલી નથી. **ત્રીજુ** એ કે હલાકત તથા અઝાબની જગાએથી હટી જવું સુન્નત છે. **ચોથુ** એ કે થોડો અમલ નમાઝ તોડતો નથી. **પાંચમુ** એ કે ગુનાહે સગીરા હમેશાં કરવાથી કબીરા બની જાય છે, અને દોઝખનો સબબ બની જાય છે. **છઠ્ઠુ** એ કે રબે હુઝૂર ﷺના હાથમાં તે કુદરત આપી છે કે ઉઠે તો પશ્ચિમથી પૂર્વ પહોંચી જાય અને દરેક જગાએ તસર્રુફ (પહોંચ) કરે. જુઓ, જાહેરમાં તો હાથ બે ત્રણ ફૂટના અંતરે પહોંચ્યો પરંતુ હક્ક્રીકતમાં તે જન્નતમાં પહોંચી ચૂક્યો હતો અને ત્યાંના ઝુમખા પકડી ચૂક્યો હતો. આજે પણ હુઝૂર ﷺનો હાથ દરેક લાચારને સહારો આપે છે. **સાતમુ** એ કે હુઝૂર ﷺ જન્નત તથા ત્યાંની નેઅમતોના માલિક છે, જે ચાહે લઈ લે અને આપી દે. જુઓ, આ મોકા પર રબે નથી ફર્માવ્યું કે આપ ઝુમ્ખા કેમ તોડી રહ્યા છો ?! હુઝૂરે અન્વર ﷺએ પોતે જ છોડી આપ્યો.

મદીનામાં ગભરાહટના દિવસે હુઝૂર ﷺએ અબૂ તલ્હાથી ઘોડો માગ્યો

★ હદીષ : (૬)-૨૯૪૩ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَن قَتَادَة قَالَ: سَمِعْتُ أَنَسًا يَقُولُ: كَانَ فَزَعٌ بِالْمَدِينَةِ فَاسْتَعَارَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَرَسًا مِنْ أَبِي طَلْحَةَ يُقَالُ لَهُ: الْمَنْدُوبُ فَرَكِبَ فَلَمَّا رَجَعَ قَالَ: «مَا رَأَيْنَا مِنْ شَيْءٍ وَإِن وَجَدْنَاهُ لبحرا»

"હઝરત કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં હઝરત અનસ رضی اللہ عنہ ને ફર્માવતાં સાંભળ્યા કે એકવાર મદીના મુનવ્વરામાં ગભરાહટ ફેલાઈ ગઈ[૧] તો નબી કરીમ ﷺએ અબૂ તલ્હા رضی اللہ عنہ થી ઘોડો માગ્યો જેને મન્દૂબ (પ્રતિનિધિ) કહેવામાં આવતો હતો[૨] આપ એના પર સવાર થયા. પછી જ્યારે પરત થયા તો ફર્માવ્યું, અમે ત્યાં કાંઈ પણ ન જોયું અને અમે આ ઘોડાને પાણીદાર પામ્યો[૩]."

(મુસ્લિમ, બુખારી)

★ દુશ્મનના લશ્કર કે ડાકૂએ હુમ્લો કર્યાનું સાંભળી ઘોડા પર એકલા નીકળી પડયા ! ★

૧. અફવા એ ફેલાઈ ગઈ કે દુશ્મનનું લશ્કર અથવા ડાકૂએ હુમ્લો કરી દીધો છે. એના પર શોર મચી ગયો. હુઝૂરે અન્વર ﷺ એક એકલા હઝરત અબૂ તલ્હાના ઘોડા પર ત્યાં પહોંચી ગયા. ફર્માવતા જતા હતા, ન ગભરાવ !

હું આવી ગયો !

૨. مندوب ક્યાં તો نَدْبٌથી બન્યું શોધ અથવા બુલાવા (તેડા)ના અર્થમાં. مندوبનો અર્થ મત્લૂબ (હેતુ), પસંદીદા, પ્રિય. અથવા نُدُوْبٌથી બન્યું ઝખ્મની અસરના અર્થમાં. કેમ કે એ ઘોડો બેહતરીને હતો અને એના શરીરમાં ઝખ્મની અસર પણ હતી, એટલા માટે એને મન્દૂબ કહેવામાં આવે છે. (મિર્કાત)

★ હુઝૂર ﷺની બરકતથી અડીયલ ઘોડો ઠીક થઈ ગયો ★

૩. એટલે કે ત્યાં હુમ્લો વગેરે કાંઈ નથી થયું, આમ જ વહેમ હતો અને આ ઘોડો ઘણો જ તેજ પાણીદાર છે. યાદ રાખશો કે એ ઘોડો અડીયલ હતો પણ આજે હુઝૂર ﷺની બરકતથી ઠીક થઈ ગયો પછી ઠીક જ રહ્યો.

★ કેટલાક જરૂરી મસ્અલા ★

એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે જાનવર આરિયતન (ઉછીનું) લઈ શકીએ છીએ. **બીજુ** એ કે જાનવરનું રાખવું જાઈઝ છે. **ત્રીજુ** એ કે ખતરનાક સ્થળે એકલા પહોંચી જવું પણ જાઈઝ છે. **ચોથુ** એ કે દુશ્મનની તેહકીક કરવી અને તેનાથી બાખબર રહેવું જરૂરી છે. **પાંચમુ** એ કે ખૌફ દૂર થઈ જવા પર લોકોને સંતુષ્ઠ કરવા સુન્નત છે. આજે ખતરાનું પણ એલાર્મ (સાયરન) હોય છે અને તેના જતા રહેવાનું પણ. **છઠ્ઠુ** એ કે નબી કરીમ ﷺને રબે ખૂબ જ મજબૂત દિલ અતા કર્યું હતું, અને હુઝૂર ﷺ અજોડ બહાદુર છે.

(વિભાગ : ૨) الفصل الثانى

''હઝરત સઈદ ઈબ્ને ઝયદથી રિવાયત છે. તે નબી કરીમ ﷺથી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે ઉજ્જડ જમીનને આબાદ કરે[૧] તે તેની છે[૨] કોઈ જાલિમ રગનો એમાં કોઈ હક્ક નથી[૩]. (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ) અને માલિકે ઈરસાલન્ હઝરત ઉરવાથી રિવાયત કરી[૪] અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે. ગરીબ છે[૫].

★ હદીષ : (૭)-૨૯૪૪ ★

عَن سعيد بْنِ زَيْدٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ: «من أحيى أَرْضًا مَيْتَةً فَهِيَ لَهُ وَلَيْسَ لِعِرْقٍ ظَالِمٍ حق» . رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ وَأَبُو دَاوُد

★ હદીષ : (૮)-૨૯૪૫ ★

2945 -[8] وَرَوَاهُ مَالِكٌ عَنْ عُرْوَةَ مُرْسَلًا. وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

૧. ઝમીને મૈયત (ઉજ્જડ જમીન) તે જમીન છે જે ન તો કોઈની મિલ્કત હોય ન તેનાથી વસ્તીના ફાયદા જોડાયેલા હોય. જેથી વસ્તીની નજીકનાં ગોચરો (ચરાગાહો), ઘોડા દોડનાં મેદાન, ફોજી છાવણીઓની જમીન ઝમીને મૈયત (ઉજ્જડ જમીન) નથી. તેને આબાદ કરવાનો અર્થ એ છે કે તેને ખેતી લાયક બનાવે, સપાટ કરે, એમાં રહે અને બાગ વગેરે લગાડે.

૨. એટલે કે એવી જમીનને આબાદ કરનાર એનો માલિક બની જાય છે. સાહિબૈન તથા ઈમામ શાફઈ رضوان الله تعالى عليهم اجمعين આ હદીષ મુત્લક (બિનશર્તી) રાખે છે, હાકિમની ઈજાઝતની શર્ત નથી લગાડતા. પણ ઈમામે આ'ઝમ رضى الله عنه સુલ્તાનની ઈજાઝત જરૂરી માને છે. એટલે કે જો હુકૂમતની ઈજાઝતથી આબાદ થઈ છે તો આબાદ

કરનાર એનો માલિક છે, નહીં તો નહીં. એ હઝરાતને ત્યાં એ ફર્માને આલી મઝહબી કાનૂન છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં રાજનૈતિક હુકમ હતો એટલે હુઝૂરે અન્વર ﷺ સુલ્તાન હતા. આપે લોકોને ઈજાઝત આપી હતી કે ઉજ્જડ જમીનો આબાદ કરો, તેના તમે માલિક છો. જો આજે પણ બાદશાહ એ એલાન કરી દે તો હુકમ લાગુ થશે. આજકાલ અમુક નવાબ રાજાઓ પોતાનાં રાજ્યોને આબાદ કરવા માટે જમીનો આપે છે અને લોકો આબાદ કરી લે છે. એ હુકમ આ હદીષથી મળેલ છે. બીજી રિવાયતમાં છે : للمرأ الّا مَاطَبَتْ بِهٖ نفس بِهٖ માણસ એ જમીનનો માલિક જેના પર સુલ્તાન રાજી હોય. એ હદીષ આ હદીષની શરહ છે. (મિર્કાત)

૩. એટલે કે જો એ જમીનમાં કોઈ ખેતી વાવે અથવા બાગ લગાડે તો આબાદ કરનાર શખ્સ એ ખેતી અથવા બાગને ઉખેડાવી શકે છે, પોતાની જમીન ખાલી કરાવી શકે છે. عرق ડબલ પેશથી છે, એટલે રગ (નસ), મુરાદ ખુદ **રગવાળો** એટલે **માણસ.**

૪. એટલે કે ઉરવા જો કે સહાબી છે પણ તેમણે ખુદ હુઝૂરે અન્વર ﷺથી આ હદીષ ન સાંભળી. તેમને કોઈ અન્ય રાવીએ વર્ણવી. તેમણે તે રાવીનું નામ ન લીધુ. યાદ રાખશો કે સહાબીની મુરસલ હદીષ એકમતીએ સ્વીકાર્ય છે. તાબઈની મુરસલ હદીષ ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં દલીલ નથી, આપણા ત્યાં દલીલ છે. મિર્કાતે ફર્માવ્યું કે કદાચ હઝરત ઉરવાએ સઈદ ઈબ્ને ઝયદથી જ રિવાયત કરી છે પણ ઈમામ માલિક رضی اللہ عنہ ની રિવાયતમાં સઈદ ઈબ્ને ઝયદ رضی اللہ عنہ નું નામ કદાચ વર્ણન નથી થયું એટલા માટે એ હદીષ મુરસલ થઈ અને અહમદ અસ્નાદ મુત્તસિલ છે.

૫. આ હદીષ વિવિધ શબ્દો થકી વિવિધ અસ્નાદોથી ઘણા ઈમામોએ રિવાયત કરી. જેમ કે બયહકીએ હસન અસ્નાદ સાથે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી મરફુઅન્ રિવાયત કરી. ફર્માવ્યું કે :

العباد عباد اللّٰه والبلاد بلاد اللّٰه من احيا من موات الارض شيئا فهو له وليس لعرق ظالم حق

વિના ઈજાઝતે બીજાનો માલ કોઈના માટે હલાલ નથી

"હઝરત અબૂ હુર્રા રક્કાશી رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના કાકાથી રાવી[૧] ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ખબરદાર ! જુલ્મ ન કરશો, ખબરદાર! કોઈ શખ્સનો માલ બીજાને હલાલ નથી, પણ તેની ખુશદિલીથી[૨]."

(બયહકી શોઅબુલ ઈમાન, દારકુત્ની ફી મુજતબા)

★ હદીષ : (૯)-૨૯૪૬ ★

وَعَن أَبِي حرَّة الرقاشِي عَن عَمه قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم: «أَلا تَظْلِمُوا أَلَا لَا يَحِلُّ مَالُ امْرِئٍ إِلَّا بِطِيبِ نَفْسٍ مِنْهُ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَان وَالدَّارَقُطْنِيّ فِي الْمُجْتَبَى

૧. અબૂ હુર્રા رضی اللہ عنہ તાબઈ છે. બસરી છે. હક્ક એ છે કે ષિકહ છે, ભલે અમુકે તેમને ઝઈફ કહ્યા છે. તેમના કાકા સહાબી છે જેમનું નામ ન જાણી શકાયું, પણ સહાબીનું નામ માલૂમ ન હોવું નુકસાનકર્તા નથી, કેમ કે સર્વ સહાબીઓ આદિલ છે. (અશિઅ્હ, મિર્કાત)

★ દેવાળીયાનો માલ હાકિમ વિના ઈજાઝતે લીલામ કરી શકે ★

૨. શખ્સથી મુરાદ હર્બી કાફિરના સિવાય અન્ય લોકો છે. આ હદીષ ઘણા અહકામનો માખઝ છે, માલી

જુર્માના, કોઈની ચોરી, કોઈનો માલ લૂટી લેવો, કોઈનો માલ જબરદસ્તી લીલામ કરી દેવો, આ સૌ હરામ છે. યાદ રાખશો કે **દેવાળીયાનો માલ હક़ીક़તમાં તેને કરજ આપનારાઓનો (માગતાવાળાઓનો) માલ છે એટલા માટે હાકિમ દેવાળીયાની ઈજાઝત વગર લીલામ કરી દે છે.** સારાંશ કે અમુક સ્થિતિઓ એમાં અપવાદ છે. لَا تَظْلِمُوْا નો અર્થ છે કે ગૈર પર જુલ્મ ન કરો અથવા પોતાના પર જુલ્મ ન કરો.

''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ થી રિવાયત છો તે નબી કરીમ ﷺથી રાવી કે આપે ફર્માવ્યું, ઈસ્લામમાં ન તો દૂરથી લાવવું જાઈઝ ન દૂર લઈ જવું જાઈઝ[૧] ન શિગાર હલાલ[૨] અને જે લૂટ મચાવે તે અમારામાંથી નથી[૩].'' (તિર્મિઝી)

★ હદીષ : (૧૦)-૨૯૪૭ ★

وَعَن عمرَان ابْن حُصَيْنٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ: «لَا جَلَبَ وَلَا جَنَبَ وَلَا شِغَارَ فِي الْإِسْلَامِ وَمَنِ انْتَهَبَ نُهْبَةً فَلَيْسَ مِنَّا» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. جلب તથા جنب ઝકાતમાં પણ હોય છે અને ઘોડા દોડમાં પણ. અમે એ અર્થો ઝકાતના જલબ તથા જનબના કર્યા છે, તેની શરહ કિતાબુઝ્ ઝકાતમાં વર્ણન થઈ ચૂકી. ઘોડા દોડમાં ઘોડાની સાથે બીજો ઘોડો લગાડવો ઉપરથી તે ઘોડાને ધમકાવવો જલબ છે અને બીજો ઘોડો ખાલી રાખવો કે તેના થાકવા પર તેના પર સવાર થઈ જાય એ જનબ છે. *(લમ્આત)*

૨. નિકાહના બદલામાં નિકાહ કરવા કે દરેક નિકાહ બીજા નિકાહની મહેર હોય એ ''શિગાર'' કહેવાય છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં આ નિકાહ દુરુસ્ત થશે અને શર્ત બાતિલ. મહરે મિષ્લ વાજિબ થશે. અમુક ઈમામોને ત્યાં નિકાહ જ દુરુસ્ત નથી. ઈન્ શા અલ્લાહ ! એની ચર્ચા કિતાબુન્નિકાહમાં થશે.

૩. એટલે કે અમારી જમાઅતથી નથી અથવા અમારા તરીક़ાથી નથી. અમે લૂટવા લૂટાવવા એટલે વધાવવું (દુલ્હા દુલ્હન વગેરે પર)નું પહેલાં વર્ણવી ચૂક્યા છીએ.

''હઝરત સાઈબ ઈબ્ને યઝીદ رضی اللہ عنہ થી રિવાયત છે, તે પોતાના પિતાથી, તે નબી કરીમ ﷺથી રાવી[૧] ફર્માવ્યું, તમારામાંથી કોઈ પોતાના મુસલમાન ભાઈની લાઠી ન તો મજાકમાં લે ન ઈરાદાપૂર્વક. જે પોતાના ભાઈની લાઠી લઈ લે તે તેને પરત કરી આપે[૨]. (તિર્મિઝી, અબૂ દાઊદ) અને અબૂ દાઊદની રિવાયત جادا *સુધી છે.*

★ હદીષ : (૧૧)-૨૯૪૮ ★

وَعَن السَّائِب بن يزِيد عَنْ أَبِيهِ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَأْخُذُ أَحَدُكُمْ عَصَا أَخِيهِ لَاعِبًا جَادًّا فَمَنْ أَخَذَ عَصَا أَخِيهِ فَلْيَرُدَّهَا إِلَيْهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَرِوَايَتُهُ إِلَى قَوْله: «جادا»

૧. આપ સગીર વયના સહાબી છે. હિ.સ. રમાં પેદા થયા. હજ્જતુલ વિદાઅમાં પોતાના પિતાની સાથે હાજર થયા. એ વખતે આપ સાત વરસના હતા. આપની કુન્નિયત અબૂ યઝીદ કંદી છે. હઝરત ઉમર رضی اللہ عنہ એ આપને મદીનાના બજારના હાકિમ બનાવ્યા હતા. હિ.સ. ૮૦ કે હિ.સ. ૮૬માં મદીના મુનવ્વરામાં ઈન્તેક़ાલ થયો. આપ મદીના મુનવ્વરાના અંતિમ સહાબી છે જે ત્યાં મૃત્યુ પામ્યા.

★ કોઈની મામૂલી ચીજ પણ વિના ઈજાઝતે લેવી નાજાઈઝ ★

૨. ''અસા'' તે મામૂલી લાઠી (લાકડી) કહેવાય છે જે વૃદ્ધોના હાથોમાં રહે છે. ક્યારેક જાનવર હાંકડાવાની

ચાબુકને અસા કહી દે છે. અહીં બંને અર્થ બની શકે છે. મક્સદ એ છે કે કોઈની મામૂલી ચીજ પણ જાણે કે અજાણપણે ન લો. જો નાદાનીમાં લઈ ચૂક્યા છો તો માલૂમ થવા પર તરત પરત કરી દો. ચીજ છુપાવવા ચોરવાની મજાક પણ જાઈઝ નથી. (અશિઅહ)

★ હદીષ : (૧૨)-૨૯૪૯ ★
وَعَن سَمُرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ وَجَدَ عَيْنَ مَالِهِ عِنْدَ رَجُلٍ فَهُوَ أَحَقُّ بِهِ وَيَتَّبِعُ الْبَيِّعُ مَنْ بَاعَهُ» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ

''હઝરત સમુરહ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી કે જો કોઈ શખ્સની પાસે બઐનિયા (તે ને તે જ) પોતાનો માલ પામે તો તે જ એનો હક્કદાર છે[૨] અને ખરીદાર વેચનારાનો પીછો કરે[૩].'' (અહમદ, અબૂ દાઉદ, નિસાઈ)

૧. આપ સમુરહ ઈબ્ને જુન્દુબ ફઝારી છે. અન્સારના હલીફ઼ ઘણી હદીષોના હાફિઝ છે. હિ.સ. ૫૯માં બસરામાં વફાત પામ્યા.

★ નાજાઈઝ કબજાથી માલિક કબજાવાળો ન થશે ★

૨. આ વાક્ય પહેલાં પણ દેવાળીયાના વર્ણન આવી ગયેલ છે. ત્યાં એનો મતલબ અલગ હતો, અહીં હડપ કરવું, ચોરી કે ડાકૂગીરીનો માલ મુરાદ છે. એટલે જો હડપ કરનાર અથવા ચોર અથવા ડાકૂ ચોરીનો માલ વેચી દે. પછી માલિક ખરીદારની પાસે તે માલ પામે તો એની પાસેથી લઈ લેશે. ખરીદાર એવું નથી કહી શકતો કે મેં ખરીદયો છે. એનાથી બે મસ્અલા સાબિત થયા : **એક** એ કે નાજાઈઝ કબજાથી માલિક કબજાવાળો નથી થઈ જતો. **ચોર, લાંચીયો, વ્યાજખોર, ચોરી, લાંચ તથા વ્યાજના માલના માલિક નથી, કેમ કે એ નાજાઈઝ કબજા છે. બીજુ** એ કે ગૈરનો માલ તેની રજા વિના વેચી નથી શકતા. જો વેચી દીધો તો સોદો દુરુસ્ત ન થશે.

★ ચોર કે હડપ કરનાર પાસેથી જાણવા છતાં માલ લે તે મુજરિમ છે ★

૩. એટલે કે માલિકથી ખરીદાર કિંમત નથી માગી શકતો બલ્કે ચીજ તેને સોંપી દેશે અને વેચનારને પકડશે અને તેની પાસેથી કિંમત લેશે, પરંતુ **જો કોઈ શખ્સ જાણવા છતાં ચોરી તથા હડપ કરનાર પાસેથી ચીજ સસ્તી ખરીદી લે તો મુજરિમ છે કે એ ચોર તથા હડપ કરનારનો મદદ કરનાર સપોર્ટર છે.** હદીષમાં એ ખરીદારનું વર્ણન છે જે બેખબરીથી હડપ કરનાર (ગાસિબ)થી ખરીદે.

★ હદીષ : (૧૩)-૨૯૫૦ ★
وَعَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «عَلَى الْيَدِ مَا أَخَذَتْ حَتَّى تُؤَدِّيَ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

''તેમનાથી જ રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે, હાથ પર તે ચીજ વાજિબ છે જે તેણે લીધી, ત્યાં સુધી કે તેને અદા કરી આપે[૧].''
(તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. ''યદ'' એટલે હાથથી મુરાદ હાથવાળો છે. મતલબ એ છે કે જે કોઈ કોઈનો માલ આરિયત (ઉધારે), અમાનત, સોંપણી, ગસ્બ (હડપ કરવું) વગેરે કોઈ ઝરીયાથી લે તેના પર એ માલને પરત કરવું વાજિબ છે, જ્યાં સુધી પરત કરી દેશે નહીં ત્યાં સુધી જિમ્મેદાર રહેશે. જો માલ નષ્ટ થઈ જાય તો હડપ કરનાર પર તાવાન (બદલામાં

આપવું) લાઝિમ છે. અમાનત વગેરેમાં તાવાન નથી અને નષ્ટ કરી દેવાની સ્થિતિમાં સૌના પર તાવાન છે ગાસિ़બ (હડપ કરનાર) પર. સારાંશ કે પરત કરી દેવું લાઝિમ છે, માલિક માગે કે ન માગે. **ઉધાર ઉછીનામાં નિશ્ચિત મુદ્દત પૂરી થઈ જવા પર વિના માગ્યે પરત કરવું લાઝિમ છે, પણ અમાનત માગ્યા વિના પરત કરવી લાઝિમ નથી. માગવા પર લાઝિમ છે.** *(અઝ : મિર્કાત મઅ ઝિયાદા)*

દિવસમાં બાગની રખેવાળી માલિક પર લાઝિમ નથી

''હઝરત હરામ ઈબ્ને સઅ્દ ઈબ્ને મુહૈયસ़ા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. બરાઅ ઈબ્ને આઝિબની ઊંટણી કોઈ બાગમાં ઘુસી ગઈ[૨] તેને ખરાબ કરી દીધો તો રસૂલુલ્લાહ ﷺ એ ફૈસલો ફર્માવ્યો કે દિવસમાં બાગવાળાઓ પર બાગની હિફ઼ાઝત લાઝિમ છે[૩]. અને રાતમાં જાનવર જે બર્બાદી કરી જાય તેના જાનવરવાળા જામિન છે[૪].'' (માલિક, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૪)-૨૯૫૧ ★

وَعَن حَرَامِ بْنِ سَعْدِ بْنِ مُحَيِّصَةَ: أَنَّ نَاقَةً لِلْبَرَاءِ بْنِ عَازِبٍ دَخَلَتْ حَائِطًا فَأَفْسَدَتْ فَقَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَن أَهْلِ الْحَوَائِطِ حِفْظَهَا بِالنَّهَارِ وَأَنَّ مَا أَفْسَدَتِ الْمَوَاشِي بِاللَّيْلِ ضَامِنٌ عَلَى أَهْلِهَا. رَوَاهُ مَالِكٌ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

૧. હરામ તાબઈ છે, તેમના પિતા સહાબી છે, હરામ પોતાના વાલિદ અને બરાઅ્ ઈબ્ને આઝિબ رضی اللہ عنہما થી રિવાયત કરે છે. હિ.સ. ૧૧ ૩માં વફાત પામ્યા. ષિક़હ છે. (મિર્કાત તથા અશિઅ્હ)

૨. અરબીમાં બુસ્તાન અથવા રૌઝા દરેક બાગને કહે છે પણ હાઈત઼ તે બાગ કહેવાય છે જેની આસપાસ દીવાલ હોય.

૩. એટલે કે બાગવાળાએ દરબારે રિસાલતમાં ફરિયાદ કરી તો ફૈસલો એ કર્યો કે દિવસમાં બાગવાળા પોતાના બાગની નિગરાની કરે, કોઈ જાનવરને ન ઘુસવા દે, કેમ કે દિવસમાં સામાન્યતઃ જાનવર કામકાજ માટે નીકળે છે. તેમના માલિક તેમની પૂરી નિગરાની નથી કરી શકતા અને રાતે જાનવરવાળા પોતાનાં જાનવરોની નિગરાની કરે કે રાતે જાનવરો બાંધવામાં આવે છે.

૪. ફૈસલાનો ખુલાસો એ છે કે જો કોઈનું જાનવર કોઈ અન્યના બાગ અથવા ખેતરને દિવસમાં ખરાબ કરી દે તો તેનો તાવાન (બદલો) જાનવરવાળા પર નથી કે કુસૂર બાગવાળાનો પોતાનો છે. અને જો રાતમાં આ બનાવ બને તો જાનવરવાળા પર બર્બાદ થયેલ બાગની કિંમત બાગના માલિકને આપવી લાઝિમ છે. કેટલો ઉમદા ફૈસલો છે ?! આજકાલ હુકૂમતો એવાં જાનવરોને પકડીને કેદ કરી દે છે અને જાનવરના માલિકથી દંડ ખુદ વસૂલ કરી લે છે. જેનો બાગ કે ખેતર ઉજડયું એને કાંઈ નથી મળતું. એ જુલ્મ છે. હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ તથા માલિક رضی اللہ عنہ ને ત્યાં જો માલિક જાનવરની સાથે હોય અને પછી જાનવર ખેતર બર્બાદ કરે, મોં વડે કે પગો વડે તો જાનવરવાળા પર જ તાવાન છે, દિવસમાં બર્બાદ કરે કે રાતમાં. જો માલિક સાથે ન હોય તો એ તફસીલ છે જે અહીં વર્ણન થઈ છે. અહનાફને ત્યાં જો માલિકની સાથે ન હોય તો તાવાન વાજિબ નથી, ચાહે નુકસાન થાય કે રાતમાં. વિગત ફિક़હની કિતાબોમાં જુઓ. (અઝ : મિર્કાત)

★ હદીષ : (૧૫)-૨૯૫૨ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الرجل جَبَّار وَالنَّار جَبَّار» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે જાનવરના પગથી થનાર નુકસાન બાતિલ છે અને ફર્માવ્યું, આગ બાતિલ છે[૧]. '' (અબૂ દાઉદ)

★ જાનવરના પગ નીચે આવી બર્બાદ થવાથી કે આગ ઉડીને નુકસાન થવાથી ઝમાન નથી ★

૧. એટલે કે જે ચીજ જાનવરના પગ નીચે આવીને બર્બાદ નષ્ટ થઈ જાય તેની ઝમાન માલિક પર નથી. એ જ પ્રમાણે જો કોઈના ઘરની આગ ઉડીને બીજાની ચીજને સળગાવી દે તો આગવાળા પર ઝમાન નથી. આ બંને હુકમ એ સ્થિતિમાં છે કે જાનવરના માલિક અને આગવાળાની ઝિયાદતી (જુલ્મ) ન હોય, જો (જુલ્મથી) હશે તો તાવાન લાઝિમ થશે. દા.ત. આંધી ચાલતી હોવા છતાં કોઈ વિના કારણે નિષ્કાળજીપૂર્વક આગ સળગાવે જેનાથી બીજાના ઘરમાં આગ લાગી જાય તો યકીનન ! તાવાન વાજિબ થશે. એ જ પ્રમાણે નિષ્કાળજીપૂર્વક જાનવર અથવા મોટર તેજ દોડાવે કે કોઈ કચડી જાય તો તાવાન યકીનન ! લાઝિમ છે. આજકાલ હુકૂમત નિષ્કાળજીવાળા ડ્રાયવર પર દંડ વગેરે કરે છે. રેલ્વેના અકસ્માતની સ્થિતિમાં સિગ્નલમેન કે અન્ય જિમ્મેદાર લોકોને પકડવામાં આવે છે, એમનો માખઝ આ પ્રકારની હદીષો છે. સારાંશ કે કુસૂરવારની પકડ છે, બેકુસૂર માફીમાં છે.

★ હદીષ : (૧૬)-૨૯૫૩ ★

وَعَن الْحسن عَن سَمُرَة أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا أَتَى أَحَدُكُمْ عَلَى مَاشِيَةٍ فَإِنْ كَانَ فِيهَا صَاحِبُهَا فَلْيَسْتَأْذِنْهُ وَإِنْ لَمْ يَكُنْ فِيهَا فَلْيُصَوِّتْ ثَلَاثًا فَإِنْ أَجَابَهُ أَحَدٌ فَلْيَسْتَأْذِنْهُ وَإِنْ لَمْ يُجِبْهُ أَحَدٌ فَلْيَحْتَلِبْ وَلْيَشْرَبْ وَلَا يَحْمِلْ» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત હસન رضی اللہ عنہ થી રિવાયત છે, તે સમુરહથી રાવી કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ જાનવરો પર આવે તો એમનામાં એમનો માલિક મૌજૂદ હોય ત્યારે તો એનાથી ઈજાઝત લઈ લે[૧] અને જો ત્યાં માલિક ન હોય તો ત્રણ અવાજો આપે. જો કોઈ તેના અવાજનો જવાબ આપે તો તેનાથી ઈજાઝત લઈ લે અને જો કોઈ જવાબ ન દે તો દોહી લે અને પી લે પણ લઈ ન જાય[૨]. '' (અબૂ દાઉદ)

૧. અને ઈજાઝત લઈને જાનવર દોહે, દૂધ પીએ કે માલિકની રજા પર તેની ચીજ વાપરી શકીએ છીએ.

★ ભૂખથી મરી રહ્યો હોય તે કોઈ ચીજ ખાય પી લે તેના વિશે હુકમ ★

૨. આ હુકમ તે મજબૂત તથા લાચારના માટે છે જે ભૂખથી મરી રહ્યો હોય અને કોઈ ખાવાની ચીજ મયસ્સર ન હોય, એવી મજબૂરીમાં એ જાનવરનુ દૂધ માલિકની ઈજાઝત વગર પણ પી લે, કેમ કે જાન જઈ રહી છે તેને બચાવવું જરૂરી છે, પછી જ્યારે ખુદા આપે તો તેની કિંમત માલિકને અદા કરી આપે. અને એ પીવું પણ જરૂરત જેટલુ જ જાઈઝ છે જેથી જાન બચી જાય. વિના જરૂરત અથવા જરૂરતથી વધુ કદાપિ ન પીએ. (મિર્કાત, લમ્આત વગેરે) આવી મજબૂરીમાં તો મુરદાર બલ્કે સુવ્વર વગેરે હરામ ગોશ્ત પણ હલાલ થઈ જાય છે. રબ તઆલા ફર્માવે છે : فَمَنِ اضْطُرَّ فِيْ مَخْمَصَةٍ غَيْرَ مُتَجَانِفٍ لِّاِثْمٍ (તો જે ભૂખ તરસની સખતીમાં લાચાર થઈને એ રીતે કે ગુનાહની તરફ

ન ઝુકે. સૂરએ માઈદા, પ/૩) એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું કે, લઈ ન જાય એ જરૂરતથી વધારે છે. હદીષ પર ચકળાલ્વીઓનો એ વાંધો નથી થઈ શકતો કે એમાં ચોરી જાઈઝ કરી દેવામાં આવી.

જાન બચાવવા ખાય શકે પણ સંગ્રહ ન કરે

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, જે કોઈ બાગમાં જાય તો ખાય તો લે સંગ્રહ ન કરે[૧]. (તિર્મિઝી, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.''

★ હદીષ : (૧૭)-૨૯૫૪ ★

وَعَنِ ابْنِ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ دَخَلَ حَائِطًا فَلْيَأْكُلْ وَلَا يَتَّخِذْ خُبْنَةً» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ هَذَا حَدِيث غَرِيب

૧. એનો મતલબ પણ એ જ છે જે હમણા અર્ઝ કરવામાં આવ્યો કે **ભૂખ્યો મુસાફર જ્યારે ભૂખથી જાન જવાની સ્થિતિએ પહોંચે અને કોઈ બાગ પાસેથી પસાર થાય જેનો માલિક મૌજૂદ નથી અથવા છે તો ઈજાઝત નથી આપતો, એવી હાલતમાં તેની ઈજાઝત વિના જીવ બચી જાય એટલા પૂરતુ ફળ ખાય લે, પણ લઈ ન જાય.** પછી આવક થતાં તેની કિંમત અદા કરી આપે. જેથી હદીષ સ્પષ્ટ છે. خبنه ના પેશ, બેના જઝમથી خبن થી બન્યું, અર્થ દામન. ખોળામાં છુપાવેલી ચીજને خبنه કહે છે. વળી દરેક સંગ્રહ કરેલી ચીજને خبنه કહેવા લાગ્યા. (અશિઅહ, મિર્કાત, લમ્આત)

હુઝૂર ﷺએ હુનૈનના દિવસે એક બખ્તર ઉધાર લીધી

''હઝરત ઉમૈયા ઈબ્ને સફવાન رضی اللہ عنہ થી તે પોતાના પિતાથી[૧] રિવાયત કરે છે, કે નબી કરીમ ﷺએ તેમનાથી હુનૈનના દિવસે તેમનુ બખ્તર ઉછીનુ લીધું. તો બોલ્યા, યા રસૂલલ્લાહ ! શું ગસબથી લો છો ?![૨] ફર્માવ્યું, નહીં ! બલ્કે ઉછીનુ જેની ઝમાન આપવામાં આવશે[૩].'' (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૮)-૨૯૫૫ ★

وَعَن أُمَيَّة بن صَفْوَان عَنْ أَبِيهِ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ اسْتَعَارَ مِنْهُ أَدْرَاعَهُ يَوْمَ حُنَيْنٍ فَقَالَ: أَغَصْبًا يَا مُحَمَّدُ؟ قَالَ: «بَلْ عَارِيَةً مَضْمُونَةً» . رَوَاهُ أَبُو دَاوُد

૧. ઉમૈયાના પિતાનું નામ સફવાન ઈબ્ને ઉમૈયા ઈબ્ને ખલફ જમહી છે. એ કુર્શી છે. ફતહે મક્કાના દિવસે એ ભાગી ગયા હતા. ઉમૈર ઈબ્ને વહબ અને વહબ ઈબ્ને ઉમેરે તેમના માટે હુઝૂર ﷺથી અમાન લઈ લીધી. હુઝૂરે અન્વર ﷺએ તે બંનેને પોતાની ચાદર ઈનાયત કરી. ફર્માવ્યું, સફવાનને આપી દો ! આ અમાનની ચાદર છે. જેથી એ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા પણ ઈમાન ન લાવ્યા. ગઝવએ હુનૈન તથા તાઈફમાં મૌજૂદ રહ્યા પણ કુફ્રની હાલતમાં. હુઝૂરે તેમને તે બંને ગઝવાઓની ગનીમતથી આપ્યું દિલને ખુશ કરવા માટે. હુઝૂરે અન્વર ﷺની દાદ તથા અતાને જોઈને આપ ઈમાન લઈ આવ્યા. મક્કા મુકર્રમામાં રહ્યા પછી હિજરત કરીને મદીના મુનવ્વરા આવ્યા. હઝરત અબ્બાસ رضی اللہ عنہ ની પાસે રોકાયા. હઝરત અબ્બાસે તેમના આવવાની ખબર હુઝૂર ﷺને આપી. હુઝૂરે ફર્માવ્યું, ફતહે મક્કા પછી હિજરત નથી. તેમના પત્ની એક મહીના પહેલાં ઈમાન લાવી ચૂક્યાં હતાં. આપનો નિકાહ કાયમ રાખવામાં આવ્યો. સફવાન મક્કા મોઅઝ્ઝમામાં હિ.સ. ૪૨માં મૃત્યુ પામ્યા. તેમનો ઈસ્લામ કબૂલ થયો. ઘણા જ ફસીહ (ઉમદા વાણીવાળા) અને મક્કાના શરીફોમાંથી હતા. (અકમાલ, મિર્કાત)

૨. હજી સફવાન ઈમાન ન લાવ્યા હતા. કુફ્રની હાલતમાં જ મદીના મુનવ્વરામાં રોકવામાં આવ્યા હતા જેથી કુર્આન સાંભળે કે કદાચ ઈમાનની તૌફીક મળી જાય, નહીં તો મક્કા મોઅઝ્ઝમા પરત જાય. એ સમયનો આ બનાવ છે. આપ આદાબથી વાકેફ ન હતા, નહીં તો મો'મિન આવી વાત કદી નથી કરી શકતો. આના પરથી જાણવા મળ્યું કે કાફિરોથી ઉધાર ઉછીનુ હથિયાર, બખ્તર વગેરે લઈને જેહાદ કરી શકાય છે.

★ ઉછીની લીધેલી ચીજ ગુમ થવા પર ઝમાન નથી ★

૩. અહીં ઝમાનથી મુરાદ ખુદ એ બખ્તરની વાપસી છે, ન કે ગુમ થઈ જવાની સ્થિતિમાં તેની કિંમત. કેમ કે ઉછીની લીધેલી ચીજ ઉછીનુ લેનાર પાસે અમાનત હોય છે, હલાક (નષ્ટ) થવા જવા પર તેની ઝમાન નથી. અથવા મતલબ એ છે કે જો જેહાદની હાલતમાં એ બખ્તર ખરાબ થઈ ગયું તો ઝમાન આપવામાં આવશે કે ગુમ કરી દેવાની સ્થિતિમાં ઉછીનાની ઝમાન છે. હઝરત અલી, ઈબ્ને મસ્ઊદ, ખ્વાજા હસન બસરી, ક઼ાઝી શુરૈહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો પણ એ જ મઝહબ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ પણ એ જ ફર્માવે છે, પણ હઝરત ઈબ્ને અબ્બાસ, અબૂ હુરૈરહ્, અતા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ફર્માવે છે કે ઉછીની ચીજ ગુમ થઈ જવા પર ઝમાન નથી. આ જ ઈમામ શાફઈ તથા અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہما નો મઝહબ છે. તે હઝરાત આ હદીષના જાહેરી અર્થોથી દલીલ પકડે છે. ઈમામ સાહબની નજીક કેમ કે ઉછીનુ અમાનત છે જેને ગુમ થઈ જવા પર તેની ઝમાન નથી. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

"હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે ઉછીની (માગેલી ચીજ) અદા કરવામાં આવે અને ઉછીનુ જાનવર પરત કરવામાં આવે[૧] કરજ અદા કરવામાં આવે અને કફીલ ઝામિન છે[૨]."

(તિર્મિઝી, અબૂ દાઉદ)

★ હદીષ : (૧૯)-૨૯૫૬ ★

وَعَنْ أَبِي أُمَامَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «الْعَارِيَةُ مُؤَدَّاةٌ وَالْمِنْحَةُ مَرْدُودَةٌ وَالدَّيْنُ مَقْضِيٌّ وَالزَّعِيمُ غَارِمٌ» . رَوَاهُ الترمذي وَأَبُو دَاوُد

૧. منحه તે દૂધનું જાનવર અથવા ઝાડ અથવા જમીન છે જે ઉછીના તરીકે અમુક દિવસો માટે કોઈને દૂધ પીવા, ફળ ખાવા, ખેતીવાડી કરવા માટે આપવામાં આવે. આ પણ આરિયત (ઉછીના)નો જ પ્રકાર છે. અને مؤدّ નો અર્થ આપણે ત્યાં એ છે કે અસલ ચીજ પરત કરવામાં આવે. ઈમામ શાફઈને ત્યાં એ છે કે નષ્ટ થઈ જવા પર કિંમત અથવા મિષ્લ (એના જેવું) પણ આપવામાં આવે. આ મતભેદનું વર્ણન હમણા આવી ગયું.

★ કરજદારના મૃત્યુ પર વારસો તેના માલથી કરજ અદા કરે ★

૨. એટલે કે **કરજદાર જિંદગીમાં તો પોતે કરજ અદા કરે અને જો અદા કર્યા વિના મરી જાય તો તેના વારસદારો તેના માલથી અદા કરે. કરજનું અદા કરવું વારસા પર અગ્રતા ધરાવે છે, અને કરજનો જિમ્મેદાર તે છે, કે જો કરજદાર ન આપે તો એ આપે.** યાદ રાખશો કે કિફાલા અને હવાલામાં ઘણો ફરક છે, અહીં કફીલ (જિમ્મેદાર)નું વર્ણન છે.

મજબૂર ભૂખે મરતો માણસ પડેલાં ફળો ખાય

★ હદીષ : (૨૦)-૨૯૫૭ ★

وَعَن رَافِع بن عَمْرو الْغِفَارِيّ قَالَ: كُنْتُ غُلَامًا أَرْمِي نَخْلَ الْأَنْصَارِ فَأُتِيَ بِيَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «يَا غُلَامُ لِمَ تَرْمِي النَّخْلَ؟» قُلْتُ: آكُلُ قَالَ: «فَلَا تَرْمِ وَكُلْ مِمَّا سَقَطَ فِي أَسْفَلِهَا» ثُمَّ مَسَحَ رَأْسَهُ فَقَالَ: «اللَّهُمَّ أَشْبِعْ بَطْنَهُ».رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَسَنَذْكُرُ حَدِيثَ عَمْرِو بْنِ شُعَيْبٍ فِي «بَابِ اللُّقطَة» إِن شَاءَ الله تَعَالَى

''હઝરત રાફેઅ ઈબ્ને અમ્ર ગિફારી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, હું છોકરો હતો. અન્સારના ખજૂરના ઝાડ પર પથ્થર મારી રહ્યો હતો[૧]. એવામાં મને નબી કરીમ ﷺ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. ફર્માવ્યું, હે છોકરા ! ઝાડ પર પથ્થર કેમ મારે છે ? મેં અર્ઝ કરી, શું ખાઉં ?[૨] તો ફર્માવ્યું, તું પથ્થર ન માર અને જે નીચે પડે તેમાંથી ખાય લે[૩] પછી તેમના માથા પર હાથ ફેરવ્યો, ખુદાયા ! એનું પેટ ભરી દે[૪].'' (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ) અને અમે હઝરત અમ્ર ઈબ્ને શોએબની હદીષ ઈન્ શા અલ્લાહ! બાબુલ લુક્તામાં વર્ણવીશું.

૧. એટલે કે પથ્થર વડે ખજૂરના ફળ ઝાળીને ખાય રહ્યો હતો એવામાં મને બાગવાળાએ પકડી લીધો.

૨. એટલે કે સખત ભૂખો છું જેથી મજબૂરન્ ઝાળીને ખાય રહ્યો છું. જાન બચાવવાનો હેતુ છે ન કે ચોરી કરવાનો કે ઘરે લઈ જવાનો.

૩. એટલે ઝાડ ઝાળવું એ જરૂરત કરતાં વધુ છે, ખરી પડેલાં ફળોથી પણ પેટ ભરાય શકે છે. આ ઈજાઝત પણ એ કારણે આપવામાં આવી કે હું ભૂખ્યો હતો જેવું કે આગલા વર્ણનથી માલૂમ પડે છે, નહીં તો **માલિકની રજા વિના પડેલાં ફળ પણ નથી ખાય શકતા.** ફકીરે (લેખકે) **ઈરાકમાં જોયું કે પડેલાં ફળ ખાવાની માલિકની તરફથી આમ ઈજાઝત હોય છે, જેવું કે આપણે ત્યાં ખેતર કપાવા પર પડેલી કંતીઓ ખેતરવાળા નથી ઉઠાવતા, તેમની સામે જ ગરીબો મિસ્કીનો વીણી લે છે.**

૪. લગભગ આ છેલ્લું વાક્ય કોઈ અન્ય રાવીની વાત છે, નહીં તો રાફેઅ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ ફર્માવે છે કે મારા માથા પર હાથ ફેરવ્યો. આ વાકયથી માલૂમ થઈ રહ્યું છે કે એ ભૂખ્યા હતા અને મજબૂરીની હાલતમાં ખજૂરો ખાય રહ્યા હતા. જો કે એવી હાલતમાં ઝાડ પરથી તોડવાની ઈજાઝત પણ છે, પણ જ્યારે કે નીચે પડેલાં ફળોથી જરૂરત પૂરી થઈ શકે છે તો તોડવાની શું જરૂરત ?! જેથી હદીષ સ્પષ્ટ છે.

(વિભાગ : 3) الفصل الثالث

કોઈની જમીન હડપ કરનારને સાત જમીનો સુધી ધસાવશે

★ હદીષ : (૨૧)-૨૯૫૮ ★

عَن سَالم عَنْ أَبِيهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَخَذَ مِنَ الْأَرْضِ شَيْئًا بِغَيْرِ حَقِّهِ خُسِفَ بِهِ

''હઝરત સાલિમ رضی اللہ عنہ થી રિવાયત છે તે પોતાના બાપથી રાવી[૧] ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે જમીનનો અમુક હિસ્સો નાહક્ક લઈ લે

તેને ક़યામતના દિવસે સાત જમીનો સુધી ધસાવવામાં આવશે[૨]." (બુખારી)	يَوْمَ الْقِيَامَةِ إِلَى سبع أَرضين» . رَوَاهُ الْبُخَارِيّ

૧. તેમના પિતા સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ છે. આપ ફારૂક़ે આ'ઝમ رضی اللہ عنہ ના પૌત્ર છે. તાબઈ છે. મદીનાના ફક़ીહોમાંથી છે. હિ.સ. ૧૦૬માં મદીના પાકમાં ઈન્તેકાલ થયો. આપની કુન્નિયત અબૂ અમ્ર ક़ર્શી છે.

૨. એ અઝાબ તો ક़યામતના દિવસે થશે, બાદમાં દોઝખનો અઝાબ એના ઉપરાંત છે. કેમ કે બંદાઓના હક્ક़ોમાં ઘણો ફરક़ છે કે અન્ય ચીજો ફાની છે, જમીન પેઢીની પેઢીઓ સુધી બાકી રહે છે જેથી એની સજા પણ વધારે છે. લમ્આતમાં ફર્માવવામાં આવ્યું કે **જમીન પચાવી પાડનારાઓને જમીનમાં ધસાવવાની સજા આપવામાં આવશે અને અમુકના ગળામાં હાર (તોક़) બનાવીને નાખવામાં આવશે,** જેથી આ હદીષ તોક़વાળીની વિરુદ્ધ નથી. (લમ્આત) અને શક્ય છે કે **એક જ પચાવી પાડનારને એક જ સમયે આ બંનેવ અઝાબ થશે.**

હડપ કરનાર બધી માટી આખા મેહશરમાં ઉઠાવીને ફરશે

★ હદીષ : (૨૨)-૨૯૫૯ ★	
*"હઝરત યઅ્લા ઈબ્ને મરા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે **જે શખ્સ નાહક્ક़ કોઈ જમીન લઈ લે તો તેને મુકલ્લહ કરવામાં (તકલીફ આપવામાં) આવશે કે તેની બધી માટી આખા મેહશરમાં ઉઠાવીને ફરે[૧]."** (અહમદ)*	وَعَن يعلى بن مرّة قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ أَخَذَ أَرْضًا بِغَيْرِ حَقِّهَا كُلِّفَ أَنْ يَحْمِلَ تُرَابَهَا الْمَحْشَرَ» . رَوَاهُ أَحْمَدُ

૧. આ જમીન પચાવી પાડનારનો બીજો અઝાબ છે અને **તેના માથા પર એટલા હિસ્સાની તહતુષ્ષરા (સાત પાતાળ) સુધીની માટી રાખવામાં આવશે અને કહેવામાં આવશે, આખા મેહશર (ક़યામતના મેદાન)માં ઉઠાવીને ફર ! આજે તડકામાં એક ટોપલો માટી લઈને ચાલવું જાન પર વબાલ બની જાય છે. તો વિચારી લો કે ક़યામતના તાપમાં આટલો બોજ લઈને આખા મેહશરમાં કેવી રીતે ફરી શકાશે ?!** અલ્લાહની પનાહ ! યાદ રાખશો કે આ શરઈ તકલીફ ન હશે, શરઈ તકલીફની જગા તો દુનિયા છે. બલ્કે અઝાબી તથા આખેરતની તકલીફ હશે.

હડપ કરનાર સાત જમીનોના તળીયા સુધી ક़યામતમાં ખોદશે

★ હદીષ : (૨૩)-૨૯૬૦ ★	
*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે **જે શખ્સ જુલ્મની રીતે વેંત જેટલી જગા લઈ લે અલ્લાહ એને એનો પાબંદ કરશે કે તેને સાત જમીનોના તળીયા સુધી ખોદે. પછી ક़યામતના દિવસ સુધી તેનો તોક़ પહેરશે, ત્યાં સુધી કે લોકોની વચ્ચે ફૅસલો કરી દેવામાં આવે[૧]."** (અહમદ)*	وَعَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «أَيُّمَا رَجُلٍ ظَلَمَ شِبْرًا مِنَ الْأَرْضِ كَلَّفَهُ اللَّهُ عَزَّ وَجَلَّ أَنْ يَحْفِرَهُ حَتَّى يَبْلُغَ آخِرَ سَبْعِ أَرَضِينَ ثُمَّ يُطَوَّقَهُ إِلَى يَوْمِ الْقِيَامَةِ حَتَّى يُقْضَى بَيْنَ النَّاس» . رَوَاهُ أَحْمد

૧. આ જમીન પચાવી પાડનારા માટે ત્રીજો અઝાબ છે, અથવા એક જ શખ્સને આ ત્રણેવ અઝાબ ત્રણ સમયોમાં આપવામાં આવશે અથવા કોઈને તે ઉપર વર્ણનમાં આવી ગયેલા અઝાબ અને કોઈને આ અઝાબ, એટલે એ શખ્સ ખુદ સાત તળીયા સુધીની જમીન સુધી બોરિંગ કરે અને પોતે જ પોતાના ગળામાં તોક (હાર) બનાવીને પહેરીને ફરે. اِلٰى يَوْمِ الْقِيٰمَةِ થી મુરાદ કયામતનો અંતિમ હિસ્સો. જેની તફસીર حتّٰى يقضى۔۔۔الخ છે. યાદ રાખશો કે કયામતમાંના અમુક એલાનિયા ગુનાહોની સજા એલાનિયા થશે, જેથી આ હદીષ પર્દાપોશીની હદીષની વિરુદ્ધ નથી.

બાબુશ્શુફ્અહ[૧] باب الشفعة

શુફ્અહ (ઘર કે જમીનના પડોશના હક્ક઼) વિશે પ્રકરણ

(વિભાગ : ૧) الفصل الاول

૧. شفعه શીનના પેશથી છે. ش્ફ્અથી બન્યું અર્થ જોડવું, મિલાવવું. એટલા માટે બેકી સંખ્યાને શુફ્અ કહે છે અને એકીને વિત્ર. રબ તઆલા ફર્માવે છે : وَّالشَّفْعِ وَالْوَتْرِ (અને બેકી તથા એકીની. સૂરએ ફજ્ર, ૮૯/૩) સિફારિશને શફાઅત અને સિફારશીને શફીઅ કહે છે કે એ શખ્સ પોતાને મઝલૂમની સાથે મિલાવી દે છે. નઝદીકીના હક્ક઼ને શુફ્અહ એટલા માટે કહે છે કે શફીઅ બીજી જમીન ખરીદીને પોતાની જમીનમાં મિલાવે છે. અન્ય ઈમામોને ત્યાં કેવળ ભાગીદારીવાળાને શુફ્અ઼હનો હક્ક઼ પહોંચે છે, પણ આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં પડોશીને પણ પહોંચે છે, જેને હક્ક઼ે જવાર કહે છે. એના માટે સહીહ હદીષો આવેલી છે. એક રિવાયતમાં ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની સાથે છે. બંને પક્ષની દલીલો ફિક઼્હની કિતાબોમાં જુઓ. અમે પણ ઈન્ શા અલ્લાહ ! મોક઼ાસર રજૂ કરીશું. (અઝ : અશિઅ઼હ)

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ દરેક તે ચીજ પર શુફ્અહનો ફૈસલો કર્યો જેની વહેંચણી ન કરવામાં આવી હોય[૧] પણ જ્યારે હદો નિશ્ચિત થઈ ગઈ અને રસ્તા ફેરવી દેવામાં આવ્યા તો શુફ્અહ નથી[૨]." (બુખારી)

★ હદીષ : (૧)-૨૯૬૧ ★

عَنْ جَابِرٍ قَالَ: قَضَى النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِالشُّفْعَةِ فِي كُلِّ مَا لَمْ يُقْسَمْ فَإِذَا وَقَعَتِ الْحُدُودُ وَصُرِفَتِ الطُّرُقُ فَلَا شُفْعَةَ. رَوَاهُ الْبُخَارِيّ

૧. એટલે કે જે જમીનમાં બે શખ્સ શરીક (ભાગીદાર) છે તેમાંથી એક શખ્સ પોતાનો હિસ્સો વેચી રહ્યો છે તો બીજો ભાગીદાર જ ખરીદશે. જો એ ન ખરીદે તો બીજો ખરીદી શકે છે. જો એ ભાગીદારની અજાણમાં એ જમીન વગેરે વેચાઈ ગઈ તો ભાગીદારને જાણ થતાં તે સોદો ખતમ કરાવી શકે છે. આ હદીષનો ઉમૂમ (સામાન્યતપણુ) બતાવી રહ્યું છે કે જમીન વહેંચણીને પાત્ર હોય અથવા ન હોય ગમે તેમ પણ શુફ્અહનો હક્ક઼ એમાં રહેશે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં વહેંચણીને પાત્ર ન હોય એમાં શુફ્અ઼હ નથી. આ હદીષ એમની વિરુદ્ધ છે.

૨. છેલ્લુ વાક્ય હઝરત જાબિરનો પોતાનો ક઼ૌલ (કથન) છે. હુઝૂરે અન્વર ﷺ નું ફર્માન નથી. હુઝૂર ﷺ નું ફર્માને આ઼લી مالم يقسم પર ખત્મ થઈ ગયું. (મિર્ક઼ાત) જો હુઝૂરે અન્વર ﷺ નું ફર્માન ફર્માને આ઼લી માનવામાં આવે તો એ હદીષોની વિરુદ્ધ થશે જેમાં પડોશીના હક્ક઼ે શુફ્અહની સાબિતી છે. અને હુઝૂરે આ઼લીનું ફર્માન પણ હોય તો પણ એનો અર્થ એ છે કે શુફ્અ઼હ શિર્કત ન રહી, કેમ કે ભાગીદારી તો ખત્મ થઈ ચૂકી. રહ્યો શુફ્અ઼હ જવાર એટલે કે પડોશીના કારણે હક્ક઼ે શુફ્અહ એ બીજી હદીષોથી સાબિત છે, જેથી આ વાક્ય એ હદીષોની વિરુદ્ધ નથી કે એમાં મુત્લક઼ન શુફ્અ઼હનો નકાર નથી, શુફ્અ઼હ શિર્કતનો નકાર છે. જેથી આ હદીષ ઈમામે આ'ઝમની વિરુદ્ધ નથી. વિગત માટે ફિક઼્હની કિતાબો જુઓ.

શુફ્અહ કેવળ સ્થાયી ચીજોમાં થશે

★ હદીષ : (૨)-૨૯૬૨ ★

وَعَنْهُ قَالَ: قَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِالشُّفْعَةِ فِي كُلِّ شَرِكَةٍ لَمْ تُقْسَمْ رَبْعَةٍ أَوْ حَائِطٍ: «لَا يَحِلُّ لَهُ أَن يَبِيع حَتَّى يُؤذن شَرِيكه فَإِن شَاءَ أَخَذَ وَإِنْ شَاءَ تَرَكَ فَإِذَا بَاعَ وَلَمْ يُؤْذِنْهُ فَهُوَ أَحَقُّ بِهِ» . رَوَاهُ مُسْلِمٌ

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ દરેક સંયુક્ત જમીનમાં જે વહેંચવામાં ન આવી હોય શુફ્અ઼હનો હુકમ આપ્યો, ઘર હોય કે બાગ[૧] કે પોતાના ભાગીદારને ખબર કર્યા વિના તેને વેચવી જાઈઝ નથી[૨]. પછી તે ભાગીદાર ચાહે લઈ લે કે પછી છોડી આપે. અને જો તેને ખબર આપ્યા વિના વેચી દીધુ તો તે જ તેનો હક્ક઼દાર થશે[૩].'' (મુસ્લિમ)

૧. એનાથી જાણવા મળ્યું કે શુફ્અ઼હ કેવળ ગૈર મન્કૂલ (સ્થાયી) ચીજોમાં થશે, જેમ કે ઘર, બાગ, ખેતર વગેરે. મન્કૂલી (સ્થળાંતર થતી) ચીજોમાં નથી, જેમ કે જાનવર, સામાન વગેરે. હા ! હમ્મામ (બાથરૂમ) વગેરે જે વહેંચણીને પાત્ર નથી એમાં આપણે ત્યાં શુફ્અ઼હ છે, શાફઈઓને ત્યાં નથી.

★ જમીનના ભાગીદારે પોતાનો ભાગ વેચતી વેળા જાણ કરવી લાઝિમ ★

૨. આ નાજાઈઝ ગુનાહના અર્થમાં નથી બલ્કે લાગુ ન થવાના અર્થમાં છે. એટલે જો એક શખ્સ પોતાનો જમીનનો હિસ્સો ભાગીદારને ખબર કર્યા વિના વેચી આપે તો એ સોદો લાઝિમ ન થશે, ભાગીદાર દાવો કરીને ખુદ લઈ શકે છે.

★ સારો પડોશી અલ્લાહની રહમત છે ★

૩. એટલે કે ભાગીદારને એ સોદો જ્યારે પણ ખબર પડે તો તે દાવો કરીને એ સોદો પોતાના હક્ક઼માં કરી શકે છે, તે જ કિંમત જે ખરીદારે આપી છે, ખરીદારને અદા કરી આપે અને જમીન પર કબજો કરી લે. એનાથી જાણવા મળ્યું કે શફીઅ઼ (ભાગીદાર)નું સોદાની ખબર પામીને ખામોશ રહેવું તેના હક્ક઼માં શુફ્આને બાતિલ કરી દે. જરૂરી છે કે ખબર મળતાં જ કહી દે કે હું આ જમીનનો શફીઅ઼ છું અને હું એને ખરીદીશ. જરા પણ ખામોશ રહ્યો તો હક્ક઼ે શુફ્અ઼હ ગયો. વિગત ફિક્હની કિતાબોમાં જુઓ. હક્ક઼ે શુફ્અ઼હનો મક્સદ એ છે કે તેના પડોશમાં કોઈ એવો માણસ આવીને ન વસી જાય જે એના માટે તકલીફનો સબબ બને. **સારો પડોશી અલ્લાહની રહ઼મત છે અને બુરો પડોસી રબનો અઝાબ છે.** અરબવાસીઓ કહે છે : الجار قبل الدار **ઘરથી પહેલાં પડોશીને જુઓ.**

★ હદીષ : (૩)-૨૯૬૩ ★

وَعَنْ أَبِي رَافِعٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْجَارُ أَحَقُّ بِسَقَبِهِ» . رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત અબૂ રાફેઅ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે આપણો પડોશી આપણી નઝદીકીના કારણે હક્ક઼દાર છે[૧].'' (બુખારી)

★ શુફ્અહનો હક્ક઼ કોને મળશે ? ★

૧. سَقَب સીન (س)ના અને ક઼ાફ (ق)ના ઝબરથી (સક઼બ) અર્થ નજીક તથા મળવું. એટલે કે પડોશી આપણો

પડોશી હોવાના કારણે શુફઅ઼હનો હક્ક઼દાર છે. ગૈર પડોશીને એનો હક્ક઼ નથી પહોંચતો. હઝરત ઉમર ઈબ્ને શરીદથી મરવી છે કે આ આલીશાન ફર્માન પર હુઝૂર ﷺથી પૂછવામાં આવ્યું કે સક઼બ શું ચીજ છે ?તો ફર્માવ્યું, سقبه شفعه જ્યારે ખુદ હુઝૂર ﷺ સક઼બની તફસીર શુફઅ઼હથી કરી રહ્યા છે તો હવે એમાં અન્ય કોઈ તાવીલને અવકાશ ન રહ્યો. એટલા માટે સર્વ મુહદ્દિષો ત્યાં સુધી કે ઈમામ બુખારી પણ આ હદીષ બાબુશ્શુફઅ઼હમાં લાવ્યા. જેથી આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે કે પડોશીને હક્ક઼ે શુફઅ઼હ મળે છે. અમુક લોકોએ આ હદીષનો અર્થ એ કર્યો કે પડોશી હુસ્ને સુલૂકનો મુસ્તહિક઼ છે ન કે શુફઅ઼હનો, તેઓ ગલત છે. જ્યારે હુઝૂરે અન્વર ﷺએ ખુદ સક઼બની શરહ શુફઅ઼હથી કરી તો હવે કોઈ અન્યની શરહ કઈ રીતે વિશ્વસનીય થઈ શકે છે. હા ! જો એક જમીન કે મકાનમાં કોઈ શરીક છે અને બીજો પડોશી છે તો તેને શુફઅહ઼નો હક્ક઼ મળશે ન કે પડોશીને. એ જ આ પ્રથમ હદીષનો મતલબ છે. (લમ્આત, મિર્ક઼ાત, અશિઅ઼હ વગેરે)

પડોશીનું નુકસાન ન થાય તો દીવાલમાં ખૂંટી મારવા દે

★ હદીષ : (૪)-૨૯૬૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَمْنَعْ جَارٌ جَارَهُ أَنْ يَغْرِزَ خَشَبَةً فِي جِدَارِهِ»

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કોઈ પડોશી પોતાના પડોશીને પોતાની દીવાલમાં ખૂંટી મારવાથી મના ન કરે[૧]. '' (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે જો તમારી દીવાલમાં તમારો પડોશી ખીલો, ખૂંટી, ખીલો વગેરે મારવા ચાહે અને તમારું એમાં કોઈ નુકસાન ન થાય તો બેહતર છે કે તેને મના ન કરો. ઈમામે આ'ઝમ તથા અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہما નો એ જ મઝહબ છે કે આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ હોવુ) છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ વગેરેએ એને વાજિબ હોવા પર ધાર્યો, પણ મઝહબે હનફી મજબૂત છે કેમ કે આ જ હદીષ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ સહાબાએ કિરામ પર પેશ કરી તો તે હઝરાત એના પર ખામોશ થઈ ગયા. તો જનાબ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નારાજ થઈને બોલ્યા, હું જાણુ છું, તમે લોકો એનાથી મોં ફેરવી ચૂક્યા છો. હું તમારા સીનાઓ પર મારીશ. જાણવા મળ્યું કે સહાબા હઝરાતે એને વાજિબ હુકમ નથી સમજ્યો, નહીં તો એના પર અમલ ન છોડતો યાદ રાખશો કે હાલના જમાનામાં પડોશી બીજાની દીવાલમાં ખીલી ખોસી ખોસીને દીવારના દાવેદાર બની જાય છે, એટલા માટે સાવધાની રાખવી જોઈએ કે એ પણ એક પ્રકારનું નુકસાન છે, અને નુકસાનની સ્થિતિમાં મના કરવું વિના કરાહતે જાઈઝ છે. સાહિબે કિતાબ (લેખક) આ હદીષ આ પ્રકરણમાં એટલા માટે લાવ્યા કે જેથી માલૂમ થઈ જાય કે પડોશીને શુફઅ઼હની જેમ દીવાલમાં ખીલી ખોસવાનો પણ હક્ક઼ છે.

★ હદીષ : (૫)-૨૯૬૫ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا اخْتَلَفْتُمْ فِي الطَّرِيقِ جُعِلَ عرضه سَبْعَة أَذْرع» . رَوَاهُ مُسلم

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમે રસ્તા બાબતે ઝઘડો તો રસ્તાની પહોળાઈ સાત ગઝ રાખવામાં આવે[૧]. '' (મુસ્લિમ)

★ રસ્તાના વિવાદમાં રસ્તો સાત ગઝનો રાખવામાં આવે ★

૧. એની સ્થિતિ એ છે કે એક બાજુ ઈમારતોની લાઈન બની છે. સામે સફેદ જમીન પડી હોય. હવે એની સામે

બીજી બાજુ ઈમારતો બનવી શરૂ થઈ ગઈ. જૂની લાઈનવાળા પહોળો રસ્તો છોડાવવા ચાહે છે પણ આ લોકો ઓછો, કે જેથી તેમને જમીન અધિક મળી જાય તો સાત હાથ એટલે પાકિસ્તાની સાડા ત્રણ ગઝ પહોળો રસ્તો છોડવામાં આવે. **શરીઅતમાં ગઝ દોઢ ફૂટનો થાય છે.** પરંતુ જો પહેલેથી જ રસ્તો અધિક પહોળો છૂટલો હોય તો હવે ઓછો કરવાનો કોઈને હક્ક નથી. (લમ્આત તથા મિર્કાત) યાદ રાખશો કે વાત ગલી કૂચાઓની છે, માટી સડકો વધુ પહોળી હોવી જોઈએ. અને **જો કોઈની જમીનમાં બીજાના ઓરડા સુધી જવાનો રસ્તો છે તો એટલી જગા છોડવામાં આવશે કે જનાઝો તથા ભરેલી મશક લઈને લોકો નીકળી શકે.** હક્ક એ છે કે રસ્તાઓની પહોળાઈ સમય તથા સ્થળ અને શહેરના લેહાઝથી વિવિધ છે. (મિર્કાત)

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૬)-૨૯૬૬ ★

عَن سعيد بن حُرَيْث قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ بَاعَ مِنْكُمْ دَارًا أَوْ عَقَارًا فَمِنٌ أَنْ لَا يُبَارَكُ لَهُ إِلَّا أَنْ يَجْعَلَهُ فِي مِثْلِهِ» . رَوَاهُ ابْنُ مَاجَهْ والدارمي

''હઝરત સઈદ ઈબ્ને હુરૈસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે તમારામાંથી જે પણ ઘર કે જમીન વેચે તે એના લાયક છે કે તેને બરકત ન આપવામાં આવે પણ એ કે તે પૈસા તેના મિષ્લમાં લગાડે[૧]. ''

(ઈબ્ને માજહ, દારમી)

★ જમીનના પૈસા જમીનમાં લગાડે ★

૧. આ ફર્માને આલી બિલ્કુલ બરહક્ક છે જેનો ખૂબ જ અનુભવ કરવામાં આવેલો છે કે જમીનનો પૈસા જમીનમાં ન લગાડવામાં આવે તો હવાની જેમ ઉડી જાય છે, જોઈએ કે જમીન વેચે જ નહીં અને જો વેચે તો જમીનમાં જ લગાડે. અમે ઘણા લોકો બાદમાં રડતા જોયા. અહીં મિર્કાતે ફર્માવ્યું કે સ્થાવર ચીજોની કિંમત ગૈર સ્થાવરમાં લગાડવી બેહતર નથી કેમ કે સ્થાવર ચીજો નફામાં વધારે છે આફતોમાં ઓછી, કેમ કે એને ન ચોર ચોરી શકે ન ડાકૂ લઈ જઈ શકે, બલ્કે જમીન વગેરેને વેચવું જ બેહતર નથી. (અશિઅહ, લમ્આત તથા મિર્કાત) કુર્આન એ મહબૂબ ﷺ પર ! કે જેને આપણા દીનની પણ ફિક્હ છે અને આપણી દુનિયાની પણ. તિબ્રાનીએ હઝરત મઅકલ ઈબ્ને અસારથી હસન મરફૂઅન રિવાયત કરી કે **જો કોઈ વિના સખત જરૂરત પોતાનું મકાન વેચે તો અલ્લાહ તેનો માલ બર્બાદ કરી દે છે.**

★ હદીષ : (૭)-૨૯૬૭ ★

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْجَارُ أَحَقُّ بِشُفْعَتِهِ يُنْتَظَرُ لَهَا وَإِنْ كَانَ غَائِبًا إِذَا كَانَ طَرِيقُهُمَا وَاحِدًا» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ. والدارمي

પડોશી ક્યારે શુફ્આનો હક્કદાર ?!

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે પડોશી પોતાના શુફ્અહનો હક્કદાર છે[૧] તેની રાહ જોવામાં આવે ભલે તે ગાયબ હોય જ્યારે કે બંનેવનો રસ્તો એક હોય[૨]. ''

(અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ, દારમી[૩])

૧. આ હદીષ અગાઉ વર્ણન પામેલી બુખારીની હદીષની શરહ છે. ત્યાં سقبہ હતું. આ હદીષે બતાવ્યું કે ત્યાં સક્બથી મુરાદ શુફ્અહ છે.

૨. એટલે કે જે પડોશી શુફ઼અ્હનો હક્ક઼ પામે છે તે એ છે જેનો રસ્તો અને તેના ઘરનો રસ્તો એક હોય. એવો જ પડોશી જો ગાયબ પણ હોય તો એની પાછળ મકાન જમીન ન વેચે. તેના આવવા પર ખબર આપીને વેચે, નહીં તો ખરીદનારને પણ તકલીફ થશે અને એ પડોશીને પણ. તે કેસ કરશે અને જમીન પાછી લેશે.

૩. એની અસ્નાદમાં અબ્દુલ મલિક ઈબ્ને અબી સુલૈમાન અ઼ન અ઼તા અ઼ન જાબિર છે. અમુક લોકોએ અબ્દુલ મલિક ઈબ્ને સુલૈમાનમાં ટોણો માર્યો કે એ ક઼વી (મજબૂત) નથી, પણ કેમ કે બુખારીની હદીષથી એને મજબૂતી હાંસલ છે જેથી હદીષ અમલને પાત્ર છે. અમે અગાઉ અર્ઝ કરી ચૂક્યા છીએ કે હઝરત ઈમામ અબૂ હનીફ઼ા رضی اللہ عنہ એ જ્યારે આ હદીષ લીધી તો અબ્દુલ મલિક એની અસ્નાદમાં સામેલ હતા જ નહીં. એ વખતે હદીષ તદ્દન સહીહ હતી, બાદનું ઝઈફપણુ પહેલાવાળાને નુકસાનકર્તા નથી. (મિર્ક઼ાત મઅ ઝિયાદહ)

★ હદીષ : (૮)-૨૯૬૮ ★
وَعَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الشَّرِيكُ شَفِيعٌ وَالشُّفْعَةُ فِي كل شَيْءٍ» . رَوَاهُ التِّرْمِذِيّ قَالَ:
★ હદીષ : (૯)-૨૯૬૯ ★
وَقَدْ رُوِيَ عَنِ ابْنِ أَبِي مُلَيْكَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مُرْسَلًا وَهُوَ أصح

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી કે ફ઼ર્માવ્યું, ભાગીદાર શફ઼ીઅ઼ છે અને શુફ઼અ઼હ દરેક ચીજમાં છે[૧]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફ઼ર્માવ્યું, આ હદીષ ઈબ્ને અબી મુલૈકાથી, તે નબી કરીમ ﷺ થી ઈરસાલના તરીક઼ાથી મરવી છે. એ જ અધિક સહીહ છે[૨].''

૧. એટલે કે દરેક સ્થાવર અથવા દરેક શફ઼ીઅ઼ને પાત્ર ચીજમાં શુફ઼અ઼હ છે. સ્થળાંતર થતી (અસ્થાવર) ચીજોમાં શુફ઼અ઼હ નથી. અમુક લોકોએ આ હદીષના આધારે જાનવરો, સામાન, વગેરેમાં શુફ઼અ઼હ માનેલ છે પણ ગલત છે. (મિર્ક઼ાત)

૨. એટલે કે મુરસલ હદીષ મુત્તસિલ કરતાં અસ્નાદોની રૂએ અધિક સહીહ છે. મુરસલ હદીષ ઈમામ શાફ઼ઈ رضی اللہ عنہ ના સિવાય સર્વ ઈમામોને ત્યાં સ્વીકાર્ય છે. જો મુરસલ બીજા કારણે ફ઼ૌત થઈ જાય તો તેમના ત્યાં પણ સ્વીકાર્ય છે. યાદ રાખશો કે અબ્દુલ ઈબ્ને અબી મુલૈકા ષિક઼્હ તાબઈ છે. આપ અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરના જમાનામાં ક઼ાઝી હતા. رضوان اللہ تعالیٰ علیہم اجمعین

જરૂરત વિના લાભદાયી ઝાડો ન કાપવાં
★ હદીષ : (૧૦)-૨૯૭૦ ★
وَعَن عبد الله بن جحش قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ قَطَعَ سِدْرَةً صَوَّبَ اللَّهُ رَأْسَهُ فِي النَّارِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَقَالَ: هَذَا الْحَدِيثُ مُخْتَصَرٌ يَعْنِي: مَنْ قَطَعَ سِدْرَةً فِي فَلَاةٍ يَسْتَظِلُّ بِهَا ابْنُ السَّبِيلِ وَالْبَهَائِمُ عَشْمًا وَظُلْمًا بِغَيْرِ حَقٍّ يَكُونُ لَهُ فِيهَا صَوَّبَ الله رَأسه فِي النَّار

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જહશ رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼ર્માવે છે કે **રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ર્માવ્યું, જે બોરડી કાપે[૧] તેને અલ્લાહ ઊંધા મોંએ આગમાં નાખે.** (અબૂ દાઊદ) અને ફ઼ર્માવ્યું, આ હદીષ ટૂંકાણમાં છે કે જે જંગલની તે બોરડી કાપે જેનાથી મુસાફ઼ર છાંયડો લેતા હતા અને કેવળ જુલ્મ તથા સિતમથી કાપે, એમાં એનો કોઈ હક્ક઼ ન હોય, તો અલ્લાહ તેને ઊંધા મોંએ આગમાં નાખે[૨].''*

૧. આનાથી મક્કા મોઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરાની બોરડી મુરાદ છે. મક્કાના હરમમાં તો દરેક **આપોઆપ** ઉગતુ ઝાડ કાપવું મના છે. મદીના મુનવ્વરામાં બોરડીમાં ઓછી છે તેમજ તેનો છાંયડો ઠંડો તથા લાભદાયી હોય છે, એટલા માટે ખાસ કરીને બોરડીનો ઉલ્લેખ કર્યો.

૨. એટલે કે આ હદીષ અર્થની રીતે ટૂંકી છે જો કે શબ્દો પૂરા છે. જાણે કે મુજમલ છે. શરહને પાત્ર છે. غشم જુલ્મને કહે છે, તો જુલ્મની રીતે અતફ તફસીરી છે. **ખુલાસો એ કે જંગલની બોરડી આમ લોકોની રાહતની ચીજ છે, જેનાથી માણસ તથા જાનવર ફાયદો ઉઠાવે છે. તેને જુલ્મની રીતે કાપી નાખવી એ સૌના પર જુલ્મ છે. એટલા માટે એને કાપનારો દોઝખનો હક્ક઼દાર છે.** માથાથી મુરાદ આખુ શરીર છે. એનાથી નિર્દેશ રૂપે જાણવા મળ્યું કે **વિના જરૂરતે ફાયદાકારક ઝાડ કાપવું મના છે અને ઝાડ લગાડવું સવાબ છે કે જ્યાં સુધી લોકો એનાથી ફાયદો ઉઠાવતા રહેશે તેને સવાબ પહોંચતો રહેશે. આ પણ સદક઼ા જારિયા છે.**

(વિભાગ : 3) الفصل الثالث

ભાગીદારીનો શુફ઼અહ ક્યારે જતો રહે ?

''હઝરત ઉષ્માન ઈબ્ને અફ઼્ફાન رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, જ્યારે જમીનમાં હદો નક્કી કરી દેવામાં આવે તો એમાં શુફ઼્અહ નથી[૧]. અને ન કૂવામાં શુફ઼્અહ છે ન નર ખજૂરમાં[૨].'' (માલિક)

★ હદીષ : (૧૧)-૨૯૭૧ ★

عَنْ عُثْمَانَ بْنِ عَفَّانَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: إِذَا وَقَعَتِ الْحُدُودُ فِي الْأَرْضِ فَلَا شُفْعَةَ فِيهَا.وَلَا شُفْعَةَ فِي بِئْرٍ وَلَافَحل النّخل. رَوَاهُ مَالك

૧. એટલે કે જો સંયુક્ત જમીનને વહેંચીને દરેક હિસ્સાની હદો ક઼ાયમ કરી લેવામાં આવે તો ભાગીદારીનો શુફ઼્અહ જતો રહ્યો. અને જો હશે તો શુફ઼્અહે જવાર (નઝદીકી નો શુફ઼્અહ) હશે. તેની ચર્ચા અગાઉ થઈ ચૂકી. જેથી આ હદીષ શુફ઼્અહે જવારની હદીષોની વિરુદ્ધ નથી.

★ કેવળ સ્થાયી મિલ્કત પર શુફ઼્અહ છે ★

૨. અરબવાસીઓ સંયુક્ત બાગના હિસ્સા વેચતા હતા, ક્યારેક જમીન ક્યારેક ખજૂર. તો ફર્માવવામાં આવ્યું કે જો જમીન વેચાયી તો શુફ઼્અહ છે, પરંતુ જો કેવળ ખજૂરો વેચી તો શુફ઼્અહ નથી કે ખજૂર જમીન નથી. એનાથી જાણવા મળ્યું કે જો કોઈ કેવળ ઈમારત વેચે, ન કે જમીન તો શુફ઼્અહ ન થશે.

બાબુલ મશાકહ વલ્મઝારિઅહ[૧] باب المساقاة والمزارعة
(પાણી આપવા અને ખેતી કરાવવા વિશે)

(વિભાગ : ૧) الفصل الاول

★ જમીન ભાડે આપવા વિશે મસ્અલા ★

૧. કોઈની પાસેથી પોતાના બાગને પાણી અપાવવું પેદાવરના અમુક હિસ્સાના બદલામાં મસાક઼ાત કહેવાય છે. અને કોઈને ઠેકા પર જમીન આપવી કે મારી જમીનમાં તમે ખેતી કરો અને ઉપજમાં તમારો આટલો હિસ્સો એને મઝારેઅત કહે છે. મસાક઼ાત બાગમાં હોય છે, મઝારેઅત ખેતરમાં. આ બંનેવ મસાક઼ાત અને મઝારેઅત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં મના છે. સાહિબૈન તથા અન્ય ઈમામોને ત્યાં દુરુસ્ત છે. ફ઼ત્વો સાહિબૈનના ક઼ૌલ પર છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફ઼ર્માવે છે, એમાં નામાલૂમ બલ્કે અનઅસ્તિત્વવાળી ચીજ પર ભાડુ છે. તેમજ નબી કરીમ ﷺએ મખાબરાથી મના કર્યું. કદાચ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને આ હદીષ પહોંચી નથી. અલ્લાહ બેહતર જાણનાર છે.

હુઝૂર ﷺ એ ખૈબરમાં ખજૂરના બાગ શર્ત પર આપ્યા

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રસૂલુલ્લાહ ﷺએ ખૈબરના યહૂદીને ખૈબરના ખજૂરના બાગ અને ત્યાંની જમીન એ શર્ત પર આપી કે એમાં પોતાના માલો વડે કામ કરે[૧] અને તેનાં અડધાં ફળ રસૂલુલ્લાહ ﷺ માટે હોય[૨]. (મુસ્લિમ) અને બુખારીની રિવાયતમાં એ પ્રમાણે છે કે રસૂલુલ્લાહ ﷺએ ખૈબરના યહૂદીને એ શર્ત પર આપ્યાં કે કામકાજ કરે, તેને ખેડે, વાવે અને પેદાવારનું અડધુ તેમનુ થશે[૩].''

★ હદીષ : (૧)-૨૯૭૨ ★

عَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ دَفَعَ إِلَى يَهُودِ خَيْبَرَ نَخْلَ خَيْبَرَ وَأَرْضَهَا عَلَى أَنْ يَعْتَمِلُوهَا مِنْ أَمْوَالِهِمْ وَلِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ شَطْرُ ثَمَرِهَا. رَوَاهُ مُسْلِمٌ وَفِي رِوَايَةِ الْبُخَارِيِّ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَعْطَى خَيْبَرَ الْيَهُودَ أَنْ يَعْمَلُوهَا ويزرعوها وَلَهُم شطر مَا يخرج مِنْهَا

૧. જ્યારે નબી કરીમ ﷺએ ખૈબર ફતહ કર્યું અને ત્યાંથી યહૂદીને કાઢવા ચાહ્યું તો તેમણે આજીજીપૂર્વક અર્ઝ કરી કે અમને અહીં રહેવા દો અને જે ચાહો શરત લગાડો. હુઝૂર ﷺએ ફ઼ર્માવ્યું કે અમે જ્યાં સુધી ચાહીશું તમને રાખીશું એ શર્ત પર કે અહીંની સર્વ જમીન અમારી રહેશે, બાગબાની તથા ખેતીની મહેનત તમે કરશો, તેનો સામાન પણ તમારો હશે, હળ, બળદ, ચરસા વગેરે અને જે કાંઈ ઉપજ થશે તે અડધી તમારી અને અડધી અમારી રહેશે. જેથી નબવી જમાનામાં તથા સિદ્દીક઼ી યુગમાં એવું જ રહ્યું. ખિલાફ઼તે ફ઼ારૂક઼ીના શરૂમાં તો એના પર અમલ રહ્યો પણ બાદમાં આપે એ યહૂદીઓને અરીચા તથા શામની તરફ઼ કાઢી મૂક્યા. **યાદ રાખશો કે યહૂદી ઘણા જ મૂઝી તથા ગદ્દાર હતા.** મદીના મુનવ્વરાના કાઢી મૂકાયેલા બની નઝીર પણ અહીં આવીને વસ્યા. ગઝવએ ખંદક તેમની જ હરકતોને કારણે અસ્તિત્વમાં આવ્યો. અલ્લાહે બચાવી લીધા નહીં તો તેઓ તો ખત્મ કરી ચૂક્યા હતા. **એ હુઝૂર**

ﷺની ઉદાર દિલી હતી કે તેમને આટલી છૂટછાટો આપી. આજકાલની કોઇ હુકૂમત હોત તો દુનિયાથી આવા ગદ્દારોનું મૂળ જ કાઢી નાખત.

૨. અને અડધા યહૂદીના. એનાથી જાણવા મળ્યું કે જો મઝારેઅત વગેરેમાં એક પક્ષના હિસ્સાનો જ ઉલ્લેખ કરવામાં આવે, બીજાથી ખામોશી રહે તો પણ જાઈઝ છે. કેમ કે બીજાનો હિસ્સો આપોઆપ માલૂમ પડી જાય છે. V GlV CÄCh ƵlV gJ Z ﷺ અને તમામ તે મુસલમાન મુરાદ છે જેમનો ખૈબરમાં હિસ્સો હતો. ઉલ્લેખ કેવળ નબી કરીમ ﷺનો છે પણ મુરાદ ઉમ્મત પણ છે.

૩. "આપ્યો"થી મુરાદ છે કબજામાં આપ્યો. એનાથી જાણવા મળ્યું કે ખૈબરનો અમુક હિસ્સો સુલહથી અને અમુક જંગથી કબજામાં આવ્યો. એટલા માટે ત્યાંના યહૂદીને ગુલામ બનાવવામાં ન આવ્યા હતા. આ હદીષ તે બુઝુર્ગોની દલીલ છે કે મુઝારઅત તથા મસાક઼ાત બંનેને જાઈઝ કહે છે. એ હઝરાત ફર્માવે છે કે જે હદીષોમાં મખાબરાથી મના કરવામાં આવ્યું ત્યાં એ સ્થિતિ મુરાદ છે કે મજૂરીના માટે કોઈ ખાસ હિસ્સાની પેદાવાર (ઉપજ) નિશ્ચિત હોય કે એ હિસ્સાની ઉપજ તારી થશે બાકીની મારી. જેથી હદીષોમાં ટકરાવ નથી. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે ખૈબરનો આ મામલો મસાક઼ાત કે મુઝારેઅત ન હતો બલ્કે જિઝિયા રૂપે હતો અને અડધુ તેમને અતિયા રૂપે આપવુ હતું. એની સંપૂર્ણ ચર્ચા અહીં મિર્ક઼ાતમાં જુઓ.

★ હદીષ : (૨)-૨૯૭૩ ★

وَعنهُ قَالَ: كُنَّا نُخبر وَلَا نَرَى بِذَلِكَ بَأْسًا حَتَّى زَعَمَ رَافِعُ ابْن خَدِيجٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْهَا فَتَرَكْنَاهَا مِنْ أَجْلِ ذَلِكَ. رَوَاهُ مُسلم

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, અમે ખેતીવાડી કરાવતા હતા અને એમાં કાંઈ વાંધો જાણતા ન હતા[૧] ત્યાં સુધી કે રાફે઼અ ઈબ્ને ખદીજે ફર્માવ્યું કે નબી કરીમ ﷺએ એનાથી મના કર્યું ત્યારે એ કારણે અમે એ કામ છોડી આપ્યું[૨]." (મુસ્લિમ)

૧. આ હદીષ જાહેરી અર્થથી ઈમામે આ'ઝમ رضی اللہ عنہની દલીલ છે કે ખેતીવાડી કોઈ અન્ય પાસે કરાવવી મુત્લક઼ન મના છે. સાહિબૈન ફર્માવે છે કે એનાથી ખાસ સ્થિતિ મુરાદ છે, જેમ કે હમણા વર્ણવવામાં આવ્યું. એની દલીલ આગલી હદીષ છે. સારાંશ ફત્વો સાહિબૈનના ક઼ૌલ પર જ છે, અને આજે અમલ પણ એના પર જ ચાલુ છે. (લમ્આત)

★ હદીષ : (૩)-૨૯૭૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ حَنْظَلَةَ بْنِ قَيْسٍ عَنْ رَافِعِ بْنِ خديج قَالَ: أَخْبَرَنِي عَمَّايَ أَنَّهُمْ كَانُوا يُكْرُونَ الْأَرْضَ عَلَى عَهْدِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِمَا يَنْبُتُ عَلَى الْأَرْبَعَاءِ أَوْ شَيْءٍ يَسْتَثْنِيهِ صَاحِبُ الْأَرْضِ فَنَهَانَا النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ ذَلِكَ فَقُلْتُ لِرَافِعٍ: فَكَيْفَ هِيَ بِالدِّرَاهِمِ وَالدَّنَانِيرِ؟ فَقَالَ: لَيْسَ بِهَا بَأْسٌ وَكَأَنَّ الَّذِي نُهِيَ عَنْ ذَلِكَ مَا لَوْ نَظَرَ فِيهِ ذَوُو الْفَهْمِ بِالْحَلَالِ وَالْحَرَامِ لَمْ يُجِيزُوهُ لِمَا فِيهِ مِنَ الْمُخَاطَرَةِ

"હઝરત હન્ઝલા ઈબ્ને ક઼ૈસથી[૧] રિવાયત છે તે હઝરત રાફે઼અ ઈબ્ને ખદીજથી રાવી ફર્માવે છે, મને મારા કાકાએ ખબર આપી કે સહાબા, નબી ﷺના જમાનામાં જમીન ભાડે આપતા હતા[૨]. એના બદલામાં જે નાલીઓ પર ઉગી જાય અથવા એ ચીજ પર જેને જમીનવાળો વર્ણન કરી આપતો હતો[૩] અમને નબી કરીમ ﷺએ એનાથી મના કરી આપ્યું[૪] મેં હઝરત રાફે઼અને કહ્યું કે દિરહમ તથા દીનારના બદલામાં શું છે? ફર્માવ્યું, એમાં વાંધો નથી[૫]. અને જેનાથી નબી કરીમ ﷺએ મના કરી આપ્યું, એ તો એવી સાફ

ચીજ છે[૬] કે જે હલાલ તથા હરામની સમજ રાખે એમાં વિચારણા કરે તો તેને જાઈઝ ન રાખે, કેમ કે એમાં જુગાર જેવું છે[૭]." (મુસ્લિમ, બુખારી)

૧. હંઝલા ઈબ્ને કૈસ ઝરકી અન્સારી છે. ષિક્હ તાબઈનથી છે. મદીના પાકના રહેવાસી અને રાફેઅ ઈબ્ને ખદીજ સહાબી છે. આપના હાલાત શરૂમાં વર્ણન થઈ ચૂક્યા છે.

૨. نهنનો મરજઅ અથવા સહાબા છે, અથવા નાસ અથવા હઝરત રાફેઅ ઈબ્ને ખદીજના તે સર્વ કાકાઓ જેઓ જમીનના માલિક હતા.

૩. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં يستثنيه છે بيانથી મુશ્તક્ અને અમુક નુસ્ખાઓમાં يستثنيه છે ઈસ્તષ્નાના મઝારેઅ. અમારો અનુવાદ પ્રથમ રિવાયત પર છે. મતલબ એ છે કે જમીનવાળાએ ભાડૂઆતને જગા દેખાડી બતાવી આપી હતી કે તેની ઉપજ તારી રહેશે અને બાકીની બધી જમીનની ઉપજ મારી.

૪. આ હદીષ પહેલી હદીષની શરહ છે કે હુઝૂરે અન્વર ﷺએ મુત્લક્ જમીન ભાડે આપવાથી મના ન કર્યું બલ્કે એ રીતના ભાડાથી મના કર્યું કે જમીનનુ ભાડુ હિસ્સાની ઉપજથી અદા કરવામાં આવે.

૫. કેમ કે એમાં કોઈને કોઈ ધોકો નથી, આ ભાડાની બે સ્થિતિઓ છે : **એક** એ કે જમીનવાળો મઝારેઅને ખિદમતનો હક્ક રૂપિયાથી અદા કરે. **બીજુ** એ કે મઝારેઅ પેદાવાર સઘળી પોતે લઈ લે અને માલિકને રોકડા રૂપિયા આપે. બંનેવ સ્થિતિઓ જાઈઝ છે. એના પર આજકાલ પણ અમલ છે.

૬. લગભગ આ વાત હઝરત રાફેઅ ઈબ્ને ખદીજની અથવા અન્ય કોઈનું.

૭. مخاطرة خطرથી બન્યું અર્થ ધોકો અથવા તબાહી અથવા અંદેશો. જુગારને મખાતરા એટલા માટે કહે છે કે ત્યાં બંને પક્ષને ધોકો થાય છે કે દરેક અંદેશો તથા ફિકર કરે છે કે ખબર નહીં કે હું હારીશ કે જીતીશ. એ જ પ્રમાણે અહીં છે કે જમીનવાળાને પણ અંદેશો છે કે કદાચ મારા હિસ્સાની જમીનમાં પેદાવાર બિલ્કુલ ન થાય અથવા ખૂબ ઓછી થાય. એ જ પ્રમાણે મઝારે અને ધોકો છે, તે અંદેશો કરે છે કે ખબર નહીં મારા હિસ્સાની જમીનમાં પેદાવાર થાય કે નહીં અને થાય તો કેટલી થાય. એટલા માટે એનાથી મના કરી દેવામાં આવ્યું અને જો મુત્લક્ન પેદાવારના નિશ્ચિત હિસ્સા પર જમીન આપી કે કુલ ઉપજનું અડધુ અથવા ૧/૩ તારું બાકીનુ મારું, તો બિલ્કુલ જાઈઝ છે કે એમાં ન કોઈને અંદેશો છે ન ધોકો. નુકસાન થાય તો બંનેનું અને નફો થાય તો બંનેનો.

ભાડે આપેલી જમીનના ખાસ હિસ્સાથી ભાડાની શર્તની મનાઈ

★ **હદીષ : (૪)-૨૯૭૫** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ رَافِعِ بْنِ خَدِيجٍ قَالَ: كُنَّا أَكْثَرَ أَهْلِ الْمَدِينَةِ حَقْلًا وَكَانَ أَحَدُنَا يُكْرِي أَرْضَهُ فَيَقُولُ: هَذِهِ الْقِطْعَةُ لِي وَهَذِهِ لَكَ فَرُبَّمَا أَخْرَجَتْ ذِهِ وَلَمْ تُخْرِجْ ذِهِ فَنَهَاهُمُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

''હઝરત રાફેઅ ઈબ્ને ખદીજ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે મદીનાવાળા અધિક જમીનદાર હતા[૧] અને અમારામાંથી અમુક પોતાની જમીન ભાડે આપતા હતા. તે કહેતો હતો આ ટુકડો મારો છે અને આ તમારો છે[૨] તો ઘણી જ વખતે એ ટુકડામાં પેદાવાર થતી હતી અને આમાં ન થતી હતી[૩].

એટલા માટે તેમને નબી કરીમ ﷺએ મના કરી આપ્યું[૪]. (મુસ્લિમ, બુખારી)

૧. એટલે જમીનોના માલિક. પંજાબમાં ખેડૂતને જમીનદાર કહે છે અર્થ અહીં નથી. અરબીમાં જમીનને કહે છે અને મુહાક़લા કંતીમાં દાણાનો સોદો અન્ય ખુલ્લા દાણાના બદલમાં.

૨. એટલે હે મઝારેઅ ! એમાં જે પેદાવાર થશે તો માલિકના હક્કના લીધે મારી છે અને આ ટુકડામાં જે પેદાવાર થશે તો ખિદમતના હક़ હેઠળ તારી થશે. બંને જગા દેખાડીને નક્કી કરી દેતા હતા.

૩. એટલા માટે કેટલીકવાર જમીનનો માલિક વંચિત રહી જતો હતો તો ક્યારેક મઝારેઅ વંચિત રહી જતો. પછી લડાઈ ઝઘડા થતા હતા કે વંચિત રહી ગયેલો બીજાના હિસ્સાથી લેવા ચાહતો હતો, જેવું કે હારેલો જુગારી જીતેલા સાથે લડી પડે છે, જેનાથી મારપીટ તથા ક્યારેક ક़त्ल તથા ખૂન થઈ જાય છે.

૪. અને ઝઘડા લડાઈની જડ કાપી નાખી.

ઉધાર જમીન આપવી ભાડે આપવાથી અફ़ઝલ

''હઝરત અમ્રથી[૧] રિવાયત છે. ફ઼માવે છે મેં તાઉસથી કહ્યું[૨] કાશ ! તમે ખેતી કરાવવાનું છોડી આપત, કેમ કે લોકો કહે છે કે નબી કરીમ ﷺએ એનાથી મના કર્યું છે[૩] તે બોલ્યા, હે અમ્ર ! હું એમને જમીન આપુ છું અને તેમની મદદ કરું છું[૪] અને સહાબાના મહાન આલિમે મને ખબર આપી છે. એટલે હઝરત ઈબ્ને અબસ કે નબી કરીમ ﷺએ તેને મના ન કર્યું બલ્કે એવું ફ઼માવ્યું છે કે તમારામાંથી કોઈનુ પોતાના ભાઈને આરિયતન (ઉધાર) જમીન આપી દેવી કાંઈક નિશ્ચિત મજૂરી લેવા કરતાં બેહતર છે[૫].''

(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૫)-૨૯૭૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن عَمْرو قَالَ: قلت لطاووس: لَوْ تُرِكَتِ الْمُخَابَرَةُ فَإِنَّهُمْ يَزْعُمُونَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْهُ قَالَ: أَيْ عَمْرٌو إِنِّي أُعْطِيهِمْ وَأُعِينُهُمْ وَإِنَّ أَعْلَمَهُمْ أَخْبَرَنِي يَعْنِي ابْنِ عَبَّاسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمْ ينْه عَنهُ وَلَكِن قَالَ: «أَلا يَمْنَحْ أَحَدُكُمْ أَخَاهُ خَيْرٌ لَهُ مِنْ أَنْ يَأْخُذَ عَلَيْهِ خَرْجًا مَعْلُومًا»

૧. અહીં અમ્રથી મુરાદ અમ્ર ઈબ્ને દીનાર છે જેમની કુન્નિયત અબૂ યહયા છે. તાબઈનમાંથી ખૂબ જ મુત્તક़ી षिક़હ છે. અમ્ર ઈબ્ને વાક़िદ તથા મુષ્ક़ા અથવા અમ્ર ઈબ્ને મૈમૂન અવદી અથવા અમ્ર ઈબ્ને તશરીદ षક़ફ़ી મુરાદ નથી. (લમ્આત તથા મિર્ક़ાત)

૨. તાઉસ ઈબ્ને કૈસાન દીનના ઈમામો, તાબઈન ઉલમા તથા બેહતર સાલેહીનમાંથી છે. ચાલીસ હજો કરી. દીનાર ફ઼માવે છે કે મેં તાઉસ જેવો આલિમ આમિલ નથી જોયો. આપ મક્કા મોઅઝ્ઝમામાં હિ.સ. ૧૦૫માં વફાત પામ્યા. આપનાથી ઈમામ ઝુહ્રી તથા કેટલાયે ખલીફાઓએ રિવાયતો લીધી છે.

૩. ખેતી કરાવવાના વિશે સહાબાનો મતભેદ રહ્યો. અમુક હઝરાત મુત્લક़ન નાજાઈઝ સમજતા હતા. તેમને ક્યાં તો મુફ़સ્સલ હદીષ પહોંચી ન હતી અથવા તે હદીષનો મતલબ સમજ્યા ન હતા, એટલા માટે અમ્ર ઈબ્ને

દીનારે يزعمون ફર્માવ્યું.

૪. એટલે કે એ કામ નાજાઈઝ નથી અને એમાં ગરીબોની મદદ થઈ જાય છે કે તે લોકો એ જમીનમાં કામકાજ કરીને પેટ પાળી લે છે. સારાંશ કે એ કામ જાઈઝ પણ છે અને લાભકારક પણ છે.

૫. ખુલાસો એ છે કે તે મનાઈ તેહરીમી અથવા કરાહતી નથી બલ્કે ખિલાફે ઉલાના માટે છે, એટલે ગરીબ ભાઈને ઉછીની જમીન આપી દેવી એના કરતાં બેહતર છે કે એનાથી કાંઈક ભાડુ લેવામાં આવે કે ક્યારેક જમીનમાં કાંઈ પણ પેદા નથી થતું અને ભાડુ તેના પર વિના કારણે પડી જાય છે. યાદ રાખશો કે રાફેઅ ઈબ્ને ખદીજને આ રિવાયત વિવિધ ઝરીયાઓથી પહોંચી. અમુક હદીષો તેમણે ડાયરેક્ટ હુઝૂર ﷺથી સાંભળી, અમુક હદીષો તેમના કાકાઓ થકી પહોંચી. એટલા માટે તે ક્યારેક ફર્માવે છે, મેં હુઝૂર ﷺથી સાંભળ્યું, અને ક્યારેક કહે છે મને મારા અમુક કાકાઓએ કહ્યું, તેમણે હુઝૂર ﷺથી સાંભળ્યું. જેથી હદીષમાં ઈઝતેરાબ નથી, બલ્કે રિવાયતોમાં મતભેદ છે. જેથી આ હદીષ મુઝતરિબ ઈસ્તેલાહી નથી એટલા માટે મુસ્લિમ, બુખારીએ એ હદીષોની તખરીઝ કરી, નહીં તો ઈસ્તેલાહી ઈઝતેરાબ હદીષને ઝઈફ કરી દે છે. અને જમીનના ભાડાની મનાઈનાં ઘણા કારણો હદીષોમાં આવેલાં છે : અમુકમાં છે કે ભાડુ લેવું, પોતાના ભાઈ મુસલમાનને આમ જ ઉછીના પેટે આપી દેવું અફઝલ છે. અમુકમાં છે કે ખેતી વગેરેના કારણે જેહાદથી દૂર ન રહો. અમુકમાં છે કે જ્યારે એ જ ભાડાના કારણે ઝઘડા વધી ગયા તો હુઝૂરે અન્વર ﷺએ એનાથી મના કરી આપ્યું. અમુકમાં છે કે જમીનદાર ખેડૂત માટે જમીનના હિસ્સા નક્કી કરી આપતા કે આની ઉપજ તારી અને આની મારી એનાથી મના કરી આપ્યું. સારાંશ કે અમુક સ્થિતિઓમાં મઝારેઅત જાઈઝ છે, અમુકમાં મકરૂહ, અમુક સ્થિતિઓમાં તદ્દન મના. સર્વ હદીષો દુરુસ્ત છે.

★ **હદીષ : (૬)-૨૯૭૭** ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ كَانَتْ لَهُ أَرْضٌ فَلْيَزْرَعْهَا أَوْ لِيَمْنَحْهَا أَخَاهُ فَإِنْ أَبَى فَلْيُمْسِكْ أَرضه»

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જેની પાસે જમીન હોય તે ખુદ વાવે અથવા પોતાના કોઈ ભાઈને ઉછીની આપી દે અને ન માને તો પોતાની જમીન રોકી રાખે[૧]. " (મુસ્લિમ, બુખારી)

૧. આ અમ્રે અખ્લાકી છે કે અખ્લાકનો તકાઝો એ છે કે ક્યાં તો પોતાના માલથી ખુદ ફાયદો ઉઠાવે અથવા અન્યોને લાભ પહોંચાડે. જો આ બંનેવ કામ નથી કરતો તો તે જાણે, સંભાળી રાખે પોતાની જમીન. એ જમીન બિનફાયદાકારક છે. અને શક્ય છે કે ઈન્કાર કરનાર બીજો શખ્સ હોય. અને જો બીજો માણસ આ ઉછીનુ કબૂલ ન કરે તો પોતાની જમીન મહેફૂઝ રાખે. અમુક દિવસો ખેતી ન કરવાથી જમીનની શક્તિ વધે છે. એ રોકવું પણ તેના માટે લાભદાયી થશે.

★ **હદીષ : (૭)-૨૯૭૮** ★

وَعَنْ أَبِي أُمَامَةَ وَرَأَى سِكَّةً وَشَيْئًا مِنْ آلَةِ الْحَرْثِ فَقَالَ: سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَا يَدْخُلُ هَذَا بَيْتَ قوم إِلَّا أدخلهُ الذل» . رَوَاهُ الْبُخَارِيّ

"હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે હળ અને કેટલોક ખેતીવાડીનો સામાન જોયો[૧] તો ફર્માવ્યું, મેં નબી કરીમ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે આ ચીજો કોઈના ઘરમાં ન પ્રવેશશે પણ અલ્લાહ એ ઘરમાં ઝિલ્લત (બેઈજ્જતી) રાખી દેશે[૨]. " (બુખારી)

૧. ક્યાં તો કોઈ ઘરમાં રાખેલ જોયાં અથવા કોઈને ઓજારો વાપરતાં જોયો.

૨. આ ફર્માને આ़લીશાન એ જમાનાનું છે જ્યારે ઈસ્લામમાં જેહાદની સખત જરૂરત હતી. એવા મોક़ા પર સર્વ કારોબાર બંધ કરીને જેહાદ કરવામાં આવે છે. એટલે **જે ક़ૌમે ફોજી શક્તિ ગુમાવી દીધી અને ખેતીવાડીમાં વ્યસ્ત થઈ ગયા તો ઝલીલ થઈ ગયા. દુનિયામાં તે જ ક़ૌમ ઝિંદા રહે છે જેની જિંદગી સિયાહિના (સૈનિકોવાળી) હોય.**

(વિભાગ : ૨) الفصل الثانى

ઘણા જ બધા સહાબા જમીન પર મુઝારઅત (ખેતી) કરાવતા હતા

''હઝરત રાફેઅ ઈબ્ને ખદીજથી રિવાયત છે તે નબી કરીમ ﷺથી રિવાયત કરે છે. ફર્માવે છે[૧] જે કોઈની જમીન પર વગર ઈજાઝતે ખેતી કરે તો તેને ખેતરથી કાંઈ મળશે નહીં. હા ! તેને ખર્ચ મળી જશે[૨]. (તિર્મિઝી, અબૂ દાઉદ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે[૩].''

★ હદીષ : (૮)-૨૯૭૯ ★

عَنْ رَافِعِ بْنِ خَدِيجٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ زَرَعَ فِي أَرْضِ قَوْمٍ بِغَيْرِ إِذْنِهِمْ فَلَيْسَ لَهُ مِنَ الزَّرْعِ شَيْءٌ وَلَهُ نَفَقَتُهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيبٌ

૧. એ રીતે કે જમીનના માલિકને ખબર જ ન હોય અને એ ત્યાં બીજ ઓરી દે. અથવા માલિક મના કરતો રહે અને એ બીજ રાખી દે. بغير اذن એ બંને સ્થિતિઓને સમાવે છે.

૨. ખર્ચથી મુરાદ બીની કિંમત, પાણી અને તેની પોતાની મહેનતનું ભાડુ છે. હઝરત ઈમામ અહમદ رضی اللہ عنہ નો એ જ મઝહબ છે કે આવી સ્થિતિમાં ઉપજ જમીનવાળાની છે, અને બીજ, પાણી અને ખિદમતનો હક્ક़ ખેતી કરનારને અપાવી દેવામાં આવે. બાકી ઈમામોને ત્યાં પેદાવાર (ઉપજ) બીજવાળાની છે અને જમીનવાળાને એટલા અરસાનું જમીનનું ભાડુ અપાવવામાં આવશે. અથવા જો એ ખેતીથી જમીન અયબવાળી થઈ ગઈ તો નુકસાન અપાવવામાં આવશે, કેમ કે ઉપજ બીજનું પરિણામ છે જમીન તો એનું પાત્ર (સ્થળ) છે. આ હદીષ કેમ કે સહીહ નથી એટલા માટે એ બુઝુર્ગોએ એના પર અમલ કર્યો. (મિર્ક़ાત મઅ ઝિયાદહ)

૩. અને શરહે સુન્નહમાં ફર્માવ્યું કે આ હદીષ ઝઈફ છે. અહમદે ફર્માવ્યું કે بغير اذنهم હદીષમાં નથી. અબૂ ઈસ્હાક़ે એ વધારો પોતાના તરફથી કર્યો છે. અબૂ ઈસ્હાક़, રાફેઅ ઈબ્ને ખદીજથી રાવી છે. (મિર્ક़ાત)

(વિભાગ : 3) الفصل الثالث

''હઝરત ક़ૈસ ઈબ્ને મુસ્લિમથી રિવાયત છે, તે હઝરત અબૂ જઅફરથી[૧] રિવાયત કરે છે. મદીનામાં એવો કોઈ ઘરવાળો મુહાજિર નથી જે ત્રીજા ભાગ કે ચોથા ભાગ પર ખેતી ન કરતો હોય. અને હઝરત અલી અને હઝરત સઅદ ઈબ્ને માલિક, અબ્દુલ્લાહ ઈબ્ને

★ હદીષ : (૯)-૨૯૮૦ ★

عَنْ قَيْسِ بْنِ مُسْلِمٍ عَنْ أَبِي جَعْفَرٍ قَالَ: مَا بِالْمَدِينَةِ أَهْلُ بَيْتِ هِجْرَةٍ إِلَّا يَزْرَعُونَ عَلَى الثُّلُثِ وَالرُّبُعِ وَزَارَعَ عَلِيٌّ وَسَعْدُ بْنُ مَالِكٍ وَعَبْدُ اللَّهِ بْنُ مَسْعُودٍ وَعُمَرُ ابْن عبد

الْعَزِيز وَالقَاسِم وَعُرْوَة وَآل أبي بَكْر وَآلُ عُمَرَ وَآلُ عَلِيٍّ وَابْنُ سِيرِينَ وَقَالَ عَبْدُ الرَّحْمَنِ بْنُ الْأَسْوَدِ: كُنْتُ أُشَارِكُ عَبْدَ الرَّحْمَنِ بْنَ يَزِيدَ فِي الزَّرْعِ وَعَامَلَ عُمَرُ النَّاسَ عَلَى: إِنْ جَاءَ عُمَرُ بِالْبَذْرِ من عِنْده فَلَهُ الشّطْر. وَإِن جاؤوا بالبذر فَلهم كَذَا. رَوَاهُ الْبُخَارِيّ

મસ્ઊદ, ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ, ક़ાસિમ, ઉરવા અને અબૂ બક્ર તથા ઉમર તથા અલીની ઔલાદે અને ઈબ્ને સીરીને ખેતીઓ કરાવી[૨]. અને અબ્દુર્રહમાન ઈબ્ને અસ્વદ કહે છે કે હું અબ્દુર્રહમાન ઈબ્ને યઝીદની સાથે ખેતીમાં ભાગીદારી કરી લેતો હતો[૩]. અને હઝરત ઉમરે લોકો સાથે આ શર્ત પર મામલો કર્યો હતો કે જો ઉમર પોતાની પાસેથી વેચી આપે તો તેમને અડધી ઉપજ અને જો તે લોકો વેચી દે તો તેમની આટલી ઉપજ[૪]. '' (બુખારી)[૫]

૧. ક़ૈસ ઈબ્ને મુસ્લિમ જદલી કૂફી તાબઈ છે. હિ.સ. ૧૨૦માં વફાત પામ્યા. અશિઅ્હએ ફર્માવ્યું કે એમનો મઝહબ મુરજિયા હતો. અલ્લાહ બેહતર જાણે. ઈમામ અબૂ જઅફરનું નામ મુહમ્મદ બાક़િર رضی اللہ عنہ છે. એમના સાહબઝાદા ઈમામ જઅફર સાદિક़ رضی اللہ عنہ છે. ઝયનુલ આબિદીન رضی اللہ عنہ ના ફરઝંદ છે. તાબઈ છે. હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયતો લીધી છે. આપનાથી આપના ફરઝંદ ઈમામ જઅફર સાદિક़ رضی اللہ عنہ રાવી છે.

૨. ક़ાસિમ, મુહમ્મદ ઈબ્ને અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہما ના ફરઝંદ છે. જે મદીના મુનવ્વરાના મશહૂર સાત ફક़ીહોમાંથી છે. એ જ પ્રમાણે ઉરવા ઈબ્ને ઝુબેર ઈબ્ને અવામ જે અગ્રગણ્ય તાબઈનમાંથી છે. આલે ઉમર વગેરે ષિક़્હ તાબઈનમાંથી છે. એ સૌ પોતાની જમીનમાં મઝારેઅત કરાવતા અથવા કરતા હતા કે અમુક જમીનના માલિક હતા. બીજાઓથી ખેતી કરાવતા હતા. અમુક બીજાઓની જમીનમાં ખુદ ખેતી કરતા હતા. જાણવા મળ્યું કે ન ખેતીવાડી કરવી મના ન કરાવવી. જે હદીષોમાં એની મનાઈ છે ત્યાં કારણ કાંઈક બીજુ છે જે પહેલાં વર્ણવવામાં આવી ગયું ત્યાં અભ્યાસ કરી લો.

૩. અબ્દુર્રહમાન ઈબ્ને અસ્વદ ક़ર્શી, ઝહરી મદીનાના ષિક़્હ તાબઈનમાંથી છે. અને અબ્દુર્રહમાન ઈબ્ને યઝીદ અસ્લમી મદની તાબઈ છે, ભલે ઝઈફ છે, તે બંનેનું મઝારિઅત કરવું કરાવવું જાઈઝ હોવાની નિશાની છે.

૪. એટલે કે જમીન તો ફારૂક़ે આ'ઝમ رضی اللہ عنہ ની છે, જો બી પણ આપ જ આપે, મઝારેઅ કેવળ મહેનત કરે તો એમનો આટલો હિસ્સો અને જો બી પણ મઝારેઅનું હોય તો એટલો હિસ્સો થોડોક વધારે. જાણવા મળ્યું મઝારેઅત દરેક હાલતમાં જાઈઝ છે ચાહે બી જમીનવાળાનુ હોય કે મઝારેઅનું પણ ઉપજના હિસ્સા પર મઝારેઅત હોય, ન કે કોઈ ખાસ જગાની ઉપજ.

૫. બુખારીએ આ સર્વ હદીષો તથા આષાર. તઅલીક़ન એટલે વિના અસ્નાદે રિવાયત કરી. બેહતર હતું કે , ÐBSV F5 ÐF6 [SC]TF رواہ البخاری તઅલીક़ન્ જેથી રિવાયતનો તરીક़ો સ્પષ્ટ થઈ જતો.

બાબુલ ઈજારા[૧] بابُ الإجارة
(ભાડા વિશે વર્ણન)

(વિભાગ : ૧) الفصل الاول

૧. નફાના બદલામાં વેચાણ કરવું શરીઅતની રૂએ ઈજારો કહેવાય છે. ક્વિયાસ ચાહે છે કે ઈજારો જાઈઝ ન હોય કે એમાં અનઅસ્તિત્વનું વેચાણ છે, પણ શરીઅતે જરૂરતનો લેહાઝ રાખીને તેને જાઈઝ કરાવ્યું. નસ (શરઈ દલીલ)ની સરખામણીમાં ક્વિયાસ અમલને પાત્ર નથી. જેવી રીતે દાઈને રોટી કપડાં પર નોકર રાખવી જાઈઝ છે ભલે તેનું દૂધ પણ નામાલૂમ છે અને રોટી કપડાં પણ અનિશ્ચિત, પણ જરૂરતના લીધે જાઈઝ છે અથવા હમામ (બાથરૂમ)માં મજૂરી પર ગુસ્લ, કે ભલે પાણીની માત્રા માલૂમ નથી પણ જરૂરતના કારણે જાઈઝ ઠરાવવામાં આવ્યું એ જ પ્રમાણે આ પણ છે.

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગફ્ફલ[૧]થી રિવાયત છે ફર્માવે છે કે ષાબિત ઈબ્ને ઝહ્હાકે ફર્માવ્યું[૨] કે રસૂલુલ્લાહ ﷺએ ખેતી કરાવવાથી મના કર્યું[૩]અને જમીન ભાડે આપવાની ઈજાઝત આપી, અને ફર્માવ્યું, એમાં કોઈ વાંધો નથી." (મુસ્લિમ)

★ હદીષ : (૧)-૨૯૮૧ ★

عَنْ عَبْدِ اللَّهِ بْنِ مُغَفَّلٍ قَالَ: زَعَمَ ثَابِتُ بْنُ الضَّحَّاكِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنِ الْمُزَارَعَةِ وَأَمَرَ بِالْمُؤَاجَرَةِ وَقَالَ: «لَا بَأْسَ بِهَا» . رَوَاهُ مُسْلِمٌ

૧. મુગફ્ફલ બરઝને મુહમ્મદ, ગ્વયન તથા ફેથી. આપ સહાબી છે. બયઅતુર્રિદ્વાનમાં શરીક થયા. મદીના મુનવ્વરામાં ક્વિયમ રહ્યા. ફારૂક્વી યુગમાં આપને બસરા મોકલી દેવામાં આવ્યા. ત્યાં જ હિ.સ. ૬૦માં વફાત થઈ. અમુક નુસ્ખાઓમાં અબ્દુલ્લાહ ઈબ્ને મઅક્વિલ અયન તથા ક્વાફથી છે. અયનના જઝમ અને ક્વાફના ઝેરથી. આપ તાબઈનમાંથી છે. (અશિઅહ તથા મિર્ક્વાત)

૨. આપનું નામ ષાબિત, કુન્નિયત અબૂ યઝીદ છે, અન્સારી ખઝરજી છે. બયઅતુર્રિદ્વાનમાં શરીક હતા. તે વખતે નાની વયના હતા. અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરના ફિત્નાના સમયમાં વફાત પામ્યા. હિ.સ. ૩માં પેદાઈશ છે. હિ.સ. ૭૦માં વફાત થઈ.

૩. આ મનાઈનું કારણ પ્રથમ વર્ણન થઈ ચૂક્યું કે જો કોઈ ખાસ હિસ્સાની જમીનની ઉપજને મજૂરી ઠરાવવામાં આવે તો મઝારિઅત મના છે, નહીં તો જાઈઝ. અહીં તે જ મના સ્થિતિ મુરાદ છે.

૪. જમીનને રોકડા પૈસે ભાડે આપવી વિના કરાહત જાઈઝ છે.

ઓપરેશન, હિજામા, લોહી ચૂંસાવવું જાઈઝ હોવા વિશે

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ પછના (હિજામા) લગાડયાં અને લગાડનારને મજૂરી આપી[૧]. અને નસ્વાર લીધી[૨]."
(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨)-૨૯૮૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ احْتَجَمَ فَأَعْطَى الْحَجَّامَ أجره واستعط

૧. એનાથી જાણવા મળ્યું કે ઓપરેશન, પછના, સેંગી લગાડવું (હિજામા) જાઈઝ છે, તેની મજૂરી પણ મુબાહ છે. જે હદીષોમાં એની મજૂરીથી મનાઈ આવી તે સૌ મન્સૂખ છે.

૨. استعط બાબે ઈસ્તેઆલનો માઝી છે. سعوط દરેક તે દવા છે જે નાકમાં ચઢાવવામાં આવે, પાતળી હોય કે સૂકી. એનાથી નુસ્વાર (છીંકણી)નું જાઈઝ હોવું માલૂમ પડયું. અલબત્ત હરામ કે મકરૂહ ચીજની નુસ્વારથી બચે.

★ હદીષ : (૩)-૨૯૮૩ ★
وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَا بَعَثَ اللَّهُ نَبِيًّا إِلَّا رَعَى الْغَنَمَ» . فَقَالَ أَصْحَابُهُ: وَأَنْتَ؟ فَقَالَ:«نَعَمْ كُنْتُ أَرْعَى عَلَى قَرَارِيطَ لِأَهْلِ مَكَّةَ» . رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી ફર્માવે છે કે અલ્લાહે કોઈ નબી ન મોકલ્યો પણ તેમણે બકરીઓ ચરાવી[૧]. સહાબાએ અર્ઝ કરી, શું હુઝૂર ! આપે ?! ફર્માવ્યું, હા ! હું મક્કાવાળાઓની બકરીઓ કેટલાક ક઼િરાતના બદલામાં ચરાવતો હતો[૨]. '' (બુખારી)

★ બકરીઓ ચરાવવાથી સહન શક્તિ તથા પ્રજાની દેખરેખની કાબેલિયત પેદા થાય છે ★

૧. બકરીઓ ચરાવવાથી તબીઅતમાં સહનશક્તિ તથા સંયમ, મહેનતનો શોખ, મુલ્કી વ્યવસ્થાની કાબેલિયત અને પ્રજાની દેખરેખ પેદા થાય છે કે બકરીઓ દરેક વખતે રક્ષકની હાજતમંદ હોય છે. અને એમનામાં વ્યવસ્થા નથી હોતી. દરેક જે બાજુ મોં ઉઠાવે ચાલી નીકળે છે, જે એમને સંભાળી લેશે તે ઈન્ શા અલ્લાહુ તઆલા ! પ્રજાને પણ સંભાળી લેશે, તબ્લીગ ખૂબ કરી શકશે. સામાન્ય રીતે પ્રજાને બકરીઓથી અને બાદશાહને ચરવાહાથી સરખામણી કરવામાં આવે છે.

૨. قيراط قراريطનું બહુવચન છે. ક઼િરાત દીનારનો ૨૦મો ભાગ અથવા ચોવીસમો હિસ્સો છે. હુઝૂરે અન્વર ﷺએ મક્કાવાસીઓની બકરીઓ એક ક઼િરાત રોજ પર અથવા મહીનાના બદલામાં ચરાવી છે. યાદ રાખશો કે નબી દીનની તબ્લીગ પર મજૂરી નથી લેતા, બીજાં કામો પર મજૂરી લે છે. જેથી આ હદીષ કુર્આને કરીમની આયત : لَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مَالًا ؕ اِنْ اَجْرِيَ (હું એના પર તમારાથી કોઈ બદલો નથી માગતો. સૂરએ હૂદ, ૧૧/૨૯)ની વિરુદ્ધ નથી. કે ત્યાં عليهથી મુરાદ દીનની તબ્લીગ છે. અમુક લોકોએ કહ્યું કે قراريط મક્કા મોઅઝ્ઝમામાં એક જગાનું નામ છે, જ્યાં હુઝૂરે અન્વર વિના બદલાએ બકરીઓ ચરાવતા હતા, પણ આ દુરુસ્ત નથી. નહીં તો આ હદીષ બાબુલ ઈજારામાં ન લાવવામાં આવતી. જેથી હક્ક એ છે કે قراريطનું બહુવચન છે. (મિર્ક઼ાત, લમ્આત વગેરે) અશિઅ્હમાં શયખે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ નબુવ્વત બાદશાહો અને અમીરોમાં ન રાખી બલ્કે બકરી ચરાવવાના અને આજીજીનો ધંધો કરનારાઓમાં રાખી. જેમ કે ઐયૂબ عليه السلام દરજીગીરી (ટેલરિંગ કામ) કરતા હતા. ઝકરિયા عليه السلام લુહારનો ધંધો કરતા હતા.

કામ પૂરુ થતાં મજૂર મજૂરીનો હક્ક઼દાર બને છે

★ હદીષ : (૪)-૨૯૮૪ ★
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " قَالَ اللَّهُ تَعَالَى: ثَلَاثَةٌ أَنَا خَصْمُهُمْ يَوْمَ الْقِيَامَةِ: رَجُلٌ أَعْطَى بِي

''એમનાથી જ રિવાયત છે ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવે છે કે હું ત્રણ શખ્સોના મુક઼ાબલામાં હોઈશ[૧] એક તે શખ્સ જે મારા નામ પર વાયદો ખાય[૨] ત્રીજો તે શખ્સ જે મજૂર પાસેથી કામ

ثُمَّ غَدَرَ وَرَجُلٌ بَاعَ حُرًّا فَأَكَلَ ثَمَنَهُ وَرَجُلٌ اسْتَأْجَرَ أَجِيرًا فَاسْتَوْفَى مِنْهُ وَلَمْ يُعْطِهِ أَجْرَهُ ". رَوَاهُ الْبُخَارِيّ

પૂરુ લે અને એની મજૂરી ન આપે." (બુખારી)

૧. એટલે સખત સજા આપીશ. જેમ કે કોઈ દુશ્મન પોતાના દુશ્મન પર ક़ાબૂ પામે તો તેને કોઈ છૂટ નથી આપતો, એ જ પ્રમાણે હું તેમને છૂટ ન આપીશ ન રહમ કરીશ. જેથી આ હદીષ સ્પષ્ટ છે.

૨. એની ઘણી સ્થિતિઓ છે : કોઈને ખુદાનું નામ લઈને અમાન આપી પછી મોક़ો પામીને તેને ક़ત્લ કરી આપ્યો. કોઈને રબની ક़સમ ખાઈને કોઈ વાયદો કર્યો પછી પૂરો ન કર્યો. સ્ત્રીથી રબ તઆલાનુ નામ લઈને ઘણા બધા વાયદા પર નિકાહ કર્યા પછી પૂર્ણ ન કર્યા. એટલા માટે નિકાહના સમયે કલમા પઢાવે છે કે બંને પતિ પત્ની હક્ક़ોમાં જકડાઈ જાય. રબ તઆલા ફર્માવે છે : الَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللهِ مِنْ بَعْدِ مِيْثَاقِهٖ (તેઓ જે અલ્લાહના વાયદાને તોડી નાખે છે પાકો થયા બાદ. સૂરએ બક़રહ, ૨/૨૭) સારાંશ કે વાદા ખિલાફી આમ જ બુરી છે પણ જ્યારે વાયદો રબ તઆલાનું નામ લઈને કરવામાં આવ્યા હોય, પછી તેની વિરુદ્ધ કરવું અધિક બુરુ છે કે એમાં અલ્લાહ તઆલાના નામ શરીફની બેહુર્મતી પણ છે.

૩. ખાવાનો ઉલ્લેખ ઈત્તેફાક़ી છે, તે કિંમત ખાય કે ન ખાય. આઝાદને ગુલામ બનાવીને વેચી દેવો એ આમ પણ ઘણુ જ બુરુ છે. યૂસુફ عليه السلام ના ભાઈ આ જ જુર્મ પણ અધિક શર્મિંદા હતા જેમની માફી થઈ.

૪. કામ પૂરુ લેવામાં એ જ તરફ નિર્દેશ છે કે જો મજૂર જ વચમાં કામ છોડી આપે શરારત કરીને, તો તે મજૂરીનો હક્ક़દાર નથી. નાઈ અડધી હજામત કરીને ના પાડી દે તો મજૂરીને બદલે સજાને પાત્ર ઠરશે. કામ પૂર્ણ કરવા પર મજૂરીને પાત્ર થશે. દરરોજ મજૂરી આપવામાં આવે કે મંથલી, જે નક્કી થયુ હોય.

દમ, દુરૂદ, તાવીઝ, વગેરેની સાબિતી

★ હદીષ : (૫)-૨૯૮૫ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ نَفَرًا مِنْ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَرُّوا بِمَاءٍ فبهم لَدِيغٌ أَوْ سَلِيمٌ فَعَرَضَ لَهُمْ رَجُلٌ مِنْ أَهْلِ الْمَاءِ فَقَالَ: هَلْ فِيكُمْ مِنْ رَاقٍ؟ إِن فِي الْمَاءِ لَدِيغًا أَوْ سَلِيمًا فَانْطَلَقَ رَجُلٌ مِنْهُمْ فَقَرَأَ بِفَاتِحَة الْكتاب على شَاءَ فبرئ فَجَاءَ بالشَّاءِ إِلَى أَصْحَابِهِ فَكَرِهُوا ذَلِكَ وَقَالُوا: أَخَذْتَ عَلَى كِتَابِ اللَّهِ أَجْرًا حَتَّى قَدِمُوا الْمَدِينَةَ فَقَالُوا: يَا رَسُولَ اللَّهِ أَخَذَ عَلَى كِتَابِ اللَّهِ أَجْرًا. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ أَحَقَّ مَا أَخَذْتُمْ عَلَيْهِ أَجْرًا كِتَابُ اللَّهِ» . رَوَاهُ الْبُخَارِيُّ وَفِي رِوَايَةٍ: «أَصَبْتُمُ اقْسِمُوا وَاضْرِبُوا لِي مَعَكُمْ سَهْمًا»

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ ના સહાબાની એક જમાઅત કોઈ ઘાટ પર પસાર થઈ[૧] જેમાં એક સાપ કે વીંછીથી કરડેલો હતો. તો ઘાટવાળાઓમાંથી એક શખ્સ તેમની પાસે આવીને બોલ્યો, શું તમારામાં કોઈ દમ કરનારો છે કે ઘાટમાં એક શખ્સ વીંછી કે સાપનો કરડેલો છે[૨]. તો સહાબામાંથી એક સાહબ અમુક બકરીઓની શર્ત પર ચાલ્યા ગયા[૩]. **સૂરએ ફાતિહા પઢી આપી તો તે સારો થઈ ગયો.** તે પોતાના સાથીઓની પાસે કેટલીક બકરીઓ લાવ્યા. સહાબાએ નાપસંદ કર્યું[૪] તે બોલ્યા, યા રસૂલલ્લાહ ! એમણે કિતાબુલ્લાહ પર મજૂરી લીધી છે. ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે યક़ીનન ! મજૂરી લેવાની સૌથી અધિક પાત્ર કિતાબુલ્લાહ છે[૫].*

(બુખારી) અને એક રિવાયતમાં આ મુજબ છે કે તમે બરાબર કર્યું. વહેંચી લો અને તમારી સાથે અમારો હિસ્સો પણ રાખો.''

૧. એ ઘાટ પર કોઈ કબીલો વસેલો હતો. આજે પણ અરબમાં કૂવાઓ પર વસ્તીઓ આબાદ થાય છે જે પાણીના વેપારથી ગુજારો કરે છે. અરબીમાં લદીગ વીંછી કરડેલાને કહે છે, સલીમ સાપના કરડેલાને કહે છે. નેક ફાલના કારણે કે અલ્લાહ તેને સલામત રાખે.

૨. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે ઝાડ ફૂંક, દમ, દુરૂદ સહાબાના જમાનામાં હતું. **બીજુ** એ કે લોકોને ખબર હતી કે સહાબાએ કિરામ દમ દુરૂદ કરતા હતા. અને કુર્આન શરીફ અને દુઆઓમાં તાષીર છે. એ ઘાટવાળા મુસલમાન ન હતા, જેવું કે બીજી રિવાયતોમાંથી માલૂમ પડે છે.

૩. એટલે એ સહાબીએ પ્રથમ નક્કી કરી લીધું કે હું દમ કરીશ અને ઈન્ શા અલ્લાહ ! તમારો બીમાર સારો થઈ જશે, પણ ત્રીસ બકરીઓ લઈશ. તે રાજી થઈ ગયા. આ પણ ઈજારો થયો. એટલા માટે આ હદીષ બાબુલ ઈજારામાં લાવવામાં આવી. જો નક્કી કર્યા વિના એ બકરીઓ હતી તો એ હદિયો કે નઝરાણુ ગણાત ન કે મજૂરી.

૪. એટલે રબ તઆલા ફર્માવે છે : وَلَا تَشْتَرُوْا بِاٰيٰتِيْ ثَمَنًا قَلِيْلًا (અને મારી આયતોના બદલે થોડા દામ ન લો. સૂરએ બકરહ, ૨/૪૧) મારી આયતો થોડી કિંમતના બદલામાં ન વેચો. આ પણ વેચાણની એક સ્થિતિ છે જેથી એ બદલો દુરુસ્ત ન થયો.

★ કુર્આનની તાલીમ પર મજૂરી લેવી જાઈઝ ★

૫. એટલે કે નાજાઈઝ કામ પર મજૂરી લેવી મના છે. કુર્આને કરીમ પઢવું અથવા એનાથી ઈલાજ કરવો મના નથી તો એની મજૂરી શાથી મના થઈ ગઈ ?! એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : (૧) કુર્આની આયતોથી ઈલાજ જાઈઝ છે, ચાહે દમ કરીને હોય અથવા તો તાવીઝ લખીને કે દોરીમાં ગાઠો કરીને કે દોરા વગેરે પર દમ કરીને આપે અને દોરો બીમારને બાંધે. આ ઈલાજ પર મજૂરી લેવી જાઈઝ છે. (૨) કુર્આને કરીમ અથવા હદીષો અથવા ફતવા લખવાની મજૂરી લેવી જાઈઝ છે. (૩) કુર્આન શરીફનો વેપાર દુરુસ્ત છે એટલે કુર્આન શરીફ વેચવું. આ મસાઈલ પર સૌની એકમતી છે. (૪) કુર્આનની કિરાઅત કુર્આનની તા'લીમ પર બદલો લેવો દુરુસ્ત છે. એમાં ઈમામ અબૂ હનીફા, ઝહરી તથા ઈસ્હાકનો મતભેદ છે. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) એ હઝરાતની દલીલ આગલી હદીષ છે જે આવી રહી છે. બાકી ઈમામોને ત્યાં દુરુસ્ત છે. (મિર્કાત) પણ **હવે કુર્આનની તા'લીમ પર મજૂરી લેવી એકમતીએ જાઈઝ છે. મુતાખ્ખેરીન અહનાફનો ફત્વો પણ એ જ છે જેથી દીન ખત્મ ન થઈ જાય.** (અશિઅહ)

★ પોતાના ખાદિમોથી કાંઈક માગવું ન નાજાઈઝ છે ન ઝિલ્લત ★

૬. જાણવા મળે છે કે અત્યાર સુધી એ હઝરાતે આ બકરીઓ વહેંચી કે ખાધી ન હતી અને પરત પણ કરી ન હતી કે અત્યાર સુધી તેમને જાઈઝ કે નાજાઈઝ હોવાનું યકીન ન હતું. એ સર્વ બકરીઓ દમ કરનારની હતી પણ હુઝૂર ﷺનું એને સર્વ સહાબામાં વહેંચાવવું અને પોતાનો હિસ્સો પણ એમનામાં રાખવું એ બતાવવા માટે હતું કે

એ ઘણી પાકીઝા તથા બેહતરીન કમાણી છે જેને હું પણ અને મારા સહાબીઓ પણ ખાય રહ્યા છે. એમાં નિર્દેશરૂપે એ બતાવવામાં આવ્યું કે મુસાફર લોકો આપસમાં મળીને વહેંચીને ચીજો ખાય. એકલા ખાય લેવું મુરવ્વત અને અખ્લાક઼ની વિરુદ્ધ છે. (અઝ : લમ્આ઼ત તથા મિર્ક઼ાત) એ પણ જાણવા મળ્યું કે પોતાના ખાદિમોથી કાંઈક માગવું ન નાજાઈઝ છે ન એમાં કોઈ બેઈજ્જતી છે. આ તો એ ખાદિમો માટે ગર્વની તથા ઈજ્જતની વાત છે. (શેઅર)

کلاہ گوشہ دہقان بآفتاب رسید کہ سایہ برسرش افگند چوں تو سلطانے

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૬)-૨૯૮૬ ★

عَنْ خَارِجَةَ بْنِ الصَّلْتِ عَنْ عَمِّهِ قَالَ: أَقْبَلْنَا مِنْ عِنْدَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَتَيْنَا عَلَى حَيٍّ مِنَ الْعَرَبِ فَقَالُوا: إِنَّا أُنْبِئْنَا أَنَّكُمْ قَدْ جِئْتُمْ مِنْ عِنْدِ هَذَا الرَّجُلِ بِخَيْرٍ فَهَلْ عِنْدَكُمْ مِنْ دَوَاءٍ أَوْ رُقْيَةٍ؟ فَإِنَّ عِنْدَنَا مَعْتُوهًا فِي الْقُيُودِ فَقُلْنَا: نعم فجاؤوا بمَعْتُوهٍ فِي الْقُيُودِ فَقَرَأْتُ عَلَيْهِ بِفَاتِحَةِ الْكِتَابِ ثَلَاثَةَ أَيَّامٍ غُدْوَةً وَعَشِيَّةً أَجْمَعُ بُزَاقِي ثُمَّ أَتْفُلُ قَالَ: فَكَأَنَّمَا أُنْشِطَ مِنْ عِقَالٍ فَأَعْطَوْنِي جُعْلًا فَقُلْتُ: لَا حَتَّى أَسْأَلَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «كُلْ فَلَعَمْرِي لَمَنْ أَكَلَ بِرُقْيَةِ بَاطِلٍ لَقَدْ أَكَلْتَ بِرُقْيَةِ حَقٍّ» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد

''હઝરત ખારિજા ઈબ્ને સલત رضی اللہ عنہ થી રિવાયત છે તે પોતાના કાકાથી રાવી[૧] ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની પાસે આવ્યા તો અરબના એક ક઼બીલા પાસેથી પસાર થયા. એ લોકો બોલ્યા કે અમને ખબર મળી છે કે તમે તમારા મહબૂબની પાસેથી ઘણી ભલાઈ લઈને આવેલા છો[૨] તો શું તમારી પાસે કોઈ દવા કે દમ દુરૂદ છે ? અમારે ત્યાં એક પાગલ કેદમાં બંધાયેલો છે[૩] અમે બોલ્યા, હા ! જેથી એ લોકો બેડીઓ પહેરેલા એક પાગલને લાવ્યા. મેં ત્રણ દિવસ સુધી સવાર સાંજ તેના પર સૂરએ ફાતિહા પઢી કે મારૂ થૂક જમા કરતો પછી તેના પર ફૂંકી દેતો હતો[૪] તે તો જાણે રસ્સીઓથી ખુલી ગયો. તેમણે મને કાંઈક મજૂરી પેશ કરી. હું બોલ્યો, નહીં ! ત્યાં સુધી કે રસૂલુલ્લાહ ﷺ થી પૂછી લઉં[૫]. હુઝૂરે ફર્માવ્યું, ખાવ ! મારી જિંદગીની ક઼સમ ! આ મજૂરી તેના માટે છે જે જૂઠા દમથી ખાય, તમે તો સાચા દમથી ખાધુ છે[૬].'' (અહમદ, અબૂ દાઊદ)

૧. ખારિજા બની તમીમથી છે. તાબઈ છે. તેમના કાકાનું નામ માલૂમ ન પડયું પણ કેમ કે તે સહાબી છે જેથી તેમનું નામ માલૂમ ન હોવું નુકસાનકર્તા નથી કે સહાબીઓ સૌ આદિલ અને ષિક઼હ છે. (મિર્ક઼ાત)

★ હુઝૂરે અન્વર ﷺના આસ્તાનાથી આવનારાને ફરિયાદ કરવું, દુઃખ દર્દ સંભળાવી દુઆ કરાવવી સુન્નત ★

૨. લગભગ એ હઝરાત પોતાની ક઼ૌમના પ્રતિનિધિ બનીને પ્રતિનિધિમંડળના રૂપમાં બારગાહે આ઼લીમાં હાજર થયા. ત્યાંથી વાપસી પર બનાવ રજૂ કર્યો. એ જમાનામાં જે હુઝૂર ﷺની પાસે આવતો હતો તો લોકો તેની આંખોની ઝિયારતો કર્યા કરતા હતા અને સમજતા હતા કે મહાન દાતાના દરબારથી આવી રહેલ છે, હર્યા ભર્યા

આવ્યા હશે. માલૂમ કર્યું, શું લાવ્યા હશે. એના અનુસંધાનમાં એ લોકો પણ એમને મળવા આવ્યા અને અર્ઝ કરી. **હજી પણ અમે જોયું કે મદીના શરીફથી આવનારાઓની આંખો લોકો ચૂમે છે, તેમના હાથ પગો પર પેશાનીઓ રગડે છે, તો એ નવી વાત નથી પણ સહાબાએ કિરામ** رضوان اللہ تعالیٰ علیہم اجمعین **થી ચાલી આવેલી છે.** ખૈરથી મુરાદ દીન તથા દુનિયાની ભલાઈ છે, એટલા માટે એ લોકોએ દવાનો ઉલ્લેખ પણ કર્યો અને દુઆનો પણ.

૩. એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺના આસ્તાનાના બોસો દેનારાઓને ફરિયાદ કરવી અને તેમના સમક્ષ પોતાનાં દુ:ખ દર્દ પેશ કરીને તેને દફેઅ થવા માટે અરજ કરવી સહાબાની સુન્નત છે. તે એવો દીવાનો હતો જેને બાંધવો પડયો હતો, તદ્દન હોશ હવાસ વિનાનો હતો.

★ કુર્આનની પાસેની હવા શિફા આપનારી છે ★

૪. આજે પણ અમુક સૂફીઓ કાંઈક પઢીને બીમાર પર ફૂંકી દે છે તેમની દલીલ આ હદીષ છે. અમુક કેવળ ફૂંક મારી દે છે એની રિવાયતો પણ છે. હેતુ એ હોય છે કે જેવી રીતે ફૂલોથી લાગીને હવા મહેકી ઉઠે છે અને દૂર સુધી લોકોનાં દિમાગ સુગંધીદાર કરી દે છે, એવી જ રીતે કુર્આનવાળા મોંમાં રહીને હવા અથવા થૂકમાં શિફાની તાષીર પેદા થઈ જાય છે. ભટ્ઠીની પાસે હવા ગરમ હોય છે અને પાણીની પાસે ઠંડી, એ જ પ્રમાણે કુર્આનની પાસેની હવા શિફા આપનારી (શાફી) હોય છે. યાદ રાખો કે જાનવરોના નામમાં તાષીર છે, કોઈને શેર (સિંહ) કહી દીધો તો ખુશ થઈ ગયો અને ગધેડો કહી દીધો તો નારાજ થઈ ગયો ! તો શું ખાલિક઼ના નામોમાં તાષીર નહીં હોય ? જરૂર હશે.

★ સહાબા થોડી જ ક્ષણોમાં હુઝૂર ﷺથી ઈલ્મ, અમલ સર્વ કાંઈ લઈ આવતા ★

૫. એટલે મારા દમથી આટલો ફાયદો થયો કે તેને બિલ્કુલ આરામ થઈ ગયો. જાણે કે બીમારીએ તેને જકડી રાખ્યો હતો અને એ દમથી ખુલી ગયો. જાણવા મળ્યું કે સહાબા હઝરાત થોડી ક્ષણોની સોહબતમાં હુઝૂર ﷺથી ઈલ્મ, અમલ વગેરે સર્વ કાંઈ લઈ આવતા હતા. યાદ રાખશો કે એને મજૂરી કહેવું મજાઝન્ છે, હક઼ીક઼તમાં એ નઝરાણુ હતું. મજૂરી પ્રથમ નક્કી કરવામાં આવે છે.

★ નાજાઈઝ, જૂઠા જંતર મંતર પર મજૂરી કે નઝરાણુ લેવું હરામ ★

૬. જાણવા મળ્યું કે **નાજાઈઝ તથા જૂઠા જંતર મંતર પર મજૂરી (વળતર) કે નઝરાણુ લેવું હરામ છે. સાચા દમ દુરૂદ પર મજૂરી પણ અને નઝરાણુ પર જાઈઝ છે.** لَعُمْرِیْ શરઈ ક઼સમ નથી, તે તો કેવળ ખુદાના નામની હોય છે. બલ્કે શાબ્દિક ક઼સમ છે, જેમ કે રબ તઆલા ફર્માવે છે : وَالتِّيْنِ وَالزَّيْتُوْنِ (ઈન્જીરની ક઼સમ અને ઝૈતૂન. સૂરએ તીન, ૯૫/૧) જેથી આ ફર્માને આ઼લી એ હદીષની વિરુદ્ધ નથી જેમાં ઈર્શાદ થયો કે ગૈર ખુદાની ક઼સમ ન ખાવ. لِمَنْ اَكَلَ ની ખબર મહઝૂફ઼ છે.

મજૂરની મજૂરી તેનો પરસેવો સૂકાતા પહેલાં આપી દો

★ હદીષ : (૭)-૨૯૮૭ ★
وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم:«أَعْطوا الْأَجِيرَ أَجْرَهُ قَبْلَ أَنْ يَجِفَّ عَرَقُهُ».رَوَاهُ ابْن مَاجَه

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મજૂરની મજૂરી તેનો પરસેવો સૂકાતા પહેલાં આપી NM. '' (ઈબ્ને માજહ)

૧. એટલે કે મજૂરી આપવામાં ટાળ મટોળ ન કરો. જે વખતે આપવાનો ક़રાર હોય એ જ વખતે વિના વિલંબે આપી દો. જેથી હદીષ પર ન તો એ વાંધો છે કે જો મજૂરને પરસેવો ન આવ્યો તો તેને મજૂરી આપો જ નહીં, ન એ સવાલ છે કે મંથલી પગારો આપવા મના છે, દરેક દિવસે કામ કરતાં જ આપવામાં આવે. હદીષને સમજવા માટે સંપૂર્ણ બુદ્ધિ જરૂરી છે.

જો ઘોડા પર સવાર થઈને સાઈલ આવે તો પણ તેને આપો

"હઝરત હુસૈન ઈબ્ને અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે માંગનારાનો હક્ક़ છે ભલે તે ઘોડા પર આવે[૧]. "(અહમદ, અબૂ દાઉદ)[૨] અને મસાબીહમાં મુરસલ છે[૩]."

★ હદીષ : (૮)-૨૯૮૮ ★

وَعَنِ الْحُسَيْنِ بْنِ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «لِلسَّائِلِ حَقٌّ وَإِنْ جَاءَ عَلَى فَرَسٍ» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد وَفِي المصابيح: مُرْسل

૧. એટલે કે જો કોઈ સાઈલ ભિખારી પર માલદારીના આધાર હોય અને તે પોતાને ફક़ીર જાહેર કરે તો તેની વાત પર વિશ્વાસ કરીને તેને સદક़ો આપી શકીએ છીએ. ઘણીવાર માણસ પાસે ઘોડો હોય છે પણ તેનો સામાન ગીરો અને કરજ માથા પર સવાર હોય છે. એટલા માટે તેનો જાહેરી હાલ ન જુઓ, તેની વાતનો વિશ્વાસ કરો. જો તે કહે કે આ ઘોડો ભાડાનો છે, મને પણ કાંઈ આપો, આ ઘોડાને પણ કાંઈક આપો, તો પણ તેની વાત માની લો. એટલા માટે આ હદીષ ભાડાના પ્રકરણમાં લાવ્યા, નહીં તો સદક़ાને ભાડા સાથે શું સંબંધ ?!

૨. આ હદીષ અબૂ દાઉદમાં હઝરત અલી رضی اللہ عنہ થી, તિબ્રાની કબીરમાં હઝરત હરમાસ ઈબ્ને ઝિયાદથી ઈબ્ને અદીમાં, કામિલમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે. હઝરત ઈસા علیہ السلام એ ફર્માવ્યું કે સાઈલનો હક્ક़ છે ભલે તે ઘોડા પર સવાર થઈને ચાંદીની લગામ લગાડીને આવે. (મિર્ક़ાત)

૩. હક્ક़ એ છે કે આ હદીષ મુરસલ નથી બલ્કે મુસ્નદ છે, ભલે હઝરત હુસૈન رضی اللہ عنہ એ હુઝૂર ﷺ ને સમજબુઝની હાલતમાં ન પામ્યા પણ આપે આ રિવાયત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી કરી. કદાચ સાહિબે મસાબીહ (લેખક)ને એની જાણ ન થઈ. (અઝ : મિર્ક़ાત) મસાબીહના અમુક નુસ્ખાઓમાં આ શબ્દ નથી.

(વિભાગ : 3) الفصل الثالث

"હઝરત ઉત્બા ઈબ્ને મુન્ઝિરથી[૧] રિવાયત છે. ફર્માવે છે, અમે રસૂલુલ્લાહ ﷺ ની પાસે હતા એવામાં આપે સૂરએ طسم (ત્વા સીમ મીમ) પઢી, ત્યાં સુધી કે હઝરત મૂસાના ક़िસ્સા પર પહોંચ્યા[૨] ફર્માવ્યું કે મૂસા علیہ السلام એ પોતાના નફ્સને પોતાની પાકદામનીની હિફાઝત અને પોતાના પેટની રોટી પર આઠ કે દસ વરસ માટે ઉઝરત (મજૂરી) પર આપ્યો[૩]."

(અહમદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૯)-૨૯૮૯ ★

عَنْ عُتْبَةَ بْنِ الْمُنْذِرِ قَالَ: كُنَّا عِنْدَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَرَأَ: (طسم)حَتَّى بَلَّغَ قِصَّةَ مُوسَى قَالَ: «إِنَّ مُوسَى عَلَيْهِ السَّلَامُ آجَرَ نَفْسَهُ ثَمَانِ سِنِينَ أَوْ عَشْرًا عَلَى عِفَّةِ فَرْجِهِ وَطَعَامِ بَطْنِهِ» . رَوَاهُ أَحْمد وَابْن مَاجَه

૧. અમુક નુસ્ખાઓ ઉક્બા ઈબ્ને મુઝર છે, અમુકમાં ઉત્બા ઈબ્ને નઝર, નૂનનો પેશ દાલ તશદીદવાળો મફ્તૂહ. અમુક ઉત્બા ઈબ્ને અબ્દ સલમા છે. સારાંશ કે તેમના નામમાં ખૂબ જ ચર્ચા છે.

૨. એટલે કે હુઝૂરે અન્વર ﷺએ સૂરએ ક્સસ તિલાવત કરી જેમાં મૂસા عليه السلامનું હઝરત શોએબ عليه السلامને ત્યાં રહેવું આઠ બલ્કે દસ વરસ બકરીઓ ચરાવવું, તેમની સાહબઝાદી સ્ફૂરા સાથે નિકાહ વગેરેનું વર્ણન છે.

★ પોતાની જરૂરત માટે મહેનત મજૂરી કરવી સુન્નત ★

૩. મક્સદ એ છે કે **પોતાની જરૂરિયાત પૂરી કરવાના માટે મહેનત મજૂરી કરવું સારુ છે અને સવાલ કરવો (ભીખ માગવી) બુરુ છે. મોટાથી મોટા શખ્સે મામૂલી મહેનતના કામથી શરમ ન અનુભવવી જોઈએ.** યાદ રાખશો કે મૂસા عليه السلامનું હઝરત શોએબ عليه السلامની બકરીઓ ચરાવવી એ સ્ફૂરાની મહેર ન હતી, બલ્કે નિકાહની શર્ત હતી. એટલા માટે આપે કહ્યું : عَلٰٓى اَنْ تَاْجُرَنِىْ ثَمٰنِىَ حِجَجٍ (એ મહેર પર કે તમે આઠ વરસ મારી નોકરી કરો. સૂરએ ક્સસ, ૨૮/૨૭) જો મહેર હોત તો علٰى ને બદલે بِ આવત, અને આપ પોતાના બદલે બીબી સ્ફૂરાનો ઉલ્લેખ કરતા. કુર્આને કરીમ ફર્માવે છે : اَنْ تَبْتَغُوْا بِاَمْوَالِكُمْ (પોતાના માલોના બદલામાં તલાશ કરો. સૂરએ નિસાઅ, ૪/૨૪) બીવીઓ પોતાના માલો વડે તલાશ કરો. જેથી મઝહબે હનફી તદ્દન હક્ક છે કે મહેરમાં માલ આપવો પડશે, પત્નીની ખિદમત કરવી એ મહેર નથી થઈ શકતી. ઈમામ શાફઈ رضی اللہ عنہનું ફર્માન કે ખિદમત પર નિકાહ દુરુસ્ત છે એ આ આયતથી સાબિત નથી થતું. યાદ રાખશો કે હઝરત શોએબ عليه السلامએ મૂસા عليه السلامને આઠ દસ વરસ બકરીઓના બહાને રાખ્યા, પણ હેતુ એ હતો કે તેમને પોતાની પાસે રાખીને કલીમુલ્લાહ બનવાને લાયક બનાવવા ડો. ઈક્બાલે એક શેઅરમાં આ વિષય હલ કરી આપ્યો : (શેઅર)

અગર કોઈ શોએબ આએ મયસ્સર—શબાની સે કલીમી દો ક્દમ હૈ

★ હદીષ : (૧૦)-૨૯૯૦ ★

وَعَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ رَجُلٌ أَهْدَى إِلَيَّ قَوْسًا مِمَّنْ كُنْتُ أُعَلِّمُهُ الْكِتَابَ وَالْقُرْآنَ وَلَيْسَتْ بِمَالٍ فَأَرْمِي عَلَيْهَا فِي سَبِيلِ اللَّهِ قَالَ: «إِنْ كُنْتَ تُحِبُّ أَنْ تُطَوَّقَ طَوْقًا مِنْ نَارٍ فَاقْبَلْهَا» . رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

''હઝરત ઓબાદા ઈબ્ને સામિત رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ જેમને હું કિતાબુલ્લાહ એટલે કુર્આન શીખવતો હતો એમનામાંથી એક શખ્સે મને કમાન આપી છે[૧] એ કોઈ મોટો કિંમતી માલ નથી. એના પર હું અલ્લાહની રાહમાં તીર ફેંકીશ. ફર્માવ્યું, જો તમે આગનો હાર પહેરાવવામાં આવવું પસંદ કરતા હોવ તો એને કબૂલ કરી લો[૨].'' (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. એટલે કે એક તાલિબે ઈલ્મે (વિદ્યાર્થીએ) મને હદિયા રૂપે કમાન આપી છે. મામૂલી ચીજ છે અને મેં જેહાદના માટે રાખી છે. એનો વેપાર નથી કરતો. ઈર્શાદ થયો કે મારે એને લેવું દુરુસ્ત છે કે નહીં ? અને કમાન શું એ કુર્આનની તા'લીમની મજૂરી છે કે કાંઈ બીજુ.

૨. એટલે આ કમાન જાહેરી રીતે હદિયો છે પણ હક્ીક્તમાં અપાયેલી તા'લીમની મજૂરી છે અને કુર્આનની તા'લીમ પર મજૂરી લેવી મના છે. આ હદીષ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ વગેરેની દલીલ છે કે કુર્આનની તા'લીમ પર મજૂરી (વળતર) લેવું મના છે, બલ્કે એ હઝરાત તો મુત્લક્ન ઈલ્મે દીન શીખવવા પર મજૂરી મના કરે

છે. **મુતાખ્ખેરીન (પાછલા) અહનાફે એને જાઈઝ કહ્યું જેથી દીન વેડફાય ન જાય.** યાદ રાખશો કે પાછલી હદીષોમાં કુર્આન શરીફથી ઈલાજ, દમ, દુરૂદ પર મજૂરી જાઈઝ કરવામાં આવી હતી, અહીં કુર્આનની તા'લીમની મજૂરીથી મનાઈ છે, જેથી હદીષોમાં ટકરાવ નથી. શયખે ફર્માવ્યું કે તે હદીષો જાઈઝ હોવાના બયાન માટે હતી અને આ હદીષ ઈસ્તેહબાબ (મુસ્તહબ હોવા)ના બયાન માટે છે. એટલે કે કુર્આનની તા'લીમ પર મજૂરી જાઈઝ તો છે પણ બેહતર નથી, અથવા એ મતલબ છે કે તમે કુર્આન શરીફ પઢાવ્યું હતું ફી સબી લિલ્લાહ, એ વખતે તમારી નિય્યત વળતરની તદ્દન ન હતી. જે કામ અલ્લાહના માટે કરી ચૂક્યા છો, હવે એના પર મજૂરી લઈને એને બગાડો છો શા માટે ?! અલ્લાહ બેહતર જાણે ! મિર્કાતે ફર્માવ્યું કે ''અલ્ કિતાબ''થી મુરાદ ક્યાં તો કુર્આન શરીફ છે અથવા કિતાબત એટલે લખવાની તા'લીમ.

બાબુ અહયાઉલ અમ્વાત વશ્શરબ[૧] باب احياء الموات والشرب
(ઉજજડ જમીનને આબાદ કરવી અને પાણી આપવું)

(વિભાગ : ૧) الفصل الاول

૧. موات (ઉજજડ જમીન) એ જમીન કહેવાય છે જે ન તો કોઈની માલિકીમાં હોય ન વસ્તીવાળાઓની જરૂરિયાત માટે હોય, ન એના પર કોઈ ખેતી વગેરે કરતુ હોય. મવાતનું વિરૂધ્ધાર્થી આમિર છે, એટલે આબાદ જમીન. شرب શીનના ઝેરથી, પાણીનો હિસ્સો અથવા પાણી દેવાની વારી અથવા પાણી આપવાનો હક્ક. ઉજજડ જમીન આબાદ કરવાનો હુકમ પહેલાં આવી ગયો કે જો સુલ્તાન એલાન કરી આપે કે આ જમીન આબાદ કરે તે એની છે, ત્યારે તો આબાદ કરનાર માલિક ગણાશે, નહીં તો નહીં. ઈમામ શાફઈને ત્યાં માલિક થશે.

જે ઉજજડ જમીન આબાદ કરે તે તેનો માલિક થશે

★ હદીષ : (૧)-૨૯૯૧ ★

عَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ عَمَرَ أَرْضًا لَيْسَتْ لِأَحَدٍ فَهُوَ أَحَقُّ» . قَالَ عُرْوَةُ: قَضَى بِهِ عُمَرُ فِي خِلَافَتِهِ. رَوَاهُ الْبُخَارِيُّ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી કે આપે ફર્માવ્યું, જે કોઈ એવી જમીનને આબાદ કરે[૧] જે કોઈની માલિકીમાં ન હોય તો તે જ એનો હક્કદાર છે. ઉરવા ફર્માવે છે કે જનાબ ઉમર رضی اللہ عنہ એ પોતાની ખિલાફતમાં એના પર જ ફૈસલો કર્યો[૨]. '' (બુખારી)

૧. એટલે કે બાદશાહની ઈજાઝતથી આબાદ કરે. (અહનાફ)

૨. આપણે ત્યાં આ બંને ફર્માન રાજનૈતિક હતાં. એટલે કે હુઝૂર ﷺ એ પોતાના જમાના પાકમાં અને હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાની ખિલાફતના જમાનામાં ક઼ાનૂન લાગુ કરી આપ્યો હતો. આજે સુલ્તાન આ ક઼ાનૂન લાગુ કરી આપે તો એ જ હુકમ થશે કે જે એવી જમીન આબાદ કરશે તે માલિક થશે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં એ હુકમ શરઈ હતો, હવે ઈસ્લામી બાદશાહ આ ક઼ાનૂન બનાવે અથવા ન બનાવે પણ જમીન આબાદ કરનાર એનો માલિક બનશે. حشامه નો અર્થ એ છે કે ન તો એ જમીન કોઈની માલિકીની હોય ન શહેરની જરૂરિયાત માટે હોય. જેથી હદીષ જાહેર પર છે.

★ હદીષ : (૨)-૨૯૯૨ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ الصَّعْبَ بْنَ جَثَّامَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَا حِمَى إِلَّا لِلَّهِ وَرَسُولِهِ» . رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હઝરત સ઼અ્બ બિન જષ્ષામાએ ફર્માવ્યું[૧] કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે ચરાગાહો અલ્લાહ તથા રસૂલની જ છે[૨]. '' (બુખારી)

૧. حشامه જીમના ઝબર, ષેના શદ્દ તથા ઝબરથી. હઝરત સ઼અ્બ ઈબ્ને જષ્ષામા લૈષી છે. સહાબી છે. વદાન અને અબ્વામાં રહેતા હતા. સિદ્દીક઼ી ખિલાફતમાં વફાત પામ્યા.

૨. અરબના રઈસો પોતાનાં જાનવરોના માટે ખાસ ચરાગાહો નક્કી કરી લેતા હતા. જેમનામાં તેમના સિવાય કોઈ પોતાનાં જાનવર ચરાવી શકતું ન હતું. હુઝૂરે અન્વર ﷺએ એનાથી મના કર્યું. આ ફર્માને આ઼લીના બે મતલબ થઈ શકે છે. એક એ કે ચરાગાહો બનાવવાનો હક્ક઼ અલ્લાહ રસૂલને જ છે, બીજાને નહીં. તો હુઝૂરે અન્વર ﷺ પોતાનાં જાનવરો માટે ચરાગાહો નક્કી કરી શકે છે, પરંતુ આપે કદી નક્કી ન કરી. **બીજુ** એ કે કેવળ જેહાદનાં જાનવરોના જ માટે ચરાગાહો નક્કી થઈ શકે છે, પોતાના અંગત જાનવરો માટે નથી થઈ શકતી. **ત્રીજુ** એ કે કોઈ શખ્સ અલ્લાહ વ રસૂલની ઈજાઝત વિના ચરાગાહ ન બનાવે કેમ કે ચરાગાહ બનાવવા તથા ઈજાઝત આપવાનો હક્ક઼ અલ્લાહ રસૂલને જ છે. યાદ રાખશો કે અલ્લાહનો ઝિક્ર બરકતના માટે છે, ચરાગાહની ઈજાઝત કેવળ હુઝૂર ﷺથી હાંસલ કરવામાં આવશે.

પાણી આપીને બીજા ખેતર માટે પાણી છોડી આપો

★ હદીષ : (3)-૨૯૯3 ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ عُرْوَةَ قَالَ: خَاصَمَ الزُّبَيْرُ رَجُلًا مِنَ الْأَنْصَارِ فِي شِرَاجٍ مِنَ الْحَرَّةِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اسْقِ يَا زُبَيْرُ ثُمَّ أَرْسِلِ الْمَاءَ إِلَى جَارِكَ» . فَقَالَ الْأَنْصَارِيُّ: أَنْ كَانَ ابْنَ عَمَّتِكَ؟ فَتَلَوَّنَ وَجْهُهُ ثُمَّ قَالَ: «اسْقِ يَا زُبَيْرُ ثُمَّ احْبِسِ الْمَاءَ حَتَّى يَرْجِعَ إِلَى الْجَدْرِ ثُمَّ أَرْسِلِ الْمَاءَ إِلَى جَارِكَ» فَاسْتَوْعَى النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِلزُّبَيْرِ حَقَّهُ فِي صَرِيحِ الْحُكْمِ حِينَ أَحفظه الْأَنْصَارِيّ وَكَانَ أَشَارَ عَلَيْهِمَا بِأَمْرٍ لَهُمَا فِيهِ سَعَةٌ

''હઝરત ઉ઼રવા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઝુબેરે એક અન્સારી શખ્સથી હર્રાની નાલના બાબતે ઝઘડો કર્યો[૨]. તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું, હે ઝુબેર ! તમે પાણી લઈ લો પછી તમારા પડોશીની તરફ પાણી છોડી આપો[૩]. અન્સારીએ કહ્યું કે તે આપના ફોઈના દીકરા જે થયા ![૪] એના પર હુઝૂરના ચહેરાનો રંગ બદલાય ગયો[૫] પછી ફર્માવ્યું, હે ઝુબેર ! પાણી આપો પછી પાણી રોકી લો ત્યાં સુધી કે પાળી સુધી પરત થઈ જાય, પછી તમારા પડોશીની તરફ પાણી છોડી આપો[૬] એટલે કે હવે નબી કરીમ ﷺએ ઝુબેરને પોતાનો પૂરો હક્ક઼ લેવાનો સ્પષ્ટ હુકમ આપ્યો, જ્યારે કે અન્સારીએ આપને નારાજ કરી આપ્યા. જ્યારે કે હુઝૂર ﷺએ બંનેવને એ મશ્વરો આપ્યો હતો જેમાં બંનેના માટે ગુંજાઈશ હતી[૭].''

(મુસ્લિમ, બુખારી)

૧. આપ ઉરવા ઈબ્ને ઝુબેર ઈબ્ને અવામ છે. તાબઈ છે. મદીના મુનવ્વરાના સાત ફ઼કીહોમાંથી છે. આપનાં વાલિદા અસ્મા બિન્તે અબૂ બક્ર છે, અને ઝુબેર હઝરત સફિય્યહના ફરઝંદ છે. હઝરત સફિય્યહ બિન્તે અબ્દુલ મુત્તલિબ હુઝૂરે અન્વર ﷺના ફોઈ છે. હઝરત ઝુબેર સોળ વરસની ઉમરમાં ઈસ્લામ લાવ્યા. સૌ પ્રથમ અલ્લાહની રાહમાં તલ્વાર આપે ચલાવી. ઓહદના દિવસે હુઝૂરે અન્વર ﷺની પાસેથી ન હટયા. અમ્ર ઈબ્ને જરજૂઝે આપને ક઼ત્લ કર્યા. ૨૪ વરસ ઉમર પામી. હિ.સ. ૩૬માં જંગે સિફ઼્ફીનમાં શહીદ થયા. પ્રથમ વાદીએ સબામાં દફન કરવામાં આવ્યા. પછી ત્યાંથી બસરા તબદીલ કરી દેવામાં આવ્યા. આપની ક઼બ્ર લોકોની ઝિયારતગાહ છે. ફ઼કીરે (લેખકે) ઝિયારત કરી છે. (અઝ : મિર્ક઼ાત)

૨. પથરીલી જમીનને હર્રા કહે છે. કુદરતી પહાડી નાળીને શર્રાહ કહે છે. એ બંને સાહબોના ખેતરો સાથે સાથે હતાં જે એ નાળી વડે સીંચવામાં આવતાં હતાં. ઝઘડો થયો આગળ પાણી આપવાનો. અન્સારી કહેતા હતા પહેલાં હું પાણી આપુ, ઝુબેર કહેતા હતા પહેલાં હું આપુ.

૩. કેમ કે આપનુ ખેતર ઉપર હતું જે બાજુથી પાણી આવતુ હતું અને અન્સારીનું ખેતર નીચે વહેણની તરફ હતું અને ઉપરવાળો પ્રથમ પાણી પાય છે.

૪. એટલે કે આપે એ ફૈંસલામાં તેમની સગાઈના સંબંધનો લેહાઝ કર્યો છે. એટલે શરહકર્તાઓએ કહ્યું કે **એ શખ્સ અન્સારની ક़ૌમમાંથી હતો પણ મો'મિન ન હતો, ક્યાં તો યહૂદી હતો અથવા મુનાફિક़. પણ અગ્રતા એને છે કે હતો તો મુસલમાન પણ નવમુસ્લિમ હતો. બારગાહના આદાબથી બેખબર હતો એટલા માટે હુઝૂરે અન્વર ﷺ અથવા અન્ય સહાબાએ તેને કોઈ સજા ન આપી.** (મિર્ક़ાત) અશિઅ્હએ કહ્યું કે મુનાફિક़ જ હતો, જેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય કે એ અન્સાર ક़બીલાથી હતો પણ મુનાફિક़ હતો. ક़ત્લ એટલા માટે ન કરાવ્યો કે મુનાફિક़ો ક़ત્લ કરાવવામાં આવતા ન હતા. અલ્લાહ બેહતર જાણનાર છે.

૫. એટલે કે હુઝૂરે અન્વર ﷺને તેની આ વાતથી ઘણી જ તકલીફ થઈ, ત્યાં સુધી કે ચેહરએ અન્વર લાલ થઈ ગયો. મુનાફિક़ો, નાવાક़ેફોથી ઘણીવાર હુઝૂરે અન્વર ﷺ આવી વાતો સાંભળી લેતા હતા. તકલીફ થતી હતી પણ સબ્ર કરી લેતા હતા.

૬. પહેલાં તો કહ્યું હતું કે હે ઝુબેર ! તમારી જમીન તર કરીને અન્સારને પાણી આપી દો, હવે પૂરો હક્ક઼ ઝુબેરને અતા કર્યો કે પહેલાં તમે તમારા ખેતરને પાણી આપો, પછી એટલી વાર સુધી પાણી રોકી રાખો કે પાણી આસપાસની પાળી સુધી પહોંચી જાય અને ખેતર લબરેઝ (છલોછલ) થઈ જાય ત્યારે અન્સારીને આપજો.

૭. એટલે કે પહેલાં અન્સારીનો લેહાઝ કરવામાં આવ્યો હતો અને હઝરત ઝુબેરને હુસ્ને અખ્લાક़ની તા'લીમ આપવામાં આવી હતી, પણ જ્યારે અન્સારીએ એનાથી ફાયદો ન ઉઠાવ્યો, બલ્કે ઉલ્ટો નારાજ થઈ ગયો તો પછી દરેકને સંપૂર્ણ હક્ક઼ આપવામાં આવ્યો. પહેલાં ફઝ્લ હતો હવે અદ્લ. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે પોતાનો હક્ક઼ માફ કરી દેવો અને પોતાના મુજરિમને સજા ન આપવી એ સહાબાનો અખ્લાક़ તથા અખ્લાક़ે મુહ્મ્મદી છે. **બીજુ** એ કે ગુસ્સાની હાલતમાં ફૈંસલો કરવો હુઝૂર ﷺના માટે જાઈઝ હતું, આપણા માટે મના છે. કેમ કે આપ ગુસ્સામાં પણ હક્ક઼ જ ફર્માવતા હતા. **ત્રીજુ** એ કે જંગલ તથા વહેણનું પાણી કોઈની માલિકીનું નથી, દરેક વ્યક્તિ તેનાથી ફાયદો ઉઠાવી શકે છે. **ચોથુ** એ કે પાણી આપવામાં ક્રમ એ છે કે ઉપરવાળો પ્રથમ પાણી પાય, નીચેવાળો બાદમાં પાશે.

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બચેલી ઘાસ રોકો[૧].''

★ હદીષ : (૪)-૨૯૯૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تمنعوا فضل المَاء لتمنعوا بِهِ فضل الْكلأ»

★ આમ લોકોની ભલાઈ માટે છોડેલી જમીનની ઘાસમાં દરેકનો હિસ્સો ★

૧. એની શરહ (સમજૂતી) બાબે મમ્નૂઅ બયઅના પ્રથમ વિભાગમાં વર્ણન થઈ ચૂકી કે આમ લોકોની ભલાઈ

માટે છોડેલી જમીનની ઘાસ જે કાપવામાં ન આવી હોય તે દરેકનો હિસ્સો છે, એ જ પ્રમાણે એવા જંગલોનાં પાણી કોઈ શખ્સને જાઈઝ નથી કે એના પર કબજો જમાવે અને બીજાઓને એનાથી રોકે. હા ! કપાયેલી ઘાસ અને પોતાનાં વાસણોમાં ભરેલુ પાણી પોતાની માલિકીનાં છે.

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ત્રણ શખ્સ તે છે જેમનાથી કયામતના દિવસે અલ્લાહ ન વાત કરશે અને ન તેમને રહમતની નજરથી જોશે[૧] એક તે શખ્સ જે કોઈ સામાન પર કસમ ખાય કે મને પહેલાં એનાથી વધારે કિંમત મળતી રહી, જો કે હોય તે જૂઠો[૨]. અને એક તે શખ્સ જે અસર બાદ જૂઠી કસમ ખાય કે જેથી આ રીતે મુસલમાન માણસનો માલ મારે[૩] અને એક તે શખ્સ જે બચેલુ પાણી રોકે[૪] અલ્લાહ તઆલા ફર્માવશે કે આજે હું તારાથી મારો ફઝ્લ રોકુ છું જેવું કે તેં બચેલુ પાણી રોક્યું હતું જેને તારા હાથોએ ન બનાવ્યું હતું[૫] (મુસ્લિમ, બુખારી) અને હઝરત જાબિરની હદીષ મના વેપારોના પ્રકરણમાં વર્ણવી દેવામાં આવેલી છે."

★ હદીષ : (૫)-૨૯૯૫ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " ثَلَاثَةٌ لَا يُكَلِّمُهُمُ اللَّهُ يَوْمَ الْقِيَامَةِ وَلَا يَنْظُرُ إِلَيْهِمْ رَجُلٌ حَلَفَ عَلَى سِلْعَةٍ لَقَدْ أُعْطِيَ بِهَا أَكْثَرَ مِمَّا أُعْطِيَ وَهُوَ كَاذِبٌ وَرَجُلٌ حَلَفَ عَلَى يَمِينٍ كَاذِبَةٍ بَعْدَ الْعَصْرِ لِيَقْتَطِعَ بِهَا مَالَ رَجُلٍ مُسْلِمٍ وَرَجُلٌ مَنَعَ فَضْلَ مَاءٍ فَيَقُولُ اللَّهُ: الْيَوْمَ أَمْنَعُكَ فَضْلِي كَمَا مَنَعْتَ فَضْلَ مَاءٍ لم تعْمل يداك «وَذُكِرَ حَدِيثُ جَابِرٍ فِي» بَابِ الْمَنْهِيِّ عَنْهَا من الْبُيُوعِ

૧. કલામ (વાત)થી કલામે મહબ્બત (મહોબ્બતભરી વાત) મુરાદ છે, અને નજરથી રહમતની નજર. નહીં તો ગઝબની વાત અને કહેરની નજર તો કાફિરો પર પણ થશે.

★ જૂઠુ બોલવાથી તકદીર નથી બદલાઈ જતી ★

૨. આ બીમારી આમ દુકાનદારોને છે કે જ્યારે ગ્રાહક તેમના માલની કિંમત લગાડે છે તો કહે છે, રબની કસમ ! હમણા તમારાથી પહેલાં એક ગ્રાહક એનાથી વધારે પૈસા આપતો રહ્યો પણ મેં ન આપ્યું. અને સાચા એવા હોય છે કે જ્યારે ગ્રાહક ચાલ્યો જાય છે તો પુકારે છે, સારું એટલામાં જ લઈ લો ! યાદ રાખશો કે જૂઠુ બોલવાથી તકદીર નથી બદલાય જતી, બલ્કે અનુભવ એ છે કે સાચો દુકાનદાર ખૂબ કમાય છે.

૩. એની સ્થિતિ એ છે કે હાકિમને ત્યાં એક દાવો દાખલ થયો. દાવેદાર પાસે ગવાહ ન હતા પણ તે સાચો. મુદઈ અલૈહ (જેના પર દાવો હતો) તેને અસર બાદ કસમ ખાવાનું કહેવામાં આવ્યું. તે જૂઠી કસમ ખાઈ ગયો અને તેનો હક્ક મારી લીધો. અસર બાદની શરત એટલા માટે રાખી કે એ સમય દિવસ તથા રાતના ફરિશ્તાઓના ભેગા થવાનો છે. દિવસવાળાના જવાની અને રાતવાળાના આવવાની ઘડીઓ છે. એ વખતે અરબના કાફિરો પણ જૂઠી કસમ ખાતા ન હતા આ બેગૈરત (બેશરમ) મુસલમાન થઈને આ ગુનાહ પર દિલેરી કરી લે છે !

૪. એટલે આમ રસ્તા પર પાણી તેની જરૂરત કરતાં વધારે હોય છતાં તે મુસાફરો તથા જાનવરોને ન પીવા દે. જેથી આ હુકમથી એ લોકો બહાર છે જેઓ પાણી વેચીને પોતાનો ગુજારો કરે છે કે તે પાણી તેમના પોતાના કૂવાનું હોય છે અથવા દૂરથી લાવેલુ. જેમ કે અરબોની મંઝિલોમાં જોવામાં આવે છે.

૫. આ વાક્યમાં પણ ઈશારો એ તરફ છે કે પોતાનો ખોદેલો કૂવો અથવા પોતાનુ ભેગુ કરેલુ પાણી એક માલિકી છે જેને વેચવુ વિના કરાહતે જાઈઝ છે. يد થી મુરાદ કોશિશ તથા મહેનત છે.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૬)-૨૯૯૬ ★	*''હઝરત હસન رضی اللہ عنہ થી રિવાયત છે. તે હઝરત સમુરહથી તે નબી કરીમ ﷺથી રાવી. ફર્માવે છે ફર્માવ્યું, જે કોઈ જમીન પર ઘેરાવ કરે એ જમીન તેની થશે[૧].'' (અબૂ દાઉદ)*
عَنِ الْحَسَنِ عَنْ سَمُرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ أَحَاطَ حَائِطًا عَلَى الْأَرْضِ فَهُوَ لَهُ» . رَوَاهُ أَبُو دَاوُدَ	

૧. અહીં ارض થી મુરાદ છે ઉજ્જડ જમીન, જે ન કોઈની માલિકીની હોય ન આમ લોકોની ભલાઈ માટેની હોય. ઘેરાવથી મુરાદ પોતાના તથા પોતાનાં જાનવરોના રહેવાના મકાનના માટે ઘેરવું છે. એટલે કે જે શખ્સ માલિકી વિનાની જમીનમાં પોતાના મકાન અથવા તબેલા માટે દીવાલ ખેંચી લે તે જમીન તેની થશે. આ જ મઝહબ ઈમામ અહમદનો છે કે એમને ત્યાં કેવળ દીવાલ ખેંચી લેવી માલિકી માટે પૂરતુ છે. અન્ય ઈમામોને ત્યાં કેવળ દીવાલ ખેંચી લેવી પૂરતુ નથી. અહ્યા એટલે આબાદ કરવું જરૂરી છે એટલા માટે એ હઝરાત દીવાલથી મકાનની દીવાલ મુરાદ છે. અને يد થી મુરાદ ટેમ્પરરી માલિકીપણુ છે કે એવી જમીનમાં મકાન બનાવી લેનાર જ્યાં સુધી રહેશે જમીન હુકૂમતની રહેશે. (લમ્આત, અશિઅ્હ, મિર્કાત)

★ હદીષ : (૭)-૨૯૯૭ ★	*''હઝરત અસ્મા બિન્તે અબૂબક્રથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઝુબેરને ખજૂરનાં ઝાડ જાગીર રૂપે બખ્શ્યા[૧].'' (અબૂ દાઉદ)*
وَعَنْ أَسْمَاءَ بِنْتِ أَبِي بَكْرٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَقْطَعَ لِلزُّبَيْرِ نخيلا. رَوَاهُ أَبُو دَاوُد	

★ હુઝૂર ﷺએ હઝરત ઝુબેરને ખજૂરનાં ઝાડ જાગીર રૂપે બખ્શ્યાં ★

૧. اقطاع નો અર્થ છે કોઈને જમીનનો કિત્તો બખ્શવો, ક્યાં તો બિલ્કુલ માલિક કરીને અથવા ત્યાં રહેવા સહેવાની ઈજાઝત આપવી. અહીં પ્રથમ અર્થ મુરાદ છે અને نخيل થી મુરાદ નખ્લિસ્તાન છે, એટલે ઝાડ, ખજૂર વગેરે જમીન જાગીર રૂપે અતા કર્યા. એ બાગ ક્યાં તો એ ખમ્સથી હતો જે હુઝૂરે અન્વર ﷺની માલિકીનો હતો અથવા ઉજ્જડ જમીન હતી. હઝરત ઝુબેરે તેને આબાદ કર્યો. (લમ્આત, મિર્કાત)

ઘોડાની હદો સુધી જાગીર બખ્શી

★ હદીષ : (૮)-૨૯૯૮ ★	*''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ હઝરત ઝુબેરને તેમના ઘોડાની હદો સુધી જાગીર બખ્શી[૧] ઝુબેરે પોતાનો ઘોડો છોડયો, ત્યાં સુધી કે થોભી ગયો. પછી પોતાનો કોરડો ફેંકયો. હુઝૂરે ફર્માવ્યું, જ્યાં કોરડો પહોંચ્યો ત્યાં સુધીની*
وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَقْطَعَ لِلزُّبَيْرِ حُضْرَ فَرَسِهِ فَأَجْرَى فَرَسَهُ حَتَّى قَامَ ثُمَّ رَمَى بِسَوْطِهِ فَقَالَ: «أَعْطُوهُ مِنْ حَيْثُ بَلَغَ السَّوْطُ» . رَوَاهُ أَبُو دَاوُد	

જમીન એમને આપી દો[૨]." (અબૂ દાઉદ)

૧. حضر-ح (હઝર)હેના પેશ, ઝાદના સુકૂન (જઝમ)થી દોડના અર્થમાં. અહીં કેટલેક અંશે છુપુ છે, એટલે ઘોડાની દોડના જેટલુ. ઘોડો છોડો જ્યાં રોકાય જાય ત્યાં સુધીની જમીન તમારી.

૨. એટલે કે પહેલાં ઘોડો છોડયો, જ્યાં તે રોકાયો ત્યાંથી કોરડો ફેંકાવ્યો, જ્યાં કોરડો પહોંચ્યો ત્યાં સુધીની આ સર્વ જમીન હઝરત ઝુબેરને બખ્શી આપી. જાહેર એ છે કે બિલ્કુલ જ બખ્શી દીધી, માલિક બનાવી દીધા કે પેઢી દર પેઢી તેમની જ રહે. કેવળ રહેવા માટે ટેમ્પરરી નથી આપી. ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે જેવી રીતે બાદશાહ બયતુલ માલના રૂપિયા કોઈને આપી શકે છે એવી જ રીતે બયતુલ માલની જમીન પણ કોઈને બખ્શી શકે છે. એ જમીન બયતુલ માલની મિલ્કત હતી જે હુઝૂરે અન્વર ﷺએ હઝરત ઝુબેર رضی اللہ عنہ ને બખ્શી દીધી. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે જમીન ઉજજડ હતી જે હઝરત ઝુબેર رضی اللہ عنہ ને આબાદ કરવા માટે અતા થઈ. એટલા માટે સાહિબે મિશ્કાત (મિશ્કાતના કર્તા) આ હદીષ અહયાએ મવાતના પ્રકરણમાં લાવ્યા. બાદશાહ એલાન પણ કરી શકે છે કે જે જે જમીનને આબાદ કરે તે તેની છે અને આ રીતે બખ્શી પણ શકે છે, દરેક રીતે અખ્તયાર છે.

"હઝરત અલ્કમહ ઈબ્ને વાઈલ رضی اللہ عنہ થી રિવાયત છે, તે પોતાના પિતાથી રાવી[૧] કે નબી કરીમ ﷺએ તેમને હઝરત મૂતમાં અમુક જમીન જાગીર બખ્શી. ફર્માવે છે, મારી સાથે હઝરત મુઆવિયહને મોકલ્યા. ફર્માવ્યું, એ જમીન તેમને આપી આવો[૧]." (તિર્મિઝી, અબૂ દાઉદ)

★ હદીષ : (૯)-૨૯૯૯ ★

وَعَنْ عَلْقَمَةَ بْنِ وَائِلٍ عَنْ أَبِيهِ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَقْطَعَهُ أَرْضًا بِحَضْرَمَوْتَ قَالَ: فَأَرْسَلَ مَعِي مُعَاوِيَةَ قَالَ: «أَعْطِهَا إِيَّاه» . رَوَاهُ التِّرْمِذِيّ والدارمي

૧. અલ્કમહ તાબઈ છે. તેમના પિતા હઝરત વાઈલ ઈબ્ને હજર હઝરમી رضی اللہ عنہ સહાબી છે. એ યમનના શાહઝાદા હતા. તેમના બીજા સાહબઝાદા અબ્દુલ જબ્બાર છે. બંને તાબઈ છે. હઝરત વાઈલ ઈબ્ને હજર رضی اللہ عنہ ને હુઝૂરે અન્વર ﷺએ આ અતિયો આપ્યો.

૨. હઝરમૂત યમનનું મશહૂર શહેર છે. યમનવાસીઓના મૂળ વંશજ આમિરનો આ લકબ હતો, કેમ કે એ જે જંગમાં પહોંચી જતા ત્યાં લાશોના ઢગલા વળી જતા. એટલા માટે એમને હઝરમૂત કહેતા હતા. તેમણે આ શહેર આબાદ કર્યું તો શહેરનું નામ હઝરમૂત પડયું. અન્ય પણ ઘણા કારણો વર્ણવવામાં આવેલ છે. અને આ મુઆવિયહ્ ઈબ્ને અબૂ સુફયાન નથી, બલ્કે મુઆવિયહ ઈબ્ને હકમ સલ્લમી છે. કેમ કે મુઆવિયહ ઈબ્ને અબૂ સુફયાનનો ઈસ્લામ તો ફતહે મક્કામાં જાહેર થયો અને આ બનાવ ફતહે મક્કાના ઘણા પહેલાંનો છે (મિર્કાત) એનાથી જાણવા મળ્યું કે કોઈને કબજો આપવા અને લેવા વકીલ કરી શકીએ છીએ.

"હઝરત અબ્યઝ ઈબ્ને હમ્માલ મારિબી رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે તે પ્રતિનિધિરૂપે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા તો તેમણે હુઝૂર ﷺથી મારિબના નમકની ખાણની જાગીર માગી[૨] હુઝૂર ﷺએ તેમને તે જાગીર અતા કરી આપી. જ્યારે

★ હદીષ : (૧૦)-3000 ★

وَعَنِ أَبْيَضَ بْنِ حَمَّالٍ الْمَأْرِبِيِّ: أَنَّهُ وَفَدَ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَسْتَقْطَعَهُ الْمِلْحَ الَّذِي بِمَأْرِبَ فَأَقْطَعَهُ إِيَّاهُ فَلَمَّا وَلَّى قَالَ رَجُلٌ: يَا رَسُولَ اللَّهِ إِنَّمَا

أَقْطَعْتَ لَهُ الْمَاءَ الْعِدَّ قَالَ: فَرَجَّعَهُ مِنْهُ قَالَ: وَسَأَلَهُ مَاذَا يحمى من الْأَرَاك؟ قَالَ: «مَا لَمْ تَنَلْهُ أَخْفَافُ الْإِبِلِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَه والدارمي

તે ચાલ્યા ગયા તો કોઈ શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ આપે તો તેને પાણીનો ચશ્મા (ઝરણુ) જાગીર આપી દીધું[૩] ફર્માવે છે, ત્યારે હુઝૂર ﷺ એ તે તેમનાથી પરત લઈ લીધું[૪]. રાવી ફર્માવે છે કે તેમણે હુઝૂર ﷺ ને પૂછયું કે કેટલા પ્રમાણમાં પીલુડીના ઝાડોવાળી જમીન (ક્યાં સુધી ઘેરવામાં આવે.) ચરાગાહ બનાવી શકાય છે? જ્યાં સુધી ઊંટોની ખરીઓ ન પહોંચે[૫]." (તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)

૧. એમનુ નામ પહેલાં અસ્વદ હતું, હુઝૂર ﷺએ અબ્યઝ રાખ્યું. મારિબ યમનના ઈલાકા સન્આનું મશહૂર શહેર છે જ્યાં મીઠુ પુષ્કળ પ્રમાણમાં પેદા થાય છે.

૨. એટલે અર્ઝ કરી કે મને ત્યાનું નમક એનાયત કરી આપો કે હું તેનો વેપાર કરીને ગુજારો કરું.

૩. આ અર્ઝ કરનાર અકૃરઅ ઈબ્ને હાબિસ તમીમી છે અથવા અબ્બાસ ઈબ્ને મરદાસ. આપે સમજ્યું હતું કે ત્યાં નમક (મીઠુ) પહાડી હશે જે ખૂબ જ મુશ્કેલીથી ખોદીને કાઢવામાં આવતુ હશે, એટલા માટે તે જાગીર રૂપે અર્પણ કરી આપ્યું. એ સાહબે અર્ઝ કરી કે એ તો ઝરણુ છે જેનાથી વિના તકલીફે મીઠુ બને છે. ત્યાં પાણીનું ઝરણુ છે જે કદી ખત્મ નથી થતું. عِدّ ના ઝેરથી અર્થ : નફાના માટે તૈયાર કરેલી ચીજ. મતલબ એ હતો કે એ મીઠાનો ઝખીરો આમ લોકોના ફાયદાની ચીજ છે, એકની મિલ્કત બની જવાથી સૌને તકલીફ થઈ જશે.

૪. આનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે બાદશાહ ભીતરની ખાણોને જાગીર રૂપે આપી શકે છે, જેમ કે પહાડી મીઠાનુ તેલ, ફીરોઝા અને ગંધક વગેરેની ખાણો. જાહેરી ખાણો જેમ કે પાણીનું નમક (મીઠુ) વગેરે કોઈને જાગીર રૂપે નથી આપી શકતા, કે એ પાણી, ઘાસ વગેરેની જેમ આમ લોકોની ભલાઈની ચીજો છે. એ એકની માલિકીમાં જવાથી સૌને તકલીફ થઈ જશે. **બીજુ** એ કે હાકિમ પોતાના ફૈસલાને રદ પણ કરી શકે છે અને એમાં ફેરફાર પણ કરી શકે છે અને હાકિમના ફૈસલાની અપીલ પણ કરી શકાય છે.

૫. એટલે વસ્તીની આસપાસની તે જમીનો જેની વસ્તીવાળાઓને જરૂરત રહે છે અને જ્યાં સુધી તેમનાં જાનવર ચરવા ફરવા આવે છે ત્યાં સુધીની જમીન મવાત (ઉજજડ) નથી અને ન તેને કોઈ આબાદ કરીને માલિક બની શકે છે કે એનાથી સૌને તકલીફ થઈ જશે. એ જમીનો જે શહેરથી દૂર હોય તે કોઈની મિલ્કત ન હોય, આમ લોકોની ભલાઈની ન હોય તે ઉજજડ છે અને તેને આબાદ કરવું જાઈઝ છે

મુસલમાન ત્રણ ચીજોમાં શરીક છે

★ **હદીષ : (૧૧)-3001** ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " الْمُسْلِمُونَ شُرَكَاءُ فِي ثَلَاث: الْمَاءِ وَالْكَلَأِ وَالنَّارِ ". رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَه

"હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે મુસલમાન ત્રણ ચીજોમાં શરીક છે. પાણી ઘાસ તથા આગમાં[૧]." (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. અહીં પાણીથી તે પાણી મુરાદ છે જે ન કોઈની મહેનતથી હાંસલ થયું હોય, ન કોઈના વાસણમાં ભરેલુ હોય, જેમ કે જંગલ, વરસાદ, પુરનું પાણી, પણ પોતાની નહેર, ખાડા તથા નીકનું પાણી એનાથી અલગ છે. એ જ પ્રમાણે ઘાસથી તે ઘાસ મુરાદ છે જે બિન માલિકીની જમીનમાં ઉભી હોય, પોતાની માલિકીની જમીનની ઘાસ. એ જ પ્રમાણે તે ઘાસ જે કાપીને પોતાના ઘરમાં રાખી લીધી તે માલિકીની છે. આગથી મુરાદ એ છે કે કોઈ શખ્સને પોતાના દીવાની રોશનીમાં બેસવાથી, આગ તાપવાથી નથી રોકી શકતા. એ જ પ્રમાણે પોતાની દીવાની જ્યોતથી બીજાને દીવો સળગાવવાથી મના નથી કરી શકતા. અમુકે કહ્યું, કે આગથી મુરાદ ચકમક ઝરતો પથ્થર છે, જેથી દરેક શખ્સ પોતાની આગથી ચિન્ગારી લેવાથી મના કરી શકે છે કે એ એની જ માલિકીની ચીજ છે અને એનાથી આમ ઓછી પણ થઈ જાય છે. (મિર્કાત, અશિઅહ)

''હઝરત અસ્મર ઈબ્ને મુજર્રસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, હું નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો. મેં હુઝૂર ﷺ થી બયઅત કરી. આપે ફર્માવ્યું, જે એવા પાણી પર કબજો કરે જેના સુધી કોઈ મુસલમાનનો કબજો ન પહોંચ્યો હોય તો એનો જ છે[૧].'' (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૨)-૩૦૦૨ ★

وَعَنْ أَسْمَرَ بْنِ مُضَرِّسٍ قَالَ: أَتَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَبَايَعْتُهُ فَقَالَ: «مَنْ سَبَقَ إِلَى مَاءٍ لَمْ يَسْبِقْهُ إِلَيْهِ مُسْلِمٌ فَهُوَ لَهُ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. આ હદીષ અગાઉ વર્ણવેલી હદીષની શરહ છે. તેણે બતાવ્યું કે બિન માલિકીની ચીજ પર જો કોઈ કબજો કરે તો તે કબજેદાર એનો માલિક وَعَنْ طَاوُسٍ مُرْسَلًا: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ંગલી ઝાડોનાં ફળ, જંગલનું પાણી, બિન માલિકીની જમીનના ઉગેલા ઘાસ, જંગલી ઝાડના લાકડાં, વગેરે, વગેરે એનાથી આ જે કોઈની મિલ્કત બની ચૂકી હોય એના પર માલિકી નથી થઈ શકતી.

પુરાણી ગૈર માલિકીની જમીનો અલ્લાહ વ રસૂલની છે

''હઝરત તાઉસ رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ઈરસાલન્ કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું જે ઉજજડ ગૈર આબાદ જમીનને આબાદ કરે તો તે જમીન તેની જ છે[૨]. અને પુરાણી ગૈર માલિકીની જમીનો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ની છે[૩] પછી મારા તરફથી તે તમારી છે[૪]. (શાફઈ)

અને શરહે સુન્નહમાં છે કે નબી કરીમ ﷺ એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ને મદીના મુનવ્વરામાં મકાનો જાગીરરૂપે બખ્શિશ કર્યા, જે અન્સારની આબાદીના મકાનો અને બાગની દરમિયાન હતાં[૫] તો અબ્દુલ્લાહ ઈબ્ને ઝહરાના ખાનદાને કહ્યું[૬] હુઝૂર! અમારાથી ઉમ્મે અબ્દના પુત્રને

★ હદીષ : (૧૩)-૩૦૦૩ ★

وَعَنْ طَاوُسٍ مُرْسَلًا: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «من أحيى مَوَاتًا مِنَ الْأَرْضِ فَهُوَ لَهُ وَعَادِيُّ الْأَرْضِ لِلَّهِ وَرَسُولِهِ ثُمَّ هِيَ لَكُمْ مِنِّي» . رَوَاهُ الشَّافِعِي

★ હદીષ : (૧૪)-૩૦૦૪ ★

وَرُوِيَ فِي «شَرْحِ السُّنَّةِ» : أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَقْطَعَ لِعَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ الدُّورَ بِالْمَدِينَةِ وَهِيَ بَيْنَ ظَهْرَانَيْ عِمَارَةِ الْأَنْصَارِ مِنَ الْمَنَازِلِ وَالنَّخْلِ فَقَالَ بَنُو عَبْدِ بن زهرَة: نكتب عَنَّا ابْنَ أُمِّ عَبْدٍ فَقَالَ لَهُمْ رَسُولُ الله: «فَلِمَ ابْتَعَتَنِي اللَّهُ إِذًا؟ إِنَّ اللَّهَ لَا يُقَدِّسُ أُمَّةً لَا يُؤْخَذُ لِلضَّعِيفِ فِيهِمْ حَقُّهُ»

દૂર કરો[૬] તેમને રસૂલુલ્લાહ ﷺએ જવાબ આપ્યો કે પછી મને અલ્લાહ તઆલાએ શા માટે મોકલ્યો છે ?[૮] અલ્લાહ એ જમાઅતને પાક નથી કરતો જેમાં કમજોરનો હક્ક ન લેવામાં આવે[૯]."

૧. આપ તાઉસ ઈબ્ને કેસાન ખોલાની હમ્દાની છે. ઈરાનવાળાઓમાંથી છે. ઈલ્મ તથા અમલમાં ખૂબ જ કામિલ છે. તાબઈ છે. ષિક્હ છે. હિ.સ. ૧૫૦માં મક્કા મુકર્રમામાં વફાત પામ્યા. આપે સહાબાની જમાઅત رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી હદીષો લીધી અને આપથી ઈમામ ઝુહરી જેવા બુઝુર્ગોએ હદીષો કબૂલ કરી. અમ્ર ઈબ્ને દીનાર કહે છે કે મેં તાઉસ જેવો આલિમ તથા આમિલ નથી જોયો. (મિર્કાત)

૨. એની શરહ વર્ણન થઈ ચૂકી. આમ લોકોની ભલાઈની તથા માલિકીની જમીન સિવાય અન્ય જમીનો જો ઈસ્લામી બાદશાહની ઈજાઝતથી આબાદ કરી લેવામાં આવે તો તે આબાદ કરનારની થઈ જશે.

૩. عادى عادથી બન્યું જે એક કૌમનું નામ છે આદ, ષમૂદ. આદીનો અર્થ છે, આદવાળી જમીન, મુરાદ છે પૂરાણી જમીન જે કોઈના કબજામાં ન હોય. આદ ઘણી જ પૂરાણી કૌમ છે. એ જમીન અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની માલિકીની છે કે હુઝૂરે અન્વર ﷺ જેને ચાહે એમાં અધિકાર આપે, જેને ચાહે બખ્શે. અલ્લાહનો ઝિક્ર બરકતના માટે છે, હકીકતમાં હુઝૂરે અન્વર ﷺની માલિકીની છે. (મિર્કાત)

૪. એમાં નિર્દેશરૂપે હનફી મઝહબનું સમર્થન છે કે એવી જમીનો સુલ્તાનની માલિકીની હોય છે. જે કોઈ સુલ્તાનની ઈજાઝતથી એમને આબાદ કરે તે એમનો માલિક થશે, ઈજાઝત વિના નહીં. આ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો કૌલ છે.

૫. દૂરથી મુરાદ સફેદ જમીન છે જેના પર મકાનો બની શકે. કેમ કે ભાવિમાં એના પર ઈમારત બનવાની હતી એટલા માટે એને દૂર કરવા કહેવામાં આવ્યું. અમુક શરહકર્તાઓએ કહ્યું કે, હુઝૂરે અન્વર ﷺએ એ જમીન હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہને આરિયતન (ઉછીના પેટે) આપી હતી, પણ એ ગલત છે કેમ કે આપના બાદ આપનાં પત્ની એટલે ઈબ્ને મસ્ઊદનાં પત્ની એ મકાનનાં વારસ થયાં. ઉછીનામાં વારસાપણુ લાગુ નથી પડતુ. એનાથી જાણવા મળ્યું કે શહેરની છોડેલી અને કોઈની માલિકી વિનાની જમીન પણ સુલ્તાન જાગીરરૂપે કોઈને આપી શકે છે. એનાથી ઘણા મસાઈલ પ્રાપ્ત થઈ શકે છે. (મિર્કાત તથા લમ્આત)

૬. બનૂ અબ્દુલ્લાહ ઈબ્ને ઝહરા કુરેશનું એક ખાનદાન છે. એ જ ખાનદાનથી હઝરત ખાતૂન વાલિદા જનાબે મુસ્તફા ﷺ પણ છે. એ લોકો મદીનામાં મુહાજિર હતા.

૭. تَكْبِ تنكيبનો અમ્ર છે જેની અસલ نكوب છે, અર્થ અલાહિદગી તથા એકાગ્રતા. ઉમ્મે અબ્દ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનાં વાલિદાનું નામ શરીફ છે. એટલે કે અમને હઝરત ઈબ્ને મસ્ઊદની નઝદીકી મંજૂર નથી, હુઝૂરે અન્વર ﷺ એમનાથી આ જાગીર પરત લઈ લે અને કોઈ બીજી જગાએ જમીન અર્પણ કરે.

૮. એટલે કે જો તમે આપવા ન આપવાના, કોઈને પાસે વસાવવા ન વસાવવાના આમ મુખ્તાર હોવ તો મારું આવવું બેકાર છે. નહીં ! બલ્કે અમે જે કહીશું એના પર અમલ કરવો પડશે.

★ કમજોર કૌમનો હક્ક જોરાવરથી ન લેવામાં આવે તે કૌમ બર્બાદીને પાત્ર ★

૯. એટલે કે જે કમજોર કૌમનો હક્ક જોરાવરથી ન લેવામાં આવે તે કૌમ બર્બાદીને પાત્ર છે. હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ મિસ્કીન ઝઈફ (કમજોર) છે, તમારી જમાઅત મજબૂત છે. જો તમારા જથ્થાનો લેહાઝ રાખીને એક કમજોરને ત્યાંથી હટાવી દેવામાં આવે તો એ જુલ્મ છે.

''અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી કે રસૂલુલ્લાહ ﷺએ મહઝૂરના (રોકેલા) પાણીના સંબંધે એ ફૈસલો કર્યો[૧] કે અહીં સુધી પાણી આવવા દેવામાં આવે કે ઘૂંટીએ પહોંચી જાય અને ઉપરવાળો નીચેની તરફ છોડી આપે[૨].''

(અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

ઉતરતી જમીનમાં પાણીના વિતરણ વિશે

★ હદીષ : (૧૫)-૩૦૫ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَضَى فِي السَّيْلِ الْمَهْزُورِ أَنْ يُمْسَكَ حَتَّى يَبْلُغَ الْكَعْبَيْنِ ثُمَّ يُرْسَلَ الْأَعْلَى عَلَى الْأَسْفَلِ.رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

૧. મહઝૂર મદીના મુનવ્વરાના એક જંગલનું નામ છે પણ એ વાદીયે જબલે યષરબના મેદાનમાં છે. એ અલગ વાદી છે તે અલગ વાદીયે મહઝૂર છે. ''રે''થી મહઝૂર અલમ છે એટલા માટે એના પર અલિફ લામ ન આવવો જોઈતો હતો, પણ અહીં વસ્ફી અર્થમાં છે એટલા માટે અલિફ લામ આવી ગયો. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં અલિફ લામ વિના છે.

૨. એટલે એ પાણી વડે સર્વ ખેતરોવાળા પોતાની જમીનને પીવડાવે. ક્રમ એ રહેશે કે ઉપરવાળો પ્રથમ પાણીથી લે અને નીચેવાળો બાદમાં. અને ઉપરવાળો એટલુ પાણી લે કે ઘૂંટી ઘૂંટી સુધી પાણી થઈ જાય પછી નીચેવાળાની તરફ છોડી આપે. આ ક્રમ તથા માત્રા ખૂબ જ યોગ્ય છે જેને ખેડૂતો સારી રીતે સમજે છે.

''હઝરત સમુરહ ઈબ્ને જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક અન્સારીના બાગમાં એમનો એક ખજૂર દસ્તો (ડાળ) હતો[૧] બાગના માલિક સાથે તેના ઘરવાળાં પણ હતાં. જ્યારે હઝરત સમુરહ બાગમાં જતા તો માલિકને તકલીફ થતી[૨] તે નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયા અને આ બાબત હુઝૂરને અર્ઝ કરી. નબી કરીમ ﷺએ સમુરહથી માગણી કરી કે સમુરહ તેને વેચી દે[૩] તેમણે ઈન્કાર કર્યો તો ફર્માવ્યું, અદલા બદલી કરી લો. તેમણે નકાર્યું. ફર્માવ્યું, તેને ભેટ આપી દો તો તમને આવો સવાબ મળશે. એનું તેમને આકર્ષણ અપાવ્યું પણ તેમણે ના પાડી[૪] ત્યારે ફર્માવ્યું, તમે તકલીફ આપવા ચાહો છો. અન્સારીને હુકમ આપ્યો, જાવ! એમનુ ઝાડ કાપી નાખો[૫]. (અબૂ

★ હદીષ : (૧૬)-૩૦૬ ★

وَعَنْ سَمُرَةَ بْنِ جُنْدُب: أَنَّهُ كَانَتْ لَهُ عضد من نخل فِي حَائِطِ رَجُلٍ مِنَ الْأَنْصَارِ وَمَعَ الرَّجُلِ أَهْلُهُ فَكَانَ سَمُرَةُ يَدْخُلُ عَلَيْهِ فَيَتَأَذَّى بِهِ فَأتى النَّبِي صلى الله عَلَيْهِ وَسلم فذكر ذلك لَهُ فَطَلَبَ إِلَيْهِ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم ليَبِيعهُ فَأبى فَطلب أَن يناقله فَأَبَى قَالَ: «فَهَبْهُ لَهُ وَلَكَ كَذَا» أَمْرًا رَغْبَةً فِيهِ فَأَبَى فَقَالَ: «أَنْتَ مُضَارٌّ» فَقَالَ لِلْأَنْصَارِيِّ: «اذْهَبْ فَاقْطَعْ نَخْلَهُ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَذكر حَدِيث جَابر: «من أحيى أَرضًا» فِي «بَاب الْغَصْب» بِرِوَايَةِ سَعِيدِ بْنِ زَيْدٍ. وَسَنَذْكُرُ حَدِيثَ أَبِي صِرْمَةَ: «مَنْ ضَارَّ أَضَرَّ اللَّهُ بِهِ» فِي «بَاب مَا يُنْهِي من التهاجر»

દાઉદ) હઝરત જાબિરની હદીષ કે જે જમીન આબાદ કરે.... બાબે ગસબમાં સઈદ ઈબ્ને ઝયદની રિવાયતથી ઝિક્ર કરી દેવામાં આવી અને અબૂ સિર્માની હદીષ કે જે નુકસાન આપે અલ્લાહ તેને નુકસાન આપશે. આ પ્રકરણમાં વર્ણન પામશે કે તઅલ્લુક્ મના છે.''

૧. عضد અને દાલના ઝબરથી અથવા દ્વાદના પેશથી. ખજૂરની તે ડાળી જેના સુધી હાથ પહોંચી જાય અને તેનાં ફળ હાથથી તોડી શકાય. એટલે એમના ખજૂરની એક ડાળ તેમના પડોશી અન્સારીના બાગમાં પહોંચી ગઈ હતી જેના લીધે તેમને એ બાગમાં જવાનુ થતુ હતું.

૨. એટલે કે હઝરત સમુરહ પોતાની તે ડાળનાં ફળ લેવા તેના બાગમાં જતા હતા તો બાગના માલિકને બેપર્દગી વગેરેના કારણે તકલીફ થતી હતી.

★ દાવેદારના સામા પક્ષનું બયાન લીધા વિના ફૈસલો ન કરવામાં આવે ★

૩. طلب પછી ل થી માલૂમ પડે છે કે હુઝૂરે અન્વર ﷺએ હઝરત સમુરહને તેમના ઘરેથી પોતાની બારગાહે આલીમાં બોલાવ્યા. ليبيعه માં લામ બોલાવવાની ઈલ્લત છે. એટલે, એટલા માટે બોલાવ્યા કે હઝરત સમુરહ એ ખજૂરનું ઝાડ અથવા તેની ડાળ જે અન્સારીના બાગમાં હતી તેને એ અન્સારીના હાથે વેચી આપે જેથી તે અન્સારી એ ડાળી કાપી નાખે અને તેમની અવર જવર બંધ થઈ જાય. એટલા માટે ન વેચે કે અન્સારી એ ડાળથી ફળ ખાયા કરે, કે એ મના છે. આ પરથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે મુદ્દઈ અલૈહ (દાવેદારના સામેવાળા)નું બયાન લીધા વિના ફૈસલો ન કરવો જોઈએ. **બીજુ** એ કે દાવેદારના સામેવાળા (મુદ્દઈ અલૈહ)ની પાસે સમ્મન (વોરંટ) મોકલવું, તેનું પાલન કરાવવું સુન્નતથી સાબિત છે. એની અસ્લ (દલીલ) આ જ હદીષ છે.

★ હુઝૂર ﷺના હુકમનુ પાલન હર હાલતમાં અનિવાર્ય ★

૪. એટલે કે પ્રથમ તો હુઝૂરે અન્વાર ﷺએ ફર્માવ્યું કે પોતાના પડોશી અન્સારીથી કિંમત લઈને તે ડાળી તેના હાથે વેચી દો. અને ના પાડવા પર ફર્માવ્યું કે જન્નત લઈ લો અને એ ડાળી તેને આમ જ વિના કિંમતે આપી દો. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે હુઝૂરે અન્વર ﷺના મશ્વરા પર અમલ કરવો બેહતર છે અને ન કરવો જાઈઝ છે, પણ હુકમે મુસ્તફા ﷺનું આજ્ઞાપાલન દરેક હાલતમાં અનિવાર્ય છે. એ હુકમ ન હતો પણ મશ્વરો હતો.

★ હુઝૂર ﷺ જન્નતના રબની અતાથી માલિક છે ★

બીજુ એ કે હુઝૂરે અન્વર ﷺ જન્નતના માલિક છે, રબના હુકમથી જેને ચાહે બખ્શે. જુઓ ! હઝરત સમુરહને કેવળ એક ખજૂરની ડાળના બદલામાં જન્નતનો બાગ અતા કરી રહ્યા છે. આ છે સલ્તનતે મુસ્તફા ! ﷺ એની તેહકીક્ અમારી કિતાબ ''સલ્તનતે મુસ્તફા'' ﷺમાં જુઓ. (ગુજરાતીમાં દયાદરાના સરનામે મળશે. –અનુવાદક)

★ હાકિમને પ્રજાના માલમાં હેરફેર કરવાનો હક્ક ★

૫. આના પરથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે હાકિમને પ્રજાના માલમાં હેરફેર કરવાનો હક્ક છે, ન્યાય સ્થાપિત કરવા માટે. જુઓ, હઝરત સમુરહના ઝાડની ડાળ તે અન્સાર પર તકલીફ તથા જુલ્મનો સબબ હતી તો હુઝૂરે અન્વર ﷺએ તેમની રઝામંદી વિના તેને કાપી નાખવાનો હુકમ આપી દીધો. પણ અન્સારીને કેવળ કાપી નાખવાનો જ હુકમ આપી દીધો એ ડાળની લાકડી તથા ફળ હઝરત સમુરહના રહેશે, તે અન્સારી ન લઈ શકશે. **બીજુ** એ કે સહાબાએ કિરામ હઝરાત અખ્લાક તથા સભ્યતા (મુરવ્વત) ક્રમે ક્રમે શીખ્યા. સ્કૂલે પહોંચતાં જ બી.એ. પાસ નથી કરી લેતા. હજી હઝરત સમુરહ નવા નવા બારગાહે રિસાલતની હાજરી મુશર્રફ થયા હતા. આદાબથી પૂર્ણપણે વાકેફ ન હતા. પછી આ જ સહાબાએ કિરામ હુઝૂર ﷺના ઈશારાઓ પર જાન નિછાવર કરતા હતા. જેથી આ હદીષથી સહાબાની નાફર્માની સાબિત નથી થઈ શકતી.

૬. એટલે મસાબીહમાં એ બંનેવ હદીષો આ જગાએ હતી. અમે મુનાસિબતનો લેહાઝ રાખતાં એક હદીષ તો પાછળ વર્ણન કરી આપી અને બીજી હદીષ આગળ જતાં વર્ણવીશું.

(વિભાગ : 3) الفصل الثالث

તે કઈ ચીજ છે જેનું મના કરવું જાઈઝ નથી ?

★ હદીષ : (૧૭)-૩૦૦૭ ★

عَن عَائِشَةَ أَنَّهَا قَالَتْ: يَا رَسُولَ اللَّهِ مَا الشَّيْءُ الَّذِي لَا يَحِلُّ مَنْعُهُ؟ قَالَ: «الْمَاءُ وَالْمِلْحُ وَالنَّار» قَالَت: قلت: يَا رَسُول الله هَذَا الْمَاءُ قَدْ عَرَفْنَاهُ فَمَا بَالُ الْمِلْحِ وَالنَّارِ؟ قَالَ: «يَا حميراء أَمن أَعْطَى نَارًا فَكَأَنَّمَا تَصَدَّقَ بجَمِيعِ مَا أَنْضَجَتْ تِلْكَ النَّارُ وَمَنْ أَعْطَى مِلْحًا فَكَأَنَّمَا تَصَدَّقَ بِجَمِيعِ مَا طَيَّبَتْ تِلْكَ الْمِلْحُ وَمَنْ سَقَى مُسْلِمًا شَرْبَةً مِنْ مَاءٍ حَيْثُ يُوجَدُ الْمَاءُ فَكَأَنَّمَا أَعْتَقَ رَقَبَةً وَمَنْ سَقَى مُسْلِمًا شَرْبَةً مِنْ مَاءٍ حَيْثُ لَا يُوجَدُ الْمَاءُ فَكَأَنَّمَا أَحْيَاهَا» . رَوَاهُ ابْنُ مَاجَهْ

(હદીષ : ૩૦૦૭) : *''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કઈ ચીજ છે જેની ના પાડવી હલાલ નથી ?[૧] ફર્માવ્યું, પાણી, નમક તથા આગ[૨]. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ પાણીને તો અમે સમજી ગયા પણ નમક તથા આગનો આ હુકમ શાથી છે ?[૩] ફર્માવ્યું, હે હુમૈરા ![૪] જેણે કોઈને આગ આપી તેને જાણે તે આગથી પકાવેલું સર્વ ખાણુ ખૈરાત કર્યું અને જેણે કોઈને નમક (મીઠુ) આપ્યું તેણે જાણે સર્વ તે ખાણુ ખૈરાત કર્યું જેને મીઠાએ સ્વાદિષ્ટ બનાવ્યું[૫]. અને જેણે કોઈ મુસલમાનને એક ઘૂંટડો પાણી ત્યાં પીવડાવ્યું જ્યાં પાણી આમ (સામાન્યપણે) મળે છે તેણે જાણે ગુલામ આઝાદ કર્યો અને જેણે મુસલમાનને ત્યાં એક ઘૂંટડો પાણી પીવડાવ્યું જ્યાં ન મળતુ હોય તેણે જાણે તેને જિંદગી બખ્શી[૬].'' (ઈબ્ને માજહ)*

૧. કદાચ ઉમ્મુલ મો'મિનીન આ આયતે કરીમાની તફસીર પૂછી રહી છે કે : وَيَمْنَعُوْنَ الْمَاعُوْنَ (અને વાપરવાની વસ્તુ માગવા છતાં આપતા નથી. સૂરએ માઊન, ૧૦૭/૭) અને અર્ઝ કરી રહ્યાં છે કે ماعون શું ચીજ છે જેને મના

કરવું બુરુ છે.

★ વસ્તુ આપવામાં માત્રા ન જુઓ બલ્કે તેનો સવાબ જુઓ ★

૨. પાણીથી મુરાદ તે એક ગ્લાસ પાણી છે જેનાથી તરસ્યાની તરસ છીપાઈ શકે અને પોતાની જરૂરત કરતાં અધિક હોય. મીઠાથી પણ એ જ મુરાદ છે કે એકાદ હાંડલીનું મીઠુ કોઈને આપી દેવું જ્યારે પોતાની પાસે જરૂરતથી વધુ હોય. આગથી મુરાદ પણ તે આગ છે જે એકાદ ચિન્ગારી કોઈને આપી દેવામાં આવે જેનાથી તે પોતાને ત્યાં આગ રોશન કરે. આ ચીજોને આપવામાં આપણુ કોઈ નુકસાન નથી થતું બીજાનુ ભલુ થઈ જાય છે. તેની જરૂરત પૂર્ણ થઈ જાય છે. આપનારને બેહિસાબ અજ્ર (સવાબ) મળી જાય છે.

૩. એટલે કે પાણી એક કિંમત વિનાની ચીજ છે પણ તેનાથી બીજાની જાય છે, એટલા માટે એનું મના કરવું ખરેખર બુરુ છે, પણ નમક (મીઠુ) તથા આગનો તે એ હાલ નથી, કેમ કે નમક તથા આગ પર પૈસા ખરચ થાય છે અને તેના સાથે બીજાની જિંદગી સંબંધિત નથી.

૪. حميرااحمر નું છે જેનો માદા حمرة છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે જે હદીષોમાં بأحمكراء છે તે મોટાભાગે મૌઝૂઅ (બનાવટી) છે.

૫. એટલે કે આ મસાઈલમાં પોતાના કયાસ ન લગાડો કે નમક તથા આગ કિંમતી ચીજ છે અને એના પર બીજાની જિંદગી નિર્ભર નથી બલ્કે એ અજ્ર (સવાબ)ને જુઓ જે રબ તઆલા આ મામૂલી ખૈરાત પર અતા કરે છે. આ મામૂલી ખૈરાતથી દૂર રહીને આટલા મોટા અજ્રથી મેહરૂમ રહી જવું બુદ્ધિની વાત નથી. રબ તઆલાની અતાઓ આપણા ખયાલ તથા વહેમ તથા સમજથી પર છે.

૬. આ ફર્માને આલીનો અનુભવ તેને હશે જેણે કદી ઈરાક તથા નજ્દના રણોનો નઝારો કર્યો હોય. ત્યાં એક ગ્લાસ પાણીની કિંમત એક જાન છે. અમુક પ્રસંગ ફકીરે (લેખકે) એવા જોયા જ્યાં ફકીર તથા સાઈલને પાંચ રૂપિયા ખૈરાત આપવાની તે ખુશી નથી થતી જે એક પ્યાલો પાણી આપવાથી ખુશી થાય છે. ખરેખર એક પ્યાલો પાણી એક જાન બચાવી લે. એની તફસીલ અમારી કિતાબ "સફરનામા"માં જુઓ.

બાબુલ અ़તાયા[૧] باب العطايا

(બખ્શિશો વિશે પ્રકરણ)

(વિભાગ : ૧) الفصل الاول

૧. કોઈ મોટાનું પોતાના નાનાને વિના બદલામાં કાંઈ આપવું **અ़તિયા** કહેવાય છે. અને નાનાનું મોટાને કાંઈક આપવું **નઝરાણુ** અને બરાબરનાનુ બરાબરવાળાને આપવું **હેબા (ભેટ)** કહેવાય છે. અ़તિયા ઘણા પ્રકારના છે : ઉમરી, રક़બી, જાએઝા ઈન્આમ, સુલ્તાની બખ્શિશ, માબાપનું પોતાની ઔલાદને કાંઈક આપવું વગેરે, એટલા માટે "અ़તાયા" બહુવચન વર્ણવ્યું. ઉલમા ફર્માવે છે કે સુલ્તાની અ़તિયા क़બૂલ કરવા આલિમ, જાહિલ, ફ़કીર, ગની દરેક માટે જાઈઝ છે કે જો કે સુલ્તાની માલો સામાન્યતઃ હરામ તથા હલાલથી મિશ્ર હોય છે પણ મિશ્ર માલને કબૂલ કરવું, દા'વતનું ખાવુ દુરુસ્ત છે. નબી કરીમ ﷺએ શાહે ઈસ્કંદર્યા, મક़ૂક़સ વગેરેના હદિયા, તોહફ़ા, क़બૂલ કર્યા, મદીનાના યહૂદીઓથી કરજ લીધું, જ્યારે કે એમના વિશે રબ તઆલા ફર્માવે છે : اَكّٰلُوْنَ لِلسُّحْتِ (મોટા હરામખોર. સૂરએ માઈદા, ૫/૪૨) એ લોકો હરામખોર છે. (મિર્क़ાત, વગેરે)

હઝરત ઉમર رضی اللہ عنہ એ ખૈબરના બાગને સદક़ો કરી આપ્યો

★ હદીષ : (૧)-૩૦૦૮ ★ (مُتَّفِق عَلَيْهِ)

عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا أَنَّ عُمَرَ أَصَابَ أَرْضًا بِخَيْبَرَ فَأَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِنِّي أَصَبْتُ أَرْضًا بِخَيْبَرَ لَمْ أُصِبْ مَالًا قَطُّ أَنْفَسَ عِنْدِي مِنْهُ فَمَا تَأْمُرُنِي بِهِ؟ قَالَ: «إِنْ شِئْتَ حَبَسْتَ أَصْلَهَا وَتَصَدَّقْتَ بِهَا» . فَتَصَدَّقَ بِهَا عُمَرُ: إِنَّهُ لَا يُبَاعُ أَصْلُهَا وَلَا يُوهب وَلَا يُورث وَتصدق بِهَا فِي الْفُقَرَاءِ وَفِي الْقُرْبَى وَفِي الرِّقَابِ وَفِي سَبِيلِ اللَّهِ وَابْنِ السَّبِيلِ وَالضَّيْفِ لَا جُنَاحَ عَلَى مَنْ وَلِيَهَا أَنْ يَأْكُلَ مِنْهَا بِالْمَعْرُوفِ أَوْ يُطْعِمَ غَيْرَ مُتَمَوِّلٍ قَالَ ابْنُ سِيرِينَ: غير متأثل مَالا

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે જનાબ ઉમરે ખૈબરમાં કેટલીક જમીન મેળવી[૧] તો આપ હુઝૂર નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયા. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં ખૈબરમાં એવી જમીન મેળવી છે કે મારા ખયાલમાં આવો ઉમદા માલ મેં કદી નથી પામ્યો[૨] હુઝૂરેવાલા ! મને એના વિશે શો હુકમ ફર્માવે છે ?[૩] ફર્માવ્યું, જો તમે ચાહો તો અસલ જમીન મહેફૂઝ કરી દો અને તેને સદક़ો કરી આપો[૪] જેથી હઝરત ઉમર رضی اللہ عنہ એ સદક़ો કરી આપી કે અસલ જમીન ન વેચવામાં આવે ન ભેટ ધરવામાં આવે ન વારસદારોની થાય. અને ફ़કીરો, સગા સંબંધીઓ, અલ્લાહની રાહ, મુસાફ़રો, મહેમાનોમાં સદક़ો કરી આપી[૫]. એ જમીનના મુતવ્વલી પર એમાં વાંધો નથી કે એમાંથી બતરીક़ે અહસન (સારા તરીક़ાથી) જરૂરત જેટલું કાંઈક ખાય લે અથવા ખવડાવે[૬]. હા ! તેને માલ ન બનાવે. ઈબ્ને સીરીને ફર્માવ્યું : غير متاثل مالا[૭] "માલ ભેગો કરવા માટે આવું ન કરે." (મુસ્લિમ, બુખારી)

૧. જેમાં બેહતરીન બાગ હતાં. પ્રથમ તો ખૈબરની જમીન પોતે જ ખૂબ જ હરીયાળી છે, વળી તેમાં બાગો પણ હતા જેની આવક ઘણી હતી એટલા માટે આપને એ જમીન ઘણી જ પસંદ આવી. આ બનાવ ગઝવએ ખૈબરના પછીનો છે.

૨. કેમ કે પ્રથમ તો સ્થાવર માલ (મિલ્કત) આમ જ આ'લા હોય છે. ખાસ કરીને ખૈબરની જમીન ફળદ્રુપ તથા હરીયાળી જે પેઢીની પેઢીઓ સુધી કામ આવે. આવો ઉમદા માલ મારી પાસે કદી આવ્યો ન હતો.

૩. એટલે એ માલને રાહે ખુદામાં ખૈરાત કરવા ચાહું છું, પણ ખબર નહીં કે કેવી ખૈરાત બેહતર રહેશે. આ અમલ હતો આ આયત પર કે : لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ (તમે કદાપિ ભલાઈએ નહીં પહોંચો જ્યાં સુધી રાહે ખુદામાં તમારી પ્યારી ચીજ ન ખર્ચ કરો. સૂરએ આલે ઈમ્રાન, ૩/૯૨) પોતાની પ્રિય ચીજ ખૈરાત કરવી અફઝલ છે.

૪. એટલે બેહતર એ થશે કે એ બાગ ફકીરો પર વક્ફ કરી દો કે માલિક કોઈ ન હોય. વેચવા વગેરેનો કોઈને હક્ક ન હોય અને તેનાથી લાભ સર્વ ફકીરો (ગરીબો) ઉઠાવે, આ વક્ફ સદકાએ જારિયા થશે.

૫. સગાં સંબંધીઓથી મુરાદ કયાં તો નબી કરીમ ﷺનાં સગા સંબંધીઓ મુરાદ છે અથવા પોતાનાં અથવા બંનેવ. ફકીરોથી મુરાદ મદીનાનાં આમ ફકીરો (ગરીબો) છે, ખાસ કરીને સુફ્ફાવાળાઓ. રિકાબથી મુરાદ મકાતિબ, ગુલામોનો કિતાબતનો બદલો અદા કરીને તેમને આઝાદ કરવા અથવા કરજદારોનાં કરજ અદા કરવાં. મહેમાનોથી મુરાદ ગરીબો, મદીનાવાળાઓના ઘરે આવનારાં મહેમાન જેમની તેઓ આગતા સ્વાગતા મહેમાન નવાઝી ન કરી શકે, તે મહેમાનોને આ બાગની આવકમાંથી આપવામાં આવે. અલ્લાહની રાહથી મુરાદ ગાઝી, મુસાફર વગેરે છે.

૬. એટલે કે એ બાગના વ્યવસ્થાપક મુતવલ્લીને પણ ઈજાઝત રહેશે કે પોતાનુ મહેનતાણુ એ બાગથી લઈ લે કે એમાંથી પણ ખાય, પોતાનાં બાળકો, મિત્રોને ખવડાવે પણ ખરાબીની નિય્યતથી ન હોય બલ્કે મેહનતાણુ વસૂલ કરવાની નિય્યતથી હોય.

★ વક્ફ સહીહ થવા મુતવલ્લી હોવું લાઝિમ છે તથા અન્ય વક્ફના મસાઈલ ★

૭. એટલે કે જરૂરત પૂર્ણ કરવાના માટે ખર્ચ કરે, માલ ભેગો ન કરે. આ હદીષથી જાણવા મળ્યું કે જમીન કે બાગને વક્ફ કરવું દુરુસ્ત છે, અને વક્ફના માલનું વેચાણ દુરુસ્ત છે, ન ભેટ આપવું, ન કોઈને તેનો માલિક બનાવવું દુરુસ્ત છે. એ પણ જાણવા મળ્યું કે વક્ફ કરવું ખૂબ જ આ'લા ઈબાદત છે કે સદકએ જારિયા છે. એ પણ જાણવા મળ્યું કે સહાબા હઝરાત કેવા મુખ્લિસ મો'મિન હતા કે હમેશાં ઉમદા કામોમાં હરિફાઈ કરતા હતા. એ પણ જાણવા મળ્યું કે ખૈબર સુલેહથી હાંસલ નથી થયો બલ્કે જંગથી ફતહ કરવામાં આવ્યો એટલા માટે ત્યાંની જમીન ગાઝીઓમાં વહેંચી દેવામાં આવી. એ પણ જાણવા મળ્યું કે વક્ફ સહીહ થવા માટે મુતવલ્લી નિયુક્ત કરવો લાઝિમ નથી. જુઓ હઝરત ઉમર رضی اللہ عنہ એ કોઈને મુતવલ્લી નથી બનાવ્યો, બલ્કે ફાયદો નિશ્ચિત કરી આપ્યો કે મુતવલ્લીને આ હક્કો હશે. એ પણ જાણવા મળ્યું કે મુતવલ્લી વક્ફથી ખર્ચ કરી શકે છે, ખાઈ તથા ખવડાવી શકે છે. યાદ રાખશો કે વક્ફ કરનાર ખુદ પણ એવા વક્ફથી ફાયદો ઉઠાવી શકે છે. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ બીરે રૂમા (કૂવો) વકફ કર્યો છતાં પોતે પણ તેનું પાણી પીતા હતા. જેથી વાકિફ પોતાના વક્ફ કરેલા કબ્રસ્તાનમાં દફન થઈ શકે છે. પોતાની મસ્જિદમાં નમાઝ, પોતાના કૂવેથી પાણી હાંસલ કરી શકે છે. (આ હદીષ ઘણા બધા વક્ફના મસાઈલ અસ્લ છે. તેની વિગત ફિકહની કિતાબોમાં જુઓ. وقف علی الاولاد પણ દુરુસ્ત છે.

જીવનભર સુધી ભેટ કરવું જાઈઝ

★ હદીષ : (૨)-૩૦૦૯ ★ (مُتَّفِق عَلَيْهِ)	*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે કે હુઝૂરે ફર્માવ્યું, ઉમરભર માટે આપવું જાઈઝ છે[૧].''* *(મુસ્લિમ, બુખારી)*
وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْعُمْرَى جَائِزَةٌ»	

★ ઉમરા એટલે જીવનભર ભેટ ધરવાના વિવિધ મસાઈલ ★

૧. હજ્જનો ઉમરો અલગ છે અને **અતા ઉમરો કાંઈક અલગ** છે. અને અહીં અતા ઉમરો મુરાદ છે. એની ત્રણ સ્થિતિઓ છે : **એક** એ કે કોઈ શખ્સ કોઈને જમીન વગેરે ઉમરભરના માટે આપે અને સાથે એવું પણ કહી આપે કે તારા બાદ તારા વરસોની, એ એકમતીએ જાઈઝ છે કે ભેટ લેનારના મૃત્યુ બાદ તેના વારસદારોને મળશે. વારસદાર ન હોય તો બયતુલ માલને મળશે, ભેટ આપનારને પરત ન થશે. **બીજુ** એ કે તેના વારસોનો ઉલ્લેખ ન કરે એ ઉમરા આપણે ત્યાં જાઈઝ છે, અને હક્ક એ છે કે ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં પણ દુરુસ્ત છે એનો હુકમ પહેલા ઉમરા જેવો છે કે એ પણ કોઈ રીતે વાહિબ (ભેટ ધરનાર)ને ન પરત થશે. **ત્રીજુ** એ કે પરત થવાની શરત લગાડે, કહી દે તારી હયાતી સુધી, તારા બાદ મારી, એમાં આપણે ત્યાં મતભેદ છે. ફત્વો એના પર છે કે એ પણ શર્ત સાથે જાઈઝ હોય છે, શર્ત બાતિલ હોય છે, જેથી આ સ્થિતિમાં એ ચીજ ભેટ લેનાર (જેને ભેટ કરવામાં આવી)ની થશે, ભેટ ધરનારને પરત ન થશે. ઈમામ અહમદને ત્યાં મુત્લક઼ ઉમરા દુરુસ્ત છે સમયની કેદ સાથે બાતિલ. ઈમામ માલિકને ત્યાં લાભની માલિકી હોય છે મૂળ ચીજની નહીં એટલે ભેટ પામનાર ઉપયોગ કરી શકે છે એનો માલિક નથી થઈ શક્તો, પણ હનફી મઝહબ ક઼વી છે કે એનું સમર્થન ઘણી હદીષોથી છે.

★ હદીષ : (૩)-૩૦૧૦ ★	*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે, ઉમરા ઉમરાવાળાઓના ઘરવાળાઓનો વારસો છે[૧]''. (મુસ્લિમ)*
وَعَنْ جَابِرٌ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ الْعُمْرَى مِيرَاثٌ لِأَهْلِهَا» . رَوَاهُ مُسلم	

૧. આ હદીષ અહનાફના ક઼ૌલની દલીલ છે કે ઉમરા ચાહે કેવા પણ હોય મુત્લક. કે ટેમ્પરરી, શર્તી કે બિનશર્તી હેબા (ભેટ) કરનારને પરત ન થશે, બલ્કે ભેટ લેનારના મૃત્યુ બાદ ખુદ તેના વારસદારોને મળશે. યાદ રાખશો કે ઉમરા ઉમરથી બન્યા. ઉમર જિંદગીની મુદ્દતને કહે છે. કેમ કે આ ભેટ ધરવામાં (હેબામાં) ભેટ ધરનારની જિંદગીનું વર્ણન હોય છે. એટલા માટે તેને ઉમરા કહે છે.

★ હદીષ : (૪)-૩૦૧૧ ★ (مُتَّفِق عَلَيْهِ)	*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સને કોઈ ચીજ ઉમરા (જીવનભર ભેટ) રૂપે આપવામાં આવી તેને તથા તેના પાછળનાઓને[૧] તો તે ઉમરા તેના થશે જેને આપવામાં આવ્યા, આપનારાને પરત ન મળશે[૨] કેમ કે તે એવો અતિયો આપી ચૂક્યો છે જેમાં વારસાઓ લાગુ થઈ ગયા[૩].'' (મુસ્લિમ, બુખારી)*
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيُّمَا رَجُلٍ أُعْمِرَ عمرى لَهُ ولعقبه فَإِنَّهَا الَّذِي أعطيها لَا ترجع إِلَى الَّذِي أَعْطَاهَا لِأَنَّهُ أَعْطَى عَطَاءً وَقَعَتْ فِيهِ الْمَوَارِيث»	

૧. એ રીતે કે તેને કહેવામાં આવ્યું કે આ ચીજ જીવન પર્યંત તારી છે અને તારા પછી તારા વારસોની. આ પ્રથમ પ્રકારનો ઉમરો છે. عقب કાફ (قاف)ના ઝેરથી છે અર્થ પાછળ રહેનારા લોકો, એટલે વારસદારો, ચાહે ઔલાદ હોય કે અન્ય વારસો. અમુકે કહ્યું, عقب કાફના જઝમથી છે.

૨. ઈમામ માલિક رضی اللہ عنہ ને ત્યાં તો કેવળ એ ઉમરા જેમાં વારસોનો પણ ઉલ્લેખ હોય તો પરત ન થશે. જમહૂર (બહુમતી) ઉલમા જેમ કે ઈમામે આ'ઝમ અબૂ હનીફા તથા શાફઈ رضی اللہ عنہما વગેરને ત્યાં દરેક ઉમરાનો આ જ હુકમ છે, ચાહે એ શર્ત લગાડે કે ન લગાડે જેવું કે પહેલાં વર્ણવવામાં આવ્યું.

૩. ખુલાસો એ છે કે ઉમરા હેબા (ભેટ)નો પ્રકાર છે અને હેબાનો હુકમ એ છે કે હેબા લેનાર બાદ હેબા ધરનારને પરત નથી થઈ શકતું, મૌત પરત થવાથી રૂકાવટ બને છે. પરત થવાથી રૂકાવટ થનારી કુલ સાત ચીજો છે. જે خزقہ دم (એ સાત ચીજોના નામનું ટૂંકુ સ્વરૂપ છે)માં એકત્ર છે : ઝિયાદત, મૌત, એવઝ, ખુરૂજ અનિલ મિલ્ક, ઝવજિયત, ક़રાબત, હલાકત.

★ હદીષ : (૫)-૩૦૧૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)
وَعَنْهُ قَالَ: إِنَّمَا الْعُمْرَى الَّتِي أَجَازَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِن يَقُول: هِيَ لعقبك فَأَمَّا إِذَا قَالَ: هِيَ لَكَ مَا عِشْتَ فَإِنَّهَا ترجع إِلَى صَاحبهَا

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે તે ઉમરા જેને રસૂલુલ્લાહ ﷺ એ જાઈઝ કર્યો[૧] તે એ છે કે કહે, આ તારું અને તારા પાછળવાળાઓનું છે[૨] પરંતુ જો એવું કહે કે તારા જીવતાં સુધી તારી છે, તો તે પોતાના માલિકને પરત થઈ જશે[૩].'' (મુસ્લિમ, બુખારી)

૧. ''જાઈઝ કહ્યું છે''થી મુરાદ છે કે ભેટ લેનારને તેનો માલિક બનાવ્યો. બીજો ઉમરો પણ જાઈઝ તો છે ભેટ લેનાર એનો માલિક નથી બનતો, કેવળ લાભ ઉઠાવી શકે છે. મૃત્યુ બાદ ભેટ આપનારને પરત થઈ જશે.

૨. એટલે કે ઉમરાનો પ્રથમ પ્રકાર તો એકમતીએ દુરુસ્ત છે.

૩. આ હદીષ ઈમામ માલિક તથા ઈમામ ઝુહરીની દલીલ છે કે જો ઉમરામાં વારસાનો ઉલ્લેખ ન હોય તો આપનારની તરફ પલટી જાય છે તેમની દલીલ તે જાઈઝવાળી છે. જે મરફુઅન ફર્માવી : اَلعمرى ميراثٌ لِاَهلِهَا ઉમરા મુઅમર લહૂનો (જેને ભેટ ધરવામાં તેનો) વારસો છે. અહીં અલ ઉમર મુત્લક़ છે, જે ત્રણેવ પ્રકારોને સમાવે છે. આ હદીષ, એ હઝરત જાબિરનો પોતાનો ઈજતેહાદ છે ન કે હુઝૂર ﷺનું ફર્માને આ઼લી. જેથી એ જ હદીષ અમલને પાત્ર છે. આ મરજૂહ છે. *(અશિઅ઼હ તથા મિક़્લાત)*

(વિભાગ : ૨) الفصل الثانی

રુક़્બા એટલે શું ? ઉમરા, રુક़્બા વિશે વિગતવાર સમજૂતી

★ હદીષ : (૬)-૩૦૧૩ ★
عَنْ جَابِرٌ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا ترقبوا أَو لَا تُعْمِرُوا فَمَنْ أُرْقِبَ شَيْئًا أَوْ أُعْمِرَ فَهِيَ لوَرَثته» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, ન કોઈને કાંઈ રુક़્બા આપો ન ઉમરા[૧] રૂપે. જેને કાંઈ રુક़્બા કે ઉમરા આપવામાં આવ્યું તો તે તેનું તેના વારસોનું છે[૨].''
(અબૂ દાઊદ)

૧. مراقبة ار قاب થી છે જે (મુરાક઼બા, ગરદન નમાવી ધ્યાનની મુદ્રા) થી બન્યુ. રુક઼બ ગરદનને કહે છે. વિચારવું, રાહ જોવી રુક઼બા કહેવાય છે કે તે પણ ગરદન નાખીને જ થાય છે. **રુક઼બા એ છે કે કહે, આ ચીજ તને આપુ છું પરંતુ જો તું પહેલાં મરી જાય તો મારી થશે અને જો હું પહેલાં મરી જઉં તો તારી થશે.** આ સ્થિતિમાં દરેક એકબીજાની મોતની રાહ જુએ છે એટલા માટે એને **રુક઼બા** કહે છે. ઉ઼મરાનો અર્થ અગાઉ વર્ણન થઈ ચૂક્યો છે. لاترقبوا ની નેહી મશ્વરારૂપે છે ન કે હુર્મત (હરામ હોવા)ના માટે અથવા એ મતલબ છે કે પરત લેવાની નિય્યતથી રક઼બા ઉ઼મરા ન કરો.

૨. એટલે રુક઼બા હોય કે ઉમરા કેમ કે એ હેબા (ભેટ) શર્ત સાથે છે જેથી હેબા દુરુસ્ત છે. અને શર્ત બાતિલ છે. અને તે ચીજ કદાપિ હેબા (ભેટ) કરનારને પરત ન થશે. આ હદીષ જમહૂર (બહુમતી) ઉલમાની દલીલ છે કે રુક઼બા અને દરેક જાતનો ઉમરા ભેટ લેનારને ક઼ાયમ માટે માલિક કરી દે છે. કેમ કે હદીષ મરફૂઅ છે જેથી મૌક઼ૂફની સરખામણીમાં આ જ રાજેહ (પસંદીદા) છે.

★ હદીષ : (૭)-૩૦૧૪ ★
وَعَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْعُمْرَى جَائِزَةٌ لِأَهْلِهَا وَالرُّقْبَى جَائِزَةٌ لِأَهْلِهَا» . رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ وَأَبُو دَاوُد

"તેમનાથી જ રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી. ઉમરા જાઈઝ છે ઉમરાવાળાના માટે છે અને રુકબા જાઈઝ રુક઼બાવાળાના માટે[૧]."

(અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ)

૧. જાહિલિયતના જમાનામાં (ઈસ્લામ પહેલાં) ઉમરા રુક઼બા ભેટ લેનારનુ મૃત્યુ થતાં ભેટ આપનારને પરત થઈ જતો હતા. હુઝૂરે અન્વર ﷺએ એ ક઼ાયદો તોડી નાખ્યો. એ તોડવા માટે આ ઈર્શાદ ફ઼ર્માવ્યો, لاهلها માં ઝમીર રુક઼બા અથવા ઉમરાની તરફ઼ રાજેઅ છે અને ઉમરાવાળાથી ઉમરા લેનાર મુરાદ છે જેને ભેટ આપવામાં આવી હોય.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૮)-૩૦૧૫ ★
عَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَمْسِكُوا أَمْوَالَكُمْ عَلَيْكُمْ لَا تُفْسِدُوهَا فَإِنَّهُ مَنْ أَعْمَرَ عُمْرَى فَهِيَ لِلَّذِي أعمر حَيا وَمَيتًا ولعقبه» . رَوَاهُ مُسلم

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼ર્માવે છે કે ફ઼ર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ, તમારા માલ તમારી પાસે મહેફ઼ૂઝ રાખો, તેને ન બગાડો[૧] જેને કાંઈ ઉમરાના રૂપે આપવામાં આવ્યું તો મરે જીવે એનું છે અને એના પાછળનારાઓનું[૨]." (મુસ્લિમ)

ઉમરા, રુકબા મખ્લૂક઼ પર મહેરબાની છે : **૧.** મતલબ એ છે કે તમે જે માલ પોતાની પાસે રાખવા ચાહો છો તેને કોઈ ઉમરા કે રુક઼બા રૂપે ન આપો કે એનાથી તમારો માલ બગડી જશે કે તમને પરત મળશે નહીં અને અને તમારો મક઼સદ પૂરો ન થશે. એ મતલબ નથી કે ઉમરા કે રુક઼બા કરવું પોતાનો માલ બગાડવું છે કે એ તો મખ્લૂક઼ પર મહેરબાની છે જેના પર સવાબની ઉમ્મીદ છે, જેથી મતલબ સ્પષ્ટ છે. **૨.** لِلَّذِي નો લાભ માલિકીપણાનો છે, એટલે ઉમરા તેને સ્વીકારનારની સંપૂર્ણ માલિકીમાં થઈ જશે કે તે તેનો વેચવાનો પણ મજાઝ થશે અને એના મૃત્યુ પર તેના વારસદારોને મળશે. આ હદીષ પણ જમહૂર ઉલમાની દલીલ છે કે ઉમરા એ આરિયત (ઉછીનુ) નથી હોતો બલ્કે માલિકીપણુ હોય છે. હઝરત ઈમામ માલિક વગેરે એને ઉછીનુ માને છે. આ હદીષ તેમની વિરુદ્ધ છે.

પ્રકરણ[૧] باب

(વિભાગ : ૧) الفصل الاول

૧. આ પ્રકરણ વિવિધ હદીષો પર આધારિત એટલા માટે એનો તર્જુમો નિશ્ચિત નથી કર્યો. આ પ્રકરણમાં અગાઉ વર્ણવેલ પ્રકરણની પૂરક હદીષો વર્ણન થયેલી છે.

ખુશ્બુનો તોહફો પરત ન કરે

★ હદીષ : (૧)-૩૦૧૬ ★	*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેની સમક્ષ ખુશ્બુ તોહફારૂપે પેશ કરવામાં આવે[૧] તે તેને પરત ન કરે કે તેનો બોજ હલકો છે, ખુશ્બુ સારી છે[૨].” (મુસ્લિમ)*
عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ عُرِضَ عَلَيْهِ رَيْحَانٌ فَلَا يَرُدُّهُ فَإِنَّهُ خَفِيفُ الْمَحْمَلِ طَيِّبُ الرِّيحِ» . رَوَاهُ مُسلم	

૧. અમે તોહફાની શર્ત એટલા માટે લગાડી કે વેપારનો પ્રકાર નીકળી જાય. અમુક અત્તર વેચનાર કોઈને કિંમત સાથે અત્તર પેશ કરે છે. જો તેને ખરીદવું ન હોય અને તે ના પાડે તો હદીષ પઢીને તેને ખરીદવા મજબૂર કરે છે. તે આ હદીષના હેતુથી ક્યાં તો વાકેફ નથી અથવા વાકેફ છે પણ એના થકી પોતાનો વેપાર ચલાવવા માગે છે. ريحان ريحٌ થી બન્યું ખુશ્બુના અર્થમાં, એનાથી દરેક ખુશ્બુ મુરાદ છે, ફૂલ હોય અત્તર, ચમેલી વગેરેનું તેલ.

★ ખુશ્બુ જન્નતથી આવી છે ★

૨. એટલે કે ભલે અન્ય તોહફા પરત કરવા અખ્લાક઼ની વિરુદ્ધ છે, પણ ખુશ્બુને પરત કરવી તો ખૂબ જ લુખ્ખા સ્વભાવની દલીલ છે કે એમાં વજન હલકુ, કિંમત મામૂલી અને ખુશ્બુ આ'લા (ઉમદા) છે. મિર્ક઼ાતે ફર્માવ્યું કે ખુશ્બુ જન્નતથી આવી છે અને ત્યાંનો જ પતો આપે છે. મબ્સૂત સરખસી બાબુલ લમ્સમાં છે કે નબી કરીમ ﷺ ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا ને સૂંઘ્યા કરતા હતા અને ફર્માવતા હતા કે એમનાથી જન્નતી મહેક આવે છે, એટલા માટે આપને ઝહ્રા કહે છે, એટલે જન્નતની કલી.

હુઝૂર ﷺ ખુશ્બુ પરત કરતા ન હતા

★ હદીષ : (૨)-૩૦૧૭ ★	*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ ખુશ્બુ પરત કરતા ન હતા[૧].” (બુખારી)*
وَعَنْ أَنَسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ لَا يَرُدُّ الطِّيبَ. رَوَاهُ الْبُخَارِيُّ	

૧. એનો મતલબ પણ એ જ છે જે હમણાં અર્ઝ કરવામાં આવ્યો કે જો કોઈ બારગાહે આલીમાં હદિયા રૂપે ખુશ્બુ પેશ કરતુ તો આપ તેને કદી પરત ન કરતા. જેથી હદીષ સ્પષ્ટ છે.

ભેટ પરત લેનાર તે કૂતરા સમાન છે જે ઊલ્ટી કરીને ચાટી જાય

★ હદીષ : (3)-૩૦૧૮ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْعَائِدُ فِي هِبَتِهِ كَالْكَلْبِ يَعُودُ فِي قَيْئِهِ لَيْسَ لَنَا مَثَلُ السوء» . رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આપીને પરત લેનાર એ કૂતરાની જેમ છે જે ઉલ્ટી કરીને ચાટી લે[૧] આનાથી બદ્તર અમારી પાસે કોઈ દૃષ્ટાંત નથી[૨].''

(બુખારી)

૧. આ હદીષના આધારે ઈમામ શાફઈ તથા માલિક તથા અહમદ ફર્માવે છે કે ભેટ આપેલી ચીજ પરત લેવી મુત્લક્ન હરામ છે, કેમ કે હુઝૂરે અન્વર ﷺએ તેને ઊલ્ટી ખાવા સાથે સરખાવેલ છે. ઊલ્ટી હરામ ચીજ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યાં સુધી સાત આડરૂપ ચીજોમાંથી કોઈ ચીજ ન જોવામાં આવે ત્યાં સુધી ભેટને પરત લેવું દુરુસ્ત છે, ભલે બે મુરવ્વતી (અસભ્યતા) તથા ખરાબ આદત છે. ઈમામ સાહબની દલીલ આ હદીષ છે : الواهب احقّ بهبته مالم يصب منه એટલે ભેટ (તોહફો) આપનાર પોતાના તોહફાનો હક્કદાર છે જ્યાં સુધી કે એનો બદલો ન લઈ લે. અને આ હદીષ તો પરત લેવું હરામ હોવા માટે દલીલ નથી કરતી, કેમ કે ઊલ્ટી કૂતરા પર હરામ નથી. આ સરખામણી કેવળ નફરત અપાવવા માટે છે. બશીરે પોતાના પુત્ર નોઅમાનને બાગ ભેટ આપ્યો. હુઝૂરે ફર્માવ્યું, પરત લઈ લો. જેવું કે આગળ આવી રહ્યું છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ કોઈને ઘોડો ભેટ આપ્યો હતો, પછી તેની પાસેથી પરત ખરીદવા ચાહ્યો. હુઝૂર ﷺએ કહ્યું, ન ખરીદો. ત્યાં પણ આ કૂતરાવાળુ દૃષ્ટાંત આપ્યું. જ્યારે કે પોતાનુ ભેટ આપેલુ ખરીદવું સૌને ત્યાં જાઈઝ છે. જો આ હદીષ હુર્મત (હરામ હોવા માટે)ની હોય તો એ હદીષોની વિરુદ્ધ થશે, જેથી ઈમામે આ'ઝમ رضی اللہ عنہનું ફર્માન ખૂબ જ કવી (મજબૂત) છે અને આ હદીષ ન એમના વિરુદ્ધ ન અન્ય ઈમામોની સમર્થક છે.

૨. આ વાક્યના બે અર્થો થઈ શકે છે. **એક** તો એ જે તર્જુમાથી જાહેર થયો કે જો એનાથી અધિક બુરુ કોઈ દૃષ્ટાંત અમારી પાસે હોત તો અમે તે રજૂ કરત, પણ છે નથી, કેમ કે કોઈ જાનવર પોતાની ઊલ્ટી નથી ખાતુ. આ સ્થિતિમાં نَا થી મુરાદ ખુદ પોતાની ઝાતે કરીમ છે. **બીજુ** એ કે બદ્તરીન દૃષ્ટાંત આપણા લોકો માટે ન હોવું જોઈએ, એટલે કોશિશ કરો કે આ મુહાવરો આપણા પર ફીટ ન થાય. આ સ્થિતિમાં نَا થી મુરાદ આમ મુસલમાન છે. હુઝૂરે અન્વર ﷺને એનાથી કોઈ સંબંધ નથી.

★ હદીષ : (૪)-૩૦૧૯ ★ (مُتَّفَقٌ عَلَيْه)

وَعَنِ النُّعْمَانِ بْنِ بَشِيرٍ أَنَّ أَبَاهُ أَتَى بِهِ إِلَى رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنِّي نَحَلْتُ ابْنِي هَذَا غُلَامًا فَقَالَ: «أَكُلَّ وَلَدِكَ نَحَلْتَ مِثْلَهُ؟» قَالَ: لَا قَالَ: «فَأَرْجِعْهُ» . وَفِي رِوَايَةٍ: أَنَّهُ قَالَ: «أَيَسُرُّكَ أَنْ يَكُونُوا إِلَيْكَ فِي الْبِرِّ سَوَاءً؟» قَالَ: بَلَى قَالَ: «فَلَا إِذن» . وَفِي رِوَايَةٍ: أَنَّهُ قَالَ: أَعْطَانِي أَبِي عَطِيَّةً فَقَالَتْ عَمْرَةُ بِنْتُ

''હઝરત નોઅમાન ઈબ્ને બશીર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે તેમના પિતા તેમને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં લાવ્યા. અર્ઝ કરી, મેં મારા આ પુત્રને એક ગુલામ આપ્યો છે. હુઝૂરે ફર્માવ્યું, શું તમે તમારી બધી ઔલાદને આ આ પ્રમાણે આપ્યું છે?[૨] અર્ઝ કરી, નહીં! ફર્માવ્યું, તો એને પરત લઈ લો[૩]. અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે આપે ફર્માવ્યું, શું તમને એ પસંદ છે કે એ સર્વ ઔલાદ તમારી ખિદમતમાં સરખી હોય ?

رَوَاحَةَ: لَا أَرْضَى حَتَّى تشهد رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَتَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنِّي أَعْطَيْتُ ابْنِي مِنْ عَمْرَةَ بِنْتِ رَوَاحَةَ عَطِيَّةً فَأَمَرَتْنِي أَنْ أُشْهِدَكَ يَا رَسُولَ اللَّهِ قَالَ: «أَعْطَيْتَ سَائِرَ وَلَدِكَ مِثْلَ هَذَا؟» قَالَ: لَا قَالَ: «فَاتَّقُوا اللَّهَ وَاعْدِلُوا بَيْنَ أَوْلَادِكُمْ» . قَالَ: فَرَجَعَ فَرَدَّ عَطِيَّتَهُ. وَفِي رِوَايَةٍ: أَنَّهُ قَالَ: «لَا أشهد على جور»

અર્ઝ કરી, હા! ફર્માવ્યું, તો નહીં![૪] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે, ફર્માવે છે : મને મારા બાપે કેટલોક અતિયો (તોહફો) આપ્યો તો ઉમરા બિન્તે રવાહા બોલ્યાં[૫] હું તો રાજી નથી ત્યાં સુધી કે રસૂલુલ્લાહ ﷺ ને ગવાહ કરી લો[૬]. તો એ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયા. અર્ઝ કરી, મેં મારા આ પુત્રને જે ઉમરા બિન્તે રવાહાથી છે[૭] એક અતિયો આપ્યો છે, તેણી કહે છે, હું યા રસૂલલ્લાહ! આપને ગવાહ બનાવી લઉં. ફર્માવ્યું, શું તમે તમારા સર્વ બાળકોને એ જ પ્રમાણે આપ્યું છે ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, અલ્લાહથી ડરો! અને તમારી ઔલાદમાં ઈન્સાફ કરો[૮]. ફર્માવે છે, મારા પિતા પરત થઈ ગયા પછી પોતાનો અતિયો પરત લઈ લીધો. અને એક રિવાયતમાં છે કે આપે ફર્માવ્યું કે, હું જુલ્મ પર ગવાહ નથી થતો[૯]."

(મુસ્લિમ, બુખારી)

૧. આપ પોતે પણ સહાબી છે તેમજ આપનાં મા બાપ પણ સહાબી છે. આપની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે, અન્સારી છે. ઈસ્લામમાં સૌથી પહેલા બાળક છે જે અન્સારમાં પેદા થયા. હિજરતના ૧૪મા મહીને પેદા થયા. હુઝૂરે અન્વર ﷺની વફાતના સમયે આપની ઉમર આઠ વરસની હતી. કૂફામાં વસવાટ રહ્યો. અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની તરફથી હમ્સના હાકિમ હતા. હિ.સ. ૬૪માં કત્લ કરવામાં આવ્યા. (અકમાલ, અશિઅ્હ, મિર્કાત)

★ ઔલાદને સરખા ભાગે આપે ★

૨. એના પરથી જાણવા મળ્યું કે ઔલાદને સરખે સરખા અતિયા (તોહફા) આપે. અમુકને અમુક પર અગ્રતા ન આપે કે કોઈને કાંઈ ન આપે અથવા કોઈને વધારે આપે. છોકરાને ડબલ આપે અને છોકરીને એક હિસ્સા આપે. (દુર્રે મુખ્તાર, શામી વગેરે) અમુક બુઝુર્ગ છોકરીઓને ડબલ આપે છે, કહે છે કે છોકરીઓ માબાપને ત્યાં મહેમાન છે, અને છોકરા સ્થાયી છે.

૩. એનાથી જાણવા મળ્યું કે બાપ ઔલાદને આપીને પરત લઈ શકે છે, બીજા સગાં નથી લઈ શકતાં, સગાઈ એને રોકે છે.

૪. તો તમે પણ તમારા અતિયામાં ફરક ન કરો, સરખે સરખુ આપો.

૫. عمر અયનના ઝબરથી છે નોઅમાનનાં મા છે. બશીરના પત્ની, અબ્દુલ્લાહ ઈબ્ને રવાહાનાં બહેન છે.

૬. કે જેથી અતિયા પુખ્તા થઈ જાય. તમારા બાદ ઔલાદનો આપસમાં ઝઘડો ન થાય. આજકાલ જે સ્થાવર મિલ્કતના વેચાણનામા (દસ્તાવેજ) રજીસ્ટર્ડ કરાવવામાં આવે છે તેની અસ્લ (દલીલ) આ હદીષ છે. રજીસ્ટર્ડમાં

ગવર્નમેન્ટને ગવાહ બનાવવામાં આવે છે.

૭. જાણવા મળ્યું કે નોઅમાન તો ઉમરા બિન્તે રવાહાથી (પેદા) થયા હતા. બાકી અન્ય ઔલાદ અન્ય પત્નીઓથી હતી જેમની માઓ મૃત્યુ પામી ચૂકી હશે, એટલા માટે આ બનાવ બન્યો.

★ પુત્ર માટે ડબલ હિસ્સો બાપના મૃત્યુ બાદ છે ★

૮. આ હદીષના આધારે ઉલમા ફર્માવે છે કે બાપ પોતાની જિંદગીમાં બેટા બેટી સર્વ ઔલાદમાં બરાબરી કરે, પુત્ર માટે બમણો હિસ્સો બાપના મૃત્યુ બાદ છે, ત્યાં સુધી કે પ્યાર મહોબ્બત, બલ્કે ચૂમવામાં પણ બરાબરી કરે. (મિર્કાત) જો કે કુદરતી તૌર પર નાના બાળક સાથે અધિક હોય છે. નબી કરીમ ﷺને ફાતિમા ઝહ્રા ઘણા જ પ્યારાં હતાં કેમ કે સૌથી નાનાં હતાં.

★ ઈમામે આ'ઝમની રૂએ વિના કારણે ઔલાદના અતિયામાં વધઘટ મકરૂહ ★

૯. આ હદીષના આધારે ઈમામ અહમદ, ષૌરી તથા ઈસ્હાક઼ ફર્માવ્યું કે ઔલાદના અતિયાઓ (તોહફાઓ)માં વધઘટ કરવી હરામ છે કેમ કે હુઝૂરે અન્વર ﷺએ તેને જુલ્મ કહ્યો છે, અને જુલ્મ હરામ છે. એ બુઝુર્ગોને ત્યાં આ સ્થિતિમાં ભેટ આપવું દુરુસ્ત જ ન થશે, પણ ઈમામ અબૂ હનીફા, શાફઈ તથા માલિક તથા જમહૂર ઉલમા رحمۃ اللہ علیہم اجمعین ને ત્યાં એ વધારે મકરૂહ છે જ્યારે કે વિના કારણે હોય, એમાં ભેટ આપવું દુરુસ્ત જ થશે. આ હદીષથી માલૂમ થઈ રહ્યું છે કે ભેટ આપવું દુરુસ્ત થઈ ગયું હતું, નહીં તો પરત લેવાનો શો અર્થ ? તેમજ બીજી રિવાયતોમાં છે કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, અતિયા પર કોઈ અન્યને ગવાહ બનાવી લો. જો એ ક઼તઈ હરામ હોત તો કોઈ અન્યને ગવાહ બનાવવાનો શો અર્થ ?! હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ને એકવીસ વસક઼ ખજૂરો આપી જે અન્ય ઔલાદને નથી આપી. હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાના પુત્ર આસિમને એકવાર એક ખાસ અતિયો આપ્યો જે બીજી ઔલાદને ન આપ્યો. અબ્દુર્રહમાન ઈબ્ને ઔફે પોતાની પુત્રી ઉમ્મે કુલ્થૂમની ઔલાદને ખાસ તોહફો આપ્યો જે બીજી ઔલાદને ન આપ્યો. સર્વ સહાબાએ આ બનાવો જોયા અને કોઈએ ઈન્કાર ન કર્યો, જેથી એના જવાઝ (જાઈઝ હોવા) પર સહાબાનો ઈજમાઅ થઈ ગયો. (મિર્કાત) યાદ રાખશો કે મુત્તક઼ી પુત્રને ફાસિક઼ પુત્ર કરતાં વધુ આપવું અથવા ગરીબ લાચાર હાથ, પગ વિનાની ઔલાદને બીજી અમીર ઔલાદ કરતાં કાંઈક વધારે આપવું વિના કરાહતે દુરુસ્ત છે.

(વિભાગ : ૨) الفصل الثانی

આપેલો તોહફો પરત ન લે સિવાય બાપ પુત્રથી

★ હદીષ : (૫)-૩૦૨૦ ★	*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે, ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કોઈ શખ્સ પોતાનો આપેલો તોહફો પરત ન લે સિવાય બાપના પોતાના પુત્રથી[૧]." (નિસાઈ, ઈબ્ને માજહ)*
عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَرْجِعُ أَحَدٌ فِي هِبَتِهِ إِلَّا الْوَالِدُ مِنْ وَلَدِه» . رَوَاهُ النَّسَائِيّ وَابْن مَاجَه	

૧. આ હદીષના આધારે ઈમામ શાફઈ ફર્માવે છે કે પિતા ઔલાદને તોહફા આપીને પરત લઈ શકે છે, અન્ય સગાઓથી પરત નથી લઈ શકતા. ઈમામે આ'ઝમને ત્યાં બાપ પણ પુત્રને આપેલો અતિયો પરત નથી લઈ શકતો. તેમની દલીલ હુઝૂરે આલીનું તે ફર્માન છે કે જ્યારે ઝી રહમ (એ રિશ્તેદાર જેમનાથી નિકાહ હરામ હોય) મહરમને ભેટ આપવામાં આવે તો પરત ન થશે. અને ફારૂકે આ'ઝમનું આ ફર્માન છે કે સગાઓનું હેબા (ભેટ આપવું) જાઈઝ છે અને અજનબીનું ભેટ ઘરેલું પરત થઈ શકે છે, જ્યાં સુધી કે તેનો બદલો ન આપવામાં આવ્યો હોય. આ હદીષનો મતલબ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં એ છે કે જરૂરતના સમયે બાપ બેટાનો અતિયો પરત લઈ શકે છે, કેમ કે એ માલ પુત્રનો હતો અને બાપ બેટાનો માલ જરૂરતના સમયે ઈજાઝત વિના ખર્ચ કરી શકે છે. (લમ્આત, મિર્કાત) અથવા એ કે બીજો અતિયાવાળો જો તોહફો પરત લે તો કાઝીના ફૈસલાની જરૂરત છે પરંતુ પિતા જરૂરતના સમયે કાઝીના ફૈસલા વિના પરત લઈ શકે છે. (અશિઅહ, લમ્આત તથા મિર્કાત)

★ હદીષ : (૬)-૩૦૨૧ ★

وَعَنِ ابْنِ عُمَرَ وَابْنِ عَبَّاسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَحِلُّ لِلرَّجُلِ أَنْ يُعْطِيَ عَطِيَّةً ثُمَّ يَرْجِعَ فِيهَا إِلَّا الْوَالِدَ فِيمَا يُعْطِي وَلَدَهُ وَمَثَلُ الَّذِي يُعْطِي الْعَطِيَّةَ ثُمَّ يَرْجِعُ فِيهَا كَمَثَلِ الْكَلْبِ أَكَلَ حَتَّى إِذَا شَبِعَ قَاءَ ثُمَّ عَادَ فِي قَيْئِهِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَصَحَّحَهُ التِّرْمِذِيّ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما તથા ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, કોઈ શખ્સને એ જાઈઝ નથી કે કોઈ અતિયો (ભેટ) આપે પછી પરત લઈ લે[૧] સિવાય બાપના જે પોતાના પુત્રને આપે[૨] અને તેનું દૃષ્ટાંત જે અતિયો આપે પછી પરત લઈ લે તે એ કૂતરા જેમ છે કે જે ખાતો રહે ત્યાં સુધી કે ધરાઈ જાય તો ઊલ્ટી કરી આપે, પછી પોતાની ઊલ્ટી બીજીવાર ખાય[૩] (અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ) એને તિર્મિઝીએ સહીહ કહ્યું છે.

૧. અહીં જાઈઝ એ મુનાસિબ (યોગ્ય)ના અર્થમાં છે. એટલે કે અતિયો આપીને પરત લેવો યોગ્ય નથી. જેમ કે હદીષે પાકમાં ઈર્શાદ થયો કે મો'મિનના માટે એ હલાલ નથી કે ખુદ ધરાયને ખાય અને તેનો પડોશી ભૂખ્યો હોય. ત્યાં પણ لا يحل છે, અર્થ "અયોગ્ય" છે. જેથી આ હદીષ તોહફો પરત લેવાની હદીષની વિરુદ્ધ નથી.

૨. ولد માં પુત્ર પુત્રી દરેક સામેલ છે. એની શરહ હમણા વર્ણન થઈ ચૂકી કે આપણે ત્યાં બાપ પણ વિના જરૂરતે પરત નથી લઈ શકતો. શાફઈઓને ત્યાં કરી શકે છે, જેથી પુત્રીને આપેલુ દહેજ લઈ શકતો નથી. યાદ રાખશો કે પતિ પત્ની એકબીજાને તોહફા આપીને પરત નથી કરી શકતાં, એ જ પ્રમાણે સગાં સંબંધીઓ. ફર્માવ્યું નબી ﷺ એ : اذا كانت الهبة لذى رحم محرم لم يرجع فيها હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે સગાં સંબંધીઓનો અતિયો (તોહફો) લાઝિમ છે, બીજાનો અતિયો લાઝિમ નથી જ્યાં સુધી કે તે બદલો ન આપે. (લમ્આત)

૩. એટલે કે કૂતરાનુ ઊલ્ટી કરીને ચાટી લેવું દરેકની તબીઅત પર ઘૃણાનો સબબ છે, એ જ પ્રમાણે અતિયો (તોહફો) આપીને પરત લેવો દરેક શખ્સને બુરો લાગવો જોઈએ. યાદ રાખશો કે તોહફો આપવાનો હુકમ અલગ છે અને સદકાનો હુકમ કાંઈ અલગ છે. તોહફો તો અમુક સ્થિતિઓમાં પરત થઈ શકે છે પણ આપેલ સદકો ખૈરાત પરત નથી લઈ શકતા, કે ત્યાં સદકાનો હેતુ અલ્લાહની રઝામંદી છે જે ખુદાના ફઝ્લથી હાંસલ થઈ ગયો જ્યારે બદલો મળી ગયો તો પરત લેવું કેવું ?!

★ હદીષ : (૭)-૩૦૨૨ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ: أَنَّ أَعْرَابِيًّا أُهْدِيَ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَكْرَةً فَعَوَّضَهُ مِنْهَا سِتَّ بَكَرَاتٍ فَتَسَخَّطَ فَبَلَغَ ذَلِكَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَحَمِدَ اللَّهَ وَأَثْنَى عَلَيْهِ ثُمَّ قَالَ: «إِنَّ فُلَانًا أَهْدَى إِلَيَّ نَاقَةً فَعَوَّضْتُهُ مِنْهَا سِتَّ بَكَرَاتٍ فَظَلَّ سَاخِطًا لَقَدْ هَمَمْتُ أَنْ لَا أَقْبَلَ هَدِيَّةً إِلَّا مِنْ قُرَشِيٍّ أَوْ أَنْصَارِيٍّ أَوْ ثَقَفِيٍّ أَوْ دوسي» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક બદવી (ગામડાવાસી)એ રસૂલુલ્લાહ ﷺ ને યુવાન ઊંટણી હદિયા રૂપે પેશ કરી[૧] તો હુઝૂરે તેના બદલામાં છ ઊંટણીઓ અતા કરી છતાં પણ તે નારાજ જ રહ્યો[૨] એ ખબર નબી કરીમ ﷺ ને પહોંચી તો આપે અલ્લાહની હમ્દો ષના કરી[૩] પછી ફર્માવ્યું, ફલાણા શખ્સે એમને એક ઊંટણી આપી હતી, અમે તેને તેના બદલામાં છ ઊંટણીઓ આપી છતાં પણ તે નારાજ જ રહ્યો. મેં તો ઈરાદો કરી લીધો છે કે હવે કુરેશ કે અન્સારી કે ષકફીકે દૂસીના હદિયા સિવાયનાનો હદિયો કબૂલ કરીશ નહી[૪].'' (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ)

૧. بِكر નો શાબ્દિક અર્થ છે, પ્રથમ હાલત, એટલા માટે કુંવારી છોકરીને બાકિરા, સવારને બકરહ અને શરૂના ફળને બાકૂરા કહે છે. અહીં બકરહથી મુરાદ છે નવી ઊંટણી જે હજી નવયુવાન હોય. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ નું નામ છે અબૂ બકરહ એટલે અવ્વલિયતવાળા. આપ દરેક હરોળમાં અવ્વલ રહ્યા એટલે અબૂબક્ર થયા. અબૂનો અર્થ ''વાળો'', જેમ કે અબૂ હુરૈરહ્ એટલે બિલાડીવાળા.

૨. તે હુઝૂરે અન્વર ﷺથી કાંઈક ઉમ્મીદ રાખીને કે ઊંટણી લાવ્યો હતો એટલા માટે છ ગણુ મળવા પર પણ રાજી ન થયો અથવા તો જીભથી નારાઝગી દર્શાવી, અથવા તેના હાવ ભાવથી નારાઝગી પ્રદર્શિત થઈ અથવા તેના ખુશ ન થવાથી નારાઝગી જાહેર થઈ. મો'મિને જોઈએ કે ચીજ લઈને ખુશ થાય કે એ ખુશી આપનારને પણ ખુશ કરી આપે છે, જેનાથી તે ઔર વધુ આપે છે. રબની નેઅમતો પર પણ ખૂબ ખુશ થયા કરો. રબ તઆલા ફર્માવે છે : فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا (અને એના પર જોઈએ કે ખુશી કરે. –સૂરએ યૂનુસ, ૧૦/૫૮)

૩. એટલે વઅઝરૂપે એ વાત કહી અને વઅઝના પ્રથમ ખુત્બામાં રબની હમ્દોષના સુન્નત છે.

★ વધારે બદલાની આશાએ તોહફો આપવો બેહતર નથી ★

૪. કેમ કે એ ચાર કબીલાવાળા હઝરાત કરીમુન્નફ્સ (નેક દિલ) હોય છે, તે પોતાના હદિયા તથા અતિયાઓનો બદલો ચાહતા જ નથી અને થોડા બદલામાં રાજી થઈ જાય છે. યાદ રાખશો કે એવામાં (બદલો) કે વધારે એવઝ (બદલા) માટે હદિયો આપવો આપણે લોકો માટે બેહતર નથી. હુઝૂરે અન્વર ﷺને એ હરામ હતું. હુઝૂર ﷺ તો આપવા માટે જ દુનિયામાં તશરીફ લાવ્યા છે. રબ તઆલા ફર્માવે છે : وَلَا تَمْنُنْ تَسْتَكْثِرُ (અને વધારે લેવાની નિય્યતે કોઈના પર એહસાન ન કરો. સૂરએ મુદ્દષ્ષિર, ૭૪/૬) વધારે વસૂલ કરવાના માટે કોઈને તોહફો ન આપો એમાં હુઝૂરે અન્વર ﷺથી સંબોધન છે અને નેહી તેહરીમની (મના કરવું મકરૂહે તહરીમી) છે. મોટો માણસ જ્યારે નાનાઓને કાંઈક આપે તે અતિયો, ઈનામ, ઈકરામ છે અને જો બરાબરવાળો પોતાના બરાબરવાળાને આપે તો તે હદિયો છે, સોગાત (ભેટ) છે. અને જ્યારે નાનો પોતાના મોટાને કાંઈ આપે તો તે નઝરાણુ છે. મોટાએ જોઈએ કે નાનાઓને નઝરાણાનો બદલો જરૂર આપ્યા કરે કે તેઓ એ લાલચથી તો લાવે છે. જુઓ ! હુઝૂરે અન્વર ﷺ એકના

છ અતા કરતા હતા. શાદી વિવાહ કે ઈદ બક્ર ઈદ પર નવાબોના નોકર ચાકર નઝરાણા પેશ કરે છે, શા માટે ?! કાંઈક લેવા માટે. જેથી એમને જરૂર આપવામાં આવે. (મિર્કાત) રિવાજ મુજબનાં નઝરાણા જાઈઝ છે, જ્યારે કે એનાથી લડાઈ, ઝઘડા ફસાદ ન થાય. નઝરાનાનો મસ્અલો શામી બાબુલ હિલામાં જુઓ.

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, જેને કોઈ અતિયો (તોહફો) આપવામાં આવે જો બની શકે તો તેને બદલો આપી દે. અને જે કાંઈ ન પામે તો તે એની તારીફ કરી દે[૧] કે જેણે તારીફ કરી દીધી તેણે શુક્રિયા અદા કરી આપ્યો. જેણે છુપાવ્યું તેણે નાશુકી કરી[૨] અને જે એવી ચીજથી ટીપ ટોપ કરે જે એને નથી આપવામાં આવી તે ધોકાના કપડાં વણનારાની જેમ છે[૩]." (તિર્મિઝી, અબૂ દાઉદ)

★ હદીષ : (૮)-૩૦૨૩ ★

وَعَنْ جَابِرٌ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ أُعْطِيَ عَطَاءً فَوَجَدَ فَلْيُجْزِ بِهِ وَمَنْ لَمْ يَجِدْ فَلْيُثْنِ فَإِنَّ مَنْ أَثْنَى فَقَدْ شَكَرَ وَمَنْ كَتَمَ فَقَدْ كَفَرَ وَمَنْ تَحَلَّى بِمَا لَمْ يُعْطَ كَانَ كَلَابِسِ ثوبي زور» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد

૧. سبحان الله ! કેટલી પ્યારી તથા આ'લા તા'લીમ છે કે બરાબરવાળો બરાબરવાળાને બદલો આપે, ફકીર અમીરને દુઆઓ આપે. આપણે લોકો દિવસ રાત હુઝૂરે અન્વર ﷺ પર દુરૂદ શરીફ કેમ પઢીએ છીએ ?! એટલા માટે કે એ કરીમ દાતાની નેઅમતોથી નભી રહ્યા છીએ કે કરોડોમો હિસ્સો બદલો પણ નથી આપી શક્તો તો દુઆઓ આપીએ કે અલ્લાહ એમનું ભલુ કરે, તેમનુ ખાના આબાદ થાય, તેમનાં બાલબચ્ચાં, સહાબાને સલામત રાખે. આ દુરૂદ પણ એ જ હદીષ પર અમલ છે. મૌલાના ફર્માવે છે :

چونکہ ذاتش ہست محتاج الیہ　　زاں سبب فرمود حق صلوا علیہ

અર્થ : કેમ કે આપની પાક જાતના સૌ મોહતાજ છે એટલા માટે અલ્લાહે ફર્માવ્યું કે એમના પર દુરૂદ પઢો .

૨. એટલે કે હમ્દો ષના શુક્રનો એક પ્રકાર છે. શુક્ર દિલી પણ હોય છે, ઝબાની પણ હોય છે, અરકાની પણ. હમ્દો ષના ઝબાની શુક્રિયા છે, જેનાથી અધિક વધુ નેઅમતો મળે છે. રબ તઆલા ફર્માવે છે : لَئِنْ شَكَرْتُمْ لَأَزِيدَنَّكُمْ (જો એહસાન માનશો તો હું તમને અધિક આપીશ. સૂરએ ઈબ્રાહીમ, ૧૪/૭)

★ ટીપ ટોપ દેખાડવા કપડાં પહેરવાની બુરાઈ ★

૩. આ ફર્માને આલી તે સ્ત્રીને ફર્માવવામાં આવ્યુ હતું જેણે અર્ઝ કરી હતી કે, મારી સૌતન છે, હું ચાહું છું કે તેને જલાવવા માટે ઉમદા લિબાસ, ઉમદા ઘરેણાં પહેરું જેથી તે સમજે કે આ બધું મારા પતિએ આપ્યું છે, અને તે મારાથી વધુ મહોબ્બત કરે છે. એના પર આ ઈર્શાદ થયો. ધોકાનાં કપડાંના ઘણા પ્રકારો છે : ગરીબ માણસ ઘમંડ તથા તકબ્બુરના તૌર પર અમીરોનાં કપડાં પહેરે. જાહિલ શખ્સ રિયાના તૌર પર ઉલમા તથા સૂફીઓનો લિબાસ પહેરે, ફાસિક માણસ ધોકો આપવા માટે મુત્તકીઓ જેવો લિબાસ રાખે છે જેથી તેની જૂઠી ગવાહી હાકિમો માની લીધા કરે. આ સર્વ કાંઈ ધોકા પ્રપંચને માટે હોય. (મિર્કાત) એવો માણસ બહુરૂપિયો છે અને તેની આ હરકત બુરી છે. જો સારી નિય્યતે ઉલમાનો લિબાસ પહેરે તો સારું છે કે સારાઓની નકલ પણ સારી છે.

ભેટ આપનારનો આભાર માનવાનો હુકમ

★ હદીષ : (૯)-૩૦૨૪ ★

وَعَنْ أُسَامَةَ بْنِ زَيْدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ صُنِعَ إِلَيْهِ مَعْرُوفٌ فَقَالَ لِفَاعِلِهِ: جَزَاكَ اللَّهُ خَيْرًا فَقَدْ أَبْلَغَ فِي الثَّنَاءِ ". رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત ઓસામા ઈબ્ને ઝયદથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જેની સાથે કોઈ ભલાઈ કરવામાં આવે તે ભલાઈ કરનારને કહી આપે, અલ્લાહ તને સારો બદલો આપે, તો તેણે તારીફ હદ સુધી પહોંચાડી આપી[૧]. '' (તિર્મિઝી)

૧. કેમ કે એનો મતલબ એ છે કે હું બદલો આપવાથી લાચાર છું, રબ તઆલા તને દીન તથા દનિયામાં આ વર્તાવનો ભલો બદલો આપે. આ ટૂંકા વાક્યમાં તેની નેઅમતનો ઈક્રાર પણ થઈ ગયો, પોતાની આજીજીનુ પ્રદર્શન પણ અને તેના હક્કમાં દુઆએ ખૈર પણ. શુક્રિયાનો મક્સદ પણ એ જ હોય છે. એનો મક્સદ એ પણ છે કે આપનારની જૂઠી પ્રશંસા અને ખુશામતભરી વાતચીત ન કરે, ફાસિક્ને વલી ન કહે, જાહિલને આલિમ ન બતાવે, ફક્રીરને શહેનશાહ ન કહે કે જૂઠુ બોલવું ગુનો પણ છે અને નિરર્થક પણ. એ જ રીતે જો કોઈ તમારી સાથે દુર્વ્યવહાર કરે તો તેને ગાળો ન આપો, બુરુ ભલુ ન કહો, બલ્કે કહો : غَفَرَ اللّٰه لك واصلح حالك અલ્લાહ તને બખ્શે અને તારી સુધારણા કરે.

જેણે બંદાનો શુક્ર અદા ન કર્યો તેણે ખુદાનો શુક્ર અદા ન કર્યો

★ હદીષ : (૧૦)-૩૦૨૫ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ لَمْ يَشْكُرِ النَّاسَ لَمْ يَشْكُرِ اللَّهَ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **જે લોકોનો શુક્રિયા અદા ન કરે તે અલ્લાહનો શુક્રિયા પણ અદા નહીં કરે.**'' (અહમદ, તિર્મિઝી)*

૧. سبحان اللّٰه ! કેટલો આલી મક્રામ છે ! બંદાનો નાશુક્રો યક્રીનન ! રબનો પણ નાશુક્રો હોય છે. બંદાનો શુક્રિયા (આભાર) દરેક રીતે થવો જોઈએ, દિલી, ઝબાની, અમલી, એ જ પ્રમાણે રબનો શુક્ર પણ દરેક રીતે કરે. બંદાઓમાં માબાપના શુક્રિયા અલગ છે, ઉસ્તાદનો કાંઈક અલગ, શયખ, બાદશાહનો શુક્રિયા કાંઈ અલગ.

અન્સારની તારીફ અને મહેમાન નવાઝીના વખાણ

★ હદીષ : (૧૧)-૩૦૨૬ ★

وَعَنْ أَنَسٍ قَالَ: لَمَّا قَدِمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْمَدِينَةَ أَتَاهُ الْمُهَاجِرُونَ فَقَالُوا: يَا رَسُولَ اللَّهِ مَا رَأَيْنَا قَوْمًا أَبْذَلَ مِنْ كَثِيرٍ وَلَا أَحْسَنَ مُوَاسَاةً مِنْ قَلِيلٍ مِنْ قَوْمٍ نَزَلْنَا بَيْنَ أَظْهُرِهِمْ: لَقَدْ كَفَوْنَا المؤونة وَأَشْرَكُونَا فِي الْمَهْنَأِ حَتَّى لَقَدْ خِفْنَا أَنْ يَذْهَبُوا بِالْأَجْرِ كُلِّهِ فَقَالَ: «لَا مَا

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, જ્યારે રસૂલુલ્લાહ ﷺ મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો હુઝૂરની ખિદમતમાં મુહાજિરો હાજર થઈને બોલ્યા[૧], યા રસૂલલ્લાહ ! ﷺ અમે જે લોકોના મહેમાન બન્યા છીએ તેમનાથી વધીને વધુ માલ ખર્ચ કરનાર અને થોડા માલથી મદદ કરનાર કોઈ ન જોયા[૧] અમારા તરફથી મહેનત તથા કષ્ટ તો ખુદ ઉઠાવે છે

અને આવકમાં અમને ભાગીદાર કરી લે છે[૩]. ત્યાં સુધી કે અમને ડર છે કે સઘળો સવાબ એઓ જ લઈ જશે[૪] હુઝૂરે ફર્માવ્યું, નહીં ! જ્યાં સુધી તમે તેમના માટે અલ્લાહથી દુઆઓ કરતા રહો અને તેમની પ્રશંસા કરતા રહો[૫]. '' (તિર્મિઝી) તિર્મિઝીએ એને સહીહ કહી.	دَعَوْتُمُ اللَّهَ لَهُمْ وَأَثْنَيْتُمْ عَلَيْهِمْ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَصَحَّحَهُ

૧. આ બનાવ ત્યારે બન્યો જ્યારે કે અન્સારે મુહાજિરોને પોતાના માલોમાં સરખે સરખા ભાગીદાર કરી લીધા, ત્યાં સુધી કે પોતાના મકાનના બે ભાગ કરીને એક મુહાજિર ભાઈને આપી દીધું. ખેતર, બાગના પણ આ મુજબ ભાગલા કરી આપ્યા. જો કોઈ અન્સારની બે પત્નીઓ હતી તો એકને તલાક આપીને મુહાજિર ભાઈના નિકાહમાં આપી દીધી. (મિર્કાત)

૨. આ વાક્યમાં અન્સારનાં વખાણ અને તેમની મહેમાન નવાઝીની પ્રશંસા છે. કૌમથી મુરાદ અન્સાર છે અને من كثير و من قليل ابذل من قوم. احسن અને ابذل من كثير و من قليل ના વિશે છે અને احسنનો બદલો એટલે આ કૌમ અન્સારથી વધીને અમે કોઈ એવી કૌમ નથી જોઈ જે મહેમાન પર થોડો તથા ઘણો જ માલ આ પ્રમાણે ખર્ચ કરતી હોય. એમનામાં માલદાર તો પોતાના ઘણા જ માલ વડે ખર્ચ કરે છે અને ગરીબ પોતાના થોડા માલ વડે સહાય તથા સહકાર કરે છે. مواساةનો અર્થ છે : મદદ, ભલાઈ, નેકી વગેરે. (અશિઅહ તથા મિર્કાત)

૩. આ અન્સારના બીજા કમાલનું વર્ણન છે કે તેમણે પોતાના માલોમાં સરખે સરખા ભાગીદાર કરી લીધા, તો હોવું જોઈતુ હતું કે મહેનતમાં પણ અમે બરાબરના ભાગીદાર હોતા, પણ તેમણે એવું ન કર્યું બલ્કે મહેનત તેઓ કરે છે અને નફામાં અમને સરખી રીતે ભાગીદાર કરે છે. અરબીમાં مهنا વિના તકલીફે મળેલ માલને કહે છે.

૪. એટલે કે અન્સાર આ મહેરબાનીઓના કારણે અમારી હિજરત તથા અમારી સર્વ ઈબાદતોનો સવાબ લઈ લેશે. કેમ કે તેઓ અમારી દરેક નેકીમાં સહાયક તથા મદદગાર છે.

૫. એટલે એવું ન થશે, બલ્કે તમારી દુઆ તથા ષનાના કારણે અલ્લાહ તઆલા તેમને એહસાનનો સવાબ અલગ આપશે અને તમને હિજરત તથા ઈબાદતોનો સવાબ આપશે. એનાથી નિર્દેશ થઈ રહ્યો છે કે જો કોઈ શખ્સ પોતાના મોહસિનને દુઆએ ખૈર તથા શુક્રિયાથી યાદ ન કરે તો અંદેશો છે કે એના અમલોનો સવાબ તેના મોહસિન તથા મદદગારને મળી જાય, એટલા માટે પોતાના મોહસિન (એહસાનકર્તા)ને જરૂર દુઆઓ આપો અને તેના શુક્રગુઝાર રહો.

ભેટો આપવું દુશ્મનીઓને મિટાવે છે

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી કે ફર્માવ્યું, હદિયા (તોહફા)ની લેણ દેણ કરો. હદિયો (તોહફો) અદાવતોને મિટાવી દે છે[૧]. ''	**★ હદીષ : (૧૨)-૩૦૨૭ ★** وَعَنْ عَائِشَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «تَهَادُوا فَإِنَّ الْهَدِيَّةَ تُذْهِبُ الضَّغَائِنَ».

૧. ضغائنનું ضغينة બહુવચન છે, અર્થ : દુશ્મની. એટલે એકબીજાને હદિયા, તોહફા આપ્યા કરે કે તેમની બરકતથી દુશ્મની દોસ્તીમાં તબદીલ થઈ જાય છે. આ અમલ ખૂબ જ મુજર્રબ (અજમાવાયેલો) છે : હદિયા

તોહફાની બરકતથી દોસ્તોની દોસ્તીમાં વધારે થઈ જાય છે અને દુશ્મનની દુશ્મની ખત્મ થઈ જાય છે. જેથી હદીષનો મતલબ એ નથી કે કેવળ દુશ્મનોને હદિયા આપે, બલ્કે મતલબ એ છે કે દોસ્તોને હદિયા આપો કે એનાથી દુશ્મની દૂર રહે છે, નજીક નથી આવતી. દુશ્મનોને હદિયા આપો કે એનાથી દુશ્મની દૂર થઈ જાય છે. تذهب નો અર્થ આમ કરવો જોઈએ. رواه પછી જગા નાની થઈ છે કે લેખકને હદીષનો મખરજ ન મળ્યો. આ હદીષ તિર્મિઝીની છે, જેમ કે મિર્કાત વગેરેમાં છે.

પડોશીના તોહફાને તુચ્છ ન ગણે ભલે બકરીની ખરી હોય

★ હદીષ : (૧૩)-૩૦૨૮ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «هَادوا فَإِنَّ الْهَدِيَّةَ تُذْهِبُ وَحَرَ الصَّدْرِ وَلَا تَحْقِرَنَّ جَارَةٌ لجارتها وَلَا شقّ فرسن شَاة» . رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે. ફર્માવ્યું, આપસમાં હદિયા લો આપો કે હદિયા (તોહફા) સીનાનો કીનો દૂર કરે છે[૧]. કોઈ પડોશણ પોતાની પડોશણને હકીર (હલકી) ન જાણે ભલે બકરીની ખરીનો ટુકડો જ હોય[૨]." (તિર્મિઝી)

૧. وحر નો અર્થ ગરમી, તેજી, અદાવત, કીનો, ગુસ્સો વગેરે છે, અહીં સર્વ અર્થ બની શકે છે કે હદિયો એ સૌને દૂર કરે છે.

૨. એટલે કે જો તમે અમીર કબીર છો અને તમારો પડોશી ગરીબ મિસ્કીન છે અને તે તમને મહોબ્બતથી કોઈ મામૂલી ચીજ હદિયો મોકલે તો તેને તુચ્છ સમજીને પરત ન કરી દો ન તેને બેકદરીથી રાખો બલ્કે શુક્રિયા સાથે સ્વીકારો અને તમારી શાનને લાયક તેને સારો બદલો આપો જેથી તેનું દિલ ભરાય. અલ્લાહ તો ગની છે પણ આપણા ફકીરોના મામૂલી સદકાઓને ખૂશીપૂર્વક કબૂલ કરે છે અને પોતાની શાનને લાયક બદલો આપે છે.

ત્રણ ચીજો પરત કરવામાં ન આવે

★ હદીષ : (૧૪)-૩૦૨૯ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «ثَلَاثٌ لَا تُرَدُّ الْوَسَائِدُ وَالدُّهْنُ وَاللَّبَنُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ قِيلَ: أَرَادَ بالدهن الطِّيب

"હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ત્રણ ચીજો પરત કરવામાં નહીં આવે : તકિયો, તેલ અને દૂધ[૧]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે. કહેવામાં આવ્યું છે, તેલથી મુરાદ ખુશ્બુ છે[૨]."

૧. જો યજમાન પોતાના મહેમાનોના માટે તકિયો પેશ કરે અને માથામાં નાખવા તેલ, પીવા માટે દૂધ કે લસ્સી તો મહેમાન એને રદ ન કરે બલ્કે ખૂશીપૂર્વક કબૂલ કરે. અરબ શરીફમાં તેલ પણ મહેમાનની આગતા સ્વાગતામાં પેશ થતુ હતું, જેમ કે બિહારમાં હજી પણ તેલ, અત્તર, પાન વડે દરેક આવનારની આગતા સ્વાગતા થાય છે.

૨. એટલે ખુશ્બોદાર તેલ. પણ હક્ક એ છે કે દરેક તેલ મુરાદ છે, ખુશ્બોદાર હોય કે ન હોય. હદીષના મુત્લકને તેના ઈત્લાક પર રાખવી બેહતર છે.

ખુશ્બુ જન્નતથી આવે છે તેને રદ ન કરવામાં આવે

★ હદીષ : (૧૫)-3030 ★

وَعَن أَبِي عُثْمَانَ النَّهْدَيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِذا أعْطى أحدكُم الرَّيْحَانَ فَلَا يَرُدُّهُ فَإِنَّهُ خَرَجَ مِنَ الْجَنَّةِ» . رَوَاهُ التِّرْمِذِيّ مُرْسلا

''હઝરત અબૂ ઉષ્માન મહદીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈને ખુશ્બુ આપવામાં આવે તો તેને રદ ન કરે કે ખુશ્બુ જન્નતથી આવી છે[૨].''

(તિર્મિઝી ઈરસાલન્)

૧. આપ બસરી છે. હુઝૂરે અન્વર ﷺના જમાનામાં ઈમાન લાવ્યા પણ દીદાર ન કરી શક્યા એટલા માટે તાબઈ છે. ૧૩૦ વરસની ઉમર પામ્યા. ૬૦ વરસથી વધુ કુફ્રમાં ગુજાર્યા બાકીનાં ઈસ્લામમાં. હિ.સ. ૯૫માં વફાત પામ્યા.

૨. હદીષ પોતાના જાહેર પર છે. **ઘણી ચીજો દુનિયામાં જન્નતથી આવી છે. જેમનામાંથી એક ખુશ્બુ પણ છે.** એને રદ કરવું રબ તઆલાની ઉમદા નેઅમતની નાકદરી છે. મુરાદ એ જ છે કે પહેલાં અર્ઝ કરવામાં આવી કે ખુશ્બુનો હદિયો પરત ન કરો. એ મતલબ નથી કે ખુશ્બુનો સોદો રદ ન કરો, જરૂર ખરીદી લો ! જેવું કે સામાન્યતઃ અત્તર વેચનારા કરે છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૬)-3031 ★

عَنْ جَابِرٍ قَالَ: قَالَتِ امْرَأَةُ بَشِيرٍ: انْحَلِ ابْنِي غُلَامَكَ وَأَشْهِدْ لِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَتَى رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنَّ ابْنَةَ فُلَانٍ سَأَلَتْنِي أَنْ أَنْحَلَ ابْنَهَا غُلَامِي وَقَالَتْ: أَشْهِدْ لِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «أَلَهُ إِخْوَةٌ؟» قَالَ: نَعَمْ قَالَ: «أَفَكُلَّهُمْ أَعْطَيْتَهُمْ مِثْلَ مَا أَعْطَيْتَهُ؟» قَالَ: لَا قَالَ: «فَلَيْسَ يَصْلُحُ هَذَا وَإِنِّي لَا أَشْهَدُ إِلَّا على حق» . رَوَاهُ مُسلم

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે બશીરની પત્નીએ કહ્યું કે મારા પુત્રને તમારો ગુલામ આપો[૧] અને રસૂલુલ્લાહ ﷺને મારા ગવાહ બનાવી લો[૨] જેથી તે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થઈને બોલ્યા કે ફલાણાની પુત્રીએ મારાથી માગણી કરી છે કે હું તેના પુત્રને મારો ગુલામ આપી દઉં અને કહ્યું છે કે રસૂલુલ્લાહ ﷺને મારો ગવાહ બનાવી લઉં[૩] ઈર્શાદ થયો કે તેના અન્ય પણ ભાઈ છે. બોલ્યા, હા ! ફર્માવ્યું, શું તમે એ સૌને એના જેવો જ અતિયો કર્યો છે જે એને આપી રહ્યા છો ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, એ દુરુસ્ત નથી[૪] અને હું કેવળ હક્ક પર ગવાહ બનું છું[૫].'' (મુસ્લિમ)

૧. બશીરની પત્નીનું નામ ઉમરા બિન્તે રવાહા છે અને તેમના પુત્રનું નામ જે ઉમરાના પેટથી હતો નોઅમાન છે, જેવું કે હમણા થોડાક અગાઉ ગુજર્યું. બશીરની અન્ય ઔલાદ બીજી પત્નીથી હતી.

૨. કે જેથી ભાવિમાં કોઈ ઝઘડો ન થાય. પહેલાં વર્ણવવામાં આવેલ છે કે આ હદીષ આજકાલના રજીસ્ટ્રેશનના રિવાજની અસ્લ (દલીલ) છે કે મહત્વની ચીજોના વેચાણનું રજીસ્ટ્રેશન કરાવવામાં આવે છે.

૩. જાણવા મળ્યું કે દરેક જગાએ બે ગવાહોની જરૂરત નથી, ક્યારેક એક ગવાહ પણ પૂરતો હોય છે. રબ તઆલા ફર્માવે છે : وَشَهِدَ شَاهِدٌ مِّنْ اَهْلِهَا (અને સ્ત્રીના ઘરવાળાઓમાંથી એક ગવાહે ગવાહી આપી. સૂરએ યૂસુફ, ૧૨/૨૬) ઝુલેખાવાળાઓમાંથી એક ગવાહે ગવાહી આપી.

★ પોતાની ઔલાદને જિંદગીમાં જેને જે ચાહે તે આપે પણ બરાબર કરવું બેહતર ★

૪. એટલે તે બીવી સાહેબાનું એવું કહેવું અથવા તમારું કેવળ એક પુત્રને અતિયો આપવું અથવા મારું એ અતિયા પર ગવાહ બનવું બેહતર નથી. સારાંશ કે هذا માં કેટલીક સંભાવનાઓ છે અને يصلح બેહતર તથા મુનાસિબના અર્થમાં છે ન કે જાઈઝ તથા દુરુસ્તના અર્થમાં જેમ કે પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યું કે **માબાપ પોતાની જિંદગીમાં જે બાળકને જે ચાહે આપે, પણ બરાબર કરવું બેહતર છે.**

૫. આ હક્ક બાતિલના મુકાબલામાં નથી બલ્કે અયોગ્યના મુકાબલામાં છે, એટલે અમે એના પર ગવાહ બનીએ છીએ જે અયોગ્ય તથા મકરૂહ પણ ન હોય.

અલ્લાહની નેઅમતને ચૂમવુ સુન્નત હોવાની સાબિતી

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે, મેં રસૂલુલ્લાહ ﷺ ને જોયા કે જ્યારે આપની પાસે નવુ ફળ લાવવામાં આવતુ તો આપ તેને પોતાની આંખો અને હોટો પર રાખતા[૧] અને અર્ઝ કરતા, ઈલાહી ! જેવી રીતે તેં અમને એની શરૂઆત બતાવી અમને એનો અંત પણ બતાવ[૨] પછી તે ફળ કોઈ એવા બાળકને અતા કરી આપતા જે આપની પાસે હોતુ[૩]." (બયહકી, દઅવાતે કબીર)

★ હદીષ : (૧૭)-૩૦૩ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أُتِيَ بِبَاكُورَةِ الْفَاكِهَةِ وَضَعَهَا عَلَى عَيْنَيْهِ وَعَلَى شَفَتَيْهِ وَقَالَ: «اللَّهُمَّ كَمَا أَرَيْتَنَا أَوَّلَهُ فَأَرِنَا آخِرَهُ» ثُمَّ يُعْطِيهَا مَنْ يَكُونُ عِنْدَهُ مِنَ الصِّبْيَانِ. رَوَاهُ الْبَيْهَقِيّ فِي الدَّعْوَات الْكَبِير

૧. એટલે કે ચૂમીને આંખોથી લગાડતા એ રીતે નેઅમતે ઈલાહીનો એહતેરામ કરતા, જેમ કે **પ્રથમ વરસાદનાં ટીપાં પોતાના મોં તથા સીના શરીફ પર લેતા હતા.** એમાં **રબ તઆલાની નેઅમતની કદરદાની** અને તેનો **શુક્રિયા** છે.

૨. ફળના અંતથી મુરાદ આખરી મોસમનાં ફળ છે, એટલે અમારી જિંદગી એટલી લાંબી કર કે અમે મોસમનું અંતિમ ફળ પણ જોઈ લઈએ, અથવા જન્નતનાં ફળ છે કે દુનિયાના ફળ ત્યાંનો નમૂનો છે. એટલે કે અમને ઈમાન તથા તકવો નસીબ કર કે અમે આખેરતમાં જન્નતમાં જઈએ અને ત્યાંનાં ફળો જોઈએ અને ખાઈએ. (મિર્કાત)

★ ખત્મ શરીફના ફળ વગેરેને વહેંચવાની દલીલ ★

૩. કેમ કે બાળકોને ફળ વગેરેથી ઘણુ આકર્ષણ હોય છે, તેમજ એ પણ માણસનું પ્રથમ ફળ છે એ નિસ્બતથી **પ્રથમ ફળને પ્રથમ ફળોને અતા કરતા હતા.** આ હદીષથી અમુક મસ્અલા માલૂમ પડયા : **એક** એ કે અલ્લાહ તઆલાની નેઅમતને ચૂમવું, આંખોથી લગાડવી સુન્નત છે. **જેથી કુર્આન શરીફ, હદીષ શરીફ, હુઝૂરે અન્વર**

ﷺ**ના તબર્રુકાત ચૂમવા સુન્નતથી સાબિત છે.** અમુક લોકો રોટલીને ચૂમે છે, તેમની દલીલ આ હદીષ છે. **બીજુ** એ કે ખાવાનું હાથમાં લઈને અથવા સામે રાખીને અલ્લાહનો ઝિક્ર અથવા દુઆ કરવી સુન્નત છે, જેથી રિવાજ મુજબના ખત્મ, ફાતિહા પણ જાઈઝ છે, સુન્નતથી સાબિત છે. એનો માખઝ પણ આ હદીષ છે. સરકારે આલી કુર્બાની કરીને જાનવર સામે રાખીને દુઆ કરતા હતા. **ત્રીજુ** એ કે ખતમ શરીફનું ફળ વગેરે ખાવું, બાળકોમાં વહેંચવું સુન્નતથી સાબિત છે જેની અસ્લ (દલીલ) આ હદીષ છે. ચોથુ એ કે નવા ફળ પર ફાતિહા પઢીને બાળકોમાં વહેંચી દેવું હુઝૂર ﷺના અમલ શરીફથી સાબિત છે, જેમ કે આજે બુઝુર્ગોનો તરીકો છે.

૪. અલ્લામા જઝરીએ હિસ્ને હસીન શરીફમાં આ પ્રમાણે રિવાયત કરી કે જ્યારે હુઝૂરે અન્વર ﷺ પ્રથમ ફળ જોતા તો ફર્માવતા : اللّٰهم بارك لنا فى ثمرنا وبارك لنا فى مناتبنا وبارك لنا فى صاعنا وبارك لنا فى مدنا અને જ્યારે આપની ખિદમતમાં એ ફળ લાવવામાં આવતુ તો કોઈ બાળકને અતા કરી દેતા.

(મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, અન અબી હુરૈરહ, અઝ : મિર્કાત)

બાબુલ લુક़ता[1] باب العطايا
(મળી આવેલી ચીજ વિશે)

(વિભાગ : ૧) الفصل الاول

૧. لقط અને التقاط પડેલી ચીજને ઉઠાવી લેવું અને لقط લામના પેશ કાફના સુકૂન (જઝમ)થી પડેલી ચીજ ઉઠાવવામાં આવે. અમુકે ફર્માવ્યું, لُقَطَه લામના પેશ ક़ાફના ઝબરથી, ઉઠાવનારા લોકો. જેમ કે همزه અને لمزه બહુવચન هامز અને لامزની. એવી જ રીતે લુક़તાનું બહુવચન لاقطની.

પડેલો સામાન, બકરી, ઊંટ વગેરેના મસાઈલ

★ હદીષ : (૧)-3033 ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ زَيْدِ بْنِ خَالِدٍ قَالَ: جَاءَ رَجُلٌ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَسَأَلَهُ عَنِ اللُّقَطَةِ فَقَالَ: «اعْرِفْ عِفَاصَهَا وَوِكَاءَهَا ثُمَّ عَرِّفْهَا سَنَةً فَإِنْ جَاءَ صَاحِبُهَا وَإِلَّا فَشَأْنُكَ بِهَا» . قَالَ: فَضَالَّةُ الْغَنَمِ؟ قَالَ: «هِيَ لَكَ أَوْ لِأَخِيكَ أَوْ لِلذِّئْبِ» قَالَ: فَضَالَّةُ الْإِبِلِ؟ قَالَ: «مَالَكَ وَلَهَا؟ مَعَهَا سِقَاؤُهَا وَحِذَاؤُهَا تَرِدُ الْمَاءَ وَتَأْكُلُ الشَّجَرَ حَتَّى يَلْقَاهَا رَبُّهَا» . مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ: فَقَالَ: «عَرِّفْهَا سَنَةً ثُمَّ اعْرِفْ وِكَاءَهَا وَعِفَاصَهَا ثُمَّ اسْتَنْفِقْ بِهَا فَإِنْ جَاءَ رَبُّهَا فَأَدِّهَا إِلَيْهِ»

''હઝરત ઝયદ ઈબ્ને ખાલિદથી[1] ફર્માવે છે, એક શખ્સ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો. આપને લુક़તાના બારામાં પૂછ્યું. ફર્માવ્યું, એના વાસણ એના બંધનનું એલાન કરો[2] પછી એક વરસ સુધી મશહૂર કરતા રહો[3] પછી જો તેનો માલિક આવી જાય તો ઠીક, નહીં તો તમે એનાથી લાભ ઉઠાવો. અર્ઝ કરી[4] ગુમ થયેલી બકરી? ફર્માવ્યું, તે તારી છે કે તારા ભાઈની અથવા વરૂની[5] અર્ઝ કરી, ગુમ થયેલુ ઊંટ? ફર્માવ્યું, તમારે એનાથી શું? તેની સાથે તેની મશક તેનો બચાવ છે. પાણી પર જશે, ઝાડ ખાશે, ત્યાં સુધી કે તેને માલિક પામી લેશે[6]. (બુખારી) મુસ્લિમની રિવાયતમાં આ પ્રમાણે છે કે, ફર્માવ્યું : એને મશહૂર કરો એક વરસ, પછી એનું બંધન એનુ વાસણ મશહૂર કરો, પછી તેને ખુદ ખર્ચી કાઢો[7]. પછી જો તેને માલિક આવે તો તેને અદા કરી દો[8].''

૧. આપ મશહૂર સહાબી છે. ૭૫ વરસની ઉમર પામી. હિ.સ. ૭૫માં કૂફામાં વિસાલ થયો. અમીર મુઆવિયહ અથવા અબ્દુલમલિકના જમાનામાં. આખરી વાત સહીહ છે કેમ કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ હિ.સ. ૧૦માં વફાત પામી ચૂક્યા હતા. (અઝ : અશિઅ્હ)

૨. એટલે કે એવું કહો કે જેની આ ચીજ હોય તે એનો થેલો, વાસણ, બંધન તથા માલની સંખ્યા વર્ણવે અને અમારી પાસેથી લઈ લે. એ મતલબ નથી કે તમે પોતે જ બતાવી દો કે આ માલની માત્રા આ પ્રમાણે છે. વાસણ વગેરે એવું કે આ સ્થિતિમાં તો જૂઠા લોકો દાવો કરશે કે અમારો માલ છે. (મિર્ક़ાત, અશિઅ્હ)

૩. આ એલાન મસ્જિદો તથા બજારો, ભીડોમાં સમયે સમયે કરવામાં આવે. દરરોજ સતત કરવું વાજિબ નથી. ઈમામ મુહમ્મદ તથા શાફઈ તથા અહમદ رضوان الله تعالى عليهم اجمعين ની નજીક દરેક પ્રકારના લુક્તાનું એલાન એક વરસ કરે. તેમની દલીલ આ હદીષ છે. ઈમામે આ'ઝમ તથા ઈમામ માલિક رضي الله عنهما ને ત્યાં **મામૂલી લુક્તાનું એલાન અમુક દિવસો કરે, દરમિયાનીનું એલાન એક વરસ, આ'લા કિંમતી ચીજનું ત્રણ વરસ.** આ ફર્માને આલી દરમિયાન (મધ્યમ કક્ષાની ચીજ)ના માટે છે. નહીં તો હઝરત ઉબય ઈબ્ને કઅબ رضي الله عنه ને ત્રણ વરસ એલાનનો હુકમ આપવામાં આવ્યો કેમ કે ત્યાં લુક્તા ખૂબ કિંમતી હતો. જેથી હનફી મઝહબ કવી છે.

૪. જે શખ્સ લુક્તાનુ વાણસ, બંધન, માલની માત્રા, અન્ય નિશાની દુરુસ્ત વર્ણવી આપે તો ઈમામ માલિક તથા અહમદ رضي الله عنهما ને ત્યાં તેને આપી દેવું વાજિબ છે. પણ ઈમામે આ'ઝમ તથા શાફઈ رضي الله عنهما ને ત્યાં જો પામનારનું દિલ ગવાહી આપે કે આ સાચો છે તો આપી દે, નહીં તો એ દાવેદાર પાસે ગવાહ માગે અને ગવાહી લઈને આપે કે શક્ય છે તે શખ્સે માલના માલિક પાસેથી એ બાબતો સાંભળી હોય અને સાંભળીને વર્ણવી રહ્યો હોય. **જો લુક્તા પામનાર ફક્રીર (ગરીબ) હોય તો બાદ માયૂસી (કોઈ દાવેદારની આશા ન રહે તો) પોતે વાપરે અથવા તો ખૈરાત કરી દે. પરંતુ જો બાદમાં માલિક મળી ગયો તો તેને ચીજની કિંમત આપવી પડશે.** અમુકની નજીક માલદાર પણ વાપરી શકે છે.

૫. એટલે કે ગુમ થયેલી બકરી જરૂર પકડી લો, નહીં તો વરૂ ખાય જશે, ન તમને મળશે ન માલિકને.

૬. ખુલાસો એ છે કે ગુમ થયેલા ઊંટને ન પકડો કે તેના નષ્ટ થઈ જવાનો ખતરો નથી. પાણીનો થેલો પેટમાં છે. તેના પગો મજબૂત છે. જંગલી જાનવરોથી ભાગીને જાન બચાવી શકે છે. લાંબી મુસાફરી કરી શકે છે. ઉલમા ફર્માવે છે કે જંગલમાં ગુમ થયેલા ઊંટને ન પકડે પરંતુ વસ્તીમાં ગુમ થયેલાને પકડે, ત્યાં તેને લોકો ચરાવી લેશે. અને હવે તો જંગલ કે વસ્તીમાં જ્યાં પણ ચોરીનો ખતરો હોય ત્યાં પકડે. આ હુકમ અરબના માટે હતો જ્યાં તદ્દન ચોરી ખત્મ થઈ ચૂકી હતી. (અઝ : મિર્કાત)

૭. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહીં ثم કેવળ અતફના માટે છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : ثُمَّ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ (પછી અમે મૂસાને કિતાબ અતા કરી. સૂરએ અન્આમ, ૬/૧૫૪) જેથી બે વરસ સુધી મશહૂર કરવું જરૂરી છે. ખુલાસો એ છે કે ثم اعرف الخ વાક્યા عَرِّفْهَا سَنَةً નું વર્ણન છે. અને અમુક શરહકર્તા ફર્માવે છે કે ثُمَّ કમના માટે છે. લુક્તા (કોઈની ખોવાયેલી ચીજ) પામનારને યોગ્ય એ છે કે પહેલાં એક વરસ સુધી મશહૂર કરે. પછી જ્યારે પોતાના ઉપયોગમાં લાવવા લાગે પછી એલાન કરે. અહીં મુસ્તહબ હોવા માટે વર્ણન છે.

૮. ખર્ચ કરવાનો હુકમ મુબાહ હોવાના માટે અને فَادِّهَا વાજિબ હોવાના માટે છે. એટલે એક વરસ પસાર થતાં તમારે લુક્તા ખુદ ખર્ચી કાઢવું જાઈઝ છે. પછી જો ખર્ચી કાઢયા પછી માલિક લે તો તેના જેવું અથવા કિંમત માલિકને અદા કરવું જરૂરી છે. અને જો ખૈરાત કરી આપ્યું પછી બાદમાં માલિક આવ્યો તો તેને અખત્યાર છે લુક્તા પામનારથી જે પણ કિંમત લે અથવા ફક્રીરથી જેને ખૈરાત આપવામાં આવી. (મિર્કાત)

મળેલી ગુમ થયેલ ચીજનું એલાન ન કરનાર ખયાનતી

★ હદીષ : (૨)-૩૦૩૪ ★
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ آوَى ضَالَّةً فَهُوَ ضَالٌّ مَا لم يعرفهَا» . رَوَاهُ مُسلم

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે ***રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે ગુમ થયેલી ચીજને પોતાની પાસે જગા આપે[૧] તે ગુમરાહ છે, જ્યાં સુધી કે તેનું એલાન ન કરે[૨].''***

(મુસ્લિમ)

૧. ગાલિબ એ છે કે ગુમ થયેલી ચીજથી મુરાદ ગુમ થયેલ જાનવર છે, કેમ કે ضَال મોટાભાગે જાનદાર ગુમ થયેલાને કહેવામાં આવે છે અને લુક્તા આમ (સર્વ સામાન્ય) છે, જાનદાર, નિર્જીવ ગુમ થયેલા સૌને લુક્તા કહે છે. પણ મોટાભાગે નિર્જીવ ચીજ પર બોલવામાં આવે છે. (મિર્કાત)

૨. આ વાક્યના કેટલાય અર્થો થઈ શકે છે : **એક** એ કે હાજીની ગુમ થયેલી ચીજના કદી માલિક ન બનો બલ્કે તેના સુધી પહોંચાડી જ આપો. **બીજુ** એ કે હજ્જના જમાનામાં હાજીઓની પડેલી ચીજ ન ઉઠાવો, બલ્કે જ્યાં પડી હોય ત્યાં જ એલાન કરી દો, કેમ કે બાદમાં એલાન કરવું ફાયદાકારક નથી, કેમ કે હાજી બહું જ જલ્દી વિખેરાય જાય છે.

★ હાજીઓની ગુમ થયેલ ચીજ ઉઠાવવા વિશે ★

ત્રીજુ એ કે હરમ શરીફમાં હાજીઓના લુક્તાના માલિક કદી ન બનો, તેને હમેશાં અમાનત રહેવા દો અને જ્યારે કદીક હાજી આવે તો તેને આપી દો, નહીં તો તે અમાનત પડી રહેવા દો. આ ત્રીજો ક્વૌલ ઈમામ શાફઈ رضی اللہ عنہ નો છે. આપણે ત્યાં હરમ વગેરેના લુક્તામાં કોઈ તફાવત નથી. હવે ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં પણ હરમનો લુક્તા જરૂર ઉઠાવવામાં આવે અને માલિક ન મળવા પર ખૈરાત કરી દેવામાં આવે, કેમ કે હવે હરમ શરીફમાં પણ ચોરીઓ થવા લાગી છે, જો ન ઉઠાવવામાં આવે તો ચોરી થઈ જશે. (મિર્કાત)

★ હદીષ : (૩)-૩૦૩૫ ★
وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ عُثْمَانَ التَّيمِيِّ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَن لقطَة الْحَاج. رَوَاهُ مُسلم

''હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઉષ્માન તૈમીથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ હાજીઓના લુક્તાથી મના ફર્માવ્યું[૨].'' (મુસ્લિમ)

૧. આપ હઝરત તલ્હા ઈબ્ને ઓબૈદુલ્લાહના ભત્રીજા છે. સહાબી છે. અને અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરની સાથે ઈમાન લાવ્યા. પણ આપે ડાયરેક્ટ હુઝૂરે અન્વર ﷺ થી કોઈ રિવાયત નથી કરી. જેથી આ હદીષ મુરસલે સહાબી છે, કે કોઈ સાંભળનાર સહાબીનું નામ રહી ગયું છે. યાદ રાખશો કે મુરસલે સહાબી સર્વની નજીક હુજ્જત છે. ગૈર સહાબીના મુરસલમાં મતભેદ છે. આપણા હનફીઓને ત્યાં મક્બૂલ (સ્વીકાર્ય) છે. ઈમામ શાફઈને ત્યાં ગૈર મક્બૂલ. *(મિર્કાત)*

૨. આ વાક્યના કેટલાય અર્થો થઈ શકે છે : **એક** એ કે હાજીની ગુમ થયેલી ચીજના માલિક કદી ન બનો, બલ્કે એના સુધી પહોંચાડી દો. **બીજુ** એ કે હજ્જના સમયમાં હાજીઓની પડેલી ચીજ ન ઉઠાવો, બલ્કે જ્યાં ચીજ પડી

હોય ત્યાં જ એલાન કરી દો, કેમ કે બાદમાં એલાન કરવું લાભદાયી નથી કે હાજીઓ ખૂબ જ જલ્દી અલગ અલગ પડી જતા હોય છે. **ત્રીજુ** એ કે હરમ શરીફમાં હાજીઓના લુક્ફતા (પડેલી ચીજ)ના માલિક કદી ન બનો. તેને હમેશાં અમાનત રહેવા દો, અને જ્યારે કદીક હાજી આવે તો આપી દો, નહીં તો પડી રહેવા દો. આ ત્રીજો ક્વૌલ ઈમામ શાફઈનો છે. આપણે ત્યાં હરમ વગેરેના લુક્ફતામાં કોઈ ફરક્ નથી. હવે ઈમામ શાફઈને ત્યાં પણ હરમનો લુક્ફતા (ગુમ ચીજ) જરૂર ઉઠાવવામાં આવે અને માલિક ન મળવા પર ખૈરાત કરી દેવામાં આવે કે હવે હરમ શરીફમાં પણ ચોરીઓ થવા લાગી, અને જો ન ઉઠાવવામાં આવે તો ચોરી થઈ જશે. (મિર્ક્વાત)

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૪)-303૬ ★

عَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ سُئِلَ عَنِ الثَّمَرِ الْمُعَلَّقِ فَقَالَ: «مَنْ أَصَابَ مِنْهُ مِنْ ذِي حَاجَةٍ غَيْرَ مُتَّخِذٍ خُبْنَةً فَلَا شَيْءَ عَلَيْهِ وَمَنْ خَرَجَ بِشَيْءٍ مِنْهُ فَعَلَيْهِ غَرَامَةُ مِثْلَيْهِ وَالْعُقُوبَةُ وَمَنْ سَرَقَ مِنْهُ شَيْئًا بَعْدَ أَنْ يُؤْوِيَهُ الْجَرِينَ فَبَلَغَ ثَمَنَ الْمِجَنِّ فَعَلَيْهِ الْقَطْعُ» وَذَكَرَ فِي ضَالَّةِ الْإِبِلِ وَالْغنم كَمَا ذكر غَيْرُهُ قَالَ: وَسُئِلَ عَنِ اللُّقَطَةِ فَقَالَ: «مَا كَانَ مِنْهَا فِي الطَّرِيقِ الْمِيتَاءِ وَالْقَرْيَةِ الْجَامِعَةِ فَعَرِّفْهَا سَنَةً فَإِنْ جَاءَ صَاحِبُهَا فَادْفَعْهَا إِلَيْهِ وَإِنْ لَمْ يَأْتِ فَهُوَ لَكَ وَمَا كَانَ فِي الْخَرَابِ الْعَادِيِّ فَفِيهِ وَفِي الرِّكَازِ الْخُمُسُ» . رَوَاهُ النَّسَائِيُّ وَرَوَى أَبُو دَاوُدَ عَنْهُ مِنْ قَوْله: وَسُئِلَ عَن اللّقطَة إِلَى آخِره

''હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી, તે રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરે છે કે આપને લટકેલાં ફળો વિશે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, જે જરૂરતમંદ એમાંથી કાંઈ લઈ લે કે તેનો સંગ્રહ ન કરે તો તેના પર વાંધો નથી[૨]. અને એમાંથી કાંઈક લઈને નીકળી જાય એના પર ડબલ તાવાન પણ છે અને સજા પણ[૩]. અને જે એમાંથી ઢગલામાં જતા રહ્યા પછી ચોરાવી લે પછી તે ઢાલની કિંમત સુધી પહોંચી જાય તો એના પર હાથ કાપવું છે[૪]. અને ગુમ થયેલા ઊંટ અને બકરીના બારામાં એ જ વર્ણવ્યું જે બીજાઓએ વર્ણવ્યું[૫] અને આપને લુક્ફતાના બારામાં પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, જે આબાદ રસ્તા અને મોટી વસ્તીમાં મળે તો એક વરસ સુધી એનું એલાન કરો[૬]. જો એનો માલિક આવી જાય તો તેને આપી દો અને જો ન આવે તો એ તમારી છે[૭]. અને જે પુરાણા વિરાનામાં હોય તો એમાં અને દફન થયેલામાં પાંચમો હિસ્સો છે[૮]. (નિસાઈ) અને અબૂ દાઊદે એ જ અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત કરી. અહીંથી આખર સુધીની وسئل عن القطة.

૧. અમ્ર ઈબ્ને શોએબના દાદાનું નામ અબ્દુલ્લાહ અમ્ર ઈબ્ને આસ છે. એ પહેલાં વર્ણન કરવામાં આવી ગયું છે કે અમ્ર ઈબ્ને શોએબની સર્વ રિવાયતોમાં તદલીસ છે, ખબર નહીં કે جدّ ની ઝમીર કઈ બાજુ પલ્ટે છે, અમ્રની તરફ કે અબિયહની તરફ. એટલા માટે એમની હદીષોથી શરઈ મસ્અલા બીજી હદીષના સમર્થન વિના સાબિત નથી થતા.

★ ભૂખથી મરી રહ્યો હોય તે જરૂર જેટલુ બાગના માલિકને પૂછયા વિના ખાય શકે ★

૨. એની શરહ બાબુલ ગસ્બમાં વર્ણન થઈ ચૂકી કે ભૂખ્યો માણસ જે ભૂખથી મરી રહ્યો હોય તે બાગના માલિકને પૂછયા વિના ફળ તોડીને જરૂરત જેટલુ ખાય શકે છે અને પૈસા મળવા પર એની કિંમત અદા કરી આપે. જેથી شيئ થી મુરાદ لا اثم છે. એટલે એના પર ગુનોહ નથી કે એવી મજબૂરીની હાલતમાં મુરદાર ખાવુ પણ દુરુસ્ત છે. રબ તઆલા ફર્માવે છે : فَمَنِ اضْطُرَّ فِيْ مَخْمَصَةٍ (તો જે ભૂખ તરસની સખ્તીમાં લાચાર હોય, એ કે ગુનાહની તરફ ન ઝુકે.... સૂરએ માઈદા, ૫/૩)

૩. એટલે કે જે શખ્સ એ ફળ લઈને બાગથી નીકળે તે ખયાનત કરનાર, હડપ કરનાર છે. એના પર બે સજાઓ છે. ડબલ કિંમત, કાઝી જે ચાહે સજા આપે. ઈમામ અહમદ رضی اللہ عنہ ને ત્યાં એના પર જ અમલ છે. હઝરત ઉમર رضی اللہ عنہ પણ પોતાની ખિલાફતના જમાનામાં આ જ હુકમ આપતા હતા. આપણે ત્યાં આ હદીષ મન્સૂખ છે. શરૂ ઈસ્લામમાં હતી, કેમ કે માલી દંડ હવે હરામ થઈ ગયો. રબ તઆલા ફર્માવે છે : لَا تَأْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ (આપસમાં એકબીજાનો માલ નાહક્ક ન ખાવ. –સૂરએ બકરહ, ૨/૧૮૮) એકબીજાનો માલ નાજાઈઝ તરીકાઓથી ન ખાવ, અને દંડ પણ નાજાઈઝ તરીકો જ છે કે નાહક્ક રીતે કોઈનો માલ લેવો હરામ છે.

૪. કેમ કે એ જમાનામાં મદીના મુનવ્વરાના બાગો દીવાલો વડે ઘેરાયેલા ન હતા, આમ જ ખુલ્લા હતા, એટલા માટે ઝાડથી ફળ તોડવાને ચોરી ઠરાવવામાં ન આવ્યું, કેમ કે ગૈર મેહફૂઝ (અસુરક્ષિત) માલને લેવું ચોરી નથી, બલ્કે જ્યારે ફળ ઢગલામાં પહોંચી જઈને સુરક્ષિત થઈ જાય તો તેને લેવાનું કામ ચોરી થયું. જો બાગની આસપાસ ચારેબાજુ દીવાલ હોય તો ફળ તોડવું પણ ચોરી ગણાશે. ઢાલની કિંમત હનફીઓને ત્યાં દસ દિરહમ એટલે પોણા ત્રણ રૂપિયા (તે સમયના જ્યાં કિતાબ લખાયેલી) છે, એનાથી ઓછી કિંમતના માલની ચોરી પર હાથ કપાશે નહીં. અન્ય ઈમામોને ત્યાં એનાથી ઓછામાં પણ કપાશે. એની તેહકીક ઈન્ શા અલ્લાહ ! કિતાબુલ હુદૂદમાં થશે.

૫. એટલે અમ્ર ઈબ્ને શોએબના દાદાએ પણ ઊંટ તથા બકરીના લુકતાના વિશે એ જ હદીષ વર્ણવી જે અન્ય રાવીઓએ કરી છે. એટલે ગુમ થયેલી બકરીને પકડી લો અને ગુમ થયેલ ઊંટ ન પકડો.

૬. ميتاء اتوبا ابتان થી છે. અસલમાં مئتا હમ્ઝાથી હતુ. હમ્ઝા "યે" થઈ ગયો એટલે ખૂબ જ અધિક પ્રમાણમાં આવવા જવાનો રસ્તો, ચાર રસ્તાને પણ ميتاء કહે છે અને હાઈવેને પણ.

★ આમ આબાદી અને આમ રસ્તાની ચીજ લુકતા છે ★

૭. ખુલાસો એ છે કે આમ આબાદી અને આમ રસ્તાની પડેલી ચીજ લુકતા છે કે લગભગ કોઈ મુસલમાનની છે. તેના પર લુકતાના હુકમો લાગુ થશે.

૮. એટલે પુરાણો ગૈર આબાદ રસ્તો અથવા પુરાણી ગૈર આબાદ વસ્તી જે કોઈ મુસલમાનની મિલ્કત ન હોય અને ત્યાં ઈસ્લામી આબાદી ન રહી હોય ત્યાંથી પડેલી ચીજ ગાલિબ (અધિકતર ગુમાન) એ છે કે પુરાણા જમાનાના કાફિરોની છે, તો એ દફીના (જમીનના છુપો ખજાનો)ના હુકમમાં છે અને એના દફન થયેલ ખજાનાના હુકમો લાગુ થશે કે **પાંચમો હિસ્સો ઈસ્લામી હુકૂમતનો બાકીનું એને પામનારનું.**

★ હદીષ : (૫)-૩૦૩૭ ★

وَعَن أَبِي سعيد الْخُدْرِيّ: أَنَّ عَلِيَّ بْنَ أَبِي طَالِبٍ رَضِيَ اللَّهُ عَنْهُ وَجَدَ دِينَارًا فَأَتى بِهِ فَاطِمَةَ رَضِيَ اللهُ عَنْهَا فَسَأَلَ عَنْهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَذَا رِزْقٌ اللَّهِ» فَأَكَلَ مِنْهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأكل عَلِيّ وَفَاطِمَة رَضِيَ اللهُ عَنْهُمَا فَلَمَّا كَانَ بَعْدَ ذَلِكَ أَتَتِ امْرَأَةٌ تَنْشُدُ الدِّينَارَ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا عَلِيُّ أَدِّ الدِّينَارَ» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે જનાબ અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ એ એક અશરફી પડેલી પામી તો તેને ઉઠાવીને હઝરત ફાતિમા رضی اللہ عنہا ની પાસે લાવ્યા. પછી એના વિશે રસૂલુલ્લાહ ﷺ ને પૂછયું તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આ અલ્લાહનું આપેલ રિઝ્ક (રોજી) છે[૧] જેથી એમાંથી રસૂલુલ્લાહ ﷺ એ પણ ખાધુ અને હઝરત અલી તથા ફાતિમા ઝહ્રા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ પણ ખાધુ[૨]. પછી કેટલોક અરસો પસાર થયો તો એક સ્ત્રી અશરફી શોધતી આવી ત્યારે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, હે અલી ! અશરફી અદા કરી આપો[૩].'' (અબૂ દાઉદ)

૧. જેથી તમે તમારા ખરચમાં લાવો. આ હદીષના આધારે અમુક ઉલમાએ ફર્માવ્યું કે થોડા લુક્તા (મળેલી ચીજ)નું એલાન કરવું વાજિબ નથી. કેમ કે હઝરત અલી رضی اللہ عنہ ને હુઝૂરે અન્વર ﷺ એ તરત જ ખર્ચ કરવાની ઈજાઝત આપી દીધી, એલાનનો હુકમ નથી આપ્યો. فَأَتَىٰ તથા فَسَأَلَ થી જાણવા મળ્યું કે લુક્તા (ખોવાયેલ ચીજ) પામતાં જ વિના વિલંબે ખર્ચી કાઢવાની ઈજાઝત આપી દીધી. પણ આ દલીલ કરવામાં બે પ્રકારની ચર્ચા છે : **એક** એ કે દીનાર થોડો માલ નથી બલ્કે વધારે માલ છે. બીજુ એ કે ف ક્યારેક તરાખી પર વપરાય છે. જેથી કહેવામાં આવે છે تَزَوَّجْتُ فَوُلِدَ لِي મેં નિકાહ કર્યા. તો અલ્લાહે મને બાળક આપ્યું. જુએ બાળક નિકાહ કર્યા બાદ ૯ મહીના પછી થાય છે પણ અહીં ف બોલવામાં આવ્યું. રબ તઆલા ફર્માવે છે : اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَتُصْبِحُ الْاَرْضُ مُخْضَرَّةً (શું તેં ન જોયું, અલ્લાહે આસ્માનથી પાણી ઉતાર્યું ? સૂરએ હજ્જ, ૨૨/૬૩) અલ્લાહ તઆલા આસ્માનથી પાણી ઉતારે છે તો જમીન હરીભરી થઈ જાય છે. જુઓ, વરસાદના કેટલાક અરસા પછી જમીન હર્યીભર્યી થાય છે ન કે તરત, છતાં અહીં ف ઈર્શાદ થયું. જાણવા મળ્યું કે ف ક્યારેક તરાખીના માટે પણ આવી જાય છે. એ જ રીતે અહીં હઝરત અલી رضی اللہ عنہ ને એલાન વગેરે બાદ લુક્તા (મળેલી ચીજ) વાપરવાની ઈજાઝત આપવામાં આવી. જેથી હક્ક એ જ છે કે લુક્તાનું એલાન જરૂરી છે.

★ લુક્તા તે પણ ખાય શકે જે સદક્રો ન ખાય શકે ★

૨. એનાથી જાણવા મળ્યું કે લુક્તા તે પણ ખાય શકે છે જે સદક્રો નથી ખાય શક્તો, એટલે બની હાશિમ. અમુક હઝરાતે આ હદીષના આધારે ફર્માવ્યું કે લુક્તા ગની (માલદાર) પણ ખાય શકે છે. જુઓ ! હઝરત અલી પણ માલદાર હતા અને નબી કરીમ ﷺ તો ગનીગર (માલદાર કરનાર) છે છતાં એ બંને બુઝુર્ગોએ લુક્તા ખાધો. પણ આ દલીલ ઝઈફ છે કેમ કે લુકતાના બારામાં ગનીથી મુરાદ તે છે જે ચાંદી સોનુ વગેરેનો સાહિબે નિસાબ હોય. આ માલદારી એટલે ચાંદી સોનાનું ભેગુ થવું એ બંને ઘરોમાં એ વખતે તો શું કદી ન થયું. **હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ એ પોતાની ખિલાફતના જમાનામાં પોતાની તલ્વાર ગીરો રાખી અને ફર્માવ્યું કે જો મારા ઘરમાં એક વખતનું પણ ખાવા હોત તો હું તલ્વાર કદી ગીરો ન મૂક્તો.** એ હઝરાત માનવના લિબાસમાં ફરિશ્તા

હતા ! (શેઅર)

شیر نر در پوستین بره　　آفتابے در لباس ذره

અર્થ : બકરીના બચ્ચાના વેશમાં નર સિંહ, રજકણના લિબાસમાં સૂરજ.

હુઝૂરે અન્વર ﷺએ જ્યારે દુનિયાથી પર્દો કર્યો તો આપનુ બખ્તર ગીરો હતું. (શેઅર)

सलाम उस पर के जिस के घर में चांदीथी न सोना था

सलाम उस पर के टूटा बोरिया जिस का बिछौना था

જેથી આ હદીષ અહનાફની વિરુદ્ધ નથી. હક્ક એ જ છે કે ગની લુકતા નથી ખાય શક્તો. (અઝ : મિર્કાત)

૩. લગભગ એ સ્ત્રીની સચ્ચાઈ વહી અથવા બીજી દલીલોથી માલૂમ થઈ ગઈ હશે, નહીં તો તેહકીકાત વિના કોઈને લુકતાનો માલિક નથી માનવામાં આવતો. જેમ કે અગાઉ વર્ણન થઈ ગયેલી હદીષોથી જાણવા મળ્યું. જેથી આ હદીષ અગાઉ ગુજરેલી હદીષોની વિરુદ્ધ નથી, ન તો ફિકહી હુકમની વિરુદ્ધ છે.

''હઝરત જારૂદ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુસલમાનની ગુમ થયેલી ચીજ આગની ચિન્ગારી છે[૨]. '' (દારમી)[૩]

★ હદીષ : (૬)-૩૦૩૮ ★

وَعَنِ الْجَارُودِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «ضَالَّةُ الْمُسْلِمِ حَرَقُ النَّارِ» . رَوَاهُ أَبُو دَاوُد

★ ગુમ થયેલી ચીજ બદનિયતીથી ઉપાડનાર દોઝખી ★

૧. આપનું નામ જારૂદ ઈબ્ને મુઅલ્લા છે. હિ.સ. ૯માં અબ્દુલ કૈસના પ્રતિનિધિમંડળની સાથે આપ બારગાહમાં હાજર થયા. પછી પ્રથમ બસરામાં બાદમાં ફારસ (ઈરાન)માં સ્થાયી રહ્યા. ફારૂકી યુગમાં હિ.સ. ૨૧માં વફાત પામ્યા. (અશિઅ્હ)

૨. એટલે જે મુસલમાનની ગુમ થયેલી ચીજ બદ્નિયતીથી ઉઠાવે કે માલિકને પહોંચાડવાનો ઈરાદો ન હોય, ખયાનતની નિય્યત હોય તે દોઝખી છે, જો કે ઝિમ્મી કાફિરોનો લુકતો પણ ખાવો જાઈઝ નથી પણ મુસલમાનના લુકતામાં ડબલ અઝાબ છે, એટલા માટે ખાસ કરીને તેનો ઉલ્લેખ થયો.

૩. આ હદીષ અહમદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને હબ્બાને એ જ જારૂદથી અબ્દુલ્લાહ ઈબ્ને શખીરની રિવાયત નકલ કરી અને તિબ્રાનીએ અસ્મા ઈબ્ને માલિકથી.

પડેલી ચીજ પામે તો એક અથવા બે આદિલોને ગવાહ બનાવે

''હઝરત અયાઝ ઈબ્ને હિમારથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું જે પડેલી ચીજ પામે તો એક અથવા બે આદિલોને ગવાહ બનાવે[૨] ન એને છુપાવે ન ગાયબ કરે[૩] પછી જો એનો માલિક મળે તો તેને પરત કરી આપે, નહીં તો તે અલ્લાહનો માલ છે, જેને ચાહે આપે[૪]. '' (અહમદ, અબૂ દાઉદ, દારમી)

★ હદીષ : (૭)-૩૦૩૯ ★

وَعَنْ عِيَاضِ بْنِ حِمَارٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ وَجَدَ لُقَطَةً فَلْيُشْهِدْ ذَا عَدْلٍ أَوْ ذَوِي عَدْلٍ وَلَا يَكْتُمْ وَلَا يُغَيِّبْ فَإِنْ وَجَدَ صَاحِبَهَا فَلْيَرُدَّهَا عَلَيْهِ وَإِلَّا فَهُوَ مَالُ اللَّهِ يُؤْتِيهِ مَنْ يَشَاءُ» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ وَالدَّارِمِيُّ

૧. આપ અયાઝ ઈબ્ને હિમાર ઈબ્ને નાજિયા ઈબ્ને અફ્કાલ છે. તમીમી નજ્જાશી છે. બસરાના રહેવાસી. નબી કરીમ ﷺના ઘણા પુરાણા મહેબૂબ સાથી હતા જે હમેશાં હુઝૂરને ખુશ કર્યા કરતા હતા. આપનાથી ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ વગેરએ રિવાયતો લીધી.

૨. એટલે કે ઉઠાવતી વખતે જ કહી આપે કે ગવાહ રહેજો, હું આ ચીજ એટલા માટે ઉઠાવી રહ્યો છું કે માલિકને પહોંચાડી આપુ. આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. અમુકની નજીક વાજિબ રૂપે છે. એમાં ઘણી હિકમતો છે. આ એલાન બાદ નફ્સમાં ખયાનતનો ખયાલ ન પેદા થશે. જો અચાનક મરી જાય તો એના વારસદારો એને વારસો ન બનાવી શક્શે. માલિક કાંઈ વધારે ઓછાનો દાવો ન કરી શક્શે, કે મારી ચીજ વધારે હતી અથવા સારી હતી. તમે ઓછી અથવા ખરાબ કરી દીધી. *(લમ્આત)*

૩. એટલે કે ન તો ઉઠાવતી વખતે જ ખિસ્સામાં નાખવાની કોશિશ કરે અને ન એના પછી એને લાપતા કરી દે. અમુકે ફર્માવ્યું કે كتم થી મુરાદ લુકતાને છુપાવવું અને ગાયબ કરવાથી મુરાદ મળેલા જાનવરને બદ્નિયતીથી બીજે ઠેકાણે મોકલી દે.

૪. એટલે કે જો શોધવા છતાં પણ માલિક ન મળે તો સમજી લે કે એ રોજી મને રબે આપી છે. ગરીબ હોય તો વાપરે, અમીર હોય તો ખૈરાત કરી દે.

★ હદીષ : (૮)-૩૦૪૦ ★
وَعَنْ جَابِرٍ قَالَ: رَخَّصَ لَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْعَصَا وَالسَّوْطِ وَالْحَبْلِ وَأَشْبَاهِهِ يَلْتَقِطُهُ الرَّجُلُ يَنْتَفِعُ بِهِ. رَوَاهُ أَبُو دَاوُد وَذكر حَدِيث الْمِقْدَام بن معدي كرب: «أَلا لَا يحل» فِي «بَاب الِاعْتِصَام»

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ અમને લાઠી, કોરડો, રસ્સી અને એના જેવી ચીજોમાં ઈજાઝત આપી કે કોઈ પડેલી ઉઠાવી લે તેનાથી ફાયદો ઉઠાવે[૧]." (અબૂ દાઉદ) અને હઝરત મિક્દામ ઈબ્ને મઅ્દીકરબની હદીષ કે الا لا يحل باب الا عتصام *માં વર્ણવી દેવામાં આવેલ છે.*

★ મામૂલી ચીજ પડેલી મળે તો વિના એલાન કર્યે પણ ઉપયોગમાં લઈ શકાય ★

૧. આ હદીષના આધારે ઉલમા ફર્માવે છે કે મામૂલી તુચ્છ ચીજ જે પડેલી મળી જાય અને માલિક તેની પરવા પણ ન કરતા હોય તેને વિના એલાન કર્યે પણ ઉપયોગમાં લેવી જાઈઝ છે. એકવાર હુઝૂરે અન્વર ﷺએ એક ખજૂર પડેલી જોયી તો ફર્માવ્યું કે જો એ સદક્ો હોવાનો અંદેશો ન હોત તો હું ખાય લેત. ખેતીની કાપણી વખતે કંતીઓ રહી જાય છે અથવા પડી જાય છે, એ જ પ્રમાણે શાકભાજીઓ, એકાદ પડી ગયેલુ ફળ વગેરે જેને માલિક શોધતો પણ નથી, આ સૌ એમાં સામેલ છે. પરંતુ જો બાદમાં એ ચીજોનો માલિક આવીને માગણી કરે તો તેને કિંમત કે તેના જેવુ આપવું પડશે. હદીષનો મતલબ એ નથી કે લુક્તા (ખોવાયેલી ચીજો) પામીને ખૂબ વપરાશ કરતો રહે અને જ્યારે માલિક મળી જાય તો ખરાબ કરેલ લુક્તા તેને આપી દે કે એ તો સખત મના છે. લુક્તા અમાનત હોય છે અને અમાનતનો ઉપયોગ જાઈઝ નથી.

બાબુલ ફરાઈઝ[૧] باب الفرائض
(વારસાના હિસ્સા વિશે પ્રકરણ)

(વિભાગ : ૧) الفصل الاول

૧. افرائض فريضه નું બહુવચન છે જે ફર્ઝથી બન્યું, અર્થ કટ કરવું કે કાપવું. ઈસ્તેલાહમાં મૈયતના છોડેલા માલના નિશ્ચિત હિસ્સાને ફરીઝા કહે છે, કે તે પણ માલથી કાપીને કરી દેવામાં આવે છે. **વારસાના મસાઈલના ઈલ્મને "ઈલ્મુલ ફરાઈઝ" કહે છે.** અને વારસો જાણવાવાળાને પણ **ફર્ઝી** અથવા **ફારિઝ** કહે છે. હદીષ શરીફમાં افرضكم زيد તમારામાં અધિક વારસાનો ઈલ્મ જાણનારા હઝરત ઝયદ ઈબ્ને ષાબિત છે.

હું મુસલમાનોની જાનોથી અધિક તેમનો વાલી છું

★ **હદીષ : (૧)-૩૦૪૧** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَنَا أَوْلَى بِالْمُؤْمِنِينَ مِنْ أَنْفُسِهِمْ فَمَنْ مَاتَ وَعَلَيْهِ دَيْنٌ وَلَمْ يَتْرُكْ وَفَاءً فَعَلَيَّ قَضَاؤُهُ. وَمَنْ تَرَكَ مَالًا فَلِوَرَثَتِهِ».وَفِي رِوَايَةٍ: «من ترك دينا أَو ضيَاعًا فَلْيَأْتِنِي فَأَنَا مَوْلَاهُ».وَفِي رِوَايَةٍ: «مَنْ تَرَكَ مَالًا فَلِوَرَثَتِهِ وَمَنْ تَرَكَ كَلًّا فَإِلَيْنَا»

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ રાવી કે ફર્માવ્યું, હું મુસલમાનોનો તેમની જાનોથી અધિક વાલી છું[૧] જે મરી જાય અને તેના પર કરજ હોય જેને અદા કરવાનો ઝરીયો ન છોડે એની અદાયગી મારા પર છે[૨] અને જે માલ છોડે તો તે એના વારસોનો છે[૩] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે જે કરજ અથવા બાળ બચ્ચાં છોડે તો મારી પાસે આવે[૪] તો હું તેનો વાલી છું. એક રિવાયતમાં આ પ્રમાણે છે કે જે માલ છોડે તો તેના વારસદારોનો છે અને જે બોજ છોડી દે તે અમારા જિમ્મે છે[૫].''

(મુસ્લિમ, બુખારી)

૧. આ ફર્માને આલીમાં આ આયતે કરીમાની તરફ નિર્દેશ છે. اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ (આ નબી મુસલમાનોના તેમની જાનથી વધુ માલિક છે. સૂરએ અહઝાબ, ૩૩/૬) અને اولیٰ નો અર્થ છે અધિક નજીક, અધિક વાલી વારસ, અધિક શુભેચ્છક, અધિક માલિક. અહીં શયખે اولیٰ નો અર્થ અધિક શુભેચ્છક કર્યો. એટલે કે **જેટલા પ્રકારમાં મુસલમાન પોતાના શુભેચ્છક છે તેના કરતાં વધુ હું તેમનો શુભેચ્છક છું.** હું નથી ચાહતો કે મારો કોઈ ઉમ્મતી મૃત્યુ બાદ કરજમાં સપડાયેલો રહે.

★ નાદાર મુસલમાનોનું કરજ હુઝૂર ﷺ અદા કરશે ★

૨. એટલે સર્વ કરજદાર નાદાર મુસલમાનોનું કરજ તેમના મૃત્યુ બાદ અમે અદા કરીશું, ચાહે મદીનાના મુસલમાન હોય કે કોઈ અન્ય જગાના, કે જેથી મારી ઉમ્મત બારગાહે ઈલાહીમાં ગિરફતાર ન રહે.

★ વારસો કરજ અદા કર્યા બાદ વહેંચાશે ★

૩. એટલે કે જો માલ છોડે અને તેના પર કરજ ન હોય તો માલ વારસોનો છે અને જો કરજ પણ હોય તો કરજ અદા કર્યા બાદ સૌ માલ વારસોનો છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે કરજનો ઉલ્લેખ કેમ ન કર્યો. **વારસો કરજ અદા કર્યા બાદ વહેંચાય છે,** કેમ કે કરજનું વર્ણન તો પહેલાં આવી ગયું.

૪. મૈયતનો વસી (વસીયત પર અમલ કરનાર) અથવા તેનો વકીલ મૈયતનાં બાલબચ્ચાંની અમને ખબર આપે, અમે કરજ અદા કરીશું, એનાં બાળબચ્ચાંને પાલવીશું. ضِيَاع એ ضَائِع નું બહુવચન છે, જેમ કે جَائِع નું બહુવચન جِيَاع છે. ضَائِع નો અર્થ છે બર્બાદ થઈ જનારી ચીજ, જેના બર્બાદ થઈ જવાનો ખતરો હોય, જેમ કે નાનાં બાળકો અથવા વિધવા સ્ત્રી જે બીજા નિકાહ ન કરી શકે એ સૌને હુઝૂર પાલવે છે. વિધવાઓ અને યતીમોના વાલી વારસ હુઝૂર ﷺ જ હતા અને છે.

૫. كَلّ એટલે બોજથી મુરાદ કરજ અને નાનાં બાળકો, વિધવા સ્ત્રી છે. એની શરહ પ્રથમ હદીષમાં આવી ગઈ છે. રબ તઆલા ફર્માવે છે : بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ (મુસલમાનોના કમાલના મહેરબાન મહેરબાન. સૂરએ તૌબા, ૯/૧૨૮) હુઝૂરે અન્વર ﷺ મુસલમાનો પર ઘણા મહેરબાન રહમતવાળા છે. આ તેની જ રહમતનો ઝહૂર છે. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺની આમ રહમત તમામ જહાન પર છે. આ લેહાઝથી ફર્માવ્યું, رحمة للعالمين અને ખાસ રહમત કેવળ મુસલમાનો પર છે. આ લેહાઝથી ઈર્શાદ થયો : بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ

★ હદીષ : (૨)-૩૦૪૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَلْحِقُوا الْفَرَائِضَ بِأَهْلِهَا فَمَا بَقِيَ فَهُوَ لِأَوْلَى رَجُلٍ ذكر»

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે નિશ્ચિત કરેલા વારસાના હિસ્સાઓ તેમના હક્કદારોને આપો, પછી જે બચી રહે તે અધિક નિશ્ચિત મર્દને આપો[૧].''

(મુસ્લિમ, બુખારી)

★ વારસાની વહેંચણીના મસાઈલ ★

૧. એટલે વારસાની વહેંચણીમાં પહેલાં તો જેમનો હિસ્સો શરીઅતમાં મુકર્રર થયેલ છે તે વારસોને એમના નિશ્ચિત કરેલા હિસ્સા આપો. એ હઝરાત કુલ બાર છે : ચાર પુરૂષો, આઠ સ્ત્રીઓ. તેમના હિસ્સાઓથી જે બાકી બચે તે અસ્બા, બનફ્સિહી (એ વારસદારો જે અસ્હાબે ફરાઈઝમાં તકસીમ થયા પછી બચેલા વારસામાંથી પામે છે)ને આપો, ચાહે બાલિગ હોય કે નાબાલિગ. અસ્બા નફસા તે પુરૂષ છે જેનો સંબંધ મૈયતથી સ્ત્રીના વાસ્તા વિના હોય, જેમ કે પુત્ર, બાપ, ભાઈ વગેરે. સર્વ મુસલમાનોનો એના પર ઈજમાઅ છે કે વારસો ઝી ફર્ઝ પ્રથમને આપવામાં આવે. એમનાથી બચે તો અસ્બાતમાં વહેંચણી થાય. اولیٰ નજીકનાં સગાં છે. એનાથી જાણવા મળ્યું કે નજીકના વારસોની મૌજૂદગીમાં દૂરવાળા વારસને વારસો મળશે નહીં. જેથી બાપની મૌજૂદગીમાં દાદા વંચિત રહેશે. પુત્રની મૌજૂદગીમાં પોત્રા વંચિત રહેશે. ભાઈની હયાતીમાં ભત્રીજા વંચિત રહેશે. કાકાની હયાતીમાં કાકાની ઔલાદ વંચિત રહેશે. આ શરીઅતનો કાઈદા કુલ્લિયા (Basic Rule) છે. રબ તઆલા ફર્માવે છે : مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ (એમાંથી છોડી ગયા મા બાપ અને નજીકના સગાં. સૂરએ નિસાઅ, ૪/૭) એના

માલથી હિસ્સા વહેંચો જે માબાપ અથવા અધિક નજીક સગાંઓએ છોડેલ છે. اقربون ઈસ્મે તફસીલ છે. જાણવા મળ્યું કે નજીકનાની હયાતીમાં દૂરના સગાં વંચિત રહેશે. આજે અમુક જાહિલોએ એવી અજૂગતી વાત છેડી છે કે પુત્રના હોવા છતાં પૌત્રને પણ વારસો આપે, પણ તેઓ એવું નથી કહેતા કે બાપના હોવા છતાં દાદા વારસ થાય, પુત્રીના હોવા છતાં યતીમ નવાસો વારસ થાય અને ભાઈ કાકાના હોવા છતાં તેમની યતીમ ઔલાદ પણ વારસ બને. એ હઝરાત કહે છે કે مِّمَّا تَرَكَ الْوَالِدَانِ માં માબાપ, દાદા દાદી સૌ સામેલ છે, પણ આશ્ચર્ય છે કે નાના, નાનીને એમાં સામેલ નથી કરતા. સારાંશ કે **આ મસ્અલો આજ સુધી કોઈ જમાનામાં કોઈ મુસલમાને ન કહ્યો, હવે ૧૪૦૦ વરસ પછી એમને સુઝયો !**

મો'મિન બાપનો વારસો કાફિર પુત્ર પામશે નહીં

★ હદીષ : (૩)-૩૦૪૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)	*"હઝરત ઓસામા ઈબ્ને ઝયદથી રિવાયત છે. OD<U[K[S[Z; }]K, FC ﷺ એ ફર્માવ્યું કે* ***ન મુસલમાન કાફિરનો વારસદાર ન કાફિર મુસલમાનનો[૧].*** *" (મુસ્લિમ, બુખારી)*
وَعَنْ أُسَامَةَ بْنِ زَيْدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَرِثُ الْمُسْلِمُ الْكَافِرَ وَلَا الْكَافِرُ الْمُسْلِمَ»	

★ કુફ્ર એક જ ક્રૌમ છે ★

૧. એટલે કે કુફ્ર તથા ઈસ્લામનો ફરક્ વારસાથી રૂકાવટ છે. જેથી મો'મિન બાપનો વારસો કાફિર પુત્ર પામશે નહીં. અને કાફિર પુત્રના વારસામાંથી મો'મિન બાપને કાંઈ મળશે નહીં, પણ **કુફ્ર એક જ મિલ્લત (ક્રૌમ) છે,** જેથી યહૂદી બાપનો વારસો ઈસાઈ પુત્રને મળી જશે. સઈદ ઈબ્ને મુસૈયિબ, અમીર મુઆવિયહ, મઆઝ ઈબ્ને જબલ رضوان الله تعالى عليهم اجمعين વગેરે ફર્માવે છે કે મો'મિન વારસ તો કાફિરનો વારસો હાંસલ કરશે પણ કાફિર વારસ મો'મિનનો વારસો પામશે નહીં. الاسلام يعلو ولا يعلى પણ જમહૂર સહાબા તથા ફક્રીહોનો ક્રૌલ છે જે અમે વર્ણવ્યો કે બંને તરફ વારસો ન મળશે. **મુર્તદ કોઈનો વારસ નથી.** આપણે ત્યાં ઈર્તેદાદના સમયની કમાઈ બયતુલ માલની છે અને ઈસ્લામના જમાનાની કમાણી વારસોની. ઈમામ શાફઈ رضي الله عنه ને ત્યાં મુર્તદ કોઈનો વારસદાર નથી.

★ હદીષ : (૪)-૩૦૪૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)	*"હઝરત અનસ رضي الله عنه થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, ક્રૌમનો આઝાદ કરેલો ગુલામ તેમનામાંથી જ છે[૧]. " (બુખારી)*
وَعَنْ أَنَسٍ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَوْلَى الْقَوْمِ مِنْ أَنْفُسِهِمْ» . رَوَاهُ الْبُخَارِيّ	

૧. એટલે કે આઝાદ કરેલો ગુલામ પણ અસ્બા સબબી હોવાના કારણે વારસ છે કે જો ઉપરનાં વારસ ન હોય તો તેને વારસો મળશે.

★ હદીષ : (૫)-૩૦૪૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)	*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ક્રૌમનો ભાણીયો તેમનામાંથી જ છે[૧] (મુસ્લિમ, બુખારી) અને હઝરત આઈશા رضي الله عنها ની હદીષ انما الولاء બાબુસ્સલમથી*
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «ابْنُ أُخْتِ الْقَوْمِ مِنْهُم» وَذُكِرَ حَدِيثُ عَائِشَةَ: «إِنَّمَا الْوَلَاءُ» فِي بَابٍ قبل «بَاب السّلم»	

પહેલાવાળા પ્રકરણમાં વર્ણવી દેવામાં આવી અને હઝરત બરાઅની હદીષ કે માસી માના દરજામાં છે. ઈન્શા અલ્લાહ ! બાળકના બાલિગપણા અને તેના ઉછેરના પ્રકરણમાં વર્ણવવામાં આવશે[૨]."

★ વિવિધ સગાંને વારસામાં ક્યારે કાંઈક મળે ? ★

૧. એટલે ભાણીયો પણ ઝી રહમ (ઝી રહમ : એ રિશ્તેદાર જે ન અસ્હાબે ફરાઈઝમાંથી હોય ન અસ્બાતમાંથી) હોવાના કારણે વારસ છે કે જો ઝી ફર્ઝ તથા અસ્બા વારસ ન હોય તો તેને વારસો મળી શકે છે. આ જ ક़ૌલ ઈમામે આ'ઝમ તથા અહમદ رضی اللہ عنہما ની દલીલ છે. યાદ રાખશો કે ઝી રહમ દસ પ્રકારનાં છે : (૧) નવાસા (૨) ભાણીયા (૩) ભત્રીજી (૪) કાકાની પુત્રી (૫) ફોઈની પુત્રી (૬) મામા (૭) માસી (૮) નાના (૯) માના કાકા (૧૦) ફોઈ, અખ્યાફી (બાપ અલગ મા એક)ની ઔલાદ. (મિર્ક़ાત) પૂરી વિગત અમારી કિતાબ ઈલ્મુલ મીરાષમાં જુઓ.

૨. એટલે આ બે હદીષો મસાબીહમાં અહીં હતી. અમે મુનાસિબતને કારણે આ સ્થળોએ દર્શાવી છે.

(વિભાગ : ૨) الفصل الثانی

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બે વિવિધ ધર્મવાળા એકબીજાના વારસ નથી[૧]. (અબૂ દાઉદ, ઈબ્ને માજહ અને તિર્મિઝીએ હઝરત જાબિરથી રિવાયત કરી)

★ હદીષ : (૬)-૩૦૪૬ ★

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَتَوَارَثُ أَهْلُ مِلَّتَيْنِ شَتَّى».رَوَاهُ أَبُو دَاوُدَ وَابْن مَاجَه

★ હદીષ : (૭)-૩૦૪૭ ★

وَرَوَاهُ التِّرْمِذِيّ عَن جَابر

૧. شتّٰى شتيت થી બન્યું, અર્થ વિવિધ. હક્ક એ છે કે شتّٰى ملّتين ની સિફત છે ન કે اهل ની. વિવિધ ધર્મથી મુરાદ ક़ુફ્ર તથા ઈસ્લામ છે. એની શરહ હમણા વર્ણન થઈ. પહેલી હદીષ છે એમાં ઈર્શાદ થયો કે કાફિર મો'મિનનો વારસ નથી. આ ઈમામે આ'ઝમનો ક़ૌલ છે, પણ ઈમામ શાફઈને ત્યાં આ હદીષ બિલ્કુલ જાહેર પર છે. તે આ હદીષના આધારે ફર્માવે છે કે યહૂદી ઈસ્લામનો વારસ નથી, અને ઈસાઈ યહૂદીનો વારસ નથી. એ જ પ્રમાણે મુશ્રિક, મજૂસી અને મજૂસી મુશ્રિક વારસ નથી. અમુક ઉલમાએ ફર્માવ્યું કે અહલે કિતાબ તો એકબીજાના વારસ છે પણ મુશ્રિક મજૂસી અને અહલે કિતાબ એકબીજાના વારસ નથી. જેથી ઈસાઈ, યહૂદીનો વારસો મજૂસી કે મૂર્તિપૂજક પામશે નહીં. તે હઝરાત ملتين નો અર્થ આસ્માની અને ગૈર આસ્માની દીન કરે છે, પણ હનફીઓનો મઝહબ ક़વી છે. પ્રથમ તો એટલા માટે કે આ હદીષની શરહ ખુદ હુઝૂરે અન્વર ﷺએ ફર્માવી દીધી કે કાફિર મો'મિનનો અને મો'મિન કાફિરનો વારસ નથી. ખુદ સાહિબે હદીષની શરહ બીજી શરહોથી આ'લા (ઉમદા) છે. **બીજુ** એ કે હુઝૂર ﷺએ ફર્માવી આપ્યુ. الكفر ملّة واحدة "કુફ્ર એક જ દીન છે." તો દુનિયામાં બે જ દીન થયા, કુફ્ર અથવા ઈસ્લામ. તેમને ملّتين ફર્માવવું એ બિલ્કુલ દુરુસ્ત થયું. યાદ રાખશો કે વારસામાં નડતરરૂપ ચાર ચીજો છે : દીનની અસંગતતા

(વિવિધતા), દેશની વિવિધતા (પણ કાફિરોના માટે વારસાથી મનાઈનું કારણ છે મુસલમાનો માટે નહીં), ક़્તલ, અબ્દિયત.

ક़ાતિલને વારસા બાબતે મસ્અલા

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ક़ાતિલ વારસ નથી જોતો[૧]. '' (તિર્મિઝી, ઈબ્ને માજહ)

★ હદીષ : (૮)-૩૦૪૮ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْقَاتِلُ لَا يَرِثُ» . رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

૧. એટલે **જો કોઈ સગુ સંબંધી પોતાના સગાને ક़્તલ કરી દે તો ક़ાતિલ તે સગાનો વારસો પામશે નહીં.** પણ એ ક़્તલમાં અમુક **શરતો** છે : **એક** એ કે ક़ાતિલ આક़िલ હોય. બાળક અથવા પાગલપન દીવાનગીમાં ક़્તલ કરી દે તો વારસ છે. **બીજુ** એ કે ક़્તલ જુલ્મની રીતે હોય. પોતાની જાન બચાવવા અથવા ક़ેસાસના રૂપે અથવા હસદના રૂપે ક़્તલ કર્યો તો વારસાથી મેહરૂમ નથી. **ત્રીજુ** એ કે ક़્તલ વાજિબ કેસાસના કારણે કે કફ્ફારો હોય. જો એવી ક़્તલ છે જેમાં ન ક़ેસાસ ન કફ્ફારો તો તે વારસાની મેહરૂમ કરશે નહીં. એની વિગત અમારી કિતાબ ઈલ્મુલ મીરાષમાં જુઓ. (અઝ : મિર્ક़ાત)

''હઝરત બુરૈદા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺ એ દાદી માટે છઠ્ઠો નિશ્ચિત કર્યો જ્યારે કે તેના પર મા મૌજૂદ ન હોય[૨]. '' (અબૂ દાઊદ)

★ હદીષ : (૯)-૩૦૪૯ ★

وَعَنْ بُرَيْدَةَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ جَعَلَ لِلْجَدَّةِ السُّدُسَ إِذَا لَمْ تَكُنْ دونَهَا أم. رَوَاهُ أَبُو دَاوُد

૧. આપ બુરૈદા ઈબ્ને હુસૈબ અસ્લમી છે. ગઝવએ બદરથી પહેલાં ઈસ્લામ લાવ્યા, પણ બદરમાં શરીક ન થઈ શક્યા. બયઅતુર્રિઝવાનમાં શરીક હતા. મદીના મુનવ્વરામાં રહ્યા. છેવટમાં બસરામાં વસવાટ કર્યો. પછી જેહાદ કરતા કરતા ખુરાસાન પહોંચ્યા. ત્યાં જ યઝીદ ઈબ્ને મુઆવિયહના જમાનામાં હિ.સ. ૬૨માં મરૂમાં વફાત પામ્યા. આપથી ઘણા સહાબાએ રિવાયતો લીધી છે. (મિર્ક़ાત)

૨. એટલે કે દાદી, નાનીનો વારસો છઠ્ઠો હિસ્સો છે પરંતુ જો મૈયતની મા મૌજૂદ છે તો દાદી તથા નાની બંને વંચિત રહેશે. કેમ કે એ બંનેના માટે હાજિબ (આડ) છે. હિજબ (વારસાથી મેહરૂમી) અને મનામાં ફરક એ છે કે કોઈ સગાનું બીજા સગાને મેહરૂમ (વંચિત) કરી દેવું હિજ્બે હિરમાન (મેહરૂમીનો પર્દો) કહેવાય છે અને તેનો હિસ્સો ઓછો કરી દેવો હિજ્બે નુકસાન છે. પણ ખુદ વારસની પોતાની હાલતનું તેને વારસાથી વંચિત કરી દેવું મના છે. જેમ કે કુફ્ર તથા ગુલામ હોવું. ક़્તલ, માલ, બંને પ્રકારની દાદી નાનીના માટે હાજિબે હિરમાન છે. યાદ રાખશો કે દાદીનો કુલ હિસ્સો છઠ્ઠો છે. જેથી જો મૈયતની દાદી પણ છે તો એ બંનેવને છઠ્ઠો હિસ્સો મળશે જેને તેણીઓ આપસમાં વહેંચી લેશે. જેમ કે હાકિમે હઝરત ઓબાદા ઈબ્ને સામિતથી રિવાયતન્ ફર્માવ્યું કે નબી કરીમ ﷺ એ છઠ્ઠો હિસ્સો દાદી નાનીમાં વહેંચ્યો, અને દાદી બાપથી પણ વંચિત થઈ જાય છે પણ નાની કેવળ માથી મેહરૂમ થશે. એની વિગત અમારી કિતાબ ''ઈલ્મુલ મીરાષ'' અને સિરાજી તથા શરીફીમાં જુઓ.

★ હદીષ : (૧૦)-૩૦૫૦ ★
وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا اسْتَهَلَّ الصَّبِيُّ صُلِّيَ عَلَيْهِ وَوَرِثَ» . رَوَاهُ ابْن مَاجَه والدارمي

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે બાળક ચીખે તો તેના પર નમાઝ પઢવામાં આવે અને તેને વારસ બનાવવામાં આવે. (ઈબ્ને માજહ, દારમી)

★ મૈયતની સગર્ભા પત્નીના ગર્ભનો વારસો મેહફૂઝ રખાશે ★

૧. એટલે કે જો બાળક જીવતો પેદા થયો અને તેની જિંદગી તેના ચીખવા અથવા હરકત કરવાથી માલૂમ થઈ જાય, પછી મરી જાય તો તેને કફન દફન પણ થશે, જનાઝો પણ અને તે વારસ પણ થશે, મૂરિષ (વારસ કરનાર) પણ. જો બાળક મરેલો પેદા થાય તો એમાંથી કોઈ કામ ન થશે. **જો મૈયતની પત્ની સગર્ભા છે તો વારસો વહેંચતી વખર્ત ગર્ભનો હિસ્સો મેહફૂઝ રાખવામાં આવશે. જો બાળક જીવતુ પેદા થયું તો એ હિસ્સો એનો જ થશે અને જો મરેલુ પેદા થયું તો એ મૌકૂફ રાખેલો હિસ્સો એ જ વારસોમાં વહેંચી દેવામાં આવશે, જેમના હિસ્સા કટ કરવામાં આવેલ.** ગર્ભના વારસાની વિગત ''ઈલ્મુલ મીરાષ''માં જુઓ. અમુક ઈમામો કેવળ બાળકના ચીખવા પર તો તેને વારસો આપે છે, બીજી જીવંતની નિશાની પર નથી આપતા. તેઓ આ હદીષના જાહેર પર અમલ કરે છે પણ ઈમામે આ'ઝમ, શાફઈ, અવઝાઈ, સુફયાન ષૌરી رحمۃ اللہ علیہم اجمعین વગેરેનું એ જ ફર્માન છે જે અમે વર્ણવ્યું. તેઓ ચીખતાં ચીખતાં (રડતાં રડતાં) પેદા થાય છે, એટલા માટે ચીખવાનો ઉલ્લેખ થયો.

★ હદીષ : (૧૧)-૩૦૫૧ ★
وَعَنْ كَثِيرِ بْنِ عَبْدِ اللّٰهِ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَوْلَى الْقَوْمِ مِنْهُمْ وَحَلِيفُ الْقَوْمِ مِنْهُمْ وَابْنُ أُخْتِ الْقَوْمِ مِنْهُمْ» . رَوَاهُ الدَّارِمِيّ

''હઝરત કષીર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી રાવી[૧]. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ક઼ૌમનો આઝાદ કરેલો ગુલામ એમનામાંથી જ છે અને ક઼ૌમનો હલીફ (બે પક્ષોએ એકબીજાના મદદનો ક઼રાર કર્યો હોય તે) તેમનામાંથી છે[૨] અને ક઼ૌમનો ભાણીયો તેમનામાંથી જ છે[૩].'' (દારમી)

૧. આપ કષીર ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને ઔફ મુઝની મદની છે. તબેઅ તાબઈનમાંથી છે, પણ કષીરને અશિઅ઼હમાં ઝઈફ, મતરૂકુલ હદીષ કહેલ છે. કષીરના પિતા અબ્દુલ્લાહ તાબઈ છે અને દાદા અમ્ર ઈબ્ને ઔફ સહાબી છે.

૨. ગુલામના વારસા વિશે વર્ણન અગાઉ થઈ ચૂક્યું. હલીફથી મુરાદ મૌલા મવાલાત છે જેની સાથે મૈયતે જિંદગીમાં ક઼રાર કર્યો હોય કે તું મારો વારિસ અને હું તારો વારિસ, જે પહેલાં મરે તેનો માલ બીજો લે. એને પણ અમુક સ્થિતિઓમાં વારસો મળી જાય છે જ્યારે કે તેના ઉપર વારસો મૌજૂદ ન હોય. એની સંપૂર્ણ ચર્ચા ''ઈલ્મુલ મીરાષ''માં જુઓ.

૩. ભાણીયો ઝી રહમ વારસ છે અને ઝી રહમને પણ વારસો મળી જાય છે જ્યારે કે ઝી અસ્બા વગેરે ઉપરના વારસદારો ન હોય. અમે ઝી રહમની સંખ્યા અગાઉ વર્ણવી ચૂક્યા છીએ.

★ હદીષ : (૧૨)-૩૦૫૨ ★

وَعَن الْمِقْدَام قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَنَا أَوْلَى بِكُلِّ مُؤْمِنٍ مِنْ نَفْسِهِ فَمَنْ تَرَكَ دَيْنًا أَوْ ضَيْعَةً فَإِلَيْنَا وَمَنْ تَرَكَ مَالًا فَلِوَرَثَتِهِ وَأَنَا مَوْلَى مَنْ لَا مَوْلَى لَهُ أَرِثُ مَالَهُ وَأَفُكُّ عَانَهُ وَالْخَالُ وَارِثُ مَنْ لَا وَارِثَ لَهُ يَرِثُ مَالَهُ وَ يَفُكُّ عَانَهُ» . وَفِي رِوَايَةٍ: «وَأَنَا وَارِثُ مَنْ لَا وَارِثَ لَهُ أَعْقِلُ عَنْهُ وَأَرِثُهُ وَالْخَالُ وَارِثُ مَنْ لَا وَارِثَ لَهُ يَعْقِلُ عَنْهُ ويرثه» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત મિક્દામ رضی الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હું દરેક મુસલમાનનો તેની જાન કરતાં વધુ વાલી છું, જે કરજ કે બાલ બચ્ચાં છોડે તે અમને સુપ્રત છે[૧]. અને જે માલ છોડે તો તેના વારસદારોનો છે[૨]. હું એનો વાલી છું જેનો કોઈ વાલી નથી. હું એના માલનો વારસ થઈશ[૩] અને તેના કેદીને છોડાવીશ. અને મામા એના વારસ છે જેનો કોઈ વારસ નથી કે એનો માલનો વારસ થઈશ[૪] અને એનો કેદી છોડાવશે[૫] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે હું વારસ છું તેનો જેનો કોઈ વારસ નથી કે તેની દિયત પણ આપીશ અને તેનો વારસ પણ થઈશ[૬]. અને મામા વારસ છે તેનો જેનો કોઈ વારસ ન હોય કે તેની દિયત આપશે અને વારસો લેશો." (અબૂ દાઊદ)

૧. કે તેનું કરજ પણ અમે અદા કરીશું અને તેનાં યતીમ બાળકોને પણ અમે પાલવીશું. તેની શરહ હમણા થોડાક પહેલાં વર્ણન થઈ ચૂકી.

૨. અમે એ માલથી કાંઈ ન લઈશું બલ્કે કફન દફન, કરજની અદાયગી, લખેલી વસિયતના (અદા) એના વારસોનો થશે.

૩. એટલે કે જો મૈયતનો કોઈ વારસદાર ન હોય તો તેનો માલ બયતુલ માલમાં જશે કે બયતુલ માલ અલ્લાહ રસૂલનું છે. જેથી આ હદીષ તેના વિરુદ્ધ નથી કે હઝરાત અંબિયાએ કિરામ ન કોઈના વારસદાર થશે ન મૂરિષ (જેનો વારસો વહેંચાય).

૪. એટલે કે જે મૈયતનો ઝી ફર્ઝ તથા અસ્બા ન હોય તેના વારસ મામા, માસી વગેરે સર્વ ઝી રહમ કમસર છે. અને જો ગેર ઝી ફર્ઝ છે, જેમ કે પત્ની અથવા પતિ, તો પણ ઝી રહમ વારસાને વારસો મળશે. યાદ રાખશો કે ઝી રહમના વારસાના ઈમામ શાફઈ તથા ઈમામ માલિક رضی الله عنهما મુન્કિર છે. તેમને ત્યાં ઝી ફર્ઝ તથા અસ્બાના ન હોવા પર માલ બયતુલ માલમાં જશે, પણ આપણે ત્યાં ઝી રહમ પણ વારસ છે. રબ તઆલા ફર્માવે છે : وَاُولُوا الْاَرْحَامِ بَعْضُهُمْ اَوْلٰى بِبَعْضٍ فِيْ كِتٰبِ اللّٰهِ (અને સગાઈવાળા એકબીજાથી નજીક છે અલ્લાહની કિતાબમાં. સૂરએ અન્ફાલ, ૮/૭૫) આ આયતે ભાઈચારાના ક૨ારના વારસાને મન્સૂખ કરીને સગાઓને વારસદાર બનાવ્યા, અને તેમાં ઝી રહમ વારસોને લઈ લીધા. તેમજ સહલ ઈબ્ને હુનૈફ જ્યારે ક૨્તલ કરવામાં આવ્યા તો તેમના એક મામા જ હતા, અન્ય કોઈ સગુ ન હતું. હઝરત અબૂ ઓબૈદા ઈબ્ને જર્રાહનો ઈન્તેક૨ાલ થયો તો હુઝૂરે અન્વર ﷺએ હઝરત ક૨ૈસ ઈબ્ને આસિમથી કહ્યું, શું તમારામાં કોઈ એમનો નજીકનો સગો પણ છે ? તેમણે અર્ઝ કરી, તે મુસાફર હતો, તેમના સગા અબૂ લુબાબા ઈબ્ને અબ્દુલ મુન્ઝર છે કે જે એમના ભાણીયા છે, અન્ય કોઈ નથી. હુઝૂરે અન્વર ﷺએ તેમને જ વારસ બનાવ્યા. જે રિવાયતોમાં છે કે ફોઈ, માસી વારસ નથી, એનો મતલબ એ છે કે ઝી ફર્ઝ

અથવા અસ્બાની હાજરીમાં એ લોકો વારસ નથી. જેથી હનફી મઝહબ જ કૂવી છે. (મિર્કાત)

૫. એટલે કે ભાણીયાની દિયત મામા આપશે અને ભાણીયો કેદ થઈ જાય તો મામા ફિદિયો આપીને છોડાવશે.

૬. એટલે કે લાવારિસની દિયત બયતુલ માલથી આપવામાં આવશે અને તેનો છોડેલો માલ બયતુલ માલમાં દાખલ થશે, જેમ કે પહેલાં વર્ણવવામાં આવ્યું. દિયત તથા ફિદિયાના મસાઈલ ફિકૂહની કિતાબોમાં જુઓ અને અમે ઈન્શા અલ્લાહ ! બાબુદ્દિયતમાં વર્ણવીશું.

''હઝરત વાષિલા ઈબ્ને અસ્કઅ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એક સ્ત્રી ત્રણ વારસા સમેટે છે[૧] પોતાના આઝાદ કરેલા ગુલામનો, પોતાના ઉછારેલા પાલવેલા બાળકનો અને પોતાના તે બાળકના જેના પર તેણે લુઆન કર્યું[૨]. '' (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૩)-૩૦૫૩ ★

وَعَن واثلة بْنِ الْأَسْقَعِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «تَحُوزُ الْمَرْأَةُ ثَلَاثَ مَوَارِيثَ عَتِيقَهَا وَلَقِيطَهَا وَوَلَدَهَا الَّذِي لَاعَنَتْ عَنْهُ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

૧. એ રીતે એ વારસાઓ પુરૂષને નથી મળતા, કેવળ સ્ત્રીઓને મળે છે.

૨. સ્ત્રીના આઝાદ કરેલા ગુલામની દિયત અથવા વારસો કેવળ સ્ત્રીને જ મળશે, ન કે તેના પતિને. પડેલા બાળકનો વારસો સ્ત્રીને મળવો મન્સૂખ છે. અથવા મતલબ એ છે કે જો આ બાળકનો અન્ય કોઈ વારસ ન હોય તો અજનબી લોકોની સરખામણીમાં એ સ્ત્રીને એનો માલ આપી દેવો બેહતર છે. હરામનું બાળક આમ જ તે બાળક છે જેના પર બાપે ઈન્કાર કરીને લુઆન કરી લીધો. તે બંનેનો વારસો કેવળ માને મળશે, કે એનો બાપ તો કોઈ છે જ નથી. યાદ રાખશો કે ઈસ્હાક઼ ઈબ્ને રાહવિયા ફર્માવે છે કે લુકલીત એટલે પડેલા બાળકનો માલ, પામનારાને (જેને બાળક મળે તેને) મળશે આ હદીષના આધાર પર. પણ બાકી સર્વ ઈમામો તેને નકારનારા છે. તેમને ત્યાં આ હદીષનો હિસ્સો મન્સૂખ છે. અથવા તેનો એ મતલબ છે જે હમણા અર્ઝ કરવામાં આવ્યો. (લમ્આત તથા મિર્કાત) આ હદીષ કૂવી નથી.

''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી, તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ આઝાદ સ્ત્રી અથવા લૉંડીથી ઝિના કરે તો બાળક હરામનું છે કે ન તે એનો વારસ બને, ન આ એનો વારસ[૧]. '' (તિર્મિઝી)

★ હદીષ : (૧૪)-૩૦૫૪ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَيُّمَا رَجُلٍ عَاهَرَ بِحُرَّةٍ أَوْ أَمَةٍ فَالْوَلَد ولد زنى لَا يَرث وَلَا يُورث» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. એટલે કે હરામી બાળકની વારસદાર કેવળ મા અને માના સગાં થશે. નાની, માસી, મામા વગેરે, અને તે બાળક એ લોકોનો વારસ થશે, પણ એ ઝાની બાપ અને તેનાં સગાં ન તો હરામી બાળકનાં વારસ ન તે બાળક તેમનો વારસ. કેમ કે એ બાળક નસબની રૂએ એ બાપથી છે જ નથી, કેવળ માથી છે. અહીં બાપ અને બાપનાં સગાંઓના વારસાનો નકાર છે. અને માના વારસાની સાબિતી પાછલી હદીષમાં આવી ગઈ કે લુઆનવાળા બાળકની વારસ મા છે. લુઆન તથા ઝિનાના બાળકોનો એક જ હુકમ છે કે તેમનો નસબ કેવળ માથી છે.

★ હદીષ : (૧૫)-૩૦૫૫ ★

وَعَنْ عَائِشَةَ: أَنَّ مَوْلًى لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَاتَ وَتَرَكَ شَيْئًا وَلَمْ يَدَعْ حَمِيمًا وَلَا وَلَدًا فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَعْطُوا مِيرَاثَهُ رَجُلًا مِنْ أَهْلِ قَرْيَتِهِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺનો એક ગુલામ મરી ગયો. તેણે અમુક માલ છોડયો[૧]. અને ન કોઈ સગુ છોડયું ન ઔલાદ. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફમાવ્યું કે તેનો વારસો તેના કોઈ વસ્તીવાળાને આપી દો[૨].''

(અબૂ દાઉદ, તિર્મિઝી)

૧. એ ગુલામનું નામ માલૂમ ન થઈ શક્યું કે કોણ સાહબ હતા.

૨. હુઝૂરે અન્વર ﷺએ એ મર્હૂમ ગુલામનો માલ પોતે ન લીધો, જ્યારે કે એવો મોકા પર આઝાદ કરનાર માલિક વારસો પામે છે. કેમ કે હુઝૂરે અન્વર ﷺ નબી છે અને અંબિયા હઝરાત ન કોઈના વારસ છે અને કોઈ તેમના વારસદાર હોય છે. જેમ કે બીજી હદીષોમાં સ્પષ્ટપણે આદેશ થયેલો છે. આ ફર્માને આલીનો મકસદ એ છે કે એનો માલ બયતુલ માલનો છે, અને બયતુલ માલ તમામ મુસલમાનોના સુલ્તાને ઈસ્લામનો હક્ક હોય છે કે બયતુલ માલનો માલ જે મુસલમાન પર ચાહે ખર્ચ કરે. આ હૈસિયતથી હુકમ આપે છે કે એના કોઈ વસ્તીવાળાને આપી દો કે એ પણ તો મુસલમાન જ હશે જેનો બયતુલ માલમાં હક્ક છે. જેથી આ હદીષથી એ સાબિત નથી થતુ કે એવા લાવારિસનો છોડેલો માલ તેના કોઈ વસ્તીવાળાને આપી દેવામાં આવે, બલ્કે મતલબ એ જ છે જે ઉપર વર્ણવવામાં આવ્યુ. (અઝ : લમ્આત વ મિર્કાત)

★ હદીષ : (૧૬)-૩૦૫૬ ★

وَعَنْ بُرَيْدَةَ قَالَ: مَاتَ رَجُلٌ مِنْ خُزَاعَةَ فَأُتِيَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِمِيرَاثِهِ فَقَالَ: «الْتَمِسُوا لَهُ وَارِثًا أَوْ ذَا رَحِمٍ» فَلَمْ يَجِدُوا لَهُ وَارِثًا وَلَا ذَا رَحِمٍ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَعْطُوا الْكُبْرَ مِنْ خُزَاعَةَ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَفِي رِوَايَةٍ لَهُ: قَالَ: «انْظُرُوا أَكْبَرَ رَجُلٍ مِنْ خُزَاعَةَ»

''હઝરત બુરૈદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે બની ખુઝાઆ[૧]નો એક શખ્સ મરી ગયો તો નબી કરીમ ﷺની ખિદમતમાં તેનો વારસો લાવવામાં આવ્યો તો ફર્માવ્યું, તેનો કોઈ વારસદાર અથવા ઝી રહમ શોધો. તો ન કોઈ તેનો વારસ પામ્યો ન ઝી રહમ[૨] તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આ વારસો ખુઝાઆના કોઈ નિકટનાને આપી દો[૩]. (અબૂ દાઉદ) અને તેની એક રિવાયતમાં આ પ્રમાણે છે, ફર્માવ્યું, ખુઝાઆના કોઈ મોટા માણસને જુઓ[૪].''

૧. ખુઝાઆ અઝદનો એક મોટો કબીલો હતો.

૨. અહીં વારસાથી મુરાદ ઝી ફર્ઝ અથવા અસ્બા વારસ છે, જેવું કે ઝી રહમના મુકાબલાથી માલૂમ થઈ રહ્યું છે. એનાથી પણ સાબિત થાય છે કે ઝી રહમને વારસો મળી શકે છે.

૩. શયખે અશિઅહમાં ફર્માવ્યું કે اُبْر કાફના પેશ બેની જઝમથી. તે શખ્સ જે કૌમના પૂર્વજમાં મૈયતથી મળતો હોય એવા શખ્સને વારસાથી કાંઈ નથી મળતું. હુઝૂરે અન્વર ﷺનું આ અપાવવું વારસારૂપે ન હતું બલ્કે બયતુલ માલના હક્કદાર હોવાની હૈસિયતથી હતું કે આ માલ છે તો બયતુલ માલનો. અને કેમ કે બયતુલ માલનો માલ મુસલમાનો પર ખર્ચ થાય છે, અને આ શખ્સ પણ મુસલમાન છે. જેથી અમે સુલ્તાને ઈસ્લામની હૈસિયતથી

હુકમ આપીએ છીએ કે એને આપી દો. અલ્લામા શામીએ ફર્માવ્યું કે દાદાના કાકા અને તેમના કાકાની ઔલાદ સુધી વારસો પામનાર હોય છે. જે એનાથી ઉપર મૈયતને મળે તો વારસ નથી, નહીં તો સર્વ માનવો આદમ عليه السلامમાં મળી જાય છે. સૌ એકબીજાના વારસ હોવા જોઈએ. એ જ શામીએ એ પણ ફર્માવ્યું કે હવે હાલના જમાનામાં શક્ય ત્યાં સુધી બયતુલ માલમાં કોઈનો વારસો ન મોકલો કે તે સામાન્યતઃ જાલિમોના કબજામાં હોય છે, બલ્કે હવે જેનો કોઈ વારસ ન હોય તેના વસ્તીવાળાને આપી દો, મુસલમાનોમાં વહેંચી દો, ત્યાં સુધી કે જેમને વારસો ફરી આપવામાં નથી આવતો તેમને આપી પરંતુ બયતુલ માલથી મુસલમાનના છોડેલા માલને બચાવો.

૪. અહીં પણ اكبر رجل માં બે સંભાવનાઓ છે : ક્યાં તો અકબરથી મુરાદ ઘણી નઝદીકીવાળો અથવા ગામનો મોટો માણસ, ચૌધરી, નંબરદાર એટલે એ વસ્તીમાં જે એ મરનારથી ખૂબ નજીકની સગાઈ ધરાવતો હોય તેને આપો અથવા જે મોટો હોય તેને વારસો આપો કે પોતાની વ્યવસ્થાથી લોકોમાં વહેંચે, પોતે પણ લે, બીજાઓને પણ આપે. ખાય પણ અને ખવડાવે પણ.

"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું, તમે આ આયત પઢો છો કે તમારી કરેલી વસિયતના અથવા કરજના બાદ, જ્યારે કે રસૂલુલ્લાહ ﷺએ કરજનો વસિયત પહેલાં હુકમ આપ્યો છે[૧]. અને હુકમ આપ્યો છે કે માવાળી ઔલાદ વારસ થશે ન કે ઈલ્લાતી (મા તરફથી સોતેલો ભાઈ કે બહેન) ઔલાદ[૨]. (તિર્મિઝી, ઈબ્ને માજહ) અને દારમીની રિવાયતમાં આ પ્રમાણે છે કે માના જણ્યાં ભાઈ બહેન આપસમાં વારસ થશે ન કે ઈલ્લાતી ભાઈ..... છેવટ સુધી[૩]."

★ હદીષ : (૧૭)-૩૦૫૭ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: إِنَّكُمْ تقرؤون هَذِهِ الْآيَةَ: (مِنْ بَعْدِ وَصِيَّةٍ تُوصُونَ بِهَا أَو دين)وَإِنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَضَى بِالدّينِ قبل الْوَصِيَّةِ وَأَنَّ أَعْيَانَ بَنِي الْأُمِّ يَتَوَارَثُونَ دُونَ بَنِي الْعَلَّاتِ الرَّجُلُ يَرِثُ أَخَاهُ لِأَبِيهِ وَأُمِّهِ دُونَ أَخِيهِ لِأَبِيهِ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَفِي رِوَايَةِ الدَّارِمِيِّ: قَالَ: «الْإِخْوَةُ مِنَ الْأُمِّ يَتَوَارَثُونَ دُونَ بَنِي الْعَلَّاتِ. . .» إِلَى آخِرِه

★ વારસાની વહેંચણી ક્યારે કરવી ? ★

૧. ખુલાસો એ છે કે આયતે કરીમામાં وصيةનું વર્ણન કરજથી પહેલાં કરવામાં આવ્યું કે રબના ઈર્શાદમાં પ્રથમ વસિયત છે પછી કરજ પણ. હુઝૂરે અન્વર ﷺએ કરજની અદાયગીને વસિયત પર અગ્રતા આપી કે કફન દફન બાદ મૈયતનું કરજ અદા કરો, પછી કરજની અદાયગી બાદ ત્રીજા ભાગના માલથી વસિયત લાગુ કરો, પછી વારસો વહેંચો. હુઝૂરે અન્વર ﷺનો આ અમલ કુર્આને શરીફની વિરુદ્ધ નથી બલ્કે એની તફસીર છે જેનાથી બતાવી દેવામાં આવ્યું કે કરજ વર્ણનમાં પાછળ છે પણ અમલમાં પ્રથમ છે. કેમ કે વારિસો પર વસિયત પૂરી કરવી ભારે પડતુ હોય છે અને કરજ શોખથી અદા કરી આપે છે, એટલા માટે વિશેષરૂપે પ્રથમ વસિયતનો ઉલ્લેખ કર્યો.

૨. اعيان બહુવચન છે عينનું અર્થ જાત, અને બની અમથી મુરાદ અખ્યાફી ઔલાદ (બાપ અલગ મા એક) નથી બલ્કે સગા ભાઈ મુરાદ છે કે જે માલમાં પણ ભાગીદાર હોય. મતલબ એ છે કે જે મૈયતથી સગાભાઈ પણ હોય અને બાપ શરીકે (બાપ એક મા અલગ) પણ તો સગા ભાઈ વારસો પામશે, બાપ શરીક ન પામશે કે સગાંઓને સગાઈની મજબૂતી હાંસલ છે એટલા માટે આપે અખ્યાફી (બાપ જુદા મા એક) ન કહ્યું બલ્કે અઅ્યાને બની ઉમ્મ (સગાભાઈ) કહ્યું, આટલી લાંબી ઈબારત. (મિર્કાત, લમ્આત, અશિઅ્હ વગેરે) જેથી કુર્આન શરીફમાં જે

શબ્દ اخوة ઈશાદ થયો એનાથી ધોકો ન ખાવ અને એના બધા ભાઈ ન સમજી લો, સગા હોય કે સોતેલા.

૩. આ વાક્ય આગળ વર્ણવેલ વાતની શરહ છે. لِاَبِيْهِ وَاُمِّهٖ ફર્માવીને બતાવી આપ્યું કે ત્યાં بنی الام થી મુરાદ મા માં પણ શરીક હતા, ન કે મા માં જ શરીક. જુઓ હઝરત હારૂને મૂસા عليه السلام ને ફર્માવ્યું, اِبْنَ اُمَّ હે મારા માના જણ્યા ! જ્યારે કે આપ હઝરત હારૂનના સગા ભાઈ હતા.

૪. એનો મતલબ પણ એ જ છે કે સગા ભાઈ બહેન સોતેલા પર અગ્રતા ધરાવે છે.

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે સઅદ ઈબ્ને રબીઅના પત્ની પોતાની બે પુત્રીઓ જે સઅદ ઈબ્ને રબીઅથી હતી, રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં લાવ્યા[૧] બોલ્યાં, યા રસૂલલ્લાહ ! ﷺ સઅદ ઈબ્ને રબીઅની પુત્રીઓ છે, જેમના બાપ આપની સાથે ઓહદના દિવસે શહીદ થઈને ક़ત્લ કરી દેવામાં આવ્યા, અને તેમના કાકાએ તેમનો માલ લઈ લીધો[૨] કે તેમના માટે કાંઈ માલ ન છોડયો અને માલ વિના તેમના નિકાહ નથી કરી શકાતા[૩]. હુઝૂરે ફર્માવ્યું, અલ્લાહ એના બારામાં ફૈસલો ફર્માવશે[૪] ત્યારે વારસાની આયત નાઝિલ થઈ[૫] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ તે છોકરીઓના કાકાને બોલાવવા મોકલ્યા. ફર્માવ્યું, સઅદની પુત્રીઓને ૨/૩ આપી દો અને એ બચ્ચીઓની માને આઠમો હિસ્સો, જે બાકી બચે એ તમારું[૬] (અહમદ, તિર્મિઝી), અબૂ દાઊદ, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે, ગરીબ છે."

★ હદીષ : (૧૮)-૩૦૫૮ ★

وَعَنْ جَابِرٍ قَالَ: جَاءَتِ امْرَأَةُ سَعْدِ بْنِ الرَّبِيعِ بِابْنَتَيْهَا مِنْ سَعْدِ بْنِ الرَّبِيعِ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ: يَا رَسُولَ اللَّهِ هَاتَانِ ابْنَتَا سَعْدِ بْنِ الرَّبِيعِ قُتِلَ أَبُوهُمَا مَعَكَ يَوْمَ أُحُدٍ شَهِيدًا وَإِنَّ عَمَّهُمَا أَخَذَ مَالَهُمَا وَلَمْ يَدَعْ لَهُمَا مَالًا وَلَا تُنْكَحَانِ إِلَّا وَلَهُمَا مَالٌ قَالَ: «يَقْضِي اللَّهُ فِي ذَلِكَ» فَنَزَلَتْ آيَةُ الْمِيرَاثِ فَبَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَى عَمِّهِمَا فَقَالَ: «أَعْطِ لِابْنَتَيْ سَعْدٍ الثُّلُثَيْنِ وَأَعْطِ أُمَّهُمَا الثُّمُنَ وَمَا بَقِيَ فَهُوَ لَكَ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

૧. સઅદ ઈબ્ને રબીઅ બરવઝને ફઈલ રેના ઝબરથી, બે ના ઝેરથી. આ સઅદ ઈબ્ને રબીઅ અન્સારી رضی اللہ عنہ છે, ખઝરજી છે, બદરી છે. ઉક़બાએ ઉલમાની બયઅતમાં શરીક રહ્યા. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફથી આપનો ભાઈચારાનો ક़રાર કરાવવામાં આવ્યો. જંગે ઓહદમાં શહીદ થયા અને હઝરત ખારિજા ઈબ્ને ઝયદની સાથે એક કબરમાં દાખલ કરવામાં આવ્યા. (અશિઅ્હ, મિર્ક़ાત)

★ અરબમાંનો ઈસ્લામ પહેલાંનો ગલત દસ્તૂર ★

૨. જેવો કે **અરબમાં દસ્તૂર હતો કે કોઈનુ મૃત્યુ થયા બાદ તેનો ભાઈ પૂરા વારસા પર કબજો કરી લેતો હતો અને તેની યતીમ બાળકીઓને વંચિત કરી દેતો હતો. મતલબ કે મર્હૂમની છોકરીઓ વારસો પામતી ન હતી, અથવા ભાઈ વારસો સમેટતો હતો કે કાકા, અને બાળકીઓ વંચિત જ રહેતી હતી.**

૩. કેમ કે બાળકીઓની શાદીમાં દહેજ વગેરે આપવાનુ રહેતું હતું અને દહેજ માલ વિના તૈયાર નથી થતું.

ગરીબ યતીમ છોકરીઓ સાથે કોઈ નિકાહ કરવું પસંદ નથી કરતું. માલદાર છોકરી જલ્દી ઠેકાણે પડી જાય છે. જેમ કે આજે પણ જોવામાં આવી રહ્યું છે. એ કુદરતી ચીજ છે, હુસ્ન તથા માલ પ્રતિ આકર્ષણ છે.

★ વારસાની વહેંચણીમાં ખુદાના ખૌફ સાથે કામ લો ★

૪. હજી સુધી વારસાની આયતો ઉતરી ન હતી એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ જાતે કોઈ ફૈસલો ન કર્યો. **યાદ રાખશો કે વારસાના હુકમો મોટાભાગે કુર્આને કરીમમાં આવેલા છે. રબ તઆલાએ ખુદ ડાયરેક્ટ વારસાના હુકમો લાગુ કર્યા જેથી લોકો વારસામાં ખુદાના ખૌફથી કામ લે.** (અને કોઈના વારસા હડપ ન કરે. –અનુવાદક)

૫. એટલે આ આયત : يُوْصِيْكُمُ اللّٰهُ فِيْٓ اَوْلَادِكُمْ ۗ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ (અલ્લાહ તમને હુકમ આપે છે તમારી ઔલાદના બારામાં પુત્રનો હિસ્સો બે પુત્રીઓના બરાબર છે. સૂરએ નિસાઅ, ૪/૧૧) જેમાં પુત્રો પુત્રીઓના હિસ્સા નિશ્ચિત કરી આપ્યા

★ વારસાના વિવિધ મસાઈલ ★

૬. ખુલાસો એ છે કે સઅદના માલના કુલ ૨૪ હિસ્સા કરો જેમાંથી ત્રણ તો તેમની પત્નીના છે, સોળ તેમની પુત્રીઓના અને બાકીના પાંચ તમારા, કે ઔલાદની મૌજૂદગીમાં પત્નીનો આઠમો હિસ્સો હોય છે. પત્ની તથા પુત્રીઓ ઝી ફર્ઝ છે અને કાકા અસ્બા. مابقی થી જાણવા મળ્યું કે (મરનારનો) ભાઈ અસ્બા છે કે તેનો હિસ્સો નિશ્ચિત નથી. મિર્કાતે ફર્માવ્યું કે ઈસ્લામમાં આ પ્રથમ વારસો વહેંચાયો. યાદ રાખશો કે રબ તઆલાએ પુત્રીઓના બારામાં ફર્માવ્યું : فَاِنْ كُنَّ نِسَآءً فَوْقَ اثْنَتَيْنِ (પછી જો કેવળ પુત્રીઓ હોય તો ભલે બેથી ઉપર તો તેમને છોડેલા માલનો ૨/૩ ભાગ. સૂરએ નિસાઅ, ૪/૧૧) જો પુત્રીઓ બેથી વધુ હોય તો ૨/૩ ભાગનો વારસો છે. આ આયતના આધારે હઝરત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે બે પુત્રીઓ પણ એક પુત્રની જેમ અડધો માલ જ પામશે. બેથી વધુ હોય તો ૨/૩. પણ તમામ સહાબા તથા ઉલમાનું ફર્માન છે કે બે પુત્રીઓ પણ ૨/૩ પામશે. એટલે વારસામાં બેની સંખ્યા બહુવચન છે. અને આ હદીષ આ આયતે કરીમાની શરહ છે. કુર્આને કરીમે આટલી મોટી ઈબારત કરી. એવું ન ફર્માવી દીધું કે જો પુત્રીઓ બે હોય, કે જેથી કોઈ એ વહેમ ન કરે કે બે પુત્રીઓને ૧/૩ (ત્રીજો ભાગ) અને વધારેને એનાથી વધારે. લગભગ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને આ હદીષ પહોંચી નથી. જ્યારે એક પુત્રીમાં મૈયતના પુત્ર સાથે ૧/૩ પામે છે તો પુત્રીની સાથે અધિક અંશે ૧/૩ પામશે. (મિર્કાત)

આલિમે જોઈએ કે ગલતી માલૂમ થતાં રુજૂઅ કરી લે

★ હદીષ : (૧૯)-૩૦૫૯ ★	*''હઝરત હુઝૈલ ઈબ્ને શુરજીલથી રિવાયત છે. ફર્માવે છે કે જનાબ અબૂ મૂસાથી એક પુત્રી, પૌત્રી અને બહેનના વિશે પૂછવામાં આવ્યું. તો આપે ફર્માવ્યું, પુત્રીનો અડધો અને બહેનનો અડધો છે[૧] અને તમે હઝરત ઈબ્ને મસ્ઊદની પાસે જાવ, એ પણ અમારા જેમ જ કરશે[૨]. જેથી હઝરત ઈબ્ને મસ્ઊદને પૂછવામાં*
وَعَنْ هُزَيْلِ بْنِ شُرَحْبِيلَ قَالَ: سُئِلَ أَبُو مُوسَى عَنِ ابْنَةٍ وَبِنْتِ ابْنٍ وَأُخْتٍ فَقَالَ: لِلْبِنْتِ النِّصْفُ وَلِلْأُخْتِ النِّصْفُ وائت ابْنَ مَسْعُودٍ فَسَيُتَابِعُنِي فَسُئِلَ ابْنُ مَسْعُودٍ وَأُخْبِرَ بقول أَبِي مُوسَى فَقَالَ: لقد ضللت إِذن وَمَا أَنَا مِنَ	

الْمُهْتَدِينَ أَقْضِي فِيهَا بِمَا قَضَى النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لِلْبِنْتِ النِّصْفُ وَلِابْنَةِ الِابْنِ السُّدُسُ تَكْمِلَةَ الثُّلُثَيْنِ وَمَا بَقِيَ فَلِلْأُخْتِ» فَأَتَيْنَا أَبَا مُوسَى فَأَخْبَرْنَاهُ بِقَوْلِ ابْنِ مَسْعُودٍ فَقَالَ: لَا تَسْأَلُونِي مَا دَامَ هَذَا الحبر فِيكُم. رَوَاهُ الْبُخَارِيّ

આવ્યું અને હઝરત અબૂ મૂસાની વાતની ખબર આપવામાં આવી. તે બોલ્યા, ત્યારે તો બહેકી જઈશ અને રાહ પામનારાઓમાંથી ન થઈશ[૩]. હું તો આમાં એ ફૈસલો કરીશ જે નબી કરીમ ﷺ એ કર્યો હતો. પુત્રીનો અડધો છે અને પૌત્રીનો છઠ્ઠો હિસ્સો ૨/૩ પૂર્ણ કરનારને, અને જે બાકી બચે તે બહેનનો[૪]. પછી અમે અબૂ મૂસાની પાસે આવ્યા તો અમે તેમને હઝરત ઈબ્ને મસ્ઊદના ફૈસલાની ખબર આપી, તો આપ બોલ્યા, જ્યાં સુધી આ અલ્લામા તમારામાં રહે મારાથી ન પૂછો[૫]." (બુખારી)

૧. સવાલ એ હતો કે એક શખ્સ મૃત્યુ પામ્યો તેણે એક પુત્રી, એક પૌત્રી, એક બહેન છોડી તો કોને કેટલુ મળ શે ? આપે ફર્માવ્યું, પુત્રીને અડધુ, બહેનને અડધુ અને પૌત્રી વંચિત છે. આપે આ બે આયતો પર નજર કરી કે પુત્રીના વિશે આદેશ થયો : وَإِنْ كَانَتْ وَاحِدَةً فَلَهَا النِّصْفُ (અને જો એક પુત્રી હોય તો તેને અડધુ. સૂરએ નિસાઅ, ૪/૧૧) અને બહેનના વિશે ઈર્શાદ છે : إِنِ امْرُؤٌا هَلَكَ لَيْسَ لَهُ وَلَدٌ وَّ لَهُ أُخْتٌ فَلَهَا نِصْفُ مَا تَرَك (જો કોઈ પુરૂષનો ઈન્તેકાલ થાય જે બેઔલાદ છે અને તેની એક બહેન હોય તો વારસામાં એની બહેનનુ અડધુ છે. સૂરએ નિસાઅ, ૪/૧૭૬) આપે لد થી મુરાદ સુલ્બી (હકીકી) ઔલાદ લીધી, જ્યારે કે لد થી મુરાદ મજકૂર ઔલાદ છે.

૨. એટલે કે મારા બતાવેલા મસ્અલાનું સમર્થન હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી પણ કરાવી લો, ઈન્ શાઅલ્લાહ ! એઓ પણ આ જ ફત્વો આપશે. આ હદીષ ફત્વાનું સમર્થન કરાવવાની દલીલ છે.

૩. એટલે અબૂ મૂસા رضی اللہ عنہ એ ગલત મસ્અલો વર્ણવ્યો, એમને ઈજતેહાદી ગલતીના કારણે માફ કરી દેવામાં આવશે. મને અસલ મસ્અલો માલૂમ છે, જેથી હું જાણતો હોવા છતાં ગલત મસ્અલામાં તેમનુ સમર્થન કરી દઉં તો ગુમરાહ થઈ જઈશ. જેથી હદીષ પર એ વાંધો નથી કે પછી તો હઝરત અબૂ મૂસા અશ્અરી ગુમરાહ થઈ ગયા હશે ! કે તેમણે ગલત મસ્અલો બતાવ્યો. કેમ કે એ ખતાએ ઈજતેહાદીના કારણે ગલત મસ્અલો બતાવી ગયા. ઈજતેહાદી ખતા પર પકડ નથી, જેમ કે કુર્આને કરીમે દાઉદ عليہ السلام ની એક ઈજતેહાદી ખતાનું વર્ણન તો કર્યું પણ એતાબ (ધમકી) નથી કર્યો.

૪. જવાબનો ખુલાસો એ છે કુર્આનની રૂએ પુત્રોનો હિસ્સો ૨/૩ છે. અહીં પુત્રીએ અડધો લઈ લીધો કે એની નિકટતા મૈયતના સાથે પૌત્રી કરતાં કવી (મજબૂત) છે. હવે છઠ્ઠો હિસ્સો બચ્યો. કેમ કે અડધો છઠ્ઠાથી મળીને ૨/૩ થઈ જાય છે, તે પૌત્રીને આપી દીધો. એ બંને ઝી ફર્ઝ હતી. બહેન અસ્બા છે, તેના માટે ૧/૩ બચ્યું છે એ તેણીને આપો. માલના છ ભાગ કરીને ત્રણ પુત્રને આપો, એક પૌત્રીને, બાકી જે બચ્યા તે અસ્બતન્ બહેનને આપી દો. હુઝૂર ﷺ ફર્માવે છે : اجعلوا الاخوات مع البنات عصبةً પુત્રીઓ સાથે બહેનોને અસ્બા બનાવો. એ જ જમહૂર ઉલમાનો ક્વૌલ છે. પણ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પુત્રીની મૌજૂદગીમાં બહેનને વંચિત રાખે છે. તે ફર્માવે છે કે રબ તઆલાએ વર્ણવેલ આયતમાં બહેનના વારસાના માટે "વલદ" ન હોવાની કૈદ (શર્ત) લગાડી. لد થી મુરાદ

મુત્લક़ન ઔલાદ છે, પુત્ર હોય કે પુત્રી. જ્યારે કે ત્યાં ولد થી મુરાદ કેવળ પુત્ર છે. એટલા માટે હઝરત ઉમર સાથે આપનો મશહૂર મુનાઝરો થયો અને હઝરત ઉમરે આ જ જવાબ આપ્યો. (મિર્ક़ાત)

૫. એટલે કે ભાવિમાં જ્યાં સુધી હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ જીવતા છે ત્યાં સુધી મને મસ્અલો પૂછશો નહીં, એ મારાથી મોટા આલિમ છે, તેમને જ પૂછતા રહો. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે આલિમે જોઈએ કે પોતાની ગલતી માલૂમ થવા પર હઠ ન કરે, તરત જ રુજૂઅ (પોતાનો ફત્વો પરત) કરી લે. રુજૂઅમાં પોતાની બેઈજ્જતી ન સમજે. **બીજુ** એ કે મોટા આલિમની હાજરીમાં એમના હેઠળનાઓની તક़્લીદ ન કરે. **આ હદીષ તક़્લીદે શખ્સીની દલીલ છે** કે એક આલિમ મુજતહિદનો થઈને રહે, દરેક જગાએ ન ભટકે.

"હઝરત ઈમ્રાન ઈબ્ને હુસૈનથી રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો. બોલ્યો, મારો પુત્ર મરી ગયો છે તો તેના વારસોમાં મારુ કેટલુ છે ?[૧] ફર્માવ્યું, તારો છઠ્ઠો હિસ્સો છે. જ્યારે તેણે પીઠ ફેરવી તો તેને બોલાવ્યો. ફર્માવ્યું, તારા માટે બીજો છઠ્ઠો પણ છે[૨] પછી જ્યારે પીઠ ફેરવી તો તેણે બતાવ્યું, ફર્માવ્યું, બીજો છઠ્ઠો અસ્બતનૂ છે[૩]. (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે, સહીહ છે."

★ હદીષ : (૨૦)-૩૯૦ ★

وَعَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ قَالَ: جَاءَ رَجُلٌ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِن ابْنِي مَاتَ فَمَا لِي مِنْ مِيرَاثِهِ؟ قَالَ: «لَكَ السُّدُسُ» فَلَمَّا وَلَّى دَعَاهُ قَالَ: «لَكَ سُدُسٌ آخَرُ» فَلَمَّا وَلَّى دَعَاهُ قَالَ: «إِنَّ السُّدُسَ الْآخَرَ طُعْمَةٌ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ

૧. એ મરહૂમની બે પુત્રીઓ હતી, એક બાપ. બંને પુત્રીઓનો ૨/૩ જે પ્રશ્નકર્તાને ખબર ન હતી, બાપના હિસ્સાની ખબર ન હતી. એટલા માટે તેણે કેવળ બાપનો હિસ્સો પૂછયો.

૨. ખુલાસો એ છે કે તારા પુત્રના છોડેલા માલના છ હિસ્સા થશે. ચાર તો બે પુત્રીઓના એટલે ૨/૩ ભાગ અને એક તારો એટલે છઠ્ઠો હિસ્સો. તું ઝી ફર્ઝ છે. તારો હિસ્સો છઠ્ઠો છે. બાકી બચ્યો એક તે પણ તને મળશે, પણ અસ્બતનૂ. જાણવા મળ્યું કે પુત્રીઓની મૌજૂદગીમાં બાપ ઝી ફર્ઝ પણ છે અને અસ્બા પણ. આ જ તમામ ઉલમાનો મઝહબ છે.

૩. એટલે ઝી ફર્ઝ હોવાની હૈસિયતથી છે, તો તારો હિસ્સો છઠ્ઠો જ હતો, હવે જે બીજીવાર તને છઠ્ઠો હિસ્સો અધિક આપવામાં આવ્યો, તે અસ્બા હોવાની હૈસિયતથી છે કે તું અસ્બા પણ છે કે બચેલુ પણ તું જ પામીશ.

"હઝરત ક़બીસા ઈબ્ને ઝુવૈબથી[૧] રિવાયત છે. હઝરત અબૂ બક્રની ખિદમતમાં નાની હાજર થયાં. આપની પાસે પોતાનો વારસો માગ્યો હતો[૨] તો ફર્માવ્યું, ન અલ્લાહની કિતાબમાં તારા માટે કાંઈ છે અને ન સુન્નતે રસૂલુલ્લાહ ﷺ માં તને કાંઈ મળશે. હમણા તું પરત થઈ જા ત્યાંથી સુધી કે હું લોકોથી પૂછતાછ કરી લઉં[૩]. જેથી આપે પૂછયું તો હઝરત મુગીરહ ઈબ્ને

★ હદીષ : (૨૧)-૩૯૧ ★

وَعَنْ قَبِيصَةَ بْنِ ذُؤَيْبٍ قَالَ: جَاءَتِ الْجَدَّةُ إِلَى أَبِي بَكْرٍ رَضِيَ اللَّهُ عَنْهُ تَسْأَلُهُ مِيرَاثَهَا فَقَالَ لَهَا: مَا لَكِ فِي كِتَابِ اللَّهِ شَيْءٌ وَمَا لَكِ فِي سُنَّةِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ شَيْءٌ فَارْجِعِي حَتَّى أَسْأَلَ النَّاسَ فَسَأَلَ فَقَالَ الْمُغِيرَةُ بْنُ شُعْبَةَ: حَضَرْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

وَسَلَّمَ أَعْطَاهَا السُّدُسَ فَقَالَ أَبُو بَكْرٍ رَضِيَ اللهُ عَنهُ هَل مَعَك غَيره؟ فَقَالَ مُحَمَّدُ بْنُ مَسْلَمَةَ مِثْلَ مَا قَالَ الْمُغِيرَة فأنفذه لَهَا أَبُو بَكْرٍ رَضِيَ اللَّهُ عَنْهُ ثُمَّ جَاءَتِ الْجدّة الْأُخْرَى إِلَى عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُ تَسْأَلُهُ مِيرَاثَهَا فَقَالَ: هُوَ ذَلِك السُّدس فَإِن اجْتمعَا فَهُوَ بَيْنكُمَا وَأَيَّتُكُمَا خَلَتْ بِهِ فَهُوَ لَهَا. رَوَاهُ مَالِكٌ وَأَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالدَّارِمِيُّ وَابْن مَاجَه

શઅ્બાએ અર્ઝ કરી, હું રસૂલુલ્લાહ ﷺ ની બારગાહમાં હાજર હતો, આપે દાદીને છઠ્ઠો હિસ્સો આપ્યો હતો. અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ ફર્માવ્યું, શું તમારી પાસે કોઈ ગવાહ છે ?[૫] ત્યારે મુહમ્મદ ઈબ્ને મુસ્લમાએ એવું જ કહ્યું જેવું મુગીરાએ કહ્યું હતું. જેથી જનાબ સિદ્દીક઼ે દાદી માટે છઠ્ઠો હિસ્સો લાગુ કરી આપ્યો[૬] પછી બીજી બાજુની દાદી હઝરત ઉમરની ખિદમતમાં હાજર થયા[૭] પોતાનો વારસો આપનાથી માગ્યો હતો. તો ફર્માવ્યું, દાદીનો વારસો એ જ છઠ્ઠો હિસ્સો છે[૮] જો તમે બંનેવ (દાદી, નાની) ભેગાં થઈ જાવ તો એ તમારા બંનેવમાં થશે. અને તમારામાંથી જે એકલી હોય તો તે તેનું થશે[૯]. (માલિક, અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

૧. قبیصہ બરવઝને کریبہ છે. અને ذویب ઝુવૈબ ઝાલના પેશ વાવના ઝબરથી. આપને ઈબ્ને અબ્દુલ બરે તો સહાબી માન્યા છે અને હિ.સ. ૧માં પેદાઈશ સાબિત કરી છે. અન્ય મુહદ્દિષો એમને તાબઈ માને છે. આપ મદીનાના ફ઼ક઼ીહોમાંથી છે. જેમ કે સઈદ ઈબ્ને મુસૈયિબ, ઉરવા ઈબ્ને ઝુબેર, અબ્દુલ મલિક ઈબ્ને મરવાન, ક઼બીસ઼ા ઈબ્ને ઝુવૈબ رضوان اللہ تعالیٰ علیہم اجمعین આ ચાર હઝરાત મદીનાના ફ઼ક઼ીહોમાંથી માનવામાં આવતા હતા. હિ.સ. ૮૬માં આપની વફાત થઈ. (અશિઅ્હ, મિર્ક઼ાત, અકમાલ)

૨. તેણીએ અર્ઝ કરી કે મારો નવાસો મૃત્યુ પામ્યો છે. મારા વારસાનો હિસ્સો મને અપાવવામાં આવે. અહીં جدۃ (જદ્દ) નાનીના અર્થમાં છે, જેવું કે બીજી રિવાયતોથી સાબિત છે.

૩. એટલે કે જ્યાં સુધી મારો ઈલ્મ છે. હદીષ શરીફમાં પણ દાદી નાનીનો કાંઈ હિસ્સો નથી. અહીં ઈન્કાર પોતાના ઈલ્મના એતબારથી છે.

★ અલ્લાહ તઆલા ફ઼ક઼ીહોનું ભલુ કરે ! ★

૪. એ જમાનામાં કોઈને મસ્અલો બતાવવું આસન ન હતું. એક મસ્અલા માટે મહીનાઓ સુધી હદીષ શોધવી પડતી હતી. **અલ્લાહ તઆલા ફુક઼હાએ કિરામનું ભલુ કરે કે એ હઝરાત આપણા માટે ઈલ્મે ફિક઼્હને પાણી બનાવી ગયા કે કોઈ પણ મસ્અલો હોય કિતાબ, પ્રકરણ, વિભાગ કાઢો અને બતાવી દો.** એટલા માટે હુઝૂર ﷺએ ફર્માવ્યું હતું કે **મારી ઉમ્મતના ઉલમા બની ઈસ્રાઈલના નબીઓની જેમ હશે.** જેટલી ખિદમત ઈસ્લામના ઉલમાએ કરી એટલી ખિદમત કોઈ દીનના આલિમોએ પોતાના દીનની નથી કરી.

★ સહાબા સર્વે આદિલ છે ★

૫. ગવાહ માગવું સાવધાની પૂરતુ હતું જેથી લોકો હદીષ બયાન કરવા માટે દિલેર ન થઈ જાય. તેમજ આ

હદીષ સાથે બંદાઓના હક્ક઼ો જોડાયેલા હતા. એના કારણે આ સાવધાની વર્તી, નહીં તો **સહાબીઓ સર્વે આદિલ છે.** દરેકની રિવાયત વિશ્વસનીય છે.

૬. એટલે વારસદારોને હુકમ આપી દીધો કે દાદીને છઠ્ઠો હિસ્સો આપે. કેમ કે હુકમ ફર્માવનારા ખુદ નબી કરીમ ﷺ હતા, એના પર અમલ કરાવનારા અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ હતા. જેથી આ ઈબારત વાપરવામાં આવી. એ જ પ્રમાણે ઈસ્લામી બાદશાહ હુઝૂરે અન્વર ﷺના હુકમો લાગુ કરનારો છે. અલ્લાહ રસૂલનો હાકિમ છે.

૭. ક્યાં તો પહેલાં નાની આવ્યાં હતાં અને હવે દાદી આવ્યાં, અથવા એથી ઉલ્ટુ. પ્રથમ અર્થ અધિક મજબૂત છે, જેમ કે અમુક રિવાયતોમાં છે કે પછી મૈયતના બાપની મા આવ્યાં અને તેણીઓ હઝરત ઉમર رضی اللہ عنہ ની ખિદમતમાં અર્ઝ કરી કે નાનીની સરખામણીમાં મારો હક્ક઼ વારસામાં વધુ છે કે જો હું મરી જાત તો મારો આ પૌત્ર વારસ થાત. જો નાની મરતી તો તેનો આ નવાસો વારસ ન બનત. જ્યારે તે મર્હૂમ મારો વારસ થાય છે ન કે નાનીનો, તો જોઈએ કે હું જ એની વારસ બનું ન કે નાની. જેથી મને વારસો પરત અપાવવામાં આવે. (મિર્ક઼ાત)

૮. એટલે આ છઠ્ઠા હિસ્સામાં તું પણ ભાગીદાર છે કે અડધો તારો અડધો નાનીનો.

૯. આ વાક્ય ઉપર અગાઉ વર્ણન થયેલ વિષયનું વર્ણન છે. મોટાભાગના સહાબા અને લગભગ સર્વ ફક઼ીહો તથા ઉલમાનો આ જ મઝહબ છે કે જો નાની અથવા દાદી એકલી હોય તો પૂરો છઠ્ઠો હિસ્સો તેને મળશે, અને જો બંનેવ છે તો એ જ છઠ્ઠો હિસ્સો બંનેમાં અડધો અડધો થશે. પણ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે મા ન હોય તો નાની માની જગાએ થશે કે જો મૈયતની ઔલાદ, ભાઈ, બહેન ન હોય તો નાનીને ૧/૩ (ત્રીજો ભાગ) અને જો હોય તો પૂરો છઠ્ઠો હિસ્સો મળશે. કદાચ આ હદીષ તેમને પહોંચી નથી.

"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે તે દાદીના વિશે જે પોતાના પુત્રની સાથે હોય, ફર્માવે છે કે પ્રથમ તે દાદી છે જેને રસૂલુલ્લાહ ﷺ એ તેના પુત્રની સાથે જ્યારે કે પુત્ર જીવંત હોય છઠ્ઠો હિસ્સો આપ્યો[૧]." (તિર્મિઝી, દારમી) તિર્મિઝીએ આ હદીષને ઝઈફ બતાવી.

★ હદીષ : (૨૨)-૩૦૬૨ ★

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ فِي الْجَدَّةِ مَعَ ابْنِهَا: أَنَّهَا أَوَّلُ جَدَّةٍ أَطْعَمَهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سُدُسًا مَعَ ابْنِهَا وَابْنُهَا حَيٌّ. رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ وَالتِّرْمِذِيُّ ضَعَّفَهُ

૧. એનાથી જાણવા મળ્યું કે દાદી બાપનાં હોવા છતાં વારસો પામશે, બાપના કારણે વંચિત ન રહેશે. આ જ અમુક સહાબીઓ તથા અમુક ફક઼ીહોનો મઝહબ છે. આમ સહાબા તથા ઉલમા ફર્માવે છે કે બાપની મૌજૂદગીમાં દાદી મેહરૂમ છે. આ હદીષ પ્રથમ તો ઝઈફ છે. જો સહીહ પણ હોય તો હુઝૂરે અન્વર ﷺનું આ ફર્માન અતિયા (હદિયા) રૂપે હતું, વારસા રૂપે ન હતું, બલ્કે વારસા વિના આમ જ અતા કર્યું. જેવો કે કુર્આનનો હુકમ છે કે જો વારસાની વહેંચણીના સમયે અમુક વંચિત રહેનાર સગાં હોય તો તેમને આપી દો. ફર્માવ્યું وَإِذَا حَضَرَ الْقِسْمَةَ أُولُوا الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنُ فَارْزُقُوْهُمْ (પછી જો વહેંચણી વખતે સગાંઓ અને યતીમ તથા મિસ્કીન આવી જાય તો એમાંથી એમને પણ કાંઈક આપો. સૂરએ નિસાઅ, ૪/૮) અથવા મૈયતનો બાપ કાફિર હતો અથવા ગુલામ જેથી વારસાનો મુસ્તહિક઼ ન હતો, અને મેહરૂમ વારસ બીજાંને મેહરૂમ નથી કરતો. (મિર્ક઼ાત, લમ્અ઼ાત, અશિઅ઼હ)

★ હદીષ : (૨૩)-૩૦૬૩ ★
وَعَنِ الضَّحَّاكِ بْنِ سُفْيَانَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَتَبَ إِلَيْهِ: «أَنْ ورث امْرَأَة أَشْيَم الضبابِي مِنْ دِيَةِ زَوْجِهَا» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَقَالَ التِّرْمِذِيُّ:هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيح

''હઝરત ઝહ્હાક ઈબ્ને સુફયાનથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ લખ્યું કે અશ્યમ ઝિબાબીની પત્નીને તેમના પતિની દિયતથી વારસો આપો[૨]. (તિર્મિઝી, અબૂ દાઉદ) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે, સહીહ છે.''

૧. આપ ઝહ્હાક ઈબ્ને સુફયાન આમિરી કલાબી છે. ઘણા જ બહાદુર દિલેર હતા. આપ એકલાને ૧૦૦ પહેલવાનોના બરાબર સમજવામાં આવતા હતા. હુઝૂરે અન્વર ﷺની હિફાઝતના માટે આપની પાસે તલ્વાર લઈને ઉભા રહેતા હતા. આપને હુઝૂરે અન્વર ﷺએ પોતાની ફૌમ બની કલાબના વાલી બનાવ્યા હતા.

૨. અશ્યમ ઝબાબી હતા. ઝબાબ એક કિલ્લાનું નામ છે. એ તરફ આપની નિસ્બત છે. એમને ભૂલથી કત્લ કરી દેવામાં આવ્યા હતા. કાતિલ પર દિયત એટલે ખૂન બહા (ખૂનને બદલે માલ) વાજિબ થયો હતો. હુઝૂરે અન્વર ﷺએ હઝરત ઝહ્હાકને જે ત્યાંના વાલી હતા એ લખ્યું કે તેમની દિયત વારસદારોમાં વહેંચો. કેમ કે પત્ની પણ વારસ છે એટલા માટે તેણીને પણ વારસા મુજબ દિયતમાંથી હિસ્સો આપો. આ હદીષના આધારે જમહૂર (બહુમતી) ઉલમા ફર્માવે છે કે દિયતનો માલ તો કત્લ થનારની માલિકી બને છે. પછી કત્લ થનારના અન્ય માલોની જેમ વારસોને માત્રા પ્રમાણે હિસ્સો મળે છે. પણ હઝરત અલી رضی اللہ عنہ નો કૌલ એ છે કે દિયતથી અખ્યાફી (મા એક બાપ જુદા) ભાઈ બહેન, પતિ અને કોઈ સ્ત્રીને હિસ્સો નથી મળી શકતો. કદાચ આપને આ હદીષ પહોંચી નથી.

★ હદીષ : (૨૪)-૩૦૬૪ ★
وَعَنْ تَمِيمٍ الدَّارِيِّ قَالَ: سَأَلْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: مَا السُّنَّةُ فِي الرَّجُلِ مِنْ أَهْلِ الشِّرْكِ يُسْلِمُ عَلَى يَدَيْ رَجُلٍ مِنَ الْمُسْلِمِينَ؟ فَقَالَ: «هُوَ أَوْلَى النَّاسِ بِمَحْيَاهُ وَمَمَاتِهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

''હઝરત તમીમદારીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું કે એ મુશ્રિક માણસના વિશે શરઈ તરીકો શું છે જે મુસલમાનોમાંથી કોઈના હાથ પર ઈમાન લાવે[૨] ફર્માવ્યું, તે મુસલમાન તે મુશ્રિકનો જિંદગી તથા મૌતમાં વાલી છે[૩].''

(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)

★ તહજ્જુદમાં એકવાર આંખ ન ખુલી તો વરસભર ન સૂતા ! ★

૧. આપ મશહૂર સહાબી છે. પહેલાં ઈસાઈ હતા. હિ.સ. ૯માં ઈસ્લામ લાવ્યા. મહાન આબિદ તથા ઝાહિદ હતા. રાતે એક રકાતમાં પૂરુ કુર્આન ખત્મ કરતા હતા. ક્યારેક તહજ્જુદની નમાઝમાં એક જ આયત વારંવાર પઢતા રહેતા ત્યાં સુધી કે સવાર (ફજર) થઈ જતી. મુહમ્મદ ઈબ્ને મુન્કદિર ફર્માવે છે કે **એક રાતે તમીમદારીની આંખ ન ખુલી અને તહજ્જુદ કઝા થઈ ગઈ તો તેના કફ્ફારમાં વરસ સુધી સૂતા જ નહીં.** આપે નમાઝમાં પહેરવા માટે એક હજાર દિરહમની જોડ ખરીદી હતી. આપે જ સૌથી પહેલાં મસ્જિદે નબવીમાં ચિરાગ સળગાવ્યો. આપથી જ નબી કરીમ ﷺએ દજ્જાલ તથા જસાસાની રિવાયત પોતાના ખુત્બામાં વર્ણવી. આપ મદીના મુનવ્વરામાં રહ્યા. હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની શહાદત બાદ શામ ચાલ્યા ગયા. ત્યાં જ વફાત પામ્યા. દારે ઈબ્ને હાનીની ઔલાદમાંથી છે એટલા માટે આપને દારી કહેવામાં આવે છે. (અકમાલ, અશિઅ્હ, મિર્કાત)

૨. તો શું તે મુસલમાન કરનાર એ નવ મુસ્લિમનો માલિક થશે કે નહીં ? અને તેના માલનો વારસો પામશે કે નહીં ?

૩. એટલે કે વારસ છે, કે જો તે નવ મુસ્લિમનું કોઈ સગુ સંબંધી ન હોય તો તેનો વારસો તેને મળશે. આ હદીષના આધારે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ, સઈદ ઈબ્ને મુસૈયિબ رضی اللہ عنہما વગેરે મુસલમાન કરનારને નવ મુસ્લિમનો અંતિમ વારસ માને છે, જેવી રીતે કે ગુલામનો વારસ આઝાદ કરનાર માલિક છે. પણ બાકીના સર્વ ઉલ્મા એને વારસ નથી માનતા. તેઓ ફર્માવે છે કે હદીષ એ સમયની છે જ્યારે ઈસ્લામ તથા મદદ તથા સહાયના કારણે વારસો મળતો હતો કે મુહાજિરનો વારસ અન્સારી થતો હતો અને અન્સારીનો મુહાજિર થતો હતો. પછી વારસાની આયતથી એ વારસો મન્સૂખ થઈ ગયો. અથવા અહીં اَوْلٰى નો અર્થ વારસ નથી, બલ્કે મદદગાર છે કે મુસલમાન કરનાર તે નવ મુસ્લિમની જિંદગીમાં દરેક રીતે મદદ કરે અને મૃત્યુ બાદ તેની નમાઝ અને દફન વગેરેની વ્યવસ્થા કરે. આ સ્થિતિમાં આ હદીષ મોહકમ છે. *(લમ્આત, મિર્કાત, અશિઅ્હ)*

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે એક શખ્સ મરી ગયો અને તેણે એ ગુલામ સિવાય જેને તેણે આઝાદ કર્યો હતો અન્ય કોઈ વારસ ન છોડ્યો. તો નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે એનું કોઈ છે ?! લોકોએ અર્ઝ કરી, નહીં ! સિવાય એક ગુલામના જેને તેણે આઝાદ કર્યો હતો. તો નબી કરીમ ﷺ એ તેનો વારસો તેના ગુલામના માટે ખાસ કરી દીધો[૧]."
(અબૂ દાઉદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)

★ હદીષ : (૨૫)-૩૦૬૫ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ رَجُلًا مَاتَ وَلَمْ يَدَعْ وَارِثًا إِلَّا غُلَامًا كَانَ أَعْتَقَهُ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَلْ لَهُ أَحَدٌ؟» قَالُوا: لَا إِلَّا غُلَامٌ لَهُ كَانَ أَعْتَقَهُ فَجَعَلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِيرَاثَهُ لَهُ. رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَه

૧. આ હદીષના આધારે હઝરત શુરૈહ, તાઉસ વગેરેએ ફર્માવ્યું કે જેવી રીતે આઝાદ કરેલ ગુલામનો વારસ માલિક હોય છે, જો તેનો ઉપરનો વારસ ન હોય, એ જ પ્રમાણે માલિકનો વારસ તે ગુલામ થશે. પણ જમહૂર ઉલમા ફર્માવે છે કે ગુલામ મૌલા (માલિક)નો વારસ નથી. અને આ હદીષ એવી જ છે જેવી રીતે હુઝૂર ﷺ એ ગામના માણસોને લાવારિસનો વારસો અતા કર્યો હતો, કેમ કે એ માલ બયતુલ માલનો હતો, અને એનો પણ બયતુલ માલમાં હક્ક છે જેના કારણે તેને એ માલ આપવામાં આવ્યો. (મિર્કાત, લમ્આત)

"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, વિલાનો વારસ તે જ અસ્બા થશે જે માલનો વારસ થશે[૧]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષની અસ્નાદ કવી (મજૂબત) નથી."

★ હદીષ : (૨૫)-૩૦૬૬ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «يَرِثُ الْوَلَاءَ مَنْ يَرِثُ الْمَالَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ إِسْنَادُهُ لَيْسَ بِالْقَوِيِّ

૧. ولاء, (વિલા) વાવના ઝબરથી અર્થ નિકટતા. અહીં કુર્બે અબ્દિયત (ગુલામપણાની નિકટતા) મુરાદ છે જેનાથી માલિકને ગુલામના છોડેલા માલનો વારસો થવાનો હક્ક હાંસલ થાય છે. હદીષનો મતલબ એ છે કે જે

ગુલામને માલિકે આઝાદ કર્યો તો ગુલામના મૃત્યુ થવા પર જો માલિક જીવંત હોય તો તે વારસો લેશે, નહીં તો તેના અસ્બા બિનફ્સિહી વારસદારો વારસો લેશે. માલિકની પત્નીને વિલાના નથી મળતી. સ્ત્રી કેવળ પોતાના આઝાદ કરેલા ગુલામ અથવા એ ગુલામના આઝાદ કરેલા ગુલામનો જ વારસો પામશે. અસ્બતન્ વિલા ન પામશે કે પત્ની અસ્બા થતી જ નથી, વિલા બયતુલ માલને નથી મળ્યા કરતી.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૨૭)-૩૦૬૭ ★

عَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَا كَانَ مِنْ مِيرَاثٍ قُسِّمَ فِي الْجَاهِلِيَّةِ فَهُوَ عَلَى قِسْمَةِ الْجَاهِلِيَّةِ وَمَا كَانَ مِنْ مِيرَاثٍ أَدْرَكَهُ الْإِسْلَامُ فَهُوَ عَلَى قِسْمَةِ الْإِسْلَامِ» . رَوَاهُ ابْن مَاجَه

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે વારસો જાહિલિયતના જમાનામાં વહેંચવામાં આવી ચૂકેલ હોય તો તે જાહિલિયતની વહેંચણી પર જ રહેશે અને જે વારસાને ઈસ્લામે પામી લીધો તો ઈસ્લામની વહેંચણી મુજબ થશે[૧]. (ઈબ્ને માજહ)

★ કાફિર જોડુ મુસલમાન થાય તો ફરી નિકાહનો હુકમ નથી ★

૧. અને મતલબ તદ્દન સ્પષ્ટ છે કે જે કાફિરોએ પોતાના ધર્મ પ્રમાણે વારસાઓ વહેંચી લીધા હતા, તેઓ મુસલમાન થઈ ગયા અને એમનમાંથી એક મુસલમાન થઈ ગયું તો હવે એ વહેંચાયેલા માલને ફરી વહેંચવાનો હુકમ આપવામાં નહીં આવે. બલ્કે એ વહેંચણી યથાવત રાખવામાં આવશે. અથવા એ મતલબ છે કે વારસાના ઈસ્લામી હુકમો આવતા પહેલાં જે વારસા વહેંચાય ચૂક્યા છે, ભલે વહેંચણી મુસલમાને જ કરી હોય, તે ઈસ્લામી વારસાના ક઼ાનૂન આવવા પર તોડવામાં નહીં આવે, બલ્કે તે વહેંચણી યથાવત રાખવામાં આવશે. હા ! હવે એના પછી જે વહેંચણી થશે તે ઈસ્લામી ક઼ાનૂન પ્રમાણે થશે. જુઓ, આજે કાફિર જોડુ ઈસ્લામ લાવે તો તેમને ફરીવાર નિકાહ કરવાનો હુકમ નથી આપવામાં આવતો, કે તમારા કુફ્ના નિકાહ ઈસ્લામી ક઼ાનૂન પ્રમાણે ન થયા હતા જેથી હવે ફરી ઈજાબ તથા કુબૂલ કરો, બલ્કે એ યથાવત રાખવામાં આવે છે, એવો જ આ હુકમ છે.

★ હદીષ : (૨૮)-૩૦૬૮ ★

وَعَنْ مُحَمَّدِ بْنِ أَبِي بَكْرِ بْنِ حَزْمٍ أَنَّهُ سَمِعَ أَبَاهُ كَثِيرًا يَقُولُ: كَانَ عُمَرُ بْنُ الْخَطَّابِ يَقُولُ: عَجَبًا لِلْعَمَّةِ تُورَثُ وَلَا تَرِث. رَوَاهُ مَالك

''હઝરત મુહમ્મદ ઈબ્ને અબૂ બકર ઈબ્ને હઝ્મથી[૧] રિવાયત છે કે તેમણે તેમના પિતાને બહુ વખતે એવું કહેતાં સાંભળ્યા કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ફર્માવતા હતા, આશ્ચર્ય છે ફોઈ પર કે વારસ તો કરી દે છે પણ ખુદ વારસ નથી થતી[૨].'' (માલિક)

૧. મુહમ્મદ તબેઅ તાબઈનથી છે. તેમના પિતા અબૂ બક્ર ઈબ્ને હઝ્મ તાબઈનથી છે. (અશિઅ્તુલ લમ્આ્ત)

૨. એટલે કે ક઼ાયસની રૂએ ક્યાં તો ફોઈ પણ ભત્રીજાનો વારસો અસ્બતન્ પામતી અથવા ભત્રીજો પણ ફોઈનો વારસદાર ન થાત, બલ્કે ઝી રહમ હોત. પણ શરીઅતના હુકમ આગળ માથુ ઝુકેલુ છે. ભત્રીજો ફોઈનો અસ્બા છે પણ (ફોઈ) ભત્રીજાની ઝી રહમ છે. યાદ રાખશો કે ભત્રીજા તો અસ્બા છે પણ ભત્રીજી ઝી રહમ છે, અને અહીં વારસાથી મુરાદ અસ્બતન્ છે, નહીં તો ફોઈ પણ ભત્રીજાની ઝી રહમ વારસદાર તો છે. આ હદીષથી એ લોકોએ

દલીલ પકડી છે જેઓ ઝી રહમ ને વારસ નથી માનતા. એ હઝરાત આ વાક્યનો અર્થ એ કરે છે કે ફોઈ તદ્દન વારસ નથી હોતી, કેમ કે તે ઝી રહમ છે, પણ એ જ મતલબ મજબૂત છે જે હમણા વર્ણવવામાં આવ્યો.

''હઝરત ઉમરથી રિવાયત છે. ફર્માવે છે, ઈલ્મે ફરાઈઝ (વારસાનો ઈલ્મ) શીખો. હઝરત ઈબ્ને મસ્ઊદે એટલો વધારો કર્યો કે તલાક઼ તથા હજ્જ પણ XLBMPV[A'GU[ODFI}4V[TDFZFNLGYLK[. *'' (દારમી)*

★ હદીષ : (૨૯)-૩૦૬૯ ★

وَعَنْ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: تَعَلَّمُوا الْفَرَائِضَ وَزَادَ ابْنُ مَسْعُودٍ: وَالطَّلَاقَ وَالْحَجَّ قَالَا: فَإِنَّهُ من دينكُمْ. رَوَاهُ الدَّارِمِيّ

૧. એટલે વારસાનો ઈલ્મ, હજ્જ તથા તલાક઼ના મસાઈલ મહત્વના દીની મસાઈલ છે, તેમને શીખો અને શીખવાડો. **આજે ઈલ્મે ફરાઈઝ (વારસાનો ઈલ્મ) જાણનાર ઉલમા થોડા રહી ગયા છે, અને હવે તો મુસલમાનોને ફરાઈઝ (વારસાના બારામાં) ફેરફાર પણ સુઝયો છે. કોશિશ કરી રહ્યા છે કે કાકાની મૌજૂદગીમાં દાદાના વારસાથી પૌત્રને અપાવવામાં આવે, અને ન જાણે શું થવાનું છે ! પણ ઈન્શા અલ્લાહ ! દીન બદલનારા ખુદ નષ્ટ થઈ જશે પણ દીન બદલવામાં નહીં આવે.** મરવાન ઈબ્ને હકમે ઈદનો ખુત્બો ઈદની નમાઝથી પહેલાં પઢયો પણ તે નષ્ટ થઈ ગયો જ્યારે ખુત્બો નમાઝ બાદ જ રહ્યો. અલ્લાહ પોતાના દીનનો મુહાફિઝ છે.

બાબુલ વસાયા[૧] باب الوصايا
(વસિયતો વિશે પ્રકરણ)

(વિભાગ : ૧) الفصل الاول

૧. وصايا નું બહુવચન છે, જેમ કે خطايا નું خطيت. શબ્દકોશમાં વસિયતનો અર્થ છે અહદ (વાયદો, ક઼રાર) પણ ઈસ્તેલાહમાં એ વાયદા તથા ક઼રારને કહે છે જેનો સંબંધ મૌતના પછીથી હોય. ઈસ્લામના શરૂમાં માલદારે વસિયત કરવી ફર્ઝ હતી કે એ જમાનામાં વસિયતથી જ છોડેલો માલ વહેંચાતો હતો પરંતુ વારસાના એહકામ આવતાં એ હુકમ મન્સૂખ થઈ ગયો. મુસ્તહબ હોવું આજે પણ બાકી છે. એ યાદ રાખશો કે વારસને વસિયત જાઈઝ નથી, જેને વારસાથી એક પાઈ (પૈસો) મળશે એના માટે વસિયત નથી થઈ શકતી, અને જો કરી છે તો વિશ્વસનીય નથી. કુર્આન શરીફમાં તાકીદી હુકમોને પણ વસિયત કહેવામાં આવેલ છે. રબ તઆલા ફર્માવે છે : وَلَقَدْ وَصَّيْنَا الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ (અને તાકીદ કરી આપી છે અમને તેમને જેઓને તમારા પહેલા કિતાબ આપવામાં આવી. સૂરએ નિસા, ૪(૧૩૧) અને ફર્માવે છે : وَوَصّٰى بِهَآ اِبْرٰهٖمُ بَنِيْهِ (અને એ જ દિવસની વસિયત કરી ઈબ્રાહીમે પોતાના પુત્રોને. સૂરએ બક઼રહ, ૨/૧૩૨)

★ હદીષ : (૧)-૩૦૭૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا حَقُّ امْرِئٍ مُسْلِمٍ لَهُ شَيْءٌ يُوصَى فِيهِ يَبِيتُ لَيْلَتَيْنِ إِلَّا وَوَصِيَّةٌ مَكْتُوبَةٌ عِنْدَه»

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે મુસલમાનની પાસે કોઈ ચીજ વસિયતના લાયક હોય[૧] તેને એ યોગ્ય નથી કે બે રાતો પણ તેના વિના ગુજારે કે એની પાસે એની વસિયત લખેલી હોય[૨].''

(મુસ્લિમ, બુખારી)

૧. يوصى મઅરૂફ પણ હોય શકે છે મજહૂલ પણ. શયખે મજહૂલ પઢેલ છે અને મિર્ક઼ાતે બંનેવ રીતે. વસિયતના લાયકની શર્ત એટલા માટે લગાડી કે જે માલની વસિયત જ નથી થઈ શકતી તેનો આ હુકમ નથી. વારસાને પાત્ર માલની વસિયત થઈ છે, બીજાની નહીં. કરજ, અમાનત, વક્ફ માલોમાં વારસો લાગુ નથી થતો જેથી એની વસિયત પણ નથી થતી. નબીનો માલ વારસાને પાત્ર નથી તો વસિયતને પાત્ર પણ નથી. જે લોકો હઝરત અલી رضی اللہ عنہ ને વસી રસૂલ માને છે એ અર્થમાં હુઝૂરે અન્વર ﷺ એ આપને પોતાના માલ અથવા ખિલાફતની વસિયત કરી, તેઓ ખૂબ જ નાદાન છે. દરેક મુસલમાન વસી રસૂલ છે. સરકાર ﷺ એ દરેક શખ્સને તક઼વો તથા પરહેઝગારીની વસિયત કરી છે. ફર્માવ્યું : اُوْصِيْكُمْ بِتَقْوَى اللّٰهِ (હું તમને અલ્લાહથી ડરવાની વસિયત કરું છું.)

૨. જો આ હુકમ વજૂબી (વાજિબ રૂપે) છે તો હજી પણ બાકી છે. ખરેખર જે વસિયત કરવા ચાહે વસિયત વિના એક રાત પણ પસાર ન કરે, કોને ખબર મૌત ક્યાં અને ક્યારે આવે ? તેમજ વસિયત લખીને કરે, બલ્કે આજકાલ તો રજીસ્ટ્રેશન કરાવી દે કેમ કે મૌખિક વસિયત બદલાય જાય છે. હા ! કરજની અદાયગી તથા અમાનતની અદાયગીની વસિયત આજે પણ વાજિબ છે, જ્યારે કે એ કરજો તથા અમાનતોની કોઈને ખબર ન હોય.

★ હદીષ : (૨)-૩૦૭૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ قَالَ: مَرِضْتُ عَامَ الْفَتْحِ مَرَضًا أَشْفَيْتُ عَلَى الْمَوْتِ فَأَتَانِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَعُودُنِي فَقُلْتُ: يَا رَسُولَ اللَّهِ: إِنَّ لِي مَالًا كَثِيرًا وَلَيْسَ يَرِثُنِي إِلَّا ابْنَتِي أَفَأُوصِي بِمَالِي كُلِّهِ؟ قَالَ: «لَا» قُلْتُ: فَثُلُثَيْ مَالِي؟ قَالَ: «لَا» قُلْتُ: فَالشَّطْرُ؟ قَالَ: «لَا» قُلْتُ: فَالثُّلُثُ؟ قَالَ: «الثُّلُثُ وَالثُّلُثُ كَثِيرٌ إِنَّكَ إِنْ تَذَرْ وَرَثَتَكَ أَغْنِيَاءَ خَيْرٌ مِنْ أَنْ تَذَرَهُمْ عَالَةً يَتَكَفَّفُونَ النَّاسَ وَإِنَّكَ لَنْ تُنْفِقَ نَفَقَةً تَبْتَغِي بِهَا وَجْهَ اللَّهِ إِلَّا أُجِرْتَ بِهَا حَتَّى اللُّقْمَةَ تَرْفَعُهَا إِلَى فِي امْرَأَتِكَ»

"હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ થી ફર્માવે છે, હું ફતહના વરસે એવો બીમાર પડયો કે મૌતની નજીક થઈ ગયો. રસૂલુલ્લાહ ﷺ બીમારપુર્સી કરવા તશરીફ લાવ્યા[૧] મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ મારી પાસે માલ ઘણો છે અને મારી પુત્રી સિવાય મારો કોઈ વારસ નથી[૨] તો શું હું મારા પૂરા માલની વસિયત કરી જઉં ?[૩] ફર્માવ્યું, નહીં ! મેં અર્ઝ કરી ૨/૩ માલની ? ફર્માવ્યું, નહીં ! મેં અર્ઝ કરી, શું ૧/૩ (ત્રીજા ભાગ)ની ? ફર્માવ્યું, ત્રીજા ભાગની કરો. અને ત્રીજો ભાગ પણ વધુ છે[૪] જો તમે તમારા વારસોને માલદાર બનાવીને છોડો તો એના કરતાં સારું છે કે તમે તેમને ગરીબ બનાવીને છોડો[૫] કે લોકોથી માગતા ફરે[૬] અને તમે કોઈ ખર્ચો એવો નહીં કરો જેનાથી અલ્લાહની રઝા ચાહો પણ તેમને એના પર સવાબ આપવામાં આવશે, ત્યાં સુધી કે તે કોળિયો જેને તમે તમારી પત્નીના મોમાં આપો[૭]." (મુસ્લિમ, બુખારી)

૧. હુઝૂરે અન્વર ﷺ દરેક બીમારની બીમારપુર્સી કરતા (ખબર અંતર લેતા) હતા. એના અનુસંધાનમાં આપની પાસે પણ તશરીફ લઈ ગયા. اَشْفَيْتُ شِفَاءٌ થી બન્યું, અર્થ : કિનારો. રબ તઆલા ફર્માવે છે : وَكُنْتُمْ عَلٰى شَفَا حُفْرَةٍ مِّنَ النَّارِ (અને તમે એક દોઝખની ગુફાના કિનારે હતા તો તેણે તમને તેનાથી બચાવ્યા. સૂરએ આલે ઈમરાન, ૩/૧૦૩) એનો ઉપયોગ મોટાભાગે મુસીબત તથા તકલીફના મોકા પર થાય છે. اَشْفَيْتُનો અર્થ થયો, હું મૌતના કિનાર પર પહોંચી ગયો.

૨. અહીં વારસથી મુરાદ ઝી ફર્ઝ વારસ છે. એટલે કે મારી પુત્રી સિવાય અન્ય કોઈ ઝી ફર્ઝ વારસદાર નથી અસ્બા વારસ ઘણા છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે વારસદારથી મુરાદ કમજોર વારસ છે જેના નષ્ટ થવાનો અંદેશો હોય, કેમ કે આપના ઝી ફર્ઝ વારસ પણ કેટલાય હતા. (મિર્કાત, અશિઅ્હ)

૩. કે બધો માલ ફકીરો તથા મિસ્કીનોમાં વહેંચી દેવામાં આવે અથવા કોઈ ભલાઈના કામમાં લગાડી દેવામાં આવે. પુત્રી વગેરે કોઈ વારસને કાંઈ ન મળે. કેમ કે એ સૌ અલ્લાહના હુકમથી માલદાર છે.

૪. પ્રથમ اَلثُّلُثُ ક્યાં તો મન્સૂબ છે અથવા મરફૂઅ છે કે તે ક્યાં તો ફાઈલ (કર્તા) છે અથવા મુબ્તદા છે જેનો ફેઅલ અથવા ખબર મહઝૂફ છે અથવા મફઊલ છે. અને બીજો اَلثُّلُثُ મરફૂઅ જ છે કે તે મુબ્તદા છે જેની ખબર કષીર. આ હદીષથી જાણવા મળ્યું કે **મરનાર મરતી વખતે કેવળ ૧/૩ની વસિયત કરી શકે છે, વધારેની નહીં. અને જો વધારેની કરી પણ ગયો તો લાગુ થશે નહીં.** એ પણ જાણવા મળ્યું કે ૧/૩થી પણ ઓછાની વસિયત કરવી બેહતર છે કેમ કે **હુઝૂરે અનવર ﷺએ ત્રીજા ભાગને પણ વધારે કહ્યો.**

૫. એનાથી જણાય રહ્યું છે કે હઝરત સઅદના ઘણા વારસો હતા, ઝી ફર્ઝ કેવળ પુત્રી હતી અને અમુક વારસદારો ગરીબો પણ હતા, માલાદાર ન હતા. એ પણ જણાય રહ્યું છે કે પોતાનાં સગાઓ સાથે વર્તવું એ ગૈરો સાથે વર્તવા કરતાં અફઝલ છે, કેમ કે વસિયતમાં ગૈરો સાથે વર્તવાનું છે પણ વારસામાં પોતાનાં સાથે વર્તવાનું છે. યાદ રાખશો કે إِنْ تذر માં إِنْ શર્તી છે અને ખબરથી પહેલાં فهو છુપુ છે. خير આ فهو ની ખબર છે.

૬. એનાથી જણાય રહ્યું છે કે પોતાના મૃત્યુ બાદ વારસોનું ભીખ માગતા ફરવું પોતાની બેઈજ્જતીનો સબબ છે અને કબ્રમાં રૂહાની તકલીફનો પણ ઝરીયો છે.

૭. એટલે તમે વસિયત શા માટે કરો છો, સવાબ પ્રાપ્તિ માટે. અને વારસો જે વારસદારોને પહોંચશે તેમાં જો તમે રઝાએ ઈલાહીની નિય્યત કરી લો, કેમ કે પોતાના સગાંઓને પોતાનો માલ પહોંચવું એ રબની રઝાનો ઝરીયો છે, તો પણ તમને સવાબ મળશે, બલ્કે વધારે મળશે. જેથી વસિયત ૧/૩થી પણ ઓછાની કરો. આ હદીષથી ઘણા **મસાઈલ** જાણવા મળ્યા : **(૧)** માલ જમા કરવો દુરુસ્ત છે અને મરતા સમય સુધી તેને પાસે રાખવો મુબાહ છે. **(૨)** ૧/૩ માલથી વધારેની વસિયત લાગુ નથી થતી. **(૩)** અલ્લાહની રાહમાં ખર્ચ કરવો સવાબનો સબબ છે. **(૪)** જ્યારે મુબાહમાં ભલાઈની નિય્યત કરી લેવામાં આવે તો મુસ્તહબ બની જાય છે. **(૫)** મો'મિનની નિય્યત અમલ કરતાં અફઝલ છે. જુઓ, પત્નીને મોંમાં કોળિયો આપવો ખુશી તથા મહોબ્બતના સમયે હોય છે, જેમાં ઈબાદતની સંભાવના પણ નથી, છતાં એના પર પણ રબનો વાયદો છે કે પોતાના વારસોથી અદ્દલો ઈન્સાફ કરવો જરૂરી છે. (મિર્કાત)

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (3)-3072 ★

عَن سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ قَالَ: عَادَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَنَا مَرِيضٌ فَقَالَ: «أَوْصَيْتَ؟» قُلْتُ: نَعَمْ قَالَ: «بِكَمْ؟» قُلْتُ: بِمَالِي كُلِّهِ فِي سَبِيلِ اللَّهِ. قَالَ: «فَمَا تَرَكْتَ لِوَلَدِكَ؟» قُلْتُ: هُمْ أَغْنِيَاءُ بِخَيْرٍ. فَقَالَ: «أوص بالعشر» فَمَا زَالَت أُنَاقِصُهُ حَتَّى قَالَ: «أَوْصِ بِالثُّلُثِ وَالثُّلُثُ كَثِيرٌ» . رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ મારી બીમારપુર્સી કરી જ્યારે કે હું બીમાર હતો. ફર્માવ્યું, તમે કાંઈ વસિયત કરી આપી છે ? મેં અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, કેટલાની ?[૧] મેં અર્ઝ કરી, મારા સઘળા માલની અલ્લાહની રાહમાં[૨]. ફર્માવ્યું, તેં તારી ઔલાદ માટે શું છોડયું ? મેં અર્ઝ કરી, તેઓ માલથી ઘણા ગની છે[૩]. ત્યારે ફર્માવ્યું, દસમા હિસ્સાની વસિયત કરો[૪]. હું ઓછું કરાવતો રહ્યો[૫] ત્યાં સુધી કે ફર્માવ્યું, ત્રીજા ભાગની વસિયત કરો, અને ત્રીજો ભાગ પણ વધારે છે[૬].'' (તિર્મિઝી)

૧. જાણવા મળે છે કે બીમારી સખત હતી એટલા માટે તેમને વસિયતનો સવાલ કરવામાં આવ્યો. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺ ને ખબર હતી કે હઝરત સઅદની વફાત આ બીમારીમાં નથી, જેમ કે અન્ય રિવાયતોમાં આવે છે કે આપે ફર્માવ્યું, તમે હજી જીવશો અને તમારાથી કેટલાક લાભ પામશે કેટલાક નુકસાન પામશે.

૨. અલ્લાહની રાહથી મુરાદ સર્વ ભલાઈના કામો છે. ફકીરો મિસ્કીનો પર ખર્ચ, મસ્જિદ, મુસાફરખાનાનું બાંધકામ વગેરે.

૩. ولد થી મુરાદ પુત્રી છે કે આપને કેવળ એક પુત્રી જ હતી. ولد મુત્લક़્ન્ ઔલાદ પર બોલવામાં આવે છે, પુત્ર હોય કે પુત્રી હોય, પણ ઈબ્ને સરફ પુત્રને કહે છે. આપનું اغنياء هم ફર્માવવું અસ્બા વારસોને સામેલ કરીને છે અને اغنياء ફર્માવવું તગ્લીઝન્ છે કે અમુક તેમનામાં ગની (માલદાર) હતા અને અમુક ગરીબો. જેમ કે અગાઉ વર્ણવેલી હદીષથી માલૂમ થઈ ચૂક્યું છે.

★ ત્રીજા ભાગથી વધારેની વસિયત લાગુ ન થશે ★

૪. એનાથી જાણવા મળ્યું કે ૧/૩ (ત્રીજા ભાગ)થી વધારાની વસિયત લાગુ થશે નહીં. જુઓ, હઝરત સઅદે કુલ માલની વસિયત કરી આપી પણ લાગુ ન થઈ. ઈમામે આ'ઝમ તથા ઈસ્હાક़ તથા અહમદ رضوان الله تعالىٰ عليهم اجمعين ફર્માવે છે કે જેનો કોઈ વારસ ન હોય તો કુલ માલની વસિયત કરી શકે છે અને તેની વસિયત લાગુ પણ થશે, કેમ કે એ કુલ વસિયતનું લાગુ ન થવુ વારસોના હક્ક़ના કારણે છે, જ્યારે તેઓ મૌજૂદ જ નથી તો હવે કઈ ચીજ આડરૂપ છે ?!

૫. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં انا قضهٔ નુક્તાવાળી દુવાદથી છે, અર્થ : જવાબમાં અર્ઝ કરતો રહ્યો. પણ આમ નુસ્ખાઓમાં انا قضهٔ સાદ મહમલાથી છે અર્થ છે કે હું એ વસિયતને ઓછી સમજતો રહ્યો અને વધુ વસિયતની ઈજાઝત ચાહતો રહ્યો. (મિર્ક़ાત) અથવા એ અર્થ છે કે વારસાને ઓછો કરાવતો રહ્યો, વારસો ઓછો થશે તો વસિયત વધારે થશે.

૬. એટલે તમારી પ્રથમ વસિયત તો તદ્દન બાતિલ થઈ ચૂકી છે, હવે નવેસરથી વસિયત કરો જે ૧/૩થી વધુ ન હોય. અથવા એ મતલબ છે કે પોતાની પ્રથમ વસિયતને ખુદ બાતિલ કરી દો અને હવે નવી વસિયત કરો. યાદ રાખશો કે વસિયત કરનાર પોતાની વસિયત બાતિલ (રદ) પણ કરી શકે છે, એમાં ફેરફાર પણ કરી શકે છે, કેમ કે વસિયત એક પ્રકારનો તોહફો છે અને તોહફામાં તબદીલી અથવા રદ કરવું કબજા પહેલાં જાઈઝ છે.

★ હદીષ : (૪)-૩૦૭૩ ★

وَعَنْ أَبِي أُمَامَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ فِي خُطْبَتِهِ عَامَ حَجَّةِ الْوَدَاعِ: «إِنَّ اللَّهَ قَدْ أَعْطَى كُلَّ ذِي حَقٍّ حَقَّهُ فَلَا وَصِيَّةَ لِوَارِثٍ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَزَادَ التِّرْمِذِيُّ: «الْوَلَدُ لِلْفِرَاشِ وَلِلْعَاهِرِ الْحَجَرُ وَحِسَابُهُمْ عَلَى اللَّهِ»

★ હદીષ : (૫)-૩૦૭૪ ★

وَيُرْوَى عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا وَصِيَّةَ لِوَارِثٍ إِلَّا أَنْ يَشَاءَ الْوَرَثَةُ» مُنْقَطِعٌ هَذَا لَفْظُ الْمَصَابِيحِ. وَفِي رِوَايَةِ الدَّارَقُطْنِيِّ: قَالَ: «لَا تَجُوزُ وَصِيَّةٌ لِوَارِثٍ إِلَّا أَنْ يَشَاءَ الْوَرَثَةُ»

"હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને પોતાના ખુત્બામાં હજ્જતુલ વિદાઅના વરસે ફર્માવતાં સાંભળ્યા[૧] કે, અલ્લાહે દરેક હક્ક़દારને હક્ક़ આપ્યો છે, જેથી વારસના માટે વસિયત નથી[૨]." (અબૂ દાઉદ, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ એ વધાર્યું કે બાળક બિસ્તરવાળાનું છે અને ઝનાની માટે પથ્થર છે[૩]. તેમનો હિસાબ અલ્લાહનો જિમ્મો છે[૪]."

અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهما થી, તે નબી કરીમ ﷺથી આ પ્રમાણે રિવાયત કરે છે કે ફર્માવ્યું, વારસના માટે વસિયત નથી પણ એ કે વારસ રાજી હોય, એ મુન્ક़તઅ છે[૫] આ મસાબીહના શબ્દો છે. અને દારકુત્નીની રિવાયતમાં છે કે ફર્માવ્યું વારસના માટે વસિયત જાઈઝ નથી પણ જ્યારે વારસદારો રાજી હોય[૬]."

૧. જાહેર એ છે કે આ ખુત્બાથી મુરાદ હજ્જનો ખુત્બો છે જે આપે અરફાતમાં આપ્યો, અને બની શકે છે કે કોઈ અન્ય ખુત્બો મુરાદ હોય.

★ જેને એક પાઈ વારસો મળે તેના માટે વસિયત નથી થઈ શકતી ★

૨. વારસાની આયતો આવતાં પહેલાં સગાંઓ માટે વસિયત કરવી કુર્આનની રૂએ ફર્ઝ હતી, કે રબ ફર્માવે છે : كُتِبَ عَلَيْكُمْ اِذَا حَضَرَ اَحَدَكُمُ الْمَوْتُ اِنْ تَرَكَ خَيْرَا ۖ اِلْوَصِيَّةُ لِلْوَالِدَيْنِ وَ الْاَقْرَبِيْنَ (તમારા પર ફર્ઝ થયું કે જ્યારે તમારામાં કોઈને મૌત આવે, જો કાંઈ માલ છોડે તો વસિયત કરી જાય પોતાનાં મા બાપ અને નજીકનાં સગાંઓ માટે." –સૂરએ બકરહ, ૨/૧૮૦) **વારસાની આયતોથી આ ફર્ઝિયત મન્સૂખ થઈ ગઈ, પણ વસિયત જાઈઝ હોવાનું નસ્ખ (રદ થવું) આ હદીષથી થયું કે હવે જેને એક પાઈ વારસો મળે તેના માટે વસિયત નથી થઈ શકતી.** જાણવા મળ્યું કે કુર્આનનો નસ્ખ હદીષથી જાઈઝ છે બલ્કે લાગુ થયેલ છે.

૩. પત્ની તથા લોંડીને ફર્રાશ (ફર્શ બિછાવનાર) કહેવામાં આવે છે, કેમ કે તેને પોતાના પતિ તથા મૌલા (માલિક)ના બિસ્તર પર સૂવાનો હક્ક છે. મતલબ એ છે કે જો કોઈની લોંડી અથવા પત્નીના બાળકના વિશે કોઈ અજનબી શખ્સ કહે છે કે આ બાળક મારું છે તો તેની વાત માનવામાં નહીં આવે, બાળક તે સ્ત્રીના પતિ અથવા માલિકનું થશે. હા ! એ કહેનારાને ઝિનાની સજા આપવામાં આવશે કે તેણે ઝિનાનો ઈકરાર કરી લીધો. હજરથી મુરાદ રજ્મ (સંગસારી) છે. અને જો એ શખ્સ એ કૌલથી તૌબા કરી લે, તો પણ તેને હદ્દે કઝ્ફ (આક્ષેપની સજા) લાગશે, એટલે કે પાક દામન સ્ત્રીને તોહમત લગાડવાની સજા.

૪. આ વાક્યના કેટલાય અર્થો થઈ શકે છે : **એક** એ કે જો તેણે ઝિનાનો જૂઠો ઈકરાર કર્યો છે અને આપણે સજા આપી દીધી તો આપણે મુજરિમ નથી. **બીજુ** એ કે ઝિનાની સજા આપ્યા બાદ પણ ઝાનીની બખ્શિશ યકીની નથી, રબ ચાહે તો માફ કરે. **ત્રીજુ** એ કે જે ગુનાહોની શરીઅતમાં સજા નથી તેનો હિસાબ અલ્લાહને ત્યાં છે. (મિર્કાત, લમ્આત)

૫. મુન્કતઅ તે રિવાયત છે જેમાં તાબઈથી પહેલાં કોઈ રાવી રહી ગયો હોય, અથવા રાવીનું નામ વર્ણવેલ ન હોય, બલ્કે رَجُلٌ અથવા شَيْخٌ કહી આપ્યું હોય, કેમ કે મજહૂલ એ મઅદૂમની જેમ છે. (મિર્કાત)

૬. એટલે કે **વારસના માટે વસિયત જાઈઝ ન હોવું અન્ય વારસોના હક્કના કારણે હતું, જો તેઓ જ એને જાઈઝ કરી આપે તો જાઈઝ છે.** આ જ મસ્અલો તમામ ઈમામોને ત્યાં છે, જો કે તેની એક અસ્નાદ મુન્કતઅ (કટ થયેલી) છે, પણ કેમ કે અન્ય અસ્નાદો મુત્તસિલ (જોડાયેલી) પણ છે, એટલા માટે આ હદીષ સહીહ છે.

★ હદીષ : (૬)-૩૦૭૫ ★	*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી. હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું કે એક સ્ત્રી તથા પુરૂષ ૬૦ વરસ અલ્લાહની ઈતાઅત (આજ્ઞાપાલન)નાં કામ કરતાં રહ્યાં છે. પછી તેમને મૌત આવે છે[૧] તો વસિયતમાં કોઈને નુકસાન પહોંચાડી જાય છે[૨] તેમના માટે આગ વાજિબ થઈ જાય*
وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ الرَّجُلَ لَيَعْمَلُ وَالْمَرْأَةَ بِطَاعَةِ اللَّهِ سِتِّينَ سَنَةً ثُمَّ يَحْضُرُهُمَا الْمَوْتُ فَيُضَارَّانِ فِي الْوَصِيَّةِ فَتَجِبُ لَهُمَا النَّارُ» ثُمَّ قَرَأَ أَبُو هُرَيْرَةَ(مِنْ بَعْدِ وَصِيَّةٍ يُوصَى بِهَا أَوْ دَيْنٍ	

غير مضار)إِلَى قَوْلِه(وَذَلِكَ الْفَوْز الْعَظِيم)رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

છે[૩] પછી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ આ આયત તિલાવત કરી : કરજ અદા કર્યા બાદ વસિયત જે તે કરી ગયો છે જ્યારે કે કોઈને ન નુકસાન આપ્યું હોય, બારી તઆલાના ફર્માન સુધી એ મોટી કામયાબી છે[૪]." (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. અહીં સાઈઠ વરસથી મુરાદ મોટી મુદ્દત છે, ચાહે એનાથી વધુ હોય કે ઓછી, સાઈઠ તહદીદના માટે (હદ બંધી માટે નથી પણ અધિક્તા દર્શાવવા) બલ્કે તકષીરના માટે છે. અને મૌત આવવાથી મુરાદ મૌતની નિશાનીઓ જાહેર થવું છે, નહીં તો ખાસ મૌત આવી જવા પર બોલવું મુશ્કેલ થઈ જાય છે.

★ વસિયતમાં નુકસાન પહોંચાડી જનાર પર આગ વાજિબ ★

૨. વસિયત કરવી અથવા વસિયતમાં નુકસાન પહોંચાડવું કેવું ?! વસિયતમાં નુકસાન પહોંચાડવાની બે સ્થિતિઓ છે : **એક** એ કે પોતાના વારસોને નુકસાન પહોંચાડવાની નિય્યતથી વસિયત કરી જાય કે જેથી ૧/૩ માલ વસિયતમાં નીકળી જાય જેથી વારસોના હિસ્સા ઓછા થઈ જાય. **બીજુ** એ કે નાલાયક તથા બુરા લોકોને વસિયત કરી જાય, પોતાનો ૧/૩ માલ કોઈ બદમાશને આપી જાય, જેથી તે વારસદારો સાથે રહીને તેમને તંગ કરે. **ત્રીજુ** એ કે પહેલાં વસિયત કરી હતી, પછી મરતી વખતે વસિયત પાછી લે અથવા તેમાં કાંઈ ફેરફાર કરે જેથી વસિયતવાળાને નુકસાન થાય. સારાંશ કે الوصية ની ق ક્યાં તો "બે"ના અર્થમાં છે અથવા પોતાના જ અર્થમાં છે.

૩. એટલે દોઝખનો હક્કદાર થઈ જાય છે. રહ્યું દોઝખમાં જવું, એ રબ તઆલાની મરજી પર છે. અહીં વજૂબ ઈસ્તિહ્ક़ાક़નો છે ન કે દખૂલનો. (મિર્ક़ાત)

૪. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ એમાં જે શબ્દ غير مضار છે તેનાથી દલીલ પકડી. અહીં આયતમાં مضار ઈસ્મે ફાઈલ છે, એટલે મરનારે વસિયતમાં કોઈને નુકસાન ન પહોંચાડયું હોય.

(વિભાગ : 3) الفصل الثالث

સારી વસિયત પર મરનાર દીનના રસ્તે...

★ હદીષ : (૭)-૩૦૭૬ ★

عَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ مَاتَ عَلَى وَصِيَّةٍ مَاتَ عَلَى سَبِيلٍ وَسُنَّةٍ وَمَاتَ عَلَى تُقًى وَشَهَادَةٍ وَمَاتَ مَغْفُورًا لَهُ» . رَوَاهُ ابْنُ مَاجَهْ

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે સારી વસિયત પર મર્યો[૧] તે દીનના રસ્તે અને સુન્નત પર મર્યો, અને તક़્વા તથા શહાદતની મૌત મર્યો અને બખ્શાયેલો મર્યો[૨]." (ઈબ્ને માજહ)

૧. એ રીતે કે મરતી વખતે પોતાના માલનો અમુક હિસ્સો ફક़ીરો (ગરીબો) પર અથવા કોઈ ભલા કાર્યમાં લગાડવાની વસિયત કરી ગયો, અથવા કોઈ દીની સંસ્થામાં લગાડવાની વસિયત કરી ગયો.

૨. سبيل થી મુરાદ રઝાએ ઈલાહીનો રસ્તો છે, અને સુન્નતથી મુરાદ સારો તરીક़ો છે અથવા સુન્નતે રસૂલ ﷺ છે, કે હુઝૂરે અન્વર ﷺ નો માલ વફાત બાદ રાહે ખુદામાં ખર્ચ થયો, અને હુઝૂરે અન્વર ﷺ એ પોતાના

માલની વસિયત ન કરી. પહેલાં કહી આપ્યું હતું કે અમારો માલ વફાત બાદ સદકો છે. આ હદીષથી જાણવા મળ્યું કે અમુક નેક અમલ જાહેરી રીતે અતિ મામૂલી છે પણ તેનો સવાબ ઘણો જ વધારો હોય છે. જુઓ, મૃત્યુ બાદ માલ ખુદાની રાહમાં ખર્ચ કરવો મામૂલી કામ છે, કેમ કે તે માણસ હવે માલથી બેનિયાઝ થઈ ચૂક્યો, પણ તેના પર પણ આટલો સવાબ મળ્યો, આવા દરજાને પાત્ર થયો. એટલા માટે સૂફીઓ ફર્માવે છે કે **મામૂલી નેકીને પણ હલકી ન જાણો, ક્યારેક એક ઘૂંટડો પાણી જાન બચાવી લે છે. અને મામૂલી ગુનોહ કરી ન લો કે ક્યારેક નાની ચિન્ગારી ઘર સળગાવી દે છે.** યાદ રાખશો કે અહીં શહાદતથી મુરાદ હુકમી શહાદત છે.

★ હદીષ : (૮)-૩૦૭૭ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ الْعَاصَ بْنَ وَائِلٍ أَوْصَى أَنْ يُعْتَقَ عَنْهُ مِائَةُ رَقَبَةٍ فَأَعْتَقَ ابْنُهُ هِشَامٌ خَمْسِينَ رَقَبَةً فَأَرَادَ ابْنُهُ عَمْرٌو أَنْ يُعْتِقَ عَنهُ الْخمسين الْبَاقِيَة فَقَالَ: حَتَّى أَسْأَلَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَتَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِنَّ أَبِي أَوْصَى أَنْ يُعْتَقَ عَنْهُ مِائَةُ رَقَبَةٍ وَإِنَّ هِشَامًا أَعْتَقَ عَنْهُ خَمْسِينَ وَبَقِيَتْ عَلَيْهِ خَمْسُونَ رَقَبَةً أَفَأَعْتِقُ عَنْهُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّه لَو كَانَ مُسلما فأعتقتم عَنْهُ أَوْ تَصَدَّقْتُمْ عَنْهُ أَوْ حَجَجْتُمْ عَنْهُ بلغه ذَلِك»

. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના બાપથી, તે પોતાના દાદાથી રાવી કે આસ ઈબ્ને વાઈલે વસિયત કરી હતી કે તેના તરફથી સો ગુલામ આઝાદ કરી દેવામાં આવે[૧] તો તેના પુત્ર હિશામે પચાસ ગુલામ આઝાદ કરી આપ્યા[૨] પછી તેના પુત્ર અમ્રએ ચાહ્યું કે બાકીના પચાસ તેની તરફથી તે આઝાદ કરી આપે[૩] બોલ્યા, હું તો આઝાદ કરીશ નહીં, ત્યાં સુધી કે રસૂલુલ્લાહ ﷺ ને પૂછી લઉં[૪] જેથી તે નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયા. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા બાપે વસિયત કરી હતી કે તેની તરફથી સો ગુલામ આઝાદ કરી દેવામાં આવે. અને હિશામે તેના તરફથી પચાસ આઝાદ કરી આપ્યા છે અને એના પચાસ ગુલામ બાકી છે, તો શું એની તરફથી હું આઝાદ કરી દઉં?[૫] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જો તે મુસલમાન હોત પછી તમે તેના તરફથી આઝાદ કરત, એની તરફથી ખૈરાત અથવા હજ્જ કરતા, એ સર્વ કાંઈ એને પહોંચી જાત[૬]. (અબૂ દાઉદ)

૧. પહેલાં અર્ઝ કરવામાં આવી ચૂક્યુ છે કે અમ્ર ઈબ્ને શોએબના દાદા અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ છે તે પોતે જ પોતાનો બનાવ વર્ણન કરી રહ્યા છે કે મારા પિતા આસ ઈબ્ને વાઈલે મરતી વખતે સો ગુલામ લોંડીઓ V FhfN SZJFGLJI; I T SZLCTLPV F, . aG[JF. , SZXL; CDLK[PCh]Z[V gJZ ﷺનો જમાનો પામ્યો પણ ઈસ્લામ ન લાવ્યો. એના વિશે આ આયતે કરીમા નાઝિલ થઈ : إِنَّ شَانِئَكَ هُوَ الْأَبْتَرُ (બેશક ! તમારા દુશ્મન છે તે જ દરેક ભલાઈથી મેહરૂમ છે. સૂરએ કૌષર, ૧૦૮/૩) આપની બુરાઈ કરનાર અબ્તર એટલે બેઔલાદ છે કે અલ્લાહે તેની ઔલાદને ઈસ્લામની તૌફીક આપીને એને હુકમની રીતે બેઔલાદ (વાંઝિયો) કરી દીધો. તેની બધી જ ઔલાદ ઈમાન લઈ આવી.

૨. હિશામ કદીમુલ ઈસ્લામ (શરૂમાં જ ઈમાન લાવનાર) સહાબી છે. પ્રથમ હબ્શાની તરફ હિજરત કરી ગયા હતા. પછી હુઝૂરે અન્વર ﷺની ખબર સાંભળીને મક્કા મોઅઝ્ઝમા એ ખબર કાઢવા આવ્યા કે હુઝૂરે હિજરત

ક્યાં કરી છે, તો બાપે પકડી લીધા. પછી ગઝવએ ખંદક પછી મદીના મુનવ્વરા પહોંચ્યા. ઘણા જ ફકીહ આલિમ હતા. હિ.સ. ૧૩માં ગઝવએ યરમૂકમાં શહીદ થયા. (મિર્કાત) તેમણે હુઝૂરે અન્વર ﷺથી પૂછયા વિના પચાસ ગુલામ આઝાદ કરી આપ્યા, એવું સમજીને કે ઈસ્લામ માબાપ સાથે એહસાન કરવાથી મનાઈ નથી કરતો.

૩. હઝરત ઈબ્ને અમ્ર ઈબ્ને આસ પોતાના ભાઈ હિશામથી ઉમરમાં મોટા હતા. આપ હિ.સ. ૫ અથવા હિ.સ. ૮માં હઝરત ખાલિદ ઈબ્ને વલીદ અને ઉષ્માન ઈબ્ને તલ્હાના હાથે ઈમાન લાવ્યા. હુઝૂરે અન્વર ﷺએ આપને તમાનના હાકિમ બનાવ્યા. પછી હઝરત ઉમર رضی اللہ عنہ ના જમાનામાં આપે જ મિસ્ર ફતહ કર્યું. હઝરત ઉમર, ઉષ્માન, મુઆવિયા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના જમાનામાં આમિલ રહ્યા. અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ આપને પોતાના જમાનામાં જાગીર બખ્શી. આપ ત્યાં જ રહ્યા. હિ.સ. ૪૩માં ૯૯ વરસની વયે મિસરમાં જ વફાત પામ્યા. પછી તેમના પુત્ર અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર મિસરના હાકિમ રહ્યા જેમને બાદમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ હોદ્દા પરથી હટાવી કાઢયા.

૪. એટલે જો કે આસ મારો બાપ હતો પણ કાફિર હતો એટલા માટે એની વસિયત હુઝૂર ﷺથી પૂછીને પૂરી કરીશ. આ ઈજતેહાદથી હતું, પણ પહેલા ઈજતેહાદથી આ'લા, અથવા તો આપે પોતાના ભાઈ હિશામને આ ફર્માવ્યું અથવા દિલમાં વિચાર્યું.

૫. આ સવાલથી જાણવા મળ્યું કે નેકી પણ બુઝુર્ગોના મશ્વરા અને તેમની ઈજાઝતથી કરવી જોઈએ. જુઓ, ગુલામ આઝાદ કરવું ઈબ્ને આસને તો સવાબ મળવાનો જ હતો, પણ છતાંય હુઝૂરે અન્વર ﷺથી ઈજાઝત માગીને આઝાદ કરવા ચાહે છે. સૂફીઓની નજીક વિર્દ, વઝીફા શયખની ઈજાઝતથી કરવામાં આવે છે, કે ઈજાઝતની બરકતથી તેમાં શબ્દોની તાસીરની સાથોસાથ ઝબાનની તાસીર પણ જમા થઈ જાય છે. ગોળી બંદૂકની મદદથી મારવામાં આવે છે. તલ્વારની ધાર દુરુસ્ત વાર વિના કાપતી નથી.

★ કાફિર બાપ માટે ઈસાલે સવાબની મનાઈ ★

૬. પણ કેમ કે આસ કાફિર થઈને મર્યો એટલા માટે એને તમારી કોઈ નેકીનો સવાબ નથી પહોંચી શક્તો, ન તે અલ્લાહના અઝાબથી બચી શકે છે. આ ફર્માને આ્લીથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે **કાફિરને સવાબ બખ્શવો મના છે, કે હુઝૂરે અન્વર ﷺએ તેની ઈજાઝત ન આપી. બીજુ** એ કે જો તેને ઈસાલે સવાબ કરવામાં પણ આવે તો સવાબ પહોંચતો નથી. જ્યારે તેને પોતાની નેકીઓનો સવાબ નથી મળતો, તો બીજાઓની નેકીઓનો બખ્શેલો સવાબ ક્યાંથી મળશે. મરેલાને (મુદડાને) કોઈ દવા ફાયદો નથી પહોંચાડતી. **કાફિરને કોઈ દુઆ અઝાબથી નથી બચાવતી. ત્રીજુ** એ કે મુસલમાનોને દરેક પ્રકારની ઈબાદતનો સવાબ બખ્શવો જાઈઝ છે, અને તેમને પહોંચે પણ છે. જુઓ ગુલામ આઝાદ કરવું, સદકા તથા ખૈરાત, હજ્જ વગેરે વિવિધ પ્રકારની ઈબાદતો છે, પણ સૌના વિશે **હુઝૂરે અન્વર ﷺએ ફૅસલો કર્યો કે જો તે મુસલમાન હોત તો સવાબ પહોંચી જાત.** યાદ રાખશો કે કાફિરને અમુક નેકીઓના કારણે અઝાબ હલકો થઈ જાય છે પણ અઝાબથી છૂટકારો નથી થતો, ન તો જન્નતની કોઈ નેઅમતનો મુસ્તહિક બને છે. જુઓ હુઝૂરે અન્વર ﷺની ખિદમતના કારણે અબૂ તાલિબનો અઝાબ હલકો છે, વિલાદતે પાકની ખુશી મનાવવાના સબબે અબૂ લહબને સોમવારના રોજ અઝાબમાં ઘટાડો થાય છે. (બુખારી શરીફ) જેથી આ હદીષ એ હદીષોની વિરુદ્ધ નથી. આજે અમુક લોકો ઈસાલે સવાબના મુન્કિર છે, તેઓ આ હદીષો પર વિચારણા કરે.

વારસને વારસાથી વંચિત કરનાર જન્નતથી વંચિત

★ હદીષ : (૯/૧૦)-૩૦૭૮/૭૯ ★

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ قَطَعَ مِيرَاثَ وَارِثِهِ قَطَعَ اللّٰهُ مِيرَاثَهُ مِنَ الْجَنَّةِ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ ابْنُ مَاجَهْ

3079 -[10] وَرَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ***જે પોતાના વારસને તેના વારસાથી વંચિત કરે[૧] તો અલ્લાહ તેને ક્યામતના દિવસે જન્નતના વારસાથી વંચિત કરી દેશે[૨].''*** *(ઈબ્ને માજહ)*

અને બયહક્વીએ શોઅબુલ ઈમાનમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી.

૧. પોતાના વારસને વારસાથી વંચિત કરવાની ઘણી રીતો છે : કોઈને વસિયત કરવી જેથી વારસાનો હિસ્સો ઓછો થઈ જાય. કોઈના માટે કરજનો જૂઠો ઈકરાર કરી લેવો જેથી વારસનો હિસ્સો ઓછો થઈ જાય. પત્નીને તલાક આપી દેવી જેથી તેણી વારસ ન બની શકે. પોતાનો બધો જ માલ કોઈને આપી જવું જેથી વારસોને કાંઈ ન મળે. કોઈ વારસને ક્તલ કરાવી દેવો જેથી વારસો ન પામી શકે. અથવા પોતાના બાળકનો ઈન્કાર કરી દેવો કે આ બાળક મારો છે જ નથી, જેથી વારસો ન પામી શકે. પોતાની જિંદગીમાં સર્વ માલ બર્બાદ કરી દેવો કે જેથી વારસો માટે કાંઈ ન બચે વગેરે. અમુક પોતાના કોઈ પુત્રને ફરઝંદીના હક્કોથી વંચિત કરી દે છે અથવા કહી દે છે કે અમારા વારસામાંથી એને કાંઈ આપવામાં નહીં આવે. એ તદ્દન બેકાર છે. એનાથી તે વારસદાર વંચિત થશે નહીં. વારસાથી વંચિત કરનારી ચીજ મુસલમાન માટે કેવળ ત્રણ છે, ગુલામ હોવું, ક્તલ, ધર્મમાં અસંગતતા. એના સિવાય કોઈ અન્ય કારણે મેહરૂમી નથી થઈ શકતી. **૨.** જે ચીજ વિના ક્રરાર અને વગર મહેનતે મળે તેને વારસો કહી દે છે. અહીં એ જ મુરાદ છે. તેમજ દરેક જન્નતી જન્નતમાં પોતાનો હિસ્સો પણ લેશે અને કાફિરના જન્નતી હિસ્સા પર કબજો કરી લેશે. એ લેહાઝથી પણ તેને વારસો કહી દે છે. મતલબ એ છે કે રબ તઆલા એવા જાલિમને જન્નતથી વંચિત કરી દેશે. મેહરૂમીથી મુરાદ છે, પ્રથમ પ્રવેશવાથી મેહરૂમ કરી દેશે, નહીં તો દરેક મુસલમાન ચાહે કેટલોય ગુનેહગાર હશે છેવટે તો જન્નતમાં દાખલ થશે. જેવી રીતે તે શખ્સે પોતાના રાહ જોનારા વારસદારને મેહરૂમ કરી આપ્યો, એવી રીતે જન્નતનો ઈન્તેઝાર કર્યા બાદ જ્યારે ક્યામતમાં જન્નતનો સખત ઈન્તેઝાર હશે ત્યારે તેન વંચિત કરી દેવામાં આવશે. સારાંશ એ જુર્મ બદ્તરીન છે. રબ તઆલા જુલ્મથી બચવાની તૌફીક આપે.

وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهٖ وَصَحْبِهٖ وَسَلَّمَ

الحمد للّٰه કે ચોથો ભાગ મિર્આત શરહે મિશ્કાત તા. ૧–૧૦–૧૯૬૦ના રોજ શરૂ થઈને આજે તા. ૩–૭–૧૯૬૧, હિ.સ. પ્રમાણે ૨૦ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૩૮૧ રવિવારના રોજ કુલ ૯ મહીના ત્રણ દિવસમાં ખત્મ થઈ. રબ તઆલા એને કબૂલ ફર્માવે અને સદક્એ જારિયા બનાવે. احمد یار خان نعیمی غفرلہٗ ولوالدیہ – ***મુફ્તી અહમદ યારખાં નઈમી***

અનુવાદકની અપીલ : અલ્લાહના ફઝ્લો કરમથી નાચીઝે આ કિતાબનો અનુવાદ ૪–રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૩, અંગ્રેજી તા. ૪–૪–૨૦૨૨ના રોજ શરૂ કર્યો હતો અને આજે મુ. ચાંદ ૮–રબીઉલ અવ્વલ શરીફ, તા. ૫–૧૦–૨૦૨૨ બુધવારના રોજ સાંજના ૪.૧૫ મિનિટે પૂર્ણ કર્યો. દુઆની દરખાસ્ત કે નાચીઝ માટે, અમારાં સર્વ સગાં મર્હૂમો, દોસ્તો, સપોર્ટરો માટે ખાતમા બિલ ખૈરની દુઆ કરશે. આ મામૂલી ખિદમતે દીનની કોશિશને રબ તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદક્ામાં, સર્વ બુઝુર્ગોના વસીલાથી ક્બૂલ ફર્માવે. (આમીન)

–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી